11605

સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું બધા મુમુક્ષુને સરખાં જ છે.
મુમુક્ષુ બધાએ રહેવું જ જોઈએ. એટલે
મનુષ્યના ચારિત્રનો પાયો એમના
યમ પાળવા ઉપર રહ્યો છે. એ યમ
સંસારી બધા જન ને પાળવાના છે
એ વિષે શંકા નથી. વેપારી હોય છતાં
જૂઠું ન બોલીએ ચાલશે. પરણેલ હોય
છતાં બ્રહ્મચર્ય પાળે. જીવતાં છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ધન કે વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહી ન કરવો એ
મુશ્કેલ છે છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી રહેતાં પાળવી જોઈએ ને
જ્યારે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે
મહાવ્રતો પણ કરી શકાય.
ઉપરનાં વ્રતો જેઓ પાળશે તેને બધી
ઉપાધિઓમાંથી નીકળવાના રસ્તા
મળ્યા કરશે.

૨૭

# ગાંધીજીનો અક્ષરદેહ

આ ગ્રંથ ૧૯૨૫ના મેથી જુલાઈ સુધીનો ગાંધીજીની બંગાળયાત્રાનો ગાળો આવરી લે છે. આ યાત્રા ખાસ કરીને તો સ્વદેશીપ્રચાર, કોમી એકતા અને અસ્પૃશ્યતાનિવારણ માટેની હતી. રાજકારણ તો કેવળ ગૌણ બાબત હતી. જેમણે ગાંધીજીનું નેતૃત્વ સ્વીકાર્યું હતું એવા સ્વરાજવાદીઓ, કૉંગ્રેસ કાર્યક્રમનાં રાજકીય અને રચનાત્મક બંને પાસાં ઉપર ભાર મૂકતા હતા, જ્યારે નાફેરવાદીઓ અને ગાંધીજી પોતે રચનાત્મક કાર્યમાં વધારે રસ ધરાવતા હતા. કૉંગ્રેસની બે પાંખો વચ્ચેના આ પ્રત્યક્ષ મૈત્રીસંબંધ વિષેના તથા રાજકારણ અને ધર્મ વિષેના સરળ અને સ્પષ્ટ પ્રતિપાદનના અનેક દાખલા આ ગ્રંથમાંથી મળી આવે છે. ભારતમાંના મિશનરીઓના કાર્યનું ગાંધીજીનું મૂલ્યાંકન પ્રાસંગિક હોવા છતાં ચોકસ અને મહત્ત્વભર્યું બંને હતું. અહિંસા વિષેના તેમ જ ક્રાંતિવાદીઓની નીતિ વિષેના તેમના વિચારો નિખાલસ રીતે અને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યા છે.

Gandhi Heritage Portal

## તિથિપત્ર

11605

| | | | |
|---|---|---|---|
| ૨૦।૧૦।૭૬ | SP Case | | |

FEB 1983


ગાંધી સ્મારક સંગ્રહાલય

ક્રા. સં. ૭૮.15

પરિ સં. 11605 વાંચવાં માટે મુક્ત કર્યા તારીખ ૨૭/૭/૭૯

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના ૦૦.૦૩ પૈ. લેખે અતિદેય આપવું પડશે.


Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

૨૭

[મે–જુલાઈ ૧૯૨૫]

11605

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal



Gandhi Heritage Portal

૧૯૨૫માં

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૨૭

[મે–જુલાઈ ૧૯૨૫]

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

JC 156
GAN

11605

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૨

પહેલી આવૃત્તિ, ઑક્ટોબર, ૧૯૭૨ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

૧૯૨૫ના મે, જૂન અને જુલાઈના ત્રણ મહિના દરમ્યાન ગાંધીજી બંગાળના પ્રવાસમાં રોકાયેલા હતા. આ ગાળાની સૌથી આગળ તરી આવતી ઘટના ૧૬મી જૂને દાર્જિલિંગમાં થયેલું સી. આર. દાસનું અવસાન છે. આ સમગ્ર ગ્રંથ પર આ દુ:ખદ ઘટનાની છાયા ફરી વળેલી દેખાય છે. એમાં સ્વાભાવિક રીતે જ ઠેરઠેર શાંતિનિકેતન તથા ખાદી પ્રતિષ્ઠાન જેવી સંસ્થાઓના તથા રવીન્દ્રનાથ ટાગોર તથા સુરેન્દ્રનાથ બૅનરજી જેવી વ્યક્તિઓના ઉલ્લેખો આવે છે. આ કાળ દરમ્યાન દેશવ્યાપી સ્વદેશી આંદોલનને તથા હિંદુમુસ્લિમ ઐક્ય અને અસ્પૃશ્યતાનિવારણની ચળવળને, સ્થાનિક વલણો તથા પરિસ્થિતિને કારણે નવો ઉઠાવ તથા નવો આકાર મળ્યો. આ કાળ દરમ્યાન ગાંધીજી રાજકારણના પ્રશ્નો વિશે બહુ જ ઓછું તથા ગૌણભાવે બોલ્યા છે. અને તે પણ મોટે ભાગે સ્વરાજ પક્ષના રાજકારણ પૂરતું જ બોલ્યા છે. રચનાત્મક કાર્યક્રમના એક સાધન તરીકે કૉંગ્રેસનું નવનિર્માણ કઈ રીતે કરવું તે ગાંધીજી માટે સૌથી ઊંડી ચિંતાનો વિષય હતો. માત્ર આ ગાળાના અંતમાં બ્રિટનના અક્કડ વલણ સામે ગાંધીજીના ઉદ્‌ગારોમાં લડાયક સૂર સંભળાય છે અને તેમાં સવિનયભંગનો આશરો લેવાનો સ્પષ્ટ ઈશારો દેખાય છે.

રાજકીય અને રચનાત્મક એમ બંને કાર્યક્રમોને, ઉપયોગી અને જરૂરી કાર્યક્રમો તરીકે સ્વીકારવામાં આવ્યા હતા. સ્વરાજવાદીઓ રાજકીય કાર્યક્રમ પર એકાગ્ર થયા હતા, જ્યારે ગાંધીજી પોતે પોતાનો સમય અને ધ્યાન રચનાત્મક કાર્યક્રમમાં આપી રહ્યા હતા. દરેક પક્ષ બીજા પક્ષને સારી રીતે સમજીને મદદ કરવા પ્રયત્ન કરતો હતો.

રચનાત્મક કાર્યક્રમ વિષેના ગાંધીજીના વિચારો વધુ સ્પષ્ટ થયા. તેમને એ બાબતમાં ખાતરી હતી કે ૧૯૦૫–૮ના સ્વદેશી આંદોલન કરતાં આજના સ્વદેશી આંદોલનનો પાયો વધુ નક્કર છે. અને જોકે ૧૯૦૫–૮ના આંદોલન પાછળની કલ્પના “ભવ્ય” હતી, પણ એમાં સંગઠનનો અભાવ હતો અને તે મુંબઈ અને અમદાવાદની મિલોના નબળા પાયા પર આધાર રાખતું હતું. અત્યારે કાંતણપ્રવૃત્તિ ભદ્રવર્ગને આમજનતા સાથે જોડવા માટે કડીરૂપ બની છે. અને રેંટિયાના માધ્યમથી બધાને ખાતરી થઈ છે કે આપણે એક દેશનાં સંતાન છીએ. ગાંધીજીને તો રેંટિયાની ભારે લગની લાગી જ હતી, પણ હવે દેશના લાખો લોકોને પણ એવી જ લગની લાગી. ગાંધીજીએ એમ ઇચ્છયું કે શાંતિનિકેતનમાં પણ રેંટિયાને વધુ સ્થાન મળવું જોઈએ (પા. ૧૫૬). એમણે દેશબંધુ ચિત્તરંજન દાસને પણ વિનંતી કરી હતી કે “એ શીખી લેજો અને દેશના લાખો માણસોને માટે અને ઈશ્વરનું નામ લઈને ધર્મ સમજીને રોજ અડધો કલાક જરૂર કાંતજો” (પા. ૨૦૦).

રાષ્ટ્રીય કૉંગ્રેસના આંતરિક કાર્યક્રમનો હેતુ બધી જાતિઓ વચ્ચે ઐક્ય સાધવાનો હતો. હિંદુ-મુસ્લિમ ઐક્ય બધા વર્ગોને આવરી લેવા માટેનો પ્રતીક કાર્યક્રમ હતો. પ્રવાસ દરમિયાન તેમને એ દેખાયું હતું કે બે મોટી કોમો એકબીજા પ્રત્યે અવિશ્વાસ ધરાવતી હતી. પણ તેમને એ વાતની પણ શંકા નહોતી કે દરેક કોમ કોમી એકતાને રાષ્ટ્રના હિતની અત્યંત મહત્ત્વની બાબત ગણતી હતી. નોઆખલીમાં ૧૪મી મેએ ભાષણ આપતાં તેમણે આ કોમી વિખવાદ માટે બંને કોમોને

Gandhi Heritage Portal

દોષિત ઠરાવી, અને જાહેર કર્યું કે જો આ બે કોમો એક થવાનો નિશ્ચય કરે તો દુનિયાની કોઈ સત્તા તેને જુદી ન પાડી શકે. એક ઍંગ્લો-ઇન્ડિયન પ્રતિનિધિને એમણે લાક્ષણિક રીતે આશ્વાસન આપ્યું કે "હિંદની મોટી કોમોએ નાની કોમો પ્રત્યે ગંભીર જવાબદારી અદા કરવાની છે" (પા. ૧૫૭). બંગાળમાં રેલસંકટ વખતે મોટા ભાગના હિંદુઓના સંગઠને મોટા ભાગની મુસ્લિમ વસ્તીને મદદ કરી હતી. એ રીતે એક કોમ બીજી કોમને નક્કર સ્વરૂપની મદદ કરે તે વાતની તેમણે પ્રશંસા કરી (પા. ૧૭૪).

જ્યારે તેમને કટાક્ષમાં એમ કહેવામાં આવ્યું કે ખુદ હિંદુઓમાં જ ખાવાપીવા અંગે તથા પૂજાવિધિ અંગે ઐક્ય નથી, ત્યારે તેના જવાબમાં તેમણે કહ્યું કે "હું જે એકતા ઝંખું છું તે હૃદયની એકતા છે. તે આ આવરણોથી પર છે, અને એ આવરણો હોય છતાં ટકી શકે છે" (પા. ૨૮૪). "કોમી વિખવાદ હોવા છતાં સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા" માટેના શ્રીમતી એની બેસન્ટના પ્રયત્નની ઉપયોગિતાનો સ્વીકાર કરીને ગાંધીજીએ એ પ્રશ્ન વિશેના વાસ્તવવાદી વલણનું દૃષ્ટાંત પૂરું પાડયું છે. વિખવાદ હોવા છતાં જે લોકો સ્વાતંત્ર્યપ્રાપ્તિના પ્રયત્નો ચાલુ રાખવા માગતા હતા, અને જે લોકો સ્વાતંત્ર્યનો માર્ગ સરળ કરવા માટે એ વિખવાદને દૂર કરવા માગતા હતા, એ બંનેને માટે દેશમાં સ્થાન છે, એમ તેમણે જોયું.

અસ્પૃશ્યતાના પ્રશ્ને તેમના હૃદયમાં ખૂબ મંથન જગાવ્યું હતું. તેમણે અસ્પૃશ્યોને ભલામણ કરી કે "હું માગું છું ગૌરવભર્યું વર્તન — અને નહીં કે ઝેરીલું વર્તન" (પા. ૧૨). તેમણે દક્ષિણના એક અંત્યજ સંતને તે "સત્યાગ્રહની મૂર્તિ હતો" (પા. ૫૯) એ રીતે બિરદાવ્યો હતો. બીજી બાજુ તેમણે સવર્ણ હિંદુઓને તેમણે "તિરસ્કૃતનો સત્કાર કરવો" (પા. ૨૪૨) એવી હાકલ કરી. અસ્પૃશ્યતાના હાર્દમાં જ ઘૃણાભાવ રહેલો છે. અને એ ભાવ તેમણે છોડી દેવો જોઈએ (પા. ૩૪૪). જે લોકો આ સુધારાઓની અત્યંત ધીમી ગતિથી અકળાયેલા હતા, તેમને તેમણે એમ કહીને આશ્વાસન ને ઠપકો બંને આપ્યાં કે અનિષ્ટોને દૂર કરવાનું કામ અંદરથી થવું જોઈએ, ઉપરથી લાદવું ન જોઈએ. પણ તેમને ખાતરી હતી કે અસ્પૃશ્યતાનો ગઢ પડું પડું થઈ રહ્યો છે (પા. ૨૫૫). વારંવાર તેમણે હિંદુ ધર્મનો પોતાનો ખ્યાલ એ રીતે રજૂ કર્યો કે એ ધર્મે કદી "સંખ્યા ગણી નથી" (પા. ૯૦). એથી ઊલટું, તે ધર્મ એટલો વ્યાપક સ્વરૂપનો છે કે કોઈ પણ આચારવિચાર પાળનાર હિંદુને બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી અને મુસલમાનો પોતાના ધર્મના માનતા હતા. બુદ્ધે પોતે પોતાના જીવનમાં હિંદુ ધર્મને આચરણમાં મૂકી બતાવ્યો હતો. બૌદ્ધ ધર્મ એ આમજનતા માટેનું હિંદુ ધર્મના આચરણનું એક સ્વરૂપ જ હતું. કોઈ પણ વ્યક્તિને માટે તેનો પરંપરાગત ધર્મ એ જીવનમરણની બાબત હતી. "માણસ પોતાનાં કપડાં બદલે તેમ ધર્મ બદલતો નથી. . . .એ હૃદયની લાગણીઓ સાથે જોડાયેલી બાબત છે" (પા. ૧૬૩). મિશનરી બહેનોને સંબોધતાં તેમણે સવાલ કર્યો કે "પણ રાજકીય શું? ધાર્મિક શું? જિંદગીનાં તે કાંઈ એવાં એકબીજાથી સ્વતંત્ર ખાનાં પડાતાં હશે? . . . ધર્મ વિનાનું રાજકાજ દુર્ગંધમય છે, રાજકાજ વિનાનો ધર્મ અર્થહીન છે" (પા. ૧૭૬–૭).

તેમની શ્રદ્ધાનું અમોઘ સાધન તથા સમર્થ અભિવ્યક્તિ સમા રામનામની શક્તિ વિશે, અને તેણે પોતાના જીવન દરમિયાન પોતાને કઈ રીતે બચાવ્યો છે, તે વિશે તેઓ એક લેખમાં અત્યંત નિખાલસ ભાવે લખે છે: "મારું ખાનગી જીવન જાહેર થઈ પડયું છે. આ જગતમાં મારે અર્થે ખાનગી રાખવા જેવી એક પણ વાત નથી. મારા પ્રયોગો આધ્યાત્મિક છે. . . તે પ્રયોગોનો

Gandhi Heritage Portal

આધાર આત્મનિરીક્ષણ ઉપર બહુ રહ્યો છે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે' એ સૂત્રને અનુસરીને મેં પ્રયોગો કર્યા છે. જે મારે વિશે તે સર્વને વિશે શકય હોય એવી એમાં માન્યતા રહેલી છે" (પા. ૯૧– ૨). બધા જ ધાર્મિક પુરુષોમાં નમ્રતા આવશ્યક છે, એ વાત પોતાને સમજાઈ જતાં તેઓ પોતાની જાતને સુધાર્યા વિના જગતને સુધારવા અધીરા થયેલા સુધારકો પ્રત્યે ઉગ્ર બને છે. ઈશ્વરપ્રીત્યર્થે સેવાકાર્ય કરીને જ આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાય છે. ૧૯મી જુલાઈના સી. રાજગોપાલાચારી પરના પત્રમાં તેમણે પોતાની પરિસ્થિતિ સમજાવતાં કહ્યું કે "મને સ્પર્શતા નથી એવા સંજોગોમાં મારાં મન અને શરીર જીવે છે. પણ એમાં મારી કસોટી થઈ રહી છે. મારો આત્મા, અત્યારે આજુબાજુની દુનિયાથી અલગ વસી રહ્યો છે અને છતાં હું એ દુનિયામાં છું, અને મને એની અસર પહોંચે એમ ઇચ્છું છું. . . . તમારી સાધના તો તમે છો એ સ્થળને ખીલવવાની અને હાથકંતામણના મહત્ત્વને શાસ્ત્રીય કસોટીએ ચડાવવાની છે" (પા. ૩૪૫).

અહિંસા પરની તેમની શ્રદ્ધાને ફરી ફરીને વધુ ને વધુ તાજગીભરી અભિવ્યક્તિ મળ્યા કરી છે. શરદચંદ્ર બોઝને પંદરમી જૂને લખતાં તેઓ કહે છે: "અહિંસા એટલે પ્રેમ. એ શાંતિથી અને લગભગ છૂપી રીતે કામ કરે છે. . . મિત્રો અને સગાંઓ વચ્ચેનો પ્રેમ બહુ મહત્ત્વનો નથી. આ લોકો એકબીજા સાથે પ્રેમ કરે છે એ સ્વાર્થનો હોય છે—જ્ઞાનનો હોતો નથી. જ્ઞાનપૂર્વકનો પ્રેમ તો જેઓ વિરોધીઓ કહેવાય છે તેમની વચ્ચે જ હોઈ શકે. આને માટે, આપણા વિરોધી અગર આપણને પીડનાર તરફ બતાવી શકાય એટલી નિર્મળ શુભેચ્છા અને શૌર્ય આપણામાં હોવાં જોઈએ" (પા. ૨૧૧). ક્રાંતિવાદીઓ સાથેના તેમના ચાલુ રહેલા વાર્તાલાપોમાં દા. ત. "ફરીથી એ જ વાત" (પા. ૩૯–૪૦) અને "ક્રાંતિવાદની અણી ઉપર" (પા. ૧૧૨–૬)વાળા લેખમાં ગાંધીજીએ તે લોકોની વીરતા તથા આત્મબલિદાનના ગુણોને સન્માન્યા છે, પણ સાથે સાથે પૂરી નિખાલસતાથી અને સ્પષ્ટતાથી અહિંસા પરનો પોતાનો અવિચળ વિશ્વાસ પણ પ્રગટ કર્યો છે. જોકે તેમણે અહિંસાનો જગતવ્યાપી ઉપદેશ આપવાની ના પાડી છે, કારણ, અત્યારની પળે પોતે કે પોતાનો દેશ દ્વૈતભાવથી પર થયો નથી; તેમ છતાં તેમણે ક્રાંતિવાદીઓ સાથે દલીલ કરતાં કહ્યું કે તેઓ "પોતાના પગ પૃથ્વી માતા પર જડેલા રાખે, અને હિમાલયની જે ઊંચાઈએ કવિએ અર્જુન તથા તેના બીજા વીર નરોને ચડાવ્યા, તે ઊંચાઈએ જવા ન ઇચ્છે. . . . મને હિંદનાં મેદાનોથી સંતોષ છે" (પા. ૧૧૫–૬).

તેમણે મિશનરીઓની એક સભામાં કહ્યું: "મારે પૂરી નમ્રતા સાથે આપને કહેવું જોઈએ કે હું હિંદુ ધર્મને જે રીતે સમજું છું, તેમાંથી મારા આત્માને પૂરું સમાધાન મળે છે, મારા સમસ્ત જીવનને તે ભરી મૂકે છે. અને ગિરિપ્રવચનોમાંથી પણ નથી મળી શકતી તેવી સાંત્વના મને ભગવદ્ગીતા તથા ઉપનિષદમાંથી મળે છે. તેનો અર્થ એ નથી કે ગિરિપ્રવચનોમાં જે આદર્શ રજૂ કરવામાં આવ્યો છે તેની મારે મન કંઈ કિંમત નથી. એના કેટલાક કીમતી ઉપદેશોએ મારા ચિત્ત પર ખૂબ ઊંડી અસર કરી છે. પણ મારે એ વાત કબૂલ કરવી જોઈએ કે જ્યારે મારું મન સંશયગ્રસ્ત બને છે, જ્યારે નિરાશાઓ મારી સામે આંખ ફાડીને ઊભી હોય છે, જ્યારે મને ક્ષિતિજમાં એક પણ પ્રકાશનું કિરણ દેખાતું નથી, ત્યારે હું ભગવદ્ગીતા પ્રત્યે વળું છું, અને તેમાંથી એકાદ આશ્વાસન આપનારો શ્લોક મને મળી આવે છે, અને મારા ઘેરા વિષાદની વચ્ચે પણ હું તરત જ પ્રસન્ન થઈ જાઉં છું. મારું જીવન અનેક બાહ્ય આપત્તિઓના આક્રમણથી ઘેરાયેલું રહ્યું છે. પણ તેની મારા જીવન પર કોઈ દેખી શકાય એવી અસર રહી નથી, તે

Gandhi Heritage Portal

ભગવદ્‌ગીતાના ઉપદેશોને આભારી છે” (પા. ૩૯૧). કાયમના “સત્યશોધક” તરીકે તેઓ “મૌનની અદ્‌ભુત શક્તિને” ઓળખતા હતા. દક્ષિણ આફ્રિકામાં આવેલા સુંદર ટ્રેપિસ્ટ મઠની મુલાકાત દરમિયાન તેમને આ કીમતી પાઠ મળ્યો હતો, અને તે તેમને આખા જીવન દરમિયાન યાદ રહી ગયો હતો: “આપણા અંતરના ઊંડાણમાંથી નીકળતા અત્યંત મંદ અવાજને જો આપણે સાંભળવા માગતા હોઈએ તો સતત બોલ્યા કરવાથી તે આપણે સાંભળી નહીં શકીએ” (પા. ૩૯૩).

રાજકારણની ગરમી ને આંધી વચ્ચે પણ તેઓ આ આધ્યાત્મિક બાબતોના ચિંતનમાં રોકાયેલા રહેતા. પણ તેનો અર્થ એવો નહોતો કે તેઓ વાસ્તવિક પરિસ્થિતિથી અજાણ હતા, કે રાજકીય પ્રવાહો અને વલણોનું મૂલ્યાંકન કરવામાં તેમને રસ નહોતો. ગાંધીજીએ સ્વરાજ પક્ષના બે નેતાઓ સી. આર. દાસ તથા મોતીલાલ નેહરુમાં પોતાનો વિશ્વાસ ફરી જાહેર કર્યો. અને જ્યારે દેશબંધુના અવસાનથી દેશમાં એક વિષાદની ઘેરી છાયા પથરાઈ ગઈ, ત્યારે તેમણે દેશબંધુને ખૂબ જ ગમતાં આમજનતાનાં કલ્યાણનાં કામો દ્વારા તેમની પુણ્ય સ્મૃતિને અંજલિ આપવાનો પ્રયાસ કર્યો. સ્વરાજ પક્ષના નેતાઓ પર તેમનો એટલો વિશ્વાસ હતો કે તેમની સંમતિ વિના તેઓ કૉંગ્રેસમાં કંઈ પણ કામ કરવા માગતા ન હતા. હિંદી વજીર લૉર્ડ બર્કનહેડના ગેરરસ્તે દોરનારા નિવેદન વિષે જુલાઈની ૧૮મી તારીખે લખતાં તેમણે જણાવ્યું કે “. . . મોતીલાલજી જ્યારે વડી ધારાસભામાં ઝૂઝી રહ્યા હશે અને દેશબંધુની જગ્યાએ સ્વરાજ પક્ષની આગેવાની બજાવી રહ્યા હશે ત્યારે હું સત્યાગ્રહ માટે જરૂરી વાતાવરણ ઊભું કરવામાં કંઈ પણ બાકી નહીં રાખું. . .” (પા. ૩૫૧). આને પરિણામે કૉંગ્રેસ પ્રધાનપણે રાજકીય પક્ષ બની જશે. ખરું જોતાં તો તેમણે કૉંગ્રેસને મોતીલાલને સોંપી દેવા માટે ઑફર પણ કરી, જેથી સ્વરાજ પક્ષ કૉંગ્રેસ બની જાય. આમ છતાં પણ આવી પડનારા સંઘર્ષની તૈયારી દરમિયાન પણ તેઓ અંગ્રેજો તરફની મૈત્રીભાવની નીતિમાંથી બિલકુલ ચલિત થયા નહીં એ વાત ૨૮મી જુલાઈના ફ્રેડ ઈ. કેમ્પબેલ પરના પત્રમાંથી અને એ પહેલાં એક યુરોપિયનને તેમણે જે કહ્યું હતું કે હું “સહકાર માટે તલસી રહ્યો છું” એમાંથી દેખાઈ આવે છે. રાજકારણમાં કામ કરવાની તેમની પદ્ધતિ આ સૂત્રમાં સારી રીતે રજૂ થયેલી છે: “અસહકાર વ્યક્તિઓ સામે નથી, પદ્ધતિઓ સામે છે” (પા. ૭૧).

વિશ્વધર્મ અંતર્ગત એક પ્રજાના સ્વધર્મ તરીકે ભારતીય રાષ્ટ્રવાદને બધી બાજુનો ખ્યાલ રાખીને રજૂ કરતાં તેમણે કહ્યું: “. . . કોઈ પણ માણસ સાચા અર્થમાં રાષ્ટ્રવાદી બન્યા સિવાય આંતરરાષ્ટ્રીય ન બની શકે. આંતરરાષ્ટ્રીયતા ત્યારે જ શક્ય બને છે, જ્યારે રાષ્ટ્રીયતા વાસ્તવિક બને છે, એટલે કે જ્યારે જુદા જુદા દેશોની પ્રજા સંગઠિત બની હોય છે અને એક વ્યક્તિની માફક કાર્ય કરવાને સમર્થ બને છે. . . ભારતીય રાષ્ટ્રવાદ . . . સમસ્ત માનવ-જાતિની સેવા માટે ને તેના ભલા માટે પોતાનું સંગઠન સાધવા માગે છે અથવા પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરવા ઇચ્છે છે. એ ગમે તેમ હો, પણ મારા રાષ્ટ્રવાદ તથા દેશપ્રેમ બાબતમાં જરાય સંદેહ નથી. ઈશ્વરે મારું ભાગ્ય હિંદના લોકો સાથે જોડયું છે અને હું તેમની સેવા કરવામાં નિષ્ફળ જાઉં તો હું મારા કિરતારનો ગુનેગાર બનું. તેમની સેવા કેમ કરવી તેની મને ખબર ન હોય તો હું માનવજાતિની સેવા કઈ રીતે કરી શકવાનો હતો? અને જ્યાં સુધી મારા દેશની સેવાનું કાર્ય કરતાં હું બીજા કોઈ દેશને નુકસાન નથી કરતો ત્યાં સુધી બનતા સુધી હું ભૂલ ન જ કરું” (પા. ૨૨૫). આ રીતે હિંદના સ્વાતંત્ર્યની લડત સમસ્ત માનવજાતિને સ્પર્શતા વિશ્વ આંદોલનનો જ એક ભાગ હતી.

Gandhi Heritage Portal

## વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધો તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઇપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામ-કાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઇપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યા છે. અંગ્રેજી અને હિંદી લખાણનો તરજુમો, અસલ લખાણને વફાદાર રહીને, સરળતાથી સમજી શકાય એ રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ, ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનાને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે મોટા કૌંસમાં આપવામાં આવી છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાનો ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો, જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો, સી. ડબલ્યુ. એટલે "કલેકટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધારરૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંત ભાગમાં આપવામાં આવી છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક અને સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય; નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હી; ધ ઑનરરી સેક્રેટરી પબ્લિક લાઈબ્રેરી, અલ્લાહાબાદ; શ્રીમતી રાધાબહેન ચૌધરી, કલકત્તા; શ્રી નારાયણ દેસાઈ, બારડોલી; શ્રી નારણદાસ ગાંધી, રાજકોટ; શ્રી કાશીનાથ કેળકર, પૂના; શ્રીમતી મીરાંબહેન, ગાડેન, ઑસ્ટ્રિયા; શ્રીમતી વસુમતી પંડિત, સુરત; શ્રીમતી રાજમોહિની રુદ્ર, અલ્લાહાબાદ; શ્રી પુરુષોત્તમદાસ ઠાકુરદાસ; તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ :

बापुना पत्रो – मणिबहेन पटेलने અને बापुनी प्रसादी.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ :

आज, अमृतबझार पत्रिका, बॉम्बे क्रानिकल, फॉरवर्ड, हिन्दु, हिंदुस्तान टाइम्स, नवजीवन, सर्चलाइट, स्टेट्समॅन અને यंग इन्डिया.

સંશોધન અને સંદર્ભગ્રંથોની સગવડો માટે ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ગાંધી સ્મારક સંગ્રહાલય, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ ઍફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી; સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; અને પ્યારેલાલ નય્યર, નવી દિલ્હી; તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો વિભાગ નવી દિલ્હી; અમારા આભારને પાત્ર છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૫ |
| | વાચકોને સૂચના | ૯ |
| | ઋણસ્વીકાર | ૧૧ |
| | ચિત્રસૂચિ | ૨૧ |
| ૧. | લોકોને સંદેશો (૧–૫–'૨૫) | ૧ |
| ૨. | સ્ટેટ્સમૅનને મુલાકાત (૧–૫–'૨૫) | ૧ |
| ૩. | ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત (૧–૫–'૨૫) | ૩ |
| ૪. | કલકત્તાની જાહેર સભામાં ભાષણ (૧–૫–'૨૫) | ૪ |
| ૫. | ફરીદપુરના ઔદ્યોગિક પ્રદર્શનમાં ભાષણ (૨–૫–'૨૫) | ૮ |
| ૬. | અખિલ બંગાળ હિંદુ સંમેલનમાં ભાષણ (૨–૫–'૨૫) | ૮ |
| ૭. | બંગાળ પ્રાંતિક યુવક પરિષદમાં ભાષણ (૨–૫–'૨૫) | ૧૦ |
| ૮. | અસ્પૃશ્યો સાથે વાતચીત (૩–૫–'૨૫ કે તે પહેલાં) | ૧૦ |
| ૯. | માનપત્રના જવાબમાં ભાષણ (૩–૫–'૨૫ કે તે પહેલાં) | ૧૪ |
| ૧૦. | ગોરક્ષા (૩–૫–'૨૫) | ૧૬ |
| ૧૧. | મારી નોંધ (૩–૫–'૨૫) | ૧૭ |
| ૧૨. | બ્રિજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૩–૫–'૨૫) | ૨૨ |
| ૧૩. | ફરીદપુરની મ્યુનિસિપાલિટીના માનપત્રનો જવાબ (૩–૫–'૨૫) | ૨૨ |
| ૧૪. | બંગાળ પ્રાંતિક પરિષદમાં ભાષણ (૩–૫–'૨૫) | ૨૩ |
| ૧૫. | બંગાળનાં સ્મરણો (૪–૫–'૨૫) | ૨૬ |
| ૧૬. | ચંદ્રનગરના પ્રવર્તક આશ્રમમાં ભાષણ (૫–૫–'૨૫) | ૩૧ |
| ૧૭. | કલકત્તાના અષ્ટાંગ આયુર્વેદ વિદ્યાલયમાં ભાષણ (૬–૫–'૨૫) | ૩૨ |
| ૧૮. | ગોરક્ષા (૭–૫–'૨૫) | ૩૫ |
| ૧૯. | ફરીથી એ જ વાત (૭–૫–'૨૫) | ૩૬ |
| ૨૦. | નોંધ (૭–૫–'૨૫) | ૪૧ |
| ૨૧. | બંગાળની નોંધ (૭–૫–'૨૫) | ૪૨ |
| ૨૨. | રવીન્દ્રનાથ ટાગોરને પત્ર (૭–૫–'૨૫) | ૪૮ |
| ૨૩. | બુદ્ધ જયંતી પ્રસંગે ભાષણ (૭–૫–'૨૫) | ૪૯ |
| ૨૪. | લોહોગંજમાં ભાષણ (૮–૫–'૨૫) | ૫૨ |
| ૨૫. | મલીકંદામાં ભાષણ (૮–૫–'૨૫) | ૫૨ |
| ૨૬. | દિઘીરપુરની રાષ્ટ્રીય શાળા ઉપર ટીકા (૯–૫–'૨૫) | ૫૩ |
| ૨૭. | દિઘીરપુરની જાહેર સભામાં ભાષણ (૯–૫–'૨૫) | ૫૩ |
| ૨૮. | તાલટોલામાં ખાદી કાર્યકર્તાઓની સભામાં ભાષણ (૯–૫–'૨૫) | ૫૪ |
| ૨૯. | મલખાનગરમાં ભાષણ (૯–૫–'૨૫) | ૫૬ |


Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૩૦. | એસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત (૯–૫–'૨૫) | ૫૮ |
| ૩૧. | અંત્યજ સાધુ નંદ (૧૦–૫–'૨૫) | ૫૮ |
| ૩૨. | મગનલાલ ગાંધીને પત્ર (૧૦–૫–'૨૫) | ૫૯ |
| ૩૩. | પૂરનબઝારમાં વેપારીમંડળમાં ભાષણ (૧૦–૫–'૨૫) | ૬૦ |
| ૩૪. | ચાંદપુરમાં નાગરિક સન્માનસમારંભમાં ભાષણ (૧૦–૫–'૨૫) | ૬૦ |
| ૩૫. | ચાંદપુરની રાષ્ટ્રીય શાળામાં ભાષણ (૧૦–૫–'૨૫) | ૬૨ |
| ૩૬. | ચાંદપુરની જાહેર સભામાં ભાષણ (૧૦–૫–'૨૫) | ૬૩ |
| ૩૭. | બ્રિજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર (૧૦–૫–'૨૫ કે તે પછી) | ૬૩ |
| ૩૮. | એક કાર્યકરની મુશ્કેલી (૧૧–૫–'૨૫) | ૬૪ |
| ૩૯. | હરદયાળ નાગને મુલાકાત (૧૨–૫–'૨૫ પહેલાં) | ૬૬ |
| ૪૦. | જી. વી. કેતકરને પત્ર (૧૨–૫–'૨૫) | ૭૩ |
| ૪૧. | ચિત્તાગોંગની સાર્વજનિક સભામાં ભાષણ (૧૨–૫–'૨૫) | ૭૩ |
| ૪૨. | ચિત્તાગોંગના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૧૩–૫–'૨૫) | ૭૬ |
| ૪૩. | ચિત્તાગોંગની વ્યાપારી સભામાં ભાષણ (૧૩–૫–'૨૫) | ૭૭ |
| ૪૪. | કર્ણાટકમાં ખાદી (૧૪–૫–'૨૫) | ૭૭ |
| ૪૫. | નોંધ (૧૪–૫–'૨૫) | ૭૮ |
| ૪૬. | સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૧૪–૫–'૨૫) | ૮૦ |
| ૪૭. | વસુમતી પંડિતને પત્ર (૧૪–૫–'૨૫) | ૮૧ |
| ૪૮. | મણિબહેન પટેલને પત્ર (૧૪–૫–'૨૫) | ૮૧ |
| ૪૯. | નોઆખલીની જાહેર સભામાં ભાષણ (૧૪–૫–'૨૫) | ૮૨ |
| ૫૦. | નોઆખલીના શિક્ષકોને મુલાકાત (૧૪–૫–'૨૫) | ૮૩ |
| ૫૧. | નોઆખલીમાં ભાષણ (૧૪–૫–'૨૫) | ૮૩ |
| ૫૨. | કોમિલ્લાની જાહેર સભામાં ભાષણ (૧૫–૫–'૨૫) | ૮૪ |
| ૫૩. | વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૧૫–૫–'૨૫) | ૮૫ |
| ૫૪. | કોમિલ્લામાં માનપત્રના જવાબમાં ભાષણ (૧૫–૫–'૨૫) | ૮૬ |
| ૫૫. | વિક્રમપુરના કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ (૧૫–૫–'૨૫) | ૮૭ |
| ૫૬. | એક મિત્રને મુલાકાત (૧૫–૫–'૨૫ પછી) | ૮૮ |
| ૫૭. | એક મુસ્લિમ મિત્ર સાથે વાતચીત (૧૫–૫–'૨૫ પછી) | ૯૦ |
| ૫૮. | કોમિલ્લામાં સ્ત્રીઓની સભામાં ભાષણ (૧૬–૫–'૨૫) | ૯૧ |
| ૫૯. | રામનામ મહિમા (૧૭–૫–'૨૫) | ૯૧ |
| ૬૦. | સર સુરેન્દ્રનાથ બૅનરજી (૧૭–૫–'૨૫) | ૯૫ |
| ૬૧. | મારી નોંધ (૧૭–૫–'૨૫) | ૯૮ |
| ૬૨. | દેવદાસ ગાંધીને પત્ર (૧૭–૫–'૨૫) | ૧૦૦ |
| ૬૩. | ઢાકાની સાર્વજનિક સભામાં ભાષણ (૧૭–૫–'૨૫) | ૧૦૧ |
| ૬૪. | ઢાકાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત (૧૭–૫–'૨૫) | ૧૦૨ |
| ૬૫. | શ્યામપુરના રાષ્ટ્રીય મહાવિદ્યાલયમાં ભાષણ (૧૭–૫–'૨૫) | ૧૦૪ |
| ૬૬. | રવીન્દ્રનાથ ટાગોરને પત્ર (૧૮–૫–'૨૫) | ૧૦૪ |


Gandhi Heritage Portal

૬૭. મહમદઅલીને પત્ર (૧૮–૫–'૨૫) ૧૦૫
૬૮. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧૮–૫–'૨૫) ૧૦૬
૬૯. મેમનસિંગની સ્ત્રીઓની સભામાં ભાષણ (૧૯–૫–'૨૫) ૧૦૬
૭૦. માનપત્રના જવાબમાં ભાષણ (૧૯–૫–'૨૫) ૧૦૭
૭૧. મેમનસિંગના જમીનદારો સાથે વાર્તાલાપ (૧૯–૫–'૨૫) ૧૦૮
૭૨. એક અસાધારણ માનપત્ર (૨૧–૫–'૨૫) ૧૦૯
૭૩. ક્રાંતિવાદની અણી ઉપર (૨૧–૫–'૨૫) ૧૧૨
૭૪. નોંધ (૨૧–૫–'૨૫) ૧૧૬
૭૫. દિનાજપુરમાં અંત્યજો સમક્ષ ભાષણ (૨૧–૫–'૨૫) ૧૨૦
૭૬. દિનાજપુરની જાહેર સભામાં ભાષણ (૨૧–૫–'૨૫) ૧૨૦
૭૭. દિનાજપુરના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૨૧–૫–'૨૫) ૧૨૧
૭૮. દિનાજપુરમાં મુલાકાત (૨૧–૫–'૨૫) ૧૨૧
૭૯. બોગરામાં શાળાના કાર્યકર્તાઓ સમક્ષ ભાષણ (૨૨–૫–'૨૫) ૧૨૩
૮૦. બોગરાની સાર્વજનિક સભામાં ભાષણ (૨૨–૫–'૨૫) ૧૨૪
૮૧. તલોડામાં ભાષણ (૨૨–૫–'૨૫) ૧૨૫
૮૨. કલ્યાણજી મહેતાને પત્ર (૨૩–૫–'૨૫) ૧૨૬
૮૩. બંગાળનો ત્યાગ (૨૪–૫–'૨૫) ૧૨૬
૮૪. મારી નોંધ (૨૪–૫–'૨૫) ૧૨૮
૮૫. ખોટા ખરચ (૨૪–૫–'૨૫) ૧૩૦
૮૬. ફૉરવર્ડને સંદેશો (૨૫–૫–'૨૫) ૧૩૩
૮૭. ન઼ૃ. ચિ. કેળકરને પત્ર (૨૫–૫–'૨૫) ૧૩૪
૮૮. નોંધ (૨૮–૫–'૨૫) ૧૩૪
૮૯. ખેડૂતોનો પોકાર (૨૮–૫–'૨૫) ૧૩૬
૯૦. કેટલીક ત્રુટિઓ (૨૮–૫–'૨૫) ૧૩૭
૯૧. રાષ્ટ્રસેવા અને વેતન (૨૮–૫–'૨૫) ૧૩૮
૯૨. નોંધ (૨૮–૫–'૨૫) ૧૩૯
૯૩. કલકત્તાની જાહેર સભામાં ભાષણ (૨૮–૫–'૨૫) ૧૪૫
૯૪. પુરુષોત્તમદાસ ઠાકુરદાસને પત્ર (૨૯–૫–'૨૫) ૧૪૭
૯૫. જમનાલાલ બજાજને પત્ર (૩૦–૫–'૨૫) ૧૪૭
૯૬. રવીન્દ્રનાથ ટાગોર સાથે મુલાકાત (૩૦–૫–'૨૫) ૧૪૯
૯૭. મારી નોંધ (૩૧–૫–'૨૫) ૧૫૦
૯૮. ગ્રામપ્રવેશ (૩૧–૫–'૨૫) ૧૫૩
૯૯. બંગાળનું કાંતણકામ (૩૧–૫–'૨૫) ૧૫૪
૧૦૦. દેવચંદ પારેખને પત્ર (૩૧–૫–'૨૫) ૧૫૫
૧૦૧. મણિબહેન પટેલને પત્ર (૩૧–૫–'૨૫) ૧૫૫
૧૦૨. શાંતિનિકેતનમાં ભાષણ (૩૧–૫–'૨૫) ૧૫૬
૧૦૩. ડૉ. એચ. ડબલ્યુ. બી. મોરેનોની મુલાકાત (૩૧–૫–'૨૫) ૧૫૬


Gandhi Heritage Portal

૧૦૪. જી. વી. સુબ્બારાવને પત્ર (૧–૬–'૨૫) ૧૫૯
૧૦૫. જિતેન્દ્રનાથ કુશારીને પત્ર (૧–૬–'૨૫) ૧૬૦
૧૦૬. એસ. એ. વઝેને પત્ર (૧–૬–'૨૫) ૧૬૦
૧૦૬(૧). નારણદાસ ગાંધીને પત્ર (૧–૬–'૨૫) ૧૬૧
૧૦૭. ભવાનીપુર, કલકત્તામાં ભાષણ (૨–૬–'૨૫) ૧૬૨
૧૦૮. વાઇકોમ (૪–૬–'૨૫) ૧૬૨
૧૦૯. ખાદી પ્રતિષ્ઠાન (૪–૬–'૨૫) ૧૬૫
૧૧૦. નોંધ (૪–૬–'૨૫) ૧૬૭
૧૧૧. બંગાળ પ્રલયનિવારણ સંસ્થા (૪–૬–'૨૫) ૧૭૩
૧૧૨. એની બેસન્ટને લખેલા પત્રનો મુસદ્દો (૪–૬–'૨૫) ૧૭૫
૧૧૩. નિશીથનાથ કુન્ડુને પત્ર (૬–૬–'૨૫) ૧૭૬
૧૧૪. નારણદાસ ગાંધીને પત્ર (૬–૬–'૨૫) ૧૭૬
૧૧૫. ઈસાઈ ધર્મપ્રચારિકાઓ સમક્ષ ભાષણ (૬–૬–'૨૫) ૧૭૬
૧૧૬. ધર્મને નામે ધાડ (૭–૬–'૨૫) ૧૭૯
૧૧૭. બંગાળમાં (૭–૬–'૨૫) ૧૮૧
૧૧૮. કાઠિયાવાડમાં ખાદી (૭–૬–'૨૫) ૧૮૪
૧૧૯. એક સલાહ (૭–૬–'૨૫) ૧૮૫
૧૨૦. વર્લ્ડના સંપાદકને પત્ર (૮–૬–'૨૫) ૧૮૬
૧૨૧. જલપાઈગુરીની જાહેર સભામાં ભાષણ (૧૦–૬–'૨૫) ૧૮૬
૧૨૨. જલપાઈગુરીમાં સ્વયંસેવકો સાથે વાતચીત (૧૦–૬–'૨૫) ૧૮૭
૧૨૩. નોંધ (૧૧–૬–'૨૫) ૧૮૭
૧૨૪. "મરદ કાંતે?" (૧૧–૬–'૨૫) ૧૯૧
૧૨૫. આયુર્વેદ પદ્ધતિ (૧૧–૬–'૨૫) ૧૯૨
૧૨૬. જમનાલાલ બજાજને પત્ર (૧૧–૬–'૨૫) ૧૯૫
૧૨૭. વસુમતી પંડિતને પત્ર (૧૧–૬–'૨૫) ૧૯૫
૧૨૮. નવાબગંજમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૧૧–૬–'૨૫) ૧૯૬
૧૨૯. વિઝિટર્સ બુકમાં નોંધ (૧૨–૬–'૨૫) ૧૯૬
૧૩૦. મણિબહેન પટેલને પત્ર (૧૨–૬–'૨૫) ૧૯૭
૧૩૧. ભોજેશ્વરની જાહેર સભામાં ભાષણ (૧૨–૬–'૨૫) ૧૯૯
૧૩૨. ચિત્તરંજન દાસને પત્ર (૧૩–૬–'૨૫ પહેલાં) ૨૦૦
૧૩૩. મદારીપુરની જાહેર સભામાં ભાષણ (૧૩–૬–'૨૫) ૨૦૧
૧૩૪. મદારીપુરના જાહેર પુસ્તકાલયમાં ભાષણ (૧૩–૬–'૨૫) ૨૦૧
૧૩૫. અંત્યજો વિષે (૧૪–૬–'૨૫) ૨૦૨
૧૩૬. સ્વયંસેવકના ગુણ (૧૪–૬–'૨૫) ૨૦૩
૧૩૭. મારું કર્તવ્ય (૧૪–૬–'૨૫) ૨૦૬
૧૩૮. બારીસાલની જાહેર સભામાં ભાષણ (૧૪–૬–'૨૫) ૨૦૮
૧૩૯. ફાધર સ્ટ્રૉંગને સૂચન (૧૪–૬–'૨૫) ૨૦૮

Gandhi Heritage Portal

૧૪૦. રાજા મહેન્દ્રપ્રતાપને પત્ર (૧૫–૬–'૨૫ કે તે પહેલાં) ૨૦૯
૧૪૧. મોતીલાલ નેહરુને પત્ર (૧૫–૬–'૨૫) ૨૦૯
૧૪૨. આંત્વાનેત મિરબેલને પત્ર (૧૫–૬–'૨૫) ૨૧૦
૧૪૩. શરદચંદ્ર બોઝને પત્ર (૧૫–૬–'૨૫) ૨૧૧
૧૪૪. એક પત્ર પર વિવરણ (૧૬–૬–'૨૫ પહેલાં) ૨૧૨
૧૪૫. મહમદઅલીને તાર (૧૭–૬–'૨૫) ૨૧૪
૧૪૬. વાસંતીદેવી દાસને તાર (૧૭–૬–'૨૫) ૨૧૪
૧૪૭. સત્કોડીપતિ રૉયને તાર (૧૭–૬–'૨૫) ૨૧૫
૧૪૮. ઊર્મિલાદેવીને તાર (૧૭–૬–'૨૫) ૨૧૫
૧૪૯. મોના દાસને તાર (૧૭–૬–'૨૫) ૨૧૬
૧૫૦. વલ્લભભાઈ પટેલને તાર (૧૭–૬–'૨૫) ૨૧૬
૧૫૧. સરોજિની નાયડુને તાર (૧૭–૬–'૨૫) ૨૧૬
૧૫૨. મૌલાના શૌકતઅલીને તાર (૧૭–૬–'૨૫) ૨૧૭
૧૫૩. વાઈકોમના સત્યાગ્રહ આશ્રમને તાર (૧૭–૬–'૨૫) ૨૧૭
૧૫૪. એક અપીલ (૧૭–૬–'૨૫) ૨૧૭
૧૫૫. સ્વ. દેશબંધુ દાસ (૧૭–૬–'૨૫) ૨૧૮
૧૫૬. ખુલનાની સાર્વજનિક સભામાં ભાષણ (૧૭–૬–'૨૫) ૨૧૯
૧૫૭. નોંધ (૧૮–૬–'૨૫) ૨૨૧
૧૫૮. તૈયારી છે? (૧૮–૬–'૨૫) ૨૨૬
૧૫૯. ઘરની વાત (૧૮–૬–'૨૫) ૨૨૯
૧૬૦. મોતીલાલ નેહરુને તાર (૧૮–૬–'૨૫) ૨૩૨
૧૬૧. કે. કેલપ્પન નાયરને તાર (૧૮–૬–'૨૫ કે તે પછી) ૨૩૨
૧૬૨. દેશબંધુ ઘણું જીવો! (૧૯–૬–'૨૫) ૨૩૩
૧૬૩. શ્રદ્ધાંજલિ માટેનું સૂચન (૧૯–૬–'૨૫) ૨૩૬
૧૬૪. વર્તમાનપત્રોમાં નિવેદન (૧૯–૬–'૨૫) ૨૩૬
૧૬૫. ચિત્તરંજન દાસ (૨૦–૬–'૨૫) ૨૩૭
૧૬૬. રક્ષાની આવશ્યકતા (૨૧–૬–'૨૫) ૨૪૦
૧૬૭. પાવકની જ્વાળા (૨૧–૬–'૨૫) ૨૪૨
૧૬૮. દેશબંધુ સ્મારક ફાળાની અપીલ (૨૨–૬–'૨૫) ૨૪૩
૧૬૯. દેશબંધુ સ્મારક ફાળાની અપીલ (૨૨–૬–'૨૫) ૨૪૪
૧૭૦. દેવચંદ પારેખને પત્ર (૨૨–૬–'૨૫) ૨૪૫
૧૭૧. વસુમતી પંડિતને પત્ર (૨૨–૬–'૨૫) ૨૪૬
૧૭૨. નારણદાસ ગાંધીને પત્ર (૨૨–૬–'૨૫) ૨૪૬
૧૭૩. ફાળાની પહોંચ (૨૩–૬–'૨૫) ૨૪૭
૧૭૪. સ્ટેટ્સમૅનને મુલાકાત (૨૪–૬–'૨૫ પહેલાં) ૨૪૮
૧૭૫. સર્ચલાઇટને મુલાકાત (૨૪–૬–'૨૫ પહેલાં) ૨૪૯
૧૭૬. એસ. કે. રુદ્રને તાર (૨૪–૬–'૨૫) ૨૫૦


11605
Reference Book
ગાંધી સ્મારક સંગ્રહ ગ્રંથાલય અમદાવાદ-૧૩
9 FEB 1983
Gandhi Heritage Portal

૧૭૭. ઇંગ્લિશમૅનને મુલાકાત (૨૪–૬–'૨૫) ૨૫૦
૧૭૮. નોંધ (૨૫–૬–'૨૫) ૨૫૧
૧૭૯. વિનયની જરૂર (૨૫–૬–'૨૫) ૨૫૬
૧૮૦. પતિત બહેનો (૨૫–૬–'૨૫) ૨૫૮
૧૮૧. ત્રણ પ્રશ્નો (૨૫–૬–'૨૫) ૨૬૦
૧૮૨. સત્યાગ્રહીઓની ફરજ (૨૫–૬–'૨૫) ૨૬૧
૧૮૩. બર્દ્વાનના મહારાજાને પત્ર (૨૬–૬–'૨૫) ૨૬૨
૧૮૪. શ્વેબ કુરેશીને પત્ર (૨૬–૬–'૨૫) ૨૬૨
૧૮૫. કલકત્તાની શોકસભામાં ભાષણ (૨૬–૬–'૨૫) ૨૬૩
૧૮૬. દેશબંધુને અપાનારી શ્રાદ્ધાંજલિ અંગે અપીલ (૨૭–૬–'૨૫) ૨૬૪
૧૮૭. ૧લી જુલાઈ (૨૮–૬–'૨૫) ૨૬૫
૧૮૮. કેટલાંક સ્મરણો (૨૮–૬–'૨૫) ૨૬૬
૧૮૯. કાઠિયાવાડનો પ્રયોગ (૨૮–૬–'૨૫) ૨૬૮
૧૯૦. દીર્ઘાયુ દેશબંધુ (૨૮–૬–'૨૫) ૨૬૯
૧૯૧. ગં. સ્વ. વાસંતીદેવી (૨૮–૬–'૨૫) ૨૭૨
૧૯૨. કોનો દોષ? (૨૮–૬–'૨૫) ૨૭૫
૧૯૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૯–૬–'૨૫) ૨૭૫
૧૯૪. દેવદાસ ગાંધીને પત્ર (૨૯–૬–'૨૫) ૨૭૬
૧૯૫. જમનાલાલ બજાજને પત્ર (૨૯–૬–'૨૫) ૨૭૬
૧૯૬. મણિબહેન પટેલને પત્ર (૨૯–૬–'૨૫) ૨૭૭
૧૯૭. સુધીર રુદ્રને તાર (૩૦–૬–'૨૫) ૨૭૭
૧૯૮. કલકત્તા યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટમાં ભાષણ (૩૦–૬–'૨૫) ૨૭૮
૧૯૯. દેશબંધુ સ્મારક ફાળાની અપીલ (૧–૭–'૨૫) ૨૭૯
૨૦૦. દેશબંધુના શ્રાદ્ધદિને ભાષણ (૧–૭–'૨૫) ૨૮૦
૨૦૧. પ્રશ્નાવલિ (૨–૭–'૨૫) ૨૮૪
૨૦૨. મારી અશક્તિ (૨–૭–'૨૫) ૨૮૬
૨૦૩. નોંધ (૨–૭–'૨૫) ૨૮૯
૨૦૪. દેશબંધુ સ્મારક ફાળો (૨–૭–'૨૫) ૨૯૩
૨૦૫. બંગડીઓનો વરસાદ (૨–૭–'૨૫) ૨૯૪
૨૦૬. હિંદુઓને સલાહ (૨–૭–'૨૫) ૨૯૫
૨૦૭. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને નિવેદન (૨–૭–'૨૫) ૨૯૫
૨૦૮. ખડગપુરની જાહેર સભામાં ભાષણ (૪–૭–'૨૫) ૨૯૭
૨૦૯. કોરડા (૫–૭–'૨૫) ૨૯૭
૨૧૦. રમૂજી શિક્ષણ (૫–૭–'૨૫) ૨૯૯
૨૧૧. મારી નોંધ (૫–૭–'૨૫) ૩૦૦
૨૧૨. મહાદેવ દેસાઈને પત્ર (૬–૭–'૨૫) ૩૦૨
૨૧૩. મહાદેવ દેસાઈને પત્ર (૭–૭–'૨૫) ૩૦૩


Gandhi Heritage Portal

૨૧૪. મિદનાપુરમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ (૭–૭–'૨૫) ૩૦૩
૨૧૫. બાંકુરાની જાહેર સભામાં ભાષણ (૮–૭–'૨૫) ૩૦૪
૨૧૬. નોંધ (૯–૭–'૨૫) ૩૦૫
૨૧૭. દુ:ખદ માહિતી (૯–૭–'૨૫) ૩૦૮
૨૧૮. ત્યાગનું શાસ્ત્ર (૯–૭–'૨૫) ૩૧૦
૨૧૯. એક મૂક સેવક (૯–૭–'૨૫) ૩૧૨
૨૨૦. સુલેહની સંભાવના (૯–૭–'૨૫) ૩૧૪
૨૨૧. બે જાતિઓ નહીં (૯–૭–'૨૫) ૩૧૫
૨૨૧(૧). વસુમતી પંડિતને પત્ર (૯–૭–'૨૫) ૩૧૬
૨૨૨. કલકત્તામાં સ્વરાજ પક્ષના ધારાસભ્યો સમક્ષ ભાષણ (૯–૭–'૨૫) ૩૧૬
૨૨૩. દાર્જિલિંગમાં (૧૦–૭–'૨૫) ૩૧૭
૨૨૪. મહાદેવ દેસાઈને પત્ર (૧૦–૭–'૨૫) ૩૨૪
૨૨૫. ગુરુદ્વારા કાયદો (૧૧–૭–'૨૫) ૩૨૪
૨૨૬. "આ તો બળાત્કારે સંયમ" (૧૨–૭–'૨૫) ૩૨૫
૨૨૭. નવજીવન બંધ કરો (૧૨–૭–'૨૫) ૩૨૬
૨૨૮. ખાદી પ્રતિષ્ઠાન (૧૨–૭–'૨૫) ૩૨૯
૨૨૯. મારી નોંધ (૧૨–૭–'૨૫) ૩૩૦
૨૩૦. વિઝિટર્સ બુકમાં નોંધ (૧૨–૭–'૨૫) ૩૩૧
૨૩૧. રાજશાહીની જાહેર સભામાં ભાષણ (૧૨–૭–'૨૫) ૩૩૧
૨૩૨. વસુમતી પંડિતને પત્ર (૧૩–૭–'૨૫) ૩૩૨
૨૩૩. પ્રશ્નાવલિના ઉત્તારો (૧૪–૭–'૨૫ કે તે પહેલાં) ૩૩૨
૨૩૪. सत्यान्नास्ति परो धर्मः (૧૬–૭–'૨૫) ૩૩૪
૨૩૫. ટૅમાની હૉલ શું છે? (૧૬–૭–'૨૫) ૩૩૬
૨૩૬. કલકત્તાના મેયર (૧૬–૭–'૨૫) ૩૩૭
૨૩૭. નોંધ (૧૬–૭–'૨૫) ૩૪૧
૨૩૮. શંકાનિવારણ (૧૬–૭–'૨૫) ૩૪૪
૨૩૯. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર (૧૬–૭–'૨૫) ૩૪૫
૨૪૦. ડબલ્યુ. એચ. પિટને પત્ર (૧૬–૭–'૨૫) ૩૪૬
૨૪૧. મણિબહેન પટેલને પત્ર (૧૬–૭–'૨૫) ૩૪૬
૨૪૨. સ્વરાજ પક્ષની બેઠકમાં ઠરાવો (૧૬–૭–'૨૫) ૩૪૭
૨૪૩. સ્વરાજ પક્ષની સભામાં ભાષણ (૧૬–૭–'૨૫) ૩૪૮
૨૪૪. સ્વરાજ પક્ષની સભામાં ભાષણ (૧૭–૭–'૨૫) ૩૪૮
૨૪૫. માયામૃગ (૧૮–૭–'૨૫) ૩૪૯
૨૪૬. મારી નોંધ (૧૯–૭–'૨૫) ૩૫૨
૨૪૭. "ઉદ્ધાર ક્યારે થાય?" (૧૯–૭–'૨૫) ૩૫૪
૨૪૮. રાષ્ટ્રીય કેળવણી (૧૯–૭–'૨૫) ૩૫૬
૨૪૯. મોતીલાલ નેહરુને પત્ર (૧૯–૭–'૨૫) ૩૫૭

Gandhi Heritage Portal

| | | |
|---|---|---|
| ૨૫૦. | દેવદાસ ગાંધીને પત્ર (૨૦–૭–'૨૫) | ૩૫૮ |
| ૨૫૧. | રાજેન્દ્રપ્રસાદને પત્ર (૨૧–૭–'૨૫) | ૩૫૮ |
| ૨૫૨. | અખિલ ભારતવર્ષીય સ્મારક (૨૨–૭–'૨૫ કે તે પહેલાં) | ૩૫૯ |
| ૨૫૩. | અખિલ હિંદ દેશબંધુ સ્મારક માટે અપીલ (૨૨–૭–'૨૫) | ૩૬૧ |
| ૨૫૪. | શૌકતઅલીને પત્ર (૨૨–૭–'૨૫) | ૩૬૨ |
| ૨૫૫. | કૃષ્ણદાસને પત્ર (૨૨–૭–'૨૫) | ૩૬૩ |
| ૨૫૬. | નિશીથનાથ કુન્ડુને પત્ર (૨૨–૭–'૨૫) | ૩૬૪ |
| ૨૫૭. | કાંતણ મતાધિકાર (૨૩–૭–'૨૫) | ૩૬૪ |
| ૨૫૮. | દમનનું ફળ (૨૩–૭–'૨૫) | ૩૬૬ |
| ૨૫૯. | નોંધ (૨૩–૭–'૨૫) | ૩૬૭ |
| ૨૬૦. | કલકત્તાના મારવાડી અગ્રવાલ સંમેલનમાં ભાષણ (૨૪–૭–'૨૫ પહેલાં) | ૩૭૦ |
| ૨૬૧. | મેડેલીન સ્લેડને પત્ર (૨૪–૭–'૨૫) | ૩૭૩ |
| ૨૬૨. | કોંડા વેંકટપૈય્યાને પત્ર (૨૪–૭–'૨૫) | ૩૭૩ |
| ૨૬૩. | ક્રિસ્તોદાસ પાલ વિષે ભાષણ (૨૪–૭–'૨૫) | ૩૭૫ |
| ૨૬૪. | યુરોપિયન અસોસિયેશનની સભામાં ભાષણ (૨૪–૭–'૨૫) | ૩૭૬ |
| ૨૬૫. | મારો ધર્મ (૨૬–૭–'૨૫) | ૩૭૯ |
| ૨૬૬. | અખિલ હિંદ દેશબંધુ સ્મારક (૨૬–૭–'૨૫) | ૩૮૨ |
| ૨૬૭. | પ્રકીર્ણ (૨૬–૭–'૨૫) | ૩૮૩ |
| ૨૬૮. | ફૉરવર્ડને સંદેશો (૨૭–૭–'૨૫) | ૩૮૫ |
| ૨૬૯. | બનારસીદાસ ચતુર્વેદીને પત્ર (૨૭–૭–'૨૫) | ૩૮૫ |
| ૨૭૦. | ડી. હનુમંતરાવને પત્ર (૨૮–૭–'૨૫) | ૩૮૬ |
| ૨૭૧. | ડબલ્યુ. એચ. પિટને પત્ર (૨૮–૭–'૨૫) | ૩૮૭ |
| ૨૭૨. | સી. રાજગોપાલાચારીને પત્ર (૨૮–૭–'૨૫) | ૩૮૮ |
| ૨૭૩. | કે. કેલપ્પન નાયરને પત્ર (૨૮–૭–'૨૫) | ૩૮૮ |
| ૨૭૪. | ફ્રેડ. ઈ. કૅમ્પબેલને પત્ર (૨૮–૭–'૨૫) | ૩૮૯ |
| ૨૭૫. | મિશનરીઓની સભામાં ભાષણ (૨૮–૭–'૨૫) | ૩૯૦ |
| ૨૭૬. | અખિલ બંગાળ દેશબંધુ સ્મારક ફાળા માટે અપીલ (૨૯–૭–'૨૫) | ૩૯૫ |
| ૨૭૭. | શૌકતઅલીને પત્ર (૨૯–૭–'૨૫) | ૩૯૭ |
| ૨૭૮. | ઍંગ્લો-ઇન્ડિયનોની સભામાં ભાષણ (૨૯–૭–'૨૫) | ૩૯૮ |
| ૨૭૯. | નોંધ (૩૦–૭–'૨૫) | ૪૦૫ |
| ૨૮૦. | કૉંગ્રેસ અને રાજકીય પક્ષો (૩૦–૭–'૨૫) | ૪૧૦ |
| ૨૮૧. | કૉંગ્રેસમાં બેકારી (૩૦–૭–'૨૫) | ૪૧૩ |
| ૨૮૨. | ખાદી વિ૦ ખેતી (૩૦–૭–'૨૫) | ૪૧૫ |
| ૨૮૩. | વર્તમાનપત્રોજોગ નિવેદન (૩૦–૭–'૨૫) | ૪૧૬ |
| ૨૮૪. | સ્ટેટ્સમૅનને પત્ર (૩૧–૭–'૨૫) | ૪૧૭ |
| ૨૮૫. | કલકત્તાની જાહેર સભામાં ભાષણ (૩૧–૭–'૨૫) | ૪૧૯ |


Gandhi Heritage Portal

પરિશિષ્ટો :


૧. જોગેન્દ્રસિંહનો પત્ર (૨૫–૬–’૨૫) ૪૨૧
૨. બી. સી. ચેટરજીનો પત્ર (૯–૭–’૨૫) ૪૨૩
૩. ડબલ્યુ. એચ. પિટનો પત્ર (૨૨–૭–’૨૫) ૪૨૫
૪. કે. કેલપ્પન નાયરનો પત્ર (૧૮–૬–’૨૫) ૪૨૬
૫. પં. મોતીલાલજીનો પત્ર (૨૧–૭–’૨૫) ૪૨૭
૬. મેડેલીન સ્લેડનો પત્ર (૨૯–૫–’૨૫) ૪૨૮
આધારરૂપ સાહિત્ય ૪૩૦
તારીખવાર વૃત્તાંત ૪૩૧
સૂચિ ૪૩૫


## ચિત્રસૂચિ


૧૯૨૫માં મુખપૃષ્ઠ
ઍન્ડ્રૂઝ અને ટાગોર સાથે પૃષ્ઠ ૧૫૨ સામે
સી. આર. દાસ અને મહાદેવ દેસાઈ સાથે પૃષ્ઠ ૧૫૩ સામે


Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધીજીનો અક્ષરદેહ

Gandhi Heritage Portal

# અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટકયો છે અથવા દેહ પડયા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦–૪–'૩૩ —ગાંધીજી

Gandhi Heritage Portal

## ૧. લોકોને સંદેશો

મારાં ગુણગાન ગાવાનો કશો અર્થ નથી. તમે સાચેસાચ મને પ્રસન્ન કરવા માગતા હો, તો મારી સલાહ પ્રમાણે ચાલો.

બહેનો અને ભાઈઓ, હું તમારી સૌની પાસેથી એ માગું છું કે તમે તમારા ખિસ્સાને પરવડે તે રીતે વધુમાં વધુ ખાદી ખરીદો.

થોડા પૈસા કાઢવા એ તમારે માટે કંઈ મોટી વાત નથી. પણ પેલાં ગરીબ ગ્રામજનોને મન તો તે સર્વસ્વ છે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १–५–१९२५

## ૨. સ્ટેટ્સમૅનને મુલાકાત

કલકત્તા,
મે ૧, ૧૯૨૫

ઓરડામાં રાચરચીલું લગભગ નહોતું એમ કહીએ તો ચાલે. ફરસ પર મોટી જાજમ પાથરેલી હતી. ગાંધીજીએ માત્ર કચ્છ પહેર્યો હતો ને તેઓ પલાંઠી વાળીને બેઠા હતા. તેમણે બધાને નમસ્કાર કર્યા અને પોતાનો રેંટિયો ગોઠવાઈ જાય ત્યાં સુધી રાહ જોવા બધાને વિનંતી કરી. પછી વાતચીત કરવાની તૈયારી બતાવી તેમણે ઝડપથી ને દક્ષતાથી કાંતતાં કાંતતાં વાતચીત શરૂ કરી.

મોટે ભાગે પોતાની નજર રેંટિયા પર રાખીને તેઓ જરાય અચકાયા વગર પ્રશ્નોના જવાબો આપ્યે જતા હતા; જોકે રેંટિયાના ધીમા અવાજને કારણે તેમનો ધીમો અને મીઠો અવાજ કોઈ કોઈ વાર સંભળાતો નહોતો. આપની રાજકીય શ્રદ્ધા આપે રેંટિયાયંત્ર પર દૃઢ કરી છે, એવા સૂચનને તેમણે શરૂઆતમાં જ જરાક હસીને સંમતિ આપી.

અત્યારની રાજકીય પરિસ્થિતિ પ્રત્યેના યુરોપિયન લોકોના વલણ વિષે તથા એ પરિસ્થિતિના ઉકેલ માટે અવારનવાર સૂચવાતા ઇલાજોની આંટીઘૂંટીમાંથી ચોક્કસ ઇલાજ નક્કી કરવાની મુશ્કેલી વિષે શરૂઆતમાં પોતાનો મત જણાવવાની ગાંધીજીને વિનંતી કરવામાં આવી.

તેમણે જવાબમાં કહ્યું કે, રાજકીય વિચારધારાને વેગ આપવા માટે કોઈક સંગઠન હોવું જરૂરી છે અને આ બાબતમાં કૉંગ્રેસે જ લોકલાગણીના પ્રતિનિધિ બનીને કામ કરવું જોઈએ. કૉંગ્રેસના આજના કાર્યક્રમનાં બે અંગો છે: આંતરિક અને બાહ્ય. આંતરિક કાર્યક્રમનો હેતુ દેશમાં બધી કોમો તથા જાતિઓ વચ્ચે એકતા સ્થાપવાનો છે. જાતિઓ વચ્ચેની આ બહોળી એકતાનું ટૂંકું અને સૂચક નામ “હિંદુમુસ્લિમ એકતા” છે. અને દેશમાં હિંદુઓમાં અસ્પૃશ્યતા-નિવારણ, રેંટિયા તથા ખાદીનો પ્રચાર એ પણ આંતરિક કાર્યક્રમના હેતુઓ છે.

બાહ્ય અંગમાં, કૉંગ્રેસના એક અંગ જેવા સ્વરાજ પક્ષ દ્વારા ચાલતી ધારાસભાઓમાંની પ્રવૃત્તિઓ છે. આખો રાષ્ટ્રીય કાર્યક્રમ આટલામાં સમાઈ જાય છે.

હિંદની એકંદર રાજકીય પરિસ્થિતિ વિષે પોતાનો અભિપ્રાય આપવાની વિનંતીના જવાબમાં તેમણે કહ્યું:



Gandhi Heritage Portal

હું નિરાશાવાદી તો નથી જ, પણ મને આશાનાં બહુ ચિહ્નો જણાતાં નથી. કૉંગ્રેસના આંતરિક કાર્યક્રમમાં ગણનાપાત્ર સફળતા મળે એટલે કે હિંદમાં બધી જાતિઓ વચ્ચે એકતા સ્થપાય, અસ્પૃશ્યતા નાબૂદ થાય, કાંતણનો વિકાસ થાય અને ખાદીની વપરાશ વધે ત્યારે મને આશા બંધાય.

"બ્રિટિશ પ્રજાના મિત્ર તરીકે" પ્રસિદ્ધ થયેલા ગાંધીજીએ એ વાતનું દુઃખ વ્યક્ત કર્યું કે તેમનામાં હૃદયપલટાનાં કોઈ ચિહ્ન દેખાતાં નથી. તેમણે કહ્યું :

કૉંગ્રેસના આંતરિક અને બાહ્ય બંને કાર્યક્રમોમાં યુરોપિયનો સાથ આપી શકે છે, અને આ કાર્યક્રમનાં એ બંને અંગો તપાસવાનું મેં તેમને આમંત્રણ આપ્યું છે અને આજે પણ આપું છું. બાહ્ય અંગ પરત્વે તો જો તેમને ખાતરી થઈ હોય કે અમારા મનમાં અમે જે કહીએ છીએ તે જ હોય છે, અને કદાચ અમે અંગ્રેજોને હાંકી કાઢી શકીએ તોપણ તેમને હાંકી કાઢવાનો અથવા તો બ્રિટન સાથેનો સંબંધ તોડી નાખવાનો ઇરાદો અમે રાખતા નથી, તો તેમણે અમારી સાથે અમારા કાર્યક્રમમાં ભળવું જોઈએ.

અસહકાર વિષે બોલતાં ગાંધીજીએ કહ્યું :

રાષ્ટ્ર પૂરતો અસહકારનો કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો છે. પણ મારા પોતા પૂરતો તે મુલતવી રાખવામાં આવ્યો નથી. અલબત્ત, વ્યક્તિગત મોકૂફીનો આજે ખાસ અર્થ નથી. હું કદી ધારાસભામાં જનારા પૈકીનો નહોતો. પણ અત્યારે તો ત્યાં ન જવું એ મારે માટે ફરજરૂપ છે; કારણ, છેલ્લે મેં જે સજા ભોગવી છે, તેને કારણે ત્યાં જવા બાબતમાં મારી સામે મનાઈ છે. વકીલાત તો મેં ક્યારનીય છોડી દીધી હતી, પણ 'સોસાયટી ઑફ ઇનર ટેમ્પલે' મારું સભ્ય-પદ રદ કરીને મને એની રહીસહી લાલચમાંથી પણ બચાવી લીધો છે.[1]

એટલે હવે શ્રી દેશબંધુ દાસ[2] કહે છે તેમ મારો અસહકાર માત્ર એક "માનસિક વલણ"ની બાબત રહી છે. પણ એ વલણની મારે મન મોટી કિંમત છે. હું બ્રિટિશ લોકોનો મિત્ર હોવાનો દાવો કરતો હોવાથી, હું તેમને કહેવા માગું છું કે તેમનામાં હજી સુધી હું સહેજ પણ સાચો હૃદયપલટો જોતો નથી.

હું જન્મથી જ સહકારપ્રેમી છું; પણ મારે ન છૂટકે અસહકાર કરવો પડયો છે. પણ હું એવા શુભ અવસરની રાહ જોઈ રહ્યો છું કે જ્યારે હું એમ જાહેર કરી શકું કે હું હવે હૃદય-પૂર્વકના સહકાર માટે ફરીથી તૈયાર છું.

હિંદુમુસ્લિમ ઐક્યના પ્રશ્ન વિષે બોલતાં ગાંધીજીએ કહ્યું :

મારા પ્રવાસ દરમ્યાન મને જોવા મળ્યું કે બંને કોમોમાં એકબીજા પ્રત્યે અવિશ્વાસ અને ભયની લાગણી પ્રવર્તે છે. પણ નજીકના ભવિષ્યમાં એકતા સધાશે એ વિષે મને લેશ પણ શંકા નથી. દરેક પક્ષને એમ લાગે છે કે એકતા એ આજની રાષ્ટ્રીય જરૂરિયાત છે.

ગાંધીજીએ ઉમેર્યું કે એ ઐક્ય સિદ્ધ થાય તે પહેલાં કદાચ અથડામણ થવા સંભવ છે. પણ એ આપત્તિમાંથી આપણે ઊગરી જઈએ અથવા આપણે એનો સામનો કરવો પડે; આખરે તો ઐક્ય સિદ્ધ થશે એ નક્કી છે.

૧. સભ્યોના રજિસ્ટર પરથી તેમનું નામ રદ કરીને; જુઓ પુસ્તક ૨૩, પરિશિષ્ટ ૪.

૨. ચિત્તરંજન દાસ (૧૮૭૦-૧૯૨૫); જાણીતા વકીલ અને કૉંગ્રેસ નેતા; વક્તા અને લેખક; ૧૯૨૨ની રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ; ૧૯૨૩માં તેમણે સ્વરાજ પક્ષની સ્થાપના કરી.

Gandhi Heritage Portal

શ્રી દેશબંધુ દાસના જાહેરનામા વિષે અને સમાધાન માટે તેમણે મૂકેલી શરતો અંગે તેમણે કહ્યું :

શ્રી દાસ સાથે મંત્રણા કર્યા પહેલાં એ વિષે કંઈ પણ કહેવાનું હું પસંદ નહીં કરું. પણ સામાન્ય રીતે હું એમ કહી શકું કે જે કરાર થયો છે, તે ધ્યાનમાં લઈને કે કરાર ન થયો હોત તોયે, સ્વરાજ પક્ષને કે અંગત રીતે શ્રી દાસને તેમની રાજકીય પ્રવૃત્તિ અંગે મૂંઝવણમાં ન મૂકવા હું બંધાયેલો છું.

નામદાર વાઇસરૉય[1] મંત્રણા કરવા માટે ઇંગ્લંડ ગયા તે વિષે પોતાનો મત જણાવવાનું પૂછવામાં આવતાં ગાંધીજીએ કહ્યું :

એ વાટાઘાટોના સ્વરૂપ વિષે હું કશું જાણતો નથી. તેમ જ સંજોગવશાત્ હું છાપાં પણ નિયમિત રીતે વાંચી શકતો નથી. વળી બજારની ગપસપમાં મને કદી રસ પડયો નથી, એટલે છાપાંઓના અહેવાલો પર હું આધાર રાખવા માગતો નથી. લૉર્ડ રીડિંગના બ્રિટનના પ્રવાસનો હેતુ હું જાણતો નથી. લૉર્ડ બર્કનહેડના[2] ભાષણના ફલિતાર્થની મને ખબર નથી. પડદા પાછળ શું ચાલી રહ્યું છે તેની તો મને એથીયે ઓછી ખબર છે.

[મૂળ અંગ્રેજી]

स्टेट्समॅन, २–५–१९२५

## ૩. ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત

કલકત્તા

મે ૧, ૧૯૨૫

આજે બપોરે ઍસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિ ગાંધીજીને મળ્યા. ગાંધીજી તે વખતે કાંતતા હતા. દાસ-બર્કનહેડ ચર્ચા વિષે ગાંધીજીએ કહ્યું કે જ્યાં સુધી હું શ્રી દાસને રૂબરૂ ન મળું ત્યાં સુધી આ વિષે હું કંઈ પણ નિવેદન કરવા માગતો નથી. હાલ તુરત આવું કોઈ નિવેદન કરીને હું તેમની સ્થિતિ મુશ્કેલ બનાવવા ઇચ્છતો નથી.

બંગાળમાં હું શ્રી દાસના કામમાં વિઘ્ન નાખવા નહીં પણ તેમને મારાથી બની શકે તેટલી મદદ કરવા આવ્યો છું.

ગાંધીજીએ કહ્યું કે બંગાળમાં મારું રોકાણ લંબાવવાનો હેતુ, અહીં ખાદીકામની શકયતા કેટલી છે તે તપાસવાનો, અસ્પૃશ્યતાના પ્રશ્નનો અભ્યાસ કરવાનો અને અહીંના હિંદુ તથા મુસ્લિમ કોમો વચ્ચેના સંબંધો કેવા છે તે જાણવાનો છે. બંગાળમાં અમુક સ્થળોની મુલાકાત લેવાનું વચન મેં ઘણા વખતથી આપ્યું છે. એટલે મેં મારી દક્ષિણ ભારતની યાત્રા પૂરી કરી કે તરત જ બંગાળ આવવાની પહેલી તક ઝડપી. મારી તબિયત મને સારી લાગે છે, અને મને ખાતરી છે કે મારો બંગાળનો કાર્યક્રમ હું પાર ઉતારી શકીશ.

પ્રતિનિધિએ પૂછયું કે સોંપવામાં આવેલાં ખાતાંઓને વધુ સત્તા આપવામાં આવે અને સાંસ્થાનિક સ્વરાજ આપવાની સંભવિત તારીખ જાહેર કરવામાં આવે તો તમે કેવું વલણ લેશો?

૧. લૉર્ડ રીડિંગ (૧૮૬૦–૧૯૩૫); ૧૯૧૩–૨૧ દરમ્યાન ઇંગ્લંડના વડા ન્યાયમૂર્તિ; ૧૯૨૧–૨૬ દરમ્યાન હિંદના વાઇસરૉય અને ગવર્નર-જનરલ; ૧૯૩૧માં બ્રિટનના વિદેશમંત્રી.

૨. ૧૯૨૪–૨૮ દરમ્યાન હિંદી વજીર.

Gandhi Heritage Portal

શ્રી ગાંધીએ સ્મિત કરતાં કહ્યું: જ્યારે મને ખબર છે કે આવતી કાલે જ હું શ્રી દાસને મળીને તેમની સાથે ચર્ચા કરવાનો છું, તો પછી મારે માત્ર અટકળ ઉપર શું કામ ચાલવું?

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २–५–१९२५

## ૪. કલકત્તાની જાહેર સભામાં ભાષણ[1]

મે ૧, ૧૯૨૫

મિત્રો,

હું હિંદુસ્તાનીમાં પૂરતું બોલ્યો છું અને આશા રાખું છું કે તમારામાંના ઘણાખરા મારું ભાંગ્યું-તૂટ્યું હિંદુસ્તાની સમજી શક્યા હશો. જ્યારે જ્યારે હું દક્ષિણ હિંદ અને બંગાળમાં જાઉં છું ત્યારે ત્યારે મારે અંગ્રેજીમાં બોલવું પડે છે એથી મને હમેશ દુઃખ થાય છે. હું ઇચ્છું છું કે આ પ્રદેશના લોકો અંગ્રેજીનો મોહ છોડે અને એમની માતૃભાષા ઉપરાંત ખપ પૂરતું હિંદી અથવા હિંદસ્તાની પણ શીખી લે કારણ કે આંતરપ્રાંતીય વ્યવહાર અને વેપાર માટેની ભાષા તો એ જ હોઈ શકે. જગતના બધા જ દેશો વચ્ચેના સંપર્કની આંતરરાષ્ટ્રીય રાજકારણની ભાષા અંગ્રેજી ભલે રહે, અને એ રહેવી પણ જોઈએ; પણ એ હિંદી કે હિંદુસ્તાનીનું સ્થાન તો ન જ લઈ શકે. મારું ભાંગ્યુંતૂટ્યું હિંદી વીસ કરોડ માનવીઓ સમજી શકે છે. એવું કહેવાનો વારો ન આવવો જોઈએ કે હિંદના દસ કરોડ લોકો બીજા વીસ કરોડ ઉપર પોતાની ભાષા અથવા અંગ્રેજી ભાષા લાદવા માગે છે.

આજે ૧૪૮, રસા રોડમાં[2] પેસતાં મને કેટલું ઊંડું દુઃખ થયું? હું જાણું છું કે એ મકાન હવે દેશબંધુ ચિત્તરંજન દાસની માલિકીનું નથી. હું જાણતો હતો કે આ દુનિયામાં પોતાની મિલકતનું આ છેલ્લું ચિહ્ન એમણે ટ્રસ્ટીઓને સોંપી દીધું છે. પણ હું તો દુન્યવી માણસ છું. અને દુન્યવી માણસ તરીકે સંસારમાં રહેતો હોઈ એ ઉજ્જવળ વ્યક્તિના મકાનમાં એવા જ્ઞાન સાથે ખરેખર પેઠો કે એના નામાંકિત માલિકે એ સ્વેચ્છાથી આપી દીધું છે, ત્યારે મારું હૃદય ભરાઈ આવ્યું અને હું આંખમાંથી એક આંસુ પડતું રોકી શક્યો નહીં. આ ઘર હવે દાસનું નથી એથી મારા મનમાં ભારે દુઃખ થયું અને વધુમાં એમની ભાંગી પડેલી તબિયત હજી એ સુધારી શક્યા નથી એ જાણીને મને બેવડું દુઃખ થયું. અને જ્યારે મને એમના તરફથી ટૂંકો છતાં સુંદર અને પ્રેમાળ સંદેશો મળ્યો ત્યારે મારું દુઃખ હજી પણ ઊંડું બન્યું. આ સંદેશો એમણે પોતાને હાથે પેન્સિલથી લખ્યો હતો. એમાં એમણે મને જણાવ્યું હતું કે બેવડી તાણ સહન કરવાનું એમને માટે અશક્ય બનતાં, તેઓ અગાઉથી ફરીદપુર ચાલ્યા ગયા હતા. ઈશ્વરને હું પ્રાર્થના કરું છું કે તે એમને તંદુરસ્તી બક્ષે અને પોતે જેને ખૂબ જ ચાહે છે તે દેશની સેવા કરવા માટે લાંબું આયુષ્ય બક્ષે.

બર્કનહેડ અને એમની વચ્ચે જે લાંબી વાટાઘાટો ચાલે છે એ વિષે હું કાંઈ કહું એવી અપેક્ષા તમે રાખતા નહીં હો. મને એ વિષે કાંઈ જ ખબર નથી. હા, હું એટલું જાણું છું કે

૧. આ સભા મિરઝાપુર પાર્કમાં ભરવામાં આવી હતી. તેમાં લગભગ ૧૦,૦૦૦ માણસો હાજર હતા. ડૉ. પી. સી. રાય પ્રમુખસ્થાને હતા.

Gandhi Heritage Portal

આજે આ દેશમાં કાંઈક રાજકીય વાતાવરણ જામેલું છે. પણ આજે મને એમાં એટલો બધો રસ નથી. હું તો સમયની કરકસર કરનારો છું. જે મહાસભાના રાજકીય કાર્યક્રમનું મહત્ત્વનું અંગ છે એવા સ્વરાજ પક્ષને મેં મારું પૂરું મુખત્યારનામું આપી દીધું છે. ધારાસભાઓમાંના કામકાજ અંગે દેશબંધુ દાસ અને મોતીલાલ નેહરુની[1] શક્તિ અને આવડત વિષે મને સંપૂર્ણ શ્રદ્ધા છે એટલે એ વિષે કાંઈ પણ અભિપ્રાય આપવો એ મારે માટે ઉદ્ધતાઈ કહેવાય. એટલું જ નહીં પણ દાસ સાથે ચર્ચા કર્યા વિના રાજદ્વારી મામલા વિષે કોઈ પણ નિવેદન કરવાનો પ્રયત્ન કરવો જ અશક્ય છે. હું બંગાળ આવ્યો છું, દેશભરમાં પ્રવાસ ખેડી રહ્યો છું તે દેશબંધુ દાસના માર્ગમાં અગર સ્વરાજ પક્ષના બીજા કોઈ સભ્યના માર્ગમાં વિઘ્નો નાખવા માટે નથી. એ પક્ષને પૂરી શક્તિથી મદદ કરવા અને મનથી પણ એના કાર્યક્રમમાં દખલ નહીં કરવા મેં ઈશ્વરને સાક્ષી રાખીને સોગન ખાધા છે. મારી મર્યાદાઓને કારણે જ હું એમના કાર્યક્રમમાં પૂરા દિલથી ઝંપલાવતો નથી. એમની નીતિ સાથે હું સંમત નથી થઈ શકતો એ પણ એક કારણ છે. પણ એનો અર્થ એવો નથી કે મારે એમને મદદ ન કરવી જોઈએ. એનો અર્થ એવો નથી કે એમની નીતિ દેશને નુકસાન કરનારી છે. એનો અર્થ એવો જ થાય કે રાજદ્વારી અને રચનાત્મક કાર્યક્રમને આપવાનાં મહત્ત્વ અને વજન બાબતમાં મતભેદ છે.

હું રચનાત્મક કાર્યક્રમને વરેલો છું. હું મારી જાતને જેમ જેમ વધારે તપાસું છું તેમ તેમ જોઉં છું કે હં અંદરખાનેથી આપણી પોતાની શક્તિ ખીલવવા માટે રચનાત્મક કાર્યક્રમનું કામ કરવાને વધારે લાયકાત ધરાવું છું. વિલાયતના બાહોશ રાજદ્વારી પુરુષો સાથે વાટાઘાટો કરવાનું મને આવડતું નથી. આપણી અંદર જ કાંઈ શક્તિ રહી નથી. સને ૧૯૨૧માં આપણામાં જે અખૂટ શક્તિ હતી તે આજે આપણે ખોઈ બેઠા છીએ. એટલે રચનાત્મક કાર્યક્રમ અંગે જ મારે મારી સર્વ શક્તિઓ વાપરવી જોઈએ, અને હં તમને વચન આપું છું કે જો એ કાર્યક્રમને સંપૂર્ણ સફળતા મળે એવી મદદ તમે મને કરશો, તો તમે જોશો કે આપણને જકડી નાખનારાં બંધનો આપોઆપ તૂટી જશે અને જેઓને આજે પકડીને અટકાયતમાં રાખવામાં આવ્યા છે, અને માંડલેની જેલમાં જેઓ સબડી રહ્યા છે તેમને આપણા કહ્યા વિના મુક્તિ મળશે.[2]

. . . . . . . . . . . . . . . . . . . જે રચનાત્મક કાર્યક્રમને હું વરેલો છું, તે કેવો છે? એ કાર્યક્રમના ત્રણ મુદ્દાઓ વિષે હું તમને ટૂંકમાં જણાવું. હિંદુમુસ્લિમ એકતા એ મારે મન આપણી આ રમણીય ભૂમિ પર વસતી બધી કોમો વચ્ચેની એકતાનું જ સ્વરૂપ છે. શું આ કાર્યક્રમ આપણે અમલમાં ન મૂકી શકીએ? શું આ કાર્યક્રમ અનિચ્છનીય છે? પણ મેં તેમાં મારી અશક્તિ કબૂલ કરી છે. મેં એ વાત કબૂલ કરી છે કે આ રોગના ચિકિત્સક તરીકે ઈલાજ ચીંધવામાં હું આવડત વિનાનો નીવડ્યો છું. હિંદુઓ કે મુસલમાનો મારો ઈલાજ સ્વીકારવા તૈયાર હોય એમ મને દેખાતું નથી. તેથી હમણાં હમણાં હું માત્ર આ પ્રશ્ન તરફ અંગુલિનિર્દેશ જ કરું છું અને એમ કહીને સંતોષ માનું છું કે જો આપણે દેશને સ્વતંત્ર કરવો હશે તો આજ નહીં તો કાલે આ બન્ને કોમોએ એક થવું જ પડશે. અને આપણે એક થઈએ તે પહેલાં જો આપણા ભાગ્યમાં એકબીજાનું લોહી રેડવાનું જ લખાયું હશે તો એ દિવસ જેટલો વહેલો આવે તેટલું આપણે માટે વધારે સારું છે. જો આપણે એકબીજાનાં માથાં જ ભાંગવા માગતા

૧. ૧૮૬૧-૧૯૩૧; ધારાશાસ્ત્રી અને સ્વરાજ પક્ષના નેતા; ૧૯૧૯માં અમૃતસરની અને ૧૯૨૮માં કલકત્તાની ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ.

૨. અહીં સુધીનું ભાષાંતર મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમાંથી સુધારીને આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

હોઈએ તો તે કામ આપણે મર્દોની માફક કરીએ, મગરનાં આંસુ પાડીને ખોટી સહાનુભૂતિની માગણી ન કરીએ. આપણે આપણી વાતમાં બીજાને મચક આપવા ન માગતા હોઈએ તો બીજા પાસેથી સહાનુભૂતિની અપેક્ષા પણ ન રાખીએ. હિંદમુસ્લિમ ઐક્ય વિષે મારે આટલું જ કહેવાનું છે.

આપણે હિંદુઓ અસ્પૃશ્યતાના શાપમાંથી મુક્ત થઈ જઈએ. એ કાર્યક્રમ પણ શું લાંબા ગાળાનો અને અશક્ય છે? હું માનું છું કે જ્યાં સુધી અસ્પૃશ્યતા હિંદુ ધર્મને વિકૃત કરી રહી છે, ત્યાં સુધી સ્વરાજપ્રાપ્તિ તદ્દન અશક્ય જ છે. માની લો કે બ્રિટિશ સત્તા હિંદને સ્વરાજની બક્ષિસ આપી દે, તો તે બક્ષિસ આ દેશ માટે શાપરૂપ બનવાની. જો આપણે અસ્પૃશ્યતાના શાપમાંથી મુક્ત નહીં થઈએ તો સ્વાતંત્ર્યથી વંચિત એવા અસ્પૃશ્યોવાળું સ્વરાજ બમણા શાપરૂપ થશે. પણ આ અસ્પૃશ્યતાના નાશનો શો અર્થ છે? હું સનાતની હિંદુ હોવાનો દાવો કરું છું. એટલે સનાતની હિંદુઓ આ મારી વાત સમજી લે. હું એમ નથી કહેતો કે તમે ગમે તેની સાથે રોટીવ્યવહાર કરવા લાગો; તમે અસ્પૃશ્યો સાથે કે કોઈ બીજાની સાથે બેટી-વ્યવહાર કરો, એમ પણ હું કહેતો નથી. પણ હું તમને ભારપૂર્વક કહેવા ઇચ્છું છું કે તમે આ શાપને દૂર કરીને અસ્પૃશ્યોને તમારા સેવાક્ષેત્રમાં સમાવી લો. મારે મન અસ્પૃશ્યતાનિવારણ એટલે જે લોકોને આપણે ધર્મને નામે ગુલામીમાં રાખ્યા છે, તેમની સેવા કરવાના આપણા ખાસ અધિકારનો સ્વીકાર. કલકત્તાના સનાતની હિંદુઓ, મારી વાત સાંભળી લો. આજે હિંદુ-ધર્મ કસોટીમાં છે, અને જો આપણે આ અસ્પૃશ્યતામાંથી છૂટી નહીં શકીએ તો એ ધર્મ નામ-શેષ થઈ જશે. અસ્પૃશ્યતાનિવારણના કાર્યક્રમ વિષે મારે આટલું જ કહેવાનું હતું.

હવે તમારા કાર્યક્રમનો — રેંટિયા અને ખાદીનો — ત્રીજો મુદ્દો લઈએ. હું તમારી પાસેથી શું માગું છું? કલકત્તાના લક્ષાધિપતિઓ, વકીલબૅરિસ્ટરો, કલકત્તાની વિધાનસભા અને વિધાન-પરિષદના સભ્યો, હું તમારી પાસે શું યાચું છું? કલકત્તાની બહેનો, હું તમારી પાસેથી શું માગું છું? ઈશ્વરને નામે, હિંદની ભૂખે મરતી ને અધભૂખી જનતાને ખાતર માત્ર અરધો કલાક માગું છું. આ ગરીબ લોકોને ખાતર અર્ધો કલાક આપવો એ શું તમારે માટે બહુ અઘરું છે? એટલું કરો તો ખાદી સસ્તી થાય; તો હું બંગાળની ગરીબ ગ્રામીણ જનતાને કહી શકું કે લક્ષાધિપતિઓનાં સંતાનો તમારે માટે કાંતે છે. તમને કાંતવામાં શો વાંધો છે? તમે જાણો છો કે ગ્રામીણ જનતાનો આપણા પરથી, તેમના પોતાના પરથી અને ખુદ ઈશ્વરમાંથી પણ વિશ્વાસ ઊઠી ગયો છે? તેમ થવાનું કારણ એ છે કે આપણે અવારનવાર તેમની પાસે કાં તો પૈસા ઉઘરાવવા કે પછી એક કે બીજો કાર્યક્રમ લઈને જઈએ છીએ. આપણે તેમને ક્યાં લઈ જવા માગીએ છીએ, તે તેઓ જાણતા નથી. અને તેથી તેઓ આપણા પર વિશ્વાસ રાખી શકતા નથી, અને તેથી જ્યારે આપણે તેમની પાસે વગર સમજ્યે રેંટિયો લઈને જઈએ છીએ, ત્યારે તેઓ આપણી સામે અવિશ્વાસભર્યું સ્મિત કરે છે. તેઓ એમ નથી કહેતા કે અમે તમારા આ સાધનમાં કંઈ સમજતા નથી. રેંટિયાની પાછળ શો અર્થ છે તે અમે જાણતા નથી. આમ ગ્રામીણ લોકો રેંટિયાનું સંજીવની સ્વરૂપ અને તેનો ઉપયોગ ભૂલી ગયા છે એટલે તેઓ એને દિલથી અપનાવતા નથી. જો તમે આ ગૃહઉદ્યોગને તેમની પાસે દિલથી સ્વીકારાવવા ઇચ્છતા હો તો તમારે પોતે કાંતવું જોઈશે. અને યાદ રાખજો કે તમે પોતે નહીં કાંતો, જો તમે જાતે રેંટિયામાં જરૂરી સુધારા નહીં કરી શકો તો તમે હિંદના આ નષ્ટપ્રાય ઉદ્યોગને પુનર્જીવિત નહીં કરી શકો. દુનિયાનો કોઈ પણ ખેતીપ્રધાન દેશ પોતાની ખેતીને પૂરક એવા ઉદ્યોગો વિના ટકી

Gandhi Heritage Portal

શકયો નથી. જેમાંના કેટલાંક રેલવે સ્ટેશનોથી ખૂબ દૂર છે એવાં સાત લાખ ગામડાંઓ-વાળા અને ૧૯૦૦ માઈલ લાંબા અને ૧૫૦૦ માઈલ પહોળા આ દેશનાં કરોડો ગરીબોને માટે રેંટિયાની જગ્યાએ તેટલું જ સુલભ સાધન બતાવી શકે તો બતાવવા માટે હું કોઈ પણ હિંદીને, ગમે તેવા મોટા અર્થશાસ્ત્રીને પડકાર કરું છું. રેંટિયાના જેટલો સફળ અને સુલભ વિકલ્પ સૂચવવા કે બતાવવા કોઈને પણ મારો પડકાર છે. પણ આવો સફળ વિકલ્પ તમારી સમક્ષ રજૂ કરવામાં આવે ત્યાં સુધી તમારો સમય નકામો ગાળશો નહીં, અને હું તમને વિનંતી કરું છું, કોંગ્રેસ તમને વિનંતી કરે છે કે હિંદની ગરીબ, દલિત જનતા માટે રોજ અર્ધો કલાક આપવાની આનાકાની ન કરો. જો તમે કાંતવા માંડો તો તેના ઉત્પાદનનું શું? રેંટિયો શા માટે અનિવાર્ય છે? એટલા માટે કે આપણને માન્ચેસ્ટરમાં કે જાપાનમાં બનેલું કે મુંબઈ-અમદાવાદમાં બનેલું કાપડ નથી ખપતું, પણ આપણાં ગામડાંનાં ઘરોમાં બનેલી સુંદર ખાદી જોઈએ છે. બંગભંગ વખતે મુંબઈ-અમદાવાદનું મિલનું કાપડ કંઈ કામમાં નહોતું આવી શકયું, જ્યારે ખાદી તો હમેશાં આપણી પડખે ઊભી રહે છે. આપણે ગ્રામપ્રજાને સમૃદ્ધ અને ખુશ-ખુશાલ જોવા ઇચ્છીએ છીએ; આપણે ખુલનાના લોકોને ખાતરી આપવા માગીએ છીએ કે ફરી જો દુકાળ પડશે તો તેમને ડૉ. રાય[૧] જેવા કોઈ તરફથી અપાતા રાહતના ચોખા ખાવાનો વખત નહીં આવે; પણ હં ઇચ્છું છું કે ખુલનાના લોકોને એમ ભલે લાગે કે હવે અમારે ડૉ. રાય જેવાની પણ ગરજ નથી રહી, કારણ કે અમારી પાસે આધારરૂપ રેંટિયો છે. જ્યારે તેમના હાથમાં દુકાળ સામેની કાયમી ગૅરંટીરૂપ, જીવનનિર્વાહનું નિશ્ચિત સાધન રેંટિયો છે, તો પછી તેમણે ભીખ શા માટે માગવી? આટલા માટે જ હું તમને રેંટિયો અને ખાદી અપનાવવા કહું છું. અને તે માટે હું અહીં બંગાળમાં આવ્યો છું.

આજે હું બંગાળ કે હિંદના રાજકારણની બાબતમાં દખલગીરી કરવા માગતો નથી. એ કામ હાથ ધરી શકે એવા સમર્થ માણસો મોજૂદ છે; પણ હું મને પોતાને ખાદીનિષ્ણાત માનું છું. હું મને પોતાને ચરખાનિષ્ણાત માનું છું. હું માનું છં કે ખાદીના આ સંદેશા વિષે હિંદના દરેક સ્ત્રીપુરુષને માટે મારે કંઈક કહેવાનું છે. અને તેથી હં જીવું છું ત્યાં સુધીમાં, બંગાળ મને સાંભળવાને તૈયાર છે અને રાજી છે ત્યાં સુધીમાં હું બંગાળને ફરીથી મારાથી આપાય એટલો સંદેશો આપું છં અને કહું છું કે જો તમારે સ્વાતંત્ર્ય મેળવવું હોય તો બીજું ફાવે તે કરજો, પણ તમે એવો મજબૂત અને સ્થિર પાયો નાખજો કે જેના પર તમે યોગ્ય અને સ્થિર ઇમારત ઊભી કરી શકો. આ બુઢ્ઢો તમને અત્યારે કલકત્તામાં જે વાત વારંવાર કહી રહ્યો છે, અને બંગાળના આખા પ્રવાસ દરમિયાન કહ્યા કરવાનો છે, કે આવો મજબૂત અને સ્થિર પાયો નહીં નાખો તો તમે જે કંઈ સુધારા મેળવશો, જે કંઈ સ્વાતંત્ર્ય કે સ્વાધીનતા તમને મળેલાં લાગે છે તે કેવળ ફૂંકથી ઊડી જાય તેવા ગંજીપાના મહેલ જેવાં જ હશે; તે બરાબર યાદ રાખજો. તેથી હું તમને આ સંદેશો, ખાદી અને રેંટિયાનો આ સંદેશો અમલમાં મૂકવા પ્રાર્થના કરું છું. હિંદુ ભાઈઓ, અસ્પૃશ્યતાનું કલંક ભૂંસી નાખો. હિંદુ અને મુસલમાન ભાઈઓ બની શકે તો લોહીનું એક પણ ટીપું પાડ્યા વિના એક બનો અને સગા ભાઈઓની જેમ એકબીજાને ભેટો.

૧. પ્રફુલ્લચંદ્ર રાય (૧૮૬૧–૧૯૪૪); કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાં રસાયણ શાસ્ત્રના પ્રાધ્યાપક; હિસ્ટરી ઑફ હિન્દુ કૅમિસ્ટ્રીના લેખક; કેળવણીકાર અને દેશભક્ત.

Gandhi Heritage Portal

ધીરજથી મારી વાતો સાંભળવા બદલ હું તમારા સૌનો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २–५–१९२५

## ૫. ફરીદપુરના ઔદ્યોગિક પ્રદર્શનમાં ભાષણ

મે ૨, ૧૯૨૫

પ્રદર્શન ખુલ્લું મૂકતાં ગાંધીજીએ કહ્યું કે ખેડૂતના દીકરા તરીકે હું ખેતી વિષે થોડું જ્ઞાન ધરાવવાનો દાવો કરું છું. મને ભારતની ખેડૂત પ્રજાનો અને જ્યાં મેં મારા જીવનનાં વીસ કરતાં પણ વધારે વરસ ગાળ્યાં છે, તે દક્ષિણ આફ્રિકાની ખેડૂત પ્રજાનો ઠીક ઠીક અનુભવ છે. આ બંને દેશોનાં ખેતી ખાતાંઓની કામગીરી મેં જોઈ છે. આ ખાતું સામાન્ય ગરીબ ખેડૂતોને પણ મદદ કરવા આતુર હોય છે એમ હું કહી શકું છું. દુર્ભાગ્યે, આ દિશામાં કંઈ નક્કર કામ થતું નથી. એમ કહેવાય છે કે હિંદની ખેડૂત પ્રજા આળસુ છે. હું એ વાત માનતો નથી. પણ હું એ વાતનો અવશ્ય સ્વીકાર કરું છું કે વરસના છ મહિના એ લોકો આળસુ રહે છે. આમ બનવાનું કારણ એ નથી કે તેઓ આળસુ છે. પણ એનું કારણ એ છે કે એમની પાસે કરવાનું કોઈ કામ નથી. આ છ માસ દરમ્યાન તેઓ સહેલાઈથી રેંટિયો ચલાવી પોતાની સ્થિતિ સુધારી શકે. મારી પૂરી શક્તિથી હું પોકારું છું કે રેંટિયામાં ભારતની મુક્તિ રહેલી છે. એ વાતમાં મત-ભેદને સ્થાન નથી.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ३–५–१९२५

## ૬. અખિલ બંગાળ હિંદુ સંમેલનમાં ભાષણ[૧]

ફરીદપુર,
મે ૨, ૧૯૨૫

પ્રમુખશ્રીની આજ્ઞાથી હું ત્રણ વિષય ઉપર બોલીશ.

હિંદુ, મુસ્લિમ અને બીજા જે હિંદુસ્તાનમાં રહેવાવાળા છે તે એકદિલ બની હમેશ માટે સાથે રહે. સાથે સાથે હું જાણું છું કે આજકાલ હિંદુ અને મુસલમાન બંનેમાં અવિશ્વાસ વધી ગયો છે. બંને એકબીજાથી ડરે છે એટલે એકદિલ નથી થઈ શકતા. હું ઇલાજ બતાવી શકતો હતો એ મેં બતાવ્યો છે. પણ મને એમાં સફળતા નથી મળી. ત્યારે પછી કરવું શું? હું જોઈ રહ્યો છું કે ક્યાંક ને ક્યાંક આપણે પેટ ભરી લડી લઈએ છીએ. મેં એક વાત કહી છે કે જો લડવા માગતા હોઈએ તો મર્દાનગીથી લડીએ. લડયા પછી પણ એકદિલ થવું પડશે. બંનેમાંથી એકનો સર્વથા નાશ થાય એ અસંભવિત છે. બેમાંથી એકેય હિંદુસ્તાન છોડી બીજે ક્યાંક જાય એ પણ અસંભવિત છે. શુદ્ધિથી બધા જ મુસલમાન કોઈ દિવસ હિંદુ નથી થવાના અને વટાળ પ્રવૃત્તિથી સૌ હિંદુ કોઈ દિવસ મુસલમાન નથી થવાના. એટલે હું શાંત થઈને બેઠો છું અને જોઈ રહ્યો છું તે એ આશાએ કે, લડીને પણ એક થશે. માત્ર એવું નથી ઇચ્છતો કે બીજાનું

૧. સંમેલનની બીજી બેઠકમાં પી. સી. રાય પ્રમુખસ્થાને હતા. "ચાલુ બનાવો" વિષે બોલવા તેમણે ગાંધીજીને વિનંતી કરી. ગાંધીજી હિંદીમાં બોલ્યા.

Gandhi Heritage Portal

માથું ફોડીને કોઈ પણ ભાગી જાય, અને એવું પણ નથી ઇચ્છતો કે કોઈ અદાલતનું રક્ષણ શોધવા જાય.

અસ્પૃશ્યતાનિવારણ વિષે મેં બહુ કહ્યું છે. અસ્પૃશ્યતા એક ભયંકર પાપ છે. એ ભયંકર પાપની આપણે શિક્ષા ભોગવી રહ્યા છીએ અને એને નહીં કાઢીએ તો હજીયે ભોગવ્યા કરશું. અસ્પૃશ્યો સાથે રોટીબેટીવ્યવહાર રાખવાને હું કહેતો નથી. જે કોઈ એ કહે છે તેને હું સહન કરી લઉં છું. પણ એના વિના હિંદસ્તાનમાં સ્વરાજ અસંભવિત છે એમ તો ન જ કહી શકાય.

ચરખો હિંદુસ્તાનના ગરીબનો પ્રાણ છે. કદીક મેં એને સુદર્શનચક્ર કહ્યો; કદીક કામધેનુ કહ્યો છે. મારા બધા અનુભવથી કહી શકું છું કે ચરખો કામધેનુ છે. આપણી કંગાલિયતનો આરંભ આપણે એ છોડયો ત્યારથી શરૂ થયો.

મેં અહીંનું પ્રદર્શન જોયું. એમાં રાખેલા ચરખામાં અપૂર્ણતા જોઈ. એ અપૂર્ણતા મટાડી જાણે એવા નિષ્ણાત અહીં હોવા જોઈએ. ચરખાનો પુનરુદ્ધાર રાક્ષસી દૃષ્ટિએ નહીં પણ મનુષ્યની અથવા દૈવી દૃષ્ટિએ કરવો જોઈએ. જેમ માન્ચેસ્ટરવાળાઓએ ચરખાનો નાશ કર્યો, હિંદુસ્તાનનો નાશ કર્યો અને કંગાલિયત ઊભી કરી તેમ આપણે નથી કરવા માગતા. ત્રણચાર વર્ષ ઉપર ઢાકાની મલમલ જોયેલી ત્યારે મને આનંદ થયેલો. પણ જ્યારે જાણ્યું કે એનું સૂતર વિદેશી છે ત્યારે મારું હૃદય રોયેલું. બંગાળમાં એકલા ચાવલ પેદા કરવાથી કશો લાભ નથી. જો હિંદુસ્તાનના બીજા લોકો ચાવલ ખાવાનું છોડી દે તો આ વધારાના ચાવલનું શું કરવાનું? વેપાર તો આપણી ખાસ બનાવટોનો જ હોઈ શકે. દા.ત. ઘી. ઘીનો જેવો પ્રચાર છે તેવો પ્રચાર ચરખાનો થવો જોઈએ.

અપર્ણાદેવી, નાનકડી છોકરીની વાત કહું. એ તો મારું દર્શન કરવા આવેલી. પણ હું એનું દર્શન કરીને કૃતાર્થ થયો. મને થયું કે હિંદુસ્તાનમાં જ્યાં સુધી આવી છોકરીઓ પડી છે અને આવું ઝીણું કાંતે છે ત્યાં સુધી એનો ઉદ્ધાર શક્ય છે. પણ આપણામાં આળસ, મંદતા આવી ગઈ છે; અને દેશને માટે હાર્દિક ભાવ નથી. આપણે ગરીબો સાથે તન્મય નથી થયા. હિંદની ઉન્નતિ ચરખો છોડીને કરવી મને તો અશક્ય લાગે છે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ३–५–१९२५

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

Gandhi Heritage Portal

## ૭. બંગાળ પ્રાંતિક યુવક પરિષદમાં ભાષણ

મે ૨, ૧૯૨૫

પ્રમુખે[1] મહાત્માજીને ત્યાં એકઠા થયેલા દેશના આશાસ્પદ યુવાનોને સલાહના બે શબ્દો કહેવા વિનંતી કરી. મહાત્માજી ઠીક ઠીક લાંબા સમય સુધી બોલ્યા અને પોતાના ભાષણ દરમ્યાન દેશની નવરચનાના કામમાં યુવાનોએ ભજવેલા ભાગનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ભાષણો આપીને હું હવે થાક્યો છું. પણ મારે તમારી સાથે દિલ ખોલીને વાતો કરવી છે. યુવાનોએ કુવિચારોને મનમાંથી હાંકી કાઢવા જોઈએ અને સેવા તેમનો જીવનમંત્ર બનવો જોઈએ. એક શબ્દમાં કહીએ તો બ્રહ્મચર્ય એ જીવનનું આવશ્યક અંગ બનવું જોઈએ. બ્રહ્મચર્યનું મહત્ત્વ માત્ર હિંદુ ધર્મ પૂરતું જ છે એમ નથી. ખરું જોતાં તો એ બધા યુગોમાં બધા ધર્મોના પાયારૂપ રહ્યાં છે. પછી તેમણે બ્રહ્મચર્યના પાલનને અભાવે પોતાનું જીવન બરબાદ કરી બેઠેલા એક તેજસ્વી નવયુવાનનો દાખલો આપ્યો અને કહ્યું કે તમારામાંનો દરેક જણ પવિત્ર જીવન ગાળશે એવી મને ખાતરી આપો.

અસહકારના આંદોલનનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે આ આંદોલન બીજું કાંઈ નહીં પણ આત્મશુદ્ધિનું જ આંદોલન છે. તેમણે યુવાનોને ઈશ્વરની ઇચ્છાને સંપૂર્ણ રીતે આધીન થવાનો ઉપદેશ આપ્યો. પછી આગળ બોલતાં તેમણે ખાદી, અસ્પૃશ્યતાનિવારણ અને હિંદુમુસ્લિમ ઐક્યનો પોતાનો સનાતન સંદેશો આપ્યો. તેમણે કહ્યું કે એકાગ્રતા અને આત્મશુદ્ધિ — આ બે વસ્તુ સિદ્ધ કરવાની શક્તિ આ રેંટિયામાં છે. અત્યારની ક્ષણે આ બે વસ્તુની ખાસ જરૂર છે. તમને યુવાનોને મારા આશીર્વાદ છે કે ઈશ્વર તમને ભારતની ઉજ્જવળ પરંપરાઓને અનુરૂપ જીવન જીવવાની શક્તિ આપો!

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ८–५–१९२५

## ૮. અસ્પૃશ્યો સાથે વાતચીત

ફરીદપુર,

[મે ૩, ૧૯૨૫ કે તે પહેલાં][2]

પ્રથમ નામશૂદ્રોની મુશ્કેલીઓ વિષે ગાંધીજીએ પૂછ્યું. એમણે કહ્યું: "નામશૂદ્રો તો ઘણાખરાના ઘરમાં જઈ શકે છે. માત્ર જ્યાં પાણી રાખ્યું હોય તે ઓરડામાં અમે ન જઈ શકીએ. ઉચ્ચ વર્ણના લોકો અમારા હાથનું પાણી ન પીએ. એ લોકો અમને મંદિરમાં ન જવા દે અને શાળામાં અમારાં છોકરાંને બીજાનાં છોકરાંઓ સાથે એક બાંકડા ઉપર ન બેસવા દે. અમારી વસ્તી વીસ લાખની છે. અમારી ન્યાતમાં બસો ગ્રૅજ્યુએટો છે. થોડા વકીલો પણ હશે. અમે અમારી આ મુશ્કેલીઓ કેવી રીતે દૂર કરી શકીએ?" ગાંધીજીએ કહ્યું:

તમે બહુ સરસ પ્રશ્ન પૂછ્યો છે. હું એ વિષે તમને કહેવાનો જ હતો. આ મુશ્કેલીઓ દૂર કરવાના અનેક ઉપાયો છે. કેટલાક કહે છે કે મુશ્કેલીઓ ઊભી કરનાર સામે હિંસા આદરવી અને એમની પાસેથી સુધારા ઝૂંટવવા. આવા માણસોનો મને પૂનામાં ભેટો થયો

૧. જિતેન્દ્રમોહન રૉય.

૨. પહેલી મેથી ચોથી મે સુધી ગાંધીજી ફરીદપુરમાં હતા. ચોથી મે ને સોમવારે તેમને મૌનવાર હતો. તેથી આ વાતચીત મે ૩ કે તે પહેલાં થઈ હશે.

Gandhi Heritage Portal

હતો. એ લોકો મને માનપત્ર આપવા માગતા હતા. માનપત્ર નહોતું મરાઠીમાં કે નહોતું હિંદીમાં; એ અંગ્રેજીમાં હતું. એ લોકોમાં કોઈ અંગ્રેજી ભણેલો યુવાન હતો અને એનો આગ્રહ હતો કે માનપત્ર અંગ્રેજીમાં જ આપવું જોઈએ. આ માનપત્રમાં એમ જણાવવામાં આવ્યું હતું કે "ઉચ્ચ વર્ણના લોકો જો પોતાનું વર્તન સુધારે નહીં તો અમે એમની સાથે લડીશું અને એમનું ખૂન કરીશું." મેં એનો જવાબ આપતાં જણાવ્યું કે, "તમે એમ કરશો તો તમે સૌની સહાનુભૂતિ ખોશો, તમારો જે હેતુ છે તે માર્યો જશે અને સુધારકો તમારે માટે જે પ્રયત્નો કરી રહ્યા છે તે બધાને તમે નાકામયાબ બનાવશો." બીજો પણ એક વર્ગ છે. મને એમનો અનુભવ દક્ષિણ આફ્રિકામાં થયો હતો. એમણે ધમકી આપી હતી કે "જો અમારાં દુ:ખો દૂર નહીં કરવામાં આવે તો અમે ખ્રિસ્તી અગર મુસલમાન થઈ જઈશું." મારે એમને બહુ કડવાં વેણ કહેવાં પડયાં. મેં કહ્યું: "અહીં જ તમારા ધર્મની પરીક્ષા થઈ રહી છે; અને જો તમારા તરફ સારો વર્તાવ રાખવામાં આવતો નથી એટલા જ કારણે તમે તમારો ધર્મ છોડી દેશો, તો તમારા ધર્મની કોડીની પણ કિંમત નથી. હું વિલાયત ગયો હતો ત્યારે મને ન્યાત બહાર મૂકવામાં આવ્યો હતો પણ એટલા કારણે મેં હિંદુ ધર્મ છોડયો નહોતો." ત્રીજો રસ્તો આત્મશુદ્ધિનો છે. એટલે કે તમારી સામે જે જે આક્ષેપો કરવામાં આવે છે તે તમામમાંથી તમારે મુક્ત થવું જોઈએ. તમે માંસ ખાઓ છો કે?'

જવાબ : ના. કોઈક ખાતા હશે. અમારામાંથી જેઓ વૈષ્ણવ છે તે માંસ ખાતા નથી. પણ અમે માછલી તો જરૂર ખાઈએ છીએ.

ગાંધીજી : મુડદાલ માંસ ખાઓ કે?

જવાબ : ના. કોઈ નહીં.

ગાંધીજી : તો પછી તમારે બહુ જ ઓછું કરવાનું રહે છે. પણ એ લોકો તમારી વિરુદ્ધમાં જે કાંઈ કહે છે તેમાંથી છૂટવા તમારે પ્રયત્ન કરવો જોઈએ. એમ કરીને તમે, એમનામાંના પૂર્વગ્રહોનો અંત લાવી શકશો. આ બહુ લાંબો ઉપાય છે. પણ આ જ સચોટ ઉપાય છે. હું જાણું છું કે તમે ધારો તો કડક વલણ અખત્યાર કરીને એમને ઠેકાણે લાવી શકો છો. દા. ત. શહેરોમાં જો ઝાડુવાળા હડતાળ પાડે અને કહે કે "જ્યાં સુધી અમને બીજાઓની સાથે સરખા ગણવામાં નહીં આવે અને જ્યાં સુધી અમુક મુશ્કેલીઓ દૂર કરવામાં નહીં આવે ત્યાં સુધી અમે કામ નહીં કરીએ." તમે આમ કરો તો જરૂર સફળ થશો. પણ એમ કરવાથી તમે એમનાં મન બદલી નહીં શકો. ઊલટું, તમારી તરફ એમના મનમાં જે ધિક્કાર છે તે વધશે. તેથી હું કહું છું કે આત્મશુદ્ધિ એ એક જ ઉત્તમ ઉપાય છે. બાકીનું મારા જેવા સુધારક ઉપર છોડી દો. એ કામ માટે હું મારાથી બનતું બધું કરી રહ્યો છું. કારણ કે મારા મનથી તો આ એક ધાર્મિક કાર્ય છે; અને હું જાણું છું કે જો અમે સુધારીશું નહીં તો હિંદ ધર્મનો નાશ થવાનો છે.

સવાલ : આપ કહો છો, સુધારકો ઉપર વિશ્વાસ રાખો. અમને આપના ઉપર વિશ્વાસ છે, પણ બીજાઓ ઉપર વિશ્વાસ કેવી રીતે બેસે? એ લોકો અસ્પૃશ્યતાનાબૂદીની વાતો કરે છે ખરા, પણ એમના અંતરમાં તો એમ નથી જ માનતા કે, અસ્પૃશ્યતાની નાબૂદી વિના સ્વરાજ નહીં મળે. ડૉ. રાય કે જે અમારા માટે ખૂબ લડત આપી રહ્યા છે તેમને અમારા માટે સાચી લાગણી છે, પણ મિ. સી. આર. દાસ જેવા માણસ પણ અમારા માટે કાંઈ ખાસ કરતા નથી.

ગાંધીજી : હું તમને ખાતરી આપું છું કે એમના મનમાં તમારી વિરુદ્ધ કાંઈ નથી. સુધારા તો હું ઇચ્છું છું તેટલા જ એ ઇચ્છે છે. આ પ્રશ્નમાં, એ મારા જેટલો રસ કેમ લઈ શકતા નથી એનું કોઈ કારણ તમે આપી શકો છો?

Gandhi Heritage Portal

જવાબ : હા જી. એમને તો અનેક જંજાળો છે અને એમને સમય પણ નથી.

ગાંધીજી : હા. એમ જ છે. એ એમ માને છે કે રાજકીય પગલાં ભરી અંગ્રેજોને આપણાથી હમેશ દબાયેલા રાખીએ નહીં ત્યાં સુધી કોઈ કામ થઈ શકે નહીં. મારી અને એમની વચ્ચે આ જ એક મતભેદ છે. પણ અસ્પૃશ્યતાની નાબૂદી માટે એ પૂરેપૂરા ઈંતેજાર છે.

જવાબ : અમે એ માનીએ છીએ. પણ આપ તો સુધારકો ઉપર આધાર રાખવાનું અમને કહો છો સાહેબ, આપ તો જાણો છો કે જ્યારે અમે લડતના પંથે વળીએ છીએ ત્યારે જ એ લોકો નમતું મૂકે છે, અને જો અમે લડત ન આપીએ તો અમારા તરફનો એમનો તિરસ્કાર અને ધિક્કાર એટલો ચાલુ રહે છે. . . .[1] કહે છે કે જો એ લોકો આપણું પાણી ન લે તો આપણે પણ એમનું પાણી ન લેવું જોઈએ.

ગાંધીજી : તમે જાણો છો કે એમને તો ચિત્તભ્રમ થયો છે. જો જો એવું કાંઈ કરતા. તમારું વર્તન ગૌરવભર્યું રાખો. હં એમ તો નથી માનતો કે તમારા હાથનું પાણી ન લેનાર માટે તમારા મનમાં પ્રેમ હોય. પણ એમની સામે તમારા મનમાં ધિક્કાર ન રાખો એટલું તો તમે જરૂર કરી શકો. હું માગું છું ગૌરવભર્યું વર્તન — અને નહીં કે ઝેરીલું વર્તન.

સવાલ : અમે રાષ્ટ્રીય કાર્યક્રમમાં કેવી રીતે ભાગ લઈ શકીએ?

ગાંધીજી : કેમ ન લઈ શકો? અને આજે રાષ્ટ્રીય કાર્યક્રમ શો છે? અસ્પૃશ્યતાનું નિવારણ, ખાદીનો પ્રચાર અને હિંદુમુસ્લિમ ઐક્ય. મને લાગે છે, આ ત્રણે કાર્યક્રમો અંતે તો અસ્પૃશ્યતાના પ્રશ્નના નિકાલ માટે મદદરૂપ થઈ પડે એમ છે. હિંદુમુસ્લિમ વચ્ચે ઐક્ય સ્થપાય એટલે આ પ્રશ્ન ઘણુંખરું પતી ગયા એમ કહેવાય. અને ખાદીથી તો હિંદુસ્તાનની ગરીબાઈનો પ્રશ્ન ઊકલી જાય છે. પણ હું તમને એટલું કહું કે તમારું સ્થાન ન હોય એવા સ્વરાજની યોજના લઈને કોઈ આવે, અગર તો તમારા માટે ખાસ હકોની માગણી કરતી કોઈ યોજના લઈને મિશનરીઓ આવે તો તમે એનાથી ચેતજો. બંનેનો નિષેધ કરજો.

સવાલ : પણ અમારી મુશ્કેલીઓનો અંત કેવી રીતે લવાય? હજામ અમારી હજામત કરવાની ના પાડે છે અને ધોબી અમારાં કપડાં ધોવાની ના પાડે છે. અમારે કરવું શું?

ગાંધીજી : આ બધું એની મેળે બંધ થઈ જશે. તમારે મનુષ્યસ્વભાવમાં રહેલી એની સદ્‌વૃત્તિ ઉપર પણ વિશ્વાસ રાખવો પડશે. તમે પોતે જ્યારે શુદ્ધ બન્યા હશો ત્યારે એમની ફરજનું એમને આપોઆપ ભાન થશે. હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે આવી જ મુશ્કેલીઓમાંથી પસાર થયો હતો. ત્યાં મેં જે કર્યું હતું તે તમે કરો એમ હું માગું છું. તમે જાણો છો મેં શું કર્યું હતું? ત્યાંના યુરોપિયન હજામે મારા વાળ કાપવાની ના પાડી. એટલે મેં એક કાતર ખરીદી અને એક સુંદર સવારે અરીસાની સામે બેસીને મારા વાળ મેં મારા હાથે કાપવા માંડ્યા. એ જ વખતે એક યુરોપિયન મિત્ર આવી ચડ્યા. એમણે મને આ કામ કરતાં જોયો. "આ શું કરો છો?" એમણે કહ્યું. મેં જવાબ આપ્યો: "જો યુરોપિયન હજામ મારા વાળ કાપવાની ના પાડે તો એ કામ હું મારી જાતે જ કરું ને?" એટલે એમણે પોતે કાતર હાથમાં લીધી અને મારા વાળ કાપવા માંડ્યા. પરિણામ એ આવ્યું કે મારા વાળનો કાપ બહુ રમૂજી બની ગયો. થોડા વાળ અહીં રહી ગયા અને થોડા તહીં રહી ગયા; કોઈ ઠેકાણે બરાબર કપાયા અને કોઈ ઠેકાણે ગમે એમ કપાયા.[2] મારા પુત્રોને નિશાળે મોકલવામાં પણ મને આવી જ મુશ્કેલી

૧. મૂળમાં નામ છોડી દીધું છે.

૨. જુઓ આત્મકથા, ભાગ ૩, પ્રકરણ ૯.

Gandhi Heritage Portal

પડી હતી. ત્યાંના લોકો કહે, "અંગ્રેજોની શાળામાં તમારા પુત્રોને એક અપવાદ તરીકે દાખલ કરીએ." મેં કહ્યું, "ના. બીજાં બધાં હિંદી બાળકોને એ નિશાળમાં જવાની છૂટ ન હોય તો હું મારા પુત્રોને ત્યાં ન મોકલું." અને મેં ન મોકલ્યા. મારા ઉપર એવો આક્ષેપ પણ થયો કે મેં મારા પુત્રોને શાળાના શિક્ષણથી વંચિત રાખ્યા. આ તો મેં તમને બે જ દાખલા આપ્યા. પણ આવી તો અનેક મુશ્કેલીઓ હતી. અને એમાંથી હું પસાર થયો છું એટલે જ હું તમારી લાગણીઓ સમજી શકું છું. એક વખત હું એક સિગરામમાં ચડયો અને મારી બેઠક લીધી. બીજો એક ઉતારુ આવ્યો અને મને ત્યાંથી ઊઠી જવા કહ્યું. હું ત્યાંથી ઊઠી ડ્રાઇવરની બાજુની બેઠક ઉપર બેઠો. આ જગ્યાએ પવન સારો આવતો હતો. એટલે પેલો ઉતારુ મારી પાસે આવ્યો અને મને ત્યાંથી પણ ઊઠી જવા અને એના પગ પાસે બેસવા કહ્યું. મને લાગ્યું આ તો સહન થઈ શકે નહીં. મેં ઊઠવાની ના પાડી. એટલે પેલાએ મારા મોઢા ઉપર ધડાધડ તમાચા મારવા માંડયા. પણ હું તો મારી જગ્યાએ ચોંટી જ રહ્યો, ખસવાની ના પાડી અને કઠેડાના પિત્તળના સળિયાને બાઝી રહ્યો કે જેથી પેલો મને ધક્કો મારી નીચે પાડી શકે નહીં. આ માણસના આવા વર્તનથી બીજા ઉતારુઓને એટલું બધું લાગી આવ્યું કે તેઓ એને વારવા લાગ્યા. તેમણે કહ્યું, "અંદર બેસવાનો એને હક છે છતાં તમે એને અંદર બેસવા દીધો નહીં. અને હવે તમે એને ડ્રાઇવર પાસે પણ બેસવા નથી દેતા એનો શો અર્થ?" કેવળ શરમનો માર્યો એ ત્યાંથી ખસી ગયો.[૧] આવા બધા અનુભવો મને થયા હતા છતાં તમે તો જાણો છો કે સમય જતાં એ લોકોના પૂર્વગ્રહોને હું હટાવી શકયો અને એઓ આપણા લોકો તરફ માનની નજરે જોતા થયા. ત્યાં હું એમનો પ્રતિકાર નહોતો કરી શકતો કારણ કે હિંદુસ્તાનમાંના અસ્પૃશ્યો તરફના આપણા વર્તનનું ફળ જ આપણે ભોગવી રહ્યા છીએ એમ મને દેખાતું હતું. એટલે જ હું કહું છું કે સામ્રાજ્યમાં આપણે અસ્પૃશ્યો જેવા છીએ તે આપણાં જ કર્મે છીએ. અને જો આપણે સમયસર ચેતીને આ દૂષણને કાઢીશું નહીં તો હિંદુ ધર્મ આ દુનિયામાંથી નાશ પામશે.

સવાલ : પણ સાહેબ, આ બધું છે છતાં હિંદુ ધર્મ તો યુગોથી ચાલતો આવ્યો છે. અસ્પૃશ્યતાના કારણે હવે એનો નાશ કેવી રીતે થવાનો છે?

ગાંધીજી : દુનિયાના કેટલાક ભાગોમાં મનુષ્યભક્ષણનો રિવાજ નહોતો? અને આપણા જ દેશમાં સતી થવાનો રિવાજ નહોતો? એ બંને આજે બંધ નથી થયાં? એમને બંધ થયે જ છૂટકો હતો. જો એ બંધ ન થયા હોત તો સંસ્કૃતિનો નાશ થયો હોત. અને આજે બધી જગ્યાએ આના વિષે ભાન પેદા થયું છે એટલે હિંદુ ધર્મની કસોટી થઈ રહી છે. એને જો ટકી રહેવું હશે તો એણે આ પાપને દૂર કર્યે જ છૂટકો છે.

સવાલ : તો પછી સાહેબ, અમે બધા મહાસભામાં જોડાઈ જઈએ?

ગાંધીજી : હા, રાષ્ટ્રીય કાર્યક્રમને તમારાથી બને એટલી મદદ તમારે કરવી જોઈએ. એ કાર્યક્રમને અપનાવો, તમારી જાતને શુદ્ધ બનાવો અને તેથી વધુ તો, એ યાદ રાખો કે ચારિત્ર્યની શુદ્ધતાની જ ખાસ અસર પડે છે. છેવટે તો તમારા ચારિત્ર્ય ઉપર જ બધો આધાર છે.

એ લોકો જવા ઊપડયા ત્યારે ગાંધીજીએ કહ્યું :

તમારી સાથે આ વાતો કરવાનો મને મોકો મળ્યો તેથી મને બહુ આનંદ થયો છે.

અસ્પૃશ્ય વર્ગમાંથી આટલા સમજુ અને વિવેકી સજ્જન ત્રાવણકોર કે ગુજરાત કે બીજે કયાંય, અનેક મળવા આવનારમાંથી નથી મળ્યા.

૧. જુઓ આત્મકથા, ભાગ ૨, પ્રકરણ ૯.

Gandhi Heritage Portal

એમના ગયા પછી ગાંધીજી બોલ્યા:

એમની સાથેનો આ વાર્તાલાપ ખરેખર આનંદજનક હતો. એમણે કેટલી કરુણ કથા કહી? અને એ કેટલા વિનય અને વિવેકથી?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४–५–१९२५

ભાષાંતર: महादेवभाईनी डायरी, पुस्तक આઠમું

## ૯. માનપત્રના જવાબમાં ભાષણ[1]

[મે ૩, ૧૯૨૫ કે તે પહેલાં]

તમે માનપત્ર આપ્યું તે માટે તમારો આભાર માનું છું, વધારે આભાર તો તમે અહીં સુધી આવવાની તસ્દી લીધી એ માટે[2]. મેં તમને સંદેશો મોકલ્યો હતો તે તો અર્ધા મજાકમાં જ મોકલેલો. મારે તમને કાંતવાનો પદાર્થપાઠ આપવો હતો, અને તમને સમજાવવું હતું કે કાંતવું એ હિંદુસ્તાનના ઉદ્ધારને માટે અનિવાર્ય ધર્મ છે. આજે તો તમે પૂણીમાંથી એક દોરો નીકળતો જુઓ છો, પણ મારો દૃઢ વિશ્વાસ છે કે દરેક દોરો નીકળતો જાય છે તેમ તેમ હું હિંદુસ્તાનના ભાગ્યનો દોરો ખેંચતો જાઉં છું. દરેક દોરો નીકળતો જાય છે તેમ તેમ મારો વિશ્વાસ વધારે દૃઢ થતો જાય છે કે રેંટિયા વિના આપણા દેશનો ઉદ્ધાર નથી. એટલે તમારી પાસે હું એ માગું કે તમે જે વખત વાતો કરવામાં, ગપ્પાં મારવામાં, રમવામાં, રઝળવામાં આપતા હો તેમાંથી રોજ માત્ર અર્ધો કલાક કાઢીને તે કાંતવાને આપતા જાઓ.

અસ્પૃશ્યતાને છેડ્યા વિના તો ગાંધીજી રહે જ શેના? ત્યાં વળી કેટલાક એ જ વર્ગના ભાઈઓ આવ્યા, અને તેમની સાથે ગાંધીજીએ વાતો કરી, તે ઉપરથી તેમને બહુ વિવેચન કરવાનો પ્રસંગ મળ્યો. આમાંના એક ભાઈ પહેલાં ધારાસભાના સભ્ય હતા, અને વકીલ છે. એમણે જે સૌમ્યતા, વિવેક અને વિનયથી વાતો કરી, અને ગાંધીજીએ અંત્યજોદ્ધારની એક જ રીત – આત્મશુદ્ધિ, પ્રતિકાર કે અત્યાચાર નહીં – વર્ણવી તે ખૂબ સમજ્યા, અને ધ્યાનમાં લઈને ગયા. "અસ્પૃશ્ય" વર્ગમાંથી આટલા સમજુ અને વિવેકી સજ્જન ત્રાવણકોર કે ગુજરાત કે બીજે ક્યાંય અનેક મળવા આવનારાઓમાંથી નથી મળ્યા. બંગાળમાં અસ્પૃશ્યતાની સ્થિતિ વિષે પણ તેમણે ઠીક માહિતી આપી. જેમ હિંદુસ્તાનમાં બીજે ઠેકાણે તેમ બંગાળમાં અસ્પૃશ્યોમાં પણ અનેક જાતિઓ છે. શાહા, કૈવર્ત, નામશૂદ્ર વગેરે. બંગાળમાં ગુજરાતના જેવી અસ્પૃશ્યતા ભાગ્યે જ છે. નામશૂદ્રો તો ઘણાખરાના ઘરમાં જઈ શકે છે, માત્ર જ્યાં પાણી રાખ્યું હોય તે ઓરડામાં ન જઈ શકે, મંદિરોમાં ન જઈ શકે, શાળાઓમાં તેમનાં છોકરાં અલગ બેસે; અને સામાન્ય રીતે તેમને નીચ વર્ણ માનવામાં આવે. વળી આ જાતિઓ એકબીજા વચ્ચે પણ અસ્પૃશ્યતા પાળે છે. અસ્પૃશ્યતાનિવારણ પરિષદ બીજે દિવસે હતી. તેમાં અસ્પૃશ્યો તો ગણ્યાગાંઠ્યા હતા, એટલે "સ્પૃશ્યો"ને જ ઉદ્દેશીને ગાંધીજી બોલ્યા. આમાંના કેટલાક ઉદ્ગારો નોંધવા જેવા છે.

૧. ફરીદપુરની વિદ્યાર્થી પરિષદમાં હાજર રહેલા વિદ્યાર્થીઓને સંબોધીને આપેલું; પહેલો પૅરેગ્રાફ यंग इन्डिया, ૧૪–૫–૧૯૨૫ના અંક પરથી આપ્યો છે.

૨. આ માનપત્ર થિયેટરમાં આપવાનું હતું. છતાં જે. બી. કૃપલાની દ્વારા ગાંધીજીએ સંદેશો મોકલ્યો હતો કે પોતે કાંતી રહ્યા છે એ કૅમ્પમાં માનપત્ર આપવામાં આવશે તો એમને ગમશે. તેથી વિદ્યાર્થીઓએ ગાંધીજીના કૅમ્પમાં જઈ ને તેમને માનપત્ર આપ્યું.

Gandhi Heritage Portal

જેમ હિંદુ ધર્મના તેમ જ રાષ્ટ્રીયતાના મર્મમાં અસ્પૃશ્યતાનો સડો પેસીને તેને ખાઈ રહ્યો છે. એ સડો મરકીના કરતાં પણ વધારે ચેપી છે. એણે પારસી, ખ્રિસ્તી, મુસલમાનોને પણ બગાડ્યા છે, અને હિંદુસ્તાન બહાર સૌ અસ્પૃશ્ય થઈ પડ્યા છે, એ સડો દૂર કેમ થાય? મને જે ભાઈ મળ્યા તેને મેં કહ્યું કે એ તો જેઓ અસ્પૃશ્ય નથી તેમના જ પ્રયત્ને થઈ શકે. ત્યારે તેમણે સરળતાથી મને પૂછ્યું, 'પણ તમે અમને સોગઠાંની જેમ વાપરો તો? કદાચ સ્વરાજ મળ્યા પછી અમને તમે કહો કે તમે તમારે રસ્તે જાઓ અને અમે અમારે તો અમારું શું થાય?' એની ટીકામાં સત્ય હતું. આપણે એ લોકોને ખાતરી આપવી જોઈએ કે અંત્યજોદ્ધારની પ્રવૃત્તિમાં રાજકીય હેતુ કશો જ નથી, કેવળ ધાર્મિક કર્તવ્યપાલનનો જ હેતુ છે, કેવળ પ્રાયશ્ચિત્ત કરવાનો જ હેતુ છે. એ ઋણ આપણે અદા ન કરીએ તો ઈશ્વરને ત્યાં ગુનેગાર થઈશું, નહીં હિંદુ રહીએ, નહીં માણસ જાતિમાં રહીએ.

એક જવાને મને પૂછ્યું કે હું અંત્યજોદ્ધાર કરવા જતાં નાતબહાર થાઉં તો? મેં તેને કહ્યું કે તું કાંઈ પ્રતિષ્ઠા ધરાવતો હોય અને નાતબહાર થાય તો તો હું બહુ રાજી થાઉં. પણ એવા કારણે પ્રતિષ્ઠા ખોવાને આપણા માણસો તૈયાર નથી. કાઠિયાવાડમાં એક સ્થાને હું ગયો હતો ત્યાં હજારો માણસોએ મને એવો ખ્યાલ આપ્યો કે તેઓ અસ્પૃશ્યતાની વિરુદ્ધ છે. હું ત્યાંથી નીકળ્યો ત્યારે એક ઉત્તમ કાર્યકર્તાને હું ત્યાં જવાનું કહી આવેલો. એ કાર્યકર્તા બ્રાહ્મણ છે, પણ પોતાના કાર્યમાં મદદ મળે તે ખાતર તે પોતાની સાથે એક અંત્યજ બાળકને ફેરવે છે. એ બાળક તો એવો છે કે તેને જોઈને તમે કહી ન શકો કે તેનામાં અને તમારા સ્વચ્છમાં સ્વચ્છ છોકરામાં શો ફેર છે. જ્યારે મેં આ બંનેને ત્યાં રાખવાને માટે એ લોકોને કહ્યું ત્યારે તે રાજી થયા, કારણ તે ગામના અંત્યજોની સેવાને માટે એમની જરૂર હતી. પણ જ્યારે એ કાર્યકર્તા અને એ અંત્યજ બાળક ત્યાં ગયા ત્યારે જે માણસે તેમને બોલાવ્યા હતા તે માણસ ડરી ગયા, અને તેમનો સ્વીકાર ન કરી શક્યા. એ ક્ષણે તે માણસની કસોટી થઈ, અને કસોટીમાં ન ઊતરી શક્યા, એ પડ્યા અને હિંદુત્વ ખોયું. તમારી પાસે આવે પ્રસંગે હું બહાદુરીની આશા રાખું.

વળી અસ્પૃશ્યતાનિવારણ એટલે વર્ણાશ્રમનો નાશ નહીં, એ પણ તમારે સમજવું જોઈએ. માનવજાતિની સેવા કરવા માટે મારે અમુક માણસ સાથે ખાવાની અથવા અમુક માણસની સાથે મારી દીકરીને પરણાવવાની જરૂર નથી રહેતી. ઍન્ડ્રૂઝ[1] મારી સાથે નથી ખાતા, કે નથી શૌકતઅલી[2] મારી સાથે ખાતા, છતાં બંનેને હું માજણ્યા ભાઈના કરતાં અદકા ગણું છું. શૌકતઅલીની સાથે બેસી હું ખાઈ નથી શકતો કારણ કે તે માંસાહારી છે. શૌકતઅલીને ન ખપે એવું કાંઈ હું ખાતો હોઉં તો તે પણ મારી સાથે ન ખાય, પણ તેથી મારે માટેના તેના પ્રેમમાં કશો ફેર ન પડે. ખાવાપીવાના અને લગ્નના અંકુશોથી સેવા કરવામાં કશો બાધ નથી આવતો. કોઈ પણ પ્રાણીની સેવા કરવામાં ઈશ્વર પણ મારી વચ્ચે આવે તો હું તેની સામે થાઉં. પણ એક વાતનો વધારે ખુલાસો કરી લઉં. તમે અંત્યજ અથવા નામશૂદ્રની સાથે ખાઓ પીઓ કે વિવાહ સંબંધ બાંધો એમ હું ન ઇચ્છું, પણ જેટલો વ્યવહાર શૂદ્રો સાથે કરો તેટલો તેમની સાથે પણ કરો એમ તો જરૂર ઇચ્છું. મેં સાંભળ્યું છે કે નામશૂદ્રના હાથનું પાણી હિંદુઓ નથી પીતા.

૧. ચાર્લ્સ ફ્રિયર ઍન્ડ્રૂઝ (૧૮૭૧-૧૯૪૦); અંગ્રેજ મિશનરી, લેખક, કેળવણીકાર અને ગાંધીજીના નિકટના સાથી.

૨. શૌકતઅલી (૧૮૭૩-૧૯૩૮); મુસ્લિમ આગેવાન; પોતાના ભાઈ મહમદઅલી સાથે એમણે ખિલાફત ચળવળમાં આગળ પડતો ભાગ લીધો હતો.

Gandhi Heritage Portal

જો શૂદ્રના હાથનું પાણી તમે પીઓ તો નામશૂદ્રના હાથનું પાણી ન પીવું એ અપરાધ છે. નામશૂદ્રોને હજામ અને ધોબીની સેવા નથી મળતી એમ મેં સાંભળ્યું. એ માનવજાતિની સામે અપરાધ છે. કોઈ પણ પ્રાણીની સેવા કરવાની ના પાડે એ લાગણી ઉચ્ચ લાગણી નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૫–૧૯૨૫

## ૧૦. ગોરક્ષા

આપણે એક પગલું આગળ વધ્યા છીએ. મુંબઈની સભાએ[1] માધવબાગમાં ગોરક્ષા સંબંધી જે બંધારણ નવજીવનમાં પ્રગટ થઈ ચૂકયું છે તે ઘણે મતે મંજૂર કર્યું છે. તેમાં ચાર જણાના હાથ એ બંધારણ વિરુદ્ધ ઊંચા થયા હતા. એક ભાઈએ તેની કોઈ કલમનો વિરોધ કરવા ઇચ્છયું. મારાથી તેને પરવાનગી ન આપી શકાઈ. હું એટલી જ ભલામણ કરી શકયો કે જો સિદ્ધાંતનો ભેદ હોય તો તેણે આખા બંધારણની સામે થવું. જો સિદ્ધાંતનો ભેદ ન હોય તો તેણે બંધારણ મંજૂર કરવું. આવી જાતની સભાઓમાં બીજી રીતે કામ ન જ ચાલી શકે એવો મારો નમ્ર અભિપ્રાય છે. હું ઇચ્છું છું કે આ નિર્ણય સહુ કોઈ સમજે. એક સંસ્થાનો આરંભ કરવાને સારુ આ સભા હતી. એનો આરંભ જાહેર સભા વિના પણ થઈ શકતો હતો. કેમ કે તે બંધારણ ગોપરિષદે[2] નીમેલી સમિતિએ ઘડયું હતું. અને તે સમિતિ તે બંધારણ પાસ કરીને તરત અખિલ ભારતીય ગોરક્ષિણી સભાનો આરંભ કરી શકતી હતી. તેમ કરવાને બદલે તેને વધારે મહત્ત્વ આપવાને સારુ ને બંધારણ પાસ કરવા સારુ જાહેર સભા બોલાવવામાં આવી. આવી સભામાં કોઈથી કલમબંધ વિરોધ ન દર્શાવી શકાય, પણ જેને એવી સંસ્થા ન ગમે અથવા બંધારણ ન ગમે તેને આખી સંસ્થા અથવા આખા બંધારણ સામે વિરોધ દર્શાવવાનો હક છે. અને તે હક મેં પ્રમુખ તરીકે વિરોધ કરનારને આપ્યો.

મારા ભાષણ[3] (બીજી જગ્યાએ છપાયું છે તેની) તરફ હું વાંચનારનું ધ્યાન ખેંચવા ઇચ્છું છું. મારે સારુ ગોરક્ષા એટલે સર્વસ્વ. ગોરક્ષા જેવા મહત્ત્વના પ્રશ્નને વિષે આપણે પુખ્ત વિચાર નથી કર્યો એવો મારો અભિપ્રાય છે. ગોરક્ષાને નામે ચાલી રહેલો અધર્મ કેમ રોકી શકાય? એ વિચાર હું કરવા બેસું છું ત્યારે મતિ મૂંઝાઈ જાય છે. ગોરક્ષાને નામે લાખો રૂપિયા ભાવિક હિંદુઓ આપે અને રક્ષા તો થાય નહીં. જ્યાં ગોરક્ષા ધર્મ છે ત્યાં ગાયની ઓછામાં ઓછી રક્ષા!—ન ગાયનો વધ અટકે, ન ગાયની ઉપર થતા અત્યાચાર અટકે. વધને સારુ ગાય વેચનાર હિંદુ, અત્યાચાર કરનાર હિંદુ. રક્ષા કરવાના અનેક ઉપાયો યોજાય તેમાં એક પણ ફળીભૂત ન થાય, તેમાં એક ઉપાય એવો નહીં કે જેમાં ફળીભૂત થવાપણું હોય. આવી સ્થિતિ કેમ છે?

આ અખિલ ભારતીય સંસ્થાને તેનો વિચાર કરવો રહ્યો. પણ વિચાર કોણ કરે? પ્રમુખ વિચાર કરે કે મંત્રી કરે કે સમિતિ? એ વિચારની પાછળ અભ્યાસ જોઈએ. ગાયની શી સ્થિતિ

૧. આ સભા ગાંધીજીના પ્રમુખપદે ૧૯૨૫ના એપ્રિલની ૨૮મીએ ભરાઈ હતી.
૨. આ પરિષદ બેલગામમાં ગાંધીજીના પ્રમુખપદે ૧૯૨૪ના ડિસેમ્બરની ૨૮મીએ ભરાઈ હતી.
૩. જુઓ પુસ્તક ૨૬, પા. ૪૮૯–૯૨.

Gandhi Heritage Portal

છે, બેલની શી છે? તેમની સંખ્યા કેટલી છે? તેઓ ખરેખર હિંદુસ્તાનમાં બોજારૂપે છે કે તેમનો ઉપયોગ થાય છે? વધનાં કારણો શાં છે? દુર્બળતાનાં શાં છે? આવા અનેક પ્રશ્નોનો વિચાર કરવો રહ્યો.

એટલો વખત કોણ કાઢે? એટલો રસ કોને છે? રસ વિના કાર્ય થાય કેમ? તેથી મેં કહ્યું કે ગોરક્ષાની પાછળ તપશ્ચર્યા, સંયમ, અધ્યયન ઇત્યાદિ જોઈએ. એટલે જેઓ ગોસેવક થવા ઇચ્છતા હોય તેઓની પાસેથી હું દ્રવ્યની આશા રાખીશ એટલું જ નથી પણ વિચાર અને અધ્યયનની પણ આશા રાખવાનો છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩–૫–૧૯૨૫

156 GAN

## ૧૧. મારી નોંધ

11605

### કાઠિયાવાડનો ફાળો

ભાઈ મણિલાલ કોઠારી રૂપિયા ૨૦,૦૦૦નો ફાળો પૂરો કરવા કાઠિયાવાડમાં ફરી રહ્યા છે. તેમના તાર ઉપરથી જણાય છે કે નીચે પ્રમાણે બીજાં ઉઘરાણાં થયાં છે:

| | | |
|---|---|---|
| માણાવદરના બીજા | રૂ. | ૧,૧૦૦ |
| ચોરવાડ, ભાઈ જીવણલાલ | ,, | ૨,૫૦૦ |
| ,, બીજા | ,, | ૨૦૦ |
| વેરાવળ | ,, | ૨,૫૦૦ |
| કુલ | રૂ. | ૬,૩૦૦ |

મારી ઉમેદ છે કે કાઠિયાવાડ ધારેલી મુદતમાં પૂરો ફાળો ભરી આપશે. મુંબઈમાં વસતા કાઠિયાવાડીઓના ફાળાની રાહ હું જોવાનો છું. આ વીસ હજારની રકમનો પૂરો ઉપયોગ કાઠિયાવાડમાં જ થવાનો છે એ સહુ કાઠિયાવાડીઓ યાદ રાખે એમ ઇચ્છું છું.

### જ્ઞાતિ'બંધન'

જ્ઞાતિને મેં સંયમની વૃદ્ધિને સારુ મદદગાર તરીકે સ્વીકારી છે. પણ આજકાલ જ્ઞાતિ સંયમરૂપે નથી પણ બંધનરૂપે જોવામાં આવે છે. સંયમ મનુષ્યને શોભાવે છે ને સ્વતંત્ર કરે છે. બંધન બેડીરૂપ હોઈ ઝંખવે છે. આજકાલ જ્ઞાતિનો જે અર્થ થાય છે એ કંઈ ઇચ્છવાયાગ્ય કે શાસ્ત્રીય નથી. જે અર્થમાં આજે વપરાય છે તે અર્થમાં જ્ઞાતિ એવો શબ્દ જ શાસ્ત્ર ઓળખતું નથી. વર્ણ છે અને તે તો ચાર જ છે. પણ અગણિત જ્ઞાતિમાંયે તડાં પડ્યાં તેમાં બેટીવ્યવહાર બંધ થતો જોવામાં આવે છે. આ ઉન્નતિનાં લક્ષણ નથી પણ અવનતિનાં છે.

આવા વિચાર નીચેના કાગળ[1] ઉપરથી ઉત્પન્ન થયા છે.

૧. આ કાગળ અહીં આપ્યો નથી. પત્રલેખકે કહ્યું છે કે તેમની "લાડ" જાતિમાં કેટલીયે પેટાજાતિઓ છે અને તેમની વચ્ચે કોઈ કોઈ વાર એટલો અસંતોષ ઉત્પન્ન થાય છે કે તેઓ અંદરઅંદર લડી પડે છે.



ગાંધી સ્મારક સંગ્રહ
Gandhi Heritage Portal

આ ખબર જો ખરી હોય તો દુઃખદ છે. તેમાં પ્રમુખપદ અને મંત્રીપદને સારુ લડાઈ શી? સુરતી, આગ્રી, દમણી[1] ઈત્યાદિ ભેદ શા? લાડ યુવક મંડળની સભામાં હું જ્યારે ગયેલો ત્યારે તો મારી પર સરસ છાપ પડી હતી. પ્રમુખપદ સેવાને અર્થે હોય, માનને અર્થે નહીં જ. મંત્રી તો સમાજનો નોકર છે. આ સ્થાનને સારુ સ્પર્ધા હોય તોયે તે મીઠી જ હોવી જોઈએ. મારી ઉમેદ છે કે ઉપરનો ક્લેશ બંને પક્ષ હળીમળીને દૂર કરશે. વણિકમાત્ર મળીને એક જ્ઞાતિ કાં ન બને? એવો ધર્મ ક્યાંય નથી સમજાયો કે વૈશ્ય જાતિમાં કન્યાની આપલે ન થઈ શકે. હું પેટાજ્ઞાતિઓને કેટલેક અંશે માન આપું છું તે કેવળ સમાજની સગવડને અર્થે. પણ જ્યારે ઉપર જેવા કિસ્સા અનુભવું છું ત્યારે એમ જ થાય છે કે ઈરાદાપૂર્વક આ બંધનોને છેદી તેમાંથી મુક્તિ મેળવવી ને મેળવાવવી.

## "મૂર્તિપૂજક"—તેમ જ "ભંજક"

મેં મારા એક ભાષણમાં પ્રસંગોપાત્ત કહેલું કે હું મૂર્તિપૂજક છું તેમ જ મૂર્તિભંજક છું. આ ઉદ્‌ગાર જે ભાષણમાં મેં કાઢેલા તે જો પૂરું ઊતરેલું હોય તો તેનો અર્થ સમજાય તેમ હતું. મેં એ ભાષણનો ઉતારો જોયો નથી. એક ભાઈ એ ઉદ્‌ગાર ટાંકીને લખે છે:[2]

અહીં મૂર્તિના જુદા જુદા અર્થ છે. મૂર્તિને બુતના અર્થમાં લઈએ તો હું મૂર્તિભંજક છું. મૂર્તિને ધ્યાન કરવાના કે માન આપવાના કે સ્મરણ કરાવવાના સાધન અર્થે લઈએ તો હું મૂર્તિપૂજક છું. મૂર્તિ એટલે આકૃતિ માત્ર એટલો જ અર્થ નથી. જેઓ એક પુસ્તકની પણ આંધળી પૂજા કરે તે મૂર્તિપૂજક એટલે બુતપરસ્ત છે. બુદ્ધિનો પ્રયોગ કર્યા વિના, સારાસારનો વિવેક કર્યા વિના, અર્થ તપાસ્યા વિના વેદમાં કહેલું ગણાય તે બધું માનવું તે મૂર્તિપૂજા છે ને ત્યાજ્ય છે એટલે બુતપરસ્તી છે. જે મૂર્તિને જોઈ તુલસીદાસ[3] પુલકિતગાત્ર થતા, ઈશ્વરમય—રામમય બનતા તે આકૃતિને પૂજવાથી શુદ્ધ મૂર્તિપૂજક હોઈ વંદનીય અને અનુકરણીય હતા.

વહેમ માત્ર બુતપરસ્તી અથવા નિંદ્ય મૂર્તિપૂજા છે. જેઓ ગમે તે રિવાજને ધર્મ માને છે તેઓ નિંદ્ય મૂર્તિપૂજક છે, એથી તેવી જગ્યાએ હું મૂર્તિભંજક છું. મને શાસ્ત્રનાં પ્રમાણ ટાંકીને કોઈથી અસત્યને સત્ય, ક્રૂરતાને દયા, વેરભાવને પ્રેમ નહીં કરી બતાવી શકાય. તેથી ને તે રીતે હું મૂર્તિભંજક છું. દ્વિઅર્થી કે ક્ષેપક શ્લોકો બતાવી અથવા ધમકી આપીને અંત્યજનો તિરસ્કાર કે ત્યાગ કે તેની અસ્પૃશ્યતા મને કોઈ શીખવી ન શકે તેથી હું મને મૂર્તિભંજક માનું છું. માબાપની અનીતિને પણ હું અનીતિરૂપે જોઈ શકું છું તેથી દેશ ઉપર અથાગ પ્રેમ હોવા છતાં હું દેશના પણ દોષો જોઈને ઉઘાડા કરી શકું છું તેથી હું મૂર્તિભંજક છું.

પણ મને વેદાદિને વિષે સંપૂર્ણ અને સ્વાભાવિક રીતે આદર છે; હું પાષાણમાં પણ પરમેશ્વરને જોઈ શકું છું તેથી સાધુ પુરુષોની પ્રતિમાઓ પ્રત્યે મારું મસ્તક એની મેળે ઝૂકે છે તેથી હું મને પોતાને મૂર્તિપૂજક માનું છું.

એટલે ગુણદોષ બાહ્ય કાર્યમાં છે તેના કરતાં વિશેષ અંતરના ભાવમાં છે. કોઈ પણ કાર્યની પરીક્ષા તેના કર્તાના ભાવથી થાય છે. તે જ માતાનો વિકારી સ્પર્શ પુત્રને નરકવાસ કરાવે છે,

૧. લાડ જાતિની પેટાજાતિઓનાં નામ; જેમનો સંબંધ સુરત, આગ્રા અને દમણ સાથે વિશેષ છે.

૨. આ ઉદ્‌ગાર અહીં આપ્યા નથી. મૂર્તિપૂજામાં શ્રદ્ધા ગુમાવી દીધી હોવા છતાં એનાં કેટલાંક સ્વરૂપો પ્રત્યે પૂજ્યભાવ રાખતા એમના જેવા લોકોના કલ્યાણ માટે એનો અર્થ સમજાવવાની એમાં પત્રલેખકે ગાંધીજીને વિનંતી કરી હતી.

૩. સોળમી સદીના હિંદી કવિ; रामचरितमानसના લેખક.

Gandhi Heritage Portal

તે જ માતાનો નિર્વિકારી સ્પર્શ પુત્રને સ્વર્ગ અપાવે છે. છરીનો દ્વેષભાવે મુકાયેલો કાપ પ્રાણ હરે છે. તે જ છરીનો પ્રેમભાવે મુકાયેલો કાપ પ્રાણ દે છે. બિલાડીના તે જ દાંત ઉંદરના ઘાતક છે; બિલાડીના તે જ દાંત તેનાં બચ્ચાંના રક્ષક છે.

દોષ મૂર્તિની પૂજામાં નથી. દોષ અણસમજભરી પૂજામાં છે.

## પેટલાદી સત્યાગ્રહીનો ધર્મ

પેટલાદના સત્યાગ્રહની લડતનું શુભ પરિણામ આવ્યું તે વેળા હું મુસાફરીમાં હોઈ તે મારા જાણવામાં નહોતું આવ્યું. હવે હું સાંભળું છું કે જે ઠરાવ સત્યાગ્રહી નાયકોએ સ્વીકાર્યો છે તેનો કેટલાક સત્યાગ્રહી સિપાઈઓ ઇનકાર કરે છે. જો આ વાત બરાબર હોય તો તે ખેદકારક ગણાય. સિપાઈગીરીનું પ્રથમ લક્ષણ તો એ છે કે આગેવાન જ્યાં સુધી પ્રામાણિકપણે ભૂલ કરતો હોય ત્યાં લગી ભૂલ છતાં પણ સિપાઈઓએ તેમના કૃત્યનો સ્વીકાર કરવો. જ્યારે સરદાર દગાખોર નીવડે એવું નિશ્ચયપૂર્વક કહી શકાય ત્યારે જ તેમને પદભ્રષ્ટ કરવાનો કે તેમના કાર્યનો ઇનકાર કરવાનો સિપાઈઓને હક છે. જો એ નિયમને માન ન અપાય તો પ્રજાની સંઘશક્તિ ટકે કે નભે નહીં. એટલું જ નહીં પણ પ્રજાનું પ્રભુત્વ હણાય. પણ આ બનાવમાં તો મારી સમજ પ્રમાણે આગેવાનોની ભૂલ ક્યાંય નજરે નથી આવતી. સત્યાગ્રહ પૈસાને અર્થે નહીં પણ સિદ્ધાંતને અર્થે આદરવામાં આવ્યો હતો. સત્યાગ્રહ કેવળ આર્થિક લાભને સાર તો હોતો જ નથી. તેની પાછળ કંઈક સિદ્ધાંત હોય છે એટલે તેમાં પરમાર્થ હોય છે. પેટલાદ સત્યાગ્રહનો ઠરાવ મારી સમક્ષ છે. તેમાંથી હું જોઉં છું કે રૈયતની માન્યતા પ્રમાણે રિવિઝન સેટલમેન્ટ કાયદેસર ન હતું ને પ્રજાની માગણી એટલી જ હતી કે ગાયકવાડ સરકારે તેની તપાસ કરવા અમલદારોની જ કમિટી નીમવી. આવી કમિટી જ્યારે નિમાઈ તે જ વેળા પ્રજાની જીત થઈ. તે જીત ઊજવવામાં પણ આવી હતી. હવે જે છેવટનો નિર્ણય થયો છે તેમાં સિદ્ધાંતની દૃષ્ટિએ કંઈ કહેવા જેવું નથી જણાતું. દીવાનસાહેબે પ્રતિનિધિઓને બોલાવવા પર્યંતનો વિનય વાપર્યો ને તેમને પોતાનો નિર્ણય જણાવ્યા બાદ તેમણે તે બહાર પાડયો. એ નિર્ણયમાં આર્થિક લાભ બહુ નથી જોવામાં આવતો. તે પણ થયો હોત તો વધારે ઠીક લાગત. પણ સિદ્ધાંતની રક્ષા થયા પછી કેવળ આર્થિક લાભને ખાતર તો ન જ લડી શકાય. સત્યાગ્રહના ઠરાવમાં આર્થિક લાભની માગણી સરખી પણ ન હતી; કેવળ ન્યાયની માગણી હતી. એટલે સત્યાગ્રહી સિપાઈઓને પ્રતિનિધિઓએ સ્વીકારેલા ઠરાવનો અનાદર કરવાનો અવકાશ જ નથી. તેથી મારી ઉમેદ છે કે જેઓએ નિર્ણયનો ઇનકાર કરવાની ભૂલ કરી છે તેઓ પોતાની ભૂલ સમજશે ને સુધારશે.

## એક શિક્ષકનું કંતામણ

વરાડના રાષ્ટ્રીય કુમારમંદિરના આચાર્ય રા. ઝવેરભાઈ લખે છે :[1]

આટલા બધા ઉત્સાહને સારુ હું રા. ઝવેરભાઈને ધન્યવાદ આપું છું. બીજા શિક્ષકો તેમનું અનુકરણ કરો. ઝવેરભાઈને એક સૂચના કરવાની મને ઇચ્છા થઈ જાય છે. અઢાર શેરના ત્રણ લાખ વાર સૂતર એટલે લગભગ ૬નો આંક થયો. બારડોલીનું રૂ સારું હોય છે. વળી હાથે લોઢેલું ને હાથે પીંજેલું એટલે તેમાંથી વીસ આંકનું સૂતર સહેજે કંતાય. સંભવ છે કે ૨૦ આંકનું

૧. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખકે એમાં જણાવ્યું છે કે તેમણે પોતે સાત મણ રૂ ઉતાર્યું, પીંજ્યું અને એમાંથી પૂણીઓ બનાવી. એમણે કહ્યું કે મેં પોતે ૧૮ શેર (૩ લાખ વાર) સૂતર કાંત્યું છે અને આ મહિનાનો મારો ફાજલ સમય હું કાંતવામાં આપવા માગું છું.

Gandhi Heritage Portal

કાંતવામાં વધારે કાળજી રાખવી પડે ને તેથી તેટલા જ વાર કાંતતાં કંઈક વધારે સમય જાય. સમય ભલે વધારે જાય પણ ૨૦ આંકનું સૂતર કાંતતાં રૂની બચત થાય છે. એટલું જ નહીં પણ હવે આપણે ગુજરાતમાં પણ બારીક સૂતર કાંતતા થઈ જવાની જરૂર છે. જેઓ શોખથી ને ખંતથી કાંતનારા છે તેઓની પાસેથી બારીક સૂતરની પહેલી આશા રાખી શકાય. ઝવેરભાઈ જેવાં ખંતીલાં કાંતનાર ભાઈબહેનો ગુજરાતમાં હવે તો ઠીક સંખ્યામાં મળી આવે છે. તેઓનું ધ્યાન બારીક કાંતવા તરફ હું ખેંચું છું. તેઓ પોતે જાડી ખાદી પહેરવા ઇચ્છે તો તેઓ ભલે તેવી ખાદી વેચાતી લઈ પહેરે અને પોતે કાંતેલું ઝીણું સૂતર તેઓ શોખી ભાઈબહેનોને સારુ આપી દે. હું માનું છું કે વણવાલાયક ઝીણું સૂતર લઈ જાડા સૂતરની ખાદી આપવાનું કામ ખાદી-મંડળ સહેજે કરી શકે. આમ થાય તો ઝીણું સૂતર કાંતનાર મધ્યમ વર્ગ જે જાડી ખાદીથી સંતુષ્ટ રહે તે ઝીણી ખાદી ગુજરાતમાં જ પેદા કરવામાં સારો ફાળો ભરી શકશે.

## ડોશીનું પ્રમાણપત્ર

અમરેલી ખાદીકાર્યાલયથી મળેલા એક પત્રમાંથી[1] નીચેનો ઉતારો કરું છું:

આવા ઉદ્‌ગારો એક જ ડોશીના નથી પણ અનેકના છે. રેંટિયો તો "બરકત દે છે" એ વાક્ય કેટલીયે ડોશીઓને મોઢે મેં સાંભળેલું છે. વિધવાનો તો એ "આશરો" છે એ ઘણીયે વિધવાઓએ કહ્યું છે. "દુ:ખિયાનો વિસામો" એ તો રેંટિયો જ છે. એક મિત્રને જ્યારે જ્યારે રોષ ચડે છે ત્યારે ત્યારે તે રેંટિયો શોધે છે ને તેની શાંત ગતિ તેના આત્માને શાંત કરે છે. બધાને એ જ અનુભવ ન થાય એ સ્વાભાવિક છે. "જૈસી જીનકી ભાવના તૈસા તીનકો હોય."

## ખાદી કેમ વધે?

નેલુર એક તામિલ-તેલુગુ પ્રદેશનો વિભાગ છે. ત્યાંના ખાદીપ્રચાર વિષે એક ભાઈ લખે છે:[2]

> જ્યાં ખેતી બહુ લાભદાયી છે ત્યાં પણ લોકોને કાંતવાનો પુષ્કળ વખત મળે છે. માર્ચથી ઑક્ટોબર એટલે કે ૮ માસ સુધી તેઓ સારી પેઠે કાંતી શકે છે. અને દર માસે રૂ. ૫)ની આવક પણ મેળવી શકે છે. કાંતનારી બાઈઓ પરદેશી વસ્ત્ર પહેરે છે એ વાત દુ:ખદ છે. પણ તેનો ઉપાય તો એ છે કે સુધરેલ ગણાતો વર્ગ જ્યારે હાથનાં જ કાંતેલાં કપડાં પહેરવામાં મોભો અને આબરૂ સમજતો થશે ત્યારે આ બિચારા ગામડાંના લોકો જેઓ શહેરી લોકોનું અનુકરણ જ કરનારા હોય છે તેઓ પણ હાથના કાંતેલા સૂતરમાં આબરૂ સમજતા થશે. હકીકતમાં કાંતનારા બધા વિભાગનાં બૈરાં આવાં નથી હોતાં. મારી નજરે જોયેલાં કેટલાંક ગામોમાં કાંતનારી બાઈઓ પોતાના હાથના કાંતેલા સૂતર વિના બીજા કશાનાં કપડાં પહેરેલ જાણી નથી. જે ગામોમાં પૈસાની છોળ વધારે છે ત્યાંનાં બૈરાંઓની આ વાત છે.

૧. આ ઉતારો અહીં આપ્યો નથી. એમાં જણાવ્યું છે કે આ પત્ર લખ્યો તે દિવસે સસ્તે ભાવે પૂણી ખરીદવા માટે એક મોટું ટોળું જમા થયું હતું. એમાં એક ૯૦ વર્ષનાં ડોશીમા પણ હતાં. પોતે કામ કરી શકશે અને બીજાને આધારે નહીં રહે એ વિચારે તેઓ ખાસ રાજી થયાં.

૨. આ લખાણ અહીં આપ્યું છે. અંગ્રેજીમાં ભૂલથી આખા પત્રને ગાંધીજીના લખાણ તરીકે ગણી કાઢ્યો છે. ગાંધીજીની ટીકા છેલ્લી એક લીટીમાં છે.

Gandhi Heritage Portal

બીજી વાત જોવા જેવી એ છે કે જ્યાં સ્ત્રીઓ પોતે જ કાંતવાના આગ્રહવાળી હોય છે ત્યાં પૂણીની વ્યવસ્થા તેઓ જ સરસ રીતે કરી લે છે. અહેવાલ ઉપરથી જોઈ શકાય છે કે તેઓ પીંજારાને પોતાને ત્યાં બોલાવી માત્ર પીંજવાનું કામ તેની પાસે કરાવી લે છે, માથે રહીને પોતાને મનગમતું કામ કરાવી લે છે. અને પછી પૂણી વણવાનું કામ પોતે ફુરસદ મેળવીને કરી લે છે. સારી પૂણીમાં રૂ સારું પીંજાવું જોઈએ એ વાત તો આવશ્યક છે જ, પણ પૂણી વણવાનું કામ પણ કાળજીથી થવું જોઈએ. જો પૂણી વણવામાં રેસાનો ગોટો વાળવામાં આવે તો સારું પીંજેલું પણ ધૂળધાણી થઈ જાય છે.

પોલ પાટલા પર સરખો પાથરીને પછી તેના પર સળી મૂકી પાંચછ વાર હાથ ફેરવ-વાથી તંતુઓ સરખી રીતે લંબાઈને લપેટાઈ રહે છે ને સફાઈદાર પૂણીઓ બને છે. આવી પૂણીઓથી કાંતવાની કેવી મજા આવે છે તે કાંતનાર જ જાણે છે. એકાદબે હાથ વધારે ફેરવવામાં આવે તો તેથી વધારે ફાયદો છે. તેથી ઊલટું જો એકબે હાથ ફેરવીને જ પૂણીઓ પૂરી કરવામાં આવે તો તે પૂણીઓ કાંતતાં તાર સફાઈદાર ને સરખો સહેલાઈથી નીકળી શકતો નથી. આવી પૂણીઓમાં તંતુઓ ગૂંછળું વળીને લપેટાયેલા રહે છે તેથી તાર સહેજે સરખો નીકળી શકે નહીં. નેલુર તાલુકાની આસપાસની કાંતનારી બહેનો આ વાત જાણતી હોવી જોઈએ, અને તેથી પૂણીઓ વણવાનું કામ તેઓ પીંજારાને સોંપતી નથી. પીંજાયેલું બરાબર ન હોય તો તે તરત નજરમાં આવે છે ને સુધરાવી શકાય છે. પણ પૂણીઓ ગમે તેવી વણાઈ ગઈ હોય તો તેને સુધારવી એ બની શકે તેવું નથી હોતું.

કાંતવાના શોખીઓ આમાંની સૂચના ધ્યાનમાં રાખો એવી મારી ઉમેદ છે.

### કંચનલાલ મોતીલાલ બરફીવાળા

આ નામના ગૃહસ્થ સુરતના રહેવાસી છે. તેમની ઉંમર આશરે એકવીસ વર્ષની છે. તેમનો પત્તો સંવત ૧૯૮૦ના[1] અષાડ સુદ ત્રીજથી તેમના વડીલોને નથી. તે ખાદીનો પોશાક પહેરતા. તેમને જાહેર કામ કરવાનો શોખ હતો. તે ચશ્માં પહેરે છે, *નવજીવન*ના વાંચનાર હતા. તે કેમ ને ક્યાં જતા રહેલ છે એની તેમના સંબંધીઓને ખબર નથી. જો તેમના જ હાથમાં *નવજીવન*નો આ અંક આવે તો તેમને મારી સલાહ છે કે પોતાના મુરબ્બીઓને તુરત પોતાની ખબર આપી તેઓને નિશ્ચિત કરે. આજકાલ કેટલાક નવજુવાનો કોઈને ખબર આપ્યા વિના અદૃશ્ય થઈ જવામાં કાંઈ મોટાઈ કે ગુણ માનતા જણાય છે. પણ તેથી સંબંધીઓને થતા દઃખનું માપ તેઓને નથી હોતું. જો કોઈ વાંચનારને આ ભાઈનો પત્તો મળે તો તેમને હું ભાઈ કંચનલાલના વડીલોને ખબર આપવા વિનંતી કરું છું. તેમનું સુરતનું ઠેકાણું રાણીતળાવ છે.

[મૂળ ગુજરાતી]

*નવજીવન*, ૩–૫–૧૯૨૫

૧. જુલાઈ ૫, ૧૯૨૪.

Gandhi Heritage Portal

# ૧૨. બ્રિજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

ફરીદપુર,
રવિવાર, વૈશાખ સુદ ૧૦ [મે ૩, ૧૯૨૫]

ભાઈ બ્રિજકૃષ્ણ,

તમારો પત્ર મળ્યો છે. મારો મત એવો છે કે રૂ. ૫,૦૦૦માં કારખાનું નહીં ચાલે. અને કદાચ ખૂબ મુશ્કેલી વેઠીને ચલાવવામાં આવે તોપણ તેમાંથી તાત્કાલિક લાભ ઉઠાવવાની આશા વ્યર્થ સમજું છું. જે કોઈ આ માટે પૈસા આપે તે નફો મળવાની લાલચે ન આપે. જે માણસ ખાદી અંગેની બધી બાબતો જાણતો ન હોય, સૂતરની ક્રિયાઓ જાણતો ન હોય, એને એમાં સફળતા મળવી અશક્ય છે, એમ હું માનું છું. જે કંઈ કરો તે બધું સમજી વિચારીને કરજો. મારો અભિપ્રાય એવો છે કે આ બાબતમાં ભાઈ વિઠ્ઠલદાસ જેરાજાણી, જેઓ મુંબઈની દુકાન ચલાવે છે, તેમની સલાહ લેવી.

હું મૌલાના મહમદઅલીને[1] લખું છું કે તે એક મુસલમાન ભાઈ આપે. આજકાલ ખાદી સસ્તી બનાવવાનો ઉપાય કપાસની ભીખ માગવી એ મનાય છે. ગુજરાતમાં એ જ પ્રયોગ ચાલે છે. હું છ અઠવાડિયાં સુધી તો બંગાળમાં જ છું. સાથે મહાદેવ[2] અને કૃષ્ણદાસ[3] છે.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

બંગાળનું મારું સરનામું : ૧૪૮, રસા રોડ, કલકત્તા

[મૂળ હિંદી]

મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૩૫૬

# ૧૩. ફરીદપુરની મ્યુનિસિપાલિટીના માનપત્રનો જવાબ[4]

મે ૩, ૧૯૨૫

માનપત્રનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું કે હું શહેરના એક નાગરિક તરીકેના જીવનનો ચાહક છું. મ્યુનિસિપાલિટીના કોઈ પણ સેવક સાથે સંબંધમાં આવતાં હું ગૌરવ અનુભવું છું; કારણ, મ્યુનિસિપાલિટીનું કામ, આપણે સૌ જે વ્યાપક રાજકીય જીવનની ઝંખના કરીએ છીએ, તેના પાયારૂપ છે. પણ જ્યાં સુધી આવો પાયો નિષ્ઠાપૂર્વક ન નખાય ત્યાં સુધી વ્યાપક જીવન સંભવી ન શકે. શહેરના નાગરિકનું જીવન સેવાજીવન છે. મ્યુનિસિપાલિટીના સભ્યોએ નાગરિકોની સુખાકારીની સંભાળ રાખવી જોઈએ. તેમણે લોકોને પાણી પૂરું પાડવાની ચિંતા કરવી જોઈએ. પાણીનો પ્રશ્ન બંગાળમાં, ને ખાસ કરીને પૂર્વ બંગાળમાં ખૂબ મહત્ત્વનો છે.

૧. (૧૮૭૮–૧૯૩૧); પત્રકાર અને રાજનીતિજ્ઞ. ૧૯૨૦માં તેમણે ખિલાફત ડેપ્યુટેશનનું નેતૃત્વ સંભાળ્યું હતું. ૧૯૨૩માં કોકોનાડા કૉંગ્રેસના પ્રમુખ.

૨. મહાદેવ દેસાઈ (૧૮૯૨–૧૯૪૨); વકીલ, પત્રકાર અને લેખક; ગાંધીજીના અંગત મંત્રી અને તેમનું જીવનચરિત્ર લખનાર.

૩. મહાત્મા ગાંધી સાથે સાત માસના લેખક.

૪. ફરીદપુરમાં ટાઉન હૉલ સામે ત્યાંની મ્યુનિસિપલ કૉર્પોરેશનની એક સભા ભરાઈ હતી. અને તેમાં ગાંધીજીને તથા ચિત્તરંજન દાસને માનપત્રો આપવામાં આવ્યાં હતાં. ચિત્તરંજન દાસે ગાંધીજીને પોતાના તરફથી પણ બોલવાની વિનંતી કરી હતી.

Gandhi Heritage Portal

માનપત્રમાં મલેરિયાનાબૂદીનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, તે વિષે તેમણે કહ્યું કે હું જાણું છું કે એનો ઉપાય કરવો જોઈએ. મારા જેવા દુર્બળ અપૂર્ણ માનવી માટે કોઈ તાત્કાલિક ઉપાય બતાવવાનું શક્ય નથી. હું કોઈ વૈદ ડૉક્ટર પણ નથી કે મારા ખીસામાં જથ્થાબંધ દવાઓ હાજર હોય, ને તેમાંની એકાદ હું જીવનનાં બધાં દર્દોના ઈલાજ તરીકે આપી દઉં. હું જાણું છું કે એનો ઉપાય મ્યુનિસિપાલિટી મારફતે સેવા કરવામાં રહેલો છે. તમારે માટે ખરેખર ઉપરથી કાર્ય શરૂ કરવું અશક્ય છે; તમારે એ નીચેથી જ શરૂ કરવું જોઈએ, અને હું ટાણે-કટાણે જે રેંટિયા વિષે ગાણું ગાયા કરું છું તે જ આ કામ છે. આપણે રેંટિયા દ્વારા શહેરોને ગામડાં જેવાં સાદાં બનાવવાં છે. અને રેંટિયાનો એ સંદેશો એવો છે કે શહેરોને નભાવવાનું જે મહાન કામ ગામડાંઓ કરે છે, તેનો લાભ લેનાર શહેરના લોકોએ એ ગામડાંઓને બદલારૂપે કંઈક આપવું જોઈએ. અગાઉ મેં તમને કહ્યું છે કે રેંટિયો તમારા વ્યાપક રાજકીય જીવનનો પાયો છે અને હું આશા રાખું છું કે તમે એને અપનાવશો. મને એ વિષે શંકા નથી કે તમે આવી નાની નાની વાતો પર ધ્યાન નહીં આપો તો વ્યાપક રાજકીય જીવન કદાચ એની મેળે ઊભું થશે પણ સ્વરાજનું મારું સ્વપ્ન તો સિદ્ધ નહીં જ થાય. બિનશહેરી વિસ્તારમાંથી આવતા સભ્યોને મારી વિનંતી છે કે તેઓ પોતપોતાની મ્યુનિસિપાલિટીની શાળાઓમાં કાંતણ દાખલ કરે અને કાંતણમંડળો શરૂ કરે. તેઓ ખાદીનો પોશાક ફરજિયાત કરી શકે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૪–૫–૧૯૨૫

## ૧૪. બંગાળ પ્રાંતિક પરિષદમાં ભાષણ[1]

મે ૩, ૧૯૨૫

પ્રમુખશ્રી અને ભાઈઓ,

સ્વાગત સમિતિના અધ્યક્ષે અને પ્રમુખ સાહેબે મારા માટે જે માયાળુ શબ્દો કહ્યા તેના જવાબમાં મારે કાંઈક બોલવું જોઈએ. વિષયવિચારિણી સમિતિએ જે એકરાગથી કામ પતાવ્યું તેના માટે એને મુબારકબાદી આપું છું. એ તો બહુ જાણીતી વાત છે—આપણે ત્યાં તો કશું છૂપું હોતું નથી; અને એની ખાતરી કરવા માટે આપણે તો છૂપી પોલીસના માણસોને પણ નિમંત્રીએ છીએ—કે, કેટલાક ઝઘડાઓ અને મતભેદો હતા. પણ જેનું છેવટ સારું, તેનું બધું સારું. આવા મતભેદો ન હોય એવી એક પણ વિષયવિચારિણી સમિતિ હું જાણતો નથી. પણ હું એ જાણું છું કે સૌ લેવાયેલા નિર્ણયને પાળશે. બ્રિટિશ પ્રધાનમંડળને પણ પોતાની છૂપી વાતો હોય છે. એ પણ આપણા જેટલા જ કમનસીબ હશે. પણ એક જ હેતુથી પ્રેરાઈને આપણે સૌ એક થઈ શકીએ છીએ એ જાણીને આપણે રાચીએ.

પ્રમુખ સાહેબના ભાષણના અંગ્રેજી તરજુમાની એક નકલ મને અગાઉથી મોકલી આપવામાં આવી હતી. એથી મને આનંદ થયો હતો અને મેં ગૌરવ અનુભવ્યું હતું. એની સાથે માયાભર્યો એક નાનકડો પત્ર પણ હતો. હું એ ભાષણ પહેલેથી છેલ્લે સુધી વાંચી ગયો, અને વિચારતો હતો કે મારા મનમાં જે લાગણીઓ હતી તેમાંથી કોઈ એમણે ચોરી તો લીધી નથી ને? પણ ભાષણની ભાષા એક વિદ્વાનની હતી, મારા જેવા રેંટિયો કાંતનાર અને નામશૂદ્ર જેવા

૧. મહાદેવભાઈની ડાયરીમાંનું અહીં આપેલું ભાષણ ટૂંકાવેલું છે.

Gandhi Heritage Portal

ગામડિયાની નહોતી. એમાં જે લખ્યું છે તેના એકેએક શબ્દ સાથે હું સંમત છું. કોઈ કહેશે કે આ જ કારણે એ ભાષણ સાવ નીરસ હોવાનો પૂરો સંભવ છે. પણ એ એવું નથી. જે ચીજને વાંચતાં કંટાળો ન આવે તે ચીજ રસમય હોવી જ જોઈએ.

એમાં દર્શાવેલા વિચારો જુઓ તો ખરા. એમાં શું છે? કલકત્તામાં જે નીતિ અપનાવવામાં આવી હતી તે નીતિને આપણે અનુસરવા માગતા હોઈએ તો આ ભાષણમાં એવું કાંઈ નથી કે જે આપણને વાંધાભર્યું લાગે. કલકત્તામાં ભરાયેલા મહાસભાના અધિવેશન વખતે પહેલી જ વખત જે નીતિ અખત્યાર કરવામાં આવી હતી તેનું કેવળ મહત્ત્વપૂર્ણ પુનરુચ્ચારણ જ આમાં છે. એમ નથી કે એની પહેલાં, મહાસભા હિંસામાં માનતી હતી. પણ સને ૧૯૨૦માં તમે દુનિયાને જાહેર કરવાનું પસંદ કર્યું કે અમારા ધ્યેયની પ્રાપ્તિ માટે અમે શાંતિભર્યા અને ન્યાયી એટલે કે અહિંસક ઉપાયો અજમાવીશું. ત્યાર પછીનાં આ ચારપાંચ વર્ષમાં, જેઓના હાથમાં લડતનું સુકાન હતું તેમણે એ જ નીતિ ચાલુ રાખી હોત તો કેવું સારું? હું હોત તોયે તમે આનાથી ઓછાની કે વધુની, મારી પાસેથી અપેક્ષા રાખી શકત નહીં.

કેટલાક મરીમસાલાવાળી લડત માગે છે. પણ આપણે તો એનો નિષેધ કર્યો છે. મરીમસાલાથી અગર મારામારીથી, અગર ધૂમધડાકાથી આપણે કાંઈ મેળવી શકવાના નથી. બીજી કોઈ ઉચ્ચ ભાવનાનો વિચાર કર્યા વિના કેવળ લાભ મેળવવા ખાતર આપણે એ રસ્તે જઈશું તો આપણે રાષ્ટ્રને બેઠું કરી શકીશું નહીં, અને એની મુક્તિ મેળવી શકીશું નહીં. આપણી સમક્ષ જેવા પ્રકારના પ્રશ્નો છે તેવા પ્રકારના પ્રશ્નો બીજા દેશો સમક્ષ નથી. આપણે અનેક પક્ષોનો અને પરસ્પર વિરોધી વલણોનો મુકાબલો કરવાનો છે. શુદ્ધ અને સાચા ઉપાયો સિવાય બીજી કઈ રીતે આપણે એકતા પ્રાપ્ત કરવાના છીએ? બંગાળી માને છે કે આખું હિંદુસ્તાન બંગાળમાં સમાઈ જવું જોઈએ. ગુજરાતી માને છે કે હું હિંદુસ્તાન ઉપર રાજ કરું. બહાદુર મરાઠા માને છે કે હું હિંદુસ્તાનનું ભાવિ ઘડું. મુસલમાન પણ, નજીકના ભૂતકાળને યાદ કરીને આમ વિચારે છે. આ બધું જોતાં સમજાશે કે આપણે તો ગમે એ વખતે ફૂટે એવી સુરંગ ઉપર બેઠા છીએ. તેથી આપણે અહિંસાની અને સત્યની નીતિ અપનાવી છે. સ્વરાજ મળ્યા પછી તમારે જે નીતિ અપનાવવી હોય તે અપનાવજો. મારા માટે તો આ નીતિ મારા જીવનનો પહેલો અને છેલ્લો શ્વાસ છે. હું ઇચ્છું છું કે મારામાં રહેલી અહિંસાની આ તમન્ના અને પ્રેમનો દરેક મનુષ્યને ચેપ લાગે. હું જાણું છું કે દરેક યુવાન, આ દેશ માટે જેમ જીવવા માગે છે તેમ મરવા પણ તૈયાર છે. હું જાણું છું કે એ, દેશ પ્રત્યે પ્રેમ અને લાગણીથી ભરેલો છે. હું પણ દેશ માટે જીવી શકું છું તેમ જ મરી શકું છું. હું માનું છું કે જો હું નિર્દોષ હોઉં અને મારું હૃદય શુદ્ધ હોય તો દેશ માટે હસતે મોઢે ફાંસીએ ચડવાની મારામાં તાકાત છે.

એમણે ગયામાં કરેલા સુંદર ભાષણમાં[1] આ જ વસ્તુ નહોતી કહી? મેં કાંઈ ચોરીથી સમાચાર મેળવ્યા નથી. પણ સીધેસીધી રીતે જ યરવડા જેલમાં[2] મને સમાચાર મળ્યા છે કે અસહકારની નીતિ અપનાવવાની હિમાયત પહેલી એમણે જ કરી હતી. એમને પણ અનેકનો સામનો કરવો પડયો હતો. બીજું એ કરે પણ શું? એ અનિશ્ચિત થઈને બેસી રહે? બહુ જ માયાળુપણે એ એમ કહેવા તૈયાર નહોતા કે "હું તમારું દીર્ઘાયુષ્ય ઇચ્છતો નથી." અને

૧. દેશબંધુ દાસે ૧૯૨૨ના કોંગ્રેસ અધિવેશનમાં કરેલા ભાષણમાં.
૨. ૧૯૨૨–૨૪ દરમ્યાન.

Gandhi Heritage Portal

“ગાંધી લાંબું જીવે એમ હું ઇચ્છતો નથી.” પણ સ્વરાજ મેળવવા માટે એ એમ તો જરૂર કહે કે “હું હવે વધુ રાહ જોવાનો નથી.” હું આપણી મર્યાદાઓ સમજું છું. આપણને ગાંડા બનાવે એવી રીતો અજમાવીને સ્વરાજ મેળવાતું હોય તો હું એનો વિરોધ કરવાના છું; એવી રીતો આપણે અજમાવી શકીએ જ નહીં. મારા દેશ માટે એવું કામ કરવું એ એમની શક્તિ ઉપરવટનું છે એ હું સ્વીકારું છું. હું થોડાકનાં માથાં ઉડાવી દઈ શકું છું. એના માટે પણ સાબૂત હૃદય જોઈએ છે. પણ રીડિંગનું કે લિટનનું માથું ઉડાવી દેવાથી મને મળવાનું શું હતું? ખુનામરકીથી સ્વરાજ આવવાનું નથી. મિસિસ બેસન્ટે[1] પણ કહ્યું છે કે તિરસ્કાર અને દોષારોપણ સામે, કજિયા અને તોફાન સામે ટકી રહેવામાં હિંમત જોઈએ છે.

તો પછી આપણે સ્વતંત્રતા કેવી રીતે મેળવીશું? મારામારી કરીને તો નહીં જ. પણ સતત પરિશ્રમ કરીને મેળવીશું. એ દૃષ્ટિએ મેં દેશ સમક્ષ ત્રિવિધ કાર્યક્રમ મૂક્યો છે. હિંદુમુસ્લિમ ઐક્ય એ આપણો પ્રથમ કાર્યક્રમ છે. આના માટે ચોવીસે કલાક કામ કરવાની જરૂર નથી. બીજો છે અસ્પૃશ્યતાનિવારણનો કાર્યક્રમ. ત્રીજો છે ચરખાનો. તમારામાંથી ગમે તે કોઈ આ કાર્યક્રમ અપનાવી શકે છે. રેંટિયો તમે જેમ જેમ કાંતતા જાઓ તેમ તેમ તમે સ્વરાજ નજીક લાવતા જાઓ છો. તમારામાંથી કોઈને એમ લાગશે કે ચોવીસે કલાક રેંટિયાની જ વાત કરનાર આ કોઈ બેવકૂફ છે. પણ તમારો આ અભિપ્રાય તમે ટૂંક વખતમાં જ ફેરવશો, અને ભૂખ્યાને રોટલો મળે એ માટે ચરખાની વાત કરનાર ગાંધીને તમે જ પ્રમાણપત્ર આપશો. ચરખાના ભવિષ્ય માટે મારા મનમાં કોઈ અણવિશ્વાસ નથી. તમે બધા — મિ. દાસ સુધ્ધાં — કહેશો કે આ ગાંધી તો ગાંડો છે, તોપણ હું તો કહીશ કે તમે મને ચરખો આપો — તમે કાંતો — અને હું તમને સ્વરાજ લાવી આપીશ.

આપણે વાતોડિયા પ્રજા છીએ. એ બંધ થવું જોઈએ. તમને ખબર નથી કે આપણા લોકો કેટલા આળસુ છે. ચંપારણમાં મેં જોયું છે કે ખેડૂતો આખો દિવસ મારી આજુબાજુ ભમ્યા કરતા હતા. એ બધા ભૂખ્યાતરસ્યા નહોતા. પણ એમના શરીરનો ઉપયોગ કરવાનું જ એ લોકો ભૂલી ગયા હતા. એમના ઘરમાં કોઈ આડઉદ્યોગ નહોતો. કાંઈ કામ કરવું એ એમને ભારરૂપ લાગતું. આપણા અવયવો ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ કાપી નાખ્યા હતા એ એમનું કાળામાં કાળું કૃત્ય હતું. પણ પછી આપણે આળસુ બની ગયા. એટલે આપણે જ્યાં સુધી હિંદુસ્તાનના સામાન્ય લોકોની દૃષ્ટિએ વિચાર નહીં કરીએ ત્યાં સુધી હિંદુસ્તાનના ઉદ્ધારની કોઈ આશા નથી. હું અંગ્રેજોને વિનંતી કરું છું કે તમે હિંદુસ્તાનની સામાન્ય પ્રજાના હૃદયની વેદના સાંભળો. એમનું — અને નહીં કે યુરોપનું — અર્થશાસ્ત્ર સમજો. જે ઘડીએ એ લોકો આમ કરશે તે ઘડીએ લોકો એમને પગે પડશે.

પણ તમે પોતે જ દુષ્કૃત્યો કરતા હો ત્યાં દુષ્કૃત્યો માટે એકલા અંગ્રેજોને જ કહેવાથી શો ફાયદો છે? ગાંધીએ અમારા ઉપર એક મોટો શાપભરેલો બોજો લાદ્યો છે એ મતલબની પત્રિકાઓ તમે બહાર પાડો ત્યારે મારે તમને શું કહેવું? ગાંધી તમને એવું કાંઈ કરવાનું કહે છે જે તમારી

૧. ઍની બેસન્ટ (૧૮૪૭–૧૯૩૩); અંગ્રેજ થિયૉસૉફિસ્ટ, વક્તા અને લેખક; ૧૯૦૭માં થિયૉસૉફિકલ સોસાયટીની સ્થાપના કરી; ૧૯૧૬માં ઇન્ડિયન હોમ રૂલ લીગની સ્થાપના કરી; न्यू इन्डिया નામના દૈનિકનું અને कॉमनवील નામના સાપ્તાહિકનું સંપાદન કર્યું, ध रिलिजियस प्रोब्लेम्स इन इन्डिया અને બીજાં પુસ્તકોનાં લેખક.

Gandhi Heritage Portal

શક્તિની બહાર હોય? લોકો કહે છે બંગાળીઓ અવ્યવહારુ છે. અમુક દૃષ્ટિએ સાચું છે. આપણે તો, કાંઈ પણ મહેનત કર્યા વિના બધું જોઈએ છે. પણ દેશના માટે કરવાનું કામ કરવામાંથી જેઓ ખસી જાય છે તેમના હાથમાં દેશનું ભાવિ ઘડવાનું નહીં હોય. તેથી કહું છું કે કાંતવાનું અને હમેશ ખાદી પહેરવાનું દરેકને માટે ફરજિયાત બનાવો. એ મારો સંદેશો છે. એ મારી માગણી છે. માંડલેમાં ગોંધી રાખવામાં આવેલા કેદીઓની મુક્તિ તમે ઝંખો છો. પણ એ મુક્તિ, કાંઈ પણ કર્યા વિના, તમે મેળવી શકશો એવી આશા રાખો એ ફોગટ છે. જો તમે ઇચ્છતા હો કે એ લોકોની માનભેર મુક્તિ થાય, તો મને વચન આપો કે તમારામાંથી દરેક જણ કાંતશે. તમે એમ કરો તો એક આશક એની માશૂક પાસે જાય અને જેટલો આનંદ થાય તેટલો આનંદ મને થશે. હું તમારી પાસેથી કાંઈ બહુ મોટા ભગીરથ પ્રયત્નની માગણી કરતો નથી. એ કામ એવું અઘરું નથી. પણ તમને કાંતવામાં વિશ્વાસ નથી, અને તેથી જ તમે કાંતવાની ના પાડો છો એ માટે આટલું કહું છું.

તમારામાંથી કેટલાક માને છે કે એ વાટાઘાટો ચલાવે છે. તમે પૂછશો કે એની પાછળ છે શું? હું કહું છું કે જેટલું એની પાછળ છે તેટલું જ એની આગળ છે. એ, તમે એમના ભાષણમાંથી અને જીવનમાંથી જોઈ શકો છો. તમે જરાક ઊંડા ઊતરી તપાસશો તો તમને માલૂમ પડશે કે એ માણસ દેશની મુક્તિ ઝંખી રહ્યા છે. મારી અને એમની વચ્ચેની સંબંધની એ સાંકળ છે. હું ઇચ્છું છું કે તમે પણ એ રીતે એમની સાથે બંધાઓ. સૈનિકે "શા માટે" એમ કહેવાનું હોય નહીં. કોઈ પહેલેથી નેતા જ થવા સર્જાયા છે. એને નેતા તરીકે સ્વીકારવો કે નહીં એ તમારે વિચારવાનું છે. પરંતુ એક વખત તમે એને નેતા તરીકે પસંદ કર્યો, એના ગળામાં વરમાળા આરોપી પછી, સતી સીતાની માફક એની સાથે અગ્નિપ્રવેશ કરીને તમારી શુદ્ધતા અને લાયકાત તમારે પુરવાર કરવાની છે.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઈટ, ૮–૫–૧૯૨૫

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૫. બંગાળનાં સ્મરણો

મે ૪, ૧૯૨૫

આ સ્મરણો હું સોમવારે ફરીદપુરથી પાછો આવી લખી રહ્યો છું. દેશબંધુ દાસના પુરાણા મહેલની છતવાળી અગાસીમાં બેઠો બેઠો લખું છું. આજે મને બંગાળમાં પ્રવેશ કર્યે ચાર દિવસ થયા. પણ આ મહેલમાં મને જે આઘાત પ્રથમ પહોંચ્યો તે હજુ મને મૂકતો નથી. હું જાણતો હતો કે આ મકાન દેશબંધુએ જાહેર કામ સારુ આપી દીધું છે. મને ખબર હતી કે તેમના ઉપર કરજ હતું. પણ તેની સાથે મને એ પણ જ્ઞાન હતું કે પોતે વકીલાત કરે તો થોડી જ મુદતમાં એક વર્ષની અંદર એ કરજ અદા કરી પોતાનો મહેલ પોતાના કબજામાં રાખી શકે. પણ તેમને વકીલાત તો કરવી જ ન હતી. અથવા તેમને તો દેશની વકીલાત વગર ફીએ કરવી હતી તેથી મહેલસમું મકાન કાઢી નાખવાનો તેમણે નિશ્ચય કર્યો ને તેથી તેનો કબજો ટ્રસ્ટીઓને સોંપ્યો. પણ તેમનો ઇરાદો એ હતો કે મારી મુસાફરી દરમ્યાન કલકત્તામાં તો મારે તેમના એ જ પુરાણા મકાનમાં રહેવું. તેથી હું ત્યાં ઊતર્યો છું.

Gandhi Heritage Portal

પણ જાણવું એ એક વસ્તુ છે, જોવું બીજી જ વસ્તુ છે. ઘરમાં પ્રવેશ કરતી વખતે મારું હૃદય રડયું. આંખ ભીની થઈ. એ મહેલના માલિક વિના ને તેની માલકી વિના મહેલ મને બંદીખાના જેવો લાગ્યો. તેમાં રહેવું આકરું થઈ પડયું. અને હજુયે એ લાગણી મારી ઉપર સવારી કરી રહી છે.

હું જાણું છું કે આ મોહ છે. મકાનનો કબજો સોંપી દઈ દેશબંધુએ પોતાની ઉપરથી એક બોજો ઓછો કર્યો છે. એ દંપતી જેમાં ખોવાઈ જાય એવા મકાનનું એમને શું કામ? જો ધારે તો તેઓ ઝૂંપડાને રાજમહેલ બનાવી શકે છે. બંનેએ સ્વેચ્છાએ ત્યાગ કર્યો છે. એમાં ખેદ શો? આ તો જ્ઞાનવાર્તા. એ જ્ઞાન મને ન હોય તો મારે આજથી જ મહેલ બનાવવાનો ઉદ્યમ શરૂ કરવો પડે.

પણ દેહાધ્યાસ કંઈ જાય છે? જગત કંઈ દાસ કરે એવું કરે છે? જગતને મહેલ હોય તો તે જોઈએ. ત્યારે આ પુરુષે તેને ત્યજ્યો. ધન્ય છે એને! મારાં આંસુ પ્રેમનાં છે. આઘાત પણ પ્રેમ પહોંચાડે છે. અને સ્વાર્થ કાં નહીં? જો દેશબંધુની સાથે મને કશો સંબંધ ન હોત, આ મકાનમાં તેમને રાજ્ય કરતા મેં ન સાંભળ્યા હોત તો કાંઈ આઘાત ન પહોંચત. ઘણાયે મહેલ જોયા, જેમના ધણી જગતમાંથી જ તે મૂકી ચાલ્યા ગયા છે. પણ તેમાં પ્રવેશ કરતાં આંસુ નથી ખર્યાં. એટલે આ રડવું સ્વાર્થનું પણ છે.

ચિત્તરંજન દાસે તો મહેલનો ત્યાગ ભલે કર્યો. તેમની સેવાની કિંમત વધી છે.

બંગાળીઓ ઘેલા છે. જેમ દાસ ઘેલા તેમ પ્રફુલ્લચંદ્ર રાય. માંચડા ઉપર ભાષણ કરે છે ત્યારે તે નાચે છે. કોઈ ન માને કે તે જ્ઞાની છે. હાથ પછાડે, પગ પછાડે, ઇચ્છામાં આવે તેમ પોતાના બંગાળીમાં અંગ્રેજી પણ ઘુસાડે. પોતે બોલે છે ત્યારે ભાન ભૂલી જાય છે. પોતાના વિચારના આવેશમાં જ ગ્રસ્ત રહે છે. બીજા હસશે કે શું કરશે તેની તેમને ભાગ્યે જ દરકાર હોય છે. તેમનાં વચન ન સાંભળીએ, તેમની આંખ સાથે આપણી ન મેળવીએ ત્યાં લગી તેમની મહત્તાની આપણને કશી ખબર ન પડે. મને યાદ છે કે જ્યારે હું કલકત્તામાં ગોખલેની[1] સાથે રહેતો હતો અને આચાર્ય રાય તેમના પડોશી હતા ત્યારે એક વેળા અમે ત્રણે સ્ટેશન પર ગયા હતા. મારી પાસે તો મારી ત્રીજા વર્ગની ટિકિટ હતી. આ બંને તો મને વળાવવા આવ્યા હતા. ત્રીજા વર્ગના ઉતારુને વળાવનાર તો ભિખારી જ હોય ના? પણ ગોખલેનો ભરેલો ચહેરો, એમનો રેશમી ફેંટો, રેશમી કોરનું ધોતિયું, એમને સારુ તો ટિકિટ માસ્તરની દૃષ્ટિએ બસ હતાં. પણ આ હાડપિંજર બ્રહ્મચારી, મેલું લાગતું કુરતું પહેરનાર પાતળા સરખા ભિખારી જેવા લાગતાને કોણ ટિકિટ વિના અંદર જવા દે? મને યાદ છે તે પ્રમાણે તેઓ વગર દુ:ખે બહાર રહ્યા. અને મને ડબ્બામાં ખડકાયેલો જોઈ મારી હઠની ટીકા કરતા ગોખલે પોતાના સાથીને જઈ મળ્યા. આચાર્ય રાય શા સારુ સંખ્યાબંધ વિદ્યાર્થીઓનાં હૃદયનું સામ્રાજ્ય ભોગવે છે? તે પણ ત્યાગી છે. હવે વળી ખાદીઘેલા બન્યા છે. 'તમે ખાદી ન પહેરો તો શા કામનાં?' એમ કેળવણીખાતાની એક બંગાળી અધિષ્ઠાત્રીને કહેતાં એમને જરાયે સંકોચ ન થયો. એમ ન કહે તો તેમના ખુલનાના ભિખારીઓએ બનાવેલી ખાદી કોણ ખરીદે?

૧. ગોપાલકૃષ્ણ ગોખલે (૧૮૬૬–૧૯૧૫); વિદ્વાન, દેશભક્ત અને રાજનીતિજ્ઞ; છેક આરંભથી જ ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ સાથે સંકળાયેલા હતા અને ૧૯૦૫માં એના બનારસ અધિવેશનના પ્રમુખ હતા; પૂનામાં હિંદ સેવક સમાજની સ્થાપના કરી; ૧૯૧૨–૧૫ દરમ્યાન ઇન્ડિયન પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય.

Gandhi Heritage Portal

તે જ રાતે અમે ફરીદપુર જવા ઊપડયા. ભાઈ શંકરલાલે[1] સતીશબાબુને[2] મારી તબિયત વિષે ખૂબ ડરાવી મૂકયા હતા. એટલે મારે સારુ શું ન કરે? એ પણ ઘેલાના સંઘના જ તો. ઝીણામાં ઝીણી બાબતોની ચોકસી કરી મેલી હતી. મારી પીઠને આરામ આપવા સાર ગમે ત્યાં બેસું તો એક પીઠિકા હોવી જ જોઈએ તે તૈયાર હતી. એ સાદી ને કિંમત વિનાની વસ્તુ છે તે સહન થાય. પણ સ્ટેશને પહોંચ્યા ત્યાં મારે ને મારા સાથીઓને સારુ પહેલા વર્ગનો ડબ્બો. આમાં ફરીદપુરના સ્વાગતમંડળનો પણ હિસ્સો હતો. હજુ તો થોડા દિવસ પહેલાં જ યંગ ઇન્ડિયામાં એક ચર્ચાપત્રીએ પ્રશ્ન કરેલો કે હું ગરીબ કે તવંગર? આનો જવાબ કેમ જાણે બંગાળે આપ્યો ન હોય? બીજો વર્ગ એ મને આરામ આપવા પૂરતો નહીં ગણાયો તેથી હવે શું બંગાળમાં પહેલો વર્ગ? એમ મેં પૂછયું. જવાબ મળ્યો, 'પણ અમે તો બીજા વર્ગનું ભાડું આપી પહેલો વર્ગ લીધો છે!' આથી કંઈ મને સંતોષ થાય? મારા સૂત્ર પ્રમાણે તો ન છાજતી વસ્તુ કોઈ મફત આપે તોયે ન વપરાય. મને હીરાની માળા મફત પહેરવા આપનાર મૂરખ કે દીવાનો કોઈ મળે તો મારે તે પહેરવી? મારી સાથે રહેલા સાથી જે મારું લહિયાપણું કરે ને પાયખાનું પણ સાફ કરે તે પણ મારા જેવા નાજુકબદન? એવા કે તેને સારુ પણ બીજા વર્ગને ભાવે પહેલો વર્ગ? વળી આ કામ રેલવેખાતાની મહેરબાની વિના તો ન જ થઈ શકે. એવા અંગત ઉપકાર લેવાય? મને આમાં પ્રેમની ઘેલછા અથવા અતિશયતા જ લાગી.

ઉપાય મારે રચવો રહ્યો. હરિ કરે તે ખરું.

પણ બધી ઘેલછા આમ એકતરફી નથી હોતી. અમે ફરીદપુર જવા રાતે ઊપડયા ને મેં ધાર્યું હતું કે રસ્તામાં મને ખૂબ શાંતિ મળશે ને હું મારી નિદ્રાની ભૂખ ઠીક કાઢી શકીશ, પણ એ બનવાકાળ ન હતું. 'આલો આલો'ના અને બીજા અવાજોથી નિદ્રા મુશ્કેલીથી જ આવી શકી. આગગાડી પણ લગભગ દરેક સ્ટેશને રોકાય. દરેક સ્ટેશને લોકોની ભીડ, "દર્શન"ની માગણી. મારો તો નિશ્ચય જ હતો કે રાત્રિએ "દર્શન" બંધ. એટલે હું પડયો તો રહ્યો. પણ શા કામનું? મારા સાથીઓ પણ લોકોને ઘણુંયે સમજાવે. જેમ સમજાવે તેમ લોકો વધારે ઉશ્કેરાય. 'વંદે માતરમ્', 'મહાત્મા ગાંધીકી જૈ', 'આલો આલો' એવા અવાજો વારાફરતી ઊંચે ને ઊંચે સાદે નીકળતા જ જાય. 'આલો' એટલે બત્તી. ટ્રેનની બત્તી બુઝાવી હતી. લોકો બત્તી કરાવી મને છેવટે સૂતેલો પણ જોવા માગતા હતા. આમ લગભગ ફરીદપુર પહોંચતાં સુધી દરેક સ્ટેશને હાલ થયા. 'હે ઈશ્વર! આ પ્રેમમાંથી તો તું મને છોડાવ' એમ મેં માગ્યા જ કર્યું.

ફરીદપુર પહોંચતાં લોકોની ભીડ તો ઘણી જ હતી. પણ ત્યાંની ગોઠવણ એકંદરે સરસ ગણાય. સ્વાગત મંડળના પ્રમુખ બાબુ સુરેન્દ્ર વિશ્વાસે લોકોને પોકારો અને ધસારો ન કરવાનું શીખવી મેલ્યું હતું. અને જ્યાંથી ઊતરવાનું હતું ત્યાં જ મોટર બરાબર રાખી હતી એટલે વિનાતકલીફે અમે શહેરમાં દાખલ થયા.

### પ્રદર્શન

ઉતારે પહોંચાડયા પહેલાં પ્રદર્શન ખોલવાની ક્રિયા મારે કરવાની હતી. પ્રદર્શનમાં સરકારી ખેતીખાતા તરફથી અનાજનાં બિયાં વગેરેની મદદ લેવામાં આવી હતી. પણ મુખ્ય ભાગ

૧. શંકરલાલ ઘેલાભાઈ બૅંકર; કૉંગ્રેસ કાર્યકર અને ગુજરાતના મજૂર આગેવાન; ઘણાં વર્ષો સુધી ગાંધીજીના સાથી.

૨. સતીશચંદ્ર દાસગુપ્તા, આચાર્ય પી. સી. રાયના સાથી; ખાદી પ્રતિષ્ઠાન માટે તેમણે કામ કર્યું; ત્યાર પછી બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના સેક્રેટરી.

Gandhi Heritage Portal

ખાદીનો જ હતો. વિશ્વાસબાબુનો નિશ્ચય હતો કે હાથે કાંતેલાં સૂતર, ઊન કે રેશમ વિનાનું કપડું પ્રદર્શનમાં દાખલ કરવામાં ન જ આવે. તેથી પ્રદર્શનમાં ખાદી વિભાગને ખૂબ મદદ મળી. લોકોનું ધ્યાન તે તરફ વધારેમાં વધારે ખેંચાયું ને મિલના કપડાંની સાથે તેમને સરખામણી કરવાપણું જ ન રહ્યું. ખાદીમાં ઝીણું કાપડ પણ પુષ્કળ જોવામાં આવ્યું. ઝીણા સૂતરનો જથ્થો પણ ખૂબ હતો. ખુરશી ઉપર બેસીને કાંતનાર પણ બે હતા અને બંનેને વીંટવાની ક્રિયા નોખી નહોતી કરવી પડતી. જેમ સૂતર નીકળતું જતું હતું તેમ જ તે વીંટાતું જતું હતું. એ રેંટિયામાંથી કલાકે વધારે સૂતર તો નીકળતું ન જણાયું, પણ એક ક્રિયા ઓછી કરવી પડતી હતી અને ચક્ર પગેથી ચાલતું હોવાથી બંને હાથ છૂટા રહેતા હતા.

સિરામપુરના સરકારી કારખાનામાંથી સાળો આવેલી હતી તેમાં પણ શરત એ હતી કે તાણાવાણા બંનેમાં હાથનું જ સૂતર વપરાય. અને તપાસ કરતાં માલૂમ પડયું કે તે કારખાનામાં હાલ હાથે કાંતવાની ક્રિયા પણ વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. ફટકાસાળો ઘણી હતી તે બધીમાં હાથે કાંતેલા સૂતરની જ તાણી તેઓ વાપરતા હતા. આ વિભાગમાં શણ અને ઊન પણ હાથે કાંતવામાં આવતાં હતાં.

ચામડાં રંગવાં, કમાવવાં વગેરેની ક્રિયા પણ તેઓ અહીં બતાવતા હતા.

કાંતવાની હરીફાઈ ચાલતી હતી તેમાં ઘણી સ્ત્રીઓ અને ઘણા પુરુષો ભાગ લેતા હતા એટલે બંને વિભાગો અલગ રાખ્યા હતા. લગભગ બધાં ઝીણું જ સૂતર કાંતતાં હતાં. મારા મન ઉપર તો એવી અસર પડી છે કે જો બંગાળ ઉત્સાહપૂર્વક કામ કરશે તો ખાદીમાં પ્રથમ પદ ભોગવશે. બંગાળમાં ખાદી ન જ પહેરવાની હઠ કરનારા થોડા જોવામાં આવ્યા છે. કળા પુષ્કળ છે. કાંતવાનું જ્ઞાન પણ ઘણું છે. મધ્યમ વર્ગની ઘણી સ્ત્રીઓ સુંદર ને ભાવપૂર્વક કાંતે છે. સ્વાગત મંડળના પ્રમુખના ઘરમાં જ્યાં મને ઉતારો આપવામાં આવ્યો હતો તેમનાં ધર્મપત્નીએ પોતાના કુટંબને સારુ ઘણું કાંત્યું છે. પોતાની વાડીમાં દેવ કપાસ ઉગાડે છે ને તે રૂ પીંજ્યા વગર કાંતે છે. મારે સારુ પૂણીઓ તે ભલી બાઈએ જ બનાવી. એ પૂણીઓ ઘણી જ સરસ હતી. કપાસ ઉપરથી જેમ જોઈએ તેમ હાથેથી ઉતારી પૂણીઓને સાર ગોઠવી કાઢે છે. રમતવાતમાં પૂણીઓનો ઢગલો કરી મૂકે છે. બંગાળમાં સ્વરાજવાદીઓ ઠીક સંખ્યામાં કાંતતા જોવામાં આવે છે. વિશ્વાસબાબુ પોતે સ્વરાજવાદી છે. કલકત્તાની એક કમિટીના પ્રમુખ પણ સ્વરાજવાદી છે. તેમણે મને જાહેર સભામાં પોતાનું કાંતેલું સૂતર મોકલ્યું હતું. ફરીદપુરમાં ઘણા પુરુષો તો ખાદીના જ પહેરવેશમાં જોવામાં આવેલા. સ્ત્રીઓની ખાસ સભા હતી. તેમાં પણ પ્રમાણમાં – ગુજરાતના પ્રમાણમાં – વધારે સ્ત્રીઓ ખાદીથી ભૂષિત હતી. બંગાળી બહેનો પાટલી નથી વાળતી તેથી તેમને સાડીની લંબાઈ એટલી મોટી નથી જોઈતી એમ મેં જોયું. પણ ખાદીની સાડીવાળી બહેનોની સંખ્યા વધારે હતી તેનું કારણ કંઈ એ નહોતું. તેમને સમજ વધારે છે એમ જ કહી શકાય. એટલું તો ખરું છે કે ઘણી બહેનોએ તેમ જ પુરુષોએ ખાદીમાત્ર આ અવસરને સારુ જ પહેરેલી હતી.

આ તો ફરીદપુરમાં જે અસર મારી ઉપર પડી તે મેં આપી છે. મારો આ પ્રયાસ કેવળ ખાદીને અંગે છે એટલે હજુ મને તો ઘણા અનુભવો મળવાના છે. એ બધા અનુભવોનો સરવાળો શું આવે છે તે વાંચનાર હવે પછી જાણશે. પ્રદર્શનમાં દાખલ થવાની કંઈ જ ફી નથી રાખવામાં આવી. હજારો માણસોએ પ્રદર્શનનો લાભ લીધો છે. બીજે દિવસે ફરીદપુર છોડતાં પહેલાં ખાદીની જુદી જુદી ક્રિયાઓ કરનારાઓને ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. ચાંદ તથા

Gandhi Heritage Portal

ઈનામ મેળવનારાઓમાં સ્ત્રીપુરુષોની સંખ્યા સરખી હોવાનો સંભવ છે. ચાંદ લેનારમાં ત્રણ મુસલમાન હતા. ઉત્તમ પીંજનાર, પૂણી કરનાર, કાંતનાર અને વણનારને એમ ચડતાં ઊતરતાં ચાંદ તથા ઈનામો હતાં.

## પરિષદમાં[1]

દેશબંધુનું શરીર ઘણું જ નબળું જોવામાં આવ્યું. તેમનો અવાજ પડી ગયેલો છે. નબળાઈ ખૂબ છે. ખરું જોતાં તેઓ આવાં કામો કરવાને હજુ યોગ્ય થયા ન જ ગણાય. હાલ તુરત તો શક્તિ મેળવવા દાર્જિલીંગ કે યુરોપ જવાની તેમને દાક્તરોની સલાહ છે. પણ ત્યાં તો ન ચાલતાં જ જવાનો તેઓ વિચાર રાખે છે.

પરિષદને સારુ ખાસ ખાદીનો મંડપ રચાયેલો હતો. તેમાં સાદાઈ ઘણી જ હતી. બેઠક જમીન પર જ રાખવામાં આવી હતી. ખુરશી એક પણ જોવામાં ન આવી. મંડપ બનાવવાનું કામ તંબૂ બનાવનારને જ સોંપવામાં આવ્યું હતું. તેણે શુદ્ધ ખાદીનો કહીને બનાવ્યો છે. પણ તે ખરેખર ખાદી જ છે કે નહીં તે વિષે અમને બધાને પૂરો શક છે. તેની હું તપાસ કરી રહ્યો છું. પણ મુદ્દાની વાત તો એ છે કે વ્યવસ્થાપકોએ તો શુદ્ધ ખાદીનો મંડપ જ ઇચ્છયો ને હતો એમ માન્યું.

દેશબંધુનું ભાષણ ટૂંકું ને રસિક હતું. તેમાં પ્રત્યેક વાકયમાં અહિંસાનો ધ્વનિ હતો. તેમણે તે ભાષણમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે હિંદુસ્તાનનું તારણ અહિંસામય લડતથી જ થઈ શકે. એ ભાષણની નીચે મને કોઈ સહી કરવાનું કહે તો ભાગ્યે કશો શબ્દ કે વાકય ફેરવવાની મને જરૂર પડે.

ઠરાવો એવા ભાષણને અનુસરે એ સ્વાભાવિક હતું. તેથી વિષયવિચારિણી સમિતિમાં ઠીક તકરાર ચાલી. છેવટે દેશબંધુએ રાજીનામું આપવા કહ્યા સુધી નોબત આવી, પણ અંતે તેમની અસરનો જય થયો ને પરિષદના મહત્ત્વના ઠરાવો નિર્વિઘ્ને પસાર થયા.

## અંજુમનની સભા

મુસલમાન ભાઈઓએ નોખી સભા રાખી હતી. અમને બંનેને આમંત્રણ હતાં. તેથી દેશબંધુ, તેમનાં ધર્મપત્ની શ્રીમતી વાસંતીદેવી અને હું ગયાં હતાં. ફરીદપુરમાં કંઈક કડવાશ ચાલી રહી છે. તેને સારુ મેં પંચની પાસે ફેંસલો કરાવવાની સલાહ આપી ને મુસલમાનોને પરિષદમાં ભાગ લેવા સૂચવ્યું. પરિણામે તેઓમાંથી લગભગ સો ગૃહસ્થોએ રવિવારે સાંજે હાજરી આપી હતી.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૧૦-૫-૧૯૨૫**

૧. બંગાળ પ્રાંતિક ખેતી વિષયક પરિષદ.

Gandhi Heritage Portal

# ૧૬. ચંદ્રનગરના પ્રવર્તક આશ્રમમાં ભાષણ

મે ૫, ૧૯૨૫

મહાત્માજીએ કહ્યું કે હું લાંબા સમયથી આ આશ્રમમાં આવવાની ઇચ્છા રાખતો હતો. છેવટે મારી એ ઇચ્છા આજે પૂરી થાય છે તેથી મને આનંદ થાય છે. સંઘના આંતરિક જીવન અને ઇતિહાસ વિષે મેં નિર્મળબાબુને મોંએ સાંભળ્યું છે. એના ઉચ્ચ આદર્શ અને સેવાભાવનું મારે મન ભારે મૂલ્ય છે. મને કહેવામાં આવ્યું છે કે સંઘનું મંડાણ આધ્યાત્મિકતા પર થયેલું છે. એના સભ્યો અંતર્જ્ઞાન અને અંતઃપ્રેરણાને અનુસરે છે અને પ્રાચીન સનાતન ધર્મના મહત્ત્વપૂર્ણ આદર્શોને વ્યવહારમાં મૂકે છે. તમારો આદર્શ કેવળ ત્યાગ અથવા સંન્યાસની ફિલસૂફી નથી પણ ઈશ્વરની ઇચ્છાને પરિપૂર્ણ કરવા માટે સમગ્ર જીવનસંગ્રામનો સ્વીકાર છે. એ જ વૈદિક ધર્મ છે. અને એનો પાયો આત્મદર્શન અથવા આત્મસાક્ષાત્કાર છે. મારો પોતાનો જીવનઆદર્શ આનાથી તદ્દન જુદો—બલ્કે, મુખ્યત્વે રાજકીય છે એમ કહેવું તદ્દન સાચું નથી. હું જે કંઈ પ્રવૃત્તિ કરું છું એની પાછળનો મારો આદર્શ પરમાર્થ અથવા હું કહું છું તેમ 'સર્વોચ્ચ નિઃસ્વાર્થીપણું' છે, અને રાષ્ટ્ર અને માનવતાની સેવા અને મુક્તિ દ્વારા હું મારી પોતાની મુક્તિ સાધવા ચાહું છું તેથી હું પણ ખરા અર્થમાં મુમુક્ષુ અથવા મોક્ષાર્થી છું. આમ હું પણ ખરેખરો આધ્યાત્મિક જીવ છું, કારણ કે મારું ધ્યેય આત્મશુદ્ધિ છે અને મારું આખું જીવન શ્રીકૃષ્ણ અને ભારતમાતાના ચરણોમાં અર્પણ થયેલું છે. તેથી હું નમ્રતાપૂર્વક કહું છું કે મારો આદર્શ તત્ત્વતઃ પ્રવર્તક સંઘના આદર્શથી જુદો નથી. આટલું કહ્યા પછી તેમણે આશ્રમમાં અપાતી આધ્યાત્મિક કેળવણીની ઉત્તમ પદ્ધતિની પ્રશંસા કરી અને આશ્રમનો જીવનમંત્ર સ્વાવલંબન છે તે માટે સંતોષ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે મારે મન, આર્થિક આધાર વિનાનું અધ્યાત્મ નિરર્થક છે. આધ્યાત્મિક જીવન અને આર્થિક તપસ્યા વચ્ચે આવો સુમેળ સાધવા બદલ હું સંઘને અભિનંદન આપું છું.

પછી ખાદી અને રેંટિયા વિષે વાત કરતાં તેમણે કહ્યું કે સંઘે મિશ્ર સૂતરનો ઉપયોગ સદંતર બંધ કર્યો છે એમ હું જાણીશ, ત્યારે મને આથીયે વધુ આનંદ થશે. હવે પછી હું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં લોકોને એમ કહેતો રહેવાનો છું કે આધ્યાત્મિક સંસ્કારસિંચન તથા આદર્શ ચારિત્ર્યઘડતર માટે ચંદ્રનગરનો પ્રવર્તક આશ્રમ જોવા જજો—ઉપરાંત હું એમ કહેવા માટે પણ આતુર રહીશ કે આદર્શ આશ્રમ તરીકે સંઘ, માત્ર શુદ્ધ ખાદીકામ પણ કરે છે.

આગળ બોલતાં એમણે એ વાત સમજાવી કે હિંદ માતાનાં જે સંતાનોને રોજનું પૂરું એક ટંક ખાવાનું પણ મળતું નથી, અને જેઓ દુઃખના દરિયામાં ડૂબેલાં છે તેમને માટે મારું હૃદય કેવું દ્રવે છે. હિંદનાં આ કરોડો દીનહીનો માટે અને સમગ્ર દેશના ઐક્ય માટે હું ખાદી, હિંદુ-મુસ્લિમ ઐક્ય અને અસ્પૃશ્યતાનિવારણનો ત્રિવિધ સંદેશો આપું છું. મારે માટે આ જ વ્યાવહારિક વેદાંત છે, કારણ હું પ્રાણીમાત્રમાં એક જ આત્મા રહેલો છે એમ માનું છું અને મારા જીવન માટે હું કોઈને પણ હાનિ ન પહોંચાડું. મારા અહિંસાના આદર્શનો એ જ અર્થ થાય છે. હિંદના કરોડો માટેનું સાચું સ્વરાજ મેળવવા કાંતવું, વણવું અને ખાદી પહેરવી એ જ ઉપાય છે. એટલે સૌ શ્રોતાજનોને તે પ્રમાણે કરવા હું વિનંતી કરું છું.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ८–५–१९२५

Gandhi Heritage Portal

# ૧૭. કલકત્તાના અષ્ટાંગ આયુર્વેદ વિદ્યાલયમાં ભાષણ

કલકત્તા,
મે ૬, ૧૯૨૫

મિત્રો,

આ મહાન સંસ્થાના ખાતમુહૂર્તના નિમંત્રણનો સ્વીકાર મેં ઘણા સંકોચપૂર્વક કર્યો છે. તમે જાણો છો કે થોડાં વર્ષ પહેલાં મેં તિબ્બિયા કૉલેજનો[1] ઉદ્‌ઘાટન વિધિ કર્યો હતો. મારા સંમાનનીય મિત્ર અને ભાઈ હકીમ અજમલખાન તે સંસ્થાના પ્રમુખ હતા.[2] તે વખતે પણ મેં ખૂબ જ સંકોચપૂર્વક એ વિધિ કર્યો હતો. મારા દિલોજાન દોસ્તે તે વખતે આપેલું નિમંત્રણ હું પાછું નહોતો ઠેલી શક્યો અને એ જ રીતે મારા દિલોજાન મિત્ર તરફથી ફરીથી મળેલું તેવું જ નિમંત્રણ હું પાછું નથી ઠેલી શક્યો. પણ જો દવા વિષેના અને ખાસ કરીને આયુર્વેદ અને યૂનાની દવા વિષેના અને દાક્તરી ધંધા વિષેના મારા અંતરના ઊંડા વિચારો હું વ્યક્ત ન કરું તો હું મારા પોતા પ્રત્યે અને આ એકઠા થયેલા લોકો પ્રત્યે બેવફા ઠરું. ઈ. સ. ૧૯૦૮[3]માં પહેલી વાર મેં દવાઓ અને દાક્તરી ધંધાઓ વિષેના મારા વિચારો લખીને પ્રગટ કર્યા, અને આજે આટલાં વર્ષે એનું પુનઃસ્મરણ કરતાં, મેં ત્યારે લખેલા લખાણનો એક શબ્દ પણ હું બદલી શકતો નથી. અલબત્ત, ૧૯૦૮માં મેં લખ્યું તે ઘણું સંક્ષેપમાં હતું; ત્યારે મારે એક નાની ચોપડીમાં ઘણા વિષયો ચર્ચવાના હતા. તે પૈકીના એક વિષય તરફ એમાં માત્ર અંગુલિનિર્દેશ જ કરાયો હતો. ત્યાર પછી મેં એ વિચારોને ખૂબ વિસ્તારથી પ્રગટ કર્યા છે, પણ ૧૯૦૮માં મેં જે વિચાર દર્શાવ્યા હતા તેની ઉત્કટતા જરાયે ઓછી કરી નથી. જ્યારે જ્યારે મારે ડૉક્ટરો પાસે જવાનું અને તેમની દવાઓ લેવાનું થયું છે ત્યારે ત્યારે હું ભયથી ધ્રૂજી ઊઠ્યો છું, અને યરવડા જેલમાં[4] એક અલ્પપરિચિત ડૉક્ટર પાસે વાઢકાપ માટે છરી મુકાવવા હું સંમત થયો ત્યારે પણ એ ભય તો એવો ને એવો જ હતો. એક વ્યક્તિ તરીકે અને મિત્ર તરીકે કર્નલ મૅડક[5] પર મને પૂરો વિશ્વાસ હતો. પણ તેમની ચિકિત્સાપદ્ધતિ અને તેમણે ચીંધેલી દવાઓ પર મને એટલો વિશ્વાસ ન હતો. જો આજે તમે તેમની પાસે જાઓ તો તેઓ બે પ્રમાણપત્રો આપે. એક મારી તરફેણનું અને બીજું મારી વિરુદ્ધનું. તેઓ તમને ખાતરીપૂર્વક કહેશે કે ગાંધી અમુક હદ સુધી અત્યંત સરળ આજ્ઞાપાલક અને વફાદાર દરદી હતો, એનાથી સારો દરદી મને ન મળે. પણ સાથે સાથે તેઓ એમ પણ કહેશે કે આ દરદી સાથે કામ લેવું મારે માટે બહુ મુશ્કેલ હતું. મારે પાળવાના નિષેધો તેમણે સાચવવા પડતા. હું આ વસ્તુ લઈશ ને આ વસ્તુ નહીં લઉં એમ હું કહેતો અને હું લઈ શકું એના કરતાં ન લઈ

૧. જુઓ પુસ્તક ૧૯, પા. ૩૧૩-૫.

૨. ૧૮૬૫-૧૯૨૭; વિખ્યાત હકીમ અને રાજનીતિજ્ઞ. તેમણે ખિલાફત આંદોલનમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો; ૧૯૨૧ની કૉંગ્રેસના પ્રમુખ.

૩. સરતચૂક છે. ૧૯૦૯ જોઈએ. હિન્દ સ્વરાજમાંની ડૉક્ટરો તથા દવાઓ વિષેની ગાંધીજીની ટીકા માટે જુઓ પુસ્તક ૧૦.

૪. ઈ. સ. ૧૯૨૪માં ગાંધીજી ઉપર ઍપેન્ડિસાઇટિસનું ઑપરેશન કરવામાં આવ્યું હતું. જુઓ પુસ્તક ૨૩.

૫. પૂનાની સાસૂન હૉસ્પિટલના મુખ્ય સર્જન. એમણે ઑપરેશન કર્યું હતું.

Gandhi Heritage Portal

શકું એવી વસ્તુઓની સંખ્યા મોટી હતી. તેથી જ્યારે જ્યારે મારું વજન વધે તેવા ઉપાયો સૂચવવાનું તેમને જરૂરી જણાતું ત્યારે ત્યારે જાણે કે તેમના પગ ભારે થઈ જતા. જ્યારે તેમને એમ લાગતું કે મારે માટે અમુક દવાઓ જરૂરી છે અને મને લાગતું કે મારે એ ન લેવી જોઈએ, ત્યારે એમાંની ઘણી દવા લેવાનું તેઓ મારે ગળે મહા મુશ્કેલીથી ઉતરાવી શકતા. (હાસ્ય.) તો વાત આમ છે. મેં મારા વૈદક વિષેના વિચારોનો ઉપરછલ્લો પરિચય આપ્યો છે. પણ તમને એનો વધારે સચોટ ખ્યાલ આપવા માટે હું એમ કહું કે આરોગ્ય વિષેનો જે વાદ એમ માને છે કે રોગચિકિત્સા કરતાં જડમૂળથી રોગનું નિવારણ વધારે સારું છે, અને જો આપણે કુદરતને એની રીતે કામ કરવા દઈએ તો કુદરત રોગગ્રસ્ત માનવજાતિને પોતાની રીતે ઘણો લાભ કરે છે, એ ઉચ્ચ, વિકસતા, પણ હજી જેને થોડા જ અનુયાયીઓ મળ્યા છે એવા પ્રાકૃતિક ચિકિત્સાવાદમાં હું માનું છું. આ વિચારધારાના સમર્થકો એમ માને છે કે રોગમાં વૈદડૉક્ટરો કે વાઢકાપ કરનારાઓનો હસ્તક્ષેપ જેટલો ઓછો એટલો માનવસમાજ અને તેના નૈતિક આચારોને વધારે લાભ છે. હું એ વિચારસરણીમાં માનું છું. વૈદડૉક્ટરોમાં પણ હવે કેટલાક ઝડપથી એવી માન્યતા તરફ ઢળતા જાય છે કે વૈદડૉક્ટર તરીકે આપણી ફરજ માત્ર માનવની શારીરિક જરૂરિયાતોનું જ ધ્યાન રાખવાની નથી, પણ એ શરીરમાં જે અમર આત્મા વસે છે, તેનું પણ ધ્યાન રાખવાની છે. હું એમાં માનું છું અને હું એમ માનનારા ડૉક્ટરો કે વૈદો પૈકીનો એક છું, જેઓ માનવશરીર માટે એવા ઉપચારો નહીં કરે જેથી શરીરમાં રહેલા આત્માને સહેજ પણ હાનિ પહોંચે. મારા કેટલાક ડૉક્ટર મિત્રો શરીરમાં આત્મા જેવું કંઈ છે કે કેમ, તે વિષે જ મારી સાથે ચર્ચા કર્યા કરે છે. અને મને કહે છે કે એવો કોઈ આત્મા હોય તો તે અમારી કાતિલ છરીથી બચે નહીં. આ વાતથી મને પારાવાર દુ:ખ થાય છે એ વાતમાં શંકા ન લાવશો. એમને ખબર નથી કે આત્મા છરીથી છેદી શકાતો નથી; અને તેમની છરી તેઓ ગમે તેટલી ઊંડી નાખે તોપણ ત્યાં સુધી પહોંચી શકે તેમ નથી. (હાસ્ય.) તેથી આ વિધિ કરવા હું ખૂબ સંકોચપૂર્વક આવ્યો છું.

એક જગ્યા કરતાં બીજી જગ્યાએ વધારે દવાખાનાં હોય તો એ જગ્યાએ સભ્યતા વધારે વિકસેલી ગણાય કે કેમ તે વિષે મને શંકા છે. વૈદડૉક્ટરોનાં પત્રકો અને વહીઓમાંથી એમ જણાય કે દવાનું વેચાણ દરેક વર્ષે વાયુવેગે વધતું જાય છે અને તેમનાં દવાખાનાંઓમાં અને ઔષધાલયોમાં દર્દીઓની સંખ્યા વધતી જાય છે, તો એ વિકાસની કસોટી હોય એમ મને લાગતું નથી. એ શું સાચી પ્રગતિનું લક્ષણ છે? મને એમાં શંકા છે. પણ હું જાણું છું કે આ પ્રશ્નને બીજી બાજુ પણ છે. હું પ્રશ્નની એક જ બાજુ ચર્ચવા માગતો નથી. પણ મેં તો આ મહાન સંસ્થાના જવાબદાર સંચાલકો સમક્ષ મારા વિચારો પૂરી નમ્રતા સાથે મૂક્યા છે. અત્યાર સુધી મેં દવાઓ અને સર્જરી વિષે સામાન્યપણે વાત કરી, પણ આયુર્વેદિક અને યુનાની પદ્ધતિ બાબતમાં તો મને એથીયે વધારે શંકા છે. તમને ખબર ન હોય, પણ હું નાનપણથી જ ઘણા વૈદોના સંપર્કમાં આવ્યો છું. એમાંના કેટલાક તો પોતાના વિસ્તારમાં ખૂબ જાણીતા થયેલા હતા. એક કાળે મને આયુર્વેદિક દવા પર પૂર્ણ શ્રદ્ધા હતી અને મારા જે મિત્રો પાશ્ચાત્ય પદ્ધતિની દવા લેવા જતા, તેમને હું આ આયુર્વેદના વૈદો પાસે જવાની ભલામણ કરતો. પણ તમારી સમક્ષ દુ:ખ સાથે હું કબૂલ કરું છું કે એ બાબતમાં મારો ભ્રમ ભાંગી ગયો છે; આપણા વૈદો અને હકીમોમાં વિવેકબુદ્ધિનો અભાવ હતો. તેમનામાં હોવી જોઈતી નમ્રતા નથી. એથી ઊલટું, મેં જોયું કે પોતે સર્વજ્ઞ છે, એવું અભિમાન તેમનામાં હતું.



Gandhi Heritage Portal

(હાસ્ય.) તેઓ એમ માનતા કે એવો કોઈ રોગ નથી કે જે તેઓ ન મટાડી શકે. (ફરી હાસ્ય.) તેઓ એમ માનતા કે માત્ર નાડ જોવાથી દરદીને ઍપેન્ડિસાઇટિસ કે એવો કોઈ રોગ હોય તે તેઓ પારખી શકે છે. જ્યારે મને ખબર પડી કે તેઓનું નિદાન ખોટું ને ઘણાખરા કિસ્સાઓમાં અધૂરું હોય છે, ત્યારે મને લાગ્યું કે એ નર્યું તૂત છે. કવિરાજોની નહીં કહું પણ યુનાની હકીમો અને વૈદરાજોની દવાની જાહેરખબરો જોઈને મારું માથું શરમથી ઝૂકી ગયું. આ જાહેરખબરો મનુષ્યની હલકામાં હલકી વાસનાઓને બહેકાવે છે. અને આપણાં વર્તમાનપત્રો અને સામયિકોને કદરૂપાં બનાવી મૂકે છે. મેં સ્ત્રીઓની કેળવણીનાં સામયિકો જોયાં છે. મેં યુવાનોને કેળવણી અને માહિતી આપતાં સામયિકો જોયાં છે. એમાંની આ જાહેરખબરો લલચાવનારી હોય છે. બેશક, તે લાભકારક હોય છે; એ આ ઘૃણાજનક ચીજોની જાહેરાત કરનારઓને આર્થિક રીતે લાભ કરનારી હોય છે. મને લાગ્યું કે તે આપણી પીડાતી જનતાના મર્મ ભાગો પર ઊંડા ઘા કરનારી હોય છે.

તેથી આ ભવ્ય સંસ્થાનો પાયો નાખતી વખતે અને તેને પૂરી સફળતા મળે એવી પ્રાર્થના કરતી વખતે, તેના સંચાલકોને હું મારી મર્યાદાઓ ખ્યાલમાં રાખવાની અને આ સંસ્થાના દાતાઓને સાવચેતી રાખવાની મેં કરેલી સૂચના સમજી લેવાની પણ વિનંતી કરું છું. આ સાવચેતીની સૂચના હું પૂરી નમ્રતા સાથે કરું છું. આ સંસ્થા ખરેખરા દુ:ખી લોકોને સહાયરૂપ થાઓ! આ સંસ્થા કેવળ શારીરિક જરૂરિયાતો તરફ જ નહીં પણ એ શરીરમાં વસતા અખંડ અને અમર આત્મા તરફ પણ લક્ષ આપો! આ સંસ્થા માનવજાતની અને બંગાળના યુવાનોની હલકામાં હલકી રુચિઓને પોષે છે એવું તેને વિષે કદી ન કહેવાઓ. બંગાળના યુવાનોને હું ઓળખું છું. ડૉક્ટરોએ આપેલા દવાના રગડાઓથી તેમનું સુંદર જીવન કેવું બરબાદ થઈ રહ્યું છે એ હું જાણું છું. ન્યાયમૂર્તિ લૉર્ડ સ્ટિફને આવા ડૉક્ટરો વિષે કહેલું કે "દવાઓ વિષે તેઓ બહુ ઓછું જાણે છે, અને જે શરીરોમાં તેઓ આ દવાઓ રેડે છે, તેને વિષે તો એથીયે ઓછું જાણે છે."[1] અને એથી જેમ અગાઉ આવા જ એક પ્રસંગે મદ્રાસમાં મેં વિનંતી કરી હતી તેમ આજે પણ આ સંસ્થાના વર્તમાન સંચાલકોને અને તેમના ભાવિ અનુગામીઓને દીર્ઘદૃષ્ટિ, નમ્રતા, સત્યપરાયણતા, અને ધર્મભીરુતા રાખવા વિનંતી કરું છું. આટલું કહીને, હવે તમે મને, મારે પાયો નાખવાનો છે તે સ્થળે જવા માટે માર્ગ કરી આપશો એટલે મને ખૂબ આનંદ થશે અને આ સંસ્થાની સફળતા માટે પ્રાર્થના કરતાં મને એટલો જ આનંદ થશે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ८–५–१९२५

૧. જુઓ પુસ્તક ૧૧, પા. ૪૪૨.

Gandhi Heritage Portal

# ૧૮. ગોરક્ષા

ગયા માસની ૨૮મી તારીખે મુંબઈમાં માધવબાગમાં જે અખિલ ભારત ગોરક્ષા સંઘની સ્થાપના કરવામાં આવી તેના સંચાલનની જવાબદારી, ખૂબ અનિચ્છાએ, ભય અને ગભરાટ સાથે, માથે લેવી ઉચિત હોય કે ન હોય તોપણ, મેં માથે લીધી છે.

કામ ભગીરથ છે અને એને માટે હું ભાગ્યે જ લાયકાત ધરાવું છું. મને લાગે છે કે રોગ હું જાણું છું. ઉપાય પણ હું જાણું છું. પણ મારી પાસે તે માટે સમય નથી, તેમ જે વિચારોને અનુસરીને આ સંસ્થા ચલાવવાની છે તેનો અમલ કરવામાં મને મદદ કરી શકે તેવા માણસો પણ હજી મારી પાસે નથી.

ગોરક્ષા મારે મન ગાયોની કેવળ સ્થૂળ રક્ષા નથી. એનો અર્થ તો એવો થાય છે કે આખી દુનિયાના નિ:સહાય અને નિર્બળ હોય એવા જીવમાત્રની રક્ષા કરવી. પણ આજની પરિસ્થિતિમાં ગોરક્ષાનો અર્થ એવો થાય કે ગોમાતા અને તેના વંશની, અને આનુષંગિક રીતે બીજાં બધાં પ્રાણીઓ જેવાં કે ભેંસ વગેરેનું, ક્રૂરતા અને વધથી રક્ષણ કરવું.

દુનિયાભરમાં હિંદ જ એક એવો દેશ છે જ્યાં ગોરક્ષા વીસ કરોડ કરતાંયે વધુ લોકો માટે એક ધાર્મિક ફરજ છે. અને તે છતાં હિંદનાં પશુઓ કંગાળ, અવગણાયેલાં, ભૂખે મરતાં, વધુ પડતો કામનો બોજો ખેંચતાં, વખતના વહેણ સાથે નબળાં બનતાં અને આ ભૂમિ પર ભારરૂપ પણ મનાય છે. દુનિયાના બીજા કોઈ દેશમાં, વહેલાં વસૂકી જવાને કારણે દૂઝણાં ઢોર પણ કસાઈખાને મોકલાતાં હોય એમ બનતું નથી. કદાચ બીજે ક્યાંય પશુઓ પોતાના નિભાવખર્ચ કરતાં ઓછી કિંમતનું દૂધ નહીં આપતાં હોય.

આવી દશાનો ઉપાય શો? પોતાના કામની ગતાગમ ન હોય એવાં સંખ્યાબંધ ગોરક્ષામંડળો કાઢ્યે જવાં એ એનો ઉપાય નથી જ; પોતે ઇચ્છે તોપણ કશું કરી ન શકે એવા મુસલમાનો સાથે એવી બાબતોમાં લડવું એ પણ એનો ઉપાય નથી. આ હું એવા મુસલમાનોને લક્ષમાં રાખીને નથી કહેતો જેઓ હિંદુઓની લાગણી દૂભવવા માટે જાણીજોઈને અને હિંદુના દેખતાં જ ગાયનો વધ કરે છે. આવા કિસ્સાઓ અપવાદરૂપ હોય છે. હું તો પશુપાલનની આર્થિક બાજુનો વિચાર કરું છું. જો આપણે તેની સંભાળ લેશું તો બાકી બધું સીધું ઊતરી જશે. જો પશુઓ આર્થિક રીતે બોજારૂપ હોય અને જો એ સ્થિતિ આપણે સુધારી ન શકીએ, તો તેમનો નાશ કે વધ કોઈ રીતે રોકી ન શકાય. તેથી આખા પ્રશ્નનો વિચાર શાંતિથી અને લાગણી-મુક્ત બનીને કરવો જોઈએ. બુદ્ધિ અને જ્ઞાનના આધાર વિનાનો ધર્મ વ્યર્થ લાગણી-વેડા જ છે. એના પોકળપણાને લઈને એ ટકવાનો નથી. આખરે તો જ્ઞાન જ મુક્તિ અપાવે છે. જ્ઞાન વિનાની કેવળ ગોભક્તિ ગાયનો અકાળે વિનાશ જ સર્જવાની. તેથી ગાયને માટે પ્રેમ ધરાવનાર અને ગાયના પ્રશ્નને વિગતે જાણનારો એક જ માણસ આજ સુધીમાં સ્થપાયેલા અને હવે પછી સ્થપાનારા બધા ગોસેવા સંઘોના સરવાળા જેવો છે. આ અખિલ હિંદ સંસ્થાની સ્થાપના પાછળનો ઉદ્દેશ ચારિત્રવાન, શુદ્ધ ગોપ્રેમી, અને પશુવિજ્ઞાનના જાણકાર હોય અને પોતાનો પૂરો સમય એ પ્રશ્નના સંશોધન અને વહીવટ પાછળ ગાળવા તૈયાર હોય એવા માણસો શોધવાનો છે. તેથી (યંગ ઇન્ડિયાના) આ અંકમાં અન્યત્ર છાપવામાં આવેલા મારા

Gandhi Heritage Portal

ઉદ્‌ઘાટનભાષણમાં મેં વર્ણવેલી લાયકાતોવાળા મંત્રીની મારે જરૂર છે. તેમ જ એક ખજાનચીની પણ જરૂર છે. દરમ્યાન, પ્રાથમિક કામ કરવા માટે એક કામચલાઉ સમિતિ, એક કામચલાઉ મંત્રી, અને એક કામચલાઉ ખજાનચીની નિમણૂક કરવામાં આવી છે. સમિતિ અખિલ હિંદનું પ્રતિનિધિત્વ કરનારી નથી જ. કારણ કે હાજર રહેલાઓમાંથી જ એક સમિતિ નીમવાનું આવશ્યક હતું. આ કામચલાઉ સમિતિ હવે પછી ત્રણ મહિને ફરીથી મળે તે પહેલાં તેના સભ્યોએ બારસો સભ્યો નોંધવાનું માથે લીધું છે. સંસ્થાને જો આખા દેશની પ્રતિનિધિ બનાવવી હોય, તો તેમાં બધા પ્રાંતોમાંથી સભ્યો હોવા જોઈએ. કામચલાઉ મંત્રી મુંબઈના શ્રી નગીનદાસ અમૂલખરાય (૩૦, હનુમાન બિલ્ડિંગ, હોમજી સ્ટ્રીટ, સર્કસ રોડ) છે; કામચલાઉ ખજાનચી મુંબઈ, ઝવેરી બજારના શ્રી રેવાશંકર જગજીવન ઝવેરી[૧] છે. આશા રાખું છું કે ગોરક્ષામાં રસ લેનાર સૌ કોઈ પોતાનો ફાળો મંત્રી કે ખજાનચીને મોકલશે. વાર્ષિક સભ્ય ફી રૂપિયા પાંચ અથવા માસિક બે હજાર વાર હાથે કાંતેલું સૂતર છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૭–૫–૧૯૨૫

## ૧૯. ફરીથી એ જ વાત

મારા ક્રાંતિવાદી મિત્રે ફરીથી એ જ આરોપ મૂકયો છે, પણ મારે એમને કહેવું જોઈએ કે એમના લખાણમાં એમણે પહેલાંની ધીરજ બતાવી નથી. પોતાના પત્રમાં એમણે ઘણી અસંગત વાતો લખી છે, અને તેમની દલીલો સુસંગત નથી. મને લાગે છે તેમ તેઓ બધી દલીલો કરી ચૂકયા છે અને હવે તેમની પાસે કશું નવું કહેવાનું નથી. પણ હવે પછી જો તે ફરી લખે તો મારી તેમને સલાહ છે કે તેમણે પત્ર વધારે કાળજીથી લખવો અને પોતાના વિચારોનો સંક્ષેપ કરવો. આ વખતે તો તેમના વતી મારે એ કામ કરવું પડયું છે. પણ એમણે પ્રકાશ પાડવા માગણી કરી છે તો તે હવે પછીનું મારું લખાણ કાળજીપૂર્વક વાંચે, પોતાના વિચારો શાંત ચિત્તે તપાસી જાય, અને પછી સ્પષ્ટપણે અને ટૂંકામાં લખે. જો તેઓ પ્રશ્નો જ પૂછવા માગતા હોય તો પોતાની વાત મારે ગળે ઉતારવાનો પ્રયત્ન કર્યા વિના માત્ર પ્રશ્નો પૂછે. ક્રાંતિકારી ચળવળ વિષે બધું જ જાણવાનો દેખાવ હું કરતો નથી, પણ મને મોટા પ્રમાણમાં વિચારવાની, અવલોકન કરવાની અને લખવાની ફરજ પાડવામાં આવી છે; એટલે તે મને વધારે નવું કંઈ આપી શકે તેમ નથી. તેથી, હું તેમની સાથે ખુલ્લા મનથી વિચાર કરવાનું વચન આપું છું; પણ હું તેમને વિનંતી કરીશ કે તે કૃપા કરી પ્રજાના એક કાર્યરત સેવકને અને ક્રાંતિવાદીઓના સાચા મિત્રને કાંઈ પણ બિનજરૂરી વાંચવાની વૃથા મહેનતમાંથી બચાવી લે. હું ક્રાંતિકારીઓ સાથે સંપર્ક જાળવવા ઇંતેજાર છું અને એ કામ હું આ પત્રમાંનાં મારાં લખાણો દ્વારા જ કરી શકું. તેમને માટે મારા હૃદયમાં ખૂબ કોમળ લાગણી છે, કારણ કે કષ્ટ સહન કરવાની તાકાત બાબતમાં તેમની અને મારી વચ્ચે સમાનતા છે. પણ તેઓ ભૂલમાં પડેલા અને ખોટે રસ્તે દોરવાયેલા છે એમ હું નમ્રપણે માનતો હોવાથી તેમને પોતાની ભૂલમાંથી પાછા વાળવાનો પ્રયત્ન કરવા ઇચ્છું છું અથવા મારી પોતાની ભૂલ હું સુધારી લેવા ઇચ્છું છું.

૧. ગાંધીજીના મિત્ર અને ડૉ. પ્રાણજીવન મહેતાના ભાઈ.

Gandhi Heritage Portal

મારા ક્રાંતિવાદી મિત્રનો પ્રથમ પ્રશ્ન આ છે:

"ક્રાંતિવાદીઓએ દેશની પ્રગતિને ધીમી પાડી છે" એમ તમે કહ્યું છે. તો શું બંગાળના ભાગલા વિષે લખતાં તમે જે કહેલું એ વિચારોથી તમે જુદા પડો છો? તમે કહ્યું હતું કે "ભાગલા પડયા પછી લોકોએ જોયું કે અરજીની પાછળ બળ જોઈએ, લોકોમાં સહનશક્તિ જોઈએ. આ જુસ્સો તે ભાગલાનું મુખ્ય પરિણામ ગણાય. . . . . જે વાત લોકો બીકમાં કે છાની કરતા, તે જાહેરમાં થવાલખાવા લાગી. . . . અંગ્રેજને જોઈને નાનામોટા નાસતા, તે હવે બીતા બંધ થયા. તેઓ મારામારીથી કે જેલ જવાથી પણ ન ડર્યા. અને "હિંદના કેટલાક પુત્રરત્ન હાલ દેશનિકાલ થઈ વિરાજે છે.[૧]" ભાગલા પછી જે ચળવળ ચાલી, અથવા વધારે સાચું કહીએ તો, જે ચળવળ લોકોના અસંતોષનું પ્રકટીકરણ હતી એ ચળવળ ક્રાંતિવાદીઓની હતી, અને તમે જેમનો ઉલ્લેખ કર્યો એ હિંદના શ્રેષ્ઠ સુપુત્રો મોટે ભાગે ક્રાંતિવાદી કે અર્ધક્રાંતિવાદીઓ છે. તો પછી તમે જેમને અજ્ઞાન અને ખોટે રસ્તે ગયેલા ગણો છો તેઓ હિંદની પ્રજાની બીકને સાવ નિર્મૂળ નહીં તોપણ ઓછી કેમ કરી શકયા? ક્રાંતિવાદીઓ તમારો અહિંસાનો વિશિષ્ટ સિદ્ધાંત ન સમજી શકે તેટલા જ ખાતર શું તમે એ ક્રાંતિવાદીઓને અજ્ઞાન કહેવા જેટલા અસહિષ્ણુ બનશો?

જેમાંથી પત્રલેખકે ઉપરના શબ્દો ટાંકયા છે તે હિંદ સ્વરાજમાં[૨] મેં દર્શાવેલા વિચારો અને હમણાં દર્શાવેલા વિચારો વચ્ચે કશો ફરક નથી. જે કોઈ ભાગલા વિરોધી ચળવળને દોરનારા હતા તેમણે બેશક, અંગ્રેજોનો ભય ખંખેરી કાઢયો છે. દેશની એ એક વિશિષ્ટ સેવા હતી. પણ બહાદુરી અને આપભોગ સિદ્ધ કરવા માટે હિંસાની જરૂર નથી. મારા પત્રલેખક મિત્રને યાદ આપું કે હિંદ સ્વરાજ પુસ્તિકામાં જ કહ્યું છે તે પ્રમાણે, ક્રાંતિવાદીની દલીલો અને કાર્યપદ્ધતિના જવાબરૂપે જ એ લખાઈ છે. એ પુસ્તિકાનો ઉદ્દેશ ક્રાંતિવાદીઓમાં જે આપભોગની ભાવના અને વીરતા છે તે સાચવીને, તેમની પાસે જે કંઈ છે તેના કરતાં કાંઈક અનંતગણું શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરવાનો હતો. ક્રાંતિવાદીઓ મારી પદ્ધતિ સમજી કે મૂલવી નથી શકતા તેટલા જ કારણે હું તેમને અજ્ઞાન નથી કહેતો, પણ તેઓ યુદ્ધની કળા સમજતા હોય એમ પણ મને લાગતું નથી તેથી કહું છું. જે યોદ્ધાઓનાં નામ મારા મિત્રે ગણાવ્યાં છે તેમાંનો એકેએક પોતાની કળા જાણતો હતો અને તેની પાસે તે માટેનાં માણસો હતાં.

બીજો પ્રશ્ન આ છે:

ટેરેન્સ મૅક્સ્વિની જ્યારે ૭૧ દિવસના ઉપવાસ કરી મરી ગયો ત્યારે શું એ "નિર્દોષ બલિ" હતો? કૃપા કરી ખ્યાલમાં રાખજો કે અંત સુધી તે કાવતરાં, ખુનામરકી અને ત્રાસવાદનો હિમાયતી હતો, અને પોતાના પ્રિન્સિપલ્સ ઑફ ફ્રિડમ નામના પુસ્તકમાં દર્શાવેલા વિચારોને વળગી રહ્યો હતો. જો તમે મૅક્સ્વિનીને "નિર્દોષ બલિ" કહી શકો છો તો ગોપીમોહન શાહાને[૩] માટે એ જ શબ્દો વાપરવા તૈયાર નહીં થાઓ?

હું દિલગીર છું કે મૅક્સ્વિની વિષે અભિપ્રાય આપી શકું એટલું તેના જીવન વિષે હું જાણતો નથી. પણ જો તેણે "કાવતરાં, ખુનામરકી અને ત્રાસવાદ"ની હિમાયત કરી હોય તો મેં આ

૧. જુઓ પુસ્તક ૧૦, પા. ૨૦.
૨. જુઓ પુસ્તક ૧૦, પા. ૧૪ ૬૯.
૩. ગોપીનાથ સહાને બદલે ભૂલથી લખાયું છે; જુઓ પુસ્તક ૨૪, પા. ૧૮૬-૮.

Gandhi Heritage Portal

પત્રનાં પાનાંમાં રજૂ કરેલા એ જ વાંધા તેની પદ્ધતિ સામે પણ લઈ શકાય. મેં તેને કદી "નિર્દોષ બલિ" માન્યો નથી. જ્યારે તે ઉપવાસ કરે છે એમ જાહેર થયું ત્યારે મારી દૃષ્ટિએ એ ભૂલ છે એમ મેં મારો અભિપ્રાય નમ્રપણે જણાવ્યો હતો. ઉપવાસમાત્ર વાજબી હોય છે એમ હું માનતો નથી.

ત્રીજો સવાલ આ પ્રમાણે છે :

> તમે વર્ણોમાં માનો છો. તેથી તમે ક્ષત્રિયોને બીજા વર્ણો જેટલા જ ઉપયોગી માનો છો એ દેખીતું છે. હિંદની આજની નક્ષત્રી સ્થિતિમાં ક્રાંતિકારીઓ પોતાને ક્ષત્રિયો મનાવે છે. क्षतात् त्रायते इति क्षत्रिय: હિંદની આજની સ્થિતિને હું હિંદ પર આજ સુધીમાં આવી પડેલું ગંભીરમાં ગંભીર ક્ષત્ ગણું છું. બીજા શબ્દોમાં, આજે હિંદને ક્ષત્રિયોની વધારેમાં વધારે જરૂર છે. હિંદુ ધર્મશાસ્ત્રોના શ્રેષ્ઠ પ્રણેતા મનુ ક્ષત્રિયો માટે ચાર માર્ગો સૂચવે છે. "સામ, દામ, દંડ, ભેદ." આ સંબંધે હું વિવેકાનંદનાં લખાણોમાંથી એક ફકરો ઉતારું છું, જે હું માનું છું કે તમને આ બાબત સારી રીતે સમજવામાં ઉપયોગી થશે.
>
> "બધા મહાન આચાર્યોએ શીખવ્યું છે કે 'અનિષ્ટનો પ્રતિકાર ન કરો'; તેમણે શીખવ્યું છે કે અપ્રતિકાર સૌથી ઊંચો નૈતિક આદર્શ છે. આપણે બધા જાણીએ છીએ કે લોકો જો દુનિયાની આજની સ્થિતિમાં આ સિદ્ધાંતનું આચરણ કરવાનો પ્રયાસ કરે તો સમાજરચના છિન્નભિન્ન થઈ જાય, સમાજ નાશ પામે, હિંસાખોર અને દુષ્ટ લોકો આપણાં માલમિલકતનો કબજો લઈ લે, અને કદાચ આપણા જાન પણ લઈ લે. આવા અપ્રતિકારનો એક દિવસ પણ દેશના ભારે વિનાશમાં પરિણમે." આ બેહૂદી સ્થિતિમાં તમે શું કરશો તે હું જાણું છું. તમે એ વાતનો અર્થ જુદી રીતે ઘટાવવાનો પ્રયત્ન કરશો, પણ તમે જોશો કે તેમણે આવા ખોટા અર્થઘટન માટે અવકાશ જ રહેવા દીધો નથી; કારણ, આ પછી તેઓ તરત જ ઉમેરે છે: "તમારામાંના કેટલાકે કદાચ ભગવદ્ગીતા વાંચી હશે અને પશ્ચિમના દેશોમાંના તમારામાંના ઘણા લોકોને પહેલો અધ્યાય વાંચીને આશ્ચર્ય થયું હશે. એ અધ્યાયમાં પોતાનાં જ સગાંસંબંધીઓ પોતાના શત્રુ હોવાને કારણે, અપ્રતિકાર શ્રેષ્ઠ નૈતિક આદર્શ છે એવી દલીલ કરીને અર્જુન લડવાની કે સામનો કરવાની ના પાડે છે અને શ્રીકૃષ્ણ તેને દંભી અને કાયર કહે છે. આમાંથી આપણે સૌએ એક મોટો પાઠ શીખવાનો છે. તે એ કે બધી વસ્તુઓમાં બે ધ્રુવ સરખા હોય છે; એક છેડેનો ધન ભાગ અને બીજા છેડાનો ઋણ ભાગ હમેશાં એકસરખા હોય છે. પ્રકાશનાં મોજાં જ્યારે અત્યંત ધીમાં હોય છે ત્યારે તેમને આપણે જોઈ શકતા નથી, ને જ્યારે અત્યંત ઝડપી હોય છે ત્યારે પણ આપણે તેમને જોઈ શકતા નથી. ધ્વનિની બાબતમાં પણ એમ જ છે; આંદોલનો અતિ મંદ હોય છે ત્યારે આપણે અવાજ સાંભળી શકતા નથી, અતિ ઝડપી હોય છે ત્યારે પણ આપણે તે સાંભળી શકતા નથી. પ્રતિકાર અને અપ્રતિકાર વચ્ચેનો ફરક આ પ્રકારનો છે. . . .પ્રથમ આપણે એ વાત સમજી લેવાની કાળજી રાખવી જોઈએ કે આપણામાં પ્રતિકારશક્તિ છે કે નહીં. એ પછી આપણામાં જો શક્તિ હોય અને છતાં આપણે તેનો ત્યાગ કરીએ અને તેનો ઉપયોગ ન કરીએ તો આપણે એક ભારે પ્રેમનું કામ કરીએ છીએ; પણ જો આપણે પ્રતિકાર ન કરી શકતા હોઈએ અને છતાં આપણે એવો દેખાવ પણ કરીએ અને માનીએ કે એમ કરવામાં આપણે પ્રેમના ઊંચામાં ઊંચા આદર્શથી પ્રેરાયા છીએ, તો જે કંઈ નૈતિક દૃષ્ટિએ શુભ આચરણ છે તેનાથી આપણે બરાબર ઊલટું જ કરીશું. પોતાની સામે મહાન

Gandhi Heritage Portal

સેનાને ઊભેલી જોઈ અર્જુન ડરી ગયો, તેના 'પ્રેમે' તેને પોતાના દેશ અને પોતાના રાજા પ્રત્યેની ફરજ ભુલાવી દીધી. એટલે જ શ્રીકૃષ્ણે તેને દંભી કહ્યો અને કહ્યું: "તું વાતો તો ડાહ્યા માણસની કરે છે, પણ તારું વર્તન તો તું કાયર છે એમ ચોખ્ખું દર્શાવી આપે છે. માટે ઊભો થા અને લડ." આમાં મારે થોડા પ્રશ્નો સિવાય વધારે કશું જ ઉમેરવાનું નથી. તમે માનો છો કે તમારા કહેવાતા દિલ અને દિમાગથી અનુયાયીઓ આ વિદેશી અમલદાર-શાહી સરકારનો સામનો શરીરબળથી કરી શકશે? જો હા પાડો તો કયા ધોરણે? જો ના પાડો તો પછી તમારી અહિંસા સબળનું હથિયાર કેવી રીતે કહેવાય? કૃપા કરી આ પ્રશ્નોના જવાબ, તેના જુદા જુદા અર્થો કોઈ ન કરી શકે એ રીતે બિલકુલ સ્પષ્ટ ભાષામાં આપશો.

એની સાથે સાથે તમારા વિધાનમાંથી સ્પષ્ટ રીતે ઊભા થતા કેટલાક સવાલો હું તમને પૂછું છું. તમારા સ્વરાજમાં સૈનિકોને કોઈ સ્થાન હશે ખરું? તમારી સ્વરાજ સરકાર લશ્કર રાખશે કે? જો એમ થાય તો તેઓ જરૂર પડયે શત્રુઓ સામે લડાઈ કરશે, એટલે કે શરીરબળ વાપરશે કે સત્યાગ્રહથી તેમનો સામનો કરશે?

જીવનની મારી ફિલસૂફીમાં ક્ષત્રિયોને સ્થાન છે. પણ ક્ષત્રિયની મારી વ્યાખ્યા હું ગીતામાંથી તારવું છું. જે રણભૂમિમાંથી પલાયન ન કરી જાય એટલે કે ભયથી ન ભાગે તે ક્ષત્રિય. જગત પ્રગતિ કરે છે તેમ તેમ એના એ શબ્દો નવા નવા અર્થ ધારણ કરે છે. મનુમહારાજે અને અન્ય ધર્મશાસ્ત્ર પ્રણેતાઓએ આપેલા આચારના સિદ્ધાંતો શાશ્વત કાળ માટે આપ્યા નથી. તેમણે જીવનનાં કેટલાંક શાશ્વત સૂત્રો ઘડી આપ્યાં અને પોતાના કાળ માટે થોડેઘણે અંશે એ સૂત્રોને અનુરૂપ આચરણના નિયમો આપ્યા. સ્વર્ગ મળતું હોય તોપણ હું લાંચ આપવાની અને છેતરપિંડી કરવાની રીતો સ્વીકારી શકતો નથી; તો પછી હિંદના સ્વરાજ માટે તો એમ કરી જ શી રીતે શકું? કારણ કે આવી રીતોથી મેળવેલું સ્વર્ગ સ્વર્ગ નહીં હોય અને સ્વરાજ સ્વરાજ નહીં હોય.

વિવેકાનંદનાં લખાણોમાંથી ટાંકેલા ફકરા વિષે મેં ખાતરી કરી નથી. એ મહાપુરુષના મોટા ભાગનાં લખાણોમાં જે તાજગી અને સંક્ષેપ જોવામાં આવે છે તે આમાં દેખાતાં નથી. પણ એ ફકરો એમનાં લખાણોમાંથી હોય કે ન હોય, મને તે સંતોષ આપી શકયો નથી. લોકો જો અપ્રતિકારના સિદ્ધાંતોનો મોટી સંખ્યામાં જીવનમાં અમલ કરે તો દુનિયા આજે છે તેવી સ્થિતિમાં ન રહે. એ સિદ્ધાંત જેમણે વ્યક્તિગત રીતે આચર્યો છે તેમણે કશું ખોયું નથી. હિંસાખોર અને દુષ્ટોએ તેમની કતલ કરી નાખી નથી. એથી ઊલટું, અહિંસક અને સજ્જન વ્યક્તિની સામે તેમણે પોતાની હિંસાવૃત્તિ અને દુષ્ટતા ત્યજી દીધી છે.

ગીતાનો મારો અર્થ મેં આ પહેલાં જણાવ્યો જ છે. ગીતાનો વિષય શુભ અને અશુભ વચ્ચેનું શાશ્વત યુદ્ધ છે. અને જ્યારે શુભ અને અશુભ વચ્ચેની સીમારેખા પાતળી હોય છે અને તેથી બે વચ્ચે સાચી પસંદગી અઘરી બને છે ત્યારે અર્જુનની જેમ કોણ નથી થથરી ઊઠતું?

પણ જેમનામાં સામો ઘા કરવાની તાકાત છે છતાં જે અહિંસા આચરે છે તે જ સાચો અહિંસક છે એ વિધાનને હું મારો હાર્દિક ટેકો આપું છું. તેથી હું જરૂર એવો દાવો કરું છું કે મારો અનુયાયી (મારે એક જ અનુયાયી છે, અને તે હું પોતે) સામો ઘા કરવાની શક્તિ ધરાવે છે, પછી ભલે તે બહુ હળવો હોય, અને અસરકારક નહીં હોય; પણ સામો ઘા કરવાની તેની ઇચ્છા નથી. મારા જીવનમાં મને મારા વિરોધીઓને ગોળી મારી, શહીદનો શિરપાવ મેળવવાની

Gandhi Heritage Portal

અનેક તકો મળી છે. પણ તેમાંના કોઈ તરફ ગોળી ચલાવવાનો તો મને ઉમળકો આવ્યો નથી. કારણ કે મારી કાર્યપદ્ધતિ પ્રત્યે તેમને ગમે તેટલો અણગમો હોય તોયે તેઓ મને ગોળી મારે એમ હું ઇચ્છતો નહોતો. હું જેમ તેમને તેમની ભૂલ ઠસાવવા મથતો તેમ મારી ભૂલ મને ઠસાવવા હું તેમને કહેતો. “જેવું વર્તન તમે બીજા તરફથી ઇચ્છતા હો તેવું વર્તન તમે બીજા તરફ કરો.” (आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् — પોતાને જે પ્રતિકૂળ, અન્યને નવ આચરો)

અફસોસ છે કે આજના મારા સ્વરાજમાં સૈનિકોને સ્થાન રહે છે. મારા ક્રાંતિકારી મિત્ર એટલું જાણી લે કે અંગ્રેજોએ એક આખી પ્રજાને નિ:શસ્ત્ર કરીને નિર્વીર્ય બનાવી મૂકી છે. એને મેં તેમનો ઘોરમાં ઘોર અપરાધ ગણાવ્યો છે. દેશને સાર્વત્રિક અહિંસાનો ઉપદેશ કરવાની શક્તિ મારામાં નથી. તેથી હું અહિંસાનો સ્વરાજપ્રાપ્તિના હેતુ પૂરતો જ ઉપદેશ કરું છું અને તે કારણે કદાચ આંતરરાષ્ટ્રીય સંબંધોનું નિયમન અહિંસક સાધનો દ્વારા કરવાનો ઉપદેશ કરી રહ્યો છું; પણ મારી આ અશક્તિને ભૂલથી અહિંસાના સિદ્ધાંતની અશક્તિ ન ગણવી જોઈએ. બુદ્ધિ દ્વારા એ મને જ્વલંત સ્વરૂપે દેખાય છે. મારું હૃદય તેને સમજી શકે છે. પણ સાર્વત્રિક અહિંસાનો અસરકારક ઉપદેશ કરવાની પૂરી સિદ્ધિ મેં હજી મેળવી નથી. એ મહાન કાર્ય પાર પાડવા માટે જરૂરી ઉન્નતિ હજુ મેં સાધી નથી. હજુ મારામાં ક્રોધ રહેલો છે. હજુ મારામાં દ્વૈતભાવ રહેલો છે. મારા વિકારોનું હું નિયમન કરી શકું છું. હું એને મારે અધીન રાખી શકું છું પણ સાર્વત્રિક અહિંસાનો અસરકારક રીતે પ્રચાર કરતાં પહેલાં મારે પૂર્ણપણે વિકારમુક્ત થવું જોઈએ. મારે પાપાચરણથી સર્વાંશે મુક્ત થવું જોઈએ. હું પાપ આચરી જ ન શકું એવી મારી સ્થિતિ થવી જોઈએ. હું જલદીથી એવો બનું તે માટે આ ક્રાન્તિકારી મિત્ર મારી સાથે અને મારે માટે ઈશ્વરને પ્રાર્થના કરે. પણ તે દરમિયાન મને જે દીવા જેવું સ્પષ્ટ દેખાય છે તે પગલું ભરવામાં, એટલે કે અહિંસક સાધનો દ્વારા હિંદનું સ્વરાજ મેળવવામાં તે મારી સાથે કદમ મિલાવે. અને પછી સ્વરાજ પ્રાપ્ત થતાં જ્યાં સુધી આંતરિક સુવ્યવસ્થા સાચવવા અને બહારના આક્રમણ સામે લડવા માટે મેં કે બીજા કોઈએ પોલીસદળ રાખવા સિવાયની કોઈ વધારે સારી પદ્ધતિ બતાવી ન હોય ત્યાં સુધી, આ બંને કાર્યો માટે તમે અને હું સ્વરાજની અંતર્ગત પણ શિસ્તબદ્ધ, કુશળ અને કેળવાયેલું પોલીસદળ રાખીશું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ७–५–१९२५

Gandhi Heritage Portal

## ૨૦. નોંધ

### મને દેવ બનાવ્યો

ડુંગરગઢ સ્ટેશને મને એક મુસ્લિમ મિત્ર મળ્યા. તેણે મને કહ્યું કે લોકોમાં અને તેમાંય ખાસ કરીને ગોંડ લોકોમાં મને દૈવી અવતાર માનવાની વાતનો પ્રચાર પૂરા જોરથી ચાલી રહ્યો છે. આવા પ્રકારની મૂર્તિપૂજાની ભયંકરતા તરફ અનેક વાર મેં ખૂબ જ નાખુશી દર્શાવી છે. હું મને પોતાને એક સામાન્ય માનવી ગણું છું. માનવજીવનને સહજ એવી બધી નબળાઈઓ મારામાં રહેલી છે. ગોંડ લોકો મને દેવ માનીને મારી પૂજા કરવાની અર્થહીન પ્રવૃત્તિ કરે, તેને બદલે તેઓ મારો સીધોસાદો સંદેશો સમજે તેવું શિક્ષણ તેમને આપવું જોઈએ. આવી પૂજાથી મને કે તેમને કોઈને લાભ નથી. તેનાથી માત્ર આ ભોળી પ્રજાનો વહેમી સ્વભાવ ઊલટો વધુ વહેમી બનશે. ગોંડ લોકોનો આ ભ્રમ દૂર કરવાના જરૂરી કામમાં મદદ કરવા હું દરેક કૉંગ્રેસીને આગળથી જ કહી રાખું છું.

### અસ્પૃશ્યો

કલકત્તા જતાં રસ્તામાં એક સ્ટેશને કેટલાક અસ્પૃશ્ય ભાઈઓને મળીને મને ખૂબ આનંદ થયો. તેઓએ મને તેમના જ હાથે કાંતેલ ને વણેલ ખાદીનો કટકો ભેટ આપ્યો. કાર્યકર્તાઓએ મને કહ્યું કે અંત્યજ ભાઈઓ ખરેખર ખૂબ નક્કર કામ કરી રહ્યા છે. તેઓએ મુડદાલ માંસ તથા દારૂ છોડી દીધાં છે અને તેઓ ખાદીકામ તરફ વળ્યા છે. જે લોકોને હું ઝારસુગડા સ્ટેશને મળ્યો તેઓ અંત્યજ છે, એમ મને કહેવામાં ન આવ્યું હોત તો તેમને હું બીજા લોકોથી અલગ તારવી શકયો ન હોત.

### ખાદી

રાયગઢમાં એક પણ રેંટિયો નથી, એ સાંભળીને હું સ્તબ્ધ થઈ ગયો. જે લોકો મને શાંતિથી મળવા આવ્યા હતા, તેમણે કહ્યું કે અંદરના ભાગમાં વસતા ગરીબ લોકો જે કાપડ લઈ આવે છે, તે અમારામાંના કેટલાક લોકો પહેરે છે. તેમણે મને એવી માહિતી આપી કે ગામડામાં વસતા લોકોમાં ખાદી ખૂબ લોકપ્રિય બની છે, અને આ કામમાં જો વધુ રસ લેવામાં આવે તો તેને સહેલાઈથી સાર્વત્રિક બનાવી શકાય. છત્તીસગઢ સહિત મધ્યપ્રાંતના લોકોને રેંટિયો અને સાળ ચલાવવાની ખાસ ફાવટ આવી ગઈ છે. માત્ર તે માટે તંત્ર ગોઠવવાની જ જરૂર છે.

### ઝીણું પીંજણ

જેમને વિષે મને ઘણો આદર છે એવા એક જાણીતા કૉંગ્રેસી પોતાને ગૌરવપૂર્વક શિસ્તપાલનના આગ્રહી માને છે. એક વાર એમણે પહેરેલાં બધાં જ કપડાં ખાદીનાં નહોતાં એમ લાગ્યું. મેં તો માન્યું હતું કે તેમણે બધાં જ કપડાં ખાદીનાં પહેર્યાં છે. પણ તે જ શહેરમાં તેમની સાથે રહેતા મિત્રો, જેઓ આ બાબતમાં વધુ જાણતા હતા, તેમણે મને આ મિત્રને કૉંગ્રેસના ઠરાવને માન આપવાની વાત સમજાવવા કહ્યું. તે મિત્રે નિખાલસપણે કબૂલ કર્યું કે તેમનાં પહેરવાનાં બધાં કપડાં શુદ્ધ ખાદીનાં નથી, પણ સાથે સાથે એમ પણ કહ્યું કે અત્યારે હું તમારી

Gandhi Heritage Portal

પાસે કૉંગ્રેસના કામે આવ્યો નથી. તેઓ ખાસ કરીને શિસ્તપાલનના આગ્રહી હતા એટલે તેમનું આ વધુ પડતું ઝીણું પીંજણ મારે માટે અણધારી વાત હતી. મારે એમની સાથે કોઈ અંગત સંબંધો નહોતા. તેઓ મારી સાથે જાહેર પ્રવૃત્તિઓની ચર્ચા કરવા આવ્યા હતા. એટલે મેં માન્યું કે તેઓ કૉંગ્રેસના અથવા તો જાહેર કામ માટે મને મળવા આવ્યા છે. પણ એ મિત્ર જુદું જ માનતા હતા અને બોલ્યા કે તેઓ મને કૉંગ્રેસના કામે મળવા આવ્યા નથી. મેં તેમને કહ્યું કે આવા ભ્રામક સૂક્ષ્મ ભેદો ઊભા કરવાને લીધે જ સ્વરાજપ્રાપ્તિના કાર્યક્રમને આપણે દૂર ઠેલીએ છીએ. મારા અભિપ્રાય પ્રમાણે કૉંગ્રેસના ઠરાવમાં એવી જોગવાઈ છે કે કોઈ અસાધારણ પરિસ્થિતિમાં ખાદી ન પહેરનાર સભ્યનું સભ્યપદ રદ ન થાય. પણ એનો અર્થ એવો નથી કે બધા પ્રસંગોએ ખાદી પહેરવાની સ્વાભાવિક જવાબદારીમાંથી સભ્યો છટકી જઈ શકે. જો નેતાઓ જ ખાદી ન પહેરવા માટે આવું વધુ પડતું ઝીણું પીંજણ કરે તો સામાન્ય માણસોને માટે ખાદીનો પોશાક પહેરવાનું અશક્ય બની જાય, સિવાય કે તે પરદેશી કાપડ કરતાં પણ સસ્તી મળતી થાય. પોતે પા ભાગનો પણ અમલ કરી શકે એટલા માટે તેઓ નેતાઓ પાસે સો ટકા અમલની અપેક્ષા રાખે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ७–५–१९२५

# ૨૧. બંગાળની નોંધ

## પહેલા વર્ગનું કલંક

[મે ૭, ૧૯૨૫]

ગુજરાત એમ માને છે કે તે બીજા પ્રાંતો કરતાં મારા શરીરની વધારે સારી સંભાળ રાખી શકે છે. એમ લાગે છે કે બંગાળ આ બાબતમાં જુદો અભિપ્રાય ધરાવે છે. બંગાળ કહે છે, "મારે સલૂન મારફતે પહેલા વર્ગમાં મુસાફરી કરવી જોઈએ." મને પહેલા વર્ગના સલૂનમાં બેસાડવામાં આવ્યો, તે બાબતના "કલંક" વિષે મેં સતીશબાબુને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે ફરીદપુરની સ્વાગત સમિતિ એને માટે જવાબદાર છે. તેમણે આના બચાવમાં બીજી દલીલ એ મૂકી કે રાતે ગાડી બદલવી ન પડે એ માટે સીધું જતું સલૂન પસંદ કરવામાં આવ્યું હતું. અને આવા સલૂનમાં પહેલા વર્ગનું ખાનું અનિવાર્યપણે હોય છે. રેલવેના સત્તાવાળાઓએ ઉદારતાથી બીજા વર્ગનું ભાડું લઈને પહેલા વર્ગની બેઠકો આપી હતી. વાચક એ વાત સમજી લે કે આખો ડબ્બો જોડવામાં આવે ત્યારે તેનું ઓછામાં ઓછું ભાડું બીજા વર્ગની દસ ટિકિટોના ભાડા જેટલું થાય છે. એમ કહેવામાં આવ્યું કે હું બંગાળમાં છું ત્યાં સુધી આ પ્રવાસના વ્યવસ્થાપકોની કોઈ પણ ભૂલચૂકને કારણે મારી તબિયતને આંચ ન આવે એ માટે આ બધું કરવું જરૂરી હતું.

મારો પોતાનો અભિપ્રાય એવો છે કે મને આ રીતે સુખશય્યામાં ફેરવવાની યોજના કરવામાં આવે તો મારો પ્રવાસ લાભદાયી નહીં નીવડે. મારે કાં તો શક્ય હોય ત્યાં સુધી કરોડો ગરીબ માણસોની માફક જીવવું જોઈએ અથવા પ્રવાસ કરવો જોઈએ, અગર તો જાહેર હિતમાં પ્રવાસ બંધ કરી દેવો જોઈએ. વાઈસરૉય સિમલાની પોતાની દુર્ગમ ટેકરીઓની ટોચ પર બેસીને હિંદના કરોડો લોકોના દિલ પર રાજ્ય ન કરી શકે, તેવી જ રીતે હું પહેલા વર્ગના ફક્ત

Gandhi Heritage Portal

બમણા જ નહીં પણ પાંચગણા ભાડાવાળા ડબ્બામાં પ્રવાસ કરીને કરોડો લોકો સુધી મારો સંદેશો પહોંચાડી ન શકું. વધુમાં વધુ, બીજા વર્ગની એક ટિકિટ લેવાય ત્યાં સુધી ખર્ચ સહન કરી શકાય. ઠાઠમાઠથી સજેલા પહેલા વર્ગના ખાનામાં મને બેઠેલો જોઈને ગરીબવર્ગ મને પોતાનામાંનો એક નહીં ગણી શકે. એટલે જ્યારે પણ તેઓ એ ડબ્બા પાસે આવતા ત્યારે બીતા બીતા અંદર ડોકિયું કરી લેતા. મને પણ તેમની તરફ જોઈને બેચેની જેવું થતું હતું. મારા શરીરને કદાચ વધારે આરામ મળ્યો હતો, પણ મારો આત્મા વ્યથિત હતો. મારી દૃઢ માન્યતા છે કે જ્યાં સુધી આપણે લોકોનાં દુ:ખોના સહભાગી થતા નથી, ત્યાં સુધી તેમના હૃદયમાં પ્રવેશ કરી શકતા નથી. મેં હમેશાં જોયું છે કે જ્યારે હું ત્રીજા વર્ગમાં મુસાફરી કરવા માટે અશક્ત થયો છું અથવા તો મને એમ લાગ્યું છે કે હું અશક્ત થયો છું, ત્યારે લોકોની સેવા કરવા માટેની મારી ઉપયોગિતા અરધોઅરધ ઘટી ગઈ છે. જો મેં કદી ત્રીજા વર્ગમાં મુસાફરી કરી ન હોત તો હું ગરીબો પ્રત્યેની સહાનુભૂતિ અને તેમની સાથેનું તાદાત્મ્ય સાધી શક્યો ન હોત. ત્રીજા વર્ગના પ્રવાસને હું મારા જીવનના અનુભવોમાંનો કીમતી અનુભવ ગણું છું. એટલે, મને લાગે છે કે મારે સામાન્ય બીજા વર્ગ કરતાં વધારે ઊંચા વર્ગનો પ્રવાસ ન કરવો જોઈએ. અને મારા મિત્રોને પણ હું કહીશ કે જો તેઓ એમ ઇચ્છતા હોય કે હું પ્રવાસ દ્વારા દેશની સેવા કરું, તો તેમણે પણ મારી આ મર્યાદાનો ભંગ કરવા મને લલચાવવો ન જોઈએ. જ્યારે હું બીજા વર્ગમાં પણ પ્રવાસ ન કરી શકવા જેટલો અશક્ત થઈ જાઉં, ત્યારે મારે પ્રવાસ દ્વારા સેવા કરવાનું બંધ કરી દેવું જોઈએ. ઈશ્વર આપણને સીધી ચેતવણી નથી આપતો. તે તો માત્ર સંકેત જ મોકલે છે અને જેઓ ઇચ્છે તેઓ તે વાંચી શકે છે. સ્વાગત સમિતિએ આ વખતે કરેલી વ્યવસ્થાને હું વીંખી નાખવા નથી ઇચ્છતો. પણ હવે પછી હું મારા મિત્રોને ચેતવું છું કે તેઓ મને પોતાના વધુ પડતા પ્રેમથી ગૂંગળાવે નહીં. અલબત્ત, તેઓ વિવેકપૂર્વક ઘટતી સાવચેતીઓ લે. પણ તેઓએ કંઈક તો ભગવાન ભરોસે છોડવું જોઈએ. હું પ્રવાસ ન કરું તેવી ઈશ્વરની ઇચ્છા હશે તો કોઈ પણ પ્રકારનાં સલામતીનાં પગલાં કામ આવવાનાં નથી. અને આ પ્રવાસ દ્વારા મારે સેવા કરવી એવી તેની ઇચ્છા હશે ત્યાં સુધી મારે માટે કંઈ પણ સાવચેતી રાખવામાં નહીં આવે તોપણ મને કશું થવાનું નથી. વળી, હું મારા મિત્રોને એ ખાતરી પણ આપવા માગું છું કે મને પણ મારા શરીરની એટલી કાળજી તો છે જ કે જે ચીજોને હું શરીર માટે જરૂરી ગણું છું તેની હું અવગણના નથી કરતો. એ ઉપરાંત, મારે કૃતજ્ઞબુદ્ધિથી એ પણ કહેવું જોઈએ કે ગુજરાત સુધ્ધાં કોઈ પ્રાંતે બંગાળ જેટલો પ્રેમ મારા પર વરસાવ્યો નથી, કોઈ પણ પ્રાંત મને પરાયો લાગ્યો નથી; બંગાળ તો જરાય નહીં. આને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

### દુષ્કૃત્યની યોગ્ય શિક્ષા

સ્વાગત સમિતિએ જોકે મારાં સુખસગવડ માટે હદ બહારની તકેદારી રાખી હતી, છતાં ઈશ્વરની ઇચ્છા કંઈક જુદી જ હતી. ફરીદપુરની મારી મુસાફરી દરમિયાન આરામ માટેની મારી આખી રાત એકેએક સ્ટેશન પર એકઠાં થયેલાં ટોળાંઓએ બગાડી હતી. દર્શન માટેની માગણીનું બુમરાણ મચી રહેતું. આ અંધ પ્રશંસકોને શાંત કરવા માટે મારા સાથીઓએ ઘણા પ્રયત્નો કર્યા પણ તે વ્યર્થ નીવડયા. મારા થાકેલા શરીરને આરામ આપવા માટે તેમણે વ્યર્થ કાલાવાલા કર્યા. "આલો, આલો," એટલે પ્રકાશ, પ્રકાશ અને " —ની જય"થી આખું વાતાવરણ ગાજી રહ્યું હતું અને ટ્રેનના ઊંઘતા ઉતારુઓને ત્રાસ થતો હતો. ટોળાંઓને આ ઉતારુઓની પણ પરવા નહોતી. હું મક્કમ રહ્યો. મારું મહાત્માપણું ચાલી જવાને જોખમે પણ હું મારી પથારીમાંથી

Gandhi Heritage Portal

બેઠો ન થયો. આવા ઉન્મત્ત અને અર્થહીન પ્રેમને વશ થવું એને હું ગુનો માનતો હતો. એ વાતમાં કોઈ શક નથી કે આપણને લોખંડી શિસ્તની જરૂર છે. વ્યક્તિ કે દેશ પ્રત્યેનો આપણો પ્રેમ વિવેકપૂર્ણ હોવો જોઈએ. જ્યાં સુધી આપણે એને સંયમમાં નહીં રાખી શકીએ ત્યાં સુધી તે નિષ્ફળ જ નીવડશે. એટલું જ નહીં પણ કોઈ વાર અણધાર્યા વિસ્ફોટોને પરિણામે તે નુકસાન કરી બેસશે. દરેક ગામમાં મૂંગા, નિરભિમાની ને બુદ્ધિમાન કાર્યકર્તાઓ હોવા જોઈએ. આવા લોકો પ્રજામાં રહેલ ભક્તિભાવનું, દેશ માટેની સાચી શક્તિમાં રૂપાંતર કરશે. જે સુંદર કામ કરે છે તે સુંદર છે! સાચો પ્રેમ આવા મધરાતના પોકારોમાં નહીં પણ શાંતિપૂર્ણ રાષ્ટ્રીય કાર્યમાં પ્રગટ થશે. માર્ગમાં આવતાં વચમાંનાં સ્ટેશનોએ બધા લોકો મને કે બીજી પૂજનીય વ્યક્તિઓને જોઈ શકવાના નથી. પણ તે બધા તેમની આ યાત્રાના પ્રસંગે એમનામાં રહેલી આળસ ખંખેરી નાખી શકે ને વધારે કામ કરી શકે.

## પાગલ બંગાળીઓ

બંગાળીઓ પાગલ છે. દેશબંધુ દાસ પોતાનું મહેલ જેવું ઘર રાષ્ટ્રીય કાર્ય માટે ટ્રસ્ટીઓને અર્પણ કરી દે છે. હું જાણું છું કે એ મકાન પર થોડું દેવું છે. પણ જો દેશબંધુએ ધાર્યું હોત તો તેઓ પોતાની બાદશાહી વકીલાત ફરી ચાલુ કરીને એક વર્ષમાં તે ભરપાઈ કરી દઈ શક્યા હોત. આ વિશાળ મહેલમાં પ્રવેશ કરતાં મારા મનમાં શોકની છાયા ફરી વળી ને મારી આંખ ભીની થઈ. એક ફિલસૂફ તરીકે હું સમજું છું કે આ મકાનનો ત્યાગ કરીને તેમણે પોતાના પરનો બોજો ઉતાર્યો છે. પણ એક દુન્યવી માણસ તરીકે હું એ પણ સમજું છું કે કરોડો માણસો આવો બોજ આનંદથી ઉઠાવે છે. અને આવા બોજારૂપ થાય એટલાં મોટાં મકાનોમાં રહેવામાં પણ સુખ અનુભવે છે. મેં આ મકાનમાં પ્રવેશ કર્યો, અને જે ઓરડામાં હજુ ગઈકાલ સુધી તો હિંદના મહાન સેવક રહેતા હતા, તેમાં પ્રવેશ કરતી વખતે હું મારા મનને કાબૂમાં ન રાખી શક્યો. પણ તેમનું ગાંડપણ એટલેથી જ અટકતું નથી. તેઓ બીમાર છે, અશક્ત છે. માંડ માંડ બેસી શકે છે. પોતાની બેઠકમાંથી માંડમાંડ ઊભા થઈ શકે છે. તેમનો અવાજ ધીમો પડી ગયો છે. તેમ છતાં તેઓ પ્રમુખની કામગીરી બજાવે છે. અને તે પ્રશંસાની તાળીઓ માટે નહીં, પણ સેવા માટે. વિષયવિચારિણી સમિતિમાં રાત્રે મોડે સુધી તેઓ બેસી રહે છે. પોતાની સ્થિતિ વિષે સ્પષ્ટ ખુલાસો કરવાની જરૂરિયાત જે લોકો સમજવા માગતા નથી અથવા સમજી શકતા નથી તેમની સાથે તેમણે દલીલો કરવી જ રહી.

પણ આવા પાગલ બંગાળી તેઓ એકલા જ નથી. મહાન આચાર્ય રાય પણ છે. પોતાની જાતને સાવ ભૂલી જઈને તે વ્યાખ્યાનના મંચ પર નાચવા લાગી જાય છે. તેઓ એક વાર એક પગ પછાડે છે તો બીજી વાર બીજો. માત્ર બંગાળી જાણનાર શ્રોતાગણ સમક્ષ તદ્દન બિનજરૂરી રીતે તેઓ અંગ્રેજીમાં વ્યાખ્યાન કરવા મંડી પડે છે, બીજાઓ પોતાને વિષે શું ધારશે તેની તેમને પરવા નથી. તેઓ તો પોતાની જ ધૂનમાં મસ્ત હોય છે. અને તેમને ઓળખતો ન હોય તેવો માણસ, તેઓ આ જગતના એક મહાન વૈજ્ઞાનિક છે, એ વાત કેમ માની શકે? હજી તેમને પોતાની સાયન્સ કૉલેજ પ્રત્યે પ્રેમ છે. તેઓ તેને માટે પોતાના ખુદ પ્રાણ રેડી રહ્યા છે, પણ તેઓ ખાદીઘેલા છે. ખાદી અને વિજ્ઞાન માટે તેમને એકસરખો પ્રેમ છે. અથવા કદાચ તેઓ ખાદીને વૈજ્ઞાનિક સંશોધનનું જ એક ફળ ગણે છે. એ ભલે ગમે તે હોય, પણ જે માણસ કુદરત પાસેથી કીમતી રહસ્યો મેળવવા માટે અત્યંત નાજુક વૈજ્ઞાનિક સાધનો સાથે

Gandhi Heritage Portal

કામ પાડી રહ્યો હોય, તે રેંટિયો કાંતવામાં મંડી પડે તો તે પાગલ જ ગણાય ને! હું આવા અનેક પાગલ બંગાળીઓનાં નામો ચોક્કસ ગણાવી શકું એમ છું. પણ વાચકોએ આ બે જ્વલંત ઉદાહરણોથી જ સંતોષ માનવો રહ્યો.

### તેની પાછળ કંઈ નથી

પણ વળી પાછા મારે દેશબંધુની વાત પર આવવું રહ્યું. ઘણા લોકોએ મને પૂછ્યું છે કે "તેમના જાહેર નિવેદન પાછળ શું છે?" એ પ્રશ્ન પૂછનારાઓ વતી મેં તેમને પૂછ્યું તો તેમનો જવાબ મક્કમ અને લાક્ષણિક હતો.

> એ જાહેર નિવેદનની પાછળ કશું જ નથી. એની આગળ પણ કશું નથી. મારું જાહેર નિવેદન અને મારું વ્યાખ્યાન યુરોપિયન મિત્રોના પડકારના જવાબરૂપે છે. મેં તેમને વારંવાર કહ્યું છે કે હું હિંસાને ધિક્કારું છું. હું માનું છું કે ભારતને અહિંસાથી જ સ્વાતંત્ર્ય પ્રાપ્ત થઈ શકે તેમ છે. તે પછી તેમણે મને આ વાત મક્કમ અને સ્પષ્ટ ભાષામાં જાહેરમાં પ્રગટ કરવા કહ્યું. મને તેમાં વાંધો કે આનાકાની નહોતાં. મારા જાહેર નિવેદનનો તથા વ્યાખ્યાનનો આ ઈતિહાસ છે, મેં તેમાં ક્રાન્તિવાદીઓની હિંસાની તથા સરકારી દમન, જે હિંસાનું જ બીજું નામ છે તેની, એકી સાથે નિંદા કરી છે. એક સ્વમાની મનુષ્ય તરીકે કઈ શરતો પર હું સહકાર કરી શકું, તે પણ મેં તેમાં જણાવ્યું છે. 'કોઈ પણ બુદ્ધિમાન માણસ આ બંનેને સ્વસ્થ ચિત્તે તપાસે. જો તેને એ શરતોમાં અથવા મારી પરિસ્થિતિ સ્પષ્ટ કરતા નિવેદનમાં કંઈ દોષ જણાય તો તે તરફ મારું ધ્યાન ખેંચે. હવે પછીનું પગલું ભરવાનું કામ યુરોપિયનો તથા સરકારને માથે રહે છે.

દેશબંધુની સ્થિતિ હું આ પ્રમાણે સમજ્યો છું. તેને હું તેમની ભાષામાં રજૂ નથી કરી શક્યો. પણ મેં તેમના વિચારોને મારા શબ્દોમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. વ્યાખ્યાન ધ્યાન ખેંચાય એટલું ટૂંકું, સ્પષ્ટ અને સમતોલ છે. કોઈની લાગણીઓ ન દુભાય, તે માટે તેમાં કાળજીપૂર્વક પ્રયત્ન કરવામાં આવ્યો છે. હિંસા પ્રત્યેની તેમની નફરત એટલી ઉગ્ર છે કે તે વિષે કોઈ શંકા ઉઠાવી શકે એમ નથી. આ નિવેદનના સમર્થનમાં મને કંઈ ઉમેરવાનું કહેવામાં આવે તો હું તેમાંના એક પણ શબ્દનો કે વાક્યરચનાનો ફેરફાર ન કરું. મારા મત પ્રમાણે તો, તેમણે અંગ્રેજો તથા આપણી વચ્ચેની ખાઈ પર અક સોનેરી સેતુ બાંધ્યો છે. તેઓ ઈચ્છે તો તેનો ઉપયોગ તેઓ કરી શકે એમ છે.

### ઠરાવો

ઠરાવો મુખ્યત્વે વ્યાખ્યાનના સારરૂપે છે. આમાંના કેટલાક ઠરાવો વિષે વિષયવિચારિણી સમિતિમાં મતભેદો હતા. એ કારણે આ ઠરાવોની ઉપયોગિતા વિષે શંકાઓ પ્રગટ કરવામાં આવી છે. મતભેદો જરૂર હતા. પણ મારા અભિપ્રાય પ્રમાણે, આ હકીકતને કારણે એ ઠરાવોનું મહત્ત્વ ઓર વધી જાય છે. પૂરી ચર્ચાવિચારણાને અંતે આ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. મત-ભેદો બહાર આવે એ વિકાસનું શુભ લક્ષણ છે; તેનો અમલ કરવાની અશક્તિની નિશાની તો કદી નહીં.

### ખાદીની શક્યતાઓ

બંગાળમાં ખાદીનો ખૂબ ફેલાવો થયો છે, એ હકીકત મારે માટે નવી જ હતી. ફરીદપુરમાં ભરાયેલું ખેતીવાડી અને ઔદ્યોગિક પ્રદર્શન મોટે ભાગે તો ખાદીનું જ પ્રદર્શન હતું. ખાદીને માટે પ્રદર્શનનો માત્ર એક ખૂણો જ રાખવામાં આવ્યો નહોતો. પ્રદર્શનમાં રજૂ થયેલ તમામ

Gandhi Heritage Portal

વસ્તુઓને તે ઢાંકી દેતી હતી. તેમાં ઘણા વણકરો હતા. કેટલાક કલાત્મક ભાતો વણી રહ્યા હતા. પણ બધા જ હાથે કાંતેલુ સુતરાઉ કે રેશમી સૂતર વણી રહ્યા હતા. શ્રીરામપુરની સરકારી ઔદ્યોગિક સંસ્થાએ પણ પોતાના કારીગરો મોકલ્યા હતા. તેઓ હાથથી શણ કાંતવાની ક્રિયા કરી બતાવતા હતા. એ સિવાય શણ પર થતી બીજી પ્રક્રિયાઓ પણ તેઓ બતાવતા હતા. શણ એ બંગાળનો સૌથી મોટો ઉદ્યોગ છે એટલે તેને હાથથી કાંતવાની પ્રવૃત્તિ ઘણાં કુટુંબોને એક સ્વમાનભર્યો વ્યવસાય પૂરો પાડી શકે. અત્યારે તો શણને જે શરતોએ ખેતરમાંથી સીધું જ મિલમાં મોકલી દેવામાં આવે છે, તે કહેવાય છે કે શણ ઉગાડનારા ખેડૂતોના કોઈ ફાયદામાં નથી. બંગાળમાં થતું રૂનું એકંદર કાંતણકામ આંધ્ર કરતાં ઊંચા પ્રકારનું છે. પ્રદર્શનમાં યોજવામાં આવેલી કાંતણ હરીફાઈમાં ઐચ્છિક કાંતનારાઓએ જે કુશળતા બતાવી તે કદાચ બીજે જોવા ન મળે એવી હતી. ત્યાં રજૂ કરવામાં આવેલા ખાદીના નમૂનાઓ આંધ્રના ઉત્તમ નમૂનાઓ સાથે ટક્કર ઝીલે તેવા હતા. વધારે સારી વ્યવસ્થા કરવામાં આવે તો એકાદ વરસમાં બંગાળ, સૂતરના આંકમાં પણ આંધ્રને પાછળ પાડી શકે. આ બાબતમાં બીજો કોઈ પ્રાંત બંગાળ સાથે સ્પર્ધા કરી શકે એમ નથી.

ફરીદપુરના પ્રદર્શનમાં ગોઠવાયેલી હરીફાઈને જ ધોરણે ખાદી પ્રતિષ્ઠાન તરફથી મિરઝાપુર પાર્કમાં એક બીજી કાંતણ હરીફાઈ ગોઠવવામાં આવી હતી. નકીપુરના રાય યતીન્દ્રનાથ ચૌધરી અને પ્રસિદ્ધ કવયિત્રી શ્રીમતી કામિની રૉયે પણ આમાં ભાગ લીધો હતો. બાબુ શ્યામસુંદર ચક્રવર્તી તથા પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી સતીશબાબુ પણ તેમાં હતા. એટલું જ નહીં પણ ડૉ. રાયે પોતે પણ એમાં ભાગ લીધો હતો. તેઓ બાર આંક ઉપરનું એકસરખું સૂતર તો કાંતતા થઈ જ ગયા છે. તેઓ મને કહે છે કે રેંટિયાએ તેમના દિલ પર કબજો જમાવ્યો છે. અને તેમને કાંતવામાં ખૂબ આનંદ આવે છે. આ હરીફાઈમાં લગભગ ૧૮૦ કાંતનારાઓએ ભાગ લીધો હતો. હિંદુસ્તાનના કોઈ પણ ભાગમાં એકી સાથે ઉચ્ચ મધ્યમવર્ગનાં આટલાં બધાં સ્ત્રીપુરુષો આવાં પ્રદર્શનોમાં ભાગ લે અને કાંતણમાં આટલી કુશળતા બતાવે એવું ભાગ્યે જ જોવા મળે. મારે એ પણ નોંધવું જોઈએ કે ઘણા સ્વરાજવાદીઓ પણ નિયમિત રીતે ને ઉત્સાહથી કાંતે છે. ફરીદપુરનાં મારાં યજમાન બહેન ચુસ્ત સ્વરાજવાદી બાબુ સુરેશ બિશ્વાસનાં પત્ની છે. તે પોતે સુંદર કાંતે છે. તે તથા તેમનાં બાળકો રેંટિયામાં શ્રદ્ધા ધરાવે છે. તે બહેન પોતાનો ફાજલ સમય રેંટિયા પાછળ આપે છે. મને કહેવામાં આવ્યું છે કે આજથી શરૂ થતી મારી મુસાફરી (હું આ નોંધ કલકત્તામાં તા. ૭મી મેએ લખી રહ્યો છું) દરમ્યાન બંગાળના ખાદીકામનાં આથી વધુ સારાં પ્રદર્શનો હું જોઈ શકીશ. બંગાળ જો ધારે તો બીજાં અનેક ક્ષેત્રોની જેમ ખાદીમાં પણ દેશને દોરવણી આપી શકે, એમાં શંકા નથી. બંગાળ પાસે નિપુણતા છે, તેનામાં ઊંચી કલ્પનાશક્તિ છે. તેની પાસે કવિતા છે, તેનામાં આત્મત્યાગ છે, તેનામાં જરૂરી એવું હસ્તકૌશલ્ય પણ છે. તેની પાસે સાધનસામગ્રી પણ છે. આટલા બધા ગુણોમાં તે ખાદીકામ કરવાની સંકલ્પશકિત ઉમેરે તો કેવું સારું! ઈશ્વર તેને એ શક્તિ આપો.

### બરાકપુરના સંત

સર સુરેન્દ્રનાથ બૅનરજીને[1] બરાકપુરના તેમના નિવાસસ્થાને મળવાની તક મને મળી. મેં સાંભળ્યું હતું કે તેઓ બીમાર પડયા છે અને તેમના ખડતલ શરીર પર વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો

૧. ૧૮૪૮–૧૯૨૫; ૧૮૯૫ અને ૧૯૦૨માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ; –ત્યાર બાદ મૉડરેટ પક્ષના એક નેતા; 'નેશન ઇન મેકિંગ'ના લેખક.

Gandhi Heritage Portal

દેખાવા લાગ્યાં છે. એટલે હું તેમના પ્રત્યે આદરભાવ દર્શાવવા આતુર હતો. જોકે તેઓ મારી કેટલીક પ્રવૃત્તિઓ પસંદ ન કરતા હોય, છતાં તેમના પ્રત્યેનો આધુનિક બંગાળના ઘડવૈયા તરીકેનો અને હિંદના રાજકારણના ભીષ્મપિતા તરીકેનો મારો આદરભાવ જરાયે ઓછો થયો નથી. મને એ કાળ બરાબર યાદ છે કે જ્યારે દેશનો કેળવાયેલો જુવાનવર્ગ તેમનો પડચો બોલ ઝીલી લેતો. એટલે બરાકપુરની યાત્રા મેં ખૂબ જ આનંદ સાથે આવકારી. સર સુરેન્દ્રનું આલિશાન મકાન નદીના કાંઠા પર સુંદર દૃશ્યો વચ્ચે આવેલું છે. આસપાસ સંપૂર્ણ શાંતિ છે. ગીચ વસ્તીવાળા કલકત્તા શહેરમાં આખો દિવસ ખૂબ પરિશ્રમ કર્યા પછી સાંજે આવા શાંત આરામગૃહમાં જવાથી તેમને કેટલી નિરાંત રહેતી હશે, તે સમજી શકાય તેમ છે. મેં ધાર્યું હતું કે તેઓ પથારીવશ અને ચિંતાતુર હશે, પણ મેં જોયું કે પોતાની જગ્યાએથી ઊભા થઈને તેમણે ટટ્ટાર શરીરે મને ખૂબ જ ભાવપૂર્વક આવકાર આપ્યો અને એક યુવાનની સ્ફૂર્તિથી તેઓ મારી સાથે વાતો કરવા લાગ્યા. વાતચીત દરમિયાન તેમણે મને કહ્યું કે તેમની યાદદાસ્ત હજી એવી ને એવી તેજ છે. એમણે કહ્યું કે હજી હું મારા બાળપણના પ્રસંગો પણ આલેખી શકું છું. હમણાં જ પ્રગટ થયેલાં તેમનાં સંસ્મરણો છેલ્લાં નવ વરસના ગાળામાં લખાયેલાં છે. તેમણે મને પોતાના પુસ્તકની આખી સુંદર હસ્તપ્રત તેમને શોભે તેવા ગર્વથી બતાવી. આખું લખાણ ખૂબ જ વ્યવસ્થિત રીતે અને સ્પષ્ટ, મોટા અક્ષરોમાં ઠરેલી કલમે લખાયેલું હતું. સર સુરેન્દ્રનાથ અત્યારે ૭૭ વરસની ઉંમરના છે, પણ પંડિત માલવિયાજીની[1] માફક તેમને પોતાની જાતમાં વિશ્વાસ છે. તેમણે કહ્યું, "મારે માટે મેં એકાણું વરસની મર્યાદા આંકી છે. અને ત્યાં સુધી હું મારી આજની શક્તિ ટકાવી રાખવાની આશા રાખું છું." તેઓ શું વાંચે છે એવું પૂછતાં તેમણે મને કહ્યું કે હું મારાં સંસ્મરણોમાં સુધારાવધારા કરી રહ્યો છું કારણ, એક વરસમાં તેની બીજી આવૃત્તિ બહાર પાડવાની હું અપેક્ષા રાખું છું. તેમની આસપાસ જે કંઈ બની રહ્યું છે, તેમાં તેઓ જીવંત રસ લે છે. હું બંગાળ છોડું તે પહેલાં ફરી મળવાનું વચન તેમણે મારી પાસે લીધું છે. તેમણે મને કહ્યું, "જો તમને બરાકપુર સુધી આવવાનો વખત ન મળી શકે તો મારે તમારી પાસે આવવું જ જોઈએ." મેં કહ્યું, "તમને એવો શ્રમ આપવાનો મારાથી વિચાર જ ન થાય. હું અચૂક તમને મળવા માટેનો સમય કાઢીશ." સર સુરેન્દ્રનાથ અત્યાર સુધી તેમની શક્તિ જાળવી રાખી શકચા છે તે તેમની નિયમિત ટેવોને કારણે છે. કોઈ પણ કામ તેમને કલકત્તામાં રાતવાસો કરવા રોકી શકતું નહીં. એમ કહી શકાય કે બરાકપુર આવવા માટેની છેલ્લી ગાડી તેઓ કદી ચૂકચા નથી. હિંદની સેવા માટે તનતોડ પરિશ્રમના જેટલી જ આ નિયમિતતા જરૂરી છે એમ તેઓ કહે છે.

## તદ્દન જુદું ચિત્ર

ઈશ્વરનો પાડ માનો કે ગરીબો હમેશાં મારી સાથે છે. તેમણે મને મોટા માણસના બંગલે આવી શોધી કાઢચો. એમનામાંના એક નમ્ર બિહારી કારકુન હતા. તે ઇચ્છતા હતા કે હું એમને ઘેર જાઉં. ત્યાં તે છ રેંટિયા ચલાવે છે અને ગરીબ માણસોને ખાદી વેચે છે. તેમની આ માગણી પાછી ઠેલી શકાય એવી નહોતી. અમે તેમના તદ્દન સામાન્ય રહેઠાણ પર પહોંચ્યા. તે

૧. મદનમોહન માલવિયા (૧૮૬૧–૧૯૪૬); કોંગ્રેસના પ્રમુખ તરીકે ચાર વખત ચૂંટાયા; બનારસ હિંદુ યુનિવર્સિટીના સ્થાપક; લેખક તથા પાર્લમેન્ટના સભ્ય; ગોળમેજી પરિષદ અને ઇમ્પીરિયલ લેજીસ્લેટિવ કાઉન્સિલના સભ્ય.

Gandhi Heritage Portal

વૉટરવર્કર્સના મજૂરો માટેની ચાલીમાં આવેલું હતું. પોતે તથા પોતાના મિત્રો જે રેંટિયા ચલાવતા હતા, તે તેમણે અમને બતાવ્યા, ને સારી રીતે ગોઠવેલા ખાદીના તાકા પણ બતાવ્યા. આ બધી ખાદી બિહારમાંથી આવેલી હતી. મેં પૂછ્યું, "તમે સ્થાનિક ઉત્પન્ન થયેલી ખાદી કેમ મેળવતા નથી?" તેમણે કહ્યું "હું બિહારમાં ખાદીનો જે વધારાનો માલ છે, તે ખપાવવામાં મદદ કરું છું." તેમણે એ પણ કહ્યું કે "આમાંથી હું કંઈ જ નફો લેતો નથી." આ નાનકડો ભંડાર ચલાવવા માટે અહીંના મજૂરો પોતાના પગારમાંથી એક એક પૈસો ખિસ્સાખરચીમાંથી બચાવીને કાઢી આપે છે. તે આ મજૂરોમાં લગભગ ૨૫૦૦ રૂપિયાની શુદ્ધ ખાદી વેચે છે. આ મજૂરો મોટા ભાગે બિહારના અથવા તો તેને અડીને આવેલા ઉત્તર પ્રદેશના વતની છે. રેંટિયા અને ખાદીમાં લોકોના જીવનમાં પ્રવેશવાની કેટલી શક્તિ છે તેનો આપણને ખ્યાલ નથી. હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં મને આ મહાન કાર્યક્રમમાં પોતાનો નમ્ર ફાળો આપી રહેલા આવા અજાણ્યા, પોતાની મેળે જ કામ ઉપાડી લેનારા પ્રામાણિક યુવાનો જોવા મળે છે. દેશની જનતાને સહેલાઈથી અને આરામથી થઈ શકે એવું કામ પૂરું પાડીને આ કાર્યક્રમ તેમની ભીંસી નાખતી ગરીબાઈની સમસ્યાને ઉકેલવામાં સફળ થવાનો જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४–५–१९२५

## ૨૨. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર

કલકત્તા,
મે ૭, ૧૯૨૫

પ્રિય ગુરુદેવ,[1]

સુનીતિદેવી મને કહે છે કે તે આપની ૬૪મી જન્મતિથિના ઉત્સવમાં ભાગ લેવા માટે બોલપુર જાય છે. આવતી કાલે આપના સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુષ્ય માટે જે અનેક શુભેચ્છાઓ અને પ્રાર્થનાઓ મોકલાશે તેમાં હું મારી પણ ઉમેરી શકું?

ઍન્ડ્રૂઝે મને તેના એક પત્રમાં લખ્યું છે કે આપની તબિયત બરાબર રહેતી નથી. મને આશા છે કે હવે આપ વધારે સ્વસ્થ હશો.

આપનો
મો. ક. ગાંધી

સર રવીન્દ્રનાથ ટાગોર
શાંતિનિકેતન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૪૬૨૮

૧. ૧૮૬૧–૧૯૪૧; કવિ અને લેખક; ૧૯૧૩માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મેળવ્યું; શાંતિનિકેતન અને પાછળથી વિશ્વભારતીના નામે જાણીતી થયેલી સંસ્થાના સ્થાપક.

Gandhi Heritage Portal

# ૨૩. બુદ્ધ જયંતી પ્રસંગે ભાષણ[૧]

કલકત્તા,
મે ૭, ૧૯૨૫

પ્રાર્થનાની પૂર્ણાહુતિનું પ્રવચન કરતાં મને આનંદ થાય છે. અલબત્ત, આનાથી સમારંભનો અંત આવતો નથી. ડૉ. ધર્મપાલે આ પ્રાર્થનામાં દયાધર્મનો ઉલ્લેખ કર્યો છે,[૨] અને પૂર્ણાહુતિનું પ્રવચન કરવાનું મારા ઉપર નાખીને એમણે મારા શિરે મોટો બોજ મૂક્યો છે. મને લાગે છે, એ ઉપાડવા હું લાયક નથી. ગઈ સાલ પણ મેં આનાકાની કરી હતી. મારી માંદગી પછી હું શક્તિ મેળવી રહ્યો હતો ત્યારે નટરાજને મને પથારીમાંથી બેઠો કર્યો અને એ વખતના જયંતીના સમારંભનું[૩] પ્રમુખસ્થાન લેવા સૂચવ્યું; એમને માટે મને બહુ ઊંડી લાગણી છે એટલે હું એને અવગણી શક્યો નહીં. હું જાણતો હતો કે હિંદુસ્તાનમાં આવા સમારંભોમાં ભાગ લેવાનું મને વર્ષોવર્ષ કહેવામાં આવશે. તદનુસાર આ વષ કલકત્તામાં પણ એમ જ બન્યું.

એક નવાઈ જેવું છે કે દુનિયાના બધા જ ધર્મના માણસો મને પોતાનો સમજે છે. જૈનો મને જૈન માને છે. કેટલાય બૌદ્ધો મને બૌદ્ધ માને છે. એવા સેંકડો ખ્રિસ્તીઓ છે કે જેઓ એમ માને છે કે હું ખ્રિસ્તી છું. અને કેટલાક ખ્રિસ્તી મિત્રો તો એમ પણ કહે છે કે "અમે જાણીએ છીએ કે તમે ખ્રિસ્તી છો પણ ડરના માર્યા તમે એ કબૂલ કરતા નથી, પણ તમે શા માટે ખુલ્લંખુલ્લા કહેતા નથી કે 'હું ખ્રિસ્તી છું અને પ્રભુ જિસસનું સામ્રાજ્ય સ્વીકારું છું?'" ઘણા મુસલમાન ભાઈઓ મને મુસલમાન માને છે. હું એવો નથી તોયે એ લોકો કહે છે કે હં મુસલમાન થવાની તૈયારીમાં છું.

આ બધાથી મને આનંદ થાય છે. અને આ બધું, મારા તરફનાં પ્રેમ અને લાગણી દર્શાવે છે એમ હું માનું છું. હું પોતે તો મારી જાતને એક અતિ નમ્ર હિંદુ માનું છું. હિંદુ ધર્મનો હું જેમ જેમ વધુ અને વધુ ઊંડો અભ્યાસ કરું છું તેમ તેમ મને લાગતું જાય છે કે એ, આખા વિશ્વ જેટલો વિશાળ છે અને સમગ્ર દુનિયામાં જે કાંઈ સારું છે તેનો પોતાનામાં સમાવેશ કરે છે. તેથી જ હું ઈસ્લામની સેવાને વખાણું છું અને એનાં ગુણગાન ગાઉં છું; અને બીજા ધર્મો વિષે પણ એમ જ કહું છું. અને છતાં મને મારો અંતરાત્મા કહે છે કે એ બધું છે તોયે હું હિંદુ મટી જતો નથી.

બૌદ્ધ ધર્મ વિષે ચાલીસ વર્ષ પહેલાં મેં સાંભળ્યું હતું. સાડત્રીસ વર્ષ પહેલાં જ્યારે હું વિલાયત ગયો ત્યારે તો હું છોકરા જેવો હતો. એ વખતે મારા હાથમાં સૌથી પહેલું ઉમદા પુસ્તક—લાઈટ ઑફ એશિયા—હતું. ત્યાર અગાઉ દુનિયાના કોઈ ધર્મ વિષે વાંચ્યું નહોતું—હિંદુ ધર્મ વિષે પણ નહીં. હિંદુ ધર્મ વિષે જે કાંઈ હું જાણતો હતો તે મારાં માબાપે મને જે શીખવ્યું હતું તે હતું; અને તે પણ સીધેસીધું નહીં પણ એમના આચારમાત્રથી. અને થોડુંક

૧. મહાબોધિ સોસાયટીને આશ્રયે બુદ્ધવિહારમાં ઊજવાયેલી બુદ્ધ જયંતીના પ્રમુખસ્થાને ગાંધીજી હતા.

૨. પ્રથમ, સોસાયટીના જનરલ સેક્રેટરી બુદ્ધના ઉપદેશ વિષે અને બંગાળમાં બુદ્ધનું કાર્ય તેઓ કેવી રીતે આગળ ધપાવતા એ વિષે બોલ્યા.

૩. જુઓ પુસ્તક ૨૪, પા. ૭૮–૯.



Gandhi Heritage Portal

મને રામરક્ષા શીખવનાર બ્રાહ્મણ પાસેથી શીખ્યો હતો. લાઈટ ઑફ એશિયા વાંચ્યું ત્યારે ધર્મ વિષે મને આટલું અલ્પ જ્ઞાન હતું.

આ પુસ્તક હાથમાં આવતાં મેં એનું પાનેપાનું વાંચ્યું. હું સાહિત્યનો અભ્યાસી નહોતો છતાં એ વાંચી જતાં હું મારી જાતને રોકી શક્યો નહીં. અને મારા મનથી એને માટે આભાર માન્યો. દક્ષિણ આફ્રિકામાં વકીલાત શરૂ કર્યા પછી ફરીથી મેં એ પુસ્તક વાંચ્યું. એ વખત બીજા ધર્મો વિશે પણ મેં કેટલુંક વાંચ્યું. બીજી વખત વાંચવા છતાં મારો આદર ઘટ્યો નહીં — કદાચ એમાં રહેલા બોધને લીધે વધ્યો હશે. આ સિવાય, બૌદ્ધ ધર્મ વિશે બીજું કાંઈ મેં વાંચ્યું નથી. યરવડા જેલમાં હતો ત્યારે થોડુંક વધુ વાચન થયું.

પણ આ સમારંભમાં પ્રમુખસ્થાન લેવા માટે મને કેમ કહેવામાં આવ્યું એની મને ખબર છે. મહાવીરની વાત હોય, બુદ્ધની વાત હોય, કે ક્રાઈસ્ટની વાત હોય — મારી અલ્પ શક્તિ અનુસાર, એ લોકોનો ઉપદેશ મારા જીવનમાં ઉતારવા હું પ્રયત્નવાન છું. ઘણા મિત્રો માને છે કે હું મારા જીવનમાં બુદ્ધનો ઉપદેશ ઉતારું છું. હું એ સ્વીકારું છું અને કબૂલ કરું છું કે એ માટે મારાથી બને એટલો પ્રયત્ન કરું છું. બૌદ્ધ ધર્મ પાળનારાથી અને ઘણા હિંદુઓથી પણ હું જુદો મત ધરાવું છું કે આ બંને ધર્મો વચ્ચે તાત્ત્વિક તફાવત નથી. મારો એવો અભિપ્રાય છે કે બુદ્ધે પોતે પોતાના જીવનમાં સાચો હિંદુ ધર્મ ઉતાર્યો છે. અલબત્ત, એ સુધારક હતા — સત્યાગ્રહી સુધારક હતા. એ સુધારા માટે એ ખૂબ ઉત્સુક હતા અને માનતા કે જરૂરી સુધારા કરવા માટે ચૂકવવી પડતી કિંમતની કોઈ વિસાત નથી. સ્વાર્થથી આંધળા બનેલા બ્રાહ્મણોએ એનો વિરોધ કર્યો, પણ જનસમુદાય, મંતવ્યોની ખોટીખોટી ચર્ચાઓમાં પોતાનો સમય બગાડવા માગતો નહોતો. એ તો મંતવ્યોને કાર્યમાં ઉતારવા માગતો હતો. એનામાં સામાન્ય બુદ્ધિ હતી અને તેથી એણે બ્રાહ્મણોમાંથી જેઓ ધર્મગુરુઓના સ્થાને હતા તેમને અવગણ્યા — એટલે કે સ્વાર્થવૃત્તિને અવગણી. ધર્મનો સાચો અર્થ સમજાવનાર બુદ્ધને અપનાવતાં એમને વાર ન લાગી. હું પોતે પણ જનસમુદાય પૈકીનો એક છું, અને એમની વચ્ચે રહું છું. એટલે, બૌદ્ધ ધર્મ એટલે હિંદુ ધર્મને કાર્યમાં ઉતારવો તે, એવું માનનારો છું.

કેટલાક ભણેલાને બૌદ્ધ ધર્મના તદ્દન સીધા અને સરળ સિદ્ધાંતોથી સંતોષ થતો નથી. એમને એમની બુદ્ધિ સંતોષાય એવું જોઈએ છે. આ ધર્મમાં એમને એ ન દેખાયું એટલે એઓ નાસીપાસ થયા. પણ ધર્મ તો મુખ્યત્વે હૃદયની વાત છે. જે માણસ ધર્મ વિષે બૌદ્ધિક અભિમાનથી વિચાર કરે છે તેને નાસીપાસી જ મળે. બુદ્ધ જયંતીની ઉજવણીની સભાના પ્રમુખપદેથી ઈશ્વરનો વિચાર કરવાની તક મને સાંપડી એ એક સારી વાત છે અને હું હિંમતભેર કહું છું કે બુદ્ધ નાસ્તિક નહોતા. જે કોઈ માણસ અભિમાન રાખીને ઈશ્વરને ભજે છે તેને એ દાદ દેતો નથી. ઈશ્વર તો નમ્રતાથી, નાક ઘસતા આવે તેમને આવકારે છે અને તેમના નાક ઉપરના ઉઝરડા જોવા માગે છે. મુસલમાનો નાક ઘસે છે એ તમે જોયું હશે. રૂપિયાના સિક્કાની ધાર ઉપર આંકા હોય છે એવા આંકા તમે ત્યાં જોયા હશે. પણ ઈશ્વર એવા બહારના જ આંકા જોવા માગતો નથી. એ તો અંતર્યામી છે અને આપણા હૃદય ઉપર એવા આંકા પડ્યા છે કે નહીં, એ જોવા માગે છે. શ્યામબાબુ ઘસીઘસીને એમનું આખું નાક કાપે તોયે ઈશ્વર એની દરકાર ન કરે. પણ કોઈને સુંદર અણિયાળું નાક હોય અને છતાં એનું હૃદય ઘવાયું હોય — એમાંથી લોહી વહેતું હોય — એને જ ઈશ્વર ઓળખશે. એ જોઈ શકશે કે એનું કહેવું આ માણસે જીવનમાં ઉતાર્યું છે. બુદ્ધ આમ કહે છે, એટલે બૌદ્ધ ધર્મ મુખ્યત્વે જનસમુદાયનો ધર્મ છે.

Gandhi Heritage Portal

હાલ હિંદસ્તાનમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર નથી તેથી હું જરાય નાસીપાસ થતો નથી. હિંદુસ્તાનમાંથી એ નાશ પામ્યો છે એમ હું માનતો નથી. એ ધર્મનાં મુખ્ય મુખ્ય અંગોનું જેવું દર્શન હિંદમાં થાય છે તેવું ચીન, જાપાન અગર સિલોનમાં થતું નથી. બરમા વિષે તો મને જાતમાહિતી છે અને હું નમ્રતાપૂર્વક કહી શકું એમ છું કે અમારા કાર્યમાં અમે, બરમાના લોકો કરતાં બુદ્ધને અમારા જીવનમાં વધુ ઉતાર્યો છે. બુદ્ધનો નિષેધ કરવો જ અશકય છે. કોઈ, એને એના જન્મસ્થાનથી અલગ પાડી શકે એમ નથી. એણે તો અમરત્વ પ્રાપ્ત કર્યું છે. બુદ્ધનું કાંઈ પણ નાબૂદ કરી શકાય એમ નથી. આપણે મંદિરમાં જઈએ, એની મૂર્તિની પૂજા કરીએ અગર એનું નામ લઈએ તેથી શું? મારો હિંદુ ધર્મ મને શીખવે છે કે મુખ્ય વાત પ્રાર્થના છે. પછી, ભલે હું ઉચ્ચાર શુદ્ધ ન કરતો હોઉં. પણ કોઈ એક મોટો તત્ત્વવેત્તા બહુ જ શુદ્ધ ઉચ્ચારથી રામનું નામ લેતો હોય પણ એની બગલમાં છૂરી હોય તો એનો નાશ છે. તેથી હું કહું છું કે 'ધમ્મ' (ધર્મ) એ જ સાચી વાત છે.

આવા શુદ્ધ માણસોની સંખ્યા ઓછી હોય તેથી શું? બુદ્ધે કોઈ દિવસ સંખ્યાનો વિચાર કર્યો નથી. બુદ્ધે તો આપણને એ શીખવ્યું છે કે લાખો લોકો પોતાની જાતને બૌદ્ધ કહે અગર એમાં ભળે એની કાંઈ ખાસ અગત્ય નથી. જે કાંઈ અગત્ય છે તે સચ્ચાઈની છે. અને એક પણ માણસ સાચો હશે તો નાસીપાસ અગર નિરાશ થવાની જરૂર નથી. જો આપણે સાચા અને સ્થિર હોઈશું તો બધું જ સાચું અને સ્થિર છે. પણ આપણામાં જ શ્રદ્ધાનો અભાવ હોય, અને આપણે બહારની બાબતો ઉપર આધાર રાખતા હોઈએ તો આપણો આરો નથી. એ મહાન વિભૂતિનો આપણે સંપર્ક સાધવો હોય તો લોકો આપણે માટે શું કહેશે એનો વિચાર કરશો નહીં. આપણે એટલો જ વિચાર કરવો જોઈએ કે દયાનો અને માયાનો જે સંદેશો એણે આપ્યો છે તેમાંથી આપણે આપણા જીવનમાં કેટલું ઉતાર્યું? જેટલે અંશે એ કર્યું હશે તેટલે અંશે આપણે બુદ્ધને અનુસર્યા એમ કહેવાય. દુનિયા જ્યાં સુધી અસ્તિત્વમાં હશે ત્યાં સુધી બુદ્ધ સૌથી મહાન ધર્મગુરુ મનાશે. અઢી હજાર વર્ષ વહી ગયાં. એક પ્રજાના જીવનમાં આટલો સમય શી વિસાતમાં? વિચાર રેલવે ગાડીની ઝડપ કરતાં વધુ ઝડપે વહે છે. પણ દુનિયામાં, ઝડપ, એ જ એક મહત્ત્વની બાબત નથી. ધીમામાં ધીમી ગતિથી પણ પ્રવાસ કરવામાં આવડત રહેલી છે. બુદ્ધે આપેલો સંદેશો કદી મરવાનો નથી. એના તો હજી ફણગા ફૂટવાના છે. બાહ્ય દૃષ્ટિએ આપણને લાગે કે બૌદ્ધ ધર્મ ક્ષીણ થતો જાય છે. પણ મને તો એવી આશા છે કે એ દિન દૂર નથી કે જ્યારે બધા જ ધર્મોમાં રહેલાં મેલ, ધતિંગ, છેતરપિંડી, અસત્ય, નિર્દયતા અને નિર્માલ્યતા નાશ પામશે અને એ બધા સાચા ધર્મો બનશે. એવો પવિત્ર દિવસ આવશે કે જ્યારે સવારે ઊઠતાંવેંત માણસને સત્ય અને પ્રેમના સામ્રાજ્યની પ્રતીતિ થશે; સાચો સિક્કો કર્મ હશે અને બીજું બધું ખોટું નાણું હશે.

આપણે આપણી જાતને હિંદ કહીએ કે ગમે એ કહીએ પણ મનુષ્યજાતિને બુદ્ધે જે સંદેશો આપ્યો તે સમજવા જેટલું અને તે જીવનમાં ઉતારવા જેટલું ઈશ્વર આપણને બળ આપે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ९–५–१९२५

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

Gandhi Heritage Portal

## ૨૪. લોહોગંજમાં ભાષણ[1]

મે ૮, ૧૯૨૫

તમારા માનપત્ર માટે, સૂતર માટે અને સંઘ માટે તમને ધન્યવાદ આપું છું. અલીભાઈઓ નથી આવ્યા એનું મને દુ:ખ છે. આપણે સૌએ આત્મશુદ્ધિ કરવી જોઈએ. હિંદુમુસ્લિમ એક-દિલ થવું જોઈએ. એ થશે એટલે અસ્પૃશ્યતા પણ જશે. આપણે કોઈની સામે ઘૃણા કરીએ નહીં. એટલે ઇચ્છું છું કે દરેક જણ અરધો કલાક સૂતર કાંતે. પ્રફુલ્લબાબુ[2] સેવા માટે જ રહે છે. દસ હજાર કાંતનાર ભેગા કરવાની પ્રતિજ્ઞાનું પાલન કરો. મારાં દર્શનથી કે મારું ભાષણ સાંભળવા આવવાથી તમને કશો લાભ થાય નહીં. મેં પ્રાર્થના કરી છે એ પ્રમાણે ચાલવાથી મને, તમને અને આખા ભારતને ફાયદો થશે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૯–૫–૧૯૨૫

ભાષાંતર: महादेवभाईनी डायरी, પુસ્તક આઠમું

## ૨૫. મલીકંદામાં ભાષણ[3]

મે ૮, ૧૯૨૫

ગાંધીજીએ પોતાના ભાષણમાં કહ્યું કે અહીં હાજર રહેલાઓમાંથી ઘણાએ ખાદી પહેરી નથી, તેનું મને ખૂબ જ દુ:ખ છે. તેઓ ત્રણ બાબતો વિષે તેમને કહેવા ઇચ્છતા હતા અને તેમને ખાતરી હતી કે જો તેમના સંદેશાને અમલમાં મૂકવામાં આવશે તો સ્વરાજ આપો-આપ તેમની નજીક આવશે. આમાં સૌથી પહેલી વાત એ કરવાની રહે છે કે હિંદુ તથા મુસલમાનોએ પૂરા મેળથી રહેવું જોઈએ. તેમણે એકબીજા પ્રત્યે સહિષ્ણુતા બતાવવી જોઈએ અને એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખવો જોઈએ. મહાત્માજીએ એ વાત પર ભાર મૂકયો કે અસ્પૃશ્યતાનું કલંક દૂર કર્યે જ છૂટકો. છેલ્લે તેમણે શ્રોતાવર્ગને આગ્રહપૂર્વક કહ્યું કે તેમણે ખાદી પહેરવી જોઈએ અને કાંતવું જોઈએ. સંભવ છે કે તમારે આજીવિકા માટે કાંતવાની જરૂર ન હોય, પણ જો દેશની અઢળક સંપત્તિને પરદેશમાં ઘસડાઈ જતી અટકાવવી હોય તો તમારે ઓછામાં ઓછું દિવસમાં અરધો કલાક તો કાંતવું જ જોઈએ. મને આશા છે કે ડૉ. પ્રફુલ્લચંદ્રની સમર્થ દોરવણી નીચે તમે કાંતતાં શીખી જશો અને પરદેશી કાપડનો ત્યાગ કરશો. મેં એમ સાંભળ્યું છે કે અહીંના ધોબી અને વાળંદોએ નામશૂદ્રોનું કામ કરવાની ના પાડી છે. આ અસ્પૃશ્યતા છે. હિંદુ ધર્મનો સાર સત્ય, અહિંસા અને પ્રેમ છે. ધોબીઓ તથા વાળંદો નામ-શૂદ્રોની સેવા કરવાની ના પાડે તેમાં પ્રેમ નહીં પણ ધિક્કાર રહેલો છે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु ૯–૫–૧૯૨૫

૧. પાછલે પહોરે ગાંધીજી ઢાકા જિલ્લામાં આવેલા વેપારી મથક લોહોગંજ આવ્યા. ત્યાં એમને માનપત્ર આપવામાં આવ્યું અને વિક્રમપુરના લોકો વતી તેમને રૂ. ૫,૫૦૦ની થેલી અર્પણ કરવામાં આવી.

૨. ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષે પહેલેથી જ રૂપિયા ૧૫,૦૦૦ના લક્ષ્યનો ઉલ્લેખ કર્યો હતો.

૩. મલીકંદા ખાદીપ્રદર્શન માટેનું સ્થળ હતું. ગાંધીજીનું ભાષણ હિંદીમાં હતું, પણ તેનું બંગાળી કરવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

## ૨૬. દિઘીરપુરની રાષ્ટ્રીય શાળા ઉપર ટીકા[1]

મે ૯, ૧૯૨૫

આ ભયંકર રેંટિયો જોઈને મને દુ:ખ થાય છે. આવા રેંટિયા લઈને તમે કોઈ શાળા ચલાવતા હો, અને ગામ ઉપર તમારી અસર ન પડે તો તમારો વાંક કે ગામનો? સારું થયું કે હું અહીં આવ્યો; ન આવ્યો હોત તો મને થાત કે ગામડાંનો જ વાંક હશે! આ રેંટિયાની ત્રાક જુઓ! છોકરાં ફેરવી ફેરવીને થાકે છે ત્યારે માંડ ધાગો મેળવે છે. આ હિસાબે છોકરાં કેટલું સૂતર કાઢી શકે? નથી એમાં સંગીત. બાળકો ગાતાં ગાતાં તો આ રેંટિયો ચલાવી જ ન શકે; કારણ, એમના ગાવાની સાથે એમનો સૂર ભળી ન શકે. અહીંનાં બાળકોને તો કાંતવાનું સ્વભાવસિદ્ધ થયેલું લાગે છે. એવાં બાળકો સારા રેંટિયા ઉપર કાંતતાં હોય તો આજે કાંતે છે એના કરતાં સહેજે બમણું કાંતે. આટલા ખરાબ રેંટિયા છતાં બાળકો આટલું સારું કાંતી શકે છે એ જોઈને રેંટિયાનું ભાવિ કેટલું બળવાન છે એનો ખ્યાલ આવે છે. શિક્ષક કહે છે કે મને આટલી બધી વસ્તુઓ ઉપર કાળજી લેવાનો સમય નથી મળતો. જો રેંટિયાને દુરસ્ત કરવાનો કે એની ખામી સમજવાનો વખત ન હોય તો શિક્ષકે એક વર્ષની તપશ્ચર્યા કરવી જોઈએ, અને એના શાસ્ત્રમાં પારંગત થઈને પછી શાળાનું કામ શરૂ કરવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१-५-१९२५

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૨૭. દિઘીરપુરની જાહેર સભામાં ભાષણ[2]

મે ૯, ૧૯૨૫

દસ હજારથી પણ વધુ સંખ્યામાં એકઠી થયેલી જનતાને ગાંધીજીએ કહ્યું કે અસ્પૃશ્યતા દૂર કરવાના કૉંગ્રેસના કાર્યકર્તાઓના પ્રયત્નને સફળતા નથી મળી તે જોઈને મને દિલગીરી થાય છે. અસ્પૃશ્યતા સંબંધી પોતાના વલણનો બચાવ કરતાં તેમણે કહ્યું કે મેં કદી એમ કહ્યું નથી કે તમારે નામશૂદ્રની સાથે એક જ ભાણે બેસીને જમવું જોઈએ. હું મારી પોતાની માતાએ બોટયું હોય એવું પાણી પણ પીશ નહીં. પણ મારી માતાએ કે બીજા કોઈએ મને ચોખ્ખા વાસણમાં પાણી આપ્યું હોય અને તે પીવાની હું ના પાડું તો તેમાં પાપ છે. એ જ પ્રમાણે જો વાળંદ અને ધોબી તેમના નામશૂદ્ર ભાઈઓનું કામ કરવાની ના પાડે તો તે પણ પાપ જ છે. હું ભારપૂર્વક કહું છું કે હિંદુ ધર્મનો અર્થ સેવા છે. સેવા એટલે જ સમાનતા ને પ્રેમ. હિંદુ-મુસ્લિમ ઐક્ય વગર સ્વરાજ અશક્ય છે. એટલા માટે જ અલીભાઈઓમાંના એકને હું મારા પ્રવાસોમાં મારી સાથે ફેરવું છું. આ વિસ્તારમાં થોડું ખાદી તથા રેંટિયાનું કામ ચાલે છે, તે જોઈને મને આનંદ થાય છે. હું હિંદમાંથી ગરીબીનો નાશ કરવા માગું છું. પણ હજુ બહુ જ

૧. જતીન્દ્રનાથ કુશારી એ નિશાળ સંભાળતા હતા. આ ટીકા ગાંધીજીએ એમને સંભળાવી હતી. એ નિશાળમાં ત્રીસ વિદ્યાર્થીઓ કાંતણ શીખતા હતા. "વિથ ગાંધીજી ઇન બેંગૉલ" એ મથાળા નીચે ગાંધીજીના પૂર્વ બંગાળના પ્રવાસનો હેવાલ મહાદેવ દેસાઈએ આપ્યો હતો. તેમાંથી આ ઉતારો લેવામાં આવ્યો છે.

૨. દિઘીરપુરના યુનિયન બોર્ડે તે વિસ્તારના લોકો વતી ગાંધીજીને માનપત્ર આપ્યું હતું.

Gandhi Heritage Portal

થોડા લોકો ખાદી પહેરે છે, એ જોઈને મને ખેદ થાય છે. મારી મુલાકાતને ટાંકણે યુનિયન બોર્ડે પાંચ રેંટિયા મફત આપ્યા છે, તે જાણીને મને આનંદ થાય છે.

છેવટે ગાંધીજીએ તેમને અનુરોધ કર્યો કે તમારે માતાપિતાનો આદર કરવો જોઈએ; પોતાના અધ્યાપકો તરફ તથા તમારા કુટુંબના બધા સભ્યો પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ; અને તમારા સહાધ્યાયીઓ સાથે મૈત્રીભાવે વર્તવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

*હિન્દુ*, ૧૧–૫–૧૯૨૫

## ૨૮. તાલટોલામાં ખાદી કાર્યકર્તાઓની સભામાં ભાષણ[૧]

મે ૯, ૧૯૨૫

સૌથી પહેલાં મારે તમને એ વાત કહી જ દેવી જોઈએ કે મેં એમ કદી કહ્યું નથી કે રેંટિયો એ જ આપણો એકમાત્ર મુક્તિદાતા છે. મેં કહ્યું છે કે રેંટિયા વિના આમજનતા માટેનું સ્વરાજ અશક્ય છે. પણ અહીં હું પહેલી વાતને પણ આગળ કરવા તૈયાર છું. હું તમને તમારી કલ્પનાશક્તિ કસવા કહીશ. અને જેવી રીતે તમારા મનમાં જો પવિત્રતાનો ભાવ ભર્યો હોય તો તમે હિમાલય ઉપર દેવો અને દેવીઓ વસે છે, એવી કલ્પના કરી શકો છો, તેવી જ રીતે, જો તમે કાંતણના કાર્યક્રમના સફળ સંચાલન માટેની વિસ્તૃત વિગતો ઉપર ધ્યાનપૂર્વક વિચાર કરશો તો કાંતણમાં રહેલી પ્રચંડ શક્યતાઓનું તમને દર્શન થશે. જે કાર્ય આપણે કરી રહ્યા છીએ તે ચાલુ રાખવા માટે ભગીરથ પ્રયત્નની જરૂર રહે છે; અને કરોડોને કાંતતા કરવા માટે તો એથીયે વધારે પ્રયત્નની જરૂર રહે છે. આપણામાંના દરેક જણે ઝીણી ઝીણી વિગતો સંભાળવી પડશે અને ચોકસ શિસ્તમાં રહેવું પડશે. કાંતણને સાર્વત્રિક બનાવવાથી કેટલાક પ્રશ્નો આપોઆપ જ ઊકલી જશે. અસ્પૃશ્યતાનો જ પ્રશ્ન લો. અસ્પૃશ્યતાના પ્રશ્નને હાથ ધર્યા વિના કાંતણને સાર્વત્રિક બનાવવું અશક્ય છે. અંત્યજોને આપણે આપણા પોતાના નહીં બનાવ્યા હોય તો તેમને ખાદી સાથે કશી લેવાદેવા નહીં રહે એ તમે જાણો છો? તેઓ કહેશે "અમને અસ્પૃશ્ય ગણવામાં આવે છે, ત્યાં અમે ખાદીને શું કરીએ?" અને એ લોકો જો સહકાર ન આપે તો તમે ખાદીના કાર્યક્રમને સંપૂર્ણ નહીં બનાવી શકો. અને હિન્દુમુસ્લિમ સવાલ માટે પણ એ જ વાત છે. બન્ને વસ્તુઓ સાથે જોડાયેલી છે. આ રીતે તમે જોઈ શકશો કે એકલી ખાદી જ સ્વરાજને રસ્તે લઈ જાય છે.

પણ હું તમને આથી પણ થોડા વધુ ઊંડા ઊતરવા કહું છું. તમે જાણો છો કે હિન્દુસ્તાનના વાજિંત્રના એક સિવાયના બાકીના બધા તાર પર સરકારની આંગળીઓ ફરી રહી છે? માત્ર

૧. ખાદી કાર્યકર્તાઓની એક સભા ભરવામાં આવી હતી, પણ આ સભા વહાણ પર ગોઠવવી એ વધુ સગવડભર્યું છે એમ લાગવાથી કાર્યકર્તાઓ નારાયણગંજ સુધી ગાંધીજીની સાથે રહ્યા. ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષ ગાંધીજીની સાથે જ હતા. કાર્યકર્તાઓની શ્રદ્ધા ડગવા લાગી છે એવી ટકોર કરતાં એમણે કહ્યું: "તેમાંના મોટા ભાગના લોકો રેંટિયાનું આર્થિક મહત્ત્વ સમજે છે છતાં તેઓ એવું નથી માનતા કે રેંટિયો આપણે માટે એક માત્ર તરણોપાય છે. અમારામાંના કેટલાકને એમ લાગે છે કે કૉંગ્રેસ સભ્ય થવું નિરર્થક છે. કૃપા કરી અમારી શંકાઓનું સમાધાન કરો અને જો શક્ય હોય તો અમારી શ્રદ્ધાને દૃઢ કરો."

Gandhi Heritage Portal

એક તાર પર મારો હાથ છે. અને એ તાર છે અહિંસા. તમે અહિંસાથી જ સ્વરાજ મેળવી શકવાના છો, હિંસાથી કદી નહીં. જો તમને એ વાતમાં પૂરો વિશ્વાસ હોય તો તમને એ બાબતની પણ તરત જ ખાતરી થશે કે એકલા રેંટિયાથી જ સ્વરાજ મેળવી શકાશે. રેંટિયાને સાર્વત્રિક ધોરણે ફેલાવવાના શાંતિપૂર્ણ કાર્યક્રમના સફળ અમલ દ્વારા જ અહિંસાને વ્યવહારમાં ઉતારી શકાય. હિંદુઓ ખાદીના પ્રચારમાં મુસલમાનોના હિતમાં કામ કરે ને એ જ પ્રમાણે મુસલમાનો હિંદુઓના હિતમાં કરે, તે સિવાય બીજી કઈ રીતે તમે હિંદુમુસ્લિમ પ્રશ્ન ઉકેલી શકવાના છો? અને હિંદુ, મુસલમાન અને અંત્યજો સાથે મળીને કામ કરતા થાય એ માટે તમારે તમારા પોતાનામાં શ્રદ્ધા ને આત્મવિશ્વાસ રાખીને અવિરતપણે કામ કરતા રહેવું જોઈએ. પ્રથમ, સૌથી સહેલા માર્ગો હાથ ધરો; મુશ્કેલ હોય તેને બાજુએ રહેવા દો. એમાં મહારાજાઓ, નવાબો વગેરે આવે છે. કુશળ પીંજારાઓ ને કાંતનારાઓની જાળ આપણે આખા પ્રદેશ પર ફેલાવી દેવી જોઈએ અને આ સમગ્ર કાર્યક્રમના કેન્દ્રમાં રેંટિયો હોવો જોઈએ. વાતાવરણ બગડેલું છે એમ ન કહો. અંદરઅંદર અણબનાવ ભલે હોય. તેમ છતાં તમારે કાંતવાનું છે. અને તમે જોશો કે તમારી આસપાસના લોકો તમારી જેમ એક દિવસ કાંતવા લાગશે. જો તમે શુદ્ધ હશો તો તમારી આજુબાજુના સૌ એક દિવસ શુદ્ધ બન્યા સિવાય રહેવાના નથી. મારી આસપાસ બધે ઊલટું જ આચરણ દેખાતું હોય, એટલે શું મારે બ્રહ્મચર્ય, સત્ય અને અહિંસાને તિલાંજલિ આપી દેવી? ના. હું માત્ર એકલો જ એમાં શ્રદ્ધા રાખનારો હોઉં તોપણ મારે મારી પદ્ધતિ સાચી છે એવી શ્રદ્ધા રાખીને કામ કર્યા કરવું જોઈએ.

તમે પૂછો છો કે "કાંતનારાઓ કઈ રીતે સ્વરાજ લાવશે?" હું કહું છું કે રેંટિયાને સાર્વત્રિક બનાવ્યા પછી કંઈ કરવાનું રહેશે નહીં. તમે એવો પ્રભાવ અને એવું સામર્થ્ય પ્રાપ્ત કર્યાં હશે કે લોકો તેને આપોઆપ જ ઓળખશે.

પણ એમ બને કે આપણી સામેનો સંગ્રામ લાંબા કાળ સુધી ચાલે. આથી વધુ ટૂંકો માર્ગ એકે નથી. એક હજાર સાચા કાર્યકર્તાઓથી હું કૉંગ્રેસને ગુંજતી કરી શકું. પણ ન કાંતનારા અને માત્ર ચાર આના ફી આપીને કૉંગ્રેસના સભ્ય બનનારા કરોડો લોકો કેવળ બોજારૂપ જ બનવાના. મને ઈશ્વરમાં શ્રદ્ધા છે, અને એ વાતમાં પણ શ્રદ્ધા છે કે સમય આવશે ત્યારે એવા થોડા લોકો જ કાર્ય કરી બતાવશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–५–१९२५

Gandhi Heritage Portal

# ૨૯. મલખાનગરમાં ભાષણ

મે ૯, ૧૯૨૫

પહેલી વાત તો એ કે કાંતવાથી જ સ્વરાજ મળે એવી વાત મેં કરી નથી, જોકે હું તેમ માનું છું. મેં તો કાંત્યા વિના સ્વરાજ નહીં મળી શકે એ વાત જરૂર વારંવાર કહી છે. પણ બંને વાત હું તમને સિદ્ધ કરી આપવાને તૈયાર છું. કાંતવું એટલે શું? કાંતવું એટલે કાંતવાને સાર્વત્રિક કરી મૂકવું. કાંતવું એટલે લોઢવાની, પીંજવાની અને કાંતવાની બધી ક્રિયાઓ આપણે કરી જાણવી, અને કાંતેલા સૂતરને વણાવવું. આ બધી વસ્તુઓ જાતે કરવી અને કરોડોને કાંતતા કરવા એમાં કેટલા ભગીરથ પ્રયત્નની જરૂર છે? એ ભગીરથ પ્રયત્ન એટલે આખા દેશમાં એક જીવંત તંત્ર ચાલતું કરવું. જેમ મોટી સ્ટીમરોમાં કપ્તાનનો હુકમ સ્ટીમરના માણસમાત્ર માને છે અને તે ન માને તો તેને ગોળીબાર કરવાનો અધિકાર હોય છે તેવી તંત્રવ્યવસ્થા આપણે બાંધી દઈએ એ કાંઈ નાનુંસૂનું કામ છે? કરોડોને તમે કાંતતા કરો એટલે અસ્પૃશ્યતાના સવાલનો ફડચો થાય, હિંદુમુસલમાન સવાલનો પણ ફડચો થાય. અસ્પૃશ્યતાનો ફડચો કેમ થાય? અસ્પૃશ્યો આજે ખાદીના કામમાં ભાગ લે છે તે મારી ખાતર લે છે. મદ્રાસમાં અસ્પૃશ્યોએ મને કહેલું કે જ્યારે લોકો અમને અસ્પૃશ્ય ગણે છે ત્યારે તેમને માટે મજૂરી કરવાની અમને શી ગરજ છે, તેમને માટે અમે શા સારુ ખાદી વણીએ? છતાં તેઓ મારી ખાતર વણે છે. જ્યારે અસ્પૃશ્યતા ઊડી જશે ત્યારે તેઓ સ્વેચ્છાપૂર્વક પૂરો રસ લેતા થશે, અને તેઓ રસ લેતા થશે એટલે અસ્પૃશ્યતા પણ નીકળી જશે. હિંદમુસલમાનો ભેગા થઈને કામ ન કરે ત્યાં સુધી ખાદીની સાધના થઈ શકવાની છે? એમ બધી કોમોને કાંતનારી કરી મૂકતાં તમારે આ ભેજવાળી જગાઓમાં જીવન વિતાડવાં પડશે.

પણ તમે કહેશો કે કાંતવું એટલે સ્વરાજ શી રીતે? હું કહું છું કે કાંતવાનું સાર્વત્રિક કરશો એટલે જે ત્રણ મહાપ્રશ્નો આજે મહાસભાની આગળ છે તે ત્રણેનું નિરાકરણ થશે. અને ત્રણેનું નિરાકરણ થશે એટલે બાકી શું રહેવાનું? એ ત્રણ વસ્તુ થઈ એટલે આપણે આપણી ધારેલી શરતો માગી શકીશું. આ પછી અંગ્રેજોને ચાલ્યા જવું હોય તો ચાલ્યા જાય અને આપણી શરતે રહેવું હોય તો રહે. તમે પૂછશો કે જે અંગ્રેજોની સાથે આટલું યુદ્ધ કર્યું, જેમણે આટલા આટલા ત્રાસ ગુજાર્યા તેમની સાથે તમે સહકાર કરશો? હું કહું છું કે હા, જરૂર કરીશ; કારણ, મારે તો દુશ્મનને પણ મિત્ર કરવા છે.

હવે કાંતવાથી સ્વરાજ મળે એ સમજાવવા માટે તમારે એક વસ્તુ બરાબર સમજવી જોઈએ. તે એ કે તમે કયે રસ્તે સ્વરાજ લેવા માગો છો? જો હિંસાને માર્ગે સ્વરાજ લેવા માગતા હો તો તમારે કાંતવાનો વિચાર માંડી વાળવો જોઈએ. પણ હિંસાને માર્ગે તમે અંગ્રેજોને નહીં જીતી શકો એમ હું પ્રત્યક્ષ જોઈ શકું છું. આજે રમતનાં બધાં જ સોગઠાં તેમના હાથમાં છે, માત્ર એક મારા હાથમાં છે તે અહિંસાનું. એ અહિંસાના સોગઠાએ જ એને જીતી શકાય એમ છે. એટલું તમે કબૂલ કરો તો કાંત્યા વિના ચાલે જ નહીં, એમ તમે સમજી શકશો; કારણ, અહિંસાત્મક રીતોનું કેન્દ્ર જ રેંટિયો છે, જેની આસપાસ બીજી બધી વસ્તુઓ ફરે છે.

Gandhi Heritage Portal

વાતાવરણ બગડયું જ નથી. સરકારને ઝઘડા જોઈએ છે, તેને વિઘ્નસંતોષી પણ મળી રહે છે. પણ તમે તો એ જ કહેશો કે ગમે તેટલાં વિઘ્ન હશે તો પણ અમે તો કાંત્યા જ કરવાના. બધા કાંતવાનું છોડી દે તેથી તમે થોડું છોડી શકો છો? બધા સ્વચ્છ રહેવાનું છોડે, બધા બ્રહ્મચર્ય છોડે, બધા અહિંસા છોડે તેથી તમે તે છોડી દેશો?

આવા જે સાચા કાંતનારા છે તે જ્યારે સમય આવશે ત્યારે જરૂર નીકળી પડશે. ૩ કરોડ સભ્ય ન કાંતનારા હશે તેમનાથી હું કાંઈ કામ ન લઈ શકું. પણ ૩૦૦ જણા સાચા હશે તો તેમનાથી હું દેશને જગાવી શકીશ. એ લોકો સમય આવે ત્યારે કેમ નીકળી પડશે એમ તમે પૂછશો તો હું નહીં કહી શકું. એટલું જ કહું કે ઈશ્વર તેમને આગળ કરશે. ઈશ્વરના ઉપર મારો એટલો વિશ્વાસ છે કે હું તેની ઉપર આધાર રાખીને બેઠો છું કે તે પ્રસંગ આવ્યે સૌને જાગ્રત કરી દેશે. ટ્રાન્સવાલમાં શું થયું હતું? આખર સુધી કોઈને કહેવામાં આવ્યું નહોતું. પણ જ્યારે કુલીઓએ જોયું કે અમે બધા જેલમાં જઈને બેઠા છીએ, એટલે તેઓ પણ નીકળી પડયા. હરબતસિંગ[1] તો છૂટો હતો. તેને કર ભરવાનો નહોતો, પણ તેને પણ શૂર ચડયું, તે પણ જેલમાં ગયો અને ત્યાં મરી ગયો. ખાણોની જેલ બનાવવામાં આવી, તેમાં તેઓ પુરાયા, અનેક દુ:ખો ખમ્યાં. મને કાંઈ થોડી જ કલ્પના હતી કે આ બધું થવાનું છે? પણ ઈશ્વરમાં શ્રદ્ધાની વાત એ છે. એટલે જ્યારે લોકો પૂછે છે કે સવિનયભંગ ક્યારે કરશો ત્યારે હું તેમને કશો જવાબ નથી દેતો. હું કહું છું કે ઈશ્વર પ્રસંગ લાવશે.

મહાસભામાં રહેવામાં શો ઉપયોગ એ પ્રશ્ન ઉપર હવે આવું છું. બહુ ઉપયોગ નથી એમ કબૂલ કરું છું, પણ આપણે મહાસભામાં ન રહીએ તો સ્વરાજીઓને નાહકનું દુ:ખ થાય, આપણે તેમને સહાનુભૂતિ આપવાને પણ તૈયાર નથી એવો અર્થ થાય. આ વર્ષે તો સભ્ય થઈને જેટલું કામ કરાય તેટલું કર્યે જ છૂટકો. આવતે વર્ષે તેમને એ પણ ન જોઈએ તો જોઈ લેવાશે. તો આપણે કાંતનારું મંડળ ઊભું કરી શકીશું. પણ તેમ તો તે મંડળ આ વર્ષના કાર્યનું પરિપક્વ ફળ હશે. મહાસભામાં રહેવામાં લાભ ન હોય એમ માનો, તોયે હાનિ તો કશી જ નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૭–૫–૧૯૨૫

૧. જુઓ પુસ્તક ૧૨, પા. ૨૭૬–૭.

Gandhi Heritage Portal

## ૩૦. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત

મે ૯, ૧૯૨૫

શ્રી ઘોષે સૂચવ્યું હતું તે મુજબ જુદા જુદા લત્તાઓની જુદી જુદી ખાસિયતો હોય છે, એ બાબતમાં શ્રી ગાંધી સંમત થયા. અને એમણે કહ્યું કે દરેક લત્તાની ખાસિયતો લક્ષમાં લઈને કામ આગળ ચાલવું જોઈએ.[1] પણ તેમણે કહ્યું કે રેંટિયો રચનાત્મક પ્રવૃત્તિનો મુખ્ય ભાગ બનવો જોઈએ; જ્યારે વ્યક્તિગત કિસ્સાને લક્ષમાં લઈને તેમાં બીજી વસ્તુઓ ઉમેરવી જોઈએ. તેમણે કહ્યું કે રેંટિયો દરેક લત્તામાં સાર્વત્રિક રીતે દાખલ કરવો જોઈએ. એ પછી શ્રી ઘોષે તેમના ફરીદપુરના એ વ્યાખ્યાન[2]નો ઉલ્લેખ કર્યો જેમાં તેમણે કહ્યું હતું કે દેશને મુક્ત કરવા માટે બળવાન હાથની જરૂર નથી, પણ બળવાન દિલની જરૂર છે. શ્રી ગાંધીએ કહ્યું કે આપણે મજબૂત દિલ વડે સ્વરાજ મેળવી શકીએ, પણ આંતરિક શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે તથા બહારના શત્રુઓથી દેશનું રક્ષણ કરવા માટે મજબૂત હાથની પણ જરૂર પડી શકે. જવાબમાં શ્રી ગાંધીએ કહ્યું કે આ પ્રશ્નનો જવાબ તેમણે *यंग इन्डिया*[3]માં આપ્યો છે અને તેમણે એમ નથી કહ્યું કે મજબૂત હાથની જરૂર નથી. ઊલટું, આપણને સ્વરાજ મળશે તે પછી દેશના રક્ષણ માટે પોલીસ ને લશ્કરની જરૂર રહેવાની. પણ સ્વરાજ મેળવવા માટે સૌથી પહેલાં આપણી પાસે મજબૂત દિલ હોવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

*अमृतबज़ार पत्रिका*, ૧૨–૫–૧૯૨૫

## ૩૧. અંત્યજ સાધુ નંદ

નંદની કથા દક્ષિણના સાહિત્યમાંથી ભાઈ મહાદેવે તારવી છે તે સહુ રસપૂર્વક વાંચે એમ ઇચ્છું છું. નંદની કથા જોડી કાઢેલો કિસ્સો છે એમ કોઈ ન માને. તેમાં અતિશયોક્તિ ભલે આવી ગઈ હોય. પણ નંદ નામે સાધુચરિત અંત્યજ છસેં વર્ષ પૂર્વે થઈ ગયો. તેણે પોતાના ચારિત્રબળથી મંદિરમાં જવાનો અધિકાર મેળવ્યો ને આજ પણ અવતારી પુરુષ તરીકે હિંદુઓમાં પૂજાય છે એ વિષે તો શંકા કરાય જ નહીં. નંદની પવિત્ર કથા આપણને શીખવે છે કે જન્મ કર્મનું ફળ છે છતાં પુરુષાર્થ જેવી વસ્તુ વિધાતાએ આપણે સારુ રાખી જ છે, અને નંદ જેવો અંત્યજ ચારિત્રબળથી આ જ જન્મે પવિત્ર થયો ને પવિત્ર મનાયો. બ્રાહ્મણોએ તેનો હેતે સ્વીકાર કર્યો. જો નંદ આ જન્મમાં જ પાવન થઈ શક્યો તો બધામાં તે શક્તિ હોય એમ આપણે માન્યે જ છૂટકો. તેથી હરકોઈ અંત્યજને આપણા મંદિરમાં પૂજા અર્થે પ્રવેશ કરવાનો અધિકાર હોવો જોઈએ.

૧. કાલીમોહન ઘોષે ગાંધીજીને પૂછ્યું હતું કે રચનાત્મક પ્રવૃત્તિના એક ભાગ તરીકે રેંટિયો શું જુદી જુદી ખાસિયતોવાળા દરેક લત્તાઓ માટે એકસરખી રીતે અનુકૂળ થઈ શકશે? અને વ્યવસ્થા તંત્રે આ વિવિધતાને લક્ષમાં ન લેવી જોઈએ?

૨. જુઓ "બંગાળ પ્રાંતિક પરિષદમાં ભાષણ", ૩–૫–૧૯૨૫.

૩. જુઓ "ફરીથી એ જ વાત", ૭–૫–૧૯૨૫.

Gandhi Heritage Portal

હું આશા રાખું છું કે કોઈ એવી દલીલ નહીં કરે કે નંદે તો અગ્નિપ્રવેશ કર્યો ને તેમ કરી ભલે બધા અંત્યજો મંદિરોમાં જાય. અગ્નિપ્રવેશની વાત કાવ્ય છે. અથવા ખરી માનો તો એ નંદની ઇચ્છાએ થયેલું. બ્રાહ્મણનો મોટો સમુદાય તો નંદને માત્ર સ્નાન કરાવી મંદિરમાં દર્શન કરવા દેવા તૈયાર હતો. કથામાંથી આપણે સાર ગ્રહણ કરવાનો એટલો જ કે અંત્યજ આ જન્મે જ પોતાના પુરુષાર્થથી પવિત્ર થઈ શકે છે. એટલે કે જે શરતે બીજા હિંદુઓ મંદિરોમાં જઈ શકે છે તે જ શરતથી અંત્યજોને પણ મંદિરોમાં જવાની છૂટ હોવી જોઈએ.

આ તો ઉચ્ચ કહેવાતા હિંદુઓ પ્રત્યે.

અંત્યજોને નંદની કથા ઉત્તેજન આપનારી છે, તેમને પાવન કરનારી છે. એ પ્રત્યેક અંત્યજને ઘેર વંચાઓ એમ હું તો ઇચ્છું છું. પણ તેઓ વાંચીને જ સંતોષ ન માને. નંદે જે કર્યું તે પ્રત્યેક અંત્યજ કરો. નંદની પવિત્રતા પ્રત્યેક અંત્યજમાં આવો. તેની ધીરજ, તેની ક્ષમા, તેનું સત્ય, તેની દૃઢતા પણ આવો. નંદ સત્યાગ્રહની મૂર્તિ હતો. નંદે નાસ્તિકોને આસ્તિક બનાવ્યા. પ્રત્યેક અંત્યજ નંદનું આખ્યાન વાંચી પોતાના દોષોનો નાશ કરવા ઉત્સુક ને સમર્થ થાઓ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૫–૧૯૨૫

## ૩૨. મગનલાલ ગાંધીને પત્ર

રવિવાર, વૈશાખ વદ ૩ [મે ૧૦, ૧૯૨૫][1]

ચિ. મગનલાલ,[2]

પુનૈયાનો કાગળ તમે પાછો માગ્યો છે તે આ સાથે છે. તમે જોશો કે તેનો ઉપયોગ મેં યંગ ઇન્ડિયા તેમ જ નવજીવનમાં કર્યો છે.

ચિ. રુખી[3] બાબત તમને લખી ચૂકયો છું. અહીં ખાદી કાર્યનો અનુભવ ખૂબ લઈ રહ્યો છું. કેટલુંક કામ આપણાથી ખૂબ ચઢી જાય છે. આપણું કાંતવાપીંજવાનું કાર્ય ખૂબ સ્વચ્છ ને નિયમસર ચાલે છે? મારી તબિયત હજુ લગી તો બહુ સારી રહી છે. ભાઈ રમણીકલાલ[4] આવી ગયા હોય તો કહેજો કે ચરિત્રવિજયજી[5]નો કાગળ છે તેમાં તે તદ્દન ઇનકાર કરે છે. તેનાથી જેટલો પુરાવો શિવજી તથા આપુની વિષે એકઠો કરાય તેટલો કરે. એ બંને વાતો હું ભૂલ્યો નથી અને ભૂલવા નથી માગતો. શિવજીનું તમે જાણો છો? તેની ઉપર પૈસા ખાઈ જવાનો

૧. પત્રની વિગતો સૂચવે છે કે આ પત્ર ૧૯૨૫ની ગાંધીજીની બંગાળ યાત્રા દરમ્યાન લખાયો હતો.

૨. ગાંધીજીના ભત્રીજા અને સાથી; સાબરમતી આશ્રમના વ્યવસ્થાપક; અખિલ હિંદ ખાદી બોર્ડના સભ્ય.

૩. મગનલાલભાઈની પુત્રી.

૪. રમણીકલાલ મોદી, સાબરમતી આશ્રમના અંતેવાસી.

૫. મહાવીર રત્ન આશ્રમના સ્થાપક. સોનગઢ (સૌરાષ્ટ્ર)માં આવેલો આ આશ્રમ ખાદીપ્રચાર માટે વિદ્યાર્થીઓને અને બીજા લોકોને તાલીમ આપવાનું એક કેન્દ્ર હતું.

Gandhi Heritage Portal

તેમ વ્યભિચારનો આરોપ છે. અને મને ખબર આપનારા દૃઢતાપૂર્વક એ આરોપ મૂકે છે. તમારા કે ચિ. છગનલાલના[1] અનુભવમાં કાંઈ આવ્યું હોય તો જણાવજો.

બાપુના આશીર્વાદ

બાને કહેજો કે હરિલાલને[2] હું મળ્યો હતો. ત્રણ કલાક વાતો કરી. હરિલાલ ખાસ કહે છે કે બા કલકત્તે ન જાય. હાલ તો તે પોતાના કોઈ મિત્રને ત્યાં રહે છે.

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૨૦૬; શ્રીમતી રાધાબહેન ચોધરીના સૌજન્યથી

## ૩૩. પૂરનબઝારમાં વેપારીમંડળમાં ભાષણ

મે ૧૦, ૧૯૨૫

માનપત્રના[3] જવાબમાં સૌથી પહેલાં ગાંધીજીએ કહ્યું કે અલીભાઈઓમાંથી કોઈને હું સાથે નથી લાવી શક્યો તેનું મને ખૂબ જ દુઃખ થાય છે. તેમણે કહ્યું કે કેવળ મારાં ગુણગાન ગાવાનો કંઈ અર્થ નથી. મારે તો સંપૂર્ણ હિંદુમુસ્લિમ ઐક્ય જોઈએ છે. અસ્પૃશ્યતા જવી જોઈએ. મારે એટલું કબૂલ કરવું જોઈએ કે દક્ષિણમાં જે સ્વરૂપમાં તે દેખાય છે તે સ્વરૂપમાં તે બંગાળમાં નથી. પણ બંગાળના નામશૂદ્રો પાસેથી મને જાણવા મળ્યું છે કે તેમના પ્રત્યે ભેદભર્યો વર્તાવ રાખવામાં આવે છે. હિન્દુસ્તાનમાંથી ગરીબીને દૂર કરવા માટે સૌએ રેંટિયો કાંતવો જોઈએ અને ખાદી પહેરવી જોઈએ. આપણો દેશ દારૂ સુધ્ધાં બધાં દૂષણોમાંથી છૂટે એમ હું ઇચ્છું છું. મારી એ દૃઢ શ્રદ્ધા છે કે જ્યાં સુધી મેં રજૂ કરેલા ત્રિવિધ કાર્યક્રમનો આપણે અમલ નહીં કરીએ ત્યાં સુધી સ્વરાજ કદી આવવાનું નથી.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૧–૫–૧૯૨૫

## ૩૪. ચાંદપુરમાં નાગરિક સન્માનસમારંભમાં ભાષણ[4]

મે ૧૦, ૧૯૨૫

શરૂઆતમાં મહાત્માજીએ સ્વાગતસમિતિ તથા મ્યુનિસિપાલિટીનો પોતાને માનપત્ર આપવા માટે આભાર માન્યો. તેમણે કહ્યું કે તેમાં મારા જે ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે કેવળ તમારો મારા પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. તમારા એ પ્રેમને હું સ્વીકારું છું ને ભગવાનને પ્રાર્થના કરું છું કે એ ગુણો મારામાં આવે. એટલે અત્યારે તો આ ગુણપ્રશસ્તિને તમારા પ્રેમના કેવળ પ્રતીક તરીકે હું સ્વીકારું છું.

૧. મગનલાલ ગાંધીના ભાઈ અને દક્ષિણ આફ્રિકાના દિવસોથી ગાંધીજીના ખાસ સાથી.

૨. ગાંધીજીના સૌથી મોટા પુત્ર.

૩. અગાઉ ગાંધીજીને અર્પણ થયેલું.

૪. સવારમાં રેલવે ગ્રાઉન્ડ પર જાહેર સભા રાખવામાં આવી હતી. નાગરિકો તથા મ્યુનિસિપાલિટી તરફથી તેમને હાથે કાંતેલું સૂતર તથા ખાદી પર છાપેલાં માનપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતાં. ગાંધીજીએ તેનો જવાબ હિન્દીમાં આપ્યો હતો અને સોદેપુર ખાદી પ્રતિષ્ઠાનવાળા સતીશચંદ્ર દાસગુપ્તાએ તેનો બંગાળીમાં અનુવાદ કર્યો હતો.

Gandhi Heritage Portal

સ્વાગત સમિતિના માનપત્રમાં જે પ્રમાણમાં કામ થઈ રહ્યું છે, તે અંગે નિરાશાના સૂર પ્રગટ થયા છે, તેનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે જો આપણા કામને આપણે ગંભીરતાથી, ત્યાગની ભાવનાથી તથા નમ્રતાથી વળગી રહીએ તો નિરાશ થવાનું કંઈ જ કારણ નથી.

ભગવાને કહ્યું છે કે ફળ મળે કે ન મળે તોપણ આપણે આપણા કર્તવ્યને વળગી રહેવું જોઈએ.

મહાત્માજીએ આ બાબત પર ભાર મૂકતાં કહ્યું કે આપણો ધર્મ આપણને શીખવે છે કે ફરજ અદા કરતા રહો. આપણા કામની ગતિ ધીમી છે તેનું કારણ હું સમજું છું. આપણો દેશ ખરા કર્મક્ષેત્રમાં ઘણો મોડો પ્રવેશ્યો છે.

અત્યાર સુધી આપણે માત્ર કામ અંગેની વાતો જ કર્યા કરી છે, પણ આપણે ગંભીરતાથી કામો હાથ ધર્યાં નથી. આપણે વાતો કરવાના યુગમાંથી હવે કાર્ય કરવાના યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. હવે જ્યારે આપણે કર્મના ક્ષેત્રમાં પ્રવેશ્યા છીએ, ત્યારે કર્મની સાધના દ્વારા આપણે આધ્યાત્મિક જીવન તરફ આગળ વધવાનું છે. દસ વરસ પહેલાં જ્યારે માનપત્ર, ગુણ-ગાન અને તાળીઓ પાડવી એ રાજકીય રંગમંચની ફૅશન હતી, ત્યારે આપણને આપણી ખરી હાલતનું ભાન થયું હતું. આપણી પાસે હજારો કાર્યકર્તાઓ હતા. હાલમાં રેંટિયાનું કામ કરનારા કાર્યકર્તાઓ આપણને ઓછા મળ્યા છે, તેમાં નવાઈ પામવા જેવું નથી.

મહાત્માજીએ કહ્યું કે કૉંગ્રેસના સભ્યોની સંખ્યામાં અસાધારણ ઘટાડો થયો છે તથા રેંટિયાની સંખ્યામાં વધારો નથી થયો તેથી હું જરાય નિરાશ નથી થયો. મને લાગે છે કે એને લીધે કામ કરવાનું મારું નિશ્ચયબળ વધે છે. આ કારણે હું મારાં ભાઈબહેનોને પોતાના કામમાં શ્રદ્ધા રાખવા આગ્રહભરી વિનંતી કરું છું. હું એમ માનું છું કે માત્ર ચાર આનાની સભ્ય ફી આપીને સાવ નિષ્ક્રિય રહેનારા કરોડ કૉંગ્રેસ સભ્યો કરતાં પણ સૂતરની આંટીનું સભ્યપદ ધરાવનારા હિંદુમુસ્લિમ ઐક્ય તથા અસ્પૃશ્યતાનિવારણના કામમાં મચી પડેલા ત્રીસ જ કૉંગ્રેસી સભ્યોને હું વધુ કીમતી ગણું છું. એક કરોડ બનાવટી સિક્કા કરતાં પાંચ કે સાત સાચા સિક્કાની કિંમત વધારે છે. એવા ખોટા સિક્કાને નદીમાં ફેંકી દઈને રદબાતલ કરવા જોઈએ.

એટલે, સાચા કાર્યકર્તાઓ કોણ છે, તે નક્કી કરવા માટે કૉંગ્રેસનું સૂતરની આંટીનું સભ્યપદ માત્ર એક કસોટી છે. આનાથી નકલી માલ શોધી કાઢવામાં મદદ થશે. જો કોઈ એમ કહે કે તેને રેંટિયામાં શ્રદ્ધા નથી, તો તેણે તે છોડી દેવો જોઈએ, પણ જો તમને તેમાં શ્રદ્ધા હોય તો, બીજાઓ કાંતતા નથી, એ કારણે નિરાશ થવાનું કારણ નથી. તમારે તમારા કર્તવ્ય વિષે સજાગ રહેવું જોઈએ અને કામ કર્યે જવું જોઈએ.

મહાત્માજીએ ભારપૂર્વક કહ્યું કે આ દેશનો છેલ્લામાં છેલ્લો માણસ રેંટિયો છોડી દે તોપણ હું એકલો મારા ઘરમાં બેસીને શાંતિથી રોજના ૮ કલાક કાંતીશ.

ફરી એક વાર તેમણે સ્વાગત સમિતિના માનપત્રમાં દર્શાવેલી ગરીબાઈમાંથી ઉત્પન્ન થયેલી લોકોની દુ:ખદ સ્થિતિનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે મેં સાંભળ્યું છે કે દેશના આ ભાગમાં ‘વૉટર હાયસિન્થ’ નામની હાનિકારક વનસ્પતિ પુષ્કળ પ્રમાણમાં છે ને તે અહીંના પાકને ખૂબ નુકસાન કરે છે.

મારો અભિપ્રાય એવો છે કે આપણી આળસની ટેવને કારણે આપણે દુ:ખ વેઠી રહ્યા છીએ. અને એ જ કારણે ‘વૉટર હાયસિન્થ’ જેવી વનસ્પતિ નિરંકુશપણે વધી રહી છે. હિંદની જનતાને તેમનાં આ કષ્ટો અને મુશ્કેલીઓમાંથી મુક્ત કરવા માટે હું રેંટિયાના સિદ્ધાંતનો પ્રચાર કરી રહ્યો છું. રેંટિયાની સાથોસાથ આપણી મુક્તિ માટે જરૂરી એવા બીજા કાર્યક્રમો પણ આપણે શરૂ કરી શકીએ. ઘોર નિરાશા વચ્ચે પણ રેંટિયો આપણને આશા આપે છે.

Gandhi Heritage Portal

માણસ પોતે જ પોતાનો શત્રુ છે, તેમ મિત્ર પણ છે.[1] જ્યારે આપત્તિમાં ઘેરાયેલા હો ત્યારે ઈશ્વરનું સ્મરણ કરો. ઈશ્વર એવો કઠોર છે કે જ્યાં સુધી તમે તમારું કર્તવ્ય નહીં બજાવો, ત્યાં સુધી કોઈ કામમાં તમને તેની કૃપા નહીં મળે. હું સૌને ઈશ્વરનું સ્મરણ કરતા રહી પોતાનું કર્તવ્ય કર્યે જવાની વિનંતી કરું છું.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १३–५–१९२५

## ૩૫. ચાંદપુરની રાષ્ટ્રીય શાળામાં ભાષણ

મે ૧૦, ૧૯૨૫

મહાત્માજી રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓને મળ્યા. ત્યાંની કાર્યવાહી ખૂબ જ રસપ્રદ બની હતી. સૌથી પહેલાં તેમણે જે વિદ્યાર્થીઓ પોતાને અત્યંત દુષ્ટ માનતા હોય, તેમને બોલાવ્યા. પહેલાં તો કોઈ વિદ્યાર્થી આગળ ન આવ્યો. પછી થોડાક વિદ્યાર્થીઓએ આગળ આવીને કબૂલ કર્યું કે તેઓ દુષ્ટ છે. પછી મહાત્માજીએ, જે વિદ્યાર્થીઓ પોતાને અજ્ઞાની ને મૂર્ખ માનતા હોય, તેમને બોલાવ્યા. વિદ્યાર્થીઓ આ કક્ષામાં પોતાને ગણાવવા માટે ઘણી મોટી સંખ્યામાં તૈયાર થયા. આથી ભારે હાસ્ય ફેલાયું. આ પછી મહાત્માજીએ દુષ્ટ વિદ્યાર્થીનાં અને અજ્ઞાન વિદ્યાર્થીનાં લક્ષણો સમજાવ્યાં, અને તેમને કેટલાંક બોધવચનો કહ્યાં, જે વિદ્યાર્થીઓએ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળ્યાં. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે દેશમાં વધતી જતી ગરીબાઈને બરાબર સમજો. જે છોકરાઓ રેંટિયો કાંતશે, એમને આનો અનુભવ થઈ શકશે. એટલે મારો તમને આગ્રહ છે કે તમે રોજ નિયમિત કાંતો. જે વિદ્યાર્થી અનેક નિરાશાઓ વચ્ચે પણ પોતાની દૃષ્ટિ સામે કોઈ આદર્શ રાખતો નથી તે છોકરાને તોફાની ગણવો. અને જેને કોઈ પણ વસ્તુથી સંતોષ થતો નથી તેને મૂર્ખ ગણવો. તમે જેટલું વધારે સૂતર કાંતશો, તેટલું તમને તમારી ફરજ બજાવ્યાનું વધારે ભાન થશે. સ્વરાજ માટેના સંગ્રામમાં આવા છોકરાઓની ખૂબ જ જરૂર છે. છેવટે, મહાત્માજીએ અનુરોધ કર્યો કે તમારે તમારાં માબાપ પ્રત્યે આદરભાવ રાખવો જોઈએ; તમારા શિક્ષકો તથા કુટુંબીજનો પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ. આટલું કહીને તેમણે વિદ્યાર્થીઓને અંતરના આશીર્વાદ આપ્યા.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १३–५–१९२५

૧. ભગવદ્‌ગીતા, અ. ૬, શ્લોક ૫ નો અહીં ઉલ્લેખ છે.

Gandhi Heritage Portal

## ૩૬. ચાંદપુરની જાહેર સભામાં ભાષણ[1]

મે ૧૦, ૧૯૨૫

ગાંધીજીએ પોતાના વ્યાખ્યાનની શરૂઆતમાં કહ્યું કે આ સભામાં મુસલમાનોની સંખ્યા વધારે છે એટલે હું અલીભાઈઓ સાથે મારે હિંદુમુસ્લિમ ઐક્ય વિષે થયેલી વાત અંગે કહેવા ધારું છું. તેમણે નક્કી કર્યું છે કે આપણે હવે ફરી ઝઘડવું નથી. હિંદુ અને મુસલમાનો જ્યાં સુધી સાથે મળીને રહી નહીં શકે ત્યાં સુધી સ્વરાજ મેળવવું મુશ્કેલ છે. તેમણે એકબીજા સાથે ન ઝઘડવાનો સંકલ્પ કરવો જોઈએ ને રેંટિયો કાંતવો જોઈએ. હિંદુઓ કે મુસલમાનો કોઈ હજી કાંતવા તરફ વળ્યા નથી.

વાતમાં ને વાતમાં ગાંધીજીએ કહ્યું કે મુસલમાનો ખાદી ઓછી પહેરે છે અને ઓછું કાંતે છે. તેમણે વધુ કામ કરવું જોઈએ. સર પી. સી. રાયે પૂર્વ બંગાળમાં પૂર હોનારત વખતે કેવું સુંદર કામ કર્યું હતું અને કેટલીય મુસલમાન બહેનોને રેંટિયાનું કામ આપીને તેમણે મદદ કરી હતી એ વાત તેમને યાદ રહેવી જોઈએ. કરોડો હિંદુઓ ભૂખે મરે છે. રેંટિયા સિવાય તેમને માટે બીજો કોઈ માર્ગ નથી. આ માટે જ હું હિન્દુસ્તાનમાં ઘૂમી રહ્યો છું ને બધાંને રેંટિયો અપનાવવા માટે અપીલ કરી રહ્યો છું. આમ થશે તો જ આપણા દેશમાંથી ગરીબાઈને હાંકી કાઢી શકાશે. હું જેને જેને મળ્યો છું, તે સૌએ એ વાત કબૂલ કરી છે કે રેંટિયાને અપનાવવો જોઈએ ને પરદેશી કાપડને હઠાવવું જોઈએ. આ કબૂલ કરવા છતાં તેઓ સ્વદેશી કાપડને અપનાવતા નથી. તેનું એક કારણ એ છે કે તેમને પોતાના દેશ પ્રત્યે પ્રેમ નથી અને બીજું કારણ એ છે કે તેમને આ દેશની કંઈ પડી નથી.

અસ્પૃશ્યતાનો ઉલ્લેખ કરીને ગાંધીજીએ કહ્યું કે નામશૂદ્રોને ખૂબ ત્રાસ વેઠવો પડે છે. અલબત્ત, તે દક્ષિણ હિન્દમાં વેઠવો પડે છે તેટલો નથી.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૨–૫–૧૯૨૫

## ૩૭. બ્રિજકૃષ્ણ ચાંદીવાલાને પત્ર

રવિવાર [મે ૧૦, ૧૯૨૫ કે તે પછી][2]

ભાઈ બ્રિજકૃષ્ણ,

તમારો પત્ર મળ્યો. મને તમારા પર વિશ્વાસ છે. પરંતુ આ રીતે કોઈને માટે પૈસાની મદદ માગવી એ મારા ક્ષેત્ર બહારની વાત છે. જો હું આ રીતે મારા ધનિક મિત્રો સાથે વ્યવહાર રાખું તો મારો સંબંધ બગડી જશે. આ કામની તમારી મુશ્કેલીઓનો ઉપાય તમારે તમારા જ પુરુષાર્થ વડે કરી લેવો જોઈએ.

[મૂળ હિન્દી]

પત્રની છબી પરથી: જી. એન. ૨૩૭૦

૧. ગાંધીજીએ તે જ સાંજે બીજી એક જાહેર સભાને સંબોધી હતી. તેમાં પાંચ હજારથી વધુ લોકોની હાજરી હતી.

૨. એમ લાગે છે કે આ પત્ર ૧૯૨૫ના મેની ૩જી તારીખે શ્રી ચાંદીવાલાને લખાયેલા પત્ર પછી લખાયો છે. એ પછીનો રવિવાર ૧૦મી મેએ આવતો હતો.

Gandhi Heritage Portal

# ૩૮. એક કાર્યકરની મુશ્કેલી

[મે ૧૧, ૧૯૨૫]

બંગાળના મારા પ્રવાસ દરમિયાન અનેક સૂચનો મને મળ્યા કરે છે. જોકે તે બધાં સૂચનો હું સ્વીકારી લઈ શકતો નથી, છતાં મને તે ગમે છે ખરાં. અહીં એક નિષ્ઠાવાન કાર્યકર્તા તરફથી મળેલું સૂચન રજૂ કરું છું.[1]

હું આ નોંધો મારા મૌનવારે[2] લખી રહ્યો છું. ખાદી પ્રતિષ્ઠાનવાળા સતીશબાબુ મારી પાસે બેઠેલા છે. બંગાળની પરિસ્થિતિનો મારા કરતાં વધારે સારો ખ્યાલ તેમને આવી શકે, એટલે આ સૂચન મેં તેમના હાથમાં મૂક્યું. તેમનો જવાબ આ રહ્યો.

> લેખકને લાગે છે કે બંગાળમાં ખાદીના પ્રચારમાં ખરી મુશ્કેલી રૂના ઊંચા ભાવને લીધે ઊભી થયેલી છે. તેનો ઉપાય તેમણે એ સૂચવ્યો છે કે કપાસનું વાવેતર ચાલુ કરવું અને તેને ઉત્તેજન આપવું.
>
> બંગાળમાં ખરેખર એક મુશ્કેલી એ છે કે દરેક જગ્યાએ કપાસ ઉગાડવામાં આવતો નથી. પણ એ કંઈ એકમાત્ર કે ગંભીર મુશ્કેલી નથી. માન્ચેસ્ટર પોતાનું રૂ અમેરિકાથી અને મુંબઈથી ખરીદે છે અને તેનું કાપડ બનાવીને હિન્દુસ્તાનમાં મોકલે છે. બંગાળ પણ ખરેખર પોતાને જરૂર હોય તેટલું રૂ હિન્દુસ્તાનના કોઈ પણ રૂ બજારોમાંથી ખરીદી શકે છે. બંગાળમાં લાખો રૂપિયાનો કપાસ ઉગાડવામાં આવે છે અને તે કલકત્તા ને ચિતાગોંગનાં બંદરોએથી પરદેશ મોકલી આપવામાં આવે છે. બંગાળ પોતાને ત્યાં ઉત્પન્ન થતા કપાસનો એક નાનો સરખો અંશ પણ હાથકંતાઈ માટે વાપરતું નથી. ચિત્તાગોંગ ને કોમિલ્લામાં ઉત્પન્ન થતા બધા કપાસને બંગાળ હાથકંતાઈ માટે ઉપયોગમાં લઈ શકે છે, અને બીજી વધારાની જરૂરિયાત બિહાર અને યુક્ત પ્રાંતોનાં બજારોમાંથી ખરીદી શકે છે.
>
> ખાદીના પ્રચારમાં ખરી મુશ્કેલી તેના ઊંચા ભાવની કે કપાસનું વાવેતર થતું નથી તેની નથી. ખાદીના પ્રચારમાં ખરી ખામી કાંતવાની ઇચ્છાનો અભાવ, ખાદી વાપરવાની અનિચ્છા અને એ ઇચ્છા પેદા કરી તેનો ફેલાવો કરવા માટેના વ્યવસ્થા તંત્રનો અભાવ છે.
>
> જે આશ્રમમાંથી લેખક આ નોંધ મોકલે છે, તે આશ્રમને જ સસ્તું રૂ એટલે કે બજારભાવે રૂ વેચવા માટેનું કેન્દ્ર બનાવી શકાય. આશ્રમમાં કાંતણ તથા પીંજણકામમાં નિષ્ણાત એવા કાર્યકર્તા તૈયાર કરવા જોઈએ. તે લોકો આસપાસના વિસ્તારમાં ફરીને બહેનો આગળ ખાસ પ્રયોગ કરી બતાવી આપે કે સારી પૂણીથી સારા રેંટિયા પર કાંતવું એ એક આનંદ આપનારી વસ્તુ છે. કાંતવાની ક્રિયા, જ્યારે કંટાળો આપે તેવી રીતે થાય છે ત્યારે જ ખાદીના ફેલાવા માટેની કાલ્પનિક મુશ્કેલીઓ ફૂટી નીકળે છે.

૧. તે અહીં રજૂ કરવામાં આવ્યું નથી. તે કાર્યકર્તાએ એ પ્રશ્ન તરફ ધ્યાન ખેંચ્યું હતું કે ખાદી પ્રમાણમાં મોંઘી પડે છે, એનું કારણ કપાસના ભાવ ઊંચા રહે છે તે છે. આનો ઉપાય એ છે કે બંગાળમાં બહોળા પ્રમાણમાં કપાસનું વાવેતર કરવું જોઈએ અને ગાંધીજીએ તેમના પ્રવાસ દરમિયાન આ મુદ્દાનું મહત્ત્વ સમજાવવું જોઈએ.

૨. મે ૧૧, ૧૯૨૫ના સોમવારે.

Gandhi Heritage Portal

જો સંસ્થાઓમાં રેંટિયાના નિષ્ણાતો સેવાભાવી હોય, અને તેઓ જો બંગાળની બહેનોને આ બાબતમાં મદદ કરે તો દરેકે દરેક મુશ્કેલી દૂર થઈ જાય અને હું તો એ પણ જોઈ શકું છું કે ખેડૂતોને પછી કપાસનું વાવેતર ચાલુ કરવા માટે બહુ દબાણ નહીં કરવું પડે.

કાંતણ એ મુખ્ય ક્રિયા છે. પણ એના પહેલાં અને પછી કરવાની ક્રિયાઓ પણ છે. રૂ ઉગાડવું, લોઢવું અને પીંજવું એ અગળની ક્રિયાઓ છે. કાંતણ અને વણાટ પછીની ક્રિયાઓ છે. હાલમાં આપણું ધ્યાન આપણે બરોબર પીંજવા, કાંતવા તથા વણવા ઉપર કેન્દ્રિત કરવું જોઈએ. કાર્યક્ષમ સંસ્થાઓના દૃઢનિશ્ચયી કાર્યકરો ખરા મનથી પ્રયત્ન કરે તો બધી મુશ્કેલી ટળી જાય અને બંગાળમાં કાંતણ સફળ થાય. નજીકના ભવિષ્યમાં એવો દિવસ જોવાની હું આશા રાખું છું.

હું આ જવાબ સાથે પૂરેપૂરો સંમત છું જ, પણ વધારામાં કહીશ કે ભાઈઓને માટે પણ બહેનોના જેટલી જ કાંતણની વ્યવસ્થા કરવાની જરૂર છે. પુરુષોને વ્યવસ્થિત કર્યા સિવાય બહેનોમાં વ્યવસ્થા ઊભી કરવાનું ખૂબ જ મુશ્કેલ થશે. બહેનોને મજૂરી આપીને કાંતતી કરવાનું ગોઠવતાં પહેલાં ઐચ્છિક રીતે કાંતનાર પુરુષોની એક મોટી ફોજ ઊભી કરવી જોઈશે. રેંટિયામાં સુધારો કરવાનું કામ પતિઓ, પિતાઓ કે ભાઈઓ દ્વારા જ થઈ શકે. કાર્યકર્તાઓની મોટી સંખ્યા પુરુષોની છે. સ્ત્રીઓ કઈ ઢબે કામ કરે છે એટલું પણ તેઓ જોઈ શકતા નથી. પણ હું જે પ્રદર્શનોની મુલાકાત લઉં છું, તેના પરથી હું પડદા પાછળ શું ચાલી રહ્યું છે તેની કલ્પના કરી શકું છું. જો રેંટિયાની બરાબર સંભાળ રાખવામાં આવે તો તે અત્યારે આપે છે તેના કરતાં બમણું સૂતર આપી શકે. એનો અર્થ એ થયો કે થોડી મહેનતે બમણી કમાણી થાય. કોઈ વાર એવું જોવા મળે છે કે સાવ જર્જરિત થઈ ગયેલા રેંટિયા ઉપર ત્રાકની જગ્યાએ વજનદાર લોઢાના સળિયા વડે લોકો કાંતી રહ્યા હોય. આ દૃશ્ય અત્યંત દુઃખદ છે. જો ચક્ર બરાબર સ્થિર ને મજબૂત હોય, ને સળિયાને બદલે માપસરની ત્રાક મૂકવામાં આવે તો ઉત્પાદન તરત જ બમણું થવા લાગશે.

હવે કપાસ ઉગાડવાની વાત લઈએ. બંગાળના બધા ભાગો કપાસ ઉગાડવા માટે અનુકૂળ નથી હોતા. એટલે તેને અમુક પ્રમાણમાં કપાસ આયાત કરવાની જરૂર રહેવાની. દરેક નવા ઉદ્યોગને રક્ષણની જરૂર રહે છે. રાજ્ય તરફથી હજી આપણને રક્ષણ ન પણ મળે. એટલે પ્રજા તરફથી ઐચ્છિક રક્ષણ મળે એ જ એક માત્ર ઉપાય છે. એ ઉપાય મફત કાંતણમાં રહેલો છે. એ કોંગ્રેસના કાંતણ મતાધિકારનો એક હેતુ છે. બીજી એક રીત મફત રૂ મેળવવાની પણ છે, અને ગુજરાતની જેમ જે લોકો પોતાની જરૂરિયાત પૂરતું કાંતી લેતા હોય, તેમને અરધી કિંમતે રૂ અથવા પૂણીઓ પૂરી પાડવી તથા અરધી કિંમતે સૂતર વણાવી આપવું, એમ પણ થઈ શકે. મિલ સાથે સરખામણી કરવી એ તો નાહક વખત બગાડવા જેવું છે. એવી કલ્પના પણ કરી શકાય કે જાપાન અને માન્ચેસ્ટર આ પુનર્જીવન પામતા કાંતણના ગૃહ ઉદ્યોગને નિષ્ફળ કરવા માટે પોતાનું કાપડ લગભગ મફતમાં આપી દે. આમ બને તેમ છતાં, મિલનું કે પરદેશી કાપડ બક્ષિસ તરીકે પણ ન સ્વીકારે એવા માણસો નીકળવા જોઈએ. આવા માણસો મારફતે જ રેંટિયાનો પ્રચાર કરવાની અને તેને સફળ બનાવવાની અપેક્ષા રાખી શકાય.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–५–१९२५



Gandhi Heritage Portal

## ૩૯. હરદયાળ નાગને મુલાકાત

ચાંદપુર,

[મે ૧૨, ૧૯૨૫ પહેલાં]

બાબુ હરદયાળ નાગે ગાંધીજીની મુલાકાત લીધી હતી અને તેમણે પૂછેલા પ્રશ્નોના ગાંધીજીએ જવાબ આપ્યા હતા.

પ્રશ્ન: આપ હજુ પણ એમ માનો છો કે સ્વરાજ પરદેશમાંથી આવી શકે નહીં?

ઉત્તર: હા, મારી એ દૃઢ માન્યતા છે.

પ્ર૦ તો પછી શ્રી દાસે જે નવો સિદ્ધાંત રજૂ કર્યો છે કે સ્વરાજ બક્ષિસના રૂપમાં અને ખાસ કરીને તો સામ્રાજ્યની અંદર રહીને મળી શકે, તેનો આપે વિરોધ કેમ કર્યો નથી?

ઉ૦ હું એમ માનતો નથી કે શ્રી દાસે પોતાના ફરીદપુરના પ્રમુખ તરીકેના ભાષણમાં આવું કંઈ કહ્યું હોય. મેં એ વ્યાખ્યાન તમે વાંચ્યું છે એના કરતાં જુદી જ રીતે વાંચ્યું છે. કારણ કે દેશબંધુ દાસ એમ નથી કહેતા કે તે ખાસ કરીને બ્રિટિશ સામ્રાજ્યની અંદર જ હોય. ઊલટું, તેઓ તો એ સૂત્રને વળગી રહ્યા છે કે "જો શક્ય હોય તો સામ્રાજ્યની અંદર; ને જરૂર પડે તો તેની બહાર."

પ્ર૦ આપને એમ નથી લાગતું કે પ્રજાના અમુક વર્ગો માત્ર શાસનવ્યવસ્થાનો ઉપરનો રંગ ફેરવવાની કોશિશ કરે છે, પણ તેનું મૂળ સ્વરૂપ બદલવાનો પ્રયત્ન કરતા નથી?

ઉ૦ હું જાણું છું કે કેટલાક લોકો શાસનનું મૂળ સ્વરૂપ નહીં, પણ માત્ર તેનો રંગ જ બદલવા ઇચ્છે છે.

પ્ર૦ હું એમ કહેવાની ધૃષ્ટતા કરું છું કે સ્વરાજવાદીઓ આ વર્ગોમાં, વધારાનો એક એવો વર્ગ ઉમેરવા માગે છે જેનો હેતુ પોતાને માટે અમુક પ્રમાણની નકલી સત્તાવાળી સરકારી નોકરીઓ કબજે કરવાનો છે.

ઉ૦ હું એવી શંકા રાખતો નથી, તેમ હું એવું માનતો પણ નથી. હું દેશબંધુ દાસ તથા પંડિત મોતીલાલ નેહરુને સારી રીતે ઓળખું છું. મને એની પાકી ખાતરી છે કે તેઓ માત્ર શાસનવ્યવસ્થામાં રંગ બદલાય તેનાથી સંતોષ પામી જાય તેવા નથી.

પ્ર૦ હું ઉદાહરણ તરીકે કલકત્તા મ્યુનિસિપાલિટીની વાત કરું. એનું તંત્ર મોટા ભાગના સ્વરાજવાદી લોકોના હાથમાં છે. મને એમ કહેવાનું મન થાય છે કે સ્વરાજવાદીઓ પ્રાંતિક અને સ્થાનિક સ્વરાજના શાસનમાં પોતાનું જ સંચાલન હોય એવું ઇચ્છે છે.

ઉ૦ કલકત્તા મ્યુનિસિપાલિટીમાં શું બની રહ્યું છે તે હું જાણતો નથી.

પ્ર૦ મને તથા બીજા ઘણા લોકોને એમ લાગે છે કે સ્વરાજ અંદરથી ઊભું થવું જોઈએ અને તેની રચના ગામડામાં થવી જોઈએ. અને આપણે રેંટિયાને એના પાયા માટેના એકમાત્ર હથિયાર તરીકે સ્વીકારીએ છીએ. આપ આમાં સંમત છો?

ઉ૦ હું અક્ષરશઃ તમારા વિચારનું સમર્થન કરું છું. પણ આપણને એમ લાગે છે કે સ્વરાજવાદીઓની ઉદાસીનતાને કારણે આપણું કામ મુશ્કેલ બને છે. બંગાળમાં તમામ કોંગ્રેસ સંસ્થાઓ તેમના હાથમાં છે અને તેમને રેંટિયામાં શ્રદ્ધા નથી. વાત આમ છે તેથી, પ્રાંતિક કે જિલ્લા-કક્ષાના સંગઠનને અભાવે રેંટિયાની પ્રવૃત્તિને ખૂબ સહન કરવું પડે છે.

Gandhi Heritage Portal

પ્ર૦ રેંટિયા તથા ખાદીના આંદોલનને માટે એક અલગ સંસ્થા હોવી જોઈએ એ વાતમાં આપ સંમત છો?

ઉ૦ સ્વરાજવાદીઓને રેંટિયામાં શ્રદ્ધા નથી એવું મને જણાશે તો મને ઘણું દુ:ખ થશે. હું એ જાણું છું કે રેંટિયામાં મને ને તમને છે તેટલી શ્રદ્ધા તેમનામાંથી ઘણાને નથી, પણ જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી મને એવો એક પણ સ્વરાજવાદી મળ્યો નથી કે જેણે રેંટિયામાં પોતાને બિલકુલ શ્રદ્ધા નથી એમ કહ્યું હોય. એમ માની લઈએ કે તેઓ રેંટિયામાં બિલકુલ માનતા નથી, તોપણ તેમની ઉદાસીનતા તમારા કે મારા કામની પ્રગતિમાં અવરોધ ઊભા કરે છે એવું તમારું અનુમાન હું સમજી શકતો નથી. એથી ઊલટું, મારે અને તમારે તેટલા પ્રમાણમાં વધુ પ્રયત્ન કરવો જોઈએ. એટલે જ્યાં સુધી સ્વરાજવાદીઓ રેંટિયાનો સ્વીકાર ન કરે ત્યાં સુધી હું રેંટિયાના વિકાસ માટે જુદી સંસ્થા ઊભી કરવાનું જરૂરી માનતો નથી.

પ્ર૦ આપ એ વાતનો સ્વીકાર કરો છો કે બંને પક્ષો પોતપોતાના કામ પૂરતા એકબીજા સાથે મેળથી ચાલતા નથી?

ઉ૦ હું એ વાત સ્વીકારતો નથી. પણ જો એ બે પક્ષો બરાબર મેળથી કામ કરતા ન હોય તો હું સ્વરાજવાદીઓ કરતાં નાફેરવાદીઓને વધુ દોષપાત્ર ઠરાવું, કારણ કે નાફેરવાદીઓને સ્વરાજવાદીઓના માર્ગમાં આડે આવવાનો જરાયે પ્રસંગ આવ્યો નથી. કાંઈ નહીં તો તેમણે પોતાની છેવટની પસંદગી કરી લીધી છે એમ હું માનું છું. તેઓ તેને જ વળગી રહે ને તે પ્રમાણે ચાલે.

પ્ર૦ પણ આપ બંને પક્ષના સર્વસંમત નેતા છો, એ હકીકત ધ્યાનમાં લેતાં આપની ફરજ શું એક કે બીજા પક્ષનો દોષ કાઢવામાં પૂરી થાય છે?

ઉ૦ જરૂર પૂરી થાય છે, કારણ કે હું ભલે બંને પક્ષનો નામનો નેતા હોઉં છતાં હું પોતે તો નાફેરવાદી છું. એટલે, નાફેરવાદીઓને વધારે ઠપકો આપવાનો મારો અધિકાર છે.

પ્ર૦ વ્યક્તિગત રીતે, અમારામાંના ઘણાને સંપૂર્ણ શ્રદ્ધા છે કે સ્વરાજ મેળવવા માટે અહિંસક અસહકાર એક ઉત્તમ સાધન છે. હવે એ પણ સ્પષ્ટ છે કે સ્વરાજવાદીઓ પોતાના વર્ગના કે પક્ષના હિત માટે અસહકારની પ્રતિષ્ઠા ઘટાડવાનો પ્રયત્ન કરે છે, અને તેમણે સહકાર માટેની કેટલીક ચેષ્ટાઓ ક્યારની કરવા માંડી છે. અલબત્ત, તેમાં કેટલીક શરતો મુકાયેલી છે, પણ તેનું દેશની સામાન્ય પ્રજાને માટે કંઈ જ મહત્ત્વ નથી. આ પરિસ્થિતિમાં, ફરીદપુરના તેમના પ્રમુખ તરીકેના ભાષણમાં શ્રી દાસે અસહકારને નિષ્ફળ જાહેર કર્યો છે. તે પછી ફરીદપુરમાં આપે જે વ્યાખ્યાન કર્યું તેમાં આપે અહિંસા અને સત્ય પર ખૂબ ભાર મૂકયો, પણ દેશબંધુએ કરેલા આક્ષેપમાંથી અસહકારને બચાવવા માટે આપે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. આ મુદ્દા પર આપ પ્રકાશ પાડશો?

ઉ૦ શ્રી દાસે અસહકાર ઉપર આક્ષેપ કર્યો હોવાની વાત મારા જાણવામાં આવી નથી. એટલે, અસહકાર એ પ્રસ્તુત બાબત નહોતી. એ ઉપરાંત, બેલગામમાં અસહકારને મુલતવી રાખવાનો ઠરાવ ઘડનાર હું જ હતો, એટલે કૉંગ્રેસના મચ ઉપરથી અસહકાર વિષે એક શબ્દ પણ ઉચ્ચારવાનું મેં પોતે ટાળ્યું છે. પણ મારો આ બાબતન અંગત અભિપ્રાય જગજાહેર છે. અને અંગત રીતે સહકારથી દૂર રહીને મેં મારા અભિપ્રાયનું સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

પ્ર૦ અલબત્ત, ફરીદપુરમાં આપે જે કંઈ કહ્યું તે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે નહીં પણ આપની વ્યક્તિગત હેસિયતથી કહ્યું હતું. અને આપે જે શબ્દપ્રયોગો કર્યા હતા તેમાં અહિંસા અને સત્યનો ઉલ્લેખ હતો, પણ અસહકાર વિષે તો એક શબ્દ પણ નહોતો કહ્યો. મને લાગે છે કે અસહકાર વગરની અહિંસાનો કંઈ જ અર્થ નથી. કાયરતામાં પણ અહિંસા

Gandhi Heritage Portal

હોય છે. જો આપને અહિંસક અસહકારમાં દૃઢ વિશ્વાસ હોય તો કોઈ પણ સ્વરાજવાદી તેની વિરુદ્ધ બોલે તો આપ તેનો વિરોધ કર્યા વગર કેમ રહી શકો?

ઉ૦ મેં તમને કહ્યું છે કે દેશબંધુના ભાષણમાં હું જાણું છું ત્યાં સુધી એક પણ શબ્દ અસહકારની વિરુદ્ધમાં કહેવાયો નથી. અને આપણે એ પણ યાદ કરવું જોઈએ કે હું કૉંગ્રેસની નીતિ પર બોલી રહ્યો હતો. કૉંગ્રેસની નીતિમાં અસહકારનો ઉલ્લેખ નથી. પણ તેમાં "શાંતિમય અને ન્યાયયુક્ત સાધનો"નો ઉલ્લેખ છે. અને મેં મારા ભાષણમાં એ કહેવામાં કાળજી રાખી હતી કે આ બંનેની જગ્યાએ મેં અહિંસક તથા સચ્ચાઈ એ બે વિશેષણો મૂકવાં જરૂરી માન્યાં હતાં.

પ્ર૦ ફરીદપુરમાં આપે એવી જાહેરાત કરી છે કે શ્રી દાસ ધારાસભાઓમાં જે કંઈ કરી રહ્યા છે તે કરવા માટેનું કુલમુખત્યારનામું આપે એમને આપી દીધું છે. આમાંથી કોઈ પણ વ્યક્તિ એવું અનુમાન બાંધી શકે કે ધારાસભાઓમાં તેઓ જે કંઈ કરે છે તે આપના પ્રતિનિધિ તરીકે કરે છે. કાયદાની પરિભાષામાં માલિક અને તેના મુખત્યારનો જે અર્થ થાય છે, તે દૃષ્ટિએ આપના નિવેદન વિષે કોઈ આવો અભિપ્રાય બાંધે તો તેમાં તેનો દોષ ન કાઢી શકાય. આ બરાબર છે? દેશબંધુ દાસ ધારાસભામાં જે કંઈ કરે છે તેને પણ આપનો ટેકો છે?

ઉ૦ જ્યારે હું દેશબંધુ દાસ કે સ્વરાજવાદીઓ મારા એજન્ટ હોવા વિષે બોલ્યો છું, ત્યારે, જેમ પેલા આઈરીશમૅને કહ્યું હતું કે પોતે આ સામ્રાજ્યનો એક માલિક છે, તે જ ભાવથી મેં મારી જાતને ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ રૂપી પેઢીનો માલિક ગણાવી હતી. અને મહાસભાએ સ્વરાજવાદીઓને તેમનો ધારાસભાનો કાર્યક્રમ ચલાવવાની સત્તા આપી છે, એટલે જ્યાં સુધી કાઉન્સિલના કાર્યક્રમને લાગેવળગે છે ત્યાં સુધી મેં સ્વરાજવાદીઓને મારું મુખત્યારનામું આપ્યું છે, એમ કહેવામાં હું ખોટો નહોતો. એથી કરીને કંઈ એવો અર્થ થતો નથી કે પ્રાંતિક ધારાસભાઓ કે મધ્યસ્થ ધારાસભામાંની સ્વરાજવાદીઓની નીતિની દરેક વિગતને હું ટેકો આપું છું. એક ડાહ્યા ને વ્યવહારુ માણસ તરીકે એક વાર મારી પસંદગીના પ્રતિનિધિઓને મુખત્યાર તરીકેની સામાન્ય સત્તાઓ સોંપી દીધા પછી તેઓ શું કરે છે, તે વિષે હું બહુ મગજમારી કરતો નથી.

પ્ર૦ જો સ્વરાજવાદીઓ અમુક કરારને આધારે નોકરશાહી પાસેથી કેટલીક છૂટછાટો મેળવવામાં સફળ થાય તો આપ એ કરારને સંમતિ આપશો?

ઉ૦ અરે, નોકરશાહી સાથે જ્યારે આવા કરારની શરતો પ્રગટ થશે ત્યારે મારે તેના પર વિચાર કરવાનો રહેશે. સરકાર સાથે કોઈ સમજૂતી કરવાનું મુખત્યારનામું મેં કોઈને આપ્યું નથી. એટલે, દરેક કૉંગ્રેસ વ્યક્તિની માફક રાષ્ટ્રીય સ્વીકૃતિ માટે સૂચવાયેલી સમજૂતીની કોઈ પણ શરતોને બારીકાઈથી ચકાસવાનો મારો પૂરો અધિકાર હું મારી પાસે રાખું છું.

પ્ર૦ દેશબંધુ દાસ પ્રાંતિક સ્વાયત્તતાનો જે અર્થ કરે છે તે આપ સમજો છો?

ઉ૦ હું અટકળ કરી શકું છું.

પ્ર૦ તે શું છે?

ઉ૦ હું શબ્દકોશમાં તેનો જે અર્થ થાય છે તે જ અર્થ લઈને ચાલું છું.

પ્ર૦ આ બાબતમાં આપની પાસેથી સ્પષ્ટ ઉત્તરની અપેક્ષા ન રાખી શકું?

ઉ૦ એ જ ઉત્તર છે. મેં દેશબંધુ દાસના ફરીદપુરના ભાષણને બહુ જ ઝીણવટથી વાંચ્યું છે. પણ એમાં તેઓ કોઈ વિગતમાં ઊતર્યા નથી. એટલે, અંગ્રેજી શબ્દકોશમાં એ શબ્દનો જે અર્થ કરવામાં આવ્યો છે, તે જ અર્થ કરવાનો મને હક્ક છે.

Gandhi Heritage Portal

પ્ર૦ ફરીદપુરના વ્યાખ્યાનનો એવો અર્થ નથી નીકળતો કે દેશબંધુ દાસે પ્રાંતિક સ્વાયત્તતા વિષેના પોતાના વિચારો બદલ્યા છે?

ઉ૦ મને એમ નથી લાગતું. મારા પર એવી છાપ નથી પડી, એ નક્કી.

પ્ર૦ તો પછી તેમના પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં એ શબ્દપ્રયોગ કરવાનું કેમ ટાળ્યું?

ઉ૦ તેમણે આ બાબત ઉપર એટલે કે પ્રાંતિક સ્વાયત્તતા પર જરાય ભાર મૂક્યો છે? તે માટેનો ત્યાં પ્રસંગ જ નહોતો. તેમણે જે કંઈ ભાર મૂક્યો છે તે સ્વરાજ પર છે અને સ્વરાજ શબ્દ એવો છે કે તેમાં મારે મન ઘણી ચીજો આવરી લેવાય છે, કારણ કે તે પ્રાંતિક સ્વાયત્તતા કરતાં આગળ જાય છે.

પ્ર૦ જે શબ્દ વિષે તેઓ કેટલાય વખતથી ઉપદેશ આપી રહ્યા છે, તે શબ્દને તેઓએ કાળજીપૂર્વક શા માટે ટાળ્યો, તે વિષે આપ અમને સમજાવી શકશો?

ઉ૦ એનું સીધુંસાદું કારણ એ છે કે તેમણે વધારે વ્યાપક અને સર્વગ્રાહી શબ્દપ્રયોગ કર્યો છે.

પ્ર૦ સ્વરાજવાદીઓના ધારાસભાના કામનું છેવટનું પરિણામ શું આવશે તે વિષે આપ અનુમાન કરી શકો છો?

ઉ૦ મારે એમ કરવાની કંઈ જરૂર નથી, કારણ કે જ્યારે તેમણે શું કર્યું તે સમજવાની મને જરૂર પડે છે ત્યારે તેના આધાર માટે હું છાપાં મેળવી શકું છું. વળી, આવાં બધાં કામનું મૂલ્યાંકન કરવા માટેનો મારો પોતાનો એક માપદંડ છે. અને હું જાણું છું કે હું અને તમે અંદર રહીને કે બહાર રહીને જે કંઈ કરીએ છીએ તેનાથી તે ઓછું પણ નથી અને વધારે પણ નથી. જે લોકો ધારાસભામાં ગયા છે, તેમણે જાહેર કર્યું છે અને જાહેર કરવું પણ જોઈએ કે લોકો પોતે જે કંઈ કામ કરે છે અને સ્વરાજ માટે જે શક્તિ પેદા કરે છે, તેના પર જ તેમનું બળ અવલંબે છે. તેથી મેં બતાવ્યો તે માપદંડ તમારે માટે તેમ દરેકને માટે સ્વીકારવા જેવો છે એમ મને લાગે છે. એમ થાય તો પછી આપણે છાપાંની ફાઈલો ઉથલાવવામાં અને અટકળ કરવાની જોખમી રમતોમાં વખત ગુમાવવાની જરૂર નહીં પડે.

પ્ર૦ સ્વરાજવાદીઓને ઘણો લાંબો દોર આપી દેવાને કારણે અસહકારની પ્રવૃત્તિને ઘણું સહન કરવું પડયું છે એમ આપને નથી લાગતું?

ઉ૦ હું એવું બિલકુલ માનતો નથી. ઊલટું, હું તો એમ માનું છું કે અસહકારને જે કંઈ સહન કરવું પડે છે તે અસહકારીઓની નબળાઈને કારણે છે.

પ્ર૦ આપ એ જાણો છો કે સ્વરાજવાદીઓએ પોતાની રીતરસમો હજી બદલી નથી?

ઉ૦ કઈ 'રીતરસમો?

પ્ર૦ તેમની રીતરસમો ને કાર્યપદ્ધતિ. હું એક દૃષ્ટાંત રજૂ કરું. ડૉ. પી. સી. રાયની ફરીદપુરની બંગાળ પ્રાંતિક પરિષદના પ્રમુખ તરીકેની ચૂંટણીને બદલી નાખવામાં આવી છે તે વિષે આપ કંઈ જાણો છો?

ઉ૦ હું એ વિષે કંઈ જ જાણતો નથી. તે શું હકીકત છે?

પ્ર૦ ચૂંટણી વખતે ડૉ. રાયનો ક્રમ બીજો આવતો હતો. શ્રી બી. એન. શશમલ પહેલા આવતા હતા. શ્રી શશમલે રાજીનામું આપતાં ડૉ. રાયની ચૂંટણી બાજુએ મૂકવામાં આવી, ને દાસને પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા. આ વિષે તમે કંઈ જાણો છો?

ઉ૦ હું આ વિષે કંઈ જ જાણતો નથી.

Gandhi Heritage Portal

પ્ર૦ તેમની કાર્યપદ્ધતિના દૃષ્ટાંત તરીકે હું આ ઉદાહરણ આપું તો આપને તે વિષે શું કહેવાનું છે?

ઉ૦ સ્વરાજવાદીઓની વાત સાંભળ્યા વગર ને પૂરી હકીકતો જાણ્યા વગર હું અભિપ્રાય આપી શકું નહીં.

પ્ર૦ આપ તે વિષે તપાસ કરવા રાજી છો?

ઉ૦ જે વાત પતી ગઈ છે, તેના પર હું મારો વખત નહીં બગાડું.

પ્ર૦ હું આ બાબત આપના લક્ષમાં એટલા માટે લાવું છું કે સ્વરાજવાદીઓની પદ્ધતિનો આપને ખ્યાલ આવે. આ વિષે આપને શું કહેવાનું છે?

ઉ૦ હું એમની પદ્ધતિઓ વિષે કંઈ જાણતો નથી. દાખલાઓ તપાસ્યા વિના હું કોઈ પણ અભિપ્રાય બાંધી ન શકું. હું સ્વરાજવાદીઓ કે બીજા ત્રીજા પર ફેંસલો આપવા માગતો નથી, અને ખાસ કરીને જ્યાં તેમ કરવાની જરૂર નથી ત્યાં તો નહીં જ.

પ્ર૦ જ્યારે તમને લાગે કે સ્વરાજવાદીઓએ પોતાની પદ્ધતિઓ બદલી નથી, ત્યારે તમે નાફેરવાદીઓને તેમની કાર્ય કરવાની અયોગ્યતાને માટે દોષ આપી શકો ખરા?

ઉ૦ પ્રથમ તો તમે એમ માનીને ચાલો છો કે સ્વરાજવાદીઓની કાર્યપદ્ધતિઓ શંકાભરેલી છે. એટલે એ મુદ્દા પર તમારે મારા મનનું સમાધાન કરાવવું પડશે. બીજું, તમે જેમ પ્યૂરિટનો કહેવાનું પસંદ કરો છો, કયા હકથી તે હું જાણતો નથી, તેમની કાર્ય કરવાની અક્ષમતા અંગે મેં કદી તેમનો દોષ કાઢ્યો નથી. પણ મેં તેમનામાં તેમના મિશન માટેની શ્રદ્ધાના અભાવનો આરોપ મૂક્યો છે. અને હજી પણ એક દલીલ ખાતર માની લઈએ કે સ્વરાજવાદીઓની પદ્ધતિઓ શંકાભરેલી છે, તોપણ તેને પ્યૂરિટનોની શુદ્ધતા સાથે શો સંબંધ છે? મારી આસપાસની આખી દુનિયા અશુદ્ધ હોય એટલે મારે પણ અશુદ્ધ બનવું જોઈએ, કે મારે એને મારી વિશુદ્ધિની તાકાત કસવા માટેનો યોગ્ય કાળ ગણી લેવો જોઈએ? હું એટલું જ ઉમેરીશ કે પ્યૂરિટનો તેમના દાવાના ફલિતાર્થો બરાબર સમજતા નથી. જો તેઓ તેમનો દાવો સાચો પુરવાર કરવા માગતા હોય તો તેમણે ફરિયાદ ન કર્યા કરવી જોઈએ. તેમણે દુનિયામાં બીજાની ભૂલો જ ન શોધ્યા કરવી જોઈએ. ખાસ કરીને તેમના સહકાર્યકર્તાઓના દોષો ન જોયા કરવા જોઈએ. પણ તેમણે મૂંગા મૂંગા અને મક્કમપણે મુશ્કેલીઓનો સામનો કરવો જોઈએ અને જ્યારે તેઓ વધુમાં વધુ મુશ્કેલીમાં હોય, ત્યારે તેમનું તેજ વધુમાં વધુ પ્રગટવું જોઈએ.

પ્ર૦ સ્વરાજવાદીઓનું અત્યારનું વલણ તેમના ખુલ્લા વિરોધ કરતાં વધુ ખરાબ નથી?

ઉ૦ જો સ્વરાજવાદીઓ રેંટિયા પ્રત્યે ખરેખર ઉપેક્ષા સેવતા હોય તો હું એટલું સ્વીકારું ખરો કે અંદરખાનેથી ઉદાસીન રહેવા કરતાં તેઓ ખુલ્લેખુલ્લો વિરોધ કરે એ ખૂબ જ ઠીક થઈ પડશે.

પ્ર૦ જો સ્વરાજવાદીઓ ખરેખર રેંટિયાની બાબતમાં ઉદાસીન હોય તો ખાદી ને રેંટિયા માટે અલગ વ્યવસ્થા ગોઠવાય તે યોગ્ય નથી?

ઉ૦ હા. જરૂર.

પ્ર૦ જો એમ હોય તો એક અલગ અખિલ હિંદ અસહકાર સંગઠન રચવાનું કસમયનું ગણાય?

ઉ૦ મને લાગે છે અત્યારની ક્ષણે તે કસમયનું છે. કોઈ નિર્ણય પર આવતાં પહેલાં કે કોઈ આખરી પગલું ભરતાં પહેલાં આપણે એક વરસ જવા દેવું જોઈએ.

Gandhi Heritage Portal

પ્ર૦ કેટલાક રૂઢિચુસ્ત અસહકારીઓ સ્વરાજવાદીઓ સાથે કામ કરવામાં ઠીક ઠીક મૂંઝવણ અનુભવે છે. આપ તેનો કોઈ ઉપાય સૂચવશો?

ઉ૦ સાચા અસહકારીએ સ્વરાજવાદીઓ સાથે કામ કરવામાં મૂંઝવણ ન અનુભવવી જોઈએ. જો તમારે સ્વરાજવાદીઓ સાથે મળીને ધારાસભામાં કામ કરવાનું ન હોય તો તેમની સાથે રેંટિયાની પ્રવૃત્તિ સિવાયના કામમાં ભાગ લેવાનો અર્થ શો છે? હું તો એમ પણ કહું કે ખુદ વાઇસરૉય પણ જો કાંતવા માટે રેંટિયા પર બેસવા તૈયાર હોય તો એક સાચો અસહકારી તેમની સાથે પણ કામ કરવા તૈયાર રહે.

પ્ર૦ પણ મહાત્માજી, આપે હકીકતોને ન ઉવેખવી જોઈએ, એ આપણી સામે જ ઊભી છે.

ઉ૦ તો હું એમ કહું કે એ લોકો અસહકારીઓ નથી, કારણ, તેમણે અસહકારનો મર્મ પકડયો નથી. અસહકાર વ્યક્તિઓ સામે નથી, પદ્ધતિઓ સામે છે.

પ્ર૦ અમે આપના દૃષ્ટિબિંદુની કદર કરી શકીએ છીએ. પણ એ હકીકત છે કે અમે પરેશાની અનુભવીએ છીએ. તેઓ અમારા કામમાં બાધારૂપ બને છે.

ઉ૦ તેઓ બાધા ઊભી કરે છે એ આરોપની સાબિતી મળે તેવું કોઈ નિવેદન મારા જોવામાં આવ્યું નથી. તેઓ કાંતતા ન હોય તો તે કંઈ બાધા ઊભી કરે છે એમ ન કહેવાય. જો તમે ગામડાંમાં જાઓ ને લોકોને કાંતવાનું કહો, તે વખતે તેઓ એમ કહેતા હોય કે આ કાંતવાનું નકામું છે, તો તેઓ બાધા ઊભી કરે છે એમ કહેવાય. પણ આવો આરોપ એક પણ સ્વરાજવાદી સામે મૂકી શકાય એવું મારી જાણમાં નથી.

પ્ર૦ આપ એ જાણતા નથી કે ગામડાના પુનર્નિર્માણની તેમણે જે યોજના કરી છે, તેમાં રેંટિયા માટેની કોઈ યોજનાનો સમાવેશ થતો નથી?

ઉ૦ હું એટલું જ કહી શકું કે ફરીદપુરમાં ખાદીનું પ્રદર્શન ગોઠવનાર સ્વરાજવાદીઓ હતા અને એ ચોખ્ખું રેંટિયાપ્રદર્શન હતું. દેશબંધુ દાસે તેમના વ્યાખ્યાનમાં કૉંગ્રેસના રચનાત્મક કાર્યક્રમ પર ભાર મૂકયો હતો. તેમાં તેમણે એમ કહ્યું હતું કે તેના વગર આપણે કશું પણ સિદ્ધ કરી શકવાના નથી. એ ઉપરાંત, વધારામાં હું એટલું કહી શકું કે હું એક એવા સ્વરાજવાદીના કુટુંબને ઓળખું છું કે જે મારા અને તમારા જેટલું જ કાંતણપ્રવૃત્તિને વરેલું છે.

પ્ર૦ ફરીદપુર પરિષદના આપે કરેલા ઉલ્લેખ ઉપરથી મને સ્વરાજવાદીઓની બીજી એક વાંધાજનક પદ્ધતિ યાદ આવે છે. એ લોકોએ આપને બંગાળમાંથી અસહકારની પ્રવૃત્તિનો નાશ કરવા માટે આમંત્ર્યા હતા, પણ તેમને નિરાશા સાંપડી છે.

ઉ૦ તમે ભારે શંકાશીલ છો, ખૂબ નિરાશાવાદી છો.

પ્ર૦ માણસ ધારે છે શું અને ઈશ્વર કરે છે શું. શ્રી દેસાઈએ મને દિલ્હીથી લખ્યું હતું કે મહાત્માજી તુરતમાં બંગાળની મુલાકાત નહીં લે. પણ જ્યારે આપે ફરીદપુરની પરિષદનું આમંત્રણ સ્વીકાર્યું ત્યારે તે લોકોએ એમ નહીં ધારેલું કે આપ બંગાળની મુલાકાત લેશો. પણ જ્યારે આપે અમારું આમંત્રણ સ્વીકાર્યું ત્યારે તેઓ મૂંઝવણમાં પડી ગયા. અમારે માટે તો એ ઈશ્વરી આશીર્વાદ નીવડયા. આપ બંગાળની મુલાકાત લો, એવું એ લોકો ઇચ્છતા નહોતા, તે આપ નથી જાણતા?

ઉ૦ મને લાગે છે કે તમે વધુપડતા શંકાશીલ છો.

પ્ર૦ એ જે હોય તે, એ મારું માનસિક વલણ છે.

ઉ૦ તમે સદંતર ખોટા છો, કારણ કે મારો પ્રવાસ સ્વરાજવાદી તથા નાફેરવાદી બંનેએ મળીને ગોઠવ્યો છે. સ્વરાજવાદી લોકો જ મને ચિત્તાગોંગ ને નોઆખલી લઈ જાય છે. કારણ, આ બંને સ્થળો સતીશબાબુએ ગોઠવેલા પ્રવાસ કાર્યક્રમમાં નહોતાં.

Gandhi Heritage Portal

પ્ર૦ રૂઢિચુસ્ત અસહકારીઓ ફરીદપુરમાં ગેરહાજર રહ્યા હતા, તે વાત આપના લક્ષમાં નથી આવી?

ઉ૦ એની મને ખબર નથી. ઘણું કરીને તેઓ ગેરહાજર હતા. પણ જો તેમ હોય તો તે તેમનો દોષ છે.

પ્ર૦ આપ તેનું કોઈ કારણ બતાવી શકો છો?

ઉ૦ જો તેઓ ગેરહાજર રહ્યા હોય તો એ તેમની ભૂલ હતી, એથી વિશેષ હું કાંઈ કહી શકતો નથી.

પ્ર૦ તેનું કારણ હું એમ માનું છું કે પોતાની હયાતી ટકાવી રાખવાનો એ એક માત્ર માર્ગ હતો.

ઉ૦ મને લાગે છે કે આ બદનક્ષી છે.

પ્ર૦ જે લોકોને રચનાત્મક કાર્યક્રમમાં શ્રદ્ધા છે અને જેમને ધારાસભાના કામમાં અડચણ ઊભી કરવામાં શ્રદ્ધા નથી, એવા લોકોનું એક અસ્વાભાવિક જોડાણ આમજનતાના દિલમાં એક પ્રકારનું રાજકીય અવિશ્વાસનું વાતાવરણ પેદા કરી રહ્યું છે, એવું આપને લાગે છે?

ઉ૦ આમજનતાના મન પર બીજા કશાનો નહીં પણ હમેશાં કામનો જ પ્રભાવ પડે છે. જ્યાં નક્કર કામ થતું હોય છે, જ્યાં આત્મભોગ અપાતો હોય છે ત્યાં જનતાનું માનસ તેને તરત પોતાની અંદરની સૂઝથી જોઈ લે છે; નહીં તો, જનતાનું મન કુંભકર્ણની જેમ ઘોરતું હોય છે. તે કંઈ પણ સાંભળતું નથી.

પ્ર૦ આમજનતાને કેળવવા માટે કોઈ રાજકીય કેળવણીની જરૂર છે એવું આપ માનો છો?

ઉ. હા, તે કેળવણી રેંટિયાની છે.

પ્ર૦ જો એમ હોય તો તે કામ કોણે કરવું જોઈએ?

ઉ૦ અલબત્ત, જેમણે એમાં પોતાની જીવંત શ્રદ્ધા ટકાવી રાખી છે તેમણે જ એ કરવું જોઈએ. તેમણે જ જનતાના શિક્ષક બનવું જોઈએ.

પ્ર૦ તેને માટે કોઈ વ્યવસ્થિત સંસ્થા ઊભી કરવાની જરૂર આપને નથી લાગતી?

ઉ૦ હું હમણાં જ કલકત્તાથી આવું છું. ત્યાં મેં જોયું કે બે યુવાનો તેમનું કામ પૈસાની કે બીજી કોઈ પણ પ્રકારની સહાય વિના સંપૂર્ણ રીતે, અસરકારક રીતે અને પદ્ધતિસર કરી રહ્યા છે. તેમને કોઈ તંત્રની જરૂર નથી પડી. રેંટિયાની આ જ ખૂબી છે.

પ્ર૦ આપણા રાજકર્તાઓ જેઓ પોતાનામાં વાઘ જેવા ગુણો હોવાનો ગર્વ લે છે, તેમનો હૃદયપલટો થાય એવું આપને લાગે છે?

ઉ૦ હૃદયપલટો શક્ય છે; નહીં તો, અસહકારનો કશો ઉપયોગ નથી. સૌથી પહેલો અસહકારીઓનો હૃદયપલટો થવો જોઈએ. તે પછી રાજકર્તાઓનો હૃદયપલટો થશે. એ વિષે મારા મનમાં બિલકુલ શંકા નથી.

પ્ર૦ હું, માત્ર પશુઓની સૃષ્ટિમાં જે ચાલે છે તે તરફ આપનું ધ્યાન ખેંચું છું. વાઘ અને બકરી વચ્ચે સાચી મૈત્રી શક્ય છે એમ આપ માનો છો?

ઉ૦ ના, પણ એ ઉપમા માનવસૃષ્ટિની ભૂમિકા સુધી લઈ જવી ન જોઈએ, કારણ, માણસ તે માણસ છે; પછી તે કાંતવામાં માનતો હોય કે ધારાસભાઓમાં મુશ્કેલીઓ ઊભી કરવામાં માનતો હોય; તે સરમુખત્યારશાહીના સિદ્ધાંતોમાં માનતો હોય કે ગુલામગીરીમાં માનતો હોય કે પછી માનવબંધુત્વની ભાવનામાં શ્રદ્ધા રાખતો હોય.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १४-५-१९२५

Gandhi Heritage Portal

## ૪૦. જી. વી. કેતકરને પત્ર

ટ્રેનમાં,
મે ૧૨, ૧૯૨૫

પ્રિય શ્રી કેતકર,[૧]

શ્રી કેળકરે[૨] ગીતાબીજ પરનો લેખ મોકલ્યો તે મેં બહુ જ રસપૂર્વક વાંચ્યો છે. ગીતા એક વૈજ્ઞાનિક પુસ્તક છે, ને તેની છણાવટ વૈજ્ઞાનિક ઢબે થવી જોઈએ એમ હું માનતો નથી. આમ છતાં આપણે તેમાંથી કદાચ વિજ્ઞાનને વિકસાવી શકીએ. તમારી પસંદગી મૌલિક છે, અને તેનું તર્કપૂર્ણ દલીલો વડે સમર્થન કરવામાં આવ્યું છે. તે સૌથી ઉત્તમ છે કે કેમ એ વિષે હું કહી શકતો નથી.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

શ્રી. જી. વી. કેતકર,
केसरी કાર્યાલય,
પૂના સિટી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૭૯૬૩

## ૪૧. ચિત્તાગોંગની સાર્વજનિક સભામાં ભાષણ[૩]

મે ૧૨, ૧૯૨૫

ભાષણ દરમ્યાન મહાત્મા ગાંધીએ કહ્યું કે માનપત્રો બદલ હું તમારો આભારી છું. હું દિલગીર છું કે અલીભાઈઓમાંથી એકેયને હું મારી સાથે લાવી શક્યો નથી. શ્રી સેન ગુપ્તા પણ હાજર નથી તેથી પણ હું દિલગીર છું. ગયે વખતે જ્યારે મેં તેમની મુલાકાત લીધી ત્યારે સરકારના હુકમથી તેમને કંઈ પણ બોલવાની મનાઈ કરવામાં આવી હતી. સુંદર કામગીરી દાખવવા બદલ હું મ્યુનિસિપાલિટીનો આભાર માનું છું. કેળવણી ફરજિયાત કરવી એ ઉપયોગી છે કે કેમ એ હું જાણતો નથી. એ બાબતમાં બે મત છે. હું તમને વચન આપું છું કે આ વાત ઉપર હું વધારે કાળજીથી વિચાર કરીશ. તેમણે એ પણ કહ્યું કે દારૂબંધીનો અમલ કરવા બદલ અને કર્મચારીઓને ખાદી પહેરતા કરવા બદલ પણ હું મ્યુનિસિપાલિટીનો આભાર માનું છું. ખાદી સિવાય કશાથી કશું થઈ શકે એમ નથી. ખાદી વગર સવિનયભંગ અશક્ય છે. દેશમાંથી ગરીબી હટાવવા માટે ચરખો જરૂરી છે. તેમણે કહ્યું કે મારી ચળવળ આત્મશુદ્ધિની છે. હું જે પોતે ન કરું એ કરવાનું હું કદી કોઈને કહું નહીં.[૪]

૧. केसरीના તંત્રી.

૨. નૃસિંહ ચિંતામણ કેળકર; केसरी અને मराठाના તંત્રી; ટિળકના નજીકના સાથી; થોડા સમય માટે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના સેક્રેટરી.

૩. ગાંધીજી સવારે ૭ વાગ્યે ચિત્તાગોંગ આવ્યા અને એક કલાક પછી ૨૦ હજાર ઉપરની માનવમેદનીવાળી સભામાં ભાષણ આપ્યું. મ્યુનિસિપાલિટી, ગાંધી સ્વાગત સમિતિ અને ચિત્તાગોંગના કરદાતા સંઘ તરફથી એમ ત્રણ માનપત્રો અર્પણ થયાં હતાં. ગાંધીજી પહેલાં હિંદીમાં અને પછી અંગ્રેજીમાં બોલ્યા.

૪. આ પૅરેગ્રાફ हिन्दु; ૧૩-૫-૧૯૨૫ના હેવાલમાંથી લેવામાં આવ્યો છે. આ પછીનું લખાણ ગાંધીજીના અંગ્રેજી ભાષણના अमृतबझार पत्रिका, ૧૫-૫-૧૯૨૫ના હેવાલમાંથી ઉતારવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

કાંઈક અંગ્રેજીમાં કહેવા મને સૂચના કરવામાં આવી છે. બંગાળીઓમાં, અંગ્રેજી ભાષા તરફ રહેલો મોહ હું જાણું છું. મેં જે કાંઈ કહ્યું છે તેનું બંગાળીમાં — તમારી માતૃભાષામાં — બરાબર ભાષાંતર કરવામાં આવ્યું છે. મને નથી લાગતું કે જે ભાષા મારી કે તમારી માતૃભાષા નથી તે ભાષામાં હું કાંઈ વધારે સચોટ રીતે તમને કહી શકું. પણ મારે તો મારું કામ કરવું છે. અને અંગ્રેજીમાં બોલીને પણ જો તમારામાંથી થોડાકને પણ હું ખાદી, સત્ય અને અહિંસા તરફ વાળી શકું તો મારે એમ કરવું જોઈએ. એટલે અંગ્રેજીમાં પણ બોલીને હું તમારો સમય લેતો હોઉં તો એ કેવળ જેઓ અંગ્રેજીમાં હું બોલું એવી માગણી કરે છે તેમને રાજી રાખવા માટે કરું છું, અને અત્યાર સુધી જો એમને સત્ય ન લાધ્યું હોય તો એ લાધે એ હેતુથી કહું છું. થોડાંક વર્ષો ઉપર મારા એક સહકાર્યકર્તાએ કહ્યું હતું કે કાંતવાની અને ખાદીની વાતો સમજવી સાવ સહેલી છે અને તેથી જ શિક્ષિત વર્ગ ગભરાય છે. એમણે સાવ સાચું કહ્યું કે આ વસ્તુઓ સીધીસાદી છે. તેથી ભણેલાઓ એનું હાર્દ અને એમાં રહેલો મહાન હેતુ સમજી શકતા નથી. ચરખો કાંતવો એ સાવ સહેલી બાબત છે. અને ચાર વર્ષના મારા ઊંડા અને પ્રાર્થનામય મનોમંથન પછી મને લાગ્યું છે કે હિંદુસ્તાનનાં દુઃખો દૂર કરવા માટે ખાદી કરતાં બીજું કોઈ વધુ કામયાબ સાધન નથી.

આપણા દેશના પ્રશ્નો એવા તો વિશાળ અને ગૂંચવાયેલા છે કે એને ઉકેલવાને માટે સાદામાં સાદા ઉપાય જોઈએ. આપણે જે અટપટી કેળવણી લઈએ છીએ તેથી આપણા વિચારો પણ ગૂંચવાઈ ગયા છે, આપણાં મગજ રહી ગયાં છે, અને કંઈક અટપટી રીતે આપણી આગળ મૂકવામાં ન આવે તો એમાં રહેલું સત્ય સમજવા આપણે ના પાડીએ છીએ!

પણ જો તમે ખૂબ વિચારશો અથવા એકાંતમાં જઈ ઈશ્વરનું શરણું શોધશો તો તમારો હાથ ઉપાડીને એ સીધો રેંટિયા ઉપર મૂકશે. આપણે બહુ બકચા, આપણે બહુ ભાષણો કર્યાં, બહુ અખબારો ચીતર્યાં, બહુ ચોપડાં લખ્યાં, અને બહુ શોધો કરી; પણ ભાષણનો અને પુસ્તકો લખવાનો જમાનો ગયો એ ગયો. હવે એ ફરી નથી આવવાનો. હવે કાર્યનો જમાનો આવ્યો છે. તમારે જે પ્રજાની સાથે ભીડવાનું છે તે પ્રજા વક્તાઓની નથી, કર્મયોગીઓની છે. તે પ્રજાએ નમવું શું કહેવાય એ કદી જાણ્યું નથી, તે પ્રજા અડગ નિશ્ચયવાળી છે, તે પ્રજાએ જગતના કેટલાક ભારેમાં ભારે વીર યોદ્ધાઓ ઉત્પન્ન કર્યા છે. એટલે, આપણે ગમે એટલી મુત્સદ્દીગીરી કરીએ એ કામ નથી આવવાની. આપણને લોકજાગૃતિ જોઈએ છે. આપણા કાઉન્સિલરો ધારાસભામાં ગયા છે. એમના વચનને કાંઈક વજન મળે એમ તમે ઇચ્છો છો? આજે તો એમના શબ્દમાં કશું જોર નથી, એમના ઠરાવોમાં કશું જોર નથી. કારણ એ નહીં કે એમને બોલતાં નથી આવડતું. દેશબંધુએ બતાવ્યું છે કે સરકારના ઠરાવ અને ધોરણને પછાડતાં એમને કેવું આવડે છે. પણ એઓ પણ પોતાની પાછળ સત્તા ન હોય તો કશું જ ન કરી શકે. આપણે બધા કાઉન્સિલમાં ન જઈ શકીએ. મને કાઉન્સિલમાં જવામાં શ્રદ્ધા નથી એમ મેં વારંવાર કહ્યું છે, પણ જેને શ્રદ્ધા હોય તે જાય એમ પણ મેં કહ્યું છે. એમને મોકલીને એમને સત્તાહીન રાખવા એ બરોબર નથી. ત્યાં જઈને એઓ બદનામ થાય એ જોવા હું નથી ઇચ્છતો. સરકાર એમને માન અને ધ્યાનપૂર્વક સાંભળે એમ હું માગું છું.

એ શાથી થાય? — મોટી સભાઓ ભરીને? ઠરાવો કરીને? એમના ઠરાવોને ટેકો આપીને? સત્તા, શક્તિ તમારામાં ન હોય ત્યાં સુધી તમે એમને શું આપવાના હતા? અને આપણી પાસે એ સત્તા નથી. સરકારની હિંસાને પહોંચી વળાય એટલી હિંસાશક્તિ કોઈ કેળવી શકે એવું

Gandhi Heritage Portal

મારી જાણ્યામાં તો નથી. જગતમાં બીજા દેશોમાં ભલે હોય પણ હિંદુસ્તાનમાં તો હિંસાથી સ્વાતંત્ર્ય નહીં જ મળે. મેં અહિંસાનો કાર્યક્રમ દેશની આગળ મૂક્યો છે એનું કારણ એને મેં ધર્મ તરીકે સ્વીકાર્યો છે એ નથી, પણ એ જ આજે ફળદાયી છે એ કારણે. દેશને માટે મને બીજું રાજકાજ આજે સૂઝ નથી પડતું. અને જેનામાં કશું ડહાપણ હોય તે નિશ્ચય કરી લે કે હિંસાથી કશું વળવાનું નથી.

તમારે દેશ ઉપર પડેલી બેડીઓ તોડવી છે. એને માટે યુવાનોમાં આવેલી અધીરાઈ હું સમજી શકું છું. પણ એ તોડવાના પ્રયત્નોમાં હું તમારા કોઈથી પાછો પડતો નથી. હું મારી જાતને એક ડાહ્યો માણસ માનું છું. મેં દુનિયા જોયેલી છે. હું આજન્મ લડવૈયો છું. હું જવાન થયો ત્યારથી બધાંની સાથે — મારાં પત્ની, માબાપ, સહધર્મીઓ, મુસલમાન ભાઈઓ સૌની સાથે — લડતો જ આવ્યો છું. પણ એ બધી લડાઈઓમાં મારું એક જ સામાન્ય હથિયાર હતું — અને એ અહિંસા. મારી પત્ની સાથે હું હિંસક લડાઈ આદરી શકતો નહોતો. હું મુસલમાન સાથે હિંસક લડાઈ લડવા માગતો નથી. હિંદુઓ સાથે હિંસક લડાઈ લડવાની મારામાં હિંમત નથી. આ બધામાંથી મેં સાર કાઢ્યો કે હું અંગ્રેજો સામે પણ હિંસક લડાઈ આદરી શકું નહીં. હું છાતી ઠોકીને કહી શકું એમ છું કે અહિંસક રહીને — અને નહીં કે હિંસક બનીને — મેં અનેક અંગ્રેજોનું હૃદયપરિવર્તન કર્યું છે. મારો આ દાવો છે તો મોટો, પણ એ એક નમ્ર માનવીનો છે એમ જાણજો.

પણ અહિંસા, કાર્યમાં પરિણત થવી જોઈએ, અને એ કાર્ય અવિરત હોવું જોઈએ; અખંડ અવિશ્રાંત હોવું જોઈએ — શ્રદ્ધા સાથે થતું હોવું જોઈએ. અને હિંદુસ્તાનનાં આબાલવૃદ્ધ, શિક્ષિત-અશિક્ષિત, સંન્યાસી અને સંસારી, રાજદ્વારીઓ અને પંડિતો માટે રેંટિયો ફેરવવા સિવાય બીજું હું નથી જોતો. અર્ધા કલાકની મહેનતના પરિણામને ૩૦ કરોડે ગુણી કાઢો અને પછી પરિણામ શું આવે છે એ જુઓ. આજે ચાલીસ ચાલીસ વર્ષના લૂખા રાજકીય જીવનને અંતે એકે વસ્તુ આપણે સાંગોપાંગ ઉતારેલી બતાવી શકતા નથી. આપણે અનેક કાર્યક્રમ દેશની આગળ મૂક્યા. આજે દેશની આગળ હું એક જ કાર્યક્રમ મૂકું છું; અને દેશ બીજા કશાનો વિચાર કરે એના પહેલાં એ કાર્યક્રમ પાર ઉતારવાનું હું દેશને વીનવું છું. ખાદી ગમે એટલી મોંઘી કે જાડી હોય છતાંયે આપણે સૌ પહેરીએ એ બહુ મુશ્કેલ વાત છે કે? જો એ મોંઘી પડતી હોય તો બે કટકા કરીને તમારી લાજ ઢાંકો, અને એમ કરશો તો એટલું તો તમારે દફતરે જમા ચડશે. જો એ તમોને ખૂંચતી હોય તો હિંદુસ્તાનની ખાતર ખૂંચતી ખરબચડીયે પહેરવાનું સહન કરી લો. દેશની ગુલામી ખાદીના કરતાંયે વધારે ખરબચડી છે. દેશનું દારિદ્ર ચિત્તાગોંગમાં ઊપજતી ખરબચડી ખાદીના કરતાં પણ વધારે ખૂંચે એવું છે. જો હિંદુસ્તાનનાં કંગાળોને માટે તમારા દિલમાં દાઝ હોય તો કાંતો, કાંતો, કાંતો — એટલે સુધી કે કાંતતાં કાંતતાં તમારા હાથ રહી જાય; અને ખાદી પહેરતાં પહેરતાં પરસેવે નાહી રહો એટલી ખાદી પહેરો. એટલે તમને મારું કલ્પેલું અને તમારું કલ્પેલું સ્વરાજ મળી રહેશે અને તમે હરખથી નાચશો.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १५–५–१९२५

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

Gandhi Heritage Portal

## ૪૨. ચિત્તાગોંગના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ

મે ૧૩, ૧૯૨૫

વારુ, ત્યારે હું કહું છું કે ખરા રાષ્ટ્રીય શિક્ષણનો આરંભ કાંતવાના શિક્ષણથી થાય. ઈંગ્લંડમાં જેમ દરેક છોકરો નાવિકની કેળવણી લે છે, અને બંગાળમાં પણ સ્વાભાવિક રીતે તમને સૌને તરતાં અને હલેસાં મારતાં આવડે છે તેમ હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંના રક્ષણને માટે ખેતી ઉપરાંત કાંતવાનો ધંધો જોઈએ. અમેરિકામાં પણ તેઓ વધારાના ધંધા ઉપર ભાર મૂકે છે, જોકે ત્યાં સંયુક્ત કુટુંબની ઉપાધિ નથી, અને રાજ્ય તો સ્વરાજ છે. હિન્દુસ્તાનમાં દરેક ખેડૂત ખેતી ઉપરાંત કાંઈક બીજી થોડી કમાણી વિના જીવી શકે એમ નથી અને તે કાંતવામાંથી જ મેળવી શકે. વણવું એ ન ફાવે, કારણ, તેમાં ઉપલક વખત આપ્યે ન ચાલે. સ્ત્રીઓની સભામાં હું જઈ આવ્યો અને ત્યાં કાંતવાનો પાઠ આપી આવ્યો. (તકલી કાઢતાં કાઢતાં) આ નાનકડી ખોલીની અંદર મારો રેંટિયો આ છે. એ તમને બહુ સરસ નહીં લાગે, પણ સરસ હતી તે હું ફરીદપુરમાં મિસ ઘોષને આપી આવ્યો. એ કેળવણી ખાતાની ઉપરી છે. એને એ ગમી છે અને તેણે જવાબ મોકલ્યો છે કે હું કાંતીશ અને મિત્રોને શીખવીશ. તમે ગપ્પાં મારતા હો, મિત્રોની સાથે ગમ્મત કરતા હો, ભૂમિતિના પ્રશ્નોનો વિચાર કરતા હો ત્યારે પણ એ ચલાવી શકો. અમારે ત્યાંના ભરવાડો ચાલતાં ચાલતાં એ ચલાવ્યે જાય છે. તેમની નજર પોતાનાં મેંઢાં ઉપર હોય છે, અને તકલી ચાલ્યા કરે છે. તમને મારી દલીલમાં ન સમજ પડે તો સતીશબાબુને પૂછો. તે પોતાનું રસાયણનું કારખાનું અને કમાણી છોડીને આમાં પડ્યા છે. એ તમને મારા કરતાં વધારે સારી ગણતરી કરી બતાવશે, કેમ કે એમનું શોધખોળવાળું મગજ છે. તમને એમ લાગતું હોય કે તમારા દેશનાં ભૂખે ટળવળતાંની ખાતર તમારે આ નિત્યયજ્ઞ કરવો જોઈએ તો એ કરવા માંડો.

આટલું કહીને વિદ્યાર્થીઓને પૂછ્યું, "બોલો કેટલાને મારી વાત ગળે ઊતરી?" બોલવાનું શરૂ કરતાં પહેલાં કાંતતાં કેટલાકને આવડે છે એમ પૂછેલું તેના જવાબમાં ઘણાએ હાથ ઊંચા કરેલા, કેટલા કાંતે છે તેના જવાબમાં કોઈએ હાથ ન ઊંચા કરેલા અને કાંતવાનું વચન કેટલા આપશે એના જવાબમાં ૧૦ જણાએ હાથ ઊંચા કરેલા. સપ્રયોગ ભાષણ પછીનો છેલ્લો પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે ૫૦-૬૦ જણાએ હાથ ઊંચો કર્યો. "વારુ ત્યારે કેટલા કાંતવાનું વચન આપે છે?" આ વેળા વીસેક હાથ ઊંચા થયા. વિદ્યાર્થીઓમાં પ્રામાણિકતાનું ભાન કેટલું વધતું જાય છે એ બતાવવાને આના કરતાં બીજો વધારે સારો પુરાવો કયો જોઈએ?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૪–૫–૧૯૨૫

Gandhi Heritage Portal

## ૪૩. ચિત્તાગૉંગની વ્યાપારી સભામાં ભાષણ

મે ૧૩, ૧૯૨૫

વેપારીઓ સાથે મારો સંબંધ ગાઢો છે. મારો દૃઢ નિશ્ચય છે કે વેપારીઓ મારફતે જ આપણે ભારત ગુમાવ્યું, અને વેપારીઓ મારફતે જ પાછું લઈશું. શિક્ષિત વર્ગની મારફતે ભારતની સ્વતંત્રતા નથી મળવાની. આખી પૃથ્વીમાં શિક્ષિત વર્ગની મારફતે સ્વતંત્રતાની રક્ષા ક્યાંય થયેલી નથી જાણી. દેશની રક્ષા કરવાવાળા વેપારી અને લડવૈયા છે. પણ હિંદનું સ્વાતંત્ર્ય લડાઈમાં નથી ગયું, કેવળ વેપારથી જ ગયું છે. એટલે તમને કહું છું કે વેપારીઓની સહાય મને જ્યારે મારા કાર્યમાં પૂરેપૂરી મળશે ત્યારે ભારતની સ્વતંત્રતા હસ્તામલકવત્ થઈ જશે. એટલે વેપારીઓને ખાદી પ્રચારના સાર્વજનિક સેવાના કાર્યમાં પૂરો હિસ્સો દેવાને વીનવું છું. તમે યજ્ઞને ખાતર અર્ધો કલાક કાંતો અને શુદ્ધ ખાદી પહેરો. મારા એક બે કરોડપતિ મિત્રો ખાદી પહેરે છે અને કાંતે છે. તમે શા સારુ તેમ ન કરો? તમે દ્રવ્ય અને બુદ્ધિથી પણ સહાય દઈ શકો છો. મારા કરતાં તમે કરવા ધારો તો વધારે કામ કરી શકો છો. મારી પ્રાર્થના છે કે તમે આ કાર્યમાં તન, મન અને ધનથી ફાળો આપો.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २४–५–१९२५

## ૪૪. કર્ણાટકમાં ખાદી

બીજાપુર જિલ્લામાં ખાદીને સસ્તી બનાવવા બાબતમાં જે પ્રયોગ થઈ રહ્યો છે, તે વિષેનું શ્રી એચ. એસ. કૌજલગીનું નીચેનું લખાણ[1] સહર્ષ પ્રગટ કરું છું.

રૂ એકઠું કરવાના આ વિચારને સારી સફળતા મળવા લાગી છે. પૂર્વ ખાનદેશમાં સારું એવું રૂ એકઠું થઈ શક્યું છે, એમ શ્રી ભરૂચાએ થોડા દિવસ પર જ જણાવ્યું છે. આ પ્રવૃત્તિમાં સામાન્ય જનતાની સાથે મારવાડીઓ અને પારસીઓ પણ જોડાયા હતા. જ્યાં જ્યાં આવા પ્રયોગો થતા હોય ત્યાંના અહેવાલો મોકલવામાં આવશે તો મને ગમશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४–५–१९२५

૧. લખાણ અહીં મૂક્યું નથી. પત્રલેખકે લખ્યું છે કે તેણે તથા તેના સાથીઓએ ઘેર ઘેર ફરીને રૂ ઉઘરાવ્યું છે. એના સૂતરની ખાદી વણાવવામાં આવી છે અને તે લોકોને પ્રમાણમાં સસ્તી કિંમતે વેચવામાં આવી છે.

Gandhi Heritage Portal

# ૪૫. નોંધ

## વણકરોની ફરિયાદ

અમદાવાદની મહાસમિતિના ઠરાવ મુજબ સભ્યો તરફથી જે સૂતર મોકલવામાં આવે છે, તે વિષે એક કાર્યકર્તા લખે છે:

> વણકરો ફરિયાદ કરે છે કે ઝીણા સૂતરમાં વળ પૂરતો હોતો નથી. એટલે મોટા ભાગનું સૂતર વણાટ માટે નકામું થવાનું છે. કાંતનારાઓ માત્ર કાંતવા ખાતર કાંતે છે, તેની ગુણવત્તા વિષે તેમને કાળજી હોતી નથી. મને લાગે છે કે આપે તે આંટીઓ ત્યાં બરાબર તપાસી નહીં હોય. કેટલાક વણકરો તો કાંજી પાયા પછી તાણો પણ પાછો મોકલી આપે છે. તેમની બીજી ફરિયાદ એ છે કે આંટીઓ જુદા જુદા માપની હોય છે. વણકરો જણાવે છે કે આ બધી સુધારી શકાય તેવી ખામીઓને લઈને તેઓ દિવસનું એક વાર કાપડ પણ વણી શકતા નથી અને એને લીધે રોજના બે આના જેટલું પણ કમાઈ શકતા નથી.

આ ફરિયાદ ઘણી વાજબી છે. મેં અગાઉ આ પાનાંઓમાં ઘણી વાર કહ્યું છે કે જેમ ખાઈ ન શકાય તેવી રોટલીને રોટલી ન કહી શકાય, તેમ જે સૂતર વણી શકાય તેવું ન હોય તે સૂતર જ ન કહેવાય. કાંતનાર સભ્યોની કાંતવા બાબતમાં કેટલી બધી ઉદાસીનતા છે તે આ ફરિયાદ બતાવે છે. ખરાબ રીતે કરેલું કામ કેટલીક વાર તે બિલકુલ ન કરાય એના કરતાં વધારે ખરાબ છે. જે વકીલ પોતાનો કેસ કુશળતાથી ચલાવતો નથી તે અસીલના પૈસા ચોરી લે છે. જે ડૉક્ટર પોતાના દરદીની સારવાર બેદરકારીથી કરે છે તે પણ પોતાના દર્દીના પૈસાનો ચોર બને છે; એટલું જ નહીં પણ તે માનવહત્યા માટે પણ દોષિત ઠરી શકે. એવી જ રીતે, જે કાંતનાર બેદરકારીથી કાંતે છે અને કસોટી કર્યા વગરનું સૂતર મોકલે છે, તે અપ્રામાણિક રીતે કાંતવા માટે દોષિત ઠરે છે.

સ્વરાજ હેઠળ શાસનતંત્ર આપણા પોતાના હાથમાં હશે. અત્યારે કાંતનારા જેમ કાંતણમાં બેદરકારી બતાવે છે, તેમ તે વખતે અધિકારીઓ બેદરકારી બતાવશે તો તે કેમ ચાલશે? કાંતણ છે તો એક સાદું કામ પણ એમાં આપણી લાયકાતની કસોટી છે. એ અર્થમાં એવું, બીજું કોઈ પણ કામ બેશક, એના જેટલું જ કસોટીરૂપ થશે. આપણે કાંતણને પસંદ કર્યું છે તે એટલા માટે કે તેની અત્યારે દેશમાં સૌથી વધુ જરૂર છે. દુનિયામાં સાર્વત્રિક કસોટી માત્ર એક જ હોઈ શકે અને તે સાર્વત્રિક તો જ બની શકે જો તે સાદી, સહેલાઈથી શીખી શકાય તેવી અને દરેક વ્યક્તિનો ઓછામાં ઓછો સમય લેનારી હોય, જેથી એ વ્યક્તિ બીજાં જાહેર કે ખાનગી કામો માટે પોતાનો સમય અને ધ્યાન આપવા મુક્ત રહી શકે. એ કસોટી તે કાંતણ કામ છે. અને એ કામ હાથ ધરનાર પણ જો બેદરકારીથી, બેપરવાઈથી અથવા આણઘડ રીતે એ કામ કરશે તો તે કોઈ પણ કલ્પી શકાય એવી સહેલામાં સહેલી વ્યવહારુ કસોટીઓમાં પણ નિષ્ફળ જ જવાના. લોકોને કાંતવું ન ગમતું હોય, કે તેમાં તેમને શ્રદ્ધા ન હોય, એ બનવા જોગ છે. પણ મન વગરનું કાંતવું એ તો પોતાની જાતને અને રાષ્ટ્રને છેતરવા જેવું છે.

Gandhi Heritage Portal

## હાથસાળ

માહિતીખાતાના નિયામકે ઉદ્યોગ તથા વ્યાપાર ખાતાં હેઠળ થતા હાથસાળ પરના વણાટ કામ વિષેની માહિતી રજૂ કરતી યાદી બહાર પાડી છે. તેમાંના મહત્ત્વના ઉતારા નીચે પ્રસિદ્ધ કરું છું.[1]

ખેડૂતોના ઘરમાં હાથસાળનું વણાટકામ દાખલ કરવાનો પ્રયત્ન સાવ નિષ્ફળ જવાનો છે, એ વાત તરફ હું ખાતાનું ધ્યાન ખેંચી શકું? ખેડૂત જીવનનું જેને થોડુંઘણું પણ જ્ઞાન છે તે આવો ઉદ્યોગ દાખલ કરવાનું અવ્યવહારુપણું બરાબર સમજી શકશે. હાથવણાટ એ ખૂબ લાંબી પ્રક્રિયા છે અને તેમાં એક કરતાં વધુ માણસોએ અનેક પ્રક્રિયાઓમાં એક સાથે ગૂંથાવું પડે છે. આ વાત એક ખેડૂતની ઝૂંપડીમાં શક્ય નથી. એટલે, આદિકાળથી જ હાથસાળ એક અલગ વ્યવસાય અને આજીવિકાનું એક સ્વતંત્ર અને એકમાત્ર સાધન થઈ રહ્યો છે. ખેડૂતને એક એવા પૂરક વ્યવસાયની જરૂર છે કે જેને તે ગમે ત્યારે ચલાવી શકે ને ગમે ત્યારે મૂકી દઈ શકે. કરોડો લોકો માટેનો આવો વ્યવસાય એકમાત્ર રેંટિયો જ છે. અલબત્ત, નવરાશમાં કરવા જેવા આ જાતના બીજા ઉદ્યોગો છે ખરા. પણ લાખો સ્ત્રીપુરુષોને કામે લગાડી શકાય એવો કાંતણ સિવાય બીજો એકે વ્યવસાય નથી. એટલે, ઉદ્યોગ ખાતાએ જો પોતાનું અસ્તિત્વ સાર્થક કરવું હોય, થોડાક જણને બદલે લાખોના હિતમાં વિચારવું હોય અને ઇંગ્લંડને બદલે હિંદને નજર સમક્ષ રાખીને ચાલવું હોય તો તેણે પોતાનું ધ્યાન મુખ્યત્વે કાંતણપ્રવૃત્તિ ઉપર આપવું જોઈએ, ગ્રામવાસીઓને તેનાં સાધન પૂરાં પાડવાં જોઈએ, અને કાંતણની જુદી જુદી પદ્ધતિ-ઓમાં સુધારા કરવા જોઈએ. મને એ વાતની નોંધ લેતાં આનંદ થાય છે કે બંગાળમાં આ કામને લગતું ખાતું પોતાનું ધ્યાન કાંતણ ઉદ્યોગ તરફ વાળી રહ્યું છે, જોકે હજી તેમાં બહુ ભલીવાર નથી. આ હાથકાંતણ એક જ એવો ઉદ્યોગ છે જેને સરકાર જો સાફ દાનતથી ચલાવે તો લોકો જોડે સહકાર સાધીને સફળ બનાવી શકે. આપણને ઘણી વાર સરકાર સાથે સહકાર કરવાનું કહેવામાં આવે છે. સરકાર માટે યોગ્ય અને સ્વાભાવિક વસ્તુ એ છે કે એણે લોકો સાથે સહકાર કરવો જોઈએ, તેમની જરૂરિયાતો આગળથી જોઈ લેવી જોઈએ અને તેને માટે જોગવાઈ કરવી જોઈએ. હું ખાતાનું ધ્યાન એ વાત તરફ દોરવાનું ઉચિત માનું છું કે સાળ ઉપર ચડાવતાં પહેલાં રૂ ઉપર થતી બધી ક્રિયાઓ ઉપર જો નિયંત્રણ નહીં રાખે તો સાળ કેવળ માન્ચેસ્ટર, જાપાન અથવા મુંબઈને પણ પોષનારી બની રહેશે. જ્યારે ખરું જોતાં ખાતાનું કામ એ છે અથવા એ હોવું જોઈએ કે તેણે ખેડૂતને પોતાના કપાસ પર કરવી જોઈતી બધી જ ક્રિયાઓ પોતાના જ ઘરમાં અથવા ગામમાં કરતાં શીખવવું જોઈએ જેથી એમ થાય તો તેને અનેક પ્રકારના હુન્નરો મળી રહે. અને એમ બને તો જ તે દુકાળ કે પૂરની હોનારત વખતે ઉત્પાદન વિના અને કામ વિના લાચાર કે અસહાય ન બની જાય.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४–५–१९२५

૧. અહીં તે આપ્યા નથી. તેમાં છેલ્લાં પંદર વરસમાં હાથસાળ વણાટના ઉદ્યોગમાં થયેલી પ્રગતિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. એ ખાતાએ ખેતીપ્રધાન વિસ્તારોમાં લોકોને વણાટ અને રંગ કામની તાલીમ આપવા માટેની કેટલીક શાળાઓ ખોલી છે.

Gandhi Heritage Portal

# ૪૬. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

નોઆખલી
મે ૧૪, ૧૯૨૫

પ્રિય મિત્ર ચાર્લી,

તમારો પત્ર મળ્યો. આપણે ચોક્કસ શાંતિનિકેતન જઈશું અને બર્દવાનમાં મળીશું. મિ. મૅકમિલન બાબતમાં તમે જે કહો છો તેની હું નોંધ લઉં છું. હું અસત્ય બોલીશ તો મારા મૃત્યુ બાદ મને સજા થશે એવા ડરનો માર્યો કોઈ માણસ અસત્યથી દૂર રહે એને તમે સારી વાત માનો? લોકમતના બળે, નૈતિક બંધનો ટકી રહે એના કરતાં એ બંધનો તૂટી જાય એ આપણે વધુ આવકારલાયક ગણીશું? કૃત્રિમ રીતે ગર્ભનિરોધની ભલામણ કરનાર ખુલ્લા દિલથી કહે છે કે હું નૈતિક બંધનમાં માનતો નથી અને અનિયંત્રિત સમાગમ એ જ આદર્શ સ્થિતિ છે. મને તો નવાઈ જ લાગે છે.

પ્યાર સહિત,

તમારો
**મોહન**

સી. એફ. ઍન્ડ્રૂઝ
C/O શ્રી ચાલીહા
જોરહટ
આસામ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૯૬૬
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

Gandhi Heritage Portal

## ૪૭. વસુમતી પંડિતને પત્ર

ગુરુવાર, વૈશાખ વદ ૬ [મે ૧૪, ૧૯૨૫][1]

ચિ. વસુમતી,

તમારો કાગળ મને અહીં આજે મળ્યો છે. બધું ભલે ગયું ને ઘર છે તે પણ જાય તોયે શું? અત્યારે જવા જેવું સ્થળ તો નવીબંદર છે કેમ કે ત્યાં દેવદાસ[2] ગયો છે. બહુ તો શાનો જ રહે? પણ એ એકાંત સ્થળ છે. મેં તો નથી જોયું પણ તેનાં વખાણ સાંભળ્યાં છે. તમારી તબિયત સારી હશે. મને કાગળ લખ્યા કરવા.

બાપુના આશીર્વાદ

ચિ. વસુમતી ધીમંતરામ
દોલતરામ કાશીરામની કંપની

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૬૨; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૪૮. મણિબહેન પટેલને પત્ર

કલકત્તા
વૈશાખ વદ ૬ ગુરુવાર [મે ૧૪, ૧૯૨૫][3]

ચિ. મણિ,[4]

તમારો લાંબો કાગળ મળ્યો. હું રાજી થયો. ઓરતોમાં કામ કરવું ઘણું મુશ્કેલ છે જ. છતાં ધીરજથી જે બને તે કર્યા કરવું. ડાહ્યાભાઈ આબુ અથવા નવીબંદર ગયા જ હશે. બંગડી મારી ધ્યાનમાં છે જ. હું ભૂલવાનો નથી. તે ઢાકામાં મળે છે. ને ત્યાં મારે ત્રણ દિવસમાં પહોંચવાનું છે. બાપુને કંઈ હવા ખાવાનું છે?

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન
વલ્લભભાઈ પટેલ, બૅરિસ્ટરને ઘેર
અમદાવાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો — મણિબહેન પટેલને, પા. ૨૨

૧. ૧૯૨૫માં દેવદાસ નવીબંદરમાં હતા. એ વર્ષે વૈશાખ વદ ૬ મેની ૧૪મીએ આવતી હતી

૨. દેવદાસ ગાંધી (૧૯૦૦–૫૭); ગાંધીજીના સૌથી નાના પુત્ર; એમની ઘણીખરી જાહેર પ્રવૃત્તિઓમાં એ ગાંધીજી સાથે હતા; ૧૯૪૦–૫૭ દરમ્યાન હિન્દુસ્તાન ટાઇમ્સના સંપાદક.

૩. મૂળ પ્રમાણે.

૪. વલ્લભભાઈ પટેલનાં પુત્રી.



Gandhi Heritage Portal

# ૪૯. નોઆખલીની જાહેર સભામાં ભાષણ[1]

મે ૧૪, ૧૯૨૫

માનપત્રના ઉત્તરમાં ગાંધીજીએ કહ્યું કે મને અપાયેલાં માનપત્રો માટે હું તમારો આભારી છું. શ્રી સત્યેન્દ્રનાથ મિત્ર અહીં હાજર નથી, અને તેઓ માંડલેની જેલમાં છે તે સાંભળીને મને દુઃખ થાય છે. મને આશા છે કે તેઓ થોડા જ વખતમાં પાછા ફરશે. હિંદુમુસ્લિમ ઐક્ય વિષે બોલતાં ગાંધીજીએ કહ્યું કે અહીં અલીભાઈઓમાંથી કોઈ હાજર નથી, તેથી મારી જવાબદારી બેવડી બને છે. તેઓ તેમના પોતાના કામમાં રોકાયેલા છે. મેં સાંભળ્યું હતું કે અહીં બંને કોમો વચ્ચે કુસંપ નહોતો. પણ હવે તેમની વચ્ચે તે દેખાવા લાગ્યો છે. બન્ને કોમો મારી સલાહને અનુસરવા રાજી નથી. જ્યારે જ્યારે મેં કુસંપ જોયો છે ત્યારે ત્યારે મને લાગ્યું છે કે બન્ને કોમો તે માટે જવાબદાર છે. જો તેઓ એક બનવાનો નિશ્ચય કરે તો દુનિયાની કોઈ તાકાત તેમને જુદી પાડી શકે તેમ નથી. જો તમે તમારાં મન સાફ નહીં કરો તો તે માટેની જવાબદારી બંનેની રહેશે. બંને કોમો આજ સુધી સંપીને મિત્રની જેમ રહેતી આવી છે.

અસ્પૃશ્યતાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે જ્યાં સુધી તે ચાલુ રહેશે ત્યાં સુધી હિન્દસ્તાન આગળ વધી નહીં શકે. હું એક સનાતની હિંદુ તરીકે કહું છું કે હિંદ ધર્મમાં અસ્પૃશ્યતા જેવી કોઈ વસ્તુ નથી. તમે અંત્યજોના ઉદ્ધાર માટે પ્રયત્ન કરો છો, તે માટે તમને ધન્યવાદ આપું છું. પણ મને એમ પણ કહેવામાં આવ્યું છે કે એ કામમાં બ્રાહ્મણો અંતરાયો ઊભા કરે છે. પણ મને આશા છે કે તમે સૌ અસ્પૃશ્યતાને દૂર કરવા માટે મક્કમ પ્રયાસ કરશો. નોઆખલીના લોકો તેને સંપૂર્ણપણે દૂર કરવામાં પોતાની બધી શક્તિ કામે લગાડશે એવી મને આશા છે. મને એવી પણ આશા છે કે તમે આ વાત ધોબીઓને ગળે પણ ઉતારશો.

અંતમાં તેમણે કહ્યું છે કે તમે સૌ જાણો છો કે કેટલાય લોકો એવા છે કે જેમને વરસમાં ચાર મહિના કંઈ જ કામ મળતું નથી; અને તેને પરિણામે તેમની ગરીબી વધતી જાય છે. આખી દુનિયામાં બધે જ ખેતીના વ્યવસાય સાથે બીજો પૂરક ઉદ્યોગ જોડાયેલો હોય છે. હિન્દુસ્તાનમાં તે માટે રેંટિયા જેવો બીજો એકેય પૂરક ઉદ્યોગ નથી. તેથી જ રેંટિયાને હું અન્નપૂર્ણા કહું છું. ખેતરોમાંથી તેમને ચોખા મળી શકશે, પણ પોતાની સ્થિતિ તો તેઓ રેંટિયા વડે જ સુધારી શકશે. હું ભારપૂર્વક કહેવા માગું છું કે મધ્યમ વર્ગના લોકોએ, તેઓ જ્યાં હોય ત્યાં રોજનો અરધો કલાક કાંતવા પાછળ આપવો જોઈએ. જો તેઓ ગરીબોને ખાતર રેંટિયો કાંતશે તો તેનાથી વધારે મોટું કામ બીજું એકે નથી. આ માટે હું દેશના જુદા જુદા ભાગમાં પ્રવાસ કરી રહ્યો છું અને આ વાત ભારપૂર્વક રજૂ કરી રહ્યો છું. એ પછી તેમણે નદીના પ્રવાહથી નોઆખલીમાં થતા ધોવાણનો પણ ઉલ્લેખ કર્યો.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १६–५–१९२५

૧. કલેકટરની કચેરીના પ્રાંગણમાં ભરાયેલી સભામાં ગાંધીજીને ચાર માનપત્રો આપવામાં આવ્યાં હતાં. સભામાં લગભગ ૨૫,૦૦૦ માણસોની હાજરી હતી. તેમાંના મોટા ભાગના મુસલમાનો હતા.

Gandhi Heritage Portal

## ૫૦. નોઆખલીના શિક્ષકોને મુલાકાત

મે ૧૪, ૧૯૨૫

આ માસની ૧૪મીએ ગાંધીજીની નોઆખલીની મુલાકાત દરમિયાન જિલ્લા શિક્ષક સંઘના પ્રતિનિધિઓએ તેમની મુલાકાત માગી હતી. અને તે તેમને આપવામાં આવી હતી. પ્રતિનિધિઓએ મહાત્માજી પાસે અત્યારની કેળવણીની પ્રથાને લગતા કેટલાક વેધક પ્રશ્નો પૂછ્યા. એમણે પૂછ્યું કે હાલની પરિસ્થિતિમાં શિક્ષકો દેશની ખરી સેવા કઈ રીતે કરી શકે? મહાત્માજીએ હસતાં હસતાં શરૂઆત કરી અને કહ્યું કે "કાંતો અને હજુ વધારે કાંતો!" પછી તેમણે શિક્ષકોને એવી સલાહ આપી કે શિક્ષકોએ તેમના હાથ નીચે ભણતા વિદ્યાર્થીઓના મન પર પોતાના ચારિત્ર્યનો અને કામનો પ્રભાવ પાડીને શૈક્ષણિક સંસ્થાઓનું સમગ્ર નૈતિક વાતાવરણ બદલી નાખવું જોઈએ. જો શિક્ષકો તેમના પ્રયત્નમાં સાચા દિલથી મંડી પડશે તો સરકારી તંત્ર તેના નિરીક્ષકો મારફતે ગમે તેટલું માથું મારશે તોપણ તેમનાં ધ્યેય અને હેતુઓને રૂંધી શકશે નહીં. કેમ કે તેઓ સરકારી નોકર નથી. જોકે બંગાળના શિક્ષકો અને એ રીતે સમગ્ર હિન્દુસ્તાનના શિક્ષકોનો એક ખાસ વર્ગ બનેલો છે, છતાં આ તબક્કે તેઓ કોઈ સંયુક્ત આંદોલન કરે તેવી આશા રાખી ન શકાય. પણ વ્યક્તિગત રીતે, દરેક ઉત્સાહી શિક્ષકે પોતાને ભાગે આવતું કામ હિંમતથી કરવું જોઈએ. અંતમાં તેમણે કહ્યું કે ભૂતકાળમાં મેં શિક્ષકોની ફરજો અને જવાબદારીઓ વિષે ધ્યાન ખેંચ્યું જ છે અને હજી પણ હું એ વાત મારા છાપામાં વારંવાર વધારે ભારપૂર્વક અને ચોકસ સ્વરૂપે કહ્યા કરીશ.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २१-५-१९२५

## ૫૧. નોઆખલીમાં ભાષણ

મે ૧૪, ૧૯૨૫

સ્ત્રીને પરાધીન કોણે કહી? શાસ્ત્રમાં સ્ત્રીની પરાધીનતા નથી. સીતા રામની અર્ધાંગના હતી, અને તેણે રામના હૃદય ઉપર પ્રભુત્વ મેળવેલું હતું. દમયંતી પરાધીન નહોતી. મહાભારત વાંચીને કોણ કહેશે કે દ્રૌપદી પરાધીન હતી? પાંડવો જ્યારે તેની રક્ષા કરતા અટકયા હતા ત્યારે કૃષ્ણની સ્તુતિ કરીને પોતાની રક્ષા કરનાર દ્રૌપદીને પરાધીન કોણ કહેશે? આપણે ત્યાં સાત સતીઓને પ્રાત:સ્મરણીય ગણી છે તે પરાધીન હતી? જેનામાં પવિત્ર રહેવાની શક્તિ છે, જેનામાં પોતાના શીલની રક્ષા કરવાની શક્તિ છે તેને પરાધીન કહેવી એ ભાષાનો સંહાર કરવા જેવું છે, અધર્મ છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ३१-५-१९२५

Gandhi Heritage Portal

## ૫૨. કોમિલ્લાની જાહેર સભામાં ભાષણ[1]

મે ૧૫, ૧૯૨૫

માનપત્રના જવાબમાં મહાત્માજીએ બરોબર કહ્યું કે આ માનપત્રો બંગાળી ભાષામાં અપાયાં હોત તો સારું હતું. ભવિષ્યમાં, જે લોકો મને માનપત્ર આપવા ઇચ્છતા હોય, તેઓ તે કાં તો બંગાળીમાં કાં તો હિન્દીમાં આપશે તો તે મને ગમશે. મને કહેવામાં આવ્યું કે કોમિલ્લા આગળ ધપવા માગે છે, પણ હકીકતો એ વાતનું સમર્થન કરતી નથી. કૉંગ્રેસના સભ્યપદ માટે સૂતરનો મતાધિકાર દાખલ કરવા માટે હું જવાબદાર છું, અને તેનું મને જરાય દુ:ખ નથી. તમે એ વાત કબૂલ કરો છો કે આપણું કામ ગામડાંઓમાં શરૂ થવું જોઈએ; પણ તમે કોઈ પણ કાર્યકર્તાને પૂછશો તો તે તરત જ કહેશે કે રેંટિયો એ જ એકમાત્ર ઉપાય છે. આમ-જનતાની વધતી જતી ગરીબાઈને રોકવાનો એ એક જ સાચો ઉપાય છે. આ લત્તાના લોકો એકબીજા સાથે સંપીને રહે છે તે જાણીને મને આનંદ થાય છે. સ્વરાજ મેળવવા માટે એવા સંપની ખૂબ જ જરૂર છે. . .

અલી ભાઈઓ મારી સાથે નથી તેનું મને દુ:ખ થાય છે. મૌલાના શૌકતઅલીને પોતાનું કામ પૂરેપૂરું કર્યા સિવાય મુંબઈ છોડવાનું ગમતું નહોતું અને મૌલાના મહમદઅલી દિલ્હીમાં પોતાનાં બે છાપાંના કામમાં પડેલા છે, અને તેથી દિલ્હી છોડી શકે તેમ નથી. પણ હું કોમિલ્લામાં તમને કંઈ નવું કહેવા માટે આવ્યો નથી. એક માનપત્રમાં કંઈક નિરાશાનો સૂર હતો. પણ નિરાશાનો સૂર તો આખા હિન્દુસ્તાનમાં વ્યાપેલો છે. કૉંગ્રેસના સભ્યપદ માટેના મતાધિકારની શરતો માટે મને જરાય દુ:ખ નથી. હિન્દુસ્તાન માટે રેંટિયા સિવાય બીજા કોઈ ઔષધની હું કલ્પના કરી શકતો નથી. હું મધ્યમવર્ગના લોકોને એમ નથી કહેતો કે તમે રેંટિયાને તમારી આજીવિકાનું સાધન બનાવો. પણ તેમણે ગરીબો માટે દાખલારૂપ બનવાનું છે અને હિન્દુસ્તાન માટે ભોગ આપવાનો છે. આની સાથે સાથે હિંદુઓ અને મુસલમાનોએ પોતપોતાનાં દિલ સાફ કરવાં જોઈએ. અને આ બાબતમાં બંને કોમો વચ્ચે મતભેદ નથી, એ આનંદની વાત છે. અંતમાં તેમણે અસ્પૃશ્યતાના પ્રશ્નની ચર્ચા કરી.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १७–५–१९२५

૧. ગાંધીજીને સવારમાં નીચેની સંસ્થાઓ તરફથી માનપત્રો આપવામાં આવ્યાં હતાં : મ્યુનિસિપાલિટી, જિલ્લા બોર્ડ, વેપારી મંડળ, રૈયત સંઘ તથા શાંતિસેના.

Gandhi Heritage Portal

# ૫૩. વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ[1]

કોમિલ્લા,
મે ૧૫, ૧૯૨૫

મહાત્માજીએ પોતાનું વ્યાખ્યાન અંગ્રેજીમાં કર્યું. તેમણે કહ્યું કે તમે તમારી સ્થિતિ નિખાલસતાથી રજૂ કરી, તે માટે તમને ધન્યવાદ ઘટે છે. તમારે એ યાદ રાખવું જોઈએ કે ભારતનું ભાવિ યુવકોના હાથમાં છે. સ્વરાજનો આદર્શ એ છે કે અધર્મરાજ્યની જગ્યાએ ધર્મરાજ્ય સ્થાપવું. વિદ્યાર્થીઓએ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. દેશના પુનરુદ્ધારમાં તમારે જે ગંભીર જવાબદારી ઉપાડવાની છે, તેનો તમને ખ્યાલ હોવો જોઈએ. તમારે પુસ્તકો જરૂર વાંચવાં જોઈએ; પણ મારા મત પ્રમાણે તેનું સ્થાન બીજું છે. તમારું મુખ્ય કામ તો ચારિત્ર્ય કેળવવાનું છે. કારણ, તેના વિના સઘળી વિદ્યા ફોગટ છે. રેંટિયો તમારા ચારિત્ર્યઘડતરમાં ખૂબ મદદગાર થશે એમ હું માનું છું.

આપણે રેંટિયા પ્રત્યે ઉપેક્ષા સેવીએ છીએ, તેનું મુખ્ય કારણ મને એ લાગે છે કે આપણને આપણા દેશની જનતાની ભયંકર ગરીબાઈનો ખ્યાલ નથી. કેટલાક કહે છે કે રેંટિયો કાંતવામાં તેની મજૂરીનું પૂરું વળતર મળતું નથી. આ બાબતમાં હું તમને ચેતવણી આપું છું કે આટલી નાની ઉંમરમાં આવી ગણતરી કરવાની ટેવ પાડીને તમારું ભાવિ જીવન તમે બગાડશો નહીં. આ બાબતને તમારે વધારે ઊંચા દૃષ્ટિબિંદુથી જોવી જોઈએ અને રેંટિયામાં શ્રદ્ધા રાખવી જોઈએ. તમારે માત્ર તમારી પોતાની સુખસગવડનો વિચાર ન કરવો જોઈએ. તમારો કાંતેલો એકેએક વાર દેશના પ્રશ્નો ઉકેલી રહ્યો છે એમ તમને લાગવું જોઈએ. ઉપાય તમારા હાથમાં છે. મને આશા છે કે વિદ્યાર્થીઓ મારા કાર્યક્રમને અમલમાં મૂકશે.

હિન્દમુસ્લિમ ઐક્યનો ઉલ્લેખ કરતાં મહાત્માજીએ કહ્યું કે જે મોટેરાઓને સરકારી નોકરીઓમાં કે કાઉન્સિલોમાં જવું હોય, તેઓ ભલે ઝઘડયા કરે. પણ વિદ્યાર્થીઓ પાસે તેને માટે સમય નથી, તેમ તે તેમનું કામ પણ નથી.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १७–५–१९२५

૧. વિદ્યાર્થીઓએ ગાંધીજીને આપેલા માનપત્રમાં તેમણે જણાવ્યું હતું કે તેમનામાંથી માત્ર બે ટકા વિદ્યાર્થીઓ કાંતે છે, અને ખાદી પહેરે છે. તેમની રેંટિયામાં અશ્રદ્ધા તથા આળસ આ કંગાળ જવાબનું કારણ છે.

Gandhi Heritage Portal

## ૫૪. કોમિલ્લામાં માનપત્રના[1] જવાબમાં ભાષણ

મે ૧૫, ૧૯૨૫

આ માનપત્ર માટે આભાર માનવો એ માત્ર શિષ્ટાચાર જ કહેવાય. કારણ આશ્રમની હસ્તીમાં મારો પણ હિસ્સો છે[2] એમ તમે પણ કબૂલ કર્યું છે. જ્યારે બંગાળમાં હું આવવાની તૈયારી કરતો હતો ત્યારે તમારા જેવા યુવકોને મળવાની અને તમારું કામ જોવાની બહુ ઈચ્છા હતી. આવા નવયુવકોના સ્વાર્થત્યાગનો મને પૂરો પત્તો છે. હું જાણું છું કે આવા સ્વાર્થત્યાગી ભારતમાં ઘણા ન થાય ત્યાં સુધી સ્વતંત્રતાની આશા નથી. દરેક નવજવાન માટે ત્યાગ એ જ ભોગ હોવો જોઈએ. ત્યાગને મેં કદી દુઃખની અવસ્થા નથી માની, અને જે મનુષ્ય ત્યાગને દુઃખ માને છે તેનો ત્યાગ હમેશ માટે સ્થાયી નથી રહી શકતો. એટલે જ્યારે જ્યારે મારા ભ્રમણમાં મને ભારે ત્યાગનાં દૃષ્ટાંત જોવાનાં મળે છે, ૫૦૦-૧૦૦૦ માસિક રૂપિયા છોડી મૂઠી જેટલા પૈસા લઈને પોતાની આજીવિકા લેતા જવાનોને હું જોઉં છું, ત્યારે મને દુઃખ નથી થતું. ઊલટું મને થાય છે કે આવા નવયુવકોએ કશું નથી ગુમાવ્યું, કારણ બહુ દ્રવ્ય મેળવવાના બંધનમાંથી એઓ છૂટી ગયા છે.

પણ એક વસ્તુ ઉપર હું પૂરું વજન દેવા માગું છું, કારણ જ્યારે આપણે સેવાને અર્થે કોઈ વસ્તુનો ત્યાગ કરીએ છીએ ત્યારે બીજી કોઈક નહીં તો કોઈક વસ્તુ ગ્રહણ કરીએ છીએ. હું જાણું છું કે કેટલાક નવયુવકો એમ માને છે કે અમુક વસ્તુનો ત્યાગ કર્યો એટલે બધું મળી ગયું. પણ એ ખ્યાલમાં ભારે ભૂલ છે. ત્યાગની સાથે કરવાના કાર્યનું પણ ભાન ભારે જોઈએ. ત્યારે જ જીવન સંતોષપૂર્ણ થાય છે. એટલે આપણી આખી પ્રવૃત્તિ વિવેકદૃષ્ટિથી થવી જોઈએ. મારા ખ્યાલમાં આજે હિંદની સેવા કરવાને માટે જેટલા નવયુવક તૈયાર થાય તેમની દૃષ્ટિ આગળ એક જ આદર્શ ઉપસ્થિત હોવો જોઈએ. કરોડો નિરુદ્યમીને શી રીતે ઉદ્યમી બનાવવા. એટલે રેંટિયો જ એનું એકમાત્ર સાધન સ્વીકાર્યા વિના નથી ચાલતું. અને એથી અહીંની વૈદકીય અને વિદ્યાલયની પ્રવૃત્તિ હું ગૌણ ગણું છું. (દવાખાનું જ નહીં પણ દવાખાના સાથે વૈદકીય વિદ્યાલય કરવાનો પણ દાક્તર સુરેશ બૅનરજીએ વિચાર કર્યો છે તેને ઉદ્દેશીને આ વચન હતું.) આ બંને વસ્તુને એટલે જ અંશે સ્થાન આપી શકાય કે જેટલે અંશે એ રેંટિયાની પ્રવૃત્તિને પૂરક હોય. આથી તમારી શાળામાં પણ રેંટિયાની અને ખાદીની પ્રવૃત્તિ ચાલુ છે એ જાણીને મને આનંદ થયો. મારી સલાહ છે કે શાળાના સંચાલક પ્રતિજ્ઞા કરી લે કે અમુક તારીખ પછી ખાદી પહેર્યા વિના આવનાર એકે બાળક કે બાલિકાને અહીં દાખલ કરવામાં નહીં આવે. દરેક માબાપને એ ખબર આપી દેવી જોઈએ કે તેમનાં બાળકોને ફરજિયાત કાંતવું પડશે અને ખાદી પહેરવી પડશે. દવાખાનાના સંબંધમાં પણ એ જ વાત. હું જેની ચિકિત્સા કરું તેને પણ ખાદી પહેરાવવાનું જ મને તો સૂઝે. એમ તો દવાખાનાંઓ અનેક પડ્યાં છે. એની પ્રવૃત્તિ નવી વસ્તુ નથી એટલે જે નવયુવકો કામ કરવાની શક્તિ ધરાવે છે,

૧. અભય આશ્રમે આપેલું; મહાદેવ દેસાઈના હેવાલ પરથી.

૨. ૧૯૨૦માં ગાંધીજી જ્યારે બંગાળમાં હતા ત્યારે તેમણે આ આશ્રમ સ્થાપવાની યોજનાને આવકારી હતી.

Gandhi Heritage Portal

અને સ્વાર્થત્યાગની જેણે દીક્ષા લીધી છે તેઓ દેશમાં જે કઠણમાં કઠણ, વ્યાપકમાં વ્યાપક અને ફળદાયીમાં ફળદાયી પ્રવૃત્તિ હોય તેમાં જ પડે એવી હું આશા રાખું છું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ७-६-१९२५

## ૫૫. વિક્રમપુરના કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ

કોમિલ્લા,
મે ૧૫, ૧૯૨૫

વિક્રમપુરના કેટલાક કાર્યકર્તાઓ સાથેની વાતચીત દરમ્યાન સૂતરનો મતાધિકાર રદ કરવાની દરખાસ્ત વિષે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં ગાંધીજીએ કહ્યું :

કૉંગ્રેસમાંથી નિવૃત્ત થવા માટેનો તેમ એક અખિલ હિંદ ચરખા સંઘ સ્થાપવા માટેનો સમય હજુ પાકયો નથી. જો સૂતર મતાધિકાર રદ કરવામાં આવશે તો એક અલગ સંગઠનનો વિચાર કરવાનો વખત આવશે, પણ હાલમાં સ્વરાજવાદીઓને છૂટ અપાઈ છે તેમ મને પણ મારો કાર્યક્રમ કૉંગ્રેસના એક અભિન્ન અંગ તરીકે અમલમાં મૂકવા દેવાની છૂટ આપવામાં આવશે તો હું જુદા સંગઠનના વિચારનો પક્ષ કરતો નથી. પણ જો મને તેની ના કહેવામાં આવશે તો મારે નવું સંગઠન શરૂ કરવું પડશે.

હિંદુઓ અને મુસલમાનો વચ્ચેની સંપૂર્ણ એકતા બાબતમાં ગાંધીજીએ કહ્યું :

હું હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સંપૂર્ણ એકતા થાય એવી અપેક્ષા રાખતો નથી. પણ આજે કે સો વરસ પછી સ્વરાજ મેળવવામાં કામયાબ નીવડે તેવી એકતાની આશા હું જરૂર રાખું છું. આવી વ્યવહારુ એકતા કોઈ પણ રીતે સ્થપાવી જોઈએ. સરકાર પાસેથી થોડી સત્તા પડાવી લેવી એવો આ એકતાનો અર્થ થતો નથી.

અસ્પૃશ્યતાનો અર્થ સમજાવતાં મહાત્માજીએ કહ્યું :

અસ્પૃશ્યતા એ સ્વચ્છતાનો પ્રશ્ન છે. જો કોઈ માણસ સ્વચ્છ ટેવોવાળો હોય, તો હું તેના હાથનું પાણી પીઉં એટલું જ નહીં, પણ તેને મારી રસોઈ પણ કરવા દઉં; પણ તેને સહભોજન ન કહેવાય. કોઈ માણસ મારા ભાણામાંથી લઈને ખાય તેને હું સહભોજન ગણું. હું મારી પત્નીને પણ મારા ભાણામાંથી જમવા દેતો નથી. એક હિંદુ પત્ની તરીકે તે ઘણી વાર એમ કરવાની ઇચ્છા બતાવે છે. પણ જેમ હિંદુ ધર્મમાંની બધી વાત હું હમેશાં સ્વીકારી લેતો નથી, તેમ આમ કરવા દેવાની હું ના પાડું છું.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १७-५-१९२५

Gandhi Heritage Portal

# ૫૬. એક મિત્રને મુલાકાત

[મે ૧૫, ૧૯૨૫ પછી]

તેમણે કહ્યું કે મહાત્માજી, આપણે આપણી ભૂતકાળની ભૂલોનું પુનરાવર્તન કરી રહ્યા છીએ. ૧૯૦૫-૧૯૦૮ના કાળમાં આપણે પત્તાંનો મહેલ ચણ્યો; પણ તે ચણાતાંવેંત જ તૂટી પડયો અને અત્યારે પણ આપણે એ જ વસ્તુ કરી રહ્યા છીએ.

તમે અગાઉના સ્વદેશી આંદોલનને આજના આંદોલન સાથે સરખાવી રહ્યા છો? તમે એ ભૂલી જાઓ છો કે અત્યારે પહેલાંના જેવી આતશબાજી નથી; પણ માત્ર શાંત કાર્યક્રમ છે.

ભાઈસાહેબ, એની મને ખબર છે, પણ અત્યારે સંગઠનનો અભાવ છે.

માફ કરજો. પણ તમને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ નથી. દાખલા તરીકે તમને ખબર છે કે બંગાળમાં, તામિલનાડમાં, અને ગુજરાતમાં ઉત્તમ સંગઠનો કામ કરી રહ્યાં છે? તમને એમ લાગે છે કે ખાદી પ્રતિષ્ઠાન અને કોમિલ્લાના અભયઆશ્રમ જેવી સંસ્થાઓ પડી ભાંગશે?

પણ તે બધી કેટલો સમય ચાલશે? આપણે માત્ર પેટિયું લઈને કામ કરીએ છીએ ને આપણી જુવાન પેઢીને તેનાથી પણ ઓછાથી ચલાવવાનું કહીએ છીએ. આવું કયાં સુધી ચાલી શકે?

કેટલો સમય? આપણો આખો ઇતિહાસ એવા દાખલાઓથી ભરપૂર છે. તમે એમ માનો છો કે આપણા યુવાનોમાં શહૂર નથી? તેઓ ઉઘાડી આંખે આ કાર્યમાં જોડાયા છે; અને ગમે તે થાય તોપણ તેને છોડવાના નથી. મેં થોડા દિવસ પહેલાં જોયેલો અભયઆશ્રમ અત્યંત રમણીય સ્થળે આવેલો છે. તેમણે ત્યાં નાની સ્વચ્છ, સુંદર કુટિરો બનાવી છે; ત્યાં સુંદર તળાવ છે, ને જમીનનો એક ટુકડો છે. તેઓ પોતાનું ભોજન હાથે પકાવી લે છે. પોતાનું સફાઈકામ તેઓ જાતે જ કરી લે છે, અને હૉસ્પિટલની આવકમાંથી પોતાનો નિભાવ ચલાવે છે. ડૉ. સુરેશ બાળક નથી. તેમને પોતાના કામનો પૂરો ખ્યાલ છે. તેમના કે તેમના સાથીઓ પર ગમે તેટલી મુશ્કેલીઓ આવે તોપણ પોતાનું ખાદીકામ દરરોજ આગળ વધતું રહે તે તેઓ જોશે. તમે કહો છો કે ખાદી પ્રતિષ્ઠાનની ખાદીના ભાવ ખૂબ ઊંચા છે. પણ આજે તેઓ બહારથી આવતી ખાદીની માંગને પહોંચી શકતા નથી. સતીશબાબુનું કામ જુઓ. તમે કોઈ વાર પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે ગયા છો? તેઓ પૂરરાહતના કામમાંથી કાયમી રાહતપ્રવૃત્તિ તરફ વળ્યા છે. અને મારે તમને કહેવું જોઈએ કે ખાદી પ્રતિષ્ઠાનવાળા કેવળ પેટિયા માટે કામ કરવામાં માનતા નથી. તેઓ તેમના કાર્યકર્તાઓને બજારમાં મળતું વેતન આપે છે.

પણ સાહેબ, એ તો આપના પ્રવાસને કારણે આવેલો ઉછાળો છે.

તેથી કોઈ નુકસાન નથી. તમે એમ પણ કહી શકો કે એ તો વેપારમાં આવેલી એક તેજી છે. પણ વેપાર પાછો પોતાની અસલ સ્થિતિએ આવી જશે અને એ સ્થિતિ સંપૂર્ણ રીતે સંતોષકારક હશે. અને તમે સૂતરની હાટ ભરાય છે ત્યાં જાઓ. જ્યાં પહેલાં થોડા મણ સૂતર વેચાતું હતું, ત્યાં આજે સેંકડો મણ સૂતર વેચાઈ રહ્યું છે. સેંકડો કુટુંબો રેંટિયા મારફતે પોતાની પૂરી આજીવિકા નહીં તોપણ પૂર્તિરૂપ કમાણી મેળવી શકે છે. હાટને દિવસે તમે જાઓ તો તમને એક સરસ દૃશ્ય જોવા મળશે. લોકો કાર્યકર્તાઓને ઘેરી વળે છે ને કાંતવા માટે રૂ આપવાની માગણી કરે છે. તમે પૂછશો કે 'આ કાર્યકર્તાઓ પોતાના કાર્યક્ષેત્રમાંથી ખસી જાય તો શું

Gandhi Heritage Portal

થાય? પણ તેઓ ખસી શકે તેમ નથી. તેમણે પોતાની સુંદર કારકિર્દી ફોગટમાં નથી ત્યાગી. અભયઆશ્રમનાં માણસો પાસે ત્રણ પ્રવૃત્તિઓ છે. એક છે હૉસ્પિટલ; તેમાંથી તેઓ આશ્રમની નાણાકીય જરૂરિયાત મેળવી શકે છે, અને હવે સુરેશબાબુ તેની સાથે એક મેડિકલ સ્કૂલ પણ જોડવા માગે છે. તેમનામાં દાક્તરી કુશળતા પૂરતી છે. અને ત્યાંની ખાદીકામની મુખ્ય પ્રવૃત્તિની જોડાજોડ તેઓ છોકરાઓ માટે એક મોટી શાળા પણ ચલાવે છે. આ છોકરાઓ મારફતે તેઓ લોકો પર વધારે ઊંડી અસર પાડવાની આશા રાખે છે. તે ઉપરાંત ત્યાં પ્રવર્તક સંઘના કાર્યકર્તાઓ છે. મને તેમના કામની ખબર નથી, પણ એટલી ખબર છે કે તેમની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી છે, અને તેઓ ભારે મુશ્કેલીઓ વચ્ચે કામ કરી રહ્યા છે.

પણ હજુ અસંતુષ્ટ એવા તે પ્રશ્નકર્તાએ પ્રશ્ન પૂછયો: "પણ આવી માત્ર ત્રણ સંસ્થાઓ જ છે."

બિલકુલ નહીં. આ ઉપરાંત બીજી ઘણી સંસ્થાઓ પોતપોતાની નમ્ર રીતે કામ કરી રહી છે. આવી સંસ્થાઓ માત્ર ત્રણ જ હોય તોય શું થઈ ગયું? વળી, આપણે ત્યાં જમનાલાલજી,[1] રાજગોપાલાચારી,[2] શંકરલાલ બૅંકર જેવા માણસો છે. તેઓ ચોવીસે કલાક આ જ કામમાં ભક્તિભાવથી અને મક્કમ નિર્ધારથી કામ કરી રહ્યા છે. તેઓ સો વરસ સુધી રાહ જોવી પડે તો તેટલી ધીરજ રાખીને અને આવતી કાલે સફળતા મેળવવાની ઇચ્છાથી કામ કરી રહ્યા છે. અને ૧૯૦૫–૮નું સ્વદેશી આંદોલન આજના આંદોલનથી કઈ રીતે જુદું પડે છે તે તમે જાણતા નથી. તે આંદોલનની કલ્પના અતિભવ્ય હતી. પણ તેની પાછળ અનુભવજ્ઞાન કે સંગઠનનો અભાવ હતો. તે આંદોલનમાં બ્રિટિશ માલના 'બહિષ્કારનો પવિત્ર પોકાર ઉઠાવવામાં આવ્યો હતો. અને તેનો આધાર ભરોસો ન રાખી શકાય એવી મુંબઈ અને અમદાવાદની મિલો પર હતો. આજે આપણે શરૂઆતના પ્રયાસમાં આવેલાં વિઘ્નો સામે પૂરી સાવચેતી રાખી રહ્યા છીએ. આજે તમે એવો દાવો કરી શકો છો કે હિન્દુસ્તાનની બધી મિલો બળી જાય તોપણ હિંદનાં ઝૂંપડાંઓમાં વસેલા કાંતનારા અને વણકરોએ ઉત્પન્ન કરેલા કાપડથી તમે હિંદની પ્રજાને ઢાંકી શકો એમ છો.

આપણે આટલો બધો આત્મવિશ્વાસ રાખવાની જરૂર નથી. તમે જાણો છો કે એ દિવસોમાં એવા લોકો પણ હતા જેમને પહેરવાનાં કપડાંના અભાવે ગળાફાંસો ખાવો પડતો હતો.

મિત્ર, તમે તો બાબા આદમના જમાનાની વાતો કરો છો. તે વખતે વણકરોને એવો ભ્રામક ખ્યાલ હતો કે સાળ પર તો માત્ર મિલનું કે પરદેશી સૂતર જ વણી શકાય. આજે હું આ આખું સંગઠન બુદ્ધિશાળી લોકોના હાથમાં મૂકવા કહી રહ્યો છું. કોઈ પણ પ્રવૃત્તિ જ્યાં સુધી બહારની એજન્સીની મદદ વગર ચલાવવામાં નહીં આવે ત્યાં સુધી તે સાર્વત્રિક બનવાની નથી. પણ હું તમને કહું છું કે બધી બાબતોનો અભ્યાસ કરો; શરૂઆતની ખાદીની કિંમત શું હતી, અને અત્યારે શું છે, તેનો અભ્યાસ કરો; તેની ગુણવત્તાનો અભ્યાસ કરો; આપણે જે સૂતર ઉત્પન્ન કરીએ છીએ તેનો અભ્યાસ કરો; ટૂંકમાં, ચરખામાં ને ખાદીમાં જે વિકાસ થયો છે, તેનો અભ્યાસ કરો અને પછી તમારે જે કહેવાનું હોય તે કહો.

૧. જમનાલાલ બજાજ (૧૮૮૯–૧૯૪૨) વેપારી, સામાજિક કાર્યકર અને દાનવીર; અનેક વર્ષો સુધી કૉંગ્રેસના ખજાનચી અને ગાંધીજીના નિકટના સાથી.

૨. સી. રાજગોપાલાચારી (જ. ૧૮૭૯) વકીલ, પત્રકાર, લેખક અને રાજનીતિજ્ઞ; ૧૯૪૮–૫૦ દરમ્યાન હિંદના ગવર્નરજનરલ.

Gandhi Heritage Portal

આપણા મિલઉદ્યોગના વિકાસ પર આપણે આધાર ના રાખી શકીએ?

મેં યંગ ઇન્ડિયાના અંકોમાં ઘણી વાર મિલના પક્ષમાં થતી દલીલમાં રહેલા ભ્રમ વિષે લખ્યું છે. એટલે એ મુદ્દા પર હું અહીં કંઈ નહીં કહું. હું મિલો પર આધાર રાખવા માગતો નથી. મિલો મારા પર આધાર રાખે એમ ઇચ્છું છું. ટૂંકમાં મારે આટલું જ કહેવાનું છે.

આપણે રાષ્ટ્રીય મિલો ઊભી કરી શકીએ.

ઠીક, આ સૂચન કરનારે જાતે જ તેનો અમલ કરી બતાવવો જોઈએ.

તે મિત્રના મનનું સમાધાન થયું કે નહીં તેની મને ખબર નથી. પણ તેમણે ગાંધીજીને આટલો શ્રમ આપવા બદલ તેમની માફી માગી. ગાંધીજીએ તેમને ખાતરી આપી કે રેંટિયા વિષેની વાતોમાં કોઈ તેમને થકવી શકે તેમ નથી.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨–૭–૧૯૨૫

## ૫૭. એક મુસ્લિમ મિત્ર સાથે વાતચીત

[મે ૧૫, ૧૯૨૫ પછી]

એક મુસ્લિમ મિત્ર ફરિયાદોની એક લાંબી યાદી લઈને આવ્યા. પહેલી ફરિયાદ હતી હિંદુઓ તરફથી મુસલમાનો પ્રત્યે પળાતી અસ્પૃશ્યતા. બીજી હતી ગોહત્યા સંબંધી મતભેદ. ત્રીજી હતી અપર્યાપ્ત પ્રતિનિધિત્વ. ચોથી ફરિયાદ હતી ઇસ્લામ વિરુદ્ધની ચોપડીઓ અને પત્રિકાઓ. પાંચમી ફરિયાદ હતી મુસલમાનોએ કરેલાં અપહરણો અને એમણે કરેલા એવા બીજા અપરાધોનું વર્તમાનપત્રોમાં પ્રકાશન. છઠ્ઠી ફરિયાદ હતી નોકરીમાંથી વંચિત કરવા બાબતની. સાતમી ફરિયાદ મહાજનો વધારે પૈસા એકઠા કરતા હતા એ બાબતની હતી. આઠમી ફરિયાદ કાલી પૂજાના અવસર પર જમીનદારોએ નાખેલા અબવાબ બાબતની. ગાંધીજીએ એમને બતાવ્યું કે કેટલીક ફરિયાદો તો કેવળ સ્થાનિક હતી. કેટલીક ખાસ વ્યક્તિઓ વિરુદ્ધની હતી. અને કેટલીક અન્યોન્ય હતી. પહેલી ફરિયાદ જ સાચી હતી. તેઓ તરત સંમત થયા કે એ જ મુખ્ય ફરિયાદ હતી, જ્યારે બીજી બધી એમાંથી ઊભી થયેલી હતી. એમણે કહ્યું: "ગાંધીજી, તેઓ અમને મીઠાઈ પણ વેચતા નથી."

હા, હું એ જોઉં છું. એ જ સાચી ફરિયાદ છે. પણ દરેક વાતને વધારી વધારીને તમારે એને આખી મુસલમાન કોમની ફરિયાદનું સ્વરૂપ ન આપી દેવું જોઈએ. હું હિંદુઓને કહું છું કે જો તેઓ હિંદુ ધર્મની રક્ષા અસ્પૃશ્યતાની એક મોટી આચારસંહિતા દ્વારા કરવા માગતા હોય તો તો બહેતર છે કે હિંદુ ધર્મનો નાશ થાય. તમે હિંદુસ્તાનને જઝીરત-ઉલ-અરબમાં નહીં બદલી શકો. ભૂતકાળમાં હિંદુઓએ બધાં રાષ્ટ્રોના લોકોને પોતાનામાં ભેળવી દીધા હતા. મને ખાતરી છે કે આપણે આપણી અસ્પૃશ્યતાની આચારસંહિતા બદલવી પડશે અને હિંદુ ધર્મને બળવાન બનાવવાને બદલે એને કચડી નાખતા એ બિનજરૂરી પ્રતિબંધો દૂર કરવા પડશે. આપણે કદી અલગ રહેનારા હતા જ નહીં. આપણે સૌ સાથે હળીમળીને રહેનારા હતા. એની ખૂબી એ છે કે અનુયાયીઓની સંખ્યા ગણવામાં તત્પર એવા ઇસ્લામ કે ખ્રિસ્તી ધર્મ જેવો મિશનરી ધર્મ એ કદી રહ્યો નથી. એક જાતના સહજ વિકાસના નિયમને અનુસરીને એ અજાણતાં જ લોકોને પોતાનામાં ભેળવતો રહ્યો છે. હું મારા હિંદુ મિત્રોને પૂછું છું કે અત્યારના સમયે

Gandhi Heritage Portal

જ્યારે આપણે એક યુરોપિયન વેપારી પાસેથી ચૉકલેટ લેતાં ખચકાતા નથી ત્યારે કંદોઈઓને આપણે મુસલમાનોને મીઠાઈ વેચતાં શા માટે રોકીએ છીએ?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–७–१९२५

## ૫૮. કોમિલ્લામાં સ્ત્રીઓની સભામાં ભાષણ[1]

મે ૧૬, ૧૯૨૫

માનપત્રના જવાબમાં ગાંધીજીએ કહ્યું કે તમારું માનપત્ર સ્વીકારતાં મને આનંદ થાય છે, અને જ્યારે બધી જ બહેનો કાંતતી અને ખાદી પહેરતી થશે ત્યારે મને વધારે આનંદ થશે. તમે સીતાના આદર્શનું પાલન કરો તો મને ગમશે. એ પરમ શુદ્ધિનો આદર્શ છે. એ વખતે રેંટિયા પર કાંતેલા સૂતરનું કાપડ વપરાતું અને ત્યારે દેશમાં ગરીબી નહોતી. પરદેશી કાપડ અશુદ્ધ મનાતું અને તેમનાં પવિત્ર શરીર ઉપર એ કાપડ તેઓ પહેરતાં નહોતાં. હું ઇચ્છું છું કે તમે પરદેશી કાપડ ન પહેરવાની પ્રતિજ્ઞા લો. મારી તમને વિનંતી છે કે તમે અસ્પૃશ્યતાનું કલંક દૂર કરો. જેઓ પોતાના માનવબંધુઓ તરફ ધર્મને કારણે તિરસ્કાર બતાવે છે તેઓ અપવિત્ર અને અધર્મનું કાર્ય કરે છે. ગુહ જેવા એક ચાંડાળને હૃદયસરસો ચાંપીને રામચન્દ્ર વધારે પવિત્ર થયા હતા.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, १७–५–१९२५

## ૫૯. રામનામ મહિમા

એક ભાઈ નીચે પ્રમાણે પ્રશ્ન પૂછે છે:[2]

આ લખનારને હું ઓળખતો નથી. જ્યારે હું મુંબઈથી નીકળ્યો ત્યારે તેમણે એ પત્ર મને પોતાના ભાઈની સાથે હાથોહાથ પહોંચડાવ્યો એ તે ભાઈની તીવ્ર જિજ્ઞાસા સૂચવે છે. આવા પ્રશ્નોની ચર્ચા સામાન્ય રીતે જાહેરમાં ન થાય. મનુષ્યના ખાનગી જીવનમાં ઊંડે ઊતરવાનો આમપ્રજા રિવાજ પાડે તો ઘણાં કડવાં પરિણામો આવે એ જોઈ શકાય તેમ છે.

પણ એ યોગ્ય કે અયોગ્ય જિજ્ઞાસામાંથી હું બચી શકું તેમ નથી. મને બચવાનો અધિકાર નથી. ઇચ્છા પણ નથી. મારું ખાનગી જીવન જાહેર થઈ પડ્યું છે. આ જગતમાં મારે અર્થે ખાનગી રાખવા જેવી એક પણ વાત નથી. મારા પ્રયોગો આધ્યાત્મિક છે. કેટલાક નવા છે. તે પ્રયોગોનો આધાર આત્મનિરીક્ષણ ઉપર બહુ રહ્યો છે. 'યથા પિંડે તથા બ્રહ્માંડે' એ સૂત્રને

૧. સભામાં આપવામાં આવેલા માનપત્રના જવાબમાં ગાંધીજીએ હિંદીમાં ભાષણ કર્યું હતું.

૨. આ પ્રશ્ન અહીં આપ્યો નથી. ગાંધીજીએ ભાષણમાં કહ્યું હતું કે પોતે ત્રણ વખત રામનામના પ્રભાવથી પાપમાંથી બચ્યા છે. એ વાતનો ઉલ્લેખ પત્રલેખકે કર્યો છે. આ વાત ઉપર સૌરાષ્ટ્ર નામના એક સ્થાનિક પત્રે ટીકા કરી છે અને એના ઉપર અસ્પષ્ટ અનુમાન બાંધ્યાં છે. ગાંધીજી પોતે એમાં શું કહેવા માગે છે એ પત્રલેખકે એમને જ પૂછ્યું છે.

Gandhi Heritage Portal

અનુસરીને મેં પ્રયોગો કર્યા છે. જે મારે વિષે તે સર્વને વિષે શકય હોય એવી એમાં માન્યતા રહેલી છે. એટલે મારે કેટલાક ગુહ્ય પ્રશ્નોના જવાબ આપવાની પણ જરૂર પડે છે.

વળી ઉપરના પ્રશ્નનો જવાબ આપતાં રામનામનો મહિમા બતાવવાનો મને સહેજે અવસર પ્રાપ્ત થયો છે તે તો મારાથી ચુકાય જ નહીં.

પણ આ પ્રશ્ન પૂછનારને અને હવે પછી બીજાઓ પૂછે તેમને મારે આટલું સૂચવવાની જરૂર છે કે તેઓએ જો કોઈ છાપાં ઉપરથી પોતાના પ્રશ્ન ઘડયા હોય તો તે છાપાં હમેશાં મને મોકલવાં જોઈએ. મેં અનેક વાર જણાવ્યું છે કે હું છાપાં વાંચતો નથી કેમ કે વાંચી શકતો નથી. સૌરાષ્ટ્રે શું લખ્યું છે એ હું જાણતો નથી. મારાં ભાષણોની નોંધ લેવી મુશ્કેલ છે. ભાઈ મહાદેવ લે છે તેનો પણ હું હમેશાં સ્વીકાર ન કરું. કેમ કે જ્યાં સૂક્ષ્મ અથવા નવા વિચારો બતાવવામાં આવતા હોય ત્યાં એક શબ્દની ભૂલ થાય તોયે અનર્થ ઉપજી શકે. એટલે જ્યાં પરિચય વિનાના લહિયાઓ મારાં ભાષણો ઉતારે ત્યાં તેમની ઉપર તો આધાર ન જ રખાય. મેં ઘણી વખત જણાવ્યું છે કે વાંચનારાઓએ તેવો આધાર ન રાખવો. જ્યારે તેમને કોઈ વસ્તુ વિષે શંકા ઉત્પન્ન થાય ત્યારે તેઓએ મને પૂછવું ને પૂછતી વેળા જે છાપામાં મારાં ભાષણો વાંચ્યાં હોય તે છાપાંની નકલ પણ મોકલવી.

આટલી પ્રસ્તાવના કરી હું, જોકે સૌરાષ્ટ્રમાં શું લખાયું છે તે જાણતો નથી તોપણ જે ત્રણ પ્રસંગોમાંથી હું ઈશ્વરકૃપાથી બચી ગયો તે વર્ણવું છું. આ ત્રણે પ્રસંગો જાહેર ઓરતો વિષે હતા. બેની પાસે મને જુદે જુદે પ્રસંગે મિત્રો લઈ ગયા હતા.

પહેલે પ્રસંગે[1] હું ખોટી શરમનો માર્યો ત્યાં જઈ ચડેલો અને કેવળ ઈશ્વરે ન બચાવ્યો હોત તો હું અવશ્ય પડત જ. એ પ્રસંગે જે ઘરમાં હું પુરાયો હતો તેમાં તે સ્ત્રીએ જ મારો તિરસ્કાર કર્યો. આવે પ્રસંગે શું બોલવું, કેમ વર્તવું એ હું મુદ્દલ ન જાણું. આ પ્રસંગ પૂર્વે જાહેર ઓરતોની પાસે બેસવું એમાં પણ હું લાંછન સમજતો, એટલે એ ઘરમાં પ્રવેશ કરતી વેળા પણ હું ધ્રૂજતો હતો. દાખલ થતાં હું તે ઓરતની સામે પણ જોઈ ન શકયો ને તેનો ચહેરો કેવો હતો તેની મને કશી ખબર નથી. આવા મૂઢને પેલી ચપળા કાઢી ન મૂકે તો શું કરે? એટલે તેણે તો મને બેચાર સંભળાવીને રવાના કર્યો. તે વખતે તો મેં એમ ન માન્યું કે મને ઈશ્વરે બચાવ્યો. હું તો ખિન્ન થઈને નીકળી પડયો. હું લજવાયો ને મારી મૂઢતા વિષે મને દુ:ખ પણ થયું! મારામાં કંઈ જ નથી એવો મને આભાસ આવ્યો. પાછળથી હું સમજ્યો કે મારી મૂઢતા જ મારી ઢાલ હતી. ઈશ્વરે મને મૂરખ બનાવી ઉગારી લીધો. નહીં તો બગડવાના ઈરાદાથી ગંદા ઘરમાં દાખલ થયેલો હું કેમ બચું?

બીજો પ્રસંગ આથી વધારે ભયંકર હતો. અહીં મારી બુદ્ધિ પેલા પ્રસંગ વખતે હતી તેવી નિર્દોષ ન હતી. જોકે હું સાવધાન વધારે હતો. વળી મારી પૂજનીય માતુશ્રીએ આપેલી પ્રતિજ્ઞા-રૂપી ઢાલ પણ મારી પાસે હતી.[2] પણ આ વેળા પ્રદેશ વિલાયત હતો. હું ભરજુવાનીમાં હતો. બે મિત્રો એક ઘરમાં રહેતા હતા. થોડા જ દિવસને સારુ તે ગામ ગયેલા.[3] ઘરધણિયાણી અડધી વેશ્યારૂપ હતી. તેની સાથે અમે બે જણ પાનાં રમવા બેઠા. હું એ જમાનામાં પ્રસંગ

૧. રાજકોટમાં, ગાંધીજી જ્યારે હાઈસ્કૂલના વિદ્યાર્થી હતા ત્યારે; જુઓ આત્મકથા ભા. ૧, પ્ર. ૭.

૨. ગાંધીજી ઇંગ્લંડ જાય એ તેમનાં બાને ગમતું ન હતું. માંસ, મદિરા અને સ્ત્રીને ન અડવાની ગાંધીજીએ પ્રતિજ્ઞા લીધી ત્યારે જ તેણે રજા આપી; જુઓ આત્મકથા ભા. ૧, પ્ર. ૧૧.

૩. પોર્ટ્સ માઉથમાં મળેલી વેજિટેરિયન કૉન્ફરન્સ સંબંધમાં; જુઓ આત્મકથા, ભાગ. ૧, પ્ર. ૨૧.

Gandhi Heritage Portal

મળ્યે પાનાં ખેલતો. વિલાયતમાં માદીકરો નિર્દોષ બુદ્ધિથી પાનાં રમી શકે છે, રમે છે. આ વેળા પણ અમે પાનાંની રમત રિવાજ પ્રમાણે આદરી. આરંભ તો તદ્દન નિર્દોષ હતો. મને તા ખબર ન જ હતી કે ઘરધણિયાણી પોતાનું શરીર વેચીને આજીવિકા મેળવતી હતી. પણ રમત જામી તેમ રંગ પણ બદલાયો. બાઈએ વિષયી ચેષ્ટા શરૂ કરી. મારા મિત્રને હું જોઈ રહ્યો હતો. તેણે મર્યાદા મૂકી હતી. હું લલચાયો. મારો ચહેરો રાતો થયો. તેમાં વ્યભિચાર દાખલ થયો હતો. હું અધીરો બન્યો હતો.

પણ જેને રામ રાખે તેને કોણ ચાખે? રામ તે વેળા મારા મુખમાં તો નહોતો, પણ તે મારા હૃદયનો સ્વામી હતો. મારે મુખે તો વિષયોત્તેજક ભાષા હતી. આ ભલા મિત્રે મારી ચેષ્ટા જોઈ. અમે એકબીજાને સારી રીતે જાણતા હતા. એવા કઠિન પ્રસંગોનું તેમને ભાન હતું કે જ્યારે હું ઈરાદાપૂર્વક પવિત્ર રહી શક્યો હતો. પણ આ મિત્રે જોયું કે હવે મારી બુદ્ધિ બગડી છે. તેમણે જોયું કે જો આ રંગમાં રાત વધારે વીતશે તો તેમની પોતાની જેમ હું પણ પડીશ.

વ્યભિચારી મનુષ્યોમાં પણ સુવાસનાઓ હોય છે તેનો ખ્યાલ મને પહેલવહેલો આ મિત્રે આપ્યો. મારી દીન સ્થિતિ જોઈ તેમને દુઃખ થયું. હું તેમનાથી નાનો હતો. તેમની મારફતે મને રામ સહાય થયા. તેમણે પ્રેમબાણ શરૂ કર્યાં. "મોનિયા! (આ મોહનદાસનું હુલામણું નામ. એ નામે મને મારી માતાએ, મારા પિતાએ ને અમારા કુટુંબના સહથી મોટા પિતરાઈ ભાઈએ મને બોલાવ્યાનું સ્મરણ છે. ચોથો બોલાવનાર આ ધર્મભાઈ નીવડ્યો.) મોનિયા, તું ચેતજે. હું તો બગડ્યો છું એ તું જાણે છે. પણ તને નહીં બગડવા દઉં. તારી માતાની પાસે કરેલી પ્રતિજ્ઞા યાદ કર. આ કામ તારું નથી. તું ભાગ અહીંથી, જા, સૂઈ જા. ભાગ્યો કે? મેલ પાનાં."

મેં જવાબ આપ્યો કે નહીં એ મને યાદ નથી, મેં તો પાનાં મેલ્યાં. ક્ષણભર દુઃખ થયું. લજવાયો. છાતી ધડકવા લાગી. હું ઊભો થયો. પથારી લીધી.

હું જાગ્યો. રામનામ શરૂ થયું, શો બચ્યો, શો બચ્યો, ધન્ય પ્રતિજ્ઞા! ધન્ય માતા! ધન્ય મિત્ર! ધન્ય રામ! એમ મનમાં કહેવા લાગ્યો. મારે સારુ તો આ ચમત્કાર જ હતો. મને જો મિત્રે રામબાણ ન માર્યાં હોત તો હું આજે ક્યાં હોત?

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે
પ્રેમબાણ વાગ્યાં રે હોય તે જાણે

મારે સારુ તો આ પ્રસંગ ઈશ્વરસાક્ષાત્કારનો હતો.

મને હવે આખું જગત કહે કે ઈશ્વર નથી, રામ નથી, તો હું જગતને જડું ગણું. જો આ ભયંકર રાત્રિએ હું પડ્યો હોત તો આજે હું સત્યાગ્રહની લડતો ન લડતો હોત, તો હું અસ્પૃશ્યતાનો મેલ ન ધોતો હોત, તો હું રેંટિયાનો પવિત્ર ધ્વનિ ન ઉચ્ચારતો હોત, તો આજે હું મને કરોડો સ્ત્રીઓનાં દર્શન કરી પાવન થવાનો અધિકારી ન માનતો હોત, તો મારી આસપાસ લાખો સ્ત્રીઓ આજ નિર્ભય થઈ જેમ બાળકની પાસે વીંટળાઈ બેસે તેમ ન બેસતી હોત. હું તેઓનાથી ભાગતો હોત, અને તેઓ મારાથી વાજબી રીતે જ દૂર રહેતી હોત. મારી જિંદગીનો સર્વથી વધારે ભયંકર સમય હું આ પ્રસંગને ગણું છું. સ્વચ્છંદ કરવા જતાં હું સંયમ શીખ્યો. રામને ભૂલવા જતાં મને રામનાં દર્શન થયાં. અહો!

રઘુવીર તુમકો મેરી લાજ
હૌં તો પતિત પુરાતન કહિએ
પાર ઉતારો જહાજ.

Gandhi Heritage Portal

ત્રીજો પ્રસંગ હાસ્યજનક છે.[૧] મારી એક મુસાફરીમાં મને સ્ટીમરના કપ્તાન સાથે ઠીક સંબંધ બંધાયો. એક અંગ્રેજ મુસાફરની સાથે પણ. જ્યાં સ્ટીમર બંદર કરે ત્યાં કપ્તાન અને કેટલાક ઉતારુઓ વેશ્યાઘર ગોતે. કપ્તાને મને પોતાની સાથે બંદર જોવા જવા નોતર્યો. હું તેનો અર્થ નહોતો જાણતો. અમે તો એક વેશ્યાના ઘર આગળ આવીને ઊભા. ત્યારે મેં જાણ્યું કે બંદર જોવા જવું એનો અર્થ શો હોય. ત્રણ સ્ત્રીઓને અમારી પાસે ખડી કરવામાં આવી. હું તો આભો જ બની ગયો. પણ શરમનો માર્યો કંઈ બોલી ન શક્યો; ન ભાગી શક્યો. મને વિષયેચ્છા તો જરાયે ન જ હતી. પેલા બેઉ તો કોટડીઓમાં પુરાયા. ત્રીજી બાઈ મને પોતાની કોટડીમાં દોરી ગઈ. શું કરવું એ વિચાર કરી રહ્યો હતો એટલામાં પેલા બંને બહાર નીકળ્યા. પેલી ઓરતે મારે વિષે શું ધાર્યું હશે તે તો હું નથી જાણતો. તે મારી સામે હાસ્ય કરી રહી હતી. તેની અસર મારી ઉપર કંઈ ન પડી. અમારી બંનેની ભાષા જુદી હતી. એટલે મારે બોલવાપણું તો ન જ હતું. પેલા મિત્રોએ મને પડકાર્યો એટલે હું બહાર નીકળ્યો. કંઈક શરમાયો તો ખરો. તેઓએ હવે મને આવી બાબતમાં મૂર્ખ સમજી લીધો. તેમણે એકબીજા વચ્ચે થોડો વિનોદ પણ કર્યો. મારી ઉપર દયા તો જરૂર ખાધી. તે દિવસથી હું કપ્તાનની આગળ દુનિયાના મૂરખોમાં ખપ્યો. ફરી તેણે મને બંદર જોવા ન નોતર્યો. જો વધારે સમય રહેત અથવા હું પેલી બાઈની ભાષા સમજતો હોત તો મારા શા હાલ થાત એ હું નથી જાણતો. પણ હું એટલું તો સમજી શક્યો કે તે દિવસે પણ મારા પુરુષાર્થથી હું નહોતો બચ્યો પણ ઈશ્વરે જ મને આવી બાબતોમાં મૂઢ રાખીને બચાવ્યો.

પેલા ભાષણને સમયે મને ત્રણ જ પ્રસંગ યાદ આવ્યા. વાંચનાર ન સમજે કે બીજા પ્રસંગો મારા ઉપર નથી વીતી ગયા; પણ દરેક પ્રસંગે હું રામનામથી બચ્યો છું એમ તો અવશ્ય કહેવા ઇચ્છું છું. ઈશ્વર ખાલી હાથે જનાર નિર્બળને જ બળ આપે છે.

જબ લગ ગજબલ અપનો બરત્યો
નેક સરો નહિ કામ
નિર્બલ હોય બલરામ પુકારો
આયે આધે નામ.

ત્યારે આ રામનામ એટલે શું? પોપટની જેમ રટવું તે? અવશ્ય નહીં. એમ હોય તો તો આપણે બધા એ નામ ગોખીને તરી જઈએ. રામનામનું ઉચ્ચારણ હૃદયથી જ થવું જોઈએ. પછી તેનું ઉચ્ચારણ ભલે શુદ્ધ ન હોય. હૃદયની તોતડી બોલીનો સ્વીકાર ઈશ્વરના દરબારમાં થાય છે. હૃદય ભલે "મરા મરા" પોકારે, છતાં હૃદયપોકારની નોંધ જમે પાસામાં થશે. મુખ ભલે રામનો શુદ્ધોચ્ચાર કરે પણ હૃદયનો સ્વામી રાવણ હશે તો પેલો શુદ્ધોચાર પણ ઉધાર પાસામાં જ લખાશે. 'મુખ'મેં રામ બગલ મેં છુરી'વાળા બગભગતને સારુ રામનામનો મહિમા તુલસીદાસે નથી ગાયો. તેવાના સવળા પાસા અવળા પડશે ને જેણે હૃદયમાં રામને સ્થાન આપ્યું છે તેના અવળા પણ સવળા પડશે. 'બિગરી'નો સુધારનાર રામ જ છે તેથી ભક્તકવિ સૂરદાસે ગાયું:

બિગરી કૌન સુધારે?
રામ બિન બિગરી કૌન સુધારે રે
બની બની કે સબ કોઈ સાથી
બિગરી કે કોઉ નાહીં રે.

૧. જુઓ આત્મકથા, ભાગ ૨, પ્રકરણ ૯.

Gandhi Heritage Portal

એટલે વાંચનાર ખૂબ સમજી લે કે રામનામ હૃદયનો ખેલ છે. જ્યાં વાચા ને મનનું સામ્ય નથી ત્યાં વાચા એ કેવળ મિથ્યાત્વ છે, દંભ છે, શબ્દજાળ છે. એવા ઉચ્ચારણથી જગત ભલે છેતરાય પણ અંતર્યામી રામ કંઈ છેતરાવાનો છે? સીતાએ આપેલ મણકા હનુમાને ભાંગ્યા કેમ કે અંદર રામનામ છે કે નહીં એ તેણે જોવા માગ્યું. પોતાને ડાહ્યા ગણતા સુભટોએ તેને પૂછ્યું "સીતાજીની મણિમાળાનો આવો અનાદર?" હનુમાને જવાબ દીધો, "જો તેની ભીતર રામનામ ન હોય તો સીતાજીનો આપેલો આ હાર પણ મને તો ભારરૂપ જ છે." ત્યારે ડાહ્યા સુભટોએ મલકાઈને પૂછ્યું, "શું તમારી ભીતર રામનામ છે?" હનુમાને છરી કાઢી છાતી ચીરી દેખાડીને કહ્યું, "હવે અંદર જુઓ. રામનામ સિવાય બીજું કંઈ દેખો તો કહેજો." સુભટો લજવાયા. હનુમાનની ઉપર પુષ્પવૃષ્ટિ થઈ ને તે દિવસથી રામકથા સમયે હનુમાનનું આવાહન શરૂ થયું.

આ ભલે દંતકથા હોય કે નાટકકારની રચના હોય. તેનો સાર અનંતકાળને સારુ સાચો છે. જે હૃદયે તે જ સાચું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૭–૫–૧૯૨૫

## ૯૦. સર સુરેન્દ્રનાથ બૅનરજી

સર સુરેન્દ્રનાથ બૅનરજીને નામથી કોણ નથી ઓળખતું? એવો સમય હતો કે જ્યારે તેઓ બંગાળના સિંહ તરીકે ઓળખાતા હતા. તે જ વેળા તેઓ મહાસભાના મહાન નેતામાંના એક હતા. નવબંગાળ તેમને પૂજતું. તેમનો નાદ સાંભળવા હજારો યુવકો તલપી રહેતા. સુરેન્દ્રનાથ બોલવા ઊઠે ત્યારે તેમનું ભાષણ સાંભળતાં લોકો થાકે જ નહીં. સને ૧૮૯૫માં જ્યારે પૂનામાં મહાસભા મળી હતી ત્યારે સર સુરેન્દ્રનાથ પ્રમુખ હતા. તેમના ભાષણનાં આઠ પેજી પુસ્તકનાં એંશી પાનાં થાય છે. એ ભાષણ તેઓએ લખીને તૈયાર કરેલું હતું, પણ તે આખું ભાષણ તેઓ મોઢેથી ઉચ્ચારી ગયા હતા. છતાં છાપેલામાં ને બોલેલામાં એક પણ શબ્દનો ફેર ન હતો! માત્ર કેટલાક આંકડાઓ હતા તે વાંચવા તેમણે પોતાનો કાગળ કાઢ્યો હતો. આ ભાષણ બોલતાં તેમને ત્રણ કલાક ગયેલા. લોકોએ ધ્યાનપૂર્વક તેટલા કલાકનું ભાષણ સાંભળેલું એમ કહેવાય છે.

હવે જમાનો બદલાયો. આજે લોકો સારામાં સારા ભાષણ કરનારને એક કલાક આપવા તૈયાર ન થાય. છટાદાર ભાષણો પરનો મોહ હવે ઘણે ભાગે ગયો ગણાય.

પણ સર સુરેન્દ્રની ચમત્કારી સ્મરણશક્તિ અથવા છટાદાર ભાષણ કરવાની શક્તિ એ જ કંઈ તેમના ગુણો ન હતા. તેઓ સરકારની સામે ખૂબ લડતો લડ્યા છે. જેલમાં પણ ગયા છે. ઊંચા પ્રકારના શિક્ષક તરીકે તેમણે કામ કર્યું છે. તેમની સેવા કીમતી હતી. આજે તેની કિંમત ઓછી ગણાય છે એ આપણો દોષ છે. તેમના જમાનામાં જે કાર્ય તેમણે કર્યું તેવું બીજા ભાગ્યે જ કરી શકે એમ હતું. જમાનો બદલાય તેટલા ઉપરથી ભૂતકાળમાં થઈ ગયેલાના ગુણ વીસરી જવા એ કૃતઘ્નતા ગણાય. ભૂતકાળના મનુષ્યની સેવાનું માપ તે કાળના માપથી કરાય. આજનું માપ તેમને સારુ વાપરીએ તો તેઓને અને આપણને બંનેને અન્યાય થાય. આપણને અન્યાય થાય કેમ કે આપણે આપણી ભૂતકાળની મૂડીને ભૂલીએ તો તેટલું નુકસાન વેઠવું પડે. સર સુરેન્દ્રનાથના વિચારોમાં ને મારા વિચારોમાં ઓછું સામ્ય છે છતાં તેમના તરફનું મારા મનમાં

Gandhi Heritage Portal

વસતું માન જે પૂર્વે હતું તેટલું જ આજે છે. તેમણે કરેલી દેશસેવા હું તો ભૂલી શકું તેમ જ નથી. તેથી જ્યારે તેમની માંદગીના સમાચાર મેં સાંભળ્યા ત્યારે હું તેમને બંગલે તેમનાં દર્શન કરવા ગયો.[1] મેં તેમનો બંગલો અગાઉ કદી જોયો ન હતો. તેઓ કલકત્તાનું એક શાંત પરું બરાકપુર કરીને છે તેમાં રહે છે. પોતાનો બંગલો વિશાળ જમીનમાં સુંદર બગીચાની વચ્ચે આવેલો છે. સામે થઈને ગંગાનદી વહે છે. બંગલો એકાંત સ્થાનમાં હોઈ ત્યાં શાંતિ ખૂબ વર્તે છે.

મને લાગેલું કે હું તેમને ખાટલે સૂતેલા જોઈશ પણ તેઓ તો પુસ્તકોથી લદાયેલા પોતાના ટેબલની સામે લખવાની ખુરશીમાં બેઠા હતા. મને જોઈ ઊભા થયા ને બહુ પ્રેમપૂર્વક મને બાથમાં લઈ ભેટ્યા. તેમનું શરીર પાતળું તો થયું છે પણ તેઓ ટટાર ઊભા રહ્યા હતા. તેમના અવાજમાં નબળાઈ ન હતી. તેમની ઉંમર ૭૭ વર્ષની છે છતાં ૧૭ વર્ષના જુવાનની જેમ દરેક વાત રસપૂર્વક કરતા હતા. મેં જ્યારે તેમની સ્મરણશક્તિની સ્તુતિ કરી ત્યારે તેમણે કહ્યું, "મારી સ્મરણશક્તિ આજે પણ જેવી ને તેવી જ છે. હું પાંચ વર્ષનો હતો તે દિવસોની વાતો મને હજુ એટલે સુધી યાદ છે કે હું તે કાળના બનાવો આબેહૂબ ચીતરી શકું." તેમણે પોતાનાં સ્મરણોનું પુસ્તક હાલમાં જ બહાર પાડયું છે. તે લખતાં નવ વર્ષ ગયાં. તે સ્મરણો જે ચોપડીઓમાં તેમણે લખ્યાં છે તે તેમણે મને બતાવી. ફૂલ્સકેપ કદની પાંચછ ચોપડીઓમાં બધું લખાણ સમાયેલું છે. તેમના અક્ષર એટલા બધા સાફ ને એકસરખા છે કે તે જોઈ મને તેમને વિષે અભિમાન આવ્યું. કયાંય હાથની ધ્રૂજારી તો જોવામાં ન જ આવી.

"હાલ આપનું વાચન શું ચાલે છે?" મેં પૂછયું. તેમણે હસીને જવાબ આપ્યો, "કહું? હું તો મારાં સ્મરણો જ બીજી આવૃત્તિને સારુ વાંચી રહ્યો છું. તેમાં મારે સુધારાવધારા કરવા છે. પુસ્તક વેચનારાઓ તરફથી ખબર મળી છે કે એક વર્ષને અંતે બધી નકલો ખપી જશે એટલે હું તૈયાર થઈ જવા માગું છું."

તેમની શારીરિક શક્તિની વાત ચાલતાં તેમણે કહ્યું, "હું ૯૧મા વર્ષ લગી જીવવાનો છું. મારામાં હજુ એટલો ઉત્સાહ છે કે એટલાં વર્ષ વધારે પડતાં નથી."

ભારતભૂષણ માલવિયાજીએ પોતાને સારુ સો વર્ષ આંકયાં છે. તેથી મેં પૂછયું, "માલવિયાજીની જેમ આપ સો વર્ષ કાં ન આંકો?" તેમણે જવાબ આપ્યો, "મને લાગતું નથી કે ત્યાં લગી હું કામ કરવાને લાયક રહું. અને અશક્ત થયા પછી જીવવાની મને ઇચ્છા નથી."

તેમના દીર્ઘાયુષની ચાવી તેમનો અખંડિત નિયમ અને તેમની વ્યવસ્થિત કામ કરવાની ટેવ છે એમ તેઓ માને છે. હું જાણતો હતો ને તેઓએ તે વાતનું સમર્થન કર્યું કે તેઓ પોતાની એટલી કામઢી જિંદગીમાં રોજ રાત્રે ધારેલી ટ્રેનથી બરાકપુર પાછા ફરવામાં કદી નથી ચૂકયા. તેઓ કહે છે, "લોકસેવા કરવામાં કામને વળગી રહેવાની જેટલી જરૂર મેં જાણી છે તેટલી જ નિયમસર આરામ લેવાની પણ જાણી છે. તેથી રાત્રિના આરામનો ભંગ કરવામાં હું સેવાભંગનું પાપ માનું છું."

### મહેલમાંથી ઝૂંપડે

હું જ્યાં જાઉં ત્યાં ગરીબો તો મારી સાથે હોય જ. તેઓ ગમે ત્યાંથી મને શોધી લે છે. મારા બરાકપુર જવાની ખબર કોઈને નહોતી આપી. ત્યાં આસપાસ મજૂર વર્ગના લોકોની વસ્તી

૧. ૧૯૨૫ના મેની ૯ઠ્ઠીએ; ૧૯૨૫ના ઑગસ્ટની છઠ્ઠીએ બૅનરજીનું અવસાન થયું હતું.

Gandhi Heritage Portal

હશે એવી મને ખબર પણ ન હતી. પણ હું સર સુરેન્દ્રનાથને બંગલે પહોંચ્યો ને થોડી વાર થઈ હશે ત્યાં તો તેમના બગીચામાં આસપાસના સોબસો ગરીબો દોડી આવ્યા. કોણ જાણે કેમ તેઓને ક્ષણમાત્રમાં ખબર પડી ગઈ. સામાન્ય રીતે તેઓ એમ કોઈ મોટા લોકના બંગલામાં પ્રવેશ કરતાં પણ ડરે, સંકોચાય. પણ હું જ્યાં પહોંચું ત્યાં તેઓને પેસવાનો હક છે એમ માની તેઓ નીડર થઈ ચાલ્યા આવે છે, ને તેમને કોઈ રોકતું પણ નથી. આ ગરીબોમાં એકબે બિહારી હતા. તેઓ મજૂરવાડમાં મહેતાગીરી કરતા હતા. બરાકપુર કંઈક ઊંચાણ પર આવેલું છે. ત્યાં પાણીનું તળાવ છે. ગંગાનું પાણી ત્યાં ખેંચવામાં આવે છે ને ત્યાં તેને ફિલ્ટર–શુદ્ધ–કરવામાં આવે છે. આ કામ ઉપર સેંકડો મજૂરો રોકવામાં આવે છે. આ મજૂરો બિહાર તેમ જ બિહારની જોડેના સંયુક્ત પ્રાંતના[1] પ્રદેશમાંથી આવેલા છે. પહેલાં બિહારી મહેતાએ તેને ઘેર જવા મને નિમંત્ર્યો ને ત્યાં પોતાનું કાંતવાનું કામ ને પોતાનો ખાદીનો ભંડાર બતાવવા ઇચ્છા દર્શાવી. પોતે છ રેંટિયા ચલાવે છે ને બિહારથી ખાદી મગાવી તે મજૂરોમાં વેચે છે. આ નિમંત્રણનો તિરસ્કાર કે ઇનકાર મારાથી થોડો જ થવાનો હતો? અમે ત્યાં ગયા. મજૂરો ત્યાં વીંટળાઈ વળ્યા. નાનકડા સરખા ઘરમાં રેંટિયા હતા જ. એક કોરે બાંકડા પર સરસ રીતે ગોઠવેલી ત્રણસેં કે ચારસેં રૂપિયાની ખાદી હતી. “આ રેંટિયા હું, મારો ભાઈ ને કેટલાક મિત્રો ચલાવીએ છીએ. પૂણીઓ કલકત્તેથી લાવીએ છીએ. આ ખાદી કંઈ પણ નફો લીધા વિના મજૂરોમાં અમે વેચીએ છીએ. અમે ચારપાંચ જણ તો કેવળ ખાદી જ પહેરીએ છીએ. આના ખર્ચને સારુ પૈસા જોઈએ તેને સારુ મજૂરો મને રૂપિયે એક પૈસો પોતાના પગારમાંથી આપે છે. તેમાંથી હું મારે સારુ કંઈ લેતો નથી. પણ ખાદી ઉપર જે વધારે ખર્ચ થાય છે તે જ નીકળે છે.” મેં પૂછ્યું, “તમે બંગાળમાં બને છે તે ખાદી કેમ નથી વાપરતા?” તેણે જવાબ આપ્યો, “કેમ કે અમારે બિહારની ખાદીનો નિકાલ કરવો જોઈએ. જેટલી મદદ અહીં બેઠાં કરી શકીએ તેટલી તો કરીએ.” આ પ્રમાણે આ જુવાનો દર વર્ષે રૂપિયા ૨,૫૦૦ની ખાદી ગરીબ મજૂરોમાં વેચે છે. આવી છૂપી રીતે, પ્રસિદ્ધિની આશા કે ઇચ્છા રાખ્યા વિના કેટલા ગરીબ, નિઃસ્વાર્થી જુવાનો ખાદીનો પ્રચાર કરી રહ્યા હશે એ કોણ ગણાવી શકે? સર સુરેન્દ્રનાથથી ખાદીના ને રેંટિયાના કાર્યમાં સંમત થયા વિના ન રહેવાયું. અમે આ ગરીબની મઢી છોડી તે પહેલાં આ જુવાને અમને પોતાના ખાદીના હિસાબનો ચોખ્ખા અક્ષરોમાં લખેલો ચોપડો બતાવ્યો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૭–૫–૧૯૨૫

૧. અત્યારે ઉત્તર પ્રદેશના નામથી જાણીતો છે.



Gandhi Heritage Portal

## ૬૧. મારી નોંધ

### સાદાઈ વિ૦ અવ્યવસ્થા

જાહેર કામમાં પડતી મુશ્કેલીઓનું અવલોકન કરતાં એક નવજુવાન લખે છે:[1]

આમાં બતાવેલી મુશ્કેલીઓ કેળવાયેલા વર્ગને કેટલે અંશે રોકે છે એ કહેવું કઠણ છે. મારી માન્યતા તો એવી છે કે એ મુશ્કેલીઓ કોઈ ખરા સેવકને નથી રોકતી. ચા પીનાર ચા પીએ છે ને સેવાધર્મનું પાલન કરે છે. ઘણા સેવકો બીજા વર્ગની મુસાફરી કરતાં છતાં સેવા કરી રહ્યા છે. ચા પીવાના કે બીજા વર્ગની મુસાફરીના મૂળમાં કંઈ પાપ નથી રહેલું. જે ચા વિના ચલાવી શકે તે ચલાવે. જે બીજા વર્ગ વિના ચલાવી શકે તે ચલાવે, પણ જેનું શરીર ત્રીજા વર્ગની મુસાફરી ન ખમી શકે તે ભલે બીજા વર્ગમાં બેસીને સેવા કરે. આ વસ્તુઓ સ્પષ્ટપણે સમજાય એવી છે. જેઓ સાદાઈને બહાને અવ્યવસ્થા અને અનિયમિતતાને સેવે છે તેઓ તો પાપ જ કરે છે. સાદાઈ અવ્યવસ્થાની વિરોધી છે કેમ કે સાદાઈ એ ગુણ છે, અવ્યવસ્થા અવગુણ છે. આડંબરમાંયે અવ્યવસ્થા જોવામાં આવે છે. અવ્યવસ્થિત માણસ સાદો ગણાય નહીં. સાદાઈ કેળવવાથી પ્રાપ્ત થાય છે. જેને રાચરચીલું મળી ન શકે, તેના વિના રહે છે તે સાદો નથી, તેને તો ઘણું જોઈએ છે ને થોડે ચલાવવું પડે છે તેથી દુઃખી થાય છે. સાદો માણસ ઘણું મળતાં છતાં થોડાથી સંતુષ્ટ રહે છે ને ઘણામાં દુઃખ માને છે.

જેમ અવ્યવસ્થા અને અનિયમિતતા તેમ જ અસ્વચ્છતા. સાદો માણસ મેલો હોય જ નહીં. છતાં આપણે જાણીએ છીએ કે ઘણા સાદા લાગતા માણસો બહુ મેલા રહી સાદાઈને નિંદે છે. જેઓ ખાદી પહેરનારા છે તેઓનો તો ધર્મ છે કે ખાદીને હમેશાં ઊજળી દૂધ જેવી રાખે, તેને નિત્ય ધુએ, ફાટે તો થીગડાં મારે. થીગડાંમાં શરમ નથી. પણ ફાટેલાં કપડાં એ આળસની નિશાની હોઈ શરમ ઉપજાવનારી વસ્તુ છે. સાદાઈમાં ચોખ્ખાઈ તો હોવી જ જોઈએ. પરિગ્રહમાં ચોખ્ખાઈ જાળવતાં જતાં વધારે પરિગ્રહ કરવો પડે છે તેથી તો મનુષ્ય સાદાઈ ગ્રહણ કરે છે. એટલે સાદાઈ સેવનારે સમજવું જોઈએ કે તેણે અવ્યવસ્થાનો, અસ્વચ્છતાનો ત્યાગ કરવો ઘટે છે.

આવા ગુણો ખીલવવાને સારુ થોડાઘણા અવકાશની તો જરૂર છે જ. ગુમાસ્તા વર્ગને સવારથી માંડી રાત લગી દુકાનોમાં બેસવું જ પડે તો તેઓ અસ્વચ્છતા વગેરે દોષો કાઢવાનો વિચાર સરખો પણ ન કરી શકે. રૂઢિને લઈને જેટલી ચોખ્ખાઈ રાખવી ઘટે તેટલી રાખી તેઓ ચલાવી લે છે. તેઓ સાદાઈને ખાતર સાદાઈનું સેવન કરતા નથી. તે અસમર્થ હોઈ સાધુ જેવા લાગે. દ્રવ્યને અવકાશ હોય તો બનતાં સુધી ખૂબ પરિગ્રહ કરે. છતાં આવાઓને સારુ કામ કરવાના વખતમાં ઘટાડો કરવાની આવશ્યકતા છે જ. બચતા સમયનો તેઓમાંના કેટલાક દુરુપયોગ કરે એ તદ્દન સંભવે છે, પણ એ જોખમ ઉઠાવવું જોઈએ એમાં શંકા નથી. આવો ઈલાજ ઘણે ભાગે મહેતાવર્ગના હાથમાં જ છે. તેમને પોતાનામાં સુધારો કરવાની હોંશ થાય તો તેઓ પોતાનો

૧. આ પત્ર અહીં આપ્યો નથી. ગાંધીજીએ લોકોને ખાવાપીવામાં અને રહેણીકરણીમાં સાદાઈ અપનાવવાની જે સલાહ આપી હતી એનો ઘણાએ ખોટો અર્થ કર્યો છે. તેમને મતે એમાં શિસ્ત અને નિયમિતતાનો ભંગ થાય છે. પત્રલેખકે આ વાત એ પત્રમાં જણાવી છે.

Gandhi Heritage Portal

માર્ગ શોધી લઈ શકે છે. શેઠોના હૃદયમાં દયા વસે અથવા તેઓ પોતાનો શુદ્ધ સ્વાર્થ સમજે તો તેઓ પણ પોતાની મેળે જોઈતો સુધારો કરે.

## કાંતનારાઓને

હું ઘણી વેળા લખી ગયો છું કે કાંતવું એટલે જેમ તેમ તાર કાઢવો એમ નહીં. ટીપીને ગમે તેવા લોટનો ગમે તેમ રોટલો ગમે તેવા દેવતા ઉપર ચેડવીએ તે જેમ રોટલો નહીં અને રોટલો માનીને તે ખાઈએ તો અપચો થાય, તેમ ગમે તેવા રૂને ગમે તેમ પીંજી ગમે તેમ તાર કાઢીએ તે સૂતર નહીં. સૂતર એ જ કે જે સહેલાઈથી વણી શકાય. આ બાબતમાં મિલનું સૂતર આપણું માપ છે. જ્યાં લગી તેને આપણે ન પહોંચીએ ત્યાં લગી આપણી ખામી ગણાવાની. તેને પહોંચી શકાય એટલું જ નહીં પણ તેનાથી આગળ વધી શકાય છે એ અનુભવસિદ્ધ છે. સારા મિલસૂતર કરતાં સારું હાથે કાંતેલું સૂતર હમેશાં ચડે છે. તેનાં બનેલાં કપડાંમાં જે કુમાશ છે તે કદી મિલનાં કપડાંમાં આવતી જ નથી. પણ એ સ્થિતિને આપણે નહીં પહોંચીએ ત્યાં લગી ખાદીની સામે ફરિયાદ આવવાની જ, એટલું જ નહીં પણ ત્યાં લગી દરેક વણકરની પાસે ખાદી વણાવવી એ મુશ્કેલ વાત રહેવાની.

હાલમાં અખિલ ભારત ખાદીમંડળ ઉપર એક કામદારનો કાગળ આવ્યો છે તે ઉપરથી ઉપરના વિચારો લખી નાખવા પડ્યા છે. મતાધિકારમાં કાંતવાનું દાખલ થયું તે પહેલાં કારોબારી સમિતિના સભ્યોને અખિલ ભારત ખાદીમંડળ પર પોતાનું સૂતર મોકલવું પડતું હતું. તે સૂતરને વણાવતાં જે જે અનુભવો મળ્યા છે તે બહુ કીમતી ગણાય. એવા અનુભવોમાં હું ઉપર લખી ગયો તે રિપોર્ટ છે. એમાં તે કામદાર જણાવે છે કે સૂતર એટલું બધું કાચું છે કે વણકરો વણી નથી શકતા. વળી સૂતર એવી રીતે ઉકેલવામાં આવ્યું છે કે બધાએ પોતાની ઇચ્છા પ્રમાણે માપ રાખ્યું છે અને તેથી વણકરોને તેનાં કોકડાં ભરવામાં જ ઘણો વખત આપવો પડે છે. આ બંને તકલીફ દૂર થવા યોગ્ય છે. કારોબારી સમિતિના સભ્યો તો એ સાવચેતી સહેજે રાખી શકતા હતા. પણ તેની કાળજી તેઓએ રાખી જ નથી જણાતી. પરિણામે આવા સૂતરને વણાવવાનું કાં તો બંધ કરવું પડશે અથવા તો એ સૂતરનો ઉપયોગ જ કોઈ નજીવા કામમાં કરવો પડશે.

## થનાર થયું

કાંતવાની ક્રિયા મતાધિકારમાં દાખલ થઈ છે તેથી કાંતનારની સંખ્યા તો વધવી જોઈએ. તેથી ઉપરનો અનુભવ દરેક કાંતનારને હજુ સમજવા યોગ્ય છે. બે વસ્તુ દરેક કાંતનાર યાદ રાખે.

૧. વળદાર ને એકધારું કાંતવું.

૨. સૂતર ચાર ફૂટની ફાળકી ઉપર ઉકેલવું ને દર સો વારે આંટી પાડવી.

આ બે ગુણ જેને વિષે નથી તે સૂતરમાં ગણાવાને જ લાયક નથી. વધારે સાવધાન કાંતનાર તો રૂની જાત સમજે, તેને બરાબર પીંજે કે પીંજાવે અને તેમાંથી જે આંક નીકળી શકે તે કાઢે તથા દરેક વખત સૂતરને ઉતારતાં પહેલાં ફૂંકારે. આટલું કરે તેણે તો દેશને ને પોતાને પૂરો ન્યાય કર્યો ગણાય. રૂમાંથી તે જેટલું લેવાય તેટલું લે છે. તે સૂતરનું અર્થશાસ્ત્ર સમજે છે. જો આપણે સામાન્ય રીતે વીસ આંકને પહોંચીએ તો ખાદીની કિંમત ખૂબ ઘટાડી શકાય ને સ્ત્રીઓ તરફથી જે વિરોધ થાય છે તે બંધ થાય.

Gandhi Heritage Portal

મતાધિકારીઓ જો પોતાનો ધર્મ સમજે તો આપણને સારામાં સારું સૂતર રૂને દામે મળે. આટલું કરી શકીએ તો ખાદીને વિષે જે જે મુસીબતો છે તે એની મેળે દૂર થઈ જાય. મતાધિકારીઓની પ્રામાણિક મહેનત એ ખાદીને સારુ રક્ષા છે, મદદ છે, રાજઆશ્રય છે.

મતાધિકારીઓ – કાંતનારાં ભાઈઓ અને બહેનો આટલી વિનંતી સાંભળશે?

**દુષ્કાળમાં મદદ**

દુકાળમાં રેંટિયો શું કામ કરી શકે છે તેનો એક દાખલો નીચે પ્રમાણે પંજાબથી મળ્યો છે[1].

અખિલ ભારતીય ખાદીમંડળને મળેલા રિપોર્ટમાંથી મેં ઉપરનો ભાગ લીધો છે. તે વિષે જાણવા જેવું તો એ છે કે જ્યારે લોકોને પ્રથમ અનાજ દેવામાં આવતું હતું ત્યારે હવે તેઓની પાસેથી કામ લઈને પૈસા આપવામાં આવે છે. કામ લેતા કામદારને કામ શીખવું પડે છે એ પણ આપણે જોઈએ છીએ. જો વ્યવસ્થાપકને સૂતરની જાત વિષે ચીવટ હોય તો બધાને જાત જોયા વિના એકસરખા ભાવો આપવામાં આવે છે તે ન અપાય. અને સંસ્થાને નકામું ખર્ચ થાય છે ને ગરીબને હાલ જે અન્યાય થાય છે તે ન થાય. વળી આવાં કામમાં હિસાબ તો સાફ રહેવા જ જોઈએ તે નથી રહેતા એમ જોવામાં આવે છે. આનું કારણ અપ્રામાણિકપણું નથી લાગતું, પણ આવડતનો અભાવ ને વ્યવસ્થા ખાતાની બેદરકારી. બે પૈસા વધારે આપીને પણ કામની ચોખ્ખાઈ રહે તો આવાં કામ ઘણે ભાગે સ્વાશ્રયી બન્યા વિના ન જ રહે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૭–૫–૧૯૨૫

## ૬૨. દેવદાસ ગાંધીને પત્ર

મૌનવાર, વૈશાખ વદ ૧૦ [મે ૧૭, ૧૯૨૫][2]

ચિ. દેવદાસ,

તમારે વિષે હું નિર્ભય રહું છું. એટલે કાગળો લખતો જ નથી. જાણું છું કે તમને ખબર તો મળ્યા જ કરે છે. તમે નવી ગયા છો એ મને તો ગમ્યું છે. બીજાઓને પણ થોડી ઠંડક મળશે. કરોડોને તો ટાઢતડકો સરખાં સહન કરવાં જ પડે છે. આપણી એ સ્થિતિ નથી થઈ ગઈ. હું ઇચ્છું છું. પણ ઘાટ ઘડાયા છે તે ઝટ કેમ પલટે?

હું તો આનંદમાં છું. સતીશબાબુના બંદોબસ્તમાં પૂછવું શું હોય? ક્રિસ્ટોદાસને[3] એક દિવસ તાવ આવી ગયો. બધાં બાળકો ને બાળાઓને આશીર્વાદ.

બાપુના આશીર્વાદ

ચિ. દેવદાસ ગાંધી
ચિ. માણેકલાલ એ. ગાંધીને ત્યાં
નવીબંદર (પોરબંદર થઈને)
કાઠિયાવાડ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૦૪૬

૧. આ દાખલો અહીં આપ્યો નથી.
૨. પોસ્ટનો સિક્કો ૧૮–૫–૧૯૨૫નો છે; વૈશાખ વદ ૧૦, મેની ૧૭મીએ હતી.
૩. ક્રિષ્ણદાસ (ગાંધીજીના સેક્રેટરી).

Gandhi Heritage Portal

## ૬૩. ઢાકાની સાર્વજનિક સભામાં ભાષણ[1]

મે ૧૭, ૧૯૨૫

ભાઈઓ,

સાધારણ રીતે હું અંગ્રેજીમાં બોલતો નથી. પણ ડિસ્ટ્રિકટ બોર્ડનું માનપત્ર વાંચનાર ભાઈએ જે ચીવટથી એ વાંચ્યું તે માટે એમને મુબારકબાદી આપવા માટે આજે અપવાદ કરું છું[2] અને અંગ્રેજીમાં બોલું છું. અત્યારે મને સુરેન્દ્રનાથ બૅનરજી યાદ આવે છે. જે સમયની હું વાત કરું છું તે સમયે એમને સરનો ખિતાબ મળ્યો નહોતો અને હું તો પ્રમાણમાં એક જુવાનિયો હતો. ૮૦ પાનાં જેટલું લાંબું ભાષણ એમણે વાંચ્યું હતું, એમ મને કહેવામાં આવ્યું હતું. એ. સી. મજમુદાર પણ મને યાદ આવે છે. એમણે ભાષણનું એક-દોઢ પાનું વાંચ્યું અને પછી લખનૌના મિત્રોના આગ્રહને વશ થઈને બાકીના ભાષણના અમુક ભાગો જ વાંચ્યા.

બંગાળમાં આ બધા વિક્રમો આશ્ચર્ય ઉપજાવતા નથી. પણ સુંદર અંગ્રેજી બોલવા માટે હું બહુ અભિનંદન આપી શકું નહીં. મારે તો તમારું બંગાળનું મધુર સંગીત સાંભળવું છે. તમારા વાણીવિલાસમાંથી અને વક્તૃત્વમાંથી મને બચાવો. હું આશા રાખું છું કે બંગાળ એ સ્વીકારશે કે, જો આખા હિંદુસ્તાન સાથે એણે એકરાગ થવું હોય તો એણે આંતરદેશીય ભાષા તરીકે હિંદીને અપનાવવી પડશે. સમય આવશે કે જ્યારે જનતાનો સંપર્ક સાધવા માટે હિંદીની જ જરૂર છે એમ આપણે સમજીશું.

તમારાં માનપત્રોમાં દર્શાવેલી લાગણીઓ માટે તમારો આભાર માનું છું. પરંતુ તમે આપેલાં સુંદર કાસ્કેટો માટે આભાર માનું એવી આશા રાખશો નહીં! આવી ચીજો મારે મન ભારરૂપ છે. એમાં રહેલા કાગળની મારે મન કિંમત છે; પણ એનાથીયે વધુ કિંમત તો હૃદયમાં અંકિત થયેલી અણલિખિત ભાષાની છે. હું માગું છું કે તમારા હૃદયના એક ખૂણામાં મારા સંદેશાને સ્થાન આપો. તમે ઢાકાની નષ્ટ થયેલી જાહોજલાલીનું દુ:ખ ગાઓ છો, પણ આને માટે ખરેખર જો કોઈને આંસુ સારવાનું હોય તો એ તમારે જ સારવાનું છે. હું તો ઈચ્છું છું કે બંગાળ ફરીથી નિકાસ કરતું થઈ જાય—એના કાચા માલની નહીં, પણ એની અસલ કલાકૃતિઓની. પણ તમે જ્યાં સુધી હાથકંતામણના પ્રશ્નનો ઉકેલ લાવશો નહીં ત્યાં સુધી તમે તમારી કલાને પુનર્જીવિત કરી શકશો નહીં. વિચારો, કે હિંદુસ્તાનનું કલાસૌન્દર્ય શામાં રહેલું છે? આ સૌન્દર્ય આજે નાશ પામ્યું છે. તેથી મારું અંતર રડી રહ્યું છે. અને મને લાગે છે કે જ્યાં સુધી આપણે હાથકંતામણને સજીવન નહીં કરીએ ત્યાં સુધી આપણી કલાને સજીવન કરી શકીશું નહીં. આ તમારા કાપડ વિષે કહી રહ્યો છું.

પણ તમે કેવળ કલાને શું કરશો? પડદાની પાછળ ગૂંગળાઈ રહેલી તમારી બહેનોને માટે તમે શું કરશો એ વિચારો. હું કોમિલ્લાથી બાર માઈલ દૂર એક સ્થળે ગયો હતો. ત્યાં મને

૧. નૉર્થબ્રુક હૉલમાં મળેલી સભામાં ડિસ્ટ્રિક્ટ બોર્ડ, મ્યુનિસિપાલિટી અને જનસંઘ તરફથી ગાંધીજીને માનપત્રો અર્પણ થયાં હતાં.

૨. હિન્દુ, ૧૮–૫–૧૯૨૫ના અંકના હેવાલ પરથી આ વાક્ય લેવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

માલૂમ પડયું કે ત્યાંની સ્ત્રીઓએ એમના પુરુષવર્ગને માત્ર બેત્રણ રૂપિયા નીતિથી કમાવા માટે દૂર મોકલ્યા હતા. એમની પોતાની કાંતવાની કળા એમણે ખોઈ તેથી આમ કરવું પડયું છે. એમને માટે અને ઈશ્વરનું નામ લઈને તમે પોતે ચરખો ચલાવો નહીં ત્યાં સુધી તમે એમના વતી શું બોલી શકવાના હતા?

બીજી વાત ભંગીઓ વિષે. જે કામ તમે નથી કરતા તે કામ એ લોકો કરે છે. એટલે ઉત્તમ સેવકો તો એ લોકો છે. એમની વસાહતમાં ૮૦ બાળકો છે. મેં એમને પૂછયું: "અહીં શાળા સ્થાપવાનું ગોઠવી આપું તો તમે તમારાં બાળકોને એમાં મોકલશો?" એમનામાંથી એક જણે સામું સંભળાવ્યું: "અમે શાળાની માગણી નથી કરી?" બીજું, એમને ખાદી સસ્તી થાય એવું જોઈએ છે. એમને માટે તમે રોજ અરધો કલાક ચરખો ન ચલાવો તો ખાદી સસ્તી કેવી રીતે બને? એમને ખાદી પહેરવી તો છે, મેં સાંભળ્યું છે કે ખાદીની દુકાનો પણ છે.

તમારો વધુ સમય લેવા હું ઇચ્છું છું એમ માનશો નહીં. આ જે હું મારા હૃદયમાંથી બોલી રહ્યો છું તે, સાંભળવા માટે મારા બંને ભાઈઓમાંથી એકેય આજે અહીં નથી એનું મને દુ:ખ છે. આપણાં હૃદય ઉપર હાથ મૂકીને હૃદયની એકતા સાધીએ એમ હું ઇચ્છું છું. ઢાકા જો બંગાળને નહીં દોરે તો બીજું કોણ દોરશે?

હિંદુમુસ્લિમ એકતાનો જે પ્રશ્ન તમે ઉઠાવ્યો છે તે બાબત મને કહેતાં અફસોસ થાય છે કે તમે આપેલું હાર્દિક પ્રમાણ સાંભળવા મૌલાના શૌકતઅલી અને મૌલાના મહમદઅલી એ બે ભાઈઓ મારી સાથે અહીં નથી.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १९-५-१९२५

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૬૪. ઢાકાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત[૧]

મે ૧૭, ૧૯૨૫

ઢાકામાં વિદ્યાર્થીઓની સભા કાઢી નાખવામાં આવી. પણ ગાંધીજીએ વિદ્યાર્થીઓને કહ્યું કે જાહેર કાર્યક્રમો પતે પછી વાતચીત કરવા આવજો. એમણે સ્વપ્ને પણ ન ધારેલું ઘણું બધું એમને મળ્યું. ગાંધીને છેડવામાં આવે ત્યારે પોતાની વાત તેઓ ખૂબ સારી રીતે કહે છે. એક મિત્રે એમને એમ કહી ઉશ્કેર્યા કે ચરખો ચલાવવો એ શક્તિ અને સમયનો વ્યય છે. બીજાએ કહ્યું કે તમારી સલાહમાં શ્રમવિભાજનની સલાહનો સહેજ પણ વિચાર કરવામાં આવ્યો નથી.

હું તમને શું આખો દિવસ કાંત્યા કરવા કહું છું? હું તમને શું તમારા મુખ્ય ધંધા તરીકે રેંટિયો સ્વીકારવાનું કહું છું? તો પછી શ્રમવિભાગના સિદ્ધાંતનો ભંગ કયાં થયો? તમે ખાઓ-પીઓ છો એમાં શ્રમવિભાગનો સિદ્ધાંત લાગુ કરો છો શું? મતલબ કે ખાવુંપીવું અને અંગ ઢાંકવું જેમ દરેકને સારુ છે તેમ કાંતવું એ પણ વ્યક્તિમાત્રનો ધર્મ છે. અને તમે એને નાહકનો કાળક્ષેપ કહો છો? તમે કહો છો કે દેશનાં કરોડોને સારુ તમારા દિલમાં પૂરતી લાગણી છે. પણ એ લાગણીને પરિણામે જો તમારાં અંત:કરણ એ કરોડોને સારુ પ્રત્યક્ષ દયાભાવથી ન દ્રવે તો

૧. મહાદેવ દેસાઈએ આપેલા ગાંધીજીની બંગાળ યાત્રાના હેવાલ પરથી.

Gandhi Heritage Portal

એવી વાંઝણી લાગણીની કિંમત શી? ગાય, વાછરડાને વિષે અગર મા, પોતાના બચ્ચાને વિષે જે પ્રેમથી ઊભરાય છે તેવું કશું તમને થાય છે? ગાય વાછરડાને દૂરથી જુએ છે અગર માતા બાળકને જુએ છે ત્યાં એની છાતીએ દૂધ ઊભરાય છે. તમારાં દુકાળપીડિત ભૂખ્યાં દેશવાસીઓને જોઈને તમારામાં કદી પ્રેમનો આવો ઉદ્રેક થાય છે ખરો? રેંટિયો ચલાવીને તમારો એમના પ્રત્યેનો પ્રેમ તમે વ્યક્ત કરશો. તમે જાતે કાંતીને એમની અકર્મણ્યતા ખંખેરશો. એક મિત્ર લોકોનાં ટોળાં આગળ ગાય છે અને એમનાં દિલ હલાવે છે. આ શું નાહકનો શક્તિક્ષય થયો? બેશક, જો એ એમની આગળ નિરર્થકપણે "વંદે માતરમ્" આરડે તો એવું થાય ખરું, પણ કાંતવામાં તો કેવડો અર્થ સમાયેલો છે? એમાં હેતુ છે અને એમાં દેશની સમૃદ્ધિની બરકત રહેલી છે. હેતુ એ છે કે એ દ્વારા દેશના આમવર્ગ જોડે અનુસંધાન થાય છે અને ઉપરાંત આ ક્રિયા ગમે એટલી યંત્રવત્ કરવામાં આવે તોપણ એમાંથી ફળ નીપજે છે. અને ઝાઝા પ્રયાસ કે કૌશલ્ય વિના આખો દેશ, નાનામોટા, શ્રદ્ધાળુ અશ્રદ્ધાળુ, એકેએક જણ કરી શકે એવી બીજી એકે ક્રિયા નથી. વિદ્યાર્થીઓએ તો આ ખસૂસ કરીને કરવું રહ્યું, કારણ, તમે પ્રજાનું નાક કહેવાઓ. તમારે હજી જિંદગી શરૂ કરવાની છે. તમે નવા વિચારને ઝીલી શકો તેમ બીજું કોઈ ન ઝીલી શકે. તમારે તો વર્ષોની દેશસેવાવાળી કારકિર્દી હજુ બાંધવાની છે. કુમળું ઝાડ જ વાળીએ એમ વળે; પાકે ઘડે કાંઠા ન ચડે. દેશને માટે ખરેખરી ધગશથી ભરેલા અને કામની તાલીમ પામેલા શક્તિમાન, બુદ્ધિમાન વિદ્યાર્થીઓની ટુકડી કેટલું બધું કરી શકે એનો ખ્યાલ કરો. ઢાકાના ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓમાંનો દરેક જણ અરધો કલાક રેંટિયાને આપે તો? એના પરિણામનો વિચાર કરો. તમે બધા ખાદી પહેરો તો તમારા પૈસાનો મોટો ભાગ કાંતનારના જ ખીસામાં જાય એ તમે જાણો છો? તમે કદાચ ઇંગ્લંડનો અને એની મિલોનો વિચાર કરતા હશો. પણ ઇંગ્લંડ તો બીજા દેશોને નિચોવીને જીવે છે. એણે આપણા મજૂરવર્ગને તાબે કરી લીધો છે. એ આર્થિક સ્રાવ દાદાભાઈએ આપણને બતાવેલ વહીવટ ખર્ચને લગતા સ્રાવ કરતાં પણ વધુ જીવલેણ છે. આ ગૂઢ વસ્તુ દાદાભાઈના[1] ધ્યાનમાં પણ એ વખતે ન આવી. પણ હું એમને પગલે ચાલનારો એમનો મુરીદ રહ્યો એટલે આ સૂક્ષ્મ વસ્તુ મને જડી. અને હું કહું છું કે આવી અકર્મણ્ય તાબેદાર પ્રજા બનીને રહેવાનું કબૂલ કરવામાં આપણો ભયાનકમાં ભયાનક અને વિનાશકારી અર્થસ્રાવ રહેલો છે.

આખરે જગન્નાથપુરીમાં જોયેલાં હાડપિંજરો, ઓરિસ્સા અને બિહારનાં ભૂખ્યાં, ઇત્યાદિનો ચિતાર આપી રોજની એક આનો મજૂરી પણ આ ભૂખ્યાંઓને સારુ કેવી પ્રત્યક્ષ આશીર્વાદરૂપ થઈ પડે એ સમજાવ્યું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८–५–१९२५

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

૧. ૧૮૨૫–૧૯૧૭; "ગ્રાન્ડ ઓલ્ડ મૅન ઑફ ઇન્ડિયા" એ નામે પ્રસિદ્ધ થયેલા પ્રથમ હિંદી રાજકારણી; ૧૮૮૬, ૧૮૯૩ અને ૧૯૦૬માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ; કૉંગ્રેસનું ધ્યેય સ્વરાજ છે એમ સૌ પ્રથમ જાહેર કરનાર; ૧૮૯૩માં બ્રિટનની આમસભાના ચૂંટાયેલા સભ્ય.

Gandhi Heritage Portal

## ૬૫. શ્યામપુરના રાષ્ટ્રીય મહાવિદ્યાલયમાં ભાષણ[1]

મે ૧૭, ૧૯૨૫

તેમણે કહ્યું કે હું હૉસ્પિટલના શિલાન્યાસ પ્રસંગે વિદ્યાર્થીઓને જરૂર સહર્ષ આશીર્વાદ આપું, પણ મને વૈદરાજો અને ડૉક્ટરોમાં શ્રદ્ધા નથી. મેડીકલ કૉલેજોમાં તો વળી એથીયે ઓછી શ્રદ્ધા છે. વૈદો અને ડૉક્ટરોની સારવાર નીચે દરદીઓ આવે છે, એટલે તે વધારે પાંગળા બની જાય છે. આ ધંધાદારી લોકો જે કેળવણી લે છે તે પૈસા મેળવવા માટે જ હોય છે અને તેથી તેઓ વધુ ને વધુ પૈસા મેળવવા આતુર હોય છે. આ પ્રસંગે આ વિદ્યાર્થીઓને હું એ શરતે જ આશીર્વાદ આપીશ કે તેઓ મેડીકલ કૉલેજમાંથી બહાર આવ્યા પછી પોતાનું જીવન દેશને સમર્પણ કરી દેશે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १९–५–१९२५

## ૬૬. રવીન્દ્રનાથ ટાગોરને પત્ર

મે ૧૮, ૧૯૨૫

પ્રિય ગુરુદેવ,

નેપાલબાબુએ મને આપનો અત્યંત માયાળુ અને ભાવભર્યો પત્ર[2] મોકલ્યો છે. મારી ઈચ્છા બોલપુરમાં એકબે દિવસ ગાળવાની છે જ. મને મળવા માટે આપ બોલપુર છોડીને આવો એવું હું વિચારી જ શકતો નથી. આપની નાજુક તબિયતનો મને ખ્યાલ છે. ત્યાં હું કઈ તારીખે આવી શકીશ તે આપને અગાઉથી જણાવીશ.[3]

હું છું આપનો
મો. ક. ગાંધી

ડૉ. રવીન્દ્રનાથ ટાગોર
શાંતિનિકેતન
બોલપુર થઈને
ઈ. આઈ. રેલવે

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૪૬૨૯

૧. ગાંધીજી નારાયણગંજથી શ્યામપુર સવારમાં આવી પહોંચ્યા. અને રાષ્ટ્રીય મહાવિદ્યાલયની હૉસ્પિટલના મકાનનો પાયો નાખ્યો. મહાવિદ્યાલયના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ તરફથી તેમને માનપત્ર આપવામાં આવ્યું. એનો જવાબ તેમણે હિન્દીમાં આપ્યો.

૨. આ મળતો નથી.

૩. ગાંધીજી મેની ૨૯મીએ શાંતિનિકેતન ગયા હતા.

Gandhi Heritage Portal

# ૯૭. મહમદઅલીને પત્ર[1]

મે ૧૮, ૧૯૨૫

મારા પ્રિય મિત્ર અને ભાઈ,

તમે મને લખ્યું એ પહેલાં[2] જ હું તમારી સ્થિતિ પામી ગયો હતો. સાચા સેવકના નસીબમાં આવું જ લખાયેલું હોય છે. પૂરની સાથે સાથે તરવામાં આપણે કાંઈ જ કરવાપણું હોતું નથી. જ્યારે એની સામે જવાનું હોય છે ત્યારે જ આપણે પુરુષાર્થ કરવાનો હોય છે. એટલે હવે જ આપણને ખબર પડશે કે આપણામાં કાંઈ તાકાત છે કે નહીં. દુશ્મન સામે આવીને ઊભો હોય ત્યારે, એ ગમે તેટલો સમર્થ હોય તોપણ એની સામે લડવું એ તો રમત વાત છે. પણ નૈતિક અધઃપતન, અશ્રદ્ધા, અશિસ્ત અને સાથીઓ પ્રત્યેના અવિશ્વાસ સામે ટક્કર ઝીલવાનું બધાથી બની શકતું નથી. તમારે અને મારે એ સ્થિતિનો સામનો કરવાનો છે.

હું તો હમેશાં તમારી સાથે અને તમારે માટે પ્રાર્થના કરી રહ્યો છું. તમે બે ભાઈઓની જોડીમાં[3] મારો અડગ વિશ્વાસ છે. પણ કામ કરવાની તમારી પદ્ધતિમાં એ નથી. દરેક કામ માટે તમે અલગ સમય ફાળવી રાખશો તો તમને જણાશે કે ફાજલ સમય રહે છે જ. બહુ જ ઉદ્યમી માણસ પાસે વધુ કામ કરવા માટે સમય હમેશ હોય છે. ઈશ્વરથી ડરીને ચાલનાર માટે પ્રાર્થનાનો સમય તો આખો દિવસ છે. પ્રાર્થના માટે સમય નક્કી કરવામાં આવ્યો છે એ તો માત્ર દિશાસૂચન માટે છે. એ સૂચવે છે કે આપણાં દરેક કામ માટે નિયમિત સમય હોવો જોઈએ. આપણો બધો જ સમય આપણે ઈશ્વરના ચરણે ધરી દીધો નથી? ખાવું, પીવું, એ પણ ઈશ્વર કાજે હોઈ શકે અને ઉપવાસ તો એના માટેનો લહાવો હોઈ શકે. પણ હવે શિખામણ આપવાનું બંધ કરું.

તમારી અને ગુલનારની[4] ગેરહાજરી મને ખૂંચે છે. મને આપવામાં આવતાં ફૂલો અને નાનીનાની ચીજો બધાં એળે જાય છે. એને કહેજો કે મારે માટે એ બહુ મોટી ન થઈ જાય.

સૌને પ્યાર.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

૧. મુસદ્દામાં સરનામું નથી છતાં વિગતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ મહમદઅલીને ઉદ્દેશીને લખાયો હતો.

૨. આ પત્રવ્યવહાર મળી શક્યો નથી.

૩. મહમદઅલી અને શૌકતઅલી.

૪. મહમદઅલીનાં પુત્રી અને શ્વેબ કુરેશીનાં પત્ની.

Gandhi Heritage Portal

## ૬૮. મથુરાદાસ ત્રિકમજીને[1] પત્ર

વૈશાખ વદ ૧૦, મે ૧૮, ૧૯૨૫

આણંદ[2]ની પાસે મારું લેણું તો હતું ના?

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા. ૮૦

## ૬૯. મેમનસિંગની સ્ત્રીઓની સભામાં ભાષણ[3]

મે ૧૯, ૧૯૨૫

માનપત્ર તથા ભેટો આપવા બદલ બહેનોનો આભાર માન્યા પછી મહાત્માજીએ કહ્યું કે સ્વરાજનો અર્થ હું ધર્મરાજ્ય કે રામરાજ્ય કરું છું. ધર્મ અને નીતિ વિના હિંદુસ્તાન માટે સ્વરાજ ન સંભવી શકે. રામરાજ્ય માટે મારે સીતાજીની જરૂર છે. આપણે સીતાજીને કારણે જ રામચંદ્રની પૂજા કરી શકીએ છીએ. જો સીતાનો જન્મ ન થયો હોત તો રામચંદ્રનું અસ્તિત્વ જ ન હોત. બહેનોને મારી વિનંતી છે કે તમે સીતા જેવાં બનો. સીતાએ પોતાના હૃદયને તેમ જ શરીરને પવિત્ર રાખ્યાં હતાં. બહેનો, મારો તમને આગ્રહ છે કે તમે ખાદી પહેરીને તમારા શરીરને પવિત્ર બનાવો. સીતાજી હિંદુસ્તાનમાં બનેલું કાપડ પહેરતાં. એમના વખતમાં પરદેશમાંથી કાપડનો એક ટુકડો પણ આવતો નહોતો. પણ આજની સ્ત્રીઓ ફ્રાન્સ, જાપાન અને માન્ચેસ્ટરથી આવેલું કાપડ માગે છે. પરદેશી કાપડ પહેરવામાં અપવિત્રતા છે. કારણ કે તેનો અર્થ એ થાય છે કે પહેરનાર પોતાનાં ગરીબ ભાંડુઓને ભૂલી જાય છે. એક કાળ એવો હતો જ્યારે મારી હિંદની કરોડો બહેનો રેંટિયા પર કાંતીને પોતાનો રોટલો કમાતી. આપણે જો પરદેશી કાપડ પહેરવાનું શરૂ ન કર્યું હોત તો તેમનો રેંટિયો બંધ ન પડયો હોત. બહેનોએ રોજ અરધો કલાક તો કાંતવું જ જોઈએ. હિંદની મિલોના કાપડને હું "અર્ધખાદી" કહું છું. અહીં સભામાં આવેલી બધી બહેનોએ ખાદી પહેરી છે, પણ તે કદાચ મારા પ્રત્યેના પ્રેમને કારણે અથવા મને છેતરવા માટે પહેરી હોય. પણ આપણે હિંદ પ્રત્યે પ્રેમ રાખીએ એની સૌથી વધુ જરૂર છે. અને તે પ્રેમ જ તમને ખાદી અપનાવવા તરફ પ્રેરશે. મેમનસિંગની બહેનો જો ત્રણ કામ કરશે તો મને સંતોષ થશે: (૧) રોજ અડધો કલાક કાંતવું; (૨) ખાદી પહેરવી; (૩) ખોટી રીતે અસ્પૃશ્યો ગણવામાં આવેલા નામશૂદ્રો પ્રત્યે તિરસ્કાર ન રાખવો.

અંતમાં તેમણે કહ્યું કે તમે મને જે સૂતર, નાણાં ને ઘરેણાં ભેટ આપ્યાં છે, તે બધાનો ઉપયોગ ખાદીના પ્રચારમાં કરવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૨૨-૫-૧૯૨૫

૧. ૧૮૯૪-૧૯૫૧; ગાંધીજીનાં ઓરમાન બહેનના પૌત્ર; ૧૯૨૨-૨૩માં મુંબઈ કૉંગ્રેસ સમિતિના સેક્રેટરી; ૧૯૨૩-૨૫ દરમ્યાન મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સભ્ય અને પાછળથી મેયર.

૨. મથુરાદાસ ત્રિકમજીનાં માતુશ્રી.

૩. સવારમાં મળેલી આ સભામાં ગાંધીજીને, હાથે કાંતેલું સૂતર, ઘરેણાં તથા સિક્કાઓ ભેટ આપવામાં આવ્યાં હતાં. બંગાળીમાં એક માનપત્ર વાંચી સંભળાવવામાં આવ્યું હતું. ગાંધીજીએ તેનો જવાબ હિન્દીમાં આપ્યો હતો.

Gandhi Heritage Portal

# ૭૦. માનપત્રના જવાબમાં ભાષણ[1]

મે ૧૯, ૧૯૨૫

અલીભાઈઓ વિના હું નિરાધાર બની ગયો છું. એ હોત તો હું મુસ્લિમ ભાઈઓને મળી શકયો હોત. પણ હું નિરાશ થતો નથી. સંપૂર્ણ તાબેદારીમાં જ શુદ્ધ સ્વાર્થ રહેલો છે. પણ એ તે જ કરી શકે કે જે અંદરનું રહસ્ય બરાબર સમજે છે. આમાં તાબેદારી કેવળ નામની જ હોય છે. હિંદુઓ મુસલમાનોનો ધર્મ પડાવી લેવા માગતા નથી. તેમ જ મુસલમાનો માટે કહી શકાય. આપણે લડીએ છીએ તે રોટલા અને મચ્છી માટે—ના, ના, પથ્થર માટે. જરાક ઊંડા ઊતરી વિચારશો તો માલૂમ પડશે કે કોઈનીય પાસે રોટલા અને મચ્છી નથી. જેમ કૂતરું પડછાયાને હાડકું સમજીને એની પાછળ જાય છે તેમ આપણે પથ્થરને રોટલા અને મચ્છી સમજ્યા છીએ. આમ કરવામાં કાંઈ માલ નથી એમ તો, જ્યારે હિંદુ અને મુસ્લિમ બહેનો સ્વાદ લેશે ત્યારે જ સમજશે. હું તો આશાવાદી છું. તેથી કહું છું કે જો એ બંનેને કૂતરાંબિલાડાં માફક લડવું હોય તો લડવા દો. હથિયારબંધીને કારણે આપણે એકબીજાનાં ગળાં કાપી શકતા નથી એ એક શાપ છે. કોને કેટલાં લાભહાનિ થશે એ વિચારીને નહીં પણ એ સ્થાપવી જ જોઈએ એવી ભાવના હશે તો જ હિંદુમુસ્લિમ ઐકય સ્થપાશે. બંનેએ એક સામાન્ય નીતિ અપનાવવી જોઈશે. અમે એકબીજા વિના રહી શકીશું નહીં. જે ઈશ્વરે સાત કરોડને અને બાવીસ કરોડને સાથે રાખ્યા છે તેનામાં આપણે માટે દયા હશે. અને, અમે ગમે એ કરીએ તોપણ અમે ભાઈભાઈ તરીકે સાથે રહીશું જ.

તેમ જ જો આમજનતાને આપણી સાથે રાખવા માગતા હોઈએ તો ખાદી અને ચરખો અનિવાર્ય છે. જનતા તો આપણું પીઠબળ છે. દુનિયાભરમાં, મધ્યમવર્ગ, જનતાને કાંઈ ને કાંઈ પાછું આપે છે. અંગ્રેજો અને અમેરિકનો આજે એમનું હાલનું જીવન જીવી રહ્યા છે એનું કારણ એ છે કે એ લોકો આપણા ઉપર જીવે છે. તમે વિલાયતનાં ખેતરો જોશો તો જણાશે કે એ સમૃદ્ધ છે—ભૂખડીબારસ નથી. આપણે તો આપણા પોતા ઉપર જીવીએ છીએ. બીજા દેશો તરફથી આપણને મળે છે તેના કરતાં વધુ આપણે એમને આપીએ છીએ. બીજા દેશોએ આપણા હાથ વડે કામ કરવાની આપણી શક્તિ હણી પણ લીધી છે. જનતાનું લોહી ચૂસીને આપણે અત્યાર સુધી જીવી રહ્યા છીએ. આપણી ફરજ છે કે આપણે એનો થોડો પણ બદલો ખાદી પહેરીને એમને વાળી આપવો જોઈએ. ખાદી મોંઘી છે પણ આપણે તો એનાથી પણ મોંઘી ચીજ—સ્વરાજ, એટલે કે સૌનું સુખ—જોઈએ છે. જ્યારે હું જાણું છું કે, હું ખાદી પહેરું તો નવ આનામાંથી પાંચ આના મારી બહેનોને મળશે, ત્યારે જો એ પાંચ આના મુંબઈ અને અમદાવાદ જાય એવું હું કાંઈ કરું તો હું શાપને જ લાયક ઠરું. ખાદી ખરીદવી મોંઘી પડતી હોય તોયે આપણે સમજવું જોઈએ કે એ રકમ આપણી બહેનોને મળે છે.

બહેનોને કાંતતી મેં જોઈ. તમે અને હું કાંતતા થઈએ તો ખાદી સસ્તી બને. તમે સૌ જમીનદાર ભાઈઓ પણ રોજ અડધો કલાક કાંતો. ચરખાશાસ્ત્રનો તો હું નિષ્ણાત છું એ

૧. રાજમહેલમાં યોજવામાં આવેલી સભામાં મૈમનસિંગની મ્યુનિસિપાલિટી અને જિલ્લા બોર્ડ તરફથી આપવામાં આવેલાં માનપત્રના જવાબમાં.

Gandhi Heritage Portal

સ્વીકારો. સિંગરના સીવવાના સંચાની જાહેરાતના ચિત્રમાં શ્રીમતી સિંગરને સીવતી બતાવવામાં આવી છે. મને એ સંચો ગમે છે. કારણ કે એ વ્યક્તિની મહેનત બચાવે છે. રેંટિયો પણ બીજી એવી ચીજ છે. માણસ શોધખોળ કરવા જ સરજાયેલો છે.

મારા હૃદયમાંથી નીકળતા શબ્દો તમારા હૃદયમાં સોંસરા ઊતરશે એવી આશા રાખું છું. ગાંધીજી બોલ્યા.

બનાવટી ખાદી ભૂંડી વસ્તુ છે. હાથે કાંતેલા સૂતરમાંથી તાણો બનાવવો એ જ બનાવટી ખાદીને કાઢવાનો ઉત્તમ ઉપાય છે. અર્ધખાદી તો હરામજાદી ગણાય. એને તો દેશવટો જ દેવો જોઈએ. હું તો કહું છું એને બાળી જ નાખો. ઈશ્વર પાસે માગું છું કે તમારામાં એવી ઇચ્છા પેદા થાય અને એ ઇચ્છા પાર પાડવાની શક્તિ એ તમને આપે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २२–५–१९२५

ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક આઠમું

## ૭૧. મેમનસિંગના જમીનદારો સાથે વાર્તાલાપ

મે ૧૯, ૧૯૨૫

જો તમે તમારો પોતાનો ધોબી રાખો છો, તમારો ભંગી રાખો છો, તો તમારો પોતાનો વણકર કેમ ન રાખો? અને બારીક સુંદર સૂતર માટે તમે તમારા વિસ્તારના ઉત્તમ કાંતનારાઓની સેવા મેળવી શકો છો.

આગેવાન લોકો ને ભણેલાગણેલા લોકો કાંતવા તરફ કેમ વળતા નથી?

કારણ કે તેમને ગરીબો માટે લાગી આવતું નથી. અને લાગી આવતું નથી, તેનું કારણ એ છે કે તેમને ગરીબોનાં કષ્ટોની ખબર નથી. મહેરબાની કરીને ગરીબો આળસુ છે એમ ન કહેશો. આપણે તેમને આળસુ બનાવ્યા છે. એમનામાં રસ કેવી રીતે પેદા કરવો તેને માટે તમારે, મારે અને સૌએ રાતદિવસ મહેનત કરવી જોઈએ. અને ઉતાવળે આંબા ન પાકે એ કહેવતની વાર્તામાંના છોકરાની માફક અધીરા ન બનવું જોઈએ. એ છોકરાએ કેરીનો ગોટલો વાવ્યો પણ તેને મૂળ બાઝે અને છોડ ઊગે એટલા છ મહિના સુધી પણ તે રાહ જોવાને તૈયાર નહોતો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८–५–१९२५

Gandhi Heritage Portal

## ૭૨. એક અસાધારણ માનપત્ર

મોટા ભાગના કિસ્સાઓમાં મને આપવામાં આવતાં માનપત્રોમાં મારે માટે એવાં વિશેષણો વાપરવામાં આવે છે કે જેને માટે હું ભાગ્યે જ પાત્ર ગણાઉં. આવાં વિશેષણોના ઉપયોગથી નથી તે માનપત્ર લખનારાઓને ફાયદો કે નથી મને ફાયદો. એને લીધે તેઓ નાહકના મને નીચું જોવડાવે છે, કારણ કે મારે કબૂલ કરવું પડે છે કે હું એ વિશેષણોને પાત્ર નથી. જો તે માટે હું પાત્ર હોઉં તો તેનો ઉપયોગ નિરર્થક છે. એના ઉલ્લેખથી મારા ગુણોની મહત્તા કંઈ વધી જતી નથી. ઊલટું, હું જો સાવચેત ન રહું તો તેનાથી મને મદ ચડે. માણસ જે કંઈ સત્કર્મ કરે છે, તેને વિષે બહુ ન કહેવાય તે જ સારું છે. અનુકરણ કરવું એ સૌથી સાચી કદર છે. એટલે હું મારા બધા પ્રશંસકોને તેમ કરવાની સલાહ આપું છું. જો તેમને મારી કાંતવાની વાત ગમતી હોય તો તેઓ જાતે કાંતવા મંડીને મારી પ્રશંસા કરી શકે. જો તેમને મારી નિયમિતતા ગમતી હોય તો જીવનમાં તેઓ નિયમિતતા આચરીને મને રાજી કરી શકે છે અને જો મારાં સત્ય અને અહિંસાને તેઓ કીમતી ગણતા હોય તો તેનું આચરણ કરીને તેની કદર કરી શકે છે.

પણ બધાં જ માનપત્રો મારા ગુણગાનથી ભરેલાં હોય છે એવું નથી. કોઈ વિરલ પ્રસંગોએ એવાં માનપત્રો પણ જોવા મળે છે કે જેમાં કીમતી માહિતીઓ પણ રજ કરવામાં આવી હોય છે. ચાંદપુરના એક માનપત્રમાં[1] ત્યાંની મર્યાદાઓનું નિખાલસપણે નિરૂપણ કરવામાં આવ્યું છે. માનપત્રમાં મારા કેટલાક સાચાખોટા ગુણોનો ઉલ્લેખ જરૂર કરવામાં આવ્યો છે, પણ તેનો મોટો ભાગ ચાંદપુરના રહેવાસીઓની પ્રવૃત્તિઓની યાદીથી ભરેલો છે. આ રહી તે યાદી.

૧. કૉંગ્રેસના સભ્યોની સંખ્યા વર્ગ — 'अ' ૧૦, વર્ગ 'ब' ૬૮, કુલ ૭૮.
૨. ચાલુ રેંટિયાની સંખ્યા ૨૪૫.
૩. દરેક રેંટિયાની સરેરાશ ઉત્પાદનશક્તિ — કલાકના ૧૦૦ વાર, વધારેમાં વધારે ઝડપ કલાકના ૫૦૦ વાર.
૪. સૂતરનો સરેરાશ આંક ૧૨, વધુમાં વધુ આંક ૧૫૨.
૫. સૂતરનું માસિક ઉત્પાદન — ૧ મણ.
૬. હાથકંતામણ તથા બીજું સૂતર વણવાનું કામ કરતી સાળો લગભગ એક હજાર ઉપર. શુદ્ધ ખાદી તૈયાર કરતી સાળ સાત.
૭. શુદ્ધ ખાદીનું માસિક ઉત્પાદન ૨૫૦ વાર.
૮. ખાદીભંડારની સંખ્યા ફક્ત ૩.
૯. એકંદર ખાદીનું માસિક વેચાણ ૩૦૦ રૂપિયાનું.
૧૦. રાષ્ટ્રીય શાળાઓની કુલ સંખ્યા ૪, વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬૭.

શરાબનો વેપાર ૧૯૨૨ પછી ઉત્તરોત્તર વધતો ચાલ્યો છે.

૧. આ માનપત્ર ગાંધીજીને ૧૯૨૫ના મેની ૧૦મીએ ચાંદપુરના લોકોએ આપ્યું હતું; જુઓ "ચાંદપુરની જાહેર સભામાં ભાષણ", ૧૦–૫–૧૯૨૫.

Gandhi Heritage Portal

આ પછી લગભગ બધા મુદ્દાઓ વિષે રસપ્રદ ટીકા આવે છે. અંતમાં લખ્યું છે :

> દેશના લોકોમાં કારમી ગરીબાઈ ને તેને પરિણામે દેશમાં વધતાં જતાં મરણ તરફ જો અમે ધ્યાન ન ખેંચીએ તો અમે અમારી ફરજ ચૂકીએ છીએ, એમ લાગે છે. લોકો કેવળ ભારે દેવાં નીચે કચડાઈ રહ્યા છે. ઘણાખરાની આવકજાવક તપાસીએ તો લાગે છે કે તેઓ છેક જ દેવાળિયા બની ચૂકેલા છે. ગૃહઉદ્યોગોના સદંતર વિનાશને પરિણામે આ પરિસ્થિતિ ઊભી થઈ છે, અને તેમાંથી જ ગંભીર ગુના પેદા થાય છે. લોકોની આ આર્થિક અધોગતિનું છેવટનું પરિણામ શું આવશે તેનો વિચાર કરતાં જ કંપારી આવે છે.

આ સમગ્ર અહેવાલ બેશક, ગૌરવ લેવા જેવો ન ગણાય. પણ તેમાં નિરાશ થવા જેવું કંઈ નથી. આપણામાંથી દરેક જણ માત્ર પોતાનાથી થઈ શકતું બધું કરી છૂટે, એ જ માર્ગ છે. આપણું નિયંત્રણ પરિણામો પર નથી, હોઈ શકે નહીં, કારણ કે તેનો આધાર બીજા અનેક સંજોગો પર હોય છે. આપણે આપણાથી બનતું બધું કરી છૂટયા પછી સંતોષ માનવો જોઈએ. દુર્ભાગ્યે, ઘણા કિસ્સાઓમાં આપણે કામ કરતા નથી, અથવા તો બેદરકારીથી કરીએ છીએ ને પછી પરિણામો નબળાં આવે છે એવી ફરિયાદ કરીએ છીએ. આપણાથી શક્ય હોય તેટલું ઉત્તમ કામ કરી છૂટીએ તો બધું સારું જ થશે.

આપણી સામેના પ્રશ્નો ખરેખર જટિલ છે અને ઘણા છે. એક માણસ કે ઘણા માણસો તેને એકદમ હલ કરી શકે એમ માનવામાં મિથ્યાભિમાન રહેલું છે. આવો કોઈ પ્રયત્ન નિષ્ફળ જવાને જ સર્જાયો છે. આપણે પરાધીન પ્રજા છીએ, તેથી આપણી મુશ્કેલીઓ વધારે ઉગ્ર બની છે. આપણે પરાધીન ન હોઈએ તો કેટલીયે મુશ્કેલીઓનો ઉકેલ આવી જાય. પણ એ વાત પણ એટલી જ સાચી છે કે તેમાંની કેટલીય મુશ્કેલીઓનો સામનો આપણે અત્યારે નહીં કરી શકીએ તો આપણો ઉદ્ધાર થવાનો નથી. સ્વરાજ મળે ત્યાં સુધી એ પ્રશ્નો ઉકેલવાનું મુલતવી રાખવું એનો અર્થ એ છે કે સ્વરાજને પણ મુલતવી રાખવું, ને પ્રશ્નોના ઉકેલને પણ મુલતવી રાખવો. એટલે, જે માણસ મુખ્ય પ્રશ્નોના ઉકેલ માટે પોતાની પૂરી તાકાત કામે લગાડે છે, તે બધા પ્રશ્નોના ઉકેલમાં મદદ કરે છે, એટલું જ નહીં પણ સ્વરાજને પણ વધારે નજીક લાવે છે.

એટલે, જો ચાંદપુરના કાર્યકર્તાઓએ પોતાની પૂરી શક્તિથી કામ કર્યું હોય તો તેમને હાથે આવેલાં પરિણામોથી તેમણે નિરાશ થવાનું કારણ નથી. થોડા સમય પછી એમને જરૂર સફળતા મળશે; કારણ, પ્રામાણિક અને મહેનતુ માણસોને હમેશ તેમની લાંબા સમયની મહેનતનું ફળ મળે જ છે. એક પણ સભ્ય ન હોય તેની જગ્યાએ ૧૦ અ વર્ગના સભ્યો હોય તે વધારે સારું છે. પણ મારી દૃષ્ટિએ તો વરસના માત્ર ચાર આના સભ્યફી આપીને કૉંગ્રેસ વિષે માત્ર પોતે ચાર આનાં ગુમાવ્યા એટલું જ વિચારનારા દસ હજાર સભ્યો કરતાં આવા દસ સક્રિય સભ્યો હોય તે વધારે સારું છે. જો દસ જણ પોતાની શ્રદ્ધા પર અડગ રહેશે તો તે બીજા 'સો'ને તૈયાર કરશે. રેંટિયા સિવાય બીજો કોઈ વિકલ્પ મને દેખાતો નથી. કોઈને દેખાતો હોય તો તેમણે તે આગળ કરવો જોઈએ. પણ એમ ન બને ત્યાં સુધી તો રેંટિયાનું કામ કરતા એ દસ જણાએ પોતાના ક્ષેત્રને નિર્ભયપણે વળગી રહેવું જોઈએ.

પણ મને એવો ડર છે કે આ પ્રવૃત્તિના વ્યવસ્થાપકોએ પૂરી મહેનતથી કામ કર્યું નથી. ચાંદપુરમાં લગભગ ૧૨૦ જેટલા સ્વયંસેવકો છે, એમ મને જાણવા મળ્યું છે. હવે આમાંના ૧૦૦ જણને કાંતતાં આવડે છે. પણ ભાગ્યે જ પાંચ કે છ જણ રોજ કાંતે છે. એક ઠરાવ

Gandhi Heritage Portal

દ્વારા સ્વયંસેવકો માટે કાંતણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. અને જો સ્વયંસેવક પોતે આ ઠરાવને વફાદારીપૂર્વક ન પાળતો હોય તો બીજું કોણ પાળશે? સ્વાગત સમિતિએ પોતાના સ્વયંસેવકોની પસંદગીમાં ખૂબ કડક રહેવું જોઈએ. જો તેમને યોગ્ય લાયકાતવાળા પૂરતા માણસો ન મળતા હોય તો તેમણે થોડાથી ચલાવી લેવું જોઈએ. અણઘડ ડૉક્ટર હોય તેના કરતાં ડૉક્ટર ન હોય તે વધારે સારું. શ્રદ્ધા વગરનો સ્વયંસેવક મદદગાર થવાને બદલે ઊલટો આડખીલીરૂપ બને છે. વચમાં મારે એ પણ કહેવું જોઈએ કે સ્વયંસેવકો મારા પ્રત્યે ખૂબ સારી રીતે વર્ત્યા છે. તેમણે પૂરેપૂરી સેવા બજાવી છે. પણ મારે મારી વ્યક્તિગત સેવા અને મમતા નથી જોઈતાં; પછી ભલે તે ગમે તેટલાં કીમતી હોય. મારે રાષ્ટ્રની સેવા અને તેના પ્રત્યેની મમતા જોઈએ છે. મારે દૃઢ કર્તવ્યનિષ્ઠા જોઈએ છે, અને પોતાના પર લાદેલી અને પોતે સ્વેચ્છાએ સ્વીકારેલી જવાબદારીઓને સાવધાનીપૂર્વક અદા કરવાની વૃત્તિ જોઈએ છે.

માનપત્રમાં શરાબનો વેપાર વધ્યાનો ઉલ્લેખ છે. આ ઘણી જ ગંભીર બાબત છે, અને આ દૂષણને સુધારવા પાછળ પોતાની જાતને અર્પણ કરે તેવા કાર્યકર્તાઓ જ તે કામ હાથ ધરી શકે. પણ મને ડર છે કે આ એક એવું દૂષણ છે કે તેને અસરકારક રીતે કાબૂમાં લેવા માટે દારૂનિષેધનો કાયદો જ કારગત નીવડશે.

છેવટની ટીકા આપણા દેશની એકંદર હાલતનું બયાન છે. ઘણા ગૃહઉદ્યોગો નહીં પણ એક જ ગૃહઉદ્યોગને પુનર્જીવિત કરવામાં આવે તો આપણી વધી રહેલી ગરીબાઈ દૂર કરી શકાશે. એક વાર આપણે એક ઉદ્યોગને જીવતો કરીશું તો તેની પાછળ બીજા ઉદ્યોગો જીવતા થશે. તેનાથી દેશની સમૃદ્ધિ વધશે. પણ માત્ર રેંટિયો જ એક એવો ઉદ્યોગ છે કે જે ભૂખમરાના વ્યાપક પ્રશ્નને ઉકેલી શકશે. દરેક પ્રદેશને પોતાની ભિન્ન ભિન્ન જરૂરિયાતો હોય છે. તે દરેક પ્રત્યે ધ્યાન રાખવું જોઈએ. પણ હું રેંટિયાના પાયા ઉપર ગ્રામજીવનની સંગીન ઇમારત રચીશ. હું રેંટિયાને કેન્દ્રમાં મૂકીને ગ્રામજીવનની બધી પ્રવૃત્તિઓને તેની આજુબાજુ ગોઠવીશ. કોઈ પણ કાંતનાર ગ્રામજીવનમાં પ્રવેશ કરે છે ત્યારે ગામડાંના લોકોને પજવતા બીજા પ્રશ્નોના પરિચયમાં આવ્યા વિના અને તેના ઉકેલમાં મદદ કર્યા વિના રહી શકતો નથી. પણ જો એક કાર્યકર્તા ગામડામાં પ્રવેશ કરે છે અને રેંટિયા સિવાયની એના હાથે ચડતી બીજી કોઈ પણ પ્રવૃત્તિ હાથ ધરે છે તો તે ત્યાંના પ્રાણપ્રશ્નને પકડી શકતો નથી, અને તેથી દરેક ગ્રામજનના સંપર્કમાં આવ્યા વિના માત્ર આમતેમ અફળાયા કરે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–५–१९२५

Gandhi Heritage Portal

# ૭૩. ક્રાંતિવાદની અણી ઉપર

પ્રશ્નો રજૂ કર્યા પછી એક પત્રલેખક પોતાના પત્રના અંતમાં લખે છે:

> આ મુદ્દાઓ પર પ્રકાશ નાખવા જેટલું તથા હું ફાવે તેમ બોલવા ન માંડું ત્યાં સુધી તેની ચર્ચા કરવા જેટલું સૌજન્ય આપ બતાવશો એવી મને આશા છે. હું આપનો અનુયાયી છું. આપની નેતાગીરી તથા દોરવણી નીચે જેલમાં જઈ આવ્યો છું. હું આપની તદ્દન નજીક હતો, અને મને પૂરી તક હતી ત્યારે પણ હું કદી આપને મળવા કે આપની સાથે વાતો કરવા માટે આવ્યો નથી. તેનું કારણ માત્ર એ છે કે આપનો સમય ખૂંચવી લેવાની વાતની મને ચીડ છે. મેં આપનો ચરણસ્પર્શ પણ કર્યો નથી. અત્યારે આપની વિચારસરણી તથા રાજકારણ પરથી મારી શ્રદ્ધા ડગી ગઈ હોય એમ મને લાગે છે. હું ક્રાંતિકારી નથી. પણ ક્રાંતિકારી બનવાની અણી પર છું. જો આ પ્રશ્નોના આપ સમાધાનકારક ઉત્તરો આપશો તો કદાચ મને આપ ઉગારી લેશો.

હવે હું એ પ્રશ્નો એક પછી એક લઉં છું.

૧. અહિંસા એટલે શું? એ એક માનસિક વલણ છે કે જીવહિંસાનો નિષેધ છે? જો માત્ર જીવહિંસા ન કરવી એટલો જ અહિંસાનો અર્થ હોય તો તેને વ્યવહારમાં મૂકવાનું શકય છે? તર્ક લઈ જાય ત્યાં સુધી છેક જીવહિંસાનું પાલન કરવું શકય છે? એમ હોય તો આપણે રોજ ખોરાક વગેરે લઈએ છીએ તેમાં અસંખ્ય જીવોની હિંસા નથી કરતા? એ દૃષ્ટિએ તો આપણે વનસ્પતિ પણ ન ખાઈ શકીએ.

અહિંસા એ માનસિક વલણ પણ છે અને તેના પરિણામસ્વરૂપ ક્રિયા પણ છે. બેશક, વનસ્પતિમાં જીવ છે. પણ વનસ્પતિનો જીવ લેવાનું અનિવાર્ય છે. એ જીવહિંસા જ છે. માત્ર તેને આપણે ક્ષમ્ય ગણી શકીએ.

બીજો પ્રશ્ન છે:

૨. જો આપણે જીવહિંસા કર્યા વગર રહી શકતા નથી. તો તેનો અર્થ એવો તો નથી જ કે આપણે વગરવિચાર્યે ફાવે તેમ તેનો નાશ કરવો. પણ તો પછી જેની જરૂરિયાત સાબિત થઈ ચૂકી હોય એવા કિસ્સામાં સિદ્ધાંતથી એની સામે વાંધો ન લઈ શકાય. કાર્યસાધકતાની દૃષ્ટિએ જ એની સામે વાંધો લઈ શકાય.

જરૂરિયાત સાબિત કરી શકાય તેવા કિસ્સાઓમાં પણ હિંસાનો બચાવ સૈદ્ધાંતિક ભૂમિકા પર ન થઈ શકે. તેનો માત્ર કાર્યસાધકતાની દૃષ્ટિએ જ બચાવ કરી શકાય.

ત્રીજો પ્રશ્ન છે:

૩. જો અહિંસા એ જીવહિંસાનો નિષેધ છે, તો પછી તમે ગમે તેવા પવિત્ર કે ન્યાયી ઉદ્દેશને માટે પણ કોઈ વ્યક્તિને પોતાનો પ્રાણ આપી દેવાનું દરેક વખતે કેવી રીતે સુસંગત-પણે કહી શકો? એ પોતાની જાત પ્રત્યે હિંસા કરેલી ન ગણાય?

હું કોઈ પણ વ્યક્તિને તેના ધ્યેયને માટે જાન આપી દેવા દૃઢતાપૂર્વક કહી શકું ને છતાં હું હિંસા માટે દોષિત નહીં ઠરું. કારણ કે હિંસાનો અર્થ બીજાના જીવની હિંસા ન કરવી એવો થાય છે.

ચોથો પ્રશ્ન છે:

૪. દરેક માણસને સ્વભાવથી જ પોતાનો જીવ વહાલો હોય છે. કોઈ માણસ પોતાના દેશ માટે કે લોકો માટે, જરૂર પડયે પોતાના પ્રાણનો ભોગ પણ આપે તો પછી જરૂર પડયે

Gandhi Heritage Portal

બીજાના જીવનો ભોગ પણ શું કામ ન આપી શકાય? માત્ર તે જરૂરી છે કે કેમ એટલું જ આપને સાબિત કરવું પડે. એટલે ફરીથી એ કામ ઉપયોગિતાની બાબત જ ઠરે છે.

"જે માત્ર પોતાના જીવને વહાલો ગણશે તે તેને ખોઈ બેસશે. જે પોતાનો જીવ ગુમાવશે, તે તેને મેળવશે." બીજાના જીવનો ભોગ લેવાની વાત કોઈ પણ રીતે જરૂરિયાતના ધોરણ પર ન્યાયી ઠરાવી ન શકાય, કારણ કે જરૂરિયાત પુરવાર કરવી અશકય છે. આપણે પોતે ન્યાયાધીશ ન બની જઈએ. આપણે જેનો જીવ લેવા માગીએ છીએ, તેઓ એકલા જ ન્યાયાધીશો બનવા જોઈએ. અહિંસાના સમર્થનમાં એક પ્રબળ દલીલ એ છે કે આપણી ન્યાયબુદ્ધિ ભૂલ કરે એવી છે. યુરોપમાં મધ્યકાલીન યુગમાં રોમન કૅથલિક સંપ્રદાય તરફથી નિમાતા ધર્માધ્યક્ષોને તેમણે ફરમાવેલી દેહાંતદંડની સજાઓની યથાર્થતા વિષે ખાતરી હશે જ. પણ આજે આપણે જાણીએ છીએ કે તેઓ સાવ ખોટા હતા.

પાંચમો સવાલ આ છે:

૫. ખૂન અને બલિદાન વચ્ચે શો ફરક છે?

બલિદાનમાં માણસ બીજાને લાભ થાય એટલા માટે પોતે સહન કરે છે. જ્યારે ખૂનમાં માણસ બીજાઓને મારીને પોતાનું અથવા કોઈ બીજાને માટે ખૂન કર્યું હોય તો તેમનું ભલું તાકે છે.

છઠ્ઠો સવાલ છે:

૬. જે ડૉક્ટર તમારું ઑપરેશન કરે છે તે તમને થોડો વખત તકલીફ આપી હિંસા આચરે છે, તેને તમે નિંદ્ય ગણશો? તેના હિંસક કૃત્ય તરફ ન જોતાં, દરદીને રાહત આપવાના તેના માનસિક વલણ તરફ જોઈને ઊલટા શું આપણે તેનાં વધારે વખાણ નથી કરતા?

હિંસા શબ્દનો અહીં ખોટો પ્રયોગ કરવામાં આવ્યો છે. હિંસાનો અર્થ એ છે કે બીજાની સંમતિ વિના કે તેને ફાયદો કર્યા વિના તેને ઈજા કરવામાં આવે. મારા કિસ્સામાં ડૉક્ટરે જે થોડો વખત દુઃખ આપ્યું તે મારી લેખિત અને ઐચ્છિક સંમતિથી અને મારા પૂરા ફાયદા માટે આપ્યું હતું. એક ક્રાંતિકારી ખૂન કે લૂંટ કરે છે તે તેનો ભોગ બનનારના ભલા માટે નથી કરતો. તેને તો તે એ જ શિક્ષાને લાયક માને છે, પણ સમાજના પોતે માની લીધેલા ભલા માટે તે એમ કરે છે.

હવે સાતમો સવાલ:

૭. શરીરબળ જીવનના બીજા કોઈ બળ જેટલું જ સમર્થ બળ નથી? જેમ કાયર લોકો પોતાની કાયરતા છુપાવવા અહિંસાનું ઓઠું લે છે, તે જ રીતે ક્રૂર ને જંગલી લોકો હિંસાનો પણ દુરુપયોગ કરી શકે છે. એથી હિંસા પોતે થઈને ખરાબ છે એમ સિદ્ધ થતું નથી.

બેશક, શરીરબળ જીવનનું એક સમર્થ બળ છે. સિતમગારોએ હિંસાનો દુરુપયોગ કર્યો છે, એ પણ નક્કી છે. પણ હિંસાની જે અર્થમાં મેં વ્યાખ્યા કરી છે, તે અર્થમાં એનો સારો ઉપયોગ કલ્પના બહારની વાત છે. આ પહેલાંના પ્રશ્નના જવાબમાં તે વ્યાખ્યા આપેલી છે.

આઠમો સવાલ આ છે:

૮. તમે સમાજમાં ઉપદ્રવ કરનારા પાગલ લોકોને અને ભયંકર ગુનેગારોને જેલમાં પૂરશો. આજે સરકારના અમલદારો તરીકેનું કામ કરતા સુધરેલા ગુનેગારોને તમે અમને પકડી લેવા દેશો અને તેમનું ખૂન કરવાને બદલે તેમને કોઈ હિમાલયની ગુફાઓમાં કેદ કરવા કે દેશનિકાલ કરવા દેશો?



Gandhi Heritage Portal

પાગલ લોકો કે અપરાધીઓ ભયંકર હોય કે ન હોય છતાં તેમને સજા તરીકે જેલમાં રાખવાની વાત યોગ્ય છે કે કેમ તે વિષે મને શંકા છે. ગાંડાઓને તો અત્યારે પણ એવી રીતે કેદમાં પૂરવામાં આવતા નથી. અને આપણે એવા તબક્કે પહોંચી રહ્યા છીએ, જ્યારે ગુનેગારોને પણ સજા તરીકે નહીં પણ તેમની સુધારણા માટે નિયંત્રણ હેઠળ મૂકવામાં આવશે. પણ કોઈ એવું મંડળ તૈયાર થાય કે જે વાઈસરૉય, અને એકેએક અંગ્રેજ કે હિંદી સનદી નોકર જેઓ જાણીજોઈને કે અજાણતાં પણ હિંદને ચૂસી રહેલ છે, તે બધાને તેમની સુખસગવડ બરાબર સચવાય તેવી બાંયધરી સાથે અટકમાં રાખવાની યોજના કરે તો તેવા મંડળ સાથે હું ખુશીથી જોડાઉં. એમાં શરત એટલી કે દરેક દૃષ્ટિબિંદુથી સંપૂર્ણ રીતે શક્ય બને એવી યોજના મારી આગળ રજૂ થવી જોઈએ. અને કદાચ એવી દલીલ કરવામાં આવે કે આવી રીતે અટકમાં લેવામાં મારી વ્યાખ્યા મુજબ હિંસા થાય છે, તોપણ હું ખુશીથી એ મંડળમાં જોડાવા તૈયાર થઈશ.

નવમો સવાલ આ પ્રમાણે છે:

૯. તેત્રીસ કરોડ લોકો સહન કરે, બંધનમાં રહે, અને નાશ પામે એ વધારે અમાનુષી અને ભયંકર છે કે થોડા હજાર લોકોને મારી નાખવામાં આવે તે? આ બેમાંથી વધારે હિંસા શેમાં છે? ૩૩ કરોડ લોકોનું અધોગતિને કારણે ધીમું મૃત્યુ થાય તે જોવું આપને ગમશે કે હજાર બેહજાર માણસોને મારી નાખવામાં આવે તે? અલબત્ત, થોડાંક માણસોને મારી નાખવાથી ૩૩ કરોડની પ્રજાનો વિનાશ થતો અટકશે, એ વાત આપણે પુરવાર કરવાની રહેશે. પણ એ તો સિદ્ધાંતનો નહીં પણ વિગતનો સવાલ છે. આ યોજના સફળ થાય એવી છે કે કેમ, એ વિષે આગળ ઉપર ચર્ચા થઈ શકે. પણ જો એટલું પુરવાર કરવામાં આવે કે થોડા માણસોને મારી નાખવાથી ૩૩ કરોડનો વિનાશ અટકે એમ છે તો તમે એ હિંસાનો સિદ્ધાંતથી વિરોધ કરશો?

જે સિદ્ધાંત સંપૂર્ણ રીતે શુભ નથી તે સિદ્ધાંત કહેવડાવવાને લાયક નથી. હું અહિંસાને એટલા માટે વરેલો છું કે હું જાણું છું કે ફક્ત અહિંસા જ માનવજાતિનું કેવળ પરલોકમાં જ નહીં, પણ આ લોકમાં પણ પરમ કલ્યાણ કરી શકે એમ છે. હિંસાનો વિરોધ હું એટલા ખાતર કરું છું કે જ્યારે તે કંઈક ભલું કરતી દેખાય છે, ત્યારે પણ તે કામચલાઉ જ ભલું કરતી હોય છે. તેનાથી જે બૂરું થાય છે તે કાયમી હોય છે. એકેએક અંગ્રેજને મારી નાખવામાં આવે તોપણ હિંદનું તલમાત્ર ભલું થાય એવું હું માનતો નથી. કોઈ માણસ એકેએક અંગ્રેજને આવતી કાલે જ મારી નાખી શકે તોપણ હિંદના કરોડો લોકોની સ્થિતિ આજે છે તેવી જ ખરાબ રહેશે. આજની સ્થિતિ માટે અંગ્રેજો કરતાં પણ આપણી જવાબદારી વિશેષ છે. આપણે જો માત્ર ભલું જ કરીશું તો અંગ્રેજો આપણું બૂરું કરવાને અસમર્થ બનશે. એટલે જ હું હમેશ આંતરિક સુધારા પર ભાર મૂકતો આવ્યો છું.

પણ ક્રાંતિકારીઓ પાસે મેં અહિંસાની વાત નીતિની ઉચ્ચતમ ભૂમિકા પરથી નહીં પણ વ્યવહારની નીચલી ભૂમિકા પરથી કરી છે. મારો દાવો એ છે કે હિંદુસ્તાનમાં ક્રાંતિકારી પદ્ધતિ સફળ નહીં થઈ શકે. જો ખુલ્લી લડાઈ સંભવિત હોય તો, બીજા દેશોએ અપનાવ્યો છે તેવો હિંસાનો માર્ગ આપણે અપનાવીએ અને બીજું કાંઈ નહીં તો છેવટ સમરાંગણમાં વીરતા દાખવવાથી જે ગુણો ઉદય પામે તે કેળવીએ તે વાત હું માન્ય રાખું. પણ આપણે નજર દોડાવી શકીએ એવા કોઈ ભાવિમાં આપણ યુદ્ધ દ્વારા સ્વરાજ હાંસલ કરીએ એ વાત મને અશક્ય લાગે છે. લડાઈને પરિણામે અંગ્રેજી રાજ્યને બદલે બીજું કોઈ રાજ્ય આવે. પણ આમજનતા માટેનું સ્વરાજ તો તેમાંથી નહીં જ આવે. સ્વરાજની યાત્રા એ કષ્ટદાયી ચડાણ છે. તેમાં ઝીણી ઝીણી વિગતો પર

Gandhi Heritage Portal

લક્ષ આપવું પડે છે. તેમાં વિશાળ આયોજનની જરૂર પડે છે; એટલે કે એમાં ગ્રામજનોની સેવા માટે ગામડામાં દૂર સુધી પહોંચી જવું પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો એ રાષ્ટ્રીય કેળવણીનો એટલે કે આમજનતાની કેળવણીનો કાર્યક્રમ છે, એનો અર્થ એ કે આમજનતામાં રાષ્ટ્રીય અસ્મિતા જાગ્રત કરવાની છે. તે કંઈ જાદુગરના આંબાની જેમ ઊગી નહીં નીકળે. તે તો એક વડની જેમ ખબર ન પડે તેવી રીતે આવવાનું છે. લોહિયાળ ક્રાંતિ આ કરામત કદી નહીં કરી શકે. આમાં અધીરાઈ તો ચોક્કસ વ્યર્થ જ નીવડવાની. રેંટિયાની ક્રાંતિ જ કલ્પી શકાય એવી ઝડપીમાં ઝડપી ક્રાંતિ છે.

દસમો અને છેલ્લો સવાલ આ છે :

૧૦. જીવનનાં અતિ મહત્ત્વનાં હિતોની વાત આવે છે ત્યારે શું બુદ્ધિ અને તર્કને સદંતર ફગાવી દેવામાં આવતાં નથી? થોડાક સ્વાર્થી, જુલમી ને નિષ્ઠુર લોકો બુદ્ધિપૂર્વકની વાતો સાંભળવાની જ ના પાડે, અને પ્રજાના સમૂહ પર આજે કરી રહ્યા છે તેમ અન્યાયથી ને જુલમથી શાસન કરવાનું ચાલુ રાખી શકે છે; એ હકીકત નથી? ભગવાન કૃષ્ણ હઠીલા કૌરવો અને પાંડવો વચ્ચે શાંતિમય સમાધાન કરાવવામાં નિષ્ફળ નીવડ્યા. મહાભારત કદાચ કાલ્પનિક કથા હોઈ શકે. બિચારા કૃષ્ણ કદાચ આધ્યાત્મિક ભૂમિકામાં બહુ ઊંચા ન હોય. પણ આપ પોતે પણ આપના ન્યાયાધીશને તેમના સ્થાન પરથી રાજીનામું આપવા અને આપને સજા ન ફરમાવવા સમજાવી ન શક્યા. બીજા બધાની જેમ તેઓ પણ આપને સંપૂર્ણ નિર્દોષ તો માનતા જ હતા.[૧] આવા કિસ્સાઓમાં આત્મબલિદાન દ્વારા હૃદયપરિવર્તન કરવમાં કેટલે અંશે સફળતા મળી શકે?

એ વાત દુ:ખદ છે છતાં સાચી છે કે જ્યાં કહેવાતાં મહત્ત્વનાં હિતોની વાત આવે છે ત્યાં બુદ્ધિ અને તર્ક હવામાં ઊડી જાય છે. નિરંકુશ શાસકો ખરેખર નિષ્ઠુર હોય છે. અંગ્રેજ શાસક તો નિષ્ઠુરતાની મૂર્તિ જ છે. પણ તે અનેક માથાંવાળો દૈત્ય પણ છે. તે માર્યો મરાતો નથી. એને એનાં જ શસ્ત્રો વડે માત કરી શકાય તેમ નથી. કારણ કે તેણે આપણે માટે કોઈ શસ્ત્રો જ રહેવા દીધાં નથી. મારી પાસે એક એવું શસ્ત્ર છે કે જે તેના કારખાનામાં બનતું જ નથી અને મારી પાસેથી તે ચોરી પણ લઈ શકે તેમ નથી. અત્યાર સુધી તેણે ઉત્પન્ન કરેલાં શસ્ત્રો કરતાં એ શસ્ત્ર ચડિયાતું છે. તે અહિંસા છે અને તેનું પ્રતીક છે રેંટિયો. એટલે મેં તેને સંપૂર્ણ શ્રદ્ધાથી દેશને ચરણે ધર્યું છે. મહાભારતના કર્તા કહે છે કે ભગવાન કૃષ્ણ પોતાનું ધાર્યું કરવામાં ક્યાંય નિષ્ફળ ગયા નથી. તે સર્વશક્તિમાન હતા. કૃષ્ણ ભગવાનને તેમની ઊંચી ભૂમિકા પરથી નીચે ઉતારવાનો પ્રયત્ન મિથ્યા છે. તેમને એક સામાન્ય મર્ત્ય માનવી તરીકે મૂલવવા પડે તો મને ડર છે કે તે ઊણા ઊતરશે અને તેમને પાછલી હરોળમાં બેસાડવા પડશે. મહાભારત, ખરું જોતાં કાલ્પનિક કથા નથી તેમ સામાન્ય રીતે કહેવામાં આવતો ઈતિહાસ પણ નથી. એ માનવઆત્માનો ઈતિહાસ છે જેમાં મુખ્ય પાત્ર કૃષ્ણ સ્વરૂપે ભગવાન પોતે છે. આ મહાકાવ્યમાં કેટલીય વસ્તુ એવી છે કે જેનો મારી અલ્પમતિ પૂરો પાર પામી શકતી નથી. તેમાં કેટલીક વાતો એવી છે કે જે પાછળથી ઘુસાડી દેવામાં આવી છે. તે કોઈ ખજાનાની તિજોરી નથી. પણ તે તો એક એવી ખાણ છે કે જેનું સંશોધન કરવાનું છે, જેને હજી ઊંડી ખોદવાની છે, અને તેમાંની ઘણી નકામી વસ્તુઓ દૂર કરીને તેમાંથી હીરા શોધી કાઢવાના છે. એટલે, જેમણે ક્રાંતિની દિક્ષા લીધી છે અથવા એને માટે જેઓ તૈયાર થતા જાય છે અથવા એ લેવા જેઓ તત્પર છે એવા મારા ક્રાંતિકારી મિત્રોને હું વિનંતી કરું છું કે તેઓ પોતાના

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૧૦૩–૧૩.

Gandhi Heritage Portal

પગ પૃથ્વી માતા પર જડેલા રાખે, અને હિમાલયની જે ઊંચાઈએ કવિએ અર્જુન તથા તેના બીજા વીર નરોને ચડાવ્યા, તે ઊંચાઈએ જવા ન ઇચ્છે. ગમે તેમ હોય, મારે તો તેના પર ચડવાનો પ્રયાસ કરવાની પણ આદરપૂર્વક ના જ પાડવી જોઈએ. મને હિંદનાં મેદાનોથી સંતોષ છે.

તો પછી મેદાન પર ઊતરી આવી કહું તો પ્રશ્નકર્તા એ વાત સમજી લે કે હું અદાલતમાં ન્યાયાધીશને મારી નિર્દોષિતા ઠસાવવા માટે નહોતો ગયો, એથી ઊલટું, હું તો ત્યાં મારા ગુનાનો એકરાર કરવા માટે ને તે માટે આકરામાં આકરી સજાની માગણી કરવા ગયો હતો. કારણ કે મનુષ્યે રચેલા કાયદાઓનો મેં ઇરાદાપૂર્વક ભંગ કર્યો હતો. ન્યાયાધીશ, મને નિર્દોષ માનતા નહોતા, માની શકે પણ નહીં. કેદની સજા ભોગવવામાં મેં મોટું બલિદાન આપ્યું હતું એમ પણ નથી. સાચા બલિદાનમાં આથી વિશેષ કષ્ટસહન રહેલું હોય છે. મારા મિત્ર અહિંસાનો ફલિતાર્થ બરાબર સમજી લે. એ હૃદયપરિવર્તનની પ્રક્રિયા છે, એ વાત મારે ગળે ઊતરી ગઈ છે. હું એમ કહું તો મને માફ કરવો જોઈએ કે મેં મારી સંપૂર્ણ અહિંસાથી જેટલા અંગ્રેજોના દિલનું પરિવર્તન કર્યું છે, તેટલાનું ધાકધમકી કે હિંસાનાં કૃત્યોથી થઈ શકયું ન હોત. હું જાણું છું કે સમજણ-પૂર્વકની અહિંસા જ્યારે હિંદમાં વ્યાપક બનશે ત્યારે સ્વરાજ બહુ દૂર નહીં હોય.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–५–१९२५

## ૭૪. નોંધ

### માનપત્ર આપનારાઓ ખ્યાલ રાખે

મેં ઘણી વાર એ વાત તરફ ધ્યાન ખેંચ્યું છે કે મને આપવામાં આવતાં માનપત્રો ફ્રેમથી મઢેલાં હોય છે કે કીમતી કાસ્કેટમાં મૂકેલાં હોય છે ત્યારે તેને પ્રવાસમાં સાથે હેરવવાફેરવવામાં બહુ જ મુશ્કેલી પડે છે. છતાં હજી પણ વજનદાર ફ્રેમોવાળાં કે કીમતી કાસ્કેટવાળાં માનપત્રો આવ્યા જ કરે છે. કિંમતની દૃષ્ટિએ જોઈએ તો કલકત્તા કૉર્પોરેશન સૌથી વધું અપરાધી છે. એનું માનપત્ર મને મળ્યું ત્યારે તે ઊછીના આણેલા સોનાના પતરા પર હતું. ખાસ ઑર્ડર આપી તૈયાર કરાવેલું પતરું તૈયાર થયું નહોતું. મારા આ પ્રવાસ દરમ્યાન દેશબંધુ દાસે મારા હાથમાં એક સોનાનું પતરું મૂકયું. એના ઉપર આખું માનપત્ર કોતરી કાઢવામાં આવ્યું હતું. હાથમાં આવતાંની સાથે મને ભારે મૂંઝવણ થઈ એટલું જ નહીં પણ દેશબંધુના પોતાના જૂના બંગલામાં એ આપવામાં આવ્યું હતું, છતાં તેમને પણ મૂંઝવણ થઈ કે આને કયાં રાખવું. જતી વખતે મહાદેવ દેસાઈને બાજુ પર બોલાવી એમણે કહ્યુ કે આને કોઈ સલામત જગ્યાએ મૂકી રાખવું જોઈએ. સદ્ભાગ્યે, બાબુ સતીશ મુખરજી મારી બાજુમાં હતા. મેં તેમને આ સોનાના પતરા વિષે વાત કરી રાખી હતી. અને તેમણે તેનો કબજો સંભાળી લીધો હતો. અત્યાર સુધીની મારી બધી કીમતી ભેટો રાખવામાં આવી છે, ત્યાં આને પણ રાખવી પડશે. જે મિત્રોને મેં આ બધી ભેટો સાચવવા આપી છે, તેઓ હજી આ ભેટો વેચી નાખવી કે તેને કોઈ સંગ્રહા-લયમાં મૂકવી તે નક્કી કરી શકયા નથી. હું આ કીમતી ચીજો રાખી શકું એમ નથી, એમ સમજીને જેઓ મને માનપત્ર આપવા ઇચ્છે તેઓ સાવ ઓછા ખર્ચે તૈયાર કરેલાં માનપત્રો

Gandhi Heritage Portal

આપે તો કેવું સારું? અને ફ્રેમો? તેને સાથે ફેરવવી તે વધુમાં વધુ અગવડભરેલું છે, મોટા ભાગના મિત્રો આ પરિસ્થિતિ સમજી ગયા છે અને હવે તેઓ મને ખાદી પર છાપેલાં માનપત્ર આપે છે. મારી દૃષ્ટિએ આ સૌથી સાદી ને ઉત્તમ પદ્ધતિ છે. હું મારી સાથે ગમે તેટલી ખાદી ફેરવી શકું. વળી, ખાદી પર માનપત્ર છપાય એટલે એટલો ખાદીનો પણ પ્રચાર થયો. પણ ખાદીના માનપત્ર સાથે પણ જો પેટી રાખવી જરૂરી લાગતી હોય તો હવે પછી મને માનપત્ર આપનારાઓનું ધ્યાન હું ફરીદપુરના દાખલા તરફ દોરું છું. ત્યાંની મ્યુનિસિપાલિટીએ તથા જીવશિવ મિશને તદ્દન સસ્તી ભૂંગળીઓમાં માનપત્ર આપ્યું હતું. તેમાંની એક ભૂંગળી ભાત પાડેલા વાંસની હતી. અને બીજી પણ વાંસની જ હતી. પરંતુ તેના પર સ્થાનિક બનાવટની સાદડી ગૂંથેલી હતી ને તેની બે બાજુ રૂપેરી ઢાંકણ મૂકયાં હતાં. એ ઢાંકણ ન મૂકયાં હોત તો ચાલત. આપણી આસપાસના વાતાવરણમાંથી આપણે શીખી શકીએ એવી કલ્પના થોડાશા સ્પર્શથી આપણે સાદામાં સાદી ચીજને આકર્ષક બનાવી શકીએ છીએ. હિંદના ગ્રામજીવનમાં હવે કાંઈ કસ રહ્યો નથી તેમ છતાં તેમાં કાવ્ય અને કલાનાં પૂરતાં તત્ત્વો રહેલાં છે, અને તેનું આપણે અનુકરણ કરી શકીએ એમ છીએ. ત્રાવણકોરમાં લોકો તાડપત્રોનો હજી બહોળો ઉપયોગ કરે છે. હું તો બધાં જ માનપત્રોમાં કલાત્મક સાદગીની ભલામણ કરું છું. પણ મારા પોતાના કિસ્સામાં એ ફરજરૂપ હોવાનું ખરું કારણ એ છે કે એવી કીમતી અને વજનદાર પેટીઓ ને ફ્રેમો રાખવાની મારી ઇચ્છા નથી અને મારી પાસે સગવડ પણ નથી.

## વિપરીત અસ્પૃશ્યતા

1160

એક પત્રલેખક લખે છે:

ખુદ અસ્પૃશ્ય જાતિમાં રહેલી અસ્પૃશ્યતા સંબંધે એક ભાઈએ પૂછેલા પ્રશ્નનો આપે જવાબ આપ્યો છે. હું એને જ મળતો એક બીજો પ્રશ્ન રજૂ કરું છું.

કદાચ આપને એ ખબર નહીં હોય કે કેટલાક અસ્પૃશ્યો પોતે જ સવર્ણનો સ્પર્શ કરવામાં કે તેમની નજીક અમુક અંતર સુધી આવવામાં કે તેમના કૂવામાંથી પાણી ભરવામાં કે તેમના મંદિરમાં પ્રવેશ કરવામાં પોતે કંઈક પાપ કરે છે, એવું માનતા હોય છે. સવર્ણો પોતે સામે ચાલીને તેમને આ બધું કરવાની છૂટ આપે એટલું જ નહીં પણ આમંત્રણ આપે તોપણ તેઓ એ બધું કરવા તૈયાર થતા નથી. અસ્પૃશ્ય લોકો એમ માને છે કે આ કરવામાં તે પોતાની મર્યાદાનો ભંગ કરે છે અને પાપ વહોરી લે છે. સામાન્ય રીતે સવર્ણોમાં અને અસ્પૃશ્યોમાં પણ પોતાનાથી હલકી ગણાતી કોમ પ્રત્યે અસ્પૃશ્યતાની ભાવના પ્રચલિત છે. પણ અહીં તો એનું વિપરીત જ સ્વરૂપ જોવા મળે છે. એ સંભવિત છે, અને એ વિચારથી સવર્ણો પોતે કદાચ રાચતા હોય છે કે આ પ્રકારની અસ્પૃશ્યતામાં (જે બહુ પ્રચલિત નથી, પણ બીજી કોઈ પણ પ્રકારની અસ્પૃશ્યતા જેટલી જ તીવ્ર છે) કદી દ્વેષભાવ હોતો નથી. તેમ છતાં એ છે એ તો એક હકીકત છે. અને मान्चेस्टर गार्डियनના જે પ્રતિનિધિએ આપની સાબરમતી જેલમાં મુલાકાત લીધી હતી અને ૧૯૨૨માં[1] જેમણે હિંદનો પ્રવાસ ખેડયો હતો તેમણે પણ ગુજરાતના આણંદ અને બારડોલી તાલુકામાં દેખાતી આ અસ્પૃશ્યતાની નોંધ કરી છે. સમજમાં નથી આવતું કે આ વિપરીત અસ્પૃશ્યતાનો ભોગ બનેલા અસ્પૃશ્યોને તેમાંથી છોડાવવા આપ અસ્પૃશ્યતાનિવારણ આંદોલનના કાર્યકરોને

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૯૭-૧૦૨.

ગાંધી સ્મારક સં...

Gandhi Heritage Portal

કયો ઉપાય સૂચવશો. શું આ પણ પેલી અસ્પૃશ્યતા જેવું જ પાપ છે? આમાં કહેવાતો મર્યાદાધર્મ આપણી આડે નથી આવતો? આ ધર્મમાં માનનાર કોઈ ધર્મનિષ્ઠ અસ્પૃશ્ય, પોતે અસ્પૃશ્ય ન હોત તો એ જેને બચાવી શક્યો હોત એવા ડૂબતા બ્રાહ્મણને બચાવી શકે ખરો?

પત્રલેખકનું ધ્યાન ખેંચાયું છે એવું અસ્પૃશ્યતાનું આવું ઘોર પરિણામ મારી જાણ બહાર નથી. ઘણી વાર હું અસ્પૃશ્યોને મારી પાસે આવતા કરવામાં મુશ્કેલી અનુભવું છું. અને તેમને સ્પર્શ કરતા કરવામાં તો એથી પણ વધુ મુશ્કેલી પડે છે. અસ્પૃશ્યો માટે સવર્ણોને ન અડવું એ મુખ્યત્વે કરીને ધર્મનો પ્રશ્ન છે એવું હું નથી માનતો. અત્યાર સુધી તેમને જેઓએ અસ્પૃશ્યો રાખ્યા છે તેમને અડી શકાય એ વાત જ તેમના મગજમાં ઊતરતી નથી. આ કિસ્સો, બેસ્ટીલની અંધારકોટડીઓમાં વર્ષો સુધી કેદમાં પુરાયેલા પેલા ફ્રેંચ કેદી સાથે સરખાવી શકાય તેવો છે. તે કેદીને જ્યારે બહાર કાઢવામાં આવ્યો ત્યારે તે દિવસનો પ્રકાશ સહન કરી શકતો નહોતો. તેણે આંખ લગભગ ગુમાવી દીધી હતી. પણ બંગાળમાં મારા ધ્યાન પર કહેવાતા અસ્પૃશ્યોને આ અંગે કરાયેલું એક એવું સૂચન આવ્યું છે કે અસ્પૃશ્યોએ તેમને કરવામાં આવેલ અન્યાયના બદલા રૂપે કહેવાતા સવર્ણ હિંદુઓને અસ્પૃશ્ય ગણવા; તેમનું જે કંઈ કામ તેઓ અત્યાર સુધી કરી રહ્યા છે, તેનો ઇનકાર કરી દેવો, અને તેમના હાથનાં અન્નપાણી લેવાની પણ ના પાડવી. જે દિવસે આવો બદલો લેવાવા માંડશે તે દિવસ મારે માટે શોકનો દિવસ બનશે. પણ આ સ્વતંત્રતાના અને સ્વેચ્છાના યુગમાં માત્ર બોલવામાં રહેલી આવા પ્રકારની વાતોનો વ્યવહારમાં અમલ થાય અને કહેવાતા ઉચ્ચ વર્ણોના શિર પર વેરની વસૂલાત ઊતરે, તો તેથી આશ્ચર્ય ન પામવું જોઈએ. કુદરત આપણને સુધરવા માટે નવાણું તકો આપે છે, અને તેમાંની એક પણ તક આપણે ન ઝડપી લઈ શકીએ તો સોમી વાર તે તાબેદારી કરવાની ફરજ પાડે છે, અને એની સાથે એવી સજા મોકલે છે કે તેનાથી કાંઈ નહીં તો આપણે અસ્વસ્થ તો બની જ જઈએ છીએ.

### એક પત્રલેખકની દ્વિધા

એક પત્રલેખક આ પ્રમાણે લખે છે.[1] મેં કદી "મનુષ્ય સમક્ષ સંન્યાસીનો આદર્શ રજૂ કર્યો હોય" એવો મને ખ્યાલ નથી. એથી ઊલટું, હિંદ સમક્ષ મેં હમેશાં સ્વરાજનો આદર્શ રજૂ કર્યો છે. એમ કરવામાં મેં અલબત્ત સાદાઈનો ઉપદેશ કર્યો છે. મેં પવિત્રતાનો પણ ઉપદેશ કર્યો છે. પણ પવિત્રતા, સાદાઈ અને એવા બીજા ગુણો કંઈ માત્ર સંન્યાસીની સંપત્તિ કે વિશિષ્ટ અધિકાર છે એવું નથી. ઉપરાંત, મેં કોઈ વખત એમ પણ માન્યું નથી કે સંન્યાસી કોઈ એકાંત સ્થળ પર જ રહે ને દુનિયાની ચિંતા ન કરે. સાચો સંન્યાસી તે છે કે જે પોતાની ચિંતા નથી કરતો પણ હમેશ બીજાઓની ચિંતા કરે છે. તેણે પોતાના સર્વ સ્વાર્થોનો ત્યાગ કર્યો છે. ઈશ્વર જેવી રીતે પોતે અખંડપણે ને નિ:સ્વાર્થપણે અનાદિકાળથી પ્રવૃત્તિ કર્યા કરે છે તેમ તે નિરંતર નિ:સ્વાર્થપણે કર્મ કર્યા કરતો હોય છે. એટલે સંન્યાસી પોતાનો સંન્યાસધર્મ સાચી રીતે પાળવા માગતો હોય તો તેણે સ્વરાજ માટે પરવા કરવી જોઈએ. અને તે પણ પોતાને માટે નહીં પણ બીજાને માટે, (એને તો સ્વરાજ મળેલું જ છે.) તેને આ જગતમાં પોતાની

૧. આ લખાણ અહીં રજૂ કર્યું નથી. પત્રલેખક લખે છે કે મેં આપનાં ભાષણો તથા લેખોનો અભ્યાસ કર્યો છે. મને તેમાં એક વિસંગતિ દેખાઈ છે. આપ એક બાજુથી સંન્યાસનો મહિમા વર્ણવો છો અને સાથે સાથે સ્વરાજ માટેનું આંદોલન પણ ચલાવો છો. આ બંને વચ્ચે કઈ રીતે મેળ બેસી શકે?

Gandhi Heritage Portal

કોઈ મહત્ત્વાકાંક્ષા નથી. તેનો અર્થ એમ નથી કે તે જગતમાં બીજાઓને પોતપોતાનું સ્થાન સમજવામાં મદદ ન કરે. પહેલાં સંન્યાસીઓ સમાજના રાજકીય જીવન વિષે બહુ માથાકૂટ નહોતા કરતા, તેનું કારણ એ હતું કે તે વખતની સમાજરચના જુદા પ્રકારની હતી. પણ આજે યોગ્ય રીતે જ જે રાજકારણ કહેવાય છે તે સમાજના એકેએક અંગ પર પોતાનો પ્રભાવ પાડે છે. આપણે આજે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોપણ હજારો વાર રાજસત્તાના સંપર્કમાં આવીએ છીએ. રાજ્ય આજે આપણા નૈતિક જીવન પર પણ અસર કરે છે. એટલે સંન્યાસી સમાજનું કલ્યાણ કરનાર અને તેનો એક ઉત્તમ સેવક હોઈ, તેણે લોકોના રાજ્ય સાથેના સંબંધો વિષે પણ વિચારવું જોઈએ. એટલે કે તેણે લોકોને સ્વરાજ તરફ જવાનો માર્ગ બતાવવો જોઈએ. આ રીતે જોઈએ તો સ્વરાજ એ કોઈને પણ માટે ખોટું ધ્યેય નથી. લોકમાન્યે[1] જ્યારે આપણા દેશના નાનામાં નાના માણસને એમ કહેતાં શીખવ્યું કે "સ્વરાજ એ મારો જન્મસિદ્ધ હક્ક છે" ત્યારે તેમણે હિંદને મોટામાં મોટું સત્ય આપ્યું હતું. સંન્યાસીએ એક વ્યક્તિ તરીકે પોતાનું સ્વરાજ પ્રાપ્ત કરી લીધું હોવાથી તે લોકોને માર્ગદર્શન આપવા માટે વધુમાં વધુ લાયકાત ધરાવે છે. સંન્યાસી જગતની અંદર જરૂર છે, પણ તે જગતનો નથી. જીવનનાં સૌથી વધુ મહત્ત્વનાં કર્તવ્યોમાં તે બીજા લોકોની જેમ જ વર્તતો હોય છે. આપણે જે કર્મો આસક્તિ-પૂર્વક કરીએ છીએ, તે સંન્યાસી અનાસક્તભાવે કરે છે. આ પ્રકારની અનાસક્તિ આપણે સૌ કેળવી શકીએ એમ છીએ. સૌ કોઈને માટે ખરેખર એ સિદ્ધ કરવા જેવી ઉચ્ચ અભિલાષા છે.

## પશુઓ પ્રત્યે નિર્દયતા

હવે મેં અખિલ ભારતીય ગોરક્ષામંડળના સંચાલનની ભારે મોટી જવાબદારી મારા માથા પર લીધી છે, એટલે ગોરક્ષાને લગતા વિષયો પરના પત્રોની સંખ્યા વધવા લાગી છે. એટલે મારો પત્રવ્યવહાર, જે પહેલેથી જ ઘણો વધારે છે તે વધતો જ જાય છે. અહીં એક નમૂનો આપું છું.[2]

હું ઘણી વાર કલકત્તાની શેરીઓમાંથી પગે ચાલીને પસાર થયો છું. પત્રલેખકે બોજો ખેંચતાં જાનવરો અને ઘોડાઓ પ્રત્યેની નિર્દયતા વિષે જે લખ્યું છે, તે તદ્દન સાચું છે. લેખકે જાનવરોના માલિકો ઉપર મૂકેલા આરોપમાં જરાય અતિશયોક્તિ નથી તેમ છતાં મારો મત એવો છે કે એ માલિકો જાણીજોઈને ક્રૂરતા આચરે છે; એમ કહેવા કરતાં તેઓ એ વિષે બેપરવા છે, એમ કહેવું જોઈએ. તે લોકોને પણ જો બુદ્ધિપૂર્વકની દલીલોથી સમજાવીએ તો સમજે તેવા હોય છે. એ જ વાત માલની ટ્રકો હાંકનારા અને બસ હાંકનારાઓ માટે કહી શકાય. તેમની પાસે કઈ રીતે પહોંચવું એ પ્રશ્ન છે. મ્યુનિસિપાલિટીના વહીવટ હેઠળ આવતાં જાનવરોની હાલતની દેખભાળ કરવાની જવાબદારી જે તે મ્યુનિસિપાલિટીની ગણાવી જોઈએ. એ ઉપરાંત બિનસરકારી સમાજસેવા મંડળોએ પણ એ જાનવરોના માલિકોને મળવું અથવા લખવું જોઈએ, અને આવી ફરિયાદોનાં કારણો દૂર કરવા તેમને સમજાવવા જોઈએ. મને ખાતરી છે કે સતત

૧. બાળ ગંગાધર ટિળક (૧૮૫૬–૧૯૨૦); હિંદના રાજકીય નેતા, વિદ્વાન અને લેખક; "લોકમાન્ય" તરીકે લોકોમાં પ્રસિદ્ધ; પૂનાની ડેક્કન એજ્યુકેશન સોસાયટીના તથા કેસરી અને મરાઠા પત્રોના સ્થાપક.

૨. ગાંધીજીએ અહીં બંગાળ પ્રાંત મહિલામંડળ તરફથી આવેલો એક પત્ર ટાંક્યો છે. તેમાં કલકત્તામાં પશુઓ પર જે નિર્દયતા આચરવામાં આવે છે, તેની વિગતો આપી છે. એમાં ભારે બોજો વહેવા માટે પાડા તથા બળદોનો દુરુપયોગ, ફુક્કાની ક્રિયા મારફતે વધુ દૂધ ખેંચવું વગેરેનો સમાવેશ થાય છે, અને આવી દુષ્ટ રીતોને વખોડી કાઢતાં વ્યાખ્યાનો તથા ભાષણો કરવા માટે ગાંધીજીને અપીલ કરી છે.

Gandhi Heritage Portal

જાગૃતિ રાખવાથી ને લાગતાવળગતા લોકોને વિવેકભરી રીતે અપીલ કરવાથી આ દિશામાં ઘણું થઈ શકે.

મરઘીનાં બચ્ચાં તથા ટર્કીઓની હાલત વિષે હું કંઈ જાણતો નથી. પણ જો મ્યુનિસિપાલિટીના મારકેટમાં જ એ દુષ્કૃત્યો થતાં હોય તો મ્યુનિસિપાલિટી તેનો સહેલાઈથી ઉકેલ કાઢી શકે. મૂંગાં પ્રાણીઓ પર માણસો જે નિર્દયતા આચરે છે, તેનો ઉપાય કરુણાનાં બળોને યોગ્ય રીતે સંગઠિત કરવાથી થઈ શકે. બંગાળ પ્રાંતિક મહિલામંડળે તેમના ધ્યાનમાં આવતા કિસ્સાઓ નોંધવા માટે અને તેનો અહેવાલ મ્યુનિસિપાલિટીને અથવા તો વ્યક્તિગત રીતે જાનવરોના માલિકોને આપવા માટે સ્વયંસેવકો નીમવા જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २१–५–१९२५

## ૭૫. દિનાજપુરમાં અંત્યજો સમક્ષ ભાષણ[1]

મે ૨૧, ૧૯૨૫

ગાંધીજીએ તેમને કહ્યું . . . કે મારે તમને એટલું જ કહેવાનું છે કે તમે અકળાઈ ન ઊઠો. તમારાથી પણ અનેકગણી ખરાબ સ્થિતિમાં તમારાં ભાંડુઓ રહે છે તે જુઓ અને તેમાંથી આશ્વાસન મેળવો. તમને ઠીક લાગે તો તમે મ્યુનિસિપાલિટીને નોટિસ આપી શકો છો કે અમારી માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો અમે, સફાઈ ભગવાનને ભરોસે છોડીને ચાલ્યા જઈશું. પણ એમ કરતી વખતે એ પણ ધ્યાનમાં રાખજો કે તમે તમારી પોતાની ઇચ્છાથી આ કામમાં જોડાયા છો, મ્યુનિસિપાલિટીના આમંત્રણથી નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ४–६–१९२५

## ૭૬. દિનાજપુરની જાહેર સભામાં ભાષણ

મે ૨૧, ૧૯૨૫

જવાબમાં ગાંધીજીએ કહ્યું કે મધુર બંગાળી, હિન્દી તથા સંસ્કૃત ભાષાઓમાં મને અપાયેલા માનપત્રથી મને ખૂબ જ સંતોષ થયો છે.[2] મારા આ પ્રકારના સ્વાગતને કારણે ડિસ્ટ્રિક્ટ બોર્ડ તરફથી અપાયેલા અંગ્રેજી માનપત્રની વાતને હું માફ કરવા તૈયાર છું. લોકોની મેદનીએ મારી ઇચ્છાને માન આપીને જે વ્યવસ્થા તથા શાંતિ જાળવ્યાં તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તે પછી તેમણે કાંતનારાઓનાં પણ વખાણ કર્યાં. તેમણે કહ્યું :

બંગાળના મારા સમગ્ર પ્રવાસ દરમિયાન હું દિનાજપુરના કાંતનારાઓને જોઈને સૌથી વધુ પ્રસન્ન થયો છું. તેમના કામે મને મુગ્ધ કર્યો છે. વળી વકીલો, ડૉક્ટરો અને સમાજમાં ઊંચું સ્થાન ધરાવતા લોકો પણ સાંથાલ, મહેતર અને બીજા નીચા સ્તરના ગણાતા લોકો સાથે બેસીને કાંતતા હતા, એ પણ ઘણી જ સારી નિશાની છે.

૧. ગાંધીજીની બંગાળ યાત્રાના મહાદેવ દેસાઈએ આપેલા હેવાલમાંથી ઉદ્ધૃત.

૨. આ માનપત્ર સ્થાનિક કોંગ્રેસ સમિતિના પ્રમુખ જોગેન્દ્ર ચંદ્ર ચક્રવર્તીએ વાંચી સંભળાવ્યું હતું.

Gandhi Heritage Portal

ભાષણને અંતે તેમણે ખાદી, અસ્પૃશ્યતાનિવારણ તથા હિંદુમુસ્લિમ ઐક્યના ત્રિવિધ કાર્યક્રમ પર ભાર મૂક્યો.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, ૨૩–૫–૧૯૨૫

## ૭૭. દિનાજપુરના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ

મે ૨૧, ૧૯૨૫

મને એક મિત્રે કહેલું કે જ્યારે મને કામ ઉત્પન્ન થાય છે ત્યારે હું તે શાંત કરવા રેંટિયો લઉં છું. એક મિત્રે કહેલું કે જ્યારે જ્યારે હું ક્રોધથી ઘેરાઉં છું ત્યારે રેંટિયો લેવાથી મારો ક્રોધ શાંત થાય છે. મતલબ કે બ્રહ્મચર્યને માટે જે શાંતિ જોઈએ છે તે રેંટિયાથી મળી રહે છે. મને બેત્રણ દિવસ એકબે છોકરાઓએ કહ્યું : “અમારાથી રેંટિયો ન કંતાય, અમે તો ફાંસીએ ચડીએ, અમને કાંઈક નશો ચડે એવી વસ્તુ આપો.” મને થયું કે આ વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય પાળનારા નથી, કારણ, શાંતિપોષક વસ્તુ જે રેંટિયો છે તે તેમને પસંદ નથી પડતી. મને તો લાગે છે કે જીવનને સત્ય, નિર્મળ, શાંતિમય અને સેવાભાવથી પૂર્ણ કરી મૂકવાની સામગ્રી રેંટિયામાં રહેલી છે. એટલે તમારી સૌની પાસે હું અર્ધો કલાક કાંતવાની મંજૂરી માગી લઉં છું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૩૧–૫–૧૯૨૫

## ૭૮. દિનાજપુરમાં મુલાકાત[1]

મે ૨૧, ૧૯૨૫

ગાંધીજીને પૂછવામાં આવ્યું કે તમે તમારા બારડોલીના નિર્ણયને ભૂલ થયેલી ગણો છો કે નહીં. તેનો જવાબ તેમણે ભારપૂર્વક નકારમાં આપ્યો.

એ મારા જીવનનું એક સૌથી ડહાપણભરેલું કામ બની રહ્યું છે. ભવિષ્યના ઈતિહાસકારો મને હિંદના ઈતિહાસના એક કટોકટીના કાળે તેના ઉદ્ધારક તરીકે ગણશે. જો મેં આ પગલું ન ભર્યું હોત તો ભવિષ્યની પેઢી મને રાજકીય નેતાના સ્વાંગમાં એક મોટામાં મોટો રાક્ષસ ગણી લેત. અને હિંદ કેટલીયે પેઢીઓ સુધી અધોગતિમાં ડૂબેલું રહેત. આગેકૂચ કરી રહેલા લશ્કરને પાછા હઠવાનો હુકમ આપવામાં ભારે હિંમતની જરૂર હતી. અને હું એમ કહેતાં ગૌરવ અનુભવું છુ કે તે વખતે હું પૂરતી હિંમત બતાવી શક્યો હતો. વાઈસરૉયને મેં આપેલું આખરીનામું તો કંઈ જ નહોતું, એક બાળક પણ તેની નીચે પોતાની સહી કરી શકે તેમ હતું; પણ બારડોલી ઠરાવ તો સાચે જ એક વીરને શોભે એવી હિંમત માગી લે તેવો હતો. આમાં હું મને પોતાને પ્રમાણપત્ર આપતો હોઉં તેવું દેખાય છે, પણ મને જે લાગે છે તે હું નિખાલસપણે કહું છું.

૧. સ્થાનિક જમીનદારો તથા બીજાઓએ ગાંધીજીની મુલાકાત તેઓ જ્યાં ઊતર્યા હતા ત્યાં એટલે મહારાજાના અતિથિગૃહમાં લીધી હતી. મહાત્માજી હિન્દી અને અંગ્રેજીમાં બોલ્યા હતા.

Gandhi Heritage Portal

પ્ર૦ સર જૉર્જ લૉઇડે[1] પોતે કબૂલ કર્યું હતું કે તમારો કાર્યક્રમ સફળ થવાની અણી ઉપર હતો. બધા યુરોપિયનો ભયભીત થઈ ગયા હતા.

ઉ૦ : તે બધા એ વિચારથી ભયભીત થયા હતા કે જે કંઈ થવાનું છે તે સવિનય નહીં પણ ગુનાહિત કાયદાભંગ હશે. તમે સમજો છો કે મેં જે શસ્ત્ર ઉગામ્યું છે તે તેમનાં શસ્ત્રો કરતાં તદ્દન નવું છે. મારું માપ કાઢવા માટે તેમની પાસે કંઈ જ સાધન નહોતું એટલે તેમને માટે મારી પ્રવૃત્તિ સામે કામ લેવું તેમના ગજા બહારનું હતું.

પ્ર૦ : તમારી યોજના જો આટલી બધી સફળતાથી આગળ વધી રહી હતી તો પછી તેને એકદમ અટકાવી દેવી એ એક ભૂલ ન ગણાય?

ઉ૦ : મારા મિત્રો, નહીં, એ ભૂલ ન ગણાય. ચૌરીચૌરાએ[2] બતાવી આપ્યું તેમ દેશ હજી તૈયાર નહોતો. આપણા પોતાના જ કાર્યકર્તાઓમાં હજી પાપ ભરેલું હતું. આવેગો ને પૂર્વગ્રહો પર હજી પૂરો કાબૂ આવ્યો નહોતો. અને સ્વરાજ મળી ગયું હોય તોપણ આપણી પોતાની વચ્ચેના સંઘર્ષો અને ફાટફૂટોને લઈને સ્વરાજ એક ક્ષણ પણ ટકી શક્યું ન હોત.

રેંટિયાનું એકંદર આર્થિક અને રાજકીય મહત્ત્વ ફરી વાર સમજાવતાં તેમણે ઉમેર્યું :

આ ઉપરાંત, આપણા કાર્યકર્તાઓમાં સચ્ચાઈ અને એકનિષ્ઠાથી કામ કરવાની કેટલી શક્તિ છે, તે માપવાની કસોટી પણ આ રેંટિયો છે. હિંદની મુક્તિ માટે આજની ઘડીએ રેંટિયો જ એકમાત્ર ચાવી છે, એ વાતની મને પૂરી ખાતરી થઈ ચૂકી છે.

પ્ર૦ : પણ મહાત્માજી, રાષ્ટ્રની મુક્તિ મેળવવામાં રેંટિયો અસરકારક સાધન છે એ માન્યતા બાબતમાં ખરેખર તમે લઘુમતીમાં છો.

ઉ૦ : તેની હું ચિંતા કરતો નથી. તેમાં માનનારો માત્ર હું એકલો જ હોઉં અને આખું હિંદુસ્તાન સામે પક્ષે હોય તોપણ હું મારી માન્યતામાં અડગ રહીશ. જેઓ મારાથી જુદા પડે છે તેમને પોતાની બુદ્ધિ પ્રમાણે દેશસેવા કરવા હું આવકારું છું. પણ હું મારાથી શક્ય તેટલો ભાર દઈને નિશ્ચયપૂર્વક કહેવા માગું છું કે રેંટિયો આપણને સ્વરાજ અપાવશે. આ બધી વાત તમને વધારે પડતી લાગવા સંભવ છે, પણ તેમ નથી. મારે મન તો એ વ્યવહારુ બુદ્ધિની વાત છે. જેમ કોઈ સંગીતકાર ખાતરીપૂર્વક એમ કહી શકે કે અમુક તાર વગાડવાથી અમુક સ્વર નીકળશે જ તેમ હું આ સમસ્યાના ઉકેલ બાબતમાં ખાતરીથી કહી શકું એમ છું.

આ પછી મહાત્માજીને એમ કહેવામાં આવ્યું કે આપ આપના અસ્પૃશ્યતાનિવારણના સિદ્ધાંતને કેટલી હદ સુધી લઈ જવા ઇચ્છો છો તે વિષે સનાતની હિંદુઓના મનમાં થોડી શંકા ઊભી થઈ છે. તેમણે પોતાની સાદી અને સંક્ષિપ્ત ભાષામાં લાક્ષણિક રીતે જવાબ આપ્યો :

હું તેને બહુ જ ટૂંકામાં સમજાવીશ. હિંદુઓમાં ચાર વર્ણો છે, અને એ સિવાયના કોઈ પાંચમા વર્ણને હું સ્વીકારતો નથી. મારી આ માન્યતા શાસ્ત્રોના અભ્યાસમાંથી બંધાયેલી છે. કહેવાતા અસ્પૃશ્યોને શૂદ્રની કક્ષામાં ગણવા જોઈએ, તેનાથી હલકા નહીં. જે લોકોને શૂદ્રોની સાથે બેસીને સહભોજન કરવામાં વાંધો નથી, તેમને અસ્પૃશ્યો સાથે એ જ રીતે વર્તવામાં વાંધો

૧. મુંબઈના ગવર્નર. જુઓ પુસ્તક ૨૩, પરિશિષ્ટ ૬.

૨. ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાનું એક ગામ. ત્યાં ૧૯૨૨ની ફેબ્રુઆરીના ૫મી તારીખે એક ટોળાએ એક પોલીસચોકી બાળી નાખી અને તેમાં ૨૨ પોલીસો જીવતા બળી ગયા. ગાંધીજીને આ બનાવથી સખત આઘાત લાગ્યો અને તેમણે ૧૨મી ફેબ્રુઆરીએ પાંચ દિવસના ઉપવાસ આદર્યા.

Gandhi Heritage Portal

ન હોવો જોઈએ. પણ જેઓ શૂદ્રો સાથે પણ જમતા નથી તેમણે અલબત્ત, અંત્યજો સાથે જમવાની જરૂર નથી.

કોઈકે કહ્યું કે ૧૯૨૦–૨૧માં જે હિંદુમુસ્લિમ ઐક્ય દેખાતું હતું, તે હમણાં હમણાં વણસતું જાય છે, તે દુઃખની વાત છે. મહાત્માજીએ દર્દભર્યા અવાજે જવાબ આપ્યો:

સાચા અર્થમાં તે ઐક્ય જ નહોતું. માત્ર ઐક્ય માટેનો પ્રયત્ન હતો. દુનિયાની કોઈ પણ શક્તિ મારી સ્ત્રીને મારાથી વિખૂટી પાડી શકે ખરી? જ્યારે સાચું ઐક્ય સધાશે, ત્યારે ત્રીજા પક્ષ તરફથી ગમે તેટલી લાલચો અને ફોસલામણી અજમાવવામાં આવે તોપણ તેને તોડી શકાશે નહીં.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૨૩–૫–૧૯૨૫

## ૭૯. બોગરામાં શાળાના કાર્યકર્તાઓ સમક્ષ ભાષણ[1]

મે ૨૨, ૧૯૨૫

કેટલાક યુવાનો કહે છે કે અમે ફાંસીએ જઈ શકીએ પણ કાંતી ન શકીએ.[2] અમને તો કોઈ નશો જોઈએ. હવે રેંટિયો છે એ શાંતિપ્રદ છે તેમ જ શાંતિસૂચક છે. હું એ જ બધે આગળ ધરું છું કારણ મારે તો એ અહિંસાધર્મ છે. મારે એ નીતિ તરીકે નથી, પણ મારો તો જીવનમંત્ર છે. મારે મન સિક્કાની એક બાજુ અહિંસા છે, બીજી સત્ય છે. અહિંસાધર્મ કેમ છે એ તપાસીએ. સૃષ્ટિ તરફ જોશો તો જણાશે કે સૃષ્ટિમાં નાશક પ્રવૃત્તિ જ પ્રધાન હોત તો આજે કોઈ જીવ જીવતો ન હોત. પણ સૃષ્ટિની પ્રવૃત્તિ પોષક છે, અને પોષક પ્રવૃત્તિનું મૂળ શાંતિ છે, અહિંસા છે. સૃષ્ટિ સદાય રહેવાની છે – પ્રલયને અંતેય પાછી ઊભી થશે. નાશક પ્રવૃત્તિ પણ સૃષ્ટિમાં છે. પણ તે ક્ષણિક છે, પોષક પ્રવૃત્તિ જ શાશ્વત છે. જો નાશક પ્રવૃત્તિ પ્રધાન હોત તો સ્ત્રીપુરુષ, ભાઈભાઈ, ગુરુશિષ્ય, રાજા અને રૈયત વચ્ચે જે પુણ્ય સંબંધ જળવાઈ રહેલો છે તે ન રહેત. હરદ્વારમાં ગંગાનું નિર્મળ જળ જોઈને મને વિચાર થયેલો કે ઋષિઓને ગાયત્રીનો મંત્ર ક્યાં સૂઝ્યો હશે? ત્યાંના સૂર્યોદયનું અજબ દૃશ્ય જોવાથી મને જવાબ મળ્યો. એ દિવસે મને ખબર પડી કે ગાયત્રીમાં સૂર્યની સ્તુતિ કેમ થઈ છે. સૂર્યની સ્તુતિ એટલે ઈશ્વરની જ સ્તુતિ છે. સૂર્યની સ્તુતિ કરવામાં આવી છે તેનું કારણ તો એ છે કે સૂર્ય ઈશ્વરની શક્તિ પ્રગટ કરનાર મહાનમાં મહાન શક્તિ છે. સૂર્યનારાયણને કદી વિરામ જ નથી. સદાય એનું પર્યટન ચાલુ જ છે. જ્યાં જ્યાં અંધારું, અપ્રકાશ, પાપ હોય ત્યાં ત્યાં એનો પ્રકાશ પાડતો એ ચાલ્યો જાય છે. સૂર્યની એ પોષક શક્તિ, રક્ષક શક્તિ, એ જ સૃષ્ટિની પરમ શક્તિ છે.

નશો કોને જોઈએ? નશો તો જે માણસને કામ નથી કરવું તેને જોઈએ. પ્રેમનો નશો જેનામાં છે તેને બીજા નશાની જરૂર નથી પડતી. મારું જીવન જેમ જેમ વહ્યું જાય છે તેમ તેમ મારી રેંટિયામાં શ્રદ્ધા વધતી જાય છે. તમારી આગળ ભાષણ આપતાં આપતાં રેંટિયો ચલાવવામાં

૧. ગાંધીજીની બંગાળયાત્રાના મહાદેવ દેસાઈએ આપેલા હેવાલ પરથી.
૨. જુઓ "ઢાકાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત", ૧૭–૫–૧૯૨૫.

Gandhi Heritage Portal

હું અવિનય કરું છું એવો ભય આજે મને નથી લાગતો. મને તો પ્રતિક્ષણ એમ થયા કરે છે કે “અરે જીવ! પૃથ્વી ઉપર આટલાં માણસ ભૂખ્યાં મરે છે છતાં મને કેમ ખાવાનું મળે છે? કાં તો ઈશ્વર મારી પાસેથી ખાવાનું લઈ લો, અથવા તો ભૂખે મરતાં માટે મારી પાસે કાંઈ પણ સેવા કરાવો.” હું શું આ ભૂખ્યાંઓ પાસે કેમિકલ લૅબોરેટરીઓ ખોલાવું? હું એમની પાસે કિવનાઇન બનાવડાવું? મારે તો જે વસ્તુ લાખો અને કરોડો પાસેથી કરાવી શકાય તે જ વસ્તુ કરવી રહી. મારા પ્રેમના માર્ગમાંથી એ વસ્તુ મને મળી રહી છે. પ્રેમના જેવો બીજો એકે નશો નથી. જેનામાં પ્રેમ છે તે કોઈની હિંસા નથી કરી શકતો. પ્રેમ તો મરવા માગે, કોઈને મારવા ન માગે. અહિંસા મારો ધર્મ છે, મારો ઈશ્વર છે; સત્ય મારો ધર્મ છે, મારો ઈશ્વર છે. સત્યને ઢૂંઢું છું ત્યારે અહિંસા કહે છે કે મારી મારફત ઢૂંઢો; અહિંસાને ઢૂંઢું છું ત્યારે સત્ય કહે છે કે મારી મારફત ઢૂંઢો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૪–૬–૧૯૨૫

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૮૦. બેગરાની સાર્વજનિક સભામાં ભાષણ[1]

મે ૨૨, ૧૯૨૫

તમારા અભિનંદનપત્ર માટે આભાર માનું છું. ખૂબસૂરત ખાદી માટે પણ આભાર માનું છું. પંદરસો રૂપિયા આપ્યા એ માટે તમને ધન્યવાદ ઘટે છે. આ રકમ વાપરવા માટે તમે મને સ્વતંત્રતા આપી છે. મેં નિશ્ચય પણ કરી લીધો છે કે મારે એનો શો ઉપયોગ કરવો. હું આ રકમ ખાદી પ્રતિષ્ઠાનને આપવા ઇચ્છું છું, તે એ શરતે કે એનો ઉપયોગ ખાદી સસ્તી કરવામાં અથવા ચરખા મફત અથવા સસ્તા દરે આપવા માટે કરવો. તમે બહુ સાદાઈથી અભિનંદનપત્ર આપ્યું છે. આવાં અભિનંદનપત્ર, મારી સાથે રાખવામાં મને અડચણ નથી. વળી એ મધુર માતૃભાષામાં લખાયેલું છે.

અહીં આવવું એ મારે માટે એક યાત્રારૂપ છે. રાય આચાર્ય અને મારી વચ્ચે ગાઢ સંબંધ છે. સને ૧૯૦૧ની સાલમાં આ સંબંધ બંધાયેલો. એક પવિત્ર વ્યક્તિ મારફતે – ગોખલેજી મારફતે. ત્યારથી સંબંધ વધતો આવ્યો છે. એમના ત્યાગથી હું સારી પેઠે પરિચિત છું. અને આ પ્રદેશમાં, પ્રલયથી દુ:ખિત થયેલા લોકો માટે જે કાર્ય એમણે કર્યું હતું તેની પણ મને થોડી ખબર છે. અહીં આવીને હું ધન્ય થયો છું. આપ લોકોએ તમારા કામનો અહેવાલ આપ્યો છે એથી મને આનંદ થયો છે. ચરખાની શક્તિ તમે જાણી છે એ એક ભારે વસ્તુ છે. પ્રલય અગર દુષ્કાળથી લોકો પીડિત હોય છે ત્યારે એમની રાહત માટે ચરખા જેવી વ્યાપક વસ્તુ બીજી એકેય નથી. ધનિકોને માટે, પીડિતો માટે પૈસા મોકલવા એ સહજ વાત છે અને પછી એ પોતાના મનને ફોસલાવી શકે કે અમે ગરીબો માટે કાંઈક કર્યું છે. પણ આવી રીતે પૈસાની સહાય દેવી એ પીડિતોને માટે હાનિકારક છે, અને એમને મદદકારક નથી. જેમને કષ્ટ પડે છે

૧. મ્યુનિસિપાલિટી, ડિસ્ટ્રિક્ટ બોર્ડ અને જનતા તરફથી ગાંધીજીને માનપત્રો અર્પણ થયાં હતાં.

Gandhi Heritage Portal

તેમની કાર્યશક્તિ ઓછી નથી થતી. જો એમને કામ આપવામાં આવે તો તેઓ એ જરૂર કરે. એટલે જે કરવાનું છે તે, એમને કામ આપવાનું છે. જેનામાં શારીરિક શક્તિ છે તેને અમસ્તું અમસ્તું ખાવાનું આપવું એ પાપ છે. ભારતવર્ષમાં લોકોને રખડતા જોઉં છું ત્યારે મને વિચાર આવે છે કે ગરીબ લોકોમાં એવું એક દારિદ્ય પેસી ગયું છે કે એમને કશું કામ જ સૂઝતું નથી. પણ જો આપણે આ આળસ ન કાઢીએ તો આપણે દેશનો નાશ થતો જોઈશું. એટલે હું કહું છું કે સૌ ચરખો કાંતો. એનાથી બીજું કશું નહીં થાય તોપણ બીજા ઉપર અરધો કલાક ચરખો ચલાવવાની અસર તો થશે જ.

કાલે અને આજે જે દૃશ્ય જોયાં તેથી મને બહુ બળ મળ્યું છે. નાનાં નાનાં છોકરાછોકરીઓ ગરીબ, તવંગર, અમલદાર અને નોકર સાથે બેસીને કાંતે એવું ઘણે ઠેકાણે જોવાનું નથી મળતું. આમાં હું ભારે શક્તિ જોઉં છું. આમાં આપણો ગર્વ હઠાવવાની શક્તિ છે. મારા જેવા આવે ત્યારે જ નહીં, પણ આવાં દૃશ્ય આપણા જીવનના સ્વાભાવિક અંગરૂપ બની જાય એવી હું આશા રાખું છું. પિતા, પોતાના બાળક સાથે રેંટિયો ચલાવે, અને બ્રાહ્મણ, અસ્પૃશ્યની સાથે બેસીને ચલાવે એને હું આદર્શ તાલીમ માનું છું.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૨૪–૫–૧૯૨૫

ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક આઠમું

## ૮૧. તલોડામાં ભાષણ[1]

મે ૨૨, ૧૯૨૫

અહીં આવવું એ મારે માટે તીર્થસ્થાન છે એમ બોગરાની સભામાં હું કહી ચૂકયો છું, અને અહીં પાછો કહું છું. દાક્તર રાયના સ્વાર્થત્યાગને હું જાણું છું તેટલો તમે પણ ન જાણતા હો, અને જ્યારથી મેં સાંભળ્યું કે એમનાં અનેક કામોમાંનું એક આ પણ છે, ત્યારથી મેં અહીંની એક વાર યાત્રા કરવાનો નિશ્ચય કરેલો. વળી જ્યારે અહીં આવીને મેં જોયું કે જેમને મદદ મળી છે તેનો મોટો ભાગ મુસલમાન છે ત્યારે મારા આનંદનો અને તેમને માટેની ભક્તિનો પાર ન રહ્યો. કારણ હિંદુ મુસલમાનની આવી સેવા કરે અને મુસલમાન હિંદુની આવી સેવા કરશે ત્યારે જ હિંદુમુસલમાન વચ્ચે આપોઆપ એકદિલી થશે. મને અત્યંત દુઃખ થાય છે કે આ વિરલ દૃશ્ય જોવાને મારા ભાઈ મૌલાના શૌકતઅલી કે મહમદઅલી અહીં નથી. આજકાલ આપણા કાર્યકર્તાઓને પોતપોતાનું કામ છોડીને નીકળવું વસમું થઈ પડેલું છે એવી દેશની સ્થિતિ છે. પણ જ્યારે બંને ભાઈઓને હું અહીંની વાત સંભળાવીશ ત્યારે તેઓ બહુ જ ખુશ થશે એ વિષે મને શંકા નથી.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૭–૬–૧૯૨૫

૧. ડૉ. પ્રફુલ્લચંદ્ર રાય અહીં એક ખાદીમંડળ ચલાવતા હતા.

Gandhi Heritage Portal

## ૮૨. કલ્યાણજી મહેતાને પત્ર

જેઠ સુદ ૧ [મે ૨૩, ૧૯૨૫][1]

ભાઈશ્રી કલ્યાણજી,[2]

તમારો કાગળ મળ્યો. બહેન પાર્વતીને[3] કહેજો કે મને કોઈ વાર લખે. બારડોલીના કાર્યમાં ખૂબ ધ્યાન દેતા હશો. મારી તબિયત સારી રહે છે. ચિ. રુખીને સારુ આશીર્વાદપત્ર આ સાથે રાખું છું. વિવાહ સાદાઈથી નિર્વિઘ્ને ઊકલ્યા હશે. મારી બંગાળની મુસાફરી હજુ લંબાશે.[4] આસામ જવું પડશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૬૭૬

## ૮૩. બંગાળનો ત્યાગ

શુદ્ધ ત્યાગનાં દૃષ્ટાંતો બંગાળમાં જોઈ હું તો આનંદરસના ઘૂંટડા પી રહ્યો છું. એક જમીનદારનું આખું કુટુંબ ખાદીમય છે. બધાં બૈરાં કાંતે છે. બધાં સ્ત્રીપુરુષો ખાદી પહેરે છે. તેમણે પોતાની જમીનનો ને પોતાના મકાનનો ઉપયોગ ખાદી પ્રતિષ્ઠાનને આપ્યો છે. પ્રતિષ્ઠાનના પ્રાણ સતીશબાબુનો ત્યાગ જેવો તેવો નથી. દાક્તર રાયના રસાયણના કારખાનામાં તેમને દર માસે રૂ. ૧૫૦૦ની કમાણી હતી. ત્યાં રહેવાનો બંગલો પણ હતો. વધારે માગે તો વધારે મળે તેમ હતું. ત્યાં રહીને તેઓ ખાદીનું કામ તો કરતા જ હતા. પણ એટલેથી તેમને સંતોષ ન થયો. તેમના કોમળ હૃદયને એમ લાગ્યું કે એમ બે કાર્ય કરતાં બંને બગડવાનો સંભવ છે. રસાયણના કારખાનાના પોતે પ્રાણ, તે પોતે જો તેને પૂરો સમય ન આપે તો તેને ધક્કો પહોંચે જ. ખાદીમાં તો ગરીબની સેવા. એ કામ બચતા વખતમાં થાય એ પણ તેમને બરોબર ન લાગ્યું. એક માણસ બે પત્ની રાખે તો તે જેમ પાપ છે તેમ કોઈ માણસ બે વસ્તુને પોતાનો પ્રાણ બનાવે એ પણ અનર્થ છે. વળી ખાદીને અર્થે જેટલો ત્યાગ થાય તેટલો ઓછો જ છે. આવી દલીલો મનની સાથે કરીને જે કારખાનું પોતે જમાવેલું તેને તેમણે ક્ષણમાં છોડયું ને હવે પોતાની પાસે જે થોડું દ્રવ્ય રહ્યું છે તેની આવકમાંથી પોતાનો ઘરખર્ચ કાઢે છે ને ચોવીસે કલાક ખાદીના કાર્યને જ આપે છે. પોતાના કામની આજે તેમણે અગિયાર જગ્યાએ શાખાઓ ખોલી છે. આમાંની

૧. ૧૯૨૫માં ગાંધીજીએ બંગાળયાત્રા કરી. એ વર્ષે જેઠ સુદ ૧ મેની ૨૩મીએ આવતી હતી.

૨. સુરત જિલ્લાના કોંગ્રેસ આગેવાન; કેળવણીકાર અને લેખક. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની ધારાસભાના પ્રથમ સ્પીકર.

૩. પ્રાગજી દેસાઈનાં પત્ની.

૪. આ ૧૯૨૫ના ઑગસ્ટની ૩૧મી સુધી લંબાવવામાં આવી હતી.

Gandhi Heritage Portal

પાંચ ઉત્પન્ન કરનારી છે ને હજુ બીજી ખોલવાનો વિચાર કરી રહ્યા છે. તેમની મારફતે ૫,૦૬૦ રેંટિયા ચાલે છે. શુદ્ધ ખાદીની સાળો ૫૯૭ ચાલે છે.

તેમના આ કાર્યમાં તેમનાં ધર્મપત્ની પણ જોડાયેલાં છે. જ્યાં પૈસાની છોળ હતી ત્યાં આજે તંગી ભોગવવી પડે છે એ આ ભલી બાઈને સાલતું તો હશે જ; જ્યાં રહેવાનો નોખો બંગલો હતો ત્યાં આજે નાનકડા માળાના એક નાનકડા મજલાથી સંતોષ વાળવો કઠણ તો લાગતો હશે જ, પણ એ બાઈ આ બધી સાંકડ પ્રફુલ્લિત વદને સહન કરી રહેલ છે.

પણ સતીશબાબુનો દાખલો એક જ નથી. બીજા ઘણા નવજવાનો અદ્‌ભુત ત્યાગ કરી રહેલ છે. સતીશબાબુની પાસે ઘણું હતું ને તેમણે ઘણું છોડયું. તે ખાવાના સાંસા નથી ભોગવતા. તેમને સૂવાબેસવાની અગવડો સામાન્ય રીતે નથી. પણ લગભગ સો નવજવાનો એવા છે કે જેમને વધારેમાં વધારે દર માસે રૂ. ૨૦ ખાવારહેવાના મળે છે. બંગાળની રહેણી કેટલી કઠિન છે તેનો ખ્યાલ આપણને વગર જોયે ન આવી શકે. ચોમાસામાં તો તેઓને પાણીમાં જ રહેવું પડે છે એમ કહીએ તો ચાલે. ઘરો બધાં ગમે ત્યારે પાણીમાં તણાઈ જાય. એક ઘેરથી બીજે ઘેર જવાનું પણ હોડકામાં હોય. આવે સમયે ગંદકીનો તો પાર જ નહીં. આ નવજવાનો આવાં કષ્ટ વેઠી પ્રજાની સેવા કરી રહ્યા છે. ઘણા ખાદીના કાર્યમાં રોકાયા છે. કેટલાક રાષ્ટ્રીય શાળાઓમાં. બધી શાળાઓમાં રેંટિયા તો ચાલે છે જ.

આવી સ્થિતિમાં ખોરાકમાં ઘણા સ્વાદો અસંભવિત જ હોય. દૂધદહીં હમેશાં ન મળે. સામાન્ય ખોરાક દાળભાત. બંગાળમાં તદ્દન નિરામિષ ભોજન કરનારા ક્વચિત જ હોય છે. જેઓ માંસાહાર ન કરે તે પણ માછલી તો ખાય જ. આ ગરીબ સેવકોને પણ બીજું કંઈ ન મળે ત્યારે માછલી તો મળી રહે છે. દૂધદહીં ન મળે તેને સારુ આ આધાર મોટો છે એમ કબૂલ કરવું જોઈએ. આ વાત તેમના ત્યાગની કિંમતને ઓછી નથી કરતી. કષ્ટનું માપ કાઢવામાં મારાથી અતિશયોક્તિ ન થાય એ જ કારણથી મેં તેઓના મત્સ્યાહારની વાત લખી છે.

આ નવજુવાનો બધા શિક્ષિત છે. કેટલાક તો પ્રોફેસર હતા ને મોટો પગાર ખાતા હતા. આજે તેઓને પોતાના ત્યાગનો પશ્ચાત્તાપ નથી. ત્યાગને તેઓ સુખ માનનારા છે. તે વિના આવો કઠિન ત્યાગ ટકી પણ ન શકે. આ ત્યાગનો વિચાર કરું છું ત્યારે ગુજરાતનો ત્યાગ જે કંઈ છે તે નજીવો સરખા જણાય છે. કેળવાયેલા વર્ગમાં જે ત્યાગ અહીં જોઈ રહ્યો છું તેની સરખામણી તો કેવળ મહારાષ્ટ્રની સાથે જ થઈ શકે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૪–૫–૧૯૨૫

Gandhi Heritage Portal

# ૮૪. મારી નોંધ

## બહિષ્કાર થાય તો?

એક ભાઈ લખે છે:[1]

આનો જવાબ હું તો એક જ આપી શકું. મહાજન ગમે તેટલો જુલમ કરે છતાં તેને અદાલતમાં ન લઈ જવાય. તેમની ઇચ્છામાં આવે તે સજા તે કરે. તેવી સજા ભોગવવાથી મહાજનનો રોષ નબળો પડે છે. ને પોતે પસ્તાય છે. વળી, જ્યાં મહાજન અન્યાય કરે છે ત્યાં તો બહિષ્કાર આવકારદાયક વસ્તુ ગણાવી જોઈએ. જે જ્ઞાતિમાં કન્યાવિક્રયનો અત્યાચાર ચાલતો હોય, જે જ્ઞાતિમાં દંભ ચાલતો હોય, જેના મહાજન મદ્યમાંસાદિના ખાનપાનને દરગુજર કરતા હોય તે જ્ઞાતિમાં રહેવામાં લાભ હોય જ નહીં. જ્ઞાતિ એ રૂઢિ છે. એ ધર્મ નથી. જ્ઞાતિમાં રહી મનુષ્ય કેટલીક સગવડ મેળવે છે. પણ જ્યાં જ્ઞાતિ અનીતિમાન થઈ ગઈ હોય ત્યાં તેનો ઇનકાર જ ઇષ્ટ છે. જે ન્યાય સરકારની નીતિને લગાડીને આપણે અસહકાર કર્યો તે જ ન્યાય જ્ઞાતિને લગાડીને તેની સાથે અસહકાર થઈ શકે છે.

પણ અહીં તો તે પ્રશ્ન જ નથી. અહીં તો જ્ઞાતિ બહિષ્કાર કરે છે. એ બહિષ્કારને સુઅવસર માની વધાવી લેવો. પણ એવી રીતે સુઅવસર એનાથી જ માની શકાય કે જેણે ધર્મને પાળ્યો છે, જેણે જ્ઞાતિની સેવા કરી છે, જેણે જ્ઞાતિનાં નીતિવર્ધક શાસનોને હમેશાં સ્વેચ્છાપૂર્વક માન આપ્યું છે. સંયમી જ બહિષ્કારને આવકાર આપે. સ્વચ્છંદી તો બહિષ્કારથી પીડાય. પણ અસ્પૃશ્યતાનિવારણ સ્વચ્છંદીને સારુ નથી, સંયમીને સારુ છે. અસ્પૃશ્યતાનો નાશ ભોગવૃદ્ધિને ખાતર નથી. પણ સેવાના પ્રસંગો વધારવાને સારુ છે, સેવામાંથી કોઈને બહિષ્કૃત ન રાખવાને અર્થે છે.

## દેશી રાજ્યો

આ સવાલ[2] એક ગૃહસ્થે કર્યો છે. લખનારના લખવામાં કેટલુંક સત્ય છે છતાં તે સવાલને બીજો પક્ષ પણ છે. જે પ્રજામાં સત્ત્વ છે તેના રાજા અન્યાયી નથી થઈ શકતા. સત્ત્વહીન પ્રજાને રાજા હોય તોયે શું ને પ્રજાસત્તા હોય તોપણ શું? જેને સત્તા વાપરતાં ન આવડે તે સત્તાને રાખે ક્યાં? તેથી જ મેં કહ્યું છે કે "જેવી પ્રજા તેવા રાજા." જ્યાં જ્યાં મેં અન્યાયના દાખલા જોયા છે ત્યાં ત્યાં પ્રજાનો દોષ એટલે પ્રજાની નબળાઈ પણ જોઈ છે. પ્રજાસત્તાક રાજ્યમાંયે અન્યાય જોયો છે. પૃથ્વીમાં આજે એવાં પ્રજાસત્તાક રાજ્યો મોજૂદ છે જ્યાં ભરપૂર અંધાધૂંધી વર્તે છે ને જ્યાં પ્રત્યેક અમલદાર રાજા થઈને બેસી ગયા છે.

૧. આ પત્ર અહીં આપ્યો નથી. એમાં પત્રલેખકે પૂછ્યું છે કે આજકાલ અસ્પૃશ્યતામાં ન માનનારાઓને મહાજન ન્યાતબહાર મૂકે છે પણ ખરેખરાં પાપ આચરનાર સામે તે કંઈ જ પગલાં લેતું નથી. એવા મહાજનને અદાલતમાં લઈ જઈ શકાય કે નહીં?

૨. આ પ્રશ્ન અહીં આપ્યો નથી. પત્રલેખક જણાવે છે કે દેશી રાજ્યોના રાજાઓ સ્વભાવથી જ આપખુદ વલણ ધરાવતા હોય છે. પત્રલેખકે ગાંધીજીને પૂછ્યું છે કે આવાં દેશી રાજ્યો કાયમ રહે એ શું તમે ઇચ્છો છો?

Gandhi Heritage Portal

મેં નિરંકુશ રાજ્યની હસ્તી નથી ઇચ્છી. અંકુશ કેવો ને કેટલો હોઈ શકે તે રાજાપ્રજાએ વિચારી લેવાનું રહ્યું છે. જ્યાં પ્રજા જાગ્રત છે ત્યાં અન્યાય અસંભવિત છે. જ્યાં પ્રજા નિદ્રાવશ છે ત્યાં ગમે તેવું રાજ્યતંત્ર હોય છતાં અન્યાય તો છે જ. દેશી રાજ્ય નિર્મળ અને સંપૂર્ણ ન્યાયવાન હોઈ શકે. તેને સારુ આપણી પાસે રામરાજ્યનો દાખલો છે. આજકાલનાં દેશી રાજ્યોમાં જે અપૂર્ણતા જોવામાં આવે છે તે એક તરફથી પ્રજાની અપૂર્ણતા અને બીજી તરફથી અંગ્રેજી રાજ્યતંત્રની અપૂર્ણતાને આભારી છે. એટલે દેશી રાજ્યોની અંધાધૂંધીને વિષે આશ્ચર્ય ન હોય. પણ એવી બંનેની અપૂર્ણતાની અસર છતાં કેટલાંક દેશી રાજ્યોનો કારભાર દીપી નીકળે છે. એ દેશી રાજ્યની નીતિમત્તાસૂચક નથી? મારા લખવાકહેવાનો આશય માત્ર એટલો જ છે કે દેશી રાજ્યમાં કંઈ સંગ્રહ કરવા જેવું છે જ નહીં ને એનો નાશ જ ઇષ્ટ છે એ વિચાર યોગ્ય નથી. દેશી રાજ્યોમાં સુધારણાને સારુ પૂરો અવકાશ છે ને તેમાં સુધારણા થવાથી તે આદર્શ રાજ્યો બની શકે છે. આજે જે સ્થિતિમાં તે રાજ્યો છે તે જ સ્થિતિમાં તે રહેવાં જોઈએ એમ કહેવાનો તો મારો આશય નથી જ.

## એક જમીનદારની સેવા

ચૌધરી રઘુવીર નારાયણસિંહ મેરઠના જમીનદાર છે. તેઓએ અસહકાર વેળા જે ત્યાગ કર્યો તે ચાલુ રહ્યો છે. તેમનું આખું કુટુંબ ખાદીપ્રેમી છે. તેમણે બેલગામમાં મહાસભાના ૫૦૦ કાંતનારા સભ્યો એપ્રિલ પહેલાં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તે પ્રતિજ્ઞાને અંગે તેઓ લખે છે :[૧]

ખરું છે કે જાતે કાંતનારા ૫૦૦ સભ્યો ચૌધરીજી નથી કરી શક્યા. છતાં તેમનો ઉત્સાહ અનુકરણ કરવા લાયક છે. ધનિક લોકો ઘણા આવા કાર્યમાં જોડાઈ જાય તો કાંતવાનું ને ખાદીનું કાર્ય વધારે વેગથી ચાલી શકે.

## જૈન મુનિઓ અને રેંટિયો

જૈન મુનિઓથી ચક્ર ચલાવાય કે નહીં એ વિષે પાલીતાણામાં થયેલો સંવાદ *નવજીવન*માં પ્રગટ થયેલો[૨] તે વિષે મારી પાસે કેટલાક કાગળો આવ્યા છે. મારી ઇચ્છા એ બાબતની ચર્ચામાં ઊતરવાની નથી. પણ કેટલુંક સમજાવી દેવું ઉચિત હોય. મેં જૈન શાસ્ત્રોનો યથામતિ અભ્યાસ કર્યો છે, પણ હું જાણું છું કે જૈન શાસ્ત્રોનો અર્થ કરવાનો મને કશો અધિકાર નથી. સંવાદમાં મેં તો અહિંસાનો ને મુનિપણાનો અર્થ કરી બતાવ્યો. જૈન દર્શનને એ મત ન રુચે એ બનવાજોગ છે. એવું હોય તો હું દિલગીર થાઉં ને કબૂલ કરું કે મારો મત જૈનમત વિરુદ્ધ છે. પણ તેમ છતાં જે વસ્તુ મારી બુદ્ધિ અને મારું હૃદય કબૂલ કરે તે કહેવાનો મને અધિકાર હોવો જોઈએ. તેમાં મારી ભૂલ થાય એ સંભવે. તેની શિક્ષા મારે ભોગવવી રહી. ને મેં અજાણે ભૂલ કરી હોય તો ખબર પડ્યે મારે તે સુધારવી રહી. અહિંસાનો અને મુનિત્વનો હું અર્થ કરું તેથી જૈનને કે કોઈને દુઃખ તો ન જ લાગવું જોઈએ. જ્યાં દુઃખ લગાડવાનો લેશ પણ આશય ન હોય ત્યાં

૧. આ પત્ર અહીં આપ્યો નથી. એમાં દિલગીરી વ્યક્ત કરતાં પત્રલેખક કહે છે કે પોતાના મોટાભાઈની માંદગી અને અવસાનને લીધે એ પોતાની પ્રતિજ્ઞા પાળી શક્યા નથી. ગાંધીજીને તે ખાતરી આપે છે કે પોતાને ખાદીમાં હમેશ રસ છે. અને એ કામ માટે પોતે શું કાર્ય કરે છે એની તેઓ વિગતો આપે છે.

૨. જુઓ પુસ્તક ૨૬, પા. ૪૦૯–૧૦.



Gandhi Heritage Portal

દુ:ખ શું લગાડવું? પોતાના અર્થને બીજો અનુકૂળ ન થાય, ને પોતાને પોતાના મતના સત્ય વિષે નિશ્ચય હોય, ને પોતે ઇચ્છે, તો પેલાને મૂર્ખ ભલે ગણે પણ દુ:ખ શાને લગાડે?

આટલું કહીને હું તો હજી નમ્રતાપૂર્વક કહેવા ઇચ્છું છું કે આ કાળે મુનિઓનો પણ પરમાર્થે રેંટિયો ચલાવવાનો ધર્મ છે. જેમ તેમને પરમાર્થે ખાવાપીવાનો અધિકાર છે તેમ જ રેંટિયો ચલાવવાનો. જેથી એક પણ જીવ બચે તેવી પ્રવૃત્તિથી જે મુનિ ઇરાદાપૂર્વક દૂર રહે તે મારી અલ્પમતિ પ્રમાણે મુનિ ન કહી શકાય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૪–૫–૧૯૨૫

## ૮૫. ખોટા ખરચ

મારી સામે એક લાંબો કાગળ પડ્યો છે. તેમાં ચાલુ પ્રવૃત્તિની અને તેના કાર્યકર્તાઓની સારી રીતે કરેલી પણ મધુરી ટીકા છે. તેમાંથી નીચેના જાણવાજોગ ઉતારા આપું છું :[1]

પચીસ પાનાંના કાગળનો મેં લગભગ લખનારના જ શબ્દોમાં સાર આપ્યો છે. લખનાર વિવેકી છે ને તેમણે બધું સદ્ભાવે લખ્યું છે. લખનારના કેટલાક આરોપો વિષે હું જાણતો નથી. છતાં મારો સામાન્ય અનુભવ એવો છે ખરો કે જાહેર પૈસાનો ઘણો દુર્વ્યય થાય છે. આની મેં પ્રસંગોપાત્ત ટીકા પણ કરી છે. કાર્યકર્તાઓના એશઆરામને સારુ પૈસા જોઈએ તે કરતાં વધારે વપરાયેલા મેં ઘણી વેળા જાણ્યા છે. હવે તો ઘણું ઓછું થયું છે છતાં વધારે સુધારો કરવાને અવકાશ છે એમ મારે કબૂલ કરવું જોઈએ. ગાડીભાડાનું ખર્ચ હાલતાં ને ચાલતાં થાય છે એ વાતમાં કેટલુંક સત્ય છે જ. આપણે હવે તો કેવળ કંગાલ લોકોની સેવા કરવા ઇચ્છીએ છીએ, તેઓના એલચી બનવા માગીએ છીએ. તેથી આપણા જીવનમાં છે તેના કરતાં ઘણી વધારે સાદાઈ આવવી જોઈએ એ વિષે મને શક નથી. જ્યાં પગે ચાલીને જવાય ત્યાં ગાડીનો ઉપયોગ ન જ કરાય. સેવક મહેમાનોની મિજબાની કરવાપણું હોય નહીં. કામદારો એકઠા થાય તે મિજબાની ખાવા નહીં પણ કામ કરવા.

સ્ત્રીઓના સંસર્ગમાં કઈ વાતનો ઇશારો છે એ હું નથી જાણી શક્યો. આખા કાગળ ઉપરથી એ ખૂલ્યું નથી. પણ લખનારની સરખામણી ઉપરથી કંઈક અનુમાન થાય છે. સંસર્ગને ખાતર કરેલો સ્ત્રીસંસર્ગ પાપ છે ને ત્યાજ્ય છે એ વિષે મને શંકા નથી. એવો સંસર્ગ શોધનારા કામદારો પ્રજાની સેવા બહુ થોડી જ કરશે. પણ સેવાને અર્થે રહેલો સ્ત્રીસંસર્ગ અનિવાર્ય હોઈ, સ્વીકાર્ય છે. સ્ત્રીને આપણે બહુ દબાવી રાખી છે. સ્ત્રીનું સ્ત્રીત્વ હરાઈ ગયું છે. સેવાને અર્થે સ્ત્રીને બહાર નીકળવાનો અધિકાર છે, તેનો એ ધર્મ છે. આપણી હિલચાલમાં સ્ત્રીઓ દહાડે દહાડે વધારે ભાગ લેતી થઈ જશે એથી સ્ત્રીઓ અને પુરુષો એક જ બેઠકોમાં આપણે વધારે ને વધારે જોઈશું. આ સ્થિતિ મને યથાસ્થિત લાગે છે.

૧. આ ઉતારા અહીં આપ્યા નથી. કાર્યકરને સુખસગવડ અને પરદેશી ચીજવસ્તુઓ પ્રત્યે કેટલું આકર્ષણ છે એની ફરિયાદ પત્રલેખકે કરી છે. જે જે સ્થળે એ ગયા છે ત્યાં એમને નિમિત્તે જે ખોટું ખર્ચ થયું છે તે તરફ પણ તે ગાંધીજીનું ધ્યાન દોરે છે.

Gandhi Heritage Portal

જંગલમાં રહીને જ જે પાળી શકાય તે બ્રહ્મચર્ય નથી, સંયમ નથી. જંગલનું સેવન ઘણાને ઇષ્ટ છે. એવો એકાંતવાસ થોડોઘણો બધાને સારુ લાભદાયી છે. પણ તે વિચારવૃદ્ધિને સારુ, પોતાની ઓળખને સારુ હોય; પોતે સુરક્ષિત રહેવા સારુ તે કદી ન જ હોય. જગતના સામાન્ય વ્યવહારમાં રહેતો છતાં જે અલિપ્ત રહે તે જ સંયમી છે, તે જ સુરક્ષિત છે.

પ્રાચીન જમાનામાં જે વાડો રચી હતી તે તે સમયને સારુ ભલે અનુકૂળ હોય. પણ આપણે આ જમાનામાં જોઈએ છીએ કે યુરોપના લોકોમાં ઘણાં સ્ત્રીપુરુષો એકબીજા પ્રત્યે ઘણી છૂટથી રહેતાં છતાં પોતાની નીતિ અને પવિત્રતા જાળવી શકે છે. યુરોપમાં પવિત્રતાની રક્ષા અસંભવિત છે એમ કોઈ માને તો તે છેક અજ્ઞાન જ છે. યુરોપમાં આપણે સારુ પવિત્રતાની રક્ષા મુશ્કેલ છે એ ખરું. તેનાં કારણ યુરોપમાંની સ્ત્રીની સ્વતંત્રતા નથી, પણ યુરોપમાં ભોગને ધર્મ કરી મૂકવામાં આવ્યો છે તે છે. વળી યુરોપમાં છે તે જાતની છૂટથી આપણે ટેવાયેલા નથી.

યુરોપનું દૃષ્ટાંત આપણને અમુક હદ લગી જ કામનું છે. તેનું સંપૂર્ણ અનુકરણ ભયાવહ છે. દૃષ્ટાંત આપવામાં હેતુ એટલો જ છે કે સ્ત્રીસંસર્ગ સર્વથા ત્યાજ્ય છે, સંયમીને સારુ સ્ત્રીસંસર્ગ પાપ છે, એ વિચાર સર્વ કાળે, સર્વ સ્થળે સત્ય નથી એટલું બતાવવું.

આપણી સભ્યતામાં જે સુધારણાની જરૂર હશે તે આપણે આપણું વાતાવરણ વિચારી કરવી જોઈશે. એક તરફથી આપણે સ્ત્રીસંસારની સુધારણાને સાધવી રહી છે; બીજી તરફથી સંક્રાંતિકાળે તેમાંથી અનર્થ ન ઊપજે એની સંભાળ રાખવી રહી છે. અમુક અંશે આપણે જોખમો પણ ખેડવાં જોઈશે. એકબે જગ્યાએ અનર્થ થઈ રહ્યો છે એવી ફરિયાદો મારી પાસે આવી છે. હું તેની યથાશક્તિ તપાસ કરી રહ્યો છું.

મારી મતિ પ્રમાણે પવિત્રતાને સુરક્ષિત રાખવા સારુ સ્ત્રીપુરુષે એકાંતવાસનો સર્વકાળે સર્વ સ્થળે ત્યાગ કરવો ઇષ્ટ છે. જ્યાં સંબંધ પવિત્ર છે ત્યાં એકાંતની આવશ્યકતા નથી. આપણી તાલીમમાં, આપણા વચનમાં, આપણા ખોરાકમાં, આપણી ટેવોમાં સુધારો થવાની આવશ્યકતા છે. શાસ્ત્રોમાં તો કેટલાંક વચનો જે તે તે કાળને વિષે લખાયેલાં છે તેનું ચિંતવન જ મને તો અત્યારે ભયાનક લાગે છે. સ્ત્રીની સામે જોવું એ જ પાપ ગણાયાથી આપણે કુવિચારો વિના કેમ જાણે જોઈ જ ન શકીએ એવી ધાસ્તી પેદા થઈ છે. માતાનાં દર્શન કરીને પુત્ર પવિત્ર થાય છે. બહેનની સામે ભાઈ નિર્દોષ બુદ્ધિથી જુએ તેમાં પાપ હોય જ નહીં. પાપ મનની સ્થિતિને અવલંબે છે. વિકાર વિના જે પુરુષ સ્ત્રી સામે ન જ જોઈ શકે તેણે તો આંખ જ ફોડવી ઘટે અથવા ત્યાં લગી તે જંગલ સેવે. વિનાકારણ જે સ્ત્રી સામું જોઈ નિર્વિકારી હોવાનો દાવો કરે તે પાખંડી છે. પ્રસંગ પડ્યે જે સ્ત્રીની સામું જોતાં ડરે, તેણે પોતાની ભીરુતા દૂર કરવી ઘટે છે. અજાણી સ્ત્રીની સામે જોવું અવશ્ય પાપ સમજાય. પણ આ વિષે કંઈ એક કાયદો હોય જ નહીં. ગમે તેટલી વાડો બાંધો છતાં મલિન મન મલિનતા જ શોધશે ને પ્રસંગ ન મળતાં છેવટે માનસિક પાપ પણ કર્યા જ કરશે. શુદ્ધ મન પોતાની પાસે અણધારી આવી પડેલી લાલચોને ઓળંગી જશે ને અણીશુદ્ધ રહેશે.

છેવટમાં સંયમીએ લખનારની સૂચનાને સરળભાવે સંઘરી સાવધાન રહી પોતાનો સેવાધર્મ પાળવો રહ્યો છે.

પણ ઉપરના લેખનો સર્વથી અગત્યનો ભાગ તો મને લગતો છે. મને લાગે છે કે લખનારની બધી ટીકા યથાર્થ છે. મારે નામે થતા બધા ખર્ચની જવાબદારી મારે માથે છે એમાં મને કશી શંકા નથી. મારે અર્થે ઘણું ખર્ચ નાહક થાય છે એમ હું ઘણી વેળા અનુભવું છું. ઘણા

Gandhi Heritage Portal

મિત્રોની સાથે મેં એ બાબતમાં મીઠી વઢવેડ કરી છે. ઘણી જગ્યાએ હું મારી હાજતો વિષે પ્રથમ લખાવી જ મૂકું છું. આમ છતાં અતિશય પ્રેમ પોતાની અતિશયતા મેલતો જ નથી. કંઈક ને કંઈક બહાનું શોધી ખર્ચ કરે છે. આ બધું હમેશાં રોક્યું રોકી શકાતું નથી. તેમાં મારી નબળાઈ પણ હોય. હું ન પારખી શક્યો હોઉં તેવા ભોગો મારા મનને જોઈતા હોય એ સંભવે છે. હું મહાત્મા તો કહેવાનો, અલ્પાત્મા તો છું જ. નહીં તો કાં મિત્રવર્ગને દુ:ખી કરીને પણ અતિશયતાનો તદ્દન ત્યાગ ન કરું? એ સમય પણ આવો. એવું મારા જીવનમાં મેં ઘણું કર્યું છે. અહીં તો મારો દોષ સ્વીકારીને હું તેને કંઈક હળવો કરું છું ને લખનારને ખાતરી આપું છું કે તેના કાગળથી હું વધારે સાવધાન થયો છું ને રહીશ.

એક વસ્તુનો મારે બચાવ કરવો પડશે. તે શૌચાદિની સગવડનો. શૌચસ્થાન સૂવાબેસવાના સ્થાન જેટલું જ ચોખ્ખું હોવું જોઈએ એ હું પાંત્રીસ વર્ષ થયાં શીખ્યો છું. એ શિક્ષા હું પશ્ચિમમાં પામ્યો છું. શૌચના ઘણા નિયમોનું સૂક્ષ્મ પાલન પશ્ચિમમાં થાય છે તેવું પૂર્વમાં નથી થતું એવી મારી માન્યતા છે. પશ્ચિમના શૌચાદિના નિયમોમાં કેટલીક અપૂર્ણતા છે તે સહેજે દૂર કરી શકાય તેવી છે. આપણા ઘણા રોગોનું કારણ આપણાં જાજરૂ અને આપણી જ્યાં ત્યાં મેલું ફેંકવાની કુટેવો છે. તેથી શૌચાદિને સારુ સ્વચ્છ સ્થાન ને સ્વચ્છ વાસણોની આવશ્યકતા માની તેનો જ ઉપયોગ કરવાની મેં ટેવ પાડી છે અને સહુ તે ટેવ પાડે એમ ઇચ્છ્યું છે. એ ટેવ એટલે સુધી દૃઢ થઈ છે કે હવે તે હું બદલવા ઇચ્છું તોપણ ન બદલી શકાય. બદલવાની ઇચ્છા પણ નથી થતી. આ સગવડ સાચવવામાં કેટલોક પરિશ્રમ રહ્યો છે તે મારા યજમાનને ઉઠાવવો પડે છે. પણ તેને અર્થે મુંબઈથી પેટી મંગાવવી એ તો અનર્થ જ છે. એકાંત જગ્યા, માટીવાળી જ જમીન હોય તો ત્યાં ખાડો, તેની આસપાસ પગથીઓ, આટલું મારે સારુ બસ થાય છે. આ જગ્યા મારી સૂવાની જગ્યાની પાસે જ હોવાની જરૂર રહે છે. આવું શહેરોમાં તો પેટીથી જ બને તેથી ઘણા મિત્રો પેટીનો ઉપયોગ કરી લે છે. પણ તે પેટી પણ મુંબઈમાં જ બને એવું કંઈ નથી. ગમે તે સુતાર તે પેટી સહેજે બનાવી શકે છે અને ગ્યાસતેલનો અરધો ડબો વાસણની ગરજ સારી શકે છે. બીજા પણ ઘણા નુસખાઓ સ્વચ્છતા ને સગવડ જાળવવાના બતાવી શકાય.

સરંજામ એક પણ પરદેશી હોવાની આવશ્યકતા તો હોય જ નહીં. ખાદીની અંદર એ તો રહ્યું જ છે કે બીજી વસ્તુઓ પણ બને તેટલે અંશે સ્વદેશી જ વાપરીએ. ખાદી પહેરવી એટલે બીજી વસ્તુઓ પરદેશી વાપરવાનો પરવાનો મેળવવો એવો અર્થ કદી ન હોય. પણ અમુક વસ્તુ પરદેશી છે તેથી જ તેનો દ્વેષ કરવો એવો પણ ખાદીનો અર્થ નથી. ખાદીનો અર્થ સંગ્રાહક છે, નાશક નથી. સંગ્રહ કરતાં જે નાશ થાય તે અનિવાર્ય છે. તેથી સંગ્રહ પણ આવશ્યક હોય તે જ કરાય. વસ્ત્ર વિના ન જ ચાલે. હિંદુસ્તાનમાં વસ્ત્ર સહેજે બનાવી શકાય છે. તે વસ્ત્રનો ધંધો હિંદુસ્તાનના કરોડોને રોજી આપે છે. તેથી ખાદી તેઓની રોજીના સંગ્રહરૂપ છે; તેથી ખાદી ધર્મ છે અને તેથી વિદેશી વસ્ત્ર અને તેટલા પૂરતું દેશી મિલનું વસ્ત્ર પણ અધર્મ છે. પણ પશ્ચિમથી આવતી 'આયોડિન' નામની દવા જે હિંદુસ્તાનમાં બનતી જ નથી તે આવશ્યક છે તેથી પરદેશી છતાં ગ્રાહ્ય છે. પણ જેઓ પોતાના એશઆરામ વધારવાને જ ખાતર પરદેશી અથવા તો દેશી વસ્તુનો પણ ઉપયોગ કરે છે તેવા સેવકો અધર્મ આચરે છે. દેશ-સેવકથી તો એવું થઈ જ ન શકે. તેથી મુંબઈથી માયાવતીમાં સ્વાદને ખાતર મુંબઈની કેરી લઈ

Gandhi Heritage Portal

જવી એ સેવકને સારુ તો અધર્મ છે જ. જ્યાં એક રૂપિયાથી કાર્ય ચાલે ત્યાં સેવકે બે ખર્ચવા એ દેખીતી ચોરી છે.

તેથી મેં ઘણી વેળા મિત્રોને કહેવડાવ્યું છે તે અહીં મારે વિષે તો લખી નાખું છું. મારે નિમિત્તે નીચે લખી તે કરતાં વધારે સગવડો પેદા કરનાર નહીં મારું હિત જુએ, નહીં પ્રજાનું જુએ કે નહીં પોતાનું જુએ.

મને શૌચને સારુ એવી સ્વચ્છતા જોઈએ જેવી સૂવાને સારુ હોય.

મને સૂવાબેસવાનું સ્વચ્છ જગ્યામાં ને સ્વચ્છ હવામાં હોય એટલે બસ છે. ખાટલાની જરૂર નથી. મારું સૂવાઓઢવાનું મારી સાથે જ હોય એટલે ગાદલાની કે ગોદડાંની આવશ્યતા નથી રહેતી.

ખાવામાં મારે સારુ બકરીનું દરરોજ વધારેમાં વધારે ત્રણ શેર દૂધ હોય એટલે બસ છે અને બે ખાટાં લીંબુ. મારે સારુ બીજો આવશ્યક મેવો હું સાથે રાખું છું. મને બકરીના દૂધના ઘીની જરૂર હોય નહીં. મને મુસાફરીમાં જોઈએ તો બકરીના દૂધના ઘીની વસ્તુ હું સાથે બનાવીને ફેરવું છે. બકરીના દૂધમાંથી મહાખર્ચ કરીને ઘી બનાવડાવવું એ મહાપાપ સમજું છું.

મારી સગવડને સારુ મોટરની જરૂર હોય નહીં. પણ વખત બચાવવાને સારુ મોટરનો ઉપયોગ અવશ્ય કરાય.

મારે સારુ પહેલા વર્ગનો ડબો હોય જ નહીં. મારે એકલાને બીજા વર્ગની હાલ જરૂર છે ખરી; પણ મારા સાથીઓને ત્રીજા વર્ગની જ સગવડ પૂરતી હોય છે. મારી સાથે કોઈ કોઈ વાર પોતાને ખર્ચે ભાઈઓ ને બહેનો ફરે છે. તેઓ ગાડીની સગવડ તો પોતે જ પોતાની કરી લે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૪–૫–૧૯૨૫

## ૮૯. ફૉરવર્ડને સંદેશો

મે ૨૫, ૧૯૨૫

રેંટિયાની સાથે સાથે આગળ વધો. કારણ, હું જાણું છું કે એની મારફતે જ આપણે સ્વરાજવાદીઓને સાચું બળ આપી શકીશું. ફૉરવર્ડના વાચકો પ્રત્યેક ઘરને રેંટિયા વડે . . .[૧] અને બહુ થોડા વખતમાં સુભાષચંદ્ર બોઝને આપણે આપણી વચ્ચે જોઈશું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૮૦૪૯

૧. અહીં મૂળ લખાણ ઉકેલી શકાતું નથી.

Gandhi Heritage Portal

## ૮૭. નૃ. ચિ. કેળકરને પત્ર

મે ૨૫, ૧૯૨૫

પ્રિય શ્રી કેળકર,

તમારી ચિઠ્ઠી મળી. જ્યાં સુધી આપણી પાસે સોંપણીની વિગતોવાળો યોગ્ય દસ્તાવેજ ન આવે ત્યાં સુધી આપણે મધ્યસ્થી હાથ ધરવી ન જોઈએ. બધા પક્ષકારો જાણે છે કે મેં પહેલેથી જ આ વાતનો આગ્રહ રાખ્યો છે. અને એ શરત પણ મૂકી છે કે મારા ઉપર સમયની મર્યાદા લાદવી નહીં.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : સી. ડબલ્યુ. ૩૧૧૪; શ્રી કાશીનાથ ન. કેળકરના સૌજન્યથી

## ૮૮. નોંધ

### છેલ્લામાં છેલ્લું માહિતીપત્રક

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ કૉંગ્રેસના સભ્યો અંગેનું જે છેલ્લામાં છેલ્લું માહિતીપત્રક મોકલ્યું છે તે આ પ્રમાણે છે :

| | પ્રાંત | ગયે મહિને | | ચાલુ મહિને | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | अ | ब | अ | ब | |
| ૧ | અજમેર | ૨ | ૧૫ | — | — | ૧૭ |
| ૨ | આંધ્ર | — | — | — | — | ૧૯૬૫ |
| ૩ | આસામ | ૧૧૩ | ૧ | — | — | ૧૧૪ |
| ૪ | બિહાર | ૭૧૮ | ૨૬૧ | — | — | ૯૭૯* |
| ૫ | બંગાળ | ૩૫૪ | ૧૯૧૯ | — | — | ૨,૨૭૩ |
| ૬ | વરાડ | — | — | ૬ | ૨૦ | ૨૬† |
| ૭ | બ્રહ્મદેશ | ૪૨ | ૨૮ | ૩૩ | ૨૮ | ૬૧ |
| ૮ | મધ્ય પ્રાંત (હિન્દી) | — | — | — | — | ૫૦૦ |
| ૯ | મધ્ય પ્રાંત (મરાઠી) | ૮૦ | ૫૨ | — | — | ૧૩૨ |
| ૧૦ | મુંબઈ | ૨૩૧ | ૧૩૩ | ૨૪૨ | ૨૦૧ | ૪૪૩ |
| ૧૧ | દિલ્હી | ૮૩ | ૬૨ | ૨૪૩ | ૬૪૭ | ૮૯૦ |
| ૧૨ | ગુજરાત | ૨૦૯૫ | ૧૦૧ | — | — | ૨,૧૯૬ |
| ૧૩ | કર્ણાટક | ૩૭૬ | ૩૪૪ | — | — | ૭૨૦ |
| ૧૪ | કેરળ | — | — | — | — | § |
| ૧૫ | મહારાષ્ટ્ર | ૪૦૮ | ૨૯૨ | — | — | ૭૦૦ |
| ૧૬ | પંજાબ | ૫૦ | ૫૭૪ | ૫૦ | ૭૫૪ | ૮૦૪‡ |
| ૧૭ | સિંધ | ૭૩ | ૧૯૨ | ૧૦૭ | ૨૩૪ | ૩૪૧ |
| ૧૮ | તામિલનાડ | — | — | — | — લગભગ | ૧૪૦૦ |
| ૧૯ | ઉત્તર પ્રદેશ | ૨૩૭ | ૪૬૭ | — | — | ૧,૪૮૪÷ |
| ૨૦ | ઉત્કલ | — | — | — | — | ૩૧૦π |
| | | ૪૮૬૨ | ૪૪૪૧ | ૬૮૧ | ૧૮૮૪ | ૧૫૩૮૫ |

Gandhi Heritage Portal

* બ વર્ગમાંથી ૧૦૩ સભ્યોએ કુટુંબના સભ્યોએ કાંતેલું સૂતર મોકલ્યું.

† ૪ જિલ્લામાંથી ૩ જિલ્લાના આંકડા આવ્યા નથી.

§ માર્ચ મહિનાની પણ કાંઈ માહિતી મળી નથી.

‡ આમાંના કેટલા સભ્યોએ ખરેખર લવાજમ ભર્યું છે તે જણાયું નથી.

÷ ૭૮૦ સભ્યોનું વર્ગીકરણ થયું નથી.

π આમાંના માત્ર ૧૧૬ સભ્યોએ તેમનું એપ્રિલનું લવાજમ એપ્રિલની અધવચ સુધીમાં ભર્યું છે.

જે લોકો નવા મતાધિકારમાં માને છે અથવા તો જેઓ કૉંગ્રેસને એક અસરકારક કામ કરતી સંસ્થા બનાવવા ઇચ્છે છે તેમને આ માહિતીપત્રક રસિક અભ્યાસ પૂરો પાડે એમ છે. નાગપુરમાં કેરળને નવો પ્રાંત બનાવવામાં આવ્યો. તે પ્રાંત ઉમદા કામ તથા વધારે મોટું બલિદાન આપશે એવી આશા બંધાઈ હતી. પણ કૉંગ્રેસની હાકલ પ્રત્યે તેના કાન સાવ બહેરા છે. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિને આ માટેનાં કારણો રજૂ કરવા જેટલી પણ તેણે મહેરબાની બતાવી નથી. વાઈકોમનો સત્યાગ્રહ કેરળને માટે શોભાસ્પદ છે. પણ કોઈ વ્યક્તિ કે સંસ્થા કાયમને માટે પોતાની પ્રતિષ્ઠા પર નભી શકતી નથી. જે પોતાનું જમા પાસું વધારતો નથી, તે પોતાની પાસે છે તે પણ ગુમાવતો જાય છે. મધ્ય પ્રદેશ (હિન્દી) પણ નવો પ્રાંત છે. અને આ પહેલાં તેણે બતાવેલી બહાદુરીને લીધે તે આગળ આવી ગયો છે. પણ તેણે પણ માત્ર કુલ સંખ્યાનો આખો આંકડો આપીને સંતોષ માન્યો છે. મને ૫૦૦નો આંકડો સાચો હોવા વિષે સંદેહ છે. તે ૪૯૯ કે ૫૦૧ કેમ નથી? તેણે સભ્યોનું વર્ગીકરણ પણ આપ્યું નથી. એનો અર્થ બતાવવા માટે ખુલાસો કરવો જરૂરી છે. ત્યાં ૫૦૦ ઉપર એક પણ સંખ્યા વધી નથી? તેમાં કોઈએ નિયમ-ભંગ કર્યો જ નથી? એ બધા જાતે કાંતનારા સભ્યો છે? કે તેમણે બીજાનું કાંતેલું સૂતર મોકલી આપ્યું છે? જો એમ ન હોય તો તેમણે પોતાના ભાગનું સૂતર કઈ રીતે મોકલ્યું છે? કે પછી કૉંગ્રેસે પોતે જ એજન્ટ બનીને સભ્યો માટેનું સભ્યપદનું સૂતર ખરીદી લીધું છે અને સભ્યોને તે ખરીદવામાંથી અને ચકાસવાની તકલીફમાંથી ઉગારી લીધા છે? જો કૉંગ્રેસે આવી એજન્સી લીધી હોય તો કઈ શરતોએ? આ બધા પ્રશ્નોના ઉત્તર જાણતાં આનંદ થાય તે સ્વાભાવિક છે. આંધ્રનો હેવાલ એની ભૂતકાળની પરંપરાને બિલકુલ શોભા આપતો નથી. એનું કારણ મને એ લાગે છે કે તે આંતરિક વિખવાદથી છિન્નભિન્ન થઈ ગયું છે. એટલે તેના વિકાસની શક્તિ કુંઠિત થઈ ગઈ છે. તામિલનાડે પણ સારો દેખાવ કર્યો નથી. જો તે પણ પોતાને ત્યાંના બ્રાહ્મણ બ્રાહ્મણેતરના કાયમી ઝઘડાઓનો નિકાલ કરે તો તે સહેલાઈથી પોતાનું હીર પ્રગટ કરી શકે. પણ આ પરિસ્થિતિથી હું ગભરાઉં એમ નથી. હું તો સુધરતાં વાર લાગે એવો રીઢો ગુનેગાર છું. મેં જે નિરાશાભર્યું ચિત્ર રજૂ કર્યું છે, તેથી મને મારો નવો મતાધિકાર બદલવાને બદલે તેને વળગી રહેવાને કારણ મળે છે. મતાધિકારની આ યોજનાને હું મોળી પાડવા ઇચ્છતો નથી, પણ તેના મુખ્ય હેતુને વધારે દૃઢ બનાવવા માગું છું. જો કૉંગ્રેસને રાષ્ટ્રની જરૂરિયાતનો પડઘો પાડે તેવી સંસ્થા બનાવવી હોય, તેને આમજનતાની પ્રતિનિધિ બનાવવી હોય, અને પ્રસંગ આવ્યે નક્કી કરેલું કામ કરવાની તાકાત ધરાવે તેવી કરવી હોય તો તે માટે શિસ્ત જોઈશે, તેનાં બધાં અંગો વચ્ચે સહકાર જોઈશે, અને દરેક સભ્યમાં જવાબદારીનું પૂરું ભાન જોઈશે. રાષ્ટ્રીય પ્રવૃત્તિ માટે ૧૫,૦૦૦ સભ્યો, જોઈએ તેના કરતાં વધારે ગણાય, પણ તે બધા તેમના ધ્યેયને વરેલા અને પોતે જ પોતાના પર મૂકેલી કસોટીમાંથી પાર ઊતરે તેવા હોવા જોઈએ. મેં માથે લીધેલા

Gandhi Heritage Portal

આ એકધારા પ્રવાસમાં અત્યાર સુધીમાં મેં જે અવલોકન કર્યું છે, અને જે કરી રહ્યો છું તે પરથી મને પૂરી ખાતરી થઈ છે કે કૉંગ્રેસને મુખ્યત્વે જાતે કાંતનારાઓનો સંઘ બનાવવો જોઈએ. આ સાદી શિસ્ત જ દેશમાં વ્યાપી રહેલી જડતાને દૂર કરી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८–५–१९२५

## ૮૯. ખેડૂતોનો પોકાર

મારો બંગાળનો પ્રવાસ જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ મને મળતાં માનપત્રો વધુ ને વધુ વ્યવસ્થિત બનતાં જાય છે. મારાં અને મારાં કામનાં વખાણની જગ્યાએ તે કંઈક શીખવાનું મળે તેવાં, કીમતી માહિતી આપનારાં હોય છે. આવું એક માનપત્ર ટિપરાના કિસાન સંઘ તરફથી મળ્યું છે. એમાં આ અર્થઘન વાક્યો છે:[1]

વાચકને હું એટલી ખાતરી આપું છું કે મેં આ માનપત્રમાંથી માત્ર તેની શરૂઆત તથા અંતના એક વાક્યના બનેલા પૅરેગ્રાફ છોડી દીધા છે. અને કેટલાંક વધારે પડતાં વખાણનું અડધું વાક્ય છોડી દીધું છે. ઉપરના નિવેદનમાં અતિશયોક્તિ કરવામાં આવી છે એમ માનવા હું તૈયાર છું. પણ હું એમ કહ્યા વગર રહી શકતો નથી કે એકંદરે એમાં કિસાનોની સ્થિતિનું તેમના દૃષ્ટિ-બિંદુ પ્રમાણે બહુ જ યોગ્ય ચિત્ર રજૂ થયું છે. તેનો સૌથી વધુ ધ્યાન ખેંચે તેવો ભાગ તેઓને છ માસની બેકારી ભોગવવી પડે છે તે છે. દેશના બીજા ભાગોમાં જે સ્થિતિ છે તેનો જ અહીં પડઘો પડે છે. ઘણા લોકો પોતાની સાવ થોડી જમીન પર છ મહિના કામ કરે છે અને બાકીના છ મહિના પોતાના વતનથી દૂર કારખાનાંઓમાં કામ કરવા જાય છે. કોઈ પણ અભ્યાસી વાચક જોઈ શકશે કે એ દુ:ખની કથામાં સ્વાભાવિક રીતે જ આ બેકારી મોખરે છે. અને બીજી અનેક મુશ્કેલીઓનું કારણ પણ એ જ છે. જો તેમને પોતાના જ ઘરઆંગણે આખા વર્ષનું સ્થિર કામ મળ્યા કરતું હોત તો તેમને શાહુકાર પાસે દોડી જવું ન પડત. જો તેમની પાસે થોડી પણ બચત હોત તો તેમને પોતાના શણને મોં માગ્યા ભાવે વેચી દેવું ન પડત. તેમને છ મહિના કંઈક ઉદ્યોગધંધો મળે તો તેમના જીવનમાં જરૂર ક્રાંતિ આવે.

પણ તેઓ કહે છે કે તેમને કાંતતાં આવડતું નથી. તેઓ મને કહે છે કે મારે એ હકીકત તરફ કૉંગ્રેસીઓનું ધ્યાન ખેંચવું. મને મનમાં એમ થાય છે કે રેંટિયા માટેની મારા દિલમાં જે શ્રદ્ધા અને દાઝ છે, તે હું કૉંગ્રેસીઓમાં જગાડી શકું. અલબત્ત, પ્રજાના પ્રતિનિધિઓ તરીકે તેમણે પોતે જ એ લોકોની વચ્ચે જવું જોઈએ ને રેંટિયાનો સંદેશો પહોંચાડવો જોઈએ. આ સંદેશો લઈ જવામાં અને તેમને કાંતતા કરવામાં જ તેમને આપોઆપ એ લોકોની સ્થિતિનો ખ્યાલ આવશે અને તેઓ તેમનાં સુખદુ:ખમાં ભાગ લેતા થશે. કૉંગ્રેસીઓએ ગામડાંઓમાં તીડનાં ટોળાંની જેમ ઊતરી પડવાનું નથી, પણ તેમણે પ્રેમના સંદેશવાહક બનીને તેમની પાસે જવું

૧. અહીં રજૂ કર્યાં નથી. માનપત્રમાં અનાજ પકવનાર અને શણ ઉગાડનાર ટિપરાના ખેડૂતોની દુર્દશાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. તેનાં કારણોમાં મજૂરીના નીચા દર, બેકારી, તેમના ઉત્પાદનના અસમાન ભાવો, પીવાના પાણીની તંગી, કોરટબાજી વગેરે ગણાવ્યાં હતાં. આ બધામાંથી રાહત મળે તે માટે તેમાં અપીલ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

જોઈએ, તેમની જરૂરિયાતો સમજવી જોઈએ અને તેમની સ્થિતિ સુધારવામાં મદદ કરવી જોઈએ. આ સેવકો રેંટિયાના પ્રચાર માટે ગયા પછી ત્યાં કોઈ બીજી રીતે તેમને ઉપયોગી થઈ શકાય તેવું કામ કરે તો તેથી મને બિલકુલ દુઃખ નહીં થાય, તેમ હું અસ્વસ્થ પણ નહીં થાઉં. તેઓ ગામડાંમાં જાય અને સેવક બનીને ત્યાં રહે. હું જેને જેને મળું છું, તે દરેક એ વાત કબૂલ તો કરે છે કે ગામડાંમાં કામ કરવાની જરૂર છે, પણ હકીકતમાં બહુ થોડા લોકો તે પ્રમાણે કરે છે. જે લોકો ગામડાંમાં ગયા છે તેમાંના મોટા ભાગના લોકોને લાગ્યું છે કે રેંટિયો એ સેવાનું યોગ્ય સાધન છે. પણ ગામડાં સાત લાખ છે. અને પૂરા સાતસો જેટલાય ગ્રામસેવકો આપણી પાસે નથી, આપણી પાસે કિસાનોનું માનપત્ર આપણે માટે એક ઠપકો અને એક ચેતવણી છે. આપણી પાસે ગામડાંમાં કામ કરનારાઓની ગણનાપાત્ર સંખ્યા થશે ત્યારે જ સ્વરાજની વાત કરવાનો સમય પાકશે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૮–૫–૧૯૨૫

## ૯૦. કેટલીક ત્રુટિઓ

હું બંગાળના જીવનને વધુ ને વધુ સમજતો જાઉં છું, તેમ તેમ તેમાં રહેલી વિકાસની ઘણી મોટી શક્યતાઓનો મને ખ્યાલ આવતો જાય છે. બંગાળે આ જમાનાનો દુનિયાનો સૌથી મોટો કવિ આપ્યો છે. દુનિયાના ઉત્તમ વૈજ્ઞાનિકોમાંના બે વૈજ્ઞાનિકો[1] પણ તેણે આપ્યા છે. તેની પાસે એવા ગાયકો છે કે જેને મહાત કરવા મુશ્કેલ છે. તેની પાસે એવા ચિત્રકારો છે કે જેમની કલા હિંદના એક છેડેથી બીજા છેડા સુધી જાણીતી થયેલી છે.[2] તેણે આપેલાં બલિદાનોનાં દૃષ્ટાંતો એવાં જ્વલંત છે કે મહારાષ્ટ્ર પણ તેની સાથે હરીફાઈ ન કરી શકે. જ્યારે મેં ક્રાંતિકારી મિત્રના પત્રનો જવાબ લખ્યો ત્યારે મલેરિયા વિસ્તારમાં માત્ર પેટપૂરતું વળતર લઈને કામ કરનારા સેવકોને મેં મારી સગી આંખે જોયા નહોતા. મને ખરેખર એ વાતની ખબર નહોતી કે ત્યાં કેટલાય જુવાનો એવી ગરીબ હાલતમાં રહેતા હતા કે પૂરા પોષણના તેમ જ હવાફેરના અભાવને કારણે જ તેઓ અનેક પ્રકારના રોગોના ભોગ બન્યા હતા. બંગાળનાં સ્ત્રીપુરુષ બંનેમાં કાંતવા માટેનું ખાસ કૌશલ્ય છે. મેં બંનેને ચાંદપુર, ચટગાંવ, મહાજનહાટ, નોઆખલી, કોમિલ્લા, ઢાકા અને મૈમનસિંગમાં કામ કરતાં જોયાં છે. આ બધીય જગ્યાએ મેં હિંદના કોઈ પણ ભાગ કરતાં વધારે સારું કામ થતું જોયું છે. તેઓ ધંધાદારી કાંતનારાં નહોતાં. તેઓ રોજ કાંતવાની આદતવાળાં પણ નહોતાં, કારણ કે મોટા ભાગનાં જો મારી હાજી હા કરવા નહીં આવ્યાં હોય તો મને ખુશ કરવા અથવા તો માન આપવા તો આવ્યાં જ હતાં. અને છતાં તેમનું કામ વખોડવા જેવું નહોતું. પણ તેમની પાસે ટેકનિકલ જ્ઞાન ન હોવાને કારણે તેમની આવડત તથા આત્મભોગ એળે જાય છે. મેં જોયું કે મોટા ભાગના રેંટિયા ઢંગધડા વગરના હતા. કાં તો તે બરાબર ચાલતા નહોતા અથવા તો તેમની બનાવટ જ એવી હતી કે તે ખૂબ ભારે ફરે. અને તેથી ત્રાક વધુમાં વધુ નહીં પણ ઓછામાં ઓછા આંટા આપે. એટલે તેનું ઉત્પાદન પણ ઓછામાં ઓછું

૧. ડૉ. જગદીશચંદ્ર બોઝ અને ડૉ. પી. સી. રાય.
૨. જુઓ "ફરીથી એ જ વાત", ૭–૫–૧૯૨૫.

Gandhi Heritage Portal

હોય. મેં આવા એક રેંટિયા પર પૂરી ત્રીસ મિનિટ કાંત્યું. સામાન્ય સૂતરનો મારો સરેરાશ ઉતાર અડધા કલાકના ૧૩૦ તારનો છે. પણ આ બંગાળની બનાવટ પર ૩૦ તાર માંડ ઊતર્યા. સારા ચરખા વડે આનાથી ત્રણગણો ઉતાર સહેલાઈથી મેળવી શકાય. રાષ્ટ્રને માટે કે વ્યક્તિને માટે કલાકમાં ત્રણગણી કમાણી થાય, તે કંઈ જેવોતેવો લાભ નથી. બંગાળનો રેંટિયો ઘણો સારો ને સસ્તો છે. ખાદી પ્રતિષ્ઠાનનો રેંટિયો ખૂબ સુંદર છે અને તે કામ પણ સરળ આપે છે. વળી તે માત્ર અઢી રૂપિયામાં મળી શકે છે. આખા હિંદમાં આ જ પ્રકારનું આટલું સસ્તું યંત્ર મેં બીજે ક્યાંય જોયું નથી. હું જરૂર ઇચ્છું છું કે બંગાળ પ્રતિષ્ઠાનની બનાવટનો આ નમૂનો અપનાવશે. એ ઉપરાંત એ પણ જરૂરી છે કે આ બાબતના નિષ્ણાત માણસો બધાં સ્થળોએ ફરી વળે અને રેંટિયા સુધારી આપે અને જે રેંટિયા સુધારવાનું શક્ય જ ન હોય તે રદ કરે. વળી, આ નિષ્ણાતે, પોતે જેની ભલામણ કરે તે રેંટિયાના ચડિયાતાપણાનું પ્રદર્શન પણ કરવું જોઈએ. જો પોતાનો બધો સમય આપનારા અને બીજાં બધાં કામ છોડીને ખાદી અને રેંટિયાની પાછળ મંડી રહેલા લોકો મળી આવે તો જ આ બધું કામ થઈ શકે. આવી સંસ્થા ખાદી પ્રતિષ્ઠાન છે અને એવા નિષ્ણાત સતીશબાબુ છે. તેમણે રેંટિયાને ખાતર પોતાનું સર્વસ્વ ત્યજી દીધું છે. ઉપરાંત બીજો પ્રશ્ન એ છે કે શુદ્ધ ખાદી સાથે ભેળસેળિયા અને મિશ્ર ખાદીની બૂરી હરીફાઈ ચાલી રહી છે. જો કૉંગ્રેસના ઠરાવોનો કૉંગ્રેસીઓ ઉપર કંઈ પણ પ્રભાવ પડતો હોય તો તેમને આ અશુદ્ધ ખાદી સાથે બિલકુલ લેવાદેવા ન હોવી જોઈએ. એટલે, કૉંગ્રેસની જે સંસ્થાઓ મિશ્ર ખાદી પેદા કરે છે અથવા તેને ટેકો આપે છે, તે તેમ કરતી બંધ થાય એવી હું આશા રાખું છું. મિશ્ર ખાદીમાં મોટે ભાગે તાણો મિલના સૂતરનો નાખવામાં આવે છે. જો આપણે તાણામાં મિલનું સૂતર વાપરવાની ટેવ પાડીશું તો હાથે કાંતેલા સૂતરની ગુણવત્તા વધારવાનું અને કાંતણને ગૃહઉદ્યોગ તરીકે ફરી ચાલુ કરવાનું કામ આપણે કોઈ દિવસ નહીં કરી શકીએ, તેમ જ પરદેશી કાપડના બહિષ્કારને પણ સફળ નહીં કરી શકીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८–५–१९२५

## ૯૧. રાષ્ટ્રસેવા અને વેતન

એક પત્રલેખક આ પ્રમાણે લખી જણાવે છે:[1] તેઓ યંગ ઇન્ડિયાના નિયમિત વાચક નથી, એટલું સ્પષ્ટ છે, નહીં તો એમનું એ વસ્તુ તરફ ધ્યાન ખેંચાયું હોત કે મેં વારંવાર કહ્યું છે કે રાષ્ટ્રની સેવામાં એક પગારદાર સેવક તરીકે કામ કરવામાં હું મારું ગૌરવ જ સમજું. મારા પ્રવાસખર્ચની અને એવા બીજા ખર્ચની વાત જુદી છે. એ ખર્ચની રકમ હું કૉંગ્રેસ ખાતે તેના ઠરાવ વિના ન ચડાવી શકું. હું આ પ્રવાસો કૉંગ્રેસના કોઈ ઠરાવને આધારે કે તેના કહેવાથી નથી કરતો. હું જુદા જુદા પ્રાંતોનો બોલાવ્યો ત્યાં જાઉં છું. આ બધું ખર્ચ કૉંગ્રેસ પાસેથી માગવું એ ખોટું છે, અને કૉંગ્રેસ પાસે એવો ઠરાવ કરાવવો એ પણ યોગ્ય નથી. આ

૧. પત્ર અહીં રજૂ કરવામાં આવ્યો નથી. આ પત્રલેખક પોતાને વેતન સ્વીકારતા ખિલાફત અને કૉંગ્રેસના કાર્યકર્તા તરીકે ઓળખાવે છે. તા. ૩૦–૪–૧૯૨૫ની 'નોંધ' (પુસ્તક ૨૬, પા. ૪૯૫–૬) તરફ ધ્યાન ખેંચતાં તે કહે છે કે ગાંધીજી, અલીભાઈઓ, મોતીલાલ નેહરુ અને સી. આર. દાસ જેવા નેતાઓ "પોતાની જાતને રાષ્ટ્રના પગારદાર સેવકો તરીકે ગણવામાં ગૌરવની હાનિ" સમજે છે, તેને લીધે હું મૂંઝવણમાં મુકાયો છું.

Gandhi Heritage Portal

પત્રલેખક એ વાત નહીં જાણતા હોય કે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના સભ્યોને જ્યારે બેઠકમાં બોલાવવામાં આવે છે, ત્યારે તેઓ પણ પોતાનું ખર્ચ કૉંગ્રેસ ખાતે ચડાવતા નથી. જો આવું ખર્ચ કૉંગ્રેસને માથે ચડાવવામાં આવે તો તેનું ફંડ થોડા જ વખતમાં ખલાસ થઈ જાય. પણ જો હું કૉંગ્રેસનો વ્યવસ્થિત રીતે તેના બંધારણના નિયમો મુજબનો પૂરા સમયનો કાર્યકર્તા બનું અને આપણી પાસે વેતનદાર રાષ્ટ્રીય સેવકોની યોજના હોય તો બીજાઓને ઉત્તેજન આપવા માટે એની યાદીમાં હું સૌથી પહેલું નામ નોંધાવું. આવી સેવાયોજના હજી આપણે ઊભી કરી શક્યા નથી. અને આખા દેશ માટે, ખુદ ગુજરાત માટે પણ આવી યોજના કરવામાં અનેક વ્યવહારુ મુશ્કેલીઓ મને દેખાઈ છે. એકથી વધુ વખત મેં આવી યોજના વિચારી છે, પણ તરત જ મારે તેને પડતી મૂકવી પડી છે. જો આ પત્ર લખનાર પોતે પ્રામાણિકપણે કરી રહેલા કામ માટે ખિલાફત ઑફિસમાંથી વેતન લેતા હોય તો તેમણે પોતાના અંતરમાં તેનો ડંખ રાખવાની જરૂર નથી. તેમને આશ્વાસન મળતું હોય તો તે એટલું જાણી લે કે અલીભાઈઓ જ્યારે ખિલાફત સમિતિના ફરમાનથી પ્રવાસ કરતા ત્યારે બધો ખર્ચ તેને ખાતે નાખતા. એથી વિશેષ આશ્વાસનની જરૂર હોય તો તે એ પણ જાણે કે જ્યારે ખિલાફતના કામે હું પોતે અલીભાઈઓ સાથે ફરતો હતો ત્યારે મારું બે કે ત્રણ વખતનું બધું ખર્ચ ખિલાફત સમિતિએ ઉપાડ્યું હતું. તે વખતે પણ હું મારા ખર્ચ માટે મારા મિત્રો પર આધાર રાખી શક્યો હોત, પણ ખિલાફત પક્ષના એક સેવક તરીકે ગણાવવામાં મને ગૌરવ લાગતું હતું. અલીભાઈઓ પોતાનો અંગત ખર્ચ ખિલાફત સમિતિ પાસેથી લેતા નથી, અથવા અગાઉ લીધું નથી, તેનું કારણ એ છે કે તેમની ફરજો એટલી મોટી હતી કે તેઓ ખિલાફત સમિતિ પાસે ન્યાયી રીતે પોતાનું બધું ખર્ચ માગી જ ન શકે. અને તેમણે માગ્યું હોત તો બહુ ખોટો દાખલો બેસત.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८–५–१९२५

# ૯૨. નોંધ[1]

### હકીમજીનો કાગળ

હકીમસાહેબ અજમલખાન માર્સેલ્સથી ઉર્દૂમાં લખે છે તેનો તરજૂમો નીચે આપું છું:

મુંબઈથી ૧૦મી એપ્રિલે ઊપડી આજ ૨૨મી એપ્રિલે માર્સેલ્સ પહોંચ્યો છું. રસ્તે મારી તબિયત કંઈક ઠીક રહી.

ચાલતી વેળાએ આપને ન મળાયું તેનો મનમાં વસવસો રહી ગયો. ઊપડતાં પહેલાં આપને મળવાની તક મેળવવા મન બહુ ઉત્સુક હતું. હવે તો ઈશ્વરેચ્છા હશે તો પાછો ફરીશ ત્યારે એ સદ્ભાગ્ય પ્રાપ્ત થશે.

આ સફરમાં મને જ્યારે કોઈ હિંદુસ્તાનની વાત પૂછશે ત્યારે મને ભારે શરમ આવશે. કારણ, આજકાલ હિંદુસ્તાન બેજાર છે અને એની બે મશહૂર પણ દુર્ભાગી કોમો હિંદુમુસલમાન આપસમાં પેટ ભરીને લડી રહેલ છે એ સિવાય હું અત્યારે બીજો શો ઉત્તર

૧. આ નોંધમાં આવતાં "હકીમજીનો કાગળ", "કાળખળ" અને "પતિત બહેનો અને રેંટિયો" આ ત્રણ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૩૧–૫–૧૯૨૫ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

દઈ શકું એમ છું? જે લોકો આજે બંને કોમ વચ્ચેનું અંતર વધારવામાં મચ્યા છે તેમનાં દિલ હિંદુસ્તાનને ખાતર, એશિયાને ખાતર, બલકે, પોતપોતાની કોમને ખાતર દ્રવો અને તેઓ પોતાના પ્રયત્નો સન્માર્ગે વાળી નિશ્ચેષ્ટ મહાસભામાં જીવનનું સિંચન કરો.

દાક્તર અનસારી મજામાં છે અને આ સફરથી તાજા જણાય છે. એમની તરફના પ્રેમભર્યા સલામ સ્વીકારશો.

મહેરબાની કરી મારી વતી આપણા સૌ સાથીઓને ખબર પૂછશો અને સૌને મારા ઘટિત કહેવડાવશો.

હિંદુમુસલમાન ઝઘડાથી હકીમસાહેબને કેટલું દર્દ થાય છે એ આ કાગળ બતાવે છે. પોતાની આખી જિંદગી હિંદુમુસલમાન ઝઘડા શમાવવામાં ને બંને કોમો વચ્ચે એકસંપ વધારવામાં જેણે આપી હોય તેને આવું દર્દ થાય એ નવાઈની વાત નથી.

### કાળબળ

મારી હાલની મુસાફરીમાં અલીભાઈઓની 'જોડી'માંથી એકે જણ મારી સાથે નથી એનો અર્થ અમારી વચ્ચે ફાટ પડી હોવી જોઈએ એવો પણ કરનારા નીકળે એ કાળબળ છે. નોઆખલીમાં કેટલાક ભાઈઓએ મને પૂછ્યું કે ઘણા લોકો માને છે કે અમારી વચ્ચે ખુલ્લી ફાટ પડી છે. મેં તેમને કહ્યું કે એવું કશું જ થયું નથી અને થવાનો સંભવ પણ નથી. પણ ન કરે નારાયણ ને જો કદી એવું થવું લખ્યું જ હોય તો આટલો કાળ જેમ હું હમેશાં અમારી મૈત્રીની જાહેરાત કરતો આવ્યો છું તેમ તેવા બનાવની પણ જાહેરાત કરતાં હું અચકાવાનો નથી. પણ વાચકને હું ચેતવણી આપું છું કે તેણે નિરાશા ટાળવી હોય તો એવી જાહેરાતની બહુ આશા રાખવી નહીં. મૈત્રી કંઈ ચાલતાં બંધાતી નથી અને બંધાઈ એટલે પછી સહેજે તૂટતી નથી. એ તો કૈંક આઘાત ખમીને પણ ટકી રહે છે. એક જ આઘાત તે ન ખમી શકે અને તે અપ્રામાણિકતા અગર તો બેઈમાનીનો. કોહાટના મામલા વિષે મૌલાના શૌકતઅલી અને મારી વચ્ચે મતભેદ થયો એટલા ઉપરથી રખે કોઈ એમ માની લે કે તેથી અમારી મૈત્રીને કોઈ પણ જાતનું તાણ પડ્યું છે. જો અમે એકબીજાને ખુશ રાખવા ખાતર પોતાના પ્રામાણિક અભિપ્રાયને છુપાવત તો અમારી મૈત્રી તકલાદી ગણાત.

"ત્યારે મુસાફરીમાં તમારી સાથે બેમાંથી એકે જણ કેમ નથી?" આ બીજો સવાલ લાગલો જ પુછાયો અને તે સ્વાભાવિક હતો. મેં એ ભાઈઓને સમજાવ્યું કે મૌલાના શૌકતઅલી મુંબઈમાં ખિલાફત સમિતિની ખરાબે ચડેલી નાવ દુરસ્ત કરવામાં રોકાયેલા છે અને મૌલાના મહમદઅલી પોતાનાં બે અખબારો પાછળ બેજાર છે. તે છોડી અત્યારે ક્યાંય નીકળી શકે એમ નથી. વળી, હકીકત એ છે કે ૧૯૨૦–૨૧માં હતી તેવી આજે અમારે હમેશાં સાથે જ ફરવું જોઈએ એવી, અગત્ય પણ નથી રહી. ઊલટું, અત્યારે તો દરેક કાર્યકર્તા પોતપોતાની જગ્યાએ પોતાનું કામ બજાવવામાં જ રોકાયેલા રહે એ ઘણું જરૂરી છે. કામનો નકશો તો દેશ આગળ પડેલો જ છે. એ કાર્યક્રમ પાર પાડવામાં સૌ કોઈએ રોકાવાનું છે. નવો મતાધિકાર કેવો ચાલી રહ્યો છે તે તપાસી જોવા હું નિરીક્ષક બનીને અત્યારે દેશમાં ફરી રહ્યો છું. આમાં મારે સારુ નવા મતાધિકારની કિંમતની આંકણી થઈ રહેશે. મહાસભાના કામનો બોજો ઓણ સાલને સારુ માથે લીધા પછી એ કામ વધારેમાં વધારે સારી રીતે બજાવવાને સારુ જ્યાં જ્યાં મારી જરૂર હોય ત્યાં ત્યાં બને તો કોઈ મુસલમાન સાથી સહિત, નહીં તો તે વગર પણ મારે ફરવું જ રહ્યું. બાકી

Gandhi Heritage Portal

હિંદુમુસલમાન સવાલ વિષે તો મારે કહેવાનું બધું હું કહી ચૂકયો છું. મારો ઈલાજ પણ હું બતાવી ચૂકયો. હાલ તુરત એ અધૂરો માલૂમ પડયો છે. એ સ્થિતિમાં મારે હાલ ધીરજ રાખી રાહ જોવી રહી અને ઈશ્વરની કરુણા ભીખવી રહી. અત્યારે તો હું આ સવાલને લગતી મારી ફરજ મારી શ્રદ્ધાનો ફરી ફરી ઉચ્ચાર કરીને જ બજાવી સંતોષ માનું છું અને મારી બધી શક્તિને રેંટિયા અને અસ્પૃશ્યતાનિવારણ પાછળ રોકું છું.

### બળદગાડી ને રેંટિયો

બંગાળના મારા પ્રવાસ દરમિયાન મને અનેક બુદ્ધિશાળી બંગાળીઓએ પોતાની મૌલિક બુદ્ધિથી રેંટિયા વિરુદ્ધ કરેલી દલીલો સાંભળવા મળે છે. એમાંની ઘણીખરી દલીલોનો જવાબ આ પત્રનાં પાનાંઓમાં આપી દેવાયો છે. પણ વાચકો છાપાંમાં આવતાં લખાણો લાંબો વખત યાદ રાખી શકતા નથી. એટલે પત્રકાર ખૂબ જ સલામત રીતે પોતે અગાઉ કહેલી વાતનું પુનરાવર્તન કરી શકે છે. અલબત્ત, તેણે એટલી કાળજી રાખવી જોઈએ કે તે બંને વચ્ચે સમયનું ઠીક ઠીક અંતર રખાયું હોય. એક મિત્રે મને એમ પૂછયું હતું કે રેલવેની જગ્યાએ તમે બળદગાડી લાવવા માગો છો કે કેમ. અને જો એમ ન હોય તો તમે મિલોની જગ્યાએ રેંટિયાને મૂકવાની અપેક્ષા શા માટે રાખો છો? મેં તેમને કહ્યું કે હું રેલવેની જગ્યાએ ગાડું લાવવા નથી માગતો; કારણ કે હું તે ઇચ્છું તોપણ કરી શકું એમ નથી. ત્રીસ કરોડ ગાડાંથી પણ ધાર્યું અંતર ન કપાય. પણ મિલોની જગ્યાએ રેંટિયાને જરૂર લાવી શકું. કારણ કે રેલવેએ ઝડપના પ્રશ્નનો ઉકેલ કાઢયો. મિલો માટે ઉત્પાદનનો સવાલ હતો. અને એમાં તો હિંદમાં મોજૂદ છે એવા પૂરતા ફાજલ હાથો જો કામે લાગે તો તે બધા મિલોની હરીફાઈ સહેલાઈથી કરી શકે એમ છે. મેં તેમને કહ્યું હતું કે હકીકતમાં જો એક ગ્રામજન પોતાની મજૂરીની કિંમત લેખામાં ન લે તો પોતાની જરૂરિયાત પૂરતું મિલ કરતાં પણ સસ્તું કાપડ ઉત્પન્ન કરી શકે. અને વરસ દરમિયાનના પોતાના ફાજલ સમયમાં તે કાંતી કે વણી પણ શકે એટલે એ મજૂરીની કિંમત ગણવાની જરૂર પણ નથી. ખોટી કે અધૂરી ઉપમાઓ લોકોને કેવી રીતે ભરમાવી શકે છે, તે એક ધ્યાન ખેંચે એવી વાત છે. રેલવે અને ગાડાંની વચ્ચેનો ભેદ અને મિલ અને રેંટિયા વચ્ચેનો ભેદ એટલો બધો સ્પષ્ટ છે કે કોઈ પણ રીતે આ બેની સરખામણી કરી જ ન શકાય. પણ મારા મિત્રે કદાચ એમ માન્યું હશે કે હું કોઈ પણ પરિસ્થિતિમાં યંત્રનો વિરોધી છું. તેમના ખ્યાલમાં કદાચ મારા હિન્દ સ્વરાજમાં રજૂ કરેલા રેલવે વિષેના વિચારો રહી ગયા હોય. પણ મેં વારંવાર કહ્યું છે કે એ નાની ચોપડીમાં રજૂ કરેલા જુદા જુદા મૂળભૂત પ્રશ્નોની બધી વિગતમાં હું અત્યારે ઊતરી રહ્યો નથી.

### શક્તિનો બગાડ?

બીજી એક દલીલ એવી કરવામાં આવી છે કે રેંટિયામાં શક્તિનો બગાડ થાય છે. આ અજબ જેવી દલીલ કંઈ પણ વિચાર કર્યા વગર આગળ ધરવામાં આવે છે. મેં બતાવ્યું છે કે કોઈ પણ હેતુપૂર્વકની ક્રિયા શક્તિનો બગાડ ન ગણાય. દેશના કરોડો લોકો પાસે કંઈ નહીં તો વરસના ૪ મહિના બિલકુલ કામ હોતું નથી. તેમને કામ આપવા માટે દેશ આગળ રેંટિયો મૂકવામાં આવ્યો છે. વળી, એ વાંધા ઉઠાવનારને મેં એ પણ કહ્યું કે અડધા કલાકમાં સો જેટલા તાર કંતાય તો તેને શક્તિનો બગાડ કહી ન શકાય. ઉપરાંત, એ શક્તિનો બગાડ નથી એટલું જ નહીં પણ નક્કર આર્થિક કાર્યક્રમ છે. કારણ કે કરોડો લોકોને તેમના વસમા દિવસોમાં કંઈક

Gandhi Heritage Portal

ઉત્પાદક વ્યવસાય મળે અને તે માટે કોઈ વિશિષ્ટ આવડત કે લાંબી તાલીમની પણ જરૂર ન હોય, એવા સાર્વત્રિક ઉત્પાદક કાર્યક્રમની આજે દેશને જરૂર છે. આવો વ્યવસાય બીજો કોઈ નહીં પણ માત્ર રેંટિયો છે.

### ચડતી અને પડતી

નોઆખાલી જિલ્લો ખાદીકામ માટેનું એક આશાસ્પદ કેન્દ્ર છે. જ્યારે ખાદી આંદોલન પહેલવહેલું શરૂ થયું, ત્યારે ત્યાં ખૂબ કામ થયું હતું એ જાણીતી વાત છે. હું નોઆખલી ગયો ત્યારે મને ત્યાંના કામમાં આવેલ ભરતીઓટનો નીચે પ્રમાણેનો અહેવાલ આપવામાં આવ્યો છે, તેમાં સૌ કોઈને રસ પડયા વિના રહેશે નહીં.[1]

આમાંથી જે સાર નીકળે છે તે સ્પષ્ટ છે. કાર્યકર્તાઓએ નિરાશ ન થવું જોઈએ. કોઈ પણ સમયસૂચકતાવાળા વેપારીની જેમ તેમણે મુશ્કેલીઓની વચ્ચે પણ કામ કર્યે જવું જોઈએ. જ્યાં સુધી ખાદી બજારુ માલ ન બને ત્યાં સુધી આપણે આપણા અંગત ફાયદા માટે નહીં પણ દેશના ફાયદા માટે સ્વૈચ્છિક વેપારી બનવું જોઈએ. ખાદીકામ કૉંગ્રેસના વારંવાર બદલાતા પક્ષીય રાજકારણથી અલિપ્ત રહેવું જોઈએ. કૉંગ્રેસ પોતાનો કાર્યક્રમ ભલે પચાસ વાર બદલે પણ ખાદીનો ને રેંટિયાનો કાર્યક્રમ તેણે બિલકુલ બદલવો ન જોઈએ. કારણ કે તે કાર્યક્રમ પર કરોડો ગરીબ અને મૂંગા લોકોનું ભાગ્ય અવલંબે છે.

### પતિત બહેનો અને રેંટિયો

નોઆખલીમાં મને કહેવામાં આવ્યું કે હલકો ધંધો કરનારી બે બહેનોએ રેંટિયો અપનાવ્યો છે એટલું જ નહીં પણ રેંટિયા ઉપર જ તેઓ પોતાની આજીવિકા કરી રહી છે. આ બહેનો નાની વયની નહીં પણ મોટી ઉંમરની (૪૦ વરસથી વધુ) હોઈ ઘણે ભાગે પોતાનો ધંધો કરવાને અશક્ત છે. એટલે રેંટિયાને અભાવે તેઓ ભીખ માગીને પેટ ભરત. આમ ખરી રીતે જોતાં તેઓ વેશ્યાવૃત્તિથી નહીં પણ ભિક્ષાવૃત્તિમાંથી ઊગરી કહેવાય. તથાપિ, નોઆખલીના લોકોએ આ પતિત બહેનોને શોધી કાઢી અને તેમના કલ્યાણમાં તેઓ ધ્યાન પરોવતા થયા એ મોટી વાત કહેવાય. મને એમ પણ કહેવામાં આવ્યું કે બીજી કેટલીક એવી જ બહેનોએ જોકે પોતાનો ધંધો છોડયો નથી તોપણ રેંટિયો અપનાવ્યો છે. આને લાભ કહેવો કે નહીં એ જરા શંકા પડતું કહેવાય. જ્યાં સુધી આવી બહેનો પોતાનો ધંધો મૂકે નહીં ત્યાં સુધી તેઓ કાંતે એ નિશ્ચિત લાભ કહી શકાય નહીં. એમાં તો પોતાની શરમ છુપાવવા તરફ પણ રેંટિયાનો ઉપયોગ થઈ શકે. સાથે એ પણ દેખીતી વાત છે કે રેંટિયો તેમને આજીવિકાના સાધન તરીકે લેવા કહી શકાય નહીં. તેઓ રોજના એક બે રૂપિયા કે તેથી પણ વધુ કમાવાને ટેવાયેલી છે. તેથી તેમને વણાટ-કામ, ભરતકામ અગર સીવવાગૂંથવાનું કામ જેમાં તેમને ઠીક ઠીક મજૂરી મળે એવું સૂચવવું જોઈએ. વળી આ સવાલ પુરુષોથી નહીં ઉકેલાય. બહેનોએ જ એના ઉકેલને સારુ તૈયાર થવું જોઈશે. જ્યાં સુધી બહેનોમાંથી જ કોઈ અસાધારણ ચારિત્ર્યવાન પવિત્ર બહેન નીકળી આવી આ પતિત બહેનોના ઉદ્ધારનું કાર્ય હાથ ધરશે નહીં ત્યાં સુધી આ સવાલનો ઉકેલ મુશ્કેલ

૧. આ અહેવાલ અહીં આપવામાં આવ્યો નથી. તે નોઆખલીના કપાસના વાવેતરવાળા ભાગનો અહેવાલ છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે ત્યાં ૫૫૦૦૦ વણકરો છે; ખાદીની વપરાશનો એકદમ ઘટાડો થયો છે; અને પરિણામે ખાદી ઉત્પાદન પણ ઘટયું છે. જો યોગ્ય સંગઠન, ફંડ અને કાર્યકર્તા હોય તો ઉત્પાદનની શકયતાઓ ઘણી છે.

Gandhi Heritage Portal

જોઉં છું. બેશક, પુરુષો પુરુષોમાં જ કામ કરીને અનેકને પોતાના કામાગ્નિમાં સ્ત્રીઓને હોમી પશુ બનતા અટકાવવાની દિશાએ ઘણું કરી શકે. વ્યભિચાર દુનિયામાં મૂળથી જ ચાલતો આવ્યો છે, પણ આજની પેઠે તે કદી શહેરોમાં લોકોના જીવનનું એક અંગ હતો કે કેમ એ વિષે શંકા છે. ગમે તેમ હોય પણ એક દિવસ એવો આવશે જ આવશે, જ્યારે આજ સુધીમાં અનેક કુરિવાજોનો નાશ થયો છે તેમ મનુષ્યજાતિ આ રોગને પણ દૃઢતાપૂર્વક નિર્મૂળ કરશે.

## મેરઠમાં કાંતણ

ચૌધરી રઘુવીર નારાયણસિંહ મેરઠથી લખતાં જણાવે છે કે તેમણે બેલગામમાં વચન આપ્યું હતું કે તેઓ નવા મતાધિકાર મુજબના ૫૦૦ સભ્યો નોંધશે. પણ તેમના ભાઈની ગંભીર માંદગીને કારણે તેઓ નક્કી કરેલા સમયમાં એ કામ કરી શકયા નથી. મને જણાવતાં દુઃખ થાય છે કે તેમના ભાઈનું અવસાન થયું છે. પણ હવે બાબુ જ્યોતિપ્રસાદ નામના એક સ્વરાજવાદી વકીલ તથા બીજા મિત્રોની સહાયથી તેઓ ૬૪૭ સભ્યો મેળવી શક્યા છે. તેમાંના ૨૦૦ જાતે કાંતનારા છે. પ્રમાણમાં આ ઘણું સારું કામ થયું ગણાય. પણ મને ચૌધરીજીને એટલી યાદ આપવા દો કે તેમણે ૫૦૦ જાતે કાંતનારા સભ્યો મેળવવાનું વચન આપ્યું હતું. હું આશા રાખું છું કે તેઓ અને તેમના મિત્રો આ હકીકત ધ્યાનમાં રાખશે અને મેરઠમાં જાતે કાંતનારા સભ્યોની એટલી સંખ્યા ન થાય ત્યાં સુધી સંતોષ ન માને. ચૌધરીજી આ ઉપરાંત જણાવે છે કે તેઓ ભાઈઓમાં અને બહેનોમાં કાંતણની હરીફાઈઓ ગોઠવે છે. અને તેમાં ઘણા લોકો હાજરી આપે છે. તેઓ જણાવે છે કે એકંદરે પ્રગતિ ધીમી પણ એકધારી રહી છે. તેઓ કાંતણ તથા પીંજણનો એક વર્ગ પણ ચલાવે છે.

## ભગવાનને નામે કાંતણ

બૌરિંગપેટના કેટલાક નવજુવાનોએ રામનવમી પછીના સાત દિવસ દરમ્યાન કાંતેલું ૩૨૦૦ વાર સૂતર મને મોકલ્યું છે. આ સપ્તાહ દરમ્યાન બધા લોકોએ, વૃદ્ધો તથા જુવાનોએ, રામનામની ધૂનનો કાર્યક્રમ યોજ્યો હતો. પણ આ જુવાનોએ આ ઉત્સવમાં ભાગ લેવા ઉપરાંત કાંતવાનો કાર્યક્રમ પણ ચાલુ રાખ્યો હતો. આ અનુકરણ કરવા જેવું છે. હું એવા કેટલાય જુવાનોને જાણું છું કે જેઓ કાંતતી વખતે ઈશ્વરનું ધ્યાન ધરે છે. જે લોકો યજ્ઞાર્થે કાંતે છે, તેઓ આ કાર્યક્રમની આજુબાજુ પવિત્રતાનું વાતાવરણ જમાવી શકે. ઢાકામાં મારા મૌનવારે કેટલાક સંગીતકારોએ સિતારવાદન વડે મારું મનોરંજન કર્યું. સોમવાર કંઈ માત્ર મૌનવાર નથી, પણ સંપાદન માટેનો પણ દિવસ છે. એટલે તેમનું સંગીત સાંભળવાનું મને પોસાય એમ નહોતું. પણ હું તેમને નિરાશ કરવા ઇચ્છતો નહોતો. એટલે મેં તેમને માટે એક સંદેશો લખ્યો કે તેઓ સિતાર વગાડે ત્યારે હું કાંતીશ. તેઓ ખુશીથી કબૂલ થયા. પરિણામે હું રોજ કરતાં વધારે સારી રીતે કાંતી શક્યો. સંગીતને કારણે મારો હાથ વધારે સ્થિર હતો. હું હમેશાં બિલકુલ અવાજ ન કરે તેવો રેંટિયો વાપરું છું. એટલે સંગીત માણવામાં મને જરાય મુશ્કેલી ઊભી ન થઈ. ઊલટું, એને લીધે મારી સંગીત સાંભળવાની મજા વધી ગઈ અને સંગીતે મારા કાંતવાના આનંદમાં વૃદ્ધિ કરી. અને ઈશ્વર સાથે અનુસંધાન કરવામાં તો બેમાંથી એકેય અંતરાયરૂપ ન થયું. શંકાશીલ લોકો આ અનુભવને પોતાની જાતે કસોટીએ ચડાવી જુએ.

## ગેરશિસ્ત કે બેપરવાઈ?

જુદા જુદા પ્રાંતોમાંથી મારા પર પત્રો આવે છે કે વારંવાર ચેતવણી તથા રિમાઇન્ડર લખવા છતાં મુખ્ય કાર્યાલય જિલ્લાઓમાંથી હેવાલો કે ઉત્તરો મેળવી શકતું નથી. તેઓ પૂછે

Gandhi Heritage Portal

છે કે આવી બાબતમાં શું કરવું? સામાન્ય જવાબ તો એ જ હોઈ શકે કે તેમને વિખેરી નાખો. જે નીચલી ઑફિસ મુખ્ય ઑફિસના હુકમોનું પાલન ન કરે અને જવાબ ન આપે તે નકામી કરતાંયે વધારે ખરાબ છે. નવો મતાધિકાર વ્યક્તિના તેમ જ નીચલી ઑફિસના આજ્ઞાપાલનના ગુણની કસોટી કરે છે. સ્ત્રી કે પુરુષ સભ્ય દરમહિને નિયમિત રીતે પોતાના મતાધિકાર માટેનું સૂતર પહોંચાડે છે કે કેમ, તેના પરથી તેની નિષ્ઠાની કસોટી દર મહિને થાય છે. જે સંસ્થાના સભ્યો પોતાનું લવાજમ નિયમિત રીતે મોકલવાની તકલીફ ન લે, તે સંસ્થાની કંઈ કિંમત નથી. હું જાણું છું કે લવાજમ ન ભરવાની અને હાજરી ન આપવાની ફરિયાદ કૉંગ્રેસની સ્થાપના જેટલી જૂની છે. નવો મતાધિકાર દાખલ કર્યા પછી લવાજમની અનિયમિતતા પેઠી છે એવું નથી. કલ્પના કરો કે કોઈ પેઢી કે સરકારના માણસો નિયમિત રીતે પોતાના ભાગનું કામ ન કરે અને લવાજમ ભરનારાઓ અને કર ભરનારાઓ નિયમિતપણે અને ઉઘરાણીની રાહ જોયા વગર તે ન ભરે તો શી સ્થિતિ થાય? તે પેઢી કે સરકારનું કામ સ્થગિત થઈ જાય. કૉંગ્રેસ એક પેઢી કે સરકાર કરતાં પણ વિશેષ છે અથવા હોવી જોઈએ. તેમ છતાં તેના સભ્યોને પોતાને ફાળે આવતું લવાજમ ભરવા માટે વિનવણી કરવી પડે છે. આમ થાય તો કૉંગ્રેસ પોતાનો ધાર્યો પ્રભાવ કેવી રીતે પાડી શકે? હું નથી માનતો કે મહાસમિતિને પોતાને મળવો જોઈતો સૂતરનો હિસ્સો મળી ગયો છે. હું દૃઢપણે માનું છું કે પ્રાંતિક સમિતિઓનાં મુખ્ય કાર્યાલયો અને મહાસમિતિએ પોતાનો હપતો મેળવવામાં બરાબર કડક રહેવું જોઈએ. કૉંગ્રેસના સભ્યો અને જૂથો પોતે લાદેલાં કામો કરવામાં જે નિયમિતતાની શક્તિ બતાવશે, તેનાથી વિશેષ શક્તિ કૉંગ્રેસ સંસ્થા બતાવી શકશે નહીં.

### લાગણીવેડા

કેટલીક લાગણીઓ સમજભરી અને ઉપયોગી હોય છે. દાખલા તરીકે પોતાના દેશ માટેનો પ્રેમ અને તેના પરિણામ સ્વરૂપ પરિશ્રમ. કેટલીક લાગણીઓ સમજ વિનાની અને નકામી હોય છે. આ બીજા પ્રકારની લાગણી નીચેના લખાણમાં રજૂ થઈ છે :[1]

મને આ યુવાન સ્નાતક પ્રત્યે પૂરી હમદર્દી છે, પણ જે આત્મહત્યાનો તે વિચાર કરે છે, તે એક અપરાધ છે એમ કહ્યા વિના મારાથી રહેવાતું નથી. બધા ઉપવાસ પુણ્યકાર્ય નથી. આત્મવિલોપન માટેના ઉમેદવાર પોતાના આપઘાતથી સ્વરાજને જલદી તો લાવી જ નહીં શકે. પણ જો તે આત્મહત્યાનો અપરાધ કરશે તો તેને વધુ દૂર ઠેલશે. આ વિચાર પોતાને વિષે આત્મવિશ્વાસનો અભાવ બતાવે છે. સરકારમાં નોકરી ન કરવાના તેમના નિર્ણયનો હું આદર કરું છું પણ આપઘાત તેનો ખરેખર એકમાત્ર વિકલ્પ નથી. જો તેમણે ઉલ્લેખ કર્યો છે તે રાષ્ટ્રીય શાળા તેમને નભાવી શકે એમ ન હોય, તો પ્રામાણિકપણે કમાવાની અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાની બીજી અનેક તકો તેની પાસે છે. પોતાના હાથ વડે મજૂરી કરવાની સંકલ્પશક્તિ તેમનામાં છે? પ્રામાણિકપણે અને સ્વખુશીથી કામ કરવા ઇચ્છનારને રાષ્ટ્રીય કે જાહેર ક્ષેત્રે અથવા ખાનગી ક્ષેત્રે કામ કરવાની તક ન મળે એવો એક પણ દાખલો મેં જાણ્યો નથી. હું જાણું છું કે રાષ્ટ્રીય કાર્યના પૂરા વિકાસ માટે પ્રામાણિક અને મહેનતુ યુવાન સ્ત્રીપુરુષોની સ્વેચ્છાપૂર્વકની છતાં

૧. એ પત્ર અહીં રજૂ કર્યો નથી. તેમાં એક નિરાશ થયેલા પત્રલેખક અસહકાર અને પોતાના કુટુંબ ખાતર સરકાર સાથે સહકાર એ બેમાંથી કોને પસંદગી આપવી, તેની દ્વિધા પ્રગટ કરે છે, અને ગાંધીજીની એ બાબતમાં સલાહ માગે છે કે "માતૃભૂમિની મુક્તિ માટે અને પોતાના કુટુંબના ભલા માટે" આમરણાંત ઉપવાસ કરવા બરાબર છે કે કેમ.

Gandhi Heritage Portal

વેતન સહિતની સેવાની ખૂબ જ જરૂર છે. એ યુવાન, વણકર કે સુતાર થઈ શકે અને તેમાંથી સારી કમાણી કરી શકે. તે ખાદી પ્રતિષ્ઠાનમાં પણ અરજી કરી શકે. અને તેનામાં જોઈતી યોગ્યતા હશે તો તેને ત્યાં કામ મળી શકશે. જુવાન માણસે કદી હતાશાને વશ ન થવું જોઈએ. સાચી ભાવનાનો બદલો મળ્યા વગર રહેતો નથી. એ વાત સમજવા પૂરતો આત્મવિશ્વાસ તેનામાં હોવો જોઈએ.

**સદી જૂનો રેંટિયો**

કોમિલ્લામાં મને એક રેંટિયો બતાવવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે તે સો વરસ જૂનો છે, અને હજી પણ સરસ કામ આપે છે. અત્યારે આ રેંટિયાની માલિક એક ૫૮ વરસની ઉંમરની વિધવા છે. તેની માને તે રેંટિયો તેની સાસુએ આપ્યો હતો; આ રેંટિયાની અત્યારની માલિક બહેન ૧૪ વરસની ઉંમરે વિધવા થયેલી. તે પોતાનાં તથા પોતાના કુટુંબનાં બધાં કપડાં આ રેંટિયા પર સૂતર કાંતીને પૂરાં પાડે છે. કહેવાય છે કે તેણે કોઈ દિવસ પોતા માટે કે પોતાના કુટુંબ માટે પરદેશી કાપડ ખરીદ્યું નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २८-५-१९२५

# ૯૩. કલકત્તાની જાહેર સભામાં ભાષણ[1]

મે ૨૮, ૧૯૨૫

સભાને સંબોધતાં મહાત્માજી બોલ્યા કે મેં હમણાં એક વાત તમને સૌને કહી તે તમે સાંભળી કે નહીં તેની મને ખબર નથી. હું અત્યારે એવી વાત કહીશ કે જે તમે કાનથી સાંભળી શકશો. અને મેં તમને એક વાત એવી કહી છે જે તમે આંખથી સાંભળી છે. હમણાં રેંટિયાનો મારો એકમાત્ર સંદેશો મેં તમને પ્રત્યક્ષ બતાવ્યો છે અને એનાથી વિશેષ હું કંઈ જ કહી શકું તેમ નથી. એક કહેવતના મર્મનો ઉલ્લેખ કરી એમણે કહ્યું કે તમે સિનેમા જોવા માટે જાઓ અને ત્યાં પડદા પર અભિનેતાઓ અને અભિનેત્રીઓ જે કંઈ ભજવી બતાવે તે જુઓ ખરા? પણ તેમાંથી ગ્રહણ કરવા જેવો નીતિનો બોધ અને નાટકનું હાર્દ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન ન કરો તો પછી એ જોયાનો શો અર્થ છે? એ જ પ્રમાણે માણસ જે વાત પોતે કહે તે પોતાના જીવનમાં ન ઉતારી શકે તો તેનો કંઈ જ અર્થ નથી. હું જે વાત કહેવાનો છું અને ડૉ. નાયડુએ જે વાત કહી તે મેં મારા પોતાના હાથ વડે સમજાવી છે.

આગળ ચલાવતાં ગાંધીજીએ કહ્યું કે મેં જે કઈ કરી બતાવ્યું તેનાથી મારે વિશેષ કહેવું પડે તો તેથી મને દિલગીરી જ થાય. બંગાળના પ્રવાસ પહેલાં મારો સંદેશો હું પ્રત્યક્ષ આચરી બતાવતો નહોતો. પણ ફરીદપુરમાં મેં એ શરૂ કર્યું. તમે મને ટૂંકા ને જાડા તાર કાઢતાં જોયો. પણ મારો ઇરાદો તમને મારું સૂતર કેવું આવે છે તે બતાવવાનો નથી, પણ મારા પોતાના દૃષ્ટાંતથી તમારા મન પર અસર પાડવાનો તથા તમે તમારા જીવનમાં તે ઉતારો એમ કરવાનો હતો. હું અત્યારે કલકત્તાના નાગરિકો વચ્ચે બેઠેલો છું. પણ મારું હૃદય તો બંગાળના દૂર પડેલા ગામડાની પીડિત જનતાની વચ્ચે છે. હું એ તરછોડાયેલા ગરીબ ખેડૂતો તથા કચડાયેલા અંત્યજો સાથે હળવામળવા ઇચ્છું છું. કાંતતી વખતે અને ગીતો સાંભળતી વખતે મારું દિલ પૂર્વ

૧. આ સભા સાંજે ભવાનીપુરમાં હરીશ પાર્કમાં રાખવામાં આવી હતી. જવાહરલાલ નેહરુ તથા ડૉ. વરદારાજુલુ નાયડુનાં વ્યાખ્યાનો બાદ ગાંધીજી બોલ્યા હતા.



Gandhi Heritage Portal

બંગાળની ભૂખે મરતી બહેનોની વચ્ચે તથા જેમને અસ્પૃશ્યો લેખવામાં આવે છે તેવા કચડાયેલા ગ્રામજનોની વચ્ચે પહોંચી ગયું હતું. તેઓ મારે ખાતર ભૂખે મરે છે અને આપણે ખાતર રોજનું પૂરું ભોજન પણ મેળવી શકતાં નથી. હું તેમની સાથે ભળી જવા માગું છું અને તેમનાં દુ:ખનાં કારણો શોધીને તેમાંથી મુક્તિ મેળવવામાં તેમને મદદગાર થવા ઇચ્છું છું.

ડૉ. વરદારાજુલુ નાયડુની અપીલના અનુસંધાનમાં તેમણે કહ્યું કે ડૉ. નાયડુએ તમને સ્વરાજ-પક્ષમાં જોડાઈને તેને મદદ કરવા માટે અપીલ કરી છે. તેમણે કરેલી આ અપીલનો મારો અર્થ એ છે કે તમારે સ્વરાજ માટે કંઈક કામ કરવું જોઈએ. હું એ વાત માત્ર આ રીતે જ સમજાવી શકું છું. અહીં સભામાં હાજર રહેલા જુવાનો ધારાસભાઓમાં કઈ રીતે પ્રવેશ મેળવી શકશે? ચિત્તરંજન તેમની સાથેના કેટલાક દાસગુપ્તાઓને લઈને ત્યાં જઈ શકે. અને તેઓ ત્યાં ગયા પણ છે. પણ અહીં બેઠેલા બધા કંઈ એવી ગણતરી ન રાખી શકે. એક વાર ચિત્તરંજન બાબુએ ફરીદપુરમાં યુવાનોને કહ્યું હતું કે તમે ગામડાંમાં પહોંચી જાઓ ને આમજનતામાં કામ કરો. દેશબંધુનો સંદેશો હું તેમના શબ્દોમાં આ રીતે સમજાવી શકું કે માત્ર સ્વરાજ પક્ષમાં દાખલ થવું એ ખરું કામ નથી. જો તેઓ લોકોનો ઉદ્ધાર કરવા માગતા હોય તો તેમણે લોકો પાસે પહોંચી જવું જોઈએ. તમે તેને એકાદ મૂઠી ચોખા મફત વહેંચો, પણ તેનાથી તેમના દિલમાં ઉત્સાહ કે સાચું જીવન રેડાશે નહીં.

પૂર્વ બંગાળમાં ઘણા ગરીબ ગ્રામજનોએ મને કહ્યું કે તેમને વરસના છ મહિના કંઈ પણ કામ ન હોવાથી બેકાર બેસી રહેવું પડે છે. તેમને ત્યાં રેંટિયો દાખલ થાય તેવું તેઓ ઇચ્છે છે. રેંટિયા ક્યાંથી મળે અને કપાસ ક્યાંથી મળે તેની તેમને ખબર નથી. તમારે તેમની પાસે આ રેંટિયાનો સંદેશો લઈને પહોંચી જવું જોઈએ, અને તેમને રેંટિયો ચલાવતાં શીખવવું જોઈએ. તમારાં ગરીબ ભાઈબહેનોએ કાંતીને તૈયાર કરેલી ખાદી તમારે ખરીદવી જોઈએ.

મહાત્માજીએ આગળ ચલાવતાં કહ્યું કે તમે કલકત્તામાં કે દિલ્હીમાં કે કોઈ પણ શહેરમાં ગમે તે જગ્યાએ ફરવા જાઓ, ત્યારે તમારે હમેશાં ગરીબ ખેડૂતોનો વિચાર કરવો જોઈએ. તમારા દિલમાં તેમને માટે અનુકંપા રાખવી જોઈએ અને તમારા મનમાં તેમના પ્રત્યે કૃતજ્ઞતાભાવ ઊઠવો જોઈએ. તમે જે ખાઓ છો, તે અનાજ તેમણે ઉત્પન્ન કરેલું છે. તમે શહેરોમાં જે સુખસગવડો ભોગવો છો, તે તમારાં ભૂખે મરતાં ભાઈબહેનોના પરસેવાનું ફળ છે. તમે નેતા બનીને ટેબલ પર બેસીને લેખો લખો છો, ને ભાષણો તૈયાર કરો છો. પણ તમે જો આ આમ-જનતા માટે કંઈ કરવા ઇચ્છતા હો તો તમારે કાંતવું જોઈએ ને ખાદી પહેરવી જોઈએ. એક બહેને મને કહ્યું હતું કે હું પૂર્વ બંગાળમાં ગઈ હતી, ત્યાં મેં લોકોને ખાદી પહેરતા જોયા, પણ જ્યારે શહેરમાં આવીને જોઉં છું તો મારી બહેનોનાં અંગ પર વિલાયતી કાપડ જોતાં મને ખૂબ નિરાશા થાય છે. આથી વધુ દુ:ખદ બિના બીજી કઈ હોઈ શકે?

ચંપારણ વખતનો એક પ્રસંગ ટાંકીને મહાત્માજીએ કહ્યું કે ટ્રેનમાં મારી પત્નીને એક બહેન મળી. તેની પાસે પહેરવાનું માત્ર એક જ કપડું હતું. તેણે મારી પત્નીને કહ્યું કે હું હમેશાં એક જ કપડાથી ચલાવું છું. મારે જ્યારે ગંગામાં નાહવાનું હોય છે ત્યારે મારે લગભગ નવસ્ત્રી થઈને તેમ કરવું પડે છે. અને નાહીને પાછું એ ને એ કપડું હું પહેરી લઉં છું. આ વાત અત્યંત દુ:ખદ છે. આવું ફરી બનવા ન પામે તેની તમે કાળજી કરશો એવી હું આશા રાખું છું.

મહાત્માજીએ બહેનોને અત્યંત પ્રભાવશાળી વાણીમાં કહ્યું કે જો તમે રામરાજ્ય સ્થાપવા માગતાં હો તો તમારે સીતાજીનું અનુકરણ કરતાં શીખવું જોઈએ. સીતાદેવી કદી પરદેશી કાપડ પહેરતાં નહોતાં. અને તેઓ નિયમિત રીતે કાંતતાં હતાં. તમારે પણ તે જ પ્રમાણે કાંતવું જોઈએ.

અસ્પૃશ્યતા વિષે બોલતાં તેમણે કહ્યું કે સનાતન ધર્મમાં અસ્પૃશ્યતાને જરાય સ્થાન નથી. આ યુગોથી ચાલ્યા આવતા મહાન ધર્મમાં ઘૃણા કે વેરને સ્થાન નથી. જો આ ધર્મને આપણે અધોગતિમાંથી બચાવવો હોય તો આપણે એ ધર્મને કોરી ખાતા પાપને હઠાવ્યે જ છૂટકો છે. ગોખલેએ કહ્યું હતું કે આખી દુનિયા આપણા દેશને હલકી કોટિનો જ ગણવાની, કારણ કે આપણે આપણાં જ ભાઈબહેનોને એવાં જ ગણ્યાં છે. હું જોઉં છું કે ગોખલેએ કહેલી આ વાત અક્ષરશ: સાચી છે.

Gandhi Heritage Portal

અંતમાં મહાત્માજીએ કહ્યું કે મેં કાંતેલા થોડા વાર સૂતરથી હું સ્વરાજ તરફ એટલા જ વાર આગળ વધ્યો છું. અને મારી તમને સૌને પ્રાર્થના છે કે હિંદુસ્તાનના સ્વરાજ માટે, દેશબંધુ દાસ માટે, અંત્યજો માટે, મુસલમાનો માટે અને હિંદની બીજી તમામ કોમો માટે તમે સૌ કાંતો.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २९–५–१९२५

## ૯૪. પુરુષોત્તમદાસ ઠાકુરદાસને પત્ર

શાંતિનિકેતન,
જેઠ સુદ ૭ [મે ૨૯, ૧૯૨૫][1]

સુજ્ઞ ભાઈશ્રી,

આપનો પત્ર મળ્યો. આપ ગોરક્ષા મંડળના ખજાનચી નહીં થઈ શકો તેને સારુ દિલગીર છું. મીઠી નજર તો રાખશો જ ના?

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ
નવસારી ચેમ્બર્સ
આઉટરમ રોડ
ફૉર્ટ, મુંબઈ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી ડબલ્યુ, ૬૧૯૬; શ્રી પુરુષોત્તમદાસ ઠાકુરદાસના સૌજન્યથી

## ૯૫. જમનાલાલ બજાજને પત્ર

શાંતિનિકેતન,
જેઠ સુદ ૭ [મે ૩૦, ૧૯૨૫][2]

ચિ. જમનાલાલ,

તમારો કાગળ મળ્યો છે. તમે કમિટીને સારુ આવશો એમ ધાર્યું હતું અને ત્યારે બધી વાતો કરી લઈશું એમ માનીને કાગળ લખવાનું મુલતવી રાખેલું. ન આવ્યા તેની ચિંતા તો નથી જ. ગિરધારીના કાગળ ઉપરથી ધારી લીધું હતું કે તમે આવશો જ.

કૉલેજને[3] સારુ જેનીતેની ઉપર નજર નાખ્યા કરું છું. પણ કોઈ નજરે ચડતો નથી. જુગલકિશોર[4] આવે તો એક રીતે નિકાલ આવે એવું છે. તે ચારિત્રવાન તો છે જ. તેના

૧. શાંતિનિકેતન પોસ્ટ ઑફિસનો સિક્કો મે ૩૦, ૧૯૨૫નો હતો. જેઠ સુદ ૭ મેની ૨૯મીએ આવતી હતી.

૨. पांचवे पुत्रको बापूके आशीर्वाद, પા. ૩૬ પરથી.

૩. ગૂજરાત વિદ્યાપીઠ.

૪. આચાર્ય જુગલકિશોર; વિદ્યાપીઠના સ્ટાફમાં જોડાયા; પાછળથી એ. આઇ. સી. સી.ના સેક્રેટરી; યુ. પી. સરકારના મંત્રી.

Gandhi Heritage Portal

ગિદવાણી ઉપરના કાગળથી મને પૂરો સંતોષ નથી થયો. જો ગિદવાણી પોતે આવવા ધારે ને આવી શકે તો ઠીક જ છે. અત્યારે બીજો કોઈ નજર આગળ નથી. દક્ષિણમાંથી કોઈ મળી આવે તો સારું એમ રહ્યા જ કરે છે.

કૉલેજ ખોલવાની ક્રિયા જૂન માસમાં જ કરવી જોઈએ કે? જૂનનો છેલ્લો ભાગ તો મારો આસામમાં જવાનો. પછી તુરત બિહારમાં જવું જોઈએ પણ જો વર્ધા તુરત જવું જ જોઈએ તો ત્યાં આવીને બિહાર જઈશ. બિહારમાં એક માસ ચાલ્યો જશે. મારું વર્ધા આવવાનું લોકોએ સાંભળ્યું છે ત્યારથી મને બીજી જગ્યાઓમાં જવાનું કહ્યા કરે છે. નાગપુરથી, અમરાવતીથી, અકોલાથી કાગળ છે. મને ભાસે છે કે જ્યાંથી માગણી આવે ત્યાં જઈ આવવું ઈષ્ટ છે. આ વર્ષને સારુ ભ્રમણ કરી લેવું એવો મારો ધર્મ સમજું છું. જો એમ કરું તો સી. પી. ની મુસાફરીનો ક્રમ તમે જ ગોઠવો, ને બને તો સાથે ફરો. એ પણ કદાચ યોગ્ય હોય.

૧. મારે વર્ધા ક્યારે આવવું?
૨. સી.પી.ની મુસાફરી કરવી કે નહીં.
૩. કરવી તો ક્રમ તમે ગોવઠશો કે કેમ? તમે સાથે ફરશો કે કેમ?

આનો જવાબ લખજો. હાલ તુરતમાં હું આશ્રમમાં આવી શકું એવું તો જોતો નથી. બંગાળ પછી તુરત બિહાર, સી.પી. વગેરેમાં જવાનું છે તે થઈ રહ્યા પછી જ અવાય એટલે કદાચ સપ્ટેમ્બર માસ થાય.

વર્કિંગ કમિટી તો બેઠી જ નહીં કેમ કે ત્રણ જ સભ્યો હતા. જવાહરલાલ, દાક્તર નાયડુ, ને હું. અણે આવવાના હતા પણ ન આવ્યા. એટલે અજમેરનો કંઈ વિચાર ન થઈ શક્યો. છતાં એ બાબત મને મળી જવું ઘટે તો મળી જજો. એ વિષે આપણે ગભરાવાનું નથી. હું પોતે અર્જુનલાલજીને લખવાનો છું કે તેને જે કહેવું હોય તે મને કહે.

ત્યાં તમે બધાં ઠીક તબિયત રાખતાં હશો. મને સારું રહે છે. આજે શનિવારે બોલપુરમાં છું. સોમવાર સુધી રહીશ. મંગળવારે કલકત્તે જઈ ત્યાંથી ત્રણ દિવસને સારુ દાર્જિલિંગ જઈશ. પછીનો કાર્યક્રમ આજે કે કાલે નક્કી થશે એટલે મોકલીશ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૮૫૨

Gandhi Heritage Portal

# ૯૬. રવીન્દ્રનાથ ટાગોર સાથે મુલાકાત[1]

મે ૩૦, ૧૯૨૫

ગાંધીજીએ બહુ જ કાળજીપૂર્વક પોતાનો અર્થ સમજાવતાં કહ્યું કે હું આજની પ્રચલિત જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓમાં માનતો નથી, પણ હું માનું છું કે ચાર મુખ્ય ધંધાદારી જ્ઞાતિનું વર્ગીકરણ વૈજ્ઞાનિક રીતે બરાબર છે. પરંતુ હું એ ચોક્કસ માનું છું કે માનવજાતિની આવી ચાર ધંધાકીય વર્ણ વ્યવસ્થામાં ઊંચનીચના ભેદનો પ્રશ્ન જ ઊભો થતો નથી. કેવળ સમાજ-વ્યવસ્થામાં જે વિભિન્ન કાર્યો કરવામાં આવે છે તેના વિભાજનનો જ સવાલ રહે છે.[2]

કવિએ આ વિષે એવી શંકા ઉઠાવી કે આવા માત્ર વ્યવસાયલક્ષી વિભાગો પણ સતત ચાલુ રહે તો આગળ જતાં એક પ્રકારની જડતા, નિષ્પ્રાણતા ઊભી થાય છે. આ વ્યવસ્થાને જન્મ પર આધારિત કરવી તે અવૈજ્ઞાનિક અને અસ્વાભાવિક છે. કેમ કે માનવસ્વભાવ વિવિધતા, વ્યક્તિગત પસંદગી અને વ્યક્તિગત સ્વાતંત્ર્યની અપેક્ષા રાખે છે.

ગાંધીજીએ ફરી ખૂબ જ ગંભીરતાથી પોતાની વાત વિસ્તારપૂર્વક સમજાવી. અંતે કવિએ તેમને વિસ્તારથી રેંટિયાનો તથા ખાદીનો કાર્યક્રમ સમજાવવા વિનંતી કરી.[3]

ગાંધીજીએ પોતાનો પૂર્વ બંગાળનો અનુભવ વર્ણવી બતાવ્યો અને કાંતણ પ્રવૃત્તિએ ત્યાંનાં ગામડાંમાં જે નવો પ્રાણ રેડ્યો છે તેની વાત કહી. કવિ પણ આ વાતથી અત્યંત પ્રભાવિત થયા; કારણ કે તેમનું પોતાનું દિલ પણ ગામડાંના લોકોના દુ:ખથી વ્યથિત થતું હતું. ગાંધીજીએ સાફ સાફ સમજાવ્યું કે શિક્ષિત વર્ગ પાસેથી હું એટલી જ અપેક્ષા રાખું છું કે તેઓ બીજું કંઈ ન કરે પણ રોજ નિયમિત થોડો સમય એટલા માટે કાંતે જેથી પોતાના ગરીબ અને દલિત ભાઈઓ પ્રત્યે એમની સહાનુભૂતિ અને માનવબંધુત્વનો ભાવ જીવંત રીતે વ્યક્ત થાય. ગાંધીજીએ કવિને કહ્યું કે મારા આ મહાન કામમાં આપની અમૂલ્ય સહાય હું માગું છું. અત્યંત ભાવભર્યાં અભિવાદન પછી આ મુલાકાત પૂરી થઈ.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २–६–१९२५

૧. ગાંધીજી ૨૯મી મેને દિવસે રાતે બોલપુર પહોંચ્યા. ત્યાં શ્રી સી. એફ. ઍન્ડ્રૂઝ તથા બીજા મિત્રોએ તેમનું સ્વાગત કર્યું, અને તેમને શાંતિનિકેતન લઈ આવ્યા. ત્યાં આવ્યા પછી તેમને કવિવરના નિવાસસ્થાને ફૂલથી સજેલા ઓરડામાં લઈ જવામાં આવ્યા. એમ કહેવાય છે કે આ જોઈને ગાંધીજીએ ટાગોરને કહ્યું, "મને આ નવવધૂખંડમાં ક્યાં લઈ આવ્યા?" ટાગોરે હસીને જવાબ આપ્યો, "શાંતિનિકેતન, અમારા હૃદયની નિત્ય યુવાન રાણી આપનું સ્વાગત કરે છે."

અહીં ગાંધીજી ત્રણ દિવસ રહ્યા. તે દરમ્યાન ગાંધીજીને ટાગોર સાથે અનેક વાતો થઈ. આ બધાનો વિગતવાર અહેવાલ મળી શકતો નથી. ૩૦મી મેએ ઍન્ડ્રૂઝે પણ ગાંધીજી સાથે ઘણી વાર વાતો કરી હતી. તેના અહેવાલો પણ મળતા નથી. ઍન્ડ્રૂઝે ગાંધીજી સમક્ષ અફીણની સમસ્યા પરના પોતાના વિચારો પ્રગટ કર્યા હોય એમ લાગે છે. એ ઉપરાંત આસામના ચાના બગીચાના મજૂરોની સ્થિતિ વિષે પણ વાતો થઈ હતી.

૨. ૩. આ બંને વાક્યો હિન્દુ ૧–૬–૧૯૨૫ના હેવાલ પરથી લેવામાં આવ્યાં છે.

Gandhi Heritage Portal

# ૯૭. મારી નોંધ

### કાઠિયાવાડનો ફાળો

રૂપિયા ૨૦,૦૦૦નો ફાળો ખાદીપ્રચાર અર્થે કાઠિયાવાડીઓએ કરવાનો હતો. તે થઈ ગયાનો તાર ભાઈ મણિલાલ કોઠારી મને આપે છે. તે છેલ્લા તારમાં જણાવે છે કે 'એક મિત્ર પાસેથી કપાસને સારુ પાંચ હજાર રૂપિયા મળ્યા છે ને એક હજાર રૂપિયા ગરીબોને મફત રેંટિયા આપવા સારુ. આમ તમે ઉઘરાવી લીધા તે મેળવતાં રૂપિયા ૨૦,૦૦૦ પૂરા થાય છે.' આવી શીઘ્રતાથી ધારેલી રકમ એકઠી કરી આપ્યાને સારુ કાઠિયાવાડીઓને તેમજ ભાઈ મણિલાલને હું ધન્યવાદ આપું છું.

### થતાયુ રેંટિયો

કોમિલ્લામાં મને એક સો વરસનો પુરાણો રેંટિયો બતાવવામાં આવ્યો. આ રેંટિયો પૂરેપૂરો ચાલુ સ્થિતિમાં હતો. એના હાલનાં માલેક ૫૮ વર્ષની વયનાં એક વિધવા બહેન છે. આ બાઈની માને તેની સાસુ પાસેથી એ મળેલો. હાલની માલેક બાઈ પોતાની ૧૪ વર્ષની ઉંમરે વિધવા થયેલાં. તેમણે આખી જિંદગી પોતાનું તેમ જ પોતાના ઘરનાં લોકોનું કાપડ પોતે કાંતેલા સૂતરમાંથી જ પેદા કર્યું છે. તેમણે પોતાને સારુ અગર તો પોતાનાં કુટુંબીજનોને સારુ કોઈ દિવસ પરદેશી કાપડ ખરીદ કર્યું નથી એમ મને કહેવામાં આવ્યું.

### કેદી પ્રાગજી દેસાઈ[1]

ભાઈ કલ્યાણજી જેઓ હમણાં જ ભાઈ પ્રાગજી દેસાઈને કરાંચીમાં મળી પાછા ફર્યા છે તેઓ લખે છે :[2]

દક્ષિણ આફ્રિકામાં તો પ્રથમ અનુભવ હતો એટલે ભાઈ પ્રાગજી નાજુક હતા એ વિષે ઇશારો છે. હવે તો ઘડાયા છે એટલે ખામોશી કાં ન કેળવે?

### કરાંચીમાં અંત્યજશાળા

એ જ કાગળમાં ભાઈ કલ્યાણજી ખબર આપે છે કે 'કરાંચીમાં ભાઈ નારણદાસ પોતાને જોખમે ચાર અંત્યજશાળાઓ ચલાવી રહ્યા છે. એ શાળાઓમાં બ્રાહ્મણ શિક્ષક છે. વિદ્યાર્થીઓને શાળામાં જ દાંત સાફ કરાવી, નવડાવી, ભોજન કરાવે છે. એટલે સ્વચ્છતા સારી જળવાય છે.' દાંત સાફ કરવાનું તો અંત્યજેતર શાળાઓમાંયે રાખવા જેવું છે. દાંતની સ્વચ્છતા ઉપર શારીરિક આરોગ્યનો ઘણો આધાર રહેલો છે એ સમજ સામાન્ય રીતે હોતી નથી. નહીં તો જે નિશાળમાં બાળકોના દાંત સાફ ન રાખવામાં આવતા હોય તેના શિક્ષક સજાપાત્ર ગણાય.

### નોકરી ને રજા

હું પોતે ગુણગ્રાહી હોઈ જ્યાં સારું જોઉં ત્યાંથી તે લેતાં મને કશો સંકોચ નથી થતો. રવિવારનો દિવસ કેવળ ઈશ્વર પ્રીત્યર્થે પાળવાનું બાઈબલમાં છે. જે દૃષ્ટિએ તે વચન કહેવાયું

૧. પ્રાગજી ખંડુભાઈ દેસાઈ, ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સાથી; પાછળથી ગુજરાતના કોંગ્રેસ કાર્યકર.

૨. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે જણાવ્યું છે કે જેલમાં પ્રાગજી મજામાં હતા અને તેઓ ગાંધીજીને એ કહેવા માગતા હતા કે તેઓ દક્ષિણ આફ્રિકામાં હતા તેવા કેદી રહ્યા નહોતા.

Gandhi Heritage Portal

છે તેનું પાલન તો થોડા ખ્રિસ્તીઓ જ કરે છે. પણ તે દિવસ નોકરીમાંથી છૂટા રહેવાનો એટલે રજાનો તો પશ્ચિમમાં લગભગ બધે ઠેકાણે પાળવામાં આવે છે. તેના પાલનથી કામના પ્રમાણમાં કંઈ ઊણપ નથી આવી. ઊલટું, કામ વધારે ને વધારે સારું થયાનો સાર્વજનિક અનુભવ છે. આવો એક દિવસ હિંદુસ્તાનમાં પણ ખાનગી પેઢીઓમાં પળાય તો સારું એમ વિચારી એક ભાઈ મુંબઈથી લખે છે:[1]

મારા બોલ ઉપર કોઈ વજન દેશે કે નહીં એ તો હું નથી જાણતો. પણ ઉપરની સૂચનાને હું સંપૂર્ણ ટેકો આપું છું. માસ આખરે ઓછું કામ થવાને એટલે ઓછી કમાણી થવાને જોખમે પણ જો વેપારીવર્ગ પોતે ફુરસદ લઈ પોતાના મહેતાવર્ગને ફુરસદ આપે તો તેઓને અને તેમના નોકર વર્ગને ઘણા પ્રકારનો ફાયદો થશે એ વિષે મને શંકા જ નથી. સરકારી ખાતાંઓમાં તો રવિવાર પળાય છે જ. તેથી કંઈ પ્રજાને નુકસાન થયું છે એમ નહીં કહેવાય. અંગ્રેજી પેઢીઓ પોતાની દુકાનો દર રવિવારે બંધ રાખે છે તેથી પણ કશું નુકસાન તેઓને થયું જાણવામાં નથી. સવારથી માંડી સાંજે દીવા બાળી કામ કરનારી પેઢીઓએ મોટા નફા ઉઠાવ્યાનું મારી જાણમાં નથી. તેના ગેરફાયદા તો સહેજે નજર આગળ તરી આવે છે. શેઠ કે નોકરને સાસ ખાવાનો સમય ન રહે. જેનો લગભગ આખો દિવસ દુકાનમાં જાય ને જે ઘેર માત્ર ખાવા અને સૂવા પૂરતા જ રહે તે ગૃહસ્થ ન ગણાય પણ દુકાનસ્થ કહેવાવા જોઈએ. તેઓથી બાળ-બચ્ચાંની દેખરેખ ન રહે. તેઓથી બાળબચ્ચાંને પોતાનો સહવાસ તો અપાય જ શાનો? અને તેમને તંદુરસ્તી જાળવવાને સારુ પણ નિત્ય દવાઓ લેવી જોઈએ. નોકરોની હાલત તો વળી એથીયે ખરાબ. શેઠ સ્વેચ્છાએ દુકાન પર રહે એટલે તેને તેમાં રસ આવે. સ્વેચ્છાએ ગેરહાજર પણ રહે. મહેતો 'ક્યારે છૂટું?' એવો ખ્યાલ કરતો કરતો પોતાનો દિવસ ગુજારે. આવી હાલતમાં તેનું શરીર સારું ન રહે એમાં તો નવાઈ જ શી? આને બદલે જો તેને રવિવાર કે બીજો ગમે તે દિવસ દર અઠવાડિયે મળતો હોય અને હમેશાં અમુક કલાક જ કામ કરવાના રહેતા હોય તો તે સંતોષી રહે ને શેઠનું કામ તે પોતાનું જ છે એમ માનતાં વહેલો શીખે.

આવા સુધારા 'પહેલ કોણ કરે?' એ વાંકે ઘણી વેળા રહી જાય છે. અનેક ધંધાઓ ચાલે છે તેમાંથી એક ધંધાવાળા પણ જો પહેલ કરે તો બીજાઓ અનુકરણ કરે. મહેતા વર્ગ પણ વિચારપૂર્વક કંઈ ધોરણ ઘડી શેઠો આગળ વિનયપૂર્વક સૂચનાઓ મૂકે તો તેનો સ્વીકાર થવાનો સંભવ છે.

## મતાધિકારનું મીંડું?

એક સ્વયંસેવક નીચે પ્રમાણે પોતાના ઉદ્‌ગાર કાઢે છે:[2]

મેં ઇરાદાપૂર્વક ગામડાનું કે તાલુકાનું નામ નથી આપ્યું. એ છે તો ગુજરાતનું. કોઈ એમ રખે માને કે મેં કોઈ હિંદી કે અંગ્રેજી કાગળનો તરજુમો કર્યો છે. તેથી આટલું સ્પષ્ટ કરી દઉં છું. હું તો બહાર રખડું છું એટલે છેટેથી ઊજળું એટલું દૂધ જ જોઉં છું. ગુજરાતના બે

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખક એમાં લખે છે કે દેશની ખાનગી વેપારી પેઢીઓ એના કર્મચારીઓને અઠવાડિયે અડધી રજા પણ આપતી નથી. એ વિષે નવજીવનમાં લખવાની એમણે ગાંધીજીને વિનંતી કરી છે.

૨. આ ઉદ્‌ગાર અહીં આપ્યા નથી. પત્રલેખકે એમાં પોતાના ગામની પરિસ્થિતિ બતાવી છે અને કાંતણ મતાધિકાર પછી કોંગ્રેસ સભ્યોએ જે વલણ અખત્યાર કર્યું તે દર્શાવ્યું છે.

Gandhi Heritage Portal

હજાર મતાધિકારીઓ તો સો ટચના જ હોય એમ મારા મનને મનાવી રહ્યો હતો તેવામાં ઉપરનો કાગળ મારા હાથમાં આવી પડયો.

ઉપરની ખબર તો સાચી જ હશે અને એકનું તેવું અનેકનું એ ન્યાયે બીજાની એ જ સ્થિતિ હોય તો? તો આપણે એ વાત ચોખ્ખી રીતે કબૂલ કરી લેવી પડશે. ગુજરાતના બે હજારને બદલે બે હશે તે શોભશે, પણ વીસ હજારને બદલે બે લાખ કાગળના સિપાઈઓ કામ નહીં આવે.

સગવડો આપવી જ ઘટે તો આપવી. બધી સગવડો આપતાં છતાં, વિનય કરવા છતાં પણ જેઓ સૂતર કાંતી આપવા રાજી ન હોય તેમની પાસેથી પરાણે લેવાપણું ન જ હોય ને તેઓનાં નામ રાખવાપણુંયે ન હોય.

ત્યારે મતાધિકારનું શું? હું જ્યાં સુધી કાંતવાની ક્રિયાને મહત્ત્વ આપું છું, તેના વિના હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ સુધરવાપણું જોતો નથી, ત્યાં લગી હું તે જ મતાધિકારને વળગી રહેવાનો છું. પોતાના બાળકને બીજા જેમ જેમ તુચ્છકારે ને તરછોડે તેમ તેમ મા જેમ તેને વધારે ને વધારે છાતીએ ચાંપે તેમ મારી સુંદર સ્થિતિ સમજવી. બીજાની નિંદાથી જેમ માને પોતાના બાળકની યોગ્યતા વિષે કે તેના કલ્યાણને વિષે શંકા નથી થતી તેમ મને પણ મતાધિકારની યોગ્યતા વિષે કે રેંટિયાના કલ્યાણકારીપણાને વિષે શંકા નથી થઈ શકતી. એથી હું તો રેંટિયાને વળગી જ રહેવા માગું છું ને મારા બધા સાથીઓને તે જ ભલામણ કરું છું.

મારો અભિપ્રાય તો એવો પણ ખરો કે પારમાર્થિક કંતામણ સોંઘું પડવાને બદલે મોંઘું થઈ પડે એમ ન જ કરવું; હદ કરતાં વધારે ખુશામત ન કરવી. ખર્ચાળ સગવડો ન કરી આપવી. કંતામણ કરતાં તેને સાચવવાની કિંમત વધારે પડતી હોય તો કંતામણ નિરર્થક સમજવું. કારણ, એનો અર્થ તો એ થયો કે કંતાવવા જતાં કાંતનારની પાસેથી લેવાને બદલે તેને આપણે ઊલટું કંઈક આપીને આવીએ છીએ. એ તો દેવાળાનો વેપાર થયો. એમાં તો કંતામણનો જે લાભ મનાયો છે તે રહેતો જ નથી.

કંતામણનો અખતરો શાસ્ત્રીય પદ્ધતિએ કરવાનો છે એટલે કે ખરેખરાં ત્યાગી કાંતનારાં સ્ત્રીપુરુષો કેટલાં મળે છે તે જોવું. અને ખરાં તો એ જ કે જે પોતાની મેળે કાંતીને ૨,૦૦૦ વાર સૂતર મોકલી આપે અથવા ગરીબ હોય તો મહાસભાની ઑફિસેથી પોતે રૂ લઈ જાય ને કાંતીને મોકલી આપે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ३१–५–१९२५

Gandhi Heritage Portal



ઍન્ડ્રૂઝ અને ટાગોર સાથે

Gandhi Heritage Portal
ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.



Gandhi Heritage Portal

સી. આર. દાસ અને મહાદેવ દેસાઈ સાથે

## ૯૮. ગ્રામપ્રવેશ

જ્યાં જોઉં છું ત્યાં સુખ કરતાં દુ:ખ વધારે જોઉં છું. જ્યાં જોઉં છું ત્યાં એ દુ:ખનું કારણ પણ આપણે જ છીએ એમ જોઉં છું.

બંગાળનાં ઘણાં માનપત્રોમાં મલેરિયા, કાલાઅઝાર વગેરે દરદોની કહાણી તો હોય જ છે. બંગાળના કાર્યકર્તાઓએ મારી વિનંતીઓનો સ્વીકાર સરસ રીતે કર્યો છે. મેં માનપત્રોમાં મારી સ્તુતિને બદલે તેઓની સ્થિતિની ખબરોની માગણી કરેલી. તે ઘણાંખરાં બધાં માનપત્રોમાં નિખાલસપણે સ્વીકારાયેલી જોઉં છું તેથી મને ઘણી માહિતી મળી આવી છે. કોઈ જગ્યાએ તો વસ્તીનું પ્રમાણ ઘટતું જાય છે કેમ કે અનેક પ્રકારના વ્યાધિઓથી લોકો મરતા જાય છે. હવે વળી શારીરિક વ્યાધિમાં અનાજના પાકને નુકસાન કરનાર પાણીના છોડનો ઉપદ્રવ થયો છે. તે છોડને પાણીનું 'હાયેસિંથ' કહે છે. દેશી નામ તો જાણ્યું નથી. એ છોડ કોઈ માણસ અજાણપણે પશ્ચિમમાંથી લાવેલ કહેવાય છે. ગમે ત્યાંથી આવેલ હોય પણ તે પદ્મા નદીના પાણીમાં માઈલો સુધી જોવામાં આવે છે. તે છોડ અનાજપાકનો નાશ કરી નાખે છે. જે જે ભાગમાં એ ઝેરી છોડ જોવામાં આવે છે તે તે ભાગમાં નદીકિનારે રહેલાં ખેતરોના ચોખાનો પાક લગભગ નાશ પામ્યો છે. સરકારે તે ઝેરી છોડનો નાશ કરવાના ઉપાયો તો યોજ્યા છે, પણ હજુ એકેનો ઉપયોગ સફળ થયો જણાતો નથી.

આવા તાપોથી પીડાતા મુલકને કોણ સહાય કરે? કઈ રીતે કરે? ગામડાંની પીડ જાણ્યા વિના આના ઉપાય થઈ જ ન શકે. આજના ગ્રામ્ય જીવનમાં જે અજ્ઞાન છે તેમાં જ્ઞાનનો પ્રવેશ થાય ત્યારે જ તે સ્થિતિ સુધરે. લોકોને આરોગ્યના નિયમોનું ભાન નથી. એક જ તળાવમાં નહાય છે; મળ સાફ કરે છે; વાસણ ધુએ છે; ઢોર પાણી પીએ છે ને તે જ તળાવનું પાણી માણસો પણ પીએ છે! ભીનું ગમે ત્યાં હોય તેને નીક કરીને પાણી કાઢી નાખવાનો ઉપાય કોઈને સૂઝે નહીં ને સૂઝે તોયે એ કોઈનું કામ નહીં. તેથી કોણ કરે?

લોકો એટલા કંગાળ છે કે તેમને ખાવાનો સારો ને પૌષ્ટિક ખોરાક જોઈએ તે ન મળે. દવાનું ખર્ચ તો ક્યાંથી જ કાઢે? હવાફેર ગામડિયાઓને સારુ હોય જ નહીં.

કેટલાક રીતરિવાજો એવા દુષ્ટ છે કે તેથીયે શરીર અને આત્મા બંનેનું હનન થાય જ. અતિ કોમળ વયની બાળિકાના વિવાહ થાય!! તેર વર્ષની બાળા બાળકની મા થાય!!! સાત વર્ષની બાળા વિધવા થાય! કેટલીક તો પોતાના ધણીને ઓળખે નહીં. ધણી એટલે શું તેની પણ સાત વર્ષની બાળાને શી ખબર હોય?

આનો ઈલાજ સરકારની પાસેથી માગવો? આ રિવાજોની દવા સ્વરાજ મળ્યે થવાની કે તેની દવા થયા વિના સ્વરાજ નહીં મળે?

એક ઉપાય તો સહેલો છે જ. શિક્ષિત વર્ગે સેવાભાવે નમ્રપણે ગામડાંઓમાં પ્રવેશ કરી લોકોની સ્થિતિ ઓળખવી. તેમ કરતાં ઘણાઓ માંદા પડશે; ઘણાઓ મરશે. તે બધું સહન કરતાં શીખશું ત્યારે તો ઉપાય મળશે. ત્યારે જ લોકો મળેલા ઉપાયને ઓળખશે ને વધાવશે. લોકોની બુદ્ધિને સમજાવવાનું કાર્ય અસંભવિત નહીં તો મુશ્કેલ તો માનું છું જ. લોકો પોતાના હૃદય દ્વારા સમજશે. હૃદય દ્વારા તો એ જ બોલી શકશે કે જેણે સેવાથી, પ્રેમથી, ત્યાગથી લોકોનાં મન હરણ કર્યાં હશે. જગતના અને મુખ્યત્વે કરીને હિંદુસ્તાનના ઈતિહાસને પાને પાને

Gandhi Heritage Portal

સામાન્ય રીતે લખેલું છે કે લોકો લાગણીને વશ વર્તે છે તેની પાછળ બુદ્ધિ કામ નથી કરતી. શું એ જ ન્યાય હશે કે હૃદય પહેલું ને પછી બુદ્ધિ? હૃદયની ગંગાથી અસંસ્કૃત રહેલી બુદ્ધિ નકામી તો નહીં હોય? રાવણની બુદ્ધિ હૃદયભીની નહીં હોવાથી બહુ માયાવી હોવા છતાં નકામી થઈ અને રામની હૃદયના સંસ્કારોથી પવિત્ર થયેલી હોવાથી સહેજે અજીત રહી.

દેશબંધુ કહે છે કે ગામડાંઓને સુસંગઠિત કર્યા વિના સ્વરાજ નથી. બીજાઓ પણ એ જ કહે છે. બંગાળનો અનુભવ મને તો એ જ શીખવે છે કે આપણે જ્યાં લગી ગામડાંઓમાં પ્રવેશ નથી કર્યો ત્યાં લગી હિંદુસ્તાનને જાણ્યું જ નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૧–૫–૧૯૨૫

## ૯૯. બંગાળનું કાંતણકામ

બંગાળની મુસાફરીનો પ્રથમ ભાગ નિર્વિઘ્ને પૂરો થયો છે. નિર્વિઘ્ને એટલા સારુ લખવું પડે છે કે ઘણા મિત્રોને મારી તબિયત તે ઘસારો ઝીલી શકશે કે કેમ તે વિષે શંકા હતી. બંગાળમાં મેં જે જોયું તે મને તો મારી ધારણા ઉપરાંત આશાજનક માલૂમ પડ્યું છે. અહીં મોટા જમીનદારો સહકુટુંબ કાંતે છે. અહીં મેં જમીનદારને, વકીલબારિસ્ટરને, અસ્પૃશ્યને ને હિંદુમુસલમાનને ભરી સભામાં સાથે બેસીને કાંતતાં દિનાજપુરમાં ને બીજી જગ્યાઓએ જોયા. અહીં મેં પૈસેટકે સુખી એવાં સેંકડો સ્ત્રીપુરુષોને સુંદર કાંતતાં જોયાં. આ બધાં હમેશાં નથી કાંતતાં. આટલાં બધાં સ્ત્રીપુરુષો સુંદર રીતે કાંતી જાણે છે ને પ્રસંગોપાત્ત કાંતવા બેસે છે એટલું જ મને સંતોષ આપે છે. આવી આવડત હિંદુસ્તાનમાં બીજે ક્યાંય નથી ભાળી. બીજી જગ્યાએ જે વસ્તુ સ્ત્રીપુરુષો પ્રયાસે શીખે છે તે અહીં મેં સ્વાભાવિક જોઈ. જેમ વિવાહ ઇત્યાદિને સારુ નોખો પોશાક હોય છે, જેમ ઘરનો જુદો ને કચેરીનો જુદો હોય છે, તેમ ઘણાએ ખાદીને પણ પોતાના પોશાકમાં સ્થાન આપ્યું છે. આવું મોટે ભાગે હિંદુસ્તાનમાં બીજે નથી જોવામાં આવતું.

અહીં મેં ખાદીનું વિરોધી વાતાવરણ જ ન જોયું. નાફેરવાદી ને સ્વરાજવાદી બંને ખાદીનો ઓછોવત્તો ઉપયોગ તો કરે જ છે. રેંટિયાની નિરુપયોગિતા સૂચવનારા તો મેં ત્રણ જ માણસો જોયા. તે પણ પ્રથમ પંક્તિના નહીં જ. અહીં, નરમ ગરમ બધાં દળોના લોકો થોડેઘણે અંશે ખાદીનો ઉપયોગ કરે છે.

અહીંની પૂણીઓને તો કોઈ પ્રાંત નથી પહોંચતો. પૂણીઓમાં કીટી તો હોય જ નહીં. ઘણી જગ્યાઓએ તો દેવકપાસની જાતનું રૂ કંતાય છે. તેને તો પીંજવાની જ જરૂર નથી હોતી; નથી પીલવાની જરૂર હોતી. ઉપરથી જ રૂ આંગળીઓ વતી ઊતરી આવે છે ને તેના રેસા ગોઠવી, પૂણીઓ બનાવી, ઝીણામાં ઝીણું સૂતર કાંતવામાં આવે છે. બીજું રૂ પહાડોમાં થાય છે તે બહુ ઊતરતું છે. તેના રેસા ઘણા જ ટૂંકા હોય છે. તે સુંવાળું પણ નથી હોતું. આ રૂ પીંજવું પડે છે પણ તેમાંયે કીટી તો ન જ હોય. તેનું પીંજણ ઊતરતી જાતનું હોય છે. પણ સાફ પીંજવાની જ ટેવ પડેલી છે તેથી કોઈ મેલું પીંજે જ નહીં. બજારમાં જે સૂતર જોવામાં આવે છે તેમાંયે કીટી નથી હોતી. દસથી ઓછો આંક પણ ભાગ્યે જ હશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩૧–૫–૧૯૨૫

Gandhi Heritage Portal

## ૧૦૦. દેવચંદ પારેખને પત્ર

શાંતિનિકેતન,
જેઠ સુદ ૮ [મે ૩૧, ૧૯૨૫][1]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

તમારો વિગતવાર કાગળ મળ્યો. મારા વિચારથી તો કંઈ જ કરવાની મારી હિંમત નથી. એટલે તમારો કાગળ રામજીભાઈને[2] મોકલું છું. તે વાંચીને તમારી સાથે મસલત કરે તે પછી તમને બધાને જે યોગ્ય લાગે તે કરજો. આપણે તો જેમતેમ કરીને કાઠિયાવાડને ખાદીમય બનાવી ખેડૂતોનું જીવન સાદું અને સુખી કરવું છે. આ બાબતનો નિર્ણય કરવા મગનલાલ અને લક્ષ્મીદાસને બોલાવવા ઘટે તો બોલાવજો.

**મોહનદાસના**
વંદે માતરમ્

[તા.ક.]

મને બંગાળમાં હજુ દોઢ માસ જશે. આસામ જવું પડશે.

દેવચંદભાઈ પારેખ, જેતપુર

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૫૬૯૩

## ૧૦૧. મણિબહેન પટેલને પત્ર

શાંતિનિકેતન,
જેઠ સુદ ૮ [મે ૩૧, ૧૯૨૫][3]

ચિ. મણિ,

તમારો પત્ર મળ્યો. લાંબો પત્ર લખવાનો લોભ કરવા જતાં ન જ લખાય તેના કરતાં આટલું જ લખી સંતોષ રાખું છું. તમને બંગડી તો હવે ક્યારની મળી ગઈ હશે. તે તો કલકત્તેથી જ મોકલી છે. બીજી મેં ઢાકામાં ખરીદી છે તે હજુ મારી સાથે છે. તે તો હું આવીશ ત્યારે જ તમે જોશો. ચિ. ડાહ્યાભાઈ વિષે લાંબો જવાબ મહાદેવે લખ્યો હશે. તેને કમાવું હોય તો ભલે કમાય. તેની તબિયત સારી થઈ ગઈ છે તે જાણી ખુશી થયો છું. ચિ. યશોદાને[4] મને લખવાનું કહેજો: બાપુની ખૂબ સેવા કરજો ને તેની ઉપરના બોજામાં જેટલો ભાગ લેવાય એટલો તમે ત્રણે જણ લેજો. હજુ મારે બંગાળમાં એક માસ તો કાઢવો જ રહ્યો છે.

**બાપુના આશીર્વાદ**

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને, પા. ૨૩

૧. ટપાલના સિક્કા પરથી.
૨. અમરેલીના રામજી હંસરાજ.
૩. મૂળ પ્રમાણે.
૪. ડાહ્યાભાઈનાં પત્ની.

Gandhi Heritage Portal

## ૧૦૨. શાંતિનિકેતનમાં ભાષણ

મે ૩૧, ૧૯૨૫

હું તમને એમ નથી કહેતો કે તમે તમારી કવિતા છોડી દો, એમ પણ નથી કહેતો કે સાહિત્ય કે સંગીત છોડી દો. હું માત્ર એટલું જ ઇચ્છું છું કે તમે તમારાં આ બધાં કામો કરતાં પણ માત્ર અરધો કલાક રેંટિયા માટે આપો. હજી સુધી કોઈએ મને એમ નથી કહ્યું કે અમે અડધો કલાક પણ ફાજલ પાડી શકીએ એમ નથી. રેંટિયો આપણી પ્રાંતીય સંકુચિતતાને દૂર કરનારો છે. આજે ઉત્તર હિંદુસ્તાનનો માણસ બંગાળમાં જઈને પોતાનો પરિચય હિન્દુસ્તાની તરીકે આપે છે. બંગાળી બીજા પ્રાંતોમાં પોતાને પરદેશી માને છે. દક્ષિણના લોકો ઉત્તરમાં જઈને પરદેશી જેવા બની જાય છે. રેંટિયો જ એક માત્ર એવું સાધન છે કે જેનાથી આપણને એમ ભાન થાય છે કે આપણે સૌ એક જ દેશનાં સંતાન છીએ. આપણે આજ સુધી કંઈ પણ કરી બતાવ્યું નથી; એટલે કંઈ કરી તો બતાવીએ. વિદેશી કાપડનો બહિષ્કાર એક એવી વસ્તુ છે કે જેને માટે બધા સાથે મળીને પ્રયત્ન કરી શકીએ છીએ. અસ્પૃશ્યતા તો માત્ર હિંદુઓને જ દુઃખ દે છે. મુસલમાનોના ઝઘડા પણ સમય આવતાં મટી જશે. પણ ખાદી વિના આખો દેશ દારિદ્ર્યમાં પડયો પડયો સડયા કરશે. મધ્ય આફ્રિકામાં ઊંઘનો રોગ થાય છે. લોકો મહિનાઓ સુધી બેભાન પડયા રહે છે અને અંતે મરી જાય છે. આપણા દેશના નિદ્રા-રોગની રેંટિયા સિવાય બીજી કોઈ દવા નથી.[1]

[મૂળ હિંદી]

हिन्दी नवजीवन, १८–६–१९२५

## ૧૦૩. ડૉ. એચ. ડબલ્યુ. બી. મોરેનોની મુલાકાત

શાંતિનિકેતન,

મે ૩૧, ૧૯૨૫

ડૉ. મોરેનોએ ગાંધીજી સાથેની બીજી વારની મુલાકાત દરમ્યાન ઍંગ્લો-ઇન્ડિયન જાતિના પ્રશ્નની સંપૂર્ણ ચર્ચા કરી. શરૂમાં ડૉ. મોરેનોએ એ લોકોને ગાંધીજીએ આપેલી કાંતવાની અને ખાદી પહેરવાની સલાહમાં રહેલી મુશ્કેલીઓ દર્શાવી કહ્યું કે ખાદીની તરફેણ કરતી ગાંધીજીની દલીલો સાચી માની લઈએ તોપણ આ ઉદ્યમની વિશિષ્ટ પદ્ધતિ અપનાવતાં ઊભી થતી આવી મુશ્કેલીઓ પાર કરવાનું ઍંગ્લો-ઇન્ડિયનો માટે અઘરું થઈ પડશે.

ગાંધીજીએ સ્વીકાર્યું કે ઍંગ્લો-ઇન્ડિયનો જેવી આખી કોમને આ કામ માટે તૈયાર કરવાનું કામ સહેલું નથી, પણ હું તમારી બાબતમાં ધીરજથી કામ લેવા તૈયાર છું. ફક્ત જો ઍંગ્લો-ઇન્ડિયનો ખાદીના કાર્યક્રમ તરફ અનુકૂળ વલણ ધરશે તો હાલ પૂરતો મને સંતોષ થશે. કાંતણનો મુખ્ય હેતુ પીડાતી જનતાનાં દુઃખો દૂર કરવાનો છે. કાંતણ એ ગરીબ અને તવંગર વચ્ચેના ઐક્યનું સાહિત્ય બંધન છે. એટલે હું તો ભારતની ધરતીનું લૂણ ખાનાર પ્રત્યેક અંગ્રેજને પણ સલાહ આપું છું કે જે દેશને તમે અપનાવ્યો છે તેના પ્રત્યે વફાદારી બતાવીને તેમણે કાંતણને અપનાવવું જોઈએ.

૧. આ ભાષણનો ટૂંકો હેવાલ अमृतबझार पत्रिकामां ૩–૬–૧૯૨૫ના અંકમાં મળી આવે છે.

Gandhi Heritage Portal

ડૉ. મોરેનોએ એ વાતનો નિર્દેષ કર્યો કે ઍંગ્લો-ઇન્ડિયનોને અત્યારે કાઉન્સિલો, એસેમ્બ્લીઓ અને બીજી સાર્વજનિક સંસ્થાઓમાં અમુક ચોક્કસ પ્રમાણમાં પ્રતિનિધિત્વ મળ્યું છે. સ્વરાજ્ય મળતાં આ લઘુમતી કોમની શી સ્થિતિ થશે?

ગાંધીજીએ તેના જવાબમાં કહ્યું કે જો તમે બીજી જાતિઓ સાથે મળીને ચાલશો તો તમને કોઈ મુશ્કેલી આવવાનું કારણ મને દેખાતું નથી. મારો એવો મત છે કે હિંદુઓએ તથા મુસલમાનોએ થોડા ઉદાર બનીને પણ આ કોમને હિંદની પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓમાં થોડું વધુ પ્રતિનિધિત્વ આપવું જોઈએ. કારણ કે તેઓ લઘુમતીમાં છે એટલે તેમને વધુ રક્ષણ મળવું જોઈએ.

મને લાગે છે કે હું એ કોમને વધારે પડતું વજન આપી રહ્યો છું. હું એકલો જ એ વાત જાણું છું કે બીજા ભલે જે કહેવું હોય તે કહે પણ હું તો આ બાળક પ્રત્યે એક વાલી તરીકેની મારી ફરજ બજાવી રહ્યો છું.

ડૉ. મોરેનોએ એ વાતનો નિર્દેશ કર્યો કે હાલમાં ઍંગ્લો-ઇન્ડિયનો લાંબા સંબંધને કારણે તથા તેમની રહેણીકરણીની ખાસ ઢબને કારણે મોટે ભાગે રેલવેમાં, કસ્ટમમાં ને એવાં બીજાં ખાતાંઓમાં કામ કરવાની વધુ યોગ્યતા ધરાવે છે. નોકરિયાતોનું "ભારતીયકરણ" એટલે એવો અર્થ થાય કે ઍંગ્લો-ઇન્ડિયનોની નોકરી છીનવી લઈને હિંદીઓને આપવામાં આવે? કેટલાક સમયથી ઍંગ્લો-ઇન્ડિયનોના મનમાં આ ગંભીર દહેશત છે.

ગાંધીજીએ કહ્યું કે બધી જ નોકરીઓની મોટી કસોટી તો કાર્યક્ષમતા જ હોવી જોઈએ. જો ઍંગ્લો-ઇન્ડિયનો આવી નોકરીઓ માટે યોગ્ય હોય તો એ સ્થાનો તેમની પાસે કેટલોક સમય રહેવા દેવાં જોઈએ. પણ જેમ જેમ હિંદીઓ પોતાની યોગ્યતા વધારતા જશે, તેમ તેમ તેમને માટે પણ જગ્યાઓ કરવી પડશે. પણ ત્યાં સુધીમાં બનવાજોગ છે કે ઍંગ્લો-ઇન્ડિયનો માટે નોકરીનાં બીજાં ક્ષેત્રો ખૂલશે. મારી ઇચ્છા તો એવી છે કે હિંદની કોમોનું ધોરણ ઊંચું ચડાવવામાં આવે, નહીં કે નીચું ઉતારવામાં આવે. હું એક ઉદાસીન ભારતીય ડ્રાઇવર દ્વારા ચલાવવામાં આવતી રેલગાડીમાં બેસવા કરતાં અત્યારે દેખાય છે તેવી એક યોગ્ય, ઘડાયેલા યુરોપિયનો કે ઍંગ્લો-ઇન્ડિયન ડ્રાઇવર દ્વારા ચલાવાતી રેલગાડીમાં બેસવું વધારે પસંદ કરું.

આ પછી ડૉ. મોરેનોએ ઍંગ્લો-ઇન્ડિયનોની કેળવણીની કરુણ હાલતની વાત કરી અને કહ્યું કે યુરોપિયનોની કેળવણી માટેની ગ્રાંટની રકમ ઘટાડવા માટેની હિલચાલ ધારાસભાઓમાં થાય છે. અને તેનું કારણ એ આપવામાં આવે છે કે બીજી જાતિઓ માટેની કેળવણી સંસ્થાઓને મળે છે તે કરતાં તેમને ઘણી વધારે ગ્રાંટ મળે છે. એ રીતે ગ્રાંટ લઈ લેવાય તો નજીકના જ ભવિષ્યમાં તે અમારે માટે ભારે ચિંતાનો વિષય બને. ગાંધીજીએ તેના જવાબમાં કહ્યું:

અહીં જ ભૂલ થાય છે. ઍંગ્લો-ઇન્ડિયનો અલ્પસંખ્યક જાતિ છે અને તેને ખાસ રક્ષણની જરૂર રહે છે, એટલે તેમને રાજી રાખવા કેટલીયે ખાસ છૂટછાટો આપવા હું તો ભલામણ કરું. મુંબઈમાં તોફાનો ફાટી નીકળ્યાં ત્યારે ઍંગ્લો-ઇન્ડિયનો તથા પારસી કોમના લોકો પર એકસરખા નિર્દય હુમલા થયા હતા, ને તે માટે મેં હિંદી ભાઈઓને ઝાળ ઊઠે એવા શબ્દો કહ્યા હતા. હિંદના બધા પક્ષોની એકતા અંગે હું હમેશાં ઍંગ્લો-ઇન્ડિયનો, પારસીઓ, યહૂદીઓ વગેરેનો ઉલ્લેખ કરું છું અને તેમને સામેલ કરું છું. એમના વિના કોઈ એકતાની શક્યતા નથી; બળિયો નબળાને કનડે જ. હિંદુ અને મુસ્લિમ જેવી હિંદની મોટી કોમોએ નાની કોમો પ્રત્યે ગંભીર જવાબદારી અદા કરવાની છે.

ઍંગ્લો-ઇન્ડિયનોની કેળવણી બાબતમાં મારે કહેવું જોઈએ કે એનાથી તેમનું નીતિનું ધોરણ ઘણું નીચું ગયું છે. મારા પ્રવાસ દરમ્યાન મેં જોયું છે કે ઍંગ્લો-ઇન્ડિયનોમાં યુરોપિયનો તથા હિંદીઓના સદ્ગુણો આવવાને બદલે બંનેના દુર્ગુણો આવ્યા છે. તેમની રોજિંદી ભાષામાં હિંદી ભાષાઓની ખરાબમાં ખરાબ ગાળો અને અંગ્રેજી ભાષાના હીનમાં હીન શબ્દોનું મિશ્રણ થયું છે. આવા વિકૃત રસોમાંથી ઍંગ્લો-ઇન્ડિયનોએ પોતે ઊગરી જવું જોઈએ. કોમમાં હજી આ વસ્તુ

Gandhi Heritage Portal

ચાલી રહી છે તેનું કારણ એ છે કે તેઓ પોતાના પડોશીઓથી અલગ વાડામાં રહ્યા છે અને તેમનામાં જે કાંઈ ઉત્તમ તત્ત્વ છે તેને અપનાવી શકતા નથી. રેલવે પ્લૅટફૉર્મો પર મેં એ પણ જોયું છે કે તેમના ભૌતિક રસો હીન થતા જાય છે. ખોરાક તરીકે વેચવા મૂકેલા તદ્દન ગંદા અને બીમારી લાવનારા હલકા પદાર્થો ચોરીછૂપીથી ખરીદીને તેઓ ચૂપકીથી ખાય છે. એમની જીભના સ્વાદ ઉપરથી એમની મનની રુચિનું માપ નીકળે છે.

ડૉ. મોરેનોએ એ વાત પણ કરી કે આજ સુધી ઍંગ્લો-ઇન્ડિયનોએ કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં કદી પણ રસ લીધો નથી અથવા નામનો જ રસ લીધો છે. સર સુરેન્દ્રનાથ બૅનરજી બંગાળના નેતા હતા ત્યારનું અમારી જાતિના આગેવાન ડૉ. જે. આર. વૉલેસને કૉંગ્રેસમાં જોડાવાને આમંત્રણ અપાયું હતું. પણ અમારી જાતિમાં એ વાત વહેતી મુકાતાં તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો.

અમે તમને કૉંગ્રેસમાં જરૂર આવકારીએ છીએ. તમે અંદર કેમ આવતા નથી? તમે બહાર રહો તેમાં વાંક કોનો? હું પોતે તો તમને પારસી અથવા યહૂદીની માફક ઉમળકાથી હાથ લંબાવી ભેટવા તૈયાર છું. કૉંગ્રેસ જો બધી કોમોને અપનાવી ન શકે તો તે સાચી રાષ્ટ્રીય સંસ્થા નથી.

સૂતરના મતાધિકાર બાબતમાં હાલમાં બીજાઓએ કર્યું તેમ ઍંગ્લો-ઇન્ડિયનો પણ સ્થાનિક સૂતર ખરીદી લઈ તેને આગળ મોકલવાનું ગોઠવી શકે અને એ અંગેની મુશ્કેલીને પાર કરી શકે.

ડૉ. મોરેનોએ કહ્યું કે અમારી કોમમાં બે વિભાગમાં વહેંચાઈ જવાનું વલણ છે. એક યુરોપિયનોની તરફ ઢળે છે અને બીજો હિંદીઓ તરફ. પણ હવે અમારી કોમમાં વિચારોમાં ફરક પડવા માંડ્યો છે.

ગાંધીજીએ કહ્યું કે મને પણ એવાં ચિહ્નો દેખાયાં છે કે ઍંગ્લો-ઇન્ડિયનો હવે પોતાને હિંદી ગણાવવાની તરફેણ કરી રહ્યા છે. આ વસ્તુ મને મારા અનેક ઍંગ્લો-ઇન્ડિયન મિત્રો સાથેની વાતચીતમાંથી જાણવા મળી છે. ચામડીના રંગનો ખાલી સિદ્ધાંત બનાવી તેના પાયા ઉપર અમુક ઍંગ્લો-ઇન્ડિયનોમાં જે આવી મિથ્યાભિમાનભરી ભાવના વ્યક્ત થાય છે તેને હું વખોડી કાઢું છું.

ખરી મુશ્કેલી તમે તમારી કોમના ગરીબ વર્ગનો ખ્યાલ કરો છો ત્યારે ઊભી થાય છે. પૈસાદારો અને ગરીબો વચ્ચેનું અંતર વધતું જાય છે. તેને કારણે તેઓ પતનને માર્ગે જઈ રહ્યા છે અને તમારા ગરીબ લોકો હિંદીઓમાં જે કંઈ દૂષણો છે તે અપનાવતા જાય છે. વધારે પૈસાદાર ઍંગ્લો-ઇન્ડિયનો માટે કોમી પ્રશ્નને સ્થાન નથી. તેમને પોતાના પ્રમાણમાં ઘણું વધારે મળે છે. ઍંગ્લો-ઇન્ડિયન વિચારકે ગરીબ વર્ગની સમસ્યાનો ઉકેલ કાઢવાનો છે. અમારે જેમ અસ્પૃશ્યતાનો પ્રશ્ન છે, તેમ તમારે એ જ પ્રશ્ન બીજા સ્વરૂપે છે.

એક ઍંગ્લો-ઇન્ડિયન સ્ટેશન માસ્તર મારા મિત્ર હતા. તેમણે રહેણીકરણીનો ખોટો માર્ગ અપનાવ્યો હતો. એમને માસિક રૂ. ૩૦૦ મળતા હતા. પણ એ યુરોપિયન ઢબ પ્રમાણે રહેતા હોવાથી પત્ની અને ચાર છોકરાંનું ભરણપોષણ કરવા અને કેળવણીની જોગવાઈ કરવા ઉપરાંત એમને કશું બચતું નહોતું. એમણે મને કહ્યું હતું કે જીવનનું આ ધોરણ પાયમાલ કરનારું હોવા છતાં તેમને એ જાળવવું પડતું હતું. કારણ, તે જાણતા હતા કે જો એ ધોરણ એ નહીં અપનાવે તા ભવિષ્યમાં એમને રેલવેની નોકરીમાં બઢતી કદી નહીં મળે.

ડૉ. મોરેનોએ કહ્યું કે હું માત્ર કોમની કેટલીક મુશ્કેલીઓ જણાવું છું અને તે અંગે એક મિત્ર તરીકે શ્રી ગાંધીની સલાહ લેવા માગું છું. મારી કોમ આ દેશની માટીમાંથી જ પેદા થઈ છે અને તે આ દેશના હિતમાં કાયમી રસ ધરાવે છે.

ગાંધીજીએ કહ્યું કે આ ભાવનાની હું કદર કરું છું. ઍંગ્લો-ઇન્ડિયન કોમના આ કાયમી રસની સૌ હિંદીઓ પ્રશંસા જ કરે છે. એ કોમના લોકોમાં અને હિંદીઓમાં કશો ફરક નથી. ડૉ. મોરેનોએ મારી સાથે ખૂબ છૂટથી ચર્ચા કરી તેથી મને આનંદ થયો છે. દેશભરની મારી

Gandhi Heritage Portal

મુસાફરીમાં હું અનેક ઍંગ્લો-ઇન્ડિયનોને મળ્યો છું. તેઓ મારી પાસે વખતોવખત આવીને સલાહ લે છે. કેટલાયે ઍંગ્લો-ઇન્ડિયન ભાઈઓ મને ખાનગી રીતે મળ્યા છે અને તેમણે કોમના પ્રશ્નો વિષે મારી સલાહ લીધી છે. પણ મારી દલીલોનું વાજબીપણું સ્વીકારવા છતાં તેને વ્યવહારમાં ઉતારવામાં તેઓ નિષ્ફળ ગયા છે. તેમનામાં આચરણ માટેની નૈતિક હિંમતનો અભાવ હતો. કોમને માટેની ભાવિ ઉદ્ધારની એકમાત્ર નીતિ એ જ તમારું જીવનકાર્ય છે. મારી તમને સલાહ છે કે તમે એમાં શિથિલ ન થશો. ટીકાથી તમારે મૂંઝાવાની જરૂર નથી તેમ જ વિચાર અને કાર્યમાં તમે સંકુચિતતા આવવા ન દેશો. આ બાબતમાં બંગાળના બુદ્ધિજીવીઓ અને દેશના શ્રમજીવીઓ એનાં દેખીતાં ઉદાહરણો છે.

મુલાકાતને અંતે, ડૉ. મોરેનોએ ઍંગ્લો-ઇન્ડિયન કોમને સ્પર્શતા કેટલાક પ્રશ્નો, અભ્યાસપૂર્ણ ઉત્તરો મેળવવા માટે યંગ ઇન્ડિયામાં પૂછતા રહેવાની પોતાની ઇચ્છા પ્રગટ કરી. ગાંધીજીએ કહ્યું :

એ કોમના એક મિત્રના દાવે હું એ પ્રશ્નોને આવકારીશ ને એ વિષે જે કંઈ ગેરસમજો હશે, તે પણ દૂર કરવા પ્રયત્ન કરીશ. છેવટે તો, આપણે બધા આપણા — તમારા અને મારા દેશની ઉન્નતિ માટે જ કામ કરી રહ્યા છીએ.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૨–૬–૧૯૨૫

## ૧૦૪. જી. વી. સુબ્બારાવને પત્ર[૧]

જૂન ૧, ૧૯૨૫

પ્રિય મિત્ર,

તમારા પત્રમાંની[૨] ઘણીખરી બાબતો વિષે મને કંઈ જ ખબર નથી.

તમારો સહૃદયી

**મા. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૩૬૨૪

૧. જી. વી. સુબ્બારાવ પન્તુલુ, ૧૯૧૪માં કૉંગ્રેસના જનરલ સેક્રેટરી; ૧૯૧૭માં ફરી ચૂંટાયા, પણ પછી તેમણે રાજીનામું આપ્યું.

૨. એ પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૧૦૫. જિતેન્દ્રનાથ કુશારીને પત્ર

જૂન ૧, ૧૯૨૫

પ્રિય મિત્ર,

આટલા થોડા દિવસોમાં તમે કરેલી પ્રગતિ માટે તમને અભિનંદન આપું છું. મને આશા છે કે એ ચાલુ રહેશે.

તમારો સહૃદયી

મો. ક. ગાંધી

શ્રી જિતેન્દ્રનાથ કુશારી

સત્યાશ્રમ

બહરોક પોસ્ટ ઑફિસ

જિ. ઢાકા

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૭૧૮૭

## ૧૦૬. એસ. એ. વઝેને પત્ર[1]

શાંતિનિકેતન,

જૂન ૧, ૧૯૨૫

તમારું નિવેદન[2] હું ધ્યાનપૂર્વક વાંચી ગયો. એ બહુ કીમતી અને સારી રીતે દલીલપૂર્ણ છે. પણ, જો તમારે પસંદગી કરવાની હોય તો તમે કાયદાથી બધું નક્કી કરાવી લેવા ઇચ્છો છો એ પ્રકારની ગેરસમજ તમારા માટે ઊભી થવાનો ડર છે. હું પોતે તો જોઈ શકું છું કે તમે આવું ન જ ઇચ્છો. કાયદામાં ફેરફાર કરવો મુશ્કેલ છે. નિયમમાં અગર પેટાકાયદામાં અગર રૂઢિમાં ફેરફાર કરવો, પ્રમાણમાં સહેલું છે. આપણામાંથી થોડાક જ ન્યાય તોળવા બેસી શકે. પણ એક આખા વર્ગને કાયદો કરીને અલિપ્ત રાખવાનો વિચાર આપણને કેવી રીતે ગમે? કાયદાથી જે બંધન મૂકવાનું વિચારાયું છે તેથી કદાચ એક પણ એશિયાવાસીને વાંધો નહીં આવે. તોપણ આપણે તો એનો વિરોધ કરવો જ જોઈએ. ખરો ઉપાય તો એ છે કે કોઈ પ્રતિબંધ કાયદાથી મુકાવો જોઈએ નહીં, અને વહીવટમાં ભેદભાવને તીવ્ર બનાવવો જોઈએ નહીં – ઊલટું, વહીવટમાં જે ભેદભાવ છે તે કાઢી નાખવો જોઈએ. આ રાજકીય તખ્તામાં જે જે પક્ષો ભાગ ભજવી રહ્યા છે તે બધાને હું ઓળખું છું. સ્મટ્સ ફરી જાય એવા છે એવો સૌનો અભિપ્રાય છે છતાં, એ, હર્ટ્ઝોગ અગર બેયર અગર ક્રૉસવેલ કરતાં વધુ ન્યાયપ્રિય છે. આ બધું, તમારી સ્થિતિ વધુ

૧. ઇમ્પીરિયલ સિટીઝનશિપ ઍસોસિએશનના સેક્રેટરી અને હિંદ સેવક સમાજના સભ્ય; હિંદ બહાર વસતા હિંદીઓ માટે કાર્ય કરનાર.

૨. આ મળતું નથી.

Gandhi Heritage Portal

સ્પષ્ટ કરવામાં તમને મદદરૂપ થાય એ હેતુથી તમને કહું છું. છતાં જો તમને જ એમ લાગતું હોય કે જો ભેદભાવ રાખવાનો જ હોય તો તે કાયદો કરીને રાખવો જોઈએ તો મારે કાંઈ કહેવાનું નથી. ફક્ત એટલું જ કે આપણા બેની વચ્ચે મતભેદ છે એ આપણે સ્વીકારીએ છીએ. ઑસ્ટ્રેલિયા જેવા કડક વલણવાળા દેશમાં પણ સ્થિતિ એવી રાખી છે કે જ્યારે ત્યાંના રાજપુરુષ કાંઈ છૂટ આપવા માગતા હોય ત્યારે કાયદામાં કાંઈ ફેરફાર કર્યા વિના તે એ આપી શકે છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૦૬(૧). નારણદાસ ગાંધીને પત્ર

જેઠ સુદ ૯ [જૂન ૧, ૧૯૨૫][૧]

ચિ. નારણદાસ,[૨]

તમારા તરફથી કશા ખબર નથી. મને દર માસે તમારો અભિપ્રાય ખાદી બાબત મોકલો એમ ઇચ્છું. પખવાડિયે મોકલો તો વિશેષ.

ભાઈ શિવજીનું હજી તમે તપાસી શક્યા નથી લાગતા. હવે તુરત ઉકેલજો. તેની ઉપર હિસાબના ગોટાના આક્ષેપો છે તેમ જ વ્યભિચારના. વ્યભિચાર વિષે તો તમે શું તપાસ કરો? આંખ ખોલીને મઢડા જાઓ એટલું જ તે બાબત કહું. હિસાબ ઝીણવટથી તપાસજો, કે જેથી તે કામ પ્રામાણિક હોય તો તે વિષે હું બેધડક થઈ કહી શકું.

તમે જાણો છો કે તેને વિષે આક્ષેપોનું હું **નવજીવન**માં લખી ચૂક્યો છું.

તમારી તબિયત સારી રહેતી હશે.

ખુશાલભાઈ તથા દેવભાભીને[૩] દંડવત્.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૨૭૨; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧. સાચી તારીખ જૂન ૧ હોવાથી લેખ ૧૧૪ અહીં મૂક્યો છે.
૨. ગાંધીજીના ભત્રીજા.
૩. નારણદાસ ગાંધીનાં માતુશ્રી અને ખુશાલભાઈનાં પત્ની.



Gandhi Heritage Portal

## ૧૦૭. ભવાનીપુર, કલકત્તામાં ભાષણ[1]

જૂન ૨, ૧૯૨૫

ગાંધીજીએ કહ્યું કે રેંટિયો મારા હૈયામાં જડાઈ ગયેલો છે. તમે રાષ્ટ્રીય શાળાના અભ્યાસક્રમમાં તેને સ્થાન આપ્યું છે તે જાણી મને ખૂબ આનંદ થયો છે. મને આશા છે કે વિદ્યાર્થીઓ કાંતવામાં બરાબર લાગી જશે, અને કુશળ કાંતનારા બનશે. જેને હૈયે હિંદની આમજનતાનું હિત છે, તેવાં દરેક સ્ત્રી, પુરુષ તથા બાળકે દિવસમાં ઓછામાં ઓછું અરધો કલાક કાંતવું જોઈએ. રેંટિયો એ આમજનતા અને ઉચ્ચ વર્ગના લોકો વચ્ચેની નજરે જોઈ શકાય તેવી કડી છે.

ગાંધીજીએ અસ્પૃશ્યતા તથા હિંદમુસ્લિમ ઐક્ય વિષે પણ વાતો કરી.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૪–૬–૧૯૨૫

## ૧૦૮. વાઇકોમ

લોકોને વાઈકોમ આંદોલન ભૂલવા ન દેવું જોઈએ.[2] લોકોએ એ વાત સમજવી જોઈએ કે સત્યાગ્રહીઓ પહેલાંના કરતાં અત્યારે ઘણી વધારે ઊંચી શિસ્ત જાળવી રહ્યા છે. પહેલાં તેઓ તેમના આગળ વધવાના માર્ગ પર ઊભા કરવામાં આવેલા સ્થૂળ વિઘ્ન સામે બેસીને રેંટિયો કાંતતા હતા. એ સ્થળે પોલીસોના રક્ષણ હેઠળ વાડ ઊભી કરવામાં આવી હતી. વાચકો જાણે છે તે પ્રમાણે હવે એ વાડ પણ દૂર કરવામાં આવી છે. પોલીસ પણ ખસેડી લેવામાં આવી છે. એટલે સત્યાગ્રહીઓએ હવે સ્વેચ્છાથી પોતાની ઉપર નૈતિક નિયંત્રણ મૂકયું છે. તેમ કરવાનો હેતુ એ છે કે આ સત્યાગ્રહીઓને એવી આશા હતી અને તે જાહેર પણ કરી હતી કે આ સત્યાગ્રહના સીધી રીતે કારણ બનેલા સવર્ણ હિંદુઓ પીગળશે ને સરકાર એવી જાહેરાત કરશે કે આ માર્ગ દરેક મનુષ્ય માટે, અરે કૂતરાં તથા બિલાડાં માટે પણ ખુલ્લો છે, તેમ આ કહેવાતા અનુપસાર્યો માટે પણ ખુલ્લો મૂકવામાં આવે છે. ત્રાવણકોરના હિંદુ રાજ્યની તો પોતાની પછાત કોમો તરફ બેવડી જવાબદારી છે. પહેલી તો એ કે કોઈ પણ માનવતાનો દાવો કરતા રાજ્યે પોતાની દબાયેલી પ્રજા પ્રત્યે વધુ કાળજી રાખવી જોઈએ. અને બીજી એ કે આ હિંદુ રાજ્ય હોઈ હિંદુ ધર્મ પ્રત્યે પણ તેની વિશેષ જવાબદારી છે. આ રાજ્યે હિંદુ ધર્મમાં પેસી ગયેલા આ દુષ્ટ વહેમને બિલકુલ ઉત્તેજન ન આપવું જોઈએ.

આટલું રાજ્ય પૂરતું.

ત્રાવણકોરના સવર્ણ હિંદુઓએ મને વચન આપ્યું હતું, અને મને કાંઈ પણ વચન આપવાની જરૂર સિવાય પણ તેમની એ ફરજ હતી કે જ્યાં સુધી આ "અનુપસાર્યો" માટે

૧. દક્ષિણ કલકત્તામાં ભવાનીપુરમાં રાષ્ટ્રીય શાળા તથા સેવક સમિતિ તરફથી ગાંધીજીને માનપત્રો આપવામાં આવ્યાં હતાં.

૨. ત્રાવણકોર અત્યારે કેરળ રાજ્યનો એક ભાગ છે. તેમાં આવેલા વાઇકોમના એક મંદિર તથા તેના તરફ જવાના રસ્તા પર એઝવા તથા બીજી પછાત જાતિના લોકોને પ્રવેશવા દેવામાં આવતા ન હતા. આ અન્યાયી વર્તન સામે ૧૯૨૪માં સત્યાગ્રહ યોજવામાં આવ્યો હતો. જુઓ પુસ્તક ૨૩.

Gandhi Heritage Portal

મંદિરમાં જવા માટેના માર્ગો ખુલ્લા મૂકવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ રાજ્યને જંપવા નહીં દે. તેમણે મને એવી ખાતરી આપી હતી કે અમે ત્રાવણકોરમાં ઠેર ઠેર સભાઓ ભરીશું અને સરકારને સ્પષ્ટ બતાવીશું કે આ પ્રકારની મનાઈ હિંદુ ધર્મ સાથે અસંગત છે અને અસહ્ય છે. જાહેર સભાઓ ભરવા ઉપરાંત તેઓ સવર્ણ હિંદુઓની સહીઓવાળી રસ્તા ખુલ્લા કરવાની માગણી કરતી એક મોટી અરજી તૈયાર કરનાર હતા. જે સજ્જનોએ આવી ખાતરી આપી હતી તે પોતાનું વચન પાળી રહ્યા છે કે કેમ તેની મને ખબર નથી.

હવે જેમને ખોટી રીતે અનુપસાર્યો કહેવામાં આવે છે તેમને વિષે મારી માહિતી એવી છે કે તેઓ બેચેની અનુભવી રહ્યા છે. તેમને એમ કરવાનો અધિકાર છે. મને એમ પણ કહેવામાં આવ્યું છે કે સત્યાગ્રહ પરથી તેમનો વિશ્વાસ ઊઠતો જાય છે. જો એમ હોય તો આ શ્રદ્ધાનો અભાવ સૂચવે છે કે તેમને સત્યાગ્રહની કાર્યપદ્ધતિ વિષે સાચી સમજ નથી. આ એક એવા પ્રકારનું બળ છે કે જે મૂંગું મૂંગું ને દેખીતી રીતે અત્યંત ધીમું કામ કરે છે. ખરું જોતાં તો દુનિયામાં આ બળ જેટલું ઝડપી અને સીધી અસર કરનારું બીજું એકે બળ નથી. પણ કેટલીક વાર પાશવી બળ વડે દેખીતી સફળતા વધારે ઝડપથી હાંસલ થાય છે. શારીરિક શ્રમ દ્વારા રોજી રળવાની પદ્ધતિ એ સત્યાગ્રહની રોજી રળવાની પદ્ધતિ છે. શૅરબજારમાં સટ્ટાથી કે ઘર ફોડીને દેખીતી રીતે જ ઝડપથી સમૃદ્ધિ મેળવી શકાય, પણ તે સત્યાગ્રહથી તદ્દન ઊલટી જ પદ્ધતિ છે. હું માનું છું કે દુનિયા હવે એટલું સમજી ગઈ છે કે જુગાર કે ચોરી કરીને આજીવિકા મેળવવી એ સાચી રીત નથી, અને તે જુગારીને કે ચોરને પણ લાભ કરતાં નુકસાન વધુ કરે છે. આ અનુપસાર્યો વહેમી સવર્ણ હિંદુઓ સાથે હાથોહાથની લડાઈ કરીને પોતાનો માર્ગ જોર-જુલમથી ખુલ્લો કરી શકે; પણ તેથી તેઓ હિંદુ ધર્મને સુધારી નહીં શકે. એ તો જોરજુલમથી સુધારો કરાવવાની પદ્ધતિ થઈ. પણ એ ઉપરાંત મને એમ પણ કહેવામાં આવ્યું છે કે તેમના-માંથી કેટલાકે તો ઝટ રાહત ન મળે તો ખ્રિસ્તી, ઇસ્લામ કે બૌદ્ધ ધર્મમાં ચાલ્યા જવાની ધમકી આપી છે. મારા નમ્ર મત પ્રમાણે આવી જાતની ધમકીનો ઉપયોગ કરનારાઓ ધર્મનો અર્થ સમજતા નથી. ધર્મ તો જીવનમરણનો પ્રશ્ન છે. માણસ પોતાનાં કપડાં બદલે તેમ ધર્મ બદલતો નથી. તે તો તેને મૃત્યુને પેલે પાર પણ પોતાની સાથે જ રાખે છે. વળી માણસ બીજાના પર ઉપકાર કરવા માટે પણ ધર્મ પાળતો નથી. તેના વગર રહી શકાય જ નહીં, માટે તે ધર્મ પાળે છે. વફાદાર પતિ પોતાની પત્ની પર જેવો પ્રેમ કરે છે તેવો બીજી કોઈ સ્ત્રી પર કરતો નથી. પત્ની બેવફા હોય તોપણ તે પોતાની વફાદારી છોડતો નથી. આ બંધન લોહીની સગાઈના બંધનથી પણ વધારે છે. એવી જ રીતે એની કંઈ પણ મહત્તા હોય તો ધર્મનું બંધન પણ એવા જ પ્રકારનું છે. એ હૃદયની લાગણીઓ સાથે જોડાયેલી બાબત છે. જે હિંદુઓ પોતે ઉચ્ચ વર્ણના હોવાના દાવે અભિમાનથી વર્તે છે, અને એ રીતે હિંદુ ધર્મનો જ ઇનકાર કરે છે, તેના કરતાં એક અંત્યજ જે સવર્ણ હિંદુઓના ત્રાસની સામે પણ જીવનમાં હિંદુ ધર્મ આચરે છે તે સાચો હિંદુ છે. એટલે જેઓ હિંદુ ધર્મનો ત્યાગ કરવાની ધમકી આપે છે, તેઓ મારા અભિપ્રાય મુજબ પોતાના ધર્મને દગો દે છે.

પણ સત્યાગ્રહીનો માર્ગ સ્પષ્ટ છે. તેણે તો આ બધા પ્રતિકૂળ પ્રવાહોની વચ્ચે પણ અડગ રહેવું જોઈએ. અંધ રૂઢિચુસ્તતા સામે પણ તેણે અકળાઈ જવું ન જોઈએ. તેવી જ રીતે કચડાયેલી જાતિના લોકોના નાસ્તિકપણાને જોઈને પણ તેમણે ઉશ્કેરાવું ન જોઈએ. તેણે જાણવું જોઈએ કે તેની તપશ્ચર્યાથી કઠોરમાં કઠોર ઝનૂની માણસનું પથ્થર જેવું હૈયું પણ પીગળી જવાનું

Gandhi Heritage Portal

છે. અને એ જ તપશ્ચર્યા પોતાના અનેક જમાનાઓથી કચડાયેલી સ્થિતિમાં રહેલા ઢચુપચુ મનના પંચમ ભાઈને માટે પણ રક્ષણ માટેની દીવાલ બનશે. તેણે જાણવું જોઈએ કે જ્યારે આશા સાવ લુપ્ત થઈ હશે ત્યારે સહાય આવી પહોંચશે. નિષ્ઠુરપણે દયાળુ દેવતાની એ રીત જ છે કે તે પોતાના ભક્તોને અગ્નિપરીક્ષામાંથી પસાર કરે છે, ને તેને રજકણ જેવો નમ્ર બનાવવામાં આનંદ લે છે. આ વિપત્તિકાળે સત્યાગ્રહીએ પેલા ગજેન્દ્રમોક્ષના આખ્યાનમાંના ગજેન્દ્રને યાદ કરવો જોઈએ. પોતે ડૂબવાની અણી પર છે એમ તેને લાગ્યું ત્યારે જ ભગવાને તેને ઉગારી લીધો.

## ઍંગ્લો-ઇન્ડિયનો

મેં ડૉ. મોરેનોને એવું સૂચવ્યું હતું કે દરેક હિંદીની જેમ ઍંગ્લો-ઇન્ડિયનોએ પણ ખાદી પહેરવી જોઈએ ને કાંતવું જોઈએ. મારા આ સૂચનને કેટલાક લેખકોએ હસી કાઢ્યું છે, એમ હું જોઉં છું. આ સૂચનને હસી કાઢવું સહેલું છે. પણ મને મારા આ ઉપાયમાં પૂરી શ્રદ્ધા છે. અને હું જાણું છું કે એ મજાક થોડાક વખતમાં સાચા સમર્થનમાં ફેરવાઈ જશે. ઍંગ્લો-ઇન્ડિયનો પ્રત્યે મારા મનમાં હું જરાય બૂરી ભાવના રાખતો નથી, તથા મારી સ્વરાજની કલ્પનામાં હિંદમાં જન્મેલા અગર હિંદને પોતાની માતૃભૂમિ તરીકે સ્વીકારતા કોઈ પણ માણસની જેમ જ એમનું સ્થાન છે. એટલે મને ખાતરી છે કે અત્યારે ઍંગ્લો-ઇન્ડિયનોના મનમાં ભલે ગેર-સમજ ઊભી થઈ હોય, પણ તેમની એ ગેરસમજ દૂર થયા વિના રહેવાની નથી. હિંદી હિંદી વચ્ચે હું મારા મનનાં કોઈ પણ જાતનો ભેદભાવ રાખતો નથી. એટલે અનેક ગરીબ ઍંગ્લો-ઇન્ડિયનોને મળવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. તેમણે જો સુખપૂર્વક જ જીવવું હોય તો બીજા ગરીબ હિંદીઓના જીવન સાથે પોતાના જીવનનો મેળ બેસાડવો જોઈએ. તેમણે તેમના સુખદુ:ખમાં ભાગ લેવો જોઈએ, અને બને ત્યાં સુધી તેમના જેવું જ જીવન ગાળવું જોઈએ. ખાદી ખરેખર સૌને માટે સમાન બાબત બની શકે તેવી છે, અને તેમણે પણ બીજાઓની સાથે સાથે શા માટે ન કાંતવું? પોતાની અને દેશના ગરીબો વચ્ચે સહાનુભૂતિનું એ એક પ્રત્યક્ષ અને સાર્વત્રિક બંધન છે. તેને અપનાવવામાં કોઈ શરમ નથી. પોતાની જન્મભૂમિના ગરીબમાં ગરીબ માણસ સાથે એકતા સાધવામાં ઍંગ્લો-ઇન્ડિયનોએ શા માટે પાછળ રહેવું જોઈએ? સામાન્ય હિંદી ઉપરની સરસાઈના ખોટા ખ્યાલો તેને શીખવવામાં આવ્યા છે અને તેથી તે પોતાના જ વતનમાં અમુક અંશે પરદેશીની જેમ જીવે છે. અને તે અંગ્રેજો સાથે પણ એક-રસ થઈ શકતો નથી. બીજા કોઈ દેશને પોતાનું વતન ગણવાનું તેને માટે શક્ય જ નથી. તે બીજા દેશમાં કે વસાહતમાં સ્થળાંતર કરવાનો પ્રયત્ન કરશે તો ત્યાં પણ તેની દશા બીજા કોઈ પણ હિંદી જેવી જ થવાની. એટલે મેં પૂરી નમ્રતાથી છતાં પૂરી સચ્ચાઈથી કહ્યું છે, અને તેની પાછળ મારા હૃદયની ઊંડી શ્રદ્ધા છે, કે મારે મારા જીવન વિષેના ખ્યાલોને ફરી તપાસવા જોઈએ. વાસ્તવિક રીતે પોતે કરોડોમાંના એક છે એટલે તેવા થઈને તેણે રહેવું જોઈએ. એમ કરશે તો તેના વિચારમાં સમતુલા આવશે અને તે પોતાના જીવનમાં તેનાં માત-પિતાના ગુણો ઉતારી શકશે અને પોતાની, પોતાના દેશની ને યુરોપિયન માબાપની સાચી સેવા કરી શકશે. પોતાને સંપૂર્ણ રીતે શોભે એવા સ્થાન પર રહીને તે અંગ્રેજોને પણ અસરકારક રીતે અને અંગત અનુભવની સગવડતાભરી ભૂમિકાએથી કહી શકશે. ઍંગ્લો-ઇન્ડિયનોએ અને એમ-નામાંના સૌથી વધુ ગરીબ વર્ગે પણ પોતાની આજીવિકાના સાધન તરીકે રેંટિયાથી સંતોષ માનવો એવું હું સૂચવતો નથી અને ડૉ. મોરેનોને મેં સૂચવ્યું પણ નથી. પણ રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુથી જોતાં

Gandhi Heritage Portal

તેમનામાંના ઊંચામાં ઊંચા સ્તરના લોકોએ પણ ન કાંતવાને કોઈ કારણ નથી. અલબત્ત, તેમનામાંથી જેઓ ખૂબ ગરીબ હોય તેઓ કુશળ વણકરો બને એવું સૂચન કરવામાં મને સંકોચ થતો નથી. એ એક પૂરક વ્યવસાય છે. અને જેમને એની હથોટી છે તેઓ તેને પ્રામાણિક રોજીના સાધન તરીકે શીખી લઈ શકે. કેમ કે કુશળતાથી ને કલાત્મક રીતે વણાટનું કામ કરનાર મહિને ૪૦ થી ૫૦ રૂપિયા જેટલી કમાણી સહેલાઈથી કરી શકે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૪–૬–૧૯૨૫

## ૧૦૯. ખાદી પ્રતિષ્ઠાન

પૂર તથા દુકાળના રાહત કામના ભાગ તરીકે રેંટિયાનો વિકાસ કરવા અંગે મેં અન્ય સ્થળે લખ્યું છે. આ પ્રયોગ એક ખાસ મહત્ત્વ ધરાવે છે. પણ આચાર્ય રાયે તથા જેઓ મને પ્રેમથી પોતાનો જમણો હાથ કહે છે તે સતીશબાબુએ જે અનુભવ મેળવ્યો છે, તેને લીધે હવે એ કામ માત્ર પ્રયોગદશામાં રહ્યું નથી. આ બંને ભાઈઓ રસાયણશાસ્ત્રીઓ છે. બંગાળના ખેડૂતો માટે કાયમી પૂરક વ્યવસાય તરીકે રેંટિયાની અને ખાદીની શકયતા કેટલી છે એ વિષે સંશોધન કરવા તરફ તેમની વૈજ્ઞાનિક બુદ્ધિ તેમને વાળ્યા વિના રહે એમ નથી. એક નાના પ્રયોગમાંથી ખાદી પ્રતિષ્ઠાનને નામે ઓળખાતી સંસ્થાએ હવે એક મોટી સંસ્થાનું સ્વરૂપ લીધું છે. બંગાળના ઘણા ભાગોમાં તેની શાખાઓ છે. અને તે હજુ વધુ શાખાઓ ખોલવાનું વિચારે છે. તેનો ઉદ્દેશ શુદ્ધ ખાદી ઉત્પન્ન કરવી અને વેચવી, તથા પ્રકાશનો, જાદુઈ ફાનસ વગેરે દ્વારા રેંટિયા અને ખાદીનો લોકોમાં પ્રચાર કરવો એ છે. તેને વધુ સ્થાયી સ્વરૂપ આપવાના હેતુથી તેનું જાહેર ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે. મારી પાસે તેનું ટ્રસ્ટડીડ તથા સરવૈયું આવ્યાં છે. હું આ વાતનો ઉલ્લેખ એટલા માટે કરી રહ્યો છું કે મેં પબનાની જાહેર સભામાં એક પ્રશ્નકારને એવું વચન આપ્યું હતું કે પ્રતિષ્ઠાનના કામ વિષે હું યંગ ઇન્ડિયામાં લખીશ. મેં આખા બંગાળમાં ખાદી પ્રતિષ્ઠાનની બનાવટના રેંટિયાની ભલામણ કરી છે, કારણ કે મને લાગ્યું છે કે બંગાળમાં જે રેંટિયા મળી શકે છે તેમાં તે સૌથી સારો છે, અને તેમાં સુધારા કરવા માટેના પ્રયોગો હજી થઈ રહ્યા છે. પ્રશ્ન પૂછનારે તે જ વખતે પ્રતિષ્ઠાનની ખાદી મોંઘી હોવાની ફરિયાદ કરી હતી. અને મેં આ ફરિયાદને પણ આ જ પત્રમાં હાથ ધરવાનું વચન આપ્યું હતું. એક દૃષ્ટિએ આ આક્ષેપ સાચો કહી શકાય એવો છે. ખૂબ મોટા પાયા પર ખાદી ઉત્પન્ન કરવી અને રેંટિયાને દરેક ઘરમાં દાખલ કરવો એવો વિચાર આની પાછળ રહેલો છે. આ ટ્રસ્ટના સંચાલકો ખાદીને સ્વાવલંબી બનાવવા તથા સૂતરની ગુણવત્તા સુધારવા માગે છે. વળી આ સંસ્થાએ એવાં કેન્દ્રોમાં પણ કામ કરવાનું છે કે જ્યાં ખાદી ઉત્પન્ન કરવા માટે અનુકૂળ વાતાવરણ નથી. એટલે તે બધાં કેન્દ્રોની ખાદી એકઠી કરે છે ને સરેરાશ કિંમત કાઢીને વેચે છે. એનો અર્થ એ થયો કે જે કાર્યકરો અનુકૂળ વાતાવરણવાળાં કેન્દ્રોમાં કામ કરે છે તેઓ જ માત્ર ખાદી પ્રતિષ્ઠાન કરતાં સસ્તી ખાદી વેચી શકે. હાલ પૂરતું આ વાતથી મૂંઝાવાનું કોઈ કારણ નથી, કારણ, અત્યારે જે થોડાં કેન્દ્રો શુદ્ધ ખાદી ઉત્પન્ન કરી રહ્યાં છે, તેમની પાસે પોતાના એવા ગ્રાહકો છે જેઓ કિંમત વિષે બહુ ચિંતા કરતા નથી. પ્રતિષ્ઠાન

Gandhi Heritage Portal

આજે પણ ખાદી થોડી ખોટ ખાઈને વેચે છે; પણ તે ખોટ ઓછી કરવા માટે પ્રયાસ કરે છે. આ સંસ્થાને કાયમને માટે દાનફાળા પર ન નભાવી શકાય. મને એ વાતનો સંતોષ છે કે પ્રતિષ્ઠાનની ખાદીની વેચાણ કિંમત ઘટાડવા માટે પૂરતા પ્રયત્નો થાય છે. સૌ કોઈને એ બાબતની માહિતી છે કે પ્રતિષ્ઠાનમાં કોઈને પોતાનું અંગત હિત નથી. તેના મુખ્ય સંચાલકો પાસે આવકનાં પોતાનાં સાધનો છે. તેઓએ પ્રતિષ્ઠાનને કાંઈ ને કાંઈ આપ્યું છે. તેઓ તેમાંથી કશું લેતા નથી. અત્યાર સુધીમાં મેં ખાદી ઉત્પાદનનાં પાંચ કેન્દ્રોનું નિરીક્ષણ કર્યું છે. તેનાં નામ છે : કોમિલ્લાનો અભય આશ્રમ; મલિકન્દાનો ડૉ. પ્રફુલ્લ ઘોષનો આશ્રમ, ચિત્તાગોંગનો પ્રવર્તક સંઘ, પબનાનો સત્સંગ આશ્રમ અને દુઆદંદો ખાદી કેન્દ્ર. છેલ્લું કેન્દ્ર મેં જાતે જોયું નથી. પણ તેના કાર્યકર્તાઓને હું મળ્યો છું ને તેમની ખાદી તથા રેંટિયા હુગલીમાં મેં જોયા છે. પ્રવર્તક સંઘ અત્યાર સુધી મિશ્ર ખાદીનું પણ વેચાણ કરતો હતો. પણ હવે ચિત્તાગોંગ પૂરતું તો તેમણે માત્ર શુદ્ધ ખાદીનું જ કામ કરવા માટે નિર્ણય કર્યો છે. કુરિયન્દુમાં તો તેમણે એ પ્રયોગ શરૂ પણ કરી દીધો છે, પણ વ્યવસ્થાપક મંડળે સમગ્ર ચિત્તાગોંગ જિલ્લા માટેનો છેવટનો નિર્ણય મારી યાત્રા દરમ્યાન કર્યો છે. તેમના કલકત્તાના ભંડારમાં અને ચંદ્રનગરના મુખ્ય કેન્દ્રમાં હજી મિશ્ર ખાદી વેચાય છે. પણ તેઓ વહેલામાં વહેલી તકે આ મિશ્ર ખાદીનું કામ બંધ કરી દેવા ઇચ્છે છે. તેમણે સિદ્ધાંતથી એ વાત સ્વીકારી છે કે મિશ્ર ખાદીનું વેચાણ ખાદી આંદોલનના હિતમાં નથી. આ બધી પ્રવૃત્તિઓ સારી છે. કૉંગ્રેસ સંસ્થાઓ તરફથી સત્તાવાર રીતે પણ કેટલુંક કામ કરવામાં આવે છે. હું તો ખરું જોતાં આ બધી સંસ્થાઓને નામથી નહીં પણ તાત્ત્વિક રૂપે તો કૉંગ્રેસની જ પ્રવૃત્તિઓ ગણું છું. પણ જરૂરી એ છે કે આ વેરવિખેર પડેલી શક્તિને સંગઠિત કરવામાં આવે અને સમય, આવડત, શ્રમ અને પૈસાની કરકસર કરવામાં આવે. આ બધી સંસ્થાઓના ઉપરીઓએ ભેગા મળવું જોઈએ, વિચારોની આપલે કરવી જોઈએ અને કામ માટેનો એક સંયુક્ત કાર્યક્રમ ઘડી કાઢવો જોઈએ. આ બધું સમયસર થવું જોઈએ. ગમે તેમ હોય, પ્રશ્ન એ છે કે આમાં ઉતાવળ થઈ શકે કે નહીં. ખાદી પ્રતિષ્ઠાનને બીજા બધા કરતાં એક લાભ એ છે કે તેમની પાસે એવા માણસો છે કે જેમણે પોતાનું જીવન રેંટિયાના કાર્ય માટે સંપૂર્ણ રીતે સમર્પિત કરી દીધું છે. એની પાસે સેવામાં ભારે વ્યવસ્થાશક્તિવાળી વ્યક્તિ છે. એની પાછળ એક પ્રતિષ્ઠિત વ્યક્તિનું નામ છે. એટલે તેને વિકસવા માટે પુષ્કળ અવકાશ છે. એટલે જ હું આખા હિંદમાં ને ખાસ કરીને બંગાળમાં એની પ્રવૃત્તિને બિરદાવી રહ્યો છું. હું ટીકાકારોને આમંત્રણ આપું છું કે તેઓ આ સંસ્થાની પ્રવૃત્તિઓ બારીકાઈથી તપાસે અને તેમાં કંઈ પણ દોષ જણાય તો તે બતાવે. હું આ પ્રવૃત્તિમાં સહાનુભૂતિ ધરાવનારાઓને પણ આમંત્રણ આપું છું કે તેઓ આ સંસ્થાનો હિસાબ જે ખુલ્લો જ છે તે તપાસે અને સંસ્થાને મદદ કરે. અને જેઓ આ પ્રવૃત્તિ પ્રત્યે ઉદાસીન છે, તેમને હું તેમની ઉદાસીનતા ખંખેરી કાઢવા અને તે પ્રવૃત્તિનો અભ્યાસ કરી કાં તો તેનો સ્વીકાર કરવા અથવા તેનો વિરોધ કરવા આમંત્રણ આપું છું. ડૉ. રાય એક વૈજ્ઞાનિક તરીકે જગતભરમાં જાણીતા થયેલા છે. પણ તેમના કરોડો દેશબાંધવો તેમને તેઓ બનાવી શકે એવા ઉત્તમ સાબુ માટે તેમ જ અનેક બંગાળી જુવાનો માટે તેમણે ઘડેલી સારી કારકિર્દી માટે નહીં ઓળખે પણ તેમનાં ગરીબ ઝૂંપડામાં તેમણે ખાદીકામ દ્વારા જે પ્રકાશ અને સગવડો આણી આપ્યાં તે માટે યાદ કરશે. તેમની આ સંસ્થા એક મોટા વટવૃક્ષની જેમ ફાલો, ને તેની છાયામાં અનેક નાની નાની સંસ્થાઓને હૂંફ તથા મદદ મળતી રહો, એમ હું ઇચ્છું છું. રાસાયણિક કારખાનાં જોકે મહાન છે છતાં ખાદી

Gandhi Heritage Portal

પ્રતિષ્ઠાન તેના કરતાં પણ મહાન છે. કારણ કે ખાદી પ્રતિષ્ઠાનનાં મૂળ દેશની ધરતીમાં છે. તે ઉપરથી ચણવામાં આવેલી ઇમારત નથી. તેના વિકાસ માટે વધારે વિચારપ્રધાન વહીવટની જરૂર છે. જો તેણે એક વિશાળ રાષ્ટ્રીય સંસ્થા બનવું હોય તો તેના દરેક વ્યવસ્થાપકે પોતામાં રહેલું ઉત્તમ સત્ત્વ બહાર આણવું જોઈએ. ભગવાન કરે ને એ સંસ્થાની આશાઓ ફળે; અને ફળશે જ એની આગાહી મને અત્યારથી થઈ રહી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૪–૬–૧૯૨૫

## ૧૧૦. નોંધ

### પાયા વિનાનો આક્ષેપ

મેં એવો આક્ષેપ મુકાતો સાંભળ્યો છે કે બંગાળમાં કૉંગ્રેસીઓએ એટલે કે સ્વરાજવાદીઓએ રેંટિયાની હત્યા જ કરી છે. આ આક્ષેપ પાયા વગરનો છે. પહેલી વાત એ કે બંગાળમાં રેંટિયાની હત્યા થઈ જ નથી. બીજું, રેંટિયાની ચળવળમાં જે કંઈ પીછેહઠ થઈ હશે તે બીજા કોઈ પક્ષો કરતાં સ્વરાજવાદીઓને લીધે વધારે નથી થઈ. મારે એ વાતનો અહીં સ્વીકાર કરવો જોઈએ કે દરેક જગ્યાએ રેંટિયાનાં પ્રદર્શનોને સફળ બનાવવામાં સ્વરાજવાદીઓએ સહકાર આપ્યો છે. તેમણે તે ગોઠવવામાં અને કાંતવામાં પણ ભાગ લીધો છે. કેટલાક સ્વરાજવાદીઓએ તેમના આખા કુટુંબ સહિત આ પ્રવૃત્તિમાં ઉત્સાહ બતાવ્યો છે. ફરીદપુરમાં હું જેમનો મહેમાન થયો હતો,[1] તેમને વિષે મેં અગાઉ લખ્યું જ છે. તેમની પત્ની તથા બાળકો રેંટિયાનાં ભક્ત હતાં. કુટુંબના ઉપયોગ માટે જોઈતી ખાદીનું સૂતર તેઓ જ પૂરું પાડે છે. શ્રી બસંતકુમાર મઝમુદારનાં પત્ની પણ ખૂબ ઉત્સાહી છે. તેમણે કોમિલ્લામાં એક મોટું પ્રદર્શન યોજ્યું હતું. દિનાજપુરના જોગનબાબુ પોતે નિયમિત રીતે કાંતનારા છે. અને તેમના આખા કુટુંબને ઉત્સાહપૂર્વક કાંતતાં જોવું એ એક લહાવો હતો. આખા પ્રવાસનું ઉત્તમ પ્રદર્શન દિનાજપુરમાં થયું હતું. હું આવા અનેક દાખલા ટાંકી શકું. સાચી વાત એ છે કે સ્વરાજવાદીઓને રેંટિયા પર મને છે તેવો સંપૂર્ણ વિશ્વાસ નથી. અને એ વાત તેમણે છુપાવી પણ નથી. જો તેમને એકલા રચનાત્મક કાર્યક્રમમાં પૂરી શ્રદ્ધા હોત તો તેઓ ધારાસભામાં ગયા જ ન હોત. તેમની સ્થિતિ દીવા જેવી સ્પષ્ટ છે. તેઓ રેંટિયામાં અને રચનાત્મક કાર્યક્રમમાં માને છે. તેઓ માને છે કે તેના વિના સ્વરાજ શકય નથી. પણ તેઓ એમ પણ માને છે કે ધારાસભાઓ તથા બીજી પ્રતિનિધિત્વવાળી અને અર્ધપ્રતિનિધિત્વવાળી સંસ્થાઓને પણ કબજે કરવી જોઈએ. અને એ રીતે સરકાર ઉપર દબાણ લાવવું જોઈએ. આ એક પ્રામાણિક વલણ છે, ને તેની વિરુદ્ધ કંઈ પણ વાંધો ઉઠાવવા જેવું નથી. અને મને લાગે છે કે કંઈ નહીં તો બંગાળના સ્વરાજવાદીઓ તેમની આ શ્રદ્ધા મુજબ વર્તે છે.

### નૈતિક સડો?

અત્યારે હું સ્વરાજવાદીઓના વર્તનની ચર્ચા કરી રહ્યો છું. તે વખતે તેમની સામેનો નૈતિક સડાનો આરોપ પણ હાથ ધરવા ઇચ્છું છું. કેટલાક પ્રતિષ્ઠિત જાહેર કાર્યકર્તાઓ મારી પાસે

૧. જુઓ "બંગાળની નોંધ", ૭–૫–૧૯૨૫.

Gandhi Heritage Portal

આવ્યા અને મને આ સ્વરાજવાદીઓના હાથનું રમકડું ન બનવા ચેતવણી આપી તથા બંગાળના રાજકારણને નિર્મળ બનાવવામાં મારી લાગવગ વાપરવા વિનંતી કરી. મેં તેમને કહ્યું કે તેઓ જે આક્ષેપો મૂકી રહ્યા છે તે સાચા છે એમ હું માનતો નથી, પણ તેઓ જો મને નામઠામ અને વિગતો આપે અને તેને પુરવાર કરવા તૈયાર થાય તો હું તેની તપાસ જરૂર કરીશ અને તે જો સાચા લાગશે તો એ પક્ષને જાહેરમાં ઉઘાડો પાડતાં મને જરાય આંચકો નહીં લાગે. મેં તેમને એ પણ કહ્યું કે અગાઉ પણ મેં આવા પ્રકારના આક્ષેપો સાંભળેલા છે અને તે મેં દેશબંધુ દાસના ધ્યાન પર આણ્યા પણ હતા. પણ તેમણે મને ખાતરી આપી છે કે તેમાં કંઈ જ તથ્ય નથી. અને જો મને ખબર આપનારાઓ નામ અને ચોક્કસ આક્ષેપોની વિગતો રજૂ કરશે તો દેશબંધુએ તેની પૂરી તપાસ કરવાની તૈયારી બતાવી છે. તે ગૃહસ્થે મને કહ્યું કે આ ભ્રષ્ટાચાર વિષેની માન્યતા બધે એકસરખી ફેલાયેલી છે, પણ તેના કાયદેસરના પુરાવા રજૂ કરવાનું હમેશાં શકય હોતું નથી. મેં તેમને કહ્યું કે આ બાબતમાં આપણે એ સોનેરી નિયમનું પાલન કરવું જોઈએ કે જે વસ્તુ સાબિત ન કરી શકાય તે માનવી નહીં. આપણે જો આ નિયમનું પાલન નહીં કરીએ તો કોઈ પણ જાહેર કાર્યકર્તાઓની આબરૂની સલામતી નહીં રહે.

આ મુલાકાત પછી હું એ આક્ષેપોની વાત ભૂલી ગયો હતો. છતાં ચાંદપુરમાં હરદયાળ બાબુએ પાછો એ જ આક્ષેપ મારી પાસે બમણા વેગથી કર્યો.[1] પણ હું તેમની એ ધમકીને બહુ ગંભીરતાથી ન લઈ શકયો, અને તેમણે તેવી આશા પણ રાખી નહોતી. જોકે હું તથા તેઓ એકસરખી વિચારસરણી ધરાવનારા છીએ, છતાં જાહેર વ્યક્તિઓ તથા પ્રવૃત્તિઓ તરફ જોવાની મારી અને તેમની દૃષ્ટિમાં ઘણો ફરક છે. મારા અસહકાર પાછળ હમેશાં મારી એ દૃષ્ટિ રહી છે કે ઉગ્રમાં ઉગ્ર વિરોધી સાથે પણ સહકાર કરવા માટેનું નાનામાં નાનું નિમિત્ત મળે તો તે પણ ઝડપી લેવું. હું એક અપૂર્ણ મનુષ્ય છું, અને હમેશાં ઈશ્વરની કૃપા યાચી રહ્યો છું. એટલે હું માનું છું કે કોઈ પણ માણસ દોષમુક્ત થઈ જ ન શકે એવું નથી. હરદયાળ બાબુના અસહકારની પાછળ એક ભયંકર અવિશ્વાસ અને સહકાર તરફ વળવાની વૃત્તિનો અભાવ દેખાય છે. તેમને ખૂબ મોટા પુરાવા જોઈએ છે. મારે માત્ર એક સંકેત બસ થાય છે.

પણ વળી પાછા આ આક્ષેપો મારી પાસે અણધારી જગ્યાએથી આવ્યા. મારા કાન તેજ કરીને હું ગંભીર બન્યો. મેં થોડી હળવી તપાસ શરૂ કરી. પણ હું કલકત્તા પહોંચ્યો ત્યાં સ્વરાજ-પક્ષના મુખ્ય દંડક બાબુ નલિની સરકાર, બાબુ નિર્મળચંદ્ર, બાબુ કિરણશંકર રાય અને બાબુ હિરેન્દ્રનાથ દાસ મળ્યા ને વગર પૂછ્યે મને તેમણે સ્વરાજપક્ષનાં કોઈ પણ કામો વિષે પ્રશ્નો પૂછવાની સામેથી માગણી કરી. એટલે મેં જે જે આરોપો વિષે સાંભળ્યું હતું, તે બધા તેમની આગળ રજૂ કર્યા. તેઓ એ બાબતમાં મારા મનનું પૂરું સમાધાન કરાવી શકયા. તેમણે મને વધારે તપાસ કરવા માટેનું અને હિસાબી ચોપડા તપાસવાનું પણ આમંત્રણ આપ્યું. મેં તેમને કહ્યું કે હું તેમના ચોપડા તપાસું તે બરાબર ન કહેવાય, સિવાય કે આ આરોપો વિષે વધુ પ્રમાણભૂત માહિતી રજૂ કરવામાં આવે. તેમણે મને ખાતરી આપી કે લાંચરુશવતના આક્ષેપમાં રજભાર પણ સત્ય નથી.

પોતાના પ્રતિપક્ષીઓ વિષેની હકીકત પોતાની પાસે લાવવામાં આવતાંની સાથે તે માની લઈને જેઓ આક્ષેપો કરવા માંડે છે તેમને હું સાવધાન રહેવા અપીલ કરું છું. ખુદ સરકારી બાતમીદારોની બાતમીઓ પણ સરકારને ગેરરસ્તે દોરે છે, એ વાત શું આપણે નથી જાણતા?

૧. જુઓ "હરદયાળ નાગને મુલાકાત", ૧૨–૫–૧૯૨૫ પહેલાં.

Gandhi Heritage Portal

ખુદ ગોખલે અને રાનડેની[1] પાછળ પણ લાંબા વખત સુધી છૂપી પોલીસ લાગેલી રહેતી તે તેઓ નથી જાણતા? મરહૂમ સર ફિરોજશાહ મહેતા[2] અને ખુદ સર સુરેન્દ્રનાથ બૅનરજીની પણ કેવી કેવી બદનામીભરી વાતો કરવામાં આવતી તે શું તેઓ નથી જાણતા? અરે ખુદ હિંદના દાદા પણ આ નિંદામાંથી બચ્યા ન હતા. લંડનમાં એક સજ્જને મને કેટલીક એવી વિગતો આપી કે જેમને હું પૂજતો હતો, તેવા એ મહાન દેશભક્ત પાસે કંઈ નહીં તો એ લઈને જવાની તેમણે મને ફરજ પાડી. અને હું સાચે જ તેમની પાસે ભયથી કાંપતો કાંપતો ગયો પણ ખરો. તેમના પગ પાસે હું બેઠો. મને બરાબર યાદ છે કે મેં તેમના નિર્દોષ ચહેરા સામું જોયું ને અત્યંત સંકોચપૂર્વક તેમને પૂછયું કે જે વાતો સંભળાય છે તે સાચી હોઈ શકે ખરી? હિંદના પિતામહે તે કાળે બ્રિસ્ટનમાં પોતાની ઑફિસ ઉપલે માળે કાતરિયામાં રાખી હતી. હું તે દૃશ્ય કદી ભૂલીશ નહીં. તેમની સામેનો આરોપ કેવળ બદનામી હતી, એમ જાણીને હું બહાર આવી ગયો. જેમને હું ભ્રષ્ટાચાર અને વિશ્વાસઘાતથી મુક્ત માનું છું, તેવા અલીભાઈઓ પર "સ્વાર્થ-વૃત્તિ અને વિશ્વાસઘાત"ના આરોપો મૂકવામાં આવે છે. તે હું માની લઉં તો મારું શું થાય? અમને એકબીજાથી અલગ કરી શકે તેવા જોઈએ એટલા મતભેદો અમારી વચ્ચે છે, પણ પ્રતિ-પક્ષીઓ ઉપર મુકાતા અધમતાના દરેક આક્ષેપને કાને ધરીને એ મતભેદોને વધારે પડતું મહત્ત્વ શા માટે આપવું? પ્રામાણિક મતભેદો માટે મને પૂરતાં વાજબી કારણો મળે છે. આપણે પોતે જેમ દેશદાઝની ભાવના અને પ્રામાણિક હેતુઓ ધરાવતા હોવાનો દાવો કરીએ છીએ તેમ એવા જ ગુણો ધરાવવા માટે આપણે આપણા પ્રતિસ્પર્ધીનો પણ આદર કરીએ. એક ગૃહસ્થે મને સ્વરાજ-વાદીઓના કહેવાતા ભ્રષ્ટાચારની વાતો કરી; છતાં તેમણે એટલું તો નિખાલસપણે સ્વીકાર્યું કે આ બધું છતાં બંગાળમાં ચિત્તરંજન દાસ જેવો બીજો કોઈ નેતા નથી. સૌ કોઈને માટે સેવા કરવાનો પૂરતો અવકાશ છે. બધા સેવા કરવા માગતા હોય ત્યાં ઈર્ષાને કોઈ અવકાશ નથી. હું વિશ્વાસ કરવામાં માનનારો છું. વિશ્વાસથી વિશ્વાસ પ્રગટે છે. શંકા બદબૂભરેલી હોય છે ને માત્ર પોતાની દુર્ગંધથી ત્રાસ આપે છે. જે કોઈ માણસ વિશ્વાસ રાખે છે, તેણે દુનિયામાં કંઈ જ ખોયું નથી. શંકાશીલ માણસ પોતાની જાતને માટે ને દુનિયા માટે પણ નકામો બની જાય છે. જેમણે અહિંસાને પોતાનો ધર્મ માન્યો છે તેઓ પોતાના વિરોધીઓને શંકાની નજરે જોતાં સાવધાન રહે. શંકા એ હિંસાની પેદાશ છે. અહિંસા વિશ્વાસ રાખ્યા સિવાય રહી જ ન શકે. મારી પાસે નક્કર પુરાવા ન હોય ત્યાં સુધી કોઈની પણ વિરુદ્ધ, અને ખાસ કરીને મારા માનવંતા સહકાર્યકર્તાઓ વિરુદ્ધની કોઈ પણ વાત માનવાનો હું ઇનકાર કરું છું. પણ હરદયાળ બાબુ કહેશે "તમે અમને આંખે જોયેલા અને કાને સાંભળેલા પુરાવા પણ નકારવાનું કહો છો?" હું હા પણ કહીશ અને ના પણ કહીશ. હું એવા માણસોને જાણું છું કે જેમને તેમની આંખ તથા કાન બંનેએ છેતર્યા છે. તેમને જેટલું જોવું ને સાંભળવું ગમે, તેટલું જ તેઓ સાંભળે ને જુએ છે. આ બધાને હું કહું છું "તમારા મતની વિરુદ્ધમાં તદ્દન નિષ્પક્ષ પુરાવા મળે, તે બાબતમાં તમે તમારાં આંખકાનને પણ ન માનો." પણ કેટલાક એવા પણ હોય છે કે જેઓ પોતે જોયેલી, સાંભળેલી અને જાણેલી વાતનું સત્ય બીજાઓને ગળે ઉતારી શક્યા નથી. આખું જગત

૧. મહાદેવ ગોવિંદ રાનડે (૧૮૪૨–૧૯૦૧); સમાજસુધારક અને લેખક; મુંબઈની હાઇકોર્ટના ન્યાયાધીશ. ઉપરાંત જુઓ પુસ્તક ૨, પા. ૨૯૧.

૨. સર ફિરોજશાહ મેરવાનજી મહેતા (૧૮૪૫–૧૯૧૫); પહેલા પારસી બૅરિસ્ટર; ૧૮૯૩માં મુંબઈ ધારાસભાના સભ્ય; કોંગ્રેસની સ્થાપનાથી જ તેની સાથે જોડાયેલા હતા. ૧૮૯૦માં તેના પ્રમુખ બન્યા.

Gandhi Heritage Portal

તેમની વિરુદ્ધ હોય છતાં તેમણે તેમની માન્યતા ન જ છોડવી જોઈએ. આવા લોકોને હું માત્ર એટલી વિનંતી કરીશ કે તેઓ મારા જેવા સત્ય જાણવા માટે આતુર છતાં બીજા લોકો જુએ છે, તેવી રીતે સત્યને ન જોઈ શકતા મનુષ્ય પ્રત્યે થોડી સહિષ્ણુતા દાખવે. સ્વરાજવાદીઓ પર મુકાયેલા ભ્રષ્ટાચારના આરોપોની બાબતમાં હજી મને પ્રતીતિ થઈ નથી. અને જેઓ મારાથી ઊલટું માને છે તેમણે, તેઓ મને ખાતરી ન કરાવી આપે ત્યાં સુધી મારા પ્રત્યે સહિષ્ણુ બનવું જ જોઈએ.

### કાંતવા કરતાં ફાંસી સારી

વિદ્યાર્થીઓ સાથેના મારા એક વાર્તાલાપ દરમ્યાન તેમનામાંના એકે મને કહ્યું, “અમે કેમ નથી કાંતતા તે આપ જાણો છો? રેંટિયામાં જુસ્સો ઉત્પન્ન કરે તેવું કશું નથી. આપણી કેળવણીએ અમને આવાં કોઈ પણ કામ માટે અયોગ્ય બનાવી દીધા છે. અમારામાંના ઘણા કાંતવા કરતાં મોતને વધુ પસંદ કરીશું. ફાંસીને માંચડે ચડીને મોતને ભેટવું અમને ગમે, પણ કાંતવાની વાત અશક્ય છે. અમને કંઈક સુંદર કાર્યક્રમ આપો. અમને પ્રેમશૌર્યભરી અદ્‌ભુત વાતો ગમે છે. અને કાંતવામાં એવું કંઈ મળતું નથી.” મેં મારા એ અદ્‌ભુતતા પ્રેમી મિત્રને કહ્યું કે તે ધારે છે તે કરતાં રેંટિયામાં ઘણી વધારે અદ્‌ભુતતા છે. અને તેને મેં કહ્યું કે જે બંગાળે હિંદને બોઝ ને રાયની ભેટ ધરી, તેને તમે અવ્યવહારુ અને સ્વપ્નદ્રષ્ટાના અર્થમાં અદ્‌ભુતતાપ્રેમી કહીને શું કામ ભાંડો છો? મેં તેને એ પણ કહ્યું કે ન કાંતવા માટે જ આ કે તે બહાનાં ઊભાં કરે છે તે સાચા અર્થમાં દેશની દાઝ ધરાવતા નથી. પોતાનું મરવા પડેલું બાળક સાજું થાય એવી આશાએ કોઈ માબાપ દાક્તરોની હાસ્યાસ્પદ લાગતી સલાહ પણ શું નથી માનતાં? મારા શ્રોતા-વર્ગ અને મારી વચ્ચે એ બાબતમાં મતભેદ નથી કે હિંદનાં કરોડો માનવીઓ લગભગ મૃત્યુના મુખમાં પડેલાં છે. અને એમની આ ભયંકર ગરીબીનો પ્રશ્ન રેંટિયા દ્વારા ઉકેલી શકાય એમ છે. મારા બંગાળના પ્રવાસ દરમ્યાન સૌથી વધુ આશ્ચર્યકારક અને આનંદદાયક અનુભવ એ હતો કે બંગાળમાં બધા પક્ષોમાં કાંતવા સામે કોઈ પ્રકારનો વિરોધ ન હતો. મેં મારા બધા મુલાકાતીઓને કહ્યું છે કે જેઓ કાંતવામાં ન માનતા હોય, તેઓ તેનો વિરોધ કરે. માત્ર ત્રણ સિવાય કોઈ વ્યક્તિએ આની સામે વિરોધ કર્યો નહોતો, અને તેમની દલીલોનો મેં પેલે જ દિવસે જવાબ પણ આપ્યો હતો. વિરોધ કરનારા ત્રણેય જણ ખાદી તો પહેરતા જ હતા. હું જે જે કેન્દ્રોમાં જતો હતો, ત્યાં કાંતણના કાર્યક્રમો નિયમિત રીતે રાખવામાં આવતા હતા. તેમાં મોટા મોટા જમીનદારો તથા વકીલો સાંથાલ લોકોની સાથે જોડાજોડ બેસીને કાંતતા જોવા મળતા હતા. નાનાં નાનાં છોકરા-છોકરીઓ પણ આમાં ભાગ લેતાં હતાં. આ દૃશ્યો ખૂબ જ આનંદ આપે તેવાં હતાં. એટલે પેલો અદ્‌ભુતતાનો વાંધો પાયા વગરનો હતો. દુર્ભાગ્યે, સામાન્ય વિદ્યાર્થીમાં પરીક્ષા પસાર કરવા સિવાય બીજો કોઈ ઉદ્યોગ કરવાની વૃત્તિ જ નથી હોતી. પાસ થયાનાં સર્ટિફિકેટ મેળવવાની ઇચ્છા કરતાં સાચા દેશપ્રેમની પ્રેરણાથી પ્રવૃત્તિ કરવા તરફ વળવું એ વધુ સારું ગણાવું જોઈએ. ભૂમિતિનું કોઈ અઘરું પ્રમેય કે લાંબા સરવાળા કે ગુણાકાર કરવા પડે એવા અંક-ગણિતના દાખલા ઉકેલવામાં જેટલી અદ્‌ભુતતા છે, તેટલી જ કાંતવામાં પણ છે. અને જો બંગાળી વિદ્યાર્થી પોતાની પરીક્ષાઓ માટે “તેમાં અદ્‌ભુતતાનો અભાવ છે”, એવી દલીલ નથી કરતો, તો રેંટિયાને માટે તો એવી દલીલ કરવાનું કારણ ન જ હોવું જોઈએ; કારણ, વ્યક્તિની આજીવિકા માટે પરીક્ષા જેટલી જરૂરી છે તેટલો રાષ્ટ્રની આજીવિકા માટે રેંટિયો જરૂરી છે.

Gandhi Heritage Portal

## 'ચીનથી ભૂમધ્ય સમુદ્ર સુધી'

એક ખૂબ મજાના જૂના મુસલમાન મિત્ર મને મૈમનસિંગમાં મળ્યા, અને અમારો વાર્તાલાપ સ્વાભાવિક રીતે જ ખાદીના વિષય તરફ વળ્યો. મેં જોયું કે તેમણે ખાદી નહોતી પહેરી. મેં નમ્રતાથી તેમને પૂછ્યું કે તમે ખાદીમાં માનો છો? તેમણે કહ્યું "હા, હું માનું છું." પછી મેં તેમને મારી ખાદીની વ્યાખ્યા કરી બતાવી. પણ તે કંઈ કામ ન આવી. મુસલમાન મિત્રે તરત જ વળતો જવાબ આપ્યો, "ચીનથી તે ભૂમધ્ય સમુદ્ર સુધીમાં ગમે ત્યાં અને ગમે તે રીતે તૈયાર થયેલું કાપડ મારે મન ખાદી જ છે. મારો સ્વદેશીનો અર્થ સંકુચિત નથી." મેં તેમને એ વાત બતાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો કે તમારી પહેલી ફરજ હિંદના કરોડો લોકો પ્રત્યે હોવી જોઈએ. કારણ કે તેમની મહેનતથી તમે તમારી આજીવિકા મેળવો છો. વળી હિંદ પોતાની જરૂરિયાત માટેનું બધું જ કાપડ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવે છે; અને હિંદના કરોડો લોકો ખેતી સાથેના બીજા કોઈ પણ પૂરક ધંધાને અભાવે અધભૂખ્યા રહે છે. પણ તે મિત્ર તો કવિ વર્ડ્ઝવર્થના પેલા કાવ્યની લ્યુસીની જેમ પોતાની વાતમાં જ મસ્ત હતા. આ વાતની તેમણે મનમાં ગાંઠ વાળી હતી. એટલે કોઈ પણ દલીલની તેમના મન પર અસર થાય તેમ નહોતું. અંગ્રેજ વસાહતોમાં રહેતા અંગ્રેજોએ એક જ જાતિ અને ધર્મના હોવા છતાં બીજી વસાહતમાંથી, કે ખુદ ઇંગ્લંડમાંથી આવતા માલ સામે ભારે જકાતો નાખીને પોતાના દેશમાં ઉત્પન્ન થતા માલ માટે રક્ષણની વ્યવસ્થા કરી છે, અને દરેક માણસની એ સ્વાભાવિક અને પ્રાથમિક ફરજ છે કે તેણે પોતાનાથી દૂર રહેતા લોકો કરતાં પોતાની નજીક રહેતા લોકો પ્રત્યેની જવાબદારી અદા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, એ વાત તેમને સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો હોત તોપણ તે મિથ્યા જ નીવડત. પણ મારી પાસે વધુ વખત નહોતો. ફરી વાર મળવાનું નક્કી કરીને અમે છૂટા પડયા. છતાં પણ જાણે કે પોતાની વાત સાચી છે તે સાબિત કરવા અને આ મતભેદ છતાં અમે મિત્ર છીએ એ બતાવવા, તેમણે હસીને મારા કામને આગળ વધારવા માટે થોડા રૂપિયા મારા હાથમાં મૂકયા. પણ તે વખતે પણ પેલી "ચીનથી ભૂમધ્ય સમુદ્ર સુધી" સૂત્રનું તેમનું રટણ ચાલુ જ હતું. હું આ જે લખી રહ્યો છું, તે કદાચ તેમના વાંચવામાં આવે તો તેમને મારે એ કહેવાનું છે કે તેમના સિદ્ધાંત પ્રમાણે જો ઘણા લોકો ચાલે તો બંગાળમાં જે હજારો મુસ્લિમ બહેનો કાંતણ પ્રવૃત્તિ દ્વારા પોતાના પતિઓની કમાણીમાં પૂર્તિ કરી રહી છે તેઓ એમની અત્યંત ઓછી આવકના સાધનથી પણ વંચિત રહેશે.

## સિંધની શિથિલતા[1]

એક ગુજરાતી ખબરપત્રી પોતાના નિરીક્ષણનો અનુભવ લખી મોકલતાં જણાવે છે કે કરાંચીમાં વસતા ગુજરાતીઓનાં શરીર પર તેમણે કંઈક ખાદી જોઈ અને શ્રી રણછોડદાસની દેખરેખ હેઠળ સ્ત્રીઓનો એક રેંટિયાવર્ગ પણ ચાલતો જોયો, પણ ખુદ સિંધી ભાઈઓમાં તેમણે લગભગ મુદ્દલ ખાદી જોઈ નહીં. તેઓ ઉમેરે છે કે આંગળીને વેઢે ગણી શકાય એટલા ગણ્યાંગાંઠયા મહાસભાવાદીઓને બાદ કરીએ તો સિંધ હૈદરાબાદમાં એક પણ ખાદીધારી સિંધી જડવો મુશ્કેલ છે. આ હકીકત ખાસ ધ્યાન ખેંચનારી છે, કારણ, સિંધમાં સુંદર અને પ્રામાણિક ખાદીભક્તો પડેલા છે. આમ છતાં આટલી શિથિલતાનું કારણ એક જ હોઈ શકે. સિંધના હિંદુઓમાં આમિલ કોમ અતિભણેલી અને સાહેબશાહી બની બેઠેલ હોઈ રેંટિયાના સીધાસાદા સંદેશાને

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૭-૬-૧૯૨૫ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

ઝીલવાને અશ્રાદ્ધાવાન થઈ પડી છે. ભગિની કોમ પોતાના પરદેશી રેશમના વેપારમાં એટલી ગુલતાન છે કે ખાદીનો વિચાર સરખો કરવાની તેને ફુરસદ નથી અને સિંધના મુસલમાનો હજી રાષ્ટ્રીય ભાવનાથી એટલા બધા અસ્પૃષ્ટ છે કે દેશની – હિંદુસ્તાનની – દૃષ્ટિએ કોઈ પણ વસ્તુ સમજવાકરવાને તેઓ અસમર્થ છે. આવી પ્રતિકૂળ સ્થિતિ વચ્ચે જેઓ હજુ રેંટિયા અને ખાદીના કાર્યને આગ્રહપૂર્વક આગળ ચલાવી રહેલ છે તેમને ધન્યવાદ ઘટે છે, અને મને ખાતરી છે કે જો તેમની શ્રદ્ધા અત્યારની આ કસોટીમાંથી પાર ઊતરશે તો તેઓ અતિ "સુધરેલા" આમિલોને, વ્યવસાયવ્યાપૃત ભાઈબંધોને અને રાષ્ટ્રભાવનાહીન મુસલમાનોને સૌ કોઈને પોતાનો ચેપ લગાડ્યા વિના રહેશે નહીં.

### કુર્ગમાં ખાદી

એક પત્રલેખક જણાવે છે :

> બેએક મહિના પહેલાં હાલનો ખાદીભંડાર ખોલવામાં આવ્યા હતો. અમે ખાદીનો પુરવઠો તિરુપુરના તામિલનાડ કૉંગ્રેસ સમિતિ વસ્ત્રાલયમાંથી મેળવીએ છીએ અને લગભગ ૫,૦૦૦ રૂપિયાની ખાદી ખરીદાઈ છે અને વેચાઈ છે. આ વિસ્તારમાં ખાદીનો ફેલાવો થયો છે. થોડા મહિના પહેલાં હજારોમાંથી પણ સારા પ્રમાણમાં ખાદી પહેરતા લોકો જોવા નહોતા મળતા. પણ હવે રાષ્ટ્રીય મહાસભાની બેઠક પછી સોમાંથી પણ ઘણા લોકો ખાદી પહેરતા જોવા મળશે.
>
> અત્યારે રેંટિયા પણ ઘણી મોટી સંખ્યામાં ચાલે છે. આ પ્રદેશમાં હાથકાંતણની પ્રવૃત્તિમાં વેગ આવે તે માટે એક મજબૂત સમિતિ રચવામાં આવી છે.

નવાં કેન્દ્રો ખોલનારાઓને આવા સુખદ અનુભવો થાય છે. પણ વખત જતાં તેમાં મંદતા આવે છે. આપણે આશા રાખીએ કે કુર્ગમાંથી આવતા અહેવાલો ઉત્તરોત્તર પ્રગતિ બતાવનારા હશે. આમ કરવા માટે પ્રામાણિક વ્યવસ્થાતંત્ર જરૂરી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ४–६–१९२५

## ૧૧૧. બંગાળ પ્રલયનિવારણ સંસ્થા

હું બંગાળમાં જાઉં ને આચાર્ય રાયની "બંગાળ પ્રલયનિવારણ સંસ્થા"ના કાર્યક્ષેત્રની અને તેના કાર્યકર્તાઓની મુલાકાત ન લઉં એ કેમ બને? મારે સારુ તો એ તીર્થસ્થાન રહ્યું. એક તો આચાર્ય રાય જોડે આજ ચોવીસ વર્ષનો મારો સંબંધ, અને બીજું, સંકટનિવારણના કામમાં રેંટિયાની સફળતાપૂર્વક યોજના કરીને આ સંકટના ઇલાજ તરીકે અને ભાવિ સંકટ સામે દીવાલ તરીકે રેંટિયાની શક્તિ એમણે પુરવાર કરી આપી તે. એમણે દેખાડી આપ્યું છે કે જો બંગાળનાં ગામડાંની પ્રજાને જલપ્રલય તથા દુષ્કાળ સામે બાથ ભીડવાની પદ્ધતિઓ શીખવી દેવામાં આવે અને એવા સંકટના સમયમાં ખેતી અશક્ય હોઈ તે ઉપરાંતનો એક વધારાનો ધંધો શીખવી મૂકવામાં આવે તો આવાં સંકટો વખતે અત્યારે, સમયનો, પૈસાનો અને મહેનતનો જે વ્યય થાય છે તેમાંથી ઘણું ઊગરી જવાય. આવી વેળાએ લોકોને ખેરાત ઉપર નભવાનું શીખવવામાં, એઓ સ્વમાન ભૂલવા લાગી ધીરે ધીરે હાથેપગે હરામ બનતાં શીખે છે, અને વખત જતાં ઢોર કરતાંયે નપાવટ બની જાય છે. કારણ, ઢોરને જીવવાની ક્રિયામાત્રમાં પણ એક પ્રકારનો આનંદ હોય છે એમ જોઈએ છીએ. પણ આ લોકોને તેટલુંયે નથી હોતું. એઓ મૂઆ વાંકે જીવે છે.

Gandhi Heritage Portal

આ કારણથી, આ રેંટિયાઘેલા રસાયણશાસ્ત્રીએ સંકટવાળા ઇલાકામાં રેંટિયાનો શો ચમત્કાર સાધ્યો છે એ જેટલું બની શકે તેટલું નજરે જોવા હું ઉત્સુક હતો.

અમે પ્રથમ બોગરા અને ત્યાંથી તલોડા ગયા. ત્યાં અમે આચાર્યને એમની પૂરી મસ્તીમાં ભાળ્યા. "આ ઝૂંપડું મારે મન સાયન્સ કૉલેજવાળી મહેલાતના કરતાં વધુ છે. અહીંયાં મને જેવી શાંતિ મળે છે અને મનને ટાઢક થાય છે તેવી બીજે ક્યાંય નથી થતી. અને રેંટિયો તો મને દિવસે દિવસે વધુ ને વધુ જ વીંટતો જાય છે. એણે મારાં દેહમન વ્યાપી મૂક્યાં છે. ચોપડીઓ વાંચી વાંચીને પાકી ગયેલું મન રેંટિયાથી વિશ્રાંતિ પામે છે."

તલોડા એક નાનું ગામ છે, ને નિવારણપ્રવૃત્તિનું એક મથક છે. નિવારણસંસ્થાએ અહીં વીસેક વીઘાં જમીન ખરીદી અપાર સૃષ્ટિસૌંદર્ય વચ્ચે વાંસનાં ઝૂંપડાં બાંધ્યાં છે. પૂર્વ બંગાળમાં મલેરિયાનું મહિયર છે. અહીંના માણસોએ કુદરતના નિયમોને જે બેપરવાઈથી અવગણ્યા તેનું તે પૂરું વેર લઈ રહેલ છે. પણ પૂર્વ બંગાળમાં બધે જ લીલોતરી અને હરિયાળીની જે શોભા છે તેને બીજો કોઈ પ્રાંત ભાગ્યે જ આંટી શકે. માણસ અહીં મલેરિયાને ઘરજમાઈ કરવામાં સફળ નીવડ્યો છે તેટલો, કુદરતના સૌંદર્યનો નાશ કરવામાં સફળ નીવડ્યો નથી.

અહીં ચોમેરની અપાર શાંતિમાં સંકટનિવારણના કાર્યનો આખો ઇતિહાસ મેં વિગતવાર જાણ્યો. અહીં મને આપવામાં આવેલા માનપત્રમાં એકેય વિશેષણથી મને નવાજ્યો નથી. ટાઇપ કરેલાં છએ છ ફૂલ્સકેપ પાનાં હકીકતો અને આંકડાઓથી ભર્યાં છે. વાચકના લાભને અર્થે આ હકીકતોનો સાર હું અહીંયાં ખેંચીશ.

સને ૧૯૨૨ના સપ્ટેમ્બરના જલપ્રલયે રાજશાહી અને બોગરા જિલ્લાના ભાગો ઉદ્‌ધ્વસ્ત કરી મૂકી ઉત્તર બંગાળનો આશરે ૪,૦૦૦ ચોરસ માઈલનો પ્રદેશ નાશ કર્યો. લગભગ કરોડ રૂપિયાની નુકસાની અંકાઈ. આ પ્રલય પછી ચોમેર સંકટનિવારણનું કાર્ય ચાલુ કરવાની અને એ કાર્ય કરવા ઠેકઠેકાણે ઊભી થયેલી ટુકડીઓનું સંગઠન કરવાની જરૂર ઊભી થઈ. આ કામ મુશ્કેલ પણ હતું. આવા સંકટનિવારણમાં જેણે કામ કર્યું છે તે જાણે છે કે એમાં, જો કાર્યકર્તાઓમાં જરૂરી અનુભવ અને કાબેલિયતની ખામી હોય તો એકલી સેવાની ભાવના અગર તો એકલો પૈસો બહુ ખપ નથી આવતાં. ન્યાયવૃત્તિથી અને ઝીણવટથી કામ લેવાથી બગાડ અને કાચી વ્યવસ્થા રોકવામાં આવ્યાં. પ્રદેશને ૫૦ જુદાં જુદાં મથકોમાં વહેંચી નાખવામાં આવ્યો. આ વિશાળ તંત્રના ઉપરી હાલ માંડલેના કિલ્લામાં સરકારની મહેમાનગીરી ભોગવી રહેલા શ્રી સુભાષ-ચંદ્ર બોઝ હતા. આ દળે રૂપિયા ૨૫,૬૦૬ની કિંમતનું ધાન્ય, ઇત્યાદિ ખોરાક, ૫૫,૨૦૦ની કિંમતનું કાપડ, ૮૦,૦૦૦ કાપડના કકડા તથા ૭૫,૦૦૦ જૂનાં જાકીટ, પહેરણ સંકટગ્રસ્ત લોકોમાં વહેંચ્યાં. ઉપરાંત ૧,૨૭૪ રૂપિયાની કિંમતનો ઘાસચારો અને ૫૨ વૅગન પરાળ દાન તરીકે મળ્યાં તે પણ વહેંચ્યાં. એમની દેખરેખ નીચે ૧૦,૦૦૦ ઝૂંપડાં બંધાયાં. "ગામલોકોને બારણે સામગ્રી પહોંચાડવામાં આવતી અને અગાઉ અપાયેલો જથ્થો યોગ્ય રીતે વપરાયાનો હેવાલ મળ્યા બાદ હપતે હપતે મજૂરીના પૈસા આપવામાં આવતા." દેખરેખ એવી કડક હતી કે પૈસાની અફરા-તફરના માત્ર ત્રણ જ દાખલા બનવા પામેલા – (અનુક્રમે રૂ. ૧,૫૦૦, ૩૫૦ અને ૨૦૦ની રકમના). આ બનાવો પણ તાબડતોબ શોધી કાઢવામાં આવ્યા હતા અને રકમો વસૂલ કરવામાં આવી હતી. ઝૂંપડાં બાંધવા પાછળ રૂ. ૧,૧૨,૭૫૫ ખરચાયા. કાલિકાપુર આગળ જમીન બચાવવી હોય તો બંધ બાંધવાની જરૂર હતી. ખરું જોતાં જિલ્લા બોર્ડનું એ કામ હતું. પણ એ મંડળ અશક્ત હોવાથી સમિતિએ આ કામ ઉપાડ્યું અને રૂ. ૫,૭૭૫ને ખરચે એક માઈલ

Gandhi Heritage Portal

લાંબો બંધ બાંધી ૬,૦૦૦ વીઘાં જમીન બચાવી. ધીમે ધીમે કામ થાળે પડતાં સમિતિએ ગામલોકોને સારુ, તેમને અન્નવસ્ત્ર આપી શકે એવું કંઈક કામ શોધવાનો વિચાર કરી પ્રથમ તેમને ડાંગર ખાંડવા આપવા માંડી. દરેક સંકટગ્રસ્ત કુટુંબ મથકેથી ડાંગર ખાંડવા લઈ જાય અને ખાંડીછડી સાફ કરી મથકે પાછી પહોંચાડી જાય, ને બદલામાં, તેણે ખાંડેલા ચોખામાંથી અમુક ભાગ તેને મળે. ૧૪ મથકોમાં આ કામ ચાલ્યું. ૨૦,૦૦૦ માણસોને આ મથકોએ ૫૦,૦૦૦ મણ ડાંગરમાંથી ૨૭,૪૦૦ મણ ચોખા તૈયાર કરાવીને આવી રીતે ચાર મહિના સુધી નભાવ્યાં. આ લોકોમાંથી મથકોની નુકસાની કરનાર કોઈ જ નીકળ્યું નહોતું. આ નિવારણકાર્ય પાછળ ૪૩,૦૦૦ રૂપિયા ખરચ થયા. આ કામની સાથે સાથે જ દવાદાક્તરની મદદ પણ મુક્ત હસ્તે આપવામાં આવતી.

પણ આટલેથી સમિતિ સંતોષ પામે તેમ નહોતું. કંઈક કાયમનું નિવારણકાર્ય કરી બતાવીને ઉદાર લોકાશ્રયની લાયકાત પુરવાર કરવાની એની મહત્ત્વાકાંક્ષા હતી. સંકટના કાળમાં લોકોને પગભર અને સ્વાશ્રયી રાખવાની એના મનમાં ઉમેદ હતી. આ મહત્ત્વાકાંક્ષાને પરિણામે રેંટિયાની શોધ થઈ, અને એ રામબાણ સમિતિએ કેવી રીતે લોકવસ્તીમાં દાખલ કર્યું એની વિગત તો મારે માનપત્રની જ ભાષામાં આપવી રહી :[1]

ઉપલાં પરિણામો ભારે કહેવાય એ તો નિ:શંક છે, પણ હું માનું છું કે જેટલું હજુ બની શકે એમ છે તેના પ્રમાણમાં તે કાંઈ જ નથી. એવો વખત આવવો જોઈએ, જ્યારે ગામલોકોને રૂ આપવાનું અને સૂતર ઉઘરાવવાનું પણ ન રહેવું જોઈએ. પરંતુ તેઓ જાતે જ કપાસ ખરીદે અને બીજા માલની પેઠે જ બજારમાં જઈને સૂતર વેચી આવે. બંગાળના ફેણી જિલ્લામાં તેમ જ પંજાબનાં તથા રજપૂતાનાનાં અનેક ગામડાંઓમાં અને બીજે આજે પણ આમ થઈ રહ્યું છે. રેંટિયાની વ્યાપક બનવાની શક્તિ મને એટલી તો સંપૂર્ણ લાગી છે કે ઉપલી પ્રવૃત્તિની મેં ઉપર કહી તેટલી હદ સુધીની ઉન્નતિ થવામાં હું તો કશી જ મુશ્કેલી જોતો નથી.

આ અખતરો હિંદુમુસલમાન એકતાની ખરી પ્રગતિનું પણ માપ છે. એક, મોટે ભાગે હિંદુઓનું બનેલું મંડળ, એક, મોટે ભાગે મુસલમાનોવાળી વસ્તીને તેની આર્થિક સ્થિતિ સુધારવાના એકમાત્ર હેતુથી પ્રેરાઈને મદદ કરી રહ્યું છે. તેની પાસે એવા મુસલમાન કાર્યકર્તાઓ પણ પડયા છે કે જેમને પોતે હિંદુઓના જેટલા જ કીમતી નથી એવું કદી પણ લાગવા દેવામાં આવતું નથી. તેમાંના બે જણે તો કેવળ પોતાની કાર્યદક્ષતાથી કાંતનારાઓમાં ઊંચામાં ઊંચી પદવી મેળવી છે. ૩૨ સ્વયંસેવકોને એક જગ્યાએ કાંતતા જોવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. દરેક જણ કલાકે ૪૦૦થી વધુ વારની ઝડપે કાંતતો હતો, પણ મુસલમાન કાંતનારે કલાકમાં ૭૨૦ વાર કાંત્યું. અહીંયાં એ પણ કહી દઉં કે આ સ્વયંસેવકોને પણ તેમની મજૂરીના બજારભાવ પ્રમાણે દામ ચૂકવવામાં આવે છે. સતીશબાબુ, જેઓ આ આખા તંત્રના વિધાતા છે તેમણે મને કહ્યું કે આખો વખત કામ આપનારા સ્વયંસેવકોને પણ તેઓ કરે તે મજૂરીના પૂરા દામ ચૂકવવા, એ તેમની પાસેથી પૂરેપૂરી તંત્રનિષ્ઠા મેળવવાની દૃષ્ટિએ સરસ નીતિ છે. તેઓ પોતાના ૬૨ સ્વયંસેવકોને માસિક સરેરાશ રૂપિયા ૨૫ લેખે દામ ચૂકવે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ४–६–१९२५

ભાષાંતર : नवजीवन, ७–६–१९२५

૧. આ વિગતો અહીં આપી નથી. બંગાળમાં આવેલાં ઈકમરગાંવ, તલોરિયા, ચંપાપુર, દુર્ગાપુર અને તિલકપુરમાં રેંટિયાએ દુષ્કાળપીડિતોને કેવી રીતે રાહત આપી તેનું એમાં વર્ણન છે.

Gandhi Heritage Portal

## ૧૧૨. ઍની બેસન્ટને લખેલા પત્રનો મુસદ્દો[1]

જૂન ૪, ૧૯૨૫

પ્રિય ડૉ. બેસન્ટ,

તમારો માયાળુ પત્ર મળ્યો છે. તમારું નિવેદન[2] મેં શ્રી ગાંધીને — જે ગઈ કાલે સાંજે અહીં આવ્યા છે તેમને — બતાવ્યું છે. અમે બંને એવા નિર્ણય પર આવ્યા છીએ કે આ નિવેદનમાં થોડાક જરૂરી ફેરફાર કરવામાં આવે તો એ અમને પોતાને તો સ્વીકાર્ય છે. પણ મિ. શાસ્ત્રી[3], મિ. ઝીણા[4] અગર પંડિત માલવિયાજી અને બીજા પણ ઘણાને એ સ્વીકાર્ય હોય એવી આશા નથી, કારણ કે એમણે અસહકારની સામે પોતાનો મક્કમ વિરોધ જાહેર કર્યો છે. અમને લાગે છે કે આપણી માગણીઓની ચોક્કસ વિગતો વિષે, અને એ માગણીઓ ન સ્વીકારાય તો શું કરવું એ વિષે, જ્યાં સુધી સર્વ પક્ષો વચ્ચે ચોખ્ખી સમજૂતી ન થાય ત્યાં સુધી આ માગણીઓને રાષ્ટ્રની માગણીઓ કહેવી નિરર્થક છે. આપણા માર્ગમાં જે બીજી મુશ્કેલી છે તે એ છે કે હિંદુ અને મુસલમાન વચ્ચે, બ્રાહ્મણ અને અબ્રાહ્મણ વચ્ચે કોઈ સ્પષ્ટ સમજૂતી થઈ નથી. એટલે અમને લાગે છે કે હાલના તબક્કે, દેશની બાબતોમાં જેમનું વર્ચસ્વ હોય તેવા પુરુષોના અભિપ્રાયો કેળવવા પાછળ આપણે આપણું ધ્યાન કેન્દ્રિત કરવું. આ, મારી શક્તિ અનુસાર હું કરી રહ્યો છું.

આ બધું તારમાં કહી શકાય નહીં એટલે અત્યાર સુધી હું તમને ચોક્કસ જવાબ મોકલી શક્યો નથી. તમને ઉત્તેજન મળે એવું કાંઈ હું કહી શકતો નથી એ માટે દિલગીર છું.

તમારો

[મૂળ અંગ્રેજી]

મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૧૦૬૭૪

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

૧. સી. આર. દાસ વતી આ મુસદ્દો ગાંધીજીએ તૈયાર કર્યો હતો. સી. આર. દાસે તેના ઉપર સહી કરી હતી અને જૂનની પાંચમીએ એને રવાના કર્યો હતો. જૂનની ચોથીએ મહાદેવ દેસાઈએ પોતાની ડાયરીમાં નોંધ્યું છે કે સી. આર. દાસે પોતાની પત્નીને નીચે પ્રમાણે લખ્યું હતું: "આ જવાબનો મુસદ્દો ઘડવા માટે મને ત્રણ દિવસ લાગ્યા હોત; જ્યારે ગાંધીજીએ એ કામ પંદર મિનિટમાં કર્યું."

૨. તેમણે તૈયાર કરેલા કૉમનવેલ્થ ઑફ ઇન્ડિયા બિલ વિષે.

૩. શ્રી વી. એસ. શ્રીનિવાસ શાસ્ત્રી (૧૮૬૯–૧૯૪૬); કેળવણીકાર અને વક્તા; ૧૯૧૫–૨૭ દરમ્યાન હિંદ સેવક સમાજના પ્રમુખ; વાઇસરૉયની લેજિસ્લેટિવ કાઉન્સિલ અને કાઉન્સિલ ઑફ સ્ટેટના સભ્ય; દક્ષિણ આફ્રિકામાંની હિંદ સરકારના એજન્ટ જનરલ.

૪. મહમદઅલી ઝીણા (૧૮૭૯–૧૯૪૮); બૅરિસ્ટર અને રાજનીતિજ્ઞ; ૧૯૪૭–૪૮ દરમ્યાન પાકિસ્તાનના પહેલા ગવર્નર જનરલ.

Gandhi Heritage Portal

## ૧૧૩. નિશીથનાથ કુન્ડુને પત્ર

[દાર્જિલિંગ,][1]
જૂન ૬, ૧૯૨૫

પ્રિય મિત્ર,

તમારો પત્ર મળ્યો.[2] હાલમાં એ વાત હું દેશબંધુ સાથે ચર્ચવા પ્રયત્ન કરી રહ્યો છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

નિશીથનાથ કુન્ડુ
જિલ્લા કૉંગ્રેસ સમિતિ
દિનાજપુર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૦૨૦

## ૧૧૪. નારણદાસ ગાંધીને પત્ર

જેઠ સુદ ૯ [જૂન ૬, ૧૯૨૫][3]

## ૧૧૫. ઈસાઈ ધર્મપ્રચારિકાઓ સમક્ષ ભાષણ[4]

જૂન ૬, ૧૯૨૫

"તમારું આમંત્રણ મેં સ્વીકારેલું તે એ જ અર્થે કે તમારી સાથે વાતો કરી કેટલીક વસ્તુ તમને ન સમજાતી હોય તે સમજાવવાની તક લેવી. દેશબંધુ, હું અને બીજા જે પ્રવૃત્તિમાં આજે ઓતપ્રોત થયેલા છીએ તે પ્રવૃત્તિ આત્મશુદ્ધિની છે. એટલે એ રાજકીય નથી એમ હું કહેવા નથી માગતો, સારી પેઠે રાજકીય છે. પણ રાજકીય શું ધાર્મિક શું? જિંદગીનાં તે કાંઈ એવાં એકબીજાથી સ્વતંત્ર ખાનાં પડાતાં હશે? બધાં તંત્ર તો એક જ જણ એક જ સ્થળેથી ચલાવે છે. એ પુરુષ અને એ સ્થળ સ્વચ્છ હોય, શુદ્ધ હોય તો બધી પ્રવૃત્તિ પણ શુદ્ધ હોય, અને એ બંને મલિન હોય તો બધી પ્રવૃત્તિ પણ મલિન હોય. જ્યારે પ્રવૃત્તિના એવા ભેદ પાડવામાં આવે છે ત્યારે મને હસવું આવે છે, કારણ મારો અનુભવ જુદો છે. મેં તો કદી એવા ભેદ

૧. ટપાલની છાપ પરથી.
૨. આ પત્ર મળતો નથી.
૩. સાચી તારીખ જૂન ૧ હોવાથી આ લેખ ૧૦૬(૧) તરીકે આપવામાં આવ્યો છે.
૪. હિંદમાં નોકરી કરતા મિશનરીઓ માટે દાર્જિલિંગમાં મિસ રૉલેન્ડઝને હાથે ચલાવાતી સ્કૂલ ઑફ ઇન્ડિયન લૅંગ્વેજીઝમાં અપાયું હતું.

Gandhi Heritage Portal

પાડયા નથી. બધી ભિન્ન ભિન્ન દેખાતી પ્રવૃત્તિ એકબીજાની પોષક હોઈ મધુર જીવનસંગીત ઉત્પન્ન કરે છે. ધર્મ વિનાનું રાજકાજ દુર્ગંધમય છે, રાજકાજ વિનાનો ધર્મ અર્થહીન છે. રાજકાજ એટલે પ્રજાઓના કલ્યાણની પ્રવૃત્તિ. જે ઈશ્વરને ઓળખવા માગતો હોય તે આ કલ્યાણ-પ્રવૃત્તિ કર્યા વિના કેમ રહી શકે? અને મારે મન તો ઈશ્વર અને સત્ય એક હોવાથી મારો તો રાજપ્રકરણમાં પણ સત્યનું રાજ્ય સ્થપાયેલું જોવાનો મનોરથ સદાય રહેવાનો."

"ઈશુના અનુયાયીઓને ઈશુનો આદેશ સમજાવવાની વાત કરવી એ તો કાશીમાં ગંગાજળ લઈ જવા બરાબર છે. પણ જાતે ખ્રિસ્તી ન છતાં, બાઈબલના એક નમ્ર અભ્યાસી તરીકે, શ્રદ્ધાવાન અને સહૃદય અભ્યાસી તરીકે બાઈબલમાંનાં ગિરિપ્રવચનમાંથી જ દોહન કરેલો કેટલોક તત્ત્વાર્થ હું તમારી આગળ નમ્રપણે રજૂ કરવા ધારું છું. અને તેમ કરતાં મારા મનની વાત તમારી આગળ નિખાલસ રીતે ન મૂકું તો હું તમને ભાઈઓ અને બહેનો તરીકે સંબોધવાને નાલાયક ગણાઉં. મદ્રાસમાં પાદરીઓના એક મંડળ આગળ ૧૯૧૬માં આપેલું એક વ્યાખ્યાન[1] યાદ આવે છે. મેં તે વેળા કહેલું કે પાદરીઓ સદાય પોતાનો ધર્મ માનનારાં માથાંની ગણતરી કરે છે એ ભારે ભૂલ કરે છે. આજે જે રીતે ધર્માંતર કરવાની પ્રવૃત્તિ ચાલી રહેલી છે તેમાં મને મુદ્દલ શ્રદ્ધા નથી. એનું પરિણામ કેટલાક માણસોને માટે ભલે લાભદાયી થયું હોય, પણ તેનાથી જે અનિષ્ટ થયું છે તેની સરખામણીમાં તો એ લાભ કશા હિસાબમાં જ નથી. ધર્મની તાણાતાણીનો કશો અર્થ નથી. ઈશ્વર આપણી પાસે એ માગે છે કે આપણે હૈયે હોય તે જ હોઠે રહે. આજે હજારો સ્ત્રીપુરુષો એવાં પડયાં છે કે જે બાઈબલ કે ઈશુનું નામ સરખું ન જાણતાં છતાં બાઈબલ જાણનારા અને બાઈબલના દશ ઉપદેશનું પાલન કરવાની વાતો કરનારા ખ્રિસ્તીઓ કરતાં વધારે આસ્તિક અને ધર્મભીરુ છે. ધર્મ એ લવરી કરવાની વાત નથી. ધર્મ તો શૂરાનો મારગ છે. અને અમુક ધર્મ છોડીને બીજો ધર્મ ગ્રહણ કર્યો કે માણસ સારો થઈ ગયો એમ માનવાની મારી અલ્પબુદ્ધિ તો ના પાડે છે. હું એવા અનેક હિંદી અને ઝૂલુઓના દાખલા આપી શકું કે જેઓ ખ્રિસ્તી થયેલા છે, પણ જેમને પ્રેમપંથની કે ઈશુના બલિદાનની કે ઈશુના સંદેશની ગંધ સરખી નથી.

"આ સંબંધમાં જોહાનિસબર્ગમાં મિ. મરે નામના પાદરીની સાથે મારે થયેલી વાત યાદ આવે છે. એક મિત્રે અમારી ઓળખ કરાવેલી; એ હેતુથી કે હું ખ્રિસ્તી બનું. અમે ફરવા ગયા અને ત્યાં તે મિત્રે મને અનેક પ્રશ્નો પૂછી મારી ઊલટપાલટ તપાસ કરી. પૂછી પૂછીને તે ધરાયો ત્યારે તેણે કહ્યું, "ના ભાઈ, તને મારે ખ્રિસ્તી નથી બનાવવો, બલકે હું હવે કોઈને ખ્રિસ્તી નહીં બનાવું" એ મને બહુ પ્રિય લાગ્યું. એણે ઈશુના આદેશનો મારો અર્થ પણ સ્વીકાર્યો! બાઈબલમાંથી[2] જ બોલતાં મેં તેને કહેલું કે "પ્રભુ, પ્રભુ" જીભે બોલનાર મુક્તિ મેળવતો નથી, પણ પ્રભુની ઈચ્છાને અધીન થનાર પ્રભુને ગમે તે જ કરનાર મુક્તિ મેળવે છે. મને મારી નબળાઈઓની ખબર છે. તેની સામે હું ઝૂઝી રહ્યો છું તે ઈશ્વર મને જે બળ આપે છે તે બળ વડે, મારા બળ વડે નહીં. શું તમે ઈચ્છો છો કે એમ ઈશ્વરના બળે ઝૂઝવાને બદલે હું પોપટની માફક બોલું કે ઈશુએ મારાં પાપ ધોઈ નાખ્યાં છે, અને હું શુદ્ધ થયો છું? તે ચમકયો, મને અટકાવ્યો, અને બોલ્યો, "તું કહે છે તે હું સમજ્યો."

૧. જુઓ પુસ્તક ૧૩, પા. ૨૦૨-૭.
૨. સેન્ટ મેથ્યૂ ૭, ૨૧; ૨૧, ૨૮-૩૧.



Gandhi Heritage Portal

ગાંધીજી અતિશય જુસ્સાથી બોલતા હતા. તેમને પોતાને એની ખબર નહોતી એમ નહીં, પણ ઈરાદાપૂર્વક ખ્રિસ્તીઓને જ નહીં, પણ ખ્રિસ્તીઓની માફક બીજા ધર્માંતર કરવામાં માનનારા ધર્મીઓને ઉદ્દેશીને તેઓ આટલી ઉત્તેજનાથી બોલતા હતા. તેમણે આગળ ચલાવ્યું :

હું જેટલા આવેશથી તે મિત્રની સાથે વાતો કરતો હતો તેટલા જ આવેશથી આજે તમારી આગળ બોલી રહ્યો છું, કારણ, હું જેમ તેના હૃદયને સ્પર્શ કરવા માગતો હતો તેમ તમારા હૃદયને પણ સ્પર્શવા માગું છું. શા સારુ તમે માથાં ગણવા માગો, અને મૂંગી સેવા ન કરો? શા સારુ તમે લોકોને વટલાવવા માગો છો તે કહેશો? જો તમારા સંસર્ગમાં આવીને તેમનાં જીવન નિર્મળ અને ઉદાત્ત થાય, જો તમારા સંસર્ગમાં આવીને તેઓ અસત્યનો અને તિમિરનો માર્ગ છોડી સત્ય અને જ્યોતિનો માર્ગ ગ્રહણ કરે તો શું તેટલું બસ નથી? તમે એક નિરાશ્રિત બાળકને હાથમાં લીધું હોય અને તેને તમે ખાતુંપીતું પહેરતુંઓઢતું કરો પછી તમને વધારે શું જોઈએ? શું એટલું કાર્ય કૃતાર્થતાને માટે પૂરતું નથી? કે તમારે તો જેની તમે સેવા કરો તેની પાસે કૃત્રિમ રીતે પઢાવવું જોઈએ કે "હું ખ્રિસ્તી થયો છું"? આજે જુદા જુદા ધર્મ વચ્ચે માથાં ગણવાની હરીફાઈ ચાલી રહી છે, લડાઈ ચાલી રહી છે. આની મને ભારે શરમ આવે છે, અને અમુક માણસો અમુક ધર્મમાં વટલાવવામાં આવ્યાનું પરાક્રમ સાંભળતાંની સાથે મને થાય છે કે કશું પરાક્રમ નથી થયું, ઊલટો, ઈશ્વરને અને આત્માને વગોવવામાં આવ્યો છે.

આટલું કહીને તેમણે જે કરેલું છે તે માટે તેમને અભિનંદન આપ્યું. હિંદીઓની સેવાને અંગે ભાષાજ્ઞાનની આવશ્યકતા સમજવા માટે તેમને ધન્યવાદ આપ્યો, અને મિશનરીઓ પ્રત્યેનું ઋણ યાદ કર્યું. મિશનરીઓએ આપણને ભાષામાં અને સાહિત્ય વિષે અભિમાન લેતા કર્યા. પોપે તામિલની અને ટેલરે ગુજરાતીની જેટલી સેવા કરી છે તેટલી બીજા કોણે કરી છે? ગુજરાતીમાં શૌર્ય નથી એમ કહેનારને હસી કાઢી ટેલર સાહેબે કહેલું કે તમે શૂરાતનભર્યા વિચાર કરો એટલે તમારી ભાષામાં શૌર્ય આપોઆપ પ્રગટશે. પણ એટલાથી જ મિશનરીનું કાર્ય પર્યાપ્ત થાય છે? અહીંયાં રેંટિયો આવ્યો.

એટલાથી તમારું કાર્ય પર્યાપ્ત થતું નથી. તમારે તો લોકોની સાથે ઓતપ્રોત થઈ જવું જોઈએ. તમે રંકમાં રંકને ભેટશો ત્યારે જ તમે ખરી સેવા કરી હશે. અહીં મને લૉર્ડ સૉલ્સબરીએ[1] એક પાદરીઓના ડેપ્યુટેશનને કહેલા શબ્દ યાદ આવે છે. એ પાદરીઓ ચીનથી આવ્યા હતા અને બૉક્સરોની સામે રાજ્યનું રક્ષણ માગતા હતા. લૉર્ડ સૉલ્સબરીએ તેમને કહેલું : "હું તમને રક્ષણ આપવાને નારાજ નથી. પણ તમને એ છાજે? પ્રાચીન પાદરીઓ તો શૂરા હતા. તેઓ તો 'સાચું શરણું નાથનું' સમજીને ગમે તે મુશ્કેલી સામે ઝૂઝતા હતા, અને પોતાના પ્રાણ અર્પણ કરતા હતા. જો ચીન સુધી ધર્મપ્રચાર કરવા ગયા વિના તમને ન ચાલે તો તમારે ધર્મભીરુ માણસો જે રક્ષણ શોધે તે શોધવું જોઈએ. ધર્મપ્રાણ મનુષ્ય જે જોખમ ખેડે તે ખેડવાં જોઈએ." એ શબ્દો સાચા અને વ્યવહારી માણસના હતા. તમે પણ ભારતના લોકોની સેવા કરવા માગતા હો તો તમારું ડોકું હાથમાં રાખીને ઝૂઝો. તમને ગમે તેટલી નિષ્ફળતા મળે તોપણ, તમારી કનડગત થાય તોપણ, કેવળ સેવાની જ દૃષ્ટિ રાખી તેમની સેવા કરો.

અને હવે તો જગન્નાથપુરીનાં હાડપિંજરોનું કરુણ ચિત્ર આવ્યું. "એ કંગાળોને સજીવન કરવા માગતા હો તો હું આજે જે દરેક હિંદી આગળ મૂકી રહ્યો છું તે તમે પણ ગ્રહણ કરો અને

૧. ૧૮૩૦–૧૯૦૩; ૧૮૮૫–૮૬, ૧૮૮૬–૯૨ અને ૧૮૯૫–૧૯૦૨ દરમ્યાન ઇંગ્લંડના વડા પ્રધાન.

Gandhi Heritage Portal

તે દ્વારા લોકમાં પ્રવેશ કરો. ઈશુના આદેશનું એ કાર્યથી જેવું રૂડું પાલન થશે તેવું બીજા કશાથી નહીં થાય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૬–૧૯૨૫

## ૧૧૬. ધર્મને નામે ધાડ

લાડ જ્ઞાતિમાં ચાલતા કલહ બાબત મારી પાસે એક લાંબો કાગળ આવ્યો છે. લખનારે નિર્મળ પ્રયત્ન કરી મને ઘણી હકીકત પૂરી પાડી છે ને બતાવ્યું છે કે સમાધાની કરવા જે પગલાં લઈ શકાય તે લેવાયાં છે. હું એ માનવા તૈયાર છું. પણ મારો ઈરાદો લાડ જ્ઞાતિને વિષે કંઈ લખવાનો કે સૂચવવાનો નથી, પણ તે ઉપરથી આવતા વિચારો હિંદુ સમાજની પાસે મૂકવાનો છે.

એક તરફથી હિંદુ ધર્મની રક્ષા કરવા સારુ સંગઠનો થઈ રહ્યાં છે ને બીજી તરફથી હિંદુ ધર્મમાં જે નબળાઈઓ પેસી ગઈ છે તે તેને અંદરથી કોરી રહી છે. એટલે જેમ એક જાડા લાકડાના ગર્ભને અંદર રહેલો કીડો કોતરી ખાતો હોય તો તેને ઉપરથી મઢો કે રોગાન લગાડો છતાં તે લાકડું છેવટે ખવાઈ જવાનું છે, તેમ જો હિંદુ જાતિના ગર્ભમાં કીડો પેસી જઈ તેને કોતરી રહ્યો છે તેનો નાશ નહીં થાય તો હિંદુ ધર્મની બહારથી ગમે તેટલી રક્ષા કરીએ છતાં તેનો નાશ જ સંભવે છે.

વર્ણબંધનને નામે વર્ણનો સંકર થઈ રહ્યો છે ને થઈ ગયો છે. વર્ણની મર્યાદા ગઈ છે, તેની અતિશયતા રહી છે. વર્ણબંધન ધર્મના રક્ષણને સારુ હતું તે અત્યારે વક્ર બની ધર્મને કોરી રહ્યું છે. વર્ણ ચાર હોય તેને બદલે અસંખ્ય ને અગણિત થઈ ગયા છે. વર્ણ મટી જાતિના વાડા થયા છે ને તે વાડાની અંદર રઝળતાં ઢોર જેમ ડબામાં પુરાય તેમ આપણે નધણિયાતા બની વાડોની વચ્ચે પુરાઈ કેદી બની ગયા છીએ. વર્ણ પ્રજાના પોષક હતા; જ્ઞાતિઓ પ્રજાની નાશક થઈ છે. હિંદુ પ્રજાની કે હિંદની સેવા કરવાને બદલે આપણે આપણી વાડોની એટલે આપણી બેડીઓની રક્ષા કરવામાં ગૂંથાયેલા રહીએ છીએ ને તેને અંગે ઊપજતા સવાલોનો નિર્ણય કરવામાં આપણા વખતનો, આપણી બુદ્ધિનો, આપણા પૈસાનો વ્યય કરીએ છીએ. પારધી મધપૂડાનો નાશ કરવા સામે ઊભો છે ત્યારે બેઅક્કલ મધમાખીઓ એકબીજીના ઘરમાં કબજાની પંચાયતો ભરી રહી છે. જ્યાં વીશાદશાનો ભેદ જ નાશ કરવા યોગ્ય છે ત્યાં વીશા મોટા કે દશા મોટાનો સવાલ જ ક્યાં રહે છે? જ્યારે હિંદુસ્તાન સમસ્તની વણિક કોમને એક બનવાની આવશ્યકતા છે ત્યાં દશા-વીશા, મોઢ-લાડ, હાલારી-ઘોઘારીના ભેદને અને તેમની વચ્ચેના કંકાસોને અવકાશ જ ક્યાં છે?

વર્ણ ધંધાને અંગે હતા ત્યારે જ્ઞાતિ કેવળ રોટીબેટીવ્યવહારને અવલંબે છે. જ્યાં લગી હું રોટીબેટીવ્યવહારની મર્યાદા જાળવું ત્યાં લગી હું કલાલની દુકાન રાખું તોયે શું ને સમશેર બહાદુર થાઉં તોયે શું, અથવા પરદેશથી ડબામાં બંધ કરેલું ગોમાંસ વેચું તોયે શું? એ બધું કરતો છતો હું વણિક જાતિમાં પૂજાઈ શકું. હું એકપત્નીવ્રત પાળું કે અનેક સુંદરીઓની સાથે લીલા કરું તેની પંચાત મારી જ્ઞાતિને કરવાપણું હોય નહીં, એટલું જ નહીં પણ તે છતાં હું જ્ઞાતિનો શેઠ

Gandhi Heritage Portal

પણ રહી શકું, જ્ઞાતિને સારુ નવી સ્મૃતિઓ રચી શકું ને જ્ઞાતિની પાસેથી ઇનામઅકરામ મેળવી શકું. હું ક્યાં જમું છું અથવા મારા પુત્રાદિનો વિવાહ ક્યાં કરું છું તેની ચોકી જ્ઞાતિ કરે, પણ મારા આચરણનું નિરીક્ષણ કરવાપણું જ્ઞાતિને હોય નહીં. અત્યારે તો હું વિલાયત જઈ આવ્યો હોઉં તો કન્યાકુમારીના મંદિરના ગર્ભાગારમાં મારાથી ન જવાય, પણ હું જાહેર રીતે વ્યભિચાર કરતો હોઉં તે કારણે તે ગર્ભાગારમાં પ્રવેશ કરતાં મને કોઈથી ન અટકાવાય!

આ ચિત્રમાં ક્યાંય અતિશયોક્તિ નથી. આ ધર્મ નથી; આ અધર્મની પરિસીમા છે. આમાં વર્ણની રક્ષા નથી પણ વર્ણનો ધ્વંસ છે. વર્ણાશ્રમની રક્ષા કરવા મથતો હું જો અધર્મ દૂર ન થાય તો વર્ણની રક્ષા કરવા અસમર્થ બનવાનો છું. આમાં તો અતિશયતા જ વર્ણને નામે ઓળખાઈ અતિશયતાનો નાશ થવાને બદલે વર્ણનો જ નાશ થઈ જવાનો ભય છે.

હવે આવી અસંખ્ય જાતિઓની રક્ષા કઈ રીતે થાય છે તે જોઈ જઈએ. અહિંસાપ્રધાન ધર્મ હિંસાથી જાતિરક્ષા કરે છે. જેણે જાતિનાં કૃત્રિમ ને અયોગ્ય બંધનો તોડયાં હોય તેને સમજાવવાનું, તેને તેની ભૂલ બતાવવાનું તો થતું જ નથી, પણ તાબડતોબ તેનો બહિષ્કાર થાય છે. બહિષ્કાર એટલે તેની સર્વ પ્રકારે પજવણી; તેનું ભોજન બંધ, તેને બેટીવ્યવહાર બંધ, તેને સ્મશાનવ્યવહાર બંધ. અને આ દંડ બહિષ્કૃતના વારસો ઉપર પણ ઊતરે! આનું નામ કીડી ઉપર કટક, અથવા આ જમાનાની ભાષામાં કહીએ તો એક પ્રકારની ડાયરશાહી. આવા ત્રાસથી હજાર બે હજાર મનુષ્યોની જ્ઞાતિઓ નભવાને બદલે તેમનો નાશ થઈ જવાનો છે. નાશ ઇચ્છવાયોગ્ય છે. પણ બળાત્કારે થયેલો નાશ હાનિકારક હોય છે. જો ઇચ્છાપૂર્વક નાશ કરવામાં આવ્યો હોય તો જ તે સમાજનો પોષક બને.

સારામાં સારો ઉપાય તો એ જ છે કે નાની નાની જ્ઞાતિઓનાં મહાજન એકઠાં મળી એક જ્ઞાતિ બની જાય. અને આ મોટો સંઘ બીજા સંઘોની સાથે મળી છેવટે ચાર વર્ણમાંના એકમાં સ્થાન લે. પણ હાલની શિથિલતામાં આવો સુધારો તાત્કાલિક બનવો લગભગ અશક્ય જેવો ગણાય.

તો ધર્મનું પાલન જેટલું કઠિન છે તેટલું જ સહેલું છે. જેમ પ્રત્યેક સંઘ ધર્મની વૃદ્ધિ કરી શકે છે તેમ જ વ્યક્તિઓ કરી શકે છે. વ્યક્તિએ નિર્ભય રહી જેને પોતે ધર્મ ગણે તેનું પાલન કરવું ને પછી પોતાનો બહિષ્કાર થાય તો તે વિષે બેફિકર રહેવું. જ્ઞાતિની ત્રણ શિક્ષાઓને વિનયપૂર્વક વધાવી તેને બંધનમુક્ત ગણવી. જ્ઞાતિભોજન કરવાથી કંઈ લાભ નથી, ન કરવામાં ઘણી વેળા તો લાભ જ છે. મરણ પાછળનાં ભોજનોને હું તો પાપ જ ગણું છું. પુત્રાદિને સારુ કન્યા કે કન્યાને સારુ તે જ જ્ઞાતિમાં વર ન મળે એ પણ ચિંતાનું કારણ નથી; કારણ, દંડાયેલને તે દંડ નથી કેમ કે તે પેટાજ્ઞાતિઓની હસ્તીને માનતો નથી. કન્યા કે વર લાયક હોય તો બીજા સંઘોના સુધારકોમાંથી લાયક જોડી મળવામાં અડચણ ન જ આવે. પણ આવે તો તે સહન કરવામાં જ ધર્મ છે. ચારિત્રવાન અને સંયમીને આવી ઉપાધિઓ ઉપાધિ નથી. તે તેને પ્રસન્નચિત્ત રહી સહન કરે. મરણકાળે તેને જ્ઞાતિ તરફથી સહાય ન મળે તેમાંયે દુઃખ શું? બીજાઓ સહાય કરનારા મળી આવે. મરણગાડી વિષે તો હું લખી ચૂક્યો છું. તેનો ઉપયોગ કરવાથી ઓછી મદદે ચાલે. અને તેટલી મદદ પણ જેની પાસે ન હોય તે મજૂર રાખે. મજૂર જેટલા પૈસા ન હોય એવો જે દીન છે પણ પ્રભુનો જન છે તેને તો પ્રભુ ગમે ત્યાંથી સહાય મોકલી દેશે એવો તે વિશ્વાસ રાખે. સજાનો ત્રાસ છોડવો એ સત્યાગ્રહ છે. જેમ સરકારની સામે લઢતાં સત્યાગ્રહ સોનેરી શસ્ત્ર છે તેમ જ જ્ઞાતિ સરકારની સામે, કેમ કે બંને દર્દ એક છે

Gandhi Heritage Portal

તેથી તેની દવા પણ એક છે. જુલમનું ઔષધ સત્યાગ્રહ છે. હિંદુ ધર્મનું – ધર્મ માત્રનું – રક્ષણ કેવળ સત્યાગ્રહથી જ થાય.

પ્રત્યેક ધર્મપ્રેમીને મારી વિનયપૂર્વક સલાહ છે કે તેણે જ્ઞાતિઓની નાના પ્રકારની ખટપટોમાં ન પડતાં પોતાના કર્તવ્યમાં પરાયણ રહેવું. કર્તવ્ય પોતાના ધર્મનું ને દેશનું રક્ષણ કરવાનું છે. ધર્મનું રક્ષણ નાનકડી જ્ઞાતિઓનું અયોગ્ય રક્ષણ કરવામાં નથી પણ ધાર્મિક આચરણમાં છે. ધર્મનું રક્ષણ એટલે હિંદુમાત્રનું. હિંદુમાત્રનું રક્ષણ પોતે ચારિત્રવાન બનવામાં જ રહેલું છે. ચારિત્રવાન બનવું એટલે સત્ય, બ્રહ્મચર્ય, અહિંસાદિ વ્રતો પાળવાં, નિર્ભય બનવું, — એટલે કે મનુષ્યમાત્રનો ભય છોડવો, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખવી, તેનાથી ડરવું, તે આપણાં સર્વ કર્મોનો, સર્વ વિચારોનો સાક્ષી છે એમ જાણી મેલા વિચારો કરતાં પણ કંપવું, જીવમાત્રને સહાય કરવી, પરધર્મીને પણ મિત્ર ગણવો, પરોપકારમાં પોતાનો કાળ ગાળવો ઈત્યાદિ ઈત્યાદિ. પેટાજ્ઞાતિની હયાતી હાલ તો જ ક્ષંતવ્ય ગણાય જો તેઓનું સમગ્ર કામ એકંદરે ધર્મને અને દેશને પોષનારું હોય. જે જ્ઞાતિ આખા જગતનો ઉપયોગ પોતાને સારુ કરે તેનો નાશ હોય. જે જ્ઞાતિ પોતાનો ઉપયોગ જગતના કલ્યાણને અર્થે થવા દે તે ભલે જીવો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭–૬–૧૯૨૫

## ૧૧૭. બંગાળમાં

બંગાળને હું નથી છોડી શકતો, બંગાળ મને છોડતું નથી. એક માસ તો ગાળ્યો ને હજુ એક માસ બીજો ગાળ્યે છૂટકો છે. વચમાં આસામમાં ડૂબકી માર્યા વિના ચાલે તેમ નથી. "આસામે બહુ કર્યું નથી. પણ ખાદીની બાબતમાં કેટલું કરી શકે તેમ છે એ બતાવવાની તક તો તમારે આપ્યે જ છૂટકો છે. છેવટે એક અઠવાડિયું તો આપજો જ." આ પ્રમાણે શ્રી ફુકને લખ્યું. એટલું બધું લખવાની જરૂર વિના જરા જેટલે નોતરે પણ હું ત્યાં જાત કેમ કે આસામની આશા તો મને છે જ. વળી આસામ એટલે દૂર છે કે વખતોવખત ત્યાં જવું ન બને તેવું રહ્યું. પણ આસામ જવાનું સર્વથી વધારે અગત્યનું કારણ તો એ કે આસામે ૧૯૨૧ની સાલમાં જેટલું સહન કર્યું તેટલું ભાગ્યે જ બીજા પ્રાંતે કર્યું હોય. આસામનો ગુનો અફીણ બંધ કરવાનો હતો. તેને સારુ સેંકડો નવયુવકોને જેલો ભોગવવી પડી ને બીજાં અનેક દુ:ખો સહન કરવાં પડયાં. તેની અસર એટલી બધી ખરાબ થઈ કે લોકોમાં અતિશય ભય પેદા થયો ને તેઓ માથું ઊંચકવા જેવા પણ ન રહ્યા. આ પ્રાંતમાં જવાને સારુ મને કંઈ ખેંચતાણ કરવાની આવશ્યકતા ન હોય. એટલે મેં શ્રી ફુકનનું આમંત્રણ તુરત જ સ્વીકાર્યું. હવે મારે પંદરમી તારીખ લગીમાં આસામ પહોંચવું રહ્યું. ત્યાં લગભગ બે અઠવાડિયાં વીતવાનો સંભવ છે. પછી પાછો ફરી બંગાળની અધૂરી મુસાફરી પૂરી કરીશ, તોયે બંગાળનો કેટલોક ભાગ તો રહી જ જવાનો છે.

બંગાળ છોડયું નથી જતું કેમ કે બંગાળને વિષે મને બહુ આશા બંધાઈ છે. જેમ બંગાળી-ઓના પ્રસંગમાં આવતો જાઉં છું તેમ તેઓની સરળતા ઉપર ને તેઓના ત્યાગ ઉપર હું મોહતો જાઉં છું. જ્યાં જાઉં છું ત્યાં ત્યાગી જુવાનો નજરે પડે છે. તેઓને દેશસેવા કરવાની બહુ હોંશ

Gandhi Heritage Portal

છે. એ સેવા કઈ રીતે થાય એ તેઓ શોધ્યા કરે છે. કેટલુંક કામ તો એવું થયા કરે છે કે તેની નોંધ સરખીયે નથી થતી. નોંધ થવાની પણ નથી. કેમ કે તેનાં વર્ણન રસમય હોય નહીં. સરળ જીવન જાતે જ રસિક છે. પણ જેવું તે રસિક છે તેવું જ તે વર્ણનમાં નીરસ છે. ભારેમાં ભારે આનંદ શુદ્ધ શાંતિમાં છે. આ શાંતિનું કે આ આનંદનું નિત્યનવું વર્ણન કઈ રીતે અપાય? જે માણસ એક ગામડાનાં બાળકોને લઈને બેઠો છે ને તેઓને નિરંતર પિતાના પ્રેમપૂર્વક શીખવી રહ્યો છે તેના આનંદનું ને તેની શાંતિનું વર્ણન કોણ કરી શકે? પણ તેના આનંદની બરોબરીયે કોણ કરી શકે? તેનો આનંદ છીનવી કોણ શકે? તેમાં નિત્ય વૃદ્ધિ થતી જાય છે કેમ કે તે શિક્ષકને શીખવવામાં જ ફળ રહ્યું છે. તેની પાસે એક બાળક છે કે અનેક એ વાતની પણ તે ચિંતા નથી કરતો. તેની ચિંતા શીખવવા પૂરતી છે. અને તે કાર્ય તેના પોતાના જ હાથમાં છે એટલે તેના આનંદનો કર્તા ને હર્તા તે પોતે જ બને છે.

આવા પ્રકારના સેવકો બંગાળમાં વિશેષ જોવામાં આવે છે એવી જ કંઈક છાપ મારા ઉપર પડી છે. આ જુવાનો અનેક સ્થળોમાં પથરાઈ ગયા છે. તેઓનો એકબીજાની સાથે સંબંધ ઘણો થોડો છે. સહુ પોતાના કામમાં તન્મય બની રહેલા જોવામાં આવે છે, આવા કામદારોનાં દર્શન કરવાનો પ્રસંગ મને આવ્યા જ કરે છે ને જેમ આવ્યા કરે છે તેમ પ્રાંત છોડવાને હું અધીરો નથી બનતો. આવા સેવકોમાં હું સ્વરાજનું બીજ જોઉં છું. તેઓમાં ભારતવર્ષની આશાઓ છુપાયેલી છે. તેઓ બોલતા નથી. તેઓનું કામ બોલે છે.

## ‘હાથની બોલી’

એવા કામદારોને જોઈને જ એક ભાષણમાં મારાથી ‘હાથની બોલી’ એ શબ્દપ્રયોગ વપરાઈ ગયો. આ સભા કલકત્તામાં હતી. હું તો બરાબર નિયમિત વખતે પહોંચી ગયો. તેમાં ઘણાં સ્ત્રીપુરુષો હજુ તો આવતાં જ જતાં હતાં. સભા સંગીતથી શરૂ કરવાની હતી. સંગીતાચાર્ય આવવાના હતા એટલે મારે બોલવાને વાર હતી. મેં કાઢી મારી ભૂંગળી. મારી તકલીની ભૂંગળી મારી સાથે ફર્યા જ કરે છે ને નવરાશે તે ચલાવીને પણ થોડું કાંતું છું. તકલી ચલાવવામાં હું સહુથી ઠોઠ નિશાળિયો નીવડ્યો છું. હજુ મારો હાથ જેવો બેસવો જોઈએ તેવો નથી બેઠો. ક્યાં દોષ છે તે હજુ કોઈ બતાવી નથી શક્યું. પણ હું કંઈ તકલીથી હારી જાઉં તેમ નથી. એટલે અમારી બંનેની વચ્ચે લડાઈ ચાલ્યા જ કરે છે. ગમે તેવું છતાં સૂતર તો હું કાઢું જ છું. તેથી મેં આ વખતનો ઉપયોગ તકલી ચલાવવામાં કર્યો. મારી પાસે રહેલી બધી પૂણીઓ ખૂટી, પણ મને બોલવાને તો હજુ વાર હતી. એ અવકાશમાં મેં મારું ભાષણ વિચારી લીધું ને પ્રેક્ષકોને કંઈક આ પ્રમાણે કહ્યું :

“હવે મારે ભાષણ કરવાની જરૂર ક્યાં રહી છે? સામાન્ય ભાષણ જીભેથી થાય છે ને કાને સંભળાય છે. મેં મારું ભાષણ હાથેથી કર્યું તે તમે આંખો વાપરી હોય તો આંખથી સાંભળ્યું હશે. જીભના ભાષણમાં હૃદય ને જીભની વચ્ચે ઘણી વાર મેળ નથી હોતો. મનમાં એક હોય ને બોલાય જુદું. હાથના ભાષણમાં એ દોષને સ્થાન જ નથી. કેમ કે મનની સાથે કશો સંબંધ જ નથી. હાથથી જે ક્રિયા ચાલે તે જોઈને તમે તેનો તમારી ઇચ્છામાં આવે તે અર્થ કરી શકો છો. હાથેથી સૂતર નીકળી રહ્યું હોય તે તો વૃથા જાય જ નહીં. મેં જીભેથી તો ઘણુંયે સંભળાવ્યું, કાનેથી તમે ઘણું સાંભળ્યું. પણ બંગાળે મને હાથેથી ભાષણ દેવાનું શીખવ્યું. પ્રથમ પાઠ મને ફરીદપુરના વિદ્યાર્થીઓએ આપ્યો, તેને હું ભૂલ્યો નથી, ત્યાર પછી ઘણી સભાઓમાં હું રેંટિયો

Gandhi Heritage Portal

ચલાવું છું ને ફરીદપુરની જેમ કોઈ કોઈ જગ્યાએ રેંટિયો ચલાવતો જીભેથી પણ ભાષણ આપું છું ને એમ જીભ અને હાથની વચ્ચેનો મેળ કરી બતાવું છું. જમાનો તો કેવળ મૌનનો આવતો-જતો હોય એમ દેખું છું. હાથની ભાષા એ જ ખરી ભાષા ગણાશે. તે ભાષા તો મૂંગાં ને નિરક્ષર પણ બોલી જાણે ને બહેરાં જો દેખતાં હોય તો સાંભળી શકે.

પણ મારા સૂતરનો તાંતણો કાઢવાનો અર્થ સૂતર કાઢવા પૂરતો જ નથી. સૂતર કાંતીને મેં તમને બતાવ્યું કે જોકે મારું શરીર તમારા કબજામાં છે છતાં મારું હૃદય બંગાળનાં ગામડાંની ઝૂંપડીઓમાં વસે છે. કાંતીને મેં તેઓની સાથે અનુસંધાન કર્યું, કેમ કે હું જાણું છું કે કરોડો ભૂખે મરતાં કંગાળ હિંદીઓની જીવનદોરી આ સૂતરનો તાંતણો છે. તેઓને અર્થે આપણે રેંટિયો ન ચલાવીએ તો તેઓનાં હાડકાં ઉપર ચરબી ચડે તેમ નથી. છતે વસ્ત્રે તેઓ વસ્ત્રહીન રહેવાનાં, છતે ઉદ્યમે તેઓ ઉદ્યમહીન રહેવાનાં, તેઓએ રેંટિયો અન્નપૂર્ણા તરીકે ચલાવવાનો છે; તમારે ને મારે તેમને માર્ગ બતાવવા, શાંતિ આપવા, ખાદી સસ્તી કરવા યજ્ઞરૂપે ચલાવવાનો છે. તેઓ દિવસના બધા ખાલી કલાકોમાં રેંટિયો ચલાવે; આપણે તેઓને અર્થે એટલે યજ્ઞાર્થે ભલે અરધો જ કલાક ચલાવીએ. આપણે નહીં ચલાવીએ તો તેઓ નહીં ચલાવે. આપણે નહીં ચલાવીએ તો રેંટિયાની ખામીઓ કોણ દૂર કરશે, તો રેંટિયાશાસ્ત્ર કોણ રચશે, તો રેંટિયાની શક્તિનું માપ કોણ કાઢશે? આપણે હાથે તેનું ભંજન થયું; આપણે હાથે જ તેનું પાછું મંડન થવું ઘટે છે. આ બધા ને બીજા ઘણા અર્થ મારા હાથે તમને જે ભાષણ આપ્યું તેમાં રહેલા છે. આપણે ગરીબ ખેડૂતોની પાસેથી ઘણું લીધું. રેંટિયો ચલાવીને કંઈક વળતર વાળીએ તેમાં ધર્મ છે.”

## શાંતિનિકેતન

પણ બંગાળમાં કંઈ મારે સારુ એક જ લાલચ છે? અનેક પડી છે. શાંતિનિકેતન ગયા વિના ચાલે જ કેમ? આ નોંધો પણ હું શાંતિનિકેતનમાં મૌનવારને દિવસે લખી રહ્યો છું. શાંતિનિકેતનવાસીઓ મને પરમ શાંતિ આપી રહ્યાં છે. બહેનો તેમનાં મધુર ગીત સંભળાવે છે. કવિશ્રીની સાથે પેટ ભરીને કલાકો લગી વાતો કરી. તેમને હું વધારે સમજ્યો; તેઓ મને વધારે સમજતા થયા છે એમ કહ્યું. તેમણે મારા ઉપર પ્રેમ બતાવવામાં કશી ઊણપ નથી રાખી. તેમના વડીલ ભાઈ દ્વિજેન્દ્રનાથ ઠાકુર, જે બડોદાદાને નામે ઓળખાય છે, તેમનો પ્રેમ તો પિતાનો પુત્ર પ્રતિ હોય તેવો છે. મારી ખામીઓ જોવાની તેઓ ચોખ્ખી ના પાડે છે. તેમને મન તો મેં ક્યાંય ભૂલ કરી જ નથી. મારો અસહકાર, મારો રેંટિયો, મારું સનાતનીપણું, મારી હિંદુ-મુસલમાન ઐક્યની કલ્પના, મારો અસ્પૃશ્યતાનો વિરોધ – બધાં યથાયોગ્ય છે ને તેમાં જ સ્વરાજ છે એ મારી માન્યતા તે તેમની છે. મોહિત બાપ પુત્રના દોષ જુએ જ નહીં તેમ બડોદાદા મારા દોષો જોવા માગતા જ નથી. એ તેમનો મોહ ને એ તેમનો પ્રેમ હું અહીં માત્ર નોંધી શકું. તેનું વર્ણન તો મારાથી ન જ થઈ શકે. તે પ્રેમને લાયક બનવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું. એંશી વર્ષ ઉપરની તેમની ઉંમર છે. પણ ઝીણી ઝીણી બાબતોની સુધ્ધાં ખબર રાખે છે. હિંદુસ્તાનમાં શું ચાલી રહ્યું છે એની તેમને ખબર છે. બીજાઓ પાસે વંચાવીને તેઓ માહિતી મેળવે છે. બંને ભાઈઓનો વેદાદિનો અભ્યાસ ઊંડો છે. બંને સંસ્કૃત જાણનારા છે. બંનેને મોઢે વારંવાર ઉપનિષદ, ગીતાના મંત્રો ને શ્લોકો તો હોય જ.

શાંતિનિકેતનમાં રેંટિયાના પૂજારી પણ પડ્યા છે. કેટલાક નિયમસર ચલાવે છે; કેટલાક અનિયમિત રીતે. ઘણા ખાદીનો ઉપયોગ કરે છે. મારી આશા છે કે આ જગતવિખ્યાત સંસ્થામાં રેંટિયાને હજુ વધારે સારું સ્થાન મળશે.

Gandhi Heritage Portal

**નંદિની બાળા**

થોડા જ ગુજરાતી જાણતા હશે કે અહીં કેટલાંક ગુજરાતી બાળકો વસે છે. તેમાંનાં કેટલાંકનાં કુટુંબ પણ અહીં વસે છે. એવું એક ભાટિયા કુટુંબ હતું, તેને ત્યાં એક બાળાનો જન્મ થયો. મા બહુ માંદી થઈ ને ગાંડપણ આવ્યું. તેથી ગુરુદેવની પુત્રવધૂએ આ બાળાને દત્તક લીધી ને હવે તે ઊછરી રહેલ છે. આ બાળા લગભગ અઢી વર્ષની છે. ગુરુદેવની લાડકી છે. સહુ તેને તેમની પૌત્રી તરીકે ઓળખે છે. ગુરુદેવ હાલ આરામ લે છે. હૃદયનું દર્દ હોવાથી દાક્તરોએ હરવાફરવાની મનાઈ કરી છે. પરિશ્રમવાળું માનસિક કામ પણ ન કરાય. તેથી તેઓ આ બાળા—નંદિની—ની સાથે હમેશાં બેત્રણ વાર વિનોદ કરે છે ને તેને અનેક પ્રકારની વાર્તાઓ કહે છે. જો તેને વાર્તા ન કહેવામાં આવે તો તે રિસાય પણ ખરી. એવી જ કાંઈક રીસ એ હમણાં મારી ઉપર કાઢી રહેલી છે. મારી પાસેથી ફૂલનો હાર લેવા તો તત્પર થઈ પણ મારી પાસે આવવાની ચોખ્ખી ના પાડે છે. કેમ જાણે તેની વાર્તાને વખતે હું ગુરુદેવની સાથે વાતો કરતો હતો તેનું તે મારી ઉપર વેર લેતી હોય નહીં! બાળકની ને રાજાની રીસને કોણ પહોંચે? રાજા રિસાય તો તો મારા જેવા સત્યાગ્રહી કદાચ તેને પહોંચી પણ વળે, પણ બાળકની રીસ આગળ તો મારું તેજસ્વી હથિયાર પણ નિસ્તેજ જેવું જણાય છે. વચમાં વળી મૌનવાર આવ્યો. એટલે નંદિનીને જીત્યા વિના જ કદાચ મારે શાંતિનિકેતન છોડવું પડશે. મારી હારના દુઃખની કહાણી કોને કહું?

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૭–૬–૧૯૨૫

## ૧૧૮. કાઠિયાવાડમાં ખાદી

કાઠિયાવાડથી આવતા કાગળો ઉપરથી જોઉં છું કે જે જે ભાઈઓએ હાથે કાંતનાર ખેડુ અને ગરીબ વર્ગના માણસોને મેળવવાનું બીડું ઝડપ્યું હતું તેમાં તેઓ સફળ થયા જણાય છે. દેવચંદભાઈને[1] તો પૂર્ણ આશા છે. બહુ પ્રયાસ વિના આવાં કુટુંબો મળી આવતાં જણાય છે. જો વધારે સેવકો હોય ને આપણામાં અરધે દામે પૂણીઓ આપવાની શક્તિ વધારે હોય તો ઘણાં કુટુંબો તૈયાર થાય એમ તેઓ માને છે. પણ ગણતરી ઉપરાંત તૈયાર થનારાં કુટુંબોને પહોંચી વળવું એ વધારે સારું કે જે કુટુંબો મળ્યાં છે તેટલાંનું સેવન કરવું એ સારું? તેઓનું સેવન કરવું એટલે મધ્યમાં સુવ્યવસ્થા દૃઢ કરવી, રેંટિયાની સુધારણા કરવી, કાંતણકામ સુધારવું અને કાંતનારાઓને પીંજતાં શીખવવું, વગેરે.

દૂર બેઠો હું આ બાબત સલાહ દેવા અશક્ત છું અને મને અનધિકારી ગણું છું. વખતોવખત ઉપસ્થિત થતી પરિસ્થિતિ જાણ્યા વિના સલાહ આપવી ભયંકર સમજું છું. તેથી બંગાળમાં થયેલા અનુભવો કાર્યકર્તાઓની આગળ રજૂ કરવા ધારું છું. બંગાળમાં હું જોઉં છું કે ભાગ્યે ક્યાંય પૂણીઓ પૂરી પાડવામાં આવતી હોય. કલકત્તા સિવાય બીજે ક્યાંય પૂણીઓ નથી અપાતી, માત્ર રૂ જ આપવામાં આવે છે. વળી હજારો કાંતનારી બાઈઓ તો કપાસ જ માગે છે. તેઓ

૧. દેવચંદ પારેખ.

Gandhi Heritage Portal

પોતાને હાથે લોઢી લે છે. કાંતવાના અનુભવવાળા સમજી શકે કે લોઢવાનું ને પીંજવાનું જે પોતે કરી લે છે તેની કમાણીમાં તો વધારો થાય જ છે. આ ક્રિયાઓ પોતાના ઘરમાં કરી નાખવી કઠિન નથી એ તો જેમણે તે કામ કર્યાં છે તેઓ જાણે જ છે. બંગાળમાં હજુ લોકો પ્રાચીન જમાનો ભૂલી નથી ગયા તેથી તેઓ સહેજે આ વાતો ઝીલે છે. બંગાળની પૂણીઓને તો કોઈ પહોંચે નહીં. તેમની પૂણીઓમાં કીટી હોય જ નહીં. લોઢવાનું આપણે દરેક કાંતનાર ઘરમાં દાખલ ન કરી શકીએ તોપણ પીંજવાનું કાં ન કરીએ? અહીંની પીંજણો બહુ સાદી જોઈ. તેની કિંમત ચારછ આના ભાગ્યે હશે. વાંસને પલાળી વાળે છે ને ઘણી વેળા તો કેળના રેસાની દોરીની તાંત બનાવે છે. હથેલો તો વાપરે જ શાના? આંગળીથી કામ લે છે. આપણે ભલે એટલે સુધી ન જઈએ, જવાની જરૂર પણ કદાચ ન હોય. પણ જેઓ નિયમિત રીતે કાંતનારાં છે, તેઓએ તુરત પીંજવાનું જાણી લેવું તો જરૂરનું છે જ. પૂણીઓ હમેશાં પૂરી પાડી શકાય એ મુશ્કેલ કામ જોઉં છું.

બીજું અહીં એ અનુભવ્યું કે દસ નંબરથી નીચેનું સૂતર ભાગ્યે કોઈ કાંતે છે. બજારમાં મળતું સૂતર બધું દસથી ઘણે ભાગે ઉપર જાય છે. દેવકપાસને બાદ કરીએ તો મઠિયા કરતાં અહીંનો કપાસ ઊતરતો છે. અહીંનાં ઓજારો બધાં આપણા કરતાં સસ્તાં હોય છે. સસ્તાં તે મોંઘાને સારુ હશે કે કેમ તે હું ન જાણું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૭–૬–૧૯૨૫

## ૧૧૯. એક સલાહ

જૂન ૭, ૧૯૨૫

કદી ઉતાવળા થઈને વચન આપતા નહીં. એક વાર વચન આપ્યા પછી તેનું તમારા જીવના જોખમે પણ પાલન કરો.

મોહનદાસ ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૮૭૩૫

Gandhi Heritage Portal

## ૧૨૦. વર્લ્ડના સંપાદકને પત્ર

સાબરમતી,
જૂન ૮, ૧૯૨૫

પ્રિય મિત્ર,

"તમારી શુભેચ્છાવાળો પત્ર મળ્યો.[1] એ માટે તમારો આભાર માનું છું. મને લાગે છે કે ભવિષ્ય વિષે આગાહી કરવાનું જે તમે મને કહો છો તે નિરર્થક તરંગ જ હોઈ શકે. વર્તમાન શું છે એનો જ પૂરો ખ્યાલ કોને છે? પણ આપણે સૌ જાણીએ છીએ કે ભવિષ્ય, વર્તમાનનું સીધું પરિણામ હશે. એટલે એ સુધારવા માટે અત્યારે જે જરૂરી ફેરફાર કરવાનો છે તે નમ્રતા અપનાવવાનો અને અંતર્મુખ થવાનો છે. આપણી જાતને સુધાર્યા વિના આખા જગતને સુધારવાની વાત કરવી એ નર્યો અહંકાર છે. "માનવી તારી જાતને ઓળખ" એ વાક્ય જ્યારે બોલાયું હતું ત્યારે જેટલું સાચું હતું તેટલું આજે પણ સાચું છે."

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૨૧. જલપાઈગુરીની જાહેર સભામાં ભાષણ

જૂન ૧૦, ૧૯૨૫

એક જાહેર સભાને સંબોધતાં ગાંધીજીએ વેપારીઓ તથા ઉદ્યોગપતિઓને વિનંતી કરી કહ્યું કે તમારી સંપત્તિ તથા વેપારી આવડતનો ઉપયોગ તમારે હિંદના ભલા માટે કરવો જોઈએ. અત્યાર સુધી દેશની સેવા માત્ર ભણેલા વર્ગે જ કરી છે. હવે વેપારીવર્ગ તથા આમવર્ગે રચનાત્મક પ્રવૃત્તિના ક્ષેત્રમાં ભાગ લેવાનો વખત આવી ગયો છે. આ પ્રવૃત્તિમાં વેપારી આવડત અને દૂરંદેશીપણાની ખૂબ જરૂર છે. જો તમારી એ આવડત દેશના હિતમાં ઉપયોગમાં લેવામાં આવે તો આપણે પરદેશી કાપડને દેશમાંથી દૂર રાખીને ૬૦ કરોડ રૂપિયા પરદેશ જતા બચાવી શકીએ અને આખા દેશની જરૂરિયાત પૂરતી ખાદી દેશમાં ઉત્પન્ન કરી શકીએ. હું માનું છું કે આપણા દેશનાં સાત લાખ ગામડાંઓમાંનું એકેએક ગામ કાંતણ તથા વણાટની એક એવી મિલ જેવું છે, જે યંત્રસામગ્રી, મજૂર અને મૂડીની બાબતમાં સ્વાવલંબી છે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ११-६-१९२५

૧. આ પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૧૨૨. જલપાઇગુરીમાં સ્વયંસેવકો સાથે વાતચીત[1]

જૂન ૧૦, ૧૯૨૫

તમે કહો છો કાંતવામાં કાંઈ મજા પડતી નથી. હું તમને પૂછું છું કે ગાયત્રીનો જાપ જપવામાં મજા છે? કલમા પઢવામાં મજા છે? અને છતાં, ધર્મવિધિ સમજીને, એક ફરજ તરીકે તમે એ કરો છો. તમે સમજી લો કે હિંદુસ્તાન આજે મરણપથારીએ પડેલું છે. મરતા માણસના પગ તમે કોઈ દિવસ જોયા છે? તમે એને અડશો તો માલૂમ પડશે કે એ ઠંડા અને જૂઠા પડી ગયેલા હોય છે. તમે એના માથા ઉપર હાથ મૂકશો તો જણાશે કે ત્યાં સહેજસાજ ગરમી છે. તમે સમજી જશો કે એનામાં હજી જીવ રહેલો છે, પણ એ ધીરે ધીરે નીકળતો જાય છે. આજે હિંદુસ્તાનના આમવર્ગની આ જ સ્થિતિ છે. મોઢું ફાડીને સામે ઊભેલા મૃત્યુમાંથી એને બચાવવો હોય તો આટલો નાનકડો યજ્ઞ કરો. જાણજો કે એ નહીં કરો તો આપણો નાશ જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५-६-१९२५

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૨૩. નોંધ

### એક વધુ રંગરૂટ

મારી વહાલી પુત્રીઓની ફોજમાં રોજ-બ-રોજ ઉમેરો થતો જાય છે. અલબત્ત, એ સૌમાં રાજકુમારી તો ગુલનાર જ છે. જ્યારે જ્યારે મને નિમંત્રણ મોકલીને સરકારે પોતાનો મહેમાન બનાવ્યો છે, ત્યારે ત્યારે તે મારી ગેરહાજરીમાં મારા નિરંકુશ સિંહાસન પર બેસનાર મારા પ્રતિનિધિને સ્થાને હતી. પણ બીજી નાની કુંવરીઓનો પણ પાર નથી. એમાં છેલ્લામાં છેલ્લી રંગરૂટ બર્દ્વાનની રાણીબાળા છે, જે દસેક વરસની ઉંમરની વહાલસોઈ બાળા છે. તેની ઉંમર પૂછવાની મારી હિંમત ચાલતી નથી. રોજની માફક તેની સાથે હું ગેલ કરી રહ્યો હતો, અને મારી લાલચુ આંખો વારંવાર તેની સોનાની છ વજનદાર બંગડીઓ તરફ જતી હતી. મેં એને ધીમેથી સમજાવવા માંડી કે તેના કોમળ કાંડા પર આ વજનદાર બંગડીઓ ભારે બોજારૂપ હતી. અને તરત જ તેનો હાથ એ બંગડીઓ તરફ વળ્યો. નજીક બેઠેલા સર્વેન્ટ પત્રના પ્રખ્યાત તંત્રી અને આ બાળાના આજા શ્યામબાબુ બોલી ઊઠ્યા “હા, હા, એ બંગડીઓ મહાત્માજીને આપી દે.” મને થયું કે આ તો પારકાને ભોગે બતાવાતી ઉદારતા છે. “ના રે ના”. તમે મારી પુત્રી તથા જમાઈને ઓળખતા નથી. મારી પુત્રીને જ્યારે ખબર પડશે કે તેની પુત્રીએ એ બંગડીઓ તમને આપી દીધી છે, ત્યારે તે ખૂબ રાજી થશે. ને જમાઈને તો તે ગુમાવવાનું પાલવે એમ છે. તે ખૂબ જ ઉદાર દિલના માણસ છે. તે ગરીબોને મદદ કરે છે.” તે આમ બોલતા હતા, અને સાથે સાથે રાણીબાળાના હાથમાંથી બંગડીઓ કાઢવામાં તેને મદદ પણ કરતા હતા. મારે કબૂલ કરવું જોઈએ કે હું થોડો મૂંઝાઈ ગયો હતો. હું તો નાની છોકરીઓ સાથે વાતો કરતાં કરતાં મારી ટેવ મુજબ ગમ્મત કરી રહ્યો હતો. અને ગમ્મતમાં તેમના મનમાં આવાં ઘરેણાં પ્રત્યે

૧. મહાદેવ દેસાઈએ આપેલા ગાંધીજીની બંગાળયાત્રાના હેવાલમાંથી ઉદ્ધૃત.

Gandhi Heritage Portal

અરુચિ પેદા કરવાનો અને ગરીબો માટે ઘરેણાં આપી દેવાની ઇચ્છા પેદા કરવાનો મારો આશય હતો ખરો. મેં તે બંગડીઓ પાછી આપવાનો પ્રયત્ન કર્યો. પણ શ્યામબાબુએ વાત અટકાવી દીધી. તેમણે કહ્યું કે આવી રીતે એક વાર આપેલાં ઘરેણાં પાછાં લેવાય તો તેની મા એ વાતને અપશુકન માનશે. મેં આ બંગડીઓ સ્વીકારવાની એક શરત જણાવી દીધી હતી. અને તે એ કે મને આ બંગડીઓ આપી દીધા પછી એ છોકરીએ નવી બંગડીઓની માગણી ન કરવી. જો તેને બહુ જ ઇચ્છા હોય તો સરસ મજાની સફેદ શંખની બંગડીઓ તે ખુશીથી પહેરી શકે. બાળાએ તથા તેના આજાએ એ શરત સ્વીકારી. આ ભેટ એ કુટુંબને માટે સારા શુકન-રૂપ નીવડી કે અપશુકનરૂપ, તેની તો મને માહિતી નથી. પણ ગરીબોને માટે ને મારા માટે તો તે શુભ શુકનરૂપ જ નીવડી. કારણ કે આ દૃષ્ટાંત ચેપી નીવડયું. બર્દ્વાનમાં મેં બહેનોની સભામાં ભાષણ કર્યું, ને મને ડઝનેક જેટલી બંગડીઓ ને બે ત્રણ એરિંગની જોડ વણમાગી મળી ગઈ. આનો ઉપયોગ બંગાળમાં ખાદી અને રેંટિયાના પ્રચાર માટે કરવામાં આવશે એ કહેવાની જરૂર ન હોય. નાની નાની છોકરીઓને તથા તેમનાં માબાપને તથા તેમનાં પણ મબાપને હું આથી જાહેર કરું છું કે રાણીબાળાની શરતે જેટલી વહાલી દીકરીઓ મારી ફોજમાં ભરતી થવા ઇચ્છતી હશે તેમને સ્વીકારવાની મારી તૈયારી છે. તેમનાં કીમતી ઘરેણાં ગરીબોની સેવા માટે વાપરવાનાં છે એ વિચારથી તેઓ વધુ સુંદર દેખાશે. હિંદની નાની બાળાઓ "જેણે સુંદર કામ કર્યું તેણે કામણ કર્યું" એ કહેવતનું ઊંચું મૂલ્ય આંકે.

### અગિયાર દિવસની પ્રગતિ

બહરોકની સત્યાશ્રમ શાળાના મંત્રી એક પત્રમાં જણાવે છે:[1]

આ ખરેખર સારી પ્રગતિ ગણાય. પણ એ માત્ર અગિયાર દિવસનો જ ચમત્કાર ન રહી જાય તે જોવું જોઈએ. અનેક વાર આપણા ઉપર એવો આક્ષેપ મૂકવામાં આવે છે કે આપણો ઉત્સાહ એકધારો રહેતો નથી. મને આશા છે કે આટલી સારી રીતે શરૂ થયેલો સુધારો ટકી રહેશે. મને ખબર છે કે કુશળ કાંતનારના હાથમાં સારો ને બિલકુલ અવાજ ન કરે તેવો રેંટિયો "હમેશને માટે આનંદ આપનારી સુંદર વસ્તુ બની જાય છે."

### સ્પર્ધામાં ભાગ લેનારાઓનું પૃથક્કરણ

હાથકાંતણ પરના નિબંધોની સ્પર્ધામાં ભાગ લેનારાઓનું પ્રાંતવાર પૃથક્કરણ જાણીને વાચકને આનંદ થશે. આ રહી તે યાદી:

| | | | |
|---|---|---|---|
| આંધ્ર | ૪ | તામિલનાડ | ૧૯ |
| ગુજરાત | ૯ | મુંબઈ | ૪ |
| યુક્ત પ્રાંત | ૩ | બિહાર | ૨ |
| બંગાળ | ૩ | મહારાષ્ટ્ર | ૩ |
| બર્મા | ૧ | કેરળ | ૧ |
| ઓરિસ્સા | ૨ | કર્ણાટક | ૧ |
| પંજાબ | ૫ | મધ્ય પ્રદેશ (મરાઠી) | ૧ |
| સિંધ | ૧ | સિલોન | ૧ |
| એક ગુજરાતી (લંડન) | ૧ | અજ્ઞાત | ૧ |
| | | | ૬૨ |

૧. આ પત્ર અહીં આપ્યો નથી. ગાંધીજીની મુલાકાત પછી અગિયાર દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ કાંતણમાં જે પ્રગતિ કરી, તેનો હેવાલ મંત્રીએ એ પત્રમાં આપ્યો હતો.

Gandhi Heritage Portal

લેખકોએ આ રીતે વાળેલો જવાબ સ્પર્ધામાં લેવામાં આવતા રસની સુંદર નિશાની છે. આ નિબંધોની ગુણવત્તાનું પરિણામ આપણને થોડા જ વખતમાં જાણવા મળશે. પરીક્ષકો એ નિબંધો તપાસી રહ્યા છે.

### 'ખૂબ જ કઠોર ઠપકો'

એક વકીલ મિત્ર લખે છે:[1]

આ મિત્રની જે એવી માન્યતા છે કે કોઈ પણ વ્યક્તિ વણકર કે કાંતણ નિષ્ણાત ન હોવાને કારણે સૂતરની ગુણવત્તા કે ખામી બરાબર જાણી શકે નહીં તે જો સાચી હોય તો મારા એ કથનને "ખૂબ જ કઠોર ઠપકો" કહી શકાત. પરંતુ સાચી વાત એ છે કે વણાટકામ માટે સૂતર યોગ્ય છે કે કેમ, તે જાણવું એ બહુ સરળ કામ છે. અમુક સૂતર સમાન છે કે અસમાન છે, અથવા રૂંછાંવાળું છે, તે આંખ જ કહી આપે છે. અને તારને જરાક હાથથી ખેંચી જોઈએ તોપણ તે કેવું કસદાર છે તેનો ખ્યાલ આવી જાય છે. એટલે સૂતરની વણવા માટેની યોગ્યતા નક્કી કરવા માટે વણકર હોવું જરૂરી નથી. ઉપરાંત કાળજીવાળો માણસ વણકર પાસે જઈને પોતાના સૂતરના સારાનરસાપણાની કસોટી કરાવી શકે છે. હજારો સારા કાંતનારા વણાટ જાણતા નથી હોતા છતાં સહેલાઈથી સૂતરની પરીક્ષા કરી શકે છે. એ તદ્દન સંભવિત છે કે મને પત્ર લખનાર મિત્રે મોકલેલું સૂતર આશ્રમમાં પહોંચી ગયું હોય. પણ હું સતત પ્રવાસમાં રહેતો હોવાથી તે મારી પાસે ન આવ્યું હોય. પણ હવે પછી તેમણે મેં સૂચવ્યું તે મુજબ કરવું જોઈએ. જેલમાં અમને મિલમાં કાંતેલા સૂતરનો લગભગ બે વાર લાંબો તાર આપવામાં આવતો. અને અમને એ નમૂના મુજબ કાંતવાનું કહેવામાં આવતું. જે લોકો સૂચનાઓ પ્રમાણે કાંતી ન શકતા હોય તેઓ અમુક આંકનું – મિલનું સૂતર નમૂનારૂપે પોતાની સમક્ષ રાખે અને તે આંક અને ગુણવત્તાવાળો તાર કાઢે. મને લાગે છે કે હવે એ વાત સ્પષ્ટ થશે કે મ શા માટે દોરડા જેવું સૂતર મોકલીને કાંતવાનો જશ ખાટી જનારાઓને ઠપકો આપ્યો હતો. પણ હું કોઈ પણ કાંતનારાને અન્યાય કરવા ઇચ્છતો નહોતો તે બતાવવા માટે હું નિ:સંકોચપણે કબૂલ કરું છું કે પેલા વકીલ મિત્ર જેવા ઘણા લોકો હોવા જોઈએ જેમને સારું સૂતર કોને કહેવાય તેની ખબર ન હોય. પણ આવી સંખ્યા બહુ મોટી નહીં હોય, કારણ કે ખુદ આ પત્રમાં અનેક વાર સૂચનાઓ ને ચેતવણીઓ આપવામાં આવી હતી એટલું જ નહીં, પણ અખિલ ભારત ખાદી બોર્ડ પણ તેને સૂતર પહોંચ્યા પછી આ વિષે અલગ રીતે લખી જણાવે છે.

### શાળાઓમાં કાંતણ

અલ્લાહાબાદની મ્યુનિસિપલ શાળાઓમાં કાંતણ દાખલ કરવાને જે જ્વલંત સિદ્ધિ મળી છે, તે વિષે યંગ इन्डिया નાં પાનાંઓમાં અગાઉ લખવામાં આવ્યું છે. હવે પંડિત જવાહરલાલ નેહરુ જણાવે છે:

૧. એ પત્ર અહીં આપ્યો નથી. એમાં પત્રલેખકે "વણકરની ફરિયાદ" નામની ૧૪-૫-૧૯૨૫ તારીખની "નોંધ"નો ઉલ્લેખ કરીને બીજી બાબતો સાથે એ વાત લખી જણાવી છે કે તમે જે એમ લખ્યું છે કે જે કાંતનારનું સૂતર સારી જાતનું નથી હોતું તે મન વગર બેપરવાઈથી કાંતે છે અને એ રીતે પોતાની જાતને તથા દેશને છેતરે છે એ તમારી વાત સાથે હું સંમત થઈ શકતો નથી. કાંતનાર સજ્જની સચ્ચાઈ તેણે કાંતેલા સૂતરની ગુણવત્તા ઉપરથી માપવી એ વાજબી નથી. સૂતરમાં આવતી ખામી તેને આપવા જોઈતા વળના અજ્ઞાનને કારણે પણ હોઈ શકે છે."

Gandhi Heritage Portal

લખનૌ, ફરુકાબાદ, બનારસ, કાનપુર અને મિરજાપુરના મ્યુનિસિપલ બોર્ડે તથા ઝાંસી, બાંદા, બસ્તી અને આઝમબાગના જિલ્લા બોર્ડે શાળાઓમાં કાંતણ દાખલ કર્યું છે અથવા દાખલ કરી રહી છે. એમ લાગે છે કે યુક્ત પ્રાંતનાં બીજાં ઘણાં જિલ્લા બોર્ડો આ વાત વિચારી રહ્યાં છે અને યુક્ત પ્રાંતની કૉંગ્રેસ સમિતિ સાથે આ વિષે પત્રવ્યવહાર કરી રહ્યાં છે.

એ પ્રશંસનીય પગલાં માટે આ મ્યુનિસિપાલિટીઓને હું ધન્યવાદ આપું છું. અલ્લાહાબાદની મ્યુનિસિપલ શિક્ષણ સમિતિને શાળાઓમાં રેંટિયો દાખલ કરવામાં ગંભીર મુશ્કેલી એ હતી કે રેંટિયા વારંવાર બગડી જતા હતા અને તેમને રાખવાની જગ્યા નહોતી. જો બરાબર કાળજી રાખવામાં આવે તો રેંટિયા સામાન્ય રીતે બગડતા નથી. પણ બધાં જ શહેરોમાં જગ્યાનો અભાવ એ ખરેખરી મુશ્કેલી છે. શાળાના સંચાલકોને હું સુંદર તકલીની ભલામણ કરું છું. તે કોઈના પણ ખિસ્સામાં રહી શકે તેવી હોય છે. બધાં જ છોકરાં એક સાથે એના પર કાંતી શકે છે. અને તે ગમે તે સ્થળે વાપરી શકાય એવું સાધન છે. અલ્લાહાબાદની મ્યુનિસિપાલિટીની શાળામાં ૩૪૦૦ છોકરાછોકરીઓ માટે માત્ર ૩૩૪ રેંટિયા છે અને તેમાંના અડધા તો સમારકામને અભાવે બેકાર પડયા રહે છે. મને ખાતરી છે કે એક છોકરા કે છોકરી દીઠ ૪૫ મિનિટમાં રેંટિયા વડે ૧૫૦ વારથી વધુ સૂતર નહીં નીકળતું હોય. એનો અર્થ એ થયો કે વધુમાં વધુ રોજનું ૪૭,૨૫૦ વાર સૂતર થયું. આટલા જ સમયમાં તકલી વધુમાં વધુ ૩૦ વાર સૂતર આપી શકે. પણ ૩૪૦૦ તકલીઓ એકી સાથે કામ કરી શકે. એટલે બધું મળીને ૧૦,૨૦૦[1] વાર રોજનું સૂતર નીકળે. એટલે કે રેંટિયા વડે નીકળે તેના કરતાં બમણાથી પણ વધારે સૂતર થયું. આ રીતે જોતાં શાળાઓમાં કે એવાં મંડળોમાં લાંબે ગાળે, તકલી એ કાંતવા માટેનું ઉત્તમ સાધન છે. તકલી શીખવામાં રેંટિયા જેટલો સમય પણ નથી જતો. એટલે હું અલ્લાહાબાદની મ્યુનિસિપલ શાળાઓમાં તકલી દાખલ કરવાની ભલામણ કરું છું. જે છોકરાઓ વધુ વખત આપવા તૈયાર હોય અને વધુ સૂતર કાઢવા આતુર હોય તેમને તેઓ રેંટિયા આપી શકે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११-६-१९२५

૧. આ આંકડો ૧,૦૨,૦૦૦ જોઈએ. અંગ્રેજીમાં ૧૦,૨૦૦ છે તે ભૂલ છે.

Gandhi Heritage Portal

# ૧૨૪. "મરદ કાંતે?"

એક અધ્યાપક લખે છે :

> રેંટિયા ને ખાદીમાં મને સંપૂર્ણ શ્રદ્ધા છે. તે વિના ઉચ્ચવર્ગ અને આમપ્રજાનું અનુસંધાન અશક્ય છે. ખાદીની પૂરતી ઉત્પત્તિથી જ પરદેશી કાપડનો બહિષ્કાર થઈ શકે. હિંદુસ્તાનને સ્વતંત્ર થવું હોય તો ખાદીના કાર્યક્રમને પાર પાડ્યા વગર આરો નથી.
>
> છતાં મને લાગે છે કે તમે અવળે શીંગેથી કામ ઉપાડયું છે. શું મરદો કાંતવા બેસે? આજે આપણે સ્ત્રીથી ચડિયાતા નથી રહ્યા એ કથનમાં ભલે સત્ય હોય, પણ તેથી જૂના કાળથી સ્ત્રીઓના જ કામ તરીકે જે ચાલતું આવ્યું છે તે આપણે મરદો કેમ કરીએ? વળી સ્ત્રીઓ પૂરતું કાંતતી હોત ને વધુમાં પુરુષવર્ગની મદદ માગવામાં આવતી હોત તોયે ધૂળ નાખી. આ તો સ્ત્રીવર્ગ વિલાયતીમાં રચ્યોપચ્યો પડયો છે અને પુરુષોને કાંતવાનું કહેવામાં આવે છે. ખરું કહીએ તો પરદેશી કાપડનો સવાલ જ આપણે ત્યાં મુખ્યત્વે સ્ત્રીઓને લઈને છે. આ સ્થિતિમાં મરદોને તેમના વિવિધ રાજકીય કાર્યક્રમોને અંગે વધારે મર્દાનગીભર્યાં શસ્ત્રોથી સ્વતંત્રતાની લડત લડવામાં રોકાવા દઈ આપે આપનો ખાદી ને રેંટિયાનો કાર્યક્રમ શું સ્ત્રીવર્ગમાં જ ન ચલાવવો જોઈએ?

લાંબા કાગળનો સારમાત્ર મેં ખેંચ્યો છે. લેખક હિંદુસ્તાનના સ્ત્રીવર્ગની સ્થિતિના જાણકાર નથી એ દેખીતું છે, નહીં તો તેઓ જાણત કે આપણે ત્યાં સ્ત્રીવર્ગને પહોંચવાનો પુરુષવર્ગને બહુ ઓછો અવકાશ છે. મને એ સદ્‌ભાગ્ય કંઈક મળ્યું છે ખરું, પણ મને એ દિશાએ મળતી અનેક સગવડો છતાં જોઈએ તેટલું તો હું તેમને નથી જ પહોંચી શક્યો. વળી લેખકે જાણવું જોઈએ કે સ્ત્રી પુરુષને અધીન છે. પુરુષની સંમતિ વિના કશું કરી શકે એવી તેની અત્યારે સ્થિતિ નથી. મેં એવા દાખલા જોયા છે કે જેમાં રેંટિયા અને ખાદીના સ્વીકારમાં પુરુષે સ્ત્રીને અટકાયત કરી છે. ત્રીજું, અત્યારે શોધખોળ ને નવા ફેરફારો પુરુષો કરી શકે તેવાં સ્ત્રીઓ કરી શકે એમ નથી. પુરુષવર્ગ રેંટિયાકામમાં ન ભળ્યો હોત તો આ ચાર વરસમાં રેંટિયામાં સુધારા થયા છે ને જે પ્રચારકાર્ય થયું છે તે થવું અશક્ય હતું. વળી અમુક એક ધંધો સ્ત્રી અગર પુરુષજાતિનો જ છે એમ કહેવું એ અવાસ્તવિક છે. રાંધવું એ મુખ્યત્વે સ્ત્રીઓનો ધંધો છે. પણ જે સિપાઈ રાંધી ન જાણે તે નકામો છે એ ખુલ્લું છે. છાવણીઓમાં અને એવી જગ્યાઓએ બધું રાંધકામ પુરુષો જ કરે છે; અને એમ જ હોય. આખી દુનિયામાં ઘરની રસોઈ સિવાયનાં મોટી રસોઈઓનાં કામ બધાં પુરુષોને જ હાથે થાય છે. લડવું એ મુખ્યત્વે પુરુષનું કામ છે. પણ ઈસ્લામના આરંભકાળનાં યુદ્ધો આરબ સ્ત્રીઓ પોતાના પતિઓને પડખે રહી શૂરી રજપૂતાણીઓની પેઠે લડી છે. ઝાંસીની રાણીનો કિસ્સો તો મશહૂર છે જ. '૫૭ના બળવામાં એના જેટલું શૂરાતન બતાવનારા મરદો પણ બહુ થોડા હશે. આજે યુરોપમાં અનેક સ્ત્રીઓ ધારાશાસ્ત્રી, દાક્તર તેમ જ રાજ્યતંત્રી તરીકે નામનાઓ મેળવી રહી છે. ઑફિસકારકુનીનો ધંધો તો ત્યાં તેમણે લગભગ કબજે કર્યો છે. કાંતવાના ધંધામાં મરદની મરદાઈને હીણપત લગાડનારું એવું શું છે? હિંદુસ્તાનનો આર્થિક અને આધ્યાત્મિક ઉદ્ધાર કરનારી વસ્તુ (અને રેંટિયો એવી વસ્તુ છે એમ લેખક માને છે) શા વાસ્તે મરદને માટે હીણી છે? પુરુષે રેંટિયાની શોધ ન કરી

Gandhi Heritage Portal

હોત તો જગતનો ઇતિહાસ આજે કંઈ જુદો જ હોત. સીવણકામ પણ મુદ્દે સ્ત્રીનું જ કામ છે. પણ દુનિયાભરમાં દરજીકામના કારીગરો બધા પુરુષો જ રહ્યા છે. સીવણનો સંચો શોધનાર પણ પુરુષ જ હતો. સિંગરે જો સોયને સ્ત્રીનું કામ ગણી તુચ્છકારી કાઢ્યું હોત તો આજે દુનિયાને તેણે આપેલો વારસો તે આપી શકત નહીં. સ્ત્રીઓની સાથે જ આપણે પણ જો હિંદુ-સ્તાનમાં રેંટિયાની રક્ષા કરી હોત તો કંપની સરકારના દોર હેઠળ પણ કદાચ આપણે તે ન છોડી દીધો હોત. રાજદ્વારીઓ ભલે રુચે એટલું રાજપ્રકરણ ચલાવે, પણ જો આપણે કરોડોની આમપ્રજાનો સહકાર સાધીને દેશને ખાદીવિભૂષિત કરવા ઇચ્છતા હોઈએ તો રાજદ્વારીએ, કવિએ, ધર્માચાર્યે, શાસ્ત્રીપુરાણીએ અને રસ્તે ચાલનાર રંકે, સ્ત્રીએ, પુરુષે, હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી, — સૌ કોઈએ ધર્મભાવનાપૂર્વક દેશને ખાતર રોજ અડધો કલાક કાંતવા તૈયાર થવું જોઈશે. દયાધર્મ એ સ્ત્રીજાતિ, પુરુષજાતિ અગર કોઈ એક ખાસ વર્ગનો સુવાંગ અધિકાર નથી. એ તો મનુષ્યમાત્રનો જન્મસિદ્ધ અધિકાર છે, કર્તવ્ય છે. હિંદુસ્તાનનો દયાધર્મ અત્યારે પોતાને હિંદી કહેવડાવનાર દરેક સ્ત્રી અગર પુરુષ પાસેથી ઓછામાં ઓછો અડધો કલાક કાંતવાનો કર માગે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११–६–१९२५

ભાષાંતર : नवजीवन, १४–६–१९२५

## ૧૨૫. આયુર્વેદ પદ્ધતિ

કવિરાજ ગણનાથ સેન લખે છે :

> હું આપનું એ હકીકત તરફ ધ્યાન ખેંચવાની તક લઉં છું કે અષ્ટાંગ આયુર્વેદ વિદ્યાલયના ખાતમુહૂર્ત વખતે[1] આપે જે વ્યાખ્યાન આપ્યું હતું તેને વિષે જાહેર પ્રજામાં તથા કલકત્તાના આયુર્વેદિક ચિકિત્સકોમાં ઠીક ઠીક ગેરસમજ ઊભી થઈ છે. મારું આપને એવું સૂચન છે કે આપ એવી સ્પષ્ટતા કરો કે આપનો હેતુ આયુર્વેદને કે તેના ભક્તોને ઉતારી પાડવાનો નહોતો પણ આપના પ્રહારો આયુર્વેદને નામે ઊંટવૈદું ચલાવનારા ઉપર હતા. આવો ખુલાસો આપ તાકીદે કરો એ મને ઘણું જરૂરી લાગે છે, કારણ કે બંગાળનાં લગભગ બધાં પત્રો આપના વ્યાખ્યાન વિષે ગેરસમજ ઊભી કરે છે અને અમે તેનો વિરોધ નથી કરતા તે માટે અમને પણ ભાંડે છે.

આ વિનંતીનો હું સહર્ષ સ્વીકાર કરું છું. અને તે દ્વારા આયુર્વેદ ઉપચાર વિષે મારા વિચારો સ્પષ્ટ કરવાની મને એક વધુ તક મળે છે એથી મને વિશેષ હર્ષ થાય છે.

મારે શરૂઆતમાં જ કહેવું જોઈએ કે તિબ્બિયા કૉલેજની ઉદ્‌ઘાટનવિધિ વખતે થયું હતું તેમ ઉપર જણાવેલી વિધિ કરતાં હું અચકાતો હતો. કારણ કે એકંદરે દવા વિષે હું મારા हिन्द स्वराज પુસ્તકમાં જણાવ્યા મુજબના વિચારો ધરાવું છું. સત્તર વરસના અવલોકનને પરિણામે તેમાં કોઈ મહત્ત્વનો ફેરફાર થયો નથી. એ પુસ્તક જો હું ફરીથી લખી કાઢું તો એ વિચારોની

૧. જુઓ "કલકત્તાના અષ્ટાંગ આયુર્વેદ વિદ્યાલયમાં ભાષણ", ૬–૫–૧૯૨૫.

Gandhi Heritage Portal

ભાષામાં હું જરૂર ફેરફાર કરું. પણ હું જેમ હકીમ સાહેબ જેવા ગાઢ મિત્રને ના ન પાડી શક્યો તેમ મારો પ્રવાસ યોજનાર મિત્રોને ના ન પાડી શક્યો. પણ મેં તેમને કહ્યું કે મારું ભાષણ તમને મૂંઝવનારું બને એવો સંભવ છે. હું એ પ્રવૃત્તિનો કટ્ટર વિરોધી હોત તો તો મેં એ આમંત્રણનો કોઈ પણ ભોગે સ્વીકાર જ ન કર્યો હોત. પરંતુ સભામાં કહી બતાવેલી શરતોએ હું એ વિધિ પાર પાડવા મારા મનને મનાવી શક્યો. જેનો મેં પાયો નાખ્યો, અને હું સમજું છું કે જે પોતે 'કવિરાજ' છે એવા એના સ્થાપકે જેને માટે ઘણું ઉદાર દાન આપ્યું છે, તે કૉલેજ લોકોનાં સાચાં દુ:ખદર્દ મટાડવામાં ફાળો આપશે અને આયુર્વેદમાં એવી શોધો અને એવાં સંશોધનો કરશે કે જેથી દેશનો ગરીબમાં ગરીબ માણસ સાદી દેશી દવાઓનું જ્ઞાન મેળવશે અને તેને વાપરી શકશે; અને તે સંસ્થા લોકોને રોગની ચિકિત્સા કરવા કરતાં રોગ જ ન થાય એ રીતે જીવવાની વિદ્યા શીખવશે એવી હું આશા રાખું છું.

દાક્તરી વિદ્યા સામે એકંદરે મારો કોઈ ઝઘડો હોય તો તે એ છે કે તે આત્માની સાવ ઉપેક્ષા કરે છે અને શરીર જેવા તકલાદી યંત્રને સુધારવામાં નાહક પોતાની શક્તિ વાપરે છે. આ રીતે આત્મતત્ત્વને અવગણીને એ વિદ્યા માણસને પોતાની દયા પર આધાર રાખતો કરી દે છે, અને માનવગૌરવ તથા આત્મસંયમને ઘટાડવામાં મદદ કરે છે. કૃતજ્ઞતા સાથે મારે કહેવું જોઈએ કે પશ્ચિમમાં એક એવી ધીમી છતાં સંગીન વિચારધારા વિકસી રહી છે કે જે રોગી શરીરને તંદુરસ્ત બનાવવામાં આત્માનો ખ્યાલ રાખે છે, અને તેથી તે શારીરિક ચિકિત્સામાં દવાઓ પર ઓછામાં ઓછો આધાર રાખીને કુદરતની રોગહારક શક્તિ પર વધુ આધાર રાખે છે. આયુર્વેદ-પદ્ધતિના પુરસ્કર્તા સાથે મારો ઝઘડો એ છે કે, તેમાંના ખરેખર મોટા ભાગના નહીં તો ઘણા માત્ર ઊંટવૈદો છે. તેઓ ખરેખર જાણતા હોય છે તેના કરતાં ઘણું વધારે જાણતા હોવાનો ડોળ કરે છે. તેઓ એમ માનતા હોય છે કે અમારી કદી ભૂલ થતી જ નથી, અને અમે એકેએક રોગ મટાડી શકીએ છીએ. આ સજ્જનોમાં નમ્રતા જેવો તો કોઈ ગુણ જ નથી. તેઓ આયુર્વેદ પદ્ધતિનો અભ્યાસ કરતા નથી અને આજે જગત જેનાથી સંપૂર્ણ રીતે અજાણ છે એવાં તેમાં રહેલાં ઊંડાં રહસ્યો શોધવાનો પણ પ્રયત્ન કરતા નથી. આયુર્વેદને તેઓ સર્વ-શક્તિમાન અને સંપૂર્ણ માને છે, અને એમ કહીને તેમણે આયુર્વેદ વિજ્ઞાનને એક ભવ્ય પ્રગતિ-શીલ વિજ્ઞાન બનાવવાને બદલે બંધિયાર બનાવી દીધું છે. પશ્ચિમના દવા તથા વાઢકાપના નિષ્ણા-તોએ એક પછી એક વૈજ્ઞાનિક શોધોની જે પરંપરા ચલાવી છે તેની સરખામણીમાં આયુર્વેદના વૈદ્યોએ એક પણ મહત્ત્વની શોધ કે સંશોધન કર્યું નથી. હકીકતમાં આયુર્વેદ પદ્ધતિના વૈદ્ય પોતાનું નિદાન નાડીપરીક્ષા દ્વારા કરે છે અને તેમનામાંના ઘણા લોકોનો દાવો છે કે નાડી તપાસીને તેઓ ઍપેન્ડિસાઇટીસ જેવા રોગને પણ પારખી શકે છે. પ્રાચીન કાળમાં નાડીપરીક્ષા દ્વારા એકેએક રોગનું નિદાન થઈ શકતું કે કેમ તે કોઈ કહી શકે તેમ નથી. પણ આજની ઘડીએ તે દાવો ટકી શકે એમ નથી એ નક્કી છે. આયુર્વેદના વૈદ્યો સલામત રીતે દાવો કરી શકે એવી એક માત્ર વસ્તુ કેટલીક ખૂબ જ શક્તિવાળી વનસ્પતિ તથા રાસાયણિક ઔષધોનું જ્ઞાન છે. અને તેમાંના કેટલાક એ દવાઓ પોતે જે રોગોની માત્ર અટકળ જ કરે છે તેમાં ઘણી વાર આપવામાં સફળ થાય છે, એટલે તેનાથી તેના ગરીબ દરદીઓને ભારે નુકસાન થાય છે. માણસની પાશવી વાસનાઓ ઉત્તેજિત કરનારી દવાઓની જાહેરખબરો નપુંસકતાની સાથે સાથે અનીતિ વધારે છે અને જે લોકો એના નાદમાં પડે છે તેઓ સમાજને માટે ખરેખર ભય-રૂપ બની બેસે છે.



Gandhi Heritage Portal

આયુર્વેદની ચિકિત્સા કરનારા વૈદ્યોનું એવું કોઈ મંડળ મારા જાણવામાં નથી કે જે હિંદીઓનું પુરુષત્વ નષ્ટ કરનારા અને કેવળ પોતાની કામવાસના સંતોષવા માટે જીવી રહેલા અનેક વૃદ્ધ માણસોને રાક્ષસ બનાવી દેનારા અનૈતિકતાના અવિરત પ્રવાહ સામે વિરોધ જાહેર કરતું હોય અથવા તેને રોકવાનો પ્રયત્ન કરતું હોય. હું તો વૈદ્યસમાજમાં સારી રીતે પ્રતિષ્ઠિત થઈને ફરતા આવા વૈદ્યોને ઓળખું પણ છું. એટલે મને જ્યારે જ્યારે તક મળે છે ત્યારે હું આયુર્વેદ તથા યુનાની વૈદ્યો આગળ આ વાત પ્રગટ કરું છું. અને સત્ય, નમ્રતા અને ગંભીર સંશોધનવૃત્તિ અપનાવવા તેમને વીનવું છું. જે કંઈ પ્રાચીન અને ભવ્ય છે, તે બધાનો હું ચાહક છું. હું માનું છું કે એક કાળે આયુર્વેદ અને યુનાની પદ્ધતિની દવાઓ ઉમદા હેતુ સિદ્ધ કરતી હતી અને પ્રગતિશીલ હતી. એક કાળ એવો હતો કે હું પણ એ વૈદ્યોને સક્રિય મદદ કરતો હતો અને તેમનામાં શ્રદ્ધા ધરાવતો હતો. પણ અનુભવે મારો ભ્રમ ભાંગ્યો છે. આવા અનેક વૈદ્યોમાં અજ્ઞાન અને ઘમંડ જોતાં મને દુ:ખ થયું છે. આવા ઉમદા વ્યવસાયને પૈસો મેળવવા માટેનું સાધન બનાવવામાં આવ્યો છે, એ જોઈને મારા દિલને દુ:ખ થાય છે. આ હું અમુક વ્યક્તિની નિંદા કરવા નથી લખતો. આયુર્વેદની ચિકિત્સા કરનારા વૈદ્યોની કામગીરીના લાંબા ગાળાના અવલોકન પછી મારા મન પર જે છાપ પડી છે, તે જ મેં શબ્દબદ્ધ કરી છે. મેં ગણાવેલાં અનિષ્ટોની નકલ આ વૈદ્યોએ તેમના પશ્ચિમના ડૉક્ટરભાઈઓ પાસેથી કરી છે, એમ કહેવામાં આવે છે. એમ કહેવું એ આ વાતનો જવાબ નથી. ડાહ્યો માણસ જે કંઈ સારું છે તેની નકલ કરે છે, ખરાબની નહીં. આપણા કવિરાજો, વૈદ્યો ને હકીમો, પશ્ચિમના ડૉક્ટરો જે વૈજ્ઞાનિક દૃષ્ટિ ધરાવે છે તેને અપનાવે; તેમનામાં જે નમ્રતા છે તેનું અનુકરણ કરે; આપણાં દેશી ઔષધોનું સંશોધન કરવા પાછળ ગરીબ બનવાની તૈયારી રાખે; પશ્ચિમના વૈદકનો જે અંશ તેમની પાસે નથી તેને અપનાવી લે, અને એ ખામીનો નિખાલસપણે સ્વીકાર કરે. પશ્ચિમના વૈજ્ઞાનિકો શરીરને સાજું કરવાના હેતુથી વિજ્ઞાનને નામે નાનાં પ્રાણીઓનાં અંગો ચીરીને તેમને ભયંકર યાતના આપે છે. એ અધર્મથી તેઓ બચે. કોઈ મને સવાલ કરશે કે આયુર્વેદમાં પણ પ્રાણીઓના અંગછેદનનો અધિકાર આપવામાં આવ્યો છે. એવો અધિકાર અપાયો હોય તો હું દિલગીર છું. ચારેય વેદોમાં અધિકાર અપાયો હોય તોપણ પાપી કૃત્ય પવિત્ર નથી બનતું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ११-६-१९२५

Gandhi Heritage Portal

## ૧૨૬. જમનાલાલ બજાજને પત્ર

નવાબગંજ જતાં,
જેઠ વદ ૫ [જૂન ૧૧, ૧૯૨૫][1]

ચિ. જમનાલાલ,

ચિ. મનહર પાસે કાગળ લખાવ્યો ને તે તમારી પાસે છે એ જાણી હું બહુ રાજી થયો. વર્કિંગ કમિટીમાં તમારી ઇચ્છાએ આવો એ બરોબર જ છે. મને ખાસ જરૂર હશે ત્યારે હું તેડાવીશ. આચાર્યની શોધમાં તો છું જ. સી. પી.ને ૧૯મી જુલાઈ પછી એક માસ આપીશ. મારી ઉપર કાગળો કમિટીના અમરાવતીના અને અકોલાના છે. તેનાં નામનો તો ખ્યાલ નથી. જ્યાં જવાની જરૂર જણાય ત્યાં જવાનું રાખવું. પ્રથમ તો વર્ધામાં એક અઠવાડિયું શાંતિથી ગાળવાની હોંશ છે. એ તો દાર્જિલિંગના કરતાં પણ વધારે શાંતિનો સમય ગણી લેવો. પછી મુસાફરી શરૂ કરવી. અહીં જુલાઈની ૧૯મી સુધી તો છું જ. ૧૮મીએ કલકત્તેથી આસામ જઈશ. ત્યાંથી ૨જી જુલાઈએ કલકત્તે પાછો જઈશ. તમે તો સૂતર ખૂબ કાંત્યું!

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૮૫૩

## ૧૨૭. વસુમતી પંડિતને પત્ર

ઢાકા,
જેઠ સુદ ૫ [જૂન ૧૧, ૧૯૨૫][2]

ચિ. વસુમતી,

તમારા કાગળ મળ્યા જ કરે છે. અઠવાડિયે એક કાગળ તો લખું જ છું. તમારા કાગળ આવ્યે જવાબ તો જાય જ છે. જ્યારે દુકાનને લગતા કામમાંથી તમે મુક્ત થાઓ ત્યારે હવે તમારે સારુ હું શાંતિ ઇચ્છું છું. આશ્રમનું વાતાવરણ ગમે તો તો ત્યાં જ. જાનકીબહેન અને જમનાબહેન બંને બહુ પવિત્ર છે. જમનાલાલજી તો ઘણી વિધવા બહેનોને સંઘરવા ઇચ્છે છે. તમારું શરીર જરા બંધાય તો તો તમારી જ પાસેથી મારે ઘણું કામ લેવું છે. તેને સારુ સ્થિરતા જોઈએ. એમ તો આશ્રમમાં આવતાં હજુ ત્રણ માસ લઈશું. વધુ પણ ઓછા નહીં. આ કાગળ સ્ટીમરમાં લખી રહ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૪૯૩; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

૧. ટપાલના સિક્કા પરથી.

૨. ટપાલના સિક્કા પરથી. વિક્રમ પંચાંગ પ્રમાણે તિથિ જેઠ સુદ ૫ નહીં પણ જેઠ વદ ૫ જોઈએ.

Gandhi Heritage Portal

## ૧૨૮. નવાબગંજમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ[1]

જૂન ૧૧, ૧૯૨૫

તમે બધા કાંતો છો ને ખાદી પહેરો છો પણ તમારામાંથી કેટલા હમેશાં સાચું બોલો છો અને કોઈ દિવસ જૂઠું બોલતા નથી?

થોડા વિદ્યાર્થીઓએ હાથ ઊંચા કર્યા.

ઠીક, હવે મને એ કહો કે તમારામાંથી કેટલા પ્રસંગ આવ્યે જૂઠું બોલો છો?

બે વિદ્યાર્થીઓએ તરત હાથ ઊંચા કર્યા, પછી ત્રણે, પછી ચારે અને છેવટે લગભગ બધાએ હાથ ઊંચા કર્યા.

ધન્યવાદ. જે એમ જાણે છે ને કબૂલ કરે છે કે અમે પ્રસંગોપાત્ત જૂઠું બોલીએ છીએ તેમને માટે હમેશાં આશા છે. જે લોકો પોતે એમ માને છે કે અમે કદી જૂઠું બોલતા નથી, તેમને માટે મુશ્કેલી રહેવાની. હું ઇચ્છું છું કે બંનેને સફળતા મળે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

## ૧૨૯. વિઝિટર્સ બુકમાં[2] નોંધ

જૂન ૧૨, ૧૯૨૫

છેલ્લાં ચાર વરસથી અહીં કાંતણ ફરજિયાત કરવામાં આવ્યું છે એ જાણીને મને ખૂબ આનંદ થયો. કાંતણ નિષ્ફળ ગયું છે એ વિષેની નિરીક્ષકની નોંધ મેં વાંચી છે. હું આનાથી તદ્દન ઊલટા જ વિચારો ધરાવું છું, પણ હું જાણું છું કે કાંતણને નફાકારક ન બનાવી શકાય તોપણ તેને પૂરેપૂરું સ્વાવલંબી તો બનાવી જ શકાય. તે અંગે હું નીચેનાં સૂચનો રજૂ કરું છું:

(૧) ચાલુ શિક્ષકો કાંતણનું વિજ્ઞાન તથા કળા શીખી લે, તે માટે તેમને ઉત્સાહિત કરવા જોઈએ. ને જરૂર લાગે તો તે માટે કાંઈક ઇનામ કે થોડા પગારવધારાનું વચન પણ આપવું જોઈએ.

(૨) વિદ્યાર્થીઓએ કાંતેલા સૂતરની હમેશાં પરીક્ષા કરવી જોઈએ અને તેની સાથે તેની મજબૂતાઈ તથા આંકની ચિઠ્ઠી ચોડવી જોઈએ.

(૩) વિદ્યાર્થીઓ રોજરોજ પોતાના સૂતરની ગુણવત્તા વધારે તે માટે તેમને ઉત્તેજન આપવું જોઈએ.

૧. મહાદેવ દેસાઈએ આપેલા ગાંધીજીની બંગાળયાત્રાના હેવાલમાંથી.

૨. નવાબગંજ જિલ્લાના ઉપાશી ગામની બિઝારી શાળાની મુલાકાત વખતે. આ શાળામાં ફરજિયાત ખાદીવણાટ તથા કાંતણનો પ્રયોગ ચાલતો હતો.

Gandhi Heritage Portal

(૪) આ સૂતર ખાદી પ્રતિષ્ઠાન જેવી ખાદી પ્રવૃત્તિની સંસ્થાઓને બંને પક્ષને મંજૂર હોય એવી કિંમતે વેચી દેવું જોઈએ. અને એ હમેશાં રૂની કિંમત કરતાં વધારે હોવી જોઈએ એ ધ્યાનમાં રાખવું જોઈએ. એ માટે રૂ પણ એ જ સંસ્થા પાસેથી ખરીદવું ઠીક થશે.

(૫) હું એમ માનું છું કે વણાટ વિભાગ રાખવો એ અનિવાર્ય નથી. અને વણાટ-શિક્ષકનો પગાર તેમાંથી નીકળી શકે એમ હોય તો જ તે વિભાગ ચલાવવો. આના અનુસંધાનમાં મને એ જાણીને આનંદ થાય છે કે હવે પછી પરદેશી કે મિલનું સૂતર વણવાનું બંધ કરવામાં આવશે.

(૬) પીંજણકામ પર ખાસ ધ્યાન આપવું જોઈએ, અને વિદ્યાર્થીઓને પોતાનું રૂ જાતે પીંજી લેતાં શીખવવું જોઈએ.

(૭) રેંટિયા આટલો બધો અવાજ કરે છે તે વિચિત્ર કહેવાય. એથી સારા કાંતણમાં હરકત પહોંચે છે. તેમને બિલકુલ અવાજ ન કરે તેવા કરી શકાય અને કરવા જોઈએ. કાંતણ શિક્ષક પોતે કાંતણનું વિજ્ઞાન બરાબર જાણતો હોય, અને તેને રેંટિયાનું સમારકામ પણ આવડતું હોય તો જ આ શક્ય બને. જ્યારે રેંટિયા બરાબર ચાલે છે ત્યારે તેમાંથી સંગીત જેવો કર્ણમધુર અવાજ નીકળે છે. યજ્ઞકાર્યનો પાઠ આપવા ઉપરાંત તેને વિદ્યાર્થીઓને ખરેખરો આનંદ આપનારું સાધન બનાવી શકાય.

હું સમિતિને તથા કાર્યકરોને આ પ્રયોગ બદલ ધન્યવાદ આપું છું, અને તેમને સંપૂર્ણ સફળતા મળે એમ ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५-६-१९२५

## ૧૩૦. મણિબહેન પટેલને પત્ર

શુક્રવાર, જેઠ વદ ૬, [જૂન ૧૨, ૧૯૨૫][1]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો છે. હું આજે તો સ્ટીમરમાં છું. બંગડીઓ કલકત્તે છે. ત્યાં ૧૮મીએ પહોંચવાનું છે. ત્યાં પહોંચીને બેંગીથી મોકલી દઈશ. પણ આશ્રમમાં દેવદાસ ન આવ્યો હોય તોપણ તપાસ કરવી. તેના નામની બેંગી હોવી જ જોઈએ. તેનો કબજો લઈ લેવો.

ડાહ્યાભાઈએ[2] તો ખેતીના કામને પસંદ કરેલું. તે ઉપરથી મેં એ સલાહ આપી. પણ તેનું મન પરદેશ જવા તરફ જ હોય તો હું રોકવા નહીં ઇચ્છું. પરદેશ જવામાં મને મોટી અડચણ એ છે કે કોઈની પાસેથી પૈસા માગવા પડે તેમ છે. ભલે કોઈ હોંશથી પૈસા આપે તોપણ બને ત્યાં સુધી ન લઈએ. આ આદર્શ છે. તેને વળગી રહેવાની આપણી શક્તિ ન હોય તો મદદ લઈને પણ જવામાં બાધા નથી. મને ત્યાં આવતાં વખત જશે. હજુ ૧૬મી જુલાઈ સુધી બંગાળમાં છું. ડાહ્યાભાઈને અહીં આવી જવું હોય તો આવીને વાત કરી જાય અથવા

૧. મૂળ પ્રમાણે.
૨. મણિબહેનના ભાઈ.

Gandhi Heritage Portal

આશ્રમમાં આવું ત્યારે કરવી હોય તો કરે. તેને કોઈ પણ રીતે દુઃખી નથી કરવા. તેની મરજીને હું અનુકૂળ થવા માગું છું. હું તો ધીમેથી દોરવા માગું છું. ત્રણ રસ્તા છે:

૧. ખાનગી નોકરી લેવી.

૨. ખેતી કરવી.

૩. અમેરિકા જઈ વધારે શીખવું.

આમાંથી તેની ઇચ્છામાં આવે તે કરે. તેમાં મને અડચણ નથી. ચોથો રસ્તો કોમસેવા. પૈસા લઈને કરવાનું. તે તેને પસંદ નથી એટલે મેં તે રસ્તો નથી ગણ્યો. તેને વૈદું શીખવાનો શોખ છે? તો અહીં રાષ્ટ્રીય કૉલેજ છે, અને દિલ્હીમાં છે. એ ડાહ્યાભાઈ જાણતા ન હોય તો કહેજો. અહીં (કલકત્તા)ની સારી ગણાય છે. તેમાં અભ્યાસ કરવો હોય તો કરી શકે છે.

મારી તબિયત સરસ રહે છે. વચ્ચે જરા શરદી થઈ આવી હતી. બાકી તો કંઈ જ ન હતું. દરેક જગ્યાએ આરામ ઠીક આપે છે.

. . . ને[1] નિયમસર કાગળ લખ્યા કરવા. એથી તેને સંતોષ રહે છે. . . .[2] પ્રેમનો ભૂખ્યો છે.

બાપુની સેવા ખૂબ કરજો. જ્યારે મા મરી જાય છે ને બહારની ભારે ઉપાધિ હોય છે ત્યારે જો છોકરાં સેવાવૃત્તિવાળાં હોય તો બાપને પોતાનું બધું દુઃખ ભુલાવી દે છે. એ હું મારા બાપના આજ્ઞાંકિત દીકરા તરીકે મારો અનુભવ તમને ભાઈબહેનને જણાવું છું. તેમાં છોકરાઓનું કેટલું કલ્યાણ થાય છે તેનો સાક્ષી પણ હું છું. માબાપોને પરમેશ્વર જેમ પૂજ્યાં છે તેનું ફળ હું પ્રતિક્ષણ ભોગવી રહ્યો છું. આ બધું તમને બંનેને લખું છું કેમ કે હું જાણું છું કે બાપુની ઉપર ભારે જવાબદારી છે. હું તો તેમાં કશો ભાગ નથી લઈ શકતો. કાગળ લખવા જેટલો વખત પણ નથી કાઢતો. એટલે મારી જવાબદારી પણ તમારી ઉપર ઢોળું છું.

તબિયત ખૂબ જાળવવી. વધુ ભણી લેતાં વખત જાય તેની ચિંતા ન રાખવી. મહાદેવ કહેતા હતા તમે બંને ભાઈબહેનની અંગ્રેજી શબ્દોની જોડણી બહુ કાચી છે. આ સુધારો કરજો. જે શીખીએ તે તો ઠીક જ શીખીએ. જ્યારે શક આવે ત્યારે શબ્દકોશ ખોલવો. બીજું કંઈ કરવાની જરૂર નથી રહેતી.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન,
વલ્લભભાઈ બૅરિસ્ટરને ઘેર,
ખમાસા ચોકી,
અમદાવાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – ૪: મણિબહેન પટેલને, પા. ૨૪–૫

૧ અને ૨. મૂળમાં અહીં ખાલી જગ્યા છે.

Gandhi Heritage Portal

## ૧૩૧. ભોજેશ્વરની જાહેર સભામાં ભાષણ[1]

જૂન ૧૨, ૧૯૨૫

મહાત્માજી હિન્દીમાં બોલ્યા અને બાદશાહ મિયાંએ તેનું બંગાળીમાં ભાષાંતર કર્યું. મહાત્માજીએ માનપત્ર બદલ આભાર માન્યા બાદ કહ્યું કે મને કૉંગ્રેસ વિષે બોલવાનું કહેવામાં આવ્યું છે. હું તમારી એ અપેક્ષા પૂરી પાડીશ. જો આપણે હિંદુસ્તાન માટે સ્વરાજ જોઈતું હોય તો ત્રણ બાબતો કરવી જોઈશે. રાજા કે ખેડૂત, ગરીબ કે તવંગર, હિંદુ કે મુસલમાન, સ્ત્રી કે પુરુષ, દરેક જણે રોજ ઓછામાં ઓછું અડધો કલાક કાંતવું જોઈએ. દરેક જણે હિંદુમુસ્લિમ ઐક્ય સાધવા માટે પ્રયત્ન કરવો જોઈએ, અને અસ્પૃશ્યતા દૂર કરવી જોઈએ.

મને જે એમ કહેવામાં આવે છે કે દેશના બીજા ભાગોમાં છે તેવી અસ્પૃશ્યતા બંગાળમાં નથી એ વાત હું માનતો નથી. હિંદુ ધર્મે કદી એવું શીખવ્યું નથી કે નામશૂદ્રો, હજામ કે ધોબીના હાથનું પાણી ન પીવું.

મહાત્માજીએ તે પછી સૌને ભૂંડી ટેવો છોડવાની સલાહ આપી. તેમણે કહ્યું કે દારૂ ન પીવો તથા વેશ્યાઓને ત્યાં ન જવું.

કૉંગ્રેસના કાર્યક્રમનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે જે લોકો એમ માને છે કે કૉંગ્રેસ મરી ગઈ છે તેમની માન્યતા ભૂલભરેલી છે. કૉંગ્રેસ મરી નથી ગઈ. વાસ્તવમાં તેના કાર્યકર્તાઓ મરી ગયા છે. અત્યાર સુધી લોકો એમ માનતા કે કૉંગ્રેસના કામનો અર્થ મોટાં મોટાં ભાષણો કરવાં ને સનસનાટી ઊભી કરવી એ છે. પણ આ મહાન રાષ્ટ્રીય સંસ્થાનું ખરું કામ એ નથી. કૉંગ્રેસ કાર્યકર્તાઓનું ખરું કામ તો ગરીબ લોકોની સેવા કરવાનું છે. અને આવી મૂંગી અને આડંબરરહિત સેવાભાવનાને અભાવે કૉંગ્રેસ આજે પાછળ પડી ગઈ છે. કૉંગ્રેસમાં માત્ર પાંચ સાચા કાર્યકર્તા હશે ત્યાં સુધી તે મરવાની નથી. હિંદમાં જ્યાં સુધી એક માણસ પણ પરદેશી કાપડ પહેરે છે ત્યાં સુધી કૉંગ્રેસ પાસે કામની ખોટ રહેવાની નથી.

કૉંગ્રેસના કાર્યકર્તાઓની ફરજો વિષે બોલતાં મહાત્માજીએ કહ્યું કે કરોડો હિંદીઓ ભૂખે મરે છે. તેમને તમે રેંટિયો આપો અને તમે તમારા એ બાંધવોને ભૂખમરામાંથી ઉગારી શકશો.[2]

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १६–६–१९२५

૧. આ પહેલાં દક્ષિણપાડાના લોકો તરફથી ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું.

૨. એક હજાર રૂપિયાની થેલી મહાત્માજીને અર્પણ કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

# ૧૩૨. ચિત્તરંજન દાસને પત્ર

[જૂન ૧૩, ૧૯૨૫ પહેલાં]

મારા પ્રિય મિત્ર,

તમારી સાથે મેં બહુ આનંદમાં દિવસો ગાળ્યા. દાર્જિલિંગમાં વાતો કરવાથી, મને લાગે છે, આપણે એકબીજાની વધુ નજીક આવ્યા છીએ.[૧]

જલપાઈગુરીમાં રૂ. ૭,૦૦૦ની થેલી મળી. તમે જે ચરખા સમિતિ નીમવાના છો એને આપી દેવાની સૂચના સાથે આ રકમ મેં સતીશબાબુને આપી છે. આ ગામે પણ, બીજે બધે મને જે અનુભવ થયો હતો તેવો થયો. કાંતનારા છે પણ એમને વ્યવસ્થિત કરનાર કોઈ નથી. છોકરીઓની એક સરસ શાળા પણ છે. ત્યાં વીસ રેંટિયા છે પણ સારો કહી શકાય એવો એકેય નથી. એમની શિક્ષિકા કાંતે છે સારું પણ બિચારીને સારાનરસા ચરખાનું ભાન નથી. સ્થાનિક સમિતિને તો આની કાંઈ પડી જ નથી. જો નિષ્ણાતની દોરવણી મળે તો આ બધું બહુ સહેલાઈથી સુધારી શકાય. સૂચવેલી સમિતિ આ કરી શકે.

હું ઇચ્છું છું કે તમે રેંટિયા ઉપર તેમ જ તકલી ઉપર કાંતતાં શીખી જાઓ. તમે મન પર લેશો તો આ જરૂર કરી શકશો. ગવર્નર જો તમને કહે "કાંતો અને જે જોઈએ તે લો" તો તમે ચોવીસ કલાક ચરખો ચલાવો અને કાંતવામાં નિષ્ણાત થઈ જાવ. પણ અહીં તો એમ કરવાનું કહેનાર ગવર્નર નથી. પણ તમારા માટે અને દેશને માટે જેના મનમાં પ્રેમ છે તે તમને કહે છે : "કાંતો અને સ્વરાજ લો." કાયમી મહત્ત્વનું હોય એવું કાંઈક આપણે કરીએ તો કેવું સારું? આપણે જોઈતું કાપડ ચરખામાંથી પેદા કરવું અશક્ય નથી. સતીશબાબુએ કાંતવાનું જાણનારને તમારી પાસે મોકલવા વચન આપ્યું છે તેને અમે કલકત્તા પહોંચીશું કે તુરત મોકલીશું. મહેરબાની કરીને એની પાસેથી શીખી લેજો અને દેશના લાખો માણસોને માટે અને ઈશ્વરનું નામ લઈને ધર્મ સમજીને રોજ અડધો કલાક જરૂર કાંતજો.[૨] એનાથી તમને શાંતિ અને સુખ મળશે. અને તમે જ્યારે આ કરશો ત્યારે બંગાળના યુવાનો – જેના ઉપર તમારો સરસ કાબૂ છે તેઓ – પણ એમ કરવા લાગશે.

હું આશા રાખું છું કે તમને ફરીથી તાવ આવશે નહીં.

આજે ભોરલાલને પણ કાગળ લખું છું. અમે તા. ૧૮મીએ કલકત્તા પહોંચીશું. ૧૪થી ૧૬ અમે બારીસાલ હોઈશું.

મહેરબાની કરીને વાસંતીદેવીને કહેજો કે એમના સૂતરનો પહેલો હિસ્સો એ મને મોકલી આપે. ત્રીસ દિવસમાં કાંતેલું સૂતર, દરેક સો-સો વારની અચ્છી લચ્છી બનાવીને મોકલી આપે. કલકત્તાની મેયરાણી પાસેથી, સર્વોત્તમ પ્રકારનું સૂતર હશે તો જ સ્વીકારવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

૧. ગાંધીજી ચિત્તરંજન દાસની સાથે દાર્જિલિંગમાં હતા. ચિત્તરંજન દાસને ત્યાં રહ્યા અને દાસ સાથે વાતચીત કરી તેના હેવાલ માટે જુઓ "દાર્જિલિંગમાં", ૧૦-૭-૧૯૨૫.

૨. ચિત્તરંજન દાસે કાંતણ શીખવા જે પ્રયત્ન કર્યા તે માટે જુઓ "નોંધ", ૧૮-૬-૧૯૨૫નું પેટામથાળું "દાર્જિલિંગમાં કાંતણ."

Gandhi Heritage Portal

## ૧૩૩. મદારીપુરની જાહેર સભામાં ભાષણ[1]

જૂન ૧૩, ૧૯૨૫

પતિત બહેનો સાથે સાધવામાં આવતો આ પ્રકારનો સંપર્ક, ખાસ કરીને નવયુવાનો માટે જોખમકારક છે. તમારે કરવું એટલું જ જોઈએ કે આ કામ તમારી બહેનોને સોંપવું જોઈએ. અને તમારે તેમને દૂર રહીને દોરવણી આપવી જોઈએ. સ્વયંસેવકોએ પોતાના માનપત્રમાં મને એમ પૂછ્યું છે કે અમે અમારા કામને આગળ કઈ રીતે ધપાવી શકીએ. એ બધાએ અહિંસાનું વ્રત લીધું છે, અને અહિંસા બીજું કાંઈ નહીં પણ પ્રેમ જ છે. તેથી હું તમને બતાવી શકું છું કે પ્રેમને પોતાનું હથિયાર બનાવીને તેઓ પોતાની બધી શક્તિ ક્યાં કેન્દ્રિત કરી શકે. જે લોકો પોતાની જાતને અને આ બહેનોને ભ્રષ્ટ કરે છે, તેમને તમે સમજાવો. અને તેઓ કેવું પાશવી અને ધૃણાસ્પદ આચરણ કરી રહ્યા છે તે બાબતમાં તેમની આંખો ખોલો. પતિત બહેનોના ઉદ્ધાર માટે એક મહિલા સ્વયંસેવક સંઘની સ્થાપના કરવી જોઈએ, ને તેની મારફતે આ કામ કરવું જોઈએ. તમે તમારા માનપત્રમાં કહ્યું છે કે સરકારે મદારીપુરને એક મહત્ત્વનું ક્રાંતિકારીઓનું કેન્દ્ર ગણ્યું છે. આ અનિષ્ટની સામે લડવા માટે હિંદની સ્ત્રીઓમાં ક્રાંતિથી હળવો કોઈ ઉપાય ચાલે એમ નથી. મદારીપુર એ ક્રાંતિનો પાયો નાખે એવી મારી શુભેચ્છા છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५-६-१९२५

## ૧૩૪. મદારીપુરના જાહેર પુસ્તકાલયમાં ભાષણ

જૂન ૧૩, ૧૯૨૫

માનપત્રના જવાબમાં ગાંધીજીએ કહ્યું કે મને આપવામાં આવેલું માનપત્ર સ્વીકારતાં મને ઘણો આનંદ થાય છે ને તે બદલ હું માનદ મંત્રીનો આભારી છું. જે બાળાએ વાંસના બનાવેલ કાસ્કેટને રંગીન ખાદી તથા સ્થાનિક સૂતરથી શણગારીને તૈયાર કર્યું હતું તેને ગાંધીજીએ ખૂબ ધન્યવાદ આપ્યા. તેમણે કહ્યું કે મંત્રીએ મને આપેલા હેવાલ પરથી મને એ જાણીને આનંદ થાય છે કે આ પુસ્તકાલયમાં સારી સંખ્યામાં પુસ્તકો છે અને લોકો ઘણી મોટી સંખ્યામાં અહીં પુસ્તકો, માસિકો કે વર્તમાનપત્રો વાંચવા માટે આવે છે. પણ હું એ જાણવાને ઇંતેજાર છું કે આ પુસ્તકો વગેરે વાંચવાથી તેમને કેવા પ્રકારનો ચોક્કસ લાભ થાય છે. આગળ બોલતાં મહાત્માજીએ કહ્યું કે બધી વાત જવા દઈએ તોપણ આજે પુસ્તકાલયો આપણા જીવનમાં અનિવાર્ય થઈ પડયાં છે. પુસ્તકાલયો આપણા જીવનનો એક ભાગ બની ગયાં છે. મને એ જોઈને ખૂબ આનંદ થાય છે કે આ પુસ્તકાલયમાં અનેક પ્રકારનાં વર્તમાનપત્રો તથા સામયિકો આવે છે. પછી મહાત્માજીએ પુસ્તકોની પસંદગી[2] ઉપર ખાસ ભાર મૂકીને જાહેર પુસ્તકાલયનું

૧. મહાદેવ દેસાઈએ આપેલા ગાંધીજીની બંગાળ યાત્રાના હેવાલમાંથી ઉદ્ધૃત. ભાષણમાં ગાંધીજીએ પતિત બહેનોનો ઉલ્લેખ કર્યો હતો. તેમાંની કેટલીક એ સભાના એક ખૂણામાં બેસીને કાંતતી હતી.

૨. अमृतबझार पत्रिकाના તા. ૧૬-૬-૧૯૨૫ના હેવાલ મુજબ ગાંધીજીએ એમ કહ્યું હતું કે "પુસ્તકાલયમાં એવાં પુસ્તકો હોવાં જોઈએ કે જે વાચકને મનુષ્ય બનવામાં મદદ કરી શકે."

Gandhi Heritage Portal

મહત્ત્વ દર્શાવ્યું. મહાત્માજીએ એ પછી માનપત્ર અને સુંદર વાંસનું કાસ્કેટ ભેટ આપવા બદલ માનદ મંત્રીનો ફરી આભાર માન્યો અને વિદાય લીધી.[1]

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, १८-६-१९२५

## ૧૩૫. અંત્યજો વિષે

એક સ્વયંસેવકે ઝીણા પ્રશ્નો પૂછ્યા છે. તે ઉપયોગી હોઈ અહીં ઉતારું છું:[2]

જ્યાં પરિષદના બીજા સભ્યો ઊતરે ત્યાં અંત્યજ સભ્યો ન ઊતરી શકે તો અસ્પૃશ્યતાનું નિવારણ ન જ થયું ગણાય. જે ચારે વર્ણ કરી શકે તે બધું અંત્યજ ભાઈને કરવાની છૂટ હોવી જ જોઈએ. જ્યાં અંત્યજ સભ્ય ન ઊતરી શકે ત્યાં બીજા સભ્યો ન ઊતરે એ તેમનું કર્તવ્ય છે.

**બીજો પ્રશ્ન:**[3]

જે પ્રમાણે બીજા વર્ણના લોકો મર્યાદાપૂર્વક એક પંગતે બેસે છે તેમ જ અંત્યજ ભાઈઓને બેસવાનો અધિકાર છે. પણ વૈષ્ણવ ભાઈની ટીકા ઉપરથી સ્વયંસેવકે વિનયપૂર્વક બીજી જગ્યા લીધી એ બહુ ઠીક કર્યું. વિવેક એમ સૂચવે છે કે મંડળમાં ઘણાનો જે મત હોય તેની વિરુદ્ધ થોડાનો હોય તો તેઓએ ખસીને માર્ગ દેવો જોઈએ. પણ ઉપરનાં દૃષ્ટાંતમાં એક જ વૈષ્ણવને મજકૂર ભાઈએ માર્ગ દીધો હોય તો તે વિશેષ સ્તુત્ય છે. કોઈને બળાત્કારે આપણા મતને અનુસરતા કરવા એ આપણો ધર્મ નથી. આપણો ધર્મ અંત્યજ ભાઈઓની રક્ષા અને સેવા કરવાનો છે. એટલે જે અગવડનું આપણે નિવારણ ન કરી શકીએ તે આપણે પોતે ભોગવી છૂટીએ.

**ત્રીજો પ્રશ્ન:**[4]

જ્યાં અન્યાય ડગલે ડગલે ભરેલો હોય ત્યાં આપણે જેટલાનું નિવારણ કરી શકીએ તેટલાનું કરીએ. ગમે તે પગલું ભરતાં કંઈક અન્યાય તો થશે જ અને ગમે તે એક પગલું અનિવાર્ય હોય ત્યાં ઓછામાં ઓછો અન્યાય થાય તેવું પગલું પસંદ કરીએ.

**ચોથો પ્રશ્ન:**[5]

જેને અયોગ્ય કાર્ય કરવું છે તેને કંઈક ને કંઈક બહાનું મળી જ રહેશે. અંત્યજવાડે જવાનું હું ન રાખું તો બધાને ન મળી શકાય ને તેમને પેટ ભરીને કહેવાનું હોય તે કહેવાની સાર્વજનિક

૧. માનદ મંત્રીએ ગાંધીજીને વિઝિટર્સ બુકમાં સહી આપવા માટે વિનંતી કરી. ગાંધીજીએ લખ્યું, "આ સંસ્થાની હું દરેક રીતે સફળતા ઇચ્છું છું.

૨. આ પ્રશ્નો અહીં આપ્યા નથી. પહેલો પ્રશ્ન એ હતો કે પરિષદ વખતે અંત્યજ સભ્યો એમની સાથે રહે છે કે નહીં એ જોવાની ડેલિગેટોની ફરજ નહોતી?

૩. અસ્પૃશ્યતામાં ન માનનાર ડેલિગેટોના ભોજન વખતે તેમની સાથે બેસવા બાબતનો એ પ્રશ્ન હતો.

૪. એમાં કહ્યું છે કે તમારા સૌરાષ્ટ્રના પ્રવાસ દરમ્યાન તમે એવી જગ્યાએ રોકાઓ છો કે જ્યાં હરિજનોને પ્રવેશ નથી મળી શકતો. આ ખામી દૂર કરવા તમે અંત્યજોના મહોલ્લામાં જઈને સભા ભરો છો. પણ જે અંત્યજો તમને ત્યાં મળી નથી શકતા તે તો તમને મળવાથી વંચિત જ રહી જાય છે. આ શું એમના પ્રત્યેનો અન્યાય નથી?

૫. પત્રલેખક કહે છે કે આપ અંત્યજોના નિવાસમાં જાઓ છો તેથી સ્થાનિક રૂઢિચુસ્ત તત્ત્વોને એ કહેવાનો અવસર મળે છે કે હવે અંત્યજોને સામાન્ય સભામાં મળવાની જરૂર રહી નથી. દાખલા તરીકે અમરેલીની સભામાં પણ આમ જ બન્યું હતું.

Gandhi Heritage Portal

સભામાં તેમને પૂરતી તક મળે નહીં. અંત્યજવાડે જવામાં તેઓની પોતાની સુધારણા ઉપર ભાર મૂકવાનો ઉદ્દેશ પણ રહેલો છે. અંત્યજોને જાહેર સભામાં દાખલ કરવામાં જનસમાજ પાસે તેઓની હાજરી સહન કરવાનો ઉદ્દેશ છે. બેમાંથી એકે વસ્તુનો ત્યાગ ન જ થાય. તેથી જ્યાં જાહેર સભા થતી હોય ત્યાં જો અંત્યજોનો બહિષ્કાર હોય તો મારે ન જવું એ શિરસ્તો સામાન્ય રીતે ગ્રહણ કરવો જોઈએ. અમરેલીમાં[1] સ્વયંસેવક જણાવે છે તે મુજબ બનાવ બન્યો હોય તો તે દુ:ખદ ગણાય. ગાયકવાડના રાજ્યમાં ને તેમાંયે અમરેલીમાં અંત્યજને સભામાં બેસવાની અટકાયત હોય એ અસહ્ય છે. "દરિયેમેં લગી આગ બૂઝા કોન સકેગા?" પણ આ દૃષ્ટાંત ઉપરથી હું સમજ્યો કે મારે કેટલી સાવધાનીથી વર્તવાનું છે. ઈશ્વર સહાય થાઓ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૪–૬–૧૯૨૫

## ૧૩૬. સ્વયંસેવકના ગુણ

એક સ્વયંસેવક નીચે પ્રમાણે ઉદ્ગારો કાઢે છે:[2]

એ ખરું છે કે એક વેળા સ્વયંસેવકોને સારુ અમુક દર ઠરાવવાનો વિચાર મેં કરેલો. ભાઈ વલ્લભભાઈ[3] વગેરેની સાથે મસલત પણ કરેલી. તેનું છેવટ અમે ન લાવી શક્યા. ગુજરાતને સારુ બંગાળનો ને મહારાષ્ટ્રનો આદર્શ બહુ ઊંચો છે એમ ત્યારે લાગ્યું ને આજે પણ લાગે છે. હાલ કામ કરતા સ્વયંસેવકોની પાસે દસ રૂપિયાથી કામ કરાવવું લગભગ અશક્ય લાગ્યું. ઘણા સ્વયંસેવકોની સેવા જ દેશને ન મળી શકે એવી સ્થિતિ જોવામાં આવી.

આદર્શો જ્યારે સામાન્ય થઈ પડે ત્યારે જ તેને સારુ નિયમ ઘડી શકાય. જ્યાં લગી તે અસાધારણ રહે છે, ત્યાં લગી તેને સારુ નિયમ નથી ઘડી શકાતા. ગુજરાતે ગરીબાઈનો આદર્શ થોડાં જ વર્ષો થયાં સ્વીકાર્યો છે. મહારાષ્ટ્ર અને બંગાળે ત્રીસ વર્ષ પૂર્વે અથવા તેથી પણ વહેલો ગરીબાઈનો આદર્શ સ્વીકાર્યો ને તેને અંગે ઘણા નવયુવકો તૈયાર થયા. તેથી અત્યંત ગરીબાઈને ધોરણે થોડી જ સંસ્થાઓ ચલાવી શકાય છે. ગુજરાતને સારુ અત્યારે આપણે વ્યક્તિઓ ઉપર જ આધાર રાખવો પડશે. બીજાઓ નહીં કરે કે નહીં કરી શકે તેથી ખરો ત્યાગી અથવા ખરો સંયમી પોતાનો ત્યાગ કે સંયમ નહીં છોડે. જ્યારે કેટલાક ગુજરાતી પોતાનું જીવન ખૂબ ગરીબાઈમાં ગાળતા થઈ જશે ને તે જ રીતે સમાપ્ત કરશે, ત્યારે બીજા ઘણા ગુજરાતીઓ પણ ગરીબાઈ ધારણ કરશે.

૧. કાઠિયાવાડમાં આવેલું ગામ. ૧૯૨૫ના એપ્રિલની ચોથીએ ત્યાંની મ્યુનિસિપાલિટી તરફથી ગાંધીજીને માનપત્ર આપવામાં આવ્યું હતું. કાઠિયાવાડ રાજકીય પરિષદની વ્યવસ્થાપક સમિતિની બેઠકમાં ગાંધીજી પ્રમુખસ્થાને હતા.

૨. આ ઉદ્ગારો અહીં આપ્યા નથી. બંગાળ અને ગુજરાતમાં સ્વયંસેવકોને અલગ અલગ દરે ભથ્થું આપવામાં આવે છે, એ માટે પત્રલેખક ફરિયાદ નોંધાવે છે અને સ્વયંસેવકોની ઐચ્છિક ગરીબી ઉપર ભાર દેવા તથા ભથ્થાના દર એકસરખા નક્કી કરાવવા તેઓ ગાંધીજીને વિનંતી કરે છે.

૩. વલ્લભભાઈ પટેલ (૧૮૭૫–૧૯૫૦); ગુજરાતના કૉંગ્રેસ આગેવાન; પાછળથી સ્વતંત્ર ભારતના પહેલા નાયબ વડા પ્રધાન બન્યા.

Gandhi Heritage Portal

અત્યારે તો ગરીબાઈને આદર્શ ગણી જેટલે અંશે તેને પહોંચી વળાય તેટલે અંશે આપણે તેને પહોંચવું રહ્યું છે.

આપણા માર્ગમાં મોટું વિઘ્ન તો એ આવી પડ્યું છે કે હું માંદગીને વશ થયો ને મારો ગરીબાઈનો પ્રયોગ મારી જાત ઉપર સંપૂર્ણતાએ ન કરી શક્યો. અત્યારે ચાલી રહેલા મારા પ્રયોગને હું ગરીબાઈનો પ્રયોગ ગણતો જ નથી. મનુષ્ય પોતાની દુર્બળતાનું આરોપણ બીજાને વિષે કરે છે. ટાઢે થથરતો ને ઘણાં કપડાં પહેરનારો આખા જગતને એટલાં કપડાંની જરૂર હશે એમ માને છે. ગરમ પાણીથી નાહનાર ઠંડા પાણીથી નાહનારની દયા ખાય છે. વાહન વિના ન ફરી શકનાર બીજાને પણ વાહનમાં ફરતા જોવા ઇચ્છે છે. એવી દયામણી સ્થિતિ મારી જાણવી.

હું જે ખાઉં છું તે બીજાઓને મળે તો સારું એમ લાગ્યા કરે. હું બીજા વર્ગમાં ફરું છું, તેથી મારી અસલી દૃઢતાપૂર્વક બીજાઓને ત્રીજા વર્ગમાં ફરવાનું કહેતાં સંકોચાઉં છું. મને કેટલીક બીજી સગવડોની જરૂર જણાય છે, તો બીજાઓને ન હોય તે સહન કરું છું, પણ મન સંકોચાય છે. હું જાણું છું કે આ મોહ છે. છતાં વસ્તુસ્થિતિ એ જ છે. માણસ પોતે નથી કરતો કે નથી કરી શકતો તેને વિષે ગમે તેટલા જોરથી તે બોલે, છતાં તેની અસર લોકો પર પડતી જ નથી.

આનો અર્થ એવો તો નથી જ કે ગુજરાતના જીવનની ગરીબાઈની પ્રગતિ મારા ઉપર નિર્ભર છે. ઉપરના ઉદ્‌ગારો મારા સાથીઓ પ્રત્યે છે. અને હું પોતે ગુજરાતને આ માર્ગે વધારે આગળ લઈ જવામાં અસમર્થ છું એ વાતની કબૂલાત છે.

વળી જેમ મારે વિષે તેમ મારી કૃતિ — આશ્રમ — ને વિષે છે. આશ્રમમાં અપરિગ્રહ ઇત્યાદિ વ્રતોનું પાલન કરવાનો પ્રયત્ન થાય છે. કસાયેલાં અને ગરીબાઈમાં ગૃહસ્થાઈ માનનારાં સ્ત્રીપુરુષો તેમાં વસે છે. તેઓ દંભી નથી એવી મારી માન્યતા છે. એમ છતાં બધાં અમે ઇચ્છીએ છીએ તે સાદાઈને અને તે ગરીબાઈને નથી પહોંચી શક્યાં. તેથી કોઈની પ્રગતિ ન રોકવાના ઇરાદાથી સૌને યથાશક્તિ પ્રયોગો કરવાની છૂટ છે ને તેથી કેટલાંક ત્યાં સ્વયંપાકી છે. ઓછામાં ઓછું ખર્ચ માણસે સાત રૂપિયાનું થાય છે. એવા જે બેત્રણ બ્રહ્મચારીઓ પોતાનો અખતરો કરે છે, તેઓ તે બહુ કષ્ટે કરે છે એમ અમે માનીએ છીએ. જેઓ એટલે લગી નથી પહોંચી શક્યા તેઓ ધીરજ રાખી પોતાના વિશેષ વ્યવસાયને અનિવાર્ય સમજી સહન કરે છે અને તેમાંથી જેટલો ત્યાગ કરી શકાય તેટલો ત્યાગ કરવા મથે છે. પણ આદર્શથી તો બહુ ઓછું થાય છે એ કબૂલ કર્યે છૂટકો છે. આશ્રમમાં ત્યાગ વધારવાને સારુ અનેક પ્રયત્નો કર્યા છતાં તેમાં બહુ સફળતા નથી મળી. આવા મારા અનુભવને લીધે બીજાઓની પાસે વધારે ઊંડા અખતરા કરાવવાની મારી હિંમત નથી ચાલી શકતી.

ત્યારે જેઓ તૈયાર નથી, તેમને તૈયારી કર્યા પછી જ સેવામાં રોકવાનું કાં ન કહું? જાહેર સેવાને વિષે આમ નથી થઈ શકતું. જ્યાં ઉદ્દેશ સેવકોને જ તૈયાર કરવાનો હોય, ત્યાં એ નિયમ લાગુ પડે. પણ ઉદ્દેશ અમુક કાર્ય કરવાનો હોય ત્યાં નીતિનો ભંગ કર્યા વિના જે સેવકો મળી શકે ને સાંપડી શકે તેવાની જ મારફતે કાર્ય લેવું ઘટે. આપણે અંત્યજ બાળકોને ભણાવવાં છે એ એક ઉદ્દેશ. કેવળ ત્યાગી શિક્ષકો મળે તો ઉત્તમ. તેવા ન મળે ને આપણી પાસે દ્રવ્ય હોય તો સારો પગાર આપીને પણ ચારિત્ર્યવાન શિક્ષકો રાખીએ. તેમ જ રેંટિયો ને ખાદીપ્રચાર કરવો એ ઉદ્દેશ છે. તેને પાર પાડવા સારુ આપણી પાસે સગવડ હોય તેના પ્રમાણમાં ગરીબાઈ ન

Gandhi Heritage Portal

સાંખી શકે તેવા છતાં ચારિત્રવાન સેવકોને અવશ્ય રાખીએ. બધી વસ્તુઓ સામટી સાધવા જતાં બધું ખોઈ બેસવાનો સમય આવે.

આમ આપણા ઉદ્દેશોને પહોંચતાં જો ગરીબાઈને પણ આપણે ઉદ્દેશ ગણતાં હોઈએ, તો છેવટે પહોંચીએ એવો મારો અભિપ્રાય ને અનુભવ છે.

આ દલીલ ચા ઇત્યાદિને પણ લાગુ પડે છે. આપણે અત્યારે ખાવાપીવાની ટેવોનો સુધારો કરવા નથી બેઠા. તેથી ચા પીનાર સેવકની સેવાનો અવશ્ય સ્વીકાર કરીએ.

આવી વસ્તુઓને વિષે આપણે વિવેક જાળવવાની જરૂર છે. જગત વિચિત્ર છે. અનેક પ્રકારની જંજાળોમાંથી અલિપ્ત રહી આપણામાંના કેટલાક પસાર થવા મથીએ છીએ. કેટલાકને મન સ્વરાજ એટલે ધર્મરાજ્ય – રામરાજ્ય – છે. તેઓ અનીતિને સહન કરી શકતા નથી. તેઓને સારુ સ્વરાજનો માર્ગ મોક્ષનો માર્ગ છે. સ્વરાજ તે માર્ગ ઉપર એક મોટી ટૂક છે તેને છોડીને મોક્ષ મળવો અશક્ય છે એમ તેઓ માને છે. પણ સ્વરાજનો તે અર્થ બધા કબૂલ નથી રાખતા. છતાં જે સ્વરાજ તેઓ ઇચ્છે છે તેનો સમાવેશ ઉપલી કલ્પનામાં છે તેથી તેનો સાથ પેલા મુમુક્ષુ છોડી નથી શકતા. બીજા કેટલાક પડ્યા છે જે સ્વરાજબરાજ નથી જાણતા પણ રેંટિયો તેમને સર્વસ્વ છે. તેઓ કરોડપતિ રહેવા છતાં રેંટિયાધર્મનો સ્વીકાર કરે છે. તેઓ હિંદુસ્તાનનું દારિદ્ર ફિટાડવા ઇચ્છે છે. તેઓને પણ પેલો મુમુક્ષુ સાથે રાખવા માગે જ. કેમ કે તેના સ્વરાજમાં રેંટિયો આવશ્યક અંગ છે. એથી જેની પાસેથી જેટલો ત્યાગ મળી શકે તેટલો લઈ મુમુક્ષુ પોતાનો માર્ગ કાપે છે ને આરંભની મજલોનો બોજો હળવો કરે છે.

મારા આ જવાબનો કોઈ અનર્થ ન કરે એમ હું ઇચ્છું છું. આજે ગરીબ સેવકોનું દળ મળે તો મને બહુ ગમે. હું જાણું છું કે એવું દળ મળે તો સ્વરાજ બહુ વધારે નજીક આવે. વ્યક્તિઓએ એ વાતને સંપૂર્ણપણે ધ્યાનમાં રાખવાની છે જ. પણ તેની સાથે આપણે આપણી નબળાઈઓ, ત્રુટીઓ પણ સ્મરણમાં રાખવી જ જોઈએ. આ જ પ્રેમપંથ છે. આપણે પોતાને વિષે પૂરા કડક બનીએ, બીજાને વિષે તેટલા જ ઉદાર રહીએ. આ અહિંસાનો માર્ગ છે. આપણો ત્યાગ આપણને કદી અભિમાની ન બનાવે. બીજાના ઓછા ત્યાગની આપણે કદી અવગણના ન કરીએ. એવું બને છે કે પાંચ મણ બોજો ઊંચકી શકનાર પોતાની શક્તિ ચોરે છે ને એક મણ બોજો ઊંચકનાર પોતાની સર્વ શક્તિ હોમે છે. આમાં ખરો સેવક એક મણ બોજો ઊંચકનાર છે. આથી આપણે બીજાના કાજી બનવાને બદલે આપણા પોતાના બની પોતાની પાસે ત્યાગ કરાવવામાં સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરીએ ને દ્વેષરહિત રહી બીજા જેટલો કરે તેનો પ્રેમપૂર્વક સ્વીકાર કરીએ.

ઉપરના પત્રમાં એક પ્રશ્ન છે તેનો નિર્ણય તો થઈ ગયેલો છે. સ્વયંસેવક ધનિક હોય કે ગરીબ, ગામડાંમાં જતાં આપણે ગામલોક પર મુદ્દલ બોજારૂપ ન થઈ પડીએ એ આપણો ધર્મ છે. તેમને ઓછામાં ઓછી અગવડ આપી આપણે આપણો નિર્વાહ કરવો જોઈએ. અને જે કંઈ અલ્પ તકલીફ તેઓને આપીએ તેનો અવેજ તો આપણી સેવાથી આપણે ભરી જ દઈએ. તેઓને કાંતવાપીંજવા વગેરેની ક્રિયા બતાવીએ ને પંડે તે કરીને સૂતરમાં કે પૂણીમાં વધારો કરી આપીએ. આમાં પણ દરેક સ્થળને સારુ, દરેક સમયને સારુ ને દરેક વ્યક્તિને સારુ એક જ નિયમ લાગુ નથી પડી શકતો. ગામલોકો ઉપર એવી છાપ ન પડવી જોઈએ કે એક પણ સ્વયંસેવક તેઓની વચ્ચે મોજ કરવા કે ઉજાણી મહાલવા આવ્યો છે. આવી વસ્તુઓને વિષે

Gandhi Heritage Portal

એકાંતિક ન્યાય જેવું કંઈ નથી. આપણા સ્વાગતની બાબતમાં કોઈ પણ ગામને અમુક સામાન્ય ધોરણથી આગળ જવા ન દઈએ. એ ધોરણ અનુભવ નિશ્ચિત કરી રહેલ છે એમ જોઉં છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૪–૬–૧૯૨૫

## ૧૩૭. મારું કર્તવ્ય

એક સજ્જન લખે છે :[૧]

આ લખાણમાં એક તો ઘણા માણસો કરે છે એવી સામાન્ય ભૂલ આપણે જોઈએ છીએ. ઉપદેશ કરવાથી ભારે પરિણામ આવે છે એવો મિથ્યા મોહ આપણામાં રહેલો છે તે આમાં છે. પણ ઉપદેશનું પરિણામ ઘણું જ ઓછું આવ્યું છે એવો અનંતકાળથી ચાલતો આવેલો અનુભવ છે. ઉપદેશ આજે સેંકડો સાધુઓ કરી રહ્યા છે, સેંકડો બ્રાહ્મણો નિત્ય ગીતા, ભાગવતાદિનો પાઠ કરે છે. તેની અસર કંઈ જ નથી એમ કહી શકાય. કોઈક ઉપદેશકની કંઈક અસર થતી આપણે જોઈએ છીએ ખરા. પરંતુ તે તેના ઉપદેશની નથી પણ તેના કાર્યની છે, અને તે પોતે જેટલું કરી શકયો છે તેના કરતાં વધારેનો ઉપદેશ કરે તો તેની અસર નથી થતી એવી સત્યની બલિહારી છે. તેને ભાષાના આચ્છાદનથી ગમે તેટલું ઢાંકો, છતાં તે ઢંકાતું નથી. મારામાં હિમાલય ચડવાની શક્તિ ન હોય, છતાં હું બીજાને ઉપદેશ કરું કે તે ચડે, તો તેની અસર કંઈ જ નથી થવાની. પણ જો મૂંગે મોઢે ચડી બતાવું, તો મારી પાછળ સેંકડો મનુષ્યો ચડી જશે. મનુષ્યની કરણી એ જ ખરો ઉપદેશ છે.

વળી ઉપદેશ કરવાની યોગ્યતા મનુષ્યમાં હોવી જોઈએ. હું પોતે પશુહિંસા ન કરતો છતાં પશુહિંસા અટકાવવા જેટલી મારી યોગ્યતા નથી એમ મારે સ્વીકારવું પડશે. પશુ પ્રત્યેનો આપણો ધર્મ છે તે હું જાણું છું. પણ બીજાઓને તે બતાવવા હું અસમર્થ છું. તેને સારુ મારામાં બહુ વિશેષ પવિત્રતા, બહુ વિશેષ દયા, બહુ વધારે સંયમ હોવાં જોઈએ. તે વિના મને સૂક્ષ્મ જ્ઞાન ન મળે; તે જ્ઞાન વિના મને જોઈતી ભાષા ન મળે.

આવા જ્ઞાન વિના આત્મવિશ્વાસ નથી આવતો. પશુહિંસાનો ત્યાગ કરાવવા જેટલી મારામાં શક્તિ છે એવો આત્મવિશ્વાસ મને નથી.

પણ હું ઈશ્વરમાં માનનારો છું. મારામાં પશુસેવાની વૃત્તિ ઘણી તીવ્ર છે. મનુષ્ય તો પોતાનું દુ:ખ બતાવી શકે છે. તેમાંથી મુક્ત થવાને સારુ કંઈક પ્રયત્ન પણ કરી શકે છે. પશુને તે શક્તિ જ નથી. એટલે તેના પ્રત્યે આપણી બેવડી ફરજ છે. એ જાણતો છતો, શક્તિ ઈચ્છતો છતો, મને તેની સેવા કરવાની શક્તિ નથી તેથી શરમાઉં છું. પણ તેનો દોષ ઈશ્વરને દઉં છું. તેણે મને તે શક્તિ કાં નથી આપી? તેની સાથે નિરંતર ઝઘડો કરું છું, તેને નિરંતર વિનવું છું. પણ ઈશ્વર તો સ્વેચ્છાચારી છે; તે કોઈનું કહ્યું માનતો નથી તો મારું શાને માને? અથવા બીજાનું માનશે તેના કરતાં મારું વહેલો માનશે એમ ભલે બનો. તે જ્યારે મને યોગ્યતા

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા ન દાખવવાની બંગાળના લોકોને અપીલ કરવા પત્રલેખકે ગાંધીજીને કહ્યું છે.

Gandhi Heritage Portal

આપશે, ત્યારે પેલા સજ્જનના કહેવાની રાહ હું નહીં જોઉં એવી ખાતરી આપું છું. દરમ્યાન મારી તપશ્ચર્યા ચાલુ રહેશે. જે કાર્યમાં હું ગૂંથાઈ રહ્યો છું, તે કરતાં કરતાં પણ પશુમાત્રની સેવા કરવાની શક્તિ કાં મારામાં ન આવે? હું કંજૂસ નથી એવી મારી ખાતરી છે. સર્વ શક્તિને મેં કૃષ્ણાર્પણ કરી છે. એટલે જો પશુહિંસા અટકાવવાની શક્તિ મારામાં આવશે તો તેને હું સંઘરી નહીં રાખું.

દરમ્યાન જે અપરિહાર્ય છે તે સહન કર્યે છૂટકો છે. જગતમાં ઘણી જગ્યાએ નિર્દોષ મનુષ્યો ઉપર જુલમ થાય છે તેને અટકાવવાનો દાવો આપણે ક્યાં કરીએ છીએ? તે આપણી શક્તિની બહાર છે એમ સમજી નિત્ય જગતનું કલ્યાણ ઇચ્છી શાંત રહીએ છીએ. અશક્તિના કારણથી જ સ્વદેશાભિમાનને નોખા ગુણ તરીકે આપણે કેળવીએ છીએ. પણ જે સ્વદેશાભિમાન ધાર્મિક છે તે જગતનું અકલ્યાણ નથી કરતું. જગતનું અકલ્યાણ કરીને દેશનું ભલું સાધવું એ મિથ્યા સ્વદેશાભિમાન છે. પણ સ્વદેશની ધાર્મિક સેવામાં જેમ જગતની સેવા સમાયેલી છે, તેમ મારી મનુષ્યસેવામાં તેવા પ્રકારની પશુસેવા સમાયેલી છે એવી મારી માન્યતા છે કેમ કે એ મનુષ્યસેવા પશુસેવાની વિરોધી નથી.

આપણા દેશમાં એક જાતનો ધર્માડંબર વર્તી રહ્યો છે. જે નથી થઈ શકતું અથવા જેનો અર્થ નથી તેવાં દયાનાં જણાતાં કાર્ય કરવાનો આપણે વિચાર કરીએ છીએ ને જે દયાનાં કાર્ય આપણાથી થઈ શકે તેવાં છે તે નથી કરતા. ધીરા ભગતની[1] વાણીમાં આપણે એરણની ચોરી કરી સોયના દાનનો ઘાટ રચીએ છીએ. ગીતાની ભાષા વાપરીએ તો સ્વધર્મનું થોડું પણ પાલન જે આપણે સારુ સુલભ છે તેને ત્યાગી આપણે પરધર્મપાલનના મોટા વિચારો કરી અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઈએ છીએ. આવી ભૂલમાંથી આપણે બચી જઈએ એટલું કહેવા ખાતર ઉપરના લખાણનો જવાબ આપવાનું ને પશુહિંસા અટકાવવાના શ્રેષ્ઠ ધર્મના પાલનમાં હું અત્યારે કેમ નથી ઊતરતો એ બતાવવાનું મેં યોગ્ય ધાર્યું છે.

આપણે જગતના કર્તા નથી. આપણે સર્વશક્તિમાન નથી. આપણામાં જે શક્તિ છે, તેનો સદુપયોગ કરીએ તો તે શક્તિમાં એની મેળે વધારો થશે ને તેમ થયે આપણે પ્રામાણિક હોઈશું, તો તેનો ઉપયોગ કરવા નહીં ચૂકીએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૪–૬–૧૯૨૫

૧. મધ્યકાલીન ગુજરાતી કવિ.

Gandhi Heritage Portal

## ૧૩૮. બારીસાલની જાહેર સભામાં ભાષણ[1]

જૂન ૧૪, ૧૯૨૫

ત્રણેય માનપત્રોનો એકીસાથે પ્રત્યુત્તર આપતાં શ્રી ગાંધીએ કહ્યું કે અગાઉ મેં આ સ્થળની મુલાકાત લીધી ત્યારે અશ્વિનીકુમાર દત્ત હયાત હતા. અલબત્ત, તેમની તબિયત બહુ જ નબળી હતી, છતાં તેઓ જીવતા હતા. તેઓ એક અસાધારણ પુરુષ હતા. તેમનામાં અસંખ્ય ગુણો હતા. તેમણે અનેક સંસ્થાઓ સ્થાપી હતી. દેશને માટે તેમણે સહન કર્યું હતું, અને અદ્‌ભુત બલિદાનો આપ્યાં હતાં.

મને લાગે છે કે આવા મહાન પુરુષની સ્મૃતિ જાળવી રાખવી એ તમારા સૌની પવિત્ર ફરજ છે. પણ મને એ જાણીને દુઃખ થાય છે કે તેમના સ્મારક નિમિત્તે ઉઘરાવાતા ફાળાને બહુ સફળતા મળી નથી. હજી પૂરતા પ્રમાણમાં નાણાં એકઠાં થયાં નથી. છેલ્લે હું બારીસાલ આવ્યો તે વખતનાં સ્મરણો મારા મનમાં તાજાં છે. પણ આ વખતે મારી સાથે અલીભાઈઓ નથી તેનું મને દુઃખ થાય છે. અહીંના રેંટિયાથી મને સંતોષ થયો નથી, તેમ છતાં મને એ જાણીને આનંદ થાય છે કે આ જિલ્લામાં તૈયાર થતું સૂતર બીજા જિલ્લાઓના સૂતર કરતાં વધારે સારું છે.

ગાંધીજીએ લોકોને અપીલ કરી કે તેમણે બેલગામ કૉંગ્રેસના ઠરાવનો અમલ કરવો જોઈએ, અને નજીકના ભવિષ્યમાં વધારે સારું કામ કરી બતાવવું જોઈએ. તેમણે કહ્યું કે મને એ જાણીને ઘણો આનંદ થયો છે કે બારીસાલમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન મદ્રાસમાં છે તેવો ઉગ્ર નથી. અને હિંદુમુસ્લિમ સવાલ પણ બહુ શોચનીય અવસ્થાએ પહોંચ્યો નથી.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૬-૬-૧૯૨૫

## ૧૩૯. ફાધર સ્ટ્રૉંગને સૂચન

[જૂન ૧૪, ૧૯૨૫]

ઑક્સફર્ડ મિશનના ફાધર સ્ટ્રૉંગે ગાંધીજીને તેમને ત્યાં આવવાનું અને તેમના વણાટકામનું નિરીક્ષણ કરવાનું આમંત્રણ આપ્યું હતું. ગાંધીજીએ ઊડતી મુલાકાત લીધી અને ફાધર સ્ટ્રૉંગે તેમને વણાટશાળા બતાવી. ગાંધીજીએ તેમને કહ્યું :

પણ આ બધું મિલનું સૂતર છે. અને તમે જો મિલનું સૂતર વાપરો તો તેનાથી લાખો લોકોને નહીં પણ લાખોપતિઓને જ લાભ થાય. વણાટ કરોડો લોકો માટેનો ગૃહઉદ્યોગ ન બની શકે. તેમને માટેનો એકમાત્ર પૂરક ઉદ્યોગ કાંતણ જ છે. લૉર્ડ કર્ઝનના કહેવા મુજબ હિંદવાસીની વાર્ષિક સરેરાશ આવક ૩૦ રૂપિયા છે. અમારી ગણતરી મુજબ તે ૨૬ રૂપિયા છે. અને જો પૈસાદાર વર્ગને બાદ કરીને બાકીના લોકોની સરેરાશ આવક કાઢવામાં આવે તો તે એથી પણ ઓછી થાય. હવે જો તમે કાંતણ દ્વારા એ આવકમાં વાર્ષિક ૧૦ રૂપિયાનો વધારો કરી શકો,

૧. મ્યુનિસિપાલિટી, સ્વાગત સમિતિ તથા સમાજ સેવક સંઘ તરફથી ગાંધીજીને ત્રણ માનપત્રો આપવામાં આવ્યાં : લગભગ ૫,૦૦૦ માણસો સભામાં હાજર રહ્યા હતા.

Gandhi Heritage Portal

તો તે તેમને માટે મોટી કમાણી જ ગણાયને? તમારે મન ૫ રૂપિયા કંઈ ગણતરીમાં ન હોય, પણ જેમની પાસે કંઈ જ નથી તેમને તો ૫ રૂપિયા મોટી દોલત જ ગણાય.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

## ૧૪૦. રાજા મહેન્દ્રપ્રતાપને પત્ર

[જૂન ૧૫, ૧૯૨૫ કે તે પહેલાં]

તમારા તરફથી અવારનવાર પત્રો આવે છે. હું જાણું છું કે આપણી જીવનદૃષ્ટિઓમાં તફાવત છે. હું એ પણ જાણું છું કે દુનિયામાં કપાળેકપાળે અલગ બુદ્ધિ હોય છે. પણ જેમ, ઠંડી અને ગરમી, એક જ સ્થળે, એક જ સમયે અને એક જ પ્રકારના સંયોગોમાં સાથેસાથે હોઈ શકે નહીં તેમ હિંસા અને અહિંસા એક જ સ્થળે, એક જ સમયે અને એક જ પ્રકારના સંયોગોમાં સાથેસાથે હોઈ શકે નહીં.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૪૧. મોતીલાલ નેહરુને પત્ર

બારીસાલ,
જૂન ૧૫, ૧૯૨૫

પ્રિય પંડિતજી,

તમને રોગ ફરી પાછો ઊપડયો અને જવાહરને પણ તાવ આવે છે એ જાણીને ખૂબ દુઃખ થયું. હું આશા રાખું છું કે મને પત્ર લખ્યા પછી તમારા બંનેની તબિયત સારી થઈ ગઈ હશે, અને હવે ત્યાંના શાંતિદાયક વાતાવરણનો તમે બંને, લાભ ઉઠાવતા હશો.

ખ્વાજા[1] વિષે મેં તમને તાર[2] કર્યો છે. જવાબદારી એમણે મારા ઉપર નાખી છે. એ એમની ભૂલ છે. પણ જો એ નાખવી જ હોય તો, એમની જગ્યાએ હું હોઉં તો હું શું કરું એ કહેવા સિવાય બીજું હું શું કહી શકું? જો જામિયા અસહિષ્ણુતાનું કેન્દ્ર બની ગયું હોય તો એ ખ્વાજાનો દોષ છે. એ એના આચાર્ય છે. એ સંસ્થા, મુસલમાનોમાંના ઉત્તમ પુરુષોએ શરૂ કરી હતી. જો સંસ્થામાં કોઈ દોષ પેઠો હોય તો એને સુધારવી જોઈએ. પણ મારો એવો અભિપ્રાય છે કે કાળજીના અભાવે એને મરવા દેવી જોઈએ નહીં. એને ખીલવવી હોય તો

૧. જામિયા મિલિયા ઇસ્લામિયા, અલીગઢના એ. એમ. ખ્વાજા.

૨. આ તાર મળતો નથી.



Gandhi Heritage Portal

ખ્વાજાએ એની ઉપર અખંડ ધ્યાન આપવું જોઈએ. એ કેવળ શોભાના ગાંઠિયા નથી પણ એનો આત્મા છે. એનો વહીવટ સંભાળનાર પણ એ છે. એટલે હું જે વિરોધ કરું છું તે કોઈ સિદ્ધાંત ખાતર નહીં પણ જરૂરિયાત સમજીને કરું છું. આ કિસ્સામાં સિદ્ધાંત કરતાં જરૂરિયાત વધુ મહત્ત્વની બાબત છે. ખ્વાજા, ચૂંટણીમાં એક જ શરતે પડી શકે – એમના પોતાના જેટલો જ કાબેલ માણસ કૉલેજ માટે શોધીને.

ઉપરાંત, આ બાબતમાં મારા એકલાની જ સલાહ કામમાં ન આવે. એમણે અલીભાઈ-ઓની સલાહ ન લેવી હોય તોપણ હકીમ સાહેબની અને ડૉ. અનસારીની સલાહ તો લેવી જ જોઈએ. એ લોકો એમની સાથે સહટ્રસ્ટીઓ છે.

હું આશા રાખું છું મારી મુશ્કેલી હવે તમે સમજી શક્યા હશો. મને તો લાગે છે કે, હું સ્વરાજ પક્ષને હૃદયપૂર્વક મદદ કરી રહ્યો છું. હું એને મદદ કરવા ઇચ્છું છું. અને એ, મિત્રોના સંતોષ કરતાં – જોકે અમનો સંતોષ પણ મારા મનથી કીમતી છે, તોપણ એના કરતાં – વધુ તો મારા પોતાના આત્મસંતોષ ખાતર.

ખ્વાજાને, સ્વતંત્ર રીતે નિર્ણય લેવામાં આ પત્ર મદદગાર થઈ પડશે એમ લાગતું હોય તો આ પત્ર એમને બતાવજો.

તમારો વિશ્વાસુ
મો. ક. ગાંધી

[તા.ક.]

તમારા આગલા પત્રનો મેં જવાબ લખ્યો હતો તે મળ્યો હશે.[1]

[મૂળ અંગ્રેજી]

મહાદેવભાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૪૨. આંત્વાનેત મિરબેલને પત્ર

સાબરમતી,
જૂન ૧૫, ૧૯૨૫

પ્રિય મિત્ર,

તમારો પત્ર મળવાથી મને આનંદ થયો છે.[2] પણ કેવળ મને મળવા ખાતર જ, લાંબી અને ખર્ચાળ મુસાફરી કરવા માટે હું તમને ઉત્તેજન આપી શકું નહીં. તેમ જ તામારા આધ્યાત્મિક

૧. મેની ૨૩મીએ ગાંધીજીએ ખ્વાજાને એક પોસ્ટકાર્ડ લખ્યું હતું. પણ એ મળતું નથી. ૨૫મીએ એ મળ્યાનો સ્વીકાર કરતાં ખ્વાજાએ લખ્યું: "પંડિત મોતીલાલ નેહરુ મને રાજ્યની ધારાસભામાં ઊભા રહેવા દબાણ કરે છે. મેં એમને જણાવ્યું કે મેં એક વર્ષ માટે ગાંધીજીને મારી સેવાઓ આપી હોવાથી હું એમની રજા વગર કશું કરીશ નહીં, તેથી મેં તમારી પરવાનગી માગી છે. પંડિતજી પહાડ પર જતાં રસ્તામાં મને મળ્યા અને તમારી રજા મેળવવાનું એમણે પોતાને માથે લઈ લીધું. છતાં તમારા તરફથી એ જાણ્યા સિવાય મેં કોઈ જાતની જાહેરાત કરી નથી.

૨. ૧૯૨૫ના જાન્યુઆરીની ૨૯મીના પત્રમાં મિરબેલ પોતાનો પરિચય આપતાં જણાવે છે કે હું પોતે ૩૯ વર્ષની એક પરિણીત યુવતી છું. અને મારા ધર્મની ધર્માંધતા અને સંકુચિતતાથી નિરાશ થયેલી છું. થિયૉસૉફીના સાહિત્યથી હું બહુ પ્રભાવિત થઈ છું. "કલ્યાણમૂર્તિ ગુરુ"ની શોધમાં ૧૧ વર્ષ વિતાવ્યા પછી તેને ગાંધીજીની શિષ્યા બનવાની ઇચ્છા થઈ. એ ઇચ્છતાં હતાં કે એના આશ્રમ જવાની તારીખ ગાંધીજી પોતે નક્કી કરે.

Gandhi Heritage Portal

વિકાસ માટે પણ મને મળવાની જરૂર નથી. આધ્યાત્મિક વિકાસ, ઈશ્વરના નામે કરેલી સેવામાંથી પ્રાપ્ત થાય છે.[૧]

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

મૅડમ આંત્વાનેત મિરબેલ
૧૦૦, ર્યૂ બ્રૂલ મેઝાં
ઑઈલ – નૉર્ડ, ફ્રાંસ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૪૩. શરદચંદ્ર બોઝને પત્ર

જૂન ૧૫, ૧૯૨૫

મારા પ્રિય શરદબાબુ,

બીજી સભા ભરી હોત તો એ, વિરોધનું પ્રદર્શન કરવા ભરી હતી એવું દેખાત એ દૃષ્ટિબિંદુ તમે તુરત જ સમજ્યા એથી મને ઘણો આનંદ થયો છે. અહિંસા એટલે પ્રેમ. એ શાંતિથી અને લગભગ છૂપી રીતે કામ કરે છે. એટલે જ પેલી કહેવત પડી છે કે, ડાબો હાથ શું આપે છે એની જમણા હાથને પણ ખબર પડતી નથી. મિત્રો અને સગાંઓ વચ્ચેનો પ્રેમ બહુ મહત્ત્વનો નથી. આ લોકો એકબીજા સાથે પ્રેમ કરે છે એ સ્વાર્થનો હોય છે – જ્ઞાનનો હોતો નથી. જ્ઞાનપૂર્વકનો પ્રેમ તો જેઓ વિરોધીઓ કહેવાય છે તેમની વચ્ચે જ હોઈ શકે. આને માટે, આપણા વિરોધી અગર આપણને પીડનાર તરફ બતાવી શકાય એટલી નિર્મળ શુભેચ્છા અને શૌર્ય આપણામાં હોવાં જોઈએ.

ગઈ કાલે તમે ગયા પછી તમારા વિરોધીઓએ જે આક્ષેપો તમારી સામે કર્યા તે, મહેરબાની કરીને, ઉપર કહ્યું એ દૃષ્ટિએ વિચારી એના જવાબ આપો.[૨]

આમાંનો કોઈ આક્ષેપ માનવો મારા માટે મુશ્કેલ છે. આનો જવાબ તમે અત્યારે જ આપો એ જરૂરનું નથી. હું તમને કહું ત્યારે આપજો. પણ જો આ બધાનો તમે સ્પષ્ટ લેખિત જવાબ આપી શકતા હો તો આપજો.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

૧. મિરબેલે આનો જવાબ ૯ઠ્ઠી જુલાઈએ આપ્યો, જુઓ પુસ્તક ૨૮, "આંત્વાનેત મિરબેલને પત્ર", ૧૩–૮–૧૯૨૫.

૨. અહીં મૂળ લખાણમાં એક વાક્ય છે જે દેખીતી રીતે મહાદેવ દેસાઈએ લખ્યું હશે. તે આ પ્રમાણે છે: રચનાત્મક કાર્યક્રમમાં વિઘ્ન કરવું, કૉંગ્રેસ સભ્યોને દગો દેવો, સૂતર ભેગું કરવું, કૉંગ્રેસનું ફર્નિચર પાછું આપવાનો ઇનકાર કરવો વગેરે આક્ષેપો છે.

Gandhi Heritage Portal

# ૧૪૪. એક પત્ર પર વિવરણ[1]

[જૂન ૧૬, ૧૯૨૫ પહેલાં]

ઉપરનો પત્ર મને જેવો મળ્યો તેવો ને તેવો છાપતાં મને આનંદ થાય છે. સરદાર જોગેન્દ્રસિંહે આ પત્ર પોતાના ખરા દિલથી લખ્યો છે. તેમની સલાહ મારે મન કીમતી છે. સરદારજીએ ઉલ્લેખ કર્યો છે તે વાર્તાલાપ મને બરાબર યાદ છે. સ્વરાજવાદીઓ સાથે કરેલું સમાધાન સલાહ-કારક છે કે કેમ, એ વિષે તેમણે શંકા ઉઠાવી છે. એ સમજૂતી કર્યાને આજે નવ મહિના થઈ ગયા છે. એ સમાધાન વિષે પસ્તાવો કરવાનું મને કંઈ જ કારણ દેખાયું નથી. મેં સિદ્ધાંતનો કોઈ ભોગ આપ્યો નથી. કૉંગ્રેસ કોઈ એક વ્યક્તિની મિલકત નથી. મારા અભિપ્રાય મુજબ એ એક લોકશાહી સંસ્થા છે. અને તે દુનિયામાં ભાગ્યે જ જોવા મળે તેવો સૌથી વિશાળ અને સમજદાર મતાધિકાર ધરાવે છે. કારણ કે તે શ્રમના ગૌરવને બંધારણપૂર્વક માન્ય રાખે છે. હું તો એમ ઈચ્છું કે એ જ તેની એકમાત્ર કસોટી હોય. એ સંસ્થા અસત્ય અને અહિંસાનો અપવાદ કરતાં બધા પ્રકારની વિચારસરણીને પોતાનામાં સમાવી શકે છે. મતાધિકારની લડત મારફતે સ્વરાજવાદીઓને પોતાની અપેક્ષાઓનો અમલ કરાવવાનો સંપૂર્ણ અધિકાર હતો. મારી એ માટે તૈયારી નહોતી; કારણ, મતદાનની શક્તિ વડે લોકોને નૈતિક રીતે નીચે ઉતારી દઈ શકાય છે એ વાતનો મને અનુભવ થયો છે. લોકોમાં સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ નથી હોતી ત્યારે તો ખાસ એવું બને છે. એક શાણા માણસ તરીકે સ્વરાજવાદીઓની વધતી જતી તાકાતને પિછાનવાની મારી ફરજ હતી. તેઓ રચનાત્મક કાર્યક્રમને આગળપડતું સ્થાન આપવા તૈયાર હતા. એમની પાસેથી એનાથી વધુ આશા ન રાખી શકાય. મેં તેમને મતદાન દ્વારા નિર્ણય કરવાની ફરજ પાડી હોત તો તેઓએ ધારાસભાપ્રવેશને માત્ર રાષ્ટ્રીય કાર્યક્રમ જ ન બનાવ્યો હોત, પણ લડાઈની ગરમીમાં રચનાત્મક કાર્યક્રમને ફગાવી દીધો હોત, અથવા તો તેને સાવ નજીવું સ્થાન આપ્યું હોત. આટલી વાત સિદ્ધાંત અંગે.

વ્યવહારમાં આ સમજૂતીને પરિણામે ધારાસભાવાદીઓ તથા નાફેરવાદીઓ વચ્ચેની કડવાશ ઘણે અંશે શમી ગઈ છે. એને લીધે બંને પક્ષના લોકો સંયુક્ત કાર્યક્રમનો અમલ, પ્રમાણમાં સુમેળથી કરતા થયા છે. દક્ષિણમાં મને આ કરારના ફાયદા જોવા મળે છે. બંગાળમાં પણ તે મને જોવા મળે છે. સ્વરાજવાદીઓ નિષ્ફળ ગયા છે, એ અભિપ્રાય સાથે હું સંમત થતો નથી. ચૂંટણીની ધમાલ વખતે અપાયેલાં વચનોને હું બહુ મહત્ત્વ આપતો નથી. લગ્ન વખતે અપાતાં વચનોની જેમ ચૂંટણી વખતે અપાયેલાં વચનોને વધુ પડતું મહત્ત્વ ન આપવું જોઈએ. એક વાર આપણે એ ભૂમિકાનો સ્વીકાર કર્યો કે ધારાસભાઓમાં કંઈ બધું જ ખરાબ નથી, પછી સ્વરાજવાદીઓએ પોતાની સિદ્ધિઓ માટે શરમાવાનું કંઈ કારણ નથી. તેઓ ધારાસભાખંડમાં નિર્ભયપણે બોલ્યા છે; તેમણે સરકારને મતો દ્વારા માત કરી છે. તેમણે સરકારને એ પણ બતાવી આપ્યું છે કે તેણે જ ઊભાં કરેલાં મતદારમંડળોનો તેના પર વિશ્વાસ નથી. ધારાસભામાં અત્યાર સુધી જોવા ન મળે તેવી શિસ્ત અને એકતા તેમણે બતાવ્યાં છે. અને (કંઈ નહીં તો

૧. આ પત્ર ૧૯૨૫ના જૂનની ૧૬મીએ દાર્જિલિંગમાં થયેલા દેશબંધુ દાસના અવસાન પહેલાં લખાયો હતો. સરદાર જોગેન્દ્રસિંહના પત્ર માટે જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

મારે માટે) સૌથી વધારે તો એ છે કે, તેમણે આ નિષિદ્ધ સ્થળે ખાદીને પ્રવેશ આપ્યો છે અને જે પોશાક આપણે શરમના માર્યા કે ડરીને, માત્ર ઘરમાં જ પહેરતા તે આપણો રોજિંદો રાષ્ટ્રીય પોશાક પહેરીને ધારાસભામાં જતાં તેઓ અચકાતા નથી. સ્વરાજવાદીઓની આ કામગીરી શું સરકારને વારંવાર વિચાર કરતી નથી કરી મૂકતી? એ સાચું છે કે સરકાર લોકમતને અવગણીને ચાલે છે. એ પણ સાચું છે કે વિરોધમાં ઘણા મત હોવા છતાં સરકાર પોતાની રીતે જ ચાલે છે. સ્વરાજવાદીઓ આમાં કંઈ કરી શકે એમ નહોતું. જો તેમની પાસે પીઠબળ હોત તો તેમણે સરકારને ઉથલાવી પાડી હોત અને તેમના મતનો અનાદર કરવા તેને પડકારી હોત. પણ હજી એ તાકાત આવવાની બાકી છે. તે ધીમે ધીમે પણ મક્કમ રીતે આવી રહી છે. સરકાર સમજે છે કે લોકમતને હમેશને માટે ઠોકરે ચડાવી શકાતો નથી. સ્વરાજવાદીઓએ સરકારને તેની આ નબળાઈનું પહેલાં કરતાં વધુ સારી રીતે ભાન કરાવ્યું છે. મારે તેમની સાથે રાજકીય મતભેદ છે, પણ તેમની હિંમત, શિસ્ત અને દેશપ્રેમ માટે મને ખૂબ જ માન છે. અને મારે મારા સિદ્ધાંતોને વફાદાર રહીને મારાથી શક્ય હોય તેટલી રીતે તેમને મદદ કરવી જોઈએ અને તેમને બળ આપવું જોઈએ. તેઓ મને રાખવા ઇચ્છે ત્યાં સુધી જ હું કૉંગ્રેસનો મુખી રહી શકું. જે બાબતમાં હું તેમને મદદ ન કરી શકું તેમાં અંતરાય નાખવાની તો મારે ઘસીને ના જ પાડવી જોઈએ.

અંગત રીતે અહિંસક અસહકાર મારે માટે તો એક ધર્મસિદ્ધાંત છે. અસહકાર એ તત્ત્વત: તો સહકાર જ છે અને તે લશ્કરી બળ કરતાં પણ વધુ બળવાન છે, એ સરદારજીના કથનનું હું પૂરા દિલથી સમર્થન કરું છું. અને જો હું હિંદના મોટા ભાગના શિક્ષિત લોકોને ગળે મારા વિચારો ઉતારી શકું તો સ્વરાજ વધુ પ્રયાસ વિના મળી શકે. આ દેશ માટે જ નહીં પણ ખરેખર દુનિયા માટે અહિંસા વિના સાચી શાંતિ સ્થપાઈ શકે એમ નથી, એવી મારી માન્યતા ઉત્તરોત્તર વધુ ને વધુ દૃઢ બનતી જાય છે. એટલે રેંટિયો મારે માટે માત્ર સાદાઈ કે આર્થિક સ્વાતંત્ર્યનું પ્રતીક નથી, પણ તે શાંતિનું પ્રતીક છે. કારણ કે જો આપણે હિંદુ, મુસલમાન, શીખ, ખ્રિસ્તી, પારસી અને યહૂદીઓ હિંદમાં રેંટિયાને સાર્વત્રિક બનાવવાના કામમાં એક થઈશું, તો આપણે સાચું ઐક્ય પ્રાપ્ત કરીશું અને પરદેશી કાપડને હાંકી કાઢીશું એટલું જ નહીં પણ આપણે એવાં આત્મવિશ્વાસ અને વ્યવસ્થાશક્તિ મેળવ્યાં હશે જે આપણું સ્વાતંત્ર્ય મેળવવા અંગે હિંસાના ઉપયોગને બિનજરૂરી બનાવી દેશે. એટલા માટે મારે મન રેંટિયાની સફળતા એટલે જ અહિંસાનો વિજય. અને તે એવો વિજય કે જે આખી દુનિયા માટે એક બોધપાઠની ગરજ સારશે.

સરદારજી મને ગામડાંઓમાં રેંટિયાની સાથોસાથ વિદ્યુત શક્તિ દાખલ કરવાની સલાહ આપે છે. મને ભય છે કે તેમને માત્ર પંજાબનાં થોડાં ગામડાંનો જ પરિચય છે. જો તેઓને મારી જેમ આખા હિંદના જીવનનો પરિચય હોત તો તેઓ જે ખાતરીથી વીજળીની વાત કરે છે તે ન કરત. હિંદની અત્યારની પરિસ્થિતિમાં આપણાં ગામડાંમાં સાર્વત્રિક રીતે વીજળી દાખલ કરવાની દરખાસ્ત તદ્દન અવ્યવહારુ છે. ભવિષ્યમાં એવો વખત આવે ખરો. પણ રેંટિયો દરેક ઘરમાં કાયમી સ્થાન ન મેળવે ત્યાં સુધી એ શક્ય નથી. એટલે ભળતા જ પ્રશ્નો અને ખોટી આશાઓ ઊભી કરી લોકોના મનને ડહોળી નાખવામાં ન આવે તે વિષે હું ચિંતા સેવું છું. સરદારજી કહે છે તેટલો જ રેંટિયાનો અર્થ હોય તોપણ જ્યાં સુધી તેને પૂરી સફળતા ન મળે ત્યાં સુધી આપણે તેના પર જ એકાગ્ર થવું જોઈએ. અને જ્યારે તે દ્વારા આપણે ગ્રામજનોના જીવન જીવવા જેવાં બનાવી શક્યા હોઈશું અને કામ વગરના મહિનાઓમાં તેમને પ્રતિષ્ઠિત

Gandhi Heritage Portal

અને નફાકારક ઉદ્યોગ આપી શકીશું ત્યારે તેમને વધુ સુખી બનાવવા માટે જે કંઈ ઉમેરવા જેવું હશે તે તેની પાછળ પાછળ એની મેળે જ આવશે. સરદારજીને હું ખાતરી આપું છું કે હું ખાસ કરીને યંત્રોનો વિરોધી નથી. આમ જોઈએ તો રેંટિયો પોતે પણ એક યંત્ર જ છે. પણ લોકોના શોષણ માટે ઊભાં કરવામાં આવેલાં બધાં યંત્રોનો હું પાકો દુશ્મન છું.

અંગ્રેજોને આપણા ઐક્યના વર્તુળમાંથી બાકાત રાખવામાં આવશે, એવો ભય સરદારજી ન રાખે. કારણ કે આપણા વર્તુળમાં તો જે કોઈ જન્મથી કે સ્વીકાર કરીને પોતાને હિંદી કહેવડાવવાનું પસંદ કરે છે, તે બધાનો સમાવેશ થાય છે. તેમાં બધા વર્ગો ને જાતિઓ સમાઈ જાય છે. એ જ રીતે આ ઐક્યનો હેતુ કોઈ રાષ્ટ્રનો કે વ્યક્તિઓનો, ડાયરનો પણ વિરોધ કરવાનો નથી. કારણ કે એનું લક્ષ્ય લોકોનો નાશ કરવાનું નહીં પણ તેમનું પરિવર્તન કરવાનું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

## ૧૪૫. મહમદઅલીને તાર

ખુલના,
[જૂન ૧૭, ૧૯૨૫]

દિલ્હીની તકલીફ[1] બાબતમાં તેના ગુણદોષ વિષે કંઈ પણ કહેવા ઇચ્છતો નથી. તમારી ઈમાનદારી તથા ખુદાપરસ્તી પર પૂર્ણ વિશ્વાસ છે. ઈશ્વર આપણને સૌને દોરો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૬૪૪

## ૧૪૬. વાસંતીદેવી દાસને તાર[2]

[ખુલના,
જૂન ૧૭, ૧૯૨૫]

વાસંતીદેવી દાસ
સ્ટેપસાઇડ
દાર્જિલિંગ

મારું હૃદય તમારી સાથે. ઈશ્વરના આશીર્વાદ તમારા પર ઊતરો. તમે બહાદુર બનો એવી આશા. બેબીએ[3] બહુ શોક ન જ કરવો જોઈએ. સાંજે કલકત્તા પહોંચું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૬૪૪

૧. સંદર્ભ સ્પષ્ટ નથી.

૨. આ અને આ પછીના તાર તા. ૧૬મી જૂને સી. આર. દાસના દાર્જિલિંગમાં થયેલા અવસાન પછી થયા હતા. ગાંધીજીને આ સમાચાર બીજે દિવસે ખુલનામાં મળ્યા.

૩. મોના દાસ.

Gandhi Heritage Portal

## ૧૪૭. સત્કોડીપતિ રૉયને તાર

[ખુલના,
જૂન ૧૭, ૧૯૨૫]

અણધાર્યું બન્યું. પણ ઈશ્વર મહાન છે. અગત્યના કાર્યક્રમો પતાવવા પહેલી ગાડી જતી કરું છું. બપોરે નીકળું છું. પહોંચતાં સુધી છેવટની સ્મશાનયાત્રાની વ્યવસ્થાને રોકવા પ્રાર્થના. શબને રસા રોડ લાવવા વિરુદ્ધ વજૂદવાળાં કારણો મિત્રો પાસે ન હોય તો તેમ કરવું. દેશનું કામ અટકવું ન જોઈએ, પણ તેમનો મહાન આત્મા અને ઉમદા દૃષ્ટાંત આપણને દોરી રહ્યાં છે, એટલે તે બમણા વેગથી આગળ ધપવું જોઈએ. આશા છે કે પક્ષના મતભેદો શમી જશે ને બંગાળની આ પૂજનીય મૂર્તિ અને હિંદના મહાન સેવકની સ્મૃતિનું સન્માન કરવામાં બધા હૃદયપૂર્વક જોડાશે. આસામનો પ્રવાસ રદ કરું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૦૬૪૪

## ૧૪૮. ઊર્મિલાદેવીને તાર

[ખુલના,
જૂન ૧૭, ૧૯૨૫]

ઊર્મિલાદેવી,

પ્રિયજનોના મૃત્યુથી દુ:ખ થાય એ સ્વાભાવિક છે. શૂરવીર લોકો શાંત રહે છે. હું ઇચ્છું છું કે તમે શૂરવીર બનો અને દરેક માણસને તમારો સહોદર બનાવો. સાંજે પહોંચું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી : એસ. એન. ૧૦૬૪૪

Gandhi Heritage Portal

## ૧૪૯. મોના દાસને તાર

[ખુલના,
જૂન ૧૭, ૧૯૨૫]

મોના,

પિતાની સાચી પુત્રી બનો અને બહાદુર બની, ન પુરાય તેવી ખોટનો સામનો કરો. ઈશ્વર તને સાંત્વન આપો. આશા રાખું છું કે તું ભોમ્બલ અને સુજાતાને આશ્વાસન આપીશ. સાંજે પહોંચું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૬૪૪

## ૧૫૦. વલ્લભભાઈ પટેલને તાર

[ખુલના,
જૂન ૧૭, ૧૯૨૫]

વલ્લભભાઈ પટેલ,

દેશબંધુનું દાર્જિલિંગમાં હૃદયરોગથી અવસાન થયું. મૃતદેહ આવતી કાલે કલકત્તા પહોંચશે. આજે ત્યાં જવા નીકળું છું. પ્રસંગને અનુરૂપ શોક પાળજો. બધા પક્ષોને આમંત્રણ આપજો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૬૪૪

## ૧૫૧. સરોજિની નાયડુને તાર

[ખુલના,
જૂન ૧૭, ૧૯૨૫]

સરોજિની નાયડુ,
હૈદરાબાદ

દેશબંધુનું ગઈ કાલે દાર્જિલિંગમાં અવસાન થયું. ઈશ્વરના હેતુને કોણ જાણી શકે કે મિથ્યા કરી શકે? જો આ ખોટ પૂરવામાં તમારી બધી શક્તિ કામે લગાડવી હોય તો તમારા આરામમાં તમારે બિલકુલ વિક્ષેપ ન પડવા દેવો જોઈએ,

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૬૪૪

Gandhi Heritage Portal

## ૧૫૨. મૌલાના શૌકતઅલીને તાર[1]

[ખુલના,
જૂન ૧૭, ૧૯૨૫

દેશબંધુ ગયા. બધું ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જ થાય છે. તે સર્વશક્તિમાન છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૬૪૪

11605

## ૧૫૩. વાઈકોમના સત્યાગ્રહ આશ્રમને તાર[2]

[જૂન ૧૭, ૧૯૨૫]

સત્યાગ્રહ આશ્રમ
વાઇકોમ

મેં સાંભળ્યું છે કે મનાઈહુકમ પાછો ખેંચાયો છે. મારાં અભિનંદન. આશા છે કે કડવાશ ઊભી કરે તેવા દેખાવો અને રૂઢિચુસ્તોને ભડકાવે તેવી નકામી પ્રવૃત્તિ નહીં થાય.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૬૪૪

## ૧૫૪. એક અપીલ[3]

જૂન ૧૭, ૧૯૨૫

પ્રિય દેશબંધુઓ,

સમસ્ત રાષ્ટ્ર આજે દેશબંધુ ચિત્તરંજન દાસના અવસાનથી શોકમગ્ન છે. પરંતુ આપણે શોક શા માટે કરવો જોઈએ? દેશબંધુ મૃત્યુ પામ્યા છે છતાં તેઓ આપણા મનમાં તો જીવંત જ રહેશે. તેમણે અધૂરું મૂકેલું કામ આપણે ઉપાડી લેવું જોઈએ. સૌથી પહેલો પાઠ આપણે એમના મૃતદેહને ઘટતું આદરમાન આપીને શરૂ કરવાનો છે. તેમના પ્રત્યેનો આપણો સ્નેહ આંધળો નહીં પણ બુદ્ધિપૂર્વકનો હોવો જોઈએ.

૧. આ તારને અંતે ગાંધીજીએ લખ્યું હતું : મહમદઅલીને આવો જ તાર મોકલો અને એમાં ઉમેરો : “મૌલાના અબુલકલામને જણાવો.”

૨. માર્ચ ૧૯૨૫માં ગાંધીજી કેરળના પ્રવાસે ગયા હતા અને તેમણે કે. કેલપ્પન નાયર વગેરે સ્થાનિક નેતાઓ તથા ત્રિવેન્દ્રમના પોલીસ કમિશનર ડબલ્યુ. એસ. પિટ સાથે વાતચીત કરી હતી. પાછળથી મિ. પિટ સાથે તેમણે આ પ્રશ્ન વિષે સંપર્ક જારી રાખ્યો હતો. જુઓ પુસ્તક ૨૬, પા. ૨૯૬–૭. આ પત્રવ્યવહાર ૨૪મી માર્ચે પ્રસિદ્ધ કરતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે તેમાં સામેલ કરેલી ‘સમજૂતી’ સુધારા માટેના આંદોલનમાં થોડી પ્રગતિ દર્શાવે છે.

૩. આ અપીલ ચોપાનિયાના રૂપમાં વહેંચવામાં આવી હતી.

ગાંધી સ્મારક સંગ્રહાલય

Gandhi Heritage Portal

તેમની શબવાહિની જ્યારે સ્યાલદા સ્ટેશને પહોંચશે ત્યારે લોકોનો ખૂબ જ ધસારો થવાનો સંભવ છે. જો આપણે એમ ઇચ્છતા હોઈએ કે દરેક ભાઈબહેન તેમને અંજલિ આપવાની ઇચ્છા પૂરી કરી શકે તો નીચેના નિયમોનું પાલન થવું જોઈએ :

૧. મોટેથી બોલી અવાજો ન કરવા.
૨. ગાડીના ડબ્બા તરફ ધસારો ન થવો જોઈએ. લોકો પોતે ઊભા હોય ત્યાં જ ઊભા રહે ને ધક્કામુક્કી કરીને મેદનીમાં આગળ જવાની કોશિશ ન કરે.
૩. અર્થી વહન કરનારાઓને પસાર થવા માટેનો રસ્તો ખુલ્લો રહેવો જોઈએ.
૪. પરવાનગી આપવામાં આવી હોય તેવા કીર્તનકારો અને બીજાઓ સિવાય મોખરે કોઈએ ન રહેવું. જેઓ સરઘસમાં ભાગ લેવા ઇચ્છતા હોય તેમણે મહેરબાની કરીને પાછળના ભાગમાં આવી જવું.
   તેમણે પોતાની હરોળ તોડવી નહીં.
૫. સ્મશાનઘાટ પર, ચિતાના સ્થાન તરફ ધસારો ન થવો જોઈએ. મૃતદેહને લોકોનાં દર્શન માટે ખુલ્લો મૂકવાનું બની શકશે નહીં, કારણ કે અવસાનને ત્રણ દિવસ થઈ ગયા હોવાથી તે સડવાની સ્થિતિમાં આવી ગયો હોવો જોઈએ.
૬. મહેરબાની કરી યાદ રાખો કે સદ્‌ગત દેશભક્તની સ્મૃતિને સાચી અંજલિ આપવા માટે એ જરૂરી છે કે આપણે આપણી લાગણીનો ક્ષણિક ઊભરો પ્રગટ કરવાને બદલે દેશબંધુ જે વારસો તેમની પાછળ મૂકી ગયા છે, તેને લાયક બનવાનો હૃદયથી સંકલ્પ કરીએ.

આપનો સેવક
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १९–६–१९२५

## ૧૫૫. સ્વ. દેશબંધુ દાસ

કલકત્તા,
જૂન ૧૭, ૧૯૨૫

જ્યારે હૃદયને ઊંડો ઘા લાગે છે ત્યારે કલમ ચાલતી જ નથી. હું એવડા શોકસાગરમાં ડૂબેલો છું કે અત્યારે તારથી ઝાઝું કહેવું – મોકલવું મારે સારુ અશક્ય થઈ પડ્યું છે. એ મહાન દેશભક્તના સમાગમમાં જે પાંચ દિવસ મેં હમણાં જ દાર્જિલિંગમાં ગાળ્યા તેણે અમને અમે અગાઉ કદી નહોતા તેટલા નિકટ આણ્યા હતા. દેશબંધુ મહાન તો હતા જ, પણ તે સાથે તેઓ કેટલા ભલા પણ હતા એ મેં આ વખતે જોયું. આજે હિંદુસ્તાનનું અણમૂલું રત્ન ખોવાયું છે. પણ આપણે સ્વરાજ મેળવીને તેને પાછું મેળવીએ.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८–६–१९२५

ભાષાંતર : नवजीवन, २१–६–१९२५

Gandhi Heritage Portal

# ૧૫૬. ખુલનાની સાર્વજનિક સભામાં ભાષણ[1]

જૂન ૧૭, ૧૯૨૫

તમારાં અભિનંદ પત્રો માટે અને પૈસા માટે તમારો આભાર માનું છું. તમે આચાર્યશ્રીના મુખે સાંભળ્યું કે આપણા ઉપર કેવી આપત્તિ આવી પડી છે. હું જાણું છું કે આપણે હિંદના સાચા સેવક હોઈએ તો આપણે કોઈ પણ દુ:ખથી હારીશું નહીં. મારી સામે આજે પ્રાત:કાળમાં ધર્મસંકટ આવી ઊભું. મારું કર્તવ્ય હતું કે આ ખબર સાંભળી પહેલી ટ્રેનથી કલકત્તા જવું. અને મારું કર્તવ્ય તમારી આગળ પણ હતું કે જે કોઈ કાર્યક્રમ અહીં નક્કી થયો છે તે પૂરો કરવો. સેવાભાવથી, અહીંનું કાર્ય પૂરું કરવાનું મેં પસંદ કર્યું. પણ હમેશાં હું જે વાતો કરું છું તે ન કરતાં એના બદલે આજે તો દેશબંધુના સ્મરણની વાતો કરવા ચાહું છું. અને આ જે હું કરી રહ્યો છું—કલકત્તે જતી પહેલી ટ્રેન નહીં પકડવાનું—તે વાત પણ એમનો આત્મા પસંદ કરે છે.

દેશબંધુ હિંદના એક મહાન પુરુષ હતા.[2] મારો સંબંધ એમની સાથે આજે છ વર્ષનો છે. (ગાંધીજીની આંખમાં આંસુ આવ્યાં) અને થોડા જ દિવસ પહેલાં દાર્જિલિંગમાં એક મિત્ર આગળ મેં એ વાકય ઉચ્ચાર્યું કે એમની સાથેનો સંબંધ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ એમને માટે પ્રેમભાવ વધતો જાય છે. દાર્જિલિંગમાં મારા એમની સાથેના સંપર્કમાં મેં જોયું કે એમના દિલમાં હિંદુસ્તાનના ભલા સિવાય બીજી કોઈ વાત જ નહોતી. આ હું વિનયની ખાતર નથી કહેતો પણ આ મારા હૃદયના ઉદ્ગાર છે. હિંદુસ્તાનની સ્વતંત્રતા એમનો મંત્ર હતો. અને હું આપને સાક્ષી આપવા માગું છું કે આખર સુધી એ જ વાત એમણે મને કહી કે બંગાળમાં જેટલા પક્ષ છે તેટલાને એકત્ર કરવાનો વ્યવસાય કરું અને હિંદની આઝાદી માટે જેટલી સહાય દઈ શકાય તેટલી દઉં.

જેમને એમનું બધું કાર્ય પસંદ નહોતું અને જેઓ એમની ટીકા કરવાવાળા છે તેમને મોઢે પણ મેં સાંભળ્યું છે કે બંગાળમાં દાસનું સ્થાન લેવાવાળો કોઈ પણ માણસ નથી. એમણે કહ્યું, "અમે એમની ટીકા કરી શકીએ છીએ, પણ એમનું સ્થાન ન લઈ શકીએ."

દેશબંધુ નિર્ભય હતા. એમનો, બંગાળના નવજુવાનો ઉપરનો પ્રેમ અસીમ હતો. નવયુવક લોકો, જે આ ભ્રમણમાં મારા સંબંધમાં આવ્યા છે તેમણે મને કહ્યું છે કે અમે અમારો હાથ એમની આગળ લંબાવ્યો હોય અને એમણે અમને કશું ન આપ્યું હોય એવું કદી બન્યું નથી. દેશબંધુએ લાખો રૂપિયા પેદા કર્યા અને લાખો રૂપિયા બંગાળના નવયુવકોને દીધા. એમનો ત્યાગ પ્રથમ પંક્તિનો હતો. અને એમનાં બુદ્ધિ અને ચાતુર્યની વાત કરનાર હું કોણ?

આપને એક બીજી વાત સુણાવવા માગું છું. એમણે મને એક વખત નહીં પણ અનેક વખત સુણાવ્યું છે કે હિંદુસ્તાનની સ્વાધીનતા—સ્વરાજ—બે વાત ઉપર નિર્ભર છે—શાંતિ

૧. સ્થાનિક સંસ્થાઓ, મ્યુનિસિપાલિટી, ડિસ્ટ્રિક્ટ બોર્ડ અને જનસંઘ તરફથી ગાંધીજીને સાત માનપત્રો અપાયાં હતાં. સી. આર. દાસના અવસાનના સમાચાર સર પી. સી. રાયે જણાવ્યા.

૨. છાપાનો હેવાલ જણાવે છે કે ગાંધીજી લગભગ બેચેન થઈ ગયા અને એકાદ ક્ષણ તો બોલી પણ શક્યા નહીં.

Gandhi Heritage Portal

અને સત્ય. હિંદુસ્તાનના હિંદુમુસલમાન સમજી લે કે એમના દિલમાં ક્યાંય હિંદુ અને મુસ્લિમ વચ્ચે જરાય ભેદ નહોતો. હિંદમાં રહેવાવાળા અંગ્રેજ મહાશયોને કહેવા માગું છું કે એમના હૃદયમાં અંગ્રેજોની દુશ્મની ક્યાંય નહોતી. એમનું એક જ પણ હતું કે હું જીવું તોયે હિંદુસ્તાનના સ્વરાજ માટે અને મરું તોપણ એ હિંદુસ્તાનના સ્વરાજ માટે.

હિંદના આવા મહાન પુત્ર — સેવક — ને માટે આપણે શું કરીએ? રોવું સહેલું છે. પણ રોવાથી એમના આત્માને, મને કે એમનાં કુટુંબીઓને લાભ ન થઈ શકે. પણ જો કોઈ એમના જીવનનો મંત્ર હતો તે સિદ્ધ કરવા માટે, હિંદુ, મુસ્લિમ, ઈસાઈ અને હિંદમાં રહેવાવાળા બીજા સૌ યથાશક્તિ કટિબદ્ધ થઈ જાય. ઈશ્વરનું અસ્તિત્વ માનવાવાળા આપણે સમજી લઈએ કે શરીર ક્ષણિક છે, આત્મા શાશ્વત છે. દેશબંધુના ક્ષણિક શરીરનો નાશ થઈ ગયો — આત્માનો નાશ અસંભવ છે. એટલું જ નહીં, જે પુરુષે હિંદસ્તાનની આવડી મોટી સેવા કરી છે અને આટલો બધો ત્યાગ કર્યો છે તેનું નામ હમેશને માટે અમર છે. અને નવયુવક કે વૃદ્ધ, પુરુષ કે સ્ત્રી, જેટલે અંશે દેશબંધુના ગુણોનું પોતાના જીવનમાં અનુકરણ કરશે તેટલે અંશે એ હમેશને માટે એમનું સ્મરણ કાયમ રાખશે.

દેશબંધુનાં બુદ્ધિ અને ચાતુર્ય અમારામાં નથી. પણ એમની અને આપણી વચ્ચે એકબે વસ્તુ છે જે એઓ પણ કરી શકે અને આપણે પણ કરી શકીએ.

દેશબંધુ ચરખો ચલાવવાની પટનામાં કોશિશ કરતા હતા; અને દાર્જિલિંગમાં કરી. એમને ચરખો શીખવવાવાળો દાર્જિલિંગમાં હું હતો. અને એમણે મારી આગળ પ્રતિજ્ઞા કરી હતી કે જ્યાં સુધી મારું શરીર કબૂલ કરશે ત્યાં સુધી એ હું સરસ શીખી લઈશ. દાર્જિલિંગમાં એમણે પોતાના ઘરને ચરખાશાળા બનાવી દીધી હતી. એમનાં ધર્મપત્નીએ હમેશાં ચરખો ચલાવવાની પ્રતિજ્ઞા લીધી. એમની જે પુત્રી ત્યાં હતી તે, ભગિની, અને ભગિનીનાં પુત્રપુત્રી હમેશ ચરખો ચલાવતાં હતાં. એક વખત નહીં પણ અનેક વખત એમણે કહ્યું — "કાઉન્સિલમાં જવાનું આવશ્યક માનું છું, ન જવાથી કામ રોકાય; પણ એ પણ કહું છું કે ચરખો આવશ્યક છે એટલું જ નહીં પણ ચરખા વિના કાઉન્સિલનું કાર્ય થવું અશક્ય છે." જ્યારથી એમણે ખાદીનો સ્વીકાર કર્યો ત્યારથી મૃત્યુપર્યંત ખાદીનો અસ્વીકાર નથી કર્યો.

હિંદુમુસ્લિમને એક કરવા માટે એમણે કેટલું કર્યું છે તે હું શું સંભળાવું? અસ્પૃશ્યોને માટે એમના મનમાં કેટલો પ્રેમ હતો એ તમને આજે શું સંભળાવું? કાલે રાત્રે જ્યારે અમે બારીસાલ છોડયું ત્યારે મને એક જણે કહ્યું કે દેશબંધુએ મને સૌથી પહેલી મદદ આપી અને પછી ડૉ. રાયે. તમે સૌ કાઉન્સિલમાં નથી જઈ શકતા. પણ તમે સૌ આ ત્રણેય કામ જરૂર કરી શકો છો.

હું મને હિંદુસ્તાનનો વફાદાર સેવક માનું છું અને મને પોતાને દેશબંધુનો વફાદાર ભાઈ અને સાથી માનું છું. દેશબંધુના દેહાંતની વાત સાંભળીને આજે તમારી આગળ એ પ્રતિજ્ઞા લેવા માગું છું કે જેટલી સહાય મેં કાઉન્સિલવાળાને મારી રાય રાખીને દીધી છે, તેનાથી અધિક સહાય, એમને અને એમના અનુયાયીઓને દઈશ. ઈશ્વરને મારી પ્રાર્થના છે કે મારા હાથથી એવું એકેય કાર્ય ન થાઓ, મારા મોંમાંથી એવી એકેય વાત ન નીકળો કે જેથી હું એમના કાર્યમાં જરા પણ વાંધો નાખું. કાઉન્સિલ વિષે અમારા બંને વચ્ચે મતભેદ હતો પણ એ મતભેદ છતાં દિલનો મેળ રહેલો. એવા મતભેદ તો પૃથ્વી હશે ત્યાં સુધી રહેશે. એ મતભેદ છતાં સમજી શકું

Gandhi Heritage Portal

છું કે જે દેશપ્રેમ મારી પાસે અમુક કાર્ય કરાવે છે તે એમની પાસે બીજું કરાવે છે. હિંદને એમાં હાનિ નથી. હાનિ તો ત્યારે જ હોય કે દિલમાં એક વાત રાખીએ અને મુખે બીજી વાત કરીએ.

દેશબંધુની સાથેના દાર્જિલિંગના પાંચ દિવસના પરિચયથી હું એ પણ જોઈ શક્યો કે એઓ પોતાના હૃદયની કોમળતા દિનપ્રતિદિન વધારતા હતા અને મતભેદવાળાઓ તરફ પણ પ્રતિદિન એમનો પ્રેમ વધતો જતો હતો, પણ એ પવિત્ર સ્મરણનું વર્ણન અયોગ્ય માનું છું.

આખરે આ સભાને એક જ વાત કહેવા માગું છું કે દેશબંધુ હિંદુસ્તાનના એક બડા જવાહિર હતા. હિંદુસ્તાનની એમની સેવા અપ્રતિમ હતી. અને હું ઇચ્છું છું અને પ્રાર્થના કરું છું કે એમના સેવાભાવ, પ્રેમભાવ, ત્યાગ આપણા સૌમાં આવે. આપણો માર્ગ વિકટ છે અને એ પંથની યાત્રામાં જેટલી સહાય મળે તેટલી ચાહીએ છીએ. છતાં સ્વતંત્રતાના પૂજારીએ બીજી સહાયનો ત્યાગ આવશ્યક ગણી પોતાના જ પુરુષાર્થ ઉપર નિર્ભર રહેવું જોઈએ એ પણ દેશબંધુનો જીવનમંત્ર હતો. આત્મા જ આત્માનો શત્રુ અને બંધુ છે. આપણે સૌ દેશબંધુના જેવા સ્વાશ્રયી થઈ જઈએ. ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૮–૬–૧૯૨૫

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૫૭. નોંધ

### દાર્જિલિંગમાં[1]

દેશબંધુ દાર્જિલિંગમાં વસતા ન હોત તો અત્યારે દાર્જિલિંગ જવાનો મને ભાગ્યે જ વિચાર આવત, જોકે હિમાલયનાં બર્ફાની શિખરોની હારના દેખાવ જોવાની લાલચ તો દાર્જિલિંગ જવાનો વિચાર કરવામાં હતી ખરી. મને લાગેલું કે દાર્જિલિંગમાં વસનારા સુધરેલ લોકો આગળ રેંટિયાનો સંદેશો કહેવો એ નર્યું સાહસ તો નહીં થાય? પણ મારી બીક સાવ ખોટી ઠરી. મને તો દાર્જિલિંગમાં એક સભા ભરાય તેટલી બહેનો મળી જેમણે મારો રેંટિયાનો સંદેશો લાગણીપૂર્વક સાંભળ્યો. મરહૂમ વ્યોમેશચંદ્ર બૅનરજીનાં પુત્રી મિસિસ બ્લૅર ત્યાં એ બધી સુધરેલી બહેનોને માટે એક રેંટિયાવર્ગ ચાલુ કરવાનાં હતાં. ખ્રિસ્તી પાદરીઓનું પણ અહીંયાં થાણું છે. જેમની એક નાનકડી સભા આગળ પણ મારો સંદેશો રજૂ કરવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું. આ વિષે વધુ વિસ્તારથી કદાચ ફરીથી લખીશ. ઉપરાંત અહીંયાં મને નેપાળી ભુટિયા અને બીજા લોકોમાંથી પણ આટલાં બધાં ભાઈબહેનોનાં દર્શન થઈ શકશે એ હું જાણતો ન હતો. તેમનામાં મેં રેંટિયાના સંદેશાને વિષે ખૂબ રસ જોયો.

પણ મારો આનંદ પરમાવધિએ તો શ્રીમતી વાસંતીદેવીને કાંતતાં શીખતાં જોઈને અને માંદગી સિવાય દરરોજ ધર્મભાવનાપૂર્વક ઓછામાં ઓછો અરધો કલાક કાંતવાની પ્રતિજ્ઞા લેતાં જોઈને પહોંચ્યો. તેમનાં પુત્રીએ તો કાંતવાનું ક્યારનું શીખી લીધું છે. પણ પોતે હજુ સુધી તે તરફ કંઈક દુર્લક્ષ રાખેલું. હવે તેમણે રેંટિયાને અપનાવ્યો છે, અને રેંટિયા ઉપરાંત તકલી ઉપર

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૧–૬–૧૯૨૫ના અંકમાંથી આપ્યું છે.

Gandhi Heritage Portal

કાંતવાનું પણ દસ જ મિનિટમાં શીખી લઈને તેમણે કાંતવા માંડયું છે. દેશબંધુનાં બહેન શ્રીમતી ઊર્મિલાદેવી અને તેમનાં છોકરાંઓ તો આજે કેટલાક વખતથી નિયમિતપણે કાંતે છે. અને દેશબંધુએ પોતે પણ અમે દાર્જિલિંગ હતા તે દરમિયાન તકલી ઉપર કાંતવા માંડયું, જોકે આ કામ તેમને સરકારને હરાવવા અગર તો અસીલોને માટે કેસો જીતવાના કામ કરતાં વધુ મુશ્કેલ જણાયું! શ્રી વાસંતીદેવીએ દેશબંધુની વકીલાત કરતાં મને કહ્યું : "એમને તો ઈસ્કોતરાની કળ પણ કે દી ઉઘાડતાં આવડી છે? હું જ એમને ઉઘાડી દઉં ત્યારે. તેથી જ તો આટલું કાંતતાં શીખવું એમને આટલું ભારે થઈ પડયું છે તે આપ જોઈ શકો છો." પણ દેશબંધુએ તો મને ખાતરી આપી છે કે પોતે કાંતતાં શીખી લેવાનું છોડવાના નથી. પટણામાં હતા ત્યારે તેમણે શીખવાનું શરૂ કરેલું. પણ માંદગીને લીધે તે અધવચ જ અટકી પડયું. તેમણે મને કહ્યું કે "રેંટિયામાં તેમને પૂરેપૂરી શ્રદ્ધા છે અને તેને દેશમાં જમાવવાને ખાતર પોતે હરસ્તે તેની સહાયતા કરવા માગે છે." કલકત્તાના આ મેયરનું આખું ઘર દાર્જિલિંગ જેવા હવા ખાવાના સુધરેલ શહેરમાં કાંતતું અને ચોમેર કાંતવાનું વાતાવરણ પેદા કરતું જોઈ હરખનાં આંસુ આવે એમ હતું. દેશબંધુને ખાદી હવે કંઈ પ્રસંગપૂરતા વાપરવાની વસ્તુ રહી નથી. એ તો એમના જીવનનું અંગ બની ગઈ છે. તેઓ મને કહે છે કે હવે પોતે પરદેશી અગર મિલવણાટના કાપડ ઉપર પાછા જવા ઇચ્છે તોપણ તેમને તેમ કરવું મુશ્કેલ થઈ પડે.[1]

### સેક્રેટરી જોઈએ છે

હું આશા રાખું છું કે જેમને ગોરક્ષામાં રસ છે તે લોકો એવું નહીં માની લે કે મને સોંપાયેલ કામની હું અવગણના કરું છું. એ કામ સ્વીકારતી વખતે જ મેં સમિતિના સભ્યોને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો મને સારો સેક્રેટરી નહીં મળે તો આ સંઘના કોઈ પણ કામ માટે હું બિલકુલ નકામો નીવડીશ. સભ્યોને તથા આ પ્રવૃત્તિમાં રસ લેતા બીજા લોકોને જણાવતાં મને દુઃખ થાય છે કે મને સંતોષ આપે એવો સેક્રેટરી મેળવવામાં હું સફળ થયો નથી. તેને અંગ્રેજીનું સંપૂર્ણ જ્ઞાન અને હિંદીનું કામચલાઉ જ્ઞાન હોવું જોઈએ. તેણે આ કામને પૂરો સમય આપવાનો રહેશે અને બીજાં કોઈ કામોની લપ તેને ન હોવી જોઈએ. તેને ગાય માટે પ્રેમ હોવો જોઈએ અને સંઘે પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે જે કાર્યક્રમ ઘડી કાઢયો છે, તેના પર શ્રદ્ધા હોવી જોઈએ. તેનું ચારિત્ર્ય શુદ્ધ હોવું જોઈએ અને શરીર તંદુરસ્ત હોવું જોઈએ. તેની જરૂરિયાત અસાધારણ રીતે વધારે ન હોય તો તેની જરૂરિયાત પ્રમાણે વેતન આપવામાં આવશે. છેલ્લે, તે અભ્યાસી વૃત્તિનો ને મહેનતુ હોવો જોઈએ. કારણ કે ગોરક્ષાને લગતા સાહિત્યનો તે અભ્યાસ કરે એવી અપેક્ષા રહે છે. ઉપર જણાવી તેવી યોગ્યતા ધરાવે છે એમ જેને લાગતું હોય તે મને અપેક્ષિત વેતન સહિત પૂરી વિગતો સાથે લખે એમ ઇચ્છું છું.

### ટિળક સ્વરાજ ફાળો

આ ફાળાનો શો ઉપયોગ કરવામાં આવ્યો છે, એ પ્રશ્ન અંગે લોકોને હજુ મૂંઝવણ રહે છે. એક પંજાબી પત્રલેખક લખે છે કે તેમની ખાદીયાત્રા દરમિયાન અનેક લોકો તેમને આ ફાળાના નિકાલ વિષે પ્રશ્નો પૂછયા કરે છે. મેં વારંવાર આ પત્રમાં જણાવ્યું છે કે ઑડિટ કરેલા

૧. અહીં યંગ ઇન્ડિયામાં નીચે પ્રમાણે નોંધ છે: હજી તો ઉપરનું લખાણ કંપોઝ થઈ રહ્યું હતું ત્યાં તો અમને દાર્જિલિંગમાં મંગળવારે સાંજે ૫-૩૦ વાગ્યે દેશબંધુનું હૃદય બંધ પડવાથી અવસાન થયાના સમાચાર મળ્યા. —ઍસિસ્ટંટ, ઍડિટર યંગ ઇન્ડિયા.

Gandhi Heritage Portal

પૂરા હિસાબો જુદે જુદે વખતે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જાહેર જનતાએ એ પણ જાણવું જોઈએ કે આ ફાળો એકવીસ પ્રાંતોમાં ફાળવી નાખવામાં આવ્યો હતો, અને અમુક લાખ રૂપિયા ચોક્કસ કામ માટે અલગ રાખવામાં આવ્યા હતા. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ આખા દેશનો હિસાબ પ્રસિદ્ધ કર્યો જ છે, એટલું જ નહીં પણ પ્રાંતોએ પણ તે પ્રમાણે કર્યું છે. અલબત્ત, ક્યાંક ક્યાંક આ ફાળાનો દુર્વ્યય થયો છે, ને ક્યાંક નાણાંની ઘાલમેલ પણ થઈ છે. પણ એકંદરે જોતાં મને સંતોષ છે કે એ રકમ નક્કી કરેલા હેતુઓ માટે વપરાઈ છે. કૉંગ્રેસના કામકાજનો ધીરજથી અભ્યાસ કરવા ઇચ્છતા સજ્જને એ છાપેલા આંકડા તપાસી જવા જોઈએ. અને એ પૈસા કેમ વપરાયા છે તે જાતે જોઈ લેવું જોઈએ.

### થેલીઓનું શું?

એ જ પંજાબી ગૃહસ્થ પૂછે છે કે જુદાં જુદાં સ્થળોએ મને અર્પણ થયેલી થેલીઓનો ઉપયોગ કઈ રીતે થયો છે. સામાન્ય નિયમ એવો છે કે જે સ્થળેથી થેલી મળી હોય, તે જ સ્થળે તેનો ઉપયોગ ખાદીના કામમાં થાય એવી સૂચના સાથે તે સોંપી દેવામાં આવે છે. જ્યાં મને એવી સોંપવા જેવી વ્યક્તિ નથી મળતી, ત્યાં એ રકમ હું મારી પાસે રાખું છું અને ખાદીના પ્રચાર માટે આશ્રમ મારફતે તેનો ઉપયોગ કરું છું. જ્યારે કોઈ રકમ ચોક્કસ કામ માટે નક્કી થયેલી હોય છે, ત્યારે સ્વાભાવિક છે કે મારે બીજું કંઈ જ કરવાનું રહેતું નથી; માત્ર એટલું કરવાનું રહે છે કે તે કામ સાથે સંબંધ ધરાવતી વ્યક્તિને તે જ હેતુ માટે તે રકમ સોંપી દેવી.

### ખાદીફેરી જરૂરી નથી

એક પત્રલેખક જણાવે છે:

> મારી ખાદીફેરી દરમિયાન એવું કહેનારા લોકો મળે છે કે "હવે કૉંગ્રેસ નબળી પડતી જાય છે ત્યારે તમે નકામા ખાદીફેરીની તકલીફ શું કામ ઉઠાવો છો? જ્યારે કૉંગ્રેસ ફરી મજબૂત બનશે ત્યારે અમે ખાદી ખરીદીશું. હમણાં અમે પરદેશી કાપડ પહેરીએ છીએ. હમણાં થોડા વખત માટે અમને એ પહેરવાનો આનંદ લઈ લેવા દો." મને ઘણા વકીલોએ આ પ્રમાણે કહ્યું. ચિત્રની આ એક બાજુ છે. એક વકીલ એવા પણ મળ્યા કે જેમણે ખાદી ખરીદી એટલું જ નહીં પણ અમને બીજા લોકો પાસે લઈ ગયા અને અઠવાડિયામાં બે વખત અનેક પ્રકારના લોકો વચ્ચે જઈને ખાદીની ફેરી કરવાનું વચન આપ્યું.

અવિરતપણે કામ કરવાનાં આવાં અનેક દૃષ્ટાંતો આપી શકાય. પણ પંજાબમાં પેલા વકીલ મિત્રોએ જે દલીલો કર્યાનો અહેવાલ મળે છે, તેવી દલીલો કરનાર બીજો એકે જણ મને મળ્યો નથી. એ વાત નક્કી છે કે ખાદી માત્ર કામચલાઉ ઉપયોગમાં લેવાની ચીજ નથી એમ તેમને કહેવાની જરૂર નથી. જેમ ઘઉં ને ચોખા માણસના ખોરાકની કાયમની વસ્તુઓ છે, તેમ જ ખાદી માણસના પોશાક માટેની કાયમની વસ્તુ છે. અને તેમણે જેમને એમ કહ્યું કે પરદેશી કાપડ પહેરવાની અમે મજા માણવા માગીએ છીએ, તે માત્ર મશ્કરીમાં જ કહ્યું હશે એમ હું માનું છું. તે પહેરવામાં ખરેખર આનંદ છે? ગુલામીમાં પણ આનંદ આવે છે એવું કહેવા જેવી એ વાત નથી? એ વાત જાણીતી છે કે જ્યારે અમેરિકાનાં દક્ષિણનાં રાજ્યોમાંથી ગુલામગીરી રદ કરવામાં આવી ત્યારે ગુલામો સ્વતંત્ર થવાનો ઇનકાર કરતા હતા; ગુલામી તેમનો લાંબા કાળથી સ્વભાવ બની ગઈ હતી.

Gandhi Heritage Portal

## 'લાખોને ખવરાવો'

૪૯મી બંગાળ રેજીમેન્ટના એક સભ્ય લખે છે:

> આજે એ વાત સર્વસ્વીકૃત છે કે આપ દુનિયાના સૌથી શ્રેષ્ઠ નેતા છો. મહાન નેતા શાને માટે છે? તે હિંદના લાખો ભૂખે મરતા લોકોને અન્ન પૂરું પાડવા માટે છે! વાત સાચી છે ને? જ્યાં સુધી આપ હિંદની બત્રીસ કરોડ પ્રજાને અન્ન અને વસ્ત્ર પૂરાં નહીં પાડી શકો ત્યાં સુધી તમે સ્વરાજની આશા નહીં રાખી શકો. જો આપ મને એક અબજ રૂપિયા આપો તો હું તદ્દન થોડા વખતમાં સ્વરાજ અપાવી દઉં. આપ સ્વરાજની વાતો કરો છો, રેંટિયા વગેરેની વાતો કરો છો, પણ આપ ભૂખે મરતા લોકોને ખવડાવવાની વાત કરતા નથી. જે માણસને પૂરતો ખોરાક નથી મળતો, તે કાંતી શકવાનો નથી. સૌથી પહેલું "પેટ" ને પછી વસ્ત્ર. હું એક દિવસ માટે તદ્દન નવસ્ત્રો રહી શકું, પણ અન્ન વગર બે કલાક પણ ન રહી શકું. જો તમે હિંદીઓને પૈસા અને અન્ન આપી શકો તો હિંદની જનતા આપનો સંદેશો ઝીલશે, એ સિવાય નહીં ઝીલે.

સૌથી પહેલાં તો "સૌથી મહાન મનુષ્ય"ના બિરુદને મને ફગાવી દેવા દો. જોકે એમ કરવાની મારે જરૂર પણ નથી, કારણ કે મેં કદી તે માટે દાવો કર્યો નથી, અથવા તેનો સ્વીકાર પણ કર્યો નથી. હું રોજરોજ મારી અલ્પતા તથા અસહાયતાનો અનુભવ કરું છું. મને મારી મહાનતાનું હજી કદી ભાન પણ થયું નથી. પણ જો 'લાખો ભૂખે મરતા લોકોની જોગવાઈ કરવાથી' હું મોટો બની શકું એમ હોય તો હું એ મહાનતાના માર્ગે જઈ રહ્યો છું. કારણ કે રેંટિયાના ઇલાજ વિષે મારો એટલો જ દાવો છે. ભૂખે મરતા લાખો લોકોને અન્ન ને વસ્ત્ર પૂરું પાડવા માટે જ એ યોજવામાં આવ્યો છે. હું કબૂલ કરું છું કે કપડાં એ ગૌણ વસ્તુ છે. પણ રેંટિયાનો હેતુ પ્રથમ અન્ન અને પછી વસ્ત્ર પૂરાં પાડવાનો છે. મારી દરખાસ્ત માત્ર એક વાર એક અબજ રૂપિયા આપવાની નથી. મેં તો દર વરસે ઓછામાં ઓછા ૬૦ કરોડ રૂપિયા આપવાની વાત કરી છે. હું એ વાત સંપૂર્ણ રીતે સ્વીકારું છું કે ભૂખે મરતા લોકો, જે એમને અન્ન અને વસ્ત્ર પૂરાં પાડશે તેમની જ વાત સાંભળશે. મારી ભેટ બંને પૂરાં પાડે છે. પણ બિલાડીને ગળે ઘંટડી કોણ બાંધશે? દાક્તર અકસીર ઉપાય બતાવી શકે. પણ દરદીને તે અજમાવવાની ફરજ ન પાડી શકે. આમ પ્રજાનો રોગ ધનનો અભાવ નથી, પણ કામનો અભાવ છે. ઉત્પાદક શ્રમ જ ધન છે. જે કોઈ લાખો લોકો માટે ઝૂંપડાંમાં બેઠા બેઠા કરવાના શ્રમની જોગવાઈ કરી શકે છે, તે તેમને અન્નવસ્ત્ર પૂરાં પાડે છે. અથવા બીજી રીતે કહીએ તો પૈસા પૂરા પાડે છે. આવો શ્રમ રેંટિયો પૂરો પાડે છે. જ્યાં સુધી બીજો વધારે સારો અવેજ ન મળી આવે ત્યાં સુધી એને જ મહત્ત્વ આપવું જોઈએ.

## રાષ્ટ્રીયતા વિ૦ આંતરરાષ્ટ્રીયતા

દાર્જિલિંગમાં મને એક સજ્જન મળ્યા હતા. તેમણે મને એક પરિચારિકાની વાત કહી. તે બીજા દેશોને નુકસાન કરીને પોતાના દેશની સેવા કરવામાં માનતી ન હતી. હું તરત જ સમજી ગયો કે આ વાત મને ઉપદેશ આપવા ખાતર કહેવામાં આવી છે. એ મિત્રને મેં શાંતિથી સમજાવ્યું કે તેઓ ભલે દાવો કરતા હોય, તોપણ તેમણે મારાં લખાણો અને પ્રવૃત્તિઓનો પૂરો અભ્યાસ કર્યો નથી. મેં તેમને એ વાત પણ કહી કે મારો દેશપ્રેમ સંકુચિત નથી. અને તે માત્ર મારા દેશનું જ નહીં પણ સમગ્ર વિશ્વનું ભલું થાય તેટલો વિશાળ છે. એ ઉપરાંત મેં

Gandhi Heritage Portal

તેમને કહ્યું કે હું મારી મર્યાદાઓ સમજતો નાનો માણસ છું. એટલે મારા પોતાના દેશની સેવા કરવાથી મને સંતોષ છે. પણ હું એ વાતની નિરંતર કાળજી રાખું છું કે તેમાં બીજા દેશોને નુકસાન કરવાનો ઇરાદો ન હોય. મારા અભિપ્રાય પ્રમાણે કોઈ પણ માણસ સાચા અર્થમાં રાષ્ટ્રવાદી બન્યા સિવાય આંતરરાષ્ટ્રવાદી ન બની શકે. આંતરરાષ્ટ્રીયતા ત્યારે જ શક્ય બને છે, જ્યારે રાષ્ટ્રીયતા વાસ્તવિક બને છે, એટલે કે જ્યારે જુદા જુદા દેશોની પ્રજા સંગઠિત બની હોય છે અને એક વ્યક્તિની માફક કાર્ય કરવાને સમર્થ બને છે. રાષ્ટ્રીયતા કંઈ અનિષ્ટ વસ્તુ નથી. પણ સંકુચિતતા, સ્વાર્થ, અતડાપણું જે આધુનિક રાષ્ટ્રોની આપત્તિનું મૂળ કારણ છે તે અનિષ્ટ છે. દરેક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રના ભોગે ને તેનો નાશ કરીને લાભ મેળવવા તાકી રહ્યું હોય છે. ભારતીય રાષ્ટ્રવાદે પોતાને માટે નવો માર્ગ આંક્યો છે એની મને ખાતરી છે. તે સમસ્ત માનવજાતિની સેવા માટે ને તેના ભલા માટે પોતાનું સંગઠન સાધવા માગે છે અથવા પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરવા ઇચ્છે છે. એ ગમે તેમ હો, પણ મારા રાષ્ટ્રવાદ તથા દેશપ્રેમ બાબતમાં જરાય સંદેહ નથી. ઈશ્વરે મારું ભાગ્ય હિંદના લોકો સાથે જોડયું છે અને હું તેમની સેવા કરવામાં નિષ્ફળ જાઉં તો હું મારા કિરતારનો ગુનેગાર બનું. તેમની સેવા કેમ કરવી તેની મને ખબર ન હોય તો હું માનવજાતિની સેવા કઈ રીતે કરી શકવાનો હતો? અને જ્યાં સુધી મારા દેશની સેવાનું કાર્ય કરતાં હું બીજા કોઈ દેશને નુકસાન નથી કરતો ત્યાં સુધી બનતા સુધી હું ભૂલ ન જ કરું.

### બંગાળમાં હિંદી

હું બંગાળમાં શ્રોતાવર્ગ પાસે હિંદીમાં બોલું છું, અને જાહેર સભાઓમાં દરેક જગ્યાએ તક મળે છે ત્યારે હિંદીના સમર્થનમાં બોલું છું, એથી કેટલાક હિંદીપ્રેમીઓ અસંતુષ્ટ છે. બંગાળ સાહિત્ય પરિષદની સભામાં બધા સભ્યો અંગ્રેજી જાણનારા વિદ્વાનો હતા. ત્યાં પણ તેમની ઉદારતાને લીધે તથા તેમની પરવાનગીથી હું હિંદીમાં બોલ્યો હતો. પણ આ હિંદીના પ્રેમીઓ મારી પાસેથી એવી અપેક્ષા રાખે છે કે મેં જેમ દક્ષિણના પ્રાંતોમાં કર્યું તેમ બંગાળમાં પણ મારે હિંદી શીખવવા માટેના વર્ગો ખોલવા જોઈએ અને તેનો પ્રચાર કરવો જોઈએ. હું તેમની વાત માની શકતો નથી તે માટે દિલગીર છું. મારાં સાધનોની મર્યાદા આવી ગઈ છે. ઉપરાંત કલકત્તામાં હિંદી જાણનાર લોકોની વસ્તી ઘણી મોટી છે. આ મોટી મહેલાતોના નગરમાં કેટલાંય હિંદી પત્રો પણ પ્રસિદ્ધ થાય છે. એટલે એ બોજો કલકત્તામાં વસતા હિંદીપ્રેમીઓએ ઉપાડવો જોઈએ. તેમની પાસે પૈસો પણ છે ને વિદ્વાનો પણ છે. બંગાળના એકેએક મુખ્ય કેન્દ્રમાં હિંદીના વર્ગો ચલાવવાનું તેમને માટે શક્ય છે. આવી કોઈ પણ હિલચાલ પ્રત્યે મારી સહાનુભૂતિ જરૂર રહેશે. પણ આવાં સંગઠનો સ્થાનિક ઉત્સાહી લોકોએ કરવાં જોઈએ. જો દક્ષિણના ને બંગાળના લોકોને હિંદી અપનાવવા સમજાવી શકાય તો આખા હિંદનો ભાષાના માધ્યમનો પ્રશ્ન સહેલાઈથી ઊકલી જાય. મારી હિંદી કે હિંદુસ્તાની ભાંગીતૂટી હોવા છતાં મારી વાત સમજાવવામાં મને કોઈ જગ્યાએ તકલીફ પડી નથી.

### તામિલનાડ

નવા મતાધિકાર પ્રમાણેના કૉંગ્રેસના સભ્યોની યાદીમાં તામિલનાડનો આંકડો એકસાથે ૧૪૦૦નો આપવામાં આવ્યો હશે, તે વાચકોને યાદ હતો. મને હમણાં ત્યાંના મંત્રી તરફથી તાર મળ્યો છે. તેમાં જણાવ્યું છે કે મેના અંત સુધીમાં અ વર્ગના સભ્યોની સંખ્યા ૯૮૯ નોંધાઈ છે અને બ વર્ગની સંખ્યા ૮૦૨ની નોંધાઈ છે. આ વસ્તુ ઉત્સાહજનક છે, છતાં તામિલનાડ આથી વધુ સારું કરી બતાવી શકે એમ છે.


Gandhi Heritage Portal

**વી. વી. એસ. આયર**

શ્રી વી. વી. એસ. આયર[1] ડૂબી જવાથી મૃત્યુ પામ્યા એ સમાચાર સાંભળીને મારી જેમ જ યંગ इन्डियाના વાચકો દુ:ખ અનુભવશે એમ હું માનું છું. વર્ષો પહેલાં લંડનમાં તેમને હું મળ્યો હતો. તે વખતે તેઓ ચુસ્ત અરાજકતાવાદી હતા. પણ ધીમે ધીમે તેઓની ઉગ્રતા ઘટી ગઈ. આમ છતાં તેમનો દેશપ્રેમ એટલો જ ઉજ્જવળ હતો. તેઓ ચુસ્ત અસહકારી હતા. અને છેલ્લે તેમણે પૂરી ભક્તિથી શેરમાદેવી ગુરુકુળનું સંચાલન કરવાનું નક્કી કર્યું હતું. મેં હમેશાં તેમને એક ઉમદા, સાચા દિલના અને ખંતીલા દેશભક્ત ગણ્યા છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપો.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૮–૬–૧૯૨૫

# ૧૫૮. તૈયારી છે?

ભાઈ ભરૂચાએ[2] મને જાહેર વિનંતી કરી કે હવે વખત વધુ અનુકૂળ હોવાથી મારે સર્વ પક્ષોની પરિષદ ફરી એક વાર બોલાવવી. દેશબંધુએ મારા હાથમાં મરાઠાનો એક અંક મૂકયો જેમાં પણ તેવા જ પ્રકારની વિનંતી મેં જોઈ. શ્રીમતી સરોજિનીદેવી પણ આવા જ વિચાર ધરાવે છે એમ હું જાણું છું. પણ આ બાબતમાં પણ મારી સ્થિતિ મહાસમિતિની બેઠક મેળવવાને લગતી સૂચનાને વિષે મારી જેવી મતિ છે તેથી જુદી નથી. જો મારી પાસે દાખલા તરીકે મિ. ઝીણા, સર મહમદ શફી, પંડિત માલવિયાજી, લાલા લજપતરાય, શ્રી શાસ્ત્રિયાર, સર સુરેન્દ્રનાથ, બ્રાહ્મણેતર નેતાઓ, શ્રી ચિંતામણિ,[3] દાક્તર સપ્રુ[4] અને બીજા નેતાઓ તરફથી તેવી પરિષદને માટે માગણી આવે તો ખુશીથી હું તેવી પરિષદ બોલાવું. બાકી મારો અંગત અભિપ્રાય એવો ખરો કે આજે આપણે એકતાને સારુ દિલ્હીમાં હતા તે કરતાં હજુ વધુ તૈયાર નથી. આપણે સ્વરાજનો વિચાર કરવા ભેગા થઈશું અને હિંદુમુસ્લિમ સવાલ ઉપર લડી પડીશું. જો મહાસભામાં બધા પક્ષો ભેગા કરવાનું સૂચન હોય તો તેવા વિચારની ચર્ચાને માટે અગર તો નવા માર્ગ શોધવાને માટે મહાસમિતિ જ યોગ્ય મંડળ ગણાય. કારણ, જ્યાં સુધી હાલના મહાસભાવાદીઓ જ આપસમાં ઠીક પ્રમાણમાં તેવી ઈચ્છામાં તેમ જ તેના અમલના કાર્યક્રમને વિષે એકત્ર નથી ત્યાં સુધી ઉપર સૂચવી તેવી કોઈ પણ સામાન્ય પરિષદ નિરર્થક જ નીવડે. વળી, કાંતવાનો મતાધિકાર એ જ જો માર્ગમાં એકમાત્ર વિઘ્ન હોય તો ઉકેલ એથી પણ સહેલો છે. મતાધિકારની બાબતમાં જે બે પક્ષ વચ્ચે મૂળ કરાર થયો તેમણે તેને બદલવાની સૂચનાનો પણ પ્રથમ વિચાર

૧. બૅરિસ્ટર-ઍટ-લૉ, તામિલના વિદ્વાન; 'કુરળ'નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો; કંબ રામાયણ પર ટીકા લખી.

૨. બી. એફ. ભરૂચા.

૩. ૧૮૮૦–૧૯૪૧; અલ્લાહાબાદથી નીકળતા અંગ્રેજી દૈનિક લીડરના સંપાદક.

૪. સર તેજ બહાદુર સપ્રુ (૧૮૭૫–૧૯૪૯); પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી, બંધારણવિદ્ તથા રાજકારણી; ૧૯૨૦–૨૨ દરમ્યાન વાઇસરૉયની ધારાસભામાં કાયદાના સભ્ય; ૧૯૨૩ અને ૧૯૨૭માં લિબરલ ફેડરેશનના પ્રમુખ.

Gandhi Heritage Portal

કરી જોવો. આ બે પક્ષ એટલે એક તો સ્વરાજ પક્ષ — વ્યક્તિગત સ્વરાજવાદીઓ નહીં — અને બીજો હું. કારણ, કોલકરાર સ્વરાજ પક્ષ વચ્ચે અને મારી વચ્ચે — એટલે કે મને કોઈ એક પક્ષના પ્રતિનિધિ તરીકે નહીં અને છતાં મારા જેવા વિચાર ધરાવવાવાળા લોકોની એક અનિશ્ચિત સંખ્યાના પ્રતિનિધિ તરીકે ગણીને — થયેલા. હું મહાસભામાં રહી સ્વરાજ પક્ષની સંમતિ વગર કશું જ કરવા ઇચ્છતો નથી. તેથી જો તે પક્ષ મતાધિકારને ફેરવવા ઇચ્છુક હોય તો મારા તરફથી તેઓ માગણી કરે એટલો જ વિલંબ છે. તેથી જ્યારે સ્વરાજ પક્ષ આ બાબતમાં પોતાનો નિશ્ચય કરી લે, ત્યારે મહાસમિતિને બોલાવીને તેની ઇચ્છાનો અમલ કરવાનું તેની પાસે મંજૂર કરાવવામાં કશી જ અડચણ આવી શકે તેમ નથી. મને પોતાને તો મહાસભામાં હું કશું જ સમજતો નથી. હું કશી આનાકાની વગર સ્વીકારું છું કે શિક્ષિત હિંદુસ્તાન રેંટિયાને લગતા તેમ જ મારા બીજા ઘણા વિચારોની જોડે આજે સંમત નથી. શિક્ષિત હિંદીઓએ જ મહાસભાને જન્મ આપ્યો અને તેઓ જ તેમાં કર્તાહર્તા રહે અને તેનાં ધોરણ ખેડે એ ઉચિત છે. એ સાચું છે કે ગમે તેવું આછું છતાં આમપ્રજાના મનનું પ્રતિબિંબ મારા જ વિચારોમાં પડે છે એમ મને લાગે છે. પણ મહાસભા ઉપર તેની અસર તો મારે મતની ગણતરીઓ કરાવીને નહીં પણ દલીલથી મારી વાત સ્ત્રીપુરુષોને હૈયે ઉતારીને, એમ આડકતરી રીતે જ પાડવી છે. કારણ, મત તો વસ્તુના ગુણદોષ વગર અન્ય કારણોસર પણ મેળવી શકાય એવી આજે સ્થિતિ છે. જ્યાં સુધી આમવર્ગ જાતે વિચાર કરી પોતાના અધિકારનો યથાર્થ ઉપયોગ કરી શકે એટલો કેળવાયો નથી અને જ્યાં સુધી હરકોઈ તેમને પોતાની અસર પાડી ખેંચી જઈ શકે તેમ છે, ત્યાં સુધી તેમના મતોનો ઉપયોગ કરી લેવો અનુચિત છે. તેથી સ્વરાજ પક્ષ જે આજે નિર્વિવાદપણે શિક્ષિત ભારતવર્ષનો પ્રતિનિધિ છે તે જો કાંતવાના મતાધિકારને રદ કરવા ઇચ્છતો હોય તો મારા તરફથી વિરોધનો ઉચ્ચાર સરખો થયા વગર તે તેમ કરી શકે છે. માત્ર પછી મહાસભાને દોરવાના કાર્યની મારા તરફથી અપેક્ષા રાખવી અનુચિત ગણાશે. હું તો અત્યારે ત્રિવિધ રચનાત્મક કાર્યક્રમ સિવાય બીજા કોઈ પણ કાર્યને સારુ લાયક રહ્યો નથી. મારે મન તો એ કાર્યક્રમમાં સફળતા મેળવવી એમાં જ સ્વરાજ છે અને તે વગર સ્વરાજ આકાશકુસુમવત્ છે. આ સ્થિતિમાં જેને "વધુ વિશાળ દૃષ્ટિએ દેશના પ્રશ્નનો વિચાર કરવો" કહેવામાં આવે છે તે દૃષ્ટિવાળા કાર્યકર્તાઓને માટે મારે જગ્યા કરવી રહી.

શ્રી દેશમુખે એમ કહ્યાનું સંભળાય છે કે જો હું મારા વિચારો બદલવા તૈયાર ન હોઉં તો મારે જાહેર જીવનમાંથી નિવૃત્ત થવું જોઈએ. તેમનું સતારાનું ભાષણ મેં જોયું નથી. તેમણે તેમ કહ્યું હોય તો મને લાગે છે કે તેમ કરવાનો તેમને સંપૂર્ણ હક હતો. હું પોતે જો કોઈને તે પોતાની પ્રવૃત્તિથી દેશને નુકસાન કરી રહ્યો છે એમ માનતો હોઉં તો એમ જ કહું. શું બધા અસહકારીઓએ ધારાસભાવાદીઓને પોતાની જગ્યાનાં રાજીનામાં આપવા નહોતું કહ્યું? ભાઈ દેશમુખ ભલે ભૂલતા હોય, પણ એક જાહેર કાર્યકર્તાની પ્રવૃત્તિમાં જણાતા દોષ તેને ચીંધવાનો તેમને હક છે એ વાતની ના પાડી જ કેમ શકાય? તેમ એમણે કાંઈ નવી કે વિલક્ષણ વાત કહી નાખી છે એમ પણ નથી. સાચે જ એક વાર તો હું તેમણે સૂચવ્યું છે તેમ નિવૃત્ત થવા તૈયાર પણ થયેલો. પણ મેં જોયું કે તેમ કર્યું પાલવે નહીં. મૌલાના મહમદઅલીની પેઠે હું માનું છું કે કોઈ પણ જાહેર કાર્યકર્તાએ જ્યાં સુધી પોતાના કાર્યને વિષે એનો વિશ્વાસ કાયમ છે, ત્યાં સુધી તે ન છોડવું જોઈએ. બીજાઓ તેને બોજામાંથી મુક્ત કરે તો જ તે મુક્ત થાય. મૌલાનાએ મને કહેલું કે તેવા અવસર અગાઉ મારે નિવૃત્ત થવું એ વિરોધીઓ ઉપર તેમ જ દેશ ઉપર

Gandhi Heritage Portal

અયોગ્ય બોજો નાખવા બરાબર થશે. મારા સંદેશામાં મને શ્રદ્ધા કાયમ હોય છતાં નિવૃત્ત થવાનો વિચાર મારાથી ત્યારે જ થઈ શકે કે જ્યારે પ્રજા પોતે મારો ત્યાગ કરે. અને એવે પ્રસંગે પણ ઘણી વાર આગ્રહ અગર નિવૃત્તિની પસંદગી વચ્ચે નિર્ણય કરવાનું કાર્ય ભારે નાજુક થઈ પડે છે. હકીકત એ છે કે સ્વેચ્છાપૂર્વક અંગીકૃત કરેલા સેવાકાર્યમાંથી બીજાના ફરમાવ્યા ચાલી નીકળવું આપણને લાગે છે તેટલું સહેલું નથી. છતાં મારે કહેવું જોઈએ કે શ્રી દેશમુખે હિંમતપૂર્વક ઝાંપો ભાંગીને આ બાબતમાં વિચાર નિશ્ચિત કરવાનો માર્ગ પ્રજાને માટે ખુલ્લો કરી આપ્યો છે. જેમનું મને કાર્યક્ષેત્રમાંથી નિવૃત્ત થવાનું કહેણ છે તેઓએ ઓછામાં ઓછું, મારી જે પદ્ધતિઓને તેમ જ મારા વિચારોને તેઓ દૂષિત ગણે છે તેની સામે લોકમત તૈયાર કરી આપવો જોઈએ. રૂપિયો ખોટો હોય તો કેવળ મારા મહાત્માપણાના પુણ્યને જોરે તે ન જ ચાલવો જોઈએ.

પણ રેંટિયો મારે મન ખોટો રૂપિયો નથી. મારે મન તો એ એટલો સાચો છે કે આખી દુનિયાની સામે હું તેનો બચાવ કરવા તૈયાર છું. મારે સૌ કોઈને માટે સ્વતંત્રતા જોઈએ છે. એવી સ્વતંત્રતાનો વિચાર હું અહિંસાની દૃષ્ટિએ જ કરી શકું. અને જો આપણે અહિંસાત્મક સાધનોથી જ આપણી સ્વતંત્રતા મેળવવી છે તો તે રેંટિયા દ્વારા જ મળી શકે એમ છે, જે રેંટિયામાં હિંદુમુસલમાન એકતા, અસ્પૃશ્યતાનિવારણ ઈત્યાદિ બીજી બધી ચીજોનો સમાવેશ થઈ જાય છે. તેથી મારી દૃષ્ટિએ તો જો મહાસભા સૂતરના મતાધિકારને રદ કરશે, તો ભારેમાં ભારે ભૂલ કરશે. પણ લોકસત્તાના સિદ્ધાંતને વિષે મારી જે શ્રદ્ધા છે તેની જો કશી પણ કિંમત હોય તો એવી ભારેમાં ભારે ભૂલો કરવાનો હક કબૂલ રાખવામાં પણ હું કેમ ખંચાઉં? તેથી હું જાણું છું કે રેંટિયા વિષેની મારી શ્રદ્ધા મારી દૃષ્ટિએ ગમે તેવી સાચી હોય તોપણ જો બીજાઓને તે હૈયે ન બેસે તો તેનો ત્યાગ જ થવો જોઈએ. મારે તો રેંટિયાને વિષે જીવંત શ્રદ્ધા અને તેવી શ્રદ્ધાને પરિણામે નીપજતું અમલી કાર્ય જોઈએ છે. અમલ વગરની નરી યંત્રવત્ કબૂલાત કોઈનું કશું જ ભલું કરી શકશે નહીં અને આવી બાબતમાં નિર્ણય ઉપર આવવાને સારુ મારી વ્યક્તિગત કિંમતના ખ્યાલને તો દેશવટો જ દેવો જોઈએ. આ મહાન અને પ્રાચીન ધર્મભૂમિનો ઉત્કર્ષ જેના વગર અટકી પડે એવી કોઈ જ વ્યક્તિ ન હોઈ શકે. આ ભારતભૂમિને જિવાડવા ખાતર એક હજાર ગાંધી બાતલ થાય તોયે કંઈ જ નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इण्डिया, १८-६-१९२५

ભાષાંતર: नवजीवन, २१-६-१९२५

Gandhi Heritage Portal

# ૧૫૯. ઘરની વાત

લાયલપુર (પંજાબ)ના એક વકીલે યંગ ઇન્ડિયાના તંત્રીને નામે નીચેનો કાગળ મોકલ્યો છે:

સુમારે ત્રણ કે ચાર વર્ષ ઉપર 'ઑલ ઇન્ડિયા સ્ટોર્સ લિમિટેડ' નામે એક કંપની કલકત્તા ખાતે કાઢવામાં આવી, જેમાં હરિલાલ મો. ગાંધી — આપણા મહાત્માજીના પુત્ર — એક ડિરેક્ટર તરીકે હોવાનું મજકૂર કંપનીના કોઈ પ્રતિનિધિએ રાવળપિંડીમાં જાહેર કરેલું. જેને પરિણામે મારો એક અસીલ મજકૂર પ્રતિનિધિને તેમ જ કંપનીને નાણાં ભરી ઉપલી કંપનીનો શૅરહોલ્ડર થયો. ત્યાર પછી મેં તેમ જ મારા અસીલે, ૨૨, અમરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા, એ કંપનીના જાહેર કરેલ સિરનામે ઘણા કાગળો લખ્યા પણ વ્યર્થ. આ ઉપરથી મારા અસીલને લાગવા માંડયું છે કે એ બધું તરકટ તો નહીં હોય? તેને લાગે છે કે તેનાં નાણાં ગયાં છે અને પોતે છેતરાયા છે. આપના (મહાત્માજીના) ઉજ્જ્વળ નામને ડાઘ ન લાગે એટલા ખાતર અને આ ગરીબ દેશના આર્થિક કલ્યાણની ખાતર હું હજુયે મનને મનાવી રહ્યો છું અને ઈશ્વરને પ્રાર્થના કરી રહ્યો છું કે મારા અસીલની બીક ખોટી પડો. પણ અમે લખેલ બધા કાગળો આથડીઆથડીને ટપાલના ડેડ લેટર ખાતા તરફથી પાછા અમારી પાસે આવ્યા છે. આ ઉપરથી કંપનીની હસ્તી આજે નથી એ મારા અસીલની શંકાને અમુક અંશે તો ટેકો મળે છે જ. ત્યારે મહાત્માજીનો દીકરો એમાં ડિરેક્ટર હતો અને એવી કોઈ કંપની નીકળેલી એ વાત શું સાચી છે? જો એવી કોઈ કંપની હજુ છે તો તે કયાં છે?

કૃપા કરીને આ બાબત આપને લખ્યાને સારુ મને માફ કરશો. મારા અસીલ જેઓ એક મુસલમાન ગૃહસ્થ છે અને જેમણે મહાત્માજીનું નામ સાંભળીને મજકૂર કંપનીમાં નાણાં ભર્યાં તેઓ આ બાબતમાં ખરી હકીકત શોધી જોવા ઇંતેજાર છે તેથી આ પૂછતપાસ કરું છું.

કાગળ છાપવાના ઉદ્દેશથી મોકલાયેલો છે છતાં જો તેમાં કેટલાક અગત્યના સિદ્ધાંતો સમાયેલા ન હોત તો કદાચ હું તેનો અંગત જવાબ લખી મોકલીને જ બેસી રહેત. પણ મેં જોયું કે મારે તેની જાહેરપણે જ ચર્ચા કરવી જોઈએ. બીજા એ કારણસર પણ તેની જાહેરાત કરવી મને જરૂરી લાગી કે જેમ આ વકીલના અસીલને લાગે છે તેવી લાગણીઓવાળા બીજા પણ શૅરહોલ્ડરો હોય. તેમના મનનું પણ મારે મારા હાથમાં હોય તેટલું સમાધાન કરવું રહ્યું.

હું હરિલાલ મો. ગાંધીનો પિતા થાઉં એ હકીકત સાચી છે. એ મારો સૌથી મોટો દીકરો. ૩૬ વર્ષની ઉંમરનો છે. પંડે ચાર છોકરાંનો પિતા છે, જેમાં સૌથી મોટી દીકરીની ઉંમર ૧૯ વરસની છે. આજથી પંદર વર્ષ ઉપર એના અને મારા આદર્શો વચ્ચે મોટો તફાવત માલૂમ પડવાથી એ મારાથી જુદો પડીને સ્વતંત્રપણે જિંદગી ગાળે છે. અને સને ૧૯૧૫ પછીથી મારા તરફથી અગર મારી મારફત એનું કોઈ પણ પ્રકારનું પાલનપોષણ થયું નથી. મારા છોકરાઓને તેઓ સોળ વર્ષ પૂરાં કરે તે દિવસથી મિત્ર તરીકે જ ગણવા એ નિયમનું હું ચીવટપૂર્વક પાલન કરતો આવ્યો છું. મારા બાહ્ય જીવનમાં વખતોવખત જે જબ્બર ફેરફારો થતા રહ્યા છે તેની છાપ મારી આસપાસનાંઓ ઉપર — ખાસ કરીને મારા છોકરાઓ ઉપર — પડયા વિના કેમ રહે? હરિલાલે

Gandhi Heritage Portal

એ બધા ફેરફારો મારામાં જોયેલા અને પોતે બધા છોકરામાં મોટો અને સમજણો હોવાથી મારા જીવનને એક કાળે જે પાશ્ચાત્ય ઓપ સાચે જ હતો તેના ઝગઝગાટથી સ્વાભાવિકપણે જ તે અંજાયો. જે કંઈ વેપારધંધા એણે કર્યા તે બધા સ્વતંત્ર હતા. તે જોડે મારો કોઈ પણ પ્રકારનો સંબંધ નહોતો. જો હું તેના ઉપર મારી છાપ પાડી શક્યો હોત તો સ્વાભાવિક રીતે જ એ અત્યારે મારી અનેક જાહેર પ્રવૃત્તિઓમાંની કોઈ ને કોઈમાં કામ કરતો હોત અને ભલીભાંતે પોતાનો યોગક્ષેમ ચલાવતો હોત. પણ એણે જુદો અને સ્વતંત્ર માર્ગ પકડ્યો. તેમ કરવાનો તેને સંપૂર્ણ હક હતો. એ મહત્ત્વાકાંક્ષી હતો અને હજુ છે. એને પૈસાદાર થવું છે અને તે પણ સહેલાઈથી થવું છે. કદાચ મેં મારા હાથની વાત છતાં એને તેમ જ મારા બીજા છોકરાઓને તેઓ પૈસાદાર થાય અને પૈસાને અંગે મળતી નામના મેળવે એવી ઢબે કેળવ્યા નહીં એ વાતની એને મારી સામે ફરિયાદ પણ છે. ઉપલો સ્ટોર તેણે પોતાની જ મેળે કાઢેલો. મારા તરફથી તેમાં તેને કોઈ પણ પ્રકારની તલમાત્ર મદદ કરવામાં આવી નથી. તેમાં મારા નામનો ઉપયોગ કરવાની મેં રજા આપી નથી. મેં એના આ વેપારની કોઈ દિવસ કોઈને પણ જાહેર અગર ખાનગી રીતે ભલામણ કરી નથી. જેમણે એને મદદ કરી હશે તેમણે તે તેના ગુણદોષ જોઈને જ કરી હોવી જોઈએ. અલબત્ત, ગાંધીનો દીકરો એ સગપણ એને મદદગાર નીવડ્યું હશે એમ હું માનું છું. પણ એ તો દુનિયા ચાલશે ત્યાં લગી અને વર્ણાશ્રમની સામે ચાહે તેટલા હુમલા થયા કરશે તોપણ ઝાડને નામે ફળ વેચાવાનાં. ગાંધીનો દીકરો એટલે એ દાનસ્તો, સરળ, નાણાંની લેણદેણ બાબતમાં સાવધ અને બાપના જેટલો જ વિશ્વાસપાત્ર હોવો જોઈએ એમ જ ઘણાઓએ વિચાર્યું હશે. આવા લોકો પ્રત્યે મારી દિલસોજી છે, પણ એથી વધુ હું તેમને સારુ કશું કરી શકું તેમ નથી. બાકી તો જેઓ મારાં પોતીકાં અને નજીકમાં નજીકનાં છે તેમને વિષે પણ જે વાતમાં તેઓ મારી સાથે રહીને કામ કરે છે અગર તો જે બાબતમાં મેં મારે નામે અગર તો મારા સર્ટિફિકેટથી કામ કરવાની તેમને પરવાનગી આપી છે તેવાં કામો સિવાયનાં તેમનાં બીજાં કામોની નૈતિક અગર બીજી કોઈ પણ પ્રકારની જવાબદારી હું સ્વીકારતો નથી. મારે પોતાને જ લગતી જવાબદારી મારી પાસે ગળા સુધીની છે. મારી ભીતર સદાકાળ ચાલી રહેલા સનાતન અને અવિરત દ્વન્દ્વયુદ્ધ પાછળ જ મારાં મનઇંદ્રિય જેટલાં શોષાય છે તે હું જ એકલો જાણું છું. અને એ આંતરયુદ્ધમાં જો હું માથું ઊંચું રાખી શકતો હોઉં તો તે હું મારી રાતદિવસ ખડી ચોકી કરતો રહું છું તેને જ પ્રતાપે. વાચકને હું એટલે સુધી કહી દઉં કે મારી સ્વરાજપ્રવૃત્તિ પણ એ યુદ્ધના પડ ઉપર એક ચોક્કસ પ્રયોજનની પૂર્તિને લઈને છે. મારા આત્માની પરમશાંતિને લીધે જ હં તેમાં ઊતર્યો છું. એક મિત્રે એક વાર આ ઉપર ટીકા કરેલી કે "આ તો પાણી પાયેલા ગજવેલ જેવો પાકો સ્વાર્થ થયો." મેં તરત જ કહ્યું, "સાવ સાચું."

હરિલાલના ધંધારોજગારની સ્થિતિથી હું તદ્દન અજાણ છં. એ મને કોઈ કોઈ વાર મળે છે પણ હું એના ધંધાની પૂછતપાસમાં કોઈ દિવસ ઊતરતો નથી. એ પોતાની કંપનીમાં ડિરેક્ટર છે કે નહીં એ હું જાણતો નથી. અત્યારે એના ધંધાની શી સ્થિતિ છે તે પણ હું જાણતો નથી, સિવાય કે સ્થિતિ નબળી છે. જો હરિલાલ દાનસ્તો માણસ હશે તો પછી એની કંપની લિમિટેડ હોય કે બિનલિમિટેડ હોય પણ જ્યાં સુધી એ તેના એકેએક લેણદારની પાઈએ પાઈ દૂધે ધોઈને ન ચૂકવે ત્યાં સુધી એ સુખનો કોળિયો ખાઈને નહીં સૂએ. આ મારી પ્રામાણિક વેપારની વ્યાખ્યા છે. હરિલાલની દૃષ્ટિ જુદી હોઈ શકે અને તેને રુચે તો નાદારીની કલમ હેઠળ તે અદાલતનો આશ્રય લઈ શકે. મારે તો પ્રજાને એટલી જ ખાતરી આપી છૂટવું રહ્યું કે કોઈ પણ પ્રકારની

Gandhi Heritage Portal

વક્રનીતિ મને ખપતી નથી. મારી નજરમાં તો સત્યાગ્રહનો – પ્રેમનો – નિયમ ત્રણે કાળને સારુ નિરપવાદ છે. જે જે કંઈ ધર્મને અનુકળ છે તેને વિષે મારો સહકાર છે; જે કંઈ અધર્મના કુળનું છે તે તે બધા સામે હું અસહકાર કરવા ઇચ્છું છું – પછી તેમાં મારી સ્ત્રી સામેલ હોય, પુત્ર સામેલ હોય કે હું પોતે હોઉં. એમાં સ્ત્રી, પુત્ર કોઈને હું રક્ષણ આપવા ઇચ્છતો નથી. અમારામાં જે જે કંઈ અધર્મતત્ત્વ હોય તે આખી દુનિયા જાણે એમ હું ઇચ્છું છું અને તેથી ઘરની કહેવાતી વાતોમાં પણ હું જેટલું મર્યાદા જાળવીને બની શકે તેટલું દુનિયાને જોવાજાણવા દઉં છું. છાંદવાઢુપાવવાનો મુદ્દલ પ્રયત્ન નથી કરતો; કારણ, હું જાણું છું કે એવાં છાંદાં અમારું અકલ્યાણ જ કરી શકે.

હરિલાલના જીવનમાં એવું ઘણું છે જે મને અકારું છે. આની એને ખબર છે. પણ એના એ બધા દોષો છતાં એ મને વહાલો છે. આજે, કાલે કે કોઈ કાળે – જે દિવસે એ પિતૃ-હૃદયમાં ફરી પાછો આશ્રય શોધશે તે દિવસે – તત્કાળ એને હું છાતીસરસો ચાંપીશ. અત્યારે તો એને પોતાને હાથે પોતાનાં બારણાં બંધ કરવાનું રહ્યું છે. એને સારુ હજુ અરણ્યમાં આથડવું નિર્માયું હશે. સંસારનાં સગપણમાં તો સગા બાપના રક્ષણને પણ મર્યાદા છે. ઈશ્વરની રક્ષાને મર્યાદા નથી. એ બારણું સદાય એને સારું ઉઘાડું છે. હરિલાલ એ શોધશે તો તત્કાળ એ તેને લાધશે.

કાગળ લખનાર વકીલ અને તેમના અસીલને તો મારે એટલું જ કહેવાનું કે મારું સારું નામ જો એક ઉંમરે પહોંચેલ દીકરાની ભૂલોથી, તે ભૂલોમાં મારા તરફથી તેને કશું જ ઉત્તેજન મળેલું ન હોવા છતાં, ખરડાઈ શકતું હોય તો તેની કોડીની કિંમત નથી, અને તેથી એવા નામનો મુલાજો જાળવવાની મુદ્દલ જરૂર નથી. વળી, જો મહાસભાનો તત્કાલીન પ્રમુખ અને બીજા બધા મંડળોના સભ્યો પોતપોતાને સોંપાયેલા કારભારોમાં એકનિષ્ઠપણે પ્રામાણિક રહેશે અને કદી એક પાઈનો પણ ગેરવ્યય નહીં થવા દે તો દેશમાં ખાનગી વેપારીઓ ડૂલતા હશે તોપણ 'આ રાંક દેશના આર્થિક કલ્યાણ'ને જોખો નથી એમ હું લખનારને ખાતરી આપું છું. જે અસીલે કેવળ મારા પ્રત્યેના માનથી પ્રેરાઈને એક કંપનીમાં દેખીતી રીતે જ તેનું બંધારણ ઇત્યાદિ સમજવાની કશી દરકાર કર્યા વિના નાણાં ભર્યાં તેની મને ખરેખર દયા આવે છે. આ અસીલનો દાખલો પ્રજાને તેના અનેકવિધ વહેવારોમાં દીવાદાંડીરૂપ થાઓ એમ ઇચ્છું છું. માણસો સરસ હોય એટલે તેની પ્રજા પણ તેવી સરસ જ હોય એમ માની લેવાનું કારણ નથી. બીજા કેટલાક માણસો અમુક વાતમાં સરસ હોય એટલે બધી બાબતોમાં તેટલા જ દોષરહિત હોય એમ નથી હોતું. એક ખાસ વિષયમાં એક માણસ પ્રમાણભૂત હોય તેટલા ઉપરથી બધી જ બાબતમાં તેને તેવો માની લેવો ન જોઈએ. ટકાની હાંલ્લી દરેકે ત્રણ ટકોરા મારીને લેવી જોઈએ એવી કહેણી છે એ વહેવારમાત્રને લાગુ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १८-६-१९२५

ભાષાંતર : नवजीवन, २१-६-१९२५

Gandhi Heritage Portal

## ૧૬૦. મોતીલાલ નેહરુને તાર

કલકત્તા,
જૂન ૧૮, ૧૯૨૫[1]

પંડિત મોતીલાલ નેહરુ
હર્સ્ટ લૉજ
ડેલહાઉસી

તમારી અવેજીમાં કામ કરી રહ્યો છું. તમે સંમત ન થાઓ એવું કંઈ પણ જાણીજોઈને નહીં કરું. આખો વખત વિધવાની પડખે રહું છું. કૃપા કરી આરામ લેજો અને જોખમ ન ખેડશો. પૂરી શક્તિ સાથે તમારે મેદાનોમાં નીચે આવવું જોઈશે. ઓછામાં ઓછું શ્રાદ્ધતિથિ સુધી કલકત્તામાં રહીશ. સ્વાસ્થ્યની પ્રગતિ તારથી જણાવો. જવાહરલાલ ત્યાં જ રહે છે?

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૬૪૪

## ૧૬૧. કે. કેલપ્પન નાયરને તાર[2]

[કલકત્તા,
જૂન ૧૮, ૧૯૨૫ કે તે પછી]

કોઈ અર્ધસમાધાનને આપણે ન સ્વીકારીએ. પણ સત્યાગ્રહીઓ કમિશનર વાંધો ન ઉઠાવે એવા સ્થળે ઊભા રહે. તમારો તાર સ્પષ્ટ નથી. ગમે તેમ પણ સડકો પૂરી ખુલ્લી હોવી જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૬૯૧

૧. સી. આર. દાસનો મૃતદેહ આ દિવસે કલકત્તા લાવવામાં આવ્યો.

૨. કેલપ્પન તરફથી વાઇકોમ સત્યાગ્રહ વિષે કરેલો તાર ૧૯૨૫ના જૂનની ૧૮મીએ મળ્યો હતો. તાર આ પ્રમાણે હતો : સરકારે બિનસત્તાવાર રીતે અડધા માર્ગો વાપરવા માટે ખોલ્યા છે. જાહેરાત કરી નથી. બાકીના માર્ગો બંધ છે. તે અનુપસાર્યંતા ચાલુ રાખવા બરાબર છે. ઉકેલ અસ્વીકાર્ય. સત્યાગ્રહ-મોકૂફી અનુપસાર્યંતાને નમતું જોખ્યા બરાબર. તારથી જણાવો. કેલપ્પને તે જ દિવસે વિગતે પત્ર લખ્યો. જુઓ પરિશિષ્ઠ ૪. આ પત્રની સાથે જ જેને માટે સત્યાગ્રહ કરવામાં આવ્યો હતો, તે વાઇકોમના માર્ગોનો નકશો પણ મોકલ્યો હતો.

જૂનની ૨૧મીએ ડબલ્યુ. એચ. પિટે ગાંધીજીને આ પ્રમાણે તાર કર્યો હતો : “મહેરબાની કરી તમારા વાઇકોમના મિત્રોને તમારી પરવાનગી વિના હદ ન ઓળંગવા તારથી જણાવો. સત્યાગ્રહીઓએ શાં પગલાં ભરવાં, તે વિષે શંકાઓ ઊભી થવાથી પરિસ્થિતિ ગૂંચવણભરી બની છે. તેઓ કંઈ પણ કરશે તો

Gandhi Heritage Portal

# ૧૬૨. દેશબંધુ ઘણું જીવો ![1]

[જૂન ૧૯, ૧૯૨૫]

દેશબંધુની બંગાળના જ નહીં, હિંદના પણ દિલ પર કેવી પકડ હતી, તે ગઈ કાલે કલકત્તાએ બતાવી આપ્યું. કલકત્તા મુંબઈની જેમ પચરંગી વસ્તીવાળું શહેર છે. ત્યાં બધા પ્રાંતોના લોકો વસે છે. અને આ બધા લોકો બંગાળીઓના જેટલી જ અંતરની લાગણીથી સ્મશાનયાત્રામાં જોડાયા હતા. હિંદના ખૂણેખૂણેથી જે તારોનો પ્રવાહ ચાલી રહ્યો છે તે પણ તેમની હિંદવ્યાપી લોકપ્રિયતા સાબિત કરે છે.

કૃતજ્ઞતાની ભાવના માટે જાણીતા લોકો પાસેથી આથી જુદા વ્યવહારની અપેક્ષા ન રાખી શકાય. અને એ બધા સન્માનને એઓ પાત્ર હતા. એમનો ત્યાગ મહાન હતો. એમની ઉદારતાની સીમા નહોતી. તેમનો પ્રેમાળ હાથ તેઓ સૌ કોઈને માટે લંબાવતા. સખાવતો કરવામાં તેઓ પાછું વાળીને જોતા ન હતા. હજુ હમણાં જ મેં એક વાર તેમને મીઠાશથી કહ્યું કે દાન દેવામાં જરા નિયંત્રણ રખાય તો સારું, એટલે તેમણે તરત જ જવાબ આપ્યો, "નિયંત્રણ ન રાખવાથી મેં બહુ ગુમાવ્યું છે એમ મને નથી લાગતું." તેમનું રસોડું રાજા ને રંક બંનેને માટે સદાય ખુલ્લું હતું. કોઈ પણ દુઃખી માણસ માટે તેમનું હૃદય દ્રવતું હતું. બંગાળમાં એવો કોઈ યુવક ભાગ્યે જ જોવા મળશે કે જે એક યા બીજી રીતે દેશબંધુનો ઋણી ન બન્યો હોય. વકીલ તરીકેની તેમની અજોડ શક્તિ પણ ગરીબોને સુલભ હતી. મને ખ્યાલ છે કે બધા નહીં તો ઘણા રાજદ્વારી કેદીઓના કેસો તેઓ એક પાઈ પણ લીધા વિના લડયા હતા. પંજાબનાં રમખાણોની તપાસ માટે તેઓ પોતાના જ ખર્ચે ગયા હતા. તે દિવસોમાં તેમનું ઘર બાદશાહી રીતે ચાલતું. મને તેમની પાસેથી જ જાણવા મળ્યું છે કે પંજાબના નિવાસ દરમ્યાન તેમનો ખર્ચ ૫૦,૦૦૦ રૂ. જેટલો થયો હતો. જે કોઈ મદદ માટે આવતા તેમના પ્રત્યેની તેમની ઉદારતાને કારણે તેઓ હજારો યુવાન દિલના એકમાત્ર અધિષ્ઠાતા બની રહ્યા.

તેઓ જેટલા ઉદાર હતા તેટલા જ નીડર પણ હતા. અમૃતસરનાં તેમનાં ઉગ્ર વ્યાખ્યાનો સાંભળીને હું પણ થંભી જતો. તેઓ પોતાના દેશની તત્કાળ મુક્તિ ઝંખતા હતા. તેઓ એક વિશેષણ બદલાવવાનું કે ઓછું કરવાનું પણ વિચારે એવા નહોતા. એનું કારણ એ નહોતું કે એઓ

પરિસ્થિતિ સુધરવાને બદલે વણસશે. તેઓ શાંત રહે તો સારું." આના જવાબમાં કાં તો ગાંધીજીએ કેલપ્પનને આ તારની નકલ મોકલી હોય કે કંઈ બીજો સંદેશો મોકલ્યો હોય. એ સંદેશાની ભાળ મળતી નથી. આના જ અનુસંધાનમાં જૂનની ૨૨મીએ જે બીજો તાર મિ. પિટે કર્યો, તેમાં આ સંદેશાનો ઉલ્લેખ હોય એમ લાગે છે. તાર આ પ્રમાણે છે: "તાર બદલ આભાર. સત્યાગ્રહીઓએ કરાર તોડયા છે અને તેઓ આગળ વધ્યા છે. પોલીસ ચોકીદારો ફરી ગોઠવ્યા છે. આપ શિસ્ત માટે દબાણ કરશો એટલે તે પાછા ખેંચી લેવાશે."

લગભગ આ જ અરસામાં ગાંધીજીએ કેલપ્પનને એક તાર કર્યો; એવો સંભવ છે કે આ બાબતમાં ગાંધીજીએ સી. રાજગોપાલાચારીનો મત માગ્યો હોય. જૂનની ૨૦મીએ તેમના તરફથી ગાંધીજીને તાર મળ્યો: મારા અભિપ્રાય મુજબ અંશતઃ માર્ગ ખોલવામાં આવે તે અસ્વીકાર્ય. મનાઈવાળા માર્ગો પર હળવો કરેલો સત્યાગ્રહ ચાલુ રહેવો જોઈએ."

૧. આ લખાણ અમૃતબઝાર પત્રિકા, ૨૦-૬-૧૯૨૫ના અંકમાં પણ છપાયું હતું.

Gandhi Heritage Portal

વિવેકહીન હતા. પણ તેઓ પોતાના દેશને અત્યંત ચાહતા હતા. તેને માટે તેમણે પોતાનું જીવન સમર્પણ કરી દીધું. તેઓ મહાન શક્તિઓ પર કાબૂ ધરાવતા હતા. તેમણે અદમ્ય ઉત્સાહથી અને ખંતથી પોતાના પક્ષને શક્તિશાળી બનાવ્યો. પણ શક્તિનો આ પ્રચંડ વ્યય તેમને માટે જીવલેણ નીવડ્યો. એ બલિદાન સ્વેચ્છાપૂર્વકનું હતું, ભવ્ય હતું.

ફરીદપુરમાં એમની સિદ્ધિની પરાકાષ્ઠા આવી. ત્યાંનું તેમનું વ્યાખ્યાન ઉત્તમ કોટિની બુદ્ધિમત્તા તથા રાજકીય ડહાપણનું દર્શન કરાવતું હતું. તે બહુ જ વિચારપૂર્વકનું અને અસંદિગ્ધ હતું અને તે ભાષણ (તેમણે મને કહ્યું હતું તેમ) અહિંસા એ પોતાને માટેની એકમાત્ર નીતિ છે અને તેથી દેશને માટેની રાજકીય નીતિ પણ એ જ છે એ વાતના આખરી સ્વીકારરૂપ હતું.

પંડિત મોતીલાલ નેહરુ તથા મહારાષ્ટ્રના ધુરંધર શિસ્તબદ્ધ નેતાઓની સાથે મળીને લગભગ શૂન્યમાંથી શક્તિશાળી સ્વરાજ પક્ષનું નિર્માણ કરીને તેમણે પોતાનું નિશ્ચયબળ, મૌલિકતા તથા આપસૂઝ બતાવ્યાં. એક વાર એમને મનમાં ખાતરી થાય કે આ નિર્ણય સાચો છે પછી તેનાં ગમે તે પરિણામો આવે તોપણ તેની તેઓ પરવા કરતા નહીં અને આજે સ્વરાજ પક્ષ એક સુગઠિત અને મજબૂત શિસ્તવાળું તંત્ર છે. ધારાસભાપ્રવેશ વિષેના મારા મતભેદો પાયાના હતા અને હજુ છે, પણ સરકારને મૂંઝવવામાં ને તેને સતત જૂઠી પાડવામાં ધારાસભાપ્રવેશ ઘણું કામ કરી શકે એમ છે અને એ રીતે તેની ઉપયોગિતા વિષે મેં કદી શંકા કરી નથી. ધારાસભામાં એ પક્ષે ઘણું મોટું કામ કર્યું છે, તેની કોઈ ના પાડી શકે એમ નથી. અને એ માટેનો મોટા ભાગનો યશ દેશબંધુને ફાળે જાય છે. મેં ઉઘાડી આંખોએ તેમની સાથે કરાર કર્યો હતો. ત્યાર પછી પણ મેં તે પક્ષને થઈ શકે તેટલી મદદ કરી છે. હવે એ નેતા હયાત નથી એટલે તેમના મૃત્યુ પછી એ પક્ષની પડખે ઊભા રહેવાની મારી બેવડી ફરજ છે. હું એ પક્ષને મદદ ભલે નહીં કરી શકું, પણ તેની પ્રગતિમાં બાધા તો નહીં જ નાખું.

પણ મારે ફરીદપુરના વ્યાખ્યાન તરફ પાછા વળવું જોઈશે. શ્રીમતી વાસંતીદેવી દાસ પર આશ્વાસનનો તાર મોકલીને કામચલાઉ વાઈસરૉયે જે શિષ્ટાચાર બતાવ્યો છે તેની ભારત કદર કરશે. ઍંગ્લો-ઇન્ડિયન પત્રોએ સ્વર્ગસ્થને જે અંજલિઓ આપી છે, તેની હું કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઉં છું. ફરીદપુરના વ્યાખ્યાનમાં રહેલી પારદર્શક સચ્ચાઈની છાપ ઘણા અંગ્રેજો પર પડી છે. શિષ્ટાચારના માત્ર દેખાવ સાથે સ્વર્ગસ્થના આ મૃત્યુનો અંત ન આવી જાય તેની મને ચિંતા રહે છે. ફરીદપુરના વ્યાખ્યાન પાછળ એક મહાન હેતુ રહેલો હતો. ઍંગ્લો-ઇન્ડિયન મિત્રો આ મહાન દેશભક્ત પોતાની સ્થિતિ સ્પષ્ટ કરે અને પહેલ કરે, એમ ઝંખતા હતા તેમને આ વ્યાખ્યાનથી ઉદાર જવાબ મળી ગયો હતો. તેમણે જ એ પહેલ કરી. કાળના ક્રૂર હાથે એ ઉદારતા બતાવનારને આપણી વચ્ચેથી ખેંચી લીધા છે. પણ દેશબંધુની દાનત વિષે હજી પણ શંકા હોય એવા અંગ્રેજોને હું ખાતરી આપવા માગું છું કે હું દાર્જિલિંગમાં રહ્યો તે દરમ્યાન જે વાત મારા દિલ પર સૌથી વધારે અસર કરી ગઈ તે એ કે તેમણે વ્યાખ્યાનમાં જે કંઈ કહ્યું હતું તેને વિષે તેમના દિલમાં પૂરી સચ્ચાઈ હતી. આ ભવ્ય મૃત્યુનો એ અવિશ્વાસ ભૂલવામાં અને ઘા રૂઝવવામાં ઉપયોગ ન કરી શકાય? હું એક સાદું સૂચન કરું. ચિત્તરંજન દાસ હવે આપણા પ્રશ્નનું સમર્થન કરવા આપણી વચ્ચે નથી, એટલે એમની યાદગીરીમાં સરકાર રાજકીય કેદીઓ જેઓ તેમના દાવા પ્રમાણે નિર્દોષ હતા તેમને મુક્ત કરશે? આજે હું એ કેદીઓને તેમની નિર્દોષતાની ભૂમિકાએ છૂટા કરવાની માગણી નથી કરતો. સરકાર પાસે તેમના ગુનાઓ માટેની પૂરતી સાબિતીઓ હોવાનો પણ સંભવ છે. હું તો સ્વર્ગસ્થ પ્રત્યેની શ્રદ્ધાંજલિ સ્વરૂપે અને કોઈ પણ

Gandhi Heritage Portal

પૂર્વગ્રહ વિના તેમને છોડી મૂકવા વીનવું છું. જો સરકાર હિંદના પ્રજામતને પોતાના તરફ વાળવા માટે કાંઈક કરવા માગતી હોય તો આ કેદીઓને મુક્ત કરવાનો આથી વધારે સારો મોકો તેને નહીં મળે. અને અનુકૂળ વાતાવરણ સર્જવા માટે આથી વધારે સારું કાર્ય બીજું નહીં હોય. મેં લગભગ આખા બંગાળનો પ્રવાસ કર્યો છે. માત્ર સ્વરાજ પક્ષના જ નહીં પણ બધા લોકો આ બાબત વિષે અત્યંત આળી લાગણી ધરાવે છે. ગઈ કાલે જે અગ્નિજ્વાળાએ દેશબંધુના નશ્વર અંશોને ભસ્મસાત્ કર્યા, તે જ અગ્નિ આપણામાં રહેલા અવિશ્વાસ, શંકા તથા ભયને ભસ્મસાત્ કરે એમ હું ઇચ્છું છું. એ પછી સરકાર ઇચ્છે તો એક પરિષદ બોલાવી શકે અને હિંદની જે કંઈ માગણીઓ હોય તેને પૂરી કરવા માટે શું થઈ શકે એમ છે તેની વિચારણા કરી શકે.

પણ, સરકાર જો પોતાની ફરજ બજાવે તો આપણે પણ આપણે ભાગે આવતું કામ કરવું પડશે. આપણામાં એ બતાવી આપવાની તાકાત હોવી જોઈએ કે આ બધું કંઈ એક માણસનો ખેલ નથી. મિ. વિન્સ્ટન ચર્ચિલે યુદ્ધ વખતે કહ્યું હતું તેમ આપણે પણ 'રોજની જેમ પાછા કામે લાગો' એમ કહેવાની તાકાત બતાવવી જોઈએ. સ્વરાજ પક્ષની તરત જ પુનર્રચના કરવી જોઈએ. આ "આકસ્મિક આપત્તિ"ના કાળે પંજાબના હિંદુઓ અને મુસલમાનો પણ તેમના ઝઘડા ભૂલી ગયા દેખાય છે. આ બંને પક્ષો સંપીને રહેવા જેટલા મજબૂત ને શાણા ન બની શકે? દેશબંધુ હિંદુમુસ્લિમ ઐક્યના ચાહક હતા અને તેમાં શ્રદ્ધા ધરાવતા હતા. તેમણે ઘણી વિકટ પરિસ્થિતિમાં પણ હિંદુઓ તથા મુસલમાનોને સાથે રાખ્યા હતા. તેમની ચિતાની જ્વાળા આપણી અંદરના વિખવાદને બાળી શકશે? પણ આ બધાની શરૂઆત કદાચ બધા પક્ષોની એક જ મંચ પર સભા ગોઠવવાથી થઈ શકે. દેશબંધુ એ માટે ઘણા જ આતુર હતા. તેઓ પોતાના પ્રતિપક્ષીઓ વિષે બોલવામાં કડવા થઈ શકતા હતા. પણ દાર્જિલિંગના મારા વસવાટ દરમિયાન તેમના મોઢામાંથી એક પણ રાજકીય પ્રતિપક્ષી માટે કદી કડવું વેણ નીકળ્યાનું મને યાદ નથી. બધા પક્ષોને એકત્ર કરવામાં હું સૌ કોઈને મદદ કરું એમ તેઓ ઇચ્છતા હતા. તો પછી આપણે શિક્ષિત હિંદીઓએ સ્વરાજની સીડી પર ઠેઠ ન જવાય તોપણ ઝડપથી થોડાં પગથિયાં ચડીને દેશબંધુનાં એ સ્વપ્નાંને સાકાર કરવાનાં છે તથા તેમના જીવનની એક મહત્ત્વાકાંક્ષાને મૂર્તિમંત કરવાની છે. તે પછી જ આપણે ખરા દિલથી પોકારી શકીશું કે "દેશબંધુનું અવસાન થયું છે, દેશબંધુ ઘણું જીવો."

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

Gandhi Heritage Portal

## ૧૬૩. શ્રદ્ધાંજલિ માટેનું સૂચન

કલકત્તા,

જૂન ૧૯, ૧૯૨૫

હિંદુસ્તાને ઠેર ઠેર શોકસભાઓ ભરીને પોતાનું ગૌરવ વધાર્યું છે, પણ દેશબંધુ પ્રત્યેનો પ્રેમ પ્રગટ કરવા માટે લોકોને ભાગ્યે જ પૂરતો સમય મળ્યો છે. એટલે મારું એવું સૂચન છે કે આખા દેશમાં, કૉંગ્રેસનો પ્રભાવ પડયો છે તે દરેક શહેરમાં અને ગામડામાં શોકસભા ભરવાની વ્યવસ્થા કરવી અને તેમાં પ્રસંગને ઉચિત ઠરાવો કરવા. મને આશા છે કે આ શોકસભામાં યુરોપિયનો સહિત દરેક પક્ષના લોકોને ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવશે.

બીજી જગ્યાએ આ પહેલાં મેં કહ્યું છે તેમ દેશબંધુની અંતિમ ઇચ્છા બધા પક્ષો સમાન હેતુ માટે એકત્ર થાય એ જોવાની હતી. આ અખિલ ભારત શ્રદ્ધાંજલિ સભાઓ બધા પક્ષો અને બધી જાતિઓ વચ્ચે સાચી એકતા સ્થાપવાનો માર્ગ ખુલ્લો કરે એવી ઈશ્વરને મારી પ્રાર્થના છે.

મેં આ શોકસભા માટેની તારીખ અંગે કલકત્તામાં હાજર રહેલા નેતાઓ તથા દેશબંધુના કુટુંબીઓ સાથે ચર્ચા કરી છે. તેમણે આ માટે જુલાઈની ૧લી તારીખ રાખવાની ભલામણ કરી છે. આ કરુણ ઘટના પછીનો એ ૧૬મો દિવસ એટલે કે શ્રાદ્ધનો દિવસ છે. આ સભા માટેનો સમય દેશભરમાં એક જ રાખવામાં આવશે તો આ પ્રસંગનું ગાંભીર્ય ઓર વધી જશે. એટલે હું તે માટે ૧લી જુલાઈનો સાંજનો ૫ વાગ્યાનો સમય સૂચવું છું.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૨૪–૬–૧૯૨૫

## ૧૬૪. વર્તમાનપત્રોમાં નિવેદન[1]

જૂન ૧૯, ૧૯૨૫

જનતાને એ વાત જણાવવાની મારી ફરજ છે કે શ્રીમતી વાસંતીદેવી તેમના મહાન પતિનું અવસાન થયા પછી ભારે શ્રમ ઉઠાવી રહ્યાં છે. બે દિવસથી હું જોઉં છું કે શોક પ્રગટ કરવા તેમની પાસે આવનારાઓનો પ્રવાહ અખંડ વહી રહ્યો છે. તેમના સૌજન્યપૂર્ણ સ્વભાવને કારણે તેઓ કોઈને 'ના' કહી શકતાં નથી. પરિણામ એ આવ્યું છે કે હવે તેઓ શ્રમથી ભાંગી પડવાની અણી પર આવી ગયાં છે. લોકોએ જાણવું જોઈએ કે તેમની તબિયત ઘણી નાજુક છે અને તેમને હૃદયની પણ તકલીફ છે. રાષ્ટ્રની સાથે સાથે તેમના પર આવી પડેલી આ આપત્તિમાં તેઓ ટકી શક્યાં છે તેનું કારણ તેમનામાં રહેલું અસાધારણ ધૈર્ય છે. પરંતુ સામાન્ય સંજોગોમાં પણ, કોઈ તંદુરસ્ત માણસ માટે પણ સવારથી તે મોડી રાત સુધી મુલાકાતીઓનો પ્રવાહ સહન કરવાનું મુશ્કેલ બને છે. ઘણા આગ્રહ પછી હું તેમને મુલાકાતીઓ માટેના સમયની મર્યાદા મૂકવાનું માંડ માંડ સમજાવી શક્યો છું. મિત્રો સાથે મંત્રણા કર્યા પછી અને ડૉક્ટરોની સલાહ લીધા પછી મુલાકાતીઓ માટે સાંજના ૫થી ૭નો સમય રાખવાનું મેં સૂચવ્યું છે. જે લોકો

૧. કલકત્તાથી વર્તમાનપત્રોને મોકલાયેલો આ સંદેશો ગાંધીજીના પોતાના હસ્તાક્ષરમાં છે.

Gandhi Heritage Portal

તેમના દુ:ખમાં દિલાસો આપવા ઇચ્છતા હોય, તે આ સમયની મર્યાદાનું પાલન કરે, એવી મારી આગ્રહભરી વિનંતી છે. જો આ વિનંતીને માન અપાશે તો તેમને પૂરાં ભાંગી પડવાની સ્થિતિમાંથી બચાવી શકાશે.

દેશી ભાષામાં પ્રગટ થતાં પત્રોને આ નોંધનું ભાષાંતર છાપવાની હું વિનંતી કરું છું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૫૯૨

## ૧૯૫. ચિત્તરંજન દાસ

જૂન ૨૦, ૧૯૨૫

એક વિરાટ માનવ આપણી વચ્ચેથી ચાલ્યો ગયો. આજે બંગાળ વિધવા જેવું બની ગયું છે. થોડાંક અઠવાડિયાં પહેલાં દેશબંધુના એક ટીકાકારે મને કહ્યું હતું, “એ સાચું છે કે હું તેમનો દોષ કાઢું છું, પણ તમારી આગળ મારે પ્રામાણિકપણે કબૂલ કરવું જોઈએ કે એનું સ્થાન લઈ શકે તેવો આપણી પાસે બીજો એકે માણસ નથી.” ખુલનાની એક સભા કે જ્યાં આ આઘાતજનક સમાચાર મને પ્રથમ મળ્યા ત્યાં જ્યારે મેં આ પ્રસંગ કહ્યો ત્યારે આચાર્ય રાય બોલી ઊઠ્યા, “એ વાત તદ્દન સાચી છે. કવિ તરીકે રવીન્દ્રનાથનું સ્થાન કોણ લઈ શકશે, એ પ્રશ્નનો જવાબ હું આપી શકું તો જ હું નેતા તરીકે દેશબંધુનું સ્થાન કોણ લઈ શકશે એ પ્રશ્નનો જવાબ આપી શકું. આજે બંગાળમાં દેશબંધુની લગભગ તોલે આવે એવો કોઈ પણ માણસ દેખાતો નથી.” તેઓ અનેક સંગ્રામોના વીર યોદ્ધા હતા. તેમની ઉદારતા અવગુણની હદે પહોંચી જતી હતી. પોતાની વકીલાતમાં લાખો રૂપિયા કમાવા છતાં તેઓ કદી પૈસાદાર થઈ શક્યા નહોતા. તેમની પાસેનું આલીશાન મકાન પણ તેમણે અર્પણ કરી દીધું.

પંજાબ કૉંગ્રેસ તપાસ સમિતિ અંગે ૧૯૧૯માં પહેલી જ વાર હું તેમના અંગત પરિચયમાં આવ્યો. કંઈક શંકા અને ભયના ભાવ સાથે મારી આ મુલાકાત થઈ. દૂરથી જ મેં તેમની ધીકતી કમાણી તથા ગાજતી વકતૃત્વશક્તિ વિષે સાંભળ્યું હતું. તેઓ પોતાની જ મોટરમાં પોતાની પત્ની તથા કુટુંબ સાથે આવ્યા હતા અને રજવાડી ઠાઠથી રહેતા હતા. મારો પહેલો અનુભવ એટલો બધો સુખદ નહોતો. અમે હંટર કમિટી સમક્ષ જુબાની આપવાનો પ્રશ્ન વિચારવા માટે મળ્યા હતા. એમનામાં મને વકીલાતના ધંધાની બધી બારીકાઈ જોવા મળી; તથા સાક્ષીઓને ઊલટતપાસ દ્વારા સકંજામાં લેવાની તથા લશ્કરી કાયદા નીચે ચાલી રહેલા શાસનની દુષ્ટતાને ઉઘાડી પાડવાની તીવ્ર ઇચ્છા જોવા મળી. મારો પોતાનો હેતુ કંઈક જુદો હતો. મેં તેમની સાથે દલીલો કરી. અમારી બીજી મુલાકાત વખતે મને નિરાંત થઈ, અને મારી બધી બીક ચાલી ગઈ. તેઓએ મારું કહેવું ખૂબ જ ધ્યાનપૂર્વક અને સમજદારીપૂર્વક સાંભળ્યું. હિંદના અનેક નેતાઓના નજીકના પરિચયમાં આવવાનો મારે માટે આ પહેલો પ્રસંગ હતો. અમે એકબીજાને દૂરથી ઓળખતા હતા. મેં કૉંગ્રેસના કામકાજમાં ખરું જોતાં નહીં જેવો ભાગ લીધો હતો. તેઓ મને માત્ર દક્ષિણ આફ્રિકાના લડવૈયા તરીકે ઓળખતા હતા. પણ મારા બધા સાથીઓએ મને એકદમ પોતાનામાંનો એક બનાવી દીધો. અને તેમાં પણ દેશના આ પનોતા પુત્રે

Gandhi Heritage Portal

સૌથી વધુ આત્મીયતા બતાવી. હું આ કમિટીનો પ્રમુખ મનાતો હતો. "આપણા દૃષ્ટિબિંદુમાં જ્યાં ફરક હશે ત્યાં હું તમારું ધ્યાન ખેંચીશ. પણ તમારા નિર્ણયને હું માથે ચડાવીશ એ બાબતમાં હું ખાતરી આપું છું." તેમના તરફથી આપમેળે આ આશ્વાસન મળ્યું, તે પહેલાં જ અમે એટલા નજીક આવી ગયા હતા કે તેમને વિષે મારા મનમાં જે શંકા હતી, તે પ્રગટ કરવાની મારામાં હિંમત આવી. એટલે જ્યારે તેમણે આવી ખાતરી આપી ત્યારે મારા વફાદાર સાથી માટે મને ગર્વ તો થયો જ, પણ થોડી શરમ પણ આવી. કારણ કે હું જાણતો હતો કે હિંદના રાજકારણમાં હું હજી તદ્દન શિખાઉ હતો અને આટલા બધા વિશ્વાસ માટે ભાગ્યે જ યોગ્ય ગણાઉં. પણ શિસ્ત આગળ નાનામોટાનો ભેદ રહેતો નથી. શિસ્તનું મહત્ત્વ સમજનાર રાજાએ જો પોતાના ખિદમતગારને કામની પૂરી જવાબદારી સોંપી હોય, તો એ કામમાં તે ખિદમતગારનું કહેવું માને છે. આ વખતે મારું કામ આવા પ્રકારના એક ખિદમતગારના દરજ્જાનું હતું. અને હું કૃતજ્ઞતાભર્યા ગૌરવથી એમ કહી શકું છું કે જે બધા વફાદાર સાથીઓ સાથે મારે કામ કરવાનું આવ્યું તેમાં ચિત્તરંજન દાસની તોલે આવે તેવું કોઈ નહોતું.

અમૃતસરની કૉંગ્રેસ વખતે હું શિસ્તના અધિકારનો દાવો કરી શકું તેમ નહોતું. ત્યાં તો અમે સૌ યોદ્ધાઓ હતા. દરેક જણ પોતપોતાની શક્તિ પ્રમાણે રાષ્ટ્રના હિતના ટ્રસ્ટી બનીને બેઠા હતા. અહીં કોઈને તાબે થવાનો પ્રશ્ન નહોતો. અહીં તો બુદ્ધિની ભૂમિકા પર અથવા પક્ષની જરૂરિયાતોને લક્ષમાં લઈને ચાલવાનું હતું. કૉંગ્રેસના મંચ પર આ મારું પહેલું યુદ્ધ હતું. અને તેનો મને આનંદ હતો. બધા વિનયશીલ હતા, પૂરેપૂરા મક્કમ હતા. મહામના માલવિયાજી બંને પક્ષો વચ્ચે સમતુલા રાખવાનો પ્રયત્ન કરી રહ્યા હતા; ઘડીકમાં એક પક્ષને સમજાવે, ઘડીકમાં બીજા પક્ષ સાથે દલીલો કરે. કૉંગ્રેસના પ્રમુખ પંડિત મોતીલાલજીને થયું કે બધો ખેલ ખલાસ થઈ ગયો છે. લોકમાન્ય તથા દેશબંધુ વચ્ચે મને વિરલ પ્રસંગ મળ્યો. સુધારાના ઠરાવ માટે તેમની પાસે એક જ ફૉર્મ્યુલા હતી. દરેક પક્ષ બીજા પક્ષને પોતાની વાત ગળે ઉતારવા મથતો હતો. પણ કોઈ પક્ષને વિશ્વાસ બેસતો નહોતો. મડાગાંઠ ઊભી થઈ હતી અને ઘણાને લાગ્યું કે આનો અંજામ કરુણ આવશે. અલીભાઈઓને હું ઓળખતો હતો, ને તેમના પ્રત્યે મને પ્રેમ પણ હતો, પણ તે પરિચય આજના જેટલો ગાઢ નહોતો. તેમણે મને દેશબંધુનો ઠરાવ સ્વીકારવા માટે આગ્રહ કર્યો. મહમદઅલીએ પોતાની પ્રભાવશાળી નમ્રતાથી મને કહ્યું, "તમે તપાસ સમિતિમાં જે મોટું કામ કર્યું છે, તે નકામું જાય તેમ તમારે ન કરવું જોઈએ." પણ મારા મનનું સમાધાન ન થયું. પેલા ઠંડા મગજવાળા સિંધી જયરામદાસ[1] મદદે ધાયા. તેમણે મારા હાથમાં એક ચિઠ્ઠી સરકાવી. તેમાં તેમનું સૂચન તથા સમાધાન માટેની વિનંતી હતાં. હું તેમને ભાગ્યે જ ઓળખતો હતો. તેમની આંખમાં ને ચહેરામાં કંઈક એવું આકર્ષણ હતું કે તેનાથી હું તેમના તરફ ખેંચાયો. મેં એમનું સૂચન વાંચ્યું. તે સારું હતું. તે મેં દેશબંધુ તરફ મોકલ્યું. તેમનો જવાબ હતો, "જો મારો પક્ષ તે સ્વીકારશે તો મારી હા છે." પક્ષ પ્રત્યેની તેમની વફાદારીની ભાવના જુઓ. તેમના માણસો પરની તેમની પકડનું એક રહસ્ય એ હતું કે તેમણે તેમના પક્ષને સમજાવી લેવો જ જોઈએ. આ વાત બધાને પસંદ પડી. લોકમાન્ય જે કંઈ બની રહ્યું હતું તેના તરફ ગરુડના જેવી તીક્ષ્ણ નજરે જોઈ રહ્યા હતા. પંડિત માલવિયાજીની વાણીનો ગંગા જેવો પ્રવાહ વ્યાસપીઠ પરથી

૧. જયરામદાસ દોલતરામ (જન્મ ૧૮૯૨); સિંધ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી; પછી ભારત સરકારના ખોરાક ને ખેતીવાડી ખાતાના પ્રધાન થયા; બિહાર અને આસામના ગવર્નર; ૧૯૫૯થી રાજ્યસભાના સભ્ય.

Gandhi Heritage Portal

વહી રહ્યો હતો. તેમની એક આંખ વ્યાસપીઠ પર હતી, જ્યાં અમે બધા તદ્દન સામાન્ય માણસો રાષ્ટ્રનું ભાવિ ઘડી રહ્યા હતા. લોકમાન્યે કહ્યું, "દેશબંધુની સંમતિ હોય એટલું મારે માટે બસ છે. મારે તે ઠરાવ જોવો નથી." માલવિયાજી આ સાંભળી ગયા. તેમણે મારા હાથમાંથી ચિઠ્ઠી ખેંચી લીધી અને તાળીઓના ગડગડાટ વચ્ચે જાહેર કર્યું કે સમાધાન થઈ ગયું છે. આ પ્રસંગનું મેં વિગતવાર વર્ણન એટલા માટે કર્યું છે કે તેમાં દેશબંધુની મહાનતા અને નિર્વિવાદ નેતાગીરી, તેમની કામકાજની દૃઢતા, નિર્ણય અંગેની વિવેકબુદ્ધિ અને પક્ષ પ્રત્યેની વફાદારીના ગુણો પ્રગટ થાય છે.

પણ મારે હજી આગળ જવું જોઈએ. આપણે જૂહુ, અમદાવાદ, દિલ્હી ને દાર્જિલિંગની વાત લઈએ. જૂહુમાં તે અને મોતીલાલજી મારો મત બદલાવવા માટે આવ્યા હતા. તે બંને જોડિયા-ભાઈ જેવા બની ગયા હતા. અમારાં દૃષ્ટિબિંદુ જુદાં હતાં. પણ મારી સાથે તેઓ જરા પણ મતભેદ સહન કરી શકતા નહીં. હું તેમને મારી સાથે માત્ર ૨૫ માઈલ ચાલવાનું કહું અને તેમનાથી બની શકે તો તેઓ પચાસ માઈલ ચાલે તેવા હતા. પણ જ્યાં દેશનું હિત જોખમમાં મુકાતું હોય ત્યાં, તેમના પ્રિયમાં પ્રિય મિત્ર આગળ પણ તેઓ એક ઇંચ જેટલું નમતું મૂકે તેવા નહોતા. અમે એક પ્રકારનું સમાધાન કર્યું હતું. અમને અસંતોષ હતો, પણ અમે સાવ નિરાશ થયા નહોતા. ગમે તેમ કરીને અમે એકબીજાને જીતી લેવા માગતા હતા. અમે અમદાવાદમાં ભેગા મળ્યા. દેશબંધુ તે વખતે પૂરા રંગમાં હતા અને એક કુશળ ખેલાડીની અદાથી પરિસ્થિતિનું બારીક અવલોકન કરી રહ્યા હતા. તેમણે મને શાનદાર શિકસ્ત આપી.[1] હવે દેહધારી નથી રહ્યા એવા એમના જેવા મિત્રોને હાથે તો આવા કેટકેટલા પરાજય ખાવાનું મને ગમે. સહા[2] વિષેના ઠરાવને કારણે અમે દુશ્મન બન્યા હતા એમ કોઈ ન માને. અમે બંનેની ભૂલ થાય છે એમ માનતા હતા. પણ એ મતભેદ પ્રેમીઓ વચ્ચેનો મતભેદ હતો. વફાદાર પતિઓ અને પત્નીઓ એમની વચ્ચે ઊભા થતા પવિત્ર મતભેદોનાં દૃશ્યોને અને એ મતભેદો વખતે પોતે દુ:ખ વહોરીને પણ પુનર્મિલનનું અનેકગણું સુખ વધારતાં તે યાદ કરે. અમારી સ્થિતિ આવી જ હતી. એટલે ભયંકર જડબાવાળા શિષ્ટ પંડિતજી અને બહારથી જોનારને અત્યંત કઠોર લાગે તેવા પણ સ્વભાવે અત્યંત નમ્ર દાસ સાથે અમારે દિલ્હીમાં ફરીથી મળવું જ રહ્યું. કરારનો એક કાચો મુસદ્દો ત્યાં તૈયાર કરવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો. હવે એક પક્ષે પ્રેમના આ અતૂટ બંધન પર મૃત્યુએ મહોર મારી છે.

દાર્જિલિંગની વાત મારે હમણાં પૂરતી મુલતવી રાખવી પડશે. તેઓ ઘણી વાર આધ્યાત્મિકતાનો દાવો કરતા અને કહેતા કે ધર્મની બાબતમાં તેમને મારી સાથે મતભેદ નહોતો. જોકે તેમણે કદી એ વાત કહી બતાવી નથી છતાં તેમના કહેવાનો ધ્વનિ એવો હતો કે અમારી ધર્મ-શ્રદ્ધામાં જે મૂળભૂત એકરૂપતા છે, તેને જોવા જેટલું કવિત્વ મારામાં નથી. હું કબૂલ કરું છું કે તેમની વાત સાચી છે. આ કીમતી પાંચ દિવસો દરમ્યાન તેમણે પોતાના એકેએક આચરણ દ્વારા બતાવી આપ્યું કે તેઓ ઊંડી ધર્મવૃત્તિવાળા હતા. તેઓ માત્ર મહાન હતા એટલું જ નહીં પણ તેઓ સાધુવૃત્તિવાળા પણ હતા અને તેમનું સાધુપણું ઉત્તરોત્તર વિકસતું જતું હતું. પણ એ પાંચ દિવસના મારા અનુભવોનું વર્ણન મારે હવે પછીના કોઈ સમય માટે મુલતવી રાખવું જોઈશે.

૧. અમદાવાદમાં ૧૯૨૪માં જૂન ૨૭થી ૩૦ સુધી અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક મળી હતી, તેનો અહીં ઉલ્લેખ છે. જુઓ પુસ્તક ૨૪, પા. ૩૦૮–૧૪.

૨. ગોપીનાથ સહા વિષેનો ચોથો ઠરાવ. જુઓ પુસ્તક ૨૪, પા ૨૪૮–૫૧.

Gandhi Heritage Portal

જ્યારે નિર્દય કાળે આપણી વચ્ચેથી લોકમાન્યને ઉઠાવી લીધા ત્યારે હું એકલો અટૂલો બની ગયો હોઉં એમ લાગ્યું હતું. હજી એ આઘાતમાંથી હું સંપૂર્ણ રીતે મુક્ત થયો નથી, કારણ કે હજી હું તેમને અત્યંત પ્રિય એવા શિષ્યોની કૃપા યાચી રહ્યો છું. પણ દેશબંધુનું ચાલ્યા જવું મારે માટે એથીયે મોટી આફત નીવડી છે. કારણ કે લોકમાન્ય આપણને છોડી ગયા ત્યારે દેશ આશાઓથી ઊભરાતો હતો. હિંદુઓ ને મુસલમાનો કાયમ માટે એક થયેલા જણાતા હતા. આપણે એક નવા સંગ્રામને આરે ઊભા હતા. પણ આજે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

# ૧૯૬. રક્ષાની આવશ્યકતા

જગતનો ઈતિહાસ બતાવે છે કે આજ લગી એક પણ મોટો ધંધો વગર રક્ષાએ ને મદદે ચાલી નથી શકયો. મદદ ત્રણ રીતની હોય. કાં તો રાજ્યની, કાં તો સમાજની અથવા તો વ્યક્તિની પોતાની. પોતે કમાવાને અર્થે આરંભેલા નવા ધંધામાં ધનવાન પોતાનો પૈસો પ્રથમ મુદ્દલ વળતરની આશા રાખ્યા વિના રોકે છે. સમાજના લાભને અર્થે આરંભાયેલા ધંધામાં સમાજ આર્થિક નુકસાન સહે છે. જ્યાં રાજ્યતંત્ર સુવ્યવસ્થિત ને લોકોપયોગી હોય ત્યાં રાજ્ય તેવા ધંધાને મદદ આપી સેવે છે.

ખાદીનું કામ એક વ્યક્તિનું નથી એટલે એક જ વ્યક્તિની રક્ષા ન મળી શકે, ને કદાચ મળે તો અમુક હદ વટાવ્યા પછી નિરર્થક નીવડે. કેમ કે ખાદીપ્રચાર કેવળ દ્રવ્યથી થાય તેવી વસ્તુ નથી. રાજ્ય તરફથી આવા વ્યાપક કામમાં હોંશપૂર્વક ને પૂર્ણ મદદ મળે તો બાકી રહ્યું શું? તો રાજ્યકર્તાના હૃદયનો પલટો થયો મનાય ને આપણે તેની સાથે હેતે સહકાર કરીએ.

હવે રહી સામાજિક સહાય, તે ન હોય તો ખાદીનો પ્રચાર તુરતમાં વ્યાપક ન બની શકે. આ મદદ આપણે ત્રણ રીતે કેળવી રહ્યા છીએ. ઉદ્દેશ ખાદી સસ્તી ને સારી કરવાનો છે.

પ્રથમ તો ધનિક વર્ગ પાસેથી ધનની સહાય લઈને ખાદી સસ્તી કરીએ છીએ. બીજી મદદ મતાધિકાર મારફતે. મતાધિકારમાં કાંતવાની ક્રિયા દાખલ કરવામાં ઘણા ઉદ્દેશમાંનો એક મુખ્ય ઉદ્દેશ એ છે કે લોકો પોતાની અરધા કલાકની મજૂરી કાંતવામાં વગર દામે આપી ખાદીનો ભાવ સસ્તો કરવામાં ને ખાદી સરસ કરવામાં મદદ કરે. ત્રીજી મદદ ખાદીશાસ્ત્રીઓની સંખ્યા વધારીને. આ ત્રણે મદદ મેળવવાનું કાર્ય સાથે સાથે ચાલે છે. મારી મુસાફરી દરમ્યાન હું જોઈ શકયો છું કે ખાદીપ્રેમ તો લોકોમાં ઘણો છે અથવા એમ કહો કે ખાદી પહેરવા લોકો તૈયાર તો છે, પણ તે શોધવા સારુ અગવડ ભોગવવા અથવા વિદેશી કાપડ કરતાં ખાદીનું દામ વધારે આપવા તૈયાર નથી. એટલે જો આપણે ખાદી સસ્તી પેદા કરી શકીએ અથવા વેચી શકીએ તો લોકો તે વાપરે એટલે સુધી આપણે પહોંચ્યા ગણાઈએ.

ધનવાનોની મદદ આપણને પૂરી નથી મળી. મતાધિકારમાં કાંતવું દાખલ થયું, પણ હજુ તેને લોકોએ વધાવી લીધેલ નથી કે જેથી મતાધિકારને અંગે પેદા થયેલું સૂતર ભાવ ઉપર અસર પાડી શકે. અને જો સમાજ આટલી મહેનત પણ હિંદમાતાને સારુ કરવા તૈયાર ન હોય તો આપણે ખાદીનો પ્રચાર ઈચ્છીએ તેટલા પ્રમાણમાં કયાંથી કરી શકીએ? વળી જ્યાં સુધી

Gandhi Heritage Portal

રેંટિયાશાસ્ત્રમાં પ્રવીણ સેવકો ઘણી મોટી સંખ્યામાં ન મળી શકે ત્યાં લગી સૂતરની જાત ને ખાદીની જાત સુધારી ન શકાય. ઉપલાં ત્રણે કામ મધ્યમ વર્ગના લોકોથી એટલે ઓછી સંખ્યામાં રહેલા લોકો વડે થાય તેવાં છે. એ થાય તો જનતા તુરત ખાદી પહેરતી થઈ જાય. એટલે દોષ કહો કે ઊણપ મધ્યમ વર્ગનાં છે. મધ્યમ વર્ગ – શિક્ષિત વર્ગ – ખાદીની ઉપયોગિતા સમજી જાય તો ખાદીને વ્યાપક કરવામાં કશી અડચણ આવે તેમ નથી. કેમ કે ખાદીની કિંમત જેટલી ધારીએ તેટલી ઓછી કરી શકીએ.

આપણી પાસે પૂરતા પ્રમાણમાં રેંટિયાશાસ્ત્રીઓ હોય તો આપણે તેટલી જ મુદતમાં જેટલું ને જેવું સૂતર મેળવી શકીએ છીએ તેના કરતાં ઓછામાં ઓછું બમણું કે દોઢું સૂતર મેળવીએ. રેંટિયાશાસ્ત્રીઓ વિના આપણે ગમે તેવા રેંટિયા ચલાવીએ છીએ ને ગમે તેવું સૂતર સંઘરીએ છીએ. રેંટિયાશાસ્ત્રીઓ રેંટિયાની ખોડો દૂર કરી સૂતર વધારે કઢાવે ને સૂતરમાંના દોષ પણ દૂર કરાવે. આમ થાય એટલે વણામણ પણ પ્રમાણમાં સસ્તું પડે. હાથે કાંતેલું સૂતર કાચુંપાકું હોવાથી વણતાં વાર લાગે છે ને તેથી વણામણ મિલના સૂતર કરતાં મોંઘું પડે છે. કમનસીબે આપણી પાસે આખા ભારતવર્ષમાં ગણ્યાગાંઠ્યા રેંટિયાશાસ્ત્રીઓ છે. જેટલી ઓછી તૈયારીથી આપણે રેંટિયા-પ્રચાર શરૂ કર્યો છે તેટલી ઓછી તૈયારી બીજી એકે પ્રવૃત્તિમાં ચાલી જ ન શકે. ઓછી તૈયારી છતાં જે પ્રગતિ આપણે રેંટિયામાં કરી છે એ રેંટિયાનો ને ખાદીનો મહિમા તથા તેની દેશને અર્થે આવશ્યકતા સૂચવે છે. મારો દૃઢ મત છે કે હિંદમાં ચાલતી અનેક વ્યાપક પ્રવૃત્તિઓમાં ખાદી સર્વોપરી છે. જેટલા પૈસાની ઊથલપાથલ છેલ્લાં ચાર વર્ષમાં ખાદીને અંગે થઈ છે, જેટલા સેવકો એમાં રાતદહાડો રોકાયા છે, જેટલા તેમાં આજે પોતાની આજીવિકા પ્રામાણિકપણે મેળવી રહ્યા છે, તેટલા સેવકો આજીવિકા મેળવતા ને તે વિના કામ કરતા બીજી કોઈ વ્યાપક લોકોપકારી પ્રવૃત્તિને વિષે નથી. અને તેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. આવી શુભ અને અલ્પ પ્રયાસે ફળદાયી થતી પ્રવૃત્તિને જો ઠીક પ્રમાણમાં ત્રણે પ્રકારની રક્ષા મળે તો ભારતવર્ષ ઘણા થોડા સમયમાં ખાદીમય થઈ જાય એવો મારો નિશ્ચયપૂર્વક અભિપ્રાય છે. ધનવાન તેમાં ધન આપો, બધાં સ્ત્રીપુરુષો હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી તેમાં ઓછામાં ઓછો અડધો કલાક આપો અને ખાદીઘેલાઓ તેના શાસ્ત્રી બની પોતાના જ્ઞાનનો ઉપયોગ આપો. પરિણામે હિંદુસ્તાન ખાદીમય બનશે. હિંદુસ્તાનના સાઠ કરોડ રૂપિયા બહાર જતા અટકશે, તે ગરીબોમાં વહેંચાશે ને હિંદુસ્તાનને પોતાની શક્તિને વિષે આત્મવિશ્વાસ આવશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૬–૧૯૨૫



Gandhi Heritage Portal

# ૧૬૭. પાવકની જ્વાળા

'પ્રેમપંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને' એમ પ્રીતમે[1] ગાયું છે. અસ્પૃશ્યતાનો સ્પર્શ કરવો તિરસ્કૃતનો સત્કાર કરવો એ પ્રેમપંથ છે. તેમાં અનેક સંકટો પડયાં છે. બાપ છોડે, મા હાંકી મૂકે, સમાજ બહિષ્કાર કરે, મહારાજ પોતાની હવેલીનાં બારણાં બંધ કરે તોયે જે પ્રેમ નભે તે પ્રેમ નભ્યો કહેવાય.

કાઠિયાવાડ જેવા નાનકડા પ્રદેશમાં અસ્પૃશ્યતાનિવારણની હિલચાલે વૈષ્ણવ જગતમાં ખળભળાટ કરી મૂકયો છે. જેઓએ અસ્પૃશ્યતાને મેલ ગણી તેનો ત્યાગ કર્યો છે તેઓની સામે હવેલીનાં બારણાં બંધ થવા લાગ્યાં છે. આવાઓ હવેલી વિના કેમ ચલાવી શકશે? એમણે શું કરવું? જવાબ એક જ હોય : તેવાઓએ હવેલી વિના ચલાવવું. મૂર્તિનું પ્રતિષ્ઠાન કરનાર તો આપણે છીએ. જે મૂર્તિની આસપાસ અધર્મ ફેલાય તે મૂર્તિ આપણને લાભ કરવાને બદલે હાનિ કરે. છેવટની હવેલી તો હૃદય જ છે. હવેલીની ભીંતો એ લૂલાની લાકડીના જેવી છે. માત્ર ટેકારૂપ છે. એ જ લાકડી જ્યારે ટેકો મટી બોજારૂપ થાય ત્યારે તેને ફેંકી દઈએ. એ હવેલીનાં દ્વાર બંધ થઈ શકે. હૃદયમંદિરનાં દ્વાર તો ચોવીસ કલાક ખુલ્લાં છે. ત્યાં બેઠેલો અંતર્યામી આપણી રક્ષા નિરંતર કર્યા જ કરે છે. પ્રેમપંથ ખેડનારા તે હવેલીમાં બિરાજમાન પરમેશ્વરનાં દર્શન કરી કૃતાર્થ થાઓ.

પણ "હવેલી તો સાર્વજનિક સંસ્થા છે. તેમાં જવાની બંધીનું પાલન જ ન કરીએ તો શું? અયોગ્ય બંધીને માન આપવાની શી જરૂર હોય?" આવી દલીલ ન થઈ શકે? બંધીને માન આપવામાં પાપ ન હોય? એવા પ્રસંગો કલ્પી શકાય કે જ્યારે બંધીને માન આપવામાં પાપ હોય. હવેલીનું બંધન મને એવી વસ્તુ નથી લાગતી. પણ જેને તે એવી લાગે તે તો ગમે તે દુ:ખ સહન કરીને પણ ત્યાં જશે. આવી બાબતોને સારુ એક નિયમ હોતો નથી. સામાન્ય નિયમ તો આ હોય : બેચાર મનુષ્યો અસ્પૃશ્યતાને પાપ માનતા હોય, બીજા સેંકડો તેને પુણ્ય માનતા હોય ત્યાં બેચારની સંખ્યાએ ધીરજ રાખવી જોઈએ ને બંધીને માન આપવું જોઈએ. તેમણે લોકમત કેળવવો જોઈએ. મહારાજને વિનયપૂર્વક મળવું જોઈએ. જ્ઞાતિના મહાજનને સમજાવવું જોઈએ ને જ્યાં સુધી તેમાંના ઘણા ન સમજ્યા હોય ત્યાં સુધી પોતે બંધનને માન આપવું એ જ ઇષ્ટ ગણાય. જો લોકમત બંધનની વિરુદ્ધ હોય તો બંધી કરનારને વિનયપૂર્વક ખબર આપી બંધન તોડી શકાય.

મહારાજોને હું વિનયપૂર્વક સમજાવવા ઇચ્છું છું કે તેઓ જો ધર્મના રક્ષક થવા અને રહેવા ઇચ્છતા હોય તો તેમણે સાવધાન થવાની જરૂર છે. ઈશ્વરી નિયમોની વિરુદ્ધ તેઓ વહેમની અને અધર્મની દીવાલો ચણવાના આગ્રહી હોય તો તે નહીં ટકી શકે. હું વલ્લભ સંપ્રદાય[2]નું ગમે તેવું પણ અલ્પ બાળક હોઈ આટલું કહેવાનો મને અધિકાર છે એમ માનું છું. વંશપરંપરાથી ચાલી આવેલી ગાદીને અત્યારે જોખમ છે. અસ્પૃશ્યતાને સંઘરી પોતે અસ્પૃશ્ય ન બનો એમ હું ઇચ્છું છું. જે અસ્પૃશ્યતાનું આજ સેવન થઈ રહ્યું છે એ અસ્પૃશ્યતાને નથી સ્થાન ભાગવતમાં કે નથી ગીતામાં, નથી વેદમાં કે નથી ઉપનિષદમાં. અરે અત્યારે તેને આચારમાંયે સ્થાન નથી.

૧. એક ગુજરાતી કવિ.
૨. ૧૫-૧૬મી સદીમાં વલ્લભાચાર્યે સ્થાપેલો વૈષ્ણવ સંપ્રદાય.

Gandhi Heritage Portal

વૈષ્ણવો જાણીજોઈને અસ્પૃશ્યો મનાતાને પોતાના ધંધાને અર્થે અડે છે. કાયદો અસ્પૃશ્યતાને સ્થાન નથી આપતો. અદાલતોમાં જતાં, મિલોમાં જતાં, વૈષ્ણવો અસ્પૃશ્યને અડે છે ને વગરસ્નાને ખાય છે, વગરસ્નાને હવેલીઓમાં જાય છે. આમ શૂન્યવત્ થઈ ગયેલી અસ્પૃશ્યતાને કેવળ અસ્પૃશ્ય મનાતાં ભાઈબહેનોને પજવવા ખાતર, તેઓનો તિરસ્કાર કરવા ખાતર, સંઘરવી એ નથી વિવેક, નથી દીર્ઘદૃષ્ટિ, નથી જ્ઞાન, નથી મર્યાદા. હું મને વૈષ્ણવ કહેવડાવું છું; કેમ કે તેમાં આ બધા ગુણોને સ્થાન છે એમ માનું છું. વૈષ્ણવ ધર્મની ઉત્પત્તિ જ દયામાં, જ્ઞાનમાં, પતિતને પણ પુનિત કરવામાં રહેલી છે એવી મારી માન્યતા છે એવું હું બંગાળમાં જોઈ રહ્યો છું. વલ્લભાચાર્યે જે પશ્ચિમમાં કર્યું તે ચૈતન્યે[1] પૂર્વમાં કર્યું છે. બંગાળમાં ચૈતન્યે લાખો અસ્પૃશ્ય મનાતાઓનો ઉદ્ધાર કર્યો. તેણે અસ્પૃશ્યતાની જડને હલાવી અને આજે બંગાળમાં અસ્પૃશ્યતા બહુ હળવા પ્રમાણમાં છે. અડીને અભડાવું શું એ તો કોઈ અહીં જાણતું જ નથી. બંગાળની અસ્પૃશ્યતા એટલે "અસ્પૃશ્ય" પાસેથી જલગ્રહણ ન કરવું ને તેને હજામત તથા ધોબીની સેવા ન આપવી. આ વહેમ પણ ઘણો મોળો પડી ગયો છે ને આજે અસ્પૃશ્યો કેટલાક વકીલ દાક્તર છે. તેઓમાં જ્ઞાન વધતું જાય છે. ઢેડવાડો એવી વસ્તુ બંગાળમાં ભાગ્યે જ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૧–૬–૧૯૨૫

## ૧૯૮. દેશબંધુ સ્મારક ફાળાની અપીલ

કલકત્તા,

જૂન ૨૨, ૧૯૨૫

જાહેર જનતાને એ હકીકતની માહિતી હશે કે સ્વ. દેશબંધુ ચિત્તરંજન દાસે પોતાના જીવનકાળ દરમ્યાન રસા રોડ પર ચાર વીઘાં જેટલી જમીન પર આવેલું પોતાનું આલીશાન મકાન, કેટલીક જાહેર પ્રવૃત્તિ માટે ટ્રસ્ટ બનાવીને દેશને અર્પણ કરી દીધું છે. ટ્રસ્ટીઓએ જણાવ્યું છે કે આ મિલકતની કિંમત આશરે ૩,૨૫,૦૦૦ રૂપિયા જેટલી થાય છે. અને તેના પર ૨,૨૦,૦૦૦ રૂપિયાનું દેવું છે. એટલે આ દાનની ચોખ્ખી રકમ ૧,૦૫,૦૦૦ રૂપિયા થાય છે.

અમને નીચે સહી કરનારાઓને વિશ્વાસ છે કે સ્વર્ગસ્થ દેશબંધુને શોભે તેવું સ્મારક ઊભું કરવાની બંગાળને આકાંક્ષા જાગશે. ૧૮મી તારીખે કલકત્તામાં શોકનું જે પ્રદર્શન જોવા મળ્યું, અને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પવા માટે દેશભરમાં જે સભાઓ થઈ, તે બતાવે છે કે પ્રજામાં આવું સ્મારક થાય એવી ઇચ્છા રહેલી છે. અમે માનીએ છીએ કે ઉપરોક્ત ટ્રસ્ટ ઊભું કરવા પાછળ દેશબંધુનો જે મુખ્ય વિચાર અમને દેખાય છે તે પાર પાડવાનો ઉત્તમ માર્ગ બંગાળની સ્ત્રીઓનો ઉદ્ધાર થાય તેવી પ્રવૃત્તિ હાથ ધરવાનું છે. કોઈ પણ જાતિ કે ધર્મની સ્ત્રીઓ માટે એક હૉસ્પિટલ ખોલવાથી અને નર્સોની તાલીમ માટેની સંસ્થા સ્થાપવાથી દેશબંધુનો ઇરાદો સારી રીતે પાર પડશે એવું અમારું માનવું છે.

આ બધી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઓછામાં ઓછા ૧૦,૦૦,૦૦૦ રૂપિયા જોઈએ. અમને એમ પણ લાગે છે કે આપણા સ્વર્ગસ્થ દેશબાંધવના સ્મારક માટે દસ લાખની રકમ બહુ

૧. ૧૪૮૫–૧૫૩૩, હિંદુ ધર્મસુધારક; બંગાળ અને ઓરિસ્સામાં તેમણે વૈષ્ણવોની જ્ઞાતિ વગરની સોસાયટી સ્થાપી, જેથી શૂદ્ર હિંદુઓને આશ્રયસ્થાન મળ્યું.

Gandhi Heritage Portal

મોટી ન ગણાય. એટલે આ રકમ માટે અમે બંગાળની જાહેર જનતાને અપીલ કરીએ છીએ. અમારી ઇચ્છા આ સ્મારકને અપક્ષ સ્મારક બનાવવાની છે જેથી દેશબંધુનો મહિમા જાણનાર સૌ કોઈ તેમના રાજકારણમાં ભાગ ન લીધો હોવા છતાં એ સ્મારકમાં પોતાનો ફાળો આપે. અત્યારના ટ્રસ્ટીઓ આ પ્રમાણે છે:

ડૉ. બિધાનચંદ્ર રાય
શ્રી નિર્મળચંદર ચંદર
શ્રી તુલસી ચં. ગોસ્વામી
કુમાર સત્યમોહન ઘોષાલ
શ્રી નલિનીરંજન સરકાર

આ ટ્રસ્ટને અપક્ષ સ્વરૂપ અપાય તેમાં આ બધા ટ્રસ્ટીઓ સંમત થયા છે, અને તેમને આપવામાં આવેલી સત્તા મુજબ તેમણે નીચેના બે ટ્રસ્ટીઓને સામેલ કર્યા છે: ડૉ. સર નીલરતન સરકાર અને શ્રી સતીશરંજન દાસ.

સર રાજેન્દ્ર મુખરજી (નં. ૭, હૅરિંગ્ટન રોડ) ખજાનચી તરીકે સેવા આપવા સંમત થયા છે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २३-६-१९२५

## ૧૬૯. દેશબંધુ સ્મારક ફાળાની અપીલ

કલકત્તા,
જૂન ૨૨, ૧૯૨૫

લૉર્ડ સિંહા તથા બીજાઓની સહીથી અખિલ બંગાળ દેશબંધુ સ્મારક ફાળાની જે અપીલ બહાર પાડવામાં આવી છે તેને બંગાળની જનતા તરફથી ઝડપી અને ઉત્સાહભર્યો જવાબ મળશે, એવો મને વિશ્વાસ છે. મને આશા છે કે બધા બંગાળીઓ તથા બંગાળને જેમણે પોતાનું વતન બનાવ્યું છે અને બંગાળમાં રહીને જેઓ પોતાની આજીવિકા તથા કમાણી મેળવે છે તે બધા આ ફાળાના દસ લાખ રૂપિયા પૂરા કરશે. મારી અપીલ ખાસ કરીને બંગાળની યુવાન પેઢીને છે, કારણ કે કોઈ પણ વર્ગ કરતાં તેમના પર સ્વ. દેશબંધુનું વધારે ઋણ છે. દસ લાખ રૂપિયા તો દસ લક્ષાધિપતિઓ પાસેથી મળી જઈ શકે, છતાં મોટે ભાગે થોડા પૈસા પણ આપી શકે એવા ગરીબ માણસો પાસેથી આ રકમ ભેગી કરવામાં આવે એ ઇચ્છવાજોગ છે. કલકત્તામાં ૧૮મી તારીખે નીકળેલી સ્મશાનયાત્રામાં જે લાખો લોકોએ ભાગ લીધો, તે દરેક પોતાને ભાગે આવતી રકમ આપી શકે અને આપવી જોઈએ.

એ વાત યાદ રહેવી જોઈએ કે દસ લાખની રકમ વધુમાં વધુ નહીં પણ ઓછામાં ઓછી છે. મિલકત પરના દેવાની ૨,૨૦,૦૦૦ની રકમ ચૂકવ્યા પછી ફક્ત ૭,૮૦,૦૦૦ની રકમ બાકી રહેશે. એક હૉસ્પિટલ માટે તથા નર્સો માટેની તાલીમ શાળા માટે આ બહુ મોટી રકમ ન ગણાય.

આપણે આ ફાળો ૧લી જુલાઈ પહેલાં પૂરો કરવાની નેમ રાખીશું? હું જાણું છું કે સમય ઘણો ટૂંકો છે. પણ જો બધાં કેન્દ્રો એકદમ વ્યવસ્થિત થાય અને પદ્ધતિસર કામ કરે તો આ

Gandhi Heritage Portal

રકમ એકઠી કરવી બંગાળની શક્તિની બહારની વાત નથી. ફાળો ઉઘરાવવાના કામના એક અનુભવી તરીકે મારે જાહેર પ્રજાને કહેવું જોઈએ કે તેઓ જેને ઓળખતા હોય અને જેના પર તેમનો વિશ્વાસ હોય તેમને જ ફાળાની રકમ આપે. આપણે જો આઠ દિવસમાં ફાળાનું કામ પૂરું કરવું હોય તો એક ક્ષણ પણ ગુમાવવી પોસાય એમ નથી.

૧. આપી શકે તેવા બધા લોકો પોતે આપે અને બીજાઓને આપવા માટે આગ્રહ કરે.

૨. બધા તરત જ આપે,

૩. બધા શકય એટલું વધારેમાં વધારે આપે,

૪. કસબાનાં કેન્દ્રો પણ આ કામ એકદમ ઉપાડી લે,

— તો જ એ શકય બને.

લોકોએ એટલું યાદ રાખવું ઘટે કે :

૧. આ એક અખિલ બંગાળ સ્મારક છે. તેમાં જાતિ, ધર્મ, પક્ષ કે ન્યાતજાતનો ભેદ નથી.

૨. આ ફાળો હિંદના એક મહાન સપૂતની સ્મૃતિ માટે ઊભો કરવામાં આવ્યો છે.

૩. આ ફાળો કેવળ શુદ્ધ માનવદયાના કામ માટે વપરાવાનો છે.

હું એમ પણ સમજું છું કે કલકત્તામાં માત્ર સ્ત્રીઓ માટેની એક હૉસ્પિટલની અને નર્સોને તાલીમ આપવા માટેની એક સંસ્થાની જરૂર છે.

મારે એ વાત કહેવાની ભાગ્યે જ જરૂર છે કે દાતાઓ તરફથી જે રકમ આપવામાં આવશે, તેના યોગ્ય ઉપયોગની ગૅરંટી ટ્રસ્ટીઓનાં નામો પરથી જ મળી જાય છે.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २४–६–१९२५

## ૧૭૦. દેવચંદ પારેખને પત્ર

કલકત્તા,

અસાડ સુદ ૧ [જૂન ૨૨, ૧૯૨૫][1]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

રાજાઓની પૈસાની મદદ તો સમજું છું. પણ બધું કાર્ય તેમના અમલદારોને હસ્તક કરવામાં સંકોચ થાય છે. પણ તમે બધા મળીને વિચારશો પછી હું વધારે નિશ્ચય કરી શકીશ. આપણે દર વર્ષે ખર્ચ ઓછું કરી લોકોને કેમ પગભર કરી મૂકીએ એ વિચારી લેવાનું છે.

બાપુના આશીર્વાદ

ભાઈશ્રી દેવચંદભાઈ પારેખ

જેતપુર

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૬૨૦૫; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧. ટપાલના સિક્કામાં "કલકત્તા, જૂન ૨૩, ૧૯૨૫" છે. ૧૯૨૫ના વર્ષમાં અસાડ સુદ ૧ જૂનની ૨૨મીએ હતી.

Gandhi Heritage Portal

## ૧૭૧. વસુમતી પંડિતને પત્ર

કલકત્તા,
અસાડ સુદ ૧ [જૂન ૨૨, ૧૯૨૫][1]

ચિ. વસુમતી,

મને બંને કાગળ સાથે મળ્યા જેવું થયું છે. હમણાં તો એક માસ કલકત્તામાં જ વાસ કરવાનું રહ્યું છે. પછી પાછું ફરવું શરૂ થશે. હું તમારી સ્થિરતા — મનની ને સ્થળની — ઇચ્છું છું. કામની લાયકાત તો મારે જોવાની છે ના? પણ એ તો પછી. હમણાં તો એક જગ્યામાં સ્થિર થયા છતાં કામમાં વધારે ગૂંથાઈ ગયો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૪૬૪; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૧૭૨. નારણદાસ ગાંધીને પત્ર

કલકત્તા,
અસાડ સુદ ૧ [જૂન ૨૨, ૧૯૨૫][2]

ચિ. નારણદાસ,

બધી શાખાઓના હેવાલવાળો કાગળ મળ્યો છે. દેવચંદભાઈએ કંઈક વધારે ભરોસો રાખ્યો જણાય છે. હિસાબ ઘણા ચોખ્ખા નહીં હોય ત્યાં પસ્તાશું. શિવજીને મેં લખ્યું છે કે તેણે જેને તે ખાનગી ચોપડા માને છે તે બતાવવા જોઈશે. બધી શાખાઓનો હેવાલ તમે મોકલ્યો છે તેમાંનું તારણ કરી લોકોને રસ પડે ને જ્ઞાન મળે એવું છાપવા સારુ લખી મોકલજો.

આ પ્રવૃત્તિને અંગે કેટલા પોતાને ખર્ચે, કેટલા ઓછે પગારે, ને કેટલા બજાર દામે કામ કરે છે, તેમને બધું મળી કેટલું મળે છે તે પણ તેમાં લખજો.

બધા થઈને કેટલા ચરખા વગેરે ચાલે છે એ તો આવશે જ. જમનાદાસને શું થયું હતું? ખુશાલભાઈ તથા દેવભાભીને દંડવત્.

બાપુના આશીર્વાદ

હમણાં હું અહીં જ કલકત્તે રહીશ.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૧૯૩; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧. અને ૨ ટપાલના સિક્કામાં "કલકત્તા, જૂન ૨૩, ૧૯૨૫" છે. ૧૯૨૫ના વર્ષમાં અસાડ સુદ ૧ જૂનની ૨૨મીએ હતી.

Gandhi Heritage Portal

# ૧૭૩. ફાળાની પહોંચ[1]

કલકત્તા,
જૂન ૨૩, ૧૯૨૫

જાહેર જનતાને જણાવતાં મને ઘણો આનંદ થાય છે કે નીચે પ્રમાણેની રકમ સર આર. મુકરજીને મળી ચૂકી છે:

| | | |
|---|---|---|
| એન. એમ. સરકાર | રૂપિયા | ૧૦,૦૦૦/- |
| એસ. આર. દાસ | ,, | ૫,૦૦૦/- |
| રાય એ. એન. બોઝ | ,, | ૧,૦૦૦/- |
| સી. સી. લૉ | ,, | ૧,૦૦૦/- |
| એસ. | ,, | ૧,૦૦૦/- |
| કે. | ,, | ૧,૦૦૦/- |
| એ. | ,, | ૧,૦૦૦/- |
| સુપ્રભાદેવી | ,, | ૧૦૦/- |
| અનામી | ,, | ૧૦/- |
| મૌલવી અબદુલ હકીમ | ,, | ૧૦૦/- |
| | કુલ | ૨૦,૨૧૦/- |

અને મારી પાસે રૂ. ૧,૦૦૦/-નો ચેક તથા એક સોનાની વીંટી સર મુકરજીને પહોંચાડવા માટે આવ્યાં છે. મને એ પણ ખબર છે કે સર રાજેન્દ્ર પાસે કેટલીક નાની રકમો સીધી આવી છે.

આમ શરૂઆત ઘણી સારી થઈ છે.

૧લી જુલાઈ પહેલાં દસ લાખ એકઠા કરવા એટલે રોજનો સવા લાખનો ફાળો થયો. દરેકેદરેક કાર્યકર્તા ખૂબ જ પરિશ્રમ ઉઠાવે તો જ આ સરેરાશ જળવાઈ રહે. તેથી હું આશા રાખું છું કે કોઈ કાર્યકર્તા આમંત્રણની રાહ ન જુએ પણ મિત્રો પાસેથી ફાળો ઉઘરાવવા મંડી પડે.

૧૮મીની હાજરીની માફક આ નક્કર જવાબ પણ સ્વયંસ્ફુરિત હોવો જોઈએ. આજે રાતે મ્યુનિસિપલ મારકેટમાં સભા ભરવામાં આવી. તેમાં મને બોલાવ્યો હતો. સભા ઘણી મોટી હતી. હું ત્યાં માત્ર સ્મારક માટે ફાળો ઉઘરાવવાની આશાથી ગયો હતો. પણ સભા એ હેતુ માટે ખૂબ જ મોટી અને કાબૂ બહારની હતી. સભાના વ્યવસ્થાપકોને મારી વિનંતી છે કે આ ફાળો ઉઘરાવવાના દિવસો દરમ્યાન તેઓ મને કોઈ પણ એવી સભામાં ન બોલાવી જાય જ્યાં ફાળાનું કામ થઈ શકે એમ ન હોય.

૧. અખિલ બંગાળ દેશબંધુ સ્મારક ફંડ માટે મળેલા.

Gandhi Heritage Portal

નાના નાના કસબાઓમાંથી સારી રકમ મેળવવાની આશા છે. જુદા જુદા જિલ્લાઓમાં આગેવાનોને તાર કરવામાં આવ્યા છે. મને વિશ્વાસ છે કે તેઓ બધા ફાળો એકઠો કરશે અને ૧લી જુલાઈ પહેલાં ખજાનચીને મોકલી આપશે.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, २४–६–१९२५

## ૧૭૪. સ્ટેટ્સમૅનને મુલાકાત

[જૂન ૨૪, ૧૯૨૫ પહેલાં]

સ્ટેટ્સમૅનના પ્રતિનિધિને કલકત્તામાં આપેલી મુલાકાત દરમ્યાન તેમણે કહ્યું :

જ્યાં સુધી મને એમ લાગશે કે મારી અહીં જરૂર છે, અથવા શ્રી દાસના વિશ્વાસુ સાથીઓને મારી જરૂર હશે ત્યાં સુધી હું અહીં રોકાઈશ. કોઈ પણ શરત વિના મેં મારી જાતને તેમને હવાલે કરી છે.

મેં એ સૂચના કરી જ દીધી છે કે આખા હિંદમાં ૧લી જુલાઈએ શ્રાદ્ધાંજલિ માટેની શોકસભાઓ યોજાવી જોઈએ. હું એવી આશા રાખી રહ્યો છું કે ભિન્ન ભિન્ન અભિપ્રાયો કે મત ધરાવતા બધા લોકો હિંદના એકેએક મહત્ત્વના કેન્દ્રમાં ભરાતી સભાઓમાં ભાગ લેશે. હું કાંઈ નહીં તો એ તારીખ સુધી અહીં રહું એવો સંભવ છે.

ભાવિ બાબતમાં તેમના અભિપ્રાય વિષે પૂછવામાં આવતાં શ્રી ગાંધીએ કહ્યું :

એક દુનિયાદારી માણસ તરીકે ભાવિ કેવું હશે તે કહેવું મારે માટે ઘણું મુશ્કેલ છે. પણ એક શ્રદ્ધાળુ માણસ તરીકે હું કહી શકું કે દેશબંધુ દાસમાં જે સદ્‌ગુણો જોવાનો લહાવો મને મળ્યો, તે એક કીમતી મૂડી છે અને તેમાંથી સારું જ પરિણામ આવશે. તે કઈ રીતે બનશે, તે હું જાણતો નથી.

શ્રી ગાંધીએ અગાઉ એક એવું સૂચન કર્યું હતું કે શ્રી દાસનું અવસાન બધા પક્ષોના એકીકરણથી અંકિત થવું જોઈએ, તેના અનુસંધાનમાં તેમણે કહ્યું :

જો આ એકતા કેવળ યાંત્રિક નહીં, પણ સાચી બને તો એ સંયુક્ત પક્ષને માથે પોતાની માગણી ઘડી કાઢવાની જવાબદારી રહે. તે માગણી કેવી હોવી જોઈએ તે હું પોતે કહું એનો કશો અર્થ નથી, પણ હું આટલું કહી શકું કે મારી ઇચ્છા ગમે તે હોય, હું બહુમતીની ઇચ્છાની આડે નહીં આવું.

ગાંધીજીને પૂછવામાં આવ્યું : "સ્વરાજ્યની તમારી વ્યાખ્યા શું છે?"

સ્વરાજ્યની મારી વ્યાખ્યા છે : જનતાની તેમના પ્રતિનિધિઓ દ્વારા પ્રગટ થતી તત્કાળ પૂરતી આકાંક્ષા. ભૂમિતિમાંની સીધી લીટીની વ્યાખ્યા જેવી, એક ને એક બે જેવી સ્વરાજ્યની વ્યાખ્યા નથી. જુદી જુદી પરિસ્થિતિની અસર નીચે રહેતા જુદા જુદા લોકોના મિજાજ પ્રમાણે તેનું મૂલ્ય બદલાતું જાય છે. એટલે સ્વરાજ્યની અત્યાર પૂરતી વ્યાખ્યા છે "સાંસ્થાનિક સ્વરાજ."

શ્રી ગાંધીને પૂછવામાં આવ્યું કે ખાસ કરી બંગાળ સંબંધમાં આપ આડખીલી ઊભી કરવાની નીતિ છોડી દેવાની સલાહ આપશો?

Gandhi Heritage Portal

"બંગાળ ધારાસભા જ્યારે મળે ત્યારે જો પ્રધાનમંડળ માટેની ઇચ્છા પ્રગટ થાય તો શું આપ ધારાસભાને તેનો એકી અવાજે વિરોધ કરવાની સલાહ આપશો?" ગાંધીજીએ સ્મિતપૂર્વક કહ્યું :

હું આ પ્રશ્નનો ઉત્તર ન આપવાનું પસંદ કરીશ. બંગાળ નાહિંમત થાય, તે શ્રદ્ધા ગુમાવી બેસે એવું હું નથી ઇચ્છતો, કેમ કે તેમ થાય એ તેમના સ્વર્ગસ્થ નેતાને છેહ દીધા બરાબર ગણાશે. હું જાણું છું કે શ્રદ્ધા રાખવા માટે તેમની પાસે કોઈ પણ વજૂદવાળું કારણ ન હોય ત્યારે પણ તેઓ શ્રદ્ધાથી ચાલતા. આમ છતાં તેમની તે શ્રદ્ધા બરાબર હતી, એવું બનેલા બનાવોથી પુરવાર થતું હતું. નિરાશાપૂર્ણ વલણ ધારણ કરવાથી કોઈ પણ સારા કામને કદી સફળતા મળતી નથી.

બંગાળ પાસે મહાન કલ્પનાશક્તિ છે અને તેનામાં સહન કરવાની અસાધારણ શક્તિ છે, એ વાત મને બંગાળના પ્રવાસ દરમ્યાન જોવા મળી છે. હું તેને એમાં અખૂટ શ્રદ્ધાનું તત્ત્વ ઉમેરવા કહીશ એટલે બધું બરાબર થઈ જશે.

વાતમાં ને વાતમાં શ્રી ગાંધીએ કહ્યું કે આ સમયે મને શ્રીમતી દાસ પાસે રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. તેઓ પોતાનું દુઃખ ઉમદા રીતે સહન કરી રહ્યાં છે.

શ્રી દાસની સ્મશાનયાત્રા પ્રસંગે મેદનીમાં જે જુવાન મિત્રોએ મદદ કરી, તેમને પણ મારાં અભિનંદન.

એ યુવાનોએ પોતાના મજબૂત હાથો વડે મને રક્ષણ આપ્યું ન હોત તો મારા ચૂરેચૂરા થઈ ગયા હોત. ખાસ કરીને, ચિતાસ્થાન પર તો એવી જ સ્થિતિ હતી.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૨૪–૬–૧૯૨૫

## ૧૭૫. સર્ચલાઇટને મુલાકાત

[જૂન ૨૪, ૧૯૨૫ પહેલાં]

ઇંગ્લંડમાં લૉર્ડ રીડિંગ તથા લૉર્ડ બર્કનહેડ વચ્ચે થયેલી વાતચીતના પરિણામ વિષે પ્રગટ થયેલા અહેવાલ બાબતમાં ખબર આપવામાં આવતાં શ્રી ગાંધીએ કહ્યું :

જો આ નિવેદન સાચું હોય તો તેનાથી મને આશ્ચર્ય નહીં થાય, કારણ કે આનાથી વધારે સારા નિવેદનની મેં અપેક્ષા રાખી નહોતી. પરંતુ તેનાથી હિંદમાં તો ખળભળાટ જ મચશે, અને માત્ર સ્વરાજ પક્ષની જ નહીં પણ બધા પક્ષોની લાગણીઓને આઘાત પહોંચશે. અંગત રીતે મને એ વાત સમજાતી નથી કે હિંદીકરણ પૂરતું આગળ નીકળી ગયું છે એમ કહેવાનો શો અર્થ થાય છે.

[મૂળ અંગ્રેજી]

સર્ચલાઇટ, ૨૪–૬–૧૯૨૫

Gandhi Heritage Portal

## ૧૭૬. એસ. કે. રુદ્રને તાર

જૂન ૨૪, ૧૯૨૫

સુશીલકુમાર રુદ્ર[1]
સોલોન

તમારા આત્માની પૂર્ણ શાંતિ માટે મારો અત્યંત ઊંડો સ્નેહ તથા પ્રાર્થના તમારી સાથે છે. ચાર્લી તમારી પાસે છે, તે ખૂબ આનંદની વાત છે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ પરથી : સી. ડબલ્યુ. ૬૦૪૮; શ્રીમતી એસ. કે. રુદ્રના સૌજન્યથી

## ૧૭૭. ઇંગ્લિશમૅનને મુલાકાત

કલકત્તા,
જૂન ૨૪, ૧૯૨૫

ઇંગ્લિશમૅનને આપેલી મુલાકાત દરમ્યાન શ્રી ગાંધીએ કહ્યું :

સ્વરાજ પક્ષમાં ફાટફૂટ પડી નથી અને પડવાની નથી.

સ્વરાજ પક્ષના ભાવિ વિષે અનેક અફવાઓ વહેતી થઈ છે અને અનેક અટકળો થવા લાગી છે. પણ તે કેવળ અનુમાનો જ છે અને તેને કોઈ પાયો નથી.

પક્ષની નેતાગીરી સ્વીકારવાની ઑફર કરવામાં આવે તો તે તમે સ્વીકારો ખરા એ સવાલનો જવાબ ગાંધીજીએ નકારમાં આપ્યો. શ્રી ગાંધીએ કહ્યું કે બંગાળના સ્વરાજ પક્ષનો નેતા બંગાળી જ હોય એ તદ્દન જરૂરી છે. હાલની નેતાગીરીની જ વાત કરીએ તો તેને માટે એક કરતાં વધુ બંગાળી સ્વરાજવાદીઓ યોગ્યતા ધરાવે છે. પણ મારા અભિપ્રાય મુજબ શક્તિ, અનુભવ અને સ્વરાજ પક્ષની કામગીરીની માહિતીનો ભેગો વિચાર કરીએ તો સ્વ. સી. આર. દાસના નિકટના સાથી શ્રી જે. એમ. સેનગુપ્તા સૌથી વધુ યોગ્ય છે.

રાષ્ટ્રવાદીઓ અને સ્વરાજવાદીઓના એકીકરણના સૂચન અંગે શ્રી ગાંધીએ કહ્યું કે આ બંને પક્ષો માનભરી શરતોએ એકબીજા સાથે જોડાઈ શકે તો તે સમગ્ર દેશના હિતમાં ઘણું સારું પગલું ગણાય.

શ્રી ગાંધીએ કહ્યું કે મારી તબિયત ઘણી સારી છે અને હું કલકત્તામાં હજી એક મહિનો રોકાવાનો છું.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૬–૬–૧૯૨૫

૧. સેંટ સ્ટીવન્સ કૉલેજ, દિલ્હીના પ્રિન્સિપાલ. તેઓ ગંભીર માંદગીમાં સપડાયા હતા ને ૩૦મી જૂને તેમનું અવસાન થયું.

Gandhi Heritage Portal

# ૧૭૮. નોંધ

## અન્યાયનો ઈરાદો નહોતો

જ્યારે તમે એમ કહો છો કે મારો સંદેશો હિંદના શિક્ષિત વર્ગને આકર્ષી શક્યો નથી, ત્યારે તમે શિક્ષિત હિંદુઓને અન્યાય નથી કરતા? તમારા જમણા હાથ જેવા રાજગોપાલાચારીને જ જુઓ. એ ઉપરાંત દેશના એક છેડાથી બીજે છેડા સુધી અનેક નિઃસ્વાર્થી શિક્ષિત કાર્યકર્તાઓ વેરાયેલા પડેલા છે, જેમનો ઉલ્લેખ પણ તમે યંગ ઇન્ડિયામાં ભાગ્યે જ કરો છો. તેઓ ન હોત તો તમારું સ્થાન ક્યાં હોત? ગામડામાં કામ કરવાની વાત કરવી તો બહુ સારી છે, પણ તે પણ તમે તેમની મદદથી જ કરી શકો છો.

આ પ્રશ્નમાં એક ખોટો મુદ્દો ઊભો થાય છે. એક કોયલ બોલે એટલે કંઈ વસંત બેસી ગઈ એમ ન કહેવાય. મુઠ્ઠીભર નિઃસ્વાર્થ સુશિક્ષિત લોકો મૂંગા મૂંગા રેંટિયાનું કામ કરે છે અને તેનો સંદેશો ફેલાવી રહ્યા છે, તે તેમને માટે અને દેશને માટે ગૌરવ લેવા જેવું છે. તેમના વિના તો હું પૂરેપૂરો નિઃસહાય જ બની જાઉં. પણ મારી માફક તેઓ પણ શિક્ષિત હિંદના પ્રતિનિધિઓ ન ગણાય. એક વર્ગ તરીકે ભણેલા હિંદીઓ આ પ્રવૃત્તિથી દૂર રહે છે. તે એટલા માટે નહીં કે તેમને એ ગમતી નથી, પણ તેમાં તેમને શ્રદ્ધા જ નથી. મેં જ્યારે એ ફકરો લખ્યો હતો,[૧] ત્યારે મારા મનમાં શ્રી શાસ્ત્રી, શ્રી ઝીણા, શ્રી ચિંતામણિ, શ્રી સપ્રુ અને એવા બીજા અનેક વિદ્વાન દેશબંધુઓ હતા. સામાન્ય સૈનિકો જોકે વ્યક્તિગત રીતે મારા પ્રત્યે સદ્‌ભાવ રાખે છે, પણ મારા વિચારો તથા કાર્યપદ્ધતિથી ભડકે છે. તેમાંના કેટલાક તો મને અવારનવાર ખૂબ જ નિખાલસભાવે કહે છે કે તમારી કામ કરવાની પદ્ધતિ તમે બદલી નાખો, તો અમને તમારી સાથે કામ કરવાનું અનુકૂળ થાય. વળી ઉપરોક્ત ફકરો મેં કોઈ ફરિયાદ રૂપે નહોતો લખ્યો. મેં તો કેવળ એક હકીકત જણાવી હતી. તેનો હેતુ એ હતો કે મારી મર્યાદાઓનો ખ્યાલ આવે. અને મારે એ પણ બતાવવું હતું કે રેંટિયાનો મર્મ સમજનારા તથા તેનું સમર્થન કરનારા મોટા મોટા નેતાઓ જેટલા જરૂરી છે, તેટલા જ આ બધા પણ રાષ્ટ્રોદ્ધારના કામ માટે જરૂરી છે. મારે ફરી સ્વીકારવું જોઈએ કે કૉંગ્રેસની નેતાગીરી ખરી રીતે તેમની જ હોવી જોઈએ અને માત્ર મતોના બળ પર મુદ્દાને લાદવો ન જોઈએ. એથી ઊલટું, જ્યાં સુધી હું તેમને એ બાબતની ખાતરી ન કરાવી શકું કે રેંટિયો ને ખાદી એ દેશની રાજકીય મુક્તિ માટે અત્યંત આવશ્યક છે, ત્યાં સુધી મારે ધીરજથી થોભી જવું જોઈએ.

## માબાપ પહેલાં સંસ્થા

મારા બંગાળના પ્રવાસ દરમ્યાન મેં એક નવાઈ પમાડે તેવી વાત સાંભળી. એક સંસ્થાના સભ્યો પોતાનાં માબાપને નભાવવા કરતાં પણ સંસ્થાને નભાવવાની વાતને વધુ મહત્ત્વની ગણતા હતા. અને એ વાતને મારી સંમતિ છે, એમ પણ કહેવામાં આવ્યું. મારા આ પત્રનાં પાનાંઓમાં આવી છાપ ઊભી કરે તેવું જો મારાથી કંઈ પણ લખાયું હોય તો હું તે માટે વાચકોની માફી માગું છું. આવો કોઈ દોષ કર્યાનો મને ખ્યાલ નથી. મારામાં જે કંઈ છે, તે મારાં માતાપિતાને

૧. "આપણે તૈયાર છીએ", ૧૮-૯-૧૯૨૫નો આ ઉલ્લેખ હોય એમ દેખાય છે.

Gandhi Heritage Portal

આભારી છે. પોતાનાં માતાપિતા પ્રત્યેના શ્રાવણના જે ભક્તિભાવની વાત આપણે સાંભળીએ છીએ, તેવો જ ભક્તિભાવ મને તેમના પ્રત્યે હતો. એટલે જ્યારે મેં આ વાત સાંભળી, ત્યારે હું મારા મનમાં ઊભો થયેલો રોષ માંડ માંડ કાબૂમાં રાખી શક્યો. જે યુવકે આવું વલણ અપનાવ્યું હતું તે એ વિષે ભાગ્યે જ ગંભીર હતો. પણ આજે કેટલાક યુવકોમાં પાતે વધારે ઉચ્ચ હોવાનું વલણ ધારણ કરવાની અને સંપૂર્ણતાની આદર્શ મૂર્તિ હોવાનો દેખાવ કરવાની એક ફૅશન જોવામાં આવે છે. હું એવા મતનો છું કે ઉંમરે પહોંચેલા પુત્રોએ પોતાનાં વૃદ્ધ અને અશક્ત માબાપોનું ભરણપોષણ કરવાની પોતાની પહેલી ફરજ સમજવી જોઈએ. તેઓ પોતાનાં માબાપને પાળીપોષી શકે તેવી સ્થિતિ ન હોય તો તેમણે પરણવું ન જોઈએ. આ પ્રાથમિક ફરજ બજાવી શકાય એમ ન હોય ત્યાં સુધી તેણે જાહેર પ્રવૃત્તિમાં પણ પડવું ન જોઈએ. માબાપને અન્ન ને વસ્ત્ર પૂરાં પાડવા માટે જરૂર પડે તો તેમના પુત્રે ભૂખ્યા રહેવાની પણ તૈયારી રાખવી જોઈએ. છતાં અવિચારી અને અજ્ઞાન માબાપોની બધી માગણીઓ પૂરી પાડવી જ જોઈએ, એવી અપેક્ષા હું યુવાનો પાસે રાખતો નથી. ઘણી વાર માબાપો તેમના નિભાવ માટે જરૂર ન હોય તેવા એટલે કે ખોટા દેખાવો માટે કે પોતાની પુત્રીના લગ્નમાં બિનજરૂરી ખર્ચ કરવા માટે પૈસા માગે છે. હું એમ માનું છું કે જાહેર કાર્યકર્તાએ આવી માગણીને વશ થવાની બહુ જ નમ્રતાપૂર્વક ના પાડવી જોઈએ. મને એવો એક પણ કિસ્સો યાદ નથી કે જેમાં કોઈ લાયક જાહેર કાર્યકર્તાને ભૂખે મરવાનો વખત આવ્યો હોય. મેં એવા કેટલાય કાર્યકર્તાઓ જોયા છે કે જેઓ આર્થિક ભીંસ અનુભવતા હોય. મેં થોડાક એવા પણ જોયા છે કે તેમને આજે જે મળે છે તેના કરતાં વધારે મળવું જોઈએ. પણ જેમ જેમ તેમનું કામ ખીલતું જશે, અને તેમની કિંમત સમજાતી જશે, તેમ તેમ તેમની આર્થિક ભીંસ ઘટતી જશે. મુશ્કેલીઓ અને કસોટીઓ માણસને ઘડે છે. તંદુરસ્ત વિકાસની એ નિશાનીઓ છે. જો દરેક યુવાન પાસે ખૂબ પૈસો હોય, અને જરૂરી ચીજો વગર કેમ ચલાવવું તેની તેને ખબર જ ન હોય તો તે જ્યારે કસોટીમાં મુકાય છે ત્યારે કદાચ ઊણો જ ઊતરે. ત્યાગમાં આનંદ છે.

એટલે જાહેરમાં પોતાના ત્યાગની બડાઈ હાંકવી એ સારું નથી. કેટલાક કાર્યકર્તાઓએ મને એમ કહ્યું હતું કે અમે કોઈ પણ પ્રકારના બલિદાન માટે તૈયાર છીએ. મેં તેમની ઊલટ-તપાસ કરી ત્યારે તેમનો બલિદાનનો અર્થ એવો નીકળ્યો કે માગીને એટલે કે દાનની રકમ પર નભવું એ પણ ત્યાગ જ છે. મેં તેમને કહ્યું કે દાન ઉપર નભવું એમાં ત્યાગ નથી. ઘણા જાહેર સેવકો આવી રીતે દાન પર નભતા હોય છે, પણ તેઓ કદી ત્યાગી હોવાનો દાવો કરતા નથી. ઘણા યુવાનોએ પોતાની ધીકતી કમાણીવાળા વ્યવસાયનો ત્યાગ કર્યો છે. તે માટે તેમને ખરેખર અભિનંદન ઘટે છે. પણ ત્યાં પણ મારે નમ્રતાથી કહેવું જોઈએ કે એ ત્યાગનાં પણ બહુ વખાણ કરવાં ન જોઈએ. જે ત્યાગમાં આનંદ નથી હોતો તે ત્યાગના નામને પાત્ર નથી. ત્યાગ અને સોગિયું મોં એ બંનેનો મેળ બેસતો નથી. ત્યાગ "પાવનકારી" છે. પોતાના ત્યાગ માટે જે માણસ બીજાની સહાનુભૂતિ ઝંખે છે તેને માણસ તરીકેનો બહુ કંગાળ નમૂનો ગણવો રહ્યો. બુદ્ધે સર્વસ્વનો ત્યાગ કર્યો તે એટલા માટે કે તેમનાથી તેમ કર્યા સિવાય રહેવાયું નહીં. પરિગ્રહ માત્ર તેમને ત્રાસરૂપ હતો. લોકમાન્ય ગરીબ રહ્યા, કારણ કે સંપત્તિની માલિકી તેમને માટે દુ:ખ-રૂપ હતી. ઍન્ડ્રૂઝ પોતાની પાસે થોડા રૂપિયા હોય તેને પણ ભારરૂપ ગણે છે. અને થોડા રૂપિયા આવ્યા તો તેને કાઢી નાખવાની વેતરણમાં રહે છે. મેં તેમને ઘણી વાર કહ્યું છે કે તેમની પાસે તેમની સંભાળ લેનાર કોઈ હોવો જોઈએ. તે મારી વાત સાંભળે છે, તેના પર હસે છે અને

Gandhi Heritage Portal

પાછા જરા પણ પસ્તાયા વિના એ જ રીતે વર્તે છે. માદરેહિંદ એક ભયંકર દેવી છે. "શાબાશ મારાં સંતાનો, હવે તમે મુક્ત છો." એટલું કહેવાની મહેરબાની કરતાં પહેલાં તે અનેક યુવક-યુવતીઓનાં સ્વેચ્છાપૂર્વકનાં નહીં પણ ફરજિયાત બલિદાનો પણ માગશે. હજી તો આપણે ત્યાગનું નાટક ભજવીએ છીએ. ખરાખરીનો ખેલ તો હજી હવે આવવાનો છે.

## માન્ય શાળાઓમાં કાંતણ

બંગાળના મારા પ્રવાસ દરમ્યાન મને કેટલીયે નવી વાતો જોવાજાણવા મળે છે. તેમાંની અનેક સુખદ છે તો થોડી દુઃખદ પણ છે. મદારીપુરની નજીક ઉપાશી નામનું એક ગામ છે. એ ગામમાં એક હાઈસ્કૂલ ચલાવવામાં આવે છે. તે માન્ય થયેલી શાળા છે. પણ સરકાર પાસેથી ગ્રાંટ લેતી નથી. કાંતણ પ્રવૃત્તિ ફરી ચાલુ થયા પછી તે શાળામાં બધા જ વિદ્યાર્થીઓ માટે રોજ એક કલાકનું કાંતણ ફરજિયાત રાખવામાં આવ્યું છે. ૧૯૨૧માં મૌલાના મહમદઅલીની ધરપકડ થતાં ત્યાં વણાટને સ્વૈચ્છિક વિષય તરીકે રાખવામાં આવ્યું હતું. છેક અત્યાર સુધી ત્યાં અર્ધ-ખાદી પૂરતું વણાટ રખાયું હતું. થોડા જ મહિના પહેલાં ત્યાં શુદ્ધ ખાદી વણવાનું દાખલ કર્યું છે. હવે ત્યાંના વ્યવસ્થાપક મંડળે શુદ્ધ ખાદીનું જ વણાટકામ કરવા નક્કી કર્યું છે, અને અર્ધ-ખાદીનું વણાટકામ બંધ કર્યું છે. સો જેટલા છોકરાઓને એકીસાથે કાંતતા જોવા એ દૃશ્ય પૂરેપૂરું મનોહર હતું. તપાસ કરતાં એમ પણ જણાયું કે કાંતણ ફરજિયાત કરવાને કારણે વિદ્યાર્થીઓની હાજરી ઘટી નથી. આચાર્યે મને કહ્યું કે જો માબાપોનો અને વિદ્યાર્થીઓનો વિરોધ હોત તો તેઓ આ પ્રવૃત્તિ ચાલુ રાખી શક્યા ન હોત.

આચાર્યે મારા અભિપ્રાય માટે મારી પાસે વિઝિટ બુક રજૂ કરી. અંદરનાં પાનાં ફેરવતાં મેં શાળા નિરીક્ષકનો એક લાંબો અહેવાલ વાંચ્યો. તેમને કાંતણ સામે કોઈ સૂગ નહોતી, પણ આ પ્રયોગનો એમણે જ્યાં જ્યાં અનુભવ મેળવ્યો હતો, તેને આધારે તેમણે લખ્યું હતું કે બીજે તેમ જ અહીં, આ પ્રયોગ નિષ્ફળ ગયો છે. નિરીક્ષકની માન્યતા એવી હતી કે આ પ્રયોગ જો સ્વાવલંબી હોય તો જ સફળ થયેલો ગણાય. મને સમજાતું નથી કે જો એક ભૂમિતિનો વર્ગ સ્વાવલંબી ન હોય, તો કાંતણનો વર્ગ શા માટે હોવો જોઈએ. ભૂમિતિના વર્ગની સફળતા એ હકીકત પરથી મપાવી જોઈએ કે વિદ્યાર્થીઓએ તેમાં કેટલી પ્રગતિ કરી. એ જ પ્રમાણે કાંતણ વર્ગની સફળતા પણ છોકરાઓની કાંતણમાં કુશળતા વધી કે કેમ, તે પરથી મપાવી જોઈએ. અને આ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પોતાની કુશળતા કોઈ પણ વખતે બતાવી શકે એમ હતું. પણ આ નિરીક્ષકના પડકારને હું ઝીલી લેવાને તૈયાર છું. અને એ બતાવવા પણ તૈયાર છું કે બૌદ્ધિક વિષયો ભલે સ્વાવલંબી ન બની શકે, પણ કાંતણ વર્ગ હમેશાં સ્વાવલંબી ધોરણે ચલાવી શકાય. સૌથી પહેલાં તો એક જુદા કાંતણ શિક્ષકની કાંઈ જરૂર નથી. થોડું ઉત્તેજન આપીને અત્યારના શિક્ષકોને કાંતણવિદ્યાનું પૂરતું જ્ઞાન મેળવવા પ્રેરી શકાય. અને તે પછી તેઓ પોતપોતાના વર્ગમાં કાંતણ શીખવી શકે. એટલું જ નહીં પણ ઉત્સાહી વિદ્યાર્થીઓને પણ આ કળામાં પ્રવીણ કરી શકાય અને તેઓ બીજા વિદ્યાર્થીઓને શીખવે એવી ગોઠવણ થઈ શકે. આ માટે જે વધારાનો પગાર આપવો પડે તેની જોગવાઈ પહેલા જ મહિનાની તાલીમ પછી સહેલાઈથી કરી શકાશે. વિદ્યાર્થીઓ સરેરાશ કલાકના ½ પૈસા જેટલી કમાણી કરશે. બત્રીસ છોકરાઓનો એક વર્ગ દિવસના ચાર આના કમાશે. એટલે કે મહિનાના ૭½ રૂપિયા થયા. શિક્ષકને જે વધારો આપવામાં આવે તે મહિનાના ૨½ રૂપિયાથી વધારે નહીં હોય. એટલે

Gandhi Heritage Portal

મહિનાના ૫ રૂ.ની બચત થઈ. આ ગણતરીમાં એ ધારી લેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીનું સૂતર વેચાશે. સારી રીતે કાંતેલા સૂતરને વેચવું મુશ્કેલ નથી. બરાબર દેખરેખ નીચે જો વિદ્યાર્થીઓ કાંતે તો સારું સૂતર નીકળવું જ જોઈએ. આ સંસ્થા પૂરતી તો ખાદી પ્રતિષ્ઠાને પૂરતું રૂ અગાઉથી આપવાની તથા તૈયાર સૂતર નક્કી કરેલી કિંમતે ખરીદવા માટેની દરખાસ્ત કરી જ છે. સાચી હકીકત એ છે કે આ રાષ્ટ્રીય કળા વિકસાવવામાં શિક્ષકોએ પૂરતો રસ લીધો નથી. એટલે જ આ નિરીક્ષકના ધોરણે તપાસતાં દેખીતી નિષ્ફળતાનો પ્રશ્ન ઊભો થાય છે.

### એક ગામનો પ્રયોગ

સાલેમ જિલ્લાના પુદુપાલયમ્ નામના ગામમાં જે કામ થઈ રહ્યું છે તે વિષે શ્રી રાજગોપાલાચારી આ પ્રમાણે જણાવે છે :[1]

વાચક જોશે કે ખરેખરું કામ તો છેલ્લા ઑગસ્ટમાં જ શરૂ થયું. માત્ર નવ મહિનામાં થયેલી પ્રગતિનો આ અહેવાલ ખૂબ જ ઉત્સાહજનક છે. વાચક એ વાત પણ ધ્યાન પર લેશે કે એક ગામને કેન્દ્ર બનાવવામાં આવ્યું હોવા છતાં વીસ ગામોમાં કામ ચાલી રહ્યું છે. આ આશ્રમમાં પંચમ જાતિના દસ વિદ્યાર્થીઓને તાલીમ મળી છે, એ વાત પણ નાનીસૂની નથી. અને એ વાત પણ યાદ રાખવા જેવી છે કે આ પ્રકારની પ્રવૃત્તિ હિંદમાં માત્ર અહીં જ થઈ છે એવું નથી. બંગાળમાં પણ આવા અનેક પ્રયત્નો થયા છે તેની મેં નોંધ લીધી જ છે. આ પ્રવૃત્તિની નાણાકીય બાજુ તથા બે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોએ તપાસેલ તેનાં ઑડિટ થયેલાં સરવૈયાંની હકીકત મેં પત્રમાંથી છોડી દીધી છે. આ બધા પરથી હું જોઈ શકું છું કે ખાદીખાતું ખોટમાં ચાલતું નથી.

### ‘આણી પર’

મેં તમારા ભરચક લખાણવાળાં પંદર પાનાં વાંચ્યાં. જવાબમાં માત્ર હું એટલી જ સલાહ આપી શકું કે આ બાબતમાં મેં જે કંઈ લખ્યું છે તે તમે ફરી ફરી વાંચી જાઓ. આમ કરશો તો તમને જણાશે કે તમે જે જે મુદ્દા ઊભા કર્યા છે, તે બધા વિષે મારા પહેલાંના જવાબોમાં મેં ખુલાસા કર્યા જ છે. તેનાથી જો તમને સમાધાન ન થતું હોય તો મારે થોભવું જોઈએ અને ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ. આ વિષે હવે વધુ લખું તેથી તમારા મનનું સમાધાન થશે એમ લાગતું નથી. મારો એ અનુભવ છે કે આપણા જીવનમાં એવી ઘડીઓ આવે છે જ્યારે દલીલો આપણા પર અસર કરી શકતી નથી. આપણે સામી દલીલો સાથે તૈયાર જ હોઈએ છીએ. મારી સાથે મોટા ભાગના મુદ્દા વિષે સંમત હોય એવા મિત્રો બાબતમાં પણ આમ જ બન્યું છે. પણ કેટલાંક મુદ્દા એવા હોય છે જેમને વિષે અમે જુદા પડવામાં સંમત થઈએ છીએ. તમારી સાથે પણ મારે એમ જ કરવું રહ્યું. પણ હું તમારા પ્રયાસની કદર કરું છું અને તેના પ્રત્યે માન ધરાવું છું. મારા ભ્રમણ દરમ્યાન કોઈ પણ સ્થળે તમારે મને શોધી કાઢવો રહ્યો. તમારી સાથે હું તમારી આખી ફિલસૂફીની ખુશીથી ચર્ચા કરીશ. કેટલીક વાર લખાણ કરતાં પ્રત્યક્ષ વાતચીત કામયાબ નીવડે છે. પણ એક વાત અહીં કહી દઉં. તમે એમ શા માટે માનો છો કે જ્યાં સુધી સ્વરાજ નહીં મળે ત્યાં સુધી આપણે કાંતી શકીએ નહીં અને ખાદી પહેરી શકીએ નહીં, અથવા અસ્પૃશ્યતા દૂર કરી શકીએ નહીં અથવા મુસલમાનો સાથે મૈત્રી પણ સાધી

૧. એ લખાણ અહીં ઉતાર્યું નથી.

Gandhi Heritage Portal

શકીએ નહીં. અંગ્રેજો હિંદમાંથી હઠી જાય એટલે શું હિંદુઓ મુસલમાનો પર કે મુસલમાનો હિંદુઓ પર વિશ્વાસ મૂકવા માંડશે? અથવા તો રૂઢિચુસ્ત લોકોની આંખો ઊઘડી જશે અને દલિત વર્ગની સ્થિતિ સુધરી જશે? અંગ્રેજો હિંદમાંથી ચાલ્યા જશે એટલે શું આળસુ લોકો કાંતવા તરફ વળી જશે? કે જેમની રુચિ બગડી ગઈ છે, તેઓ સુધરી જશે અને ખાદી અપનાવવા લાગશે? મને ખાતરી છે કે અત્યારની આપત્તિના દબાણ નીચે આપણે જો આ કામો નથી કરી શકતા તો નામ પૂરતા સ્વરાજ વડે ખોટી સલામતીના ઘેનમાં ઘેરાયેલા આપણે, તે વખતે તે કામ કેમ કરવાના હતા? ઉપર ગણાવી તે ત્રણે ચીજો અથવા તેમાંની કોઈ પણ એક ચીજને હમણાં જ હાથ ધરતાં કે સિદ્ધ કરતાં આપણી પોતાની અનિચ્છા, આળસ અથવા એથીયે કંઈક ખરાબ ચીજ સિવાય આપણને અટકાવી શકે એવું શું છે? હું તમને અને તમારા મિત્રોને તમારી ચોક્કસ આવડત ને શક્તિ આમાંના કોઈ પણ રચનાત્મક કામમાં અર્પવા માટે નિમંત્રુ છું. તમે જોશો કે સ્વરાજ પ્રતિદિન પાસે આવતું જાય છે. તમે એ જોતા હો કે ન જોતા હો, હું તમને કહું છું કે જેટલા પ્રમાણમાં તમે આ રચનાત્મક પ્રવૃત્તિ કરો છો, તેટલા પ્રમાણમાં સ્વરાજ નજીક આવી રહ્યું છે. અસ્પૃશ્યતાના ગઢમાં રોજ સુરંગ ચંપાઈ રહી છે. રેંટિયાનો મધુર ગુંજારવ વધુ ને વધુ સંભળાવા લાગ્યો છે. અને હિંદુઓ અને મુસલમાનો ખૂનખાર જંગ માટે તૈયારી કરતા દેખાય છે છતાં તેમને એ વાત સમજાઈ ગઈ છે કે એ સાહસ વ્યર્થ છે. પણ કદાચ આ યુદ્ધ અનિવાર્ય પણ હોય. જો એ થશે જ તો તે સુલેહ-શાંતિનો આરંભ હશે.

## ઊતરેલું અભિમાન

કૉંગ્રેસના મહામંત્રી લખે છે:

> ૧૬મી તારીખે મેં આપને સભ્યપદની જે યાદી મોકલી તેમાં મેં એક ભૂલ કરી હતી, અને તે માટે હું દિલગીર છું. બ્રહ્મદેશનો ગયા માસનો કુલ આંકડો ૭૦નો નહીં, પણ ૭૫નો હોવો જોઈએ; પણ બ્રહ્મદેશની પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ આ છેલ્લો ૭૫નો આંકડો મોકલતી વખતે अ કે ब વર્ગની વિગતો નથી મોકલી.
>
> ઉપરોક્ત યાદી પરથી જોઈ શકાશે કે ૨૦માંથી માત્ર ૬ જ પ્રાંતોએ ચાલુ મહિનાની માહિતી મોકલી છે. બાકીના ૧૩ પ્રાંતો તરફથી માત્ર ગયા મહિનાના જ આંકડા મળ્યા છે. ગયા માસના ૧૩ પ્રાંતોના અને ચાલુ મહિનાના ૬ પ્રાંતોના આંકડા ભેગા કરીને જોઈએ તો સભ્યપદની કુલ સંખ્યા ૧૫,૩૫૫ થાય છે.

હું આ પત્ર માત્ર ભૂલસુધારા માટે અહીં રજૂ નથી કરતો, પણ માસિક અહેવાલો મેળવવા જેટલી નાની બાબતમાં પણ શિસ્તનો અમલ કરવામાં મને મળેલી નિષ્ફળતાનો આમાં એકરાર છે. બેલગામમાં[1] હું કહેતો કે શિસ્તનું પાલન કરાવવામાં હું બહુ કડક છું. હું જોઉં છું કે પ્રાંતિક સમિતિઓનો સહકાર મેળવવામાં હું નિષ્ફળ ગયો છું. નિયમોનો ભંગ કરનાર પ્રાંતો સામે પગલાં લેવા માટે કૉંગ્રેસના બંધારણમાં કોઈ જોગવાઈ નથી. એવી જોગવાઈ હોય તોપણ એનો અમલ કરવાનું મને ન ગમે. પરંતુ મારો ગર્વ ગળ્યો હોવા છતાં મારે હજી પણ વારંવાર

૧. ૧૯૨૪ના ડિસેમ્બરમાં હિંદી રાષ્ટ્રીય મહાસભાના વાર્ષિક અધિવેશનમાં; જુઓ પુસ્તક ૨૫, પા. ૪૩૧–૨.

Gandhi Heritage Portal

વિનંતી કરવી જોઈએ અને આશાવાદી બનવું જોઈએ. સમિતિઓ પોતાની ફરજ તરફ વધુ જાગ્રત બનીને અહેવાલો મોકલવાની મહામંત્રીની અપીલનો જવાબ આપશે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

## ૧૭૯. વિનયની જરૂર

બંગાળના જાહેર કાર્યકર્તાઓની જોડે મારા વાર્તાલાપ દરમ્યાન એક વાર એક જુવાને પોતાની જાહેર પ્રજાએ નોંધવાજોગ લાયકાતોનો ઉલ્લેખ કરતાં પોતે અને પોતાના સાથીઓ બ્રહ્મચારી છે એ વાત પણ ગણાવી. ગણાવનારની ઢબ અને હૈયાધારણ જોઈને જ મને આણગમો છૂટેલો, અને મને લાગ્યું કે પોતે શું બોલતો હતો તેની તેને પોતાને ખબર ન હતી. તેના સાથીઓએ પણ તેણે કરેલા દાવાનો પ્રતિવાદ કર્યો. અને બોલનારે પોતે પણ જ્યારે મેં તેની ઊલટતપાસ કરી ત્યારે કબૂલ કર્યું કે પોતે કરેલો દાવો ટકાવી શકાય તેમ નહોતું. જે માણસ ભાન છતાં મનથી પણ પાપ કરે છે તે બ્રહ્મચારી નથી. પછી ભલે શરીરથી તે પાપ ન કરે. જે માણસ ગમે તેવી સુંદર સ્ત્રીને જોઈને અવિચલિત રહી શકતો નથી તે બ્રહ્મચારી નથી. જે કેવળ જરૂરને વશ થઈને પોતાના શરીરને સંયમમાં રાખે છે તે ઠીક કરે છે, પણ તે બ્રહ્મચારી નથી. પવિત્ર શબ્દોને તેના વગરવિચાર્યા ઉપયોગ કરી કરીને આપણે સસ્તા ન કરી મૂકીએ. યથાર્થ બ્રહ્મચર્ય મહત્ત્વનાં પરિણામો ઉપજાવનારું છે જેની પારખ કરી શકાય. બ્રહ્મચર્ય એ કપરી સાધના છે. ઘણા તે મેળવવા મથે છે પણ સફળ તો વિરલા જ થાય છે. જેમને દેશ બધામાં આપણે સાધુસંન્યાસીના વેશમાં ફરતા જોઈએ છીએ તેઓ પણ આ બાબતમાં રસ્તે ચાલનાર સામાન્ય માણસના કરતાં હમેશાં ચડિયાતા હોય છે એમ માનવાનું મુદ્દલ કારણ નથી. ઊલટું, સામાન્ય માણસ ઘણી વાર વધારે સારો હોય છે, કારણ, તે પવિત્રતાનો દાવો કરતો નથી. પોતાનો પ્રભુ પોતાની જહેમતો, લાલચો અને પોતાના જયપરાજયને જાણે છે એટલાથી જ એનો અંતરાત્મા સંતુષ્ટ રહે છે. પોતાના પતનને માટે જગતને હાથે ન્યાય ખમવા તે ખુશી છે. પોતાના વિજયોને તે કંજૂસની પેઠે સંતાડતો ફરે છે. તેનો વિનય તેને કદી તેની જાહેરાત કરવા દેતો નથી. આવા માણસને માટે ઉદ્ધારની આશા છે, જે સંન્યાસી સંયમના મૂળાક્ષર સુધ્ધાં સમજતો નથી તેવાને માટે નહીં. જે જાહેર કાર્યકર્તાઓ સંન્યાસીની કફની ન પહેરતા છતાં પોતાના ત્યાગની અને બ્રહ્મ-ચર્યની જ્યાં ત્યાં વાતો કરતા ફરે છે અને બંનેને સસ્તાં કરી મેલી પોતાને અને પોતાના સેવા-ધર્મને અપજશ આણે છે, તેવાઓથી આપણે સંભાળવાનું છે.

સાબરમતી આશ્રમને લગતા નિયમો મેં જ્યારે ઘડયા ત્યારે તેની નકલો કઢાવીને મેં મિત્રોમાં વહેંચેલી અને તેમની પાસેથી તે ઉપર તેમની ટીકા અને સલાહ માગેલી. આવી એક નકલ મેં મરહૂમ સર ગુરુદાસ બૅનરજીને પણ મોકલેલી. તેની પહોંચ લખતાં તેમણે મને જણાવ્યું કે તે નિયમોમાં મેં આશ્રમવાસીઓને માટે સૂચવેલાં વ્રતોમાં નમ્રતાને ઉમેરવી જોઈએ. તેમણે મને લખેલું કે આપણા જુવાન કાર્યકર્તાઓમાં આજકાલ નમ્રતાનો ખૂબ અભાવ જોવામાં આવે છે. મેં સર ગુરુદાસને જવાબ આપેલો કે તેમની સલાહને મ કીમતી ગણી છે અને તેમણે બતાવેલી નમ્રતાની અગત્ય પણ હું પૂરેપૂરી સમજું છું, છતાં એક વ્રત તરીકે એ વસ્તુને નિયમોમાં મૂકવી

Gandhi Heritage Portal

એ તેને તેના આદરણીય સ્થાન ઉપરથી ઉતારી પાડી સસ્તી કરી મૂકવા જેવું થાય. જે સત્યનું, અહિંસાનું અને બ્રહ્મચર્યનું અનુશીલન કરશે તે નમ્ર હશે જ એમ માની લેવું જોઈએ. નમ્રતા વિનાનું એ તો સત્ય નહીં પણ સત્યનો ઉદ્ધત વિદૂષકિયા સ્વાંગ થયો. જેને સત્ય આચરવાની તાલાવેલી લાગે છે તે જ જાણે છે કે એ કેવું કપરું કામ છે. દુનિયા એના કહેવાતા વિજયો ભલે ગમે તેવડા ઊજવે. તેના પરાજયોની વાત દુનિયા શું જાણે? એ ભોંઠપની તો એને પોતાને જ ખરી ખબર હોય. આમ સત્યપરાયણ મનુષ્ય એ નીતરીને શુદ્ધ થયેલો માણસ છે. એણે નમ્રતાની જરૂર જોઈ છે. જેને આખા જગત ઉપર પ્રેમ કરવો છે અને જેને પોતાને દુશ્મન લેખનારાને પણ તેમાંથી બાતલ રાખવો નથી તે જાણે છે કે પોતાના એકલાના બળ ઉપર તેમ કરવા માગવું એ કેવું અશક્ય છે. તેણે તો અહિંસાના મૂળાક્ષર સમજવાને પોતાને લાયક સમજતાં પહેલાં પોતાને ધૂળથી પણ ધૂળ ગણતાં શીખવું રહ્યું. દિનપ્રતિદિન તેના પ્રેમની સાથે સાથે જ જો તેની નમ્રતા પણ વધતી ન જાય તો તેના પુરુષાર્થની કશી જ કિંમત નથી. જે આદર્શપરાયણ છે, જેને પ્રત્યેક સ્ત્રી પોતાની સગી બહેન કે મા સમાન છે, તેણે આ સંસારમાં ધૂળથી પણ હળવા રહ્યે જ છૂટકો. એને તો હમેશ ખાંડાની ધાર ઉપર ચાલવું રહ્યું છે. જરાક ચૂક્યો તોયે જીવનું જોખમ. પોતાના ગુણની વાત તો પોતાના આત્મીયને પણ કરવાની તે કેમ હિંમત ધરે? કારણ બીજી જ પળે તેને માથે શું થવાનું છે એની તેને ક્યાં ખબર છે? તેને મન તો અભિમાનમાં નાશ અને પતન જ રહેલાં છે. ગીતા કહે છે કે નિરાહારી માણસમાં વિષયો શમી જાય છે, પણ તેને વિષેનો રસ એટલે વાસના શમતી નથી. તે તો પરમ એવા પરમેશ્વરનું દર્શન થયે જ શમે છે. અને જેનામાં 'અહં' ભાવનાનો લેશ પણ બાકી રહ્યો છે તેને ઈશ્વરનું દર્શન કેવું? ઈશ્વરદર્શન ઇચ્છનારે સંપૂર્ણ આત્મવિસર્જન કરવું રહ્યું છે. આ ક્ષુબ્ધ સંસારસાગરમાં કોણ છાતી ઠોકીને કહેશે "મારી જીત થઈ છે?" જીત તો સદાય આપણા બધાના "હૃદ્દેશે અધિષ્ઠિત" એવા ઈશ્વરની જ થાય છે, આપણી નહીં.

આવા મોંઘા ગુણોનો આપણે બધા સહેજે દાવો કરી શકીએ એટલા ખાતર આપણે તેને સસ્તા ન કરી મૂકીએ. જો એક દુન્યવી લડાઈ જીતવાને યુરોપે છેલ્લા મહાયુદ્ધ જેવા ક્ષણભંગુર બનાવ પાછળ લાખો જાનનો ભોગ આપ્યો તો આધ્યાત્મિક ક્ષેત્રમાં જગતને એક એક સંપૂર્ણ નમૂનો મળે એટલા ખાતર લાખો, કરોડો અધવચ જ નાશ પામે તેમાં શું નવાઈ? એટલે આપણે તો અત્યંત નમ્રતા સાથે પ્રયત્ન કરવાનો જ અધિકાર.

આ ઉચ્ચ ગુણોના વિકાસમાં તેને માટેનો પ્રયત્ન એ જ તેનો ફલોપભોગ છે. તેને વટાવવાનો જે પ્રયત્ન કરે છે તેનો આત્મનાશ છે. સદાચરણ એ કંઈ વેપારની વસ્તુ નથી. મારું સત્ય, મારી અહિંસા, મારું બ્રહ્મચર્ય એ મારી અને મારા ઈશ્વરની વચ્ચેની બાબત છે. એ મેળામાં મૂકવાની ચીજો નથી. જે કોઈ જુવાન તેની ઉપર વેપાર કરવાનું સાહસ ખેડશે તે જોખમ ખેડશે. દુનિયા પાસે આ વસ્તુઓની પરખ કરવાની કોઈ કસોટી — કોઈ ગજ — નથી. એ વસ્તુઓ જ પરખપરીક્ષાઓને હંફાવનારી છે. તેથી આપણે કે જેમને પ્રજાનું કાર્ય કરવું છે તેઓ તેને કેવળ આપણી આત્મશુદ્ધિને અર્થે જ કેળવીએ. દુનિયાને તો આપણા કાર્ય સામે જોઈને જ આપણી કિંમત કરવાનું આપણે કહેવું જોઈએ. જે સંસ્થા કે આશ્રમ પોતાને સારુ જાહેર મદદનો અધિકાર માગે છે તેની આગળ કંઈક દુન્યવી ઉદ્દેશ હોવો જોઈએ, જેવો કે એકાદ ઇસ્પિતાલ, શાળાપાઠશાળા અગર તો રેંટિયા કે ખાદીની પ્રવૃત્તિ. વળી પ્રજાને આ પ્રવૃત્તિઓની કેટલી ઉપયોગિતા છે તે પણ જોવા માગવાનો હક છે. અને તે પછી જો તેને તે પસંદ કરે તો મદદ



Gandhi Heritage Portal

કરે. શરતો દીવા જેવી છે. કાર્યકર્તાઓમાં અને વ્યવસ્થાપકોમાં પ્રામાણિકતા અને કાર્યશક્તિ જોઈએ. માણસ પ્રામાણિક હોય છતાં જો તેને કેળવણીશાસ્ત્રનું કશું જ જ્ઞાન ન હોય તો એક શિક્ષક તરીકે પ્રજા પાસેથી પોષણ માગવાનો તેને કશો જ અધિકાર નથી. વળી, આવી જાહેર સંસ્થાઓએ રીતસર લખાયેલા અને ઘટતી રીતે તપાસાયેલા હિસાબો રાખવા જોઈએ, જે જાહેર પ્રજાને જોવાને સારુ ખુલ્લા હોય. આટલી શરતો ચાલકોએ પૂરી કરવી જ જોઈએ. તેમના અંગત સદાચરણ ઉપર જ જાહેર પ્રજાનું ધ્યાન રોકી તેના બદલામાં પ્રજા તરફથી પ્રશંસાની અને મદદની આશા ન રખાવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૫–૬–૧૯૨૫

ભાષાંતર : નવજીવન ૫–૭–૧૯૨૫

## ૧૮૦. પતિત બહેનો

મદારીપુરમાં ત્યાંની સ્વાગત સમિતિએ પતિત બહેનોના કાંતણનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. એ દૃશ્ય જોઈને મને આનંદ થયો, પણ આ પ્રશ્ન હાથ ધરવામાં રહેલા જોખમ તરફ મેં ત્યાંના વ્યવસ્થાપકોનું ધ્યાન દોર્યું. પરંતુ બારીસાલમાં, જ્યાં આ પતિત બહેનોને ફરી કામે ચડાવવાના કાર્યક્રમે પ્રથમ ચોક્કસ સ્વરૂપ લીધું હતું, ત્યાં આ પ્રવૃત્તિ સારે માર્ગે ચડવાને બદલે ખરેખર વિકૃત સ્વરૂપે ચડી ગયેલી દેખાતી હતી. આ દુર્ભાગી બહેનોનું ત્યાં સંગઠન કરવામાં આવ્યું છે. એ સંગઠનને ગેરસમજ ઊભી થાય તેવું નામ આપવામાં આવ્યું છે. તેનાં "અત્યારનાં લક્ષ્ય ને ઉદ્દેશ" નીચે પ્રમાણેનાં રજૂ કરવામાં આવ્યાં છે :

૧. ગરીબોને મદદ કરવી અને માંદાં ભાઈબહેનોની સારવાર કરવી.
૨. (अ) પોતાની અંદર કેળવણીનો પ્રચાર વધારવો.
   (ब) નારી શિલ્પાશ્રમ સ્થાપીને તેમાં કાંતણ, વણાટ, સીવણ, ભરતગૂંથણ અને બીજા હસ્તોદ્યોગોનો વિકાસ કરવો.
   (क) ઉચ્ચતર સંગીતની તાલીમ આપવી.
૩. જે જે સંસ્થાઓએ સત્યાગ્રહ અને અહિંસાને ધ્યેય તરીકે સ્વીકાર્યાં છે, તે બધી સંસ્થા સાથે જોડાવું.

વધારે ન કહીએ તોપણ એટલું તો કહેવું જ જોઈએ કે આ વાત ઘોડાની આગળ ગાડી મૂકવા જેવી છે. પોતાની જાતને સુધારે તે પહેલાં, આ બહેનોને સમાજને સુધારવાનું કામ કરવાની સલાહ આપવામાં આવી છે. ઊંચા પ્રકારની સંગીતની તાલીમ આપવાનો વિચાર, તેનાં પરિણામમાં કરુણ ન હોત તો તે અત્યંત હાસ્યાસ્પદ ઠરત. કારણ કે આપણે એ વાત સમજી લેવી જોઈએ કે આ સ્ત્રીઓ નાચગાન તો જાણતી જ હોય છે. અને જે સ્ત્રીઓ તેમના ધંધા વડે સત્ય ને અહિંસાનું ખૂન કરે છે, તેઓ સત્યાગ્રહ અને અહિંસામાં માનનારી સંસ્થાઓમાં જોડાઈ શકે!

મારી આગળ પડેલા એ ખરીતામાં આ ઉપરાંત એમ પણ લખેલું છે કે એ બધી સ્ત્રીઓને કૉંગ્રેસના સભ્ય તરીકે નોંધવામાં આવી છે. અને તેમના "નમ્ર દરજ્જાને અનુરૂપ બીજું રાષ્ટ્રીય કાર્ય કરવા માટે" તેમને અનુમતિ આપવામાં આવી છે. તેમને કૉંગ્રેસના પ્રતિનિધિઓ તરીકે પણ

Gandhi Heritage Portal

ચૂંટવામાં આવી છે. મેં તેમના નામે લખાયેલો એક ઘોષણાપત્ર પણ જોયો છે, જે મારી નજરે અશ્લીલ અને કઢંગો છે.

આની પાછળના ઉદ્દેશ ગમે તે હોય, હું આ આખી ઘટનાને નામોશીભરી ગણું છું. કાંતણ-પ્રવૃત્તિ મને જરૂર ગમે છે પણ તેનો ઉપયોગ ભ્રષ્ટાચાર ફેલાવવાના પરવાના તરીકે ન થઈ શકે. દરેક જણ સત્યાગ્રહનું સેવન કરે એ મને ગમે છે, પણ જેને જરાય પસ્તાવો નથી થયો તેવા ખૂનીને સત્યાગ્રહના પ્રતિજ્ઞાપત્ર પર સહી કરતાં હું મારી પૂરી શક્તિથી અટકાવું. આ બહેનો માટે મારું હૃદય દ્રવે છે. પણ બારીસાલમાં જે પદ્ધતિઓ અજમાવવામાં આવી છે તેની સાથે હું કોઈ પણ રીતે સંમત ન થઈ શકું. આ બહેનોને ત્યાં એવી પ્રતિષ્ઠા આપવામાં આવી છે, જે સમાજના સ્વાસ્થ્ય માટે કે ભલા માટે તેમને ન મળવી જોઈએ. આ બહેનોએ જે હેતુ માટે પોતાનું મંડળ ઊભું કર્યું છે, તે હેતુ માટે આપણે નામીચા ચોર લોકોનું મંડળ નહીં સ્થાપીએ. આ મંડળ માટે તો એનાથી પણ ઓછો નૈતિક આધાર છે, કારણ કે તેઓ ચોર કરતાં પણ વધુ જોખમકારક છે. ચોર તો માત્ર સ્થૂલ એવી વસ્તુઓ જ ચોરે છે, જ્યારે આ લોકો તો સદ્‌ગુણોને જ હરી લે છે. સમાજના આ દુર્ભાગી વર્ગના અસ્તિત્વ માટે મુખ્યત્વે પુરુષ વર્ગ જ જવાબદાર છે. તેમ છતાં આપણે એ ભૂલવું ન જોઈએ કે તેમણે સમાજને બગાડવા માટે મહા ભયંકર શક્તિ કેળવેલી હોય છે. મને બારીસાલમાં એમ કહેવામાં આવ્યું કે આ સ્ત્રીઓની સંગઠન પ્રવૃત્તિએ તેમને અનિચ્છનીય પ્રમાણમાં ધૃષ્ટ બનાવી છે અને બારીસાલના યુવકો પર તેઓની ભ્રષ્ટ અસર પડવા પણ લાગી છે. હું ઇચ્છું છું કે આ મંડળને વિખેરી નાખવામાં આવે. મારો એ દૃઢ અભિપ્રાય છે કે જ્યાં સુધી તેઓ પોતાનો અનૈતિક વ્યવસાય ચાલુ રાખે ત્યાં સુધી તેમની પાસેથી દાન કે સેવા ન લેવાવાં જોઈએ. તેમને પ્રતિનિધિ તરીકે ચૂંટવાં ન જોઈએ અથવા તેમને કૉંગ્રેસના સભ્ય થવા માટે ઉત્તેજન પણ ન આપવું જોઈએ. તેઓ કૉંગ્રેસનાં સભ્ય બને તેની સામે કોઈ કાનૂની રુકાવટ નથી, પણ મેં આશા રાખી હતી કે જાહેર પ્રજામત તેમને કૉંગ્રેસથી વેગળી રાખવાનું કામ કરશે અને તેમનામાં પણ એટલો વિનય આવશે કે તેઓ કૉંગ્રેસના સભ્ય બનવામાંથી હટી જશે.

હું ઇચ્છું છું કે મારી વાત તેમના કાન સુધી પહોંચી શકશે. મારી તેમને આગ્રહભરી વિનંતી છે કે તેઓ કૉંગ્રેસમાંથી પોતાનાં નામ પાછાં ખેંચી લે, તેમનું એક મંડળ છે એ વાત પણ ભૂલી જાય અને ઝડપથી તેમ જ મક્કમતાથી પોતાનો અનૈતિક વ્યવસાય છોડી દે. તે પછી જ તેઓ કાંતણને એક શિસ્ત તરીકે અપનાવે, અને આજીવિકા માટે વણાટ કે એવો બીજો કોઈ કમાણીવાળો અને શુદ્ધ વ્યવસાય અપનાવે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

Gandhi Heritage Portal

# ૧૮૧. ત્રણ પ્રશ્નો

એક ગૃહસ્થે મને બારીસાલમાં જવાબ માટે નીચેના ત્રણ સવાલો મોકલ્યા :

૧. આપણી પતિત બહેનો જિલ્લા કક્ષાની કે પ્રાંતીય પરિષદોમાં કે એવી કોઈ સંસ્થાઓમાં પ્રતિનિધિ તરીકે જવા માટેની લાયકાત ધરાવે છે? જો એમ ન હોય તો બારીસાલથી ફીરોજપુર અને જેસોરની પરિષદોમાં આવા પ્રતિનિધિઓને કઈ રીતે મોકલી શકયા?

કૉંગ્રેસના અત્યારના બંધારણ મુજબ તો જો મતદારો ચૂંટી મોકલવા તૈયાર થાય તો કોઈ પણ ચારિત્રભ્રષ્ટ વ્યક્તિને પણ પ્રતિનિધિ તરીકે ચૂંટાવાનો અધિકાર છે. પણ આ બહેનો પોતાનો અનીતિભર્યો વ્યવસાય ચાલુ રાખે છે એમ જાણતાં છતાં તેમને પ્રતિનિધિ તરીકે ચૂંટી મોકલે. એવા માણસો મારી નજરમાં બહુ સારા માણસો ન ગણાય. જે પરિષદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેવી પરિષદોની મને માહિતી નથી.

૨. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા, કૉંગ્રેસના પૈસા ખાઈ જાય અથવા તો જિલ્લા કૉંગ્રેસ સમિતિના રૂપિયા તથા બીજી મિલકત સહિત રસીદબુક, રોજમેળ, ખાતાવહી વગેરે બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ જેને ધોરણસર માન્ય કરી છે, તેવી નવી ચૂંટાયેલી કારોબારીને ન સોંપે તો તે રૂપિયા વસૂલ કરવા અને ચોપડા અને કૉંગ્રેસની બીજી મિલકત મેળવવા માટે શું કરવું જોઈએ?

જોકે હું હજી ચુસ્ત અસહકારી છું, તેમ છતાં મારી સમજાવટમાં જો હું સફળ ન થાઉં તો દોષ કરનાર મારો પોતાનો પિતા કે પુત્ર હોય તોપણ તેની સામે દીવાની કે ફોજદારી કોર્ટમાં દાવો માંડતાં હું જરાય અચકાઉં નહીં. કૉંગ્રેસનું બંધારણ કે તેના ઠરાવો તેના ધ્યેયને હણવા માટે નથી ઘડાયા.

૩. મોટા સરકારી અમલદારોનો પણ જેમાં સમાવેશ થાય છે, એવા જે હિંદીઓ અને યુરોપિયનો અત્યાર સુધી અને હજી પણ આપની ઉમદા પ્રવૃત્તિનો વિરોધ કરતા રહ્યા છે, અને આપના છેલ્લા બંગાળના પ્રવાસમાં આપ જે કોઈ સમારંભમાં ભાગ લો, તેમાં (અંતરાય ઊભો કરવા સિવાય) હાજરી આપતા ન હતા, તેઓ આજે આપના સ્વાગત માટે આટલો બધો ઉત્સાહ બતાવે છે, તે વિષે આપને શું લાગે છે? તે લોકો આપના અહિંસાત્મક અસહકારની ઉમદા ભાવનાથી પ્રભાવિત થયા છે કે પછી એનાથી એવું સાબિત થાય છે કે એક મહાન રાજકીય નેતા તરીકેનો આપનો પ્રભાવ અસ્ત ન થયો હોય તોપણ તેમાં ઓટ આવી છે?

બંગાળના મારા પ્રવાસ દરમ્યાન સરકારે મારા કાર્યક્રમમાં દખલગીરી કર્યાની મને જાણ નથી. પણ આ વખતે સરકારી સત્તાધારીઓ મારા સ્વાગત કાર્યક્રમમાં ઉત્સાહ ધરાવતા દેખાતા હોય તો આ પ્રશ્ન પૂછનાર તેમાંથી એવું તારણ કાઢી શકે છે કે હવે "એક મહાન રાજકીય નેતા તરીકેનો મારો પ્રભાવ અસ્ત ન થયો હોય તોપણ તેમાં ઓટ તો આવી જ ગઈ છે." પણ મને આશા છે કે પત્રલેખકને સરકારી અમલદારો જે ભૂલ કરતા લાગે છે તેવી ભૂલ તે પોતે નહીં કરે. કારણ કે સત્યાગ્રહીની શક્તિ પોતાની જ રાખમાંથી ફરી જન્મવાની શક્તિ ધરાવતા પેલા પૌરાણિક કથાના "ફિનિક્સ પક્ષી" જેવી છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २५–६–१९२५

Gandhi Heritage Portal

# ૧૮૨. સત્યાગ્રહીઓની ફરજ

કલકત્તા,
જૂન ૨૫, ૧૯૨૫

હુગલીની જિલ્લા કોર્ટે હમણાં તારકેશ્વરના મંદિર સહિતની તમામ મિલકત ઉપર એક રિસીવર નીમતો અને એ મિલકતને મહંતની માલિકીની ગણતો જે ચુકાદો આપ્યો છે તેના સંદર્ભમાં સત્યાગ્રહીઓની શી ફરજ છે, એમ અમને પૂછવામાં આવ્યું છે.

અમારો મત એવો છે કે રિસીવર એ જગ્યાનો કબજો લેવા આવે, ત્યારે સત્યાગ્રહીઓ માટે તેનો સામનો કરવાનું અશક્ય છે, તેમ તેના કબજાનો વિરોધ કરવાનો પણ કશો અર્થ નથી. જે સત્યાગ્રહ કરવામાં આવતો હતો, તે તો મહંતની સામે અથવા કહો કે તેની પદ્ધતિ સામે હતો. હવે તેનો કબજો નથી. અને કોર્ટનો હુકમ તેને એ કબજો સોંપતો પણ નથી. એથી ઊલટું, ચુકાદામાં સ્પષ્ટ લખ્યું છે કે મહંતે એ મિલકત પર પૂરો અથવા થોડા ભાગનો કબજો મેળવવાનો પ્રયત્ન કર્યો હતો, પણ તેમાં તે સફળ થયો નથી.

સત્યાગ્રહનો હેતુ મંદિરમાં ચાલતો ભ્રષ્ટાચાર બંધ કરવાનો અને લક્ષ્મીનારાયણનું મંદિર જાહેર જનતા માટે ખુલ્લું કરાવવાનો હતો. કોર્ટના આ ચુકાદાથી ફરી એ ભ્રષ્ટાચાર કે મંદિરપ્રવેશની મનાઈ ચાલુ રહેવાનો કોઈ પ્રશ્ન જ નથી. મંદિરનો વહીવટ સ્વચ્છ હોય અને મહંતના હાથમા વહીવટ ન હોય ત્યાં સુધી વહીવટ કોની પાસે રહે તેનું સત્યાગ્રહીઓ માટે કશું મહત્ત્વ નથી.

એટલે સત્યાગ્રહીઓની ફરજ એ છે કે માગણી થતાં, મંદિરનો કબજો રિસીવરને સોંપી દેવો. તેમાં ફરીથી ભ્રષ્ટાચાર પેસે તો અને ત્યારે આ વાતનો ફરી વિચાર કરવાનો રહેશે. એક જાહેર ટ્રસ્ટનો વહીવટ બરાબર ચાલતો હોય ત્યાં સુધી મંદિરના ટ્રસ્ટીઓ કોણ બને છે એ વાતનું કોઈ મહત્ત્વ નથી. જો વાદીઓ મહંત સાથે ઝઘડામાં ઊતરે તો સત્યાગ્રહીઓએ શું કરવું જોઈએ તેનો ફરીથી વિચાર કરવાનો રહે.

આ નિવેદન દેશબંધુએ દાર્જિલિંગમાં છેવટે ૮મી જૂને મંજૂર કર્યું હતું. અને જરૂર લાગતાં તે અમારી સંયુક્ત સહીથી પ્રસિદ્ધ કરવાનું હતું. મને લાગે છે કે આ નિવેદન જાહેરમાં મૂકવાની જરૂર છે. એટલે અમારા બંનેના સંયુક્ત નિવેદન તરીકે એને પ્રસિદ્ધ કરવા દેવામાં મને સંકોચ નથી. મારો અભિપ્રાય બદલવો પડે એવું તે પછી કાંઈ બન્યું નથી.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, ૯-૭-૧૯૨૫

Gandhi Heritage Portal

## ૧૮૩. બર્દવાનના મહારાજાને પત્ર

જૂન ૨૬, ૧૯૨૫

આ સ્મારક ફાળામાં નાણાં ભરવાની બાબતમાં તમે લીધેલા નિર્ણયનો પત્ર મળતાં મને આઘાત લાગ્યો છે એ જો હું તમને ન કહું તો હું મારી જાતને રાજામહારાજાઓનો સાચો મિત્ર માનું છું એ ખોટું પડે. મને કહેવા દો કે આનાથી એ વાત ઉઘાડી થાય છે કે તમને તમારા પોતાના જ દેશબાંધવો ઉપર પૂરતી શ્રદ્ધા નથી. તમારું આ વલણ ખોટું છે. ફાળા માટેની અપીલમાં તમારું નામ જોડવા માટે તમે ઉદાર દિલે સંમતિ આપી છે. જો એનો કાંઈ પણ અર્થ હોય તો તે એ હોઈ શકે કે ફાળો ઉઘરાવવાનું સફળ બનાવવાનો તમારો મક્કમ નિર્ધાર છે. પણ તમે જે શરતો મૂકી છે તે તો આની વિરુદ્ધ જાય છે. તમારા જેવા એક મહારાજા અને અપીલમાં સહી કરનાર એમ કહે કે ફાળામાં અમુક રકમ એકઠી થાય પછી જ હું ભરું, તો પછી બિચારા નાના સહી કરનારાઓ એમ કહે એમાં નવાઈ શું? અને જો બધા જ આમ શરતો લાદે તો ફાળો એકઠો કરવાનું કામ ચાલે કેવી રીતે? જે જે ફાળા ઉઘરાવવાનું માન મને મળ્યું છે તે બધામાં મારો અનુભવ તો એવો છે કે ફાળો શરૂ કરનારાઓએ એની સફળતા માટે પોતાની જાતબાંયધરી આપી છે. જે તદ્દન અયોગ્ય વલણ તમે લીધું છે — મને આશા છે, એ અજાણતાં જ લીધું હશે — તે તમે ન ફેરવો?

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

## ૧૮૪. શ્વેબ કુરેશીને પત્ર

જૂન ૨૬, ૧૯૨૫

હિંદુમુસ્લિમ ઝઘડા અંગે તમે લખ્યું છે એ સાવ સાચું છે. ઉસ્માનના સમયમાં પયગંબરે જે માર્ગ લીધો હતો તે મેં અપનાવ્યો છે. જ્યારે મુસ્લિમ ધર્મ બે વિરોધી પક્ષમાં વહેંચાઈ ગયો હતો ત્યારે એ, ગુફામાં જઈ અદૃશ્ય થઈ ગયા હતા. અત્યારે જ્યારે હિંદુ અને મુસ્લિમ, કૂતરાંબિલાડાંની માફક લડી રહ્યા છે ત્યારે આપણે પણ, આલંકારિક ભાષામાં કહું તો, અંતર્મુખ થઈ અદૃશ્ય થઈ જઈએ.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

Gandhi Heritage Portal

# ૧૮૫. કલકત્તાની શોકસભામાં ભાષણ[1]

જૂન ૨૬, ૧૯૨૫

એ પછી ગાંધીજી બોલ્યા કે આ ઠરાવ કરીને ગુજરાતીઓએ પોતાની ફરજ બજાવવાથી વિશેષ કંઈ કર્યું નથી. ૧૮મી જૂનનો દિવસ દેશબંધુ દાસના મૃત્યુનો શોક પ્રગટ કરવા માટેનો દિવસ હતો. અને હું માનું છું કે અહીં સભામાં હાજર રહેલા મોટા ભાગના લોકો તેમની સ્મશાનયાત્રામાં જોડાયા હશે. દેશબંધુ દાસના વસિયતનામા તરીકે ઓળખાવી શકાય તેવા તેમના છેલ્લા લખાણમાં તેમણે સૂચવેલા કાર્યક્રમ માટે તેમની સ્મૃતિરૂપે ઓછામાં ઓછા રૂપિયા દસ લાખ એકઠા કરવાની અપીલ મેં અગાઉ કરી જ છે. અત્યારે હું મુખ્યત્વે એ જ કામમાં રોકાયેલો છું. અને જ્યારે શેઠ આણંદજી હરિદાસ તથા બીજા મિત્રોએ મને આ સમારંભમાં પ્રમુખસ્થાન સ્વીકારવા માટે વિનંતી કરી ત્યારે મેં તેમને એવો સ્પષ્ટ ખુલાસો કર્યો હતો કે ગુજરાતી સમાજ પાસેથી મારી અપીલને યોગ્ય જવાબ મળશે એવી અપેક્ષા હું રાખું છું. મેં તેમને એ પણ પૂછ્યું કે તમારો હિસ્સો આપવા માટે તમે કાંઈ ફાળો એકઠો કર્યો છે? પણ આવી કોઈ વ્યવસ્થા અગાઉથી કરવામાં આવી નથી એ જાણીને મને નિરાશા થઈ છે. હું તો એક વ્યવહારુ માણસ છું. મારી પાસેના ફંડ ભેગું કરવાના કામમાંથી હું એક પણ મિનિટ બીજા કામમાં બગાડવાનું પસંદ કરતો નથી. અને આ સભામાં હું એ આશા રાખીને આવ્યો છું કે દેશબંધુ સ્મારક ફંડમાં ગુજરાતી સમાજને ફાળે આવતી રકમ અહીં મને મળશે. વ્યાખ્યાનના અંતે તેમણે કહ્યું કે મને બધી વાત સ્પષ્ટ કહેવાનું ગમે છે. અને ગુજરાતી ભાઈઓ પ્રત્યે હું જરા કઠોર પણ થાઉં છું, પણ ગુજરાતીઓએ હમેશાં મને માયાળુ જવાબ આપ્યો છે, તે મારે માટે આનંદની વાત છે. જુદા જુદા પ્રાંતો વચ્ચે ખોટી બાબતોમાં નહીં પણ સારી બાબતોમાં સ્પર્ધા ઊભી કરવાની મને ટેવ છે. જ્યારે સ્વરાજની સ્થાપના થશે ત્યારે પહેલો રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો યશ કયો પ્રાંત લઈ જશે તેની મને ખબર નથી. પણ મને એટલી ખાતરી છે કે જે પ્રાંત દેશ પ્રત્યેની પોતાની ફરજ બજાવવામાં સૌથી મોખરે હશે તેને એ સદ્ભાગ્ય સાંપડશે. એક કરોડ રૂપિયાના ટિળક સ્વરાજ ફાળા માટે મેં અપીલ કરી હતી; તેમાં ગુજરાતીઓએ બહુ જ સુંદર જવાબ આપ્યો હતો. અને આજે કલકત્તાના ગુજરાતીઓ પાસે કરેલી અપીલ વ્યર્થ જવાની નથી એ જાણી મને આનંદ થાય છે. હું જાણું છું કે આજે વેપારધંધામાં મોટી મંદી છે, છતાં ગુજરાતી સમાજ પાસેથી ઓછામાં ઓછા દસ લાખ રૂપિયાની મારે માગણી કરવી પડે છે. અને મને આશા છે કે હવે ફાળાના ત્રણ કે ચાર દિવસો બાકી છે તેમાં ખૂટતી રકમ ભરપાઈ થઈ જશે.[2]

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, २७–६–१९२५

૧. આ સભા સાંજે આલ્ફ્રેડ થિયેટરમાં સી. આર. દાસના અવસાન નિમિત્તે શોક પ્રગટ કરવા મળી હતી. એ સભામાં શોકનો ઠરાવ સર્વાનુમતિથી પસાર થયા પછી ગાંધીજી પ્રમુખસ્થાનેથી બોલ્યા હતા.

૨. ભાષણ પૂરું થયા પછી દેશબંધુ સ્મારક ફાળા માટે ઉઘરાણું કરવામાં આવ્યું. રોકડા અને અપાયેલાં વચનો મળીને લગભગ ૭,૦૦૦ રૂપિયા એકઠા થયા હતા.

Gandhi Heritage Portal

## ૧૮૯. દેશબંધુને અપાનારી શ્રદ્ધાંજલિ અંગે અપીલ

મને આશા છે કે લોકો ૧લી જુલાઈનો દિવસ યાદ રાખશે. જેઓ કલકત્તામાં દેશબંધુને અપાનારી શ્રદ્ધાંજલિની યોજના કરે છે, તેઓ એવા નિર્ણય પર આવ્યા છે કે આ અંગે ત્રણ સભાઓ ભરવી – એક, વિક્ટોરિયા મૅમોરિયલની ઉત્તરે આવેલા એક મેદાનમાં આમજનતાની સભા, બીજી, મિરજાપુર પાર્કમાં માત્ર સ્ત્રીઓ માટેની સભા, અને ત્રીજી, ટાઉન હૉલની સભા, જેમાં પ્રવેશ માટે ટિકિટો રખાશે. આખા હિંદમાં ૧લી જુલાઈની બધી સભાઓ અપક્ષ સ્વરૂપની રાખવાનું ગોઠવ્યું છે, અને દેશબંધુના રાજકીય વિચારો સાથે સંમત ન હોય એવા ઘણા લોકોએ આ શોક-સભાઓમાં હાજરી આપવામાં અને તેમને શ્રદ્ધાંજલિ આપવામાં પોતાની સંમતિ આપી છે. આથી જાહેર સભાથી જુદી એવી એક સભા ટાઉન હૉલમાં પણ રાખવાનું સલાહભર્યું લાગે છે. એ સભામાં જુદા જુદા પક્ષના લોકો હાજર રહી શકશે અને ત્યાં પ્રસંગોચિત પ્રવચનો પણ થઈ શકશે. સભાના વ્યવસ્થાપકોને આમાં જો કોઈ મુશ્કેલી દેખાતી હોય તો તે એ છે કે ટાઉન હૉલમાં પ્રવેશવા માટેની ટિકિટો મોકલવા માટેનાં નામો કેવી રીતે પસંદ કરવાં. ટાઉન હૉલમાં મારી સમજ પ્રમાણે ૧,૨૦૦ શ્રોતાઓનો સમાવેશ થઈ શકે તેમ છે. એમાંની થોડી બેઠકો ખાસ અલાયદી રાખવી પડે. બાકીની બેઠકો માટે શ્રી એન. સી. સેન, ૯૮, બેલતોલા રોડ, ભવાનીપુર, એ નામ પર અરજીઓ કરવી. આ અરજીઓ આવતા રવિવાર સુધી સ્વીકારવામાં આવશે. અને સમાવેશ થાય એ કરતાં વધુ માગણીઓ આવશે તો પછી ચિઠ્ઠીઓ ખેંચીને જેમનાં નામ આવે, તેમને પ્રવેશપત્રો મળે, એમ ગોઠવવું પડે. આવી જાહેર સભાઓમાં પ્રવેશનું નિયમન કરવા સામે સામાન્ય રીતે પૂર્વગ્રહ હોય છે, તે હું જાણું છું. પણ ટાઉન હૉલની સભામાં વધુમાં વધુ પ્રતિનિધિત્વ જળવાય એ વિષે સભાના વ્યવસ્થાપકો ખૂબ આતુર છે, અને તેમની મુશ્કેલી લોકો સમજી શકશે એમ હું માનું છું. જાહેર સભામાં અનેક અથવા કોઈ ભાષણો રાખવાનું શક્ય બનશે નહીં. અને છતાં પોતાની લાગણીઓ પ્રગટ કરવાની ઇચ્છા ધરાવનારાઓને વ્યાસપીઠ ન મળે, તે શોચનીય ગણાશે. ટાઉન હૉલમાં એ મળી શકશે.

એટલે મને આશા છે કે ટાઉન હૉલનો સભારંભ સફળ બનાવવામાં જાહેર જનતા વ્યવસ્થાપકોને પૂરો સહકાર આપશે. બર્દવાનના મહારાજાધિરાજે ટાઉન હૉલની સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવાની કૃપા કરી છે.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, २७–६–१९२५

Gandhi Heritage Portal

# ૧૮૭. ૧લી જુલાઈ

દેશબંધુના સ્મરણાર્થે તેમના શ્રાદ્ધને દિવસે હિંદુસ્તાનના દરેક ગામમાં જાહેર સભા ભરવાની સલાહ મેં આપી છે. તે દહાડો ધાર્મિક ભાવનાવાળા તો ઉપવાસ કે એકટાણું પણ કરે. દેશબંધુના ઘરમાં તો એ બધી ક્રિયાઓ ચાલી રહી છે. તેમને કીર્તન વહાલાં હતાં તેથી કીર્તન પણ હમેશાં રાત્રે ચાલે છે. જેને સ્નાનાદિ કરવાં હોય તે સ્નાનાદિ પણ કરે. મૂળ વસ્તુ તો બરાબર પાંચ વાગે (સ્ટાન્ડર્ડ એટલે મદ્રાસ ટાઇમ) સભા ભરાય ને ઠરાવો થાય. ગુજરાતમાં જ્યાં જ્યાં મહાસભાની આણ પહોંચે ત્યાં ત્યાં સભા ભરાય એ ઇચ્છવા જેવું છે. તેના ઠરાવની નકલ ગંગાસ્વરૂપ વાસંતીદેવીને ટપાલથી મોકલાય તો બસ છે. અને પ્રાંતિક સમિતિ તરફથી ગામનાં નામોવાળો એક તાર જાય તો ખબર પડે કે કેટલી અને કયાં કયાં સભાઓ ભરાઈ. સભામાં ખરખરાનો ઠરાવ ને દેશબંધુના ગુણોનું સ્તવન તો થાય જ. પણ એથી વધારે કાર્ય દરેક સભા કરી શકે છે. દેશબંધુની પૂજા આપણે તેમની સ્વરાજસેવાને સારુ કરીએ છીએ. જો સ્વરાજ આજે સ્થપાય તો દેશબંધુના આત્માને સંપૂર્ણ શાંતિ મળે. તેમ કરવું અત્યારે આપણી શક્તિની બહાર છે, પણ સ્વરાજને નજીક લાવવું એ આપણી શક્તિની બહાર નથી.

રાજા ને રંક, મજૂર ને માલિક, બુઢ્ઢાં ને બાળક, સ્ત્રી અને પુરુષ, હિંદુ અને મુસલમાન, સ્વરાજને કઈ રીતે નજીક લાવે? એવું કયું કાર્ય છે કે જે બધા કરી શકે? એક તો છે જ અને તે ખાદીનું. શુદ્ધ ખાદી પહેરવાનો સૌ નિશ્ચય કરી શકે. યજ્ઞાર્થે, દેશને અર્થે, રેંટિયો અરધો કલાક ચલાવવાની પ્રતિજ્ઞા સહુ લઈ શકે. તેમાં કોઈને ભારે પડે તેમ નથી. અને એટલું કરી દેશબંધુનું હમેશાં સ્મરણ કરે. આટલી પ્રતિજ્ઞા લાખો લોક લે, તો આપણે શું ન કરી શકીએ? પરદેશી કપડાનો સર્વથા ત્યાગ કરી શકીએ ને આપણામાં આત્મવિશ્વાસ પેદા થાય. દેશબંધુ આત્મવિશ્વાસ ઇચ્છતા. આપણે સ્વાશ્રયી બનીએ, તેઓ સ્વાશ્રય ચાહતા હતા. તેઓ આપણું હિંદુ, મુસલમાન, પારસી ઇત્યાદિનું સંગઠન ચાહતા હતા. તે પણ આપણે રેંટિયા વાટે સાધી શકીએ. તેથી હું તો બધાંની પાસે ખાદીની ને રેંટિયાની પ્રતિજ્ઞા અવશ્ય ઇચ્છું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮–૬–૧૯૨૫

Gandhi Heritage Portal

## ૧૮૮. કેટલાંક સ્મરણો

આ અંકને સારુ બીજું લખવાનું શું સૂઝે?

પહાડ જેવો દેશબંધુ પડયો, એટલે છાપાંઓ માત્ર તેની જ વાતોથી ભર્યાં છે. ઝીણામાં ઝીણી દેશબંધુની વાતો છાપાંઓ હોંશેહોંશે આપે છે. સર્વન્ટે તેનો ખાસ અંક જ કાઢયો છે. વસુમતી મોટામાં મોટું બંગાળી છાપું છે તે પણ ખાસ અંકની તૈયારીઓ કરી રહેલ છે. હજારથી ઉપર તાર શ્રીમતી વાસંતીદેવી ઉપર આવ્યા છે. અને હજુ દૂર દૂર દેશોથી આવ્યે જાય છે. ઠેકઠેકાણે સભાઓ ભરાઈ રહી છે. મહાસભાનો જ્યાં વાવટો ફરકતો હોય એવું કોઈ ગામડું ભાગ્યે ખાલી હશે કે જ્યાં સભાઓ ન ભરાઈ હોય.

કલકત્તા તો ૧૮મી તારીખે ઘેલું જ થયું હતું. બે લાખ માણસથી ઓછાં ભેળાં નહીં થયાં હોય એમ આંકડાશાસ્ત્રીઓની ગણતરી છે. રસ્તે ઊભેલાં, તારના થાંભલાઓ ઉપર ચડેલાં, ટ્રામના છાપરા ઉપર ઊભેલાં, ઝરૂખામાં રાહ જોઈ બેઠેલાં, સ્ત્રીપુરુષો જુદાં જ.

સાથે ભજનકીર્તન તો ખરાં જ. ફૂલોનો તો વરસાદ જ વરસતો હતો. શબ ખુલ્લું હતું પણ તેની ઉપર ફૂલોના હારોનો પર્વત પથરાયેલો હતો.

સરઘસની આગળ ફૂલવાડી લઈ સ્વયંસેવકો ચાલતા હતા. તેમાં ફૂલથી શણગારેલો રેંટિયો હતો. આ સરઘસ સ્ટેશનથી ૭–૩૦ વાગ્યે નીકળ્યું ને સ્મશાને ૩ વાગ્યે પહોંચ્યું. ૩–૩૦ વાગ્યે અગ્નિસંસ્કાર શરૂ થયો.

સ્મશાનઘાટ ઉપર માણસો ઊભરાઈ જતાં હતાં. પાછળથી ધસારો થતો હતો તે રોકવાનું કામ અતિ મુશ્કેલ હતું. અને મને લાગે છે કે જો મને બળવાન માણસોએ પોતાના ખભા ઉપર ઊંચકી આ ધસતા ટોળાની સન્મુખ ન મૂકયો હોત તો ભયંકર અકસ્માત થાત. બે કે ત્રણ દૃઢ ને જોરાવર માણસોએ મને વારાફરતી પોતાની ખાંધ ઉપર બેસાડી રાખ્યો ને તે સ્થિતિમાં હું લોકોને ખાળી રહ્યો હતો ને બેસી જવા વીનવી રહ્યો હતો. જ્યાં સુધી મને જુએ ત્યાં સુધી તો લોકો માને. પણ અશાંતિ થવાનો ભય હોય તે તરફ મને લઈ જાય ને જ્યાં મારી પૂંઠ ફરે કે તુરત ટોળું ઊભું થયું જ હોય. સહુ પોતાનું ભાન ભૂલ્યા હતા. મરણખાટલી ઉપર જ હજારો આંખો તાકી રહી હતી. જ્યારે અગ્નિદાહ શરૂ થયો ત્યારે તો લોકો ધીરજ ખોઈ બેઠા. સહુ અનિચ્છાએ ઊભા થયા ને ચિતા તરફ ખેંચાયા. એક ક્ષણની વાર થાય તો સહુ ચિતા ઉપર પડે એવો ભય હતો. હવે શું થાય? મેં લોકોને કહ્યું, “હવે કામ પૂરું થયું. સહુ પોતપોતાને ઘેર જાય.” આમ બોલી મને ઊંચકનાર ભાઈને મેં કહ્યું, “મને આ ટોળામાંથી લઈ ચાલો.” લોકોને સાદ વતી ને ઇશારા વતી હું મારી પાછળ આવવાનું કહેતો ચાલ્યો. અસર સરસ થઈ ને હજારોનું ટોળું પાછું વળ્યું ને અકસ્માતમાંથી બચ્યા. ચિતામાં કેવળ સુખડનાં લાકડાં વાપરવામાં આવ્યાં હતાં.

લોકો ઉજાણીમાં આવ્યા જેવા લાગતા હતા. ગાંભીર્ય બધાના ચહેરા ઉપર હતું, પણ લોકો દુ:ખમાં કચડાઈ ગયા જેવા નહોતા લાગતા. સગાંનો ને મારા જેવાનો શોક સ્વાર્થી જણાયો. અમારું તત્ત્વજ્ઞાન ખૂટયું, લોકોનું કાયમ રહ્યું, કેમ કે તેઓ તટસ્થ હતા. તેમનામાં માન સંપૂર્ણ હતું. તેઓની પૂજા નિ:સ્વાર્થ હતી. તેઓ તો ભારતપુત્રને, પોતાના બંધુને, પ્રમાણપત્ર દેવા

Gandhi Heritage Portal

આવ્યા હતા. "તેં તો ભલી કરી. તારા જેવા હજારો થજો." એમ તેઓ આંખથી ને ચેષ્ટાથી કહેતા જણાયા.

દેશબંધુ ભવ્ય હતા તેવા જ ભલા હતા. એનો પૂર્ણ અનુભવ મને દાર્જિલિંગમાં થયો.[1] તેમણે ધર્મની વાતો કરી. પોતાની ઉપર જેની ઊંડી છાપ પડી હતી તેની વાતો કરી. તેમને ધર્મનું અનુભવજ્ઞાન મેળવવાની હોંશ હતી. "બીજા દેશમાં ગમે તેમ હો પણ આ દેશમાં તો શાંતિનો જ માર્ગ તારનારો છે. હું અહીંના જવાનોને બતાવી દઈશ કે શાંતિના માર્ગે આપણે સ્વરાજ મેળવી શકીએ છીએ." "આપણે ભલા થઈશું તો અંગ્રેજોને ભલા કરીશું." "આ અંધકારમાં ને દંભમાં સત્ય સિવાય બીજો માર્ગ હું નથી જોતો. બીજાની આપણને જરૂર પણ નથી." "હું બધા પક્ષોને મેળવવા ઇચ્છું છું. અડચણ માત્ર એ છે કે આપણા લોકો ભીરુ છે. તેઓને ભેળવવા જતાં આપણે પંડે ભીરુ બનવાનો ઘાટ બને છે. તું તો બધાને મેળવવાની કોશિશ કરજે. —[2] ને મળજે, —[3] છાપાના અધિપતિને સમજાવજે કે નકામી મારી કને સ્વરાજદળની નિંદા કરવાથી શો લાભ છે? મેં ભૂલ કરી હોય, મેં કંઈ ખોટું કર્યું હોય, તો મને બતાવે. હું સંતોષ ન આપું તો પછી ભલે મને પેટ ભરીને નિંદે." "તારો રેંટિયો હું દહાડે દહાડે વધારે સમજું છું. મારો ખભો દુખતો ન હોય ને હું આમાં ઠોઠ ન હોઉં તો તો તુરત શીખું. આવડયા પછી નિયમસર ચલાવતાં મને કંટાળો નહીં આવે. પણ શીખતાં કંટાળો આવે છે. જોને, તાર તૂટયા કરે છે." "પણ તમે એવું કેમ બોલી શકો? સ્વરાજને ખાતર શું ન કરી શકો?" "હા, હા; એ તો છે જ. હું શીખવાની ના કયાં પાડું છું? પણ મારી મુશ્કેલી બતાવું છું. પૂછ વાસંતીદેવીને કે આવા કામમાં હું કેવો ઠોઠ છું." વાસંતીદેવીએ ટાપશી પૂરી : "એ વાત સાચી છે. પોતાનો ઇસ્કોતરો ખોલવો હોય તો ચાવી લગાડવા મારે આવવું પડે." હું બોલ્યો : "એ તો તમારી લુચ્ચાઈ. એમ કરીને તમે દેશબંધુને અપંગ રાખ્યા કે જેથી સદાય તમારી ખુશામત કરવી પડે ને તમારી ઉપર આધાર રાખવો પડે." હસાહસથી ઓરડો ગાજી રહ્યો. દેશબંધુ વચ્ચે પડયા : "એક મહિના પછી મારી પરીક્ષા લેજે. ત્યારે હું દોરડાં નહીં ખેંચતો હોઉં?" મેં કહ્યું : "ઠીક છે. તમારે સારુ સતીશબાબુ શિક્ષક પણ મોકલશે. તમે પાસ થાઓ તો સ્વરાજ નજીક આવ્યું જાણજો." આવા વિનોદો બધા વર્ણવવા બેસું તો અંત આવે એમ નથી.

કેટલાંક સ્મરણો એવાં છે જેમનું વર્ણન મારાથી અપાય એમ જ નથી.

મારા ઉપરનો પ્રેમ હું અનુભવી રહ્યો હતો તેનું કંઈક ચિત્ર ન આપું તો હું નગુણો ગણાઉં. ઝીણામાં ઝીણી બાબતો વિષે તેઓ સંભાળ રાખતા. મેવો કલકત્તેથી જાતે મંગાવે. દાર્જિલિંગમાં બકરી કે બકરીનું દૂધ મેળવવું મુશ્કેલ પડે તેથી છેક તળેટીએથી પાંચ બકરાં ભેળાં કરી ઘેર બાંધ્યાં. મારી હાજતની એક પણ વસ્તુ વિના ન જ ચલાવાય. અમારી કોટડી વચ્ચે તો માત્ર દીવાલ જ હતી. સવાર પડે એટલે નવરા થઈને મારી રાહ જોતા જ હોય. પોતે ખાટલે હોય કેમ કે ખાટલો તો છૂટયો જ નહોતો. મારી પલાંઠી વાળીને બેસવાની આદત જાણે, તેથી ખુરશીએ ન બેસવા દેતાં ખાટલા ઉપર પોતાની સામે મને બેસાડે. ગાદલા ઉપર પણ કંઈક ખાસ પથરાવે ને તકિયો પણ મુકાવે. મારાથી વિનોદ કર્યા વિના ન જ રહેવાયું. "મને આ દેખાવ તો ચાળીસ વર્ષ પૂર્વેનું સ્મરણ કરાવે છે. હું જ્યારે પરણ્યો ત્યારે અમે વરવહુ આમ એક બાંક

૧. ૧૯૨૫ના જૂનની ૩જીથી જૂનની ૬ઠ્ઠી સુધી ગાંધીજી ત્યાં સી. આર. દાસની સાથે રહ્યા હતા.
૨ અને ૩. મૂળમાં અહીં નામ છોડી દીધાં છે.

Gandhi Heritage Portal

ઉપર બેઠાં હતાં. અહીં હવે હાથ મેળવવાનું બાકી રહ્યું છે!" હું આટલું બોલ્યો ને દેશબંધુના ખડખડાટ હાસ્યથી આખું ઘર ગાજી રહ્યું. દેશબંધુનું હસવું જ્યારે થાય ત્યારે તેનો અવાજ દૂર પહોંચે જ.

દેશબંધુનું હૃદય દિવસે દિવસે કોમળ થતું જતું હતું. તેમને રૂઢિ પ્રમાણે માંસમચ્છીનો આહાર કરવાનો બાધ નહોતો, છતાં જ્યારે અસહકાર શરૂ થયો ત્યારે માંસાહાર, મદ્યપાન અને તમાકુ ત્રણે વસ્તુનો તેમણે ત્યાગ કર્યો હતો. પાછળથી વળી તે દાખલ થયેલાં. પણ તેમની વૃત્તિ એ વસ્તુઓ છોડવા તરફ રહેતી. હમણાં વળી એક રાધાસ્વામી સંપ્રદાયના સાધુના પ્રસંગમાં આવેલા ત્યારથી નિરામિષ ભોજનની તાલાવેલી વધેલી હતી. તેથી જ્યારે મારું દાર્જિલિંગ જવાનું થયું ત્યારે તેમણે નિરામિષ ભોજનનો પ્રયોગ શરૂ કર્યો ને મારા રહેતાં સુધી ઘરમાં માંસમચ્છી આવતાં બંધ કર્યાં. મને અનેક વેળા કહ્યું: "જો મારાથી બની શકશે તો તો હું હવે પછી મુદ્દલ માંસમચ્છી નહીં ખાઉં. મને તે નથી ગમતાં, અને હું સમજું છું કે તેથી આપણી આધ્યાત્મિક ઉન્નતિમાં ખલેલ પહોંચે છે. મારા ગુરુએ તો મને ખાસ કહ્યું છે કે મારી સાધનાને અર્થે મારે માંસાહાર છોડવો જ જોઈએ."

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮–૬–૧૯૨૫

## ૧૮૯. કાઠિયાવાડનો પ્રયોગ

જે પ્રયોગ અત્યારે કાઠિયાવાડમાં થઈ રહ્યો છે તે વિષે લખતાં પરિષદના મંત્રી લખે છે :[૧]

બંગાળમાં થતા અનુભવ ઉપરથી હું જોઉં છું કે કાઠિયાવાડના જેવો અખતરો બંગાળમાં કરવાનાં સાધનો હોય તો બંગાળમાં કાઠિયાવાડની શરતે પૂણીઓ લેનારનો રાફડો ફાટે. હું ભૂલ્યો. બંગાળમાં પૂણીઓની જરૂર જ ન પડે. કેમ કે ત્યાં કાંતનારા ઘણાખરા પીંજવાનું ને પૂણીઓ બનાવવાનું હાથે જ કરી લે છે. માત્ર રૂ તેઓને સસ્તું આપવું જોઈએ ને વણામણ અડધે દામે ગણી લેવું રહે. ઘણા તો કાલાં લઈને સૂતર કરવા તૈયાર હોય છે કેમ કે પોતે લોઢી જાણે છે ને લોઢે છે. કાઠિયાવાડમાં પૂણીઓ તો ખપી ગઈ છે. તેનું પરિણામ શું આવે છે તે હવે જોવું રહ્યું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮–૬–૧૯૨૫

૧. આ પત્ર અહીં આપ્યો નથી. એમાં કાઠિયાવાડ રાજકીય પરિષદે હાથ ધરેલા ખાદી ઉત્પાદન કાર્યની પ્રગતિની વિગતો આપી હતી.

Gandhi Heritage Portal

# ૧૯૦. દીર્ઘાયુ દેશબંધુ

લોકમાન્ય ગયા ત્યારે મને મુંબઈમાં હોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. દેશબંધુના દેહને અગ્નિસંસ્કાર થયો ત્યારે પણ દૈવે મારા ઉપર કૃપા કરી અથવા તો કેમ જાણે મારી મુસાફરીનો શરૂ થયેલો એક ભાગ પૂરો થાય ત્યાં સુધી વિધાતા રોકાઈ રહ્યા! કેમ કે જો અગ્નિસંસ્કાર એક દિવસ વહેલો થાત તો જે દૃશ્ય મેં કલકત્તામાં જોયું તે હું ન જ જોઈ શકત.

જેમ લોકમાન્યના અવસાન સમયે મુંબઈ ઘેલું થયું હતું તેમ દેશબંધુને સમયે કલકત્તા ઘેલું થયું હતું. તે સમયે જેમ અગણિત, લાખો, સ્ત્રીપુરુષો દર્શન કરવા, આંસુ ઢાળવા, પ્રેમ ઠલવવા નીકળી પડયાં હતાં તેવું જ આ સમયે. જેમ ત્યારે તેમ અત્યારે એક પણ જાતિના કે કોમના માણસો માન આપવા હાજર નહોતા થયા એમ ન હતું. સ્ટેશન ઉપર જ્યારે ગાડી આવી ત્યારે એક તસુ પણ જગ્યા ખાલી ન હતી. જેમ લોકમાન્યના મૃતદેહને ખાંધ દેવા માણસો હરીફાઈ કરતા હતા તેમ દેશબંધુના મૃતદેહને સારુ પણ તેઓ અધીરા હતા.

આ બંને સમયે પ્રજાસત્તાક રાજ્ય થઈ ગયું હતું. પોલીસને વશ લોક ન હતા, પણ પોલીસ સ્વેચ્છાએ લોકને વશ હતી. સરકારી અમલ ઈરાદાપૂર્વક મુલતવી રહ્યો હતો, લોકઅમલ ચાલતો હતો. તે દિવસોએ લોકોએ પોતાનું ધાર્યું કર્યું. દેશબંધુ જે જીવતાં કરવા ને જોવા ઈચ્છતા હતા તે લોકોએ તેમના પરલોક જવાને સમયે કરી બતાવ્યું.

આમાં કાંઈ નાનો પદાર્થપાઠ છે? પ્રેમપાશ શું નથી કરતો? માણસોએ તે દિવસ "ભૂખ તરસ ઠંડી તાપ કાપી કષ્ટ વેઠયું" ને તે વેઠતાં સુખ માન્યું. તે સહન કરવાને સારુ તેમને વીનવવું નહોતું પડયું.

છત્રપતિને દેહાંત સમયે આમ મેદિની એકઠી નથી થતી. મનાતા સંન્યાસીઓના દેહાંતની નોંધ નથી લોક લેતા, નથી છાપાં લેતાં, નથી તાર લેતા. પણ કયા ધર્મને વશ થઈને અહીં નાનાંમોટાં, સ્ત્રીપુરુષ, રાજારંક, હિંદુમુસલમાન વણબોલાવ્યે આંખ મીંચતામાં એકઠાં થઈ ગયાં? એ રાષ્ટ્રધર્મ છે. એ ધર્મને જે અવલંબે તેને જ લોકો અત્યારે ધર્મ ગણવા તૈયાર છે. એ એક ધર્મ જે પાળે તેના દોષો પણ ભૂલી જવા લોકો તૈયાર છે. આમાં રહસ્ય છે. લોકો કંઈ મૂર્ખાઈથી એમ નથી કરતા. નિર્દોષ એક ઈશ્વર છે. માણસમાત્ર દોષને પાત્ર છે. પણ માણસ પણ જો સંપૂર્ણતાએ સ્વધર્મનું પાલન કરે તો તેના દોષો ઢંકાઈ જાય છે ને છેવટે સ્વધર્મનું પાલન કરતાં દોષોનો ક્ષય થવા પામે છે.

રાષ્ટ્રધર્મ જ અત્યારે ધર્મ થઈ પડયો છે કેમ કે તે વિના અન્ય ધર્મોનું પાલન જ અસંભવિત થઈ પડયું છે. રાજસત્તા આજ બધે ઠેકાણે પ્રજાના અંગેઅંગમાં વ્યાપી રહેલી છે. જ્યાં રાજસત્તા એ લોકસત્તા છે ત્યાં લોકો એકંદરે સુખી છે. જ્યાં રાજસત્તા રૈયતને પ્રતિકૂળ છે ત્યાં લોકો દુ:ખી છે, નિર્માલ્ય છે. ત્યાં તેઓ ધર્મને નામે અધર્મ આચરે છે; કેમ કે ભયને વશ રહેલો માણસ ધર્મ આચરવા અશક્ત છે. આ મહાભયમાંથી મુક્ત થવું એટલે કે આત્મદર્શન કરવાનો પહેલો પાઠ શીખવો એ રાષ્ટ્રધર્મ. રાષ્ટ્રપ્રેમી આપણને શું શીખવી રહ્યા છે? "તમે ચક્રવર્તીનો પણ ભય ન રાખો, તમે મનુષ્ય છો. મનુષ્યનો ધર્મ કેવળ એક ઈશ્વરથી જ ડરવાનો છે. તેને પંચમ જૉર્જ ન ડરાવી શકે, ન ડરાવી શકે તેમના એલચીઓ." લોકમાન્યે રાજદંડનો

Gandhi Heritage Portal

સર્વથા ડર છોડયો હતો. તેથી લોકો, શાસ્ત્રીઓ પણ તેમને પૂજતા, કેમ કે તેમની પાસેથી તેઓને હૂંફ મળતી હતી. દેશબંધુએ પણ રાજસત્તાનો ડર સર્વાંશે છોડયો હતો. તેમને મન વાઇસરૉય અને દરવાન બંને એકસરખા હતા. તેમણે અંતર્ચક્ષુથી જોયું હતું કે સરવાળે બેમાં ભેદ ન હતો. વાઇસરૉયનો ભય જેમ નામર્દી છે તેમ જ દરવાનને ડર ઉપજાવવો એ પણ છે. આમાં સૂક્ષ્મ આત્મદર્શન રહેલું છે. તે જ રાષ્ટ્રધર્મ છે. તેથી જાણ્યેઅજાણ્યે, અનિચ્છાએ પણ લોક રાષ્ટ્રધર્મના પાલન કરનારને પૂજે છે. લોકમાન્ય બ્રાહ્મણ હતા. તેમનું ધર્મગ્રંથોનું જ્ઞાન પંડિતોના મદ ઉતારનારું હતું. પણ તેમની પૂજાનું કારણ એમનું એ જ્ઞાન ન હતું. દેશબંધુ તો બ્રાહ્મણ ન હતા, વૈશ્યવર્ગના હતા. પણ તેમના વર્ણની લોકોને દરકાર ન હતી. દેશબંધુને સંસ્કૃત જ્ઞાન ન હતું, તેમણે ધર્મગ્રંથોનો અભ્યાસ નહોતો કર્યો. તેમણે માત્ર રાષ્ટ્રધર્મનું પાલન કર્યું હતું. તેમણે નિર્ભયતા સાધી હતી. તેથી શાસ્ત્રજ્ઞો પણ તેમની આગળ ઝૂકતા હતા ને ન ભુલાય એવે દિવસે તેમણે પોતાનાં આંસુ લોકોનાં આંસુની સાથે ભેળવ્યાં. રાષ્ટ્રધર્મ એટલે વ્યાપક પ્રેમ. એ વિશ્વપ્રેમ નથી પણ તેનો મોટો અંશ છે. એ પ્રેમનો ધવલગિરિ નથી પણ પ્રેમનું દાર્જિલિંગ છે. ત્યાંથી ધવલગિરિની સુવર્ણઝાંખી થાય છે, ને જોનાર મનમાં વિચારે છે: "જો પ્રેમનું દાર્જિલિંગ આવું રળિયામણું છે તો આ પ્રેમનો ધવલગિરિ જે અહીંથી મારી સામે ઝળહળી રહ્યો છે તે તો કેટલો બધો રળિયામણો હશે? રાષ્ટ્રપ્રેમ એ વિશ્વપ્રેમનો વિરોધી નથી પણ તેની વાનગી છે. રાષ્ટ્રપ્રેમ છેવટે માણસને વિશ્વપ્રેમની ટોચે લઈ જ જાય છે. તેથી જ લોક રાષ્ટ્રપ્રેમીનાં ઓવારણાં લે છે. લોકોએ કુટુંબપ્રેમ ચાખ્યો છે એટલે તેથી તેઓ મોહ પામતા નથી. ગ્રામપ્રેમ પણ કંઈક સમજે છે. પણ રાષ્ટ્રપ્રેમ તો લોકમાન્ય કે દેશબંધુ જ સમજે ને લોકો પોતે પણ એવા થવા માગે છે તેથી તેમને પૂજે છે.

દેશબંધુની ઉદારતા ઘેલી હતી. લાખો કમાયા ને લાખો ખરચ્યા. કોઈને પોતાના પૈસા આપવાની તેમણે ના ન પાડી; કરજ કરીને પણ આપ્યા. ગરીબોના કેસ મફત લડયા. કહેવાય છે કે શ્રીયુત અરવિંદ ઘોષના[1] કેસમાં તેઓ નવ માસ લગી ખુવાર થયા; પોતાની ગાંઠના પૈસા ખરચ્યા; પોતે એક પાઈ સરખી ન લીધી. આ ઉદારતામાંયે રાષ્ટ્રપ્રેમ હતો.

મારી સામે લડયા, તે કંઈ મને દુઃખ દેવા કે મને ઉતારવા? તે પણ દેશસેવાને અર્થે ને તેને જ અંગે. વાઇસરૉયથી ન ડરે, તે મારાથી ડરે? "સગો ભાઈ હોય છતાં જો તેનું કાર્ય મને રાષ્ટ્રપ્રગતિની વિરુદ્ધ લાગે, તો તેની સામે થાઉં" એ તેમની વિચારશ્રેણી હતી. તે જ બધાની હોવી જોઈએ. અમારો વિરોધ સગા ભાઈઓના વિરોધ જેવો હતો. બેમાંથી એક પણ એકબીજાથી વિખૂટા પડવા નહોતા માગતા. માગે તો રાષ્ટ્રપ્રેમની ન્યૂનતા ગણાય. તેથી વિખૂટા થતા જેવા લાગતા છતાં અમે નજીક આવતા હતા. એ અમારા હૃદયની પરીક્ષા હતી. એ કસોટીમાં દેશબંધુ પાર ઊતર્યા; મારે ઊતરવાનું રહ્યું. મારો જે પ્રેમ દેશબંધુ પ્રત્યે તે જ બીજા સાથીઓ પ્રત્યે મારે નિભાવવો રહ્યો. તેમાં જો હું નિષ્ફળ જાઉં તો પરીક્ષામાં નાપાસ થાઉં.

દેશબંધુની છેલ્લા ત્રણચાર માસની પ્રગતિ અદ્ભુત હતી. તેમની ઉગ્રતાનો અનુભવ ઘણાને થયો હશે. તેમની નમ્રતાનો અનુભવ મેં જે ફરીદપુરથી[2] કરવા માંડયો તે વિસ્તાર પામતો જ

૧. ૧૮૭૨–૧૯૫૦; યોગી, કવિ અને ફિલસૂફ; ૧૯૧૦ની સાલથી તેઓ પોંડિચેરીમાં રહ્યા અને ત્યાં આશ્રમ સ્થાપ્યો. અલીપુર બૉમ્બ કેસમાં ૨૩ જણ પકડાયા હતા તેમાંના એ એક હતા. ૧૯૦૮ના ઑક્ટોબરમાં એ માટે નિયમિત કામ ચલાવવાની શરૂઆત થઈ.

૨. ૧૯૨૫ના મે માસમાં સી. આર. દાસના પ્રમુખપદે ત્યાં બંગાળ પ્રાંતિક ઍગ્રિકલ્ચરલ પરિષદ મળી હતી.

Gandhi Heritage Portal

ગયો. ફરીદપુરનું ભાષણ વગરવિચાર્યે નહોતું લખાયું. તે વિચારોની પરિપકવતાનું સુંદર પુષ્પ છે. તેમાં પણ મેં પ્રગતિ થતી જોઈ છે. દાર્જિલિંગમાં અવધિ હતી. એ પાંચ દિવસોનાં સ્મરણોનું વર્ણન કરતાં હું થાકતો જ નથી. તે સમયના તેમના દરેક કાર્યમાં, તેમની દરેક વાતમાં પ્રેમ જ નીતરતો હતો. તેમનો આશાવાદ તીવ્ર થતો જતો હતો. દુશ્મનો પ્રત્યે તેઓ કટાક્ષ કરી શકતા હતા, પણ આ પાંચ દિવસમાં મેં એવું કંઈ જ ન જોયું. એથી ઊલટું તેમણે મારી પાસે ઘણાઓને વિષે જે વર્ણન કર્યાં તેમાં એકેને વિષે કડવાં વચન મેં મુદ્દલ ન સાંભળ્યાં. સર સુરેન્દ્રનાથનો વિરોધ તો ચાલુ જ હતો. છતાં તેમને વિષે પણ મીઠાશ જ વર્તતી હતી. તેમના હૃદય પર પણ તેમને જય મેળવવો હતો. મારી પાસેથી એવું જ કામ લેવા માગતા હતા. "જેટલાને મેળવી શકે, તેટલાને મેળવવાનો પ્રયત્ન કરજે," આ તેમની ભલામણ હતી.

હવે પછી લડત કેમ લડવી, સ્વરાજદળે શું કરવું, રેંટિયાને કયું સ્થાન છે, વગેરે વાતો પણ પેટ ભરીને થઈ. અમે બંગાળના કાર્યને વિષે યોજના પણ ઘડી. તેનો તો કદાચ અમલ પણ થશે. પણ અમલદાર ક્યાં છે?

મારું મન હળવું કરીને મેં દાર્જિલિંગ છોડયું હતું. હું નિર્ભય બન્યો હતો. મારો માર્ગ, સ્વરાજ માર્ગ, હું ચોખ્ખો જોઈ શકતો હતો. હવે દૃષ્ટિમર્યાદા ઉપર વાદળ છવાઈ ગયાં છે. લોકમાન્ય જતાં હું ગભરાયો હતો. એકને વીનવવાને બદલે મારે અનેકને વીનવવા રહ્યા એમ થયું હતું. લોકમાન્યની પાસે મારાં દુઃખ રડી તેનું નિવારણ હું માગી શકતો હતો. તેને બદલે મારે અનેકની પાસે દુઃખ રડવું, છતાં તેઓ તેનું નિવારણ ન કરી શકે, એમ હું જાણતો હતો. મારે તેઓનાં આંસુ લૂછવાનો સમય આવ્યો.

દેશબંધુના જવાથી હું વધારે વિપત્તિમાં પડયો છું. દેશબંધુ એટલે બંગાળ. તેમની સહી મને મળી એટલે મારે હાથ ચલણી હૂંડી આવી. આટલે લગી તો બંનેનાં વિયોગનાં દુઃખ સરખાં. પણ લોકમાન્ય ગયા ત્યારે રસ્તો સરળ હતો. લોકોને નવી આશાઓ હતી. પોતાની શક્તિ અજમાવવી હતી. નવા અખતરા કરવા હતા. હિંદુમુસલમાન એક થઈ ગયા જેવા જણાતા હતા.

પણ હવે? હવે તો ઊંચે આભ ને નીચે ધરતી. નવા અખતરા મારી પાસે ન મળે. હિંદુમુસલમાન તો લડવાની તૈયારી કરી રહ્યા છે. ધર્મને નામે રાષ્ટ્રધર્મને ખોઈ બેઠા જણાય છે. બ્રાહ્મણ ને બ્રાહ્મણેતર પણ લડી રહ્યા છે. સરકાર માની બેઠી છે કે હવે પોતે હિંદુસ્તાનમાં ગમે તેમ કરી શકે છે. સવિનયભંગ તો કેમ જાણે દૂર હોય નહીં એમ ભાસે છે. આવે સમયે ગમે તે યોદ્ધાનું ગમન સાલે. પણ દસ હાથવાળા દાસનું ગમન તો અસહ્ય થઈ પડયું છે.

છતાં હું આસ્તિક હોઈ હાર્યો નથી. ઈશ્વરની મરજીમાં આવે તેવા ખેલ તે ખેલે. તેનું દુઃખે શું ને સુખે શું? જેની ઉપર આપણો કશો કાબૂ ન હોય તેવા બનાવો આમ બને તોયે શું ને તેમ બને તોયે શું? મને મારા કર્તવ્યની સમજ છે. ભલે તે ખોટી હો. મને તે જ્યાં સુધી ખરી ભાસે ત્યાં સુધી તે પ્રમાણે હું વર્તું એટલે હું જવાબદારીથી મુકત થયો. આવું તત્ત્વજ્ઞાન ડહોળી હું આશ્વાસન મેળવી રહ્યો છું. મારો સ્વાર્થ દેશબંધુના વિયોગને ભૂલવા જ નથી દેતો.

પણ દેશબંધુને મૃત્યુ જ ક્યાં છે? દેશબંધુનો દેહ ગયો. દેશબંધુના ગુણો થોડા જ દેહાંત થઈ શકે છે? ગુણો તો હયાત છે. તે ગુણોને આપણામાં ઉતારીએ એટલે આપણા બધામાં દેશબંધુ જીવે. જે માણસે આ જગતની સેવા કરી છે તે મરતો જ નથી. રામ ગયા ને કૃષ્ણ ગયા એ વાત જ ખોટી છે. રામકૃષ્ણ તેના અસંખ્ય પૂજારીઓના હૃદયમાં રહી જીવે છે. તેમ જ હરિશ્ચંદ્રાદિ. હરિશ્ચંદ્ર એટલે તેનો દેહ નહીં, પણ હરિશ્ચંદ્ર એટલે સત્ય. તે તો સત્યના પૂજારી એવા

Gandhi Heritage Portal

અનેક હરિશ્ચંદ્રોમાં જીવે છે. તેવા જ દેશબંધુ. તેમનો ક્ષણિક દેહ ગયો; તેમનો સેવાભાવ તેમની ઉદારતા, તેમનો દેશ પ્રત્યે પ્રેમ, તેમનો ત્યાગ, તેમની નીડરતા, એ કંઈ ગયાં છે? થોડે અથવા વધુ અંશે તે ગુણો પ્રજામાં વધ્યે જ જશે.

એટલે દેશબંધુ મર્યા છતાં જીવે છે. જ્યાં સુધી હિંદુસ્તાન છે, ત્યાં સુધી દેશબંધુ પણ છે જ. તેથી કહીએ, "દેશબંધુ ઘણું જીવો."

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮-૬-૧૯૨૫

## ૧૯૧. ગં. સ્વ. વાસંતીદેવી

કેટલાંક વર્ષ પૂર્વે મેં સ્વર્ગવાસી રમાબાઈ રાનડેનાં દર્શનનું વર્ણન[1] આપ્યું હતું. તેમને મેં આદર્શ વિધવા તરીકે ઓળખ્યાં હતાં.

આ વેળા મારે નસીબે એક મહાન વીરની વિધવાના વૈધવ્યના આરંભનું ચિત્ર આપવાનું રહ્યું છે.

વાસંતીદેવીની સાથેનો મારો પરિચય સન ૧૯૧૯ની સાલથી છે. ગાઢ પરિચય ૧૯૨૧માં થયો. તેમની સરળતા, તેમની ચાતુરી ને તેમના અતિથિસત્કાર વિષે તો બહુ સાંભળ્યું હતું. તેનો અનુભવ પણ ઠીક થયો હતો. જેમ દાર્જિલિંગમાં દેશબંધુની સાથેનો મારો સંબંધ વધ્યો તેમ વાસંતીદેવી સાથેનો પણ વધ્યો. તેમના વૈધવ્યમાં તો પરિચય બહુ જ વધી ગયો છે. દાર્જિલિંગથી શબ લઈને કલકત્તે આવ્યાં છે, ત્યારથી હું તેમની સોડે જ રહ્યો છું એમ કહી શકાય. વૈધવ્ય પછીની પહેલી મુલાકાત તેમના જમાઈને ઘેર થઈ. ઘણી બહેનોથી વીંટળાઈને તેઓ બેઠાં હતાં. પૂર્વાશ્રમમાં તો હું તેમની કોટડીમાં પેસું એટલે તેઓ જ સામાં આવે ને મને બોલાવે. વૈધવ્યમાં મને કોણ બોલાવે? પૂતળાંની જેમ સ્તબ્ધ થઈ બેઠેલી બધી બહેનોમાંથી મારે તેમને ઓળખી કાઢવાનાં હતાં. એક મિનિટ સુધી તો હું ખોળી જ રહ્યો. સેંથામાં સિંદૂર, કપાળે ચાંલ્લો, મોઢામાં પાન, હાથે બંગડીઓ અને સાડીએ કોર, હસમુખો ચહેરો – આમાંની એકે નિશાની હું ન જોઉં ને વાસંતીદેવીને કેમ ઓળખું? જ્યાં તેઓ હોવાં જ જોઈએ એવું માન્યું હતું ત્યાં જઈને હું તો બેઠો ને નિહાળીને મુખમુદ્રા જોઈ. જોવું અસહ્ય થઈ પડયું. ચહેરો તો ઓળખ્યો. રુદન રોકવું મુશ્કેલ થઈ પડયું. છાતી પથ્થર જેવી કરી આશ્વાસન આપવું તો દૂર જ રહ્યું.

એમના મુખ પરનું હમેશનું હાસ્ય આજે કયાં હતું? મેં એમને સાંત્વન આપવા, રીઝવવા, બોલાવવા અનેક પ્રયત્ન કર્યા. ઘણી વારે હું સહેજ સફળ થયો.

દેવી જરા હસ્યાં.

મને હિંમત આવી ને હું બોલ્યો:

"તમારાથી રડાશે નહીં. તમે રડશો તો બધાં રડશે. મોના (મોટી દીકરી)ને માંડ છાની રાખી છે. બેબી (નાની દીકરી)ની હાલત તો તમે જાણો જ છો. સુજાતા (પુત્રવધૂ) પોકે પોકે રોતી હતી તે ભાગ્યે શાંત થઈ છે. તમે દયા રાખજો. તમારી પાસેથી તો હવે બહુ કામ લેવું છે."

૧. જુઓ પુસ્તક ૧૭, પા. ૪૦૯-૧૦.

Gandhi Heritage Portal

વીરાંગનાએ દૃઢતાપૂર્વક જવાબ આપ્યો :

'હું રડવાની નથી. મને રડવું આવતું જ નથી. પછી શું?' આનો મર્મ હું સમજ્યો, મેં સંતોષ વાળ્યો.

રડવું દુ:ખનો ભાર હળવો કરે છે. આ વિધવા બહેનને તો ભાર હળવો નહોતો કરવો, ઊંચકવો હતો તે કેમ રડે? મારાથી હવે કેમ કહેવાય "ત્યારે ચાલો આપણે ભાઈબહેન પેટભરી રડીએ ને દુ:ખ ઠાલવીએ?"

હિંદુ વિધવા તો દુ:ખની પ્રતિમા છે. તેણે સંસારના દુ:ખનો બોજો વહોરી લીધો છે. તેણે દુ:ખને સુખ કરી મૂક્યું છે. દ:ખને ધર્મ કરી મૂક્યો છે.

વાસંતીદેવીથી બધી જાતના ખોરાક ખવાતા. તેના ૧૯૨૦ સુધીના કાળમાં તેમને ત્યાં છપ્પન ભોગ થતા ને સેંકડો માણસો જમતાં. તેમને તંબોળ વિના એક ઘડી ન ચાલતું. પાનની દાબડી પાસે પડી જ હોય.

હવે શણગારમાત્રનો ત્યાગ, તંબોળનો ત્યાગ, પકવાનોનો ત્યાગ, માંસમત્સ્યનો ત્યાગ. કેવળ ધણીનું ધ્યાન, પરમાત્માનું ધ્યાન.

ઘણી બહેનોને તેમના શણગાર ઓછા કરવા હું વીનવું છું. ઘણીને વ્યસનો છોડવા કહું છું. કોઈક જ ત્યાગે. પણ વિધવા? જે પળે હિંદુ સ્ત્રી વિધવા થાય તે જ પળે તેનાં વ્યસન ને તેનો શણગાર સરપની કાંચળીની જેમ સરી પડે છે. તેને ન જોઈએ કોઈનું ઉત્તેજન, ન જોઈએ કોઈની મદદ. રિવાજ તું શું નથી કરી શકતો?

આ દુ:ખ સહન કરવામાં ધર્મ છે કે અધર્મ? આવું બીજા ધર્મમાં તો નથી ભાળ્યું. હિંદુ ધર્મશાસ્ત્રીઓએ ભૂલ તો નહીં કરી હોય? વાસંતીદેવીને જોઈને હું તો ભૂલ નથી જોતો, પણ ધર્મની શુદ્ધ ભાવના ભાળું છું. વૈધવ્ય હિંદુ ધર્મનો શણગાર છે. ધર્મનું ભૂષણ વૈરાગ છે, વૈભવ નહીં. ભલે દુનિયા બીજું કહેવું હોય તો કહે.

પણ હિંદુ શાસ્ત્ર કયા વૈધવ્યને વખાણે છે ને વધાવે છે? પંદર વર્ષની મુગ્ધા જે વિવાહનો અર્થ પણ નથી જાણતી તેના વૈધવ્યને નહીં. બાળવિધવાઓને સારુ વૈધવ્ય ધર્મ નથી, તે અધર્મ છે. વાસંતીદેવીને મદન જાતે આવીને લલચાવે તો તે પોતે ભસ્મ થઈ જાય. વાસંતીદેવીને શિવની જેમ ત્રીજી આંખ છે. પણ પંદર વર્ષની બાળા વૈધવ્યની શોભાને શું જાણે? તેને સારુ તો એ અત્યાચાર જ છે. બાળવિધવાઓની ભરતીમાં હું હિંદુ ધર્મની પડતી જોઉં છું. વાસંતીદેવી જેવીના વૈધવ્યમાં હું શુદ્ધ ધર્મનું પોષણ જોઉં છું. વૈધવ્ય સર્વ પ્રકારે, સર્વ સ્થળે, સર્વ કાળે, અનિવાર્ય સિદ્ધાંત નથી. જે સાચવે તે સ્ત્રીને સારુ તે ધર્મ છે.

રિવાજના કૂવામાં તરવું સારું છે. તેમાં ડૂબવું એ તો આત્મહત્યા છે.

જેમ સ્ત્રીને તેમ પુરુષને હોવું જોઈએ. રામે તે કરી બતાવ્યું. સતી સીતાનો ત્યાગ પણ તેનાથી ન સંખાયો. પોતે જ કરેલા ત્યાગથી પોતે જ બળ્યા. જ્યારથી સીતા ગયાં ત્યારથી રામચંદ્રનું તેજ ઘટ્યું. સીતાના દેહનો ત્યાગ તેમણે કર્યો, પણ સીતાને પોતાના હૃદયની સ્વામિની બનાવી. તેમને ત્યારથી ન ખપ્યા શણગાર કે ન ખપ્યો બીજો વૈભવ. કર્તવ્ય સમજીને તટસ્થપણે રાજકારભાર ચલાવીને તે શાંત રહ્યા.

જે આજે વાસંતીદેવી સાંખી રહેલ છે, જેમાંથી તે પોતાનો વિલાસ ખેંચી શકી છે તે વસ્તુ પુરુષવર્ગ ન કરે ત્યાં લગી હિંદુ ધર્મ અધૂરો. એકને ગોળ ને બીજાને થોર એવો ઊલટો ન્યાય ઈશ્વરી દરબારમાં હોય નહીં ને છે જ નહીં. પણ અત્યારે તો હિંદુઓમાં પુરુષે એ



Gandhi Heritage Portal

ઈશ્વરી કાયદાને ઊલટાવી સ્ત્રીને સારુ વૈધવ્ય કાયમ રાખી પોતાને સારુ સ્મશાનભૂમિમાં જ બીજો વિવાહ યોજવાનો અધિકાર રાખ્યો છે!!!

વાસંતીદેવીએ હજુ સુધી કોઈના દેખતાં આંસુનું ટીપું સરખું નથી પાડયું. છતાં તેમના ચહેરામાં તેજ તો આવતું જ નથી. કેમ જાણે લાંબા મંદવાડમાંથી ઊઠયાં ન હોય એવો તેમનો ચહેરો લાગે છે. આ સ્થિતિ જોઈ મેં થોડો સમય બહાર નીકળી હવા ખાવા વિનવણી કરી. મારી સાથે મોટરમાં તો બેઠાં. પણ બોલે શાનાં? ઘણી વાતો મેં કાઢી તે સાંભળી. પણ પોતે તેમાં ભાગ્યે જ ભાગ લીધો. હવા ખાધી તો ખરી પણ પસ્તાયાં. આખી રાત નિદ્રા ન જ આવી. "જે વસ્તુ મારા પતિને અતિશય પ્રિય હતી, તે મેં અભાગણીએ આજે કરી? આ તે શોક?" આવા વિચારોમાં રાત્રિ ગાળી. ભોંબલ (તેમનો દીકરો) મને આ ખબર આપી ગયો. મારો આ મૌનવાર છે. મેં કાગળ ઉપર લખી નાખ્યું છે : "આ ગાંડપણ માતાજીમાંથી આપણે કાઢયે છૂટકો. આપણા પ્રિયતમને પ્રિય એવી ઘણી વસ્તુઓ આપણે તેના વિયોગ પછી કર્યે જ છૂટકો છે. માતાજી વિલાસને અર્થે મોટરમાં નહોતાં બેઠાં, પણ કેવળ આરોગ્યને ખાતર. તેમને સ્વચ્છ હવાની બહુ જરૂર હતી. આપણે તેમને બળ આપી તેમનું શરીર સાચવવું પડશે. પિતાજીના કાર્યને દીપાવવા ને વધારવા સારુ આપણને તેમના શરીરનો ખપ છે. આટલું માતાજીને કહેજો."

"માતાજીએ તો આ વાત જ તમને કરવાની મને ના પાડી હતી. મારાથી ન રહેવાયું એટલે હું કહેવાને આવ્યો છું. હાલ તુરત તો તેમને મોટરમાં ન જવાનું કહો એ જ ઠીક લાગે છે," ભોંબલ બોલ્યો.

બિચારો ભોંબલ! કોઈનો વાળ્યો ન વળે એ દીકરો આજ બકરી જેવો થઈને બેઠો છે. તેનું કલ્યાણ થાઓ.

પણ આ સાધ્વી વિધવાનું શું? વૈધવ્ય વહાલું લાગે છે, છતાં અસહ્ય લાગે છે. સુધન્વા ઊકળતા તેલમાં પડયો નાચે ને મારા જેવા દૂર રહી જોનારા સુધન્વાનું દુ:ખ કલ્પીને કાંપે. સતી સ્ત્રીઓ, તમારું દુ:ખ તમે સંઘરજો. તે દુ:ખ નથી પણ સુખ છે. તમારાં સ્મરણ કરી ઘણાં તર્યાં છે ને તરશે.

વાસંતીદેવીનો જય હો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮–૬–૧૯૨૫

Gandhi Heritage Portal

## ૧૯૨. કોનો દોષ?

એક સ્વયંસેવક લખે છે :[1]

આ શબ્દોનું સત્ય અહીં બંગાળમાં હું બધી જગ્યાએ અનુભવું છું. આપણે ગામડાંઓમાં જવાનો વિચાર જ થોડો સમય થયાં કર્યો છે. આપણો આરંભ તેઓની પાસેથી લેવા ખાતર હતો. હવે જ તેને દેવા ખાતર જવાનું શરૂ થયું છે. એટલા થોડા સમયની અંદર આપણે વિશ્વાસ કેમ મેળવી શકીએ? ઘણી વાર દીકરાને બાપનો વિશ્વાસ મેળવતાં વર્ષો વીતે છે. આપણે ગયેલી શાખ પાછી મેળવવી છે. એટલે અધીરાઈથી કંઈ જ ન વળે. કેટલાક લોકો સેવાને નિમિત્તે પેટપૂજા કરે છે. ગામડિયાઓની પાસે અનુભવ સિવાય બીજું શું સાધન છે કે જેની મદદથી તેઓ આવા માણસોને અને સેવકોને ઓળખે? તેથી જ સ્વયંસેવકોએ ધીરજ, શાંતિ, નિ:સ્વાર્થતા ઈત્યાદિ ગુણો કેળવવા પડશે. જનસમાજની પાસે અનુભવ વિના બીજું જ્ઞાન હોય નહીં.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૮–૬–૧૯૨૫

## ૧૯૩. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

જૂન ૨૯, ૧૯૨૫

પ્રિય ચાર્લી,

તમારો પત્ર મળ્યો.[2] અને સાથે "પિતા તેમને ક્ષમા કરો" એ ફકરા વિષેનો લેખ પણ મળ્યો. તમારા લેખનો હું ઉપયોગ કરું તે પહેલાં મારી પાસે મૂળ પત્ર હોવો જોઈએ. મહેરબાની કરી એ શોધી કાઢો ને મને મોકલો. જુલાઈના અંત સુધી હું બંગાળમાં જડાઈ ગયો છું. મને આશા છે કે બડાસાહેબને[3] હવે ઓછી પીડા હશે. કૃપા કરી તેમને મારાં સ્નેહસંભારણાં પહોંચાડશો તથા કહેશો કે હું તેમને હરઘડી યાદ કરું છું.

તમારો

**મોહન**

મિ. સી. એફ. ઍન્ડ્રૂઝ
પ્રિન્સિપાલ એસ. રુદ્રને ત્યાં
સોલોન
સિમલા હિલ્સ

[મૂળ અંગ્રેજી]

મૂળ પરથી : સી. ડબલ્યુ. ૯૦૪૯

૧. આ લખાણ અહીં આપ્યું નથી. પોતાના અનુભવને બળે પત્રલેખકે જણાવી દીધું કે જો ગ્રામજનોને કાર્યકરો ઉપર વિશ્વાસ ન હોય તો વાંક કાર્યકરોનો છે.

૨. આ પત્ર મળતો નથી.

૩. લાગે છે કે આ ઉલ્લેખ સુશીલકુમાર રુદ્રનો હશે. તેઓ બીમાર હતા.

Gandhi Heritage Portal

## ૧૯૪. દેવદાસ ગાંધીને પત્ર

સોમવાર [જૂન ૨૯, ૧૯૨૫][1]

ચિ. દેવદાસ,

જો હું પત્તું પણ ન લખું તો તે પણ રહી જવાનો ભય છે. તમારો સુંદર કાગળ મળ્યો છે. તેની. . . ગુજરાતી બંને સરસ છે. હવે કંઈક યંગ ઇન્ડિયા ને નવજીવનમાં લખવાનું શરૂ કરો તો સારું. હું તો પૈસા ઉઘરાવવામાં પડયો છું. કૃષ્ણદાસને કાગળ નથી મળ્યા. બા કાંતે છે એ સરસ છે. ઓતા ગાંધીની બધી પ્રજાનાં નામઠામ તો હું પણ ન કહી શકું. તમે એ સાહિત્ય ભલું ઊભું કર્યું. ઉત્તમચંદ બાપાને દીકરા તો છ હતા, એમ સાંભળ્યું છે. ખુશાલભાઈ વધારે ખબર આપી શકે. બાળ ગંગાધર આવ્યા તેથી હું રાજી થયો છું એમ એને કહેજો. એને વિષે મને મુદ્દલ ભય જ નથી. કલ્યાણકૃત્‌ની કદી દુર્ગતિ છે જ નહીં. બાલકૃષ્ણની ભૂલો પણ છેવટે તેને આગળ વધારે છે.

હું તો દેશબંધુનું શ્રાદ્ધ બરોબર ઊજવી રહ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૦૪૫

## ૧૯૫. જમનાલાલ બજાજને પત્ર

સોમવાર [જૂન ૨૯, ૧૯૨૫][2]

ચિ. જમનાલાલ,

તમારો કાગળ મળ્યો. અખબાર વિષે જુદી જ રીતે આ વેળા કંઈક લાગ્યું તો છે. મારું ત્યાં આવવાનું નક્કી કરતાં કંઈક સમય જશે એવી ધાસ્તી છે. ઑગસ્ટની શરૂઆતમાં જ થશે એમ ભાસે છે. જુલાઈનું છેલ્લું અઠવાડિયું ત્યાં આશ્રમમાં ને પછી મુસાફરી એમ વિચાર છે. તમે ૧૬મીએ તો આવશો જ. મેં ત્યાં ને સાબરમતી તાર કર્યો તે મળ્યા હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૮૫૪

૧. અને ૨. પોસ્ટના સિક્કામાં "કાલીઘાટ, જૂન ૩૦, ૧૯૨૫" છે. જૂન ૨૯ ને સોમવાર હતો.

Gandhi Heritage Portal

## ૧૯૬. મણિબહેન પટેલને પત્ર

કાલીઘાટ, કલકત્તા,
સોમવાર [જૂન ૨૯, ૧૯૨૫][1]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો. પિતાની સેવા કરવાના અનેક પ્રસંગો શોધીએ. તે શોધવા પડતા જ નથી. છતાં તમે લખો છો તે સમજ્યો છું. ડાહ્યાભાઈ નવજીવનમાં જાય છે તો જ ચિત્ત દઈને કામ કરે. સ્વામીની[2] ધૂંસરી જાળવવામાં ઘણા લાભ છે. એ સુંદર કેળવણી છે. ભલે મજૂરીનું જ કામ સોંપે તો તે પણ ચિત્ત દઈને કરે. હું કયારેય પણ ડૂબકી તો મારી જ જઈશ, પણ વખત તો ઈશ્વર જાણે. બાપુની તબિયતના ખબર મને આપતા રહેવા. બાપુની અંગ્રેજી જોડણી કાચી તેથી તમારી રહેવી જોઈએ એવો નિયમ ખરો કે? બાપુના ગુણનું અનુકરણ હોય, દોષનું તો નહીં જ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो – ४ : मणिबहेन पटेलने, पा. २६

## ૧૯૭. સુધીર રુદ્રને તાર[3]

કલકત્તા,
જૂન ૩૦, ૧૯૨૫

તમારા શોકમાં મારું હૃદય, મારી પ્રાર્થના તમારી સાથે. પરમાત્મા તમને આ ખોટ સહન કરવાનું પૂરતું બળ આપશે. સ્નેહ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ પરથી : સી. ડબલ્યુ. ૬૦૫૦; શ્રીમતી એસ. કે. રુદ્રના સૌજન્યથી, અલ્લાહાબાદ

૧. મૂળ પ્રમાણે.

૨. સ્વામી આનંદાનંદ, ગાંધીજીના નિકટના સાથી. નવજીવન પ્રેસના તે વખતના મૅનેજર.

૩. આ તાર શ્રી સુધીર રુદ્રના મૃત્યુ પ્રસંગે કરવામાં આવ્યો હતો. એ તેમને ૧લી જુલાઈએ સોલોનમાં મળ્યો હતો.

Gandhi Heritage Portal

# ૧૯૮. કલકત્તા યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટમાં ભાષણ[1]

જૂન ૩૦, ૧૯૨૫

મહાત્માજીએ. . . દેશબંધુને ભવ્ય અંજલિ આપી. તેમણે કહ્યું કે દેશબંધુ હમેશાં નખશિખ યોદ્ધા હતા. તેમણે અનેક સંગ્રામો ખેલ્યા છે ને તેમના પ્રતિપક્ષીઓને કદી છોડયા નથી. મને યાદ છે ત્યાં સુધી તેમણે કદી કોઈનો ખોટો લાભ ઉઠાવ્યો નથી. દેશબંધુ સાથે દાર્જિલિંગમાં ગાળેલા અંતિમ પાંચ દિવસો હું કદી ભૂલીશ નહીં. કારણ, એ વખતે તેમના જીવનના ઉમદા તત્ત્વનું મને દર્શન થયું. દેશના ભલા માટે દરેકની સાથે સહકાર સાધવા દેશબંધુ હમેશાં તત્પર રહેતા. ચિત્તરંજન દાસે પોતાના ખરા પ્રેમથી દેશનું હૃદય જીતી લીધું હતું એટલે તેમને લોકો પાસેથી 'દેશબંધુ'નો ખિતાબ મળ્યો હતો. પોતાના દેશબાંધવોના ભલા માટે તેમણે જે ભોગ આપ્યો છે, તે માટે દેશે તેમના પ્રત્યે ભારે આદર પ્રગટ કર્યો છે. પૂર્વ બંગાળના મારા પ્રવાસ દરમ્યાન હું હજારો યુવાનો અને વૃદ્ધોના સંપર્કમાં આવ્યો છું, અને તેમની લાગણી પરથી તેઓ તેમના પ્રત્યે કેટલી મમતા, પ્રેમ અને આદર ધરાવે છે, તે હું જોઈ શકયો છું. હજી પણ મારા પર અનેક વિદ્યાર્થીના સેંકડો પત્રો આવ્યા કરે છે. અને તેમાં તેમની પવિત્ર અને પ્રેમભરી સ્મૃતિને અંજલિ આપવામાં આવી છે. દેશબંધુ બંગાળના યુવાન વર્ગના પિતા જેવા હતા. અને તેમાંના દરેકને તે જીવનભર પોતાની હૂંફ નીચે રાખતા. મને લાગે છે કે દેશબંધુના મૃત્યુથી સમસ્ત વિદ્યાર્થીવર્ગે તેમનો સાચો નેતા ગુમાવ્યો છે. જો ઈશ્વરે તેમને થોડા વધુ દિવસ જિવાડયા હોત તો તેઓ તેમને તેમના ધ્યેય સુધી પહોંચાડી શકયા હોત. તેમની ઉદારતા અસીમ હતી. અને વિદ્યાર્થીઓ પ્રત્યેનો તેમનો પ્રેમ અપાર હતો. આગળ બોલતાં વક્તાએ કહ્યું કે હું ભારત માતાના આ મહાન પુત્રનાં ગુણગાન ગાવા માટે આ સભામાં નથી આવ્યો, પણ હું બંગાળના યુવાનોને દેશબંધુએ તેમને માટે કેટકેટલું કર્યું છે એ વાતનું ભાન કરાવવા માગું છું. મને વિશ્વાસ છે કે બંગાળનો યુવકવર્ગ દેશબંધુની સ્મૃતિને યોગ્ય એવું સ્મારક ઊભું કરવામાં મદદ કરશે. હું માત્ર એટલું નથી માગતો કે તમે આ સ્મારક ફાળામાં પૈસા આપો, પણ મારી તમને સલાહ છે કે તમે તમારાં માબાપ, મિત્રો અને બીજા સંબંધીઓ પાસે જાઓ, અને આ ફાળા માટે પૈસા એકઠા કરો. અંતમાં મહાત્માજીએ કહ્યું કે દેશબંધુએ સ્વરાજ સિદ્ધ કરવાનું જે કામ અધૂરું મૂકયું છે, તે બંગાળના યુવાનોએ પૂરું કરવું જોઈએ.[2]

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, १–७–१९२५

૧. કલકત્તાના આગેવાન શહેરીઓની તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની હાજરીવાળી આ સભામાં ગાંધીજી પ્રમુખસ્થાને હતા.

૨. તે જ સ્થળે રૂ. ૨,૫૦૦નો ફાળો ઉઘરાવાયો હતો. અને આ સંસ્થાના ફાળાના પહેલા હપતા તરીકે એ રકમ મહાત્માજીને ભેટ આપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

## ૧૯૯. દેશબંધુ સ્મારક ફાળાની અપીલ[1]

જુલાઈ ૧, ૧૯૨૫

એક જ વિષય ઉપર મૌલિક લેખો લખવાની મારી શક્તિ અત્યંત મર્યાદિત છે. તેથી તંત્રીએ મને દેશબંધુ વિષે લખવાની વિનંતી કરીને જે તક આપી છે તેને હું ફોગટ નહીં જવા દઉં. દેશબંધુનાં ગુણદર્શન કરાવતા અનેક ઉત્તમ લેખોમાં એક નવો ઉમેરવાને બદલે તે જ લેખોનો ઉપયોગ કરવાની વાત મને વધારે ગમે છે. જે ઉત્તમ વારસો તેઓ મૂકી ગયા છે તેના વારસદાર બનવા માટેની યોગ્યતા, આપણે આપણાં કાર્યો દ્વારા બતાવવી જોઈએ. સેંકડો સ્ત્રીપુરુષો તરફથી સ્મારક ફંડ માટેની અપીલનો જે જવાબ મળ્યો છે, તે બદલ હું અહીં કૃતજ્ઞતા પ્રગટ કરું છું. પણ જો આપણે દસ લાખના લક્ષ્યાંકે ટૂંકા સમયમાં પહોંચવું હોય તો હજારો અને લાખો લોકોએ એનો જવાબ આપવો જોઈએ. મને આશા છે કે આ લખાણ વાંચનાર આમંત્રણની રાહ જોયા વગર તુરત જ પોતાની રકમ મોકલી આપશે. આ રકમ ઓછામાં ઓછી નહીં પણ શકય એટલી વધુમાં વધુ હશે. તેઓ પોતાના મિત્રો પાસેથી પણ ફાળો એકઠો કરે. આ કામમાં કોઈ અધિકારપત્રની તેમને જરૂર નથી. તેઓ પોતે પોતાની જાતે નિમાયેલા સ્વયંસેવકો બને. એમાં સમયની કરકસર, વધુમાં વધુ પરિણામ અને છેતરપિંડીની ઓછામાં ઓછી તક રહેલી છે.

હું જાણું છું કે લોકો સ્વરાજ મેળવવા માટે અધીરા થયા છે. કેટલાકને એમ લાગે છે કે જેમણે પોતાનું જીવન સ્વરાજ માટે આપી દીધું છે એવા દેશબંધુની સ્મૃતિમાં હૉસ્પિટલ જેવું સ્મારક કરવામાં આવે એ ક્ષુલ્લક માન જ ગણાય. આ લોકો દેશબંધુને ઓળખતા નથી. તેમને મન હિંદીએ કરેલું દરેક ઉમદા કાર્ય સ્વરાજ તરફનું એક પગલું જ હતું. દરેક સફળ સામૂહિક પ્રયાસ સ્વરાજ તરફનું મોટું પગલું છે. આપણી પાસે રાજકીય સત્તા હોવી જ જોઈએ. એનાથી આપણને લાંબા વખત સુધી વંચિત નહીં રાખી શકાય. પણ જ્યારે પણ એ સત્તા આપણી પાસે આવશે ત્યારે તે, એક સમાન ધ્યેય માટે અનેક લોકોએ કરેલી મહેનતના પરિપાક રૂપે હશે. ફાળાની રકમ ભલે ખૂબ જ નાના સિક્કામાં મળતી હોય પણ જો તે ખાસ કરીને લાખો લોકો પાસેથી આવતી હોય તો તે માત્ર લોકોના સાચા પ્રેમનું જ નહીં પણ આપણી વ્યવસ્થાશક્તિનું ધ્યાન ખેંચે એવું પ્રદર્શન હશે. એટલે આ ફાળામાં રકમ આપવી એ અત્યાર પૂરતું તો દેશબંધુને ઉત્તમ અંજલિ આપ્યા બરાબર ગણાશે.

[મૂળ અંગ્રેજી]

हिन्दुस्तान टाइम्स, ૧૪–૭–૧૯૨૫

૧. ફૉરવર્ડ, ૧–૭–૧૯૨૫ના ખાસ "દેશબંધુ અંક"માંથી ઉતારવામાં આવી હતી.

Gandhi Heritage Portal

# ૨૦૦. દેશબંધુના શ્રાદ્ધ દિને ભાષણ[1]

કલકત્તા,
જુલાઈ ૧, ૧૯૨૫

આ લેખનું મથાળું બાંધતાં વિચાર કરવો પડયો. 'શ્રાદ્ધ' શબ્દ લખ્યો હતો પણ કાઢી નાખ્યો. કારણ જે અર્થમાં 'શ્રાદ્ધ' શબ્દ વપરાય છે તેવું શ્રાદ્ધ તો અહીં થતું હોય એમ નથી જોતો. અહીં તો છેલ્લા પંદર દિવસ થયા હરિકીર્તનની જ રેલછેલ ચાલી છે. છતાં શબ્દ 'શ્રાદ્ધ' વપરાય છે. ચોથે દિવસે મોટી દીકરીએ શ્રાદ્ધ કર્યું. કાંઈ ક્રિયા નહોતી કરવાની. માત્ર શ્રાદ્ધ કરનાર ખાવાકરવામાં સખત પ્રતિબંધ પાળે છે. બાકી શ્રાદ્ધ એટલે સ્મરણ. આખો દિવસ દેશબંધુનાં પોતાનાં રચેલાં ભજનો ગવાય, યા તો રાધા અને કૃષ્ણ વિષેનાં બંગાળી વૈષ્ણવ કવિઓનાં. કીર્તન એ અહીંની પ્રાચીન સંસ્થા છે, અને સુધારાના ધોધની સામે બરાબર ટક્કર ઝીલી રહી છે. પણ શ્રાદ્ધની આ કલ્પના એટલે પુરોહિત દ્વારા ક્રિયા કરવાનું માંડી વાળી આ પ્રમાણે સ્મરણ કરવાની કલ્પના એ બંગાળમાં જ છે, અને તે વિચિત્ર સંજોગોમાંથી ઉત્પન્ન થયેલી છે. દેશબંધુના પિતા અને પિતામહ તો બ્રાહ્મણ સંપ્રદાયના હતા. દેશબંધુને કીર્તનનો શોખ એટલે તેમના જમાનામાં બ્રાહ્મક્રિયાઓ અને વૈષ્ણવ પ્રથાઓનું મિશ્રણ થયું, અને તે પ્રમાણે હવે ચાલે છે. મોટી દીકરી પછી, દેશબંધુની મોટી બહેને 'શ્રાદ્ધ' કર્યું. પછી તેમના ભાણેજે. એ પ્રસંગને વિગતવાર વર્ણવવા ધારું છું.

સુધરેલું શહેર એટલે આવા પ્રસંગે નિમંત્રણપત્રિકાઓ કાઢવામાં આવે છે. આ પ્રસંગે દેશબંધુના નાના ભાઈ જેઓ પટના હાઈકોર્ટના જડ્જ છે તેઓ પટનાથી કીર્તનવાળા લઈ આવ્યા હતા, અને કીર્તનવાળાઓ ૧૬ દિવસ સુધી રહેવાના છે. આ જડ્જ ભાઈ શ્રી પ્રફુલ્લરંજન દાસને પણ કીર્તનનો ભારે છંદ છે. તેમણે પટનામાં વકીલ મંડળમાંથી એક કીર્તનિયા મંડળ ઊભું કર્યું છે. દેશબંધુના શ્રાદ્ધ માટે જ એ મંડળ અહીં આવેલું. સવારે એ મંડળે "નિતાઈ સંન્યાસ"નું કીર્તન કર્યું. બીજા કીર્તનકારોને ઘણાને આ દિવસોમાં સાંભળ્યા. સેંકડોનાં ટોળાં અહીં સાંભળવા આવે છે, પણ મારા ઉપર કશી અસર ન થઈ. ખૂબ કૃત્રિમતા દેખાઈ હતી. પણ આ કીર્તન ઉપર હું મુગ્ધ થયો. શ્રી ચૈતન્યદેવના સંન્યાસનો પ્રસંગ અતિશય કરુણાજનક રીતે પટનાના વકીલ નવદ્વીપબાબુએ કહી સંભળાવ્યો. કીર્તન લગભગ આપણી હરિકથા જેવું, પણ કથા કરનાર કથા કહેતાં કહેતાં ગાવા માંડે છે ત્યારે તેની સાથે જોડાનારું મંડળ મોટું હોય છે, અને પખાજ વગાડનારાઓ અને કથાકાર બંને ઘણી વાર આવેશમાં આવીને ખૂબ નાચવા માંડે છે. આમાં ઘણા અતિશયતા કરીને બગાડે છે. પણ નવદ્વીપબાબુમાં કયાંય કૃત્રિમતા ન જોઈ. અને પુરાણા કીર્તનકારોની પ્રથા છોડીને એમણે તો નિતાઈના સંન્યાસના પ્રસંગને દેશબંધુના જીવનની સાથે સાંકળી દીધો. નિતાઈ પોતાની માતાને કહે છે: "કાંગાલ હયે ચલે જાબો મા" "કાંગાલ નઈલે કિ કાંગાલેર દુ:ખ બોઝે—કાંગાલ હયે ચલે જાબો મા." એની ઉપર તેમણે આખા વૈષ્ણવ ધર્મની ઈમારત રચી અને વૈષ્ણવ ધર્મ એટલે ભૂતમાત્રની ઉપર દયા છે એમ વર્ણવી, પોતાની આસપાસનું દુ:ખ જોઈને વૈષ્ણવ ધર્મનું તત્ત્વ પ્રગટ કરવા માટે નિતાઈ સંન્યાસી થયા એમ બતાવ્યું. દેશબંધુ ગળે માળા ધારણ કરતા નહોતા, તિલક નહોતા કરતા, મંદિરે નહોતા જતા, જપતપ નહોતા કરતા, પણ તેમણે પણ નિશ્ચય કર્યો—પોતાના દરિદ્ર, પરવશ બંધુઓને માટે નિશ્ચય કર્યો—

આર તો ધરે રોઈલે નાહિ
કાંગાલ હયે ચલે જાબો મા

૧. શ્રાદ્ધ દિનતું વાતાવરણ સમજવા શ્રી મહાદેવ દેસાઈનો 'દેશબંધુનું સ્મરણ' એ આખો લેખ ગાંધીજીના ભાષણ સહિત અહીં આપ્યો છે.

Gandhi Heritage Portal

(હવે સહેવાતું નથી; મા! હવે તો હું ગરીબાઈને વરીને ચાલી નીકળીશ), કારણ

કાંગાલ નઈલે કિ કાંગાલેર દુ:ખ બોઝે
કાંગાલ હયે ચલે જાબો મા.

(નિર્ધન બન્યા વગર કંઈ નિર્ધનનાં દ:ખ સમજાય?) અને એમ કહીને દેશબંધુને એક પરમ વૈષ્ણવ તરીકે વર્ણવ્યા.

આ પછી બપોરે પાછા સૌ મળ્યા. બપોરે 'શાસ્ત્રપાઠ' અને ભજનનો વિધિ હતો. 'શાસ્ત્ર-પાઠ' કોઈ પણ સજ્જનને કરવાનું કહેવામાં આવે છે. દેશબંધુના એક ભાઈ અગાઉ ગુજરી ગયા હતા ત્યારે કવિવર ટાગોરે ઉપનિષદમાંથી કાંઈક લઈને તેના ઉપર પ્રવચન કર્યું હતું. આ વેળા તેમને બોલાવાય એમ નહોતું એટલે ગાંધીજીને ગીતાજીમાંથી એકાદો શ્લોક લઈને બોલવાનું કહેવામાં આવ્યું હતું. ગાંધીજી બોલે તે પહેલાં દેશબંધુની મોટી દીકરી અને ભાણેજ અને બીજાં સંબંધીઓએ દેશબંધુનાં અને તેમની એક સ્વર્ગસ્થ બહેન શ્રીમતી અમલા દાસનાં રચેલાં કેટલાંક ભજનો ગાયાં. દેશબંધુનું એક ભજન આપવા જેવું છે. ઈશ્વરને વિનંતી કરે છે કે "તારું દર્શન ન થાય તો કાંઈ નહીં; તને જોવાની તૃષ્ણા તો તું ચિરંજીવ રાખજે. એ તૃષ્ણા જીવંત રહે એટલુંયે મારે માટે બસ છે."

મિટાઈઓના એઈ પિયાસા
એઈ તો આમાય મિષ્ટિ લાગે!
ઓગો વિરહિ, ચિર વિરહિ
એઈ તૃષા જેનો નિત્ય જાગે.
મિલન આમિ ચાઈના જે હે
એઈ તિયાસા જેન થાકે!
ચોખેર જલે એતો મધુ
પ્રાણબંધુ હે પ્રાણબંધુ!
મુછાઓ ના ચોખેર વારિ
નાંઈ વા એલે આંખિર આગે –
નાંઈ વા હોલો મિલન જદિ
એઈ વિરહ નિત્ય જાગે!

જાણે સ્વરાજ આવે ત્યાં સુધી સ્વરાજની તીવ્ર તૃષ્ણા ચિરંતન જાગ્રત રહે, સ્વરાજ ન આવે ત્યાં સુધી સ્વરાજ માટે આંખ સદાય ભીંજાયલી રહે એ જ એમની સાધના હતી.

હવે ગાંધીજીને કાંઈક કહેવાની વિનંતી થઈ. ગાંધીજીને ભારે મૂંઝવણ થઈ. ધાર્મિક પ્રવચન આપવાનું, અને તેયે વળી ગીતા ઉપર! તેમણે એ મૂંઝવણ પ્રગટ કરી.[1]

આશ્રમમાં હું ઘણી વાર બોલું છું, પણ તે મારા જ માણસો આગળ. તેઓ મને સમજે, મને નભાવી લે, વળી પ્રસંગ ઊભા થાય તેમ હું ગીતામાંથી કાંઈક ઘટાવી લઉં. અને આમ છતાં તેને ધાર્મિક પ્રવચનનું નામ પણ ન અપાય. ધર્મ એટલે મારે મન ધર્માચરણ. પ્રવચનની કોઈ વાર જરૂર હોય, પણ દરેક ધાર્મિક માણસ પ્રવચન કરી જ શકે એમ નથી, જોકે પ્રવચન કરનારનું જીવન ધર્મનિષ્ઠ હોવું જોઈએ એ સાચું.

ગીતા એ મારે માટે એક શાશ્વત માર્ગદર્શિકા છે. મારા દરેક કૃત્યને માટે ગીતામાંથી હું આધાર શોધું, અને ન મળે તો તે કાર્ય કરતો અટકું અથવા અનિશ્ચિત રહું. એટલે મૂંઝવણ છતાં મેં બોલવાની હા પાડી ત્યારે વિચાર કર્યો કે મૃત્યુ અને જન્મના રહસ્ય ઉપર કંઈક કહેવું. જ્યારે જ્યારે મને મારા કુટુંબીઓના કે સ્નેહીઓના મરણના પ્રસંગ આવ્યા છે ત્યારે ત્યારે મેં

૧. અહીં ગાંધીજીનું ભાષણ શરૂ થાય છે.

Gandhi Heritage Portal

ગીતાને જ યાદ કરી છે. અને ગીતામાંથી એ જ વસ્તુ મળે છે કે મૃત્યુનો શોક હોય જ નહીં. મારી આંખમાંથી કોઈ વાર આંસુ નીકળ્યાં હશે તો તે કેવળ નબળાઈને લીધે, અનિચ્છાએ. હું જ્યારે દેશબંધુના સમાચાર સાંભળીને સ્તબ્ધ થયો અને મારી આંખમાંથી આંસુ નીકળ્યાં તેનો વિચાર કરું છું ત્યારે મને તે નબળાઈનું જ પરિણામ લાગે છે. આજે આપણે ગીતાજીમાંથી કંઈક આશ્વાસન મેળવીએ.

મેં ઘણી વાર કહ્યું છે કે ગીતાજી એ એક મહારૂપક છે. એમાં બે પક્ષોના યુદ્ધની વાત છે એમ મને લાગતું જ નથી અને એ મારી માન્યતા જેલમાં મેં મહાભારત વાંચ્યું તેથી મજબૂત થઈ. મહાભારત પોતે જ મને તો એક મહાધર્મગ્રંથ લાગે છે. એમાં ઐતિહાસિક ઘટનાઓ છે, પણ એ ઇતિહાસ નથી. સર્પસત્ર જેવી વસ્તુ વાંચીએ ત્યારે શું શબ્દાર્થ લઈને આપણાથી સંતોષ મનાય? તો તો વહેમથી આપણે ગૂંગળાઈ જવું પડે. કવિ ઇતિહાસકાર નથી એમ પોતે જ દાંડી પીટીને કહે છે. ત્યારે ગીતાજીમાં તો આપણા અંતરમાં ચાલતું યુદ્ધ વર્ણવેલું છે, અને તે યુદ્ધ વર્ણવવા માટે તે કેટલીક સ્થૂલ ઐતિહાસિક ઘટનાઓનો ઉપયોગ કરે છે ખરો, પણ તેનો ઉદ્દેશ તો આપણાં હૃદયની અંદર દીવો કરીને તે હૃદય આપણી પાસે તપાસાવવાનો છે. બીજા અધ્યાયને અંતે તમે આવો કે ઐતિહાસિક યુદ્ધની વાત થતી હોય એવી શંકા પણ કરવી અશક્ય થઈ પડે છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ અર્જુન જાણવા ઇચ્છે છે, અને યુદ્ધમાં પ્રવૃત્ત થયેલાને ભગવાન તે લક્ષણ કહેવા માંડે તે વિચિત્ર ભાસે છે.

પણ મારે તો તમને મૃત્યુનું રહસ્ય કહેવાનું છે. જો તમે ગીતા એ રૂપક છે એમ માનવામાં મારી સાથે મળતાં થાઓ તો ગીતા પ્રમાણે મૃત્યુનું રહસ્ય પણ સમજી શકશો.

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥[1]

એ શ્લોકમાં બધું રહસ્ય કાલવેલું છે. અનેક શ્લોકોમાં વારી વારીને કહેલું છે કે શરીર એ 'અસત્' છે. 'અસત્' એટલે 'માયા' નહીં, કદી કોઈ પણ રૂપમાં ઉત્પન્ન થયું જ નથી એવું નહીં; પણ તેનો અર્થ ક્ષણિક, નાશવંત, પરિવર્તનશીલ. છતાં આપણો આખો જીવનવ્યવહાર એ શરીરને શાશ્વત સમજીને જ લેવામાં આવે છે. આપણે શરીરને પૂજીએ છીએ, શરીરને વળગીએ છીએ – આ બધું હિંદુ ધર્મની વિરુદ્ધ છે. જો હિંદુ ધર્મમાં એક વસ્તુ ચોખ્ખી ચાંદરણા જેવી કરેલી હોય તો તે શરીરની અને દૃશ્ય પદાર્થોની અસત્તા છે. છતાં આપણે જેટલા મૃત્યુથી ડરીએ છીએ, રોઈકૂટીએ છીએ તેટલા ભાગ્યે જ કોઈ ડરતા હશે કે રોતા હશે. મહાભારતમાં તો રુદનથી મૃત આત્માને સંતાપ થાય છે એમ કહેવામાં આવ્યું છે. અને મૃત્યુને ભીષણ વસ્તુ ન માનવામાં આવે એ માટે ગીતા લખાઈ છે. માણસનું શરીર પ્રવૃત્તિ કરતાં કરતાં થાકે છે. અનેક શરીર તો મૃત્યુ થતાં દુ:ખમાંથી મુક્ત થાય છે. દેશબંધુનું દિનરાતનું પ્રવૃત્તિમય જીવન જેમ જેમ વધુ વિચારું છું તેમ તેમ મને ભાસે છે કે તેઓ આજે જીવંત છે. જ્યારે તેમનું શરીર હતું ત્યારે તેઓ પૂરા જીવંત નહોતા, આજે પૂરા જીવંત છે. આપણે તો આપણા સ્વાર્થને લીધે માન્યું કે તેમનું શરીર જ મહત્ત્વની વસ્તુ હતી. જ્યારે ગીતા શીખવે છે – અને નિત્યનિત્ય મને એ પાઠ સમજાતો જાય છે – કે અશાશ્વત વસ્તુને વિષે કરેલી બધી ચિંતા વ્યર્થ છે, બધો કાળક્ષેપ છે.

૧. ભગવદ્ગીતા, ૨, ૧૬.

Gandhi Heritage Portal

અસત્‌નો ભાવ એટલે હસ્તી જ નથી. અને જે સત્ છે તેનો કદી નાશ નથી. શેક્સ્પિયર કવિએ જ્યારે કહ્યું છે કે માણસે કરેલું શુભ તેની સાથે માટીમાં દટાય છે, અને અશુભ જ જગતની આગળ જીવતું રહે છે,[1] ત્યારે તેણે ભૂલ કરી હતી. શુભ અને સત્ જ ચિરંજીવ છે. જગત ભલું કરી ગયેલા આત્માઓને જ નિત્ય સંભારે છે. જગત અસત્‌ને અને અશુભને સહેલાઈથી ભૂલી જાય છે, શુભને જ સાચવે છે. રામચંદ્રજી લો. રામને તો હું અવતાર માનું છું. પણ જ્યારે તે શરીરધારી હશે ત્યારે તેમણે એકે દોષ કર્યો ન હોય એમ હં માનતો નથી, પણ આપણે આજે તેને પૂર્ણ માનીએ છીએ. કૃષ્ણને પણ પૂર્ણાવતાર માનીએ છીએ. આજે લાખો કરોડો હિંદુમાં એક પણ માણસ એવો નથી કે રામ કે કૃષ્ણના દોષો કાઢે. એ પણ "नासतो विद्यते भावो"વાળા શ્લોકનું રહસ્ય પ્રગટ કરે છે—જગતે તેમના શાશ્વત શરીરને જ સંઘરી રાખ્યું, અશાશ્વત—કાંઈ દોષો વગેરે—ની કોઈને ખબર નથી. દેશબંધુનું આપણે અનુકરણ કરવા માગીએ છીએ. શું આપણે તેમના શરીરનું અનુકરણ કરશું? આપણે તેમના શરીરને થોડા પૂજતા હતા? જો તેમ હોત તો વહાલામાં વહાલા દીકરાએ તેમના શરીરને અગ્નિદાહ દીધો હોત?

એટલે ગીતા એ શ્લોકમાં પોકારી પોકારીને કહે છે કે આપણે આપણા જીવનમાં સત્ય જીવીએ અને માયા, અસત્ય અને પાખંડનો ત્યાગ કરીએ. ઘણી વાર વાણી અસત્ય થઈ પડે છે, પાખંડરૂપ થઈ પડે છે. ક્રોધ અસત્ય છે; કામ, મોહ, મદ આદિ અસત્ય છે. એ બધા સર્પોનું આપણે સત્ર ઊજવવાનું છે. સ્થૂલ સર્પ તો બિચારો શરીરને હેરાન કરે. પણ આ સર્પો તો રગેરગમાં ઊતરે અને આત્માને પણ હાનિ પહોંચાડવાની ધમકી આપે. પણ આત્માને હાનિ થતી જ નથી. તે અવિનાશી છે. જો સત્ શું છે એ આપણે સમજીએ તો જન્મમૃત્યુનું રહસ્ય પણ સમજીએ. જેમ રાસાયણિકો કહે છે કે મીણબત્તી બળે છે ત્યારે કશું નાશ પામતું નથી તેમ જ શરીર મરે અને બળે ત્યારે કશું જ નાશ પામતું નથી. જન્મ અને મૃત્યુ એ એક જ વસ્તુની બે દશા છે. સંબંધીનું શરીર પડે ત્યારે રોઈએ છીએ તે કેવળ સ્વાર્થનું જ હોય છે. તે દિવસે સ્મશાનઘાટ ઉપર થોકેથોક લોકોને જોઈને, અને તેમનાં મોં ઉપર શોક ન જોઈને મને ઘડીક વાર તો ચીડ ચડી. મને થયું કે આ લોકોને કશું ભાન કેમ નથી? પ્રસંગનું ગાંભીર્ય પણ સમજતા નથી. પણ પાછળથી મને સમજાયું કે એ જ સાચા હતા. તેમને સ્વાર્થ નહોતો. તે તો એક ભવ્ય જીવનના સન્માન અર્થે જ આવ્યા હતા, તેઓ તો તેમણે કરેલી સેવાની સાક્ષી પૂરવા અને "ધન્ય જીવન!" "ધન્ય જીવન!" એટલું જ કહેવા આવ્યા હતા. આપણા શોકના કરતાં તેમનો આનંદ વધારે સાચો અને સાર્થ હતો. ગં. સ્વ. વાસંતીદેવી જેમને હું પહેલે દિવસે ઓળખીયે ન શક્યો તેમને ધન્ય છે કે તેમણે મારી આગળ આંસુ પણ નથી પાડ્યું. પણ મોં પણ વીલું ન થવું જોઈએ. વિષાદ પણ ન હોવો જોઈએ, ત્યારે જ આપણે શરીરની ક્ષણિકતા સમજ્યા છીએ એમ કહેવાય. શરીરની સાથે તો લગ્ન થતું નથી. બે આત્મા શરીરના વિલાસને માટે નહીં પણ આત્માના ભવ્ય વિકાસને માટે ભેળા થયા, એક શરીર છૂટું પડતાં એ સંબંધ ઊલટો વધારે ગાઢ થયો. એટલે આજે આપણે આંસુ પાડવા નથી ભેગા થતા. આપણે એમના ગુણોનું, એમના ચિરંજીવ શરીરનું સ્મરણ કરીએ અને આપણાં જીવનમાં તેને વણી લઈએ.[2]

૧. જુલિયસ સીઝર, ૩, ૨. ૭૫-૬
૨. અહીં ભાષણ પૂરુ થાય છે.

Gandhi Heritage Portal

એમનું સાચું સ્મરણ આપણે કેવી રીતે જાળવીએ એ તો હવે પછી જોવાશે. એમના દરેક અનુયાયીની ભારે કસોટી હવે શરૂ થઈ ગઈ છે. બંગાળના સ્વરાજ પક્ષના પ્રમુખની તેમની ગાદીએ શ્રી સેનગુપ્તા આવ્યા છે. પક્ષના પ્રમુખ તરીકેની જવાબદારી નાનીસૂની નથી, પણ દેશબંધુની યશ:કાય અક્ષત રાખવાની જવાબદારી એથીયે મોટી છે. ઈશ્વર તેમને એ કસોટીમાં પાર ઉતારો. જેને જવાબદારીનાં સ્થાન નથી તેમને માટે દેશબંધુનું સ્મરણ રાખવું, મુકાબલે સહેલું છે. એવું સ્મરણ રાખનાર એક જુવાન બેચાર દિવસ ઉપર આવી ચડયો હતો. ૧૦ લાખ રૂપિયાના સ્મારકમાં આખો દિવસ નાનીમોટી રકમો આવ્યા કરે છે, દૂર દૂરથી કોઈ બિચારા મુદત ચાલી જશે એમ કરીને તારથી પણ મનીઑર્ડર મોકલે છે. આ જુવાને આવીને ૫૧ રૂપિયા, સોનાનાં બટનો, સોનાની ઘડિયાળ, અને બે હીરાની કીમતી વીંટીઓ ગાંધીજી આગળ મૂકી અને કહ્યું : દેશબંધુના જીવનમાં મેં કશું ન કર્યું. જિંદગી ખૂબ માણી. આજે હવે તેમના મરણ પછી તેમનું સ્મરણ કાયમ રાખવા માટે મેં મારા બધા ભોગવિલાસનો ત્યાગ કર્યો છે. આજે પરદેશી કપડાં બધાંને તિલાંજલિ આપી, ખાદી ધારણ કરી છે, રેંટિયો લઈ આવ્યો છું, કાંતવા માંડયો છું. મારા વિલાસની ચીજો પાંચેક હજાર રૂપિયાની છે. તે જો આપ લિલામ કરી શકતા હો તો કરી દો. મારે ફર્નિચરે નથી જોઈતું, અને મારું ઘર વાસંતીદેવીને માટે આપવાને તૈયાર છું. એના બોલવામાં ખૂબ આવેશ હતો. એ આવેશ ટકી રહે તો એના જેવો બીજો નિશ્ચય કયો હોઈ શકે?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨-૭-૧૯૨૫

## ૨૦૧. પ્રશ્નાવલિ

૧. ફરીદપુરમાં કેટલાક અંત્યજ વર્ગના ગૃહસ્થો સાથેની આપની મુલાકાતનો જે અહેવાલ ૧૯૨૫ના મેની ૧૪મીના યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ થયો છે, તેમાં આપે તે લોકોને આત્મશુદ્ધિ તરીકે કેટલાંક કામો કરવાની વાત કરી છે. તો આત્મશુદ્ધિ એટલે આપ શું કહેવા માગો છો? આત્મશુદ્ધિનાં બાહ્ય ચિહ્નો કયાં ગણવાં? આત્મશુદ્ધિ કાયિક, માનસિક અને વાચિક શુદ્ધિમાં સમાયેલી છે કે ત્રણમાંથી એકમાં જ સમાયેલી છે.

શરીર, મન અથવા વાણીની બધી જ અશુદ્ધિઓને પોતાની જાતમાંથી દૂર કરવી એવો આત્મશુદ્ધિનો અર્થ થાય. આ અસ્પૃશ્ય મિત્રોને મેં કહ્યું હતું કે તેમણે અશુદ્ધ વિચારો ન કરવા, અસત્ય કે અશ્લીલ વાણી ન ઉચ્ચારવી, અને શુદ્ધ ખોરાક લેવો અને મડદાલ માંસ કે અશુદ્ધ ખોરાક, અથવા માદક પીણાં કે કેફી ચીજો લેવાથી દૂર રહેવું.

૨. કોઈ વર્ગ કે વ્યક્તિ આ પ્રકારની શુદ્ધિ મેળવે તો તેની સાથે અસ્પૃશ્ય તરીકેનું વર્તન રાખી શકાય?

કોઈ વ્યક્તિ આ ધોરણ સુધી ન પણ પહોંચી શકે — અને આપણા સૌને માટે આ ભૂમિકાએ એકદમ પહોંચવું મુશ્કેલ છે — તેમ છતાં તેને અસ્પૃશ્ય નહીં ગણાય. એ ધોરણ આપણને લાગુ પાડવામાં આવે તો આપણે માટે તે આકરું બની જાય.

૩. હિંદુઓના બધા વર્ગોમાં ખોરાક, પીણાં કે પૂજાની બાબતમાં એકતા નથી. આ એકતા લાવવા માટે સૌથી પહેલાં શું કરવું જોઈએ એમ આપ માનો છો?

હું આવી એકતા સિદ્ધ કરવા માટે કશું કરતો નથી. હું જે એકતા ઝંખું છું તે હૃદયની એકતા છે. તે આ આવરણોથી પર છે, અને એ આવરણો હોય છતાં ટકી શકે છે. આપણે જુદાં જુદાં સ્વરૂપે અને નામે એક જ ઈશ્વરને ભજીએ છીએ.

Gandhi Heritage Portal

૪. એમ કહેવામાં આવે છે કે જો જાહેર ધાર્મિક સ્થાનો કે મીઠાઈની દુકાનો સ્વાસ્થ્યપ્રદ ટેવોવાળા સ્વચ્છ હિંદુઓ માટે ખુલ્લાં મૂકવામાં આવે તો તે એકતા લાવવા માટેનું પહેલું પગલું બને. આ વિષે આપનો શો અભિપ્રાય છે?

સામાન્ય શિષ્ટાચારના નિયમો પાળનાર દરેક જણને માટે સાર્વજનિક પૂજાનાં સ્થાનો ખુલ્લાં હોવાં જોઈએ. પોશાકની સ્વચ્છતાના ધોરણનો નિર્ણય કોણ કરશે? આ બધું કાયદાથી નક્કી થતું નથી, પણ જાહેર પ્રજામતથી નક્કી થાય છે. મીઠાઈવાળો પોતે જો સ્વચ્છ હશે તો તે ગંદા લોકોને માલ વેચવાની ના પાડશે. જો તે નહીં વેચે તો તે પોતાની ઘરાકી ગુમાવશે. પણ જે દુકાનદાર કહેવાતા અસ્પૃશ્યને, તે અસ્પૃશ્ય હોવાને કારણે માલ વેચવાની ના પાડે છે, તે પોતાનો વ્યવસાય ચલાવવાનો અધિકાર ગુમાવે છે.

૫. તમારી અસ્પૃશ્યતાની સમજ મુશ્કેલીભરી છે. ઉચ્ચ વર્ણના હિંદુઓ પોતાના દીકરાને જનોઈ ન આપી હોય તો તેના હાથનું પાણી પણ પીતા નથી, અને એ અસંસ્કૃત બાળકના હાથનું રાંધેલું અન્ન પણ ખાતા નથી. શું આને આપ અસ્પૃશ્યતા કહેશો?

હું એને અસ્પૃશ્યતા કહેતો નથી. મેં અનેક વાર કહ્યું છે કે હિંદુ ધર્મના પાંચમા વર્ણ જેવી કોઈ ચીજ નથી. એટલે અસ્પૃશ્યને પણ ચારેય વર્ણને પ્રાપ્ત થતા બધા અધિકારો મળવા જોઈએ.

૬. કેટલાક એવું સૂચવે છે કે પાણી પીવા જેવી બાબત ઉપર વધારેપડતો ભાર મૂકવાને બદલે ઉચ્ચ વર્ણના હિંદુઓમાંથી ઊંચનીચના ભેદભાવ દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને પરસ્પર પ્રેમભાવ અને સહકાર વધારવાં જોઈએ. આપ આ સૂચન સાથે સંમત થાઓ છો?

જો આ સૂચન દંભને ઢાંકવા માટે કરવામાં આવ્યું ન હોય તો હું જરૂર તેની સાથે સંમત થાઉં છું. કોઈ પણ ઝાડની પરીક્ષા તેના ફળ પરથી થાય છે. મેં કદી ખાનપાન વિષે આગ્રહ રાખ્યો જ નથી. પણ કોઈ માણસ અસ્પૃશ્ય ગણાય છે માટે જ તેના હાથનું પાણી પીવાની ના પાડવામાં આવે તો તે વખતે હું જરૂર આગ્રહ રાખું છું અને રાખીશ. કારણ કે એ સંજોગોમાં એ ઇનકાર ઊંચાપણાના ઘમંડની નિશાની છે.

૭. આ ધ્યેય માટેનો સહેલો ને સરળ માર્ગ ધાર્મિક કીર્તનોમાં તથા ધાર્મિક જમણોમાં કોઈ પણ પંથ કે જ્ઞાતિના લોકો ભાગ લઈ શકે એ રીતે વૈષ્ણવ ધર્મના ઉપદેશોનો પ્રચાર કરવાનો છે. ચાર સદીથી વધારે સમયથી આ પદ્ધતિનો અમલ થઈ રહ્યો છે. આ બાબતમાં આપનો શો અભિપ્રાય છે?

આવાં કીર્તનોની અસરનો મેં અભ્યાસ કર્યો નથી. પણ આ તુમાખીભરી ઉચ્ચતાની દીવાલને તોડવા માટેની કોઈ પણ સારી પદ્ધતિને હું આવકારીશ.

૮. એ વાત હવે લગભગ સ્વીકારવામાં આવે છે કે બંગાળમાં હિંદુ જાતિ નાશ પામવા લાગી છે. હિંદુ જાતિના આ ધીમા વિનાશનાં મુખ્ય કારણો આપને કયાં લાગે છે? આ વિનાશ થતો કઈ રીતે અટકાવી શકાય? એ વાત પણ હવે સૌ સ્વીકારે છે કે હિંદુઓ ઊંચાઈ, તાકાત તથા સ્ફૂર્તિ વગેરે શારીરિક બાબતોમાં પણ નીચે ઊતરતા જાય છે. તેમનો પુનરુદ્ધાર કેવી રીતે કરવો?

આવાં વિધાનો મારા જોવામાં આવ્યાં છે, પણ હિંદુઓની અધોગતિની કોઈ સાબિતી મારા જોવામાં આવી નથી. પરંતુ હું એ વિધાનમાં માનું છું કે આપણે શારીરિક દૃષ્ટિએ નબળા થતા જઈએ છીએ. એનાં કારણો સ્પષ્ટ છે. આપણી વધતી જતી ગરીબાઈ તથા બાળલગ્ન એ બે એનાં મુખ્ય કારણો છે. પહેલું કારણ રેંટિયાથી દૂર કરી શકાય છે. અને લોકો જો નિશ્ચય કરે કે પોતાના પુત્ર કે પુત્રી સોળ વરસ ઉપરનાં અને વીસ વરસની લગોલગ ન થાય ત્યાં સુધી તેમનાં લગ્ન નથી કરવાં, તો બીજા કારણનો ઉપાય મળી શકે છે. કોઈ છોકરો કે છોકરી પુખ્ત ઉંમરે ન પહોંચે, પોતાની જવાબદારી ઉપાડવાની ક્ષમતા ન ધરાવે અને સંપૂર્ણ તંદુરસ્ત ન હોય

Gandhi Heritage Portal

તો કલ્પી શકાય તેવું કોઈ પણ જોખમ ઉઠાવીને પણ હું તેનાં લગ્ન કરવાનું મુલતવી રાખું. આમ કરવાનો માર્ગ એ છે કે જેઓ આ વાત માનતા હોય તેમણે પોતે જ તેનો અમલ કરવો અને પોતાના પાડોશીઓને તેમ કરવા માટે સમજાવવા. આ સુધારો જેમને ગમતો હોય, અને તેમાં રહેલાં જોખમો ઓછામાં ઓછાં રહે તેમ કરવા જેઓ ઇચ્છતા હોય, તેમણે પોતાનાં બાળકોને અત્યારના કરતાં વધારે તંદુરસ્ત અને શુદ્ધ વાતાવરણમાં ઉછેરવાં જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २-७-१९२५

## ૨૦૨. મારી અશક્તિ

મારી પાસે સહાય માગનાર દરેક જણને હું તેને જોઈએ તેટલી તૃપ્તિ આપી શકું તો મારા અભિમાનને તેથી સંતોષ તો ઘણો જ વળે. પણ મારી બેહદ અશક્તિનો એક નમૂનો આ રહ્યો:

> આપ મુસલમાનોને સમજાવીને ગોહત્યા બંધ ન કરાવી શકો તો આપનું નેતાપણું અથવા "મહાત્માપણું" શા કામનું? અલ્વરના ભયંકર બનાવો ઉપર આપનું રૂંવાડું પણ નથી હાલ્યું! અને જેમને આપે પોતે જ મુસલમાનો તરફ દ્વેષવૃત્તિ ધરાવવાની બાબતમાં તદ્દન નિર્દોષ ઠરાવ્યા છે અને જેમને આપ "પૂજ્ય વડીલ બંધુ" કહેવામાં આનંદ માનો છો એવા દેશસેવકોમાંની એક અગ્રગણ્ય વ્યક્તિ પંડિત માલવિયાજીનું નિઝામે હડહડતું અપમાન કર્યું તે પર ચૂપ રહેવામાં આપે ગુનો કર્યો છે.

આ દલીલ વારંવાર એક જ માણસે નહીં પણ અનેક લોકોએ કરી છે. ઉપરનો પહેલો ઠપકો મને સહુથી છેલ્લો મળ્યો છે. અને તેણે મારી શાંતિ મને પોતાને અસહ્ય કરી મૂકી છે. મને એક તાર મળ્યો તેમાં બકરીઈદ ઉપર મુસલમાનોને ગાયોનું બલિદાન નહીં કરવા વીનવવાનું મને કહેવામાં આવ્યું છે. મને થયું કે ઓછામાં ઓછું મારી શાંતિના સંબંધમાં ખુલાસો કરવાનો સમય તો હવે આવ્યો જ. પંડિતજીના ઉપરના મનાઈના હુકમની બાબતનો મારા ઉપરનો આરોપ સાંભળી લેવા હું તૈયાર હતો; જોકે તે પણ એક પ્રિય મિત્રે મૂકેલો. તેને તો મારી કીર્તિ વિષે બીક લાગવા માંડી હતી. તેને બીજી અનેક ભીતિઓ લાગવા માંડી તેમાં એક એ કે હું મુસલમાનોથી બી ગયો એમ લોકો કહેતા થશે. પણ પંડિતજી ઉપરના મનાઈહુકમની કશી પરવા નહીં કરવાના મારા નિશ્ચય ઉપર હું મક્કમ રહ્યો. તેઓ પોતે મારા વલણનો ઊલટો અર્થ કરે એવો સંભવ નહોતો એટલું મારે માટે બસ. અને તેમને કોઈ બીજાના રક્ષણની જરૂર તો હતી જ નહીં. કોઈ પણ દુન્યવી સત્તાના ગમે તેટલા મનાઈહુકમો છતાં તેમનું કામ બંધ તો નહીં જ પડે. એમનો જીવનસિદ્ધાંત — તત્ત્વજ્ઞાન — એ તેમનું બખતર છે. અનેક વિષમ પ્રસંગોએ મેં તેમને નજીકથી નિહાળ્યા છે. તેમનું રૂંવાડુંયે નથી હાલ્યું. તેમને પોતાના ઉદ્દેશ વિષે શ્રદ્ધા છે અને તે અર્થે અનુકળતામાં કે પ્રતિકૂળતામાં, હર્ષવિષાદથી રહિત તેઓ પોતાનું કાર્ય કર્યે જ જાય છે. તેથી જ્યારે તેમની અટકાયતનું સાંભળ્યું ત્યારે હું પેટ ભરીને હસ્યો. રાજામહારાજાઓના ઢંગ વિચિત્ર જ હોય છે. હું યંગ ઇન્ડિયામાં ગમે તે લખું તેથી નિઝામ સાહેબને તેમનું ફરમાન પાછું ખેંચી લેવા હું વીનવી ન શકત એ હું જાણતો હતો. મને તેમનો અંગત પરિચય હોત તો તો હું તેમને પરભાર્યો પત્ર લખી પંડિતજી ઉપરનો તેમનો મનાઈહુકમ તેમના રાજને

Gandhi Heritage Portal

ફાયદો નહીં કરે અને તેમાં ઇસ્લામનું પણ કલ્યાણ નથી થવાનું એમ જણાવત. હું તો આગળ જઈ પંડિતજીને પોતાના અતિથિ કરવાનું સૂચવત અને મારા ટેકામાં હઝરત પેગંબરના અને તેમના સાથીઓના જ જીવનમાંથી એવા પ્રકારના આતિથ્યના દાખલા ટાંકી શકત. પણ એ પરિચયનો લાભ મને ક્યાંથી? અને હું જાહેર રીતે ચર્ચા કરું તો તેમના કાન સુધી કદાચ મારો અવાજ જાય પણ નહીં એ હું જાણતો હતો. માટે જો મેં કંઈ લખ્યું હોત તો હાલ ચોમેર વર્તી રહેલી ખટાશમાં ઉમેરો કરવા ઉપરાંત બીજો કંઈ પણ અર્થ ન સરત. અને તે ખટાશને ઓછી ન કરી શકું તોપણ તેમાં ઉમેરો તો ન જ કરું. તેથી મેં ચૂપ રહેવાનું પસંદ કર્યું. અને અત્યારે પણ હું જુદા જ હેતુથી લખી રહ્યો છું. જે હિંદુઓ મારું સાંભળશે તેમને મારી ભલામણ છે કે આ પ્રસંગથી તેમણે મુદ્દલ ચિડાવું નહીં અને તેને ઇસ્લામ અથવા મુસલમાનો સામે ફરિયાદનું કારણ પણ નહીં બનાવવું. નિઝામનું મુસલમાન હોવું આ અટકાયતને માટે જવાબદાર નથી. મનમાન્યું વર્તન એ એકતંત્રતાનું લક્ષણ છે, પછી તે હિંદુ હોય કે મુસલમાન. દેશી રાજ્યોને નાબૂદ કરવા જવા કરતાં આપણે રાજાઓના તરંગી વર્તનને રોકવાના ઉપાયો શોધવા જોઈશે. જ્ઞાનયુક્ત, પ્રબળ લોકમત કેળવવો એ જ ઉપાય છે. તેની શરૂઆત બ્રિટિશ હદમાં થઈ છે અને ત્યાં જ થાય એ યોગ્ય છે. કેમ કે ત્યાં બ્રિટિશ તંત્રનો સીધો અમલ હોઈ તે સ્વાભાવિક રીતે વધુ સ્વતંત્ર છે; જ્યારે રજવાડાંઓમાં કે જ્યાં શહેનશાહના માંડલિકો મારફત શાસન ચાલે છે ત્યાં સ્થિતિ જુદી છે. તેથી ત્યાં બ્રિટિશ તંત્રના દોષો સંપૂર્ણપણે ભજવાય છે, જ્યારે બ્રિટિશ રાજ્યના સીધા અમલમાં તેના જ ફાયદાને ખાતર જે થોડીઘણી સાવધાની આવી જાય છે તેનો તેને સ્પર્શ નથી. રજવાડી હિંદમાં સુવ્યવસ્થાનો આધાર તેમને અર્થે ઘડાયેલા બંધારણ અથવા બંધારણો કરતાં તે તે વખતના રાજાઓના ચારિત્ર અને તરંગ ઉપર વધુ રહે છે. આ ઉપરથી એટલું તો આપણે જોઈએ જ છીએ કે દેશી રાજ્યો ઉપરના બ્રિટિશ સામ્રાજ્યતંત્રના મનોભંગ કરનારા અંકુશને બ્રિટિશ હિંદુસ્તાનના લોકો જ્યાં સુધી પોતાના જ વ્યવસ્થિત બળથી સ્વાતંત્ર્ય મેળવી હળવો ન કરે ત્યાં સુધી રજવાડાંઓની સ્થિતિમાં સુધારો થવો અશક્ય છે. પણ તેથી કાંઈ બધાં છાપાંઓએ ચૂપકી પકડવી એવું નહીં. રજવાડાંઓના અન્યાયોની નોંધ લેવી એ વૃત્તવિવેચનનું આવશ્યક અંગ છે અને તે લોકમત ઉત્પન્ન કરવાનું પણ સાધન છે. પણ મારી મર્યાદા અંકાયેલી છે. મેં પત્રકારની પ્રવૃત્તિ તેની મજાને ખાતર નહીં પણ મેં જેને મારું જીવનકાર્ય માન્યું છે તેને તે મદદરૂપ થાય એવી આશાએ અંગીકાર કરી છે. મારું કામ કૃતિ અને ઉપદેશ વડે સત્યાગ્રહના અનુપમ શસ્ત્રનો અત્યંત સંયમપૂર્વક પાલનનો પ્રચાર કરવાનું છે. અને સત્યાગ્રહ એ અહિંસા અને સત્યનો આનુષંગિક સિદ્ધાંત છે. સંસારના અનેક દોષોને માટે અહિંસા સિવાય બીજો ઇલાજ નથી એ પ્રત્યક્ષ સિદ્ધ કરી આપવા હું આતુર છું, અધીરો છું. એ કઠણમાં કઠણ હૈયાને પીગળાવનારો દ્રાવક રસ છે. માટે મારા સિદ્ધાંતને વફાદાર રહીને મારાથી ક્રોધમાં કે દ્વેષથી કશું જ ન લખાય; અકારણ પણ કશું ન લખાય. માત્ર જુસ્સો પેદા કરવા સારુ પણ ન લખાય. અઠવાડિયે અઠવાડિયે મારે વિષય અને ભાષાની ચૂંટણીમાં જે સંયમ પાળવો પડે છે એનો વાચકને ખ્યાલ પણ ન હોઈ શકે. તે મારી તાલીમ છે. એનાથી હું મારા અંતરમાં ડોકિયું કરી શકું છું અને મારી નબળાઈઓની શોધ કરી શકું છું. ઘણી વાર મારું મિથ્યાભિમાન મને એકાદ ચતુર શબ્દપ્રયોગ કરવા અગર તો મારો રોષ એકાદ મરમનું વિશેષણ વાપરવા પ્રેરે છે. આ બધું ખસલું નીંદી કાઢવું એ જેવી તેવી તાવણી નથી અને છતાં એમાં સુંદર તાલીમ રહેલી છે. વાંચનાર આ છાપાંમાં દર અઠવાડિયે ઠીકઠાક કરેલું

Gandhi Heritage Portal

લખાણ જુએ છે. અને એકાદ વેળા, રોમાં રોલાંની જેમ, "આ ડોસો પણ કેવો ભારે હશે?" એવા ઉદ્ગાર કાઢતો હશે. તો દુનિયાને હું ખબર આપું છે કે આવી જે કંઈ સંસ્કારિતા મારામાં જોવામાં આવતી હોય તે બધી ભારે જતનપૂર્વક અને ઈશ્વરપરાયણતાપૂર્વક કેળવેલી છે. અને જો આજે જેમના અભિપ્રાયની હું મોટી કિંમત આંકું છું તેવા કોઈને તે પ્રશંસનીય જણાતી હોય તો હું વાચકને એ પણ કહી દઉં કે જ્યારે એ સંસ્કારિતા મારામાં સંપૂર્ણ સ્વાભાવિક બની જશે એટલે કે જ્યારે અશુભ એવું કશું જ કરવાને હું અસમર્થ થઈ પડીશ અને જ્યારે મારી વિચારસૃષ્ટિમાં એક ક્ષણને સારુ પણ કટુ અગર રોષભરી એવી વસ્તુ સ્થાન નહીં પામી શકે ત્યારે જ મારી અહિંસા આખા જગતના અંતરને વલોવશે. આમાં મેં મારી સામે અગર તો વાચકની સામે કશો અશક્ય આદર્શ અગર કસોટી મૂકેલી નથી. એ તો માણસનો જન્મસિદ્ધ અધિકાર છે. આપણે મુક્તિ ખોઈ છે તે પાછી મેળવવાને માટે. જો એમાં વખત લાગે એમ હોય તો કાળચક્રમાં એવો સમય તો એક તલકું માત્ર છે. ગીતામાં શ્રીકૃષ્ણે નથી ગાયું કે આપણા હજારો યુગ એ બ્રહ્માના એક દિવસની બરાબર છે? તેથી આપણે અધીરા ન થઈએ અને દુર્બળ બની એમ ન માનીએ કે અહિંસા એ પોચા મનનું લક્ષણ છે.

પણ હવે પૂરું કરું. વાચકે હવે જોઈ લીધું કે હું અલ્વરના મામલાને વિષે શા સારુ મૌન છું. મારી પાસે સામગ્રી નથી. તે ન હોય ત્યાં સુધી હું જે કંઈ બોલું અગર લખું તે પ્રત્યે અલ્વર, નિઝામના જેટલા જ તિરસ્કારપૂર્વક હસી શકે છે. બાકી આ મામલાને વિષે જે બધી હકીકતો પ્રગટ થઈ છે તે સાચી હોય તો તો તેમાં જનરલ ડાયરને આંટી દીધો છે એમાં શક નથી. પણ હું જાણું છું કે આ ઘડીએ મારી પાસે એને સારુ ઉપાય નથી. આ બધા ભયાનક આરોપોને વિષે ઓછામાં ઓછી એક સારી જાહેર તપાસ થવા માટે છાપાંઓ જે પ્રયાસ કરી રહ્યાં છે તે સાનંદાશ્ચર્યથી જોઈ રહ્યો છું. પંડિત માલવિયાજી પોતાના મુત્સદ્દીપણાથી શાંતપણે રસ્તો કાપી રહ્યા છે તે પણ હું જોઈ રહ્યો છું. આ બધા પ્રયાસો ચાલુ છતાં હું વચ્ચે શા સારુ હમચી ખૂંદું? જેઓ દરેક વસ્તુને સારુ મારી આગળ નુસખા માગે છે તેમને હું નમ્રપણે ખબર આપું છું કે હું કોઈ અખૂટ દ્રવ્યૌષધિના ખલતાવાળો વૈદ કે ધન્વંતરિ નથી. હું તો એક અદનો અંધારામાં માર્ગ ઢૂંઢતો અને મારા નાના બટવામાં ભાગ્યે જ બે સહેજે અદલબદલ થઈ જાય એવી માત્રાઓ લઈ ફરનારો વિશારદ છું. આ વિશારદ અહીંયાં રજૂ કરવામાં આવેલાં દર્દોને વિષે પોતાની હાલની અશક્તિ જાહેર કરે છે. અને ગોભક્તાને તો મારે એટલું જ કહેવાનું કે હિંદુ અગર મુસલમાન કોઈના ઉપર થોડા સમય પહેલાં હું દાવો કરતો તેવા પ્રકારનું મારું કશું જ વજન આજે નથી રહ્યું એ વાત અત્યાર આગળ શું હું કહી ચૂક્યો નથી? તેવું વજન હું ફરી મેળવું ત્યાં સુધી ગોમાતા તેના આ નમ્ર બાળકને ક્ષમા કરશે. એવો બાળક હોવાનો મારો દાવો છે જ. મારું જીવન એની જોડે ઓતપ્રોત થઈ ગયું છે. એને ખબર છે કે એને કોઈ કાળે છેહ દેવા હું અસમર્થ છું. પણ આજની મારી અશક્તિ એ સમજે છે, જોકે એના બીજા ભક્તો નથી સમજતા.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–७–१९२५

भाषांतर : नवजीवन, ५–७–१९२५

Gandhi Heritage Portal

# ૨૦૩. નોંધ

## અખિલ હિંદ સ્મારક

જેમ મેં બંગાળના મિત્રો સાથે મંત્રણા કરીને અખિલ બંગાળ સ્મારકનું ઉદ્‌ઘાટન કર્યું છે, તેમ મારે અખિલ હિંદ દેશબંધુ સ્મારકનું ઉદ્‌ઘાટન કરવું જોઈએ એમ મને કહેવામાં આવે છે. હું વાચકોને એટલી ખાતરી આપી શકું કે આ વાત મારા ધ્યાન બહાર બિલકુલ ગઈ નથી. મારી નજીકના સાથીઓ સાથે હું એ વાતની મંત્રણા કરી રહ્યો છું. પણ હજી અમે એ માટેનો સિદ્ધાંત નક્કી કરી શકયા નથી. અખિલ બંગાળ સ્મારક પર નિર્ણય પર આવતાં અમને મુશ્કેલી નડી નહોતી. દેશબંધુનું ટ્રસ્ટ-ડીડ અમારે માટે માર્ગદર્શક હતું. પણ અખિલ હિંદ સ્મારક એવી સહેલી વાત નથી. તેમાં થતી ઢીલ અનિવાર્ય છે. કદાચ આ લખાણ છપાય ત્યાં સુધીમાં કોઈ નિર્ણય થઈ પણ ગયો હોય. અત્યારે તો હું દરેકને એટલી જ ખાતરી આપી શકું કે આવો નિર્ણય જાહેર કરવામાં નકામી ઢીલ કરવામાં નહીં આવે. અખિલ હિંદ સ્મારક થવું જોઈએ તે વિષે મને રજમાત્ર શંકા નથી. દેશબંધુના અવસાન બદલ દેશના ખૂણેખૂણેથી જે શોકસંદેશાઓ આવ્યા છે, તે તેમની સાર્વત્રિક લોકપ્રિયતાનું અત્યંત જ્વલંત પ્રમાણ છે.

## એક ક્રાંતિકારીનો પત્ર

શ્રીમતી વાસંતીદેવીએ એક ક્રાંતિકારી તરફથી તેમને મળેલો નનામો પત્ર મને આપ્યો છે. તેમાંથી હું થોડા ઉતારા અહીં આપું છું:

> આ ક્ષણે તમને પત્ર લખવાનો પ્રયાસ કરું છું ત્યારે મારી આંખમાંથી આંસુનો પ્રવાહ વહે છે જે મારી દૃષ્ટિને ધૂંધળી બનાવે છે. મેં ૧૪૮ની મુલાકાતે જવાનો પ્રયત્ન કર્યો, પણ તમારી સામે ઊભા રહેવા જેટલી હિંમત હું ભેગી કરી શકયો નહીં. એ દૃશ્ય જ હૃદયવિદારક છે; દેશબંધુના મૃત્યુથી આપણે એક મહાપુરુષ ગુમાવ્યો છે. કદાચ દેશનો સૌથી મહાન પુરુષ ચાલ્યો ગયો છે. એમની ખોટ પૂરે તેવું કોઈ નથી. મારી તેમની ઓળખાણ તેમણે પોતાનો ધીકતો વકીલાતનો ધંધો તથા તેમાંથી મળતી બાદશાહી આવકનો ત્યાગ કર્યો તે પહેલાંની છે. હું તેમને તેઓ અલીપુર બૉમ્બ કેસમાં શ્રીયુત અરવિંદ ઘોષના બચાવ માટે પોતાના એકાંતવાસમાંથી બહાર આવ્યા ત્યારથી ઓળખું છું. ત્યારથી હું તેમના પ્રત્યે પ્રેમ, આદર અને ભક્તિભાવ ધરાવું છું. તેઓ અમારા રાજકીય વિચારો સાથે સંમત નહોતા, તોપણ અમારે માટે તેમના દિલમાં અત્યંત કોમળ લાગણીઓ હતી. અને અમને તેમની પૂરી હૂંફ મળતી. બંગાળના ભાગલાના દિવસો દરમ્યાન જેમને ખોટી રીતે અરાજ-કતાવાદી તરીકે અને હાલમાં ખોટી રીતે ક્રાંતિવાદી તરીકે ઓળખવામાં આવે છે તેમાંનો હું એક છું. તેઓ જાણતા હતા કે અમારામાં આપણા સૌની માતૃભૂમિના સ્વાતંત્ર્ય માટે પ્રેમ હતો. એટલા માટે અમારે વિષે ખૂબ ગેરસમજો ફેલાવવામાં આવતી હતી, અમને ખોટી રીતે રજૂ કરવામાં આવતા હતા, અને અમારી બદનામી કરવામાં આવતી હતી. તેમનો વહાલસોયો હાથ અમારામાંના દરેક તરફ લંબાયેલો રહેતો. અને તેઓ હમેશાં અમને સાચે માર્ગે જવા માટે દોરવણી આપતા હતા. આજે તેમની ખોટ અમને અત્યંત સાલે છે.



Gandhi Heritage Portal

તેમના અવસાનથી આજે અમે શોકથી ઘેરાઈ ગયા છીએ, કારણ કે ખરી ભીડ વખતે જેની પાસે જઈને અમે ઊભા રહી શકીએ એવું દેશમાં કોઈ અમને દેખાતું નથી.

નેતાઓ તો આવશે અને જશે, પણ દેશબંધુ દાસ કદી મળવાના નથી. તેઓ લોકોની પ્રેરણા ને આશા હતા. તેઓ દેશની આરાધ્યમૂર્તિ હતા. તેમની મદદ અને દોરવણી તો જાણે અમારે માટે હમેશાં હાજર જ હતાં, અને અમારી સેવા જ નહીં પણ જીવન સુધ્ધાં અમે એમના હવાલે કરી દીધાં હતાં એ વાત તેઓ જાણતા હતા. મારી પ્રિય બહેન, હું તમને અહીં એટલી ખાતરી આપવા માગું છું કે અમારી સેવા, તેમ જ અમારાં જીવન પણ તમારે ચરણે ધરેલાં છે અને કાયમને માટે ધરેલાં રહેશે.

લખાણનો જે ભાગ છોડી દેવામાં આવ્યો છે, તેમાં સહાનુભૂતિની વિશેષ ખાતરી આપવામાં આવી છે. આ પત્ર દેશબંધુ દાસના ક્રાંતિકારી ચળવળ વિષેના વિચારોનું વણમાગ્યું પ્રમાણપત્ર છે. જુવાન બંગાળીઓ પરની તેમની પકડનું રહસ્ય એ વાતમાં રહેલું છે કે તેમના દોષો છતાં તેઓ તેમના પર વાત્સલ્યભાવ રાખી શકતા હતા. તેમની પદ્ધતિ પ્રત્યેની સહાનુભૂતિને કારણે તેઓ તેમને ચાહતા નહોતા, પણ એ યુવાનોને તેમના માર્ગેથી પાછા વાળવા માટે તેઓ તેમના તરફ પ્રેમ કરતા હતા. તેઓની હયાતી દરમ્યાન તેમની વાત જેમણે સાંભળી નથી તેવા લોકો હવે તેમના આત્માનો એ અવાજ સાંભળશે ખરા કે "હિંદનું સ્વાતંત્ર્ય હિંસાને માર્ગે મળવાનું નથી?" પોતાની નિર્ણયશક્તિ કરતાં તેઓ તેમની પરિપક્વ નિર્ણયશક્તિ પર શ્રદ્ધા રાખશે?

## એક ભૂલ?

પબનાની જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રીનો પત્ર નીચે આપ્યો છે :[1]

આ પત્રની હું કદર કરું છું, કારણ કે તેમાં મારી પાસેથી નિવેદન કરવામાં શક્ય એટલી ચોકસાઈ તથા કાળજીભરી નિષ્પક્ષતાની અપેક્ષા પ્રગટ કરવામાં આવી છે. મનુષ્ય માટે શક્ય હોય તેટલી હદે હું આ અપેક્ષાને અનુરૂપ જીવન જીવવા પ્રયત્ન કરી રહ્યો છું. પણ મારી બધી કાળજી છતાં હું કોઈને અન્યાય કરી બેસું, અને કોઈ બીજા તરફ વધારે પડતો ઢળી જાઉં એવું બને ખરું. અને છેવટે તો બંને અન્યાયો જ છે. કોઈ સંસ્થા કે વ્યક્તિનાં જો વધારે પડતાં વખાણ કરવામાં આવે તો, ખોટી રીતે ઉતારી પાડવામાં આવેલ વ્યક્તિ કે સંસ્થા કરતાં પણ તેને વધારે નુકસાન થાય છે. પણ આ કિસ્સામાં તો હું ખૂબ જ સાવધાન રહ્યો છું. પેલા મંત્રી કહે છે તે બધી વાત એ આશ્રમ માટે એક કાળે સાચી હશે, પણ મેં જ્યારે એ લેખ લખ્યો ત્યારે તેમ નહોતું, તેમાં ઉલ્લેખેલી સંસ્થાઓના ગુણદોષનું તુલનાત્મક વર્ણન કરવા હું નહોતો બેઠો. મેં માત્ર એટલું જ કહ્યું હતું કે લેખ લખતી વખતે મારી મુલાકાતમાં ખાદી ઉત્પન્ન કરનારી આટલી સંસ્થાઓ આવી જતી હતી. મેં તેમાં પાછળથી ઉમેરાયેલો હોવા છતાં સત્સંગ આશ્રમનો પણ સમાવેશ કર્યો હતો. મેં જ્યારે એ આશ્રમની મુલાકાત લીધી ત્યારે ત્યાં ૪૦થી વધુ રેંટિયા ચાલતા હતા. કાંતનારાઓમાં એ સંસ્થાના સ્થાપક તથા તેનાં પત્ની પણ હતાં. મને

૧. આ પત્ર અહીં આપ્યો નથી. તેમાં ગાંધીજીને લખાયેલા "ખાદી પ્રતિષ્ઠાન", ૧૨–૭–૧૯૨૫ નામના લેખમાં રહેલી ભૂલ બતાવવામાં આવી છે. તે લેખમાં પબનાના સત્સંગ આશ્રમ વિષે તે કોમિલ્લાના અભય આશ્રમ જેવું જ ખાદી ઉત્પાદનનું કેન્દ્ર છે, એમ ગાંધીજીએ લખ્યું હતું. આ પત્રલેખકના જણાવ્યા મુજબ આ આશ્રમમાં આ પ્રકારનું ઘણું થોડું કામ થતું હતું, અને ખરેખર તો તે પરદેશી કાપડના વેચાણને ઉત્તેજન આપવામાં મદદ કરતો હતો.

Gandhi Heritage Portal

તે જ જગ્યાએ વણાયેલી ખાદીના બે તાકા બતાવવામાં આવ્યા હતા. પણ સૌથી વિશેષ તો, જેમના કહેવાથી હું ત્યાં ગયો હતો, તે દેશબંધુએ મને કહ્યું હતું કે આ આશ્રમના સ્થાપકે એમાં મુખ્યત્વે કાંતણ અને ખાદી ઉત્પાદનનું કામ વિકસાવવાનું નક્કી કર્યું છે. મુલાકાત વખતે મારી સાથે ફરતા વ્યવસ્થાપકે પણ આ વાતને ટેકો આપ્યો હતો. ખાદી ઉત્પાદનનાં કેન્દ્રોની વાત લખતી વખતે મેં જો આ આશ્રમનો સમાવેશ કર્યો ન હોત તો મેં તેને અન્યાય કર્યો ગણાત. હું કબૂલ કરું છું કે આ ઘડીએ અભય આશ્રમ અને સત્સંગ આશ્રમ વચ્ચે કોઈ સરખામણીને સ્થાન નથી. અભય આશ્રમ વધારે નહીં તો ખાદી પ્રતિષ્ઠાન જેટલો જ જૂનો છે અને તે મુખ્યત્વે કાંતણ અને ખાદીના વણાટ માટે સ્થપાયો હતો. એનું ઉત્પાદન ખાદી પ્રતિષ્ઠાનથી બીજે નંબરે આવે છે અને અનેક જગ્યાએ તેની શાખાઓ છે. પણ એ લેખ લખવાનો મારો હેતુ એક સંસ્થા અને બીજી સંસ્થા વચ્ચે સરખામણી કરવાનો નહોતો, પણ મારે તો બંગાળમાં ખાદીપ્રચારની શકયતાઓને અને નમૂના તરીકે તેનાં મુખ્ય ખાદી કેન્દ્રોને લોકોના ધ્યાન પર લાવવાં હતાં. પબનામાં સત્સંગ આશ્રમના આશ્રય નીચે પરદેશી કાપડના વેચાણ માટેનો ભંડાર ચાલે છે એ વાત સાચી હોય તો તેથી મને જરૂર દુ:ખ જ થાય.

## ‘ઘડાતા ક્રાંતિકારી’

તમે મને વધારેપડતી ફિલસૂફીવાળા તથા ખૂબ જ દુર્બોધ લાગો છો. એથી હાલ પૂરતા તો આપણે બંને એકબીજાથી જુદા મત ધરાવવા વિષે સંમત થઈએ અને કોઈ દિવસ મારા ભ્રમણ દરમિયાન આપણે મળી જઈએ ત્યાં સુધી એકબીજા માટે પ્રાર્થના કરીએ. કાંતણમાં પીંજવાનું કામ ઉમેરવાના તમારા નિર્ણયે મારા પર ભારે અસર કરી છે. મને આશા છે કે તમે રેંટિયો અને પીંજણમાં રહેલી ગૂઢ શક્તિઓનું સંશોધન કરશો. તમારા કાંતણના ઉત્સાહનો ચેપ પણ તમે તમારી આસપાસ લગાડી શકો. અને બધા ઘડાઈ ચૂકેલા, લગભગ ઘડાયેલા અથવા ઘડાતા જતા ક્રાંતિકારીઓની સાચી તાકાત અને આવડત આ કામમાં લગાડવામાં જો તમે સફળ થશો, અને થશો એમાં મને શંકા નથી, તો તમને સૌને ખાતરી થશે કે આપણા દેશની મુક્તિ માટે લોહિયાળ ક્રાંતિની જરૂર નથી. આ મારા મિત્રો મને રેંટિયો ગુંજતો કરવામાં મદદ કરે, ગામડાંના લોકોને ઉદ્યમી અને સુખી બનાવવાના કામમાં મને મદદગાર થાય અને જો તેમ છતાં પણ આપણે અંગ્રેજો સાથેનો હિસાબ પતાવવામાં સફળ નહીં થઈએ તો તેઓ મને મારી નબળામાં નબળી ક્ષણમાં પકડી પાડશે અને કદાચ તેમના પંજામાં ભેળવ્યાનો દાવો કરી શકશે. અને પછી દરેક નવા ધર્મપરિવર્તન કરનારનું બને છે તેમ હું પણ તેમની હિંસાત્મક પ્રવૃત્તિઓમાં તેમને પણ કયાંય પાછળ પાડી દઈશ એવી અપેક્ષા તેઓ રાખી શકશે.

## અસ્પૃશ્યતા વિષે પ્રાચીન મત

જ્યારે હું શાંતિનિકેતનમાં હતો ત્યારે ઍન્ડ્રૂઝે મને એક પ્રખ્યાત તામિલ કવિ વેમનનાં[1] અસ્પૃશ્યતા વિષેનાં નીચેનાં અવતરણો આપ્યાં હતાં.

પુસ્તક બીજું

૧૩૫. જે જન્મથી પંચમ છે તેને પંચમ ન માનવો. જે પોતાની પ્રતિજ્ઞા તોડે છે, તે પંચમ છે; જે પંચમનો ધિક્કાર કરે છે તે પંચમ કરતાં પણ નીચ છે.

૧. કવિ વેમન ૧૫મા સૈકાની શરૂઆતમાં થઈ ગયા.

Gandhi Heritage Portal

૧૫૯. તમે પંચમને જુઓ છો, ત્યારે તેને ભાંડો છો શા માટે? આ તો ખાલી અશિષ્ટ વાણી છે. પંચમમાં રહીને જે બોલે છે તે ભગવાન કઈ જાતિના છે?

પુસ્તક ત્રીજું

૧૧૧. તેઓ બૂમો પાડે છે: "તું અશુદ્ધ છે, અપવિત્ર છે. અમને અડતો નહીં." અપવિત્રતાની હદ ક્યાં બાંધવી? તેનું મૂળ શેમાં છે? બધાં માનવશરીરો એકસરખાં અશુદ્ધ છે. શરીરની અસ્વચ્છતા તો આપણા જન્મ સાથે જ આપણને મળેલી છે.

૧૬૨. જેઓ જન્મથી શૂદ્ર છે છતાં શૂદ્રને ગાળો દે છે; જેઓ પોતાને દ્વિજ માને છે અને પોતાના એ સ્થાનના આધાર પર રહે છે; તેમ છતાં જો તેઓ પોતાના દિલ પર કાબૂ રાખી શકતા ન હોય તો તેઓ નીચામાં નીચી શ્રેણીના શૂદ્ર છે."

૧૬૪. જો કોઈ માણસમાં શૂદ્રના સંસ્કારો પડેલા હોય, અને છતાં તે શૂદ્રોનો તિરસ્કાર કરે છે તો એકે એક સદ્‌ગુણથી રહિત હોઈ તે દ્વિજ કઈ રીતે કહેવાય?

૨૧૭. જો આપણે કાળજીથી વિશ્વનું અવલોકન કરીએ અને તેની પરીક્ષા કરીએ તો આપણને જણાશે કે તેમાં બધી જાતિઓ એકસરખી પેદા થઈ છે. એટલે બધા સમાન છે. એ નક્કી છે કે બધા માણસો ભાઈઓ છે.

૨૨૩. જે બીજાઓનો શૂદ્ર કહીને તિરસ્કાર કરે છે, તેનાથી વધારે હલકો માણસ બીજો કોઈ નથી. તેના મરણ બાદ તે નરકમાં પડશે.

૨૨૭. આપણે પરિયા (શૂદ્ર)ને નિરંતર ગાળો શા માટે દેવી જોઈએ? તેમનું લોહી ને માંસ શું આપણા જેવાં નથી? જે પરિયામાં તથા સર્વ મનુષ્યોમાં વ્યાપીને રહેલો છે, તે ઈશ્વર કઈ જાતિનો છે?

૨૩૧. માણસ ભલે જન્મથી હલકી જાતિનો હોય, પણ જો તેનું ચિત્ત શુદ્ધ હોય તો તે ન્યાત બહાર ગણાતો નથી. જે પોતાની વાસનાઓ ઉપર કાબૂ રાખી શકતો નથી, તે અધમમાં અધમ છે.

૨૩૪. વશિષ્ઠની માતા વેશ્યા હતી, અને તેની પત્ની શૂદ્ર હતી, તોપણ તે ઉમદા પુરુષ રામચંદ્રના ગુરુ હતા. તપશ્ચર્યાથી તે બ્રાહ્મણ બન્યા, પણ તમે જો તેની જાતિ તરફ જુઓ, તો તે કઈ છે?

આ અવતરણો બતાવે છે કે હિંદુહૃદય કહેવાતા અસ્પૃશ્યો પ્રત્યેના અમાનુષી વર્તનથી અત્યંત વ્યથિત થયેલું હતું. વેમને કરેલી આપણા જ ભાંડુઓને હલકાં પાડવાના અને દબાવવાના રિવાજની સખત નિંદા વિષે કોઈ સંદિગ્ધતા નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २–७–१९२५

Gandhi Heritage Portal

## ૨૦૪. દેશબંધુ સ્મારક ફાળો

મિત્રોએ મને આગ્રહ કર્યો છે કે સ્મારક ફાળાનું જે કામ ચાલી રહ્યું છે, તેનો ખ્યાલ રાખીને મેં યોજેલો પ્રવાસ હમણાં હું મુલતવી રાખું અને કલકત્તા ન છોડું. સત્કોડીબાબુ સાથે મંત્રણા કર્યા પછી, મારી અહીંની હાજરીની ઉપયોગિતા સ્વીકાર્યા પછી પણ હું એવા નિર્ણય પર આવ્યો છું કે મારે અગાઉથી જાહેર થઈ ગયેલો મારો પ્રવાસનો કાર્યક્રમ છોડી દેવો ન જોઈએ. આખરે તો ફાળાનો જે પ્રવાહ ચાલી રહ્યો છે તે હજારો કૃતજ્ઞ હૃદયના લોકો તરફથી ચાલી રહ્યો છે. અંગત રીતે તો મને બંગાળના પ્રત્યુત્તર વિષે કદી શંકા આવી જ નથી. આપણે કૃતઘ્ની રાષ્ટ્ર નથી. અને બંગાળને તો કૃતજ્ઞતાની ભાવનામાં કોઈ પ્રાંત આંટી શકે તેમ નથી. યોગ્ય ધ્યેય રજૂ કરવામાં આવતાં બંગાળ પોતાની શક્તિની ઊંચામાં ઊંચી ટોચે પહોંચી શકે એમ છે. અને દેશબંધુ સ્મારકની પ્રવૃત્તિ કરતાં બીજું વધુ ઊંચું ધ્યેય કયું હોઈ શકે? એટલે દાનના પ્રવાહને વહેતો રાખવાના કામ માટે કલકત્તામાં મારી હાજરી હું અનિવાર્ય ગણતો નથી. અને દસ લાખની નક્કી કરેલી રકમ ભરાઈ જાય ત્યાં સુધી આ દાનનો પ્રવાહ અવિરતપણે ચાલ્યા જ કરશે એવા વિશ્વાસ સાથે હું મારો પ્રવાસ ચાલુ રાખીશ. હું જોઉં છું કે આ લખાણ લખાય છે ત્યાં સુધીમાં ફાળાનો કુલ આંકડો ૨,૪૦,૦૦૦ સુધી પહોંચ્યો છે. તેમાંના ૬૧,૦૦૦ તો આજના જ છે, અને તે ખજાનચીને પહોંચાડવાના છે. જો આજના વેગે પ્રગતિ ચાલુ રહેશે, અને તે ન ચાલુ રહેવાનું કોઈ કારણ નથી, તો આપણે આ મહિનાની અધવચમાં દસ લાખને આંકડે પહોંચી જઈશું. જૂનની આખર સુધીમાં આપણે પૂરો ફાળો એકઠો ન કરી શકયા એમાં બંગાળની નામોશી નથી. આપણને મળેલા આઠ દિવસમાં ફાળો પૂરો કરવાનું શકય તો હતું, પણ માંડમાંડ શકય હતું, આ આખી રકમ પૂરી કરવા માટે થોડા લોકોમાં સંપૂર્ણ વ્યવસ્થાશક્તિ અને ઇચ્છા હોય એ જરૂરી હતું. હું લગભગ એમ કહી શકું કે જ્યાં જ્યાં હું ગયો છું ત્યાં મેં ફાળો આપવા માટેની ઇચ્છા જોઈ છે, પણ ધંધામાં અત્યારે જે મંદી પ્રવર્તી રહી છે તેને લીધે મોટી રકમ દાનમાં આપવાની શક્તિ રહી નથી. અને આપણે એ પણ નિખાલસપણે કબૂલ કરવું જોઈએ કે હિંદસ્તાનમાં આપણે કયાંય પણ એવું વ્યવસ્થિત તંત્ર ઊભું કરી શકયા નથી કે જેની મારફતે ટૂંકા સમયમાં નાની નાની રકમોનું દાન આપનારનાં નામ મેળવી શકીએ. સ્મારક સમિતિએ જેમ તેમ ગોઠવેલાં તંત્ર મારફતે પણ નાની નાની રકમો આવતી રહે છે એ દેશબંધુની સ્મૃતિને એક ભવ્ય અંજલિ ગણાય. ઓછામાં ઓછા ૭ કાર્યકર્તા, વહેલી સવારથી રાતના દસ વાગ્યા સુધી અને તેથી પણ વધુ સમય માટે આ રૂપિયા ગણવામાં રોકાઈ રહે છે. એ ઉપરાંત વધારામાં સર રાજેન્દ્રનાથે પોતાના કારકુનોને ફાળો ભેગો કરવામાં ને આના, પૈસા અને અરધા પૈસા જેવી નાની રકમ આપનાર લોકોની પણ લાંબી યાદી તૈયાર કરવામાં રોકયા છે. એટલે આ ફાળો ઉઘરાવવાની બાબતમાં બિલકુલ શંકા રાખ્યા વગર હું બંગાળનો મારો બાકીનો પ્રવાસ પૂરો કરીશ. પરંતુ મારા આ પ્રવાસમાં નક્કી કરાયેલાં સ્થળોએ મને આમંત્રણ આપનાર મિત્રોને હું એ વાત પણ જણાવી દેવા ઇચ્છું છું કે મારા આ પ્રવાસનો મુખ્ય હેતુ દેશબંધુનો જીવનસંદેશ સંભળાવવાનો તથા તેમના સ્મારક માટેના ફાળામાં રકમ એકઠી કરવાનો રહેશે. હું આશા રાખું છું કે જુદાં જુદાં સ્થળોએ મારો કાર્યક્રમ ગોઠવતી વખતે એ વાત પણ ધ્યાનમાં રાખવામાં આવશે કે એ ફાળામાં વધુમાં વધુ રકમ જમા થાય.

Gandhi Heritage Portal

મારા સ્વાગત સમારંભોમાં બહુ ખર્ચ કરવામાં નહીં આવે એની મને ખાતરી છે. કોઈ પ્રકારના શણગાર કે સુશોભનો ખાસ કરીને ટાળવાં એટલું જ નહીં પણ ઉત્તર કલકત્તામાં આ પહેલાં કરવામાં આવ્યું છે તેમ સ્વાગત માટે ભેગી કરવામાં આવેલી રકમમાંથી વધુમાં વધુ બચત કરીને તે આ ફાળામાં આપી દેવી જોઈએ. અહીં મારે એ વાતનો કૃતજ્ઞભાવે ઉલ્લેખ કરવો જોઈએ કે બંગાળના બધા ભાગોમાંથી અને ભારતના બીજા ભાગોમાં જ્યાં બંગાળીઓ રહે છે ત્યાંથી, ઉપરાઉપરી મનીઑર્ડર આવ્યા કરે છે ને કેટલીક રકમો તારથી પણ મોકલાય છે.

હું અહીં એ પણ જણાવી દઉં કે જે લોકો ૧૪૮, રસા રોડ પર આ ફાળો ભેગો કરી રહ્યા છે, તેઓ આવતા શનિવારની બપોરથી તે પછીના બુધવાર સુધીના દિવસોની મારી કામચલાઉ ગેરહાજરી દરમ્યાન ફાળો એકઠો કરવાનું કામ ચાલુ રાખે. હું આ મહિનાની તારીખ ૯મી ને ગુરુવારે કલકત્તા પાછો ફરવાની ગણતરી રાખું છું. અને એ જ દિવસે સિરાજગંજ તથા બીજાં સ્થળોએ જવા ઊપડી જઈશ. અને ત્યાંથી ૧૨મીએ રવિવારે પાછો કલકત્તા આવીશ.

[મૂળ અંગ્રેજી]

*अमृतबझार पत्रिका*, ૨–૭–૧૯૨૫

## ૨૦૫. બંગડીઓનો વરસાદ

મેદાન પરની જાહેર સભા એ એક ભવ્ય દૃશ્ય હતું. સ્વયંસેવકોએ કરેલી વ્યવસ્થા સંપૂર્ણ હતી. ગંભીર શાંતિથી ઠરાવ પસાર કરવામાં આવ્યો ત્યારે એક પણ માણસ પોતાની જગ્યાએથી ખસ્યો નહીં અને સમસ્ત વિશાળ માનવ સમુદાય એક મિનિટ મૌન ધારણ કરી ઊભો રહ્યો. બંગાળમાં આટલી ભવ્ય, ગંભીર અને આદરભાવ ભરેલી સભા મેં કદી જોઈ નથી. જે લોકો મેદાનમાં એકઠા મળ્યા હતા, તે સૌને અને સભાની વ્યવસ્થા કરનાર સ્વયંસેવકોને હું ધન્યવાદ આપું છું. મારી ઇચ્છા હોવા છતાં ટાઉન હૉલની સભામાં હું હાજર ન રહી શક્યો તે માટે દિલગીર છું. હું લગભગ એક કલાક સુધી એટલે કે ૭-૪૫ સુધી સ્ત્રીઓની સભામાં રોકાઈ રહ્યો હતો. આ સભાનું દૃશ્ય અદ્‌ભુત હતું. તેમને કરવામાં આવેલી અપીલના જવાબમાં તેમણે સોનાની બંગડીઓ, વીંટીઓ અને ગળાના હારનો વરસાદ વરસાવવા માંડ્યો. ૫૦૦ રૂપિયા ઉપરાંત સાઠ સોનાની બંગડીઓ, વીસ ઉપરાંત એરિંગો, છ ગળાના હાર, સોળ વીંટીઓ – જેમાંની કેટલીક નંગ જડેલી હતી–ભારતમાતાની આ પુત્રીઓ તરફથી મળી. મને આશા છે કે કલકત્તાની બહેનો આ સભામાં શરૂ થયેલી પ્રવૃત્તિ ચાલુ રાખશે અને જેઓ સભામાં નથી આવી શક્યાં, તેઓ પોતાને ભાગે આવતો ફાળો મોકલી આપશે. બહેનોમાં ફાળો ઉઘરાવવાની સાદામાં સાદી રીત એ છે કે આ કામ કરવા ઇચ્છનારાઓએ ફાળા માટે મિત્રોમાં જ ફરવું. મને જાણવા મળ્યું છે કે આ પહેલાંના ફાળા વખતે ઘણા ખોટા માણસોએ ફાળો ઉઘરાવીને છેતરપિંડી કરી છે. અને આ માટેનાં અધિકારપત્રો પણ ખોટાં છપાવવામાં આવ્યાં હતાં. એટલે આ વખતે સમિતિએ સ્ત્રીઓને આવાં અધિકારપત્રો આપવાની જવાબદારી લીધી નથી. એ જ કારણથી હું એ વાત ઉપર ભાર મૂકું છું કે જેમની ફાળો એકઠો કરવાની ઇચ્છા હોય તેઓ પોતાના મિત્રોમાં જ તે માટે ફરે; એટલે છેતરપિંડી માટે અવકાશ જ ન રહે.

[મૂળ અંગ્રેજી]

*अमृतबझार पत्रिका*, ૨–૭–૧૯૨૫

Gandhi Heritage Portal

## ૨૦૬. હિંદુઓને સલાહ[1]

કલકત્તા,
જુલાઈ ૨, ૧૯૨૫

જે હિંદુ લત્તામાં ગાંધીજીએ હિંદુઓને સંબોધન કર્યું ત્યાં મૌલાના આઝાદ પણ હાજર હતા. ગાંધીજીએ હિંદુઓને તેમની લાઠીઓ તજી દેવાની અને મન શુદ્ધ કરવાની વિનંતી કરી. શ્રી ગાંધીએ કહ્યું કે હિંદુઓએ મુસલમાન ભાઈઓની સતામણી કરી તે ખોટું કર્યું છે. મને માહિતી મળી છે તે મુજબ હિંદુઓની નજર સામે કોઈ કુરબાની (હત્યા) થઈ નથી અને કુરબાની થઈ હોય તોપણ હિંદુઓને માનવહત્યા કરવાનો અધિકાર નથી. જેમ હિંદુ શાસ્ત્રમાં ગાયનું રક્ષણ કરવાનો આદેશ છે, તેમ જ ગાયનું રક્ષણ કરવા માટે માણસનું પણ રક્ષણ કરવું જોઈએ, એવો પણ આદેશ છે. તમને મનુષ્યને મારવાનો અધિકાર નથી. ગાય મારવા કરતાં પણ મનુષ્યને મારવો તે વધુ મોટો ગુનો છે. જો એક દૂષિત કાર્યને સુધારવા માટે એથી પણ વધારે દૂષિત કાર્ય કરવાનું હિંદુ ધર્મમાં કહ્યું હોય તો તે સાચો હિંદુ ધર્મ નથી. ગાંધીજીએ કહ્યું :

તમે કોઈ ગુનો કર્યો હોય તેમાં તમને મદદ કરવા માટે હું નથી આવ્યો. હું તો ગુનો કરનારને કહીશ કે આગળ આવો ને કહો કે "મેં માણસોને માર્યા છે કે ઘાયલ કર્યા છે." તે પોલીસ પાસે ગુનાનો એકરાર કરે અને જેલમાં જાય અથવા ફાંસીએ ચડે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૩–૭–૧૯૨૫

## ૨૦૭. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને નિવેદન

કલકત્તા,
જુલાઈ ૨, ૧૯૨૫

સાંજે લગભગ ચાર વાગ્યે હું સ્મારક સમિતિના સભ્યોની બેઠકમાં હતો ત્યારે શ્રી જે. એમ. સેનગુપ્તાએ બેઠકમાં એવી માહિતી આપી કે બહાર એક માણસ ખિદરપુર ગોદીની મજૂર ચાલીમાં મોટું રમખાણ થયાના સમાચાર લઈને આવ્યો છે. અમે તરત જ એ માણસને અંદર બોલાવ્યો અને તેનો રિપોર્ટ સાંભળ્યા પછી મેં સેનગુપ્તાને સૂચવ્યું કે તેમણે ટેલિફોન કરીને આ બાબતમાં ખરી હકીકત શું છે તે જાણી લેવું. પણ તેમણે જાતે ત્યાં મોટરમાં જઈને જાતમાહિતી મેળવવાનું પસંદ કર્યું અને ત્યાં તોફાનના સ્થળ પર જઈને તેમણે મૌલાના આઝાદને ટેલિફોનથી સંદેશો મોકલાવ્યો કે તેઓ મને સાથે લઈને ત્યાં આવી પહોંચે. મૌલાના સાહેબ આવ્યા અને અમે તરત જ મોટરમાં નીકળ્યા. આ વખતે લગભગ સાંજના ૫–૩૦ થયા હતા. રસ્તામાં અમે મોટી સંખ્યામાં મુસલમાનોને ઉશ્કેરાયેલી હાલતમાં જોયા. તેઓ એમ કહેતા હતા કે ઘણા મુસલમાનોને મારી નાખવામાં આવ્યા છે. તેમના હાથમાં લાઠીઓ હતી. મૌલાના સાહેબે તેમને શાંત પાડ્યા અને કહ્યું કે તપાસ કરવા માટે અમે બંને ત્યાં જ જઈએ છીએ અને

૧. બકરી ઈદના પ્રસંગે કલકત્તામાં એ કોમી રમખાણ ફાટી નીકળ્યાં હતાં. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

ગમે તે થયું હોય અને હિંદુઓએ જ જુલમો કર્યાનું તમને લાગતું હોય તોપણ તેનો બદલો લેવાનું તમારે વિચારવું ન જોઈએ. તેમણે મૌલાના સાહેબની વાત સાંભળી અને વીખરાઈ જવા કબૂલ થયા. અમે દરવાજે પહોંચ્યા એટલે શ્રી સેનગુપ્તા અમને મળ્યા. તેમણે કહ્યું કે હું જ્યારે અહીં આવ્યો ત્યારે છૂટા હાથની મારામારી ચાલી રહી હતી જે થોડી મુશ્કેલીથી બંધ થઈ શકી. પોલીસ અવરજવરના માર્ગ પર ચોકી કરી રહી હતી અને આખા કંપાઉન્ડમાંથી બહારના માણસોને હઠાવી દેવામાં આવ્યા હતા. પછી અમે મજૂરોની બૅરેક તરફ ગયા. રસ્તામાં અમને લાઠીધારી હિંદુઓનું એક મોટું ટોળું મળ્યું. એમને પૂછતાં તેમણે કહ્યું કે મુસલમાનો અમારા પર હલ્લો કરે તેવી બીક લાગવાથી અમે સ્વરક્ષણ માટે લાઠીઓ લઈને ઊભા છીએ. મેં તેમની સાથે થોડી લંબાણથી વાતો કરી અને તેમને કહ્યું કે અમને જે માહિતી મળી તે પરથી તો એમ દેખાય છે કે મુસલમાનો સંખ્યામાં ઓછા હતા અને હિંદુઓએ તેમના પર નિર્દયપણે હુમલો કર્યો હતો. અને મેં તેમને કહ્યું કે જો તમે ખોટું કર્યું હોય તો તમારે માફી માગવી જોઈએ. એક જણે કહ્યું કે ચાલીમાં રિવાજની વિરુદ્ધ જઈને એક ગાયની કતલ કરવામાં આવી છે ને તેથી મજૂરો ઉશ્કેરાયા છે. પછી જ્યાં ગાયને મારવામાં આવી હોવાનું કહેવાયું હતું, તે સ્થળે અમે ગયા. અમને બતાવવામાં આવેલા તે સ્થળે ગાય મર્યાનું એક પણ નિશાન દેખાતું ન હતું. ત્યાં ચામડી વિનાના હાડપિંજરના છૂટા ભાગો પડયા હતા. ત્યાં ઊભેલા મુસલમાનોએ કહ્યું કે ગાયની કતલ મસ્જિદમાં કરવામાં આવી હતી અને તેની ખાલ ઉતારીને તેનું માંસ તેમની ગાડીમાં મૂકી તેમને ઘેર લઈ જવામાં આવ્યું હતું. ત્યાં લોહી અથવા કતલ કર્યાનું બીજું કોઈ નિશાન નહોતું. પોલીસ કમિશનર મિ. ટેગાર્ટ અમારી આ તપાસ દરમિયાન હાજર હતા. મેં કરેલી તપાસ પરથી હું પોતે એવા નિર્ણય પર આવ્યો છું કે આમાં હિંદુઓ પૂરેપૂરા દોષિત છે. મેં એ વાત ત્યાં કરી પણ ખરી અને ત્યાં મને એનો કોઈ પણ જાતનો ગંભીર વિરોધ જોવા મળ્યો નહીં. હિંદુઓએ મુસલમાનોની માફી પણ માગી અને કહ્યું કે આવી ભૂલ અમે હવે પછી નહીં કરીએ. અત્યાર સુધી પોલીસ કમિશનર પાસે જે માહિતી પહોંચી હતી, તે પ્રમાણે તો કોઈ મરણ થયું નહોતું. અલબત્ત, અનેક મુસલમાનો ઘવાયા હતા, અને તેમાંના બેની હાલત ગંભીર હતી. મૌલાના સાહેબે મુસલમાનોને શાંત પાડયા અને કહ્યું કે તમારે અતિશયોક્તિ ભરેલા હેવાલો પર બહુ ધ્યાન ન આપવું જોઈએ. હજી સુધી કોઈ માણસનું મોત થયું નથી. તેમણે તેમને સૌને શાંતિથી વિખેરાઈ જવા કહ્યું અને સૌ તેમ કરવા કબૂલ થયા. અમે જે સાંભળ્યું અને જોયું તે બધું સાચું હોય, તો આમાં હિંદુ મજૂરોનો પૂરો દોષ છે એમાં શંકા નથી અને નિર્દોષ મુસલમાનોને તેમણે ઈજા પહોંચાડી છે અને હવે મને માહિતી મળી છે ત્યાં સુધી એકનું મૃત્યુ થયું છે તે માટે પણ તેઓ જવાબદાર છે. ઍસોસિયેટેડ પ્રેસના પ્રતિનિધિએ મને આપેલી માહિતી મુજબ તો ઇસ્પિતાલમાં મોકલવામાં આવેલા હિંદુઓમાંથી એક પણ ઘવાયેલો નહોતો, એ વાતનો વિચાર કરતાં ત્રાસ ઊપજે છે. હું તો માત્ર એટલી આશા રાખી શકું કે અપરાધીઓ હોય તે પોતાની જાતને સત્તાવાળાઓને હવાલે કરે.

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, ३-७-१९२५

Gandhi Heritage Portal

## ૨૦૮. ખડગપુરની જાહેર સભામાં ભાષણ

જુલાઈ ૪, ૧૯૨૫

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઉપરથી મહાત્માજીને ઈન્ડિયન રિક્રીએશન ગ્રાઉન્ડ ઉપર લઈ જવામાં આવ્યા. ત્યાં લગભગ ૨૦,૦૦૦ માણસો એકત્રિત થયાં હતાં. સૌ જમીન ઉપર બેઠાં હતાં. બંગાળ નાગપુર રેલવેના કેટલાક યુરોપિયન અધિકારીઓ પણ સભામાં હાજર રહ્યા હતા અને હિંદીમાં ભાષણ આપતા મહાત્માજીને ઉત્સુકતાથી જોઈ રહ્યા હતા. બકરી ઈદને દિવસે ખિદરપુરમાં થયેલાં ખેદજનક તોફાનોનો તેમણે ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આમાં હિંદુઓનો જ પૂરેપૂરો વાંક છે. હિંદુમુસ્લિમ એકતા માટે તેમણે જોરદાર શબ્દોમાં વકીલાત કરી. તેમણે કહ્યું કે હું આશા રાખું છું કે મુસ્લિમો એમની ધાર્મિક ક્રિયાઓનું પાલન કરે એમાં હિંદુઓએ વચ્ચે ન આવવું. તેમણે મુસ્લિમોને પણ વિનંતી કરી કે તમે એવું કંઈ ન કરશો કે જેથી તમારા હિંદુ ભાઈઓની લાગણી દુભાય.

અંતે તેમણે દેશબંધુ સ્મારક ફાળા માટે નાણાં આપવા અપીલ કરી અને ત્યાં ને ત્યાં એક મોટી રકમ એકઠી થઈ ગઈ.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ७–७–१९२५

## ૨૦૯. કોરડા

એક મિત્ર લખે છે:[1]

આ ભાષામાં સુધારો કરવાની જરૂર છે. એવું કહેલું મને યાદ નથી કે સત્યાગ્રહી ખોટી રીતે સત્યાગ્રહ કરે તોપણ ચિંતા નહીં. ખોટી રીતે કરેલી બધી વસ્તુને વિષે ભય છે. પણ મેં એમ કહ્યું છે ખરું કે સત્યાગ્રહીના આગ્રહમાં કદાચ ભૂલ હશે તો એ દુ:ખ તેને પોતાને સોસવું પડશે, ને તે યથાર્થ છે. જેની સામે સત્યાગ્રહ થાય તેને દુ:ખ થાય તેનો જવાબદાર સત્યાગ્રહી ન હોય. સત્યાગ્રહીનો ઈશારો સામા પક્ષને દુ:ખ દેવાનો હોય જ નહીં. સામો પક્ષ પોતાની મેળે દુ:ખ માને કે દુ:ખી થાય તેને સારુ સત્યાગ્રહી જરૂર નિશ્ચિંત રહે. હું શુદ્ધ ભાવે ઉપવાસ કરું તેથી મારા સાથીઓને દુ:ખ થાય તે મારે સહન કરવું રહ્યું.

દૃષ્ટાંતમાં બાપને રોષ ચડવાનું કલ્પ્યું છે. સત્યાગ્રહી રોષમાં આવે નહીં ને અનિચ્છાએ આવી જાય તો જ્યાં સુધી રોષ ઊતર્યો નથી, સ્વસ્થ થયો નથી ત્યાં સુધી રોષ ઉત્પન્ન કરનારને વિષે એક પણ પગલું ન ભરે. પણ પુષ્કળ વિચાર કર્યા પછી પણ પોતાનાં માબાપનું કામ પોતાને દોષિત લાગે તો અવશ્ય તેને સુધારે ને તેમ કરવા જતાં અને સંપૂર્ણ રીતે વિનય જાળવ્યા છતાં માબાપ આપઘાત કરે તો તે વિષે સત્યાગ્રહી નિર્ભય રહે. માબાપ અજ્ઞાનમાં આપઘાત કરે તો તેને સારુ તો તેઓ જ જવાબદાર છે. માબાપ પોતાને હાથે દુ:ખ વહોરી લે તેને સારુ દીકરો કેમ જવાબદાર થાય? માબાપ દીકરાને પાપ આચરવાનું કહે અને દીકરો તે મુજબ ન કરે

૧. આ લખાણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

તેથી માબાપ આત્મહત્યા કરે તેમાં દીકરો શું કરે? પ્રહ્લાદે રામનામ લીધું. તેથી હિરણ્યકશિપુ રોષે ભરાઈ છેવટે નાશ પામ્યો. તેની જવાબદારી પ્રહ્લાદ ઉપર મુદ્લ નથી. રામે પિતાના વચનનું પાલન કરતાં દશરથ મરણ પામ્યો તેનો દોષ રામની ઉપર નથી. પ્રજા દુ:ખસાગરમાં ડૂબી છતાં રામે હૃદયને કઠિન કરી પોતાની પ્રતિજ્ઞા પાળી. સત્યવતીને અનહદ દુ:ખ થયા છતાં ભીષ્મે પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું. આમાં યાદ રાખવા જેવું એ છે કે સત્યાગ્રહનો ધર્મ કોઈનો શિખવાડ્યો શિખાતો નથી. એ સ્વયંસ્ફુરિત વસ્તુ હોવી જોઈએ. રામે ગુરુવર્ગને પૂછીને વનવાસ નહોતો વેઠ્યો. વનવાસ જવામાં પાપ છે, ન જવામાં પાપ નથી, એવું કહેનારા ધર્માચાર્યો તેને મળી રહ્યા હતા. છતાં તેણે જવાનો ધર્મ જ પાળ્યો ને પોતાનું નામ અમર કર્યું. આપણા દુ:ખી દેશમાં નપુંસકતા એટલી બધી વધી પડી છે કે જોતજોતામાં લોકો મરવાની, ઉપવાસો ઇત્યાદિની ધમકીઓ આપે છે. એવી ધમકીઓને વશ ન જ થવાય, પછી ભલે આપણે જાણતા હોઈએ કે ધમકી સાચી પડવાનો સંભવ છે. સત્યાગ્રહી ઉપવાસ અને દુરાગ્રહી ઉપવાસનો ભેદ હું નવજીવન પત્રમાં ઘણી વેળા બતાવી ગયો છું.

તે જ મિત્ર બીજો દાખલો નીચે પ્રમાણે આપે છે:[1]

પતિનો ધર્મ મર્યાદા પ્રમાણે અને યથાશક્તિ પત્નીને રહેવાનું, ખાવાનું ને પહેરવાનું આપવાનો છે. ધનિક અવસ્થામાં પતિ જે ભોગ ભોગવાવી શક્યો હોય તે ગરીબ થયે ન ભોગવાવી શકે. મૂર્છિત અવસ્થામાં પતિ નાચરંગ ખેલેખેલાવે, શરાબ પીએપિવડાવે, વિદેશી વસ્તુઓ પહેરેપહેરાવે. તે જ પ્રમાણે પોતાને જ્ઞાન થયે પોતે સુધારો કરે અને કરાવે. અહીં વિવેકને સ્થાન છે. પતિના વિચારને પત્નીએ અનુકૂળ થવું એવો સામાન્ય આચાર દુનિયામાં પળાતો જોવામાં આવે છે. પણ પતિથી પત્ની ઉપર કે પિતાથી પોતાની સંતતિ ઉપર બળાત્કાર ન જ થાય. પોતે ખાદી ગ્રહણ કરે ત્યારે પત્નીને ને ઉંમરે પહોંચેલા પુત્રાદિને બળાત્કારે ખાદી પહેરાવે તો એ પાપ છે. પણ પોતે વિદેશી વસ્ત્ર વેચાતાં લઈને પહેરાવવા બંધાયેલો નથી. જુવાન પુત્રો તો ન પરવડે તો નોખા થાય.

પત્નીને વિષે પ્રશ્ન નાજુક છે. પત્ની એકાએક નોખી ન થઈ શકે. તેનામાં પોતાની આજીવિકા મેળવી લેવાની શક્તિ હોતી નથી. એટલે એવા પ્રસંગો હું કલ્પી શકું છું કે જ્યાં પત્ની ન સમજે ત્યાં તેને સારુ વિદેશી વસ્ત્ર ખરીદવાનો ધર્મ પ્રાપ્ત થાય; વિદેશી વસ્ત્રનો ત્યાગ એ ધર્મ બદલવા જેવું છે. પતિ જેટલી વાર ધર્મ બદલે તેટલી વાર પત્નીએ બદલવો જ જોઈએ એવો નિયમ નથી ને ન હોય. પતિએ પત્નીનો ને પત્નીએ પતિનો વિધર્મ સહન કરવો ઘટે. એટલે અહીં પતિ પત્ની સારુ વિદેશી વસ્ત્ર ખરીદે છે તો તે ધમકીને વશ થઈને નહીં પણ પત્ની ઉપર બળાત્કાર ન કરાય એમ સમજીને. ધારો કે પત્ની પોતે વિદેશી કપડાં પહેરવા ઇચ્છે છે એટલું જ નહીં પણ પતિ પણ પહેરે એમ ઇચ્છે છે ને જો તે તેનું ન માને તો મરવાની ધમકી આપે છે. તો પતિ તે ધમકીને વશ ન જ થાય.

ત્રીજો દાખલો આ પ્રમાણે છે:[2]

૧. આ દાખલો અહીં આપ્યો નથી. પોતાનો પતિ જો રૂ. ૫૦૦ની કિંમત જેટલું પરદેશી કાપડ ન અપાવે તો પોતે આપઘાત કરશે એવી આ લખાણમાં એક પત્ની ધમકી આપે છે.

૨. આ દાખલો અહીં આપ્યો નથી. એક બાપ એમાં ધમકી આપે છે કે જો પોતાનો પુત્ર અંત્યજો સાથે ભળશે તો પોતે આપઘાત કરશે.

Gandhi Heritage Portal

મારા મનમાં જરાયે શંકા નથી કે પિતાને પારાવાર દુઃખ થાય તોયે પુત્રે અસ્પૃશ્યતાનો ત્યાગ કરવો જ ઘટે. અહીં પણ પહેલું દૃષ્ટાંત વિચારતાં હું જે સાવચેતી આપી ગયો તે લાગુ પડે છે. અસ્પૃશ્યતા મહાપાપ છે એમ મારા જેવાનું લખાણ વાંચીને માનનાર સારુ ઉપરનું વજ્રવાક્ય નથી લખાયું. તે તો જેને પોતાને સિદ્ધ થયું છે કે અસ્પૃશ્યતા મહાપાપ છે તેને જ સારુ છે. એટલે કે જ્યાં લગી અમુક વસ્તુ બુદ્ધિમાં જ વસતી હોય ત્યાં લગી પિતૃઆજ્ઞાનું પાલન, જે હૃદયનો ગુણ છે, તેનો ત્યાગ ન થાય. કોઈના કહેવાથી જ પ્રહ્લાદે જો રામનામ ઉચ્ચાર્યું હોય તો પિતાની મનાઈ થતાં તે ન ઉચ્ચારવાનો તેનો ધર્મ હતો.

ચોથું ને છેલ્લું દૃષ્ટાંત આ છે.[1]

એકના વિકારને વશ વર્તી બીજાએ વિકારી થવું એવો પતિપત્નીનો ધર્મ હું માનતો નથી. એક વિકારી થતાં બીજાને તેમાં ભાગ લેવડાવે એ બળાત્કાર છે. પતિ કે પત્નીને બળાત્કારનો અધિકાર નથી. વિકાર વસ્તુ આગના જેવી છે. એ મનુષ્યને ઘાસની જેમ બાળે છે. ઘાસની ગંજીમાં એક તણખલું બાળો એટલે આખી ગંજી બળે છે. પ્રત્યેક તણખલાને બાળવાની આપણને તસ્દી જ લેવી પડતી નથી. એકને વિકાર થયો એટલે તેનો સ્પર્શ બીજાને લાગે છે. દંપતીમાં એકને વિકાર થાય છતાં બીજો કે બીજી નિર્વિકારી રહી શકે તેને મારી હજાર વંદના છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૭–૧૯૨૫

## ૨૧૦. રમૂજી શિક્ષણ

આપણને અંગ્રેજી નિશાળમાં ખગોળવિદ્યા શીખવવામાં આવે છે અથવા મારા કાળમાં વિદ્યાર્થીઓને શીખવવામાં આવતી હતી. ગુજરાતીમાં તો તે હોય જ ક્યાંથી? પણ જે શીખવવામાં આવતું હતું તે પણ એવી રીતે કે કોઈ દિવસે એક વખત પણ આકાશ બતાવવાનું તો શિક્ષકને સૂઝે જ શેનું? ને કદાચ સૂઝે તો તે બિચારો શીખવે શું? મંગળનો ગ્રહ બતાવવાનું તેને કોઈ કહે તો તે બતાવી શકે કે નહીં તેને વિષે મને અવશ્ય શંકા રહે. છતાં એ વિદ્યા આકાશમાં ફરતા ગ્રહો અને તારાઓને ઓળખવાની હોવાથી આકાશ દેખાડીને જ ખગોળવિદ્યા શીખવાવી જોઈએ.

પણ તેવું કંઈ જ તે કાળે ન હતું. જો આકાશ દેખાડીને તે વિદ્યા શીખવવામાં આવે તો તેમાં ઘણો આનંદ રહેલો છે એમ હું જાણતો હતો પણ તેનું વિશેષ જ્ઞાન તો મને યરવડાના યાત્રાસ્થાનમાં[2] થયું. ત્યાં બહાર સૂવાની રજા હતી તેથી તારાઓ સાથે વાત કરવાની ઈચ્છા ઘણી તીવ્ર થઈ. પણ તારાઓની બોલી આવડે નહીં તેથી હું શું બોલું? પુસ્તકની મદદથી તે તારાઓની ભાષા જાણવી હતી તે તો ન બન્યું. કેમ કે ત્યાં વ્યવસાય માંડીને બેઠો હતો ને છ વર્ષ કાઢવાનાં હતાં એટલે મારાં ઉપનિષદાદિના અભ્યાસનાં કરવાં ધારેલ કાર્ય થઈ રહે પછી હું આકાશમાં રહેનારાઓની સાથે વાતચીત કરતાં શીખી લઈશ એવી ઉમેદ હતી.

૧. આ દૃષ્ટાંત અહીં આપ્યું નથી. એમાં એક પતિની મુશ્કેલીની વાત છે. પતિએ પોતે બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધો છે. પણ એની પત્નીની પુત્રપ્રાપ્તિની ઇચ્છાનો પણ એને વિચાર કરવો પડે છે કારણ, આ દંપતીએ એમના ચારેય પુત્રો ગુમાવ્યા છે.

૨. માર્ચ ૧૯૨૨થી ફેબ્રુઆરી ૧૯૨૪ સુધી.

Gandhi Heritage Portal

પણ મારે તો ચિત્તરંજનનું[1] અવસાન જોવું સરજ્યું હતું તેથી હું યરવડામાં પેટ ભરીને ન જ રહી શકયો. વ્યાધિને બહાને વિધાતાએ મને તેમાંથી ધકેલી મૂકયો ને ગ્રહમંડળના જ્ઞાનથી હું વિમુખ રહ્યો. ભાઈ શંકરલાલની મને અદેખાઈ આવે છે કેમ કે તેમણે તો દરેક રાત્રે પુસ્તક કાઢીને આકાશમાં વિચરનારાં મંડળોની ઓળખ કરવાનું શરૂ કર્યું હતું. એ વિદ્યા કેમ આનંદથી શીખી શકાય તેનો નમૂનો એક હસ્તલિખિત સમાચારપત્રમાં મારી સામે પડ્યો છે તેમાંથી નીચે ઉતારું છું.[2]

વાંચનારને આ લેખમાં વર્ણવેલો આનંદ અનુભવવો હોય તો વાદળાં ન હોય એવી રાતે આકાશ ભણી નજર કરે. જો તેને ગ્રહમંડળનું મુદ્દલ જ્ઞાન ન હોય તો તો તેની સ્થિતિ મારા જેવી જ દયામણી થઈ. એમાંથી તે તુરત નીકળી જાય. ખગોળવિદ્યા રમૂજમાં શીખી શકાય એવું ગુજરાતી પુસ્તક મંગાવીને વાંચી જાય. કયાંથી મંગાવવું તે જો પૂછવાપણું હોય તો ગુજરાત વિદ્યાપીઠને પૂછે. ત્યાંથી ખબર ન જ મળે અથવા પુસ્તક નથી મળતું એવી ખબર મળે તો તે વિદ્યાપીઠને ફાળો આપતો હોય તે બંધ કરે. ને જો પુસ્તક મળે પણ ફાળો તેણે કદી ન આપ્યો હોય તો હવે આપે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૫–૭–૧૯૨૫

# ૨૧૧. મારી નોંધ

### દેશબંધુની મહાયાત્રા

શાસ્ત્રોમાં કહ્યું છે કે જેમ ગૃહસ્થ પોતાનું ગૃહ જીર્ણ થયે નવામાં જાય છે તેમ દેહસ્થ આત્મા એક દેહ જીર્ણ થયે, તેનો ત્યાગ કરે છે ને બીજું નવું ચણે છે ને તેમાં વસે છે. જૂનું ઘર ભાંગ્યુંતૂટયું પણ સહવાસને લીધે જેમ છોડવું નથી ગમતું તેમ જીવને પણ આ દેહનો સહવાસ હોવાથી તે છોડવો નથી ગમતો. પછી ભલે પગ સૂજીને થાંભલા થયા હોય કે ગળીને માત્ર હાડકાં રહ્યાં હોય, અથવા કંઠ રૂંધાતો હોય. એમ છતાં નવું ઘર બંધાયે તે જૂનું ભૂલી જાય છે તેમ જ જીવને નવું ઘર મળે છે ત્યારે તેના જૂનાનું તો સ્મરણ સરખુંયે નથી રહેતું. મૃત્યુ અને જન્મની એવી કળા છે. આ સ્થિતિમાં ભયને કે શોકને કારણ જ કયાં છે? મોતને મોત તરીકે ન ઓળખતાં મહાયાત્રા તરીકે ઓળખવું વધારે બંધબેસતું છે.

એ યાત્રામાં દેશબંધુના આત્માને શાંતિ આપવી હોય તો આપણી પાસે એક જ ઉપાય છે. એમના બધા સદ્‌ગુણો જે આપણામાં ઊતરી શકે તે આપણે ઉતારવા. કેટલાક તો ઊતરી જ શકે. એમના જેવું અંગ્રેજી આપણને ન આવડે, એમના જેવા વકીલ આપણે બધા ન થઈ શકીએ, ધારાસભામાં જવાની એમના જેવી શક્તિ આપણામાં ન હોય, પણ આપણામાં એમના જેવા દેશપ્રેમ તો હોઈ શકે, એમના જેવી ઉદારતા આપણે કેળવી શકીએ. એમના જેટલું ધન આપણે ન આપી શકીએ પણ જે યથાશક્તિ આપે છે તેણે ઘણું આપ્યું. વિધવાના તાંબિયાની કિંમત

૧. સી. આર. દાસ.
૨. આ ઉતારો અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

મહારાજાના કરોડોમાંથી અપાયેલા હજારની કિંમત કરતાં વધારે છે. દેશબંધુએ ખાદી પહેર્યા પછી તેનો કદી ખાનગીમાં કે બહાર ત્યાગ જ નથી કર્યો. આપણે ખાદી પહેરીશુ? દેશબંધુએ ઝીણી ખાદીની માગણી ન કરી. તેમને તો જાડી ખાદી જ પસંદ હતી. દેશબંધુએ કાંતવાનો પ્રયત્ન કર્યો. જેણે શરૂ નથી કર્યું તે કરશે?

### અખિલ ભારત સ્મારક

હમણાં તો બંગાળમાં સ્મરણ કાયમ કરવાને સારુ પૈસા એકઠા થઈ રહ્યા છે. પણ આખા હિંદુસ્તાનમાં કંઈ તેમનું સ્મરણ કાયમ કર્યા વિના ચાલશે? અમે અહીં બધા બંગાળના ફાળામાં ગૂંથાયેલા હોવાથી હું મિત્રોની સાથે મસલત નથી કરી શક્યો. પણ હું પોતે તો વિચારી જ રહ્યો છું. કઈ રીતે તે કામ કરવું જોઈએ એ વિષે દેશબંધુનું વસિયતનામું મારી પાસે છે. બંગાળને સારુ જેમ લખિતવાર હતું તેમ તો નથી, પણ લખિતવાર જેવું છે. આ વિષે હું આ અંકમાં વિશેષ નહીં લખું, પણ આવતો અંક બહાર પડતાં પહેલાં તો મારી વિનંતી પણ બહાર પડી ચૂકી હશે.

વાંચનારે પોતાની કોથળી છોડવા તૈયારી કરી રાખવી. યથાશક્તિ આપવાનું જ્યાં રહ્યું છે ત્યાં ગભરાટને સ્થાન નથી. દેશબંધુએ નાણાં આપ્યાં તે ગભરાઈને નહીં, પણ સ્વેચ્છાએ આપવામાં તેમને આનંદ થયો. લાખોની વકીલાત એક ક્ષણમાં જતી કરી તે દિલ દુખવીને નહીં પણ વકીલાત કરવી કઠિન લાગી તેથી તે જતી કરી. એટલે મારી સૂચનાથી કોઈ ગભરાય નહીં. દેશમાં જેમ જાગૃતિ થાય ને જેમ અકસ્માતો બને તેમ લોકોએ પોતાની કમાણીમાંથી ઓછોવત્તો હિસ્સો આપ્યે જ છૂટકો છે; આપવા તૈયાર રહેવું જોઈશે. કેવળ રોઈને બેસે તે પ્રેમ નથી. કેવળ બોલે તે પ્રેમ નહીં પણ મિથ્યા બકવાદ છે. પ્રેમ તો મૂંગે મોઢે આપે છે ને કરે છે. પિતૃભક્ત પુત્ર પિતાના ગુણનું ભાટની જેમ ગાન નથી કરતો પણ પિતાની મિલકત સાચવે છે, સુધારે છે, વધારે છે, પિતાની સાચી મિલકત તેમના સદ્ગુણો છે. તે પોતામાં ઉતારી પિતાને અને પોતાને શોભાવે છે. એમ જ આપણે જે દેશબંધુના વારસો છીએ તેમણે તેમના વારસાને સાચવવા યથાશક્તિ આપણો ફાળો આપવાનો છે.

### કલકત્તાના ગુજરાતીઓ

ગુજરાતની જોડે મારે પૂરી લેણાદેવી છે. મને કડવાં વેણ કહેવાની ટેવ તો છે જ, અને તે ભારતવર્ષે સાંખી છે. પણ વધારેમાં વધારે કડવાં વેણ તો હું મારા ગુજરાતવાસીઓને જ સંભળાવું છું. તેનો તેઓ અનર્થ ન કરતાં સીધો અર્થ કરે છે ને મારાં કડવાં વેણ તે વૈદ્યનાં પડીકાંની જેમ તેને આરોગ્યવર્ધક સમજી ઊલટા મને વધારે ચાહે છે. એવો અનુભવ મને કલકત્તાના ગુજરાતીઓએ ગયે અઠવાડિયે કરાવ્યો. તેઓએ દેશબંધુના અવસાન વિષે શોક બતાવવા સભા[1] ભરી હતી. તેમાં મને બોલાવ્યો હતો ને પ્રમુખ બનાવ્યો હતો. મને કાર્યકર્તાઓએ વચન પણ આપ્યું હતું કે તેઓ ફાળો પણ કરશે. મેં જોયું કે ફાળો તો ન હતો. તેથી મારે બે વેણ કહેવાં પડ્યાં. ખરખરાની સભા એક શોભે, અનેક ન શોભે. અવસાનને દિવસે કરી. વળી પહેલી જુલાઈએ આખા હિંદુસ્તાનમાં થવાની છે જ, તો પછી વચમાં બીજી અને કોમી સભા કરવાનો હેતુ તો એક જ હોઈ શકે. તેમાં રચનાત્મક કાર્ય કરવું એટલે કે ફાળામાં ભરવું. અત્યારે

૧. ૧૯૨૫ના જૂનની ૨૯મીએ આલ્ફ્રેડ થિયેટરમાં આ સભા ભરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

બંગાળમાં રહેનારા ગુજરાતી, મારવાડી વગેરે કંઈક એવું જ કાર્ય કરવામાં રોકાઈ શકે. આ વાત મેં કહી સંભળાવી. તેથી ગુજરાતીઓ રોષમાં ન આવ્યા પણ તેઓ મારો મર્મ સમજ્યા ને જે નાટકશાળામાં આ સભા હતી તેમાં ઊંચે આવેલી ગૅલેરીઓમાંથી રૂપિયાનો વરસાદ શરૂ થયો ને તે જ સ્થળે રૂ. ૬,૦૦૦ ઉપરાંતનો ફાળો થઈ ગયો. કોઈ તેમાં ઓછું ભરતું હતું તો તેને રોકવા-વાળા તૈયાર જ હતા. મને કહેવામાં આવ્યું છે કે હજુ ઘણાએ યથાશક્તિ નથી ભર્યું. જો તેમ થયું હોય તો તેઓ સુધારો કરી લેશે એમ ઇચ્છું છું. આ નોંધનો હેતુ તો માત્ર કલકત્તાના ગુજરાતી ભાઈઓનો આભાર માનવાનો જ છે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૫–૭–૧૯૨૫**

## ૨૧૨. મહાદેવ દેસાઈને પત્ર

[જુલાઈ ૬, ૧૯૨૫][૧]

ચિ. મહાદેવ,

હું તમારું દુઃખ તો સમજ્યો જ છું. એ દુઃખ કોઈ દહાડો તો કાયમનું પણ થશે ના? એટલે આટલું આવશ્યક વેઠી લો.

મોતીલાલજીનો તાર મળ્યો હતો. વાસંતીદેવીને મળજો. તેને પૂછજો અને પછી તાર ત્યાંથી જ આપી દેજો. ૧૪૮માં તેની બરદાસ રાખી શકાય તો ભલે આપણી સાથે રહે. પણ આમાં વાસંતીદેવી ધારે તે ખરું.

અહીં તમારો કાગળ પણ મળ્યો છે. ફૉરવર્ડમાં હવે તો આપ્યું હશે. છેવટે કોઈક દિવસ તો આવશે જ. શ્યામબાબુને નકલ મોકલજો.

ખડગપુરમાં રૂપિયા ૫૦૦ ને કુતીમાં રૂ. ૫૦૦ થયા. બીજાની આશા તો આપી જ છે. અહીં મિદનાપુરમાં થાય તે ખરું. રાજેન્દ્રબાબુ અહીંથી વિખૂટા પડયા. પુરુલિયા ગયા છે.

બાપુના આશીર્વાદ

વાસંતીદેવીને રોજ મળજો. યંગ ઇન્ડિયાને સારુ બીજાં બે કૉલમ ટ્રેનમાં લખ્યાં હતાં.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૩૨

૧. ટપાલના સિક્કા પરથી.

Gandhi Heritage Portal

## ૨૧૩. મહાદેવ દેસાઈને પત્ર

અષાડ વદ ૧ [જુલાઈ ૭, ૧૯૨૫][1]

ચિ. મહાદેવ,

તમને કંઈક તો લખું જ. તમારી ટપાલ પહોંચી છે. ખાદી પ્રતિષ્ઠાનની અહીં નથી આવી. ત્યાં આવીને છાપામાં ઉઘરાણા વિષે કંઈક લખીશ. છાપામાં મારા ભાષણોનો સાર તો આવતો જ હશે. તે લેખ બરોબર છે. અહીં મિદનાપુરમાં રાણીને ચરખાનો પાઠ આપ્યો છે. તેણે પ્રતિજ્ઞા પણ લીધી છે. ચીનાને હું તપાસીશ તો જરૂર. તેને સંઘરી શકાય તો સંઘરવાની ઇચ્છા તો ખરી. તમે તેને સોડમાં લેજો. તે હિંદુસ્તાની શીખી લે તો સારું. કાલે દિવસના ચાર વાર સૂતો. હજુ ઊંઘની ભૂખ નથી ભાંગી. રૂપાનાં વાસણમાં ખાતાં તો ઘણાએ શીખવી દીધું છે. અહીં નરદમ સોનાનાં વાસણમાં ખાવાનો પાઠ મળ્યો છે. આપણી લાકડાની રકાબી તેમાં સોનાનું કટોરું! આવે રૂપે કેમ લેવાય? હું તો જોઈ રહ્યો છું. એક અક્ષર રાણીને કહ્યો નથી. શું ઈશ્વર મારી પરીક્ષા જ લઈ રહ્યો છે? કયાં સુધી? આ દેશની શ્રદ્ધા શી? ત્રાહિ મામ્ ત્રાહિ મામ્.

બાપુના આશીર્વાદ

શ્રી મહાદેવ દેસાઈ
૧૪૮ રસા રોડ
ભવાનીપુર
કલકત્તા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૧૪૩૦

## ૨૧૪. મિદનાપુરમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ[2]

જુલાઈ ૭, ૧૯૨૫

તેમણે કહ્યું કે મિદનાપુરનો મારો કાર્યક્રમ વિદ્યાર્થીઓ તરફથી થયેલા સ્વાગતથી શરૂ થયો તેથી મને ખૂબ આનંદ થયો છે. મારો આ પ્રવાસ દેશબંધુ દાસના ઉપદેશોને કાર્યાન્વિત કરવા માટે તથા તેમના સ્મારકનો ફાળો એકઠો કરવા માટેનો છે. દેશબંધુએ પોતાની મિલકત તથા જીવન યુવાનોના કલ્યાણ માટે સમર્પી દીધાં હતાં. અને મને યુવાનો ઉપર અને ખાસ કરીને વિદ્યાર્થીઓ ઉપર ઘણી મોટી આશા તેમ જ આધાર છે. એ મહાન દેશભક્તના જીવનનાં બે અંગો છે: એક બાહ્ય અને બીજું આંતરિક. બાહ્ય જીવન માત્ર આંતરિક જીવનનું સમર્થન કરતું હતું. તેઓ રાષ્ટ્રની શક્તિ વધારવા અને દેશને સ્વતંત્ર કરવા માગતા હતા. એમની બાહ્ય જીવનની પ્રવૃત્તિ જોઈએ તો તે માત્ર પૈસાદારો અને ભણેલા વર્ગના અનુકરણ માટે છે. પણ આંતરિક પ્રવૃત્તિ જોઈએ તો તે પૈસાદાર અને ગરીબ, ભણેલા ને અભણ, છોકરો કે છોકરી, જુવાન કે વૃદ્ધ દરેક જણ ખીલવી શકે એવી છે. તેમના જીવનના છેલ્લા છથી નવ મહિના દરમ્યાન દેશબંધુએ લોકો પાસે ગ્રામસંગઠન અને ગ્રામનિર્માણની વાત મૂકયા કરી હતી. આ કામમાં સમાજના કોઈ પણ સ્તરનાં ને કોઈ પણ ઉંમરનાં સ્ત્રીપુરુષો ભાગ લઈ શકે એમ છે.

૧. ટપાલના સિક્કા પરથી.
૨. ગાંધીજીને વિદ્યાર્થીઓએ માનપત્ર આપ્યું હતું જેનો તેમણે હિંદીમાં જવાબ આપ્યો હતો.

Gandhi Heritage Portal

મહાત્માજીએ કહ્યું કે હું તમારું ધ્યાન એ બાબત તરફ ખેંચવા માગું છું કે ગામડાંમાં કામ કરવાની શરૂઆત કરવા માટે ઉત્તમ અને સહેલામાં સહેલો રસ્તો એ છે કે દરેક ઘરમાં રેંટિયો દાખલ કરવો. આ બાબત વિષે મારે દેશબંધુ સાથે દાર્જિલિંગમાં લાંબી ચર્ચાઓ થઈ હતી. અને અમે બંને આ બાબતમાં સંમત થયા હતા. દેશબંધુએ આ વાત સત્કોડીપતિ રૉયને તેમના અવસાનના થોડા દિવસ પહેલાં જ જણાવી હતી. દેશબંધુએ દેશ માટે જે કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો તેનો અમલ કરાવવા તેઓ હયાત નથી એ અત્યંત દુઃખદ વાત છે. જો તમને દેશબંધુ પ્રત્યે સહેજ પણ મમતા અને આદરભાવ હોય તો તમારે દરરોજ ઓછામાં ઓછો અડધો કલાક કાંતવાનું વ્રત લેવું જોઈએ, પરદેશી કાપડ બિલકુલ ન વાપરવું અને ગામડાના પુનર્નિર્માણના કામમાં દિલથી લાગી જવું. અંતમાં ગાંધીજીએ વિદ્યાર્થીઓને વિનંતી કરી કે તમારે માબાપની રજા લઈને દેશબંધુ સ્મારક ફાળામાં જે કંઈ આપી શકો તે આપવું. તમે તમારાં સોનાનાં બટનો કે તમારી પાસે મોજશોખની બીજી જે કોઈ ચીજ હોય તે ફાળામાં આપી શકો. તમારા રોજના ખર્ચમાં કાપ મૂકીને એક અથવા બે અથવા જરૂર પડયે ત્રણ દિવસના પણ ઉપવાસ કરીને તેની બચત રકમ ફાળામાં આપી શકો. મારી ૩૦થી ૪૦ વરસની રાજકીય પ્રવૃત્તિ દરમ્યાન વિદ્યાર્થીઓ પાસેથી મને આવા પ્રકારની મદદ અનેક પ્રસંગોએ મળ્યા કરી છે, અને મલબારના રેલસંકટના રાહત કાર્ય પ્રસંગે તો ખાસ. પણ મારે તમને એ વાતની પણ ચેતવણી આપવી જોઈએ કે જો આ બધો ત્યાગ રાજી ખુશીથી ન થયો હોય તો તમારી પાઈ પણ મને ન ખપે. તમારે તમારામાંથી અથવા તો તમારા વડીલોમાંથી એક નેતા પસંદ કરી લેવો જોઈએ, અને તેની મારફતે ફાળો ઉઘરાવવાનું કામ ઉપાડવું જોઈએ. તમે સૌ નિયમિત કાંતવાનું તથા પરદેશી કાપડ ન પહેરવાનું વ્રત લો, એમ ઇચ્છું છું.[1]

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ८-७-१९२५

## ૨૧૫. બાંકુરાની જાહેર સભામાં ભાષણ[2]

જુલાઈ ૮, ૧૯૨૫

મહાત્માજીએ કહ્યું કે આ જિલ્લામાં આવ્યા પછી અનિલબાબુની અનેક પ્રવૃત્તિઓ તથા લોકોની તેમણે મેળવેલી ચાહના વિષે મેં સાંભળ્યું છે. તમારે અનિલબાબુનું કામ ઉપાડી લેવું જોઈએ. મને આશા છે કે અનિલબાબુ થોડા જ વખતમાં જેલમાંથી તમારી વચ્ચે પાછા આવશે. હું અત્યારે દેશબંધુ દાસનો સંદેશો લઈને તમારી પાસે આવ્યો છું. તે સદ્ગત વીરપુરુષે આપણને બલિદાનના, પુરુષાર્થના, દેશ પ્રત્યેની અખૂટ ભક્તિના તથા ગરીબો પ્રત્યેના પ્રેમના પાઠ શીખવ્યા છે.

તેમણે કહ્યું કે લોકોએ સ્વરાજ પક્ષનું કામ ઝડપી બનાવવાનું છે; પણ તે માત્ર તેના સભ્યપદનું લવાજમ ભરીને નહીં, પણ ગામડાના પુનરુત્થાનની પ્રવૃત્તિ ઉપાડીને કરવાનું છે. દરેક

૧. તે દિવસે આ પછી ગાંધીજીએ સ્ત્રીઓની સભાને સંબોધી હતી અને સાંજે ઘણી મોટી હાજરીવાળી જાહેર સભામાં ભાષણ આપ્યું હતું. ત્યાં તેમને અનેક સંસ્થાઓ તરફથી માનપત્ર આપવામાં આવ્યાં હતાં અને તેમણે ગ્રામસુધારણા, કાંતણ, હિંદુમુસ્લિમ એકતા વગેરે બાબતો પર ભાર મૂકતું ભાષણ કર્યું હતું.

૨. ગાંધીજીને જાહેર જનતા, જિલ્લા બોર્ડ, મ્યુનિસિપાલિટી તથા બાંકુરા સંમેલન તરફથી માનપત્રો આપવામાં આવ્યાં હતાં. ગાંધીજીએ તેમનો જવાબ હિંદીમાં આપ્યો હતો.

Gandhi Heritage Portal

જણને માટે ધારાસભામાં જવાનું શકય નથી. પણ રચનાત્મક પ્રવૃત્તિમાં મદદ કરવાનું તો દરેકને માટે શકય છે. દાર્જિલિંગમાં દેશબંધુ તથા હું બંને રેંટિયો અને ગ્રામ પુનરુત્થાનની પ્રવૃત્તિ બાબતમાં પૂરેપૂરા સંમત થયા હતા. ગામડાના જીવનમાં નવો પ્રાણ પૂર્યા સિવાય સ્વરાજ કઈ રીતે મેળવી શકાય? રેંટિયો એ ગામડું તથા શહેર વચ્ચેના ઐકયનું પ્રતીક છે. દુષ્કાળ, રોગ અને બીજી આપત્તિઓના મૂળમાં દેશની ગરીબાઈ છે. કૉંગ્રેસની શરૂઆતના દિવસોથી જ 'હિંદના' દાદા, દાદાભાઈ નવરોજીના લખાણમાંથી[1] મને આ પાઠ શીખવા મળ્યો છે. અને આ ગરીબાઈમાંથી આપણે કેમ છૂટી શકીએ? હું તમને રેંટિયામાં રહેલી પ્રચંડ શક્તિ વિષે વિચારવા કહું છું. અંતમાં તેમણે દેશબંધુ સ્મારક ફાળામાં મદદ કરવા માટે અપીલ કરી. સિક્કાઓ અને ઘરેણાં વરસવા લાગ્યાં, અને એ પછી સભા વિખેરાઈ.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ११–७–१९२५

# ૨૧૬. નોંધ

## બે મુશ્કેલીઓ

એક પ્રસિદ્ધ દેશબંધુએ અમારા બંનેના મિત્ર મારફતે નીચેના સવાલો, यंग इन्डियामां જવાબ આપવા માટે મોકલ્યા છે.

> ૧. તમે એ સ્વીકારો છો કે અસ્પૃશ્યતા કેવળ હિંદુઓ પરનું જ નહીં પણ માનવ-જાતિ પરનું કલંક છે. તો પછી તેના સુધારકોનું વર્તુળ તમે માત્ર હિંદુઓ પૂરતું જ મર્યાદિત શા માટે રાખો છો? હિંદુઓની માફક મુસલમાનો પણ આ સુધારાની પ્રવૃત્તિમાં શું કામ ન ભળે?
>
> ૨. તમે અવિરતપણે હિંદુમુસ્લિમ ઐકય પર ભાર મૂકયા કરો છો, તો તમે ઈસ્લામ માટે કે મુસલમાનો માટે કંઈ નક્કર કામ કર્યું હોય તો તે બતાવશો?

પહેલા પ્રશ્ન વિષે હું કહીશ કે અસ્પૃશ્યતા એ માત્ર હિંદુ ધર્મ પરનું જ નહીં પણ માનવ-જાતિ પરનું કલંક છે, તોપણ જેમ હિંદુઓ પોતાના ધર્મના બીજા સવાલો પોતે જ ઉકેલે છે તેમ એ સવાલ એવો છે જે તેમણે જાતે જ ઉકેલવો રહ્યો. દાખલા તરીકે દેવદાસીઓનો સવાલ લો. તેમનું અસ્તિત્વ એ કંઈ નાનુંસૂનું અનિષ્ટ નથી. આ સંસ્થા સમસ્ત માનવજાતિ પરનું કલંક છે પણ જે રીતે હિંદુઓ તેને હલ કરવાનો પ્રયત્ન કરે છે, તે રીતે હિંદુ સિવાયના લોકો કરતા નથી. તેનું કારણ સ્પષ્ટ છે. આ દૂષણો દૂર કરવાનું કામ અંદરથી થવું જોઈએ. હિંદુઓ પર તે બહારથી ન લદાવું જોઈએ. એનો ઉકેલ કેવળ હિંદુઓ જ કરી શકે. મુસલમાન, ખ્રિસ્તી અને બીજા અ-હિંદુ લોકો હિંદુ ધર્મમાંનાં બીજાં દૂષણોની જેમ અસ્પૃશ્યતાની પણ પૂરેપૂરી ટીકા કરવા માટે સ્વતંત્ર છે. તેઓ આ સુધારાની પ્રવૃત્તિને પોતાનો નૈતિક ટેકો પણ આપી શકે છે. પણ તેઓ જો આનાથી વધુ આગળ વધે તો તેમના પર હિંદુ ધર્મમાં દખલગીરી કર્યાનો આક્ષેપ આવ્યા વિના રહે નહીં.

બીજા આક્ષેપ બાબતમાં તો મારે માત્ર તેની નોંધ જ લેવાની રહે છે. આ પ્રશ્નનો ઉત્તર આપવામાં મને ઔચિત્યભંગ થતો દેખાય છે. જો મારે મારો ઐકય માટેનો ચોક્કસ ફાળો

૧. દાદાભાઈનું पॉवर्टी एन्ड अनब्रिटिश रूल इन इन्डिया પુસ્તકનો અહીં ઉલ્લેખ છે.



Gandhi Heritage Portal

મુસલમાનોને પુરવાર કરી આપવાનો હોય તો તેનો અર્થ એ થાય કે મારો કોઈ ફાળો જ નથી. એટલે જ્યાં સુધી મારી નિષ્ઠા આપોઆપ ન સાબિત થાય ત્યાં સુધી મારે આ પ્રશ્ન પાછળ રહેલા આક્ષેપને સ્વીકારીને ચાલવું રહ્યું. પણ એકંદર મુસલમાનોને ન્યાય કરવા ખાતર મારે કહેવું જોઈએ કે આવી રીતે મારી સેવાનું પ્રમાણપત્ર માગવાનો આ પહેલો જ પ્રસંગ છે. છતાં મને કહેવા દો કે જેઓ રાહ જુએ છે અને પ્રાર્થના કરે છે, તેઓ પણ સેવા કરે છે. અને આ પ્રસિદ્ધ પ્રશ્નકાર જેવા બીજા ઘણા મુસલમાનો જો મારી સેવાનો રેકર્ડ તપાસવા માગતા હોય, તો તેમને મારે એટલું જ કહેવાનું છે કે એ વિષે તેઓ પોતાના મગજને તકલીફ ન આપે, પણ મારી એટલી ખાતરીથી તેઓ સંતોષ માને કે હું આ બાબતમાં ભલે સક્રિય સેવા ન કરતો હોઉં તોપણ છેવટ જાગ્રત રહ્યો છું, રાહ જોતો રહ્યો છું અને પ્રાર્થના કરતો રહ્યો છું.

## વૈદોની ફરિયાદ

આયુર્વેદ અને યુનાની વૈદોની મારી ટીકાથી વૈદો સારી પેઠે દુભાયા છે. તેઓ મારા પર મગજની નબળાઈ અને અહિંસાના ઇનકારનો આક્ષેપ કરે છે. તેમને આટલું બધું માઠું લગાડવા માટે હું દિલગીર છું, પણ હું મારી જાતને દોષિત ઠરાવી નથી શકતો. મેં આયુર્વેદની ટીકા નથી કરી. મેં તો જે લોકો તેને અનુસરવાનો દાવો કરે છે તેમની ટીકા કરી છે. વળી મેં બધા જ વૈદોની ટીકા નથી કરી પણ મોટા ભાગના તે વૈદોની જ ટીકા કરી છે જેઓ, મેં તેમના પર આક્ષેપ કર્યો છે એવા ખોટા દાવા કરે છે. દેશી દવાઓ તથા વનસ્પતિઓનું સંશોધન થવું જોઈએ, એ વિચારનું સમર્થન કરવું અને થોડા વૈદો અજમાવે છે તે પદ્ધતિઓની નિંદા કરવી, એ બે વચ્ચે વિસંગતિ નથી, તેવી જ રીતે હું કલકત્તામાં આયુર્વેદ કૉલેજનો પાયો નાખું અને કવિરાજોને ચેતવણી આપું, એ બે વચ્ચે પણ વિસંગતિ નથી. મિત્રભાવે મેં કરેલી ટીકાને પૂનાના વૈદો નકારી કાઢી શકે છે. તેમના એવા નિર્ણયથી મને દુ:ખ થશે, પણ તેને લીધે અનુભવ પર બંધાયેલો મારો અભિપ્રાય હું બદલવાનો નથી. મેં કરેલા દરેક નિવેદન માટે મારી પાસે પૂરતાં પ્રમાણો અને પુરાવા છે. પ્રાચીન અને ભવ્ય હોય એવી દરેક વસ્તુ મને જરૂર ગમે છે, પણ તેની ખોટી નકલને હું સંપૂર્ણ રીતે નાપસંદ કરું છું. અને પૂરા આદર સાથે મારે કહેવું જોઈએ કે પ્રાચીન ગ્રંથોમાં જે કંઈ કહ્યું છે તે અવિચળ પ્રમાણ છે એમ હું માનતો નથી. પ્રાચીનોના એક બુદ્ધિમાન વારસ તરીકે તો હું તેમાં ઉમેરો કરવા તથા તેને વધુ સમૃદ્ધ બનાવવા ઉત્સુક છું. મારે આ વિરોધ કરનારાઓને એ પણ જણાવવું જોઈએ કે કેટલાક કવિરાજોએ મારી ટીકાને આવકારી છે, અને તેણે તેમને વિચાર કરતા કર્યા છે. મારે એ કહેવાની જરૂર નથી કે જે લોકો નમ્રતાપૂર્વક અને ગમે તે ભોગે પણ આ સંશોધનકાર્યમાં લાગેલા છે, તેમના પ્રત્યે મારી ટીકા નહોતી. એવા માત્ર આંગળીને વેઢે ગણાય તેટલા છે. તેમની સંખ્યામાં ઉમેરો થાય એમ હું ઇચ્છું છું.

## કાંતણનો ઠરાવ

વાચકને અમદાવાદની મહાસમિતિમાં થયેલો કાંતણનો ઠરાવ યાદ હશે. અખિલ હિંદ ખાદી બોર્ડે ઠરાવના અનુસંધાનમાં મળેલા સૂતરના ઉપયોગના નીચેના આંકડા મને મોકલ્યા છે :[૧]

૧. આ આંકડા અહીં આપ્યા નથી. તેમાં મોટા ભાગનું સૂતર હલકા પ્રકારનું છે એમ કહેવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

આ ટૂંકો હેવાલ આપણને ઘણું શીખવે છે. થવું જોઈએ અથવા તો થઈ શકે તેના કરતાં ઘણું ઓછું સૂતર ઉત્પન્ન થાય છે. વિગત અંગે થોડું બેધ્યાન થવાય તો પ્રગતિમાં દરેક દિશામાં કેટલી બધી રુકાવટ આવે છે, તે આ પ્રયત્ન પરથી સમજાય છે. કોઈ પણ વ્યવસ્થાતંત્ર યંત્ર જેવું હોય છે. એક આખા યંત્રમાં એકાદ સ્ક્રૂ ઢીલો હોય તો આખું યંત્ર જેમ ઢીલું થઈ જાય છે અથવા તો તૂટી પડે છે, તેમ જ આખા તંત્રમાં નાનામાં નાની શિથિલતા તેના સરળ સંચાલન અને ધાર્યાં પરિણામ ઉપર માઠી અસર પહોંચાડે છે. ત્રણ મહિનાનો આ ટૂંકો પ્રયોગ કાંતણના મતાધિકાર માટે કામ કરી રહેલા લોકો માટે બોધપાઠરૂપ છે.

આ ખાદીની કિંમત ઘટાડવામાં આવી નથી તેનું સાદું કારણ એ છે કે તેનો જથ્થો એટલો બધો ઓછો છે કે તેની કિંમત ઘટાડવી યોગ્ય નહીં ગણાય અને એ ખાદી સસ્તી વેચવાનો લાભ કોને મળે તે નક્કી કરવું પણ ઘણું મુશ્કેલ હતું. કાંતનારાઓ સાવધાન રહે! આ હેવાલ પરથી તમે જોઈ શકશો કે પરદેશી કાપડને હટાવવાના તથા દેશને ઢાંકવા જેટલી ખાદી ઉત્પન્ન કરવાના સવાલનો આધાર તમારા પર છે.

## કાંતણ એક નવી ટેવ

એક આદરણીય અમેરિકન મિત્ર કાંતવાનો અભ્યાસ કરી રહ્યા છે. તેઓ લખે છે:

મારું કાંતણકામ નિયમિત રીતે ચાલુ રાખવામાં થોડા સમય પહેલાં મને જે કામચલાઉ નિષ્ફળતા મળી છે, તેમાંથી સૂઝતાં સૂચનો કરવાની રજા લઉં છું. (હવે મારામાં સુધારો થયો છે.) એ આ પ્રમાણે છે: લોકોને કાંતવાનું કહેવામાં અને તેમણે કાંતવાનું વચન આપ્યા પછી તેમની સાથે વાત કરવામાં તેમને એટલી વાત સમજી લેવાનું કહેવું એ શું લાભકારક થવા સંભવ નથી કે તમે એક નવી જ ટેવ પાડવાની તૈયારીમાં છો; કોઈ પણ નવી ટેવ બરોબર પડી જાય ત્યાં સુધી તે ક્રિયાને બહુ જ પ્રયત્નપૂર્વક વળગી રહેવું પડે છે; કોઈ પણ ટેવ પાડવાના શરૂઆતના તબક્કાઓમાં નિયમિતતામાં એકાદ નિષ્ફળતા, એકાદ ગફલત અનેક દિવસોના કામ અને પ્રયાસો પર પાણી ફેરવી દે છે; અને જ્ઞાનતંતુઓ તથા સ્નાયુઓના કાર્યની તથા નિયંત્રણની નવી નવી કેડીઓ તે ક્રિયા સતતપણે અને નિયમિતપણે ચાલુ રાખવાથી જ પડી શકે છે? જ્યારે માણસ કાંતતાં કાંતતાં બીજાઓ સાથે વાતો અને ચર્ચા કરતો જતો હોય, છતાં તેના હાથ બરાબર રેંટિયો ચલાવી રહ્યા હોય ત્યારે બરાબર ટેવ પડી ગઈ છે એમ કહેવાય? એમ થાય ત્યારે નિયંત્રણ અને પ્રતિક્રિયા સ્વયંસંચાલિત થયાં ગણાય. લોકોએ એ વાત સમજવી જોઈએ કે કેવળ લાગણીભર્યા ઉત્સાહમાં જ આ કામ પાર પાડવાની બધી મહેનત આવી જતી નથી. તેમણે તેમની ભાવનાઓને મન વડે બળવાન બનાવવી જોઈએ. કાંતણપ્રવૃત્તિનું મૂલ્ય, તેનો અર્થ, કાંતણ અને ખાદીની તેમના પર, તેમના કુટુંબ પર, તેમના ગામ પર અને રાષ્ટ્ર પર થતી રાજકીય, આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક અસરો શી છે તે બધું તેમણે વિચારવું જોઈએ. જેમને પરવડે એમ હોય તેમણે તમારું "ભાગ્યચક્ર" ખરીદવું જોઈએ અને એ વિષયની બની શકે એટલી બધી ચર્ચાઓ વાંચી જવી જોઈએ.

અંગત રીતે મને લાગે છે કે લોકો, અને ખાસ કરીને બુદ્ધિજીવી લોકો કે જેઓ હાથે કામ કરવા તથા વાસ્તવિકતા સાથે અનુકૂળ થવા ટેવાયેલા નથી હોતા તેમણે પોતાના ઉત્સાહને મન વડે દૃઢ કરવો જોઈએ. ૧૯૨૦થી આ પ્રવૃત્તિમાં જે ઓટ આવતી

Gandhi Heritage Portal

ગઈ છે, તેનાં ઘણાં કારણોમાંનું એક કારણ એ છે કે આ પ્રવૃત્તિના નવા દીક્ષિતોને એ વાતનો ખ્યાલ નથી કે આવી નવી ટેવ કઈ રીતે પાડવી, કેવા ભયો સામે ચેતીને ચાલવું, રોજ પસંદ કરેલા કાંતવાના સમયે આપણું મન બીજા વિક્ષેપો અને રુકાવટોથી મુક્ત રહે અને એ કામ માટે માનસિક સ્થિતિ અનુકૂળ રહે એ માટે આગળથી કેવી રીતે તૈયારી કરવી, અને જે ખરેખર મહત્ત્વનું છે તેનું ભાન કઈ રીતે જાગ્રત રાખવું, વગેરે.

સંભવ છે કે તમે તેમને આ બાબતમાં હમેશાં સલાહ આપતા જ હશો, અથવા તો મારા અમેરિકન સ્વભાવના અનુભવને લઈને અને હિંદના સ્વભાવના અજ્ઞાનને લઈને હું ખોટી રીતે વિચારતો હોઉં. આવાં કેટલાંક કારણોને લીધે મને ઘણાં અઠવાડિયાં સુધી સફળતા ન મળી. એટલે મારા એ વિષેના વિચારો ગમે તેવા હોય તોપણ તે મેં તમારી પાસે રજૂ કર્યા છે.

આ મિત્રે પોતાના અનુભવોનું નિરૂપણ કરવા બદલ માફી માગવાની જરૂર નહોતી, કારણ કે અમેરિકાનું આકાશ અને હિંદનું આકાશ જેમ એકસરખાં છે, તેમ મનુષ્યસ્વભાવ મૂળમાં બધે એકસરખો જ છે. માત્ર તેને રજૂ કરવાની રીત, યંગ इन्डियाના વાચકો જેનાથી ટેવાયા છે તેના કરતાં જુદી છે. સ્વેચ્છાએ કાંતણને અપનાવતા મિત્રોને, આ અમેરિકન મિત્રોના જેવી જ મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું છે. આમાં ખરી જરૂર છે પોતાના મન પાછળના નિશ્ચયની. નિશ્ચય હોય તો જે મુશ્કેલીઓ આવવાની છે તેને આગળથી પારખીને તેના પર વિજય મેળવી શકાય છે. આ મિત્રે કરેલા પૃથક્કરણનું મહત્ત્વ એ છે કે આપણામાંના મોટા ભાગના લોકો આ વિષેની માત્ર લાગણી અનુભવે છે, પણ તેનાં કારણો જોઈ શકતાં નથી; જ્યારે આ અમેરિકન મિત્રે એ લાગણીનું આપણી આગળ પૃથક્કરણ કર્યું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૭–૧૯૨૫

## ૨૧૭. દુઃખદ માહિતી

આ પત્ર[1] મને ચિત્તાગોંગમાં આપવામાં આવ્યો હતો અને વહેલી તકે ધ્યાન પર લેવા માટે તે મારી બંડીના ખિસ્સામાં જ રહ્યો છે. પતિત બહેનોને તેમની ભૂલમાંથી છોડાવવાનો પ્રયાસ દેખીતી રીતે જ કેવો દુરાચારને પરવાનો આપવામાં પરિણમ્યો છે તે વાચકો જાણે છે. હું જાણતો હતો કે વેશ્યાગીરી એક જબરદસ્ત ને વધતું જતું અનિષ્ટ છે. દુર્ગુણમાં સદ્ગુણ જોવાનું વલણ અને કળાના પવિત્ર નામે અથવા બીજી કોઈ ભાવનાની ઓથે દુર્ગુણને ચલાવી લેવાની વૃત્તિને લીધે આ વ્યભિચારને સૂક્ષ્મ પ્રતિષ્ઠાનો અંચળો ઓઢાડવામાં આવે છે. અને એ સ્પષ્ટ રીતે સમજાય એવી વાત છે કે આ નૈતિક અધઃપતન માટે આ જ વસ્તુ જવાબદાર છે. પણ આ પત્રલેખક વર્ણવે છે એવી ભયંકર સ્થિતિ છે એવું માનવા હું તૈયાર નહોતો. મને લાગે છે કે તેમણે એ વર્ણનમાં અતિશયોક્તિ કરી નથી. કારણ કે મારા પ્રવાસ દરમિયાન ઘણી જગ્યાએથી મને આ બાબતમાં સમર્થન મળ્યું છે. અશ્રદ્ધાના અથવા ઈશ્વર પ્રત્યેની માત્ર યાંત્રિક શ્રદ્ધાના

૧. આ પત્ર અહીં મૂકયો નથી. તેમાં વેશ્યાગૃહો, સિનેમાઘરો, નશાખોરી તથા ધૂમ્રપાનનાં અનિષ્ટો વિષે લખવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

આ જમાનામાં, રોમ જ્યારે દેખીતી રીતે જ એના સત્તાના શિખરે પહોંચીને જે પતનમાં પડ્યું હતું તેની લગભગ યાદ આપતાં અનેક સુખસગવડો અને ભોગવિલાસના આ જમાનામાં આ અનિષ્ટ એટલું મોટું છે કે તેનો ઉપાય બતાવવાનું સહેલું નથી. કાયદાથી તેનો ઉપાય કરી શકાય એમ નથી. લંડન આ અનિષ્ટમાં સબડી રહ્યું છે. પેરીસ એના દુરાચાર માટે જગપ્રસિદ્ધ છે જ. અને એ દુરાચાર લગભગ એક ફેશન બની બેઠો છે. જો આ અનિષ્ટને કાયદાથી હટાવી શકાયું હોત તો આ અત્યંત વ્યવસ્થિત રાષ્ટ્રોએ પોતાનાં મુખ્ય શહેરોને એમાંથી મુક્ત કર્યાં હોત. મારા જેવા સુધારકોનાં ગમે તેટલાં લખાણો પણ આ અનિષ્ટનો, ધ્યાન ખેંચે તેટલા પ્રમાણમાં ઉપાય કરી શકે નહીં. ઈંગ્લંડનું આપણા દેશ પરનું રાજકીય પ્રભુત્વ ખાસ્સું ખરાબ છે. સાંસ્કૃતિક પ્રભુત્વ તો બેહદ ખરાબ છે. કારણ કે રાજકીય પરાધીનતા આપણને ખૂંચે છે એટલે તેનો સામનો કરવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. પણ સાંસ્કૃતિક પરાધીનતાને તો આપણે વળગી પડીએ છીએ કારણ કે આપણને આપણા મોહમાં એટલું પણ ભાન રહેતું નથી કે સાંસ્કૃતિક કબજો પૂરો જામી જતાં ગમે તેટલા સામના છતાં રાજકીય શાસનની પકડ મચક આપવાની નથી. મારા કહેવાનો અનર્થ ન કરવામાં આવે એમ ઈચ્છું છું. હું એવું કહેવા નથી માગતો કે બ્રિટિશ શાસન પહેલાં ભારતમાં વેશ્યાવૃત્તિનું અસ્તિત્વ નહોતું. પણ હું એટલું જરૂર કહું છું કે તે અત્યારના જેટલી વ્યાપક નહોતી. તે માત્ર સમાજના ઉપલા થરના દસ ટકા લોકો પૂરતી ફેલાયેલી હતી. અત્યારે તે મધ્યમ વર્ગના જુવાનોમાં ફેલાવા લાગી છે. મારી આશા દેશના યુવાનો પર બંધાયેલી છે. આ દુર્ગુણનો શિકાર બનેલા યુવાનો સ્વભાવથી દુષ્ટ નથી. તેઓ અસહાયપણે અને અવિચારીપણે આમાં ઘસડાયા છે. આનાથી તેમને અને સમાજને કેટલું નુકસાન થાય છે તેનું તેમને ભાન થવું જોઈએ. તેમણે એ પણ સમજવું જોઈએ કે કડક સંયમવાળું જીવન જ તેમને અને દેશને આ બેહદ વિનાશમાંથી ઉગારી શકશે. સૌથી વિશેષ તો તેમને ઈશ્વરની ઝાંખી થાય અને તેઓ આ પ્રલોભનમાંથી બચવા માટે ઈશ્વરની સહાય વાંછે તો જ આ કઠોર સંયમી જીવનમાંથી તેમને લાભ થાય. ગીતામાં ભગવાને સાચું જ કહ્યું છે કે,

> નિરાહારી શરીરીના ટળે છે વિષયો, છતાં,
> રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં.
>
> (અ. ૨., શ્લો. ૫૯)

ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એનો અર્થ એ કે જેમ બાળકને પોતાની માતાના પ્રેમનો અનુભવ કરાવવા માટે ખાસ પારખું આપવું પડતું નથી, પણ તે સહજ રીતે જ તે પ્રેમ અનુભવે છે તેમ સહજ રીતે ઈશ્વર આપણા અંતરમાં રહેલો છે, તેવો અનુભવ કરવો. બાળક કંઈ પોતાના પરનો માતાનો પ્રેમ સાબિત કરવા માટે દલીલો કરે છે? તે તો નિઃશંકપણે કહે છે કે "પ્રેમ છે જ." તે જ પ્રમાણે ઈશ્વરના અસ્તિત્વ વિષે હોવું જોઈએ. તે બુદ્ધિ કે તર્કથી પર છે, પણ તેનો અનુભવ થાય છે. તુલસીદાસ, ચૈતન્ય, રામદાસ ને એવા બીજા સંત મહાત્માઓના અનુભવોને, જેમ આપણે આપણા દુન્યવી શિક્ષકોના અનુભવોને કાઢી નાખતા નથી તેમ નકામા ગણીને કાઢી ન નાખવા જોઈએ.

પત્રલેખકે એમ પૂછ્યું કે કૉંગ્રેસીઓ, મેં ગણાવી છે તે બધી બાબતો—એટલે નાટક જોવા જવું વગેરે કરે કે કેમ? મેં એ બાબત વિષે કહ્યું જ છે કે માણસને કાયદાથી સુધારી શકાતો નથી. જો મારામાં સમજાવટ દ્વારા વાત ગળે ઉતરાવવાની શક્તિ હોત તો હું આ વેશ્યાવૃત્તિ

Gandhi Heritage Portal

કરતી બહેનોને અભિનેત્રીઓ તરીકે કામ કરતી રોકત, લોકોને શરાબ પીતાં ને ધૂમ્રપાન કરતાં અટકાવત, સારાં પ્રતિષ્ઠિત સામયિકો તથા વર્તમાનપત્રોમાં છપાતી ભૂંડી જાહેરખબરો જરૂર બંધ કરાવત, અને આપણાં કેટલાંક સામયિકોના પાનને ભ્રષ્ટ કરતા અશ્લીલ સાહિત્ય તથા ચિત્રોને રોકત. પણ શું કરું! હું ઇચ્છું છતાં આવી કોઈ સમજાવવાની શક્તિ મારી પાસે નથી. પણ રાજ્ય કે કૉંગ્રેસ જેવી સંસ્થા આવી વસ્તુઓને કાયદા કે નિયમો દ્વારા અંકુશમાં લાવવાનો પ્રયત્ન કરે તો તો રોગ કરતાં પણ ઉપચાર વધુ ખરાબ નીવડવાનો. આજે જરૂર છે બુદ્ધિપૂર્વકના, શાણા, સુંદર અને શુદ્ધ લોકમતની. રસોડાને સંડાસ કે દીવાનખાનાને તબેલો બનાવવાની વિરુદ્ધમાં કોઈ કાયદા નથી. પણ લોકમત, કહો કે લોકરુચિ આવા પ્રકારની ભેળસેળ સહન જ નહીં કરે. લોકમતના વિકાસની પ્રક્રિયા ઘણી વાર બહુ જ ધીમી હોય છે, પણ એકમાત્ર અસરકારક પ્રક્રિયા એ જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९–७–१९२५

## ૨૧૮. ત્યાગનું શાસ્ત્ર

દેશબંધુ દાસે મુસલમાનો સાથેના પોતાના વહેવારમાં "ત્યાગના શાસ્ત્રને સંપૂર્ણતાએ પહોંચાડયું હતું" એ મારા કલકત્તાના એક ભાષણમાંના ઉદ્ગાર સામે વાંધો લેવામાં આવ્યો છે. વાંધાનું કારણ એ થયું છે કે ઉપલા શબ્દોમાં દેશબંધુએ મુસલમાનોના ઉપર એનાયત કરી એટલે કે હકથી તેઓ નહીં લઈ શકતા હતા એવી વસ્તુઓ દેશબંધુએ તેમને આપી એમ કહેવાનો મારો આશય હતો એમ મારા ટીકાકારોએ માની લીધું. ટીકાકારોનો મત એવો છે કે પ્રથમ બધું છીનવી લઈ, અંગ્રેજો જેમ હવે મહેરબાનીને નામે થોડા થોડા ટુકડા નાખી આપણી બધાની સાથે વર્તી રહ્યા છે તેમ હિંદુઓ મુસલમાનો સાથે હમણાં વર્તી રહ્યા છે.

મેં તે સભામાં શું કહેલું તે હું જાણું છું. મારા ભાષણના રિપોર્ટો મેં વાંચ્યા નથી, પણ મેં જે કંઈ કહ્યું હોય તેને વળગી રહેવા હું તૈયાર છું. હું છાતી ઠોકીને કહું છું કે પરસ્પર ત્યાગ વિના આ છિન્નભિન્ન થયેલા દેશનો ઉદ્ધાર નથી. આપણે મનને વધારે પડતું આળું નહીં કરી મૂકવું જોઈએ, કલ્પનાશક્તિ સાવ ખોઈ નહીં બેસવી જોઈએ. ત્યાગ કરવો — નમતું મૂકવું — એટલે મહેરબાની કરવી એવું નહીં. પ્રેમ જે ન્યાય અપાવે છે તે ત્યાગ થયો, કાયદો જે ન્યાય અપાવે છે તે સજા થઈ. પ્રેમી જે આપે તે ન્યાયને પણ વટાવી જાય છે. અને વધુ ને વધુ પ્રમાણમાં આપી દેવાની ઇંતેજારીમાં તે આપવા ઇચ્છે છે તેનાથી ઓછું અપાય છે અને પછી તેથીયે વધુ આપવા તેની પાસે કશું બચ્યું નથી એ જોઈને સંતાપ કરે છે. હિંદુઓ અંગ્રેજ જેવું કરે છે એમ કહેવું એ હિંદુઓની માનહાનિ કરવા જેવું છે. હિંદુઓ ઇચ્છે તોપણ તેમ કરી શકે તેમ નથી, અને આ હું ખિદરપુરના હિંદુઓના ઘાતકીપણા છતાં કહું છું. હિંદુમુસલમાનનાં હિતઅહિત સરખાં જ છે. બંને ઘવાયેલા પડ્યા છે. તેઓ પ્રેમીઓની સ્થિતિમાં છે, મનેકમને પણ તેમ તેમને રહેવાનું છે. માટે હિંદુના મુસલમાન પ્રત્યેના અને મુસલમાનના હિંદુ પ્રત્યેના દરેક કાર્યમાં ત્યાગ જ હોવો જોઈએ, માત્ર ન્યાય બસ નથી. તેમને તેમનાં કાર્યોને સોનાના ત્રાજવામા તોળીને તેની કિંમત કઢાવવાનો અધિકાર નથી. એકે પોતાને બીજાનો હમેશનો ઋણી

Gandhi Heritage Portal

માનવાનો છે. ન્યાય જોવા બેસીએ તો મુસલમાન મારી આંખ સામે જ શા માટે હમેશાં એક ગાયની કતલ ન કરે? પણ મારા પ્રત્યેનો તેનો પ્રેમ તેને તેમ કરતાં રોકે છે અને કેટલીક વાર તે વધુ આગળ જઈને મારા પ્રત્યેના પ્રેમને ખાતર ગોમાંસ ખાવાનું સુધ્ધાં છોડી દે છે, અને તેમ કરતાં તે માને છે કે તેણે જે યોગ્ય હતું તે જ કર્યું અને તેથી વધુ નહીં. મૌલાના મહમદઅલી નમાજ પઢતા હોય ત્યારે તેમના કાનમાં રાગડા તાણવાની ન્યાય મને રજા આપે છે, પણ હું તેમ નથી કરતો અને તેથી આગળ જઈને તેમની લાગણીઓ માટે આગળથી કાળજી રાખીને તેઓ નમાજ પઢે તેટલો વખત સાવ ધીમે અવાજે બોલવું પડે તો બોલું છું, અને તેમ છતાં મૌલાના ઉપર મેં કશો આભાર નથી કર્યો એમ માનું છું. જ્યારે બીજી બાજુથી જોતાં તેમના નમાજને વખતે જ ઢોલ વગાડવાનો મારો ન્યાયાનુકૂળ હક વાપરવા બેસું તો હું અતિશય નીચ અને તિરસ્કારને પાત્ર બનું. દેશબંધુ દાસે કેટલીક નોકરીની જગ્યાઓ મુસલમાનોને ન આપી હોત તો ન્યાય તો વખતે સચવાત, પણ તેમણે આગળ જઈને તેમને વધુ જગ્યાઓ આપી અને તેથી તેમની લાગણીઓને સંતોષી. મુસલમાનોને સંતોષવાની તીવ્ર ઈચ્છાએ તેમનો વહેલો અંત આણ્યો. કાયદો એટલે કે ન્યાય, બિનહુકમ જમીનમાં દફનાવવામાં આવેલ એક પીરના શબને ત્યાંથી કાઢી લઈ બીજી જગ્યાએ દફનાવવા ફરજ પાડે છે એ જ્યારે તેમણે જાણ્યું ત્યારે તેમને કેટલો આઘાત પહોંચેલો એ હું જાણું છું. અને આ બાબતમાં મુસલમાન લાગણી અયોગ્ય હોય તોપણ તેને ન દુખવવાનો તેઓ માર્ગ શોધવા પ્રયત્ન કરી રહ્યા હતા. એ બધામાં હદ ઓળંગીને આગળ જવાપણું હતું, પોતાની હદ નહીં પણ દુનિયાની હદ. છતાં કદી પણ મુસલમાનોની લાગણીઓ પ્રત્યે અત્યંત કોમળતાથી વર્તીને તેમના ઉપર તેઓ મહેરબાની કરે છે એમ તેમણે નહીં માનેલું. પ્રેમ કદી માગતો નથી, તે તો આપ્યે જ જાય છે. તે કષ્ટ વેઠયા જ કરે છે, પણ કદી નારાજ નથી થતો, કદી બદલો નથી ઉતારતો.

માટે આ 'ન્યાય, ન્યાય અને ન્યાય'નો પોકાર મુસલમાન કરતા હોય કે હિંદુઓ કરતા હોય, તદ્દન અવિચારી અને ક્રોધ અને અજ્ઞાનમાંથી જન્મેલો છે. હિંદુઓ તેમ જ મુસલમાનો જ્યાં લગી ન્યાયનું જ બબડયા કરશે ત્યાં લગી તેઓ કદી ભેગા થવાના નથી. 'ન્યાય, ન્યાય અને ન્યાય'ના શાસ્ત્રનું છેલ્લું સૂત્ર "બળિયાના બે ભાગ" છે. અંગ્રેજોએ આપણને હરાવીને જે લીધું છે તેમાંથી એક તસુ પણ શા માટે જતું કરે? અથવા તો હિંદીઓના હાથમાં જ્યારે સત્તા આવે ત્યારે અંગ્રેજોના પૂર્વજો જે ધનદોલત અહીંથી લૂંટી લઈ ગયા છે તે અંગ્રેજો પાસેથી શા માટે પાછી ન કઢાવે? તેમ છતાં જ્યારે આપણે સમાધાની ઉપર આવશું (અને કોઈ વાર તો આવશું જ) ત્યારે આપણે નામના ન્યાયનાં ત્રાજવાં લઈને નહીં બેસીએ. પણ આપણે આપણી ગણતરીમાં અત્યારે કેટલાકને ફિકરમાં પાડી દેનારું ત્યાગનું અને બીજી રીતે ઓળખાતું પ્રેમનું અને ભ્રાતૃભાવનું તત્ત્વ દાખલ કરીશું. અને તે જ પ્રમાણે આપણી — હિંદુ અને મુસલમાનો — વચ્ચે થવાનું છે — જ્યારે આપણે એકબીજાનાં ધરાઈને માથાં ભાંગી લીધાં હશે, નિર્દોષનાં લોહી રેડાવ્યાં હશે અને આપણી મૂર્ખાઈ સમજ્યા હઈશું ત્યારે આપણી આંખનાં પડળ ઊઘડશે અને મિત્રતાની કિંમત પ્રતિકાર — બદલો — નથી, ન્યાય નથી પણ ત્યાગ જ છે એમ આપણે સમજતા થઈશું. હિંદુઓએ ગૌહત્યાનું દૃશ્ય સહનશીલતાથી જોઈ રહેવા શીખવું જોઈશે અને મુસલમાનોએ હિંદુઓની ધાર્મિક ભાવનાઓ ઉપર આઘાત કરીને ગાયને કતલ કરવી એ ઇસ્લામના કાયદાની વિરુદ્ધ છે એમ સમજતા થવું જોઈશે. એ પુણ્યદિન આવશે ત્યારે આપણે એકબીજાના સદ્‌ગુણો જ જોઈશું. આપણા દોષો એકબીજાની આંખે ઊડીને નહીં વળગે તે દિવસ બહુ દૂર હોય અને

Gandhi Heritage Portal

બહુ નજીક પણ હોય. મને તો તેનો વહેલો આવવાનો આભાસ થઈ રહ્યો છે. હું તેને જ અર્થે પ્રયત્નવાન રહીશ, બીજા કશાને અર્થે નહીં.

મારા ‘ત્યાગ’નો અર્થ સિદ્ધાંતત્યાગ નથી એટલું ઉમેરવાની અહીં ભાગ્યે જ જરૂર હશે. એ વસ્તુ મેં સભામાં સ્પષ્ટ કરેલી અને અહીં ફરીથી સ્પષ્ટ કરું છું. પણ અત્યારે આપણે જેને માટે લડી રહ્યા છીએ તે તો કોઈ સિદ્ધાંત નહીં પણ મિથ્યાભિમાન અને તિરસ્કાર છે. આ તો આપણે દરવાજા ઉઘાડા મેલી ખાળે ડૂચા દઈએ છીએ!

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९-७-१९२५

ભાષાંતર : नवजीवन, १९-७-१९२५

## ૨૧૯. એક મૂક સેવક

એક આદરણીય મિત્ર તથા મૂક જાહેર સેવક, પ્રિન્સિપાલ સુશીલ રુદ્રનું તા. ૩૦મી જૂન ને મંગળવારે અવસાન થયું, તેના શોકમાં મારી સાથે ભાગીદાર થવા વાચકોને વિનંતી કરું છું. હિંદુસ્તાનનો મુખ્ય રોગ ગુલામી છે, અને જે લોકો એ ગુલામીને હટાવવા માટે સૈનિકબળ, નાણાં અને કૂટનીતિની ત્રિવિધ હરોળથી રક્ષાયેલી નોકરશાહી સામે જાહેર રીતે લડત આપે છે, માત્ર તેવાઓને જ આ દેશ ઓળખે છે. તે સ્વાભાવિક રીતે જ, રાજકીય ક્ષેત્ર સિવાયના બીજા એટલા જ મહત્ત્વના ક્ષેત્રમાં કામ કરી રહેલા નિઃસ્વાર્થ અને પોતાની જાતને અપ્રગટ રાખનાર કાર્યકર્તાઓને ઓળખતો નથી. સેન્ટ સ્ટિફન કૉલેજના પ્રિન્સિપાલ સ્વ. સુશીલ રુદ્ર આવા પ્રકારના નમ્ર કાર્યકર્તા હતા. તેઓ શ્રેષ્ઠ કોટિના કેળવણીકાર હતા. આચાર્ય તરીકે તેઓએ સાર્વત્રિક લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. તેમની અને તેમના વિદ્યાર્થીઓની વચ્ચે એક પ્રકારનો આધ્યાત્મિક સંબંધ હતો. તેઓ ખ્રિસ્તી હતા, છતાં તેમના દિલમાં હિંદુ ધર્મ અને ઈસ્લામ ધર્મ પ્રત્યે ખૂબ માન હતું. જગતના એક માત્ર તારણહાર ઈશુ ખ્રિસ્ત છે, એમ ન માનનાર દરેક જણ તિરસ્કારને પાત્ર છે, એવી સંકુચિત માન્યતા ધરાવનાર ખ્રિસ્તી તેઓ નહોતા. પોતાના ધર્મની પ્રતિષ્ઠા વિષે તેઓ સજાગ હતા, છતાં બીજા ધર્મો પ્રત્યે તેમનામાં સહિષ્ણુતા હતી. તેઓ રાજકારણના ઊંડા અને ખંતીલા અભ્યાસી હતા. કહેવાતા ઉદ્દામવાદીઓ પ્રત્યેની તેમની સહાનુભૂતિ તેઓ ઢોલ વગાડીને જાહેર કરતા નહોતા તેમ એને છુપાવતા પણ નહોતા. ૧૯૧૫માં હું હિંદ આવ્યો ત્યારથી જ્યારે જ્યારે મારે દિલ્હી આવવાનું થયું છે ત્યારે તેમનો મહેમાન બન્યો છું. જ્યાં સુધી રૉલેટ કાયદાની સામે મેં સત્યાગ્રહ જાહેર નહોતો કર્યો, ત્યાં સુધી તો બધું સીધેસીધું ચાલ્યા કર્યું. ઉચ્ચ વર્તુળોમાં ઘણા અંગ્રેજો તેમના મિત્રો હતા. તેઓ એક શુદ્ધ અંગ્રેજ મિશન સાથે સંકળાયેલા હતા. તેમની કૉલેજમાં પસંદ થયેલા એ પહેલા જ હિંદી પ્રિન્સિપાલ હતા. એટલે મને લાગ્યું કે કદાચ તેમનો મારી સાથેનો ગાઢ પરિચય અને તેમના મકાનમાં મહેમાન તરીકે મને આપેલો આશ્રય તેમને મુશ્કેલીમાં મૂકે અને તેમની કૉલેજ બિન-જરૂરી જોખમમાં આવી પડે. એટલે મેં મારો ઉતારો બીજે શોધી લેવા વિષેની વાત તેમની પાસે મૂકી. તેમનો જવાબ અત્યંત લાક્ષણિક હતો: લોકો કલ્પના કરે છે તે કરતાં મારા ધર્મનાં મૂળ ઘણાં ઊંડાં છે. મારાં કેટલાંક મંતવ્યો મારા સમગ્ર વ્યક્તિત્વનાં મહત્ત્વનાં અંગો છે, અને તે મેં

Gandhi Heritage Portal

ઊંડી અને લાંબી પ્રાર્થનાઓ પછી બાંધેલાં છે. મારા અંગ્રેજ મિત્રોને તેમની માહિતી છે. અને એક આદરણીય મિત્ર અને મહેમાન તરીકે તમે મારે ત્યાં રહો તેમાં કોઈ ગેરસમજ થવાની નથી. અને કદાચ ક્યારેય મારે અવી પસંદગી કરવાનો વખત આવે કે કાં તો મારે મારા અંગ્રેજ મિત્રો સાથેના મારા સંબંધો છોડવા કે કાં તો તમને ગુમાવવા, તો બેમાંથી હું શું પસંદ કરું તે તમે જાણો છો. તમે મને નહીં છોડી શકો." મેં કહ્યું, "પણ મને જે અનેક પ્રકારના મિત્રો મળવા આવે છે તેનું શું? જ્યારે જ્યારે હું દિલ્હી આવું ત્યારે તમારું ઘર એક ધર્મશાળા બની જાય તેમ તમારે ન થવા દેવું જોઈએ." "સાચું કહું તો" તેમણે જવાબ આપ્યો, "મને એ બધું ગમે છે. તમને મળવા આવે છે તે મિત્રો મને ગમે છે. તમને મારે ત્યાં રાખીને હું મારા દેશની થોડીઘણી સેવા કરી શકું છું એ વિચારથી મને આનંદ થાય છે." વાચકને એ વાતની ખબર નહીં હોય કે ખિલાફતના દાવાને નક્કર સ્વરૂપ આપતા મારા વાઈસરૉયને લખેલા ખુલ્લા પત્રનો[1] મુસદ્દો પ્રિન્સિપાલ રુદ્રના નિવાસસ્થાનમાં જ વિચારાયો અને ઘડાયો હતો. તેમણે તથા ચાર્લી ઍન્ડ્રૂઝે તેમાં સુધારાવધારા કર્યા હતા. આ જ અતિથિગૃહના છાપરા નીચે અસહકારની કલ્પના કરવામાં આવી હતી તથા તેને ઘાટ અપાયો હતો. મૌલાનાઓ, બીજા મુસલમાનો તથા મારી વચ્ચે જે ખાનગી ગુફતેગો થતી, તેને તેઓ મૂંગા રહી ઊંડા રસથી સાંભળતા. તેમનાં બધાં કાર્યોના પાયામાં ધાર્મિક હેતુ હતો. તેથી તેમને કોઈ દુન્યવી સત્તાનો ભય જ નહોતો. તેમ છતાં એ હેતુએ જ તેમને દુન્યવી સત્તાનું અસ્તિત્વ, તેની સાથેની મૈત્રી તથા તેના ઉપયોગનું મૂલ્ય સમજવાને શક્તિમાન બનાવ્યા હતા. ધાર્મિક દૃષ્ટિને લીધે માણસના વર્તન અને માન્યતા વચ્ચે સુંદર સંવાદિતા ઊભી થાય છે એ સત્યને તેમણે તેમના જીવન દ્વારા પ્રત્યક્ષ કરી બતાવ્યું હતું. પ્રિન્સિપાલ રુદ્ર ઉત્તમ ચારિત્ર્ય ધરાવતી વ્યક્તિને પોતાના તરફ ખેંચી શકતા હતા. બહુ ઓછા લોકો જાણતા હશે કે મિ. ચાર્લી ઍન્ડ્રૂઝ આપણને મળ્યા તે પ્રિન્સિપાલ રુદ્રને આભારી છે. તે બંને જોડિયા ભાઈ જેવા હતા. આદર્શ મૈત્રી કોને કહેવાય તે આ બંનેના સંબંધોનો અભ્યાસ કરવાથી જાણી શકાય. પ્રિન્સિપાલ રુદ્ર પોતાની પાછળ બે પુત્રો અને એક પુત્રી મૂકી ગયા છે. બધાં મોટી ઉંમરનાં છે ને જીવનમાં ગોઠવાઈ ગયાં છે. તેઓ જાણે છે કે તેમના ઉદારચરિત પિતાના સંખ્યાબંધ મિત્રો અને પ્રશંસકો તેમના શોકમાં ભાગીદાર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯-૭-૧૯૨૫

૧. જુઓ પુસ્તક ૧૭, પા. ૪૮૨-૫.

Gandhi Heritage Portal

# ૨૨૦. સુલેહની સંભાવના[1]

ફરીદપુરના સંદેશાને શ્રી ચેટરજી જે રીતે સમજે છે તે રીતે હું નથી સમજતો. દેશબંધુએ પોતાની સ્થિતિ એટલી હદ સુધી સ્પષ્ટ કરી છે કે તેઓ ૧૯૨૯ સુધી સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર માટે રાહ જોવા તૈયાર છે, પણ એમાં શરત એટલી કે આ સુધારાઓનો અમલ પ્રજાના પ્રતિનિધિઓ બરાબર કરી શકે તે માટે સરકારે માનભરી તડજોડ કરવી. આ માટેની શરતો કેવી કરવી તે તો ગોળમેજી પરિષદમાં મૈત્રીભરી ચર્ચા દ્વારા નક્કી કરી શકાય. મૂડીમૅન કમિટીની લઘુમતી અંગેની ભલામણો બરાબર જાણ્યા વગર તેને અગાઉથી સ્વીકારી લેવાનું દેશબંધુ માટે અશક્ય હતું. મારી પોતાની સ્થિતિ ન માની શકાય તેટલી સરળ છે. મારા અધિકૃત પ્રતિનિધિઓ એટલે સ્વરાજવાદીઓ દ્વારા આ સુધારાઓનો અમલ થાય તેમાં મને રસ છે. તેઓ તે બાબતમાં ઊંડી સમજ ધરાવે છે. અને તેઓ જે ભલામણ કરશે તેને હું સંમતિ આપીશ. બ્રિટિશ સરકાર પાસે હાલની ક્ષણે 'મારી પાસે' મારી અશક્તિ સિવાય રજૂ કરવા જેવું કંઈ નથી. મારી આ અશક્ત દશામાં તો હું, ઇંગ્લંડ સાચા દિલથી મૈત્રીનો હાથ લંબાવે તેની માત્ર રાહ જ જોઈ શકું. જ્યારે તે આવું કંઈક કરશે ત્યારે હું કોઈ પણ શરત વિના આખી લડત બંધ કરી દઈશ. મારી આજની લાચારીમાં પણ કઈ બાબત જીવનદાયી છે અને કઈ નથી, તે પારખવા જેટલી શક્તિ હું ધરાવું છું, એટલું જ નહીં પણ જે કંઈ જીવનદાયી નથી તેને છોડી દેવા જેટલી પણ શક્તિ ધરાવું છું. હું મારી જાતને છેતરી ન શકું. મારો ગરીબ દેશ સધ્ધર ન બને ત્યાં સુધી હું કંઈ જ નક્કર મેળવવાની આશા રાખતો નથી. એટલે મારે શક્તિ પ્રાપ્ત કરવી જોઈએ. અને મારાં એ માટેનાં સાધનોમાં હિંસાને બિલકુલ સ્થાન નથી. એટલે મેં અત્યારે રેંટિયો વગેરે અને દેશબંધુએ આપેલો વધારે સર્વગ્રાહી શબ્દપ્રયોગ — ગ્રામસંગઠનને, અને જ્યારે જરૂર પડે ત્યારે સવિનયભંગને મારી પ્રવૃત્તિનું ક્ષેત્ર બનાવ્યું છે.

પક્ષોના જોડાણની બાબતમાં મને એમ લાગે છે કે મૉડરેટો અને સ્વરાજવાદીઓ વચ્ચેના મતભેદો પાયાના છે. સુધરેલા સંજોગો હેઠળ સુધારાઓના સ્વીકાર માત્રથી કંઈ આ મતભેદ અનિવાર્યપણે દૂર થતા નથી. મને દેખાય છે એ રીતે જો આ મતભેદને હું એક જ વાક્યમાં મૂકું તો તે આ પ્રમાણે છે: સ્વરાજવાદીઓની ધારણા એવી છે કે જો સરકાર પ્રજાની વાજબી માગણીઓનો સ્વીકાર ન કરે તો અમુક ગણતરીના સમયમાં તેનો બદલો લેવાને તે શક્તિમાન છે. મૉડરેટોની ગણતરી એવી છે કે સરકાર સાથે બુદ્ધિપૂર્વક વાટાઘાટો દ્વારા શક્ય હોય તે મેળવવું. એટલે મૉડરેટો સ્વરાજવાદીઓ સાથે અમુક હદ સુધી જ સાથે ચાલવાના. પણ કદાચ આમાં મારી ભૂલ થતી હોય, અને આશા રાખું કે ભૂલ થાય છે. બાર્કીસની[2] માફક હું હમેશાં તૈયાર જ છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ९–७–१९२५

૧. આ લેખ શ્રી બી. સી. ચેટરજીના જુલાઈની ૩જી તારીખના પત્રના વળતા પ્રત્યુત્તરરૂપે હતો. જુઓ પરિશિષ્ટ ૨.

૨. ચાર્લ્સ ડિકન્સની એક નવલકથાનું પાત્ર.

Gandhi Heritage Portal

# ૨૨૧. બે જાતિઓ નહીં

નીચેનું લખાણ વાંચનાર માટે રસપ્રદ નીવડશે :

ઘણી વાર મારા ધ્યાનમાં આવ્યું છે કે તમે હિંદુઓ અને મુસલમાનોનો બે અલગ જાતિઓ તરીકે ઉલ્લેખ કર્યો છે. આ બે ધાર્મિક કોમોને તમારા જ એક મુસ્લિમ પત્રલેખકે બે રાષ્ટ્ર કહ્યાં હતાં (જુઓ यंग इन्डिया, ૨૪–૭–'૨૪, પા. ૨૪૪)[૧] તેના કરતાં તેને બે જાતિઓ કહેવી એ ઓછું હાનિકારક છે, એવો મારો નમ્ર અભિપ્રાય છે. હકીકત એ છે કે આશરે ૯૦ ટકા મુસલમાન હિંદીઓ (હું તેમને એવા કહું, હિંદી મુસલમાનો નહીં — જોકે તે લોકો પોતાને એવા કહેવડાવવાને ટેવાયા છે.) તેમના પૂર્વજોએ હિંદમાં જ ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો હોઈ એક જ હિંદુઓની જાતિ કે જાતિઓમાંથી ઊતરી આવ્યા છે. બાકી રહેલા દસ ટકા મુસલમાન હિંદીઓ માટે એમ બને કે તેમનામાં થોડુંઘણું તુર્કી, તાતાર, આરબ, પઠાણ; ઈરાની કે ઍબિસિનિયન પ્રજાનું લોહી વહેતું હોય, તોપણ પેઢી-દર-પેઢી થતાં આવતાં આંતરજાતીય લગ્નોને લીધે તેમાં એટલું બધું લોહીનું મિશ્રણ થયેલું છે કે એ દસ ટકામાંના ૯૯ ટકાને તો અહીંના જ વતની ગણી શકાય. ખરું જોતાં તો ઇંગ્લંડમાં કૅથલિક ને પ્રૉટેસ્ટન્ટને જેમ બે જાતિઓ ગણવામાં નથી આવતી, તેમ હિંદમાં પણ આ બે કોમોનું છે. આ પ્રશ્ન એવો છે કે જેના પર ઇતિહાસ, માનવજાતિશાસ્ત્ર અને માનવવંશ-શાસ્ત્ર વધુ પ્રમાણભૂત રીતે કહી શકે, પણ સૌથી મહત્ત્વની વાત એ છે કે તેમના લોહીનું જાતીય બંધારણ ગમે તે હોય તોપણ એ બધા જ (સોએ સો ટકા) લોકો તેમના પૂર્વજોની જેમ હિંદમાં જ જન્મ્યા છે, હિંદમાં જ જીવે છે અને હિંદમાં જ મરશે ને દફન થશે. હિંદુસ્તાન એક અખંડ દેશ છે. અને તેથી તેઓ હિંદુઓની જેમ એક જ રાષ્ટ્રના છે. હિંદના રાજકારણમાં તેઓ પોતાને હિંદી મુસલમાનો ગણાવવાને બદલે મુસલમાન હિંદીઓ ગણાવે તો કેવું સારું?

આ જ વાત થોડાક ફેરફાર સાથે ખ્રિસ્તી હિંદીઓને પણ લાગુ પડે છે. તેઓ પણ હિંદની એક ત્રીજી મહત્ત્વની ધાર્મિક કોમ છે. (કદાચ હિંદમાં કે હિંદની બહાર કોઈ પણ એક ધાર્મિક કોમ એક જાતિની નથી. હિંદુઓ તો નથી જ. તો પછી કોઈ પણ કોમને જાતિ તરીકે શું કામ ગણવી?) તો આપણા ખ્રિસ્તી ભાઈઓએ પણ આપણા દેશના રાજ-કારણમાં પોતાને ખ્રિસ્તી હિંદીઓ તરીકે ગણાવવા જોઈએ. મિસરમાં, પૅલેસ્ટાઇનમાં, ચીનમાં, જાપાનમાં ને ફિલિપાઇન્સમાં ખ્રિસ્તીઓ આ રીતે જ વર્તે છે.

આ પત્રલેખકનું દૃષ્ટિબિંદુ ઐતિહાસિક દૃષ્ટિએ સાચું છે. અમુક ચોક્કસ અર્થ છૂટી ગયો હોય એવા શબ્દો વાપરવાની ટેવમાંથી નીકળી જવાનું ઘણું મુશ્કેલ છે. "બે કોમો" શબ્દપ્રયોગ સામે પણ આવો જ વાંધો ઉઠાવી શકાય. હું અત્યારે તો એટલું જ વચન આપી શકું કે ભવિષ્યમાં હું ખૂબ કાળજી રાખીશ. यंग इन्डियाની ભાષા હકીકત સાથે સુસંગત રહે, તે માટે આ પત્ર-લેખક તકેદારીભરી નજર રાખવામાં જરાય ઢીલું ન મૂકે એમ હું ઇચ્છું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૯–૭–૧૯૨૫

૧. જુઓ પુસ્તક ૨૪, પા. ૩૯૪.

Gandhi Heritage Portal

## ૨૨૧[૧]. વસુમતી પંડિતને પત્ર[1]

[કલકત્તા][2]
અષાડ વદ ૪, [જુલાઈ ૯, ૧૯૨૫]

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો છે. કંઈ લખવાનું સૂઝતું નથી. એ એમ તો નથી બતાવતું ના કે તમે ચિંતામાં પડયાં છો? જો એમ હોય તો ચિંતાને છોડજો. ચિંતાનું લેશમાત્ર પણ કારણ નથી. પૈસા જાય એમાં ક્ષોભ ન જ થવો જોઈએ. બીજું કારણ હોય તો મને લખજો. આશ્રમમાં જતાં ક્ષોભ ન જ થવો જોઈએ.

બાપુના આશીર્વાદ

મારું તો અનિશ્ચિત છે. આ માસ તો આખો અહીં જશે જ.

ચિ. વસુમતી ધીમંતરામ

કેળાપીઠ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૨૧૬

## ૨૨૨. કલકત્તામાં સ્વરાજ પક્ષના ધારાસભ્યો સમક્ષ ભાષણ[3]

જુલાઈ ૯, ૧૯૨૫

મહાત્માજીએ કહ્યું કે શ્રી સેનગુપ્તા કલકત્તાના વતની છે કે નથી એવા નાના સવાલમાં તમારે ન પડવું જોઈએ. મહત્ત્વનો મુદ્દો એ છે કે તેઓ સ્વરાજ પક્ષના નેતા છે અને બંગાળ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ છે. જેમને તાજેતરમાં જ તમે નેતા તરીકે પસંદ કર્યા છે, તેમને જ મેયરપદ સોંપવામાં આવે તે યોગ્ય છે. આપણે કટુતાભરી ચર્ચામાં ન ઊતરવું જોઈએ. જો શ્રી સેનગુપ્તાને તક આપવામાં આવશે તો તેઓ કૉર્પોરેશન માટે એક કીમતી મૂડી નીવડશે. તેમના પર કોઈ જાતનું નિયંત્રણ ન મૂકવું જોઈએ, અને રાજકીય કે મ્યુનિસિપાલિટીને લગતી બધી જ બાબતોમાં લોકોએ તેમને અનુસરવું જોઈએ. દેશબંધુની લગભગ તમામ પ્રવૃત્તિમાં સાથે રહીને કામ કરવાથી શ્રી સેનગુપ્તાને તેમનો વારસો મળ્યો છે અને તેને સાચવવામાં તેઓ ભૂલ નહીં

૧. સાચી તારીખ પ્રમાણે લેખ ૨૩૨ અહીં લીધો છે.

૨. પોસ્ટના સિક્કા પરથી લાગે છે કે આ પત્ર જુલાઈની ૯મીએ કલકત્તાથી પોસ્ટ કર્યો હશે.

૩. મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયરની ચૂંટણી અંગે આ સભા મળી હતી. બે ઉમેદવારો હતા: સ્વરાજ પક્ષના મોવડી શરદચંદ્ર બોઝ તથા જે. એમ. સેનગુપ્તા. ગાંધીજીને તથા મૌલાના આઝાદને બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ આ બેમાંથી જે. એમ. સેનગુપ્તાને ચૂંટવા માટે સભાસદોને સમજાવવાનું કામ સોંપ્યું હતું. આના વિરોધમાં એ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો કે જે. એમ. સેનગુપ્તા કલકત્તાના રહેવાસી નથી. તેઓ ચિત્તાગોંગના મૂળ વતની છે ને ત્યાંથી આવ્યા છે. ગાંધીજીએ એક કલાક ભાષણ આપ્યું. તેની પૂરી નોંધ મળતી નથી. આ ભાષણ પછી મત લેવામાં આવ્યા. સેનગુપ્તા ૩૧ વિ૦ ૬ મતે ચૂંટાઈ આવ્યા.

Gandhi Heritage Portal

કરે. મને ખાતરી છે કે શ્રી સેનગુપ્તાનો વહીવટ ઘણો જ સુખદ અને સમૃદ્ધ નીવડશે અને તેમાં તેમના સાથીઓની શુભેચ્છા તથા સહકાર મળશે.[1]

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૦–૭–૧૯૨૫

4605

## ૨૨૩. દાર્જિલિંગમાં

[જુલાઈ ૧૦, ૧૯૨૫]

દાર્જિલિંગમાં દેશબંધુ દાસ સાથે મેં જે પાંચ દિવસો ગાળ્યા, તેનાં પુણ્ય સ્મરણો વાચકો પાસે રજૂ કરવાનું વચન હું લગભગ આપી ચૂક્યો છું. આ મારા જીવનનાં અત્યંત મૂલ્યવાન સ્મરણો છે. જેમ જેમ સમય જતો જાય છે તેમ તેમ તેનું મૂલ્ય વધતું જાય છે. એ શા માટે તે મારે વાચકને જણાવવું જોઈએ. દેશબંધુને ઘેર આ અગાઉ હું ઘણી વાર રહ્યો છું, પણ ત્યારે અમારું મિલન કેવળ રાજકીય હેતુ માટે રહેતું. અમે બંને અમને સોંપાયેલા કામમાં જ ડૂબેલા રહેતા. પણ દાર્જિલિંગમાં ભૂમિકા જુદી હતી. ત્યાં દેશબંધુ પૂરેપૂરા મારી જ સોબતમાં હતા. તેઓ આરામ કરી રહ્યા હતા. અને હું કેવળ તેમની સાથે સંપર્ક સાધવા માટે જ ગયો હતો. આરામ માટે મારું દાર્જિલિંગ જવું એ કેવળ બહાનું જ હતું. ત્યાંનાં હિમાચ્છાદિત શિખરોનું આકર્ષણ હોવા છતાં દેશબંધુ ત્યાં રહેલા ન હોત તો હું ગયો ન હોત. પણ તેમણે છેલ્લે મારા પર લખવા માંડેલી પેન્સિલના અક્ષરવાળી એક ચિઠ્ઠીમાં મને લખ્યું હતું કે "યાદ રાખો, તમે મારા અધિકારક્ષેત્રમાં છો. હું સ્વાગત સમિતિનો પ્રમુખ છું. તમારે તમારા પ્રવાસમાં દાર્જિલિંગને સામેલ કરવાનું છે. આ હુકમ છે એમ સમજજો." તેમની આવી મધુર ચિઠ્ઠીઓ મારી પાસે સચવાઈ રહી હોત તો કેવું સારું? પણ મારી પાસેના આવા સેંકડો દસ્તાવેજો ગુમ થઈ ગયા છે. તે જ રસ્તે એ પણ ગઈ છે. મેં દલીલ કરી કે "મારે આખી કારોબારી સાથે લેવાની છે." "તો આખી કારોબારીને અહીં લાવો. તેમના ઉતારાની હું વ્યવસ્થા કરીશ. બંગાળ પ્રદેશ કોંગ્રેસ સમિતિ સભ્યોનું પ્રવાસખર્ચ આપશે. એ મુજબ હું શત્કોડીને લખી જણાવું છું." આવો તેમનો તારની ભાષામાં ટૂંકોટચ જવાબ હતો. હું આખી કારોબારીને ત્યાં લઈ જઈ શકું એમ નહોતું એટલે મેં વચન આપ્યું કે ત્યાંની બેઠક પછી બને તેટલો વહેલો હું ત્યાં આવીશ. અને એ રીતે હું ગયો. હું ત્યાં માત્ર બે દિવસ માટે ગયો હતો. તેમણે મને ખાસ્સા પાંચ દિવસ તેમની સાથે રાખ્યો. તેમણે વાસંતીદેવી મારફતે શ્રી ફૂકનને મારી આસામની મુસાફરી મુલતવી રાખવા જણાવ્યુ અને પોતે બંગાળનો પ્રવાસ ત્રણ દિવસ માટે મુલતવી રાખ્યો. અમે એકબીજાની સાથે રહેવા માટે કેટલા આતુર હતા એ બતાવવા માટે હું આ વિગતો જણાવું છું. બનવા પામ્યું છે તેમ જાણે કે દેશબંધુ જે ચિરનિદ્રામાં પોઢવાના હતા તેની પૂર્વતૈયારી રૂપે અમારું આ મિલન ગોઠવાયું હતું.

તેઓ સાવ પથારીવશ ભલે નહોતા પણ અસ્વસ્થ તો હતા જ. તેમની સંભાળ રાખવાની જરૂર હતી. પણ મારી તથા મારા સાથીઓની નાનામાં નાની સગવડ વિષે ધ્યાન રાખવા બાબતમાં

૧. સેનગુપ્તા માટે મેયરપદની ભલામણ કરવા માટેના પાયાના હેતુની ગાંધીજીની સમજૂતી માટે જુઓ "કલકત્તાના મેયર", ૧૬–૭–૧૯૨૫.

ગાંધી સ્મારક સંગ્રહ

Gandhi Heritage Portal

તેઓ આગ્રહ રાખતા. તેમની બધી વ્યવસ્થા બહુ મોટા પાયા પર થવી જોઈએ. તેમણે નીચેના પ્રદેશમાંથી પાંચ બકરીઓ મંગાવી હતી. એક પણ ભોજન વખતે મારા ભાણામાં દૂધ ન હોય તેવું તે બનવા ન દેતા. અગાઉ વાસંતીદેવીએ સગી બહેનની જેમ મારી સરભરા કરી હતી. પણ દાર્જિલિંગમાં તો હું દેશબંધુની અંગત કાળજી હેઠળ મુકાયો હતો. અને તેમાં જરાય કૃત્રિમતા નહોતી. અતિથિસત્કાર તેમના પરિવારનો જીવનમંત્ર હતો. તેમણે તેમની ઉદાર મહેમાનગતિના કેટલાક ખાસ પ્રસંગો કહી બતાવ્યા. રાજકીય પ્રતિસ્પર્ધીઓ કે અજાણ્યા માણસો પ્રત્યેના તેમના આદરભાવની જાણ મને દાર્જિલિંગમાં જ થઈ. બંગાળમાં કાંતણ તથા ખાદીકામની યોજના અમે કરી હતી. તે વિષે ચર્ચા કરવા માટે દેશબંધુ દાસની સૂચનાથી ખાદી પ્રતિષ્ઠાનવાળા શ્રી સતીશબાબુને બોલાવી મંગાવ્યા હતા. મેં તેમને પૂછયું કે સતીશબાબુને તમે ક્યાં ઉતારવા માગો છો? તેમણે કહ્યું, “આ જ ઘરમાં વળી.” મેં કહ્યું, “પણ અહીં આપણી સંખ્યા ઘણી મોટી છે”. તેમણે તરત જ વળતો જવાબ આપ્યો, “બિલકુલ નહીં. જરૂર પડે તો તેઓ મારો ઓરડો લઈ શકે છે.” મને તેમની તથા કામના ભાર નીચે ચગદાતાં તેમનાં પત્નીની ચિંતા થતી હતી, ત્યારે તેઓ સતીશબાબુની ચિંતા કરતા હતા. તેમણે કહ્યું, “વળી, મને ખબર છે કે સતીશબાબુના મનમાં એવી છાપ છે કે મને તેમના પ્રત્યે કંઈક પૂર્વગ્રહ છે. તેઓ પ્રમાણમાં મારે માટે અજાણ્યા જેવા છે. તમે જાણો છો કે મને મારા બીજા મિત્રોની ચિંતા નથી. તે લોકો મારે વિષે ગેરસમજ નહીં કરી શકે. સતીશબાબુએ આ ઘરમાં જ રહેવાનું છે.”

અમે બંગાળમાંનાં જુદાં જુદાં રાજકીય જૂથો વિષે વાતો કરી. અને વાતવાતમાં મેં એ પણ કહ્યું કે સ્વરાજ પક્ષની સામે લાંચ અને ભ્રષ્ટાચારના આરોપો મુકાયા છે. મેં એમને એ હકીકત જણાવી કે સર સુરેન્દ્રનાથે મને બંગાળ છોડતાં પહેલાં એમની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું છે. તેમણે કહ્યું, “જરૂર જાઓ. અને આપણી વચ્ચે થયેલી બધી વાતચીત વિષે તેમને કહેજો. અને લાંચની તથા ભ્રષ્ટાચારની વાતો સાવ ખોટી હોવાનું ભારપૂર્વક કહું છું તે પણ કહેજો. પક્ષની સામેનો એક પણ આક્ષેપ સાચો પુરવાર થઈ શકે એમ હોય તો હું જાહેર જીવનમાંથી નિવૃત્તિ લેવા તૈયાર છું. હકીકત એ છે કે બંગાળનું જાહેર જીવન, એકબીજા પ્રત્યેની ઈર્ષા અને નિંદાના વાતાવરણથી ભરેલું છે. અસાધારણ ઝડપથી થયેલી સ્વરાજ પક્ષની ચડતી તથા સફળતા કેટલાયે લોકો સહન કરી શકતા નથી. એટલે તમે આ બધા આક્ષેપોને ઝીણવટથી તપાસો અને તમારો વિચારપૂર્વકનો નિર્ણય આપો એમ હું ઇચ્છું છું. હું તમને ખાતરી આપું છું કે હું તમારી માફક અપ્રામાણિકતા કરવામાં માનતો નથી. હું સમજું છું કે મારા દેશને અપ્રામાણિક સાધનોથી મુક્ત કરી શકાય નહીં. જો તમે બધા પક્ષોને ભેગા કરી શકો તો તમે એક મહાન સેવા કરી ગણાશે. એ શકય ન હોય તો પરસ્પરનો અવિશ્વાસ દૂર થઈ શકે તોપણ ઘણું છે. તમે ખાસ કરીને શ્યામબાબુ તથા સુરેશબાબુ સાથે વાત કરજો. તેમને કંઈ પણ અવિશ્વાસ કે શંકા હોય તો તેઓ મારી પાસે કેમ નથી આવતા? અમે એકબીજાથી ભિન્ન મત ધરાવતા હોઈએ, પણ અમારે એકબીજાને ભાંડવા તો ન જ જોઈએ.” મેં વચમાંથી કહ્યું: ફૉરવર્ડ સામે આવો જ આક્ષેપ છે તેનું શું? હું તે વિષે જાણતો નથી. કારણ કે હું એ છાપાં વાંચતો નથી. પણ એ પ્રકારની ફરિયાદો મેં ફૉરવર્ડ સામે પણ સાંભળી છે.” તેમણે જવાબમાં કહ્યું: “હા, ફૉરવર્ડનો દોષ હશે. તમે જાણો છો કે તમે જેમ યંગ ઇન્ડિયાની બાબતમાં કરો છો તેમ હું ફૉરવર્ડ માટે લખતો પણ નથી. અને તેના પર દેખરેખ પણ રાખતો નથી. પણ જો લોકો આવી બાબતો મારા ધ્યાન પર લાવશે તો હું ખુશીથી તે વિષે તપાસ કરીશ અને તે સુધારીશ. હું માનું છું કે

Gandhi Heritage Portal

તમે ફૉરવર્ડને હમેશાં બચાવના વલણવાળું જોશો. પણ રક્ષણાત્મક મોરચો સાચવનાર કોઈ વાર પોતાની હદ ઓળંગી જાય એવું બને. મારી પાસે રજ થઈ છે એવી જ જો હકીકતો હોય તો અક્ષમ્ય અતિશયોક્તિ થઈ હોવાના ફૉરવર્ડમાંના કિસ્સાની હું તપાસ કરી રહ્યો છું તે તમે જાણો છો. હું તમને ખાતરી આપું છું કે આ વિષે મેં ખૂબ જ કડક શબ્દોમાં ટીકા કરી છે. મેં તેના લેખકને પણ અહીં બોલાવી મગાવ્યો છે." આમ અમારા વાર્તાલાપો ચાલ્યા કરતા હતા. એ દરમ્યાન મેં જોયું કે પોતાના પ્રતિપક્ષીને અન્યાય ન થાય અને બધા પક્ષો વચ્ચે માનભર્યું ઐક્ય સધાય તે માટે તેઓ ખૂબ જ સાવધાન રહેતા હતા.

મેં પૂછ્યું, "સર્વ પક્ષ પરિષદ અથવા શ્રી કેળકર સૂચવે છે તેમ અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ બોલાવવાની બાબતમાં તમારું શું માનવું છે?" તેમણે જવાબ આપ્યો, "અત્યારે એ થાય એમ હું ઇચ્છતો નથી. એ સમિતિ અત્યારે નિરુપયોગી છે, કારણ કે અમે સ્વરાજ પક્ષના લોકો અમારો વ્યવહાર શુદ્ધ રાખવા માગીએ છીએ અને નવા મતાધિકારની પૂરેપૂરી કસોટી કરવા ઇચ્છીએ છીએ. હું તમને કહું છું કે રેંટિયા વિષે તમે જે વિચારો ધરાવો છો તે પર હવે હું વધારે ને વધારે આવતો જાઉં છું. મને લાગે છે કે આપણે બધી જગ્યાએ સચ્ચાઈથી કામ કર્યું જ નથી. અહીં બંગાળમાં તમે કહો છો તે પ્રમાણે તમને કોઈ પક્ષ તરફથી વિરોધ નડ્યો નથી. પણ જો હું બીમાર થયો ન હોત તો રેંટિયાને હું પૂરેપૂરો સફળ કરી બતાવત. હું તમને કહું છું કે હું રેંટિયાપ્રચારનું કામ કરવા ધારતો હતો અને તેના સંગઠનના કામમાં તમારી મદદ મળે એવી પણ મારી ગણતરી હતી. પણ તમે જુઓ છો કે હું અત્યારે લાચાર બની ગયો છું. આ વરસે કોઈ ફેરફાર થઈ શકે તેમ નથી. એથી ઊલટું, અમારે સૌએ આ નવા મતાધિકારને પૂરેપૂરી કસોટી પર ચડાવવો જોઈએ. હું મહારાષ્ટ્રના મિત્રોને આ વિષે લખવાનો છું."

પ્રસ્તાવ હેઠળની સર્વ પક્ષ પરિષદ અંગે તેમણે કહ્યું, "હજી હમણાં આપણે પરિષદ ભરવાની જરૂર નથી. હું લૉર્ડ બર્કનહેડ તરફથી કંઈક ધડાકો થાય તેવી આશા રાખું છું. તે એક બળવાન માણસ છે, અને બળવાન માણસો મને ગમે છે. તેઓ બોલે છે એટલા ખરાબ માણસ નથી. જો આપણે સભા બોલાવીએ તો આજની પરિસ્થિતિ વિષે કંઈક તો બોલવું જ પડે. પણ તેઓ આજની ઘડીએ આપણને જે કંઈ આપવા ઇચ્છતા હોય, તેના કરતાં વધારે ઊંચી માગણીઓ જાહેર કરીને આપણે તેમને મૂંઝવવા ન જોઈએ. આપણી માગણીઓ ઓછી બતાવીને તેમને નિરાશ કરવા પણ હું માગતો નથી. આપણે નજર રાખતા રહેવું જોઈએ ને થોભી જવું જોઈએ. એમ કરવામાં આપણે કશું ગુમાવવાપણું નથી. તેમનું નિવેદન સંતોષકારક નહીં હોય તો પછી સંગઠિત રીતે પગલાં લેવાનો નિર્ણય કરવા સર્વ પક્ષ પરિષદ બોલાવવા માટેનો સમય આવ્યો ગણાય." સૂચવવામાં આવેલી પરિષદ ન બોલાવવા માટેનું આ કારણ મને નવું જ લાગ્યું, એટલે મેં કહ્યું, "તમે ને મોતીલાલજી ના કહેશો ત્યાં સુધી અને મારા પર પ્રતિનિધિઓની સહીઓવાળું સભા બોલાવવા માટેનું વિનંતીપત્ર નહીં આવે ત્યાં સુધી હું આવી સભા નહીં બોલાવું. પણ મારે તમારી આગળ કબૂલ કરવું જોઈએ કે હું તમારા જેવો વિશ્વાસ ધરાવતો નથી. હિંદુમુસ્લિમ વચ્ચેના વિખવાદો વધી રહ્યા છે તે જુઓ. બ્રાહ્મણબ્રાહ્મણેતરના ઝઘડાનો વિચાર કરો. બંગાળમાંના રાજકીય પક્ષો તરફ જુઓ. આપણે સ્પષ્ટ રીતે અત્યારે છીએ તેટલા નબળા અગાઉ કદી નહોતા. અને અંગ્રેજોએ નબળાઈ આગળ કદી નમતું આપ્યું નથી, એ વાતમાં તમે મારી સાથે સંમત નહીં થાઓ? ઇંગ્લંડ પાસેથી આપણે કોઈ પણ મોટી ચીજની અપેક્ષા રાખીએ તે પહેલાં આપણે આપણી જાતને મજબૂત બનાવવી જોઈએ એમ મને

Gandhi Heritage Portal

લાગે છે.” દેશબંધુ અધીરા બન્યા અને બોલ્યા, “તમે એક તર્કશાસ્ત્રીની જેમ દલીલો કરો છો. હું તો મને અંતરથી જે કંઈ લાગે છે તે કહું છું. મને જાણે કે અંતરનો અવાજ કહે છે કે કંઈક મહત્ત્વની જાહેરાત થવાની છે.” મેં વધુ દલીલો ન કરી. આવી ઊભરાતી શ્રદ્ધા સામે મેં મારું મસ્તક આદરથી નમાવ્યું. મેં તેમને કહ્યું કે અંગ્રેજોના ચારિત્ર્ય માટે મને ઘણું માન છે. તેમનામાંના ઘણા મારા આદરણીય મિત્રો છે. પણ મેં જોયું કે તે લોકો પરની દેશબંધુની શ્રદ્ધા મારા કરતાં ઘણી વધારે હતી. અંગ્રેજો એટલું જાણી લે કે દેશબંધુના જવાથી તેમણે એક મહાન મિત્ર ગુમાવ્યો છે.

કલકત્તામાંનો પીરનો સવાલ તેમને સારી રીતે અકળાવતો હતો. તેના નિવેડા માટે મારાથી જે કંઈ થઈ શકે તે મારે કરવું જોઈએ એ બાબતમાં તેઓ આતુર હતા. તેમણે કહ્યું, “હું મુસલમાનોની લાગણીઓને શાંત કરવા માગું છું. મને એમ આશા હતી કે કબરની ફરતી દીવાલ થઈ જશે એટલે બધું થાળે પડી જશે. પણ હવે એ દીવાલ કાઢી નાખવા માટેનું આંદોલન શરૂ થયું છે. તેનો હું વિરોધ કરી શકું એમ નથી. કાયદો અનધિકૃત સ્થળે દફન કરવાની વિરુદ્ધ છે એમ સ્પષ્ટ દેખાય છે. સુભાષ કે સુહરાવર્દી કોઈને તેવી રજા આપવાનો અધિકાર નહોતો. પણ હું જે કંઈ કરું તેમાં મુસલમાનોને મારે સાથે રાખવા જોઈએ. હું તેમને એ વાત સમજાવવા કોશિશ કરી રહ્યો છું કે તેઓ પોતે જ શબને ત્યાંથી ખસેડી લે. મને આશા છે કે તેઓ મારું સાંભળશે.”

અમે તારકેશ્વર પ્રકરણ પર ચર્ચા કરી, અને તેનું પરિણામ એક નિવેદનમાં રજૂ કર્યું.[૧] જરૂર પડે તો અમારી બંનેની સહીથી તે નિવેદન બહાર પાડવાનું હતું. અમે ડૉ. બેસન્ટના મૅનિફેસ્ટો પર પણ ચર્ચા કરી. આનો જવાબ તેમણે જલદી આપવાનો હોઈ અમે તે વિષેની ચર્ચા સૌથી પહેલી હાથ ધરી હતી. આ ચર્ચાને અંતે મેં એક પત્ર[૨] તૈયાર કર્યો ને તે તેમણે ડૉ. બેસન્ટને મોકલી આપ્યો.

પણ સૌથી વધારે વખત રેંટિયા અને ખાદીના કાર્યક્રમ પર, અને ખાસ કરીને તેમના ગ્રામ-પુનર્રચના જોડેના સંબંધ વિષેની વાતોમાં ગાળ્યો. તેમનું દિલ આ વિષય ઉપર ચોંટયું હતું, અને તે માટે તેમણે દોઢ લાખ રૂપિયા જેટલી રકમ એકઠી કરી હતી. મેં તેમને કહ્યું કે તેમની યોજના એટલી બધી મહત્ત્વાકાંક્ષી છે કે તે તરત જ અમલમાં મૂકી શકાય એવી નથી. મેં એ પણ કહ્યું કે પ્રતાપબાબુએ મને એ યોજનાનું માળખું બતાવ્યું હતું અને મેં તેને તદ્દન અવ્યવહારુ ગણીને નામંજૂર કર્યું હતું. દેશબંધુએ તે જોયું નહોતું. યોજના અવ્યવહારુ છે તે વાત તેમણે કબૂલ કરી. હકીકતમાં પ્રતાપબાબુએ પોતે પણ તે અમલમાં ન મૂકી શકાય તેવી છે એમ કબૂલ્યું હતું. મેં દેશબંધુને કહ્યું કે ગામડાંની બીજી બધી પ્રવૃત્તિના કેન્દ્રમાં રેંટિયાને મૂકવો જોઈએ. બધી પ્રવૃત્તિઓ રેંટિયાની આસપાસ ચાલવી જોઈએ અને જ્યાં રેંટિયાની પ્રવૃત્તિ બરાબર જામી હોય ત્યાં જ બીજી પ્રવૃત્તિઓ ઉમેરી શકાય. મેં એમ પણ સૂચવ્યું છે કે આ ગ્રામસંગઠન પ્રવૃત્તિ રાજકીય ખળભળાટથી તદ્દન મુક્ત હોવી જોઈએ. અને તેથી એ પ્રવૃત્તિ કાયમી અધિકારો ધરાવતી એક નિષ્ણાત સમિતિને સોંપવી જોઈએ અને એ સમિતિનું એક માત્ર કામ ગ્રામસંગઠનનું જ રહેવું જોઈએ. મેં સૂચવ્યું કે તમે આવી સમિતિ રચવા માટે સતીશબાબુને આમંત્રણ આપો

૧. જુઓ “સત્યાગ્રહીઓની ફરજ,” ૨૫-૬-૧૯૨૫.
૨. જુઓ “એની બેસન્ટને લખેલા પત્રનો મુસદ્દો”, ૪-૬-૧૯૨૫.

Gandhi Heritage Portal

અને તેમને કહો કે કૉંગ્રેસ વતી તમે આ કામ સંભાળી લો. મેં અહીં મારી ચર્ચાનો માત્ર સાર જ આપ્યો છે. દેશબંધુ આ બધી વાત સાથે સંમત થયા એટલું જ નહીં પણ તેમણે આ બધી વાતોની નોંધ લઈ લીધી અને તેઓ આ યોજના એકદમ અમલમાં મૂકવા ખૂબ આતુર હતા. તેમણે મને કહ્યું કે તમે દાર્જિલિંગમાં છો તે દરમિયાન જ સતીશબાબુ સાથે હું આ યોજના વિષે ચર્ચા કરી લેવા ધારું છું અને પછી કૉંગ્રેસ સમિતિ આ બાબતનો જરૂરી ઠરાવ પસાર કરે તે માટે હું સૂચનાઓ આપીશ. એટલે સતીશબાબુને એકદમ બોલાવી લેવામાં આવ્યા. તે આવ્યા. પહેલાં અમારા ત્રણ જણ વચ્ચે ચર્ચા થઈ. તે પછી મને બીજા કામ માટે છૂટો કર્યો ને એકલા દેશબંધુએ સતીશબાબુ સાથે ઘણી બાબતોની ચર્ચા કરી. સતીશબાબુ આવા મંડળના પ્રથમ સભ્ય બને એમ ઠરાવવામાં આવ્યું. શત્કોડીબાબુ બીજા સભ્ય બને અને તે બંને ત્રીજા સભ્યને પસંદ કરે એમ નક્કી કરવામાં આવ્યું. ગામડાંઓ માટે એકઠા કરવામાં આવેલા ફંડમાંથી કેટલોક હિસ્સો તરત જ તેમને સોંપવાનો હતો. અને જલપાઈગુરીમાં મને જે થેલી અર્પણ થવાની હતી, તેમાંથી પણ થોડોક ભાગ તેમાં આપવાનું ઠર્યું. આ સમિતિ નક્કર પાયા પર રચાય તે માટે તેને બેનિવોલન્ટ સોસાયટી રજિસ્ટ્રેશન ઍક્ટ નીચે નોંધાવવાની જરૂર લાગે તો તેમ પણ કરવું એમ ઠરાવ્યું, અને દેશબંધુએ આ ધારાનો એ દૃષ્ટિએ અભ્યાસ કરવાનું માથે લીધું. દેશબંધુએ પ્રતાપબાબુને આ બધી ચર્ચાની હકીકત જણાવી અને આ નિર્ણયને અમલમાં મૂકવા માટેની સૂચનાઓ આપી.

તેમનામાં રેંટિયા માટે અને ગ્રામસંગઠન માટે આવી ધગશ હતી. "જો લૉર્ડ બર્કનહેડ આપણને નિરાશ કરશે," તેમણે કહ્યું, "તો આપણે ધારાસભામાં શું કરવું તેની ખબર નથી. પણ આટલી વાત મારા મનમાં નક્કી છે કે આપણે તમારા રેંટિયાના કાર્યક્રમનો અમલ કરવો જ જોઈએ અને આપણાં ગામડાંનું સંગઠન કરવું જ જોઈએ. આપણે ફરી પાછા એક ઉદ્યોગી દેશ બનવું જોઈશે. આપણે કાઉન્સિલમાં તાકાત રેડવી જોઈશે. મારે બંગાળના યુવકોને અંકુશમાં લેવા પડશે. મારે શક્ય હોય તો સરકારની મદદથી અને તેમ ન થઈ શકે તો તે વિના પણ એટલું સિદ્ધ કરી બતાવવું છે કે હિંસા વિના સ્વરાજ હાંસલ થઈ શકે એમ છે. આપણા દેશની મુક્તિ માટે અહિંસા તમારી માફક મારે માટે પણ છેવટનો ધર્મસિદ્ધાંત બની ગઈ છે. આપણે અહિંસા વિના સવિનયભંગ કરી નહીં શકીએ. અને સવિનય ભંગની લડત આપવાની તાકાત વિના સ્વરાજ મળી જ ન શકે. આપણે પ્રતિકારની એવી લડત આપવી ન પડે, તોપણ તેને માટેની શક્તિ તો આપણામાં હોવી જ જોઈએ. મારે મારા અધીરા જુવાનો માટે કંઈક કામ શોધી કાઢવું જોઈએ. હું તમારી સાથે એ વાતમાં સંમત છું કે જો અમે કાળજી ન રાખીએ તો અમારી છાવણીમાં ભ્રષ્ટાચાર ઘૂસી જવાનો ભય રહે છે. આપણા બધા વ્યવહારમાં સત્યના આચરણનું મૂલ્ય હું મારા ગુરુ પાસેથી શીખ્યો છું. તમે તેમની સાથે થોડા દિવસો ગાળો એમ હું ઇચ્છું છું. મારે જેની જરૂર છે તેની તમારે પણ છે એવું નથી. પણ મારામાં જે શક્તિ પહેલાં નહોતી, તે તેમણે મને આપી છે. પહેલાં જે વસ્તુઓ હું ઝાંખી ઝાંખી જોતો તે હવે સ્પષ્ટ જોઈ શકું છું."

વાર્તાલાપના આ ભાગને આથી વધારે આગળ ચલાવવાની મારી હિંમત નથી. હું વાચકને એટલું જ કહી શકું કે તે વાર્તાલાપ આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચ્યો અને તે માત્ર વાર્તાલાપ ન રહેતાં એક પ્રવચન બની રહ્યો. તેમણે તો તેઓ આજે શું કરે છે અને સાજા થયા પછી શું કરવા ઇચ્છે છે, તે વિષેની જ વાતોનો અનંત પ્રવાહ વહેવડાવવા માંડ્યો. તેમના આ પ્રવચનમાં મને તેમની ઊંડી આધ્યાત્મિક દૃષ્ટિનાં દર્શન થયાં. મને તેમના જીવનની આ બાજુની બહુ



Gandhi Heritage Portal

ખબર નહોતી. અનેક પ્રસિદ્ધ બંગાળીઓની જેમ તેમનામાં પણ આ અદમ્ય આધ્યાત્મિક ઝંખનાઓ હશે તે હું જાણતો નહોતો. ચાર વરસ પહેલાં પ્રથમ વાર તેમણે ગંગાને કિનારે એક કુટિર બાંધીને રહેવાની વાત કરી હતી અને એ જ વાત સાસૂન હૉસ્પિટલમાં તેઓ મને મળવા આવ્યા ત્યારે પણ કરી હતી. એ વખતે એ વિષે હું મારા મનમાં હસ્યો હતો અને વિનોદમાં કહ્યું હતું કે તમે આવી કુટિર બાંધશો ત્યારે મારે તેમાં રહેવા આવવું પડશે. પણ દાર્જિલિંગમાં મને મારી ભૂલ સમજાઈ. પરિસ્થિતિના દબાણને કારણે ભલે તેઓ રાજકારણમાં દાખલ થયા હોય, પણ એ રાજકારણ કરતાં તેઓ આ બાબતમાં વધારે ગંભીર હતા.

વાચક એમ ન માને કે અમે ત્યાં ચર્ચેલા તમામ મુદ્દા મેં અહીં રજૂ કરી દીધા છે. મેં તો માત્ર મુખ્ય મુખ્ય બાબતો જ યાદ કરવાનો પ્રયત્ન કર્યો છે. યુરોપિયનો અને હિંદીઓનાં તેમણે આલેખેલાં રેખાચિત્રો મેં છોડી દીધાં છે.

પણ જેમ અમારી મુખ્ય ચર્ચા હમેશાં રેંટિયાની આસપાસ ફર્યા કરતી તેમ અમારી રોજની દિનચર્યા પણ જુદી ન હતી. આખું ઘર એક કાંતણ કલબ બની ગયું હતું. મહાદેવ, સતીશબાબુ અને હું નિષ્ણાત શિક્ષકોનું કામ કરતા. અમે બધા દેશબંધુને વારાફરતી રેંટિયો કાંતતાં શીખવતા. તેમણે પટણામાં રેંટિયાની તાલીમ લેવાનું ગંભીરપણે શરૂ કર્યું હતું. તેમણે રાજેન્દ્રબાબુ પાસે શિક્ષકની માગણી કરી હતી. પણ તે વખતે તેમની તબિયત એટલી નરમ હતી કે તે શક્ય ન બન્યું. પણ દાર્જિલિંગમાં તેમને શીખવા માટેની વધારે આશા હતી. તેમનો ડાબો ખભો દુખતો હતો, પણ તેઓ કહેતા કે પીડા શમી જશે એટલે હું ખૂબ સારી રીતે કાંતી શકીશ. "પણ ધ્યાન રાખજો હોં. હું હાથના કામમાં સાવ ઢ જેવો છું. પૂછો મારી પત્નીને, હું એ બાબતમાં કેટલો નકામો છું." "હા", વાસંતીદેવીએ કહ્યું, "તેમને નાની સુટકેસ ઉપાડવી હોય તોપણ તે મને બોલાવે છે." મેં કહ્યું "તમે સ્ત્રીઓ ભારે ચાલાક છો. તમે તમારા પતિને નાની નાની બાબતમાં પણ લાચાર બનાવી દો છો એટલે તેમના પર તમારું પૂરું વર્ચસ્વ ટકી રહે." દેશબંધુના ખડખડ હાસ્યથી આખું મકાન ગાજી ઊઠયું. તેઓ જેટલા ખુલ્લા દિલે રડી શકતા તેટલા જ હસી શકતા. તેમનું રુદન તેમની પત્નીની જેમ એકાંતમાં જ થતું. આ દારુણ શોકમાં વાસંતીદેવી તેમના નજીકના નજીક સ્વજનો પાસે પણ રડયાં ન હતાં, પણ દેશબંધુ તો લોકોનાં મોટાં ટોળાં વચ્ચે પણ હસી શકતા ને પોતાના હાસ્યના પ્રકાશથી વાતાવરણ ભરી દેતા. અમારી ગંભીર ચર્ચા હાસ્યથી શરૂ થતી ને તેનો અવાજ ઘરનાં બધાં માણસોના કાને પડતો. તેમને ખબર હતી કે મને પલાંઠી વાળીને બેસવાની ટેવ છે. તેઓ પોતાની પથારીમાં આડા પડયા હતા. હું ખુરશીમાં બેઠો હતો. ખુરશીમાં પગ લટકતા રાખી બેચેની અનુભવતો હોઉં કે માંડ માંડ તેમાં પલાંઠી વાળવાનો પ્રયત્ન કરતો હોઉં તે દૃશ્ય તેઓ ન જોઈ શકયા, એટલે તેમણે પોતાની પથારીમાં સામે તકિયો મુકાવ્યો અને તેની સામે ખાદીનો ગાલીચો પથરાવ્યો ને મને તેના પર બેસાડયો. હું તેના પર સ્વસ્થતાથી બેઠો એટલે મેં કહ્યું, "આ જોઈને મને શું યાદ આવે છે તે કહું? મને એક ચાલીસ વરસ પહેલાંનો પ્રસંગ અત્યારે યાદ આવે છે. અમે જ્યારે પરણવા બેઠાં ત્યારે હું અને મારી પત્ની આવી જ રીતે સામસામે બેઠાં હતાં. અત્યારે જો કોઈ વાતની ખામી હોય તો માત્ર હસ્તમેળાપની છે. વાસંતીદેવીનું આ બાબતમાં શું કહેવું છે તેની શી ખબર?" અને આખો ઓરડો હાસ્યથી ગાજી ઊઠયો. પણ ખેર! હવે તો એ હાસ્ય ફરી સાંભળવા નહીં મળે.

× × ×

Gandhi Heritage Portal

ઉપરનાં સંસ્મરણો મેં બાંકુરામાં ૮મી તારીખે લખ્યાં હતાં. લૉર્ડ બર્કનહેડનું ભાષણ કલકત્તામાં ૯મીએ પ્રસિદ્ધ થયું. અને તે જ દિવસે હું તે ઝડપથી જોઈ ગયો. હું આ નોંધ ૧૦મીએ લખી રહ્યો છું. હવે તો હું એ ભાષણ કાળજીપૂર્વક વાંચી ગયો છું. એથી સંસ્મરણોની કિંમત વધી જાય છે. લૉર્ડ બર્કનહેડના ભાષણથી દેશબંધુને કેટલો બધો આઘાત પહોંચ્યો હોત, તે હું જાણું છું. ગમે તે કારણે તેમણે એવી આશા બાંધી હતી કે લૉર્ડ બર્કનહેડ કંઈક મોટી વાત કરનાર છે. મારા નમ્ર મત પ્રમાણે તો આ ભાષણ અત્યંત નિરાશાજનક છે. એ માત્ર એટલા માટે નહીં કે એમાં આપણને કંઈ જ મળતું નથી, પણ આ ભાષણમાં સત્ય હકીકતોથી ઊલટી જ વાતો કરવામાં આવી છે અને તેની જવાબદારી ખુદ ભારત મંત્રીની પોતાની છે. તેમણે અખત્યાર કરેલા દરેક મહત્ત્વના વલણને કોઈ પણ પક્ષના એકેએક કેળવાયેલા હિંદીએ પડકાર્યું છે. આમાં દુ:ખની વાત એ છે કે તેઓ કદાચ પોતે જે બધું કહે છે તે માનતા હોય છે. અંગ્રેજ લોકોમાં પોતાની જાતને છેતરવાની અજબ શક્તિ છે. એને લઈને તેમને એક લાભ એ થાય છે કે તેઓ અનેક બેચેનીમાંથી ઊગરી જાય છે, પણ તેનાથી પોતે જેના મોટા ભાગ પર રાજ્ય ચલાવે છે એવા જગતને અપાર નુકસાન થાય છે. તેઓ એવો ભ્રમ સેવતા લાગે છે કે આ બધું અમે સંપૂર્ણ અંશે નહીં તો ઘણે અંશે જગતના ભલા માટે કરીએ છીએ. આ જે વિચિત્ર નાટક ભજવવામાં આવ્યું તે વિષે હું શકચ હશે તો હવે પછીના અઠવાડિયામાં ચર્ચા કરવા ધારું છું. દરમ્યાનમાં અંગ્રેજ રાજકારણી પુરુષોને હિંદ માટે પહેલાંના કરતાં વધુ વિચારતા કરવા માટે જેમણે જેમણે કામ કર્યું છે, તેમાંના કાળવશ થયેલા એક પુરુષ પ્રત્યે આપણી વિશિષ્ટ ફરજ ઊભી થાય છે. જો તેઓ હયાત હોત તો અત્યારે કેવી રીતે વર્ત્યા હોત? નિરાશા માટે કોઈ કારણ નથી. ક્રોધ માટે તો એથી પણ ઓછું કારણ છે. લૉર્ડ બર્કનહેડ પાસેથી કોઈ પણ ચીજની અપેક્ષા રાખવા માટે આપણી પાસે કોઈ માહિતી નહોતી. હિંદમાંના અંગ્રેજ શાસનની પ્રશંસામાં તેમણે જે કંઈ કહ્યું છે તે નવું નથી. કોઈ પણ ખંતીલા ઉપતંત્રી માટે એમના નામાંકિત પુરોગામીઓનાં ભાષણોમાંથી લગભગ આવી જ ભાષામાં સમાંતર ફકરાઓ શોધી કાઢવાનું મુશ્કેલ નહીં થાય. આ ભાષણ આપણે આપણું ઘર વ્યવસ્થિત કરીએ તે માટેની નોટિસ છે, અને એને માટે હું પોતે તેમનો આભાર માનું છું. મારી સામે દેશબંધુએ સૂચવેલો ઉપાય પણ મોજૂદ છે. અને મેં તે વાચકોની આગળ રજૂ કર્યો છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–७–१९२५

Gandhi Heritage Portal

## ૨૨૪. મહાદેવ દેસાઈને પત્ર

સિરાજગંજથી વળતાં,
શુક્રવાર [જુલાઈ ૧૦, ૧૯૨૫][1]

ચિ. મહાદેવ,

ટ્રેન ખૂબ હલે છે.

આ તો માત્ર લખવાને ખાતર લખું છું. યંગ ઇન્ડિયાનું લખાણ કદાચ પરબારું મોકલવું પડશે. હજુ તૈયાર નથી થયું. એટલે કદાચ આસામ મેલથી જ મોકલાશે. પેલું ટ્રસ્ટ-ડીડ લઈ રાખજો.

બાપુના આશીર્વાદ

[તા. ક.]

અહીં ત્રણેક હજાર થશે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૧૧૪૩૧

## ૨૨૫. ગુરુદ્વારા કાયદો[2]

[જુલાઈ ૧૧, ૧૯૨૫]

અકાલી આંદોલનના સુખદ અંત માટે પંજાબ સરકાર તથા શીખો બંનેને અભિનંદન ઘટે છે. આ આંદોલનમાં દેશના સેંકડો બહાદુરમાં બહાદુર વીરોનાં આત્મબલિદાન જરૂરી બન્યાં. હજારો બહાદુર અકાલીઓને જેલમાં જવું પડયું. જેલમાં તેમણે જે યાતનાઓ સહન કરી છે તેનાથી લોકો માહિતગાર છે. આવાં ભવ્ય બલિદાન વ્યર્થ જતાં નથી. આપણે આશા રાખીએ કે ગુરુદ્વારાની સુધારણાનું કામ હવે કોઈ પણ અંતરાય વિના સ્થિરપણે આગળ ધપશે. સરકારે અકાલી કેદીઓને છોડી મૂકયા અને અખંડ પાઠ[3] માટેની કડક શરતોમાં થોડી છૂટછાટ મૂકી છે, તે માટે તેને ધન્યવાદ ઘટે છે.

સરકારે કેદીઓને છોડવાની બાબતમાં અને અખંડપાઠ બાબતમાં જે શરતો મૂકી છે તેનાથી થોડો અસંતોષ ઊભો થયો છે, એ વાત તરફ મારું ધ્યાન ખેંચાયું છે. આ વિષે અભિપ્રાય આપવાનું મુશ્કેલ છે. આ નોંધ લખતી વખતે (૧૧–૭–’૨૫) મારી પાસે માત્ર એક નાનો પ્રેસનો તાર છે. પણ જો આ શરતો અપમાનજનક ન હોય પણ માત્ર સાવચેતી માટેની કે સરકારની પ્રતિષ્ઠા સાચવવાના હેતુસર હોય તો અકાલી મિત્રો આની સામે બિનજરૂરી વાંધો નહીં ઉઠાવે એવી હું આશા રાખું છું. તેમનું મુખ્ય ધ્યેય ગુરુદ્વારામાં સુધારણા થાય તે હતું.

૧. ગાંધીજી ૧૯૨૫ના જુલાઈની ૧૦મીએ સિરાજગંજ ગયા હતા.

૨. આ લખાણ હિન્દુસ્તાન ટાઇમ્સ, ૧૭–૭–૧૯૨૫ના અંકમાં ઉતારવામાં આવ્યું હતું.

૩. શીખોના પવિત્ર ગ્રંથ, ગ્રંથસાહેબનો અખંડ પાઠ.

Gandhi Heritage Portal

આ પૂરેપૂરું હાંસલ થયું છે. બાકીની બાબતોનું મહત્ત્વ હું નજીવું નહીં તો ગૌણ તો ગણું જ છું. સરકારે કેદીઓને છોડવામાં અને અખંડપાઠ બાબતમાં જે શરતો મૂકી છે, તેનો અર્થ કરવામાં બહુ કડક ન બનવાની સલાહ અકાલીઓને આપવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–७–१९२५

## ૨૨૬. "આ તો બળાત્કારે સંયમ"

એક બાળવિધવા જેણે પોતાનું નામઠામ મને મોકલ્યું છે તે નીચે પ્રમાણે પોતાનો બળાપો રુએ છે:[1]

આવા કાગળો આવ્યા કરે છે એટલું જ નહીં પણ જ્યાં ત્યાં બાળવિધવાઓને હું જોયા કરું છું. અસંખ્ય બહેનોના સંબંધમાં આવવાથી તેઓનું દુઃખ હું સમજી શકું છું. તેમના દુઃખમાં પુરુષ જેટલી સંપૂર્ણતાએ ભાગ લઈ શકતો હોય તેટલી સંપૂર્ણતાએ ભાગ લેવા ખાતર હું સ્ત્રીસમ બની રહ્યો છું–વિશેષ બનવા પ્રયત્ન કરું છું. ઘણી બહેનોને માની ખોટ પૂરી પાડવા પ્રયત્ન કરું છું. તેથી આ બહેનનું દુઃખ હું પૂરેપૂરું સમજી લઉં છું.

બાળવિધવા જેવી વિરોધી વસ્તુ જ ન હોવી જોઈએ એવો મારો અભિપ્રાય દૃઢ થતો જાય છે. વૈધવ્ય એ ધર્મ નથી; સંયમ એ ધર્મ છે. બળાત્કાર અને સંયમ એ વિરોધી વસ્તુ છે. એક મનુષ્યને ઉતારે છે ત્યારે બીજી વસ્તુ તેને ચડાવે છે. બળાત્કારે પળાયેલું વૈધવ્ય એ પાપ છે; સ્વેચ્છાએ પળાયેલું વૈધવ્ય એ ધર્મ છે; આત્માની શોભા છે; સમાજની પવિત્રતાની ઢાલ છે. પંદર વર્ષની બાળા સમજપૂર્વક વૈધવ્ય પાળે છે એમ કહેવામાં ઉદ્ધતાઈ અને અજ્ઞાન જ છે. પંદર વર્ષની બાળાને વૈધવ્યની વેદનાની ખબર પણ શી પડે? તેને પરણવાની બધી સગવડ માબાપે કરી દેવાનો તેમનો ધર્મ છે. દુષ્ટ રિવાજને વશ થવામાં પામરતા છે, તેનો વિરોધ કરવામાં પુરુષાર્થ છે.

પાટીદારોના લગ્નવિધિને વિષે ને તેઓમાં પડેલા રિવાજને વિષે મેં ખૂબ સાંભળ્યું છે. આ બહેનના કાગળમાં અતિશયોક્તિ જેવું કશું હું નથી જોતો.

જુવાન વિધવાઓને હું શી સલાહ આપું? તેનો વિચાર કરતાં મારી અશક્તિનું મને માપ આવી રહે છે. તેને પરણવાનું કહેવું સહેલું છે. પણ તે કોને પરણે? પતિ કોણ શોધે? જ્ઞાતિ બહાર પરણે? શોધ્યા પતિ ક્યાંય મળે ખરા? શું જાહેરખબર આપીને પરણે? પરણવું એ કંઈ સોદો છે? જ્યાં લોકમત વિરુદ્ધ છે અથવા ઉદાસીન છે ત્યાં બાળવિધવાએ પતિ શોધવો એ લગભગ અશક્ય છે. યોગ્ય પતિ ન મળતાં ગમે ત્યાં બંધાઈ જવું એવી સલાહ મારાથી તો કેમ જ અપાય?

એટલે મારે તો કેવળ આ બાળવિધવાના વડીલોને જ વીનવવા રહ્યા. એમના હાથમાં નવજીવન આવે જ ક્યાંથી? એઓ ઘણે ભાગે છાપાં વાંચનાર હોતા નથી. આવું ધર્મસંકટ છે.

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખક એમાં ગાંધીજીને વિનંતી કરે છે કે તમે જે તાકીદથી અંત્યજોનો પ્રશ્ન હાથ ધર્યો છે એ જ તાકીદથી વિધવાઓનો પ્રશ્ન પણ હાથ ધરો.

Gandhi Heritage Portal

વિધવાઓને હું આટલી સલાહ તો આપી શકું છું. તેઓએ શાંતિથી દુ:ખ સહન કરવું. તેઓએ પુરુષ કે સ્ત્રી વડીલોની પાસે પોતાનું હૃદય ઠલવવું ને પોતાની બધી ઈચ્છાઓ રજૂ કરવી. વડીલ ન સમજે કે ન માને તો નિશ્ચિંત રહેવું. અને લાયક પતિ મળી આવે તો તેઓએ વિવાહ કરી લેવો. એવો પતિ શોધવાને સારુ જેમ દમયંતીએ, સાવિત્રીએ, પાર્વતીએ તપ કર્યાં તેમ તેઓ પણ આ યુગને અનુકૂળ ને આ યુગમાં શકય એવું તપ આદરે. એ તપ અભ્યાસ છે. વિધવાને સારુ અભ્યાસ — શારીરિક, માનસિક ને આધ્યાત્મિક — જેવી બીજી મનને સ્થિર કરનારી વસ્તુ નથી. શારીરિક તપ તેઓ પ્રત્યેક ક્ષણ રેંટિયાને આપીને કરે, માનસિક તપ અક્ષરજ્ઞાન મેળવીને કરે અને આધ્યાત્મિક તપ આત્મશુદ્ધિ કરીને, આત્માને ઓળખીને કરે. આ ત્રણ કાર્યમાં વડીલો રોકે નહીં ને રોકે તોયે એ નિરર્થક છે. એ ત્રણ વસ્તુનો અધિકાર બધાંનો છે. તે ન મળે તો અવશ્ય વિધવા સત્યાગ્રહ આદરે.

આ ઉપાય પણ કઠિન છે એ હું જાણું છું. પણ સદુપાયમાત્ર કઠિન જેવા લાગે છે, છેવટે કઠિન નથી હોતા એવું ભગવદ્ વાકય છે.

વડીલો જો નહીં સમજે તો પસ્તાશે કેમ કે દરેક જગ્યાએ હું દુરાચાર અનુભવી રહ્યો છું. વિધવાની ઉપર બળાત્કાર કરવામાં નથી તેની, નથી કુટુંબની કે નથી ધર્મની રક્ષા. ત્રણેનો નાશ આપણી દૃષ્ટિ આગળ થતો હું જોઈ રહ્યો છું.

પુરુષવર્ગ, જેના આશ્રય તળે બાળવિધવાઓ છે તે સમજો.

[મૂળ ગુજરાતી]

*નવજીવન*, ૧૨–૭–૧૯૨૫

## ૨૨૭. *નવજીવન* બંધ કરો

એક *નવજીવન*ના વાંચનારે લાંબો પત્ર લખ્યો છે તેનો સાર મારી ભાષામાં આપું છું કેમ કે તેની ભાષા સંકોચી ન શકાય તેવી છે. તે કહે છે:

> *નવજીવન*માં કેવળ રેંટિયાની જ વાત આવે છે તેથી વાંચનાર કંટાળ્યા છે. તમે જેમ "કેળવણી અંક" કાઢો છો તેમ "રેંટિયા અંક" દર માસે કાઢો તો પૈસા બચે ને લોકો કદાચ તે અંક વાંચે. તમે પૈસાને અર્થે *નવજીવન* નથી કાઢતા એટલે તમને આવી સલાહ આપી શકાય. *નવજીવન* જો દર અઠવાડિયે કાઢ્યા કરવું જ હોય તો તે વાટે પ્રજાને કંઈક નવી પ્રવૃત્તિ બતાવો. તે એવી હોય કે અંગ્રેજોને ભય ઊપજે. જુઓ તુર્કીએ શું કર્યું? આ જગતમાં ભય વિના પ્રીત નથી.

આવા સલાહકારો મને મળ્યા જ કરે છે. કોઈ કોઈ વાર તેઓની શંકાઓનું સમાધાન કરતાં *નવજીવન*નો હેતુ સમજાવી શકાય છે; તેથી તેની ચર્ચા અસ્થાને નથી. *નવજીવન*માં રેંટિયાની જ વાત આવે છે એમ તો ન કહેવાય, પણ તેમાં રેંટિયો પ્રધાનપદ ભોગવે છે એમ કહી શકાય. પણ જેટલા ઘરાકો રહ્યા છે તે ઉપરથી હું જોઈ શકું છું કે રેંટિયાની જ વાત પણ તેઓને અપ્રિય નથી.

*નવજીવન* દ્રવ્યોપાર્જનનું સાધન નથી; *નવજીવન* દરેક પ્રવૃત્તિનું વાહન નથી; *નવજીવન* કેવળ મારા વિચારોનું વાહન છે. *નવજીવન* કરજ કરીને નહીં નીકળે; *નવજીવન* જાહેરખબર

Gandhi Heritage Portal

લઈને ખર્ચ નહીં ચલાવે. નવજીવન એક કે બેચાર મિત્રોનું દાન લઈને મફત પણ નહીં નીકળે. નવજીવનના વાંચનાર પોતે પોતાને તેના માલેક સમજે. નવજીવન એ તેઓના પ્રત્યેનો મારો સાપ્તાહિક પત્ર છે. જ્યાં સુધી તેઓને તેમાંના વિચાર પસંદ પડે ત્યાં લગી તેઓ ખર્ચ આપી તે પત્ર લે ને તેને સંઘરે. કેમ કે હું તેમાં પ્રતિ અઠવાડિયે મારો આત્મા રેડું છું. અને જેમાં અભણ પણ પોતાનો આત્મા રેડતો હોય તે વસ્તુ વાંચવા, જોવામાં કલ્યાણ જ છે એ હું જાણું છું.

નવજીવન સત્યાગ્રહનો અમૂલ્ય માર્ગ બતાવવાનું સાધન છે. હું તે વસ્તુનો ઉપયોગ બતાવવાને ખાતર જ જીવું છું એમ કહી શકાય. એ વસ્તુ નવી નથી. પણ જૂની વસ્તુને કંઈક નવી ભાષામાં ને નવી ઢબે હું ખીલવીને બતાવી રહ્યો છું એવો મારો દૃઢ વિશ્વાસ છે. સત્યાગ્રહ વડે જ સ્વરાજ મળે એમ હું માનું છું. સ્વરાજ એ આપણો શ્વાસ છે. તે નથી તેથી આપણે શ્વાસ રૂંધાયેલા માણસની ગતિ ભોગવીએ છીએ. જો હું સત્યાગ્રહનાં મૂળ તત્ત્વો લોકોને સમજાવી શકું તો મારો, દેશનો ને જગતનો માર્ગ સહેલો થઈ પડે તેમ છે એનું મને પૂરું જ્ઞાન છે. તે ધોરીમાર્ગ બતાવી શકયા પહેલાં મારો દેહાંત થાય એ સંભવે છે.

પણ એમ થાય તોયે કંઈ હાનિ નથી. કરેલું પુણ્યકર્મ મિથ્યા થતું જ નથી એ અચલિત નિયમ છે.

આ સત્યાગ્રહ રેંટિયા વિના અસંભવિત છે. ભૂખે મરતા મનુષ્યનો ઈશ્વર અન્ન છે. તેથી જ ઉપનિષદે અન્નને પણ બ્રહ્મની ઉપમા આપી છે. મનુષ્યના અંગબળથી અન્ન થાય છે. આપણે પૂરું અંગબળ વાપરતા નથી તેથી આપણને ઓછું અન્ન મળે છે. વર્ષમાંથી ચાર માસ પ્રજા આળસમાં ગાળે છે. તેની સરવાળે અસર પ્રજાને ક્ષીણ કરવામાં થઈ છે. એ પ્રજાને સબળ કરવા, તેની ભૂખ મટાડવા, રેંટિયો એ જ એક અનુપમ સાધન છે. વરસાદના એક બિંદુની કંઈ જ અસર નથી; પણ અનેક બિંદુ એકઠાં થાય છે ત્યારે તેની પોષક શક્તિ એવી થાય છે કે તે આખા જગતને દર વર્ષે નવીન ચેતન આપે છે. તેમ જ એક રેંટિયો ભલે કંઈ જ ન કરતો લાગે, પણ રેંટિયાસમુદાયની શક્તિ પાણીનાં બિંદુઓના સમુદાય જેટલી તો છે જ; એક રીતે વિશેષ છે. પાણીનું એક જ બિંદુ પડે તો તે વ્યર્થ જાય છે; ઘણાં બિંદુ કવખતે પડે તોપણ હાનિ કરે છે. રેંટિયો તો એક જ ચાલે તોપણ તે એક માણસને તો લાભ આપે જ છે. રેંટિયાને કવખત છે જ નહીં. તેથી જ "અહીં અભિક્રમ (પ્રારંભ ઉદ્યમ)નો નાશ નથી, પ્રત્યવાય (હાનિ) નથી; આના અલ્પ ઉપયોગથી પણ મનુષ્ય મહાભયમાંથી મુક્ત થાય છે."[૧]

આવા મારા દૃઢ વિચારો હોવાથી નવજીવન જો રેંટિયાને પ્રધાનપદ ન આપે તો તેને સારુ કશું કાર્ય રહેતું નથી.

પણ રેંટિયો એ શાંતિપાઠ છે. આત્મશુદ્ધિનું બળવાન સાધન છે. આત્મશુદ્ધિનાં બીજાં સાધનો પણ છે તેની નોંધ નવજીવન પ્રસંગોપાત્ત લે છે ને લેશે. બધા લેખોનું મૂળ તો એક આત્મ-શુદ્ધિ, સ્વરાજ, સત્યાગ્રહ જ હશે. નવજીવનનો ઉદ્દેશ અંતરશક્તિ વધારીને સ્વરાજ લેવાનો છે. તેથી ધારાસભા ઈત્યાદિના પ્રવેશને પણ જો નવજીવન કોઈ પણ રીતે ચર્ચે છે તો તે આત્મશુદ્ધિ —આત્મશક્તિ—વધારવા પૂરતું જ છે.

૧. ભગવદ્ગીતા, ૨, ૪૦.

Gandhi Heritage Portal

નવજીવન અત્યારે તીખુંતમતમતું કંઈ આપી શકે તેમ નથી, કેમ કે તેમાં કશો લાભ નથી. કેવળ ટીકા કરવામાં કાળ ગાળવો એ નિરર્થક છે. ટીકા ત્યારે જ શોભે કે જ્યારે ટીકાની પાછળ કંઈક બળ રહેલું હોય. જેઓ આ વાત સમજે છે તેઓ નવજીવનને સમજશે ને તેઓ તેને નહીં છોડે. જ્યાં સુધી નવજીવનના વાંચનારા ઠીક સંખ્યામાં રહેશે, ત્યાં સુધી નવજીવન ચાલશે. જ્યારે સંખ્યા હદ ઉપરાંત ઘટશે ત્યારે તેને બંધ કરતાં મને એક ક્ષણની વાર નહીં લાગે ને તેમ કરતાં ક્ષોભ પણ નહીં થાય.

અને નવજીવન બંધ થાય તોયે મારો રેંટિયો બંધ થાય તેમ તો નથી જ, કેમ કે તેમાં મને મિત્રનીયે જરૂર નથી રહેતી.

અંગ્રેજોને ભય ઉત્પન્ન કરનારી કંઈક પણ વસ્તુ મારે બતાવવી એવી પત્ર લખનારની બીજી સલાહ છે. એ વાત મારા સ્વભાવથી વિરુદ્ધ હોઈ તે તો મારે હાથે બને તેમ નથી. હું અંગ્રેજોને પ્રેમથી જીતવા ઇચ્છું છું. હિંદુસ્તાન તેમ ન કરી શકે એ ભલે સંભવે. હિંદુસ્તાન ભય ઉત્પન્ન કરવાનો માર્ગ લઈ શકે છે. પણ તેમ કરે તો તેમાં મારી સહાયની જરૂર તેને નહીં પડે, કેમ કે હું તે પ્રકારનો સિપાઈ નથી. મારાથી જે જે હથિયારો યોજાઈ શકે છે, તે બધાનું મૂળ પ્રેમ અથવા સત્ય જ હોય છે. મારી યોજનામાં ભૂલ હોઈ શકે, મારા હેતુમાં કદી નહીં.

આવી નવજીવનની અને મારી મર્યાદા છે.

એક બીજા વાંચનારે બીજી સૂચના કરી છે તે પણ અહીં ચર્ચી લઉં. તે કહે છે કે પાંચ પૈસા કિંમત લોકોને બહુ ભારે પડે છે. તે કહે છે કે જો એક પૈસો કરવામાં આવે તો ઘણા લે ને નવજીવનને ગાંઠના પૈસા નાખવા ન પડે. હિસાબ જાણનાર સમજી શકશે કે જો કોઈ વસ્તુની કિંમત અમુક હદથી ઊતરતી રાખીએ તો પછી જેમ તે વધારે ખપે તેમ વધારે ખોટ જાય. એટલે કે જે વસ્તુ નફાથી વેચવામાં આવતી હોય તે વસ્તુની વધારે ખપત થાય ત્યારે જ તેનાથી ફાયદો થાય. જો ખોટથી કઢાય તો ખપત વધે તેમ ખોટ વધે. નવજીવન શરૂ થયું ત્યારે એવી ખોટથી નીકળતું હતું. હિસાબ કરીને જે લવાજમ અનુકૂળ લાગ્યું તે રાખવામાં આવ્યું છે. તેમાં કંઈક નફો રહે છે ખરો. જ્યારે વધારે ઘરાકી હોય ત્યારે તે વધે છે. તેવો નફો કાઢી નાખીને કિંમત રાખો એમ જો કોઈ કહે તો તેણે જાણવું કે તેવા કાઢવાની અસર લવાજમ ઉપર થાય એવો નફો નથી.[૧] નવજીવન પૈસે કે બે પૈસે વેચાય એવી સ્થિતિ નથી. પણ મારે તેની સાથે એટલું પણ જણાવવું જોઈએ કે જ્યાં જ્યાં જરૂર જણાય છે, ત્યાં ત્યાં તે છેક મફત મોકલવામાં આવે છે. જેઓને નવજીવનની કિંમત ભારે પડે છે ને જેઓ તે મળે તો વાંચવા ઉત્સુક છે એવા ઘણાને હું જાણતો નથી. એવા કોઈ હોય તો તેનાં નામ, ઠામ હું જાણવા ઇચ્છું છું ખરો. કેમ કે કેટલાક મિત્રોએ નવજીવન મફત આપવા સારુ પૈસા આપવાનું કહેલું છે તેનો ઉપયોગ હું યોગ્ય વાંચનારને સારુ અવશ્ય કરું. એવો કોઈ હોય તેમણે વ્યવસ્થાપકને લખી મોકલવું ને યોગ્ય લાગશે તો તેઓને તે નવજીવન મફત અથવા ઓછી કિંમતે મોકલશે. પણ વાંચનારે જાણવું કે

૧. ગઈ તા. ૩૦મી જૂને નવજીવન પત્રને અંગે નીચેના બે ફેરફાર કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો છેઃ

(૧) ચાલુ કાગળનો જથ્થો ખલાસ થયે નવજીવન પત્રમાં ઊંચો કાગળ વાપરવો.

(૨) નવજીવનમાંના અવારનવાર વધી પડતા લખાણને અંગે કાઢવામાં આવતા વધારાઓની હાલ ગ્રાહકો પાસેથી નોખી કિંમત લેવામાં આવે છે તે બંધ કરી, નવજીવનના વર્ષ ૭મા (સપ્ટેમ્બર, ૧૯૨૫) થી નવજીવનમાંનું તેવું લખાણ વધી પડે ત્યારે તે વધુ પાનાં આપીને શરૂઆતમાં અપાતું તેમ ગ્રાહકોને વગર કિંમતે આપવું.

Gandhi Heritage Portal

તેનું ખર્ચ કોઈક પણ મિત્ર વહોરશે. તે નવજીવન નહીં ઉપાડે કેમ કે ઉપાડવાની હવે શક્તિ નથી રહી.

આ લખનાર એમ ધારતા જણાય છે કે નવજીવન હજુ યંગ ઇન્ડિયાની ખોટ પૂરી પાડે છે. એવું કંઈ જ નથી. યંગ ઇન્ડિયા હવે ખોટથી નીકળતું જ નથી. હિંદી નવજીવનની સ્થિતિ હજુ તેવી ગણાય ખરી. તેની ઘરાકી એવી વ્યવસ્થિત નથી થઈ કે તેથી તે સ્વાશ્રયી થયું ગણાય. તેમાં હજુ ભરતીઓટ થયા કરે છે. પણ તેનું ખર્ચ પણ હવે નવજીવનના વાંચનાર એકલા નથી ઉપાડતા. સંસ્થા એટલે બધાં ખાતાં મળીને તે ઉપાડે છે. મિત્રો તે ઉપાડી લઈ શકતા હતા, પરંતુ આ ભાંડુઓ બહારની મદદ ન લેવાની ટેક છોડે નહીં એમ જાણનાર મિત્રો તેવો આગ્રહ કેમ કરે?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૭–૧૯૨૫

# ૨૨૮. ખાદી પ્રતિષ્ઠાન

બંગાળ ખાદી પ્રતિષ્ઠાનના કાર્યથી હું કેટલો મુગ્ધ થયો છું તે નવજીવનના વાંચનાર જાણે છે. મારો હેવાલ જોઈને ભાઈ લક્ષ્મીદાસે[1] ભાઈ મથુરાદાસને નિરીક્ષણ કરવા મોકલ્યા ને તેમણે પોતાની તપાસને પરિણામે જે અભિપ્રાય બાંધ્યો છે તે લખી નાખ્યો છે ને તેની નકલ મને આપી છે. મારું નિરીક્ષણ ગમે તેવું ચોક્કસ હોય છતાં શાસ્ત્રીય ન ગણાય. ભાઈ મથુરાદાસનું શાસ્ત્રીય છે કેમ કે તેમણે એ વસ્તુને પોતાનો ખાસ વિષય કર્યો છે, તેમણે બીજાં ખાતાં ચોકસાઈથી તપાસ્યાં છે ને બીજાં ખાતાંના હિસાબ કેટલાક તેમને મોઢે છે. એટલે તેમના નિરીક્ષણની કિંમત મારા નિરીક્ષણ કરતાં હું વધારે સમજું છું. મારા નિરીક્ષણમાંથી વાંચનારને મારો અભિપ્રાય મળે, તેનાં પ્રમાણ ઓછાં મળે; જ્યારે શાસ્ત્રીય નિરીક્ષણમાંથી વાંચનારને અભિપ્રાયનાં પ્રમાણ પણ મળે. આવું નિરીક્ષણ ભાઈ મથુરાદાસનું હોવાથી આ અંકમાં બીજે આપ્યું છે.

આ નિરીક્ષણ ખાદીના કાર્યકર્તાઓ ધ્યાનપૂર્વક વાંચો એમ ઇચ્છું છું. ખાદી પ્રતિષ્ઠાનમાં વેપારી પેઢીની જેમ રીતસર કામ લેવાય છે ને પૂરતા પગાર આપવામાં આવે છે એ તે ખાતાની વિશેષતા છે. તેમ છતાં તે ખાતામાં ત્યાગી પુરુષો છે એનું કારણ એ છે કે મુખી બંને ત્યાગી છે – આચાર્ય રાય અને તેમનો જમણો હાથ સતીશબાબુ. બીજું કારણ એ છે કે વેપારીની જેમ કાર્યપદ્ધતિ રાખ્યા છતાં તેમાં સ્વાર્થબુદ્ધિ નથી.

આ હિંદુસ્તાનની મુક્તિની ચાવી છે એમ મેં જલપાઈગુરીના[2] વેપારીઓને સંભળાવ્યું. આપણા વેપારીઓએ વેપારને સારુ હિંદુસ્તાન પરાધીન કર્યું. તેથી વેપારી વર્ગ જ જ્યારે પાછો સ્વાર્થને બદલે પરમાર્થ સાધે ત્યારે હિંદુસ્તાન જાગ્રત થાય. વેપારી કરોડ રૂપિયાનું દાન આપે તે બસ નથી. તે તો તેઓ આપી રહ્યા છે. પણ જ્યારે પોતાની બુદ્ધિ હિંદુસ્તાનને અર્પે ત્યારે કાર્ય સિદ્ધ થાય. એવો વેપારી પોતાને સારુ ધનસંચયનો વિચાર નહીં કરે પણ હિંદુસ્તાનને સારુ

૧ લક્ષ્મીદાસ આસર, સાબરમતી આશ્રમના એક અંતેવાસી; તેમણે ખાદી અને ગ્રામોદ્યોગનો ખાસ અભ્યાસ કર્યો હતો.

૨. બંગાળમાં, જ્યાં ૧૦–૬–૧૯૨૫ને દિવસે જાહેર સભા ભરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

કરશે. વળી હિંદુસ્તાનને સારુ કયા ધંધામાં વધારે પૈસા છે એમ તે નહીં શોધે પણ કયા ધંધાથી હિંદુસ્તાનની વધારેમાં વધારે આમપ્રજા પોતાનાં ગામડાંમાં ઘરને આંગણે રહી વધારેમાં વધારે કમાણી કરે એ તે શોધશે. એવા વેપારીઓ આપણને કેટલાક મળ્યા છે તેથી તો આપણે હાલ જોઈએ છીએ તે પ્રગતિ કરી રહ્યા છીએ. એ પ્રગતિનું માપ આપણે ત્રિરાશિનો હિસાબ કરીને કાઢી શકીએ છીએ.

સતીશબાબુના કાર્યની હું સ્તુતિ કરું છું કેમ કે તેમણે પોતાના લાખોના વેપારને તિલાંજલિ આપી છે, ને પોતાની બુદ્ધિ, પોતાનું કુટુંબ ને પોતાના પૈસા ખાદીપ્રચારને અર્પણ કર્યા છે છતાં તેમને તે ત્યાગનું ભાન સરખું નથી અથવા કહો કે અભિમાન સરખું નથી. કેમ કે એ ત્યાગમાં તેમને આનંદ આવ્યો છે. એ ત્યાગ વિના તેઓ રહી શકતા નથી.

આ સ્તુતિનો અર્થ વાંચનાર એવો ન કરે કે વેપારી દૃષ્ટિએ સતીશબાબુના કાર્યમાં કંઈ ટીકાપાત્ર નહીં જ હોય, પણ જો હોય તો તેમાં તેમનો દોષ નથી. તેમનું તેટલું અજ્ઞાન. તે અજ્ઞાન અનુભવ દૂર કરશે. આપણે તો એટલું ઈચ્છીએ કે બીજા ઘણા એવા કુશળ વેપારી સર્વસ્વનો ત્યાગ કરી ખાદીનો વેપાર પોતાને અર્થે નહીં, પણ ભારતવર્ષને અર્થે કરતા થઈ જાય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૭–૧૯૨૫

## ૨૨૯. મારી નોંધ

### ગયા વર્ષનું મહાસભાનું સૂતર

ગયે વર્ષે મહાસમિતિએ સૂતર વિષે જે ઠરાવ કર્યો હતો તેની રૂએ અખિલ ભારતીય ખાદી મંડળને જે સૂતર મળ્યું હતું તેના વહીવટનું તારણ[1] જે મને તે મંડળ તરફથી મળ્યું છે તે નીચે પ્રમાણે છે.

આ વિગત ઉપરથી આપણને કેટલુંક અગત્યનું શિક્ષણ મળે છે. જેમ યંત્રનું તેમ સંસ્થાનું છે. જેમ યંત્રની એક ખીલી પણ ઢીલી પડે તો યંત્ર તેટલે દરજ્જે નબળું પડે છે ને કોઈ વેળા તો તૂટી જાય છે, તેમ જ બધી સંસ્થાઓને વિષે અને મુખ્યત્વે રચનાત્મક સંસ્થાઓને વિષે છે. જો તેની ઝીણામાં ઝીણી વિગતની પણ ચીવટ ન રખાય તો તેના ઉત્પન્નમાં વિઘ્ન આવે છે. નબળું સૂતર, બરોબર ન વીંટેલું સૂતર, બરોબર ન ગોઠવેલું સૂતર એવી દરેક ખામી ખાદીને નબળી કરે, વણવાની કિંમતને વધારે ને વણાટને ધીમું કરે. આપણે એ પણ જોઈએ છીએ કે જે ઢીલ થઈ છે તે કેવળ કંતામણમાં રહેલી ખામીઓને લીધે થઈ છે.

### કાંતનાર ચેતો

આ ખાદીની કિંમત બજાર દામે રાખી છે કેમ કે જથ્થો એટલો ઓછો છે કે તેની કિંમત ઓછી કરીને વેચવામાં કંઈ અર્થ ન હતો. ને કિંમત ઓછી રાખ્યા પછી તે લેવાનો પ્રથમ હક

૧. આ તારણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

કોનો એ પણ સવાલ ઊઠત. એવો સવાલ થોડી જ ખાદીને અંગે ન ઊઠે એટલા કારણસર પણ એ ખાદીને બજારભાવે વેચવાની મેં સલાહ આપી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૨–૭–૧૯૨૫

## ૨૩૦. વિઝિટર્સ બુકમાં[૧] નોંધ

જુલાઈ ૧૨, ૧૯૨૫

ઉત્તમ પુસ્તક વાંચવાં એ સારી વાત છે. પણ એ ઉત્તમ પુસ્તકમાં કહેલી વાતને જીવનમાં ઉતારવી એ એથી પણ સારું છે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૬૦૫૧; સાર્વજનિક પુસ્તકાલય, અલ્લાહાબાદના સૌજન્યથી

## ૨૩૧. રાજશાહીની જાહેર સભામાં ભાષણ[૨]

જુલાઈ ૧૨, ૧૯૨૫

ગાંધીજીએ માનપત્રો આપનારાઓ તથા ભેટ[૩] આપનારાઓનો આભાર માનીને કહ્યું કે આ પ્રવાસ કરવા પાછળ મારા બે ઉદ્દેશો છે. પહેલો ઉદ્દેશ એ છે કે દેશબંધુ સ્મારક ફાળા માટે દસ લાખ રૂપિયા એકઠા કરવા. મને આશા છે કે રાજશાહીના લોકો પાસેથી મને માફકસરનો ફાળો મળશે. કારણ કે અહીં અનેક મોટા જમીનદારો, વકીલો તથા ઉદ્યોગપતિઓ રહે છે. આ ફાળામાં દરેકે પોતાની શક્તિ પ્રમાણે આપવું જોઈએ. દેશબંધુ દાસના મૃત્યુ પાછળ લાખો લોકો શોકની લાગણી અનુભવી રહ્યા છે. અને હું દેશબંધુ પ્રત્યેની આ લાગણી તથા ઊંડા પ્રેમને દેશની શક્તિ વધારવાના કામમાં ઉપયોગમાં લેવા માગું છું. આપણી પહેલી ફરજ એ છે કે સ્વર્ગસ્થના સ્મારક ફાળા માટે શક્ય તેટલી વધારેમાં વધારે મદદ કરવી અને બીજી ફરજ એ છે કે સ્વ. દેશબંધુની આકાંક્ષાઓને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરવો.

આ પછી મહાત્માજીએ દાર્જિલિંગમાં દેશબંધુ સાથેની મુલાકાતની વાત કરતાં કહ્યું કે દેશબંધુના મનમાં એ વાત ઠસી ગઈ હતી કે ગ્રામવાસીઓનું સંગઠન કર્યા વગર કંઈ પણ થઈ શકવાનું નથી. અને આ ગ્રામસંગઠન માટે રેંટિયો કેન્દ્રસ્થાને હોવો જોઈએ. તેમણે લોકોને દેશબંધુની આ ઈચ્છા પ્રમાણે વર્તવા જણાવ્યું : (૧) રોજ ઓછામાં ઓછું અરધો કલાક કાંતવું, (૨) ખાદી પહેરવી અને (૩) હિંદુમુસ્લિમ ઐક્ય જાળવી રાખવું. આ છેલ્લી વાતને દાર્જિલિંગની અમારી વાતચીત દરમ્યાન દેશબંધુના મનમાં સૌથી પહેલું સ્થાન હતું.

૧. રાજશાહી સાર્વજનિક પુસ્તકાલયની.

૨. ગાંધીજીને આ પ્રસંગે સ્વાગતસમિતિ, મ્યુનિસિપાલિટી, જિલ્લાબોર્ડ અને બીજાં સ્થાનિક બોર્ડ તથા બીજી જાહેર સંસ્થાઓ તરફથી માનપત્ર અપાયાં હતાં. ગાંધીજીએ તેનો જવાબ હિંદીમાં આપ્યો હતો તેનું બંગાળી સતીશચંદ્ર દાસગુપ્તાએ કર્યું હતું.

૩. કલમમાં બનાવેલાં પિત્તળનાં વાસણોનો સેટ તથા સંકેલીને નાની પેટીમાં મૂકી શકાય એવો રેંટિયો.

Gandhi Heritage Portal

દેશબંધુના દિલમાં કોઈ પણ વ્યક્તિ પ્રત્યે દ્વેષભાવ નહોતો. અને તેમણે પોતાના પ્રત્યક્ષ જીવનવ્યવહારથી બતાવી આપ્યું હતું કે ધર્મમાં અસ્પૃશ્યતાને સ્થાન નથી. મહાત્માજીએ ફરી વાર કહ્યું કે લોકોને જો તેમના મનમાં દેશબંધુ પ્રત્યે સાચો પ્રેમ અને લાગણી હોય તો તેમણે દેશબંધુની ઈચ્છાઓ પાર પાડવી જોઈએ, અને સ્વરાજ હાંસલ કરવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૧૭–૭–૧૯૨૫

## ૨૩૨. વસુમતી પંડિતને પત્ર

[કલકત્તા]

અષાડ વદ ૪ [જુલાઈ ૧૩,[૧] ૧૯૨૫]

## ૨૩૩. પ્રશ્નાવલિના ઉત્તરો[૨]

જેસોર જતાં ટ્રેનમાં,

[જુલાઈ ૧૪, ૧૯૨૫ કે તે પહેલાં][૩]

પ્ર. (૧) કૉંગ્રેસના તમે સભ્ય છો, એટલે કૉંગ્રેસના સિદ્ધાંતોમાં ફેરફાર થવો જોઈએ એમ તમે માનો છો? જો તમે ફેરફાર જરૂરી માનતા હો તો તમને સ્વીકાર્ય થાય એવા સિદ્ધાંતની વ્યાખ્યા કરશો?

ઉ. જો તેમાં ફેરફાર થાય તો સૂતર ખરીદીને જમા કરાવવાનો વિકલ્પ બંધ થવો જોઈએ.

(૨) જો મતાધિકારની યોગ્યતા તરીકે વાર્ષિક લવાજમ પૈસામાં હોય અને વિકલ્પે સૂતરના હપતામાં પણ હોય તો તે તમને સ્વીકાર્ય થશે?

ઉ. સ્વરાજ પક્ષને જે સ્વીકાર્ય હશે તે મને પણ હશે.

(૩) જો કૉંગ્રેસ સૂતર મતાધિકારને રદ કરે અને ધારાસભામાંથી રાજકીય પ્રવૃત્તિનું કામ સ્વરાજ પક્ષના લોકોને સોંપવાને બદલે પોતાનો રાજદ્વારી કાર્યક્રમ ઘડી કાઢી તેમાં ધારાસભાની પ્રવૃત્તિનો પણ સમાવેશ કરે, તો તે કાર્યક્રમને અમલી બનાવવામાં આપ સહકાર આપશો?

ઉ. હાલમાં મારી જે જાતની સમજ છે તે જોતાં હું માનું છું કે આવાં કોઈ સંગઠનને દોરવાની મારામાં શક્તિ નથી.

(૪) તમારી માન્યતા પ્રમાણે ધારાસભાની અંદર અને તેની બહાર કૉંગ્રેસનો કાર્યક્રમ શું હોવો જોઈએ?

ઉ. અત્યારે જે છે તે જ કાર્યક્રમ.

૧. અહીં જુલાઈ ૯ જોઈએ. સાચી તારીખ પ્રમાણે આ લેખને ૨૨૧(૧) તરીકે મૂકયો છે.

૨. આ પ્રશ્નાવલિ बॉम्बे क्रॉनिकले જુદા જુદા રાજકીય પક્ષોના નેતાઓ પર મોકલી હતી.

૩. ગાંધીજી જુલાઈની ૧૩મીએ કલકત્તા હતા ને જુલાઈની ૧૪મીએ જેસોર હતા. ગાંધીજી કલકત્તાથી જેસોર જવા જુલાઈની ૧૩મીએ નીકળ્યા કે ૧૪મીએ તે સ્પષ્ટ નથી થતું.

Gandhi Heritage Portal

(૫) તમને એમ લાગે છે કે કેવળ બંધારણીય આંદોલનથી બ્રિટિશ લોકો આપણને હોમ રૂલ આપશે?

ઉ. મને એમ નથી લાગતું.

(૬) જો બંધારણ બહારની ચળવળ અનિવાર્ય હોય તો તમે કેવા સ્વરૂપનાં અથવા સ્વરૂપોનાં સીધાં પગલાં સૂચવશો અને તમે કૉંગ્રેસને કર ન ભરવાના મુદ્દા પર ધારાસભાની ચૂંટણી લડવાની ભલામણ કરશો?

ઉ. અત્યારે તો ના-કરની લડતને બાદ રાખીને માત્ર સવિનયભંગના સ્વરૂપની સીધી લડત જ શક્ય લાગે છે.

(૭) તમે પોતે પરદેશી કાપડનો ઉપયોગ બંધ કરવા તૈયાર છો? તમે હજી પણ તે વાપરતા હો તો તેનો ત્યાગ કરીને સ્વદેશીની ચળવળને ટેકો આપશો?

ઉ. હું પરદેશી કાપડ વાપરતો નથી. મારે માટે માત્ર ખાદી જ વાસ્તવિક સ્વદેશી છે.

(૮) જો આપ આપના પ્રાંતમાં એમ. એલ. સી.[1] ચૂંટાઓ તો આપ હાલના સંજોગોમાં મંત્રીપદનો સ્વીકાર કરશો?

ઉ. ઈશ્વરનો પાડ માનો. તેને માટે મારા ઉપર કાયદેસરનો પ્રતિબંધ મુકાયેલો છે.

(૯) જો રીડિંગ-બર્કનહેડ મંત્રણા આપને નિરાશાજનક લાગતી હોય તો તેની સામે જોરદાર મૌખિક વિરોધ કરવા ઉપરાંત જાહેર જનતાને આપ શું કરવાની સલાહ આપશો? ફરિયાદોનો નિકાલ ન થાય ત્યાં સુધી શું આપ માલસામાન પૂરો પાડવાની આગ્રહપૂર્વક ના પાડવાના કાર્યક્રમને ટેકો આપશો?

ઉ. જો મારા હાથમાં સત્તા હોય તો હું આ નિરાશાનો ઉપયોગ એક જ વસ્તુ સિદ્ધ કરવામાં કરું અને તે છે પરદેશી કાપડનો બહિષ્કાર.

(૧૦) જો કૉમન વેલ્થ ઑફ ઇન્ડિયા બિલની મહત્ત્વની કલમો આપને સંતોષજનક લાગતી હોય અને જો પાર્લમેન્ટ તેનો ૧૯૨૬ના ઑક્ટોબર સુધીમાં સ્વીકાર ન કરે તો આપ કૉંગ્રેસને કર ન ભરવાના મુદ્દા પર ધારાસભાઓની ચૂંટણી લડવાની ભલામણ કરશો?

ઉ. આનો જવાબ બીજે અપાઈ ગયો છે.

(૧૧) શું આપને એમ લાગે છે કે સ્વરાજ પક્ષના સભ્યો દેશમાં રચનાત્મક કાર્યક્રમને આગળ ધપાવવા માટે સક્રિય કાર્ય કરી રહ્યા છે?

ઉ. બધી જગ્યાએ નહીં. બધા નહીં.

(૧૨) શું આપને એમ લાગે છે કે એક બાજુએ કૉંગ્રેસીઓનાં અને બીજી બાજુએ સ્વતંત્ર પક્ષના અથવા મૉડરેટ પક્ષના લોકોનાં માનસિક વલણો તથા રાજકીય પદ્ધતિઓમાં એટલો બધો મહત્ત્વનો ફરક છે કે પરસ્પર અનુકૂળ થવા છતાં તેમાં મેળ લાવી શકાય એમ નથી અને તેમને પક્ષે ભેગા મળીને કામ કરવાનું અશક્ય બને એમ છે?

ઉ. એવો ફરક દેખાય છે ખરો. પણ હું આશા રાખું છું કે એ ભ્રમ જ હશે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, २१–७–१९२५

૧. મેમ્બર ઑફ ધ લેજિસ્લેટિવ કાઉન્સિલ, (વડી ધારાસભાના સભ્ય).

Gandhi Heritage Portal

## ૨૩૪. सत्यान्नास्ति परो धर्मः

ગઈ બકરી ઈદ વેળાએ કલકત્તા પાસે ખિદરપુરમાં થયેલ હિંદુમુસલમાન તોફાનની હકીકતમાં મેં વાચકને ઉતાર્યા નથી, જોકે તે પ્રસંગે હું કલકત્તામાં હતો ને તે થયા પછી થોડા જ કલાકની અંદર રમખાણની જગ્યાએ ગયેલો. વળી ઍસોસિયેટેડ પ્રેસના એક ખબરપત્રીને તો મેં તે જ દિવસે, લગભગ હું પાછો ઉતારે આવ્યો તેવી જ એક મુલાકાત આપેલી.[1] આ સંવાદમાં મેં મારા વિચારપૂર્વક બાંધેલા અભિપ્રાય તરીકે એમ જણાવેલું કે ખિદરપુર તોફાનોમાં હિંદુ મજૂરોનો જ બધો વાંક હતો. આ કથનથી કેટલાક હિંદુ ભાઈઓને મારા ઉપર ભારે રોષ ચડયો છે અને આમ હિંદુઓનો જ વાંક કાઢયાને માટે મારા ઉપર તેમણે ઘણા જ તીખા અને ગાળો-ભરેલા કાગળો મોકલ્યા છે. એક જણે તો સૂચવ્યું છે કે મારે હવે મુસલમાની નામ ધારણ કરવું. આ બધા પત્રોનો ઉલ્લેખ અહીં હું એટલું જ બતાવવા ખાતર કરી રહ્યો છું કે આજે દેશમાં આપણામાંના કેટલાક લોકો પોતપોતાના ધર્મની લાગણીને નામે કેવા આંધળા ઝનૂનમાં તણાઈ રહ્યા છે. જ્યારે કોઈ ચોક્કસ ધર્મની અનુયાયી કોમમાં ઘણા લોકોની મનોવૃત્તિ આવા પ્રકારની થઈ પડે ત્યારે એ ધર્મનો લોપ થવાનો સમય આવી પહોંચ્યો સમજવો. કારણ, અસત્યની ઉપર રચાયેલું કશું જ આ જગતમાં લાંબો વખત નભી શકે નહીં.

હું તો માનું છું કે ખિદરપુરના હિંદુ મજૂરોએ કરેલા દુષ્કૃત્યને કશા સંક્ષેપ વગર જાહેર કરીને હિંદુ ધર્મની મેં મોટી સેવા બજાવી છે. ખુદ એ મજૂરોએ પણ મારા એવા સ્પષ્ટ બોલ્યાનો રોષ કરેલો નહીં. ઊલટું, તેમણે તે માટે આભાર માન્યો. તેમણે પોતાની ભૂલ જોઈ, પોતાના દુષ્કૃત્યનો તેમને પશ્ચાત્તાપ થયો અને તે માટે તેમણે ખરા દિલથી માફી માગી.

વળી, જે મેં નજરે જોયું અને મારા અંતરમાં લાગ્યું તે હું બોલું નહીં તો શું કરું? શું હું દોષિતનો દોષ ઢાંકવા ખાતર ગોળ ગોળ વાત કરી છૂટું? જ્યારે અરધી રાતે પેલા સર્વવ્યાપક છાપાના ખબરપત્રીએ અક્કરચક્કરમાંથી આવી ચડીને મને પકડયો ત્યારે શું હું તેને કશું કહેવાની ના પાડું? જેની મને ખબર હતી તે સત્ય ઘટતે પ્રસંગે કહેવાની જો મેં ના પાડી હોત તો હું મને હિંદુ કહેવડાવવાનો અધિકારી ન રહેત, મહાસભાના પ્રમુખને સ્થાને રહેવાની મારી નાલાયકી પુરવાર કરત અને એક સત્યાગ્રહી તરીકેનું મારું નામ બોળત. એક તો દુષ્કૃત્ય કરવું ને પાછું પાછળથી એને ઢાંકવાનો પ્રયત્ન કરવો એવી નિંદ્ય વર્તણૂકનો જે આરોપ આજકાલ મુસલમાનોની સામે કરતાં હિંદુઓ અચકાતા નથી તે જ આરોપના હિંદુઓ પોતે દોષી ન બને એ હિંદુઓએ જોવું ઘટે છે.

એક પત્ર લખનાર જણાવે છે કે જ્યારે દિલ્હીમાં હિંદુઓ મારી મદદ માગે છે ત્યારે હું મારી અશક્તિ જાહેર કરું છું; જ્યારે લખનૌમાં મારી હાજરીની જરૂર જણાવવામાં આવે છે ત્યારે હું તે કંઈ ને કંઈ બહાને ટાળું છું; પણ જ્યાં હિંદુઓનો વાંક કાઢવાની ને તેમને વગોવવાની વાત આવે છે ત્યાં તત્કાળ હું બનાવની જગ્યાએ પહોંચી જાઉં છું અને વગરવિચાર્યે તેમનો કાજી બનું છું. હકીકત તો એ છે કે હિંદુઓની વતી એક હિંદુ ગૃહસ્થનો તેડાવ્યો અને

૧. જુલાઈ રની મુલાકાત માટે જુઓ “ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને નિવેદન”, ૨–૭–૧૯૨૫.

Gandhi Heritage Portal

શ્રી સેનગુપ્તા જેઓ મારા પહેલા પહોંચ્યા હતા તેમનો બોલાવ્યો હું ખિદરપુર ગયો હતો. અને જો હું કોઈ જગ્યાએ પ્રત્યક્ષ મારામારી થતી સાંભળું અને તેમાંયે જો બેઉ પક્ષ મારી મદદ ઇચ્છે છે એવા ખબર મને મળે તો તેવી જગ્યાએ મારી અત્યારની અશક્તિ છતાં હું અવશ્ય મદદે દોડું. મારી અશક્તિ તો મારે તે જ વખતે બતાવવી પડે છે, જ્યારે બેમાંનો એક જ પક્ષ મને કોઈ ઝઘડો પતાવવા અગર અટકાવવા બોલાવે છે; કારણ, અમુક વર્ગના હિંદુઓ તેમ જ મુસલમાનો ઉપર મારું વજન રહ્યું નથી. આમ બંને સ્થિતિ વચ્ચેનો તફાવત ચોખ્ખો છે.

પણ ઉપલા પત્રલેખકોએ તેમ જ મારી આગળ આ જ સંબંધમાં એક ડેપ્યુટેશન આવેલું તેમણે એક બીજી પણ વાત કરી છે તે એ કે હિંદુઓનો આમ વાંક કાઢીને મેં મુસલમાનોને નિર્દોષ હિંદુઓ ઉપર હુમલા કરવાને અને મુસલમાન ગુંડાઓને બજારના હિંદુ દુકાનદારોની દુકાનો લૂંટવાને તથા એથીયે બૂરા અત્યાચાર કરવાને ઉત્તેજન આપ્યું. જો આ સાચું હોય, જો એક હિંદુ દુષ્કૃત્યને હું વખોડી કાઢું એનું ફળ મુસલમાન દુષ્કૃત્યને ઉત્તેજન મળવામાં આવતું હોય તો મને તે વાતનું જરૂર દુઃખ થાય. પણ કદાચ તેમ થવાનો ભય હોય તેથી સત્યનું આચરણ કરતાં હું કેમ અટકી શકું?

વળી હિંદુઓએ મુસલમાન કીનાનો એવો ડર પણ શા સારુ રાખ્યા કરવો? જો હિંદુઓને મારા કહેલા અહિંસાધર્મનું અને સમર્પણવૃત્તિનું પાલન કરવું અશક્ય હોય — અને હું કબૂલ કરું છું કે માલમિલકતવાળા લોકોથી તેમ થવું અત્યંત કઠિન છે — તો અલબત્ત, એમણે રુચે તે માર્ગે અને હરપ્રયત્ને આત્મરક્ષા કરવી. આપણે માણસમાં રહેવું હોય તો હિંદુ શું મુસલમાન શું સૌ કોઈએ આપણામાંની કાયરતા ખંખેરી કાઢી આત્મરક્ષા કરવાની કળા શીખ્યે છૂટકો છે. એ નહીં શીખે તેઓ બીજાની ઓથે રહી સલામત રહેવાનાં ચાહે તેવડાં અટ્ટહાસ્ય કરશે તોપણ એવી ચાલાકી સરવાળે એમને નિશ્ચિત જોખમમાંથી કદાપિ બચાવી શકશે નહીં. ખિદરપુરના જે હિંદુઓને મેં દોષ દીધો તેમાં પોતાના પર હુમલો થાય ત્યારે આત્મરક્ષા કરનારાઓનો સમાવેશ નથી. જો હિંદુઓને મેં હુમલો કરનારા તરીકે ભાળવાને બદલે જબ્બર સંકટ વચ્ચે પોતાની રક્ષા કરવા ખાતર મરણિયા થઈ લડતા અને તેમ કરવા જતાં મરતા ભાળ્યા હોત તો હું તેમના શૌર્યનાં યશોગાન કરત. પણ ખિદરપુરમાં તો હું જાણું છું તે મુજબ તેઓ ઘણી વધારે સંખ્યામાં અને પ્રથમ હુમલો કરનારા હતા. મુસલમાનોએ તેમને કજિયાને સારુ કશું કારણ આપ્યું નહોતું. આ સ્થિતિમાં હિંદુ મજૂરોએ નાહક ચલાવેલી ખૂનરેજીને સદંતર વખોડી કાઢવામાં મને લેશ પણ સંકોચ ન જ થાય, જેમ કોહાટ ગુલબર્ગાના મુસલમાન અત્યાચારોને વખોડી કાઢવામાં અને તેને તદ્દન ગેર તરીકે જાહેર કરવામાં મને સંકોચ ન થયો. એક અડબોથના સામી બે મારનારનું વર્તન પણ હજુ કંઈકે સમજી શકાય, પણ કશી પજવણી વગર અગર તો લાગ જોઈને કોઈએ ઇરાદાપૂર્વક ચલાવેલી પજવણીની અફવા ઉપરથી જ નિર્દોષનાં માથાં ભાંગવા નીકળી પડનારના વર્તનનો બચાવ તો થઈ જ કેમ શકે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–७–१९२५

ભાષાંતર : नवजीवन, १९–७–१९२५

Gandhi Heritage Portal

# ૨૩૫. ટૅમાની હૉલ શું છે?

દેશબંધુને શ્રદ્ધાંજલિ આપવા માટે યોજાયેલી સભામાં ટૅમાની હૉલ પદ્ધતિ અજમાવવાના આરોપ વિરુદ્ધ મેં કરેલા બચાવ માટે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. એ વાંધો એ ભૂમિકા પર ઉઠાવવામાં આવ્યો છે કે આવી શ્રદ્ધાંજલિ માટે યોજાયેલી સભામાં એનો ઉલ્લેખ અભદ્ર લાગતો હતો. હું માનું છું કે મારામાં સૂક્ષ્મ ભાવો સમજવાની બુદ્ધિ છે. હું શું કરી રહ્યો હતો તેની મને ખબર હતી. હું દેશબંધુનું જીવન કલકત્તાના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી રહ્યો હતો. દેશબંધુએ ટૅમાની હૉલ પદ્ધતિઓ અજમાવી હોવાનો આક્ષેપ છાનોછપનો પ્રચારમાં છે, એ વાત મારા મનમાં ઘોળાતી હતી. અને આ બાબત વિષે મારે તેમની સાથે થયેલી વાતચીતની અત્યંત તાજી સ્મૃતિ મને હતી. એટલે મને લાગ્યું કે આ આક્ષેપ તદ્દન પાયા વગરનો છે એ વાતની ખાતરી હું જો વિદ્યાર્થીઓને ન કરાવું તો એક સાથીની પવિત્ર સ્મૃતિને મેં છેહ દીધો ગણાત. આખરે આપણે આપણા પ્રતિષ્ઠિત દેશબંધુઓની સ્મૃતિનું સન્માન, તેમના દોષો પર ઢાંકપિછોડો કરીને કરવાના નથી. આપણે તે વીર પુરુષોની સ્મૃતિનું સન્માન કરીએ તેની સાથે તેમના પુરવાર થયેલા દોષો સ્વીકારવાની પણ આપણને છૂટ હોવી જોઈએ. ખોટો વિવેક તે વિવેક નથી. જો દેશબંધુ ટૅમાની હૉલ પદ્ધતિ અજમાવવા માટે દોષિત હોય તો આપણે એ હકીકતનો સ્વીકાર કરવો જોઈએ. અને તેમના ઉમદા ગુણોને કીમતી ગણી તેમનો સંગ્રહ કરીએ છતાં તેમની અમુક રીતરસમોથી તો સાવચેત જ રહીએ. પણ આવી કોઈ રીતરસમો માટે તેઓ દોષિત નથી એમ હું માનતો હતો. અને આ વાત કહેવા માટે યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટ[૧] કરતાં વધારે સારો પ્રસંગ હું કલ્પી શક્યો નથી.

પણ આ ટૅમાની હૉલ રીતરસમો શું છે? એ વિષે મેં જે જાણ્યું છે તે જો ખરું હોય તો અમેરિકામાં લોકોનો એક વર્ગ પોતાનો સ્વાર્થ સાધવા માટે મંડળો તથા સત્તાનાં સ્થાનો પર કબજો મેળવવા માટે જે છૂપાં અને ખુલ્લાં કાવતરાં કરે છે, તેને આ નામ આપવામાં આવ્યું છે. આ લોકો છળકપટ, લાંચરુશવત અને બીજા દરેક પ્રકારના ભ્રષ્ટાચાર કરતાં પાછું વાળીને જોતા નથી. આવા આક્ષેપોનો દેશબંધુના અત્યંત વિશ્વાસુ સાથીઓએ તેમ જ દાર્જિલિંગમાં ખુદ દેશબંધુએ અત્યંત ભારપૂર્વક ઈનકાર કર્યો છે, એટલું જ નહીં પણ આ આક્ષેપોની તપાસ કરવાનું અને જો લાંચ કે ભ્રષ્ટાચારના આરોપો પુરવાર થાય તો જાહેરમાં તેને વખોડી કાઢવાનું પણ તેમણે કહ્યું છે. ટૅમાની હૉલ રીતરસમ માટેની પહેલી અનિવાર્ય કસોટી દેખીતી રીતે જ મળતી નથી. દેશબંધુ કે તેમના સાથીઓને પોતાના કોઈ અંગત સ્વાર્થો સાધવાના હતા જ નહીં. ખરેખર એવા લોકો લાંબો વખત તેમની સાથે રહી શકે જ નહીં. એટલે જો કોઈ માણસે બીજા કોઈને લાંચ આપી હોય તો તે પોતાના અંગત સ્વાર્થ માટે નહોતી. પણ અંગત રીતે હું લાંચના આ બે પ્રકારો વચ્ચે ભેદ કરતો નથી. દેશબંધુ પણ આવો ભેદ કરતા નહોતા. તેમણે મને કહ્યું હતું કે, સરકારે તો લાંચ અગર ભ્રષ્ટાચારને એક સંપૂર્ણ શાસ્ત્ર બનાવી દીધું છે એ કારણે જ જો હું ભ્રષ્ટ માર્ગો અપનાવું તોપણ તે માર્ગે હું મારા દેશને મુક્ત કરી શકું નહીં. સાચી વાત એ છે કે આજની પેઢીના અનુભવમાં તો આવો કેળવાયેલો,

૧. જુઓ "કલકત્તા યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટમાં ભાષણ", ૩૦–૬–૧૯૨૫.

Gandhi Heritage Portal

શિસ્તબદ્ધ અને સંગઠિત રાજકીય પક્ષ પહેલી જ વાર ધારાસભાઓમાં કામ કરી રહ્યો છે. એટલે આવો પક્ષ લાંચ કે ભ્રષ્ટાચાર વિના સંગઠિત બની શકે તે વાત કેટલાકના માન્યામાં આવતી નથી. સરકારે તેમની પાસે જે કંઈ સાધનો છે તે વડે આ પક્ષની બદનામી કરવાનો પૂરો પ્રયત્ન કર્યો છે. લાંચ વિષેની કોઈ પણ અફવા સાંભળવા માટે પરસ્પર વિરોધી પક્ષના લોકોના કાન હમેશાં સરવા જ હોય છે. એ વાતમાં શંકા નથી કે કેટલાક લોકો પ્રામાણિકપણે એમ માને છે કે દેશબંધુએ પોતાના પક્ષને સંગિઠત રાખવા માટે અને કાઉન્સિલમાં કટોકટીની પળે બીજા પક્ષોનો ટેકો મેળવવા માટેના ઉપાયો તરીકે લાંચનો પણ આશ્રય લીધો હશે.

જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી આ આક્ષેપ પાયા વિનાનો છે. કોઈ પણ માણસ તેમણે આ પ્રમાણે કર્યું છે, એમ સ્પષ્ટ રીતે પુરવાર કરી આપશે તો તેથી દેશબંધુની અંજલિમાં વિઘ્ન નહીં આવે. જે વાતની ગુસપુસ થાય તે જાહેર પ્રજાને કાને પહોંચે તે વધારે સારું છે. આખરે આ આક્ષેપ કંઈ એકલા દેશબંધુ સામે જ નહોતો. ખરું જોતાં તો એ તેમના કરતાં પણ વિશેષે કરીને તેમના પક્ષ સામે હતો. અત્યારે તેઓ આપણી વચ્ચે નથી છતાં તેમનો પક્ષ તો હજી છે જ અને એ પક્ષને હું ઓળખું છું તે પ્રમાણે તો તે તેની સામેના ભ્રષ્ટાચારના કોઈ પણ પુરાવાઓની તપાસની ઝડી સામે ઊભો રહેવાને શક્તિમાન છે.

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, १६–७–१९२५

## ૨૩૯. કલકત્તાના મેયર

કલકત્તાના મેયરની પસંદગી બાબતમાં મેં હસ્તક્ષેપ[1] કર્યો, તે વિષે બંગાળના કેટલાક મિત્રોએ નારાજી બતાવી છે. સામાન્ય શિષ્ટાચાર પ્રમાણે કદાચ મારે તેનો ખુલાસો કરવો જોઈએ. આપણા દેશ પર ઊતરેલી મહાન આફત પછી બંગાળની ભીડના સમયમાં તેની પડખે ઊભા રહેવાનું અને બની શકે તો વાસંતીદેવીનાં આંસુ લૂછવાનું અને તેમને તથા પિતાવિહોણાં બાળકોને આશ્વાસન આપવાનું તો મેં નક્કી કર્યું જ હતું. તેની સાથે સાથે મેં એમ પણ નક્કી કર્યું હતું કે મારે તેમનામાંથી કોઈના પર પણ બોજારૂપ ન થતાં નમ્રપણે માત્ર તેઓ માગે તેટલી મદદ કરવા માટે ત્યાં હાજર રહેવું. અવસાન પામેલા મિત્ર તથા સાથીની સ્મૃતિમાં બજાવવાની આ એક સીધીસાદી ફરજ હતી. અખિલ બંગાળ દેશબંધુ સ્મારક ફાળાની યોજના ઘડવામાં મારી મુખ્ય જવાબદારી હતી. એટલે એનો પ્રારંભ થતાં બંગાળમાં મારું રહેવાનું નિશ્ચિત બન્યું, તે પછી જે કંઈ બનાવો બન્યા એ જોતાં મારો અહીંનો લાંબો વસવાટ યોગ્ય હતો એમ સિદ્ધ થયું છે.

પણ મને એ વાતની તો કલ્પના પણ નહોતી કે દેશબંધુ દાસની જગ્યાએ કલકત્તાના મેયરની ચૂંટણીમાં દોરવણી કે સલાહ આપવાનું કામ મારે માથે આવશે. આ કામને ટાળવાનું મારાથી બન્યું હોત તો મને ખૂબ જ આનંદ થાત, પણ એક સૈનિક માટે પસંદગીને અવકાશ હોતો નથી. આ પસંદગીમાં રસ ધરાવતા પક્ષોએ એ પ્રશ્ન મારી પાસે મૂક્યો. હું આ જવાબ-દારીમાંથી છટકી શકું એમ નહોતું, તેમ આ કામ માટેની અશક્તિ પણ સાચી રીતે દર્શાવી શકું

૧. જુઓ "કલકત્તામાં સ્વરાજ પક્ષના ધારાસભ્યો સમક્ષ ભાષણ", ૯–૭–૧૯૨૫.



Gandhi Heritage Portal

એમ નહોતું. એક વાર આ પ્રશ્નના ચક્કરમાં આવી ગયા પછી જ્યાં સુધી મ્યુનિસિપાલિટીનો કૉંગ્રેસ પક્ષ આ વિષે રીતસર નિર્ણય ન કરે ત્યાં સુધી મારાથી છટકાય તેમ નહોતું.

મેં આપેલી સલાહ માનવા જેવી હતી કે કેમ અથવા તો તે શહેરના હિતમાં હતી કે કેમ, તે બાબતમાં જરૂર અનેક અભિપ્રાયો હોઈ શકે. પણ હું તો એટલું જ કહી શકું કે મેં આપેલી સલાહ દેશના તેમ જ મહાલયોના આ નગરના હિતમાં હતી. મારી સમક્ષ એક પરંપરા તથા એક નીતિ ગજ તરીકે હતાં. મારી ફરજ એ હતી કે દેશબંધુ દાસ હયાત હોત અને આ સંજોગોમાં તેમણે જે કર્યું હોત, તે પ્રમાણે મારે કરવું, પણ શરત એટલી કે મારે સ્વીકૃત નૈતિક ધોરણોની વિરુદ્ધ ન વર્તવું. ચાર વરસ થયાં કૉંગ્રેસે પોતાના હિતની દૃષ્ટિએ તથા રચનાત્મક કાર્યક્રમને વેગ આપવાની દૃષ્ટિએ મ્યુનિસિપાલિટીઓ અને જિલ્લા લોકલ બોર્ડોનો કબજો કરવાનું નક્કી કર્યું છે. આ નિર્ણય પાછળનો હેતુ જાહેર આરોગ્ય વિષે વધુ કાળજી લેવાનો નહીં, પણ વધારે મોટી રાજકીય સત્તા મેળવવાનો હતો. આ મહત્ત્વાકાંક્ષા રાખવામાં કશું પણ ખોટું નહોતું. સરકારે પોતે જ ઊભી કરેલી આ સંસ્થાઓનો ઉપયોગ તેણે પોતાનું શાસન વધારે દૃઢ કરવામાં અને પોતાની પ્રતિષ્ઠા વધારવામાં કર્યો છે. લંડનની કાઉન્ટી કાઉન્સિલોમાં પણ ચૂંટણી રાજકીય મુદ્દાઓ પર લડાય છે. જ્યાં રાજકીય વાતાવરણ ગરમાગરમ હોય છે ત્યાં આવી ચૂંટણીઓને રાજકીય પારાશીશી તરીકે ગણવામાં આવે છે. અને જો ઇંગ્લંડની મ્યુનિસિપાલિટી માટે એ જરૂરી મનાતું હોય તો જ્યાં પરશાસન નીચે આખું રાષ્ટ્ર કચડાઈ રહ્યું હોય ત્યાં તો એ ખાસ કરીને જરૂરી મનાવું જોઈએ. સરકારે ઊભા કરેલા તંત્રને કબજે કરવાનું સલાહભર્યું છે એમ એક વાર નક્કી થયા પછી રાજકીય સત્તા માટે મ્યુનિસિપાલિટી જેવી સંસ્થાઓ પર કાબૂ મેળવવો એ તે પછીનું અનિવાર્ય પગલું બને છે. આ દૃષ્ટિએ કલકત્તાની મ્યુનિસિપાલિટીનો દેશબંધુએ કબજો લીધો અને તેનો ઉપયોગ કૉંગ્રેસની એટલે કે બંગાળ પૂરતી સ્વરાજ પક્ષની શક્તિને દૃઢ કરવામાં અસરકારક રીતે કર્યો. આમ કરીને તેમણે શું કૉર્પોરેશનના હિતની અવગણના કરી છે? હું ભારપૂર્વક ના પાડવાની હિંમત કરું છું. ઊલટું, મ્યુનિસિપાલિટી માટેની તેમની મહત્ત્વાકાંક્ષા રાજકીય મહત્ત્વાકાંક્ષા જેટલી જ ઊંચી હતી.

તો મેયર તરીકે તેમની જગ્યા કોણ લે? તેમનું સર્જન ગણાતા તેમના પક્ષના હાથમાંની એ બક્ષિસ છે. એ મહાન નેતાએ જે પરંપરાઓ ઊભી કરી છે, તેને બરાબર અમલમાં મૂકી શકે, અને પક્ષની પ્રતિષ્ઠામાં વધારો કરી શકે એવાને એ સ્થાન મળવું જોઈએ. તે માણસ પક્ષનો સભ્ય તો હોય જ પણ તે ઉપરાંત કેવળ મ્યુનિસિપાલિટીની દૃષ્ટિએ પણ તે ઉત્તમ આવડત ધરાવતો હોવો જોઈએ એમ માનવામાં આવ્યું છે. આ બધી અપેક્ષાઓ સંતોષી શકે તેવી વધુમાં વધુ યોગ્યતા ધરાવતી વ્યક્તિ મારા મત પ્રમાણે શ્રી જે. એમ. સેનગુપ્તા હતા. અને જો તે સ્વરાજ પક્ષની નેતાગીરી માટે યોગ્ય હોય તો તે દેશબંધુનો તાજ ગૌરવ અને શોભાભરી રીતે ધારણ કરી શકે તે માટે તેમને બીજા સાથીઓ પાસેથી પૂરો ટેકો મળે તેમ થવું જોઈએ.

પણ શું તેઓ આ ત્રિવિધ બોજો ઉપાડી શકશે? તેઓ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે તો ચૂંટાયા જ હતા. તેઓ સ્વરાજ પક્ષની નેતાગીરી કરી શકશે? અને સાથેસાથે કૉંગ્રેસનો રચનાત્મક કાર્યક્રમ પાર પાડવા ઉપરાંત કલકત્તાના મેયરની જવાબદારી પણ ઉઠાવી શકશે? જો આ બોજો તેમને ભાંગી નાખે એમ હોય તો આવા ત્રિવિધ માનનો શો ઉપયોગ છે?

Gandhi Heritage Portal

આનો મારો જવાબ એ હતો કે શ્રી સેનગુપ્તા એકલા જ પોતાની શક્તિના ઉત્તમ નિર્ણાયક હતા. જો તેમને જરૂરી લાગતી હોય અને તેઓ લેવા ઇચ્છતા હોય તો જ તેમને સત્તા આપવી જોઈએ. એ તેમના પર ઠોકી બેસાડવી ન જોઈએ. જો સેનગુપ્તા ચાલબાજી ખેલનારા ને દેશને બદલે પોતાના અંગત હિતને પહેલું મૂકે તેવા હોય તો આ પ્રયોગ ઘણો જોખમભરેલો હતો એમાં શંકા નથી. એમ જ હોય તો તેમને સ્વરાજ પક્ષના નેતા બનાવવામાં પણ જોખમ હતું. જો તેઓ આવા પ્રકારની શંકાઓથી પર હોય અને જો તેમના કામ માટે જરૂરી હોય અને તેઓ પોતાનો બોજો સુયોગ્ય રીતે વહન કરી શકે એમ હોય, તો મેયરનું પદ તેમને મળવું જોઈએ. પોતાને કૉંગ્રેસી કહેવડાવવામાં ગૌરવ લેનાર અને દેશબંધુના વારસદાર ગણાવવા ઇચ્છનારે પ્રતિષ્ઠાને ખાતર પ્રતિષ્ઠા પાછળ ન પડવું જોઈએ. શ્રી સેનગુપ્તાનું સ્થાન અત્યારે મેકસ્વિની જેવું છે. તે કૉર્કનો મેયર થવા ઇચ્છતો હતો, તે એટલા માટે નહીં કે તેને માન મળે, પણ આ ઉચ્ચ પદવી ધારણ કરનારને માટે તે વખતે જોખમ હતું તેનો તે સામનો કરી શકે એટલા માટે તે મેયર થવા ઇચ્છતો હતો. દેશબંધુના અનુગામીને મેકસ્વિની કરતાં પણ વધુ જોખમોનો સામનો કરવો પડે એમ બને ખરું. મેકસ્વિનીએ પોતાની જાતને હોડમાં મૂકી હતી. દેશબંધુના અનુગામીને પોતાની બધી પ્રતિષ્ઠા હોડમાં મૂકવી પડે એમ હતું. દેશબંધુએ વારસામાં આપેલા બલિદાન અને પ્રતિષ્ઠાના ધોરણમાંથી સહેજ પણ આડે માર્ગે જતાં તેના અનુગામીની બધી આબરૂ જિંદગીપર્યંત સાફ થઈ જવા સંભવ હતો અને એ જીવંત મૃત્યુ કેવળ દેહના મૃત્યુ કરતાં વધારે ભૂંડું હતું. શ્રી સેનગુપ્તાના મેયરપદ માટેના દાવા વિષે આગ્રહ કરવામાં મેં મારી જાત સાથે ને મારા મિત્રો સાથે આ રીતની દલીલો કરી. કૉંગ્રેસ પક્ષ અને કૉંગ્રેસ મ્યુનિસિપાલિટી પક્ષ મારી વાત સમજ્યા, મારી દલીલોની તેમણે કદર કરી અને માત્ર થોડા લોકોના વિરોધ સાથે શ્રી સેનગુપ્તાની પસંદગીને બહાલી આપી તે બદલ એ સૌનો હું આભારી છું. હું માત્ર એટલી આશા રાખું છું કે એ મિત્રો તેમનો બોજો બની શકે એટલો હળવો કરશે. મને એ બાબતમાં શંકા નથી કે શ્રી સેનગુપ્તા દેશબંધુએ નિર્ધારિત કરેલાં ઊંચાં ધોરણો પ્રમાણે ચાલવાનો પ્રયાસ કરશે.

પણ આ બનાવથી કાયમનો ચીલો પડે છે એમ કોઈ ન સમજે. શુદ્ધ સિદ્ધાંતની દૃષ્ટિએ જોઈએ તો કોઈ વ્યક્તિ ગમે તેટલી મહાન હોય તોપણ તે એક વ્યક્તિમાં ત્રણ મહત્ત્વનાં કામો કેન્દ્રિત કરવામાં આવે તે ખોટું છે. ત્રણ ભારે બોજાવાળાં કામને કોઈ પણ માણસ પૂરો ન્યાય ન આપી શકે. અને કોઈ પણ માણસ માટે આપબડાઈ કરવા માટેનું પ્રલોભન પણ ઘણું મોટું હોય છે. અને કોઈ પણ માણસને ટાળી શકાય તેવા પ્રલોભનમાં મૂકી દેવો એ વાજબી નથી. એ ઉપરાંત, રાજકીય પક્ષો મ્યુનિસિપલ સંસ્થાઓને ભલે કબજે કરે, પણ મ્યુનિસિપાલિટીની જવાબદારીઓ સક્રિય રાજકારણીઓને માથે લાદવી એ ભૂલ છે. આપણી પરાધીન અવસ્થામાં પણ મ્યુનિસિપાલિટીને લગતી બાબતોનો વિચાર તેમના પોતાના ગુણદોષને આધારે થવો જોઈએ. અને રાજકીય કારણોસર પોતાની મ્યુનિસિપાલિટીને લગતી ફરજમાંથી ચ્યુત ન થાય તેવા એ કામના નિષ્ણાતો ઊભા કરવા જોઈએ. આપણે જો આ બધી સાવચેતી નહીં રાખીએ તો મ્યુનિસિપલ સંસ્થાઓ કબજે લેવાનો આપણો પ્રયોગ અવશ્ય નિષ્ફળ નીવડશે. મ્યુનિસિપાલિટીને લગતું જીવન એક પ્રકારની તાલીમ માગી લે છે, જે સતત પ્રવૃત્તિમાં પડેલા રાજકારણીને અનુકૂળ થતી નથી. એટલે એક મ્યુનિસિપલ સભ્ય પોતે રાજકારણી મટીને જ પોતાના રાજકીય

Gandhi Heritage Portal

પક્ષની સારી રીતે સેવા કરી શકશે. એક ન્યાયાધીશ પણ જ્યારે પોતાનો હોદ્દો ધારણ કરે છે ત્યારે વકીલ કે રાજકારણી મટી જાય છે. મ્યુનિસિપલ પ્રવૃત્તિ માટેનો મારો પ્રેમ અને તેના મહત્ત્વનું પૂરું જ્ઞાન છતાં મેં એક જ વ્યક્તિમાં ત્રણ કામો એકત્રિત કરવાનું સ્વીકાર્યું તેનું કારણ એ છે કે હાલનો આ પ્રસંગ એટલો બધો અસાધારણ છે કે તે માટે ખૂબ જ અસરકારક, કહો કે જોખમભરેલું પગલું ભરવાની જરૂર પડી છે. દાસ રોજ રોજ જન્મતા નથી હોતા. દેશબંધુના અવસાનથી એક એવો મોટો ખાડો પડયો છે કે તે પુરવાનું કોઈ એક માણસ માટે અશકય છે. આથી તેમણે છોડેલો બોજો ઉપાડનાર માણસને અસાધારણ ટેકા મળવા જોઈએ. અને જો એ માણસ સાધારણ કક્ષાની આવડત અને પ્રામાણિકતા ધરાવતો હોય તો એ ટેકા તેમને મળી રહેવા જોઈએ. પણ મારા પૂરતું મારે કહેવું જોઈએ કે મારા જીવનમાં આ પ્રયોગ પહેલો અને છેલ્લો જ છે એવી હું આશા રાખું છું. મેં આ પ્રયોગ મારી જવાબદારીના પૂરા ભાન સાથે ને તેમાં રહેલાં જોખમોના ખ્યાલ સાથે હાથ ધર્યો છે. શ્રી જે. એમ. સેનગુપ્તાને ઈશ્વર આ માટે જરૂરી ડહાપણ અને શક્તિ આપે. કલકત્તાનાં શહેરીજનો એ બાબતની ખાતરી રાખે કે એક સક્રિય રાજકીય નેતાની ચૂંટણી થવાને કારણે કલકત્તાના મ્યુનિસિપલ જીવનના તંદુરસ્ત વિકાસને જોખમ વહોરવું નહીં પડે. આને માટે આપણી પાસે અગાઉના દાખલા મોજૂદ છે. સર ફિરોજશાહ મહેતા કરતાં વધારે સમર્થ મેયર અને મ્યુનિસિપલ સભ્ય જોવામાં આવ્યા નથી. તેમની પરંપરા ગયે વરસે શ્રી વિઠ્ઠલભાઈ પટેલે જાળવી રાખી હતી. તેમના વિરોધીઓએ પણ કબૂલ કર્યું છે કે તેમણે પોતાની ફરજ ભારે કુશળતાથી અને એટલી જ ભારે નિષ્પક્ષતાથી બજાવી હતી. અને વિઠ્ઠલભાઈ પટેલ ખરેખર એક અત્યંત સક્રિય રાજકારણી પુરુષ છે. મારી સ્થિતિની ચોખવટ કરવામાં ખરેખર મેં મ્યુનિસિપલ જીવનના ઊંચામાં ઊંચા સ્વરૂપની ચર્ચા કરી છે. આપણે હિંદમાં હજી એ પ્રકારનું જીવન વિકસાવવાનું છે. અને મને આશા છે કે એ કરવાનો ખાસ અધિકાર કૉંગ્રેસનો જ રહેશે. કલકત્તાની ગટરો ને જાજરૂ અત્યંત સ્વચ્છ રહે, શહેરને ચોખ્ખું ને સસ્તું દૂધ મળે, અને શહેર દારૂ તથા વેશ્યા વગેરે બદીમાંથી મુક્ત થાય એટલું કામ પોતે કરી શકે તો તેમની મહત્ત્વાકાંક્ષા પૂરેપૂરી સંતોષાવામાં કશું બાકી રહ્યું નથી એમ માનનારા માણસો આપણને નહીં મળે ત્યાં સુધી એ થઈ શકવાનું નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६–७–१९२५

Gandhi Heritage Portal

# ૨૩૭. નોંધ

## સ્મારક ફાળા માટેનો પ્રવાસ

અત્યારે હું બંગાળમાં જે પ્રવાસ કરી રહ્યો છું, તે સ્મારક ફાળા માટેનો પ્રવાસ બની ગયો છે. ફાળાની દસ લાખની રકમ હજી ભેગી થઈ નથી, એટલે કલકત્તા છોડીને જવા મારું મન આનાકાની કરતું હતું. પણ મેં જે જે જિલ્લાઓને વચન આપી દીધું હતું, તેમને નિરાશ કરવાની મારામાં હિંમત જ નહોતી. પણ મેં લોકોને ચેતવ્યા તો હતા જ કે મારો આ વખતનો પ્રવાસ દેશબંધુ સ્મારક ફાળો એકઠો કરવા માટે અને દેશબંધુનો સંદેશો સંભળાવવા માટેનો હશે. અને ફાળાની દૃષ્ટિએ જોઈએ તોપણ પ્રવાસ ખેડતાં મને આનંદ થાય છે. દરેક જગ્યાએ ગરીબ સ્ત્રીઓ અને પુરુષોનો પ્રત્યુત્તર આશ્ચર્ય પમાડે તેવો હતો. તેમને ખુશામતની જરૂર નહોતી. વિનંતી કરતાંની સાથે શક્ય તેટલું વધારે આપ્યું છે. વૃદ્ધ વિધવાઓ પોતાની સાડીને છેડેથી ગાંઠ છોડીને તેમાં જે કંઈ રકમ હોય તે કાઢીને આપી દેતી એવા અનુભવો અનેક થયા. મને કોઈ વાર તો એમ થતું કે આ રકમો તેમને પાછી આપી દઉં. પણ બીજી જ ક્ષણે એ અંગે મેં મારા મન સાથે સમાધાન કર્યું એટલું જ નહીં પણ આ ભેટ લેવામાં આનંદ અનુભવ્યો. દેશબંધુએ પોતાનું સર્વસ્વ અર્પી જ દીધું હતું ને? અને જે હૉસ્પિટલ થશે તે દુ:ખી સ્ત્રીઓને માટે જ થવાની છે ને? આમાંથી જે સંસ્થા સ્થપાશે તેમાં ગરીબ વિધવાઓને નર્સની તાલીમ મળવાની જ છે ને? સારા કામ માટે જે પોતાની પાસેનું બધું આપી દે છે તેનો બદલો ભગવાન દસગણો કરીને આપે છે, એ સત્યમાં મારે શું કામ શંકા લાવવી? અને સારી સ્થિતિવાળા પણ ફાળો આપવામાં રાજી નહોતા એવું નથી. કસબાઓ અને ગ્રામવિસ્તારમાં સ્ત્રીઓની સભામાં મને ઘરેણાં દાનમાં મળશે એવી કલ્પના જ નહોતી. પણ કોઈ પણ જગ્યાએ બહેનો ઘરેણાં આપ્યા સિવાય રહી નથી. સિરાજગંજમાં બે બહેનોએ તો ભારે વજનની ગળાની સોનાની સાંકળીઓ આપી દીધી. એ પણ એક ધ્યાન ખેંચે તેવી બાબત છે કે આ નોંધ લખતી વખતે મુસાફરીમાં બહેનોની સભાઓમાં જે ચાર સ્થળોની મેં મુલાકાત લીધી ત્યાં બધે સ્વાભાવિક રીતે હાજરી સેંકડોમાં હતી અને પુરુષોની સભાઓમાં હજારોમાં હતી છતાં, તેમાં ફાળો પુરુષોની સભાઓના જેટલો જ થયો હતો.

## દારિદ્ર્યનાં ચિહ્નો

અનેક રીતે આ ફાળાઓ અભ્યાસ કરવા જેવા બન્યા છે. આમજનતાની ગરીબાઈનું એ આંખે ઊડીને વળગે તેવું દર્શન કરાવે છે. હું આવા હજારો ગરીબો પાસેથી ફાળો ઉઘરાવું છું. દરેક સભામાં એક પૈસાના તાંબાના સિક્કાના ઢગલા થાય છે. કેટલાક કિસ્સાઓમાં તો અરધા પૈસા પણ તેમણે આપ્યા છે. એનું કારણ એ નહોતું કે તેઓ વધુ આપવા રાજી નહોતા, પણ હું જાણું છું ત્યાં સુધી તો તેમની પાસે આથી વધુ આપવાનું હતું જ નહીં. મારી હાજરીમાં તેમણે પોતાનાં કપડાંની ગાંઠો છોડીને કે ખિસ્સું ખાલી કરીને બધું આપી દીધું છે.

## મૂક કાર્યકર્તાઓ

સિરાજગંજથી માંડીને ઈશુર્દી સુધી અમે સાવ ધીમી ગતિવાળી ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા છીએ. એ બ્રાંચ રેલવે હતી. દર દસ મિનિટે સ્ટેશનો આવે. દરેક સ્ટેશને લોકો સેંકડોની

Gandhi Heritage Portal

સંખ્યામાં અને કેટલીક જગ્યાએ તો હજારોની સંખ્યામાં ટોળે વળ્યા હતા અને પૈસા આપી ગયા હતા. આ આખા કાર્યક્રમની વ્યવસ્થા બંગાળના મૂક અને નિઃસ્વાર્થી યુવકોએ કરી હતી. તેમનાં નામ કદી વર્તમાનપત્રોમાં આવવાનાં નથી. અને કદાચ તેઓ પોતાનું નામ છાપવામાં આવે તેમ ઈચ્છતા પણ નથી. તેમનું ઉત્કૃષ્ટ કામ જ તેમની જાહેરાત છે. તેમના વિના ગામડાંના લોકોને કંઈ જ ખબર પડી ન હોત. આ જુવાનિયા જ તેમનાં હાલતાંચાલતાં વર્તમાનપત્રો છે. કારણ કે તેમને વાંચતાં કે લખતાં આવડતું જ નથી. અને જે થોડાને આવડતું હશે તેમની પાસે છાપું ખરીદવા માટે પૈસા જ નહીં હોય. હિંદના આ ત્યાગી અને બહાદુર સેવકોને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. આ સ્ટેશનોએ મળેલી દરેકેદરેક સભા અત્યંત વ્યવસ્થિત, ઘોંઘાટ વગરની, ગંભીર અને પદ્ધતિસરની હતી. આવા દેશપ્રેમીઓ દ્વારા જ સ્વરાજ અચૂક હાંસલ થઈ શકશે. રેલવે અમલદારોનો પણ મારે ઉલ્લેખ કરવો જોઈએ. મોટેથી નાના, બધા રેલવે સત્તાવાળાઓ મારા અગાઉના પ્રવાસમાં મારા પ્રત્યે અત્યંત માયાળુ અને મારી સગવડ સાચવવામાં કાળજી રાખનારા રહ્યા છે. પણ બેશક, હવે મારે તેમની મદદની પહેલાં કરતાંય વધુ જરૂર પડે છે. નાનાં નાનાં સ્ટેશનોએ થોડી જ મિનિટમાં હજારો લોકો પાસેથી ફાળો ઉઘરાવવો એ કંઈ સહેલું કામ નથી. પણ છતાં તે બની શક્યું. કારણ કે આ લોકોએ પણ લોકોની તથા સ્વયંસેવકોની સાથે રહીને મારું કામ બને તેટલું હળવું કર્યું. દરેક સ્ટેશને મારે મારા ડબ્બામાંથી ઊતરી, લોકોનાં ટોળાંની વચ્ચે જઈ ફાળો એકઠો કરીને પાછા મારા ડબ્બામાં પહોંચી જવાનું હતું. મનુષ્યમાં રહેલાં ઉત્તમ તત્ત્વોને બહાર લાવવામાં દેશબંધુ જીવતા હતા ને જે કરી શક્યા તે કરતાં પણ તેમના મૃત્યુ પછી તેઓ એ કામ વધારે અસરકારક રીતે કરી શક્યા. દેશબંધુ પ્રત્યે અને તેથી દેશ પ્રત્યે પોતાનું કેટલું બધું ઋણ છે, તે તેમના દેશબંધુઓને હવે સમજાય છે.

## નિવાસસ્થાનનું શું?

એવી શંકાઓ ઉઠાવવામાં આવે છે કે જે હૉસ્પિટલ ઊભી કરવામાં આવનાર છે તે દેશબંધુનું કુટુંબ બે પેઢીથી જે મકાનમાં રહે છે તે મકાનમાં જ શરૂ કરવાની છે કે નહીં. લૉર્ડ સિંહા તથા બીજાઓએ જે અપીલ બહાર પાડી છે તેમાં એ વાત સ્પષ્ટ કરી છે એમ હું સમજ્યો હતો. એ મકાન આજે ટ્રસ્ટીઓના કબજામાં જ છે, અને તેનો ઉપયોગ હૉસ્પિટલ કે એવા જ કોઈ હેતુ માટે થશે. તેની કિંમત ત્રણ લાખ રૂપિયા ઉપર છે. એ મકાન ઉપર બે લાખથી પણ વધુ રકમનું દેવું છે. આ દેવું જે ફાળો ઉઘરાવાય છે તેમાંથી જ ભરપાઈ કરવાનું રહેશે એ સ્પષ્ટ છે, પણ સ્મારકના ટ્રસ્ટીઓને બે લાખની જગ્યાએ ત્રણ લાખનું મકાન મળી જશે. એનો અર્થ એ થયો કે ટ્રસ્ટીઓ જ્યારે દસ લાખ રૂપિયા એકઠા કરી દેશે ત્યારે તેમની પાસે ખરું જોતાં અગિયાર લાખ રૂપિયા આવશે.

## શંકા કરનારાઓને

હજી પણ કેટલાક લોકોને શંકા છે અને તેઓ મને પૂછે છે કે ખરેખર દસ લાખ રૂપિયા એકઠા કરવાની બાબતમાં તમે ગંભીર અને ઉત્સાહી છો ખરા? આના જવાબમાં હું એટલું જ કહું કે મને હજી બંગાળમાં એકે માણસ એવો નથી મળ્યો કે જેણે કંઈ ને કંઈ રકમ આપવાની ના પાડી હોય. અને એ દૃષ્ટિએ બંગાળ દસ લાખ ન આપે તો હું બંગાળને ઓળખતો

Gandhi Heritage Portal

નહોતો એમ ગણાશે. આ રકમ એકઠી કરવી એ માત્ર સમયનો અને વ્યવસ્થાનો સવાલ છે. આ ફાળાની સફળતા વિષે મને જરાય સંદેહ નથી.

### પ્રેરણાદાયી નથી?

આ સ્મારકનું ધ્યેય બહુ પ્રેરણાદાયી નથી, એ જાતના આક્ષેપનો જવાબ મેં જે તે સ્થળે આપ્યો જ છે. શંકા કરનારાઓ એ પરથી એવો ઈશારો કરે છે કે એનો હેતુ રાજકીય હોવો જોઈતો હતો. પણ મારે એ લોકોને ફરી યાદ આપવું ઘટે છે કે આ અપીલમાં સહી કરનારાઓ માટે બીજો ઉપાય જ નહોતો. જેઓ દેશબંધુની સ્મૃતિનું સન્માન કરવા માગે છે તેઓ જો તેમની ઈચ્છાને માન ન આપે તો તેમની સ્મૃતિનું સન્માન ન કરી શકે. હું એમ માનું છું કે એમની પાછળ રહેનારા આપણે એમની સ્મૃતિમાં જે કોઈ ફાળો એકઠો કરીએ તેનો પ્રથમ ઉપયોગ સ્વર્ગસ્થની ઈચ્છાને ધ્યાનમાં રાખીને થવો જોઈએ. દેશબંધુએ પોતાની મિલકત ટ્રસ્ટને હવાલે કરી તે વખતે તેમને ખ્યાલ હતો કે પોતે શું કરી રહ્યા છે. તેમણે ઈરાદાપૂર્વક આ મિલકત રાજકીય હેતુ માટે નહીં પણ લોકકલ્યાણના હેતુ માટે આપવાનું પસંદ કર્યું. આ મકાનનો રાષ્ટ્રને માટે કબજો લેવો એટલી જ માત્ર પાછળ રહેલાઓની ફરજ નથી. પણ તેમણે તેનો ઉપયોગ પણ દાતાની ઈચ્છા પ્રમાણેના હેતુ માટે જ કરવો જોઈએ. એટલે મારા અભિપ્રાય પ્રમાણે તો બંગાળ આ મકાનનો ઉપયોગ સ્ત્રીઓની હૉસ્પિટલ માટે તથા નર્સોની તાલીમ માટેની સંસ્થા માટે કરવા બંધાયેલું છે. મારા સાંભળવામાં આવ્યું છે કે કેટલીક જગ્યાએ બંગાળીઓ સ્થાનિક સ્મારકો માટે ફાળો ઉઘરાવે છે. હું આશા રાખું છું કે દરેક શહેર એ મહાન દેશભક્તને શોભે એવું સ્મારક પોતાને ત્યાં ઊભું કરશે. પણ હજી તે સમય આવ્યો નથી. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે તો દેશબંધુની સ્મૃતિનું સન્માન કરનાર દરેક બંગાળી એ પ્રતિજ્ઞાથી બંધાયેલો છે કે દસ લાખની રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી એક પાઈ પણ સ્થાનિક ફાળા માટે ન જવી જોઈએ. બંગાળ બહારના બંગાળીઓ પણ ચેતે! તેમણે બધાએ હજી પોતાને ભાગે આવતી રકમ મોકલી નથી. દેશબંધુના પરિચયમાં આવેલા બધા બંગાળીઓ પોતે જો આમાં મહેનત નહીં લે તો આ ફાળાનું કામ નાહક વધુ લંબાશે. આ નોંધ વાંચનાર બધા બંગાળીઓ પોતાની પૂરી શક્તિ વાપરીને પોતાનાં વર્તુળોમાંથી વધુમાં વધુ ફાળો એકઠો કરવાનો પુરુષાર્થ કરશે એવી હું આશા રાખું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १६-७-१९२५

Gandhi Heritage Portal

## ૨૩૮. શંકાનિવારણ

આજકાલ મારે દેશબંધુ સ્મારક માટે પૈસા લેવા ઘણા સજ્જનોને ત્યાં જવાનું થાય છે. આવા ધનિક ગૃહસ્થોમાં શ્રી સાધુરામ તુલારામજી પણ એક છે. તેમને ત્યાંથી ફાળો તો સારો જ મળ્યો પણ એ ઉપરાંત ત્યાં થોડી ધર્મની ચર્ચા પણ થઈ. ચર્ચામાં અસ્પૃશ્યતાનો વિષય પણ આવ્યો. કોઈ સજ્જને મને કહ્યું કે વર્તમાનપત્રોમાં એવા સમાચાર છપાયા છે કે જેને આપણે અસ્પૃશ્ય માનીએ છીએ તેમની સાથે રોટીબેટીવ્યવહાર રાખવાનું પણ હું કહું છું. મેં જ્યારે આ શંકાનું નિરાકરણ કર્યું ત્યારે જેમણે પ્રશ્ન કર્યો હતો તે ભાઈઓને તે બહુ જ આશ્ચર્યકારક લાગ્યું અને એમણે મને વિનંતી કરી કે અંતે જે વાત આપે કહી છે તેનો સાર હિંદી નવજીવનમાં આપવાનું રાખશો. મેં એમની એ સલાહ માની લીધી. જવાબનો સારાંશ હું અહીં આપું છું.

લોકોને પ્રથમ એ વાતની ખબર હોવી જોઈએ કે હું છાપાં વાંચતો નથી. અને જો કોઈ વાર વાંચી લઉં તો તેમાં છપાતી બધી ખોટી ખબરોના ખુલાસા કરવાનું મારે માટે સંભવિત નથી. એટલે જેના મનમાં શંકા થાય તે મને જ પૂછી લે કે મેં શું કહ્યું હતું. જેમ કે આ અસ્પૃશ્યતાની બાબતમાં કોઈ એમ છાપી દે કે હું અસ્પૃશ્ય ભાઈઓ સાથે રોટીબેટીવ્યવહાર થાય એમ ઇચ્છું છું અથવા તો તેને ઉત્તેજન આપું છું તો તે ભૂલ છે. મેં હજાર વાર એ સ્પષ્ટતા કરી છે કે અસ્પૃશ્યતાનો નાશ કરવો એનો અર્થ એવો બિલકુલ નથી કે રોટીબેટીવ્યવહારની મર્યાદા પણ તોડી નાખવી. રોટીબેટીવ્યવહાર કોની સાથે રાખવો અને કોની સાથે નહીં એ એક જુદો જ પ્રશ્ન છે. અને તેનો અત્યારે નિર્ણય કરવાની મને કોઈ જરૂર લાગતી નથી. હું તો એમ પણ માનું છું કે આ બંને પ્રશ્નોને ભેગા કરવાથી જે સુધારો કરવાનું આપણે જરૂરી માનીએ છીએ તેમાં પણ અડચણ આવી પડશે. અસ્પૃશ્યતા દૂર કરવી એ દરેક હિંદુધર્મીનું કર્તવ્ય છે. એની સાથે બીજા કોઈ પણ પ્રશ્નને ભેળવવાથી નુકસાન થશે.

હા, પાણી પીવાની બાબતમાં મારે કંઈક કહેવાનું છે. જો આપણે શૂદ્રોના હાથનું સ્વચ્છ પાણી લઈએ, આપણે તે લઈએ પણ છીએ, અને આપણે તે લેવું પણ જોઈએ, તો પછી અસ્પૃશ્યના હાથનું પાણી પણ લેવું જોઈએ. હું તો ચાર જ વર્ણોમાં માનું છું. અસ્પૃશ્ય જેવો કોઈ પાંચમો વર્ણ છે જ નહીં. એટલે આપણે અસ્પૃશ્યતાને મિટાવીને અસ્પૃશ્ય મનાતા હિંદુઓનું દુઃખ દૂર કરીએ, હિંદુ ધર્મની શુદ્ધિ કરીએ અને શુદ્ધ થઈએ. આ જ વાત બીજા શબ્દોમાં કહું તો નિંદા અને ઘૃણાને કોઈ પણ ધર્મમાં સ્થાન નથી. અસ્પૃશ્યતામાં ઘૃણાભાવ રહેલો છે. આ ઘૃણાભાવને આપણે મિટાવી દઈએ. હિંદુ ધર્મ સેવાધર્મ છે. અસ્પૃશ્ય કહેવાતા લોકોને આપણે સેવાથી વંચિત કેમ રાખીએ?

[મૂળ હિંદી]

हिन्दी नवजीवन, १६–७–१९२५

Gandhi Heritage Portal

# ૨૩૯. ચક્રવર્તી રાજગોપાલાચારીને પત્ર

જુલાઈ ૧૬, ૧૯૨૫

મારા પ્રિય સી. આર.,

કોણ જાણે કેમ, પણ તમે મજામાં છો એમ લાગવા માટે મને તમારા પત્રની જરૂર લાગે છે. મારી સ્થિતિ અત્યારે એવી છે કે, મને સ્પર્શતા નથી એવા સંજોગોમાં મારાં મન અને શરીર જીવે છે. પણ એમાં મારી કસોટી થઈ રહી છે. મારો આત્મા, અત્યારે આજુબાજુની દુનિયાથી અલગ વસી રહ્યો છે અને છતાં હું એ દુનિયામાં છું, અને મને એની અસર પહોંચે એમ ઇચ્છું છું. તમે એ દુનિયાના છો અને કદાચ મારી સૌથી વધુ નજીક હશો. હું જે કરું છું અને વિચારું છું તે તમને ગમશે એમ મારું મન માગી રહ્યું છે. કદાચ એમાં સફળતા ન પણ મળે. પણ એ તમારો ચુકાદો તો જરૂર ઇચ્છે છે.

હવે તમે ચોક્કસ સમજી શકશો કે હું તમારા તરફથી પત્રની આશા કેમ રાખું છું. બીજાં પણ કારણો હશે, પણ મુખ્યત્વે આ જ છે. વધુ નહીં તો અઠવાડિયે એક પોસ્ટકાર્ડ તો મને જરૂર લખો. અહીંના સમાચારો મહાદેવ, દેવદાસ અને પ્યારેલાલ[1] તમને આપતા હશે.

અને તમે તમારું સ્વાસ્થ્ય તો જાળવજો જ.

તમારી સાધના તો તમે છો એને ખીલવવાની અને હાથકંતામણના મહત્ત્વને શાસ્ત્રીય કસોટીએ ચડાવવાની છે. એમાં સફળતા નહીં મળે તોય મેં, તમે કે દુનિયાએ કાંઈ ગુમાવ્યું નહીં હોય, કારણ કે મને તો ખાતરી છે જ કે આપણા કાર્યક્રમમાં આપણને સંપૂર્ણ શ્રદ્ધા છે અને એમાં અનીતિને તો સ્થાન જ નથી. ઘરઘરની રસોઈને જિવાડવા માટે જેમ રાજ તરફથી રક્ષણની જરૂર હોતી નથી, તેમ ઘરઘરના કંતામણ માટે અને એમાંથી ઉત્પન્ન થતી ખાદી માટે રાજ તરફથી રક્ષણની જરૂર ન પડે એ મુજબની સ્થિતિ જ્યારે આપણાં ગામડાંમાં પેદા થશે ત્યારે આપણી માન્યતા સાચી છે એમ કહી શકાય.

મારે જે કહેવું છે તેની આ પ્રસ્તાવના તો ખરેખર લાંબી થઈ ગઈ.

આ સાથે પિટ અને કેલપ્પનના પત્રો મોકલું છું. હું તો ફક્ત એટલું જ કહું કે સ્થાનિક માણસો અસંમત ન હોય તો પૂર્વ દરવાજે આપણે નામનો પણ સત્યાગ્રહ ચાલુ રાખવો જોઈએ. પણ તમે કદાચ જુદો નિર્ણય પણ લો. તમે કેલપ્પનને લખજો. એ એક સરસ અને ઉપયોગી માણસ લાગે છે.

પ્યાર સહિત,

તમારો
બાપુ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

૧. પ્યારેલાલ નૈયર; ૧૯૨૦–૪૮ દરમ્યાન ગાંધીજીના સેક્રેટરી, અને તેમના જીવનચરિત્રના લેખક.

Gandhi Heritage Portal

## ૨૪૦. ડબ્લ્યુ. એચ. પિટને પત્ર

પ્રવાસમાં,
જુલાઈ ૧૬, ૧૯૨૫

પ્રિય મિ. પિટ,

તમારા લાંબા અને રસપ્રદ પત્ર[૧] બદલ આભાર. તમારો પત્ર ધ્યાનમાં લઈને અત્યારે હું જાહેરમાં કંઈ લખતો નથી. પણ મને એમ લાગે છે કે પ્રવેશબંધના સ્થળે એક સત્યાગ્રહીને મૂકવો એ સિદ્ધાંત અને શિસ્તની દૃષ્ટિએ જરૂરી છે. મારા મત પ્રમાણે તો રાજ્ય તરફથી એક સ્પષ્ટ જાહેરાત કરવાની જરૂર છે. અસ્પૃશ્યોની સ્થિતિ જોખમભરી ન બનવી જોઈએ પણ, અગાઉ મેં કહ્યું છે તે મુજબ કંઈ પણ પગલું આગળ ભરતાં પહેલાં હું તમારી સાથે પત્ર-વ્યવહાર કરીશ. પરંતુ હું આશા રાખું છું કે જે મનાઈ હજુ ખરેખર ચાલુ છે, તે વહેલામાં વહેલી તકે દૂર કરવામાં આવશે. અને તે સીધાં પગલાં લીધા વિના થશે. બીજાં મંદિરો બાબતમાં શું સમજવું?[૨]

તમારો
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન ૧૧૦૯૮

## ૨૪૧. મણિબહેન પટેલને પત્ર

કલકત્તા,
ગુરુવાર [જુલાઈ ૧૬, ૧૯૨૫][૩]

ચિ. મણિ,

તમારો કાગળ મળ્યો. તમારે બીજી બંગડી હમણાં જોઈએ તો મને લખજો. એટલે ટપાલથી મોકલી દઈશ. ડાહ્યાભાઈ કલકત્તાની રાષ્ટ્રીય મેડિકલ કૉલેજમાં ભણશે? એ સરસ ચાલતી જણાય છે. અથવા ડાહ્યાભાઈની ઊંડી ઇચ્છા શી છે? હું એટલો કામમાં પડયો છું કે લાંબા કાગળ ન જ લખી શકાય.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो — मणिबहेन पटेलने, પા. ૨૭

૧. આ પત્ર મળતો નથી. પિટે એ પહેલાં ગાંધીજીને આ પ્રમાણે તાર કર્યો હતો એમ લાગે છે: “વિગતે લખું છું. મહેરબાની કરી નિર્ણય મુલતવી રાખો.”

૨. પિટના જવાબ માટે જુઓ પરિશિષ્ટ ૩. આ અગાઉ પિટને ગાંધીજીએ કેલપ્પન પર કરેલા તારની નકલ મળી હોય એમ લાગે છે. તારમાં કેલપ્પનને કહ્યું હતું કે “વાઇકોમ મંદિરના પૂર્વ દરવાજા પર જ પિકેટિંગ કરવું” પણ આ સંદેશો મળતો નથી.

૩. મૂળ પ્રમાણે.

Gandhi Heritage Portal

## ૨૪૨. સ્વરાજ પક્ષની બેઠકમાં ઠરાવો[1]

કલકત્તા,

જુલાઈ ૧૬, ૧૯૨૫

૧. સ્વરાજ પક્ષની આ સામાન્ય સભા, દેશબંધુ ચિત્તરંજન દાસના ઓચિંતા અને અકાળ અવસાનથી દેશ જે ઊંડો શોક અનુભવી રહ્યો છે તેમાં ભાગીદાર બને છે. તેને એમ લાગે છે કે આ પક્ષે એનો એવો સ્થાપક અને હમેશનો માર્ગદર્શક ગુમાવ્યો છે, જેમણે આ પક્ષને અનેક મુશ્કેલીમાંથી ઉગાર્યો છે અને બંગાળમાં એક પછી એક વિજયો અપાવ્યા છે, અને જેમણે પક્ષ સમક્ષ હિંમત, આત્મભોગ અને શિસ્તનું એક ઊંચું ધોરણ રજૂ કર્યું છે. પક્ષ એ માટે સ્વર્ગસ્થ નેતાની સ્મૃતિ પ્રત્યે એવું ઋણ ધરાવે છે જે અદા કરવાની તે આશા ન રાખી શકે. આ સભા શ્રીમતી વાસંતીદેવી તથા તેમનાં કુટુંબીજનોને આદરભરી દિલસોજી પાઠવે છે.

૨. અખિલ હિંદ સ્વરાજ પક્ષની આ સામાન્ય સભા, ૧૯૨૫ના મેની બીજીએ પક્ષના સ્વર્ગસ્થ પ્રમુખ ચિત્તરંજન દાસે ફરીદપુરના ભાષણમાં હિંસા વિષેની ભાવનાઓની કડક શબ્દોમાં નાપસંદગી પ્રગટ કરી હતી તેને અને સરકાર સાથે સહકારની ઑફર કરી જે શરતો રજૂ કરી હતી તેને, અનુમોદન આપે છે.

આમ છતાં આ સભા દિલગીરી સાથે જણાવે છે કે નામદાર હિંદી વજીરે તાજેતરમાં ઉમરાવ-સભામાં જે જાહેરાત કરી છે, તે પક્ષના પ્રમુખની ઑફરનો કોઈ અનુકૂળ જવાબ નથી, એટલું જ નહીં, પણ તેનો ધ્વનિ અને ભાષા જોતાં તે માનભર્યા સહકાર માટેની તકો અશક્ય નહીં તો મુશ્કેલ તો બનાવે જ છે.

એટલે આ સભા એ જાહેરાતમાં, સ્વરાજ પક્ષની નિર્ધારિત નીતિમાં ફેરફાર કરવા માટેનું કોઈ કારણ જોતી નથી. પણ હિંદ સરકાર જે આખરી જાહેરાત કરે તે અને જેનો લૉર્ડ બર્કનહેડે ઉલ્લેખ કર્યો છે તે જો દેશમાંની વર્તમાન સ્થિતિની આવશ્યકતાઓને પહોંચી વળવા થોડે અંશે પણ પૂરતી લાગશે તો તે પોતાની નીતિની ફેરવિચારણા કરશે.

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૧૭–૭–૧૯૨૫

૧. અખિલ હિંદ સ્વરાજ પક્ષની મહાસમિતિ ૧૪૮, રસા રોડ પર શ્રી મોતીલાલ નેહરુના પ્રમુખપદે મળી હતી. ગાંધીજી તથા સરોજિની નાયડુ આ બેઠકમાં ખાસ આમંત્રણથી હાજર રહ્યાં હતાં. બૉમ્બે ક્રૉનિકલ, ૧૭–૭–૧૯૨૫ના હેવાલ મુજબ બીજા ઠરાવનો મુસદ્દો ગાંધીજીએ ઘડ્યો હતો. પહેલા ઠરાવનો મુસદ્દો પણ તેમણે જ ઘડ્યો હોય એમ લાગે છે.

Gandhi Heritage Portal

## ૨૪૩. સ્વરાજ પક્ષની સભામાં ભાષણ[1]

કલકત્તા,
જુલાઈ ૧૬, ૧૯૨૫

સભાનું કામકાજ પૂરું થયું ત્યારે મહાત્માજીએ કાંતણ મતાધિકાર છોડી દેવાના પ્રશ્ન વિષે સભાને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે અહીં ઘણા સ્વરાજવાદીઓ હાજર છે. તેમને હું કહીશ કે જો તમે કાંતણ મતાધિકાર છોડી દેવામાં માનતા હો તો તે માટે હું મહાસમિતિની બેઠક બોલાવીશ. વ્યક્તિગત રીતે હું માનું છું કે છેલ્લાં છ વર્ષમાં કાંતણ મતાધિકારની દિશામાં ઘણું કામ થયું છે. અને બાકી રહેલા અડધા વર્ષમાં હજી ઘણું થઈ શકશે, પણ છતાં જો તમે તે પડતો મૂકવા માગતા હો તો એ બાબતમાં હું વધારે મોડું નહીં કરું.[2]

[મૂળ અંગ્રેજી]

सर्चलाइट, १९–७–१९२५

## ૨૪૪. સ્વરાજ પક્ષની સભામાં ભાષણ[3]

કલકત્તા,
જુલાઈ ૧૭, ૧૯૨૫

મહાત્માજી, જેઓ આ સભામાં હાજર હતા, તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું કે જો તમે ઉપરોક્ત મતાધિકાર રદ કરાવવા ઇચ્છતા હો તો તમારી ઇચ્છાને માન આપીને હું મહાસમિતિની બેઠક બોલાવીશ. અંગત રીતે મારે માટે એક જ માર્ગ ખુલ્લો રહે છે. અને તે એ કે કૉંગ્રેસ કારોબારીના પ્રમુખપદેથી મારે રાજીનામું આપી દેવું, અને અલગ રીતે ખાદી અને રેંટિયાના પ્રચારનું કામ શરૂ કરવું. તેમણે એમ પણ કહ્યું કે સ્વરાજવાદીઓ સાથે થયેલા કરારને પણ હું છોડી દેવા તૈયાર છું. અને એ રીતે તેમને કૉંગ્રેસના આદેશના કોઈ પણ બંધનમાંથી મુક્ત કરવા તૈયાર છું. આ કરાર મુજબ, સ્વરાજવાદીઓ પૂરા એક વરસ માટે કાંતણ મતાધિકારને વળગી રહેવા બંધાયેલા છે. અને એ જ કારણે તમારામાંના ઘણા આ કરાર પૂરી મુદત સુધી પાળવાનું વલણ ધરાવે છે. પણ બહુમતી જો આ મતાધિકારને રદ કરવાના પક્ષમાં હોય તો તેની ઇચ્છા અનુસાર આ કરારને મારે રદ કરવો જોઈએ. અંતમાં તેમણે જાહેર કર્યું કે જો કૉંગ્રેસ કાંતણ મતાધિકારને ફગાવી દેશે

૧. આ સભામાં હાજર રહેલાઓમાં સરોજિની નાયડુ, વિ. ઝ. પટેલ, ન. ચિ. કેળકર, એમ. એસ. અણે, ડૉ. મુંજે, ટી. પ્રકાશમ્, એસ. શ્રીનિવાસ આયંગર, રંગાસ્વામી આયંગર અને જે. એમ. સેનગુપ્તા હતા.

૨. આ મુદ્દા પર જે. એમ. સેનગુપ્તા તથા મોતીલાલ નેહરુને એમ લાગ્યું કે સ્વરાજ પક્ષે કૉંગ્રેસ સાથે કરેલા કરારને વળગી રહેવું જોઈએ અને જો તેનો ભંગ થશે તો કૉંગ્રેસની નીતિનો ભંગ થયો ગણાશે, અને તે પણ સ્વરાજ પક્ષ કે જે કૉંગ્રેસનો જ છે, તેના તરફથી થયેલો ગણાશે.

૩. આ બેઠક ચિત્તરંજન દાસના જમાઈ એસ. સી. રૉયને ત્યાં મળી હતી. તેમાં કાંતણ મતાધિકારને રદ કરવા બાબતની ચર્ચા કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

તો હું કોંગ્રેસમાં રહીને કાંતણ માટેનું એક જુદું સંગઠન ઊભું કરીશ. અને જેવી રીતે દેશબંધુ વગેરેએ સ્વરાજ પક્ષ ઊભો કર્યો ને તે માટે કામ કર્યું, તેમ હું પણ કરીશ.[1]

[મૂળ અંગ્રેજી]

अमृतबज़ार पत्रिका, १८–७–१९२५

## ૨૪૫. માયામૃગ

[જુલાઈ ૧૮, ૧૯૨૫]

લૉર્ડ બર્કનહેડનો એકરાર બેવડો ભ્રમ ઉપજાવે છે. પહેલી વાર વાંચતાં તે જેટલો કડક લાગે છે તેટલો બીજી વાર વાંચતાં નથી લાગતો; પણ પહેલી વાર કરતાં બીજી વાર તે વધુ નિરાશા ઉપજાવે છે. કડકાઈ હેતુપૂર્વક વાપરવામાં નથી આવી. હિંદી વજીરે ઇચ્છાવિરુદ્ધ પોતાનું પોત પ્રકાશ્યું છે. તેમને જેવું લાગ્યું અથવા તો જેવું ભણાવવામાં આવ્યું તેવું તેઓ બોલ્યા છે. પણ તેમણે આપેલાં વચનો તો ઉપરથી જ મોહક લાગે છે. સહેજ ધ્યાનપૂર્વક વાંચી જઈએ તો તે મન ઉપર એવી છાપ પાડે છે કે જાણે વચન આપનાર જાણતો હોય કે તે વચનો પાળવાનો પોતાને વખત આવવાનો જ નથી. તેમનું સૌથી આકર્ષક વચન લઈએ. એનો ભાવ એ છે કે "તમે તમારું બંધારણ ઘડો અને અમે તેના પર વિચાર કરીશું" પણ આપણને શું ૩૫ વર્ષનો અનુભવ નથી કે આપણે જેને ખામી વિનાની માનીએ તેવી અરજીઓ કરી છે અને તેને "બહુ જ ધ્યાન દઈને વિચાર્યા પછી" ઉડાડી દેવામાં આવી છે? એ અનુભવ દૃઢ થયો ત્યારે આપણે ભિક્ષાવૃત્તિ છોડી અને તેમાં નાબૂદ થઈ જવું પડે તોપણ આપણે જ બાહુબળે નભવાનો નિશ્ચય કર્યો. ખરી રીતે તો નામદાર વજીર સાહેબ આપણી પાસે સુંદર ખરડો નથી માગતા પણ તલવારનો ચમત્કાર માગે છે અને જાણે છે કે તેમનું એ આમંત્રણ સ્વીકારાશે નહીં અને સ્વીકારી શકાશે પણ નહીં. આનો પુરાવો ભાષણમાં જ આપણને જડે છે. તેમની સામે મુડિમૅન કમિટીની અલ્પમતીનો રિપોર્ટ પડયો હતો. તે રિપોર્ટ ઘડનારી હિંદુસ્તાનના અતિ ચતુર કાયદાશાસ્ત્રીઓમાં ખપનારી અને જેમણે અજાણ્યે અસહકાર પડખે ચડયાનું પાપ કર્યું નથી તેવી બે બાહોશ વ્યક્તિઓ દાક્તર સપ્રુ અને શ્રી ઝીણા. તેમાંના એક તો વાઇસરૉયના અધિકારીમંડળમાં પણ રહી ચૂકેલા છે. આ બંને ગૃહસ્થોને તથા તેમના સાથીને લૉર્ડ બર્કનહેડે સંભળાવી દીધું કે તમને તમારા કામની સમજ નથી. ત્યારે શું પંડિત મોતીલાલજી ઘડી આપે અને માની લઈએ કે માનનીય શ્રીનિવાસ શાસ્ત્રી તથા મિયાં ફઝલીહુસેન[2] ટેકો આપે તેવી અરજીને વધુ સારો આવકાર મળવાનો

૧. કાંતણ મતાધિકારના પ્રશ્નની સંપૂર્ણ ચર્ચા કરવા માટે મહાસમિતિની બેઠક સપ્ટેમ્બરની આખરમાં કે ઑક્ટોબરની શરૂઆતમાં બોલાવવાનું નક્કી થયું. અહેવાલ મુજબ "બેઠક પૂરી થતાં મહાત્માજીએ પંડિત મોતીલાલ નેહરુ પર એક ચિઠ્ઠી મોકલી. તેમાં તેમણે લખ્યું કે કૉંગ્રેસમાં સ્વરાજ પક્ષની બહુમતી છે, અને પંડિતજી તે પક્ષના પ્રમુખ છે, એટલે તેમણે કૉંગ્રેસ કારોબારીનું પ્રમુખપદ પણ સંભાળવું જોઈએ. આ સંસ્થામાં હવે પ્રમુખ રહેવું મને પસંદ નથી. આ ચિઠ્ઠીએ સ્વરાજ પક્ષની છાવણીમાં સનસનાટી ફેલાવી દીધી. તેમાંના મોટા ભાગના ગાંધીજીની દોરવણી જતી કરવા તૈયાર નહોતા. આખરે એવો નિર્ણય લેવામાં આવ્યો કે આ વરસના બાકીના કામ સુધી મહાત્માજી મહાસમિતિના પ્રમુખ તરીકે ચાલુ રહે. પણ હવે પછીની મહાસમિતિની બેઠકમાં કાંતણ મતાધિકારને ઉડાડી દેવામાં આવે તો મહાત્માજી રાજીનામું આપે અને એક જુદું કાંતણ સંગઠન ઊભું કરે."

૨. વાઇસરૉયની કાર્યવાહક સમિતિના સભ્ય.

Gandhi Heritage Portal

કશો સંભવ છે? અસાવધને ફસાવવાની લૉર્ડ બર્કનહેડની આ બાજી નથી? ધારો કે આજની પરિસ્થિતિનો તોડ કાઢવા ખાતર જ એક નવું બંધારણ ઘડી આપવામાં આવે તો શું તેને તદ્દન અકલ્પ્ય અને અજુગતું નહીં ગણી નાખવામાં આવે? — અને તેને બદલે ઘણું ઓછું સ્વીકારી લેવાનું આપણને નહીં કહેવામાં આવે? હું પચીસ વર્ષનો પણ નહીં થયો હોઉં ત્યારે મને એવી ભલામણ કરવામાં આવતી કે જો ચાર આના જોઈતા હોય તો સોળ માગવા અને તેમ કરીએ તો જ ચાર મળી રહે. સારે નસીબે મેં શિખામણ કદી ન લીધી કેમ કે હું તો જોઈએ તેટલું જ માગવામાં અને ન મળે તો તેને ખાતર લડવામાં માનનારો રહ્યો. પણ એ ઘણી જ વ્યાવહારિક નસિયતમાં ખૂબ સત્ય રહેલું હતું એ જોતાં ચૂક્યો નથી.

તદ્દન બેવકૂફી ભરેલું બંધારણ પણ જો તેના ટેકામાં બળ — હિંસક કે અહિંસક — હોય તો તેને ઝપાટાબંધ ધ્યાન આપવામાં આવે, અને ખાસ કરીને બ્રિટિશ તરફથી. એ લોકોને એક અમુક જાતના બળની સારી પેઠે બૂજ છે.

એક બંધારણ તો હિંદની અવિશ્રાંતપણે સેવા કરી રહેલ દાક્તર એની બેસંટ વિલાયત લઈ ગયેલ છે. ઘણા સુપ્રસિદ્ધ હિંદીઓએ તે પર સહી કરી છે. અને જો કેટલાક બીજાઓએ તે પર સહી નથી કરી તો તે તેમને તેનાથી સંતોષ નથી તેથી નહીં પણ એ બંધારણનું ભાવિ કચરાની ટોપલીમાં છે એવી તેમને ખાતરી છે તેથી. તેને એક ક્ષણના સંકોચ વિના ઉડાડી મુકાવી હિંદુસ્તાનના અપમાનમાં ભાગી નહીં થવાની ઇચ્છાથી જ સહી નહીં આપનારા પ્રેરાયા છે. લૉર્ડ બર્કનહેડ હમણાં જ કહી દે કે હિંદી લોકમતનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ભોગવનારો એક પક્ષ અથવા વધુ પક્ષો મળી જે કંઈ યોગ્ય બંધારણ ઘડશે તેને તેઓ સ્વીકારશે અને એક અઠવાડિયાની અંદર બંધારણ તૈયાર જોઈ લે. દાક્તર બેસંટને પણ તેઓ જાહેર રીતે ખાતરી આપે કે તેમના બિલને પંડિત મોતીલાલ નેહરુ તથા બીજાઓનો ટેકો મળે તો તેનો સ્વીકાર થવાનો પૂરેપૂરો સંભવ છે, તો હું આજે જ સહીઓ મેળવી આપું. હકીકત તો એવી છે કે લૉર્ડ બર્કનહેડની આ વાતમાં નિખાલસતાની ગંધ જ નથી.

હિંદી વજીર જે આપવા નીકળ્યા છે તેમાં નિખાલસતા નથી જણાતી તે વજીરનો વાંક નથી. આપણે હજી કશું માગવાને તૈયાર જ નથી. તેથી સ્વાભાવિક સ્થિતિ એ જ હોઈ શકે કે બ્રિટિશ સરકાર આપણને આપે અને આપણને તેથી સંતોષ ન થાય તો તેને હઠેલી દઈએ. આપણે મન તો નવા સેનાધિપતિ જેને "અપ્રાપ્ય" ગણે છે તેને જ ખાતર જીવવામાં, લડવામાં અને મરી છૂટવામાં સાર રહેલો છે. કોઈનો પણ જન્મસિદ્ધ હક અપ્રાપ્ય ન હોય અને લોકમાન્યે શિખવાડ્યું કે સ્વરાજ એ આપણો જન્મસિદ્ધ હક છે. તે સ્વરાજની વ્યાખ્યા એ છે કે આપણે આપણું શાસન કરવું અને થોડો વખત તે કુશાસન નીવડે તો તેને પણ સહન કરી લેવું. આપણો અંગ્રેજોનો અને હિંદીઓનો સંબંધ અતિશય ડહોળાયેલો છે. લૉર્ડ બર્કનહેડ ધારે છે કે બ્રિટિશ સરકાર આપણા ક્ષેમકુશળ માટે જવાબદાર છે, આપણી ટ્રસ્ટી છે. ટ્રસ્ટી પોતાના મહેનતાણા તરીકે તે જેનો ટ્રસ્ટી હોય છે તેની પાસેથી આવકના ૭૫ ટકા નથી લેતો. તે નામદાર કહે છે કે આપણી ૧૩૦ ભાષાઓ અને ૯ ધર્મોવાળા આપણે રાષ્ટ્ર ન કહેવાઈએ. આપણે સામો જવાબ આપીએ છીએ કે વ્યાવહારિક દૃષ્ટિએ અને હિંદની હદની બહારથી પોતાનું રક્ષણ કરવા માટે આપણે એક જ રાષ્ટ્ર છીએ. તેઓ માને છે કે અસહકાર એ એક ભયંકર ભૂલ હતી. આપણી બહુ જ મોટી સંખ્યા એમ માને છે કે અસહકારે જ આ નિદ્રિત દેશને ઘેનમાંથી જાગ્રત કર્યો, અને તેણે જ

Gandhi Heritage Portal

એક એવી શક્તિ આપી છે કે જેનું માપ કાઢી શકાય તેમ નથી. સ્વરાજ પક્ષ એ શક્તિનું પરભાર્યું પરિણામ છે. તેઓ કહે છે કે હિંદુમુસલમાન ભેદોમાં બ્રિટિશ સરકારે "પોતાના હાથ ચોખ્ખા" રાખ્યા છે. લગભગ દરેક હિંદીનો નિશ્ચયપૂર્વક મત છે કે આપણા ઘણાખરા ઝઘડાઓ માટે પ્રધાનપણે બ્રિટિશ સરકાર જવાબદાર છે. તેઓ માને છે કે આપણે તેમની સાથે સહકાર કરવો જ જોઈએ. આપણે કહીએ છીએ કે જ્યારે તેમને શુદ્ધ દાનત હશે અને તેમનામાં હૃદયપલટો થયો હશે ત્યારે તેઓ આપણી સાથે સહકાર કરશે. તેઓ કહે છે કે સુધારાઓને સફળ કરનાર કોઈ શક્તિશાળી નેતા આપણામાં ન નીવડ્યો. આપણે કહીએ છીએ કે શ્રી શાસ્ત્રી તથા શ્રી ચિંતામણિ — બીજાઓને જવા દઈએ તોપણ — તે કાર્ય માટે પૂરી શક્તિ ધરાવતા હતા અને છતાં તેમણે જોયું કે આખી દુનિયાનો સદ્ભાવ સુધારાની વહારે ભેગો કરવામાં આવે તોપણ તે સુધારા ન ચાલી શકે. દેશબંધુએ આ ડહોળાયેલી દશામાંથી નીકળવાનો માર્ગ બતાવ્યો છે. તેમણે મૂકેલી શરતો કાયમ છે.

પણ જે ભાવથી તેમણે સમાધાનીની શરત કરી છે તે જ ભાવથી તેને આવકાર આપવામાં આવશે એની શી આશા? વળી, આપણી અંગ્રેજોની તથા હિંદીઓની દૃષ્ટિઓ પણ જુદી જુદી છે. તેથી આપણે ઊલટી રીતે જ વસ્તુને સમજીએ છીએ. ત્યારે પછી આપણને બંનેને સામાન્ય હોય એવું કંઈ હશે ખરું કે જેને આધારે આપણે ભેગા થઈ શકીએ?

હા, છે.

આપણે બંને જાતિઓ અસ્વાભાવિક દશામાં છીએ. એક શાસક અને બીજા શાસિત. આપણે હિંદીઓએ આપણે શાસિત છીએ એમ માનતાં અટકવું જ જોઈશે. તે તો આપણા હાથમાં થોડી તાકાત આવે ત્યારે જ થઈ શકે. તે તાકાત આવી ગઈ છે એમ આપણને ૧૯૨૧માં ભાસ થયો, અને તેથી આપણે ધાર્યું કે વર્ષની પહેલાં સ્વરાજ મળી રહેશે. હવે ભવિષ્ય ભાખવાની કોઈ હિંમત ન કરે. આપણે ફરીથી તે શક્તિ મેળવી લઈએ — સત્યાગ્રહની અહિંસાત્મક શક્તિ, એટલે આપણી વચ્ચેનું અસામ્ય દૂર થશે. આ ધમકી નથી, ધાડ નથી; કઠણ વસ્તુસ્થિતિ છે. અને હમણાં હમણાં હું નિયમિત રૂપે આપણા "રાજકર્તા"ઓનાં કાર્યોની પહેલાંની જેમ ટીકા નથી કરતો તેનો અર્થ એ નથી કે મારામાં કાયદા સામે થવાની જ્વાળા શમી ગઈ છે, પણ હું વાચા, કલમ અને વિચારની કરકસર કરનારો છું. હું જ્યારે તૈયાર થઈ જઈશ ત્યારે છૂટથી બોલીશ. મેં લૉર્ડ બર્કનહેડના એકરારની ટીકા કરવાનો યત્ન કર્યો છે તે ખાસ કરીને બંગાળની અને સામાન્ય રીતે આખા દેશની વિયોગવ્યથિત પ્રજાને જણાવવા ખાતર કે લૉર્ડ બર્કનહેડે અજાણ્યે પણ ભોંકેલી આર જેવી તેમને લાગી છે તેવી જ મને પણ લાગી છે. અને મોતીલાલજી જ્યારે વડી ધારાસભામાં ઝૂઝી રહ્યા હશે અને દેશબંધુની જગ્યાએ સ્વરાજ પક્ષની આગેવાની બજાવી રહ્યા હશે ત્યારે હું સત્યાગ્રહ માટે જરૂરી વાતાવરણ ઊભું કરવામાં કંઈ પણ બાકી નહીં રાખું. એ કામ માટે હું મને પોતાને બીજા કોઈ કામ કરતાં વધુ લાયક ગણું છું. શ્રી ભગવાન ગીતામાં નથી કહી ગયા? —

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३-७-१९२५

ભાષાંતર: नवजीवन, २६-७-१९२५

Gandhi Heritage Portal

# ૨૪૯. મારી નોંધ

## ચોરનીતિ

મારે નસીબે ઉપરના મથાળાની નોંધ લખવાનું — ને તે પણ ગુજરાતની રાષ્ટ્રીય પ્રવૃત્તિને અંગે — આવશે એવું હું ધારતો ન હતો. પણ અણધારેલું બન્યું છે. ગુજરાત ખાદી મંડળે નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે:

> મંડળ હસ્તકની કેટલીક ઉઘરાણી વસૂલ કરવી કઠણ થઈ પડેલ હોવાથી અને તેવી ઉઘરાણી માટે દાવો કરવાનો પ્રસંગ ઊભો થયેલ હોવાથી આવી ઉઘરાણીના સંબંધમાં હકીકત સહિતનું નિવેદન પ્રાંતિક સમિતિ મારફત ગાંધીજી ઉપર મોકલી આપવું અને તેનો જવાબ ફરી વળ્યા બાદ તે વસૂલ કરવાને જોઈતાં પગલાં ભરવાનું ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ એકબે ખાસ કેસને અંગે થયો છે. એક કેસનું નામઠામ મારી પાસે આવી ગયેલ છે. પણ હું હાલ તુરત નામ પ્રગટ કરવા નથી ઇચ્છતો, તેમ નથી ઇચ્છતો હાલ તુરત ખાદી મંડળને કોરટમાં ફરિયાદ કરવાનું કહેવા. આ બાબતમાં મારા વિચારો હું પ્રગટ કરી ચૂકયો છું કે મહાસભાના ઠરાવો મહાસભાને નુકસાન પહોંચાડવાના ઇરાદાથી નથી થયા. તે ઠરાવો રજૂ કરતી વેળા એવું માની લીધું હતું કે સભાસદો એકાએક એકબીજાને તો દગો નહીં જ દે. મહાસભાના કાર્યને અંગે તેમનો એકબીજા પ્રત્યેનો વ્યવહાર ચોખ્ખો રહેશે. પણ મારી પાસે પડેલાં કાગળિયાં ઉપરથી તો હું જોઉં છું કે ખાદી મંડળે ધીરેલાં નાણાં પણ મહાસભાના જ સભ્યો — ખાદી મંડળના જ વિશ્વાસુ માણસો — પાછાં નથી આપતા. વચમાં પડેલા માણસો પણ પોતાનાં વચન નથી પાળતા. જો આવાઓને વિષે મહાસભાનો અદાલતના બહિષ્કારનો ઠરાવ લાગુ પાડીએ તો મહાસભાએ જ દેવાળું કાઢવું જોઈએ.

શું કોઈ ગુજરાતી ચોરનીતિનો પણ ત્યાગ કરશે? ચોરનીતિ એટલે જે નીતિ ચોરો પણ જાળવે છે તે. તેઓ ચોરી કરે છે એ તો અનીતિ છે જ. પણ તેઓ માંહેમાંહે ચોરી નથી કરતા. એકબીજાને ધીરધાર કરે છે તો તેમાં તેઓ શુદ્ધ રહે છે. શું એવા ગુજરાતીઓ પડ્યા છે કે જેઓ આટલી નીતિ પણ નહીં જાળવે? મારી વિનંતી છે કે જેઓએ ખાદી મંડળનાં નાણાં રોકયાં છે તેઓ પોતે કબૂલ રાખેલો હિસાબ તો ચૂકવી દેશે.

## બધા બ્રહ્મચારી

મારા અભિમાનથી કહો કે અજ્ઞાનથી, કે બંનેને લીધે, હું એમ માનતો કે પોતાનાં બધાં બાળકોને ને બાળાઓને બ્રહ્મચારી કે બ્રહ્મચારિણી રાખવાનો પ્રયત્ન કરનાર હું જ હોઈશ અથવા તો મારા કેટલાક સાથીઓ જ હશે. પણ મારું અભિમાન ભાંગ્યું છે, મારું અજ્ઞાન દૂર થયું છે. મારી પાસેના સ્વયંસેવકોમાંથી એક અહીંની પ્રાંતિક સમિતિના મંત્રીનો ભત્રીજો છે. તે પોતે બ્રહ્મચારી છે એટલું જ નહીં પણ તેના બધા ભાઈઓને તેના પિતાએ બ્રહ્મચારી રાખવાનો ઇરાદો કર્યો છે. તેઓ પોતે જ ઇચ્છે તો તેમને સારુ યોગ્ય કન્યા શોધવા તેઓ તૈયાર છે; બળાત્કાર કરવા નથી ઇચ્છતા. પણ પોતાનાં બાળકોને હાલ તાલીમ પણ એવી જ આપે છે કે જેથી તેઓ બ્રહ્મચારી રહે. તેમના બધા પુત્રો જુવાન છે. અને પોતાને ધંધે વળગેલા છે અને હજુ લગી તેઓ સ્વેચ્છાએ બ્રહ્મચારી રહેલા છે. બંગાળમાં એ જ રીતે કન્યાઓને પણ કેળવવામાં આવે છે

Gandhi Heritage Portal

એમ હું જોઉં છું. તેનું પ્રમાણ નજીવું જ છે. છતાં એ પ્રયત્ન છે. આ પ્રયત્ન પશ્ચિમના સુધારાને આભારી નથી પણ પ્રયત્ન કરનાર માબાપો કેવળ ધાર્મિક ભાવથી આકર્ષાઈ પ્રયત્ન કરી રહ્યાં છે.

## જમણા વિ૦ ડાબો

જમણા અને ડાબા હાથ વચ્ચે કેમ ભેદ પડયો હશે, ડાબે હાથે કેટલાંક કામ ન જ લેવાય, કેટલાંક જમણે હાથે જ લેવાય, એ પ્રથા કયારે પડી હશે, એ કોઈ નિશ્ચયપૂર્વક નથી કહી શકતું. પણ પરિણામ તો આપણે જાણીએ છીએ કે ઘણાં કામો કરવામાં ઉપયોગને અભાવે ડાબો હાથ નકામો થઈ રહે છે ને હમેશાં જમણા કરતાં નબળો પણ રહે છે.

જાપાનમાં એવું નથી. ત્યાંના લોકોને બંને હાથનો એકસરખો ઉપયોગ બચપણથી જ શીખવવામાં આવે છે. એથી તેમના શરીરની ઉપયોગિતા આપણાં શરીરો કરતાં વધી પડી છે.

આ વિચારો મારા ચાલુ અનુભવને અંગે હું વાંચનારના લાભ અર્થે મૂકું છું. જાપાનની વાત વાંચ્યાને મને વીસ વર્ષથી વધારે થયાં છે. જ્યારે મેં એ વાત સાંભળી, ત્યારે ડાબે હાથે લખવાનો અભ્યાસ પાડવાનું શરૂ કર્યું ને સામાન્ય ટેવ પાડી દીધી. મને અવકાશ નથી એમ માનીને મેં જમણા હાથના જેટલી જ ઝડપ ન મેળવી લીધી તેનો હવે પશ્ચાત્તાપ થાય છે. મારો જમણો હાથ હવે મારી ઇચ્છા મુજબ લખવાનું કામ નથી આપતો. ઘણું લખવાથી તેમાં દર્દ થાય છે. હાથે લખવાની શક્તિ જાળવી શકાય ત્યાં લગી જાળવવાનો લોભ છે. તેથી મેં ફરી ડાબા હાથનો ઉપયોગ શરૂ કર્યો છે. મને હવે એટલો અવકાશ તો નથી જ કે જેથી હું ડાબા હાથે જ બધું લખું ને જમણાના જેટલી ઝડપ મેળવું. છતાં તે મને કઠિન સમયે કામ આપી રહેલ છે તેથી મારો અનુભવ વાંચનારની સમક્ષ રજ કરું છું. જેને અવકાશ ને ઉત્સાહ હોય તે ડાબા હાથને પણ કેળવે, વખત જતાં તેની ઉપયોગિતા સહુ સિદ્ધ કરી લેશે. કેવળ લખવાનો જ નહીં પણ બીજી ક્રિયાનો અભ્યાસ પણ ડાબે હાથે કરવામાં લાભ છે જ. જમણા હાથને કંઈક થતાં ડાબે હાથે ખાવાનું સુધ્ધાં નથી કરી શકતા એવા કેટલાયનો અનુભવ કોને નહીં થયો હોય? ડાબા હાથને સરખી તાલીમ દેવા પાછળ કોઈ ઘેલા બને એવો સાર તો આ લખાણમાંથી કોઈ નહીં જ ખેંચે. સહેજે ડાબા હાથને જેટલો અભ્યાસ આપી શકાય તેટલો આપવાની સલાહ આપવા જેટલો જ આશય આ નોંધનો છે. શિક્ષકો આ સૂચનાનો ઉપયોગ બાળકોને સારુ કરે એ ઇષ્ટ લાગે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯–૭–૧૯૨૫



Gandhi Heritage Portal

## ૨૪૭. "ઉદ્ધાર ક્યારે થાય?"

એક "સેવક" લખે છે:[1]

આમાંથી દેશી રાજ્યો વિષે "સેવકે" જે વિગત આપી છે તે ભાગ મેં કાઢી નાખ્યો છે.

શ્રદ્ધા કોઈની આપી અપાતી નથી. એટલે "સેવકે" માગેલી શ્રદ્ધા તો તેણે પોતે જ મેળવવી કે અનુભવવી રહી. પણ હું તેનો વિચારદોષ બતાવી શકું છું. પ્રજાનું કર્મફળ તે તેના સમસ્ત કર્મના સરવાળાનું પરિણામ છે. વળી સ્વરાજનો અહીં સંકુચિત અર્થ લેવાયેલો છે. સ્વરાજ એટલે રાજ્યતંત્રનું અંગ્રેજના હાથમાંથી પ્રજાના હાથમાં હોવાપણું. અહીં તો બંનેની સામાજિક અથવા રાજનીતિનું કર્મફળ કાઢવું રહ્યું. સામાજિક નીતિમાં આપણી સંઘશક્તિ, સામાજિક નિર્ભયતા ઈત્યાદિ ગુણોનો સમાવેશ થાય છે. એ ગુણો જ્યારે પ્રજામાં આવે ત્યારે આપણે આપણું તંત્ર હાથ કરી શકીએ છીએ. વળી અત્યારે સ્વરાજનો અર્થ બ્રિટિશ હિંદુસ્તાનની સ્વાધીનતા એટલો જ છે. તેની અસર દેશી રાજ્યો ઉપર અનહદ થશે એમાં શંકા નથી, છતાં દેશી રાજ્યોનો પ્રશ્ન અલગ રહેશે ને તે બ્રિટિશ હિંદુસ્તાનની સ્વતંત્રતા પછી ઉકેલાશે. ઘણે ભાગે તો તે બ્રિટિશ હિંદુસ્તાનની સ્વતંત્રતા પછી એની મેળે ઉકેલાઈ જશે. દેશી રાજ્યનીતિ ગમે તેવી ખરાબ હોય છતાં બ્રિટિશ હિંદુસ્તાનમાં શક્તિ હોય તો તે આજે સ્વાધીન થઈ શકે. એટલે કર્મફળ કાઢતાં બ્રિટિશ હિંદુસ્તાનની પ્રજાના કર્મનું જ માપ આપણે કાઢવું રહ્યું છે. તે સરવાળામાં જો દેશી રાજ્યોને ઉમેરીએ તો ફળ ખોટું નીકળશે. ખરું જોતાં દેશી રાજ્યો પણ અંગ્રેજી સત્તાનાં જ સૂચક છે. તેઓ અંગ્રેજી સત્તાને વશ વર્તે છે. તેઓ એ સત્તાને જવાબદાર છે છતાં નથી. ખંડણી આપવા પૂરતાં અને તે સત્તાને વફાદાર રહેવા પૂરતાં જ તેઓ તેને જવાબદાર છે. પ્રજાની સાથે તેમના સંબંધ વિષે તેઓ લગભગ સ્વતંત્ર છે. અને પ્રજાને તો તેઓ જવાબદાર નથી જ. તેથી તેમની આસપાસના વાતાવરણમાં દોષ ગ્રહણ કરવાની શક્તિ વધે છે અથવા બીજી ભાષામાં કહીએ તો તેઓને અન્યાયી બનવાની લાલચો ઘણી રહેલી છે. ન્યાય કરે છે તેટલો પણ હજુ તેઓમાં સ્વતંત્ર નીતિ રહેલી છે તેથી જ. ખૂબી તો એ છે કે દેશી રાજ્યો કેવળ નિરંકુશ છતાં અને અંગ્રેજી સત્તા અનીતિને અનુકૂળ છતાં હજુ જે છે તે નીતિ જાળવી શકે છે. આ સ્થિતિ હિંદુસ્તાનની પ્રાચીન સભ્યતાની ભવ્યતાને ઋણી છે.

આમાં હું દેશી રાજ્યોનો બચાવ નથી કરી રહ્યો. હું તો કેવળ વસ્તુસ્થિતિ ઓળખી "સેવક"નો વિચારદોષ બતાવી તેની નિરાશા દૂર કરવા પ્રયત્ન કરી રહ્યો છું. દેશી રાજ્યો ગમે તેવાં ખરાબ હોય છતાં જો હિંદુસ્તાનનાં કરોડો મનુષ્યો જે કેવળ બ્રિટિશ સત્તા નીચે છે તેઓ પ્રજાને યોગ્ય સામાજિક ગુણો બતાવી શકે તો સ્વાધીન તંત્ર મેળવી શકે છે. એ ગુણો કેળવવામાં દેશી રાજ્યો મદદ કરવા ધારે તો ઘણી કરી શકે છે. પણ તેઓ ન કરે, વિરુદ્ધ જાય, તોપણ પ્રજા એ ગુણો કેળવી શકે છે.

એ ગુણો કયા તે વખતોવખત આપણે વિચારી ગયા છીએ. રેંટિયો–ખાદી, હિંદુમુસલમાન ઐક્ય, અસ્પૃશ્યતાનિવારણ. આ ગુણોની આવશ્યકતા શાંતિમાર્ગે સ્વરાજ લેવા સારુ છે. જો

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે એમાં દેશમાં ચાલતાં અનિષ્ટોનો ખ્યાલ આપ્યો છે અને પૂછ્યું છે કે આ અનિષ્ટોને લીધે દેશની પ્રગતિની આશા શી રીતે રાખી શકાય?

Gandhi Heritage Portal

તલવારબળથી મેળવવું હોય તો એમાંના એકેની જરૂર નથી. પણ પછી તો સ્વતંત્રતા પ્રજાની નહીં હોય, પણ બાહુબળિયાની હશે. પ્રજા તો ઓલમાંથી નીકળીને ચૂલમાં પડશે. ઘઉંવર્ણી ચામડીવાળો ડાયર સફેદવર્ણી ડાયર કરતાં વધારે ગ્રાહ્ય નહીં હોય. તો તો જે દેશી રાજ્યની સ્થિતિને "સેવક" રડે છે તે સ્થિતિ આખા હિંદુસ્તાનની રહેશે; કેમ કે તલવારથી જે સંઘે અંગ્રેજ પાસેથી સત્તા છીનવી હશે તે સંઘ પ્રજાને થોડો જ જવાબદાર રહેવાનો છે? અસિ, તલવાર, સમશેર "સૉર્ડ" બધાં એક જ વસ્તુના વાચક છે.

દેશી રાજ્ય કરતાં અત્યારે અંગ્રેજી રાજ્ય નરમ લાગશે જ. એ તો અંગ્રેજી રાજ્યની ખૂબી છે. અંગ્રેજી રાજ્યે અમુક પક્ષને રીઝવીને જ કામ લેવું રહ્યું છે. તેથી મધ્યમવર્ગી મનુષ્યોને નિરંતર અન્યાય સહન નથી કરવો પડતો. અંગ્રેજી અન્યાયને મોટું ક્ષેત્ર છે તેથી તે પ્રમાણમાં ઘણો છતાં વ્યક્તિ પરત્વે હળવો લાગે છે અને સહવાસથી એ અન્યાયને આપણે ઓળખી પણ નથી શકતા. દક્ષિણ અમેરિકાના ગુલામોને સહવાસથી ગુલામી એવી મીઠી લાગી હતી કે જ્યારે તેઓને ગુલામીમાંથી છૂટા કરવામાં આવ્યા ત્યારે તેઓમાંના કેટલાક રોવા લાગ્યા. ક્યાં જવું, શું કરવું, કેમ આજીવિકા મેળવવી એ મહાપ્રશ્નો તેમની પાસે ખડા થયા. તેવી સ્થિતિ આપણામાંના ઘણાની છે. અંગ્રેજી રાજ્યનીતિનો ઝીણો પણ ઝેરી માર આપણને જણાતો નથી. ક્ષયના રોગવાળા ઘણાને વૈદ્ય કહે છતાં તેમના ગાલની લાલી તેમને ભુલાવામાં નાખે છે ને તેઓ જાણતા નથી કે એ લાલી ખોટી છે. તેમની પગની ફીકાશ તરફ તે નજર નથી કરતા.

વળી વાંચનારને ચેતવું છું. હું દેશી રાજ્યની હિમાયત નથી કરતો. હું હિંદુસ્તાનની દુર્દશા વર્ણવી રહ્યો છું. દેશી રાજ્ય ભલે ખરાબ હોય, તે ખરાબીની ઢાલ અંગ્રેજી રાજ્ય છે. અંગ્રેજી રાજ્ય છીછરો વિચાર કરતાં ભલે દેશી રાજ્ય કરતાં સારું લાગે. વાસ્તવિક રીતે દેશી રાજ્ય કરતાં સારું તો નથી જ. અંગ્રેજી રાજ્યપદ્ધતિ પ્રજાના શરીરનો, મનનો ને આત્માનો નાશ કરે છે. દેશી રાજ્ય મુખ્યત્વે શરીરનો નાશ કરે છે. અંગ્રેજી રાજ્ય મટે ને પ્રજારાજ્ય થાય તો તે દેશી રાજ્યની સુધારણા હું હસ્તામલકવત્ સમજું છું. અંગ્રેજી રાજ્ય સફેદ બાહુબળનું રાજ્ય મટીને ઘઉંવર્ણા બાહુબળનું રાજ્ય થાય તો તેથી ન પ્રજાને કંઈ લાભ થાય, ન દેશી રાજ્યો સુધરે. આ બે દાખલાનો તાળો શાંતિથી વિચારવાવાળાં હરકોઈ સ્ત્રીપુરુષ પોતાની મેળે મેળવી શકે છે.

વાતાવરણ ડહોળાયેલું લાગતાં છતાં હું રેંટિયા અને ખાદીની પ્રગતિ સ્પષ્ટ જોઈ રહ્યો છું, અસ્પૃશ્યતાનો નાશ થતો જાય છે અને હિંદુમુસલમાન સમજીને, નહીં તો લડીને ઠેકાણે આવશે જ. એથી સ્વરાજ્યની શક્યતા વિષે મારી શ્રદ્ધા અવિચળ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯–૭–૧૯૨૫

Gandhi Heritage Portal

# ૨૪૮. રાષ્ટ્રીય કેળવણી

એક ગુજરાતી, રાષ્ટ્રીય કેળવણીની દીન સ્થિતિનું વર્ણન કર્યા બાદ લખે છે તેનો સાર નીચે આપું છું :

> જ્યાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય મંદિરો છોડતા જાય, કાર્યવાહકો શિથિલ હોય, પોતાનાં છોકરાંને જ કેળવણી લેવા સરકારી શાળાઓમાં મોકલે, જ્યાં જે વિદ્યાર્થીઓ ટકી રહ્યા છે, તેઓ ખાદી કેવળ વિદ્યામંદિરે આવવા પૂરતી જ પહેરતા હોય ને જ્યાં સ્નાતક થયેલાઓને ધંધો શો કરવો તે સૂઝે જ નહીં ત્યાં રાષ્ટ્રીય કેળવણી કેમ નભી શકે? તમે કંઈ રસ્તો સૂચવશો? સ્નાતકોએ કાંત્યા જ કરવું એમ તો નહીં કહો ના?

દરેક પ્રવૃત્તિ ઠેકાણે પડે તેના પહેલાં તેમાં ભરતીઓટ થયા કરે છે. તેવું જ રાષ્ટ્રીય કેળવણીને વિષે છે. ઓટને વખતે પણ જેનો વિશ્વાસ કાયમ રહે તે જ રાષ્ટ્રીય કેળવણીને છેવટે શોભાવશે. રાષ્ટ્રીય કેળવણી વિષે મને વિશ્વાસ છે એટલે હું ઓટથી ગભરાતો નથી, પણ જાણું છું કે જેને ઓટ છે તેને ભરતી છે જ. એટલે વિશ્વાસુ પોતાનો વિશ્વાસ ન છોડે. સ્નાતકોના ધંધાનો સવાલ અટપટો છે. રાષ્ટ્રીય કેળવણીએ હજુ એવું સ્વરૂપ નથી પકડયું કે જેથી એમ કહી શકાય કે સ્નાતકમાત્રને ધંધાની કશી ચિંતા જ નથી. કેટલાક સ્નાતકો રાષ્ટ્રીય કેળવણીખાતામાં સમાઈ જવાના. પણ ઘણાને સારુ કંઈક જોઈએ તો એ માત્ર ખાદીખાતું છે. એ જ રાષ્ટ્રીય ખાતું જીવતું છે અને એ જ વધારેમાં વધારે જુવાનોને રોકી શકે એમ છે. તે ખાતાને સારુ ઘણા સ્નાતકોએ તૈયાર થવું જોઈએ. કાંતીને કમાવું એ કેવળ કંગાળને સારુ છે. કાંતવાનો પ્રચાર કરીને કમાવું એ મધ્યમ વર્ગનું કાર્ય છે. તેમાં સેંકડો નવયુવકો સામાન્ય રીતે કમાઈ શકે એમ હું બંગાળમાં જોઈ રહ્યો છું. તે વિષેના આંકડા હું તૈયાર કરાવી રહ્યો છું તે જાણીને પ્રજાને સાનંદાશ્ચર્ય થયા વિના નહીં રહે.

પણ આ કાર્યમાં એ જ યુવકો રોકાઈ શકે કે જેઓને ખાદીની શક્તિ વિષે વિશ્વાસ હોય અને તેની ક્રિયાઓ શીખવા વિષે ખંત હોય. જેઓને રેંટિયા અને ખાદીને વિષે શ્રદ્ધા જ નથી, તેમણે રાષ્ટ્રીય કેળવણીમાં પડયા રહેવું નિરર્થક છે એ હં સ્વીકારું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૯–૭–૧૯૨૫

Gandhi Heritage Portal

# ૨૪૯. મોતીલાલ નેહરુને પત્ર

કલકત્તા,
જુલાઈ ૧૯, ૧૯૨૫

પ્રિય પંડિતજી,

લૉર્ડ બર્કનહેડના ભાષણથી ઊભી થયેલી પરિસ્થિતિ વિષે દેશબંધુના સ્મરણાર્થે, હું મારા પોતા તરફથી ખાસ એવો શો ફાળો આપી શકું. એ વિષે છેલ્લા થોડા દિવસો થયા મેં ઘણા વિચારો કર્યા છે. અને હું એવા નિર્ણય ઉપરઆવ્યો છું કે મારે સ્વરાજ પક્ષને, ગયા વરસના કરારનામાને લગતી બધી ફરજોમાંથી મુક્ત કરી દેવો જોઈએ. આનો અર્થ એ થાય કે મહાસભાએ પ્રધાનપણે કાંતનારું મંડળ રહેવાની અગત્ય ન રહી. હું જોઉં છું કે ભારતમંત્રીના ભાષણ પછી સ્વરાજ પક્ષની સત્તા અને પ્રતિષ્ઠા વધારવી જરૂરી છે, અને તેમ તો મહાસભા પ્રધાનપણે રાજદ્વારી મંડળ બને તો જ થાય. બેલગામના કરારનામાની રુએ મહાસભાની પ્રવૃત્તિ અત્યારે રચનાત્મક કાર્યક્રમમાં જ મર્યાદિત છે. હું જોઉં છું કે દેશની બદલાયેલી પરિસ્થિતિમાં આવી મર્યાદા ચાલુ રહેવી જોઈએ નહીં.

તેથી ઉપલી મર્યાદામાંથી હું તમને વ્યક્તિશ: મોકળા કરું છું. એટલું જ નહીં પણ આવતી મહાસમિતિની બેઠકમાં મહાસમિતિને પણ તેમ જ કરવાની અને મહાસભાનું આખું તંત્ર તમારે સ્વાધીન કરવાની સલાહ આપવા ધારું છું કે જેથી દેશના હિતની દૃષ્ટિએ જે કંઈ રાજદ્વારી ઠરાવો તમને જરૂરી લાગતા હોય તે રજૂ કરવાનો રસ્તો ખુલ્લો થાય. વાસ્તવિક રીતે જોતાં આંતરઅવાજને ન દાબતાં જે જે કંઈ બાબતમાં તમારી તેમ જ સ્વરાજ પક્ષની મારાથી અત્યારે સેવા બની શકે તેમ હોય તે બધી બાબતોમાં હું તમારા હાથમાં છું એમ માનજો.[1]

લિ. તમારો
**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–७–१९२५

ભાષાંતર : નવજીવન, ૨૬–૭–૧૯૨૫

૧. મોતીલાલ નેહરુના જવાબ માટે, જુઓ પરિશિષ્ટ ૫.

Gandhi Heritage Portal

## ૨૫૦. દેવદાસ ગાંધીને પત્ર

કલકત્તા,
સોમવાર [જુલાઈ ૨૦, ૧૯૨૫][1]

ચિ. દેવદાસ,

હમણાં તો પત્તું લખી શકું એ પણ ગનીમત. તમે મારી મદદમાં વધારે ધારી લીધું છે. તમે કહો છો એવી સહાયને સારુ તમને બચાવી લેવાની જરૂર હું નથી જોતો. ધારાસભામાં બધા જાય તો ભલે. હું તેમાં જવા કે મોકલવા તૈયાર નથી. આપણું કામ તો ચરખો જ છે. દેશબંધુ જીવ્યા હોત તો એ જ મુખ્યત્વે કરત. એટલો રસ એને ચરખામાં ચડયો હતો. પણ આ તો જ્યારે મળીએ ત્યારે. હમણાં તો દસ લાખ મેળવવામાં ને પંડિતજીને મળવામાં સમય જાય છે. ભાગ્યે છાપાને સારુ લખવાનો સમય બચે છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા પત્રની છબી પરથી: જી. એન. ૨૧૩૨

## ૨૫૧. રાજેન્દ્રપ્રસાદને પત્ર

જુલાઈ ૨૧, ૧૯૨૫

પ્રિય રાજેન્દ્રબાબુ,

વખત બચાવવા માટે મારે તમને અંગ્રેજીમાં લખવું રહ્યું. મારો જમણો હાથ કામ કરવાની ના પાડે છે. ડાબે હાથે લખવામાં ઘણો સમય જાય એમ છે એટલે અત્યારે હું શૉર્ટહૅન્ડની મદદ લઈ રહ્યો છું. હકીકતમાં, તે મેં આજે જ શરૂ કરી. મને ધાસ્તી છે કે મહાસમિતિની બેઠક પટણામાં ભરવાનું શકય નહીં બને.[2] મહારાષ્ટ્ર અને મદ્રાસના લોકોની, ખાસ કરીને મદ્રાસના લોકોની ઉગ્ર ફરિયાદ છે. અને તેમની ફરિયાદમાં ઘણું તથ્ય છે. એટલે બધું મુંબઈમાં ગોઠવ્યું છે. આ વખતે આપણે સંપૂર્ણ બેઠક કરવી છે. બંધારણ અને નીતિમાં ફેરફાર કરવા માટેના મહત્ત્વના ઠરાવો તેમાં લેવાના છે. જે કોઈ ઠરાવો આવવાના હોય તે બધા પૂરી હાજરીવાળી બેઠકમાં ચર્ચાય એમ હું ઇચ્છું છું. જો તમે મને સપ્ટેમ્બરમાં બિહાર લઈ જઈ શકો તો હું આવી શકું અને બિહાર માટે શકય તેટલો ઓછામાં ઓછો સમય લઉં. છતાં તમને એમ લાગતું હોય કે આખો મહિનો મળવો જોઈએ, તો તે પણ તમને મળી શકે. ખરું જોતાં તો તમે મને પુરુલિયા લઈ જવાના છો, અને ત્યાં બીજા કાર્યકર્તાઓ પણ આવનાર છે, એટલે મને અત્યારે બધાં કેન્દ્રોમાં ફેરવવાની જરૂર નહીં રહે. પણ તેમ છતાં તેનો છેવટનો નિર્ણય તમારે જ કરવાનો

૧. પોસ્ટના સિક્કામાં "કલકત્તા, જુલાઈ ૨૧, ૧૯૨૫" છે.
૨. આ બેઠક ૧૯૨૫ના ઑક્ટોબરની ૧લીએ ભરાઈ હતી.

Gandhi Heritage Portal

છે. તમારી પ્રથમ ચિઠ્ઠી લઈને આવેલા સંદેશવાહક સાથે મેં કહેવડાવ્યું છે કે હું ૧૨મીએ પુરુલિયા પહોંચી જઈશ. પણ મારે એથી વહેલા આવવાનું હોય તો તમે મને કોઈ પણ રીતે જણાવશો. તમારે એવી રીતે ગોઠવવું જોઈએ કે જેથી હું ૩૦મી સપ્ટેમ્બરે મુંબઈ પહોંચી શકું. અને બિહારના બધા સભ્યોએ મહાસમિતિની બેઠકમાં હાજરી આપવી જ જોઈએ. હવે રેંટિયા વિષેના પરિપત્ર બાબત. હજી મેં એ પરિપત્ર વાંચ્યો નથી. આ અઠવાડિયા દરમ્યાન હું એ વાંચી લઈશ અને આવતે અઠવાડિયે એ વિષે यंग इन्डियामां લખીશ એમ માનું છું. હા, અખિલ હિંદ સ્મારક માટેની જાહેરાત હવે પ્રસિદ્ધ થઈ જશે. જવાહરલાલે એ વિષે લખ્યું જ છે. આ ફાળો સંપૂર્ણ રીતે રેંટિયા અને ખાદીના કામમાં વપરાશે અને અપીલમાં ઉલ્લેખ કર્યો નથી છતાં સ્વાભાવિક રીતે જ પ્રાંતોમાંથી એકઠી થયેલી રકમ બને ત્યાં સુધી એ પ્રાંતોમાં જ વહેંચવામાં આવશે. પણ બધું કામ અખિલ હિંદ ધોરણે થશે. . . .[૧]

[મૂળ અંગ્રેજી]

માઈક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૦૬૭૯

## ૨૫૨. અખિલ ભારતવર્ષીય સ્મારક

[જુલાઈ ૨૨, ૧૯૨૫ કે તે પહેલાં][૨]

અમે નીચે સહી કરનારા માનીએ છીએ કે સ્વ. દેશબંધુ દાસનું સ્મરણ કાયમ કરવાને બંગાળ સ્મારકના જેટલું જ અખિલ ભારતવર્ષીય સ્મારક પણ જરૂરી છે. દેશબંધુ બંગાળમાં જ નહીં પણ આખા હિંદુસ્તાનમાં અગ્રેસર પુરુષ હતા. વળી, બંગાળ સ્મારકનો વિચાર કરતાં જેમ આપણે દેશબંધુની ઇચ્છા જાણી શક્યા તેમ અખિલ ભારતવર્ષીય સ્મારકને માટે પણ દેશબંધુને શું પ્રિય હતું તે શોધી કાઢવાની સામગ્રી આપણી પાસે મોજૂદ છે. એક વર્ષ ઉપર તેમણે પોતાના વિચારો સ્પષ્ટ દર્શાવેલા અને તે ફરીદપુરના ભાષણમાં ફરી રજૂ કરેલા કે હિંદના ઉદ્ધારને માટે અને શાંતિ તેમ જ વિકાસને માર્ગે સ્વરાજપ્રાપ્તિને માટે ગામડાંઓનું સંગઠન એ જ તેમને અત્યંત વહાલી વસ્તુ હતી. આપણે એ પણ જાણીએ છીએ કે આવી પ્રવૃત્તિનો આરંભ અને કેન્દ્ર, હાથકંતામણ અને ખાદીપ્રચારના પુનરુદ્ધારમાં અને વિકાસમાં રહેલાં છે એમ તેઓ માનતા. એ જ એક પ્રવૃત્તિ આખા ભારતવર્ષમાં સર્વસામાન્ય કરી મુકાય એવી અને છતાં ઓછામાં ઓછે ખરચે ચલાવાય તેવી છે. તેમ જ ગમે તેવું અલ્પ છતાં તત્કાળ ફળ દેનારી છે. ગરીબ, તવંગર આબાલવૃદ્ધ જે કોઈ ઇચ્છે તે તેમાં જાતે ભળીને સહાય કરી શકે છે. શહેરી પ્રજાને ગામડાંની પ્રજા જોડે સાંકળનાર અને કેળવાયેલાઓને તેમને ઉપયોગી થવાના રસ્તા કરી આપનાર આના જેવી બીજી એકે પ્રવૃત્તિ નથી. બધા પ્રાંતોને અને બધા સંપ્રદાયોને સામાન્ય થઈ શકે અને વળી ભારેમાં ભારે આર્થિક પરિણામો ઉપજાવી શકે એવી આ એક જ પ્રવૃત્તિ છે. અંતમાં, જોકે આ પ્રવૃત્તિને રાજદ્વારી બાજુ છે છતાં તે એટલી બધી સામાજિક અને આર્થિક સ્વરૂપની છે કે

૧. પત્ર અધૂરો છે.

૨. એટલું સ્પષ્ટ છે કે જુલાઈની ૨૨મીએ આને લગતી બીજી અપીલ ગાંધીજીએ બહાર પાડી તે પહેલાં આ સંયુક્ત અપીલનો મુસદ્દો તૈયાર થઈ ગયો હતો અને તેના ઉપર સહી પણ થઈ ગઈ હતી. જુઓ આ પછીનો લેખ.

Gandhi Heritage Portal

રેંટિયાને એક મોટા આર્થિક સાધન તરીકે અને ગ્રામસંગઠનના સાધન તરીકે માનનારા સૌ કોઈનો તેને કશા પક્ષભેદ વગર ટેકો મળવો જોઈએ.

તેથી રેંટિયા અને ખાદીના આવા સાર્વત્રિક પ્રચાર કરતાં સ્વ. દેશબંધુનું વધુ ઉચિત સ્મારક કલ્પી શકાય નહીં એમ ગણીને તે માટે દ્રવ્યનિધિની અમે માગણી કરીએ છીએ. અમે ચોક્કસ રકમ નક્કી કરતા નથી કારણ, આ પ્રવૃત્તિમાં જેટલું કંઈ મળી શકે તે બધું સમાય તેમ છે. આ નિધિમાં આપણે જે કંઈ ભરીશું તે ઉપરથી સ્વ. દેશબંધુ પ્રત્યેના આપણા પ્રેમ અને આદરની, સ્મારકની ઉપયોગિતા વિષેની આપણી શ્રદ્ધાની અને આ સ્મારકને અંગે રોકાયેલા કાર્યકર્તાઓ ઉપરના આપણા વિશ્વાસની કિંમત અંકાશે. આ કાર્યકર્તાઓ નીચે મુજબ છે:

૧. ગાંધીજી; ૨. પં. મોતીલાલ નેહરુ; ૩. મૌલાના શૌકતઅલી; ૪. દાક્તર પી. સી. રાય; ૫. શ્રીમતી સરોજિનીદેવી; ૬. શ્રી જમનાલાલ બજાજ અને ૭. પંડિત જવાહરલાલ નેહરુ (બીજાઓને ભેળવવાના અધિકાર સાથે). પં. જવાહરલાલ ટ્રસ્ટીઓની વતી માનદ મંત્રી તરીકે અને શ્રી જમનાલાલજી ખજાનચી તરીકે કામ કરશે. નાણાં શ્રી જમનાલાલ બજાજ, ૩૯૫ કાલબાદેવી મુંબઈ, અગર પં. જવાહરલાલ નેહરુ, ૧૦૭ હીવેટ રોડ, અલ્લાહાબાદ, એ સ્થળે મોકલવા વિનંતી છે. મળેલી રકમો દર અઠવાડિયે છાપાંઓમાં પ્રગટ કરવામાં આવશે.

મોહનદાસ કરમચંદ ગાંધી

| | |
|---|---|
| મોતીલાલ નેહરુ | સી. એફ. ઍન્ડ્રૂઝ |
| રવીન્દ્રનાથ ટાગોર | વલ્લભભાઈ પટેલ |
| અબુલકલામ આઝાદ | બરજોરજી ફરામજી ભરૂચા |
| પ્રફુલ્લચંદ્ર રાય | શ્યામસુંદર ચક્રવર્તી |
| જમનાલાલ બજાજ | બિધનચંદ્ર રૉય |
| સરોજિની નાયડુ | શરદચંદ્ર બોઝ |
| નીલરતન સરકાર | નલિનીરંજન સરકાર |
| જતીન્દ્રમોહન સેનગુપ્તા | સત્યાનંદ બોઝ |
| | મૌલાના મહમદઅલી |

[વધુ સહીઓ થવી ચાલુ છે]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–७–१९२५

ભાષાંતર: नवजीवन, २६–७–१९२५

Gandhi Heritage Portal

## ૨૫૩. અખિલ હિંદ દેશબંધુ સ્મારક માટે અપીલ

૧૪૮, રસા રોડ,
કલકત્તા,
જુલાઈ ૨૨, ૧૯૨૫

મને આશા છે કે અખિલ હિંદ દેશબંધુ સ્મારકની અપીલને કારણે અખિલ બંગાળ દેશબંધુ ફાળાના કામને કંઈ હરકત નહીં આવે. અખિલ બંગાળ ફાળામાં બંગાળ ઘણી મોટી રકમો ભરી ચૂક્યું છે એ જોતાં અખિલ હિંદ ફાળો કરવાનું કામ લાંબા વખત સુધી ચાલશે. અખિલ હિંદ સ્મારક ફાળાનું કામ ત્રણ મહિના સુધી અને જરૂર લાગે તો એથી પણ વધુ મુદત સુધી બંગાળમાં ન ચલાવવું જોઈએ. બંગાળનું લક્ષ અખિલ બંગાળ ફાળામાંથી બીજે ન દોરાય તે જોવાવું જોઈએ. દરેક બંગાળીએ અને બંગાળમાં આવીને વસેલા માણસે બંગાળનો ફાળો સફળ બનાવવાના કામને પોતાનું ગૌરવ સમજવું જોઈએ. અત્યાર સુધીમાં પાંચ લાખ જેટલી રકમ એકઠી થઈ ગઈ છે. બાકીના પાંચ લાખ એકઠા થવામાં સમય જાય એવો સંભવ છે, સિવાય કે કાર્યકર્તાઓ પોતાની તમામ શક્તિ આ ફાળો એકઠો કરવામાં એકાગ્ર કરે.

નિષ્ણાતો આ દિશામાં શું કરી શકે તે શ્રી મણિલાલ કોઠારીએ બતાવ્યું છે. તેમણે ફાળો આપી ચૂકેલા લોકોને અગાઉ આપેલા ફાળા કરતાં બમણો જ નહીં પણ ચારગણો ફાળો આપવા માટે પણ તૈયાર કર્યા છે, એ જોતાં બીજાઓ પાસેથી પણ બીજો અને સારો સરખો હપતો મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. પણ એ સિવાય પણ હજી શાળાઓ ને કૉલેજોને તો આપણે અડયા જ નથી. આ માસની શરૂઆતમાં મને કહેવામાં આવ્યું હતું, તે મુજબ લાંબી રજાઓ ખૂલે કે તરત જ સંસ્થાના આચાર્યો અથવા ખુદ વિદ્યાર્થીઓ આ દિશામાં કામ ઉપાડશે? કલકત્તાનાં વેપારથી ધમધમતાં કેન્દ્રોમાંના વેપારીઓ અને ઉદ્યોગપતિઓ તો હજી બાકી છે. આમાંની કેટલીક દુકાનોએ મને લઈ જવામાં આવ્યો હતો. તે ઉપરથી મને લાગે છે કે તેમની પાસેથી પૂરેપૂરી રકમ નહીં તોપણ, કંઈ નહીં તો એનો મોટો ભાગ મેળવી શકાય એમ છે. વળી બધા જિલ્લાઓએ હજુ પોતાનો ફાળો મોકલી આપ્યો નથી, તેમ જ થોડા અપવાદ સિવાય બીજા પ્રાંતોમાંના બંગાળીઓએ પણ મોકલ્યો નથી. આ બધા મિત્રો વખતસર એ મોકલી આપશે?

હું થોડુંક મારા પોતાના પક્ષે પણ કહી દઉં. મેં આ મહિનાની અધવચ બંગાળ છોડવાની ગણતરી રાખી હતી. પણ આ મહિનાના અંત સુધી હું નીકળી શકું એમ લાગતું નથી. જેઓ દેશબંધુની સ્મૃતિનું સન્માન કરે છે અને જેઓ જાતે ફાળો આપી શકે એમ છે અને બીજાને ફાળો આપવા પ્રેરી શકે એમ છે, તેમને આ કામ જલદી પૂરું કરવામાં મને સહાય કરવાની હું વિનંતી કરું છું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૨૩–૭–૧૯૨૫

Gandhi Heritage Portal

# ૨૫૪. શૌકતઅલીને પત્ર

કલકત્તા,
જુલાઈ ૨૨, ૧૯૨૫

પ્રિય મિત્ર અને ભાઈ,

મને તમારા બે પત્રો મળ્યા છે.[૧] અત્યારે તો મારે તમને મારા હાથથી લખવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. મારો જમણો હાથ જરા પણ શ્રમ વેઠવાની ના પાડે છે. તેણે આરામ લેવાની હઠ પકડી છે. એટલે આ હું બીજા પાસે લખાવું છું. મારે શ્વેબ[૨] સાથે લાંબી વાત થઈ હતી. તે માને છે કે કૉમરેડના કામ માટે પોતે તદ્દન નકામા છે. તેનું કારણ તંત્રી તરીકેની તેમનામાં આવડત નથી એ નથી, પણ તેના સ્વભાવનો એ કામ સાથે મેળ ખાય તેમ નથી એ છે. તે કહે છે કે કેવળ ઘોર નિષ્ફળતા પુરવાર કરવા માટે ત્યાં જવાની શું જરૂર છે? શ્વેબનો હવે મને જેટલો પરિચય થયો છે તે ઉપરથી તેમનું કહેવું મને ઘણું વજૂદવાળું લાગે છે. મારા મનમાં એટલી વાત સ્પષ્ટ છે કે જો તાત્કાલિક અને ચોક્કસ મદદ ન મળે તો મહમદઅલીએ બંને છાપાં અથવા છેવટે બેમાંથી એક છાપું છોડી દેવું જોઈએ. કોઈ કુશળ સૈનિકને પોતાની હાર નિશ્ચિત દેખાય છે ત્યારે તે વ્યવસ્થિત રીતે પીછેહઠ કરે છે. તે સંપૂર્ણ હાર કે વિનાશની રાહ જોવા થોભતો નથી. પણ આમાં તો તેમના કરતાં તમે વધુ જાણો. મને તમારી પ્રખર સામાન્ય સૂઝમાં પહેલેથી વિશ્વાસ હતો અને તે હજી ચાલુ જ છે. એટલે આ બાબતમાં નિર્ણય તમારે કરવાનો છે અને તે મહમદઅલીને જણાવી દેવાનો છે. છાપાં વાંચ્યા વગર પણ તમારા બંનેની પ્રવૃત્તિથી હું બને એટલો પરિચિત રહું છું. આપણે માટે અને ખાસ કરીને તમારે માટે તો લડત હજી હવે શરૂ થાય છે. હું 'તમારે માટે' કહું છું તેનું સીધુંસાદું કારણ એ છે કે હું તો મુશ્કેલીઓ ને જોખમોથી અને કહેવાતા પરાજયોથી ટેવાઈ ગયો છું. મારું હૃદય અને મારી પ્રાર્થના તમારી સાથે છે.

દસ લાખ[૩] એકઠા કરવા માટે મારે હજી કલકત્તામાં રહેવું પડે એમ છે. અતિ કઠિન કામ છે. પણ ગરીબમાં ગરીબ બંગાળી પોતાની પાસેનો પૈસો ને અડધો પૈસો પણ આપે છે એથી મારું દિલ પ્રસન્ન થાય છે. હું સ્વરાજવાદીઓની બાબતમાં શું કરી રહ્યો છું અને અત્યાર સુધીમાં મેં શું કર્યું તે તમે જોયું હશે. મારાથી આપી શકાય તેટલી તમામ મદદ હું તેમને આપી રહ્યો છું. અને અંગત રીતે મને એ બાબતમાં શંકા નથી કે કૉંગ્રેસ પૂરેપૂરી તેમની જ હોવી જોઈએ. અને આપણે, જેઓ ધારાસભાપ્રવેશમાં માનતા નથી તેમણે કૉંગ્રેસમાં પરાણે તેમને આશરે રહેવું જોઈએ. પણ આ વખતે મેં કોઈ પણ જાતની સમજૂતી કરવાનું ટાળ્યું છે. મહાસમિતિ મારી કે બીજા કોઈની શેહમાં તણાયા સિવાય કોઈ પણ નિર્ણય લેવા માટે સ્વતંત્ર હશે. જ્યાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી મને એ વાતની વધુ ને વધુ ખાતરી થતી જાય છે કે બીજું બધુંય તૂટી પડશે ત્યારે કાંતણ અને ખાદી ટકી રહેશે. ગમે તેટલા ભયંકર ઝંઝાવાત

૧. આ પત્રો મળતા નથી.
૨. શ્વેબ કુરેશી.
૩. દેશબંધુ સ્મારક ફાળાનું લક્ષ્યાંક.

Gandhi Heritage Portal

વચ્ચે અબાધિત રીતે ટકી શકે તેવી આ એકમાત્ર સલામત અને શક્તિશાળી રચનાત્મક પ્રવૃત્તિ છે. મને લાગે છે કે શ્વેબ મારા મનની વાત સમજે છે. શંકરલાલ,[1] જે અહીં હમણાં હતા તે પણ સમજે છે. બાકીનું બધું તમે તેમની પાસેથી જાણી શકશો અને એ ઉપરાંત મારા મિત્રો માટેના અઠવાડિક પત્રો બની ગયેલાં યંગ ઇન્ડિયાનાં લખાણોમાંથી પણ જાણી શકશો.

તમારો સહૃદયી

મૌલાના શૌકતઅલી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૯૩૩૯

## ૨૫૫. કૃષ્ણદાસને પત્ર

જુલાઈ ૨૨, ૧૯૨૫

પ્રિય ક્રિસ્ટોદાસ,

મેં સતીશબાબુને લખ્યું છે કે હરદયાળબાબુને સો રૂપિયા મોકલી આપે. મારો જમણો હાથ પીડા કરે છે એટલે હું આ પત્ર લખાવી રહ્યો છું.

સતીશબાબુ પાસેથી હું તમારા ખબર મેળવતો રહું છું. તમારે જેમ બને તેમ જલદીથી સાજાતાજા બની જવું જોઈએ. બધી ચિંતા દૂર કરવી જોઈએ. તમે બને તેટલા જલદીથી કોમિલ્લા પહોંચી જાઓ એમ ઇચ્છું છું. જમનાલાલજી અતરાઈ જાય છે. તેઓ ચાંદપુર જવા નીકળે તે પહેલાં કદાચ થોડા દિવસ ત્યાં રહેશે. તો તમે તુરત કોમિલ્લા જઈને સાજા કેમ ન થાઓ?

તમારો સહૃદયી

બી. કૃષ્ણદાસ
C/o રાધા માધવસિંહ
ચાંદપુર

[મૂળ અંગ્રેજી]

માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૯૩૩૮

૧. શંકરલાલ બૅંકર.

Gandhi Heritage Portal

## ૨૫૬. નિશીથનાથ કુન્ડુને પત્ર

૧૪૮, રસા રોડ,
કલકત્તા,
જુલાઈ ૨૨, ૧૯૨૫

પ્રિય મિત્ર,

તમારો પત્ર મળ્યો. મેં દિનાજપુરમાં દેશબંધુ સાથે સમિતિની સ્થિતિ વિષે ચર્ચા કરી હતી. તેમણે મને કહ્યું કે અત્યારને ટાંકણે તમારા જિલ્લા જેવા જિલ્લાને મદદ કરવાનું પ્રાંતિક સમિતિ માટે મુશ્કેલ છે. સમિતિ પાસે પૈસા નથી. હાલમાં હું માત્ર એટલું જ સૂચવી શકું કે જે કાર્યકર્તાઓને ખાદીકામમાં પૂરી શ્રદ્ધા હોય તેમણે ખાદી પ્રતિષ્ઠાન સાથે પત્રવ્યવહાર કરવો અને તેના હાથ નીચે કામ કરવું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
છબી પરથી: જી. એન. ૮૦૨૧

## ૨૫૭. કાંતણ મતાધિકાર

આ માસની ૧૭મી તારીખે સ્વરાજવાદીઓ અને બીજાઓની એક અવિધિસરની સભા મળી હતી.[1] તેમાં પ્રતિનિધિત્વ ધરાવતા લોકો ભેગા મળ્યા હતા. મારા સહિત સૌને એમ લાગતું હતું કે મતાધિકારની ફેરવિચારણા થવી જોઈએ. અને સૌને એમ લાગતું હતું કે કૉંગ્રેસના મતાધિકારમાં એક વિકલ્પ તરીકે, જાતે કાંતવાને માત્ર અજમાયશ તરીકે નહીં પણ કાયમને માટે સ્થાન આપવું જોઈએ. એનો અર્થ એવો થાય કે કૉંગ્રેસમાં મજૂરોના સીધા પ્રતિનિધિ મોકલવાના અધિકારનો કાયમી સ્વીકાર કરવામાં આવે છે. બધા એ વાતમાં સંમત થયા કે કાંતણ મતાધિકારથી ભિન્ન એવો સૂતર મતાધિકાર રદ થવો જોઈએ. એમાંથી દંભ અને અપ્રામાણિકતા ઊભાં થયાં છે. હાથે કાંતેલું સૂતર કે રોકડ લવાજમ કેટલાં રાખવાં એ મુદ્દો હાલ પૂરતો મુલતવી રાખવામાં આવ્યો. એ બાબતમાં અભિપ્રાયો જુદા જુદા હતા. મતાધિકારના કાયમી અંગ તરીકે ખાદી પહેરવાની વાતને ભારે બહુમતીથી પણ ચાલુ રાખવાની તરફેણ કરવામાં આવી. આ એક ગણનાપાત્ર લાભ છે એમ મને લાગે છે. ત્રીજી દરખાસ્ત એવી હતી કે અખિલ હિંદ ચરખા સંઘને કૉંગ્રેસના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારવો જોઈએ અને તેને પૂરેપૂરી સત્તા આપવી જોઈએ. કૉંગ્રેસની પ્રવૃત્તિનો કાંતણને લગતો ભાગ સંપૂર્ણપણે તેની હકૂમત નીચે હોવો જોઈએ. અને કાંતણ લવાજમની પરીક્ષા કરવાનું અને સ્વીકારવાનું કામ કરનાર એ સંઘ કૉંગ્રેસની શાખા છે એમ ગણવું જોઈએ. આ દરખાસ્તને સર્વાનુમતિથી સંમતિ મળી. જો આ

૧. જુઓ "સ્વરાજ પક્ષની સભામાં ભાષણ", ૧૭–૭–૧૯૨૫.

Gandhi Heritage Portal

ભલામણો સ્વીકારવામાં આવે તો તેનું પરિણામ એ આવે કે સ્વરાજવાદીઓ કૉંગ્રેસનું સંચાલન કરશે અને અખિલ હિંદ ચરખા સંઘને સ્વરાજ પક્ષ જેટલું જ સ્થાન મળશે.

આ દરખાસ્ત પર વિચાર કરવા માટે મહાસમિતિની બેઠક ૧લી ઑક્ટોબરે મળશે. એ બેઠક, સમિતિના સભ્યોની સ્વતંત્રતા પર કોઈ પણ પ્રકારના નિયંત્રણ વિના મળશે. અવિધિસરની સભામાં જેઓ હાજર રહ્યા હતા, તેમના ઉપર પણ તેમણે ત્યાં આપેલા મતનું બંધન રહેશે નહીં. વધુ વિચારણાને અંતે તેમના વિચારો બદલાય તો તેઓ સભામાં રજૂ થનારી દરખાસ્તોની વિરુદ્ધ પણ મત આપી શકશે. મહાસમિતિના સભ્યોને તેમની ઇચ્છા મુજબ સુધારા રજૂ કરવાની અને ટીકા કરવાની છૂટ રહેશે. દરેક જણ એક કૉંગ્રેસી તરીકે અથવા એનાથી વધારે સારું તો એક હિંદી તરીકે પોતાના પક્ષ તરફની ફરજના કોઈ પણ બંધન વિના મત આપશે. પંડિતજી ઉપરના મારા પત્ર[1] ઉપરથી વાચક જોઈ શકશે કે એક ફરજ તરીકે મેં સ્વરાજ પક્ષને ગયા વરસના કરારના બંધનમાંથી મુક્ત કરી દીધો છે. મહાસમિતિ સમક્ષ રજૂ કરવાની દરખાસ્તોને તેની ગુણવત્તા પર તપાસવી જોઈએ. હું એવું નથી ઇચ્છતો કે નાફેરવાદી કે સ્વરાજવાદી કોઈ પણ સભ્ય મને રાજી રાખવાના ખ્યાલથી મત આપે. આપણે એક લોકશાહી ઢબનું બંધારણ ઊભું કરવાનો પ્રયાસ કરીએ છીએ. માણસે કેવળ પોતાના અંતરાત્માને પ્રસન્ન કરવાનો છે; કોઈ ગમે તેટલી મહાન વ્યક્તિને નહીં. મારે મન કોઈ નાફેરવાદી નથી કે ફેરવાદી નથી. જે લોકો ધારાસભાપ્રવેશની હિમાયત કરે છે અને જે લોકો તેમ નથી કરતા તે બંને જો દેશપ્રેમથી પ્રેરાઈને સક્રિય કે નિષ્ક્રિય બને, તો તેઓ દેશની સેવા જ કરે છે. હકીકતમાં, મારો એવો આગ્રહ છે કે જે લોકોને ધારાસભાપ્રવેશ સામે નૈતિક વાંધો નથી તે લોકો તરત જ સ્વરાજ પક્ષમાં જોડાઈ જાય અને તેના હાથ મજબૂત કરે.

હું આશા રાખું છું કે મહાસમિતિનો એકેએક સભ્ય આગામી બેઠકમાં હાજર રહે, તેના કામકાજમાં ભાગ લે અને પોતાનો અભિપ્રાય રજૂ કરે. અંગત રીતે આ બાબત કેવળ બહુમતીથી નક્કી થાય એવું હું ઇચ્છતો નથી. જે કંઈ કરવામાં આવે તે લગભગ સર્વાનુમતિથી જ થવું જોઈએ.

જે દરખાસ્ત થઈ છે તે બંધારણમાં મહત્ત્વનો ફેરફાર કરવા માટેની છે. સામાન્ય રીતે મહાસમિતિએ એમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ. પણ ક્યારેક એવો સમય પણ આવે છે જ્યારે એમ ન કરવામાં બેવફાઈ થઈ પડે. જો દેશની ઘણી મોટી બહુમતી ઢીલ કર્યા વગર ફેરફાર કરવા ઇચ્છે તો મહાસમિતિ માટે એવો ફેરફાર કરવાનું અને પોતે લીધેલા નિર્ણયને ઉથાપી કૉંગ્રેસ તરફથી એને ઠપકો મળે તો તે માથે ચડાવવાનું યોગ્ય ગણાશે. કોઈ પ્રતિનિધિ જ્યારે એ પોતે પોતાના નાયકના હિતમાં અને પોતાના જોખમે વર્તતો હોય છે ત્યારે તેને એ નાયકની અપ્રગટ ઇચ્છાની આગાહી કરી ચાલવાનો હમેશાં અધિકાર રહે છે. એટલે હું એમ કહેતાં બિલકુલ ખચકાતો નથી કે જો મહાસમિતિના સભ્યોની ઘણી મોટી બહુમતી ઉપર જણાવ્યા મુજબનો ફેરફાર ઇચ્છતી હોય, તો તેમને માટે કેવળ અનિશ્ચિતતાને કારણે રાષ્ટ્રના કીમતી ત્રણ મહિના બગાડવા એ ખોટું ગણાશે. મહાસમિતિ જે બાબત પર નિર્ણય કરી શકે એમ હોય તે બાબતની લાંબી ચર્ચા કરવામાંથી કાનપુરની કૉંગ્રેસને મુક્ત રાખવી જોઈએ. આથી વધુ મોટા પ્રશ્નોની ચર્ચા માટે તેનો સમય મોકળો રાખવો જોઈએ.

૧. જુઓ "મોતીલાલ નેહરુને પત્ર", ૧૯-૭-૧૯૨૫.

Gandhi Heritage Portal

એ વાત પણ ધ્યાન પર રહેવી જોઈએ કે મેં દોરેલી યોજના હેઠળ કૉંગ્રેસ હવે મુખ્યત્વે રાજકીય સંસ્થા બને છે. અહીં 'રાજકીય' વિશેષણ તેના સામાન્ય રીતે સ્વીકારાતા અર્થમાં લેવાનું છે. અત્યાર સુધી સ્વરાજવાદીઓ કૉંગ્રેસના એકમાત્ર ને મુખ્ય રાજકીય પ્રતિનિધિઓ હતા, તેને બદલે તેઓ હવે કૉંગ્રેસ બનશે, અને તેમણે બનવું પણ જોઈએ. મહાસમિતિ લૉર્ડ બર્કનહેડને જે કંઈ ઓછામાં ઓછો જવાબ આપી શકે એમ છે તે આ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–७–१९२५

## ૨૫૮. દમનનું ફળ

એક આદરણીય અમેરિકન મિત્રે ડૉ. મિલરના 'रेसीझ, नेशन्स ॲन्ड क्लासीझ' નામના પુસ્તકમાંથી વ્યવહારજ્ઞાન આપનારો નીચેનો ફકરો મોકલ્યો છે:

> કચડાયેલા સમૂહોમાં ઘણી કટુતાભરી જૂથબંધી ઊભી થાય છે. આઇરીશ લોકોમાં આ વસ્તુ જગજાહેર છે. બધી પરાધીન પ્રજાઓમાં જે વિખવાદો જોવામાં આવે છે, તે આ જ વસ્તુનું ઉદાહરણ પૂરું પાડે છે. દરેક જૂથ પોતાના સ્વાતંત્ર્ય આંદોલન પર જ પોતાનું ધ્યાન એકાગ્ર કરે છે; અને એ આંદોલન માટે અમુક ચોક્કસ માર્ગ ગ્રહણ કરે છે. અને જ્યારે આ જૂથને સર્વસામાન્ય ધ્યેયને સિદ્ધ કરવા માટે એક થવાની જરૂર લાગે છે ત્યારે તરત જ મતભેદો તરફ ધ્યાન દોરવાની વૃત્તિ થઈ આવે છે. આ મતભેદો આમ તો મુખ્ય ધ્યેયના પ્રમાણમાં અત્યંત ગૌણ હોય છે, છતાં તેમને જ મહત્ત્વના ગણવામાં આવે છે. સ્વાતંત્ર્યની પરિસ્થિતિમાં વ્યક્તિ અને જૂથ બંને માટે માનસિક વિકૃતિનું આ ખાસ પાસું ધીમે ધીમે ઘસાઈ જાય છે. પણ મર્યાદિત સ્વાતંત્ર્યના એક અનિવાર્ય પરિણામ તરીકે આ વિકૃતિ આવે છે, એમ સ્વીકારવું જ જોઈએ.

આ મિત્ર કહે છે, "આ વાત હિંદની પરિસ્થિતિ પર પણ સારો પ્રકાશ નાખે છે, ખરું ને?" ખરેખર, એ નાખે છે, અને એટલે જ ડૉ. બેસન્ટ જેવા લોકો કોમી વિખવાદ હોવા છતાં પણ સ્વાતંત્ર્યની પ્રાપ્તિના પ્રયાસમાં મંડી રહ્યા છે. અહીં બંને પ્રકારના લોકો માટે સ્થાન છે—જેઓ મદભેદો છતાં સ્વાતંત્ર્ય માટે મથે છે, અને જેઓ સ્વાતંત્ર્ય માટેનો માર્ગ સરળ બનાવવા માટે આ મતભેદો દૂર કરવા મથે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३–७–१९२५

Gandhi Heritage Portal

# ૨૫૯. નોંધ

## 'અલ્વરના અત્યાચારો'

'અલ્વરના અત્યાચારો' તરીકે ઓળખાતો પ્રશ્ન કલકત્તામાં મળેલી કૉંગ્રેસ કારોબારીમાં ચર્ચાયો. શ્રી જમનાલાલ બજાજે આને અંગે એક તપાસ સમિતિ નીમવાનો ઠરાવ રજૂ કર્યો. કૉંગ્રેસની લાંબા કાળથી ચાલી આવતી પ્રણાલી એવી છે કે તેણે દેશી રાજ્યોની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ ન કરવો. કારોબારીના સભ્યોને એમ લાગ્યું કે આ પ્રણાલી સારી છે ને તેને તોડવી એ ડહાપણભર્યું નથી. એટલે શ્રી જમનાલાલે પોતાના ઠરાવની બાબતમાં વધુ દબાણ ન કર્યું. છતાં મેં તેમને કહ્યું કે આ પ્રશ્નની ચર્ચા હું યંગ ઇન્ડિયાનાં પાનાંઓમાં કરીશ, અને કૉંગ્રેસે દેશી રાજ્યોના આંતરિક વહીવટમાં દખલગીરી ન કરવી જોઈએ તેવા મારા અંગત અભિપ્રાયનાં કારણોની ચર્ચા એમાં કરીશ. કોઈ ઇચ્છે તો આ વાતને એક અનિવાર્ય સદ્‌ગુણ અથવા વ્યવહારુ નીતિ ગણીને ચાલી શકે. ખરું જોતાં તે બંને છે, અને કદાચ એથી વિશેષ પણ છે. આપણે એ વાત નિખાલસપણે કબૂલ કરવી જોઈએ કે કૉંગ્રેસ પોતાની તાકાત ખુદ બ્રિટિશ હિંદમાં અજમાવી શકે તેટલી પણ દેશી રજવાડામાં અજમાવવાની સત્તા ધરાવતી નથી. એટલે ડહાપણ એમાં છે કે જ્યાં કાર્ય એ માત્ર મૂર્ખાઈ નહીં પણ કેવળ શક્તિનો વ્યય જ નીવડે એમ હોય ત્યાં નિષ્ક્રિય રહેવું એ જ યોગ્ય છે. પણ નિષ્ક્રિયતા જો ડહાપણભરેલી છે, તો તે લાભકારક પણ છે. કૉંગ્રેસ દેશી રાજ્યોને મૂંઝવવા નથી માગતી, તે તેમને મદદ કરવા ઇચ્છે છે. તે તેમનો નાશ નથી ઇચ્છતી, પણ તેમને સુધારવા માગે છે. અને કૉંગ્રેસ શુભ લાગણીથી પ્રેરાઈને હાલ પૂરતી નિષ્ક્રિય રહે છે.

પણ કૉંગ્રેસ આમાં પડતી નથી એનો અર્થ એવો નથી કે કૉંગ્રેસીઓ પુરુષાર્થ ન કરે. જેમને દેશી રાજ્યો સાથે સંબંધ છે તેઓ પોતાની લાગવગનો ઉપયોગ જરૂર કરે. અને સત્તાવાળાઓ સાથે અથડામણ ન થાય તેવી રીતે સ્થાનિક સમિતિઓ પણ આફતમાં આવી પડેલા લોકોને દોરવણી આપી શકે. એ જ રીતે કૉંગ્રેસ એકલદોકલ કૉંગ્રેસીના કામનું નિયમન કે નિયંત્રણ કરતી નથી પણ જ્યારે તે કોઈ પગલું ભરે છે ત્યારે તે કૉંગ્રેસી તરીકે નથી ભરતી. કૉંગ્રેસે જોખમભરી સ્થિતિમાં ન મુકાવું જોઈએ.

તો પછી એક રાષ્ટ્રીય સંસ્થા હોવાનો દાવો કરતી કૉંગ્રેસ પાસેથી દેશી રાજ્યોની પ્રજાએ કંઈ પણ મદદની આશા ન રાખવી? મને લાગે છે તેનો ઉત્તર થોડે અંશે નકારમાં આવશે. તેઓ સીધી મદદની આશા ન રાખે. પણ આડકતરી સહાય તેમને જરૂર મળે છે. કૉંગ્રેસ જેટલા પ્રમાણમાં કાર્યકુશળ અને તાકાતવાન બને છે, તેટલા પ્રમાણમાં દેશી રાજ્યોની પ્રજાની સ્થિતિ પણ ઊંચે આવશે. કૉંગ્રેસનો નૈતિક પ્રભાવ સમગ્ર દેશ પર સીધો કે આડકતરો પડવો જ જોઈએ. એટલે હું આશા રાખું છું કે આપત્તિમાં આવી પડેલા લોકો એ વાત બરાબર સમજી લેશે કે કૉંગ્રેસ કોઈ સીધી મદદ ન કરી શકે તેનું કારણ એ નથી કે તેની એવી ઇચ્છા નથી, પણ તેનું કારણ સંપૂર્ણ રીતે એ છે કે એનામાં શક્તિ અને તકનો અભાવ છે.

Gandhi Heritage Portal

## ઍંગ્લો-ઇન્ડિયનો માટે

ડૉ. મોરેનોએ મને જવાબ માટે નીચેના પ્રશ્નો આપ્યા છે :[1]

> ૧. ઍંગ્લો-ઇન્ડિયનોની અત્યારની દશા શોચનીય છે, અને તે દિનપ્રતિદિન વધુ બગડતી જાય છે. બેકાર લોકો દાન લેવા માગતા નથી, પણ કામ માગે છે. મને લાગે છે કે તેમને ઉદ્યોગક્ષેત્રમાં કામ મળે તે વધુ અનુકૂળ થશે. આપ શું સૂચવો છો?

બેકાર લોકો દાન લેવા માગતા નથી તે જાણી મને આનંદ થાય છે. બેકાર લોકો માટે ધંધાકીય પ્રવૃત્તિ તરીકે હાથવણાટનો ઉદ્યોગ યોગ્ય છે, એમ કહું તો મને માફ કરશો. હું એ વાત કબૂલ કરું છું કે ઍંગ્લો-ઇન્ડિયન અત્યારે જે તાલીમ પામ્યા છે તે જોતાં જો તેઓ અસાધારણ સંકલ્પશક્તિ ધરાવતા ન હોય તો વણાટના ઉદ્યોગ માટે તેઓ અયોગ્ય ગણાય. પણ આવા કાલ્પનિક સવાલ પરથી સલાહ આપવાનું મુશ્કેલ છે. કોઈ ઉત્સાહી ને પરોપકારી ઍંગ્લો-ઇન્ડિયને બેકારોની ગણતરી કરવી જોઈએ અને તેમની કોમને વધુમાં વધુ અનુકૂળ ધંધાઓનો વિચાર કરી તેમને તેની તાલીમ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

> ૨. ઍંગ્લો-ઇન્ડિયન જેવી કોમને કાંતણ તથા ખાદી વિષેના આપના વિચાર તરફ વાળવા માટે લાંબા વખત સુધી અત્યંત સક્રિય પ્રચાર કરવો પડે. જો ઍંગ્લો-ઇન્ડિયનો આપે દોરેલા કાર્યક્રમ તરફ પ્રતિકૂળ વલણ ન બતાવે તો આપની ઇચ્છા બર આવે ખરી?

હું એ વાત કબૂલ કરું છું કે એક વર્ગ તરીકે ઍંગ્લો-ઇન્ડિયનો કાંતણને એક ધાર્મિક વિધિ તરીકે પણ સ્વીકારવા રાજી થાય તે માટે ઘણો સમય લાગશે; પણ ખાદીનો ઉપયોગ શરૂ કરવામાં મોડું કરવા માટે કોઈ કારણ નથી. પરદેશી કાપડમાંથી બનાવેલું જાકીટ જેટલું કામ આપે તેટલું જ ખાદીમાંથી બનાવેલું જાકીટ કામ આપવાનું. સામાન્ય મિલમાં બનેલી ચાદરો કરતાં ખાદીની ચાદરોનો સ્પર્શ વધુ ગમે તેવો હોય છે. ઍંગ્લો-ઇન્ડિયનોને ખાદી પહેરતા કરવા માટે તેમનામાં આમજનતા પ્રત્યે આત્મીયતાની ભાવના જગાડવાની જરૂર છે. સાચી રાષ્ટ્રીય ભાવના માટેનું આ પહેલું પગલું છે એવું મારું માનવું છે.

> ૩. ઍંગ્લો-ઇન્ડિયન કોમ હિંદની એક લઘુમતી કોમ છે. આપના સર્વ પક્ષ સંગઠનમાં એ કોમને આપનો કાર્યક્રમ કેવી રીતે સમાવશે?

ઍંગ્લો-ઇન્ડિયન લોકોને હિંદની બીજી લઘુમતી કોમો જેવો જ દરજ્જો મળશે.

> ૪. હિંદના ભાવિ માટે જો આપ એકતા પરિષદની યોજના કરવા માગતા હો તો તેમાં ખાસ કરીને નીચેની બે બાબતો લક્ષમાં રાખીને ઍંગ્લો-ઇન્ડિયન કોમના પ્રતિનિધિઓને કઈ રીતે સમાવશો — (क) આપનો કાંતણ મતાધિકાર અને (ख) અત્યાર સુધી કૉંગ્રેસમાં ઍંગ્લો-ઇન્ડિયન પ્રતિનિધિઓ સમાવાયા નથી તે.

જે નવા ફેરફારો વિચારાયા છે તે મુજબ સૂતરની જગ્યાએ લવાજમ તરીકે રોકડ રકમ પણ સ્વીકારાશે. અત્યાર સુધી ઍંગ્લો-ઇન્ડિયનો કૉંગ્રેસમાં નથી જોડાયા, એ મોટે ભાગે તેમની નામરજીને કારણે છે. જો કોઈ એવું સૂચન કરે કે કૉંગ્રેસે આ કોમનો ટેકો લેવા માટે ખાસ પ્રયત્ન કરવા જોઈતા હતા, તો મારે એ વિષે એટલું જ કહેવાનું કે જે લોકો પોતાને હિંદીઓ કરતાં ઊંચી કક્ષાના અને બીજા મુલકના માને છે તેમની બાબતમાં આવો પ્રયત્ન કરવાનું મુશ્કેલ છે, અને મને ધાસ્તી છે કે ઍંગ્લો-ઇન્ડિયનોએ આજ સુધી આવી મનોવૃત્તિ ધરાવી છે.

૧. જુઓ "ડૉ. એચ. ડબ્લ્યુ. બી. મોરેનોની મુલાકાત", ૩૧-૫-૧૯૨૫.

Gandhi Heritage Portal

૫. તમે જાણો છો કે ઍંગ્લો-ઈન્ડિયન કોમમાં કેટલાકનું વલણ યુરોપિયન તરફી છે. અને બીજા કેટલાકનું હિંદી તરફી છે. આખી ઍંગ્લો-ઈન્ડિયન કોમને (क) ખુદ પોતાના ભલા માટે અને (ख) હિંદના ભલા માટે આપ શું કરવાની સલાહ આપશો ?

આવું દુ:ખદ વલણ હોવા વિષે મને ખબર છે. તે કોમને માટે એકમાત્ર ગૌરવભર્યો માર્ગ મને એ લાગે છે કે જેમની વચ્ચે તેઓ જન્મ્યા છે, અને જેમની વચ્ચે તેમને જીવવાનું, હરવા-ફરવાનું ને પોતાનું અસ્તિત્વ ટકાવવાનું છે, તેમની સાથે તેમણે પોતાનું ભાગ્ય જોડી દેવું જોઈએ. અંગ્રેજોની આંગળીએ વળગીને ચાલવાનો તેમનો નિષ્ફળ પ્રયાસ તેમની કાયમી સ્થિરતા અને પ્રગતિશીલ સ્થિતિમાં તેમને માટે રુકાવટ ઊભી કરશે. યુરોપિયન બનવાની મહત્ત્વાકાંક્ષા રાખવી અસ્વાભાવિક છે. પોતાનાં ભારતીય માતાપિતાના વંશમાં અને વાતાવરણમાં આવી જવું એ જ તેમને માટે અત્યંત સ્વાભાવિક અને ગૌરવશીલ સ્થિતિ છે. અને એ રીતે વર્તવામાં તેમને લાભ થવાનો છે અને માતૃભૂમિ શબ્દના દરેક અર્થમાં હિંદને પણ લાભ થવાનો છે.

## અટકાવી શકાય તેવો બગાડ

રાજશાહીમાં મળેલી બહેનોની સભાનું દૃશ્ય પાવનકારી હતું. યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટની બહેનોની જેમ તેમણે રૂપિયા અને ઘરેણાંનો વરસાદ વરસાવ્યો. તેમણે ખરેખર દરેક જગ્યાએ એ પ્રમાણે કર્યું છે. પણ રાજશાહીમાં પ્રવાહ અખંડ વહ્યો હતો. ત્યાં કાંતણ હરીફાઈનો એક ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. તેમાં બસો ઉપરાંત બહેનોએ ભાગ લીધો હશે. તેમાંની એક તો બારીક સૂતર કાંતવામાં અત્યંત નિપુણ હતી. કાંતણમાં પહેલા વર્ગમાં પહેલું સ્થાન મેળવનાર બહેન અપર્ણાદેવી કરતાં પણ આ બહેનનું સૂતર ઝીણું હતું. તેણે પોતાના જ શરીર પર ધારણ કરેલી અત્યંત ઝીણા સૂતરની સાડી બતાવી. તેના કહેવા મુજબ એ સૂતર તેણે પોતે જ કાંત્યું હતું. પણ આ બહેનના રેંટિયા સહિત બીજા રેંટિયામાંનો લગભગ દરેક રેંટિયો અવાજ કરતું નકામું રમકડું જ હતું. અને એમાંથી સૂતર ઘણું ઓછું નીકળતું હતું. આ રેંટિયા બનાવનાર બાબુ તારકનાથ મૈત્ર અત્યંત ઉત્સાહી માણસ છે. પણ તેમનો ઉત્સાહ આંધળો છે. તેમને યંત્રવિદ્યાની થોડીઘણી માહિતી છે, પણ રેંટિયા વિષે તે કંઈ જ જાણતા નથી. કાંતણશાસ્ત્રનાં મૂળ તત્ત્વોની પણ તેમને ખબર હોય એમ મને લાગતું નથી. રાજશાહીની દેશપ્રેમી અને સંસ્કારી બહેનોને માથે આવા રેંટિયા ન મારશો એમ મારે તેમને સમજાવવા પડશે. જો તેઓ વેપાર માટે આ રેંટિયા બનાવતા હોય તો તેમણે આ બધા રેંટિયા પાછા લઈ લેવા જોઈએ અને બીજા સારા બનાવવા જોઈએ. જો તેઓ સેવાભાવથી એ બનાવતા હોય તો આ કચરાનો તેમણે નાશ કરી દેવો, રેંટિયાનું વિજ્ઞાન શીખી લેવું અને ઉત્તમ રેંટિયા કોને કહેવાય તે જાણી લેતાં સુધી બીજો એક પણ રેંટિયો ન બનાવવો. બંગાળમાં સારા રેંટિયા કહી શકાય એવા મને ફક્ત ત્રણ નમૂના જોવા મળ્યા છે. આ ત્રણમાંથી ખાદી પ્રતિષ્ઠાનનો નમૂનો મને સૌથી સારો લાગ્યો છે. બીજો નમૂનો દુઆદાંડોના કાર્યકર્તાઓ વાપરે છે તે છે. તેની ખાસિયત એ છે કે તેમાં ત્રાક સહેજ ત્રાંસી રાખવામાં આવી છે. ત્રીજો બંગાળનો જૂનો નમૂનો છે. તેમાં બેઠક ટૂંકી છે, પૈડું પણ ખૂબ ભારે છે અને ત્રાક ખૂબ લાંબી છે. સારા રેંટિયાની કસોટી આ રહી: (૧) અવાજ વિનાનો અને (૨) એક સામાન્ય કાંતનાર ઓછામાં ઓછા કલાકના ૪૦૦ વાર દસ આંકનું સૂતર તેના પર કાંતી શકે. મેં સાંભળ્યું છે કે બીજા બે નમૂના પર કલાકના ૬૦૦ વાર જેટલું ઓછામાં



Gandhi Heritage Portal

ઓછા દસ આંકનું સૂતર નીકળી શકે છે. ખાદી પ્રતિષ્ઠાનના રેંટિયા પર કલાકનુ ૮૫૦ વાર સૂતર કંતાતું મેં જોયું છે. ખાદી પ્રતિષ્ઠાનના નમૂના પર ત્યાંના બધા કાર્યકર્તાઓ કલાકના ૪૦૦ વાર સૂતર કાંતી શકે છે. રેંટિયા બનાવનાર લોકોએ એ જાણવું જોઈએ કે અવાજ કરે તેવા અને ઓછું ઉત્પાદન આપતા રેંટિયા વેચવા કાઢીને તેઓ તેના ધ્યેયને નુકસાન કરી રહ્યા છે. હું કાર્યકર્તાઓને પણ ચેતવણી આપું છું કે મેં આંકી આપેલા ધોરણ મુજબ કામ આપે તેવા રેંટિયા મળી શકતા હોય તોપણ ઊતરતા ધોરણવાળા રેંટિયા ધંધાદારી કે સ્વેચ્છાએ કાંતનાર લોકોને ન આપવા જોઈએ. બંગાળમાં કોઈની પાસે વધુ સારો રેંટિયો હોય તો તે મને મોકલી આપે. હું તેની બરાબર ચકાસણી કરીશ. અને વગર ઢીલે તેનાં પરિણામોનો અહેવાલ જાહેરમાં મૂકીશ. આમ પ્રજા માટે રેંટિયો જીવનમરણનો સવાલ છે. રેંટિયાના પ્રચારના કામમાં પડેલા લોકોએ, થોડી જાણકારી મેળવવાથી સહેલાઈથી નિવારી શકાય તેવો બગાડ અટકાવવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २३-७-१९२५

## ૨૯૦. કલકત્તાના મારવાડી અગ્રવાલ સંમેલનમાં ભાષણ

જુલાઈ ૨૪, ૧૯૨૫ પહેલાં

પ્રમુખશ્રી, ભાઈઓ અને બહેનો,

આપે મને અહીં આવવાનું આમંત્રણ આપ્યું અને હવે મારી પાસેથી કંઈક સાંભળવા ઇચ્છો છો, એ બદલ હું તમારો આભાર માનું છું. આ પત્રકમાં આપેલા ઠરાવો હું જોઈ ગયો છું. એમાં વિધવાવિવાહનો સવાલ ઉઠાવવામાં આવ્યો છે અને મારો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ વિષે હું नवजीवन અને यंग इन्डियामां લખી ચૂક્યો છું. જે ભાઈઓ આ વિષેના મારા વિચારો સમજવા માગતા હોય તેમને મારી વિનંતી છે કે તેઓ તેમાં જે લખ્યું છે તે વાંચી જાય. એથી તમારો સમય બચી જશે અને તમારા મનનું સમાધાન પણ થઈ જશે.

હિંદુ સમાજના અનેક સુધારાઓની સિદ્ધાંતની દૃષ્ટિએ બે વાત હું તમને કહેવા ઇચ્છું છું. તમારામાંથી કેટલાયે ભાઈઓની સાથે મારો ગાઢ પરિચય છે. વિધવા વિવાહ બાબતમાં મારો જે કંઈ અભિપ્રાય છે તે મેં नवजीवन અને यंग इन्डियामां પ્રગટ કરી દીધો છે. પણ અહીં એટલું જરૂર કહી દેવા માગું છું કે હું એક સુધારક હોવા છતાં હું જે વાત સ્વીકારું છું તે ધર્મની વિરુદ્ધ હોતી નથી.

હું જાણું છું કે મારી સુધારક વૃત્તિ પર પશ્ચિમની સભ્યતાનો પ્રભાવ નથી. કેટલાક લોકો મને પશ્ચિમની સંસ્કૃતિનો પ્રચારક ગણીને મારી ટીકા કરે છે. મારા એવા ટીકાકારોને હું ઓછી સમજવાળા માનું છું. તેઓ મારા વિચારોને કે મારી સાથે ફરીને મારા જીવનના રહસ્યને પણ સમજ્યા નથી. જે વાતને હું એક વાર સ્વીકારી લઉં છું તેને એક સત્યાગ્રહી તરીકે હું દૃઢતાથી વળગી રહું છું. અહીં સત્યાગ્રહનો અર્થ પ્રચલિત સત્યાગ્રહ થતો નથી. ખરું જોતાં તો સાચા અર્થમાં સત્યનો આગ્રહ રાખવો તે જ સત્યાગ્રહ છે. જે પાશ્ચાત્ય સિદ્ધાંતનો હું પ્રચાર કરવા માગું છું તેના હું સ્પષ્ટ ઉલ્લેખ કરી દઉં છું. જેમ કે આયુર્વેદ બાબતમાં મેં કહ્યું હતું કે આરોગ્ય

Gandhi Heritage Portal

મેળવવાની બાબતમાં પશ્ચિમના દેશો પાસેથી આપણે શીખવાનું છે, તેમને આપણી પાસેથી શીખવાનું ઓછું છે.

હું મને પોતાને સનાતની હિંદુ સમજું છું. જ્યારે વિધર્મીઓ આ ધર્મ પર પ્રહાર કરે છે ત્યારે આપણને અંતરમાં કલેશ થાય છે. મેં હમેશાં કહ્યું છે કે હું વર્ણાશ્રમ ધર્મમાં માનું છું, પરંતુ એમાં જે જ્ઞાતિભેદ આવી ગયા છે, તેને હું નાબૂદ કરવા ઇચ્છું છું. હું હિંદુ ધર્મને અહિંસાથી ઓતપ્રોત થયેલો ધર્મ માનું છું.

અત્યારે તમે જ્ઞાતિબહિષ્કારના હથિયારને તમારા મ્યાનમાં રાખો. જ્ઞાતિબહિષ્કારનો આ સમય નથી. એક માણસે પોતાની અણસમજુ વિધવા બાળાને ફરી પરણાવી, તેનો તમે બહિષ્કાર કરો છો. પણ એક માણસ વ્યભિચારી છે, માંસાહારી છે, તેનો તમે બહિષ્કાર નથી કરતા. આવા ન્યાત બહાર લોકોની જ એક જુદી ન્યાત થશે, અને તમારામાં અંદર અંદર દ્વેષ ફેલાશે. હું ૧૮૮૭માં વિલાયત ગયો હતો. હું જ્યારે પાછો આવ્યો ત્યારે મારી ન્યાતમાં જે અનેક વાડા છે તેમાંથી કેટલાકે મને નાતમાં લઈ લીધો અને કેટલાકે મારો બહિષ્કાર કર્યો. તોપણ મારે ન્યાતવાળા સામે કોઈ વિરોધ નથી. હું મારું કામ અહિંસાની નીતિથી કરું છું. હું તેમને કષ્ટ આપવા માગતો નથી. હું અંત્યજો સાથે ખાઈ લઉં છું. હું મુસલમાનો સાથે પણ ખાઈ લઉં છું. એ વિષે મારી જ્ઞાતિના કેટલાક લોકોએ વાંધો ન ઉઠાવ્યો. ન્યાતવાળા મને જમણવારમાં બોલાવતા નથી. પરંતુ કુટુંબીજનોને બોલાવે છે. આપણે સુધારકની નિંદા ન કરીએ. તેનો બહિષ્કાર પણ ન કરીએ. જો તમે હિંદુ સંગઠન કરો તો નાની વાતને મોટી ને મોટી વાતને નાની ન માનશો. આજે જ્યારે જ્ઞાતિઓમાં વર્ણસંકરતા થઈ ગઈ છે અને વ્યભિચાર ખૂબ ફેલાયો છે અને આપણે આપણી લજ્જાનું રક્ષણ કરી શકતા નથી ત્યારે બહિષ્કાર કોનો કરવો? એના કરતાં બહેતર છે કે આપણે આપણો જ બહિષ્કાર કરીએ. આ જ આત્મશુદ્ધિ છે. હા, હું તમને એ પણ કહેવા માગું છું કે બહિષ્કારના શસ્ત્રનો દુરુપયોગ ન કરતા.

હિંદુઓમાં મારવાડી સમાજ ધનિક છે એ જોઈને મને ઘણો સંતોષ છે. હું જાણું છું કે આ સમાજને ધન પેદા કરતાં આવડે છે, અને તે પેદા કરે છે પણ ખરો. એ વાત પણ મારાથી છાની નથી કે મારવાડી લોકો ઉદારતામાં પણ ઠીક ઠીક આગળ પડતા છે. મારવાડી જાતિ જે રીતે ધન કમાઈ જાણે છે, તે પ્રમાણે તે એને ખરચે પણ છે. આ વાતની મને બરાબર ખબર છે. પણ આટલું હોવા છતાં આ કોમમાં એક વાતની ખામી છે. અને આ ખામી ઘણી મોટી છે. તે છે પૈસાનો દુર્વ્યય. મારવાડી પૈસો પણ કમાય છે અને તેને સારા કામમાં વાપરે પણ છે. તેમની એવી ઇચ્છા રહે છે કે તેમને હાથે કંઈક ધર્મકાર્ય થાય. પણ તોયે સામાન્ય રીતે તેઓ પોતાના પૈસા સારી રીતે વાપરતા નથી. એટલે મારી આ કોમને એવી વિનંતી છે કે પોતાના પૈસાનો સદુપયોગ કરવાના હેતુથી પૈસો વાપરતી વખતે તે કેટલીક વાત ધ્યાનમાં રાખે. પૈસાનો ઉપયોગ કરતાં પહેલાં વિચાર કરવાની બહુ જ જરૂર છે. તમે પૈસો વાપરવાનો વિચાર કરો ત્યારે તેના સદુપયોગ વિષે ખૂબ ઊંડા ઊતરીને વિચાર કરતા જાઓ. તમે દાનવૃત્તિવાળા અને ઉદાર છો, માટે તમારે ખૂબ વિચાર કરીને કામ કરવું જોઈએ. તમને ખબર હશે કે અમેરિકામાં સામાન્ય લોકોમાં પણ ઘણા મોટા મોટા લખપતિ ને કરોડપતિ હોય છે. ત્યાં કાર્નેગી નામનો એક કરોડપતિ ધનવાન રહેતો હતો. તે અત્યારે જીવે છે કે કેમ તેની મને ખબર નથી. તેનો એવો સ્વભાવ હતો કે તે પોતાનાં બધાં કામ પોતાના જ વિચારોની ધૂન પ્રમાણે કરતો. બીજા

Gandhi Heritage Portal

તે વિષે શું વિચારે છે, તેના પર તે ધ્યાન જ નહોતો આપતો. એક વાર તેના મનમાં થયું કે પૈસાનો કંઈક સદુપયોગ કરવો જોઈએ. બસ, તે પોતાનું ધન પુસ્તકાલયોને માટે સ્કૉટલૅંડ મોકલવા લાગ્યો. પણ ત્યાંના અધ્યાપકોએ કાર્નેગીને પત્ર લખ્યો કે તમારું દ્રવ્ય મોકલવું બંધ કરીને સ્કૉટલૅંડને બચાવો. એટલે આપણે પહેલાં એ જોવું જોઈએ કે પૈસો કેવી રીતે આપવો. હમેશાં કોઈ પણ કામ સારી રીતે વિચાર કરીને કરવું જોઈએ. પૈસો દાનમાં આપતી વખતે તમારે વિચાર અને વિવેકથી ચાલવું ખૂબ જ જરૂરી છે. કારણ કે તમારે સમજી લેવું જોઈએ કે વિચાર અને વિવેક વિના પૈસા ખરચવામાં આવે તો તેનો સદુપયોગ થવાની શકયતા ઓછી થઈ જાય છે. એટલે તમારા જેવી ઉદાર કોમ માટે વિચાર ને વિવેકની ખૂબ જ જરૂર છે.

પારસી કોમ પર તો હું આફરીન જ છું. હું આજે અહીં કહેવા માગું છું કે ઉદારતામાં પહેલું સ્થાન પારસીઓનું ને તે પછીનું સ્થાન યહૂદીઓનું છે. ત્રીજું સ્થાન હિંદુઓમાં મારવાડીઓનું છે, એ વાતની મને ભારે શરમ આવે છે. પારસી કોમ કેટલી ઉદાર છે ને કંઈ નહીં તો છેવટ પૈસો વાપરતી વખતે પણ તે કેવી રીતે વિચાર અને વિવેકથી કામ લે છે, તે મેં જાતે જોયું છે. એટલે અહીં એ વધારે ન કહેતાં કેવળ એટલી જ વિનંતી કરીશ કે તમે (મારવાડી) ભાઈઓ એ બતાવી આપો કે આપણા હિંદુઓમાં પણ એક એવી કોમ છે કે જે ધન કમાઈ જાણે છે ને વાપરી પણ જાણે છે.

ગોરક્ષા વિષેના મારા વિચાર બધા જાણે છે. મેં અનેક વાર કહ્યું છે કે એ કામ બહુ જ સારું છે. પણ હું એમ કહ્યા વગર નથી રહી શકતો કે તે કામ કરવાની પદ્ધતિમાં સુધારો કરવાની જરૂર છે. મેં પોતે એ કામ હાથમાં લીધું છે. પણ મને મદદ મળી નથી. મારો અનુભવ પણ એ દિશામાં ઘણો છે. મેં લગભગ ત્રીસ વરસથી તે વિષે વિચાર કર્યો છે અને સમજ કેળવી છે. તે માટે થોડી તપશ્ચર્યા પણ કરી છે. મને મદદ મળવાની વાત તો એવી છે કે મેં એક મારવાડી ગૃહસ્થને ગોરક્ષા સમિતિના ખજાનચી બનવા વિનંતી કરી તે તેમણે નકારી કાઢી; જોકે તેમને ખજાનચી બનાવવામાં મારો હેતુ તે વધારે પૈસા આપે એવો નહોતો, પણ આ બધું થયું હોવા છતાં આ વાત હું ભારપૂર્વક કહેવા માગું છું કે જો મારવાડી કોમ ગોરક્ષા નહીં કરી શકે કે ગાયોને નહીં બચાવી શકે તો બીજી કઈ જાતિ એ કરી શકશે, તેની મને ખબર નથી. બીજા શબ્દોમાં કહું તો, જો હિંદુઓમાં મારવાડી કોમ ગોરક્ષા નહીં કરી શકે તો બીજી કોઈ કોમ તે કરી શકશે નહીં. પણ ગોરક્ષામાં અનેક વાતની જરૂર છે. એમાં જેટલી પૈસાની જરૂર છે, તેટલી જ બુદ્ધિ અને સમયની જરૂર છે. એટલે આ પ્રશ્ન પર વિચાર કરતી વખતે આ ત્રણેય બાબતો પર અને એની સાથે સંબંધ ધરાવતી બીજી બાબતો પર પણ પૂરું ધ્યાન રાખવું જોઈએ. ત્યારે જ આપણને આપણા આ કામમાં સંતોષકારક સફળતા મળી શકે.

અંતમાં આટલી ધીરજથી ને શાંતિથી તમે મારી વાતો સાંભળી તે માટે તમારો સૌનો આભાર માનું છું. અને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તે તમારું સૌનું પૂરેપૂરું કલ્યાણ કરે.

[મૂળ હિંદી]

आज, २४–७–१९२५

Gandhi Heritage Portal

## ૨૬૧. મેડેલીન સ્લેડને પત્ર[1]

૧૪૮, રસા રોડ,
કલકત્તા,
જુલાઈ ૨૪, ૧૯૨૫

પ્રિય મિત્ર,

તમારો પત્ર[2] મળ્યો, તેથી ખૂબ રાજી થયો છું. તેની મારા હૃદય પર ઊંડી અસર થઈ છે. ઊનના જે નમૂના તમે મોકલ્યા છે તે ઉત્તમ પ્રકારના છે.

તમે ઇચ્છો ત્યારે અહીં ખુશીથી આવી શકો છો. જો તમારી સ્ટીમર ક્યારે પહોંચે છે, તેના સમાચાર મને મળે તો તમને લેવા માટે હું કોઈને સ્ટીમર પર મોકલી શકું. તે તમને સાબરમતી આવવા માટેની ટ્રેનમાં પણ બેસાડી આપી શકે. પણ મહેરબાની કરીને એટલું યાદ રાખજો કે આશ્રમજીવન ગુલાબી નથી. તે જીવન ઘણું કઠોર છે. દરેક આશ્રમવાસી શારીરિક શ્રમ કરે છે. આ દેશનાં હવાપાણી પણ સારોસરખો વિચાર માગી લે છે. આ બધી બાબતો તમને ભડકાવવા નથી લખતો પણ માત્ર તમને ચેતવવા માટે લખું છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[તા. ક.] મારા જમણા હાથને આરામની જરૂર છે એટલે આ પત્ર લખાવું છું.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૧૮૨; મીરાંબહેનના સૌજન્યથી

## ૨૬૨. કોંડા વેંકટપૈય્યાને પત્ર

૧૪૮, રસા રોડ,
કલકત્તા,
જુલાઈ ૨૪, ૧૯૨૫

પ્રિય વેંકટપૈય્યા,

તમારો પત્ર[3] મને તેની સંપૂર્ણ વિગતો માટે અને નિખાલસતા માટે તથા તમારાથી બની શકે તેટલી તમારી તંદુરસ્તી જાળવી રાખવાના તમારા નિશ્ચય માટે ખૂબ ગમ્યો.

મારી પોતાની સ્થિતિ સ્પષ્ટ છે. કોંગ્રેસે સ્વરાજ પક્ષને રાજકીય આંદોલન ચલાવવા માટેનો પોતાનો પ્રતિનિધિ નીમ્યો છે; એટલે કોંગ્રેસમાંની દરેક વ્યક્તિ એમ કહી શકે કે રાજકીય પ્રવૃત્તિ માટે સ્વરાજ પક્ષ તેનો પ્રતિનિધિ છે. જ્યારે એને એમ લાગે કે સ્વરાજવાદીઓની તમામ

૧. જન્મ ૧૮૯૨; ગાંધીજીએ તેમને મીરાંબહેન નામ આપ્યું; ૧૯૨૫ના નવેમ્બરમાં તેઓ ગાંધીજીના આશ્રમમાં જોડાયાં; ૧૯૩૧માં ગોળમેજી પરિષદમાં ગાંધીજી સાથે ગયેલાં; ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન અનેક વાર જેલવાસ ભોગવ્યો હતો.

૨. પત્ર માટે જુઓ પરિશિષ્ટ ૯.

૩. આ પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

પ્રવૃત્તિઓને તે સંમતિ આપી શકે તેમ નથી, ત્યારે તેણે કાં તો કૉંગ્રેસમાંથી છૂટા થઈ જવું અથવા તો કૉંગ્રેસમાં રહી તેનો વિરોધ કરવો. મારી પોતાની વ્યક્તિગત સ્થિતિ બેમાંથી એકેમાં આવતી નથી. જો મારે કૉંગ્રેસ વતી કોઈ રાજકીય પ્રતિનિધિઓને ધારાસભાઓમાં મોકલવાના હોય તો હું સ્વરાજ પક્ષને જ નીમી શકું. કારણ કે તેનામાં ત્યાં લડત આપવાની તાકાત છે. અને આ હું સિદ્ધાંતથી ધારાસભાપ્રવેશની વિરુદ્ધ હોવા છતાં કહું છું. એક હિંદી તરીકે મારે ચોર અને પોલીસ વચ્ચે પસંદગી કરવાની છે. અહિંસામાં માનનાર તરીકે મારે મન તે બંને સરખા જ છે, છતાં સમાજમાં રહેતા એક માણસ તરીકે હું મારી જવાબદારીમાંથી છટકી ન શકું, એટલે મારે ફરી ફરીને મારી પસંદગી કરવી જોઈએ. આ જ મુશ્કેલીને કારણે જે લોકો પોતાના માનવ સાથીઓનાં કર્મોની જવાબદારીમાં ભાગીદાર થવા ન ઇચ્છતા હોય તેવાઓને માટે આપણા ઋષિમુનિઓએ એકાંત ગુફામાં જઈને રહેવા માટેનો માર્ગ ખુલ્લો કરી આપ્યો છે. તે લોકો માણસની વસ્તીથી દૂર રહે છે એટલું જ નહીં, પણ તેમના શ્રમથી ઉત્પન્ન કરેલું ધાન્ય વગેરે ખાવાનું પણ ટાળે છે. તેઓ માત્ર ફળ અને કંદમૂળનો આહાર કરે છે. કારણ કે તેમાં માનવ પ્રયાસની જરૂર પડતી નથી; હું આ અવસ્થાએ પહોંચ્યો છું એમ મને લાગતું નથી. હું માનવ સમાજમાં રહું છું અને તેથી મારા વ્યક્તિગત સિદ્ધાંતો સાથે સુસંગત રહીને હું અનિવાર્ય હોય ત્યાં કેટલાંય બીજી રીતે પસંદ ન કરી શકું તેવાં કર્મોની જવાબદારીમાં ભાગીદાર થાઉં છું. એ જ પ્રમાણે અત્યારે હું એવી હદે નથી આવી પહોંચ્યો કે હું એમ જણાવી દઉં કે હવે હું કૉંગ્રેસમાં રહેવાનો નથી. સ્વરાજ પક્ષનો કારભાર અત્યંત મર્યાદિત કાર્યક્ષેત્ર ધરાવે છે. સામાન્ય રાજકીય પ્રવૃત્તિ પૂરતું જ હું તેનું કારભારું સ્વીકારું છું. સ્વરાજવાદીઓના વ્યક્તિ તરીકેના ચારિત્ર્ય કે વર્તનને માટે હું મારી જાતને જવાબદાર ગણતો નથી. હું મારું કહેવું પૂરું સ્પષ્ટ કરી શક્યો છું કે કેમ તેની મને ખબર નથી. લૉર્ડ બર્કનહેડનું ભાષણ અને દેશબંધુનું અવસાન ધ્યાનમાં લઈને મેં આગળ પગલું લીધું છે તે તમે જાણો છો. મારા વ્યક્તિત્વના જોરે મારે કૉંગ્રેસને મોટે ભાગે રાજકીય સંસ્થા બનતાં અટકાવવી ન જોઈએ. એટલે જ મેં પંડિતજીને પત્ર લખ્યો. પણ મારો નિર્ણય જો બુદ્ધિમાં ન ઊતરે તો તેની અસર એકે કૉંગ્રેસીના નિર્ણય ઉપર ન થવી જોઈએ. મેં કેવળ મારો અંગત અભિપ્રાય રજૂ કર્યો છે, અને તે કોઈ પણ સ્વરૂપે કોઈને પણ બંધનકર્તા નથી એમ હું માનતો હોવાથી અને આ પ્રકારની જાહેરાત આજની ક્ષણે સ્વરાજ પક્ષને મજબૂત બનાવશે એવો મારો ખ્યાલ હોવાથી, મેં જરાય અચકાયા વગર એ પત્ર લખ્યો. તમારી જ વાત કરીએ તો તમે સ્થાનિક પરિસ્થિતિ જાણો છો. અને તમને એમ દેખાય કે સ્વરાજ પક્ષને તમારી આડકતરી અનુમતિનો અર્થ મારે મન તમે સ્વરાજવાદીઓના વ્યક્તિગત વિચારો અને વર્તનને ટેકો આપો છો એવો થશે તો તમે સ્વરાજ પક્ષના વિરોધમાં કંઈ પણ ન બોલવાના તમારા મક્કમ નિશ્ચયને વળગી રહીને કૉંગ્રેસ સાથેના તમારા સંબંધો તોડી નાખવામાં જરાય અચકાશો નહીં. વધુ વિગત યંગ ઇન્ડિયામાં જોશો.

મને આશા છે કે ૧લી ઑક્ટોબરે તમે મુંબઈ હશો. દરમ્યાનમાં તમારા વિચારો જરૂર જણાવશો. મારા જમણા હાથને આરામની જરૂર છે. એટલે છેલ્લા ત્રણ દિવસથી શૉર્ટહૅન્ડ જાણનારની મદદ લઉં છું.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૯૩૪૦

Gandhi Heritage Portal

# ૨૯૩. ક્રિસ્ટોદાસ પાલ વિષે ભાષણ[1]

જુલાઈ ૨૪, ૧૯૨૫

પ્રમુખ મહાશય અને મિત્રો,

મારે તમારી સૌની બેવડી ક્ષમા માગવાની છે. એક તો હું સમયસર અહીં આવી નથી શક્યો તે માટે. પણ આજકાલ હું કેટલી બધી મુશ્કેલીમાં છું તે તમે જાણો છો. મારી પોતાની કહી શકું એવી એક પણ મિનિટ મારી પાસે નથી. એ કારણે મોડું થયું. બીજું, આ સભાના કામ-કાજમાં મેં વિક્ષેપ પાડ્યો એને માટે પણ મારે તમારી ક્ષમા માગવાની છે. મારે ખાસ ક્ષમા તો શ્રી વર્ડ્ઝવર્થની માગવાની છે. મને બોલવાની તક મળે તે માટે તેમનું ભાષણ મુલતવી રાખવું પડ્યું. દરેક જગ્યાએ મારા દેશબાંધવો અને બીજાઓ મારી સ્થિતિ સમજીને મારે માટે જે અનુકૂળતા કરી આપે છે તે માટે હું તેમનો ખૂબ જ આભારી છું.

મારે તમારી આગળ એ વાતની કબૂલાત કરવી જોઈએ કે ક્રિસ્ટોદાસ પાલના જીવન વિષે હું બહુ ઓછું જાણું છું. મારા જીવનનાં સારામાં સારાં વર્ષો હિંદની બહાર ગયાં છે. અને દક્ષિણ આફ્રિકામાં હું એટલો બધો કામમાં રોકાયેલો રહેતો કે હિંદમાં જે કંઈ બનતું તેના સંસર્ગમાં રહી શકતો નહીં. આ કબૂલાત લજ્જાસ્પદ છે, છતાં મારે તમારી સમક્ષ તે કરવી જોઈએ. આમ છતાં આ કાર્યક્રમમાં હું હાજર રહી શક્યો તેથી ગૌરવની લાગણી અનુભવું છું. આપણા દેશના એક મહાન અને પ્રસિદ્ધ પુરુષની સ્મૃતિને અંજલિ આપવા આજે સાંજે તમે સૌ એકઠા થયા છો એ પ્રસંગે હું પણ તમારી સાથે ભળી શક્યો છું, તેને હું મારું સૌભાગ્ય સમજું છું. તેમના પૌત્રે તેમનાં લખાણોવાળું કેટલુંક સાહિત્ય મને જોવા માટે મોકલવાની કૃપા કરી હતી, અને ગઈ કાલે મને જે થોડી ફુરસદની ક્ષણ મળી તેમાં તેના પર નજર નાખતાં મેં 'હોમ રૂલ' પરનું તેમનું એક લખાણ વાંચ્યું. એ વાતનો મને બહુ ઓછો ખ્યાલ હતો કે જે બાબતો આજે આપણે અમલમાં મૂકવા મથી રહ્યા છીએ, તે બાબતો વિષે તેમણે તેમના એ કપરા સમયમાં પણ વિચાર કર્યો હતો. સ્વાતંત્ર્ય વિષેના જે ખ્યાલો આજે આપણે અમલમાં મૂકવા પ્રયત્ન કરીએ છીએ, તે ખ્યાલો તેમણે આપ્યા હતા. તેમનાં લખાણોમાંથી મેં કાંઈક બીજું પણ વાંચ્યું છે. મારી યુવાવસ્થામાં મને એટલી માહિતી હતી કે તેઓ તેમના સમયના એક મહાન પત્રકાર હતા, એક નિર્ભય દેશભક્ત હતા, પણ તેમની એ નિર્ભયતા સાથે અત્યંત શિષ્ટ અને સંસ્કારી નમ્રતા ભળેલી હતી, જેથી તેમણે જે કંઈ લખ્યું તેમાં ડંખ નહોતો. અત્યારની પેઢીના આપણે લોકોએ સ્વાતંત્ર્ય મેળવવાના આપણા પ્રયાસમાં એ મહાપુરુષ તરફથી વારસામાં મળેલો આ બોધપાઠ સંઘરી રાખવાની જરૂર છે. આપણે તેમની નિર્ભયતા તથા નમ્રતાનું પણ અનુકરણ કરવાની જરૂર છે. કારણ કે નમ્રતા વગરની નિર્ભયતા માત્ર બડાઈની મોટી મોટી વાતો જ છે.

એ મહાપુરુષનું સન્માન કરવા અહીં એકઠા થયેલા યુવાનોએ તેમના જીવનમાંથી એ પણ શીખવાનું છે કે તેમના એ દિવસોમાં પણ તેમણે વિનયશીલ બનવાને લીધે કંઈ જ ગુમાવ્યું

૧. ક્રિસ્ટોદાસ પાલની સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમની ૪૧મી મૃત્યુ સંવત્સરી નિમિત્તે કલકત્તા યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટમાં સભા મળી હતી.

Gandhi Heritage Portal

નહોતું. ઊલટું, આપણે તેમનું સ્મરણ જાળવવાને એ કારણે શક્તિમાન બન્યા છીએ કે તેમણે એ વાત કદી ધ્યાન બહાર જવા દીધી નહોતી કે જે માણસે પોતાના વિરોધીઓ સાથે કામ લેવાનું છે અને સત્તા છોડવા ન માગતા હાથો પાસેથી સ્વાતંત્ર્ય મેળવવાનું છે, તેણે નમ્ર અને વિનયી થયા સિવાય ચાલે એમ નથી. આ જ વાત હું મારી ભાષામાં ઉતારીને કહું તો સાચી નિર્ભયતાની સાથે અહિંસા જોડાયેલી હોવી જોઈએ. મેં આપણા આ બધા વિનમ્ર સદ્ગુણોને એક જ શબ્દમાં સમાવી દીધા છે. આ શબ્દ આપણને આપણા પ્રાચીન ઋષિમુનિઓએ આપેલો છે. જો એ વાત સાચી હોય કે આપણો ધર્મ એટલે હિંદુ ધર્મ, અહિંસાથી ઓતપ્રોત થયેલો છે તો આપણા જીવનના એકેએક ક્ષેત્રમાં આપણે તેને ખૂબ મહત્ત્વ આપવું જોઈએ.

મારા પછી જે વક્તાઓ બોલવાના છે તેમને તેમના જીવનનો વધુ ગાઢ પરિચય છે. એટલે મને શંકા નથી કે તમને તેમની પાસેથી તેમના બીજા ગુણો વિષે અનેક વાતો જાણવા મળશે. પણ મારા નમ્ર અભિપ્રાય મુજબ તમારા હૃદયમાં ઉતારવાના હેતુથી મેં તેમના એક વિશિષ્ટ ગુણની જે વાત તમને કહી, તેનાથી ચડિયાતી બીજી કોઈ વાત તમને મળશે નહીં. આવા મહાપુરુષનું સ્મરણ કરવા માટે આપણે ભેગા મળ્યા છીએ એ સારી જ વાત છે. પણ તેમના ગુણોમાંથી થોડા ગુણો આપણા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ એ એનાથી પણ વધારે સારી વાત છે.

ઈશ્વર તમને અને મને આમ કરવામાં સહાયભૂત થાઓ જેથી આપણી સમક્ષ પડેલા કાર્યને અમલી બનાવવા માટે આપણે વધુ સારાં અને યોગ્ય સાધન બનીએ.

[મૂળ અંગ્રેજી]

फॉरवर्ड, ૨૫–૭–૧૯૨૫

## ૨૬૪. યુરોપિયન ઍસોસિયેશનની સભામાં ભાષણ[1]

કલકત્તા,
જુલાઈ ૨૪, ૧૯૨૫

મહાત્મા ગાંધીએ પછી સભાને સંબોધી.

તેમણે ઊભા થઈને ભાષણ ન કરી શકવા બદલ માફી માગી. તેના કારણમાં તેમણે જણાવ્યું કે પાંચછ વરસ પહેલાં મને મરડાનો સખત હુમલો થયો હતો અને તેથી હું શરીરે અશક્ત થઈ ગયો છું. આ રીતે આમંત્રણ આપવા બદલ યુરોપિયન સંઘનો હું આભાર માનું છું.

હું સહકાર માટે તલસી રહ્યો છું.[2]

તેમણે આગળ બોલતાં કહ્યું કે જ્યારે જ્યારે કોઈ પણ નિમિત્તે મને યુરોપિયનોને મળવાની તક મળે છે ત્યારે મને આનંદ થાય છે, અને અહિંસક હોવાને કારણે મને કદી જખમી થવાનો ભય લાગતો નથી.

૧. આ સભા ગ્રાન્ડ હોટલમાં ભરવામાં આવી હતી. ડબલ્યુ. ડબલ્યુ. પેજ પ્રમુખસ્થાને હતા. તેમના પ્રાસ્તાવિક પ્રવચન બાદ ગાંધીજીએ સભાને સંબોધી.

૨. ઇંગ્લિશમૅન, ૨૫–૭–૧૯૨૫ના અહેવાલ મુજબ ગાંધીજીએ કહ્યું કે “થોડા સમય પહેલાં એક અંગ્રેજ મિત્રે મને લખ્યું હતું કે તમે અસહકારી થવા ઇચ્છો છો, છતાં સહકાર માટે તલસી રહ્યા છો. મેં તેના જવાબમાં લખ્યું હતું કે એ અંગ્રેજ મિત્ર સાચા હતા.”

Gandhi Heritage Portal

તમે જે કંઈ પૂછવા માગો અથવા તો કહેવા માગો તેની તમને પૂરી છૂટ છે. અને હું તેને પૂરા સદ્ભાવથી સાંભળીશ. ઇંગ્લંડ અને ભારતનું ભાવિ એક સાથે બંધાયેલું છે. અને તે સારા હેતુ માટે બંધાયું છે. તે હેતુ એટલે માનવજાતિની સેવા. હું અંગત રીતે યુરોપિયનોનું દૃષ્ટિબિંદુ સમજવાની કોઈ તક ગુમાવતો નથી. અને અત્યારે એ જ ભાવથી તમારી પાસે આવ્યો છું અને તમે એવો જ વળતો ભાવ બતાવો એમ માગું છું. હું એવી આશા રાખું છું કે હિંદીઓ યુરોપિયનોને વધાવે એને બદલે અંગ્રેજો જ હિંદીઓને પ્રથમ વધાવે.

મહાત્મા ગાંધીએ કહ્યું કે હું નિખાલસપણે કબૂલ કરું છું કે મને સૂચવવામાં આવેલો વિષય બહુ આકર્ષક નથી. એનું મુખ્ય કારણ એ છે કે તેના કરતાં વધારે મહત્ત્વના બીજા અનેક વિષયો મોજૂદ છે. મને સૂચવેલો વિષય છે: "હું કલકત્તાના નગરપતિની ચૂંટણીમાં શું કામ વચ્ચે પડયો."[1] મેં સાંભળ્યું છે કે મારું આ કાર્ય યુરોપિયનોને તથા હિંદીઓને બંનેને ગમ્યું નથી. પણ આ દરમિયાનગીરી મારી માગેલી નહોતી. તેમણે કહ્યું:

મેં બીજા કોઈની નહીં પણ શ્રી જે. એમ. સેનગુપ્તાની નિમણૂકને શા માટે ટેકો આપ્યો? તમે જાણો છો કે છેલ્લા થોડા મહિનાઓથી હું કહી રહ્યો છું કે હિંદના રાજકીય ક્ષેત્ર પૂરતા સ્વરાજવાદીઓ મારા કુલમુખત્યારના અધિકારો ધરાવે છે. મેં જોયું છે કે તેઓ આત્મભોગ આપવા શક્તિમાન છે, દેશપ્રેમી છે, છતાં અંગ્રેજોના દ્રેષી નથી. મેં મારું ભાગ્ય સ્વરાજવાદીઓ સાથે જોડયું છે. મેં તમારા (યુરોપિયન) ઈતિહાસનો અભ્યાસ કર્યો છે. મેં તમારી કેટલીક સંસ્થાઓને વિકસતી જોઈ છે. દાખલા તરીકે દક્ષિણ આફ્રિકામાંની કેટલીક સંસ્થાઓને તો મારી નજર હેઠળ ઊભી થતી મેં જોઈ છે. સ્વરાજવાદીઓ આજે હિંદનો એક સૌથી શક્તિશાળી રાજકીય પક્ષ છે. યુરોપિયનો અને હિંદીઓ એકબીજાથી આટલા બધા દૂર શા માટે છે એનું કારણ, આપણે તે જાણતા નથી એ નથી, પણ આપણે તે જાણવાની પરવા કરતા નથી એ છે.

મહાત્માજીએ સ્વર્ગસ્થ સી. આર. દાસનો ઉલ્લેખ આ રીતે કર્યો:

અંગ્રેજોનો એક સૌથી મહાન મિત્ર આપણી વચ્ચેથી ચાલ્યો ગયો છે. તેની ગાદી ખાલી છે. તેના અનુગામીઓ પાસે તેની જાદુઈ શક્તિ નથી. તેનો બોજો ઉપાડવા તેઓ સમર્થ નથી.

એ પછી મહાત્માજીએ કહ્યું કે મારી પહેલી છાપ એવી હતી કે કલકત્તાનો મેયર કોઈ મુસલમાન થવો જોઈએ. હિંદુમુસ્લિમ ઐક્યમાં મને કેટલો રસ છે તે વાત યાદ કરવા મારી તમને વિનંતી છે.[2]

જો તમારા ધ્યાનમાં કોઈ પ્રામાણિક અને શક્તિશાળી મુસલમાન હોય, જેનામાં આ બે ગુણો હોવા વિષેનો નિર્ણય તમે કરો, અને તે એકનિષ્ઠાથી મ્યુનિસિપાલિટીની સેવા કરી શકે એમ હોય, તો તેનું નામ મેયર તરીકે સૂચવવાની મારી ફરજ થઈ પડશે.

પણ બીજે જ દિવસે મુસ્લિમ નેતા મૌલાના અબુલ કલામ આઝાદ મારી પાસે આવ્યા અને મને કહ્યું કે આ પદ માટે કોઈ મુસલમાન યોગ્ય નથી અને તેમણે મને શ્રી જે. એમ. સેનગુપ્તાનું નામ સૂચવવા કહ્યું. મૌલાના અબુલ કલામ આઝાદ મ્યુનિસિપાલિટીમાં પણ નહોતા, તેમ સ્વરાજ પક્ષમાં પણ નહોતા, પણ તેઓ હિંદના અત્યંત સમર્થ મુસલમાનોમાંના એક છે. મેં મૌલાનાને પૂછ્યું કે તમે શ્રી સેનગુપ્તા આવે એમ શા માટે ઇચ્છો છો? તેમણે જવાબ આપ્યો કે "તમે સ્વરાજ પક્ષ સંગઠિત રહે એમ ઇચ્છો છો?"

૧. જુઓ "કલકત્તાના મેયર", ૧૬–૭–૧૯૨૫.

૨. આ પછીના બે પૅરેગ્રાફ ઇંગ્લિશમૅન, ૨૫–૭–૧૯૨૫ના હેવાલમાંથી લીધેલા છે.

Gandhi Heritage Portal

મહાત્માજીએ કહ્યું કે શ્રી જે. એમ. સેનગુપ્તાને હું ચિત્તાગોંગમાં મળ્યો છું. શ્રી સેનગુપ્તાએ દિલ્હીની ધારાસભામાં નામ કાઢ્યું છે. તેઓ બંગાળના સ્વરાજ પક્ષના નેતા છે અને પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ છે. મારે કબૂલ કરવું જોઈએ કે મારા ખ્યાલ મુજબ જો તેમને સમર્થ મદદનીશો મળે તો તે આ ત્રેવડો ભાર ઉપાડી શકે તેવા છે. અને જો શ્રી સેનગુપ્તા મેયરની ખુરશી શોભાવી શકે અને કલકત્તાના નાગરિકોની એકધારી સેવા કરી શકે તો એ કામ માટે શ્રી સેનગુપ્તા જ યોગ્ય માણસ ગણાય.

મને લાગે છે કે શ્રી સેનગુપ્તાનું નામ મેયરના સ્થાન માટે મેં શા માટે સૂચવ્યું તેનું પૂરું કારણ મેં તમને આપી દીધું છે. છાપાંઓમાં જે કેટલાક વાંધા ઉઠાવવામાં આવ્યા છે તેની મને જાણ થઈ. હું તો તમારી પાસે કંઈ પણ છુપાવ્યા વિના અને સાચી રીતે જે કારણે હું આમ કરવા પ્રેરાયો તે રજૂ કરવા માગું છું. જો તમને એમ લાગતું હોય કે શ્રી સેનગુપ્તા મેયર તરીકે પોતાનાં અંગત હિત સાધવા કે પોતાના પક્ષનું હિત સાધવા ગયા છે તો તે બરાબર નથી. હું તમને ખાતરીથી કહું છું કે તેમાં તમારી ભૂલ થાય છે. મેં 'ટૅમાની હૉલ' જેવા શબ્દપ્રયોગો થતા પણ સાંભળ્યા છે. એ વાત તમારા મનમાંથી સદંતર કાઢી નાખો. આવી કોઈ પદ્ધતિને ધિક્કારી કાઢવામાં હું સૌથી પહેલો જ હોવાનો. મારો દેશ માત્ર કપટ વિનાની પદ્ધતિઓથી જ ઊંચો આવી શકવાનો છે. જો કલકત્તાના કામકાજમાં હું આટલો પડયો છું, તો તે કેવળ તમારી સેવા કરવા માટે જ. મેં આ પ્રશ્નને દરેક દૃષ્ટિબિંદુથી તપાસ્યો છે. શ્રી સેનગુપ્તા મેયરપદની જવાબદારી ઉઠાવવાની શક્તિ ધરાવે છે. અને મેં એની તરફેણ ન કરી હોત તો મેં અન્યાય કર્યો ગણાત. જો સેનગુપ્તા વિરુદ્ધ કંઈ કહેવાનું ન હોય તો પછી તેમને મેયરના પદ માટે ચૂંટવા જોઈએ.[1]

તેમણે કહ્યું કે સર હ્યુબર્ટ કારે વાપરેલો શબ્દપ્રયોગ 'રાજકીય ભ્રષ્ટાચાર' મને ગમ્યો નથી, કારણ કે એ શબ્દપ્રયોગ જગતના રાજકારણમાં ચલણી સિક્કા જેવો બની ગયો છે.[2] એક એવો વાંધો ઉઠાવવામાં આવ્યો છે કે શ્રી સેનગુપ્તા કલકત્તા માટે તદ્દન અજાણ્યા છે. શ્રી ગાંધીએ કહ્યું કે આ વાતની મને અગાઉ ખબર નહોતી. શ્રી સેનગુપ્તાએ કલકત્તામાં જ અભ્યાસ કર્યો છે, ને પોતાના જીવનનાં ઉત્તમ વર્ષો તેમણે આ શહેરમાં જ ગાળ્યાં છે.

હું અહીં એવો સિદ્ધાંત સ્થાપિત કરવા માગું છું કે બીજી બધી બાબતોમાં સરખાપણું હોય તો કોઈ પણ રાજકીય પક્ષ પોતાને જે કોઈ ઉત્તમ માણસ લાગતો હોય તેને ચૂંટી કાઢવાનો અધિકાર ધરાવે છે.[3]

મહાત્મા ગાંધીએ પોતાના શ્રોતાઓને યાદ આપી કે શ્રી સેનગુપ્તાએ વચન આપ્યું છે કે જ્યાં સુધી પોતે મેયરના સ્થાન પર હશે ત્યાં સુધી રાજકીય વિચારોનો ઉપયોગ કરશે નહીં.

૧. સર હ્યુબર્ટ કાર, હેરી હૉબ્સ અને બીજા કેટલાક સભ્યો બોલ્યા. તેમણે સેનગુપ્તાની મેયર તરીકેની ચૂંટણીની ટીકા કરી. ગાંધીજીએ તેનો ટૂંકામાં ઉત્તર આપ્યો.

૨. ઇંગ્લિશમૅન, ૨૫–૭–૧૯૨૫ના અંકમાં ગાંધીજીએ આમ કહ્યાનું લખ્યું છે: "...જો આ રાજકીય ભ્રષ્ટાચાર ગણાય તો આ તો આખી દુનિયામાં મોટા પાયા પર ચાલી રહ્યો છે. અને જગતના રાજકારણમાં આટલા લાંબા વખતથી આ શબ્દપ્રયોગ ચાલુ વપરાશનો બની ગયો છે એ જોતાં તો તેને માટે ઓછું ખરાબ નામ વાપરવું ઠીક થઈ પડશે."

૩. અહીં ઇંગ્લિશમૅનનો અહેવાલ આ પ્રમાણે છે: "જે રાજદ્વારી પક્ષ પોતાનાં હિતો મ્યુનિસિપાલિટીનાં હિતો સાથે અથડાતાં ન હોય છતાં પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવવા પ્રયત્ન ન કરે, તે પોતાના પર જ હિંસા આચરે છે.... તેમણે સર હ્યુબર્ટ કારના 'રાજકીય ભ્રષ્ટાચાર' વિષેના વિધાનને બાજુએ રાખવા કહ્યું કારણ કે સરકારે પોતે પણ 'રાજકીય ભ્રષ્ટાચાર'નો આશરો લીધો છે.

Gandhi Heritage Portal

શ્રોતાવર્ગને હું પૂછું કે આ જગ્યા માટે આવા તાલીમ પામેલા વકીલ કરતાં કોણ વધુ યોગ્ય છે? મહાત્માજીએ પોતાનું ભાષણ સમેટતાં કહ્યું કે સ્વ. ફિરોજશાહ મહેતા મુંબઈ કૉર્પોરેશનના પ્રમુખ હતા અને પોતાના રાજકીય પક્ષના નેતા પણ હતા.

મુંબઈની મ્યુનિસિપાલિટીનો વહીવટ તેમના જેવી કુશળતાથી કોઈએ ચલાવ્યો નથી. સ્વરાજ પક્ષે હિંદમાં અનુસરવામાં આવતા કોઈ સિદ્ધાંતને હાનિ પહોંચાડી નથી.

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, २५-७-१९२५

# ૨૯૫. મારો ધર્મ

જગતમાં પરમાત્મા જ સ્થિર અને નિર્વિકાર છે. બીજી વસ્તુમાત્રને ઉન્નતિ અથવા અવનતિ છે. જે સંસ્થામાં જરૂર જણાયે ફેરફાર ન થાય તે મરવાની અણી પર આવેલી છે. મહાસભા તો તરુણી છે. તેને હજુ બહુ ઉપર જવું છે તેથી તેમાં ફેરફારો થયા જ કરશે. તેના બંધારણમાં અનુભવે જે ખામીઓ જોવામાં આવે તે દૂર થવી જોઈએ.

વળી, દેશબંધુના દેહાંતે ને લૉર્ડ બર્કનહેડના ભાષણે એવી પરિસ્થિતિ ઊભી કરી મૂકી છે કે જે ફેરફારો કરવા યોગ્ય હોય તે વિનાવિલંબે કરવા જોઈએ.

બેલગામની બેઠક[1] પછી હું જોઈ રહ્યો છું કે મતાધિકારમાં ફેરફાર થવાની માગણી[2] થયા જ કરે છે. હું એમ પણ જોયા કરું છું કે શિક્ષિત વર્ગને મારી પદ્ધતિથી અસંતોષ રહે છે. તેઓમાંના ઘણા ઇચ્છે છે કે મહાસભા સમિતિઓએ રાજદ્વારી કહેવાતા એટલે ધારાસભાને લગતા વિષયોમાં હાથ નાખવો જોઈએ.

આમાંની એકે માગણીને હું રોકવા ઇચ્છતો નથી. તેનો અર્થ એમ નથી કે હું પોતે ફેરફાર કરવા ઇચ્છું છું. પણ હું પ્રજામતને સમજનારો, માનનારો ને માન આપનારો છું. જ્યાં મને તે મત અયોગ્ય લાગે ત્યાં મારે જોખમે—પ્રજાને જોખમે નહીં—વિરોધ કરવાનો ધર્મ પણ માનું છું. અત્યારે મારી આગળ વિરોધનું કારણ નથી. મહાસભાનો પ્રજામત એટલે શિક્ષિત વર્ગનો મત. મહાસભા શિક્ષિત વર્ગની કૃતિ છે. મહાસભાએ એટલે શિક્ષિત વર્ગે દેશની સેવા ઘણી કરી છે. શિક્ષિત વર્ગ સાથેનો મારો મતભેદ તેઓની સેવાને ભુલાવી શકે તેમ નથી. મારી દૃષ્ટિ પ્રમાણે શિક્ષિત વર્ગને સાથે રાખીને જ મારે મહાસભાને ગ્રામવાસીઓનું તંત્ર બનાવવાનો પ્રયત્ન કરવો ઘટે. જ્યાં લગી આપણે પોતે શારીરિક મજૂરી કરીને જ મહાસભામાં દાખલ ન થઈએ ત્યાં લગી ગામડિયાઓના ખરા પ્રતિનિધિ ન થઈએ. પણ આ વસ્તુ હું શિક્ષિત વર્ગને નથી સમજાવી શક્યો. થોડી વ્યક્તિઓ તે વાત સમજી ગઈ છે. પણ વર્ગ તો દૂર રહેલ છે. મારે ધીરજ રાખવી જોઈએ ને શિક્ષિત વર્ગને મહાસભામાં દાખલ થવાનો માર્ગ મારાથી બને તેટલો સરળ કરી મૂકવો જોઈએ. દેશબંધુની હયાતીમાં મારી જવાબદારી ઓછી સમજતો હતો.

૧. ગાંધીજીના પ્રમુખપદે ૧૯૨૪ના ડિસેમ્બરમાં મળી હતી.

૨. આ માગણી એવી હતી કે કૉંગ્રેસના સભ્યપદ માટે નાના લવાજમને બદલે કાંતણ મતાધિકાર દાખલ કરવો.

Gandhi Heritage Portal

તેઓ ને મોતીલાલજી શિક્ષિત વર્ગ ને મારી વચ્ચે અનુસંધાન રૂપે હતા. તેમાંના એક જતાં મોતીલાલજીની મૂંઝવણ મારે સમજી લેવી એ મારો સ્પષ્ટ ધર્મ હું જોઈ શકું છું.

હું જોઉં છું કે વેચાતું લઈને પણ હાથે કાંતેલું સૂતર આપવું એ શિક્ષિત વર્ગે બોજારૂપ માન્યું છે કેમ કે તે વર્ગને સૂતર વિષે શ્રદ્ધા નથી. પરિણામ એ આવ્યું છે કે આથી કરીને મહાસભાના કાર્યમાં દંભ અને અસત્ય દાખલ થયાં છે. એક જ સૂતર બધાને સારુ કામમાં લેવામાં આવ્યું છે. આવો અનર્થ થવાનો ભય બેલગામમાં જ મારી પાસે મૂકવામાં આવ્યો હતો. પણ મેં તેને તુચ્છકારી કાઢ્યો હતો. મેં માનેલું કે નિયમને સહુ માન આપશે ને કોઈ અસત્ય તો નહીં જ આચરે. મારી ગણતરી ખોટી પડી છે. તેથી વેચાતું સૂતર લઈને આપવાનો ધારો રદ થવો જ જોઈએ એમ મને ભાસે છે. સ્વરાજ પક્ષ અને મારી વચ્ચે થયેલા કરારનામાને[1] લીધે એક વર્ષ લગી એ ધારો રદ કરવાનું સ્વરાજવાદી ઇચ્છે છતાં ન કરી શકે એમ પંડિતજીને તેમ જ બીજા સ્વરાજવાદીઓને જણાયું. આથી મેં નિશ્ચય કર્યો કે મારે તેમને એ કરારનામામાંથી મુક્ત કરવા અને તેઓ ઇચ્છે તે ફેરફારોમાં મારે જાતે તો સંમત થઈ જ જવું. આવી જાતનો કાગળ પણ હું તેમને લખી ચૂક્યો છું.

હું સમજ્યો છું તે પ્રમાણે બધા સ્વરાજવાદીઓ વેચાતા સૂતરને બદલે પૈસા જ આપવાની પુરાણી પ્રથાનો પુનરુદ્ધાર ઇચ્છે છે, પણ કાંતવાનો રિવાજ તો કાયમને સારુ ઇચ્છે છે. જેમને પોતાની મજૂરી જ પ્રજાને આપવી છે તેમને મહાસભામાં હમેશને સારુ સ્થાન આપવું એવો સહુનો નિશ્ચય જણાયો. મને તો આથી ઘણો સંતોષ થયો. આટલી સહિષ્ણુતાને હું વધાવી લઉં છું. આનો અર્થ એ થયો કે કાંતવાને મહાસભામાં હમેશને સારુ સ્થાન રહ્યું. હવે શ્રદ્ધાળુ કાંતનારાં કેટલાં નીકળે છે એ જોવાનું રહ્યું. આ ફેરફાર જો મહાસમિતિ[2] કરે તો શુદ્ધ કાંતનારાઓની પરીક્ષા થઈ રહેશે.

મતાધિકારનો બીજો હિસ્સો ખાદી પહેરવાની આવશ્યકતા છે. સ્વરાજવાદીઓનો મોટો ભાગ આ શરતને રદ કરવા નથી માગતો. જો શિક્ષિત વર્ગ આ શરતને અંતઃકરણપૂર્વક રાખી શકે, તો હું તેને હિંદુસ્તાનના મહાભાગ્યની વાત સમજું. હવે જે ફેરફાર થાય કે રહે તે અખતરારૂપે — પ્રયોગ રૂપે — નહીં, પણ સભ્યો તેને ઇચ્છે છે તેથી જ નિત્યને સારુ થાય છે એ ઇષ્ટ છે.

ત્રીજી વસ્તુ, — મહાસભામાં સ્વરાજ પક્ષને — એલચીનું કે મુખત્યારનું સ્થાન છે તેને બદલે તેને સરદારનું કે મુખીનું સ્થાન મળે એ છે. મને ભાસે છે કે જે સ્થિતિ અત્યારે આપણી આગળ ઊભી થઈ છે તેમાં મહાસભામાંથી સ્વરાજવાદીની ચળવળનો એક પ્રકારનો બહિષ્કાર કાયમ રાખવો એ યોગ્ય નથી. તેને બદલે સ્વરાજવાદીની ખાસ પ્રવૃત્તિ મહાસભાની પ્રધાન પ્રવૃત્તિ થાય અને કાંતવાનું ને ખાદીનું કાર્ય એલચી મારફતે થાય તે યોગ્ય જણાય છે. મહાસભાના નામની નૌકાની જેટલી આવશ્યકતા સ્વરાજવાદીને છે ને હોય એટલી રેંટિયાપ્રવૃત્તિને ન હોય. રેંટિયાપ્રવૃત્તિ સફળતાને સારુ કેવળ રચનાત્મક કામ ઉપર આધાર રાખે છે ત્યારે સ્વરાજવાદીની પ્રવૃત્તિ મત ફેલાવવા ઉપર આધાર રાખે છે. તેથી મારો ઇરાદો છે કે આગામી મહાસમિતિ સ્વરાજદળને પ્રધાન સ્થાન આપી કાંતવાની પ્રવૃત્તિ ચલાવવાને અંગે નવી સંસ્થા ઊભી કરે ને તેને મહાસભાનું અંગ બનાવી એ પ્રવૃત્તિનો કારભાર સોંપે. આમ થાય તો ખાદીને

૧. બેલગામ અધિવેશનમાં જેને છેલ્લી મંજૂરી અપાઈ તે ગાંધી-નેહરુ-દાસ વચ્ચે થયેલું કરારનામું.
૨. જે સપ્ટેમ્બરમાં પટણામાં મળવાની હતી.

Gandhi Heritage Portal

આગળ વધારવામાં પણ એક જાતની સગવડ થાય ને કાંતનારી સંસ્થાનો આધાર મતોની ઉપર ન અવલંબી રહેતાં તે લોકમતના ફેરફારોના જોખમમાંથી પણ બચી જાય. કાંતવાને વિષે પ્રજાનો અભિપ્રાય બાંધ્યા પછી તેનો પ્રચારનો આધાર કેવળ દ્રવ્ય અને વ્યવસ્થા ઉપર રહે એટલે કે વ્યાપારશક્તિ ઉપર રહે. તેથી તે સંસ્થાએ મહાસભાની વ્યાપારસંસ્થા બનવું જોઈએ. એમ કરવાનો પણ જેઓ કલકત્તામાં એકઠા[1] થયા હતા તેમનો અભિપ્રાય જણાયો.

મારો ધર્મ તો મને દીવા જેવો સ્પષ્ટ જણાય છે. મારે મારી શક્તિ અનુસાર ને મારા સિદ્ધાંત અનુસાર સ્વરાજદળને સહાય કરવી, મહાસભાની પ્રધાન પ્રવૃત્તિ રાજદ્વારી થવામાં મુદ્દલ વિરોધ ન કરવો, સૂતર વેચાતું દેવાને બદલે મતાધિકારને સારુ દ્રવ્ય દેવારૂપ સુધારો કરવાની મહાસમિતિને સૂચના કરવી. મહાસમિતિમાં જેઓ મારા જેવા નાફેરવાદી હોય તેઓનો પણ એ જ ધર્મ છે એમ મને ભાસે છે. પણ આ વખતની સમિતિમાં કોઈ કરારનામું રજૂ કરવાની વાત નથી. દરેક સભ્ય પોતાની સ્વતંત્રતા વાપરી શકશે. મેં કંઈ પણ કરીને કોઈને બાંધ્યા નથી. સ્વરાજ પક્ષને મેં બંધનમુક્ત કરેલ છે.[2] એટલે સ્વરાજવાદી અને નાફેરવાદી બંને પોતપોતાની ઇચ્છાં પ્રમાણે મત આપી શકશે અને આપે એમ ઇચ્છું છું.

એક વસ્તુ તપાસવાની રહે છે. મહાસભાની એલચી મહાસમિતિ મહાસભાએ ઘડેલા કાયદામાં ફેરફાર કરી શકે? સામાન્ય રીતે તો ન જ કરી શકે, પણ અસાધારણ સમયે મહાસભાના લાભને જ ખાતર અવશ્ય કરી શકે. મુખત્યારને કે આડતિયાને શેઠે કરેલી બાંધી બહાર જવાનો અધિકાર જ નથી. પણ મુખત્યાર પોતાને જોખમે અને શેઠના હિતાર્થે ઘણાં સાહસ ખેડી શકે. તેને જોખમ એ રહ્યું કે શેઠ તેનું મુખત્યારનામું ખેંચી લે. પોતાને જોખમે કાર્ય કરતાં આર્થિક નુકસાન થાય તે તો તે સહન કરે જ; કેમ કે કોઈ મુખત્યાર પોતાના શેઠની પરવાનગી વિના શેઠને જોખમમાં તો ન જ નાખી શકે. ટૂંકામાં પરવાનગી કે અધિકાર બહાર કરેલા કાર્યનો લાભ શેઠને ઉઠાવવાનો હક છે; તેણે કરેલ નુકસાન ભોગવવાનો તેનો ધર્મ નથી. તે જ ન્યાયે જો મહાસમિતિ પોતાને જોખમે વગર અધિકારે ગમે તે ફેરફાર કરે તો તેમાં તે બે જોખમ ખેડે. એક તો મહાસભાનો તેવા ઠરાવને રદ કરવાનો સંભવ, ને બીજું મહાસભાને તેને આવું કાર્ય અનુચિત ઠરાવી નિંદવાનો સંભવ. જો મહાસમિતિ અણીને વખતે કાયદા બહાર જઈ જે યોગ્ય હોય તે ન કરે તો તેટલી તેની ભીરુતા અને અપૂર્ણતા ગણાય.

પણ આવા ફેરફાર હમેશાં સર્વાનુમત જેવું હોય ત્યારે જ થાય છે. જ્યાં ઠીક સંખ્યામાં પણ તેનો વિરોધ થતો હોય ત્યાં એવા ફેરફાર કરવા અયોગ્ય છે, ગેરકાયદેસર તો છે જ.

મારી સલાહ ભલામણને વશ થઈને સભ્યો કંઈ જ ન કરે. મહાસભાનું એટલે પ્રજાનું હિત સમજીને ગમે તે ફેરફારો મહાસમિતિ સર્વાનુમતે કરે. હું ઇચ્છું છું કે સ્વરાજવાદી અને નાફેરવાદીની વૃત્તિ રાખી એક પણ સભ્ય ન આવે. સહુ મહાસભાના સભ્ય તરીકે, બહેતર તો હિંદી તરીકે આવે. મારી ઉમેદ છે કે આ અગત્યની બેઠકમાં બધા સભ્યો પોતાની હાજરી પૂરશે. મેં મહાસમિતિના સભ્યોને નકામી તસ્દી આપી જ નથી, ન ચાલતાં જ આ કઠિન સમયે આપું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૭–૧૯૨૫

૧. ૧૯૨૫ના જુલાઈની ૧૬મી અને ૧૭મીએ મળેલી કૉંગ્રેસ કારોબારીની અને સ્વરાજ પક્ષની બેઠક માટે.

૨. જુઓ "મોતીલાલ નેહરુને પત્ર", ૧૯–૭–૧૯૨૫.

Gandhi Heritage Portal

# ૨૯૯. અખિલ હિંદ દેશબંધુ સ્મારક

બંગાળે જેમ દેશબંધુના ચિરસ્મરણને સારુ દસ લાખ રૂપિયાની રકમ એકઠી કરવાની પ્રતિજ્ઞા કરી છે ને તેમને નામે તેમના જ વડીલોપાર્જિત મકાનમાં સ્ત્રીઓને સારુ ઇસ્પિતાલ કરવાનો ને માંદાંઓની સેવા કરનારી સેવિકાઓને તૈયાર કરવાનો નિશ્ચય કર્યો છે તેમ ભારતવર્ષે પણ દેશબંધુનું પવિત્ર સ્મરણ કાયમ રાખવાનો નિશ્ચય કરવો ઘટે છે. કઈ રીતે એ કાર્ય થાય એ વિચાર હું બંગાળી ભાઈઓ સાથે તો કરી જ રહ્યો હતો. પણ મોતીલાલજીની સલાહ સિવાય મારાથી કંઈ સલાહ ન આપી શકાય એવો મારો અભિપ્રાય હોવાથી મેં મારા વિચારો પ્રગટ ન કર્યા. હવે પંડિતજી સાથે, ગં. સ્વ. વાસંતીદેવી સાથે અને દેશબંધુના ખાસ મિત્રો ને અનુયાયીઓ સાથે વાત કરી લીધી છે ને કેટલીક સહીઓની સાથે વિનંતીપત્ર પ્રગટ કર્યો છે જેનો તરજુમો વાંચનાર પહેલે પાને જોશે.

મેં તો બતાવી આપ્યું છે કે દેશબંધુના અંતિમ વિચારો રેંટિયા અને ખાદીને વિષે એવા દૃઢ થયા હતા કે તેને છોડીને તેમના સ્મરણાર્થે બીજી કોઈ પણ વસ્તુ આપણે ન કરી શકીએ.

“બાવલાં વગેરે કેમ નહીં?” એમ કોઈ પૂછે તો તેનો ઉત્તર એ છે કે એવી સ્થાનિક નિશાનીઓ તો ઘણાં શહેરો તૈયાર કરશે જ. આપણે તો એવી વસ્તુ વિચારવી જોઈએ કે દેશબંધુનું સ્મરણ બાળકો ને બાળાઓ, રાય ને રંક પણ કરે અને જેથી હિંદુસ્તાનનું શાશ્વત કલ્યાણ થાય ને જે આપણી શક્તિની બહાર ન હોય. આવી વસ્તુ રેંટિયો ને ખાદી જ છે.

પણ ધારાસભાપ્રવૃત્તિનું શું? એ વાટે કંઈ દેશબંધુનું સ્મરણ કાયમ રહે? એ કાર્ય ચાલશે જ. પણ એ તો ક્ષણિક છે, એ સંકુચિત છે એમ દેશબંધુએ કહેલું એમ આપણે જાણીએ છીએ. ખાદી જ એક એવી પ્રવૃત્તિ છે કે તેમાં સહુ કોઈ ભાગ લઈ શકે અને જે સહુને સ્પર્શે છે.

લોકમાન્યના અવસાન વખતે પણ જ્યારે સ્મારકને લગતી હિલચાલ શરૂ થઈ ત્યારે એવી જ શંકાઓ કરવામાં આવી હતી. પણ પાછળથી સહુએ કબૂલ કર્યું કે લોકમાન્યનો કાળ “સ્વરાજ આપણો જન્મસિદ્ધ હક છે” એ સંદેશો આપવામાં ગયો હતો. દેશબંધુનું અને આપણું કાર્ય તે સંદેશો ઝીલી તેને પાર પાડવાનાં વ્યાપક ને સ્થિર સાધનો શોધવાનું હતું. તેમાં આપણે રેંટિયાને અને ખાદીને તથા તે વાટે વિદેશી કાપડના બહિષ્કારને પ્રધાનસ્થાન આપ્યું. એટલે દેશબંધુનું કાર્ય સાધન સંપાદન કરવાનું હતું. તેથી જ તેમણે છેલ્લા બાર માસ ગ્રામસંગઠનનો જ પોકાર કરેલો. ધારાસભામાં પણ તે વાત કરી, મેયર તરીકે પણ તે વાત કરી ને ફરીદપુરના ભાષણમાં ચોખ્ખું કહ્યું કે ધારાશાસ્ત્રીઓ ધારાસભાનું કાર્ય ભલે કરો, પણ લોકોએ તો ગ્રામસંગઠન જ કરવામાં રોકાવાનું છે. દેશબંધુએ દાર્જિલિંગમાં છેવટનો એ નિર્ણય કર્યો કે ગ્રામસંગઠન એટલે રેંટિયો ને ખાદી. સ્વરાજના સાધનરૂપ સૂર્યમંડળમાં રેંટિયો તે સૂર્ય છે એમ દેશબંધુએ સ્પષ્ટ રીતે જોયું ને તેમના અનુયાયીઓને તે વિષે આદેશ પણ મોકલ્યો કે તેમણે રેંટિયા વાટે ગ્રામસંગઠન શરૂ કરવું.

આ તેમનું રાજદ્વારી વસિયતનામું, આ તેમની અંતિમ ઇચ્છા. જે કાર્યનું બીજ રોપી તે ચાલતા થયા તે બીજને આપણે પોષી તેનું સુંદર વૃક્ષ કરવું તે આપણો ધર્મ છે. એટલે દેશબંધુના સ્મરણાર્થે રેંટિયાપ્રવૃત્તિની વૃદ્ધિ જ એવું કાર્ય થઈ શકે.

Gandhi Heritage Portal

હવે કેટલું દ્રવ્ય એકઠું કરવું એ વિચાર કરીએ. કેટલું એકઠું કરવું એનો આંકડો મારા રિવાજ વિરુદ્ધ આ વેળા નથી મૂકયો, કેમ કે તેને હદ નથી. વળી હું જ્યારે આંકડો મૂકું છું ત્યારે તેનો બોજો મારા મગજ ઉપર બહુ રહે છે ને તે આંકડાને પહોંચવાનો આગ્રહ રહે છે. આ વેળા પણ મેં મારા મનની સાથે તો આંકડો ગોઠવી લીધો છે, પણ સહી કરનારા મિત્રોને તેમાં સંડોવવા નથી ઇચ્છતો. તેઓ તો સદ્‌ભાવે ને શ્રદ્ધાએ આંકડાની સહી કરી જવાબદાર બની જાય, પણ તે સિદ્ધ કરવા પોતાનો બધો કે ઘણો સમય આપી ન શકે.

પણ વાંચનાર વિચારી લે કે સાઠ કરોડ રૂપિયાની ઊથલપાથલ થાય એટલી મૂડીવાળો વેપાર કરવો છે. તેમાં તો જેટલા રૂપિયા હોય એટલા ઓછા જ ગણાય. પણ મારી અવિચળ શ્રદ્ધા છે કે જેમ જેમ ખાદીપ્રવૃત્તિની સફળતા જોવામાં આવશે તેમ તેમ લોકોનો વિશ્વાસ વધશે ને તેમ તેમ પૈસા પણ મળશે.

પત્રિકામાં કહ્યા પ્રમાણે નાણાં મળવાનો આધાર ત્રણ વાત ઉપર રહેશે. દેશબંધુ પ્રત્યેની ભક્તિ, ખાદી અને રેંટિયા વિષેની શ્રદ્ધા અને ટ્રસ્ટીઓમાં વિશ્વાસ. દેશબંધુ પ્રત્યેની ભક્તિનું પ્રદર્શન આખા દેશે આપ્યું છે. મારો અનુભવ એવો છે કે ખાદી અને રેંટિયા વિષે શ્રદ્ધા વધતી જાય છે. ટ્રસ્ટીઓને લોકો જાણે છે. જમનાલાલજી જેવા નિર્મળ ખજાનચી, અને તેટલા જ ચાક્કસ અને પ્રામાણિક મંત્રી જવાહરલાલ જ્યાં હોય ત્યાં અવિશ્વાસને સ્થાન ન હોય.

કોઈ એકબીજાની રાહ ન જુએ એમ ઇચ્છું છું. નવજીવન વાંચનારને જેટલું દ્રવ્ય આપવાની ઇચ્છા થાય તેટલું તેઓ નવજીવનને મોકલી આપે. તેની પહોંચ નવજીવનમાં સ્વીકારાશે. તેઓ જમનાલાલજીને સીધું મોકલી આપે તો નવજીવનને હિસાબ રાખવાની ને તે ખજાનચીને મોકલી આપવાની મહેનત બચશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૭–૧૯૨૫

## ૨૬૭. પ્રકીર્ણ

### દૃશ્ય સેવા વિ૦ અદૃશ્ય

એક મિત્ર લખે છે :[૧]

આ વિચારશ્રેણી તો તદ્દન યોગ્ય છે, પણ તે મારા લેખ ઉપરથી ઊપજવી નહોતી જોઈતી. જાણ્યેઅજાણ્યે આપણે બધા મુમુક્ષુ છીએ. પણ મારા લેખમાં મેં કેવળ સેવકોની સેવાની કિંમતનો વિચાર કર્યો છે. વળી અનાયાસે અત્યારે લોકોને કેવા પ્રકારની સેવા ભાવે છે તે વિચારી લીધું. સાચા સંન્યાસીને જગત ભાગ્યે જ ઓળખે છે. તેઓ તો અદૃશ્ય રહી પોતાનું કાર્ય કરે છે. તેઓને સ્તુતિ નિંદા તુલ્ય છે અથવા કહો કે સ્તુતિથી તેઓ દૂર ભાગે છે. મારા લેખમાં તેવાઓનો વિચાર જ નથી કર્યો. વળી જેઓ સ્તુતિને અર્થે જ સેવા કરે છે તેમની સેવાની કિંમત નહીં જેવી જ છે. એવાને સારુ તેમ મનાતા સંન્યાસીઓને સારુ પણ કીર્તિસ્તંભો થયા છે ને થયા કરશે. અહીં તો દેશબંધુના જેવી નિ:સ્વાર્થ સેવાનો જ ઉલ્લેખ હતો. અને તે

૧. આ લખાણ અહીં આપ્યું નથી. એમાં દાસના મૃત્યુ સંબંધી ગાંધીજીએ કરેલા અવલોકન વિષે ટીકાકારે કેટલીક ટીકાઓ કરી હતી; જુઓ "દીર્ઘાયુ દેશબંધુ", ૨૮–૬–૧૯૨૫.

Gandhi Heritage Portal

બતાવતાં મેં સૂચવ્યું કે આ યુગમાં જેઓ લોકોની સ્વતંત્રતાની રક્ષા કરવા ઊભા થાય છે તે પૂજાય છે. એવાને અદૃશ્ય રહેવું ભાગ્યે જ પાલવે. એટલે કે રાજપ્રકરણી ક્ષેત્રમાં કાર્ય કરનાર સેવક અદૃશ્ય તો ન જ રહી શકે. તેને હજારોના પ્રસંગમાં આવ્યે છૂટકો, એટલે તેની સેવાને જગત આંક્યા વિના ન જ રહે. એક જ વાત આપણે જાણવી જોઈએ ખરી. પાખંડી સેવકો પણ કીર્તિસ્તંભ ચોરી ગયા છે તેથી આપણે કીર્તિને લોભે કંઈ પણ કરતાં બચીએ. કીર્તિથી આપણે દૂર ભાગીએ. પણ જ્યારે દેશબંધુ જેવા ઉજ્જ્વલ સેવક ઉપર લોકોને ન્યોચ્છાવરી કરતા જોઈએ ત્યારે સમજીએ કે પારમાર્થિક સેવાને સમજવાની શક્તિ લોકોમાં ઘણી છે. ને તેઓ જેમ કોઈ વેળા પોતાની આંકણીમાં ભૂલ કરે છે તેમ ઘણી વેળા તેઓની આંકણી યથાર્થ પણ હોય છે. અહિંસાત્મક અને સત્યમય દેશસેવા આજનો ધર્મ છે. તેમાં આપણે સહુ સ્તુતિનિંદા વિષે તટસ્થ રહી આપણો ફાળો હેતે ભરીએ.

## સ્વયંસેવકનો ધર્મ

એક સ્વયંસેવક નીચે પ્રમાણે લખે છે :[1]

આમાંથી કેટલીક વિગતોવાળો ભાગ મેં કાઢી નાખ્યો છે. સાવચેતી તદ્દન યથાર્થ છે. આ કાગળની મતલબ એ છે કે મનુષ્યે લોભ ન કરવો અને પોતાને માથે આવેલું કર્તવ્ય જોખમમાં આવી પડે એવું કંઈ જ ન કરવું. જેને ત્યાં આપણે ઊતરીએ તેના ઘરસંસારની સાથે આપણને સંબંધ ન જ હોય. જ્યાં જાહેર સંબંધ હોય, ત્યાં ખાનગી સંબંધને અવકાશ જ ક્યાં છે? જેને ત્યાં સ્વયંસેવક ઊતરે ત્યાં તે ખાનગી નાતે નથી ઊતરતો પણ અતિથિગૃહ સમજી પોતાના કાર્યને અર્થે જ ઊતરે છે. વળી શિયળ જાળવવાની ઇચ્છાવાળો સ્ત્રીની સાથે એકાંતનો ત્યાગ હમેશાં કરે જ. આ કંઈ કેવળ સ્વયંસેવકનો જ ધર્મ નથી – એ તો મિત્રનો, અતિથિનો, આશ્રિતનો, બધાનો છે. દંપતીના ઓરડાની આસપાસ કોઈએ ન સૂવું જોઈએ. એ ગૃહસ્થાઈનું લક્ષણ છે. દુર્ભાગ્યે આપણાં ઘરોમાં આવી વ્યવસ્થા નથી હોતી અને એવો વિવેક જાળવવાની આપણને ટેવ પણ નથી હોતી. પણ દંપતીના ઓરડાઓ બીજાઓના સહવાસથી દૂર હોવાની આવશ્યકતા અને યોગ્યતા વિષે તો બે મત હોય જ નહીં. જ્યાં એવી સગવડ ન હોય, ત્યાં સ્વયંસેવક ઘણી સાવધાનીથી રહે અને તેમ ન બની શકે તો બીજે ઉતારો શોધે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૬–૭–૧૯૨૫

૧. આ લખાણ અહીં આપ્યું નથી.

## ૨૬૮. ફૉરવર્ડને સંદેશો

જુલાઈ ૨૭, ૧૯૨૫

લોકમાન્ય સ્વરાજ માટે જીવ્યા અને સ્વરાજ માટે મર્યા. તેમણે આપણને એમ માનતાં શીખવ્યું કે સ્વરાજ આપણો જન્મસિદ્ધ હક છે. હું જાણું છું કે આપણે જો આપણો આ જન્મ-સિદ્ધ હક ફરી મેળવવો હોય તો આપણાં ગામડાંઓમાં રેંટિયાને તેની પ્રાચીન મહત્તાને સ્થાને ફરી સ્થાપિત કરવો જોઈએ. જ્યાં સુધી શિક્ષિત વર્ગ તરીકે આપણે કાંતવાની આ જીવનપ્રેરક કળા શીખી ન લઈએ અને ખાદી જાડી હોય કે ઝીણી, મોંઘી હોય કે સસ્તી છતાં તે આપણે ન પહેરીએ ત્યાં સુધી આપણે આ કરી શકીએ નહીં. સ્વરાજ માટે જે કંઈ કિંમત ચૂકવવી પડે તે વધારે નથી. એટલે જો આપણે લોકમાન્યની સ્મૃતિનું ગૌરવ કરવું હોય તો આપણે રોજ ઓછામાં ઓછું અરધો કલાક તો કાંતવું જ જોઈએ અને નિયમિત રીતે ખાદી પહેરવી જોઈએ અને બીજાને પહેરવા માટે સમજાવવા જોઈએ.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૧–૮–૧૯૨૫

## ૨૬૯. બનારસીદાસ ચતુર્વેદીને પત્ર

કલકત્તા,

શ્રાવણ સુદ ૬ [જુલાઈ ૨૭, ૧૯૨૫][1]

ભાઈ બનારસીદાસજી,

મારા જમણા હાથનાં આંગળાં દુખે છે. એટલે આ પત્ર હું તમને ડાબા હાથે લખી રહ્યો છું. તમારો પત્ર મળ્યો. મેં પૈસા વિષે ચિ. છગનલાલને લખ્યું છે, અને જો મુશ્કેલી ન હોય તો બાકીની પૂરી રકમ મોકલી આપવા લખું છું. હું માની લઉં છું કે તમે હિસાબ સીધો શ્રી પિટીટને મોકલી આપશો. અને હું એમ પણ માની લઉં છું કે આપણે શ્રી પિટીટ સાથે જે શરત થઈ હતી, તે પ્રમાણે જ તમે અત્યારે બધું કરો છો.

તમારા પત્રના અંતમાં મને થોડો રોષ અને નિરાશા દેખાયાં, એનું શું કારણ છે?

મોહનદાસના
વંદે માતરમ્

બનારસીદાસ ચતુર્વેદી
ફિરોઝાબાદ
જિ. આગ્રા

[મૂળ હિંદી]

મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૨૫૨૦

૧. ટપાલની છાપ "જુલાઈ ૨૮, ૧૯૨૫"ની છે.



Gandhi Heritage Portal

# ૨૭૦. ડી. હનુમંતરાવને પત્ર

૧૪૮, રસા રોડ,
ભવાનીપુર,
[કલકત્તા,]
જુલાઈ [૨૮], ૧૯૨૫

પ્રિય હનુમંતરાવ,

મારા જમણા હાથને આરામની જરૂર છે. એટલે આ પત્ર હું લખાવી રહ્યો છું. તમારો પત્ર મળતાં આનંદ થયો. તમને હું તંદુરસ્ત, મજબૂત અને સ્ફૂર્તિવાળા ન જોઉં ત્યાં સુધી મને સંતોષ નહીં થાય. તમે પ્રાકૃતિક ચિકિત્સાની હાલતીચાલતી જાહેરખબર બનો એમ હું ઇચ્છું છું.

મારી માન્યતા, જે દિનપ્રતિદિન દૃઢ થતી જાય છે તે એવી છે કે જલોપચાર ખૂબ જ સામાન્ય કક્ષાની ઉપચારપદ્ધતિ છે. સાચી ચિકિત્સા હજી શોધવાની બાકી છે, અને તે હવા છે. હજી આગળનું એક પગથિયું પણ છે, પણ તે આનાથી ઘણું દૂરનું છે. આપણે હજી તાજી હવાનું અને જુદાં જુદાં હવામાનનું પૂરું મહત્ત્વ સમજ્યા નથી. હું એમ ઇચ્છું છું કે તમે એક પછી એક જુદી જુદી આબોહવાનો અનુભવ કરો અને તમારી તબિયત બરાબર સુધારી શકો તેવી આબોહવા શોધી કાઢો. શ્રી શર્માને જરૂર મોકલો. હું ઘણુંખરું ૩૧મી ઑગસ્ટ સુધી કલકત્તામાં જ છું; ઑગસ્ટના મધ્યભાગ સુધી તો ખરો જ. કદાચ બેત્રણ દિવસ બહાર જાઉં. હું જે કંઈ સમય ફાજલ પાડી શકીશ તે તેમને આપીશ. કૃષ્ણૈયાને કેમ છે?

તમારો સહૃદયી

શ્રી હનુમંતરાવ
દિગુમાર્તી હાઉસ
બહેરામપુર
જિ. ગંજમ

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી નકલની છબી પરથી: એસ. એન. ૧૦૫૯૩

Gandhi Heritage Portal

# ૨૭૧. ડબ્લ્યુ. એચ. પિટને પત્ર

૧૪૮, રસા રોડ,
ભવાનીપુર,
જુલાઈ ૨૮, ૧૯૨૫

પ્રિય મિ. પિટ,

તમારો ખાનગી પત્ર મળ્યો.[૧] તમારી દલીલોનો જુસ્સો અને તેની પાછળ રહેલા સદ્ભાવની હું કદર કરું છું. છતાં મૂળ મતભેદ તો ઊભો જ રહે છે. તે બે કારણોને લઈને છે. એક તો આપણી વચ્ચેનો સ્વભાવભેદ અને બીજું, એક જ પ્રશ્નને જોવાનાં આપણાં જુદાં દૃષ્ટિબિંદુ. પણ આ પ્રશ્ન ઉકેલવામાં મિત્રો, વિરોધીઓ કે તટસ્થ લોકો તરીકે રસ લેતા સૌ કોઈ સાથે અનુકૂળ થઈ શકાય તેટલું અનુકૂળ થવું એ મારું કામ છે. અત્યારે હું આ બાબતમાં શ્રી સી. રાજગોપાલાચારી સાથે પત્રવ્યવહાર કરી રહ્યો છું. તમે જાણો છો કે તે મારા સહકાર્યકર છે અને તેમના નિર્ણય પર હું વધુમાં વધુ વિશ્વાસ ધરાવું છું. હું તેમને વાઈકોમ સુધી અથવા જરૂર પડે તો ત્રિવેન્દ્રમ સુધી જવા માટે પણ વિનંતી કરી રહ્યો છું. દરમ્યાન હું જાહેરમાં પૂરેપૂરું મૌન રાખવાનું ચાલુ રાખીશ. તમને વખતસર જણાવ્યા વિના કે પૂરી વાટાઘાટ કર્યા વિના આગળ કોઈ પગલું ભરવામાં નહીં આવે. તમે મને ખાતરી આપી છે કે સત્તાવાળાઓ આ અનિષ્ટને દૂર કરવા માટે તેમનાથી બનતું કરી રહ્યા છે. એને લીધે હું તમારા સૂચનનો સ્વીકાર કરવા લલચાઉં છું. પણ આટલે દૂરથી કોઈની સાથે મંત્રણા કર્યા વગરના મારા નિર્ણય પર હું વિશ્વાસ ન રાખી શકું.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[તા.ક.] મારો જમણો [હાથ] ચાલતો નથી.[૨]

[મૂળ અંગ્રેજી]

હસ્તલિખિત નકલની છબી પરથી: એસ. એન. ૧૧૧૦૦

૧. જુઓ પરિશિષ્ટ ૩.

૨. આ પત્ર મહાદેવ દેસાઈના હાથનો લખેલો છે.

Gandhi Heritage Portal

## ૨૭૨. સી. રાજગોપાલાચારીને પત્ર

૧૪૮, રસા રોડ,
ભવાનીપુર,
જુલાઈ ૨૮, ૧૯૨૫

પ્રિય સી. આર.

મારા હાથને થોડા દિવસ માટે આરામની જરૂર છે. એટલે હું મારા પત્રો બીજા પાસે લખાવું છું. મેં તમને મિ. પિટનો પત્ર મોકલ્યો હતો, તે મળી ગયો હશે એવી આશા રાખું છું. આ સાથે એક બીજો પત્ર તથા તેનો મારો જવાબ મોકલું છું.[1] હું તમને કેલપ્પનના પત્રો પણ મોકલું છું. કૃપા કરી સલાહ આપો. તમને ઠીક લાગે તો તમે કમિશનર સાથે સીધો પત્રવ્યવહાર કરજો અને કેલપ્પનને ફરીથી લખજો.[2] તમે કમિશનર પરના મારા પત્રમાંથી જોઈ શકશો કે હું તેમની સૂચના સ્વીકારવા માગું છું. છતાં હું હજી અસ્પષ્ટ છું. સ્વયંસેવકોનું દૃષ્ટિબિંદુ સમજવું જરૂરી છે. તમે કેલપ્પનની પોતાને છૂટા કરવાની દરખાસ્ત પર પણ વિચારશો. મને એમ લાગે છે કે તેમ કરવું જરૂરી થશે.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૧૧૦૩

## ૨૭૩. કે. કેલપ્પન નાયરને પત્ર

૧૪૮, રસા રોડ,
ભવાનીપુર,
જુલાઈ ૨૮, ૧૯૨૫

પ્રિય કેલપ્પન,

તમારો પત્ર મળ્યો.[3] મિ. પિટનો એક લાંબો પત્ર[4] પણ મને મળ્યો છે. હું તમને તે કાગળની તથા મેં મિ. પિટ પર તથા શ્રી રાજગોપાલાચારી પર લખેલા પત્રોની નકલો પણ મોકલું છું. તમે શ્રી રાજગોપાલાચારી સાથે પત્રવ્યવહાર કરો અને તેમને તમારું દૃષ્ટિબિંદુ સમજાવો એવી મારી વિનંતી છે. આશ્રમની વ્યવસ્થાનો મેળ બેસે એ રીતે તમને છૂટા કરી શકાય. તો તમે જરૂર ત્યાં જઈને કેરળ સમિતિની જવાબદારી સંભાળી લઈ શકો.

૧. જુઓ આ પહેલાંનો લેખ.

૨. રાજગોપાલાચારીએ એ મુજબ પિટ સાથે પત્રવ્યવહાર કર્યો હતો. મિ. પિટે પણ તેમના ૨૭ સપ્ટેમ્બરના પત્રમાં રાજગોપાલાચારીના ૧૯મી ઑગસ્ટના પત્રની પહોંચ સ્વીકારી હતી.

૩. જુઓ પરિશિષ્ટ ૪.

૪. જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

મને આશા છે કે હવે તમે તદ્દન સાજા થઈ ગયા હશો. કાર્યકર્તાઓએ માંદા પડવું જ ન જોઈએ.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૧૧૦૨

# ૨૭૪. ફ્રેડ ઈ. કૅમ્પબેલને પત્ર

૧૪૮, રસા રોડ,
કલકત્તા,
જુલાઈ ૨૮, ૧૯૨૫

મારા પ્રિય જુવાન મિત્ર,[1]

મને તમારો નિખાલસ અને ભોળા ભાવે લખેલો પત્ર[2] ખૂબ ગમ્યો. એ માટે હું તમારો આભારી છું.

તમે એમ માની લીધું લાગે છે કે હું અંગ્રેજોને ધિક્કારું છું. તમને એમ શા કારણે લાગ્યું? મારે સેંકડો અંગ્રેજ મિત્રો છે. જો હું અંગ્રેજોને ધિક્કારતો હોઉં તો પછી મુસલમાનો અને એટલા જ કારણે હિંદુઓ પ્રત્યે પ્રેમ ન ધરાવી શકું; મારો પ્રેમ એકાંગી સ્વરૂપનો નથી. જો આજે હું અંગ્રેજોનો દ્વેષ કરું તો આવતી કાલે મુસલમાનોનો કરવાનો અને ત્રીજે દિવસે હિંદુઓનો પણ કરવાનો. પણ મને નફરત તો બ્રિટિશ સરકારે આ દેશ પર જે શાસનતંત્ર ઠોકી બેસાડયું છે તેના તરફ છે. તે શાસનતંત્રે ભારતના લોકોનો આર્થિક અને નૈતિક વિનાશ કર્યો છે. પણ જેમ હું મારી પત્ની તથા મારાં બાળકો પ્રત્યે તેમનામાં દોષો હોવા છતાં પ્રેમ રાખું છું, તેવી જ રીતે બ્રિટિશ લોકોએ અહીં ખરાબ શાસનતંત્ર સ્થાપ્યું હોવા છતાં અને દુર્ભાગ્યે તે માટેની જવાબદારી તેમની હોવા છતાં તેમના પ્રત્યે મને પ્રેમ છે. જે પ્રેમ આંધળો છે, તે પ્રેમ જ નથી. જે પોતાના પ્રેમપાત્રોના દોષો પ્રત્યે આંખમીંચામણાં કરે છે તે પક્ષપાતપૂર્ણ પ્રેમ છે અને તે જોખમભર્યો પણ છે. જો આ પત્રથી તમને સંતોષ ન થાય તો મને જરૂર ફરી વાર લખજો.[3]

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૫૪૭

૧. કૅમ્પબેલે પોતાની ઓળખાણ આપતાં લખ્યું હતું કે તે અમેરિકાના કેન્સાસ રાજ્યનો છે, ને તેની ઉંમર ૧૫ વરસની છે.

૨. મેની ૪થીના પત્રમાં કૅમ્પબેલે લખ્યું હતું કે, "થોડા દિવસ પહેલાં મેં અમારા એક ખ્રિસ્તી દેવળમાં એક પ્રવચન સાંભળ્યું હતું. તેમાં પાદરીએ તમારા ઉપવાસનું ખૂબ જ સચોટ વર્ણન કર્યું હતું. તેમાં કહ્યું હતું કે હિંદુમુસ્લિમો વચ્ચેની કડવાશ દૂર કરવા આ ઉપવાસ કરવામાં આવ્યો હતો.... તે પાદરીએ એમ કહ્યું હતું કે તમે આજના ઈશુ ખ્રિસ્તના સૌથી આગળ તરી આવતા દૃષ્ટાંતરૂપ છો, તમે ખ્રિસ્તી ધર્મ ભલે પાળતા ન હો. આ સાંભળ્યા પછી તમારે વિષે મેં વધુ વાંચવા માંડયું. તેમાં મેં તમારી બ્રિટિશ લોકો સાથેની અથડામણ વિષે વાંચ્યું. બ્રિટિશ લોકો પ્રત્યેના ધિક્કારનું મુખ્ય કારણ શું છે? તે કોઈ વેપારધંધાને લગતી બાબત છે? જો તમને આ પત્રનો ઉત્તર આપવાનો વખત મળે તો મને ખૂબ જ આનંદ થશે. હું તમારો આગળથી આભાર માનું છું."

૩. આ પછી આગળ પત્રવ્યવહાર ચાલ્યો હોય એમ લાગે છે. જુઓ પુસ્તક ૩૦, "ફ્રેડ ઈ. કૅમ્પબેલને પત્ર", ૨૩-૪-૧૯૨૬.

Gandhi Heritage Portal

## ૨૭૫. મિશનરીઓની સભામાં ભાષણ

જુલાઈ ૨૮, ૧૯૨૫

કલકત્તાના 'યંગ મેન્સ ક્રિશ્ચિયન ઍસોસિયેશન'માં ૨૮મીએ મિશનરીઓ સમક્ષ એક ભાષણ આપવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. મારા એ ભાષણની શૉર્ટહૅન્ડ નોંધ મને આપવામાં આવી છે. તે ભાષણ સૌ કોઈને ઉપયોગી થાય તેમ લાગવાથી તે સંક્ષેપમાં અહીં રજૂ કર્યું છે. મેં તેમાંનો કોઈ મહત્ત્વનો વિચાર કે વાક્યો છોડયાં નથી, પણ કેટલાક વર્ણનાત્મક ફકરા છોડી દીધા છે.

મો. ક. ગાંધી

તમારામાંથી ઘણાને ખબર નહીં હોય કે મારા ખ્રિસ્તીઓ સાથેના સંબંધો, કહેવાતા ખ્રિસ્તીઓ સાથેના નહીં પણ સાચા ખ્રિસ્તીઓ સાથેના સબંધો, ઠેઠ ૧૮૮૯થી બંધાયા છે. તે વખતે હું એક છોકરા તરીકે લંડનમાં જઈ પડયો હતો. અને જેમ જેમ વર્ષો વીતતાં ગયાં છે તેમ તેમ એ સંબંધો વધુ ને વધુ પરિપક્વ થતા ગયા છે. દક્ષિણ આફ્રિકામાં હું અત્યંત પ્રતિકૂળ વાતાવરણમાં મુકાઈ ગયો હતો. ત્યાં પણ હું સેંકડો ખ્રિસ્તી મિત્રો મેળવી શકયો હતો. હું દક્ષિણ આફ્રિકાના જનરલ મિશનના નિયામક સ્વ. શ્રી સ્પેન્સર વૉટનના સંપર્કમાં આવ્યો હતો. અને પાછળથી મહાન પાદરી રેવ. શ્રી એ. મરે અને બીજાઓના પરિચયમાં પણ આવ્યો હતો.

એટલે આજે સાંજે અહીં આટલા બધા મિશનરીઓ સાથેનો મારો પરિચય મારે માટે નવી વાત નથી. મારા જીવનમાં એક એવો સમય પણ આવ્યો હતો જ્યારે મારા એક અત્યંત સહૃદયી અને નિકટના મિત્ર, મહાન અને ભલા કવેકરે મને શિકાર બનાવવા ધાર્યું હતું. (હાસ્ય.) તેને થયું કે આ ખ્રિસ્તી ન થાય તે કેમ ચાલે? મારે તેને દુઃખ સાથે નિરાશ કરવા પડયા. મારા એક મિશનરી મિત્ર દક્ષિણ આફ્રિકાથી હજી મને લખે છે ને પૂછે છે કે "તમારું કેમ ચાલે છે?" મેં મારા મિત્રને હમેશાં લખ્યું છે કે હું માનું છું ત્યાં સુધી મારું બધું બરાબર ચાલે છે. જો આ મિત્રો એવી અપેક્ષા રાખતા હોય કે મારે રોજ પ્રાર્થના કરવી જોઈએ, તો હું તેમને કહી શકું કે દરરોજ હું બંધ બારણે બેસીને મારા સાચા હૃદયથી સર્વશક્તિમાન પ્રભુને એવી પ્રાર્થના કરું છું કે તું મને જ્ઞાનરૂપી પ્રકાશ આપ, અને તે પ્રકાશને અનુસરવાનું ડહાપણ અને હિંમત આપ.

મારા આ ખ્રિસ્તી મિત્રોમાંના એકને મેં આપેલાં વચનોના પ્રત્યુત્તર રૂપે મને એમ લાગ્યું કે મારે હિંદી ખ્રિસ્તીઓમાંના મને કહ્યા મુજબ શ્રેષ્ઠ એવા સ્વ. કાલીચરણ બૅનરજીને મળવું જોઈએ. સાચો માર્ગ શોધવાનો પ્રયત્ન કરવામાં મેં કંઈ બાકી રાખ્યું નથી. એ વાત હું તમને કહી રહ્યો છું. હું તેમની પાસે તદ્દન ખુલ્લા મનથી અને ગ્રહણશીલ વૃત્તિથી ગયો હતો. હું તેમને જે પરિસ્થિતિમાં મળ્યો, તે પણ ખૂબ જ હૃદયસ્પર્શી હતી. મેં જોયું કે શ્રી બૅનરજી અને મારી વચ્ચે ઘણું સામ્ય હતું. તેમની સાદાઈ, નમ્રતા, ધૈર્ય, સત્યપ્રિયતા, આ બધા ગુણો પ્રત્યે મને ખૂબ માન હતું. તેમનાં પત્ની મરણપથારીએ હતાં તે વખતે તેમણે મને મુલાકાત આપી. આથી વધુ અસરકારક દૃશ્ય અને વધારે ઉદાત્ત પરિસ્થિતિ ભાગ્યે જ કલ્પી શકાય. મેં શ્રી બૅનરજીને કહ્યું, "હું તો એક શોધક તરીકે આવ્યો છું—આ ૧૯૦૧ની સાલની વાત છે. મારા

Gandhi Heritage Portal

કેટલાક અત્યંત પ્રિય એવા ખ્રિસ્તી મિત્રોને મેં વચન આપ્યું હતું કે હું સાચો પ્રકાશ મેળવવા માટે કોઈ પ્રયત્ન બાકી રાખીશ નહીં. તે વચન પાળવા માટે હું આપની પાસે આવ્યો છું. મેં તેમને એ પણ કહ્યું કે જો મને તે પ્રકાશ લાધશે તો દુનિયાનું કોઈ પણ પ્રલોભન મને તે સ્વીકારતાં અટકાવી શકશે નહીં. તો મિત્રો, ત્યાં અમારી વચ્ચે જે થોડી ચર્ચા થઈ તેનું વર્ણન હું અહીં નહીં આપું. તે ચર્ચા ખૂબ જ સારી હતી, ખૂબ જ ઉમદા હતી. હું ત્યાંથી પાછો ફર્યો ત્યારે દુ:ખી નહોતો થયો; હતાશ કે નિરાશ નહોતો થયો. પણ મને એ વાતની દિલગીરી થઈ કે શ્રી બૅનરજી પણ પોતાની વાત મારે ગળે ઉતારી ન શકયા. ખ્રિસ્તી ધર્મને સમજવા માટેનો આ મારો વિચારપૂર્વકનો છેલ્લો પ્રયત્ન હતો. આજે મારી સ્થિતિ એવી છે કે હું ખિસ્તી ધર્મની ઘણી બાબતો પ્રત્યે માન ધરાવું છું છતાં હું રૂઢિચુસ્ત ખ્રિસ્તી ધર્મ સાથે એકાત્મભાવ અનુભવી શકતો નથી. મારે પૂરી નમ્રતા સાથે આપને કહેવું જોઈએ કે હું હિંદુ ધર્મને જે રીતે સમજું છું, તેમાંથી મારા આત્માને પૂરું સમાધાન મળે છે, મારા સમસ્ત જીવનને તે ભરી મૂકે છે. અને ગિરિપ્રવચનોમાંથી પણ નથી મળી શકતી તેવી સાંત્વના મને ભગવદ્‌ગીતા તથા ઉપનિષદ્‌માંથી મળે છે. તેનો અર્થ એ નથી કે ગિરિપ્રવચનોમાં જે આદર્શ રજૂ કરવામાં આવ્યો છે તેની મારે મન કંઈ કિંમત નથી. એના કેટલાક કીમતી ઉપદેશોએ મારા ચિત્ત પર ખૂબ ઊંડી અસર કરી છે. પણ મારે એ વાત કબૂલ કરવી જોઈએ કે જ્યારે મારું મન સંશયગ્રસ્ત બને છે, જ્યારે નિરાશાઓ મારી સામે આંખ ફાડીને ઊભી હોય છે, જ્યારે મને ક્ષિતિજમાં એક પણ પ્રકાશનું કિરણ દેખાતું નથી, ત્યારે હું ભગવદ્‌ગીતા પ્રત્યે વળું છું, અને તેમાંથી એકાદ આશ્વાસન આપનારો શ્લોક મને મળી આવે છે; અને મારા ઘેરા વિષાદની વચ્ચે પણ હું તરત જ પ્રસન્ન થઈ જાઉં છું. મારું જીવન અનેક બાહ્ય આપત્તિઓના આક્રમણથી ઘેરાયેલું રહ્યું છે. પણ તેની મારા જીવન પર કોઈ દેખી શકાય તેવી અસર રહી નથી, તે ભગવદ્‌ગીતાના ઉપદેશોને આભારી છે.

આ બધી વાતો મેં તમને એટલા માટે કહી કે મારી સ્થિતિ કેવી છે તે વાત તમને તદ્દન સ્પષ્ટ થઈ જાય, અને એ રીતે તમે ઇચ્છો તો હું તમારી વધુ નજીક આવી શકું. મારે વધારામાં એ વાત પણ કહેવી જોઈએ કે મેં બાઇબલ અને તેના પરનાં ભાષ્યો તથા મારા મિત્રોએ મારા હાથમાં જે બીજાં પુસ્તકો મૂકયાં તેટલાંનો જ અભ્યાસ કરીને અટકયો નથી, પણ મેં મારી જાતને કહ્યું કે મારે બુદ્ધિપૂર્વકનું સમાધાન મેળવવું હોય તો મારે બીજા ધર્મના ગ્રંથો પણ વાંચવા જોઈએ અને પછી પસંદગી અંગે નિર્ણય કરવો જોઈએ. એટલે હું કુરાન તરફ વળ્યો. યહૂદી ધર્મ ખ્રિસ્તી ધર્મથી કયાં જુદો પડે છે તે સમજવા પ્રયત્ન કર્યો. મેં જરથોસ્તી ધર્મનો પણ અભ્યાસ કર્યો અને આખરે હું એ નિર્ણય પર આવ્યો કે બધા ધર્મો સાચા છે, પણ દરેક ધર્મ અપૂર્ણ છે. અને તે સ્વાભાવિક છે, કારણ કે તે બધાનું અર્થઘટન આપણી અપૂર્ણ અને દુર્બળ બુદ્ધિ દ્વારા થયું હોય છે. કેટલીક વાર આપણા હૃદયની નિર્બળતા પણ સાચો અર્થ મેળવવામાં મુશ્કેલી ઊભી કરે છે, અને ઘણી વાર ખોટા અર્થો કરવામાં આવે છે. બધા ધર્મોમાં એવું જોવા મળે છે કે એક જ ગ્રંથનાં ભાષ્યો ભિન્ન ભિન્ન અને પરસ્પર વિરોધી પણ થયાં છે. એથી મને દુ:ખ થાય છે. એટલે મેં મારા મનથી એમ વિચાર્યું કે આ બધાનું મારે કંઈ કામ નથી. મારે આત્મસંતોષ મેળવવો હોય તો મારે જ મારો માર્ગ શોધી કાઢવો જોઈએ. મારે ઈશ્વરના સાંનિધ્યમાં મૌન ધારણ કરીને તેની પાસેથી દોરવણી માગવી જોઈએ. સંસ્કૃતમાં એક સુંદર શ્લોક છે. તેમાં કહ્યું છે કે મનુષ્ય જ્યારે તદ્દન અસહાય અને નમ્ર બને છે ત્યારે જ

Gandhi Heritage Portal

ઈશ્વર તેને સહાય કરે છે. તમારામાંથી કેટલાક તામિલનાડમાંથી આવ્યા છે. હું તામિલનો અભ્યાસ કરતો હતો, ત્યારે ડૉ. પોપની એક ચોપડીમાંથી એક તામિલ કહેવત મને મળી. તેનો અર્થ છે કે "ઈશ્વર અસહાયને સહાય કરે છે." મેં તમારી પાસે મારા પોતાના અનુભવોની કથા રજૂ કરી. તેના પર તમે ચિંતન કરો એમ ઇચ્છું છું.

તમે મિશનરીઓ એવું સમજીને હિંદમાં આવો છો કે તમે જાણે નાસ્તિકો અને મૂર્તિપૂજકોના દેશમાં જઈ રહ્યા છો. એક મોટા ખ્રિસ્તી પાદરી બિશપ હેબરે લખેલી આ બે લીટીઓ મને હમેશાં ડંખી છે: "જ્યાં દરેક દૃશ્યો આહ્‌લાદક હોય છે અને માત્ર મનુષ્ય જ દુષ્ટ હોય છે." તેમણે એ ન લખી હોત તો કેવું સારું! હિંદભરમાંના મારા પ્રવાસો દરમ્યાન મારો અનુભવ આથી ઊલટો જ છે. હું આ દેશના એક છેડાથી બીજા છેડા સુધી ઘૂમી વળ્યો છું. મેં મારા મનમાં કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ રાખ્યો નહોતો. માત્ર હું સત્યની નિરંતર શોધ કરી રહ્યો હતો. પણ આ ગંગા, યમુના અને બ્રહ્મપુત્રાના જળથી નાહી રહેલા સુંદર દેશમાં માણસ દુષ્ટ છે એવું હું કહી શકું તેમ નથી. તે દુષ્ટ નથી. તે મારી અને તમારી જેમ જ, કદાચ વધારે પ્રમાણમાં સત્યની શોધ કરનારો છે. મને આમાંથી મારા એક ફ્રેંચ મિત્રે ફ્રેંચમાંથી મારે માટે અનુવાદ કરેલી ચોપડી યાદ આવે છે. તેમાં જ્ઞાનની શોધમાં નીકળેલી પ્રવાસી ટુકડીની કાલ્પનિક કથા છે. એમાંની એક ટુકડી હિંદમાં ઊતરી. અને ત્યાં તેને એક પરિયાની ઝૂંપડીમાં સત્ય અને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. હું તમને કહું કે અંત્યજોની અનેક ઝૂંપડીઓમાં તમને ખરેખર ઈશ્વરનો અનુભવ થશે. તેઓ બુદ્ધિથી દલીલ કરતા નથી પણ તેમને અડગ શ્રદ્ધા છે કે ઈશ્વર છે. તેઓ પોતાની સહાય માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે, અને તે સહાય તેમને મળે છે. આવા ઉદારચરિત અંત્યજોની કથાઓ તમને હિંદભરમાં સાંભળવા મળશે. તેમાંના કેટલાક અધમ પણ હશે. તો સાથે સાથે દુનિયાના ઉમદા ચારિત્રવાળા લોકોના નમૂના પણ તેમની વચ્ચે જોવા મળશે. પણ શું મારો આ અનુભવ અંત્યજ વર્ગના લોકો પૂરતો જ મર્યાદિત છે? ના. મારે અહીં કહેવું જોઈએ કે બ્રાહ્મણેતરોમાં તેમ જ બ્રાહ્મણોમાં પણ તમને એવા જ ઉત્તમ ચારિત્ર્યવાળા લોકો જોવા મળશે. હિંદુસ્તામાં આજે પણ એવા બ્રાહ્મણો છે કે જેઓ આત્મત્યાગ, દૈવી સંપત્તિ અને નમ્રતાની મૂર્તિ જેવા છે. એવા બ્રાહ્મણો પણ છે કે જેમણે પોતાનું સમસ્ત જીવન અંત્યજોની સેવામાં અર્પી દીધું છે. તેમને અંત્યજો પાસેથી આ સેવાના કોઈ બદલાની આશા નથી. રૂઢિચુસ્ત લોકો તેમનો તિરસ્કાર કરી રહ્યા છે. પણ તેની તેમને પરવા નથી, કારણ કે આ અંત્યજોની સેવા કરવામાં તેઓ ઈશ્વરની સેવા કરે છે. મારા અનુભવમાંથી હું આના સમર્થનમાં ઘણું કહી શકું એમ છું. આ બધી હકીકતો હું તમારી પાસે નમ્રતાપૂર્વક એટલા માટે મૂકું છું કે જે દેશની સેવા કરવા તમે આવ્યા છો તે દેશને તમે વધારે સારી રીતે ઓળખી શકો. તમે ભારતના લોકોનાં દુઃખ શોધી કાઢવા અને તેને દૂર કરવા અહીં આવ્યા છો. પણ હું એવી પણ આશા રાખું છું કે તમે અહીં ગ્રહણશીલ વૃત્તિથી આવ્યા છો અને જો ભારત પાસે તમને આપવા જેવું કંઈ હોય તો તમે તમારા કાન બંધ નહીં રાખો, તમે તમારી આંખ બંધ નહીં રાખો, તમારા હૃદયનાં દ્વાર બીડી નહીં દો, પણ આ દેશમાં જે કંઈ સારું છે તેને સ્વીકારવા માટે તમારા કાન, આંખ અને ખાસ કરીને હૃદયને ખુલ્લાં રાખશો. હું તમને ખાતરી આપું છું કે હિંદમાં સારી વસ્તુઓ મોટા પ્રમાણમાં છે. માત્ર સેંટ જોનનું પેલું પ્રખ્યાત સુવાક્ય પઢવાથી માણસ ખ્રિસ્તી બની જાય છે એવી માન્યતા રાખીને મનમાં ને મનમાં ફુલાશો નહીં. મેં જો બાઇબલ સાચી રીતે વાંચ્યું હોય તો તેને આધારે હું કહી શકું કે દુનિયામાં મેં એવા કેટલાય માણસો જોયા છે

Gandhi Heritage Portal

કે જેમણે કદી જિસસનું નામ સાંભળ્યું નથી, અથવા તો ખ્રિસ્તી ધર્મના અધિકૃત અર્થઘટનને જેમણે સ્વીકાર્યું નથી, એવા લોકોને કદાચ અત્યારે જિસસ ક્રાઇસ્ટ સદેહે પૃથ્વી પર આપણી વચ્ચે આવીને મળે તો તે એમ જ કહેશે કે, આ લોકો મારી વાતને પૂરી સમજીને આમના કરતાં વધારે સારી રીતે જીવનમાં ઉતારનારા છે. એટલે હું તમને આપણી સમક્ષ પડેલા પ્રશ્નને ખુલ્લા દિલે તથા નમ્રતાથી જોવા માટે વીનવું છું.

આજે સવારે હું કેટલાક મિશનરીઓ સાથે મિત્રભાવે ચર્ચા કરી રહ્યો હતો. એ ચર્ચાનું હું અહીં વર્ણન કરવા ઇચ્છતો નથી. પણ હું એટલું જરૂર કહેવા ઇચ્છું છું કે તેઓ માનવતાનાં સુંદર દૃષ્ટાંતો છે. તેઓ મારી બાબતમાં ગેરસમજ કરવા ઇચ્છતા ન હતા. પણ મારે તેમની સાથે જે દોઢ કલાક ગાળવાનું થયું તેમાં મેં તેમને એ વાત સમજાવવાની કોશિશ કરી કે અત્યાર સુધી મેં જે કંઈ લખ્યું છે તેમાં અંગ્રેજો પ્રત્યે મારા મનમાં જરા પણ દ્વેષભાવ કે ઘૃણાભાવ ન હતો. મારી આ વાત ગળે ઉતારવા મેં ખૂબ કોશિશ કરી. હકીકતમાં, મને ખબર નથી કે હું મારી એ વાત તમારે ગળે થોડી પણ ઉતારી શક્યો છું કે નહીં. મીઠું પોતે જ જો પોતાનો સ્વાદ છોડી દે તો પછી તેને સ્વાદિષ્ટ કોણ બનાવી શકશે? જો હું મારી વાતમાં રહેલું સત્ય ખરેખર ખુલ્લા દિલથી આવેલા એ ત્રણ મિત્રના મનમાં ન ઉતારી શક્યો તો બીજાઓ પર તો મારો પ્રભાવ ક્યાંથી જ પડે? ઘણી વાર મને એમ થાય છે કે સત્યના શોધકે મૌન રહ્યે જ છૂટકો. મૌનની આશ્ચર્યકારક શક્તિની મને ખબર છે. મેં એક વાર દક્ષિણ આફ્રિકામાં ટ્રૅપિસ્ટ મઠની મુલાકાત લીધી હતી. એ જગ્યા ખૂબ જ સુંદર હતી. એ મઠના મોટા ભાગના સાધુઓ મૌન વ્રતધારી હતા. મેં ત્યાંના ધર્મગુરુને આનું કારણ પૂછ્યું તો તેમણે કહ્યું કે કારણ સ્પષ્ટ છે. "આપણે નિર્બળ મનુષ્યો છીએ. આપણે શું બોલીએ છીએ તે ઘણી વાર આપણે જાણતા નથી હોતા. આપણા અંતરના ઊંડાણમાંથી નીકળતા અત્યંત મંદ અવાજને જો આપણે સાંભળવા માગતા હોઈએ તો સતત બોલ્યા કરવાથી તે આપણે સાંભળી નહીં શકીએ." હું તે અમૂલ્ય બોધપાઠ સમજી ગયો. હું મૌનનું રહસ્ય જાણું છું. અહીં તમારી સમક્ષ હું બોલી રહ્યો છું ત્યારે એને બદલે મેં એટલું જ કહ્યું હોત કે "જ્યારે આપણી વચ્ચેથી ધુમ્મસ હટી જશે ત્યારે આપણે એકબીજાને વધારે સારી રીતે ઓળખી શકીશું." તો તે વધારે ડહાપણભર્યું થાત કે નહીં તે હું નથી જાણતો. હમણાં તમારી સમક્ષ હું બોલી રહ્યો છું ત્યારે મને કંઈક હીણપત લાગે છે. આ મિત્રો સાથે હું ચર્ચામાં જ શા માટે ઊતર્યો? પણ આ વાત હું તમને કહું છું તે એક તો મારી આ ભૂલની કબૂલાત કરવા માટે અને બીજું તમને એ કહેવા માટે કે જો તમે બીજી બાજુ જોવાની જ ના પાડશો અને હિંદ કઈ રીતે વિચારે છે તે સમજવાની જ ના કહેશો તો તમે સાચી સેવાનો તમારો વિશિષ્ટ અધિકાર ગુમાવશો. મેં મારા મિશનરી મિત્રોને કહ્યું છે કે "તમે ઉદારચરિત છો એ વાત સાચી, પણ તમે જે લોકોની સેવા કરવા માગો છો, તેનાથી તમે તમારી જાતને સાવ અલગ પાડી નાખી છે." દાર્જિલિંગના મિશનરી ભાષા વિદ્યાલયમાં મેં જે વાતચીત સંભળાવી હતી, તે અહીં મને યાદ આવ્યા વગર રહેતી નથી. ચીન માટેનું એક મિશનરી પ્રતિનિધિમંડળ ત્યાં જતાં પહેલાં લૉર્ડ સેલિસબરીને મળવા માટે ગયું. આ પ્રતિનિધિ-મંડળને સરકાર તરફથી રક્ષણ જોઈતું હતું. લૉર્ડ સેલિસબરીએ જે જવાબ આપ્યો તેના પૂરા શબ્દો મને યાદ નથી, પણ તેનો સારાંશ કંઈક આવો હતો. "ગૃહસ્થો, તમે ચીનમાં જઈને ત્યાંના લોકોને ખ્રિસ્તી ધર્મનો સંદેશો પહોંચાડવા માગતા હો તો તમે કોઈ દુન્યવી સત્તાની મદદ ન માગો. તમે તમારો જાન તમારી હથેલીમાં લઈને જાઓ, અને ચીનના લોકો તમને મારી નાખવા

Gandhi Heritage Portal

માગે તો તમે એમ માનજો કે તમે ઈશ્વરની સેવા કરતાં કરતાં મર્યા છો.” લૉર્ડ સેલિસબરીની વાત ખરી હતી. ખ્રિસ્તી મિશનરીઓ હિંદમાં આવે છે ત્યારે રાજસત્તાની છાયા નીચે અને તેના રક્ષણ નીચે આવે છે. અને એથી તેમની અને લોકોની વચ્ચે અભેદ્ય દીવાલ ખડી થાય છે.

આટલા અનાથ છોકરાઓને અમે થાળે પાડયા અને તેમને ખ્રિસ્તી ધર્મમાં લીધા, એવા આંકડા તમે મને આપો, તો તે હું સ્વીકારી લઈશ પણ તેથી એ તમારું ખરું મિશન છે એવી શ્રદ્ધા મારા મનમાં નહીં બેસે. મારા અભિપ્રાય પ્રમાણે તો તમારું જીવનકાર્ય એનાથી ખૂબ જ ચડિયાતું છે. હિંદમાં તમે માણસોને શોધી કાઢવા માગો છો. અને જો તમે તેમ કરવા માગતા હો તો તમારે દીનહીન લોકોની ઝૂંપડીઓમાં તેમને કંઈ આપવાનું છે એ રીતે નહીં, પણ કદાચ તમારે ત્યાંથી કંઈ લેવાનું છે એમ સમજીને જવું પડશે. હું ખ્રિસ્તી મિશનરીઓનો અને યુરોપિયનોનો ખરો મિત્ર હોવાનો દાવો કરતો હોવાથી મારા હૃદયમાં ઊંડે ઊંડે હું જે અનુભવી રહ્યો છું તે વાત તમને કહી રહ્યો છું. હિંદની આમજનતા સાથે આત્મસાત્ થવા માટેની ઇચ્છા, નમ્રતા, અને ગ્રહણશીલ વૃત્તિનો મને તમારામાં અભાવ દેખાયો છે. મેં તમને મારા અંતરની વાત કરી છે. તમારા હૃદયમાંથી તેનો પ્રત્યુત્તર મળે એમ ઇચ્છું છું.

ભાષણને અંતે પ્રશ્નો પૂછવાને જણાવવામાં આવ્યું હતું તેમાંના મહત્ત્વના પ્રશ્નો તથા તેમના ઉત્તરો નીચે આપ્યા છે:

પ્રશ્ન : આપના ખ્યાલ મુજબ મિશનરીઓએ આમજનતા સાથે કઈ રીતે એક થવું જોઈએ?

ઉ. : આ પ્રશ્ન જરા મૂંઝવણ ઊભી કરે તેવો છે. પણ હું કંઈક આવો ઉત્તર આપવાની હિંમત કરું. “ચાર્લી ઍન્ડ્રૂઝને પગલે ચાલો.”

શ્રોતાવર્ગમાંથી બીજા એક જણે પૂછ્યું.

મિશનરીઓએ આમવર્ગની વચ્ચે રહીને અને તેમને માટે તમારાં સૂચન પ્રમાણે ચોક્કસ કયું કામ કરવું?

ઉ. : મને સીધો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તો મારે વગર ખચકાયે જવાબ આપવો જોઈએ કે તે “રેંટિયો” છે. તમે હસો એ સ્વાભાવિક છે, પણ જો આમજનતાને મારી માફક ઓળખો તો તમે આ યાતનાના ખૂબ જ સાદા ઓજાર (અહીં ગાંધીજીએ પોતાની સાથે રાખેલી તકલી કાઢીને બતાવી) તરફ ગંભીરતાથી જોતા થશો. તમે ગરીબ ભૂખ્યા લોકો સમક્ષ ઈશ્વરને આગળ નહીં કરી શકો. તેમનો ઈશ્વર તો તેમનું ભોજન છે. જનરલ બૂથ પોતાનાં અનેક થાણાંઓનાં ટોળે વળતાં ભૂખ્યાં સ્ત્રીપુરુષોને સૌથી પહેલાં એક થાળી ભરીને સૂપ આપતો ત્યારે તે શું કરતો હતો તેની તેને ખબર હતી. તેમને બીજી ટંકનું ભોજન આપતાં પહેલાં તે તેમની પાસે તેના દીવાસળીના કારખાના માટેની લાકડાની સળીઓ તૈયાર કરાવતો. અને ત્યાર પછી તેમની પાસે ઈશ્વરની વાત કરતો. લાખો લોકો ભૂખ્યા રહે છે, તેનું કારણ એ નથી કે દેશમાં અનાજ નથી પણ તેનું કારણ એ છે કે તેમની પાસે કામ નથી. લાખો લોકોને આપી શકાય તેવું કામ એકમાત્ર રેંટિયો છે. કલકત્તાની ઇન્ડસ્ટ્રિયલ મિશન હાઉસ નામની સંસ્થાની મને ખબર છે. તે પોતાની રીતે સારું કામ કરે છે. પણ તે મૂળ પ્રશ્નના અંશ માત્રને પણ સ્પર્શતી નથી. આ ૧૯૦૦ માઈલ લાંબા અને ૧૫૦૦ માઈલ પહોળા દેશમાં પથરાઈને પડેલાં ઝૂંપડાંઓમાં કામ કેવી રીતે લઈ જવું એ એક કોયડો છે. જ્યાં સુધી તમે જાતે એ કામ શીખી ન લો અને જે લોકો

Gandhi Heritage Portal

પોતાનામાંથી અને દરેક વસ્તુમાંથી કે વ્યક્તિમાંથી વિશ્વાસ ગુમાવી બેઠા છે, તેવા લોકોને દાખલો બેસાડવા માટે તમે પોતે કાંતો નહીં ત્યાં સુધી તેઓ રેંટિયાને અપનાવવાના નથી. અને જ્યાં સુધી તમે કે હું ખાદી ન પહેરીએ ત્યાં સુધી રેંટિયો કંઈ જ કામનો નથી. એટલે જ મેં લૉર્ડ રીડિંગ અથવા તો લૉર્ડ વિલિંગ્ડનને પણ એમ કહેવાની ધૃષ્ટતા કરી છે કે તમે તથા તમારા નોકરચાકરો નખશિખ ખાદી ધારણ ન કરો ત્યાં સુધી મને સંતોષ થવાનો નથી.

ત્રીજા પ્રશ્નકર્તાએ પૂછ્યું :

આપ આપની અંદર જીવંત ક્રાઇસ્ટની હાજરીનો અનુભવ કરો છો?

ઉ. : જો ક્રાઈસ્ટ નામના ઐતિહાસિક જિસસોની વાત આ પ્રશ્નકર્તા કરતા હોય તો મારે કહેવું જોઈએ કે હું કરતો નથી. પણ તેમાં ઈશ્વરનાં અનેક નામોમાંના એક નામનો નિર્દેશ હોય તો મારે કહેવું જોઈએ કે હું મારી અંદર ઈશ્વરની હાજરીનો અનુભવ કરી રહ્યો છું. પછી તેને તમે ક્રાઈસ્ટ કહો કે કૃષ્ણ કહો કે રામ કહો. અમારા ધર્મમાં ઈશ્વરનાં સહસ્ર નામો છે. અને જો મને મારી અંદર ઈશ્વરની હાજરીનો અનુભવ ન થતો હોત તો આ દુનિયામાં હું રોજ જે એટલાં બધાં દુ:ખો અને નિરાશાઓ જોઉં છું તેથી હું ગાંડો જ બની ગયો હોત, અને હુગલીમાં ડૂબી મૂઓ હોત.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૬–૮–૧૯૨૫

## ૨૭૬. અખિલ બંગાળ દેશબંધુ સ્મારક ફાળા માટે અપીલ

છેવટે અખિલ બંગાળ દેશબંધુ સ્મારક સમિતિએ ફાળો બંધ કરવા માટેની છેલ્લી તારીખ ૩૧મી ઑગસ્ટ ઠરાવી છે. હું ઇચ્છું છું કે જાહેર જનતા એ વાતની નોંધ લે કે અગાઉ આવી કોઈ તારીખ નક્કી થઈ નહોતી. છેલ્લી તારીખ આખરી જ હોવી જોઈએ, અને તેમાં ફેરફાર કરવાનો પ્રશ્ન જ ન હોવો જોઈએ. એમ છતાં મેં એવું સૂચવ્યું હતું કે આપણે ૧લી જુલાઈએ કે તે પહેલાં ભગીરથ પ્રયત્ન કરીને દસ લાખની પૂરી રકમ એકઠી કરી દેવી જોઈએ. એમાં અમે નિષ્ફળ ગયા, પણ પ્રયત્નના અભાવે તેમ થયું છે એમ હું નહીં કહી શકું. અમે વ્યવસ્થાતંત્રને અભાવે નિષ્ફળ ગયા. દેશબંધુની સ્મૃતિને એ એક સુંદર અંજલિ ગણાય કે આ અઠવાડિયું પૂરું થતાં અમે છ લાખનો ફાળો એકઠો કરી લીધો હશે. આ છ લાખ એકઠા કરવામાં અત્યાર સુધીમાં પૂરાં પાંચ અઠવાડિયાં ગયાં છે. એ જોતાં એક અઠવાડિયાનો સરેરાશ સવા લાખનો ફાળો થયો ગણાય, એટલે કે રોજના લગભગ સત્તર હજાર રૂપિયા થયા.

હવે, પૂરું સંતોષકારક નહીં તોપણ પહેલાં કરતાં કંઈક સારું તંત્ર ગોઠવાયું હોવા છતાં પણ આપણે ઉપરની સરેરાશને ટકાવી રાખી શકીશું નહીં, કારણ કે મોટા ભાગના મોટી રકમના ફાળા લગભગ થઈ ગયા છે. અગાઉના અનુભવના આધારે સમિતિએ ફાળો એકઠો કરવા માટેની તારીખ ૩૧મી ઑગસ્ટ નક્કી કરી છે. દેશબંધુ જેવાની સ્મૃતિને કાયમ રાખવા જેવા પવિત્ર હેતુ માટેના આ ફાળામાં બંગાળને માટે મામૂલી ગણી શકાય તેવી રકમ એકઠી કરવા માટે આ ઘણો લાંબો ગાળો છે. લોકોને એ યાદ હશે કે ટિળક સ્વરાજ ફાળાની એક કરોડ

Gandhi Heritage Portal

રૂપિયાની રકમ એકઠી કરવા માટે માત્ર ત્રણ જ મહિનાની મુદત ઠરાવી હતી. આ મહિનાને અંતે છ લાખ એકઠા થઈ ગયા હશે એમ માની લઈએ તો બાકીના ચાર લાખ માટે આપણી પાસે બત્રીસ દિવસ છે. એટલે રોજના સરેરાશ ૧૨,૫૦૦ રૂપિયા એકઠા કરવાના થાય. અને આપણે આવતા માસને અંતે રકમ પૂરી કરવી હોય તો આ સરેરાશથી નીચે ઊતર્યે નહીં ચાલે. અને જે લોકો આ ફાળો એકઠો કરી રહ્યા છે, અને જેમને બંગાળની આબરૂની અને આ ફાળાની સફળતાની ચિંતા છે, તેઓએ રોજની ઉપર કહી તે સરેરાશ જાળવી રાખવાની વાતને પોતાની આબરૂનો સવાલ બનાવવો જોઈએ. હું સમગ્ર બંગાળની શાળા તથા કૉલેજોના આચાર્યોને તેમની ફરજની યાદ આપું છું. હું જાણું છું કે ભણતાં છોકરાછોકરીઓ પણ પોતાનો ફાળો આપવા કોઈ પણ જેટલાં જ ઉત્સુક હોય છે. તેઓ માત્ર તેમને કોઈ હાકલ કરે તેની જ વાટ જોતાં હોય છે. હું એ પણ જાણું છું કે દેશબંધુના અહેસાન નીચે આવેલા કેટલાક જમીનદારોએ પણ હજી પોતાનો ફાળો મોકલ્યો નથી. તેમને હું તે રકમ આપમેળે મોકલી આપવા આદરપૂર્વક વિનંતી કરું છું.

એ પ્રમાણે બધી જ બહેનોએ પણ પોતાના ભાગની રકમ મોકલી નથી. મને એમ કહેવામાં આવે છે કે તેમના પતિના ફાળામાં તેમનો ફાળો આવી જાય છે. હું આ અભિપ્રાયથી સાદર જુદો પડું છું. ટિળક સ્વરાજ ફાળા વખતે મેં કર્યું હતું તેમ તેઓ દરેક પોતાનાં ઘરેણાં અને હાથખરચીની રકમ આપે એવી મારી માગણી છે. હું તેમને એવી વિનંતી કરીશ કે જે કંઈ તેમનું પોતાનું કહેવાતું હોય તે તેમણે ફાળામાં આપવું જોઈએ, અને તે તેમના પતિઓ પાસે ફરી માગવું ન જોઈએ; એમ થાય તો જ પોતે કંઈક ગુમાવ્યું છે એમ તેમને નહીં લાગે. માત્ર ત્યાગનો આનંદ જ બાકી રહેશે. આ જ ભાવનાથી સેંકડો સ્ત્રીઓએ પોતાનો ફાળો આપ્યો છે. જો દેશબંધુનું સ્મરણ તેમને મન સંઘરવા જેવી વસ્તુ લાગતી હોય અને પૂરતાં સાધનોથી સજ્જ એવી સ્ત્રીઓ માટેની હૉસ્પિટલ તથા એવી જ સજ્જ નર્સિંગ માટેની તાલીમની સંસ્થા આ ફાળામાંથી ઊભાં થવાનાં છે એ ઉદાત્ત હેતુ તેમના દિલમાં વસતો હોય, તો તેઓ તેમની બહેનોનું અનુકરણ કરે એવી જ વિનંતી હું તો કરું.

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૨૯–૭–૧૯૨૫

Gandhi Heritage Portal

## ૨૭૭. શૌકતઅલીને પત્ર

૧૪૮, રસા રોડ,
કલકત્તા,
જુલાઈ ૨૯, ૧૯૨૫

મારા પ્રિય મિત્ર અને ભાઈ,

પેગંબર વિષે પોતાના માસિકમાં લખેલો એક લેખ એના તંત્રીએ મને મોકલી આપ્યો છે. આ લેખના કારણે અમદાવાદમાં ઉશ્કેરાટભરી સભાઓ ભરવામાં આવી છે. તા. ૨૯મી મેનો ખિલાફતનો અંક પણ એમણે મને મોકલી આપ્યો છે.

લેખ અવિનયી કે નિંદાત્મક નથી. જે ઉશ્કેરણી થઈ આવી છે તે થઈ આવવાનું કાંઈ કારણ હોય એમ મને લાગતું નથી. જે લખાણ છે તે કોઈ અજ્ઞાનીનું છે. લેખકે કોઈ સારું જીવન-ચરિત્ર વાંચ્યું હોય એમ લાગતું નથી. કુરાન તો એણે નથી જ વાંચ્યું. યુરોપનાં સામયિકોમાં હોય તેવો, પેગંબરના જીવનનો અંદાજ એણે આપ્યો છે. લેખકે મારો અભિપ્રાય માગ્યો છે અને એને, મેં તમને કહ્યું એવું કહ્યું છે. એમણે મોકલેલો ખિલાફતનો અંક જો મેં ન જોયો હોત તો હું તમને આ પત્ર લખીને તકલીફ આપત નહીં.

મારો અભિપ્રાય એવો છે કે ખિલાફતમાંના લેખના લેખકે વિના કારણે લાગણીઓને ઉશ્કેરી છે. કુતૂહલ ખાતર આ અંકનાં બીજાં પાનાંઓ પણ હું વાંચી ગયો. મારે કબૂલ કરવું જોઈએ કે મને નથી ગમી એની ભાષા અને નથી ગમ્યો એનો સામાન્ય ઝોક. એનાં લખાણો "મૂર્ખાઓ", "ગધેડાઓ", "નરાતાર જૂઠાણાં" અને એવાં બીજાં વિશેષણોથી અલંકૃત થયેલાં છે. મને લાગે છે તમારે એની ભાષા ઉપર અંકુશ મૂકવો જોઈએ. કાળજીપૂર્વક અને સારી ભાષામાં લખાયેલો એક પણ ફકરો મારા વાંચવામાં આવ્યો નથી. મને ખાતરી છે કે પોતે અયોગ્ય ભાષા વાપરી છે એનું, લેખકને પોતાને પણ ભાન નહીં હોય.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

Gandhi Heritage Portal

# ૨૭૮. ઍંગ્લો-ઇન્ડિયનોની સભામાં ભાષણ[1]

જુલાઈ ૨૯, ૧૯૨૫

વાતચીતની શરૂઆતમાં જ હું આપને જણાવી દઉં એ વધારે સારું છે કે આ આપણા થોડાક લોકોનો નાનકડો સુંદર સમારંભ છે અને તેથી હું એમાં પહેલેથી તૈયાર કરેલું કોઈ ભાષણ આપવા માગતો નથી. હું એને એક વાતચીતનું સ્વરૂપ આપવા માગું છું.[2]

પ્રમુખ[3]સાહેબે એમના ભાષણના અંતમાં જે ભાવ દર્શાવ્યો તે વિષે મારે જે કહેવાનું છે તે હું પ્રથમ કહું. એમણે મારી સમક્ષ જે દૃષ્ટિબિંદુ રજૂ કર્યું છે તેની હું કદર કરું છું. એક સમય હતો કે જ્યારે હું પણ વફાદારી વિષે આવું બધું કહી શકતો હતો. પણ તમે જાણો છો કે છેલ્લાં છ વર્ષથી હું વફાદારી વિષે નહીં, પણ બેવફાઈ વિષે બોલી રહ્યો છું. એમ નથી કે જેની તેની સામે બેવફાઈ કરવાની હું હિમાયત કરી રહ્યો છું. હું તો જે કાંઈ અસત્ય હોય, જે કાંઈ અનૈતિક હોય અને જે કાંઈ ખરાબ હોય તેની સામે બેવફાઈ કરવાનું કહી રહ્યો છું. મારા વિષે કાંઈ ગેરસમજૂતી ન થાય એ માટે આ બાબત મારે સ્પષ્ટ કરવાની જરૂર છે. કોઈ પણ સંસ્થા જ્યાં સુધી મારા અને પ્રજાના વિકાસમાં મદદરૂપ હોય, ત્યાં સુધી હું એને વફાદાર રહું. પણ જે ઘડીએ મને લાગે કે આ વિકાસમાં મદદરૂપ થવાને બદલે બાધા નાખનારી છે તે ઘડીએ એની સાથે બેવફાઈ કરવી એ મારી ફરજ છે એમ હું માનું છું. હું એક ક્ષણ માટે પણ એમ કહી શકું એમ નથી કે હાલની સરકાર પ્રત્યે — એટલે કે સરકારની હાલની પદ્ધતિ પ્રત્યે — હું વફાદાર છું. હું સ્પષ્ટ કરવા માગું છું કે હિંદુસ્તાનનું મનુષ્યત્વ હણનારી અને એનાં સત્ય અને સાધનોને હણનારી રાજ્યપદ્ધતિનો — જે પદ્ધતિ, એનો અમલ કરનાર માટે તેમ જ જેમના ઉપર એનો અમલ કરવામાં આવે છે તેમના માટે નીચું જોવડાવે એવી છે તે પદ્ધતિનો — નાશ કરવા હું મારી જિંદગીની ક્ષણે ક્ષણે પ્રયત્ન કરી રહ્યો છું.

પણ મને લાગે છે કે આ પાયાના પ્રશ્ન વિષે આપણામાં મતભેદ છે એમ સ્વીકારીને આપણે આગળ ચાલવું જોઈએ. અને તમારી અને મારી વચ્ચે, તમારી અને — જો હું કહી શકું તો — આપણા આ સુંદર દેશના જનસમૂહ વચ્ચે, સંબંધ ધરાવતી હોય એવી કોઈ બાબતો છે કે નહીં એ આપણે વિચારવું જોઈએ. હિંદુસ્તાનના ભાવિમાં શું રહેલું છે એની આપણને ખબર નથી. બહુ બહ તો આપણે એટલું કહી શકીએ કે એ ઘડવું એ આપણા હાથમાં છે અને આપણે બધા, જેઓના નસીબે અહીં ભેગા રહેવા લખાયેલું છે તેઓ, એને જેવું બનાવવા માગીએ તેવું એ હશે. પણ આ દેશમાં વસતાં લાખો માણસોના જાન ઉપર આપણો કાબૂ નથી એટલે આનાથી વિશેષ આપણે કાંઈ જાણતા નથી. પણ દરેકે આશાવાદી બનવું જોઈએ. અને તો પછી આ દેશનું ભાવિ ઉજ્જ્વળ જ છે એમ માનવું જોઈએ. મતલબ કે સ્થિતિ એવી હોવી જોઈએ કે દરેક જણ પોતાની જાત માટે કહી શકે કે "હું આ દેશ માટે જીવું છું અને આ દેશ માટે મરીશ." તેથી હું ઇચ્છું છું કે તમે આ પ્રશ્નને સેવાભાવે વિચારો. અને તમે એ

૧. ગાંધીજીએ વેલેસ્લી સ્ક્વૅરમાં સાંજે ઍંગ્લો-ઇન્ડિયન સભામાં ભાષણ આપ્યું.

૨. ફૉરવર્ડના ૩૦–૭–૧૯૨૫ના અંકમાંથી આ પૅરેગ્રાફ લીધો છે.

૩. ડૉ. મોરેનોએ કહ્યું હતું કે વફાદારી એ ઍંગ્લો-ઇન્ડિયનોનો ધર્મ હતો.

Gandhi Heritage Portal

રીતે વિચારશો ત્યારે પેલી મનદુ:ખની વાત વીસરાઈ જશે. જ્યારે કોઈને ખરેખર સેવા જ કરવી હોય છે ત્યારે "વફાદારી" અને "બેવફાઈ"ની વાતો નિરર્થક બની જાય છે.

હું આજે અહીં અતિ નમ્રભાવે અને સંપૂર્ણ મિત્રાચારી અને શુભેચ્છાના ભાવથી તમારી પાસે આવ્યો છું. મારાં સતત ભ્રમણોમાં હું કેવળ હિંદુઓ કે કેવળ મુસલમાનોના જ સંપર્કમાં નથી આવ્યો, પણ હરેક પ્રકારના અને હરેક સ્થિતિમાંના લોકોનો સંપર્ક મેં જાણીજોઈને સાધ્યો છે. હું આશા રાખું છું કે જે કોઈ મને મળવા માગતા હોય તે મને મળી શકે એવો પ્રબંધ કરેલો છે. એટલું જ નહીં પણ લઘુમતીઓને મળવા માટે હું સામે ચાલીને ગયો છું. સૌથી મોટી લઘુમતી મુસલમાનોની છે એટલે હિંદુસ્તાનમાંની વધુમતીના પ્રતિનિધિ તરીકે હું માનું છું કે, મુસલમાનો મારી સલાહ માન્ય ન રાખે તોપણ એમની મિત્રાચારી સાધવી એ મારી ફરજ છે. તમારી સંખ્યા તો એમના જેટલી નથી જ. એટલે જ્યારે જ્યારે મને તક સાંપડી છે ત્યારે ત્યારે તમને મળવા માટે મેં આનાકાની કરી નથી. પણ મારે અહીં સ્પષ્ટતાથી કબૂલ કરવું જોઈએ કે ઍંગ્લો-ઇન્ડિયનોએ મારી એ લાગણીનો ઉદારતાથી જવાબ વાળ્યો નથી.

એમની સાથેનો મારો સંપર્ક મોટે ભાગે રેલવે ગાડીમાં બંધાયો છે. આનું કારણ એ છે કે ગમે તેમ પણ એ લોકો જાહેર સભામાં આવવાનું પસંદ કરતા નથી. કદાચ એમ પણ હોય કે આવી સભાઓ રાજદ્રોહીઓની જ હોય એમ એ માનતા હોય. અને વફાદારીને તમે તમારો સિદ્ધાંત ગણ્યો છે એટલે આવી સભાઓ તમને અણગમતી લાગે એ સમજી શકાય એવું છે. પણ આગગાડીના ડબામાં હું તમારી સાથે ઠીકઠીક હળીમળી શક્યો છું.

ઍંગ્લો-ઇન્ડિયનોએ બીજા હિંદીઓથી પોતાની જાતને કેવી રીતે અલગ પાડી દીધી છે એનો તમને એક જ દાખલો આપું. યુવાન અગર બાળકો સાથે હળવામળવાના પ્રસંગો હું છોડતો નથી. એક વખત અજમેરથી કેટલાક નિશાળિયાઓ મારા ડબામાં ચડ્યા. એમના મોઢામાંથી નીકળતી અખૂટ વાણી હું સાંભળી રહ્યો હતો. મને જોઈને એકે કહ્યું, "એ તો કોઈ જંગલી માણસ હશે." બીજાએ કહ્યું, "એ નાગો છે." ત્રીજાએ કહ્યું, "એણે પૂરાં વસ્ત્ર પણ પહેર્યાં નથી." કોઈએ કહ્યું, "એ સાધુ છે." કોઈએ વળી કહ્યું, "એ રખડેલ છે." થોડા વખત સુધી તો મને અણગમો થયો. પણ પછી મને લાગ્યું કે, એમને ફળ આપું તો કાંઈક સંબંધ બંધાય. મેં ફળ ધર્યાં. એક જણે એક ફળ લીધું. પછી વાતો ચાલી. એમણે કહ્યું કે "અમે મહાત્મા ગાંધી વિષે સાંભળ્યું છે." થોડીક જ વારમાં અમે મિત્રો થઈ ગયા અને એ જેવા હતા તેવા મેં એમને દેખ્યા. એઓ મને ઓળખી ગયા પછી સભ્યતાથી વર્તવા લાગ્યા. અને એ સભ્યતા એટલે કૃત્રિમતા. એમનું વર્તન જોઈને દેખાઈ આવે કે એમને બીજા બધાથી સાવ અલિપ્ત રાખવામાં આવે છે. એમાંના એક જણને દેશી મીઠાઈ બહુ ભાવે. પણ બીજાઓના દેખતાં એ ખરીદવાની એની હિંમત નહોતી. એ કહે, "કોઈ મને દેખે નહીં ત્યારે જ હું એ મીઠાઈ ખાઉં છું." એ માનતો હતો કે પોતે હિંદી નથી અને કોઈ એને આમ કરતાં દેખે એ એને ગમતું નહોતું. એના દેશબાંધવોથી અલગ રહીને જ જીવવાનું શીખવનાર એની શાળાના શિક્ષણનું જ આ પરિણામ છે. મેં એને કહ્યું,

"તમારામાં હિંદુસ્તાનનું જ લોહી છે. એના માટે તમારે માન લેવું જોઈએ. એનાથી શરમાવા જેવું કાંઈ નથી. હું જાણું છું કે અમે તમને આવું કાંઈક કહીએ છીએ ત્યારે એ તમને ખૂંચે છે."

Gandhi Heritage Portal

હું તમને બીજો કિસ્સો સુણાવું. એક સરસ ઍંગ્લો-ઇન્ડિયન ભાઈ મને એક વખત મળ્યા. એમણે દિલ ખોલીને વાત કરી. એ કહે, "મને મહિને ચારસો રૂપિયાનો પગાર મળે છે, પણ મારાં બાળકો માટે કાંઈ પણ બચત હું મૂકી જાઉં એમ મને લાગતું નથી. મેં પંદર વર્ષ નોકરી કરી છે. છતાં મારું માંડ પૂરું થાય છે. મારે મારી શક્તિ ઉપરાંત ખરચ કરવું પડે છે કારણ કે અમારે પૂરેપૂરા યુરોપિયનની માફક રહેવું જ જોઈએ. આ, હું તમને કહું છું; કોઈ યુરોપિયન સમક્ષ હું આમ બોલી શકુ નહીં."

આ સાંભળીને મને કારી ઘા લાગ્યો. મને લાગ્યું આ તો માણસાઈ સામે અપરાધ છે. આ બધું શું, થોડા પૈસા માટે? નિરર્થક શોભા માટે? એ પોતે ખ્રિસ્તી હતા – આદર્શ ખ્રિસ્તી હતા. એમના વર્તનમાં કશું જ કહેવાપણું નહોતું; અને બહારથી એ ભભકાદાર દેખાતા હતા છતાં એમનું અંતર કોરાતું હતું કારણ કે એ કૃત્રિમ જીવન ગુજારતા હતા.

મેં તમને બે અસરકારક કિસ્સા સુણાવ્યા. હવે તમે જ વિચારો કે શું કરવું જોઈએ? જે અશક્ય છે તે બનવા તમે ઇચ્છો છો કે તમે જે છો – શુદ્ધ હિંદી – તે બનવા ઇચ્છો છો?

એક બીજી વાત તમને કહું. તમે તો જાણતા જ હશો કે તમે દક્ષિણ આફ્રિકામાં જાઓ, ઑસ્ટ્રેલિયામાં જાઓ, કે બ્રિટિશ સામ્રાજ્યના કોઈ પણ રાજ્યમાં જાઓ, એ લોકો જેવું વર્તન મારા તરફ રાખશે તેવું જ વર્તન તમારા તરફ રાખશે. તમને પણ કાળી ચામડીના ગણશે અને તમારું કોઈ ખાસ સ્થાન નહીં હોય. તમારામાંથી કોઈની ચામડી ગોરી હશે તો તે, આગંતુક અધિકારીને છેતરી શકશે, પણ તમારાં સગાંવહાલાં અને તમારાં બાળકો તમને ઉઘાડા પાડી દેશે. આ સ્થિતિ છે. ત્યાં રંગભેદ બહુ તીવ્ર છે. તમે પણ માનસિક લકવાવાળા ગણાશો. ડૉ. મલાન અત્યારે કહે છે કે "અમે તમને કાઢી મૂકીશું નહીં." પણ એ, હિંદીઓને દક્ષિણ આફ્રિકામાં ભૂખે મારશે, અને એમ કરીને દેશ છોડવા ફરજ પાડશે. આમ કરીને એ અતિ શુદ્ધ દંભ આદરશે. લૉર્ડ મોર્લીએ વર્ણવ્યા મુજબનો આ દુષ્ટ રંગભેદ ઇંગ્લંડમાં પણ આપણને નડે છે. આનો મુકાબલો કરવાનું કામ તમારું છે. જેમાંથી તમે પેદા થયા છો તે હિંદુસ્તાનની જનતા સાથે તમે એકરૂપ થાઓ તો આશા જરૂર છે – તમારા માટે, મારા માટે અને જેને તમે વફાદાર છો એ સરકાર માટે પણ.

"હું તો કહું છું કે તમે હિંદીઓ અને અંગ્રેજો વચ્ચે એક પુલ સમાન બની શકો છો. કોઈ જાતની ઈજા વિના, નુકસાન વિના, અને કોઈ પણ પ્રકારની અગવડની લાગણી વિના, એ બંને, એના ઉપર થઈને આવજા કરી શકે. પણ તમારામાં જો સિમલાની ટોચે પહોંચવાની આકાંક્ષા હોય તો મારે એટલું જ કહેવાનું કે એ ટોચે પહોંચવું તમારા માટે અશક્ય છે; અને તમારા નસીબે તો – સારા હિંદુસ્તાનના નસીબે પણ – ગરીબાઈ જ રહેશે. ઍંગ્લો-ઇન્ડિયન કોમ મહત્ત્વની, બહાદુર અને હોશિયાર છે, પણ તમે સાચી વસ્તુ નહીં પિછાનો અને અશક્ય વસ્તુ પાછળ ફાંફાં મારશો તો તમારો નાશ જ છે. તમારા આવા વલણના કારણે તમે જનતાથી વિખૂટા પડી જશો. અને હિંદીઓ તેમ જ યુરોપિયનો બંનેથી તમે વિખૂટા થઈ જશો.

આનો એક દાખલો હું તમને આપું. એ મેં નજરે જોયેલી વાત છે. કાઠિયાવાડના એક ઍંગ્લો-ઇન્ડિયન બૅરિસ્ટરની આ વાત છે. ધંધા અંગેના કામ સિવાય એમની ઑફિસમાં કોઈને પણ જવાની મનાઈ હતી. એમણે એમનાં માબાપને પણ ત્યાં મળવા આવવા દીધાં નહીં. એમની પ્રૅક્ટિસ સારી હતી. એ પૈસા કમાતા હતા અને ચેસ રમવા માટે, હવાનિયન સિગાર પીવા માટે અને દારૂ પીવા માટે એમની પાસે સમય અને ધન હતાં. પોલિટિકલ એજન્ટ તરફથી

Gandhi Heritage Portal

એમને પાર્ટીઓ માટે પણ આમંત્રણ મળતું અને નાચસમારંભ માટે પણ નિમંત્રણ મળતું. મેં પોતે આવા સમારંભોમાં હાજરી આપી છે. મેં જોયું કે આ સભારંભોમાં હિંદીઓ તેમ જ યુરોપિયનો બંને એમની અવગણના કરતા હતા. એમની આ દુર્દશાનું ચિત્ર હજી મારી આંખ આગળ તરવરે છે.

ઍંગ્લો-ઇન્ડિયન ભાઈઓ, આપણા રાષ્ટ્રીય જીવનની આ કટોકટીની પળે હું તમને કહેવા માગું છું કે તમે હિંમતભેર નિર્ણય કરી લો કે તમારે હિંદી જનતાથી અલગ પડી, દૂર રહી, યુરોપિયનોની રીતભાતથી રહેવું છે કે કેમ. તમે ધ્યાનમાં રાખજો કે હું તમને અંગ્રેજોથી અલગ પડી જવાનું કહેતો નથી. મારા મનથી પહેલાં હતા એના કરતાં આજે એઓ વધુ કીમતી છે કારણ કે આજે હું મારું નૈસર્ગિક જીવન જીવી રહ્યો છું. એક વખત હતો કે જ્યારે હું એમની વાંદર-નકલ કરતો હતો, એ વખતે મારું જીવન નાની બાબતોથી દોરવાઈ જતું હતું. પણ એક અમૂલ્ય પળે મેં એ બધીને હિંદી મહાસાગરમાં પધરાવી દીધી અને ત્યજી દીધી. મેં મારા મનને કહ્યું, હવે આમાંનું કશું મને ખપે નહીં. સેજ્વીકે લાક્ષણિક ઢબે કહ્યું છે, તેમ મેં પણ કહ્યું કે હવે મારે હાલની સંસ્કૃતિનું શાહીચૂસ બનવું નથી. ત્યાર પછી લોકો મારા તરફ વધુ પ્રેમ બતાવે છે અને વધુ પ્રમાણમાં આવે છે. યુરોપમાં આજે મારા જેટલા મિત્રો છે તેટલા મારી જિંદગીમાં કોઈ દિવસ નહોતા. એનું કારણ એ છે કે મેં બધી કૃત્રિમતાને તિલાંજલિ આપી દીધી છે. આ બધું હું બોલું છું એમાં હું કદાચ તોછડો લાગતો હોઈશ, પણ દેખાવના વિનય કરતાં તોછડાઈ સારી. તેથી હું તમને કહું છું કે, તમે આ વાંદરવેડા મૂકી દો, જનસમુદાયનો વિચાર કરો અને એમની સાથે ભળો. એમ કરીને એમને ઊંચા લાવો અને દુનિયાને હિંદુસ્તાનની માનવતાનો એક સુંદર નમૂનો બતાવો — કે જેમાં, દરેક જાતિ, પોતપોતાની ખાસ વખાણવા-લાયક ખાસિયતો અને પોતાનામાં જે ઉત્તમ છે તે સાચવી શકે છે, અને છતાં બધા એકબીજા સાથે હળીમળી શકે છે. જો તમે માનો તો આમ કરી બતાવવું એ તો તમારો હક છે.

અત્યાર સુધી મેં તમારી ફરજ વિષે કહ્યું. કુદરતી રીતે જ તમે જાણવા માગો કે મારી ફરજ શું છે? જોકે હું હિંદુસ્તાનનો વાઇસરૉય હોઉં તો — પણ હું જાણું છું કે હું કોઈ દિવસ એ બનવાનો નથી; પણ ધારો કે હોઉં તો — હું તો તમને પસંદગીનો હક આપું અને કહું કે તમારે જે જોઈએ તે માગી લો. હું બધા જ પક્ષોના નેતાઓને બોલાવીને એમની સમક્ષ આ સૂચના મૂકું. પછી તમારા જેવા, કે જેમની સંખ્યા ઓછામાં ઓછી છે તેમને કહું કે, સૌથી પહેલી પસંદગી કરવાનો હક તમારો છે. નોકરોની ભરતીમાં લાયકાતનું ધોરણ રાખવાનું કહું. ઉમેદવારને હું ફક્ત એટલું જ પૂછું, "તમારામાં પુરુષત્વ — અગર સ્ત્રીત્વ — કેટલું છે? સમય આવે એને પહોંચી વળવા તમારામાં તાકાત છે?" જો આ કસોટીમાંથી એ પાર ઊતરે તો જે જાતિની સંખ્યા સૌથી ઓછી છે, તે જાતિમાંથી પ્રથમ પસંદગી કરું. આમ હું દરેક લઘુમતી કોમને ન્યાયપુરઃસર પસંદગી કરવાનું કહું. પણ દરેકે એટલું ધ્યાનમાં રાખવાનું કે આમાં હિંદુસ્તાનનું ભલું શામાં છે, એ સૌથી પહેલું જોવાનું જોઈએ. આ હું તમને કહું છું એમાં કોઈ શબ્દજાળ છે એમ ન માનશો. મારો એવો લેશમાત્ર હેતુ નથી કે ફક્ત હિંદુઓ જ આનો લાભ લઈ શકે. હિંદુસ્તાનનું ભલું એટલે એમાં વસતી સૌ કોમોનું ભલું — એકલા હિંદુઓનું, કે એકલા મુસલમાનોનું અગર તો કોઈ પણ એક કોમનું નહીં. હું તમારી ખુશામત ન કરું અને તમને ખોટા પંપાળું પણ નહીં. પણ તમારી જે વાજબી માગણી હોય તે જરૂર સ્વીકારું.



Gandhi Heritage Portal

પણ આ કોઈ કાયદો કરીને કરવું? હું તો ના પાડું છું. કારણ કે એનો તો એ અર્થ થાય કે આપણી વચ્ચે કોઈ ત્રીજા પક્ષની હાજરી આવશ્યક ગણાય. મુસલમાન ભાઈઓને પણ મેં આ જ કહ્યું છે. દક્ષિણ આફ્રિકામાં સ્મટ્સને પણ મેં આ જ કહ્યું હતું. તેથી મારું કહેવું એમ છે કે તમારાં તેમ જ બીજી બધી લઘુમતીઓનાં હિતો કાયદાથી નહીં પણ મારા અને સ્વરાજીઓ વચ્ચે જેવા કરાર થયા છે તેવા, સામસામી સ્વેચ્છાએ કરેલા કરારથી રક્ષવાં જોઈએ. જ્યાં સુધી તમને બહુમતીવાળાઓની ન્યાયબુદ્ધિમાં શ્રદ્ધા ન હોય ત્યાં સુધી આવા સ્વેચ્છાએ કરેલા કરારથી તમને રક્ષણ મળવું જોઈએ. જેઓ આ કરાર કરે તેઓ એની શરતો મુજબ વર્તવા બંધાયેલા છે. જો તેઓ આવા કરાર જે કાગળ ઉપર એ લખાયા હોય, તે કાગળને કેવળ કાગળનો ટુકડો જ સમજીને વર્તે તો તમને વચન આપનારનું ડોકું એના ધડથી જુદું પાડજો. જો કરારનું પાલન કરવામાં ન આવે અને એની શરતો પાળવામાં ન આવે તો એનો ભંગ કરનાર ઉપર તમે વેર લઈ શકો છો. તમને જે ગમે તે તમે કરજો.

હું નથી માનતો કે મેં તમને આટલું બધું કહીને થકવ્યા હોય. મેં તો મારા હૃદયમાં છે તે સાવ ચોખ્ખું અને ચટ કરીને તમને કહ્યું છે. એના ઉપર કોઈ ઓપ નથી, અને સંપૂર્ણ મિત્રાચારીના ભાવે કહ્યું છે. તમે પણ આ જ ભાવથી એ સ્વીકારો એમ ઇચ્છું છું.

ત્યાર પછી ગાંધીજીએ સવાલો પૂછવા હોય તો પૂછવા સૂચવ્યું. સૌથી પહેલાં ડૉ. મોરેનોએ પૂછ્યું :

પ્રશ્ન : હિંદીકરણની જે યોજના તમે રજૂ કરી છે તેમાં, અમને તો એમ લાગે છે કે ઍંગ્લો-ઇન્ડિયનોને નુકસાન થશે. એવું થાય તો તમારું વલણ કેવા પ્રકારનું હશે?

ગાંધીજી : મારા હાથમાં હોય તો હું એક પણ ઍંગ્લો-ઇન્ડિયનને કાઢી મૂકું નહીં.

પ્ર. : તમે કૉંગ્રેસનું સુકાન સ્વરાજીઓને સોંપી દીધું છે અને છતાં તમે સર્વ પક્ષના કાર્યક્રમની વાતો કરો છો. સ્વરાજીઓની ગચ્ચાં નાખવાની નીતિને ઍંગ્લો-ઇન્ડિયનો કેવી રીતે સાથ આપી શકે?

ગાંધીજી : મેં સ્વરાજીઓના હાથમાં કૉંગ્રેસનું સુકાન મૂકયું નથી. મેં તો ફક્ત મારી અને એમની વચ્ચે જે કરાર થયા હતા તેમાંથી જ એમને મુક્તિ આપી છે. હું ઇચ્છું તોપણ કૉંગ્રેસ કોઈને સોંપી દઈ શકું નહીં. જે બન્યું છે તેનો એટલો જ અર્થ છે કે મતાધિકાર અંગે જે ઠરાવ થયેલો છે તેમાં ફેરફાર કરવો કે નહીં એ મુદ્દા વિષે દરેક જણ પોતાનો નિર્ણય જણાવી શકે. બેલગામમાં કૉંગ્રેસને બિનરાજકીય સંસ્થા બનાવવામાં આવી હતી તે, હવે મુખ્યત્વે રાજકીય સંસ્થા બનશે. પરિણામે હવે રાજકીય ઠરાવો લાવી શકાશે અને કૉંગ્રેસ બિનરાજકીય સંસ્થા હોવાના કારણે જેઓ એમાં દાખલ થઈ શકતા નહોતા તેઓના માર્ગમાંથી હવે એ અંતરાય દૂર થશે. આથી એમ ન કહી શકાય કે કૉંગ્રેસ સ્વરાજીઓની જ થઈ જશે. હા, એટલું ખરું કે એ મોટે ભાગે રાજકીય સંસ્થા બની જશે. એ વાત ખરી છે કે આજે સ્વરાજીઓ જ બહુમતીમાં છે, પણ એનું કારણ તો એ છે કે બીજાઓ દૂર રહ્યા છે. અને સ્વરાજીઓ બીજા કરતાં વધુ સંખ્યામાં હોય તો એનું કારણ એ છે કે બીજાઓનું કાંઈ સંગઠન નથી. સ્વરાજીઓ ગચ્ચાં નાખશે એમ તમે કહ્યું. પણ એ તો નરસાં કામ માટે પણ હોઈ શકે અને સારાં કામ માટે પણ હોઈ શકે. એટલું તો ખરું જ કે તમે કૉંગ્રેસથી દૂર રહીને સ્વરાજીઓનો સામનો કરી શકશો નહીં. હું તો કહું છું કે તમે મોટી સંખ્યામાં કૉંગ્રેસના સભ્યો બનો અને ઇચ્છો તો સ્વરાજીઓને એમની નીતિ બદલવાની ફરજ પાડો.

Gandhi Heritage Portal

પ્ર. : વસ્તીના પ્રમાણમાં ધારાસભામાં બેઠકો મળે એ પ્રમાણેની હાલની પદ્ધતિમાં અમને તો એકેય બેઠક મળવાનો સંભવ નથી. તો પછી અમારાં હિતો તમે કેવી રીતે જાળવશો?

ગાંધીજી : સ્વરાજની યોજના ઘડતાં પહેલાં હું તમને પૂછું કે તમારે શું જોઈએ છે? જે કરાર થાય તેના દસ્તાવેજની શરતોનો જાહેર સ્વીકાર થાય. સમાજમાં નીતિ છે એમ માનીએ તો ઍંગ્લો-ઇન્ડિયનો તેમ જ બીજી લઘુમતીઓને અન્યાય થાય એવું ન બને એમ જરૂર માની શકાય.

પ્ર. : મિસિસ બેસન્ટે તૈયાર કરેલ કૉમનવેલ્થ ઑફ઼ ઇન્ડિયા બિલના નિવેદનમાં તમે કેમ સહી નહોતી કરી?

ગાંધીજી : મેં પહેલાં કહ્યું છે અને આજે પણ કહું છું કે લૉર્ડ બર્કનહેડ તરફથી જો મને તાર મળે કે જો હું એમાં સહી કરું તો આ બિલ એઓ પસાર કરશે તો હું તારથી મારી સંમતિ મોકલી આપીશ. પણ મેં સહી નહોતી કરી એનું એક જ કારણ હતું — મારે અપમાન વહોરવું નહોતું. જ્યારે મને ખાતરી થઈ કે એ બિલને રદ્દી કાગળની કચરાટોપલીમાં નાખવાનું છે — અને મને ખાતરી હતી કે એ લોકો એનું બીજું કરે પણ શું — ત્યારે એમાં સહી કરવાનું મને વાજબી લાગ્યું નહોતું. અત્યાર સુધીમાં મેં અનેક અપમાનો વેઠયાં છે, પણ સામે ચાલીને મેં એ માગી લીધાં નહોતાં. મારા માથામાં જ્યારે એ મારવામાં આવ્યાં છે ત્યારે એ મેં હસતે મોઢે સહન કરી લીધાં છે. પણ આ કિસ્સામાં તો અપમાન માગી લેવા જેવું હતું. અને એને માટે હું તૈયાર નહોતો. એમના આ વલણનો ઇશારો આજે જ મને મળી ગયો છે. એ કેવી રીતે, એ તમને કહું. હિંદી સરકારને બહુ જ નિર્દોષ ભાવે મેં એક વ્યવહારુ સૂચના કરી. દેશબંધુ દાસે પોતાનો ભાગ ભજવ્યો હતો અને તમે તો જાણો છો કે રાજકીય કેદીઓનું હિત એમના હૈયે કેટલું હતું. મેં સરકારને કહ્યું, "લોકોને તાત્કાલિક અસર કરે એવું એક ઔદાર્ય ભરેલું કામ તમે કરશો? તમે આ કેદીઓને છોડશો? જો એટલું કરશો તો બે હેતુ સરશે. એક તો દેશબંધુની સ્મૃતિમાં અમને છોડયા છે એમ એ લોકો માનશે અને તેથી એ સ્મૃતિના પ્રતીક રૂપે અમારામાં મૂકેલા વિશ્વાસનો અમારે ભંગ ન કરવો જોઈએ એમ વિચારશે. અને આમ થતાં સરકાર સામે એમના મનમાં જો કાંઈ કાંટો હશે તો એ નીકળી જશે. અને બીજું, આમ કરીને સરકાર એક મહાન નૈતિક જીત મેળવશે અને વાટાઘાટોનું વાતાવરણ સ્વચ્છ કરી શકશે." પણ લૉર્ડ બર્કનહેડે તો કહ્યું : "હાલનો વિરોધ શમાવવા માટે હિંદીઓ જે કંઈ સૂચનો કરે તેનો વિચાર કરવા તૈયાર છું, પરંતુ ગાંધી તરફથી જે સૂચન કરવામાં આવ્યું છે તે વ્યવહારુ નથી." હું તમને કહું, આનાથી વધુ વ્યવહારુ સૂચન કરવાની આવડત મારામાં નથી. પણ મારું સૂચન કચરાની ટોપલીમાં પધરાવી દેવામાં આવ્યું છે. એટલે જો આવી નાની બાબતોમાં પણ સરકાર દાદ ન આપે તો કૉમનવેલ્થ ઑફ઼ ઇન્ડિયા જેવી મોટી બાબત ચર્ચવામાં શો ફાયદો છે? મિસિસ બેસન્ટ તો મહાન આશાવાદી છે અને જોકે એ પણ મારી માફક અરધી ઉંમર વટાવી ગયાં છે. તોપણ એ માને છે કે આને માટે એમણે કામ કરવું જોઈએ.

પ્ર. : તમે કહો છો એમ અમે ઍંગ્લો શબ્દ અમારી જાતિના નામમાંથી મૂકી દઈએ અને કૉંગ્રેસમાં જોડાઈએ. પણ એ વચગાળાના સમય માટે તમે શું સૂચવો છો? થોડાઘણા પણ જે લાભો અમને મળે છે તે અમે ખોઈશું અને બદલામાં અમને કાંઈ નહીં મળે.

ગાંધીજી : આ એક બહુ જ સીધો અને સાફ પ્રશ્ન છે. તમારું એમ કહેવું છે કે કેટલીક બાબતોમાં તમારી ગણના યુરોપિયનોની કક્ષામાં થાય છે. મેં તમને કહ્યું છે કે એ વધુ પડતા લાભો તમારે છોડી દેવા જોઈએ. તમે હિંદી ઑક્ઝીલિયરી દળમાં જોડાઈ શકો એમ તમે કહ્યું છે. હું

Gandhi Heritage Portal

તો તમને એમ કહું છું કે તમે સરકારને સગર્વ કહી દો કે અમારે કોઈ ખાસ લાભો જોઈતા નથી. એ અમને પતન તરફ અને ગરીબાઈ તરફ ઘસડે છે. તમે જનસમુદાયની દૃષ્ટિએ વિચાર કરો— અને નહીં કે ધર્માધિકારીઓની સત્તાની દૃષ્ટિએ. તમારામાંથી જે ઉપલા થરના છે તેઓ યુરોપિયનોમાં ભળી જવા માગે છે. જાણો કે એ તમારી મહત્ત્વાકાંક્ષા ફળીભૂત થવી અશકય છે. તમારામાંથી જે નીચલા થરના છે તેઓ ઇચ્છે કે ન ઇચ્છે પણ સમય જતાં બીજા હિંદીઓમાં ભળી જવાના છે. પણ આ ન છૂટકે ભળી જવાનું લાભકર્તા નથી. તમે પૂછશો, જો આમ જ હોય તો અમારે સ્વેચ્છાએ કેવી રીતે ભળી જવું? હું તમને કહું કે તમે સહીસલામતીની કોઈ ખોટી ભ્રમણામાં રહેશો નહીં. હું તો તમને એટલું કહું કે હાલ તમે જે કૃત્રિમ જીવન જીવી રહ્યા છો તે વિના સંકોચે તજી દો. હિંદીઓ સાથે તમે ઓતપ્રોત થઈ જાઓ. પછી જો એ લોકો તમને દગો દે તો તમે એમની સામે દંડ ઉઠાવજો; પણ ફરીથી યુરોપિયન થવાનો મોહ છોડી દેજો. તમે લઘુમતીમાં છો તેથી દબાઈ જવા હું તમને કહેતો નથી. ઊલટું, કેટલીક વખતે આ સ્થિતિ ખાસ લાભકર્તા નીવડે છે. મેં અનેક વખત કહ્યું છે કે હું એકલો—એકની જ સંખ્યાવાળી લઘુમતી—બની જાઉં તો મને ગમશે કારણ કે લોકોના પ્રેમને લીધે જે કૃત્રિમ વધુમતી મને મળે છે તેનાથી મારો વિકાસ રૂંધાય છે. એ નડતર ન હોય તો સામનો કરવા આજે હું તૈયાર થાઉં. મારી તરફના આંધળા પ્રેમથી હું ફુલાઈ જાઉં એમ નથી, તેમ જ લોકસમુદાયનો પ્રેમ મેળવવા માટે મારા સિદ્ધાંતમાંથી હું લેશમાત્ર ચળું એમ પણ નથી. અંગ્રેજો નહીંવત્ સંખ્યામાં છે; અને છતાં એમનું અસ્તિત્વ નાબૂદ થઈ જવાનો એમને ડર નથી. અલબત્ત, એમની આ સહીસલામતી બંદૂકના જોરે છે. પણ જો એઓ વેળાસર ચેતશે નહીં તો એક દિવસ એ જ એમનો નાશ કરશે. તમે તમારા આત્માના બળ ઉપર આધાર રાખો કે તલવારના બળ ઉપર આધાર રાખો. જે ઠીક લાગે તે કરો. પણ હાલની પતિત દશામાંથી તો નીકળો જ.

પ્ર. : લૉર્ડ બર્કનહેડ કાયમ એમના સ્થાને ન પણ હોય. જો તમે આશાવાદી હો તો પછી ભવિષ્ય માટે ચિંતાતુર શા માટે રહો છો?

ગાંધીજી : હું પ્રખર આશાવાદી છું, કારણ કે મને મારી જાતમાં વિશ્વાસ છે. હું આ કહું છું એમાં તુમાખી દેખાય છે; નહીં? પણ હું તો આ અતિ નમ્રભાવે કહું છું. ઈશ્વર સર્વસત્તાધીશ છે એમ હું માનું છું. હું સત્યનો પૂજારી છું, અને તેથી આ દેશના બલકે, મનુષ્યજાતિના ઉજ્જ્વળ ભવિષ્ય માટે મને લેશમાત્ર શંકા નથી. લૉર્ડ બર્કનહેડને જે કહેવું હોય તે કહે. હું તો માણસના "ડહાપણ"ને ડહોળી નાખનાર ઈશ્વરમાં આસ્થા રાખનાર છું. એ એક અઠંગ જાદુગર છે અને મેં મારી જાતને એના હાથમાં મૂકી દીધી છે. પણ એ કચકચાવીને કામ લે એવો છે. તમારામાં જે કાંઈ ઉત્તમ હોય તેનાથી જરાય ઓછું એ લેતો નથી. મને પોતાને તો રાજકર્તા બદલાય એનું કાંઈ જ મહત્ત્વ નથી. હું મારી જાત તરફથી બહુ આશા રાખું છું અને તેથી જ હું આશાવાદી છું. હું જાણું છું કે એ આશા ફળીભૂત થઈ નથી, પણ એનું કારણ એ છે કે હું સંપૂર્ણ નથી. જો હું સંપૂર્ણ હોત તો આજે તમારી સાથે બધી ચર્ચા કરવાની જરૂર ન હોત. હું જ્યારે સંપૂર્ણ હોઈશ ત્યારે પ્રજાને તો મારે માત્ર એક બોલ જ કહેવાનો હશે અને તે, એ ઉઠાવી લેશે. હું આ સ્થાન સંપૂર્ણ સેવા કરીને પામવા માગું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १३–८–१९२૫

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક આઠમું

Gandhi Heritage Portal

# ૨૭૯. નોંધ

## હિંદના દાદાની શતાબ્દી

આવતા સપ્ટેમ્બરની ૪થી તારીખે દાદાભાઈ નવરોજીની શતાબ્દી છે. એ વાતનું સ્મરણ કરાવવું જરૂરી હોય તો શ્રી ભરૂચાએ તે કરાવ્યું છે. તેમના જીવનકાળ દરમ્યાન આપણે તેમને હિંદના દાદા કહેતા તે યોગ્ય જ હતું. હિંદની રાષ્ટ્રીયતાના તેઓ જનક હતા. કૉંગ્રેસના શબ્દભંડારમાં તેમણે પહેલી જ વાર સ્વરાજ શબ્દ ઉમેર્યો. અને સ્વરાજ માટે તેઓ લોકમાન્ય જેટલી જ ઉત્કટ ભાવના ધરાવતા હતા. તેમની દેશની સેવા લાંબા કાળની, એકધારી અને નિ:સ્વાર્થી હતી. તેમણે આપણને લોકોની ગરીબાઈ સમજતાં શીખવ્યું. એ વિષય પરના તેમના લેખો હજી આજે પણ આપણા દેશભક્તો માટે પાઠ્યપુસ્તક જેવા છે. તેમણે રજૂ કરેલા આંકડા આજે પણ મેખ મારી ન શકાય એવા પ્રમાણભૂત છે. તેમનું ચારિત્ર્ય નિષ્કલંક હતું. આપણે હિંદનાં આવા ઉદારચરિત પુરુષની શતાબ્દી કઈ રીતે ઊજવીશું? જ્યાં જ્યાં કૉંગ્રેસનો ધ્વજ ફરકતો હોય ત્યાં ત્યાં સભાઓ તો થવી જ જોઈએ. હું ઇચ્છું છું કે આ બધી સભાઓ એવી નક્કર કામકાજ માટેની સભાઓ બનવી જોઈએ, જે આપણને આપણા ધ્યેય તરફ થોડાં ડગલાં ચોક્કસ આગળ લઈ જશે. દાદાભાઈ હિંદના ભણેલા વર્ગના પ્રતિનિધિ હોવા છતાં તેમણે હમેશાં દેશની ગરીબ જનતાનો જ વિચાર કર્યો હતો. તેમનો આત્મા એ જનતા વચ્ચે જ રહેતો. તેમના સ્વપ્નના સ્વરાજમાં આ ગરીબ જનતાના આર્થિક ઉદ્ધારની વાતનો સમાવેશ થતો હતો. આપણા ભણેલા વર્ગને આમજનતાની નજીક લાવવા માટે રેંટિયો અને ખાદી જેવું બીજું કયું સાધન છે? આ સભાઓમાં દેશબંધુ ચરખા અને ખાદી સ્મારક માટેનો ફાળો એકઠો કરવાનું કામ કરવું જોઈએ એવું મારું સૂચન છે. સભાઓમાં હાથકાંતણ અને ખાદીના ઉપયોગ વિષે ઠરાવો પસાર કરવામાં આવે. જ્યાં જ્યાં ખાદીનો વધારાનો જથ્થો છે, ત્યાં સ્વયંસેવકો એ દિવસ ખાદીફેરી માટે અર્પણ કરે. આજથી જે લોકોને નવરાશ હોય તેઓ પોતાનો આખો દિવસ સારું સૂતર કાંતવામાં ગાળે ને એ સૂતર સભા વખતે રાષ્ટ્રને સમર્પણ કરી દે.

મારાં આ સૂચનો છે. તે દરેકને પસંદ નયે પડે. જેમને મારી સલાહ ન ગમતી હોય તે લોકો ભલે પોતાને ગમતી કોઈ બીજી રીત અખત્યાર કરે. પણ હું આશા રાખું છું કે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના બધા પક્ષો પ્રસંગને શોભે એવી રીતે આ શતાબ્દી ઊજવે.

## ચીનની દુર્દશા

મને આશા છે કે યંગ ઇન્ડિયાના વાચકોએ કૅન્ટનની રાષ્ટ્રીય સરકારના વિદેશ ખાતાના કમિશનરનો મને મળેલો લાંબો કેબલ વાંચ્યો હશે. આ કેબલ દુનિયાના બીજા કેટલાક ભાગોમાં પણ મોકલવામાં આવ્યો છે એમ સ્પષ્ટ દેખાય છે.

આપણે હિંદના લોકો ચીનને તેની આ આપત્તિમાં કઈ રીતે ઉપયોગી થઈ શકીએ તે મને સમજાતું નથી. આપણે પોતે જ આજે મદદ માગવાની હાલતમાં છીએ. જો આજે આપણા પોતાના દેશના વહીવટમાં આપણો અવાજ હોત તો આપણા હિંદી સૈનિકોની બંદૂકોથી ચીનના નિર્દોષ વિદ્યાર્થીઓ તથા બીજા લોકોને સસલાંની માફક વીંધી નાખવામાં આવે એવી અધમ અને નીચું જોવડાવનારી ઘટનાને એમ ને એમ ચલાવી લીધી ન હોત — અલબત્ત, કેબલમાં કહેલી હકીકત સાચી માનીએ તો. એટલે અત્યારે તો આપણે માત્ર ઈશ્વરને પ્રાર્થના જ કરી શકીએ કે તે

Gandhi Heritage Portal

આ આપત્તિમાંથી તેમને બચાવે. પણ ચીનની આ પરિસ્થિતિ આપણને એ વાતની યાદ આપે છે કે આપણી ગુલામી માત્ર આપણને જ નુકસાન કરતી નથી પણ આપણા પાડોશીઓને પણ નુકસાન કરે છે. એ ઉપરાંત એ વાત પણ આમાંથી સ્પષ્ટ રીતે તરી આવે છે કે હિંદને કેવળ લૂંટી શકાય તેટલા માટે જ એને પરાધીન રાખવામાં આવે છે એમ નથી, પણ એને લીધે બ્રિટનને ચીન જેવા પ્રાચીન દેશને પણ લૂંટવાનો મોકો મળે છે.

જો કોઈ જવાબદાર ચીનવાસી આ લખાણ વાંચે, તો અહીં અમે જે પદ્ધતિનો એટલે અહિંસાનો ઉપયોગ કરી રહ્યા છીએ, તેના તરફ હું તેનું ધ્યાન દોરીશ. ચીનાઓએ સમજવું જોઈએ કે તેઓ સંખ્યાની દૃષ્ટિએ દુનિયાનું મોટામાં મોટું રાષ્ટ્ર છે. તેમની પાસે ઉજ્જવળ પ્રણાલિકાઓ છે. તેઓ આપણી માફક નિચોવાઈ ગયેલા નથી. જો તેઓ અહિંસા ને સત્યના માર્ગનો આશ્રય લેશે તો તેમનો વિજય નિશ્ચિત છે એટલું જ નહીં પણ ઘણો નજીક છે. ૪૦ કરોડની વસ્તી ધરાવતા દેશને યુરોપિયન અને જાપાનીઝ મહત્ત્વાકાંક્ષાના બોજા નીચે કચડી નાખી શકાશે નહીં. પરદેશી શોષણમાંથી ચીન કેવળ પોતાના આંતરિક શાંતિપૂર્ણ પ્રયત્નથી જ મુક્ત થઈ શકે. જો તે પરદેશી કાપડના બહિષ્કારમાં સફળ થાય તો તે તેના પર તેમનો કાબૂ જમાવી રાખવાનું પરદેશી સત્તાઓનું પ્રલોભન દૂર કરી શકે.

### અખિલ હિંદ ચરખા સંઘ

કૉંગ્રેસ જ્યારે મુખ્યત્વે કરીને રાજકીય સંસ્થા બની ગઈ હશે અને તેમ છતાં જો તેને કોઈ ને કોઈ સ્વરૂપે આમજનતાનું પ્રતિનિધિત્વ જાળવી રાખવું હશે તો હિંદભરમાં ચરખા સંઘ જેવી સંસ્થા ઊભી કર્યા વિના ચાલવાનું નથી. આ સંઘ જ મતાધિકારના કાંતણ વિભાગનું નિયમન અને વિકાસ સાધી શકશે અને તે કાંતનાર સભ્યોનું સૂતર એકઠું કરી કાંતણ તથા ખાદીની પ્રવૃત્તિ પર જ પોતાની સમગ્ર શક્તિ કેન્દ્રિત કરશે.

જો આવો સંઘ અસ્તિત્વમાં આવે તો તે કેવળ ધંધાકીય હોવો જોઈએ, તે એક કાયમી સંસ્થા બનવી જોઈએ, કૉંગ્રેસના રાજકારણમાં થતી ભરતીઓટની અસરથી એ મુક્ત રહેવી જોઈએ. એટલે તેની કારોબારી પણ ઠીક પ્રમાણમાં કાયમી હોવી જોઈએ. તેણે ખાદીનું સેવાકાર્ય વ્યવસ્થિત રીતે ગોઠવવું જોઈએ. એટલે તે ગ્રામસંગઠનનું પ્રતિનિધિત્વ કરશે અને સાથે સાથે તેને વિકસાવશે. રેંટિયાનો સંદેશો તે દૂર દૂરનાં ગામડાં સુધી પહોંચાડશે અને એ રીતે પહેલી જ વાર ગામડાંના લોકો પાસેથી ધન ખેંચી જવાને બદલે તેમની વચ્ચે ધનની વહેંચણી કરવાનું કામ કરશે. તે સંસ્થા ગામડાંઓમાં શાંતિમય પ્રવેશ કરશે અને થોડા જ સમયમાં તેમાંથી સાચા રાષ્ટ્રીય જીવનનો પ્રવાહ વહેવા લાગશે. તે દુનિયામાં હજી સુધી જોવા ન મળ્યો હોય તેવો સહકારી પ્રવૃત્તિનો વિરાટ પુરુષાર્થ બનશે. જો તેમાં ઠીક પ્રમાણમાં કારીગરી, માત્ર થોડા પ્રમાણમાં ત્યાગ ભાવના, સામાન્ય પ્રામાણિકતા અને ધનિક તેમ જ મધ્યમ વર્ગના લોકોનો ટેકો હશે, તો તેની સફળતા નિશ્ચિત બનશે. હિંદનું ભાવિ કેવું હશે તે આપણે જોવાનું છે.

### એક ગેરસમજ

એક પ્રતિષ્ઠિત મુસલમાન સજ્જને અમારા બંનેના એક મિત્ર મારફતે બે પ્રશ્નો મને મોકલ્યા હતા. અને તેનો જવાબ મેં ૧૬મી[૧] જુલાઈના યંગ ઇન્ડિયામાં આપ્યો હતો. તેના અનુસંધાનમાં એ મિત્ર મને લખે છે કે બીજો સવાલ સમજવામાં મેં ભૂલ કરી છે.

૧. અહીં ૯મી જુલાઈ હોવી જોઈએ. જુઓ "નોંધ", ૯-૭-૧૯૨૫નું પેટામથાળું "બે મુશ્કેલીઓ".

Gandhi Heritage Portal

જો એ પ્રશ્ન તેમણે પૂછયો હોત તો એના જવાબ માટે મેં આપને એક મિનિટ પણ આપવા ન દીધી હોત. કોઈ પણ મુસલમાન આવો સવાલ પૂછે, તે તદ્દન ઉદ્ધતાઈમાં જ ખપી જાત, પણ ગરીબ બિચારાએ એ સવાલ એ સ્વરૂપમાં પૂછયો ન હતો. તેમનું કહેવું આ પ્રમાણે હતું : "મહાત્માજી બંને કોમો વચ્ચેના પ્રેમ અને એકતાની વાત કરે છે. પણ આ ઘડીએ એ કામમાં નહીં આવે. માગ્યા પ્રમાણેની એકતા સાધવા માટે સી. આર. દાસે બંગાળમાં કરેલા કરારને ધોરણે તેમણે કોઈ નક્કર યોજના વિચારી કાઢવી જોઈએ.

હું આ પ્રશ્નને ખોટી રીતે સમજ્યો તે માટે દિલગીર છું. જોકે મારો ખ્યાલ એવો છે કે એ પ્રશ્નને હું જે રીતે સમજ્યો હતો, તેનાથી હું પોતે જ એવો ચોંકી ઊઠયો હતો કે મેં મારા મિત્રને એ પ્રશ્ન ફરી લખી મોકલવા કહ્યું હતું. તેમ છતાં જો પ્રશ્ન પૂછનાર મિત્રે દિલ્હીની પરિષદમાં મેં રજૂ કરેલી વ્યવહારુ યોજનાનો, અને તે પરિષદમાં થયેલા કામકાજનો બરાબર અભ્યાસ કર્યો હોત તો તે પ્રશ્ન અત્યારે જે રીતે રજૂ થયો છે તે પણ પૂછવાની તેમને જરૂર ન રહેત. હું તો એ યોજનાને હજી પણ વળગી રહું છું. અને મને લાગે છે કે આપણામાં શાણપણ આવશે ત્યારે એ જ યોજના ફરી અપનાવવી પડશે. આ યોજના ટૂંકમાં આ પ્રમાણે છે : એક મતદારમંડળ એવા મતાધિકાર હેઠળ હોવું જોઈએ જેમાં એવા બધા લોકોનો સમાવેશ થઈ શકે જેઓ મતદાર યાદીમાં નોંધાવાની પોતાની જવાબદારી બરાબર સમજી શકે, અને જે એક કોમ અને બીજી કોમ વચ્ચેના વસ્તીપ્રમાણનો સાચો પડઘો પાડતું હોય અને કોમી પ્રતિનિધિત્વ અંગેની કાર્યવાહી કાયદાના અમલની બહાર રહેવી જોઈએ. મુસલમાનોને કેટલા ટકા પ્રતિનિધિત્વ મળવું જોઈએ તેની મેં કદી ચિંતા કરી નથી. હું તો માત્ર એક વાતથી બચવા માગું છું. અને તે એ કે કોમી ભેદભાવ કાયદાના અમલ હેઠળ ન આવવો જોઈએ. સરકાર આ ટકાવારી નક્કી કરે અને તે એના અમલની જોગવાઈ કરે તે મારે નથી જોઈતું. આપણામાં અંદર અંદર ગમે તેટલો કુસંપ હોય, પણ જો આપણામાં સાચી રાષ્ટ્રીય જાગૃતિ હોય તો આપણે સરકાર સમક્ષ એક બનીને જ જવું રહ્યું. સરકાર માટે કોઈ મુસલમાન કે હિંદુ, ખ્રિસ્તી, શીખ કે પારસી, બ્રાહ્મણ કે બ્રાહ્મણેતર એવા ભેદ જ ન હોવા જોઈએ. તેને માટે તો આપણે બધા રાષ્ટ્રવાદીઓ જ હોવા જોઈએ. આ ઉકેલ કદાચ બધાને માન્ય ન હોય. પણ એમ તો નહીં જ કહી શકાય કે હું માત્ર પ્રેમની ને ઐક્યની વાતો જ કરું છું અને કોઈ નક્કર યોજના રજૂ કરતો નથી. અલબત્ત, હું આ યોજનાના સ્વીકાર માટે હમણાં કોઈ ચળવળ નથી કરતો, કારણ કે બંને કોમોના આગેવાનો પર મારો પ્રભાવ પડતો નથી એ મેં કબૂલ કરી લીધું છે.

### કૉંગ્રેસમાં ભ્રષ્ટાચાર

દરેક અઠવાડિયે મારા પર એવા કાગળો આવ્યા કરે છે કે કૉંગ્રેસના આગેવાનોમાં ભ્રષ્ટાચાર ને ગેરશિસ્ત ઘૂસી ગયાં છે અને લોકો પોતાના અંગત સ્વાર્થ માટે કૉંગ્રેસમાં દાખલ થઈને તેનો લાભ લે છે. અહીં નીચે લાક્ષણિક ઢબે લખાયેલો અને સહીવાળો એક તાજો કાગળ રજૂ કરું છું:

. . . કૉંગ્રેસ સમિતિના અધ્યક્ષે . . . કૉંગ્રેસના લગભગ ૧૩૦૦ સભ્યો નોંધ્યા. પણ તેમની પાસેથી તેના લવાજમની રકમ આવતી નથી, તેમ તેનો કોઈ હિસાબ પણ રજૂ કર્યો નથી.

Gandhi Heritage Portal

> નીતિમત્તાના કોઈ પણ ધોરણને પોતાની રીતે બાજુએ મૂકીને મંત્રી અને. . . કેટલાય વખતથી ભરાવી જોઈતી વાર્ષિક સભા બોલાવતા નથી. તેમને ડર હશે કે કદાચ તેમને કાઢી મૂકવામાં આવશે. નિયમોની વિરુદ્ધ જઈને . . . મંજૂરી વગર પગાર ચૂકવે છે. . . . એક બદનામ થયેલા શખ્સ છે. તેમણે એકઠા કરેલા પૈસાનો હિસાબ એમણે મુખ્ય માણસને આપ્યો જ નથી.

એ પત્રમાં આ ઉપરાંત પણ બીજા કેટલાક આક્ષેપો મૂકવામાં આવ્યા છે. એવી પણ ફરિયાદો આવી છે કે હિંદના કેટલાક ભાગોમાંની કૉંગ્રેસ સમિતિઓ પાસે જે રકમ ચોકસ કામ માટે આવી છે, તે તે કામમાં ન વાપરતાં બીજાં કામોમાં વાપરી નાખે છે. હું આશા રાખું છું કે જવાબદાર કૉંગ્રેસીઓ જે તે સંસ્થાઓમાં તપાસ કરે અને જ્યાં જ્યાં કોઈ પણ ભ્રષ્ટાચાર કે પૈસાનો ગેરઉપયોગ થતો લાગે, ત્યાં તેને ખુલ્લો પાડતાં ન અચકાય અને તેને દૂર કરે.

### દેશબંધુ અને હાથકાંતણ

શ્રી પ્રિય રાયે એક રેંટિયો બનાવ્યો છે, અને તેને હજી પણ વધુ સંપૂર્ણ બનાવવા મથી રહ્યા છે. તેઓ લખે છે :

> હું એક વધારાની વાત તમારી પાસે મૂકયા વિના રહી શકતો નથી. અને તે એ કે દેશબંધુ મારા આ રેંટિયા વિષે શું ધારતા હતા, અને તેનું શું કરવા માગતા હતા તે. મેં તેમને કામળા, શેતરંજી, કોટ માટેનું કાપડ તથા બીજું પરચૂરણ કાપડ જે મારા રેંટિયા પર કંતાયેલા સૂતરમાંથી તૈયાર કર્યું હતું તે બતાવ્યું હતું. અને તેમની સાથે મેં મારા વિચારો અને ખ્યાલો ખૂબ છૂટથી રજૂ કરવાની તક પણ લીધી હતી. દેશબંધુએ જે ઉષ્મા ને ઉત્સાહથી વાતો કરી અને રેંટિયા તેમ જ કાંતણ વિષેની વાતો સાંભળી, તે હું કદી ભૂલી શકું તેમ નથી. આપણા શિક્ષિત નવયુવકો પણ રેંટિયાને અનેક રીતે લોકપ્રિય બનાવી શકે છે એ વાતનું ભાન મને તેમણે કરાવ્યું. મારા રેંટિયામાં મેં જે થોડા સુધારા કર્યા, તેનાથી તે ખૂબ જ પ્રસન્ન થયેલા લાગતા હતા. અને તેમના સ્વભાવ પ્રમાણે તેમણે મને એક એવી યોજના તૈયાર કરવાનું કહ્યું કે જેમાંથી કલકત્તા કૉર્પોરેશનની આર્થિક સહાયતા વડે પ્રાથમિક શાળાઓમાં અને પાછળથી મોટા વિસ્તારોમાં મારો આ રેંટિયો તેઓ દાખલ કરી શકે. હું એ યોજના કરું તે પહેલાં તો કાળનો ક્રૂર હાથ તેમને આપણી વચ્ચેથી ખેંચી ગયો. આ યોજનાને અમલમાં મૂકી શકાય કે કેમ તે હું જાણતો નથી. પણ હું એટલું નમ્રતાપૂર્વક કહું કે જે કોઈ આવી યોજના અમલમાં મૂકવા ઇચ્છે તેમને મારી સેવા આપવા હું તત્પર છું.

મેં આ રેંટિયો જોયો છે. તે ખુરશી પર બેસીને બંને હાથ છૂટા રાખીને પગથી ચલાવી શકાય તેવો છે. પણ આ રેંટિયાની હું હજી જાહેર પ્રજાને ભલામણ કરી શકું તેમ નથી. કારણ કે બીજા સામાન્ય રેંટિયા કરતાં તેના પર સૂતરનો ઉતાર ખૂબ જ ઓછો આવે છે.

પ્રિય બાબુના રેંટિયા પર કલાકના ૩૦૦ વાર કરતાં વધારે સૂતર કંતાતું નથી; જ્યારે ખાદી પ્રતિષ્ઠાનના રેંટિયા પર વધુમાં વધુ ૮૫૦ વાર સુધી કંતાયાની નોંધ છે. જો આ શોધ કરનાર પોતાના રેંટિયામાં એવા સુધારા કરે કે જેથી તેના પર ખાદી પ્રતિષ્ઠાનના રેંટિયા કરતાં વધુ સૂતર કંતાય તો એમણે શોધેલા રેંટિયાનો વ્યાપક પ્રચાર થવામાં મુશ્કેલી નહીં આવે.

Gandhi Heritage Portal

## 'ખૂબ મોંઘી'

જમશેદપુરથી એક પત્રલેખક લખે છે કે ખાદી સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને બહુ જ મોંઘી પડે છે, તે બહુ ટકતી નથી, તે જલદી મેલી થઈ જાય છે; અને તેને સ્વચ્છ રાખવા માટે વધારાનો ખર્ચ કરવો પડે છે. અને પછી ઉમેરે છે કે "આવી પરિસ્થિતિમાં અમારા જેવા ખાદી કેવી રીતે પહેરી શકે તે આપ મહેરબાની કરીને સમજાવશો?"

અલબત્ત, આ જાતના પ્રશ્નોના ઉત્તરો આ અગાઉ આ અઠવાડિકમાં આપવામાં આવ્યા છે. પણ તે પ્રશ્નોના ઉત્તરો ફરી ફરી આપવાનું એળે નહીં જાય. આજના સંજોગોમાં તેટલા જ માપના મિલ કાપડ કરતાં ખાદી મોંઘી જ છે એમાં શંકા નથી. પણ મારો એવો પાકો અનુભવ છે કે જે લોકોએ ખાદી અપનાવી છે, તેમણે જાણ્યેઅજાણ્યે પણ પોતાનો પોશાક સાદો કરી નાખ્યો છે. તેમને મિલનાં કપડાં પહેરવામાં જેટલું કાપડ જોઈએ છે, તેટલું ખાદીમાં જોઈતું નથી. શરૂઆતમાં હાથે કાંતેલા સૂતરનો વળ બરાબર આવતો નહોતો. એને લીધે એમાંથી વણેલી ખાદી ટકાઉ નહોતી બનતી. પણ પછી સૂતરની ગુણવત્તા સુધરતી ગઈ છે. હું એમ પણ કહી શકું કે જો ખાદી ઘેર ધોવામાં આવે તો તે ધોબીને ત્યાં ધોવાય તેના કરતાં બમણો વખત ટકશે. હું એ કબૂલ કરું છું કે જો ખાદી ધોબીને ત્યાં મોકલવામાં આવે તો તેનો ધોલાઈ ખર્ચ સામાન્ય મિલ કાપડની ધોલાઈના ખર્ચ કરતાં વધુ જ આવે. તેનો એક માત્ર ઉપાય એ છે કે ખાદી ઘેર ધોવી જોઈએ, અને એ કંઈ બહુ ગભરાવા જેવી વાત નથી. ખાદીને રાતે સાબુના પાણીમાં પલાળીને રાખી મૂકવામાં આવે તો પછી બીજે દિવસે સવારે તે થોડા જ વખતમાં સારી રીતે ધોવાઈ જાય છે.

જ્યારે પત્રલેખક એમ લખે છે કે ખાદી જલદી મેલી થઈ જાય છે, ત્યારે હું સમજું છું કે તેઓ એમ કહેવા માગે છે કે ખાદી સફેદ હોવાને લઈને તેનો મેલ ઝટ દેખાઈ આવે છે. જો મેલ સંતાડવાનો હેતુ હોય, તો જેમ મિલના કાપડને રંગવામાં આવે છે, તે જ રીતે ખાદીને પણ રંગી નાખવી. અને આજે તો રંગીન ખાદી બજારમાં પુષ્કળ મળે છે. પણ મારે એ વાત અહીં કબૂલ કરવી જોઈએ કે જો મધ્યમ વર્ગ ખાદીને મિલના કાપડ સાથે કીંમતની દૃષ્ટિએ સરખાવ્યા કરશે તો ખાદી કદી વ્યાપક બની શકશે નહીં. મધ્યમ વર્ગના લોકોને ખાદી પહેરવા માટેનું પ્રેરક બળ રાષ્ટ્રીયતાની ભાવના હોવું જોઈએ અને ખાદીને લોકપ્રિય બનાવવા માટે પોતે થોડી અગવડ વેઠી લે એવી તેની પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

જો રાજ્ય લોકોના હાથમાં હોત તો તેણે ખાદીને કાયદાથી રક્ષણ આપ્યું હોત. પણ રાજ્ય પરદેશી છે, અને આ બાબતમાં વિરોધી નહીં તો ઉદાસીન તો છે જ, એ જોતાં ખાદીનું રાષ્ટ્રીય મૂલ્ય સમજનાર લોકોએ અગવડ વેઠીને પણ ખાદી પહેરવી જોઈએ અને એ રીતે તેને રક્ષણ આપવું જોઈએ અને તે હિંદમાં સર્વવ્યાપી ન થાય ત્યાં સુધી તે માટેનો વધારાનો ખર્ચ વેઠવા પણ તૈયાર રહેવું જોઈએ. પાંચ વરસ પહેલાં ખૂબ જ ખરબચડી ને ખરાબ સૂતરવાળી ખાદી મેં પોતે ૧૭ આને વારના ભાવે વેચી હતી. આવી ખરાબ ખાદી અત્યારે ક્યાંય જોવા મળતી નથી. એ ઉદ્યોગનો વિકાસ ચમત્કારિક કહી શકાય તેવો થયો છે. તે એટલે સુધી કે પેલી ખાદીથી ક્યાંય ચડિયાતી ખાદી હિંદના તે જ ભાગમાં ૯ આને વારના ભાવે વેચાતી મળે છે. ખાદીનો ભાવ નીચો લાવવા માટે બનતા બધા પ્રયત્નો કરવામાં આવે છે અને જો અખિલ હિંદ દેશબંધુ ચરખા સ્મારક સફળ થાય અને જે યોજના આજે વિચારાઈ રહી છે, તે અમલમાં મુકાય તો મને આશા છે કે આથી પણ નીચા ભાવે ખાદી મળતી થશે.

Gandhi Heritage Portal

ચિત્તાગોંગમાં મેં જે વાત કરી હતી તેની હું લોકોને યાદ આપવા ઇચ્છું છું. ત્યાં મેં કહ્યું હતું કે ખાદી મોંઘી છે, પણ સ્વાતંત્ર્ય તેનાથી પણ મોંઘું છે. અને જેમને આમજનતા પ્રત્યે લાગણી છે, તેઓ આ સંક્રાંતિ કાળમાં ખાદીને માટે વધુ પૈસા આપવા પડે તો તે માટે મનદુ:ખ નહીં રાખે.

### અપમાન અને રેંટિયો

એક પત્રલેખક લખે છે:

> સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે થોડા વખત પહેલાં એક સરકારી હોદ્દો ધરાવતા પૈસાપાત્ર માણસે મારા પર હુમલો કર્યો. મારી લાગણીઓ દૂભવવા બદલ વળતર રૂપે મારે તેની પાસે દસ રૂપિયા સ્વીકારવા પડયા. આ રકમનો સારામાં સારો ઉપયોગ મને લાગે છે કે એ છે કે હું આપને એ રકમ રેંટિયાની જરૂર હોય તેમને રેંટિયા ખરીદી આપવા માટે મોકલી આપું.

આ ડહાપણભર્યા નિર્ણય માટે હું એ દાતાને અભિનંદન આપું છું. જે દિવસે અખિલ હિંદ દેશબંધુ સ્મારકની અપીલ બહાર પડી તે જ દિવસે આ દાન મળ્યું છે અને આ સ્મારક, રેંટિયાનો સંદેશો ફેલાવવા માટેનું જ છે. એટલે આ રકમ હું એ સ્મારક સમિતિના કોષાધ્યક્ષને મોકલી આપું છું, અને મને ખાતરી છે કે યોગ્ય માણસોને એ રકમમાંથી રેંટિયા આપવામાં આવશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ३०-७-१९२५

## ૨૮૦. કૉંગ્રેસ અને રાજકીય પક્ષો

શ્રી સત્યાનંદ બોઝે મોકલેલું નીચેનું લખાણ પ્રસિદ્ધ કરતાં મને આનંદ થાય છે. તેઓ એક જૂના કૉંગ્રેસી છે. અને હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારથી તેમને ઓળખું છું. તેમણે અડાજણ (સુરત)ના મારા મરહૂમ મિત્ર સોરાબજીને મદદ કરી હતી.

> સ્વરાજ પક્ષને કૉંગ્રેસ સોંપી દેવાની તમારી દરખાસ્ત બાબતમાં જાહેર જનતાના મનમાં કેટલીક ગેરસમજ ઊભી થઈ છે.
>
> એમ કહેવામાં આવે છે કે કૉંગ્રેસ હવે પછી સ્વરાજ પક્ષના તંત્રની આંગળીએ વળગીને ચાલનારી સંસ્થા બની જશે અને દેશના જાહેર જીવનમાં તેનું જે પ્રભાવશાળી સ્થાન હતું તે ચાલ્યું જશે. સ્વરાજ પક્ષ સાથે તમે ગયે વરસે એવો કરાર કર્યો હતો કે મધ્યસ્થ અને પ્રાંતિક ધારાસભાઓનું કામકાજ કૉંગ્રેસ વતી તે પક્ષ સંભાળશે. આ શંકા એ કારણે વધુ દૃઢ થાય છે.
>
> અલબત્ત, તમે કરાર તો રદ કર્યો છે. પણ હજી એવી શંકા ઊભી થાય છે કે તમે કૉંગ્રેસને માર્ગદર્શન આપવાની તથા તેના પર કાબૂ રાખવાની સત્તા સ્વરાજ પક્ષને આપતો બીજો કરાર સ્પષ્ટ શબ્દોમાં કરશો.
>
> તમે કે મોતીલાલ નેહરુ આવો કોઈ માર્ગ વિચારી રહ્યા છો, એવું અંગત રીતે હું માની શકતો નથી.

Gandhi Heritage Portal

એ વાત નક્કી કે સ્વરાજ પક્ષ કૉંગ્રેસમાં અને કૉંગ્રેસની બહાર બહુમતી ધરાવે છે, એટલે તે અત્યારની સ્થિતિમાં અમુક અંશે કૉંગ્રેસ પર કાબૂ ધરાવશે. પણ એ પક્ષને બીજી કોઈ પણ હકીકત અને ગણતરી છતાં કરાર દ્વારા આગળ પડતું સ્થાન મળે, તેના કરતાં આ સ્થિતિ જુદી જાતની છે.

કૉંગ્રેસ બ્રિટિશ પાર્લમેન્ટના જેવી હોવી જોઈએ. પાર્લમેન્ટમાં જુદા જુદા રાજકીય પક્ષના માણસો હોય છે. અને તેમાં જેઓ બહુમતી ધરાવતા હોય છે, તેઓ તેના કામકાજનું માર્ગદર્શન અને નિયમન કરે છે. આ સ્થિતિ ચૂંટણીને કારણે હોય છે; નહીં કે બહારથી થયેલા કોઈ કરારને આધારે. હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં પણ આ બંધારણીય સ્થિતિ હોવી જોઈએ.

હું તમને વિનંતી કરું છું કે તમે તમારી સ્થિતિ સ્પષ્ટ કરો. બિનસ્વરાજવાદીઓમાં કૉંગ્રેસમાં જોડાવાની ઇચ્છા પ્રબળ બનતી જાય છે. એમના માર્ગમાં અંતરાય આવે એવું કંઈ પણ ન થાય એવી હું આશા રાખું છું.

કૉંગ્રેસ ભૂતકાળમાં હતી તેવી જ સર્વોપરી રાષ્ટ્રીય સંસ્થા રહેવી જોઈએ, પછી ભલે કોઈ પક્ષ તેની પ્રવૃત્તિ પર થોડા વખત માટે કાબૂ રાખે.

તા. ક.

લેખિત કરારો કૃત્રિમ, ગેરબંધારણીય અને બિનજરૂરી હોય છે. તેનાથી કેવળ મતભેદો ને વિખવાદ ઊભા થાય છે. બેશક, કરારોને ઊલટાવી શકાય છે. પણ કરાર કરવો જ શા માટે જોઈએ?

મને નથી લાગતું કે શ્રી સત્યાનંદ બોઝ જણાવે છે તે પ્રકારની ગેરસમજ થાય તેવું કાંઈ પણ મેં પંડિત મોતીલાલ પરના પત્રમાં લખ્યું હોય. મેં એ પત્ર માત્ર એ જ વાત જણાવવા લખ્યો હતો કે બેલગામની કૉંગ્રેસમાં શુદ્ધ રાજકીય પ્રવૃત્તિ પર જે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને જે મૂકવા માટેની જવાબદારી કેવળ મારી પોતાની હતી, તે ઉઠાવી લેવો જોઈએ.

અંગત રીતે, હું ગયે વરસે ધરાવતો હતો તે જ અભિપ્રાય ધરાવું છું કે જો શિક્ષિત હિંદીઓ ત્રિવિધ રચનાત્મક કાર્યક્રમ પર પોતાની શક્તિ એકાગ્ર કરશે તો આપણે સ્વરાજની વધુ નજીક જઈશું. પણ મારે કબૂલ કરવું જોઈએ કે મારી એ વાત હું તેમને ગળે ઉતારી શક્યો નથી. એટલે હવે મારા કરતાં પણ હિંદુસ્તાનનો શિક્ષિત વર્ગ કૉંગ્રેસનો વિકાસ કરે ને તેનું માર્ગદર્શન કરે, તેમાં મારે આડા ન આવવું જોઈએ. કારણ કે મેં તો મારું ભાગ્ય સંપૂર્ણપણે હિંદની આમજનતાની સાથે જોડયું છે, અને મારે હિંદના સુશિક્ષિત લોકો સાથે એક વર્ગ તરીકે પાયાના મતભેદો છે. હજુ પણ હું તેમની ઉપર અસર પાડવા માગું છું, પણ કૉંગ્રેસને સાથે રાખીને નહીં. એથી ઊલટું, મારી રીતે કામ કરીને શકય હોય ત્યાં સુધી મેં ૧૯૧૫થી ૧૯૧૯ સુધી જેમ કર્યું હતું તેમ હું મૂંગો મૂંગો તેમના દિલ સુધી પહોંચીશ. અનેક મોટી મોટી મુશ્કેલીઓ વચ્ચે આપણા શિક્ષિત વર્ગે દેશની જે સેવા કરી છે, તેની હું કદર કરું છું. તેમની પોતાની પાસે, કામ કરવાની એક આગવી પદ્ધતિ છે. રાષ્ટ્રીય જીવનમાં તેમનું એક આગવું સ્થાન છે. વળી એ હકીકત તરફ પણ હું આંખ મીંચી જવા નથી માગતો કે સ્વરાજ પક્ષ વિરુદ્ધ બીજું ઘણું કહેવાનું હોય છતાં તે પક્ષે કરેલા શિસ્તબદ્ધ પ્રતિકારની અસર રાજકર્તાઓ પર પડી છે. એ પ્રવૃત્તિને મદદરૂપ થવાનો સારામાં સારો ઉપાય મારે માટે એ છે કે મારે તેમના માર્ગમાંથી ખસી જવું, અને રચનાત્મક

Gandhi Heritage Portal

કાર્યક્રમ પર મારે મારી શક્તિ એકાગ્ર કરવી; અને તે પણ કૉંગ્રેસની મદદથી જ અને તેના જ નામે; અને તે પણ શિક્ષિત હિંદીઓ મને જે પ્રમાણે કરવાની રજા આપશે તેટલે જ અંશે.

હું સમજું છું કે કૉંગ્રેસમાં ગતિ લાવવાનું કામ શિક્ષિત હિંદીઓએ કરવાનું છે. એ મારું અને જેમણે હાલ પૂરતું રાજકીય દૃષ્ટિએ વિચારવાનું બંધ કર્યું છે તેમનું કામ નથી. હું માનું છું કે રાષ્ટ્રીય વિકાસક્રમમાં આ બંને જૂથો માટે સ્થાન છે. દરેક જૂથ પોતાના ક્ષેત્રમાં કામ કરતાં કરતાં બીજાને પૂરક અને મદદગાર થઈ શકે. હું મારી શ્રદ્ધા રેંટિયા અને ખાદીમાં દૃઢ કરું છું. આ એક એવો કાર્યક્રમ છે કે જેમાં દેશના અત્યંત પ્રગતિશીલ યુવાનોની શક્તિ કામે લગાડી શકાય તેમ છે. આ એક એવો પુરુષાર્થ છે કે જેમાં એક નહીં, સેંકડો નહીં પણ હજારો સ્ત્રીપુરુષોની અનન્ય સેવાની જરૂર છે. રેંટિયો તથા ખાદીની ઉપયોગિતા કે જરૂરિયાત વિષેના વાદવિવાદમાં હું ઊતરવા ઇચ્છતો નથી. ખાદી વિષે મેં જે સિદ્ધાંતો રજૂ કર્યા છે તેનો અમલ કરી બતાવવાનો સમય આવી પહોંચ્યો છે. અને આ અમલ કરવામાં મારે આ ચળવળમાં પોતાનો સહકાર અને શુભેચ્છા આપી શકે તેવા તમામ લોકોને મારી સાથે લેવા છે. અને તે તો જ બની શકે, જો રેંટિયાને કૉંગ્રેસના રાજકારણના ક્ષેત્રમાંથી દૂર કરવામાં આવે. તેથી રાજકીય મનોવૃત્તિવાળા લોકો રેંટિયાને અને ખાદીને કૉંગ્રેસમાં મુક્તપણે જેટલું સ્થાન આપે તેટલું જ સ્થાન તેનું રહેશે. તેથી મહાસમિતિ જો મારી સલાહ માન્ય કરે તો કૉંગ્રેસ મારફતે કરાતા રાજકીય પ્રચાર પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે અને તેથી સ્વરાજ પક્ષ તેમના જુદા તંત્ર મારફતે નહીં પણ કૉંગ્રેસ મારફતે જ કામ કરતો થશે. અને તે નવો કરાર કરવાના પ્રતાપે નહીં, પણ મારી અને સ્વરાજ પક્ષ વચ્ચે થયેલો કરાર રદ થવાને કારણે, અને કૉંગ્રેસના બંધારણમાં અને આ કરારને બહાલી આપતા ઠરાવમાં સુધારો થવાને કારણે થશે. એ કરારને પરિણામે અસહકાર મુલતવી રખાયો અને તેને લીધે બીજા રાજકીય પક્ષો માટે દ્વાર ખુલ્લાં થયાં. આ કરાર રદ કરવામાં આવતાં એ દ્વાર વધુ મોકળાં થશે. કારણ કે રાજકીય મનોવૃત્તિ ધરાવતા હિંદીઓને અત્યાર સુધી કૉંગ્રેસ મુખ્યત્વે રચનાત્મક કાર્યક્રમને વરેલી હોવાને કારણે એક પ્રકારનું બંધન લાગતું હતું. તે લોકોને સ્વરાજ પક્ષમાં જોડાવામાં જરા સંકોચ થતો હતો. અને કૉંગ્રેસમાં તેમની શક્તિ ને આવડત માટે પૂરતું ક્ષેત્ર તેમને દેખાતું ન હતું. પણ જ્યારે આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો છે, ત્યારે હવે તે લોકો ઇચ્છે તો પૂરા દિલથી કૉંગ્રેસમાં જોડાઈ શકશે અને કૉંગ્રેસની વ્યાસપીઠ પરથી કોઈ પણ ઠરાવ મૂકી શકશે, સ્વરાજવાદીઓ સાથે સંગ્રામ ખેલી શકશે અને એ રીતે તેમના પર અને દેશ પર અસર ઊભી કરી શકશે.

હવે ફરજિયાત સૂતર મતાધિકાર તેમને આડો નહીં આવે. રાષ્ટ્રીય પોશાક તરીકે ખાદીનો ફરજિયાત વપરાશ તેમના માર્ગમાં એકમાત્ર અંતરાય હશે. પણ એમ બને ખરું કે મહાસમિતિ મતાધિકારની એક શરત તરીકે ખાદી પહેરવાના નિયમને પણ રદ કરે. આમ કરવામાં આવશે તોપણ હું આડો નહીં આવું. જોકે એથી મને દુ:ખ તો થશે જ. કારણ કે જો આમ બનશે તો હું માનું છું કે શિક્ષિત વર્ગને આમજનતા સાથે બાંધી રાખનારી એક પ્રત્યક્ષ અને વાસ્તવિક કડી તૂટી જશે. એટલે હું આશા રાખીશ કે કૉંગ્રેસના મતાધિકારમાં ખાદીને કાયમી સ્થાન મળશે. આપણે ગૃહઉદ્યોગો ને હસ્તઉદ્યોગોને ઉત્તેજન આપવા નથી માગતા? આપણી કામ વિનાની લાખો બહેનો કાંતણ દ્વારા રોજના થોડા પૈસાની કમાણી કરે, તે આપણે નથી જોઈતું? હું એમ સમજ્યો છું કે મતાધિકારમાં એક વિકલ્પ તરીકે હાથકંતામણને કાયમી સ્થાન મળવાનું છે. આ અંગે હું માનું છું કે કંઈ વાંધો હોઈ ન શકે. એટલે મેં જે દરખાસ્તો મૂકી

Gandhi Heritage Portal

છે તે જો મહાસમિતિ સ્વીકારી લે તો દરેક શિક્ષિત હિંદી કૉંગ્રેસમાં જોડાઈ શકશે અને દેશબંધુ દાસના મૃત્યુથી અને લૉર્ડ બર્કનહેડના ભાષણથી જે અસાધારણ પરિસ્થિતિ ઊભી થઈ છે તેને પહોંચી વળે એવો એક સંયુક્ત રાષ્ટ્રીય રાજકીય કાર્યક્રમ ઘડી કાઢી શકશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦–૭–૧૯૨૫

## ૨૮૧. કૉંગ્રેસમાં બેકારી

હું મિત્રો સાથે અખિલ હિંદ દેશબંધુ સ્મારકના હેતુઓ વિષે ચર્ચા કરી રહ્યો હતો ત્યારે કેટલાક મિત્રોએ પૂછ્યું કે "જે લોકો જેલમાં છે અથવા દેશનિકાલ થયેલા છે, તેમનાં આશ્રિતોનો નિર્વાહ કરવો અને અસહકારને કારણે ભૂખે મરતા કૉંગ્રેસીઓની બેકારી ઓછી કરવી એ, આ સ્મારક ફાળાનો એકમાત્ર હેતુ નહીં તો અનેક હેતુઓમાંનો એક હેતુ શું કામ ન હોય?" મારા બંગાળનિવાસ દરમ્યાન પણ આ સવાલ અનેક રીતે મારી સામે આવતો રહ્યો હતો. હું ધારું છું કે ઉપર સૂચવવામાં આવ્યું છે તેવા હેતુ માટે આખા હિંદમાંથી અને બધા પક્ષો પાસેથી ફંડ એકઠું કરવાનું શકય નથી. રાજકીય કેદીઓ અને નજરકેદીઓનાં કુટુંબીજનોના ભરણપોષણની વાત બારીક વિચાર માગી લે છે. તે પ્રશ્ન દરેક પ્રાંત પર છોડી દેવો જોઈએ, જેથી તે, એ પ્રાંત માટે વધારેમાં વધારે યોગ્ય હોય તે રીતે એ પ્રશ્ન ઉકેલે. આ કામ માટે કોઈ કાયમી ફંડ કરવાની વાત મારે ગળે ઊતરી શકતી નથી. દક્ષિણ આફ્રિકામાં મને આ કામનો ખાસ અનુભવ મળ્યો છે અને અહીં પણ થોડો થોડો મળ્યો છે. એણે મને દેખાડી આપ્યું છે કે ઘણી વાર અયોગ્ય માણસો તેનો લાભ લઈ જાય છે ને યોગ્ય માણસો રહી જાય છે. દૂરના ભાવિની એ જાતની સંભવિત મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને એકઠું કરેલું કાયમી ફંડ, ધર્માદાનું ખાવાને ટેવાયેલા લોકો માટે એક પ્રલોભન ઊભું કરે છે. આવો અપ્રામાણિક વ્યવહાર ન થાય તે માટે દક્ષિણ આફ્રિકામાં મારે એક વસાહત સ્થાપવી પડી હતી. ત્યાં જેમને જરૂર હોય અને જે પાત્ર હોય તેમને સૌને માટે તેમાં રહેવાની, ખાવાપીવાની અને દેખભાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ એક જ વ્યવસ્થાથી એકીસાથે હજારો રૂપિયા બચાવી શકાયા, ખરેખર મુશ્કેલીમાં આવી પડેલા દરેકને માટે સગવડ થઈ શકી, દરેકને પૂરેપૂરો ન્યાય આપી શકાયો, દુઃખી લોકોને ઉત્તમ વાતાવરણમાં રાખી શકાયા, તેમને ઉપયોગી કામ આપી શકાયું, અને એવાં કુટુંબોનાં બાળકોને માટે કેળવણીનો પ્રબંધ પણ થઈ શકયો. ૧૯૨૧ની મોટી હડતાળ પછી ચિત્તાગોંગમાં મેં આવા પ્રકારની યોજના સૂચવી હતી. રાજકીય કારાવાસની સજા ભોગવતા તથા નજરબંદી કેદીઓના કિસ્સાઓમાં મેં સૂચવ્યા તેવા આકરા ઉપાયો ન યોજવામાં આવે તો દાનનો દુરુપયોગ થવાનું જોખમ રહે છે. ખરું યુદ્ધ, જો કયારેય મોટા પાયા પર થવાનું જ હશે તો તે હજી થવાનું બાકી છે. આપણે જે સ્વાતંત્ર્ય મેળવવા ઇચ્છીએ છીએ, તેને માટે આપણે પૂરતું મૂલ્ય ચૂકવવું પડશે અને જો આપણે સ્વાતંત્ર્યસંગ્રામમાં આવી પડનારી આપત્તિનો સામનો કરવા માટે ખૂબ વિચારીને કોઈ યોજના નહીં ઘડી કાઢીએ તો આપણે માટે ભૂખે મરીને નામોશીભરી શરણાગતિ સ્વીકારવાની સ્થિતિ આવે એવો સંભવ છે. એટલે હું, આ સ્મારક ફંડની વાતને

Gandhi Heritage Portal

બાજુએ રાખીને અને આ જ પ્રશ્નના ગુણદોષના આધારે જેને રાજકારણ અંગેનાં સંકટ કહેવામાં આવે છે તેને માટે કાયમી ફંડ ઊભું કરવાની વિરુદ્ધ છું.

બેકાર કૉંગ્રેસીઓનો પ્રશ્ન વધારે તાકીદનો અને કાયમી સ્વરૂપનો છે. જોકે એ વાતનો આપણે ઠરાવ કર્યો છે, છતાં હજી સુધી આપણે અખિલ હિંદ કૉંગ્રેસ સેવામંડળ કે પ્રાંતિક કૉંગ્રેસ સેવામંડળ જેવું કોઈ મંડળ ઊભું કરી શકયા નથી, તેમાં આપણી ઇચ્છા કરતાં શક્તિનો અભાવ રહેલો છે. વ્યક્તિગત રીતે મેં એકથી વધુ વાર આ પ્રશ્ન ઉકેલવાનો પ્રયત્ન કર્યો છે, પણ હું સ્વીકારું છું કે એનો કોઈ રસ્તો હું કાઢી શકયો નથી. તેમાં વધારેમાં વધારે કેટલું વેતન આપવું તે નક્કી થઈ શકયું નહીં, તેમ એમાં પગારનાં ધોરણ પણ નક્કી થઈ શકયાં નથી. એટલે જ્યાં જ્યાં કોઈ પદ્ધતિ નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, ત્યાં તે છોડી જ દેવો જરૂરી લાગ્યો છે અને દરેક કિસ્સાને તેના ગુણદોષના આધારે હાથ ધરવાનો પ્રયત્ન કરવો પડયો છે. હજી કદાચ આ માટેના કોઈ વ્યવસ્થિત સેવામંડળની રચના કરવાનું શકય નથી થઈ શકયું, પણ મને શંકા નથી કે ધીમે ધીમે પગારનાં ધોરણો ને પદ્ધતિ ઊભાં થતાં જાય છે.

કૉંગ્રેસ કાર્યકરોની સૌથી મોટી સંખ્યા બે પ્રકારનાં રચનાત્મક કામોમાં રોકાયેલી રહે છે. ખાદીમાં અને તેનાથી ઓછા પ્રમાણમાં કેળવણીમાં. પરંતુ આમાં પણ દરેક પ્રાંતે પોતાની યોજનાની જવાબદારી પોતે જ લેવી જોઈશે અને એ યોજના પણ નિયમ તરીકે સ્થાનિક મદદ પર જ આધાર રાખતી હોવાથી, ઠીક ઠીક સલામત દરખાસ્ત એ છે કે સ્થાનિક ટેકો ધરાવતું સેવામંડળ જ નીમવાને લાયક છે. કારણ, જેમની સેવા કરવાની છે તેમનો ટેકો મળે એ જ સેવાની કદરની કસોટી છે. ખુદ કૉંગ્રેસનું અસ્તિત્વ એ હકીકત પર આધાર રાખે છે કે તે સ્થાનિક જરૂરિયાતો પૂરી પાડે છે. એ કોઈ ઉપરથી ઠોકી બેસાડેલી સરકાર જેવી નથી, અને તેથી જેમના પર તે હકૂમત ચલાવવા માગે છે તેમની સહાયતાથી તે સ્વતંત્ર નથી. ખાદી અને કેળવણી એ બંને પ્રવૃત્તિઓ એવી છે કે જે સતત કામ અને સતત તૈયારી માગી લે છે. મારા પોતાના માર્ગદર્શન માટે મેં નિયમ તરીકે એવું ઠરાવ્યું છે કે જો આ બે પ્રવૃત્તિઓમાંની કોઈને પણ સ્થાનિક ટેકો નથી હોતો તો એને માટેનું કારણ તે તે કામમાં પડેલા કાર્યકરોમાં કુનેહ અને શક્તિનો અભાવ હોય છે. સુપાત્ર વ્યક્તિ ભૂખ્યે મર્યાનો એક પણ દાખલો હું જાણતો નથી. હું કૉંગ્રેસ કાર્યકર્તાઓના પ્રતિકૂળ સંજોગોના એવા કિસ્સા જાણું છું જેમાં તેઓ પ્રામાણિકપણે છતાં કષ્ટમાં જીવન ગાળતા હોય છે. પણ મને ભય છે કે આપણા ભાગ્યમાં ઉત્તરોત્તર આવું જ જીવન ગાળવાનું હજી આવ્યા કરવાનું, અને ભલે આપણામાંથી કેટલાક લોકો આપણા રાષ્ટ્રીય જીવનમાં આવેલી સાદાઈ અને કડકાઈ બરદાસ્ત કરતાં ન શીખ્યા હોય, અથવા તો કેટલાક તેમની ઘર કરી ગયેલી જૂની ટેવોને કારણે તેમની પાસે અપેક્ષા રાખવામાં આવે છે એવી સાદાઈ ને ખડતલપણું બરદાસ્ત કરવા શારીરિક રીતે અશક્ત હોય, તોપણ એટલું તો હવે સ્પષ્ટ થઈ ગયું છે કે અખિલ હિંદ દેશબંધુ સ્મારક ફાળો મુશ્કેલીમાં આવી પડેલા લોકોને મદદ કરવા માટે કે કૉંગ્રેસ કાર્યકર્તાઓને ધંધે ચડાવવા માટે ન વાપરી શકાય. આ ફાળાનો હાલમાં જે હેતુ નક્કી થયો છે, તેમાં આડકતરી રીતે તો ઉપરની બંને બાબતોનો સમાવેશ થઈ જાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦-૭-૧૯૨૫

Gandhi Heritage Portal

## ૨૮૨. ખાદી વિ૦ ખેતી

એક એમ. એ. બી. એલ. આ પ્રમાણે લખે છે :[1]

આ પત્રમાં ઉઠાવવામાં આવેલા બેકારીના સવાલનો મેં બીજે પણ વિચાર કર્યો છે. પરંતુ આ પત્રલેખક ઉપરાંત બીજાઓએ પણ ખાદીની સાથે સાથે ખેતીનો સવાલ પણ આગળ કર્યો છે; એટલે, મારા વકીલ પત્રલેખકને તે અંગે હું લખું તે યોગ્ય થશે.

સૌ પ્રથમ તો મને એમ કહેવાનું મન થાય છે કે તેમણે સૂચવેલા ખેતીના પ્રયોગને જ્વલંત ફતેહ મળે તે માટે માત્ર તેમને બે હજાર રૂપિયાની લોન મળે એ પૂરતું છે, એમ તેઓ માનતા હોય તો તેમાં તેમની ભૂલ થાય છે. ખેતી પણ કાયદાની જેમ જ ખંત અને ઊંડો અભ્યાસ માગી લે છે. વળી, આ પત્રલેખક એવા ભ્રમમાં પડેલા જણાય છે કે ભારતમાં ખાદીનો સંદેશો વસ્ત્રહીન લોકોનાં શરીર ઢાંકવા માટે પ્રસારિત કરવામાં આવ્યો છે. એથી ઊલટું, ડાંગરની ખેતીથી જે હેતુ સરે છે તે જ હેતુ ખાદીથી સરે છે. રેંટિયો લાખો લોકોને પૂરક ઉદ્યોગ પૂરો પાડશે, એટલે કે તે વડે તેમને વધારાની આવક મળશે. જેથી આજે તેમને જે અપૂરતો ખોરાક મળી રહ્યો છે, તે ખોટ પૂરી પડશે.

ખેતી એ હિંદનો મૃત:પ્રાય વ્યવસાય નથી. તે સુધારાવધારા માગી લે છે. પણ ખેતીમાં સુધારા કરવાનું રાષ્ટ્રીય સરકાર હોય તો જ શકય બને. અહીંની આમજનતાનો એકમાત્ર ધંધો ખેતી છે, પણ એમાં ઉચિત શરીરનિર્વાહ માટે તેમને જોઈએ તે કરતાં પણ થોડું મળે છે. તેથી ખેતીના ક્ષેત્રમાં વ્યક્તિગત રીતે કરવામાં આવેલા પ્રયાસોની જનતા ઉપર કોઈ અસર પડતી નથી. જો આ પત્રલેખક પોતાના ધંધાથી ખરેખર કંટાળ્યા હોય, અને તે છોડી દેવા માગતા હોય તો તેમણે હવાઈ કિલ્લા ન બાંધવા જોઈએ. તેમણે એક નિષ્ણાત કાંતનાર બની જવું જોઈએ. અને એ રીતે તેમને પોતાના ભરણપોષણ માટેના કાંતણકામમાં જ નહીં પણ ખાદી ને રેંટિયાના પ્રચાર માટે બંગાળમાં ચાલતી સંસ્થાઓમાં પણ કામ મળી રહેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૦–૭–૧૯૨૫

૧. એ પત્ર અહીં રજૂ કર્યો નથી. તેમાં પત્રલેખકે ગાંધીજીને અપીલ કરી હતી કે જો તેઓ એક કરોડનું ફંડ કરે, ને તેમાંથી ખેતીને અને નાના ઉદ્યોગોને નાણાંકીય સહાય મળે એમ કરે, તો એ રીતે બેકારીના પ્રશ્નનો ઉકેલ આવે.

Gandhi Heritage Portal

# ૨૮૩. વર્તમાનપત્રોજોગ નિવેદન

જુલાઈ ૩૦, ૧૯૨૫

મૌલાના અબુલ કલામ આઝાદ મને જણાવે છે કે અગાઉ યુરોપિયન ઍસોસિયેશન સમક્ષ મેં જે ભાષણ કર્યું હતું,[1] તેનો છાપાંઓમાં જે હેવાલ છપાયો છે, તેનાથી મુસલમાન મિત્રોમાં સારી એવી ચકચાર જાગી છે. એટલું જ નહીં પણ થોડી નારાજી પણ ઊભી થઈ છે, કારણ, કેટલાક મુસલમાન મિત્રોએ એ ભાષણમાં મારું એવું દૃષ્ટિબિંદુ જોયું કે 'મેયર'ના સ્થાન માટે હું કોઈ શક્તિશાળી અને પ્રતિષ્ઠિત મુસલમાનને મેળવી શક્યો નથી, અને મૌલાના સાહેબે પણ આવો જ અભિપ્રાય આપ્યો હતો. મારા ભાષણના જે હેવાલમાંથી આ તારણ કાઢવામાં આવ્યું છે તે હવે હું વાંચી ગયો છું. તે હેવાલ અક્ષરશઃ ઉતાર્યો નથી, છતાં જેવો છે તેવો જોતાં પણ મને નથી લાગતું કે એમાંથી ઉપર તારવ્યા મુજબનાં અનુમાનો નીકળી શકે.

મેં એવું કહ્યું હતું કે મારી સમક્ષ કોઈ મુસલમાન સજ્જનનું નામ રજૂ કરવામાં આવ્યું હોત અને હું પોતે તેને ઓળખતો હોત તો તેની શક્તિ અને પ્રામાણિકતા વિષેનો નિર્ણય મારી પાસે આવેલા મિત્રો પર છોડવાને બદલે મેં પોતે જ તેમનું નામ સ્વીકારવા માટેની બિનશરતી ભલામણ કરી હોત.

મૌલાનાએ મારી સમક્ષ સીધી કે આડકતરી રીતે એવી રજૂઆત કરી જ નથી કે કૉર્પોરેશનમાં કે તેની બહાર જેને મેયરપદનું માન આપી શકાય એવો કોઈ પ્રામાણિક કે શક્તિશાળી મુસલમાન નથી, એટલે હું જે. એમ. સેનગુપ્તાના નામની ભલામણ કરું છું. પણ તેમણે તો તે નામ સૂચવવા પાછળ માત્ર એવો રાજકીય હેતુ સૂચવ્યો હતો કે સ્વરાજ પક્ષને તેનો એક ધુરંધર નેતા ચાલ્યા ગયા પછી બને તેટલી વધારાની મદદ કરવી. મારા ભાષણના અખબારી અહેવાલમાંથી ગમે તે અર્થ ઘટાવવામાં આવતો હોય તેમ છતાં જાહેર જનતા મારી એ વાત ખાતરીથી સ્વીકારશે કે મારા કે મૌલાના સાહેબના મનમાં ઊંડે ઊંડે પણ એવો ખ્યાલ નહોતો કે મેયરપદ માટે ભલામણ કરી શકાય તેવો એકે શક્તિશાળી અને પ્રામાણિક મુસલમાન મળી શકે એમ નથી. ખરું જોતાં તો હું મૌલાના સિવાય કલકત્તામાં બીજા કોઈ મુસલમાનને બરોબર ઓળખતો ન હોઉં, ત્યારે કલકત્તામાં મેયરનું સ્થાન લઈ શકે તેવો કોઈ મુસલમાન નથી એવું વિધાન હું કરું તો તે હાસ્યાસ્પદ જ ગણાય. ખરેખર, જો મૌલાના સાહેબનું સૂચન મારી પાસે ન આવ્યું હોત અથવા આવ્યું હોત, પણ મને તે ગળે ન ઊતર્યું હોત તો મેં શ્રી સુહરાવર્દીના દાવાનો અમલ કરાવવાનું ચાલુ રાખ્યું હોત; કારણ, તેમની શક્તિ વિષે મેં થોડુંઘણું જાણ્યું હતું અને તેઓ ડેપ્યુટી મેયરના સ્થાન પર રહી ચૂકયા હોવાથી તેમની પ્રામાણિકતામાં વિશ્વાસ રાખવાનો મને અધિકાર હતો.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ફૉરવર્ડ, ૩૧-૭-૧૯૨૫

૧. જુઓ "યુરોપિયન ઍસોસિયેશનની સભામાં ભાષણ", ૨૪-૭-૧૯૨૫.

Gandhi Heritage Portal

# ૨૮૪. સ્ટેટ્સમૅનને પત્ર

11605

૧૪૮, રસા રોડ,
જુલાઈ ૩૧, ૧૯૨૫

આપના 'સવિનયભંગ' નામના લેખના જવાબને આજના સ્ટેટ્સમૅનમાં સ્થાન આપવાનું સૌજન્ય આપ દાખવશો એવી આશા છે. સવિનયભંગ માટે વાતાવરણ તૈયાર કરવાની મારી ઇચ્છા તથા યુરોપિયન ઍસોસિયેશન સમક્ષ મેં જે નિવેદન કર્યું હતું કે સહકાર માટે હું તલસી રહ્યો છું, તે બે વચ્ચે આપને વિસંગતિ દેખાય છે. યુરોપિયન ઍસોસિયેશન સમક્ષ મેં ૨૪મી એપ્રિલે ભાષણ કર્યું હતું. હું યંગ ઇન્ડિયા માટે શનિવારે લખવાનું રાખું છું, જેથી તે પછીના ગુરુવારના અંકમાં એ લખાણ છપાઈ શકે. તમે જે 'સવિનયભંગ' વિષે ઉલ્લેખ કર્યો છે, તે લેખ ૨૩મીના યંગ ઇન્ડિયામાં પ્રગટ થયેલો છે. આ તારીખો હું એટલા માટે આપું છું કે સવિનયભંગની તૈયારીનો વિચાર યુરોપિયન ઍસોસિયેશન સમક્ષ ભાષણ કર્યા પછી સૂઝ્યો નથી.

સવિનયભંગ માટેની ઇચ્છા અને સહકાર માટેની ઝંખના વચ્ચે મને કંઈ વિસંગતિ દેખાતી નથી. આપને યાદ હશે કે યુરોપિયન ઍસોસિયેશન સમક્ષનું મારું નિવેદન એક જૂની વાત યાદ કરાવનારું હતું. અસહકારના જુવાળના દિવસોમાં એક અંગ્રેજે મને ટોણો માર્યો હતો કે તમે અસહકારની વાત કરો છો, પણ ખરું જોતાં તો તમે સહકાર માટે જ તલસી રહ્યા છો. મેં તેમને ભારપૂર્વક કહ્યું કે ખરેખર હું તેમ જ કરી રહ્યો છું. અને હું કહું છું કે આજે પણ હું એમ જ માનું છું. અન્યાય સામે સવિનયભંગ કરવો એ મારે માટે કોઈ નવો સિદ્ધાંત કે વ્યવહાર નથી. એ મારી જીવનભરની માન્યતા છે ને જીવનભરનો વ્યવહાર છે. પ્રજાને સવિનયભંગ માટે તૈયાર કરવી એનો અર્થ એ છે કે અહિંસા માટે તૈયાર કરવી. પ્રજાને અહિંસા માટે તૈયાર કરવી, એનો અર્થ એ છે કે તેને રચનાત્મક કાર્યક્રમમાં યોજવી, અને મારે મન રચનાત્મક કાર્યક્રમ અને રેંટિયાનો એક જ અર્થ છે. આપ સ્પષ્ટ રીતે એમ માનતા લાગો છો કે મને અસહકાર અથવા સવિનયભંગની ચળવળ કરવા બદલ પસ્તાવો થાય છે. મને કદી એવો પસ્તાવો થયો જ નથી. હું હજી ચુસ્ત અસહકારી રહ્યો છું. જો હિંદના શિક્ષિત વર્ગને હું મારી સાથે રાખી શક્યો હોત તો હું અસહકારને તેના પૂર્ણ સ્વરૂપમાં આજે જ જાહેર કરત. પણ વ્યવહારુ માણસ હોવાથી હું મારી સામે આવીને ઊભેલી નક્કર હકીકતોને જ ગણતરીમાં લઉં છું.

હું મારા અત્યંત આદરણીય મિત્રોને ગળે એ વાત નથી ઉતારી શક્યો કે ૧૯૨૦માં અસહકારનું જે આંદોલન ઉપાડવા આપણે ઠરાવ્યું હતું, તે આજે પણ દેશને માટે એટલું જ લાભદાયી થઈ શકે તેમ છે. પણ હું એ વાત આપનાથી છૂપી રાખી શકતો નથી કે જો હું મારા સાથીઓમાં વિચારપરિવર્તન કરાવી શકું તો હું કૉંગ્રેસને ફરીથી લડાઈ શરૂ કરવા જરૂર કહું.

અંગત રીતે, હું મારી નબળી સ્થિતિમાં સરકાર સાથે સ્વૈચ્છિક સહકાર કરવાનું પસંદ ન કરું. એ તો એક ગુલામનો સહકાર થયો. હું મારી નિર્બળતાનો સ્વીકાર કરું છું અને તેથી માત્ર સહકાર માટેની ઇચ્છા પ્રગટ કરીને સંતોષ માનું છું, અને હું મારી તાકાત વધારીને તે ઇચ્છા પૂરી કરવા માગું છું. જો હું હિંસામાં માનતો હોત તો હું એ વાત છુપાવત નહીં અને તેનાં પરિણામો માટે તૈયાર રહેત. પણ હું એ વાત જાહેર રીતે દેશ સમક્ષ મૂકવા માગું છું, અને તે



ગાંધી સ્મારક સંગ્રહાલય અમદાવાદ
Gandhi Heritage Portal

પણ એવી અસંદિગ્ધ ભાષામાં મૂકવા માગું છું કે જ્યાં સુધી દેશ બ્રિટિશ સંગીનોનો હિંદી સંગીનો વડે મુકાબલો કરવા તૈયાર નહીં થાય ત્યાં સુધી તેને માટે સ્વાતંત્ર્યની કોઈ આશા નથી, તેમ સરકાર સાથે માનભર્યો સહકાર કરવા માટે પણ અવકાશ નથી. આજની પરિસ્થિતિ જોતાં હું સંગીનો ચલાવવાના સિદ્ધાંતમાં માનતો નથી. વળી, હું એમ પણ માનું છું કે સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે એ હિંદમાં કદી સફળ થવાની નથી. એટલે, એનો વિકલ્પ હોવો જરૂરી છે, અને તે છે સવિનયભંગ.

આપના અભિપ્રાય મુજબ તે હિંસા જેટલો જ ભયંકર છે, અને જો સરકારનો પણ એવો જ મત હોય તો તેણે મને દાબી દેવો જોઈએ, કારણ કે જેલમાંથી છૂટયા પછી મેં એક પણ ક્ષણ એવી જવા નથી દીધી કે જેમાં મેં મારી જાતને કે દેશને સવિનયભંગ માટે તૈયાર કરવાનો પ્રયત્ન ન કર્યો હોય. પૂરી નમ્રતા સાથે આપને હું એ વાત પણ જણાવું છું કે મારા ક્રાંતિવાદી મિત્રો પોતની તમામ હિંસક પ્રવૃત્તિ બંધ કરે અને એ રીતે મને સહકાર આપે અને હું અહિંસાનું વ્યાપક વાતાવરણ ઊભું કરી શકું તો હું આજે જ સામૂહિક સવિનયભંગનું આંદોલન જાહેર કરું અને એ રીતે માનભર્યા સહકાર માટેની ભૂમિકા તૈયાર કરું. મારે કબૂલ કરવું જોઈએ કે ૧૯૨૧માં તેમ કરવામાં હું નિષ્ફળ ગયો, અને જ્યારે મેં જોયું કે ચૌરીચૌરાએ મને છેહ દીધો છે ત્યારે સવિનયભંગ જાહેર કર્યાના ચોવીસ કલાકમાં જ એને મોકૂફ રાખવાની પણ જાહેરાત કરતાં હું જરાય અચકાયો નહીં. અને તે પછી દેશમાં જે વ્યાપક નિરાશા આવી તેનાં પરિણામોનાં જોખમ ઉઠાવતાં પણ હું અચકાયો નથી.

અને હું હિંદુમુસ્લિમ ઐક્ય, અને રેંટિયો તથા ખાદી વિષે સતત ભાર દઈને કહ્યા કરું છું, તેનું કારણ પણ એ જ છે કે સવિનયભંગ માટે જરૂરી એવું અહિંસક વાતાવરણ ઊભું થાય. મારે એ વાતનો એકરાર કરવો જોઈએ કે નજીકના ભવિષ્યમાં હિંદુમુસ્લિમ ઐક્ય સિદ્ધ થવા બાબતમાં હું નિરાશા અનુભવી રહ્યો છું. અસ્પૃશ્યતા ધીમે ધીમે પણ ચોક્કસપણે હઠવા લાગી છે. અને રેંટિયો પણ ધીમી ગતિએ છતાં મક્કમપણે આગળ આવી રહ્યો છે. દરમિયાન દેશનું ક્રૂર રીતે થતું શોષણ ઝડપથી આગળ વધી રહ્યું છે. એટલે હું વ્યક્તિગત સ્વરૂપના કોઈ અસરકારક સવિનયભંગની એવી યોજનાઓ વિચારી રહ્યો છું કે જેથી કદાચ આ ગરીબ દેશને ભલે કાંઈ પણ રાહત ન મળે છતાં જે લોકો અહિંસામાં શ્રદ્ધા ધરાવનારા છે તેમને એ કાર્યક્રમ દ્વારા એટલું તો આશ્વાસન જરૂર મળી રહે કે આ સમગ્ર રાષ્ટ્રનું હીર હરી લેનાર બંધનમાંથી દેશને મુક્તિ અપાવવા માટે એ લોકોએ કોઈ પણ પ્રયત્ન બાકી રાખ્યો નહોતો.

વળી, મારે એ પણ કબૂલ કરવું જોઈએ કે મારી પાસે તૈયાર ઘડેલી યોજના નથી. કારણ, જો તેવી યોજના હોત તો હું તે આપનાથી કે દેશથી છાની ન રાખું. પણ હું તો અહીં મારું મન કઈ રીતે કામ કરે છે તેનો ચિતાર આપું છું. ખોટા બહાના નીચે અંગ્રેજોની શુભેચ્છા મેળવવાની કે ટકાવી રાખવાની મને ઇચ્છા નથી. જેવી રીતે હિંદના રાજનીતિજ્ઞો પાસે શરતો રજૂ કરતી વખતે જેમ સરકાર, પોતાનું અસ્તિત્વ ને સ્થિરતાની ખાતરી કરવા સાવચેતી અથવા તૈયારી રાખવામાં જરાય કસર કરતી નથી, તેવી જ રીતે જ્યારે સરકાર દેશની ઇચ્છાઓનો અનુકૂળ જવાબ આપવામાં નિષ્ફળ નીવડે, ત્યારે પોતે આધાર રાખી શકે એવા શસ્ત્રથી સજ્જ થવાના પ્રયત્નમાં દેશ જરાય કચાશ ન રાખે એવું હું ઇચ્છું છું.

આપ જાણતા હશો (કારણ પત્રવ્યવહાર પ્રસિદ્ધ થઈ ચૂકયો છે) કે પોતાના બિલ પરના ડૉ. બેસંટના જાહેરનામામાં દેશબંધુએ પોતાની સહી કરી નથી. તેનાં કારણોમાંનું એક એ હતું

Gandhi Heritage Portal

કે એ બિલ નામંજૂર થાય તો તેની સામે શાં પગલાં લેવાં તેનો તેમાં કંઈ જ ઉલ્લેખ નહોતો. એ પગલું સવિનયભંગ જ હતું. બ્રિટિશ સરકાર દેશ પાસે સમાધાનની શરતો રજૂ કરવાનો કદાચ વિચાર કરે, કે પછી સ્વરાજ પક્ષે કે કોઈ બીજા પક્ષે રજૂ કરેલી દરખાસ્તો પર વિચાર કરે તે પહેલાં દેશનું પૌરુષ તદ્દન હણાઈ જાય અને તે હિંસક કે અહિંસક રીતે સામનો કરવાની તાકાત ગુમાવી બેસે એવું તમે ઇચ્છો ખરા? એમ હોય તો આપને ખાતરીપૂર્વક કહું છું કે કોઈ સ્વમાની હિંદી સ્વેચ્છાએ આવી હીણપતભરી સ્થિતિ લાવવામાં ભાગીદાર નહીં બને.

હું છું આપનો
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
स्टेट्समॅन, ૧-૮-૧૯૨૫

## ૨૮૫. કલકત્તાની જાહેર સભામાં ભાષણ[1]

જુલાઈ ૩૧, ૧૯૨૫

ગાંધીજીએ પ્રમુખસ્થાનેથી કહ્યું કે સ્વર્ગસ્થ દેશભક્તને બે વસ્તુઓ સૌથી વધારે પ્રિય હતી. એમાંની એક વસ્તુ એ હતી કે તેઓ જરા પણ દગદગા વિના પૂરેપૂરી નિષ્ઠાથી હિંદુમુસ્લિમ ઐક્યનું સમર્થન કરનારા હતા અને તેઓ સ્વદેશીના પણ એક જબરજસ્ત હિમાયતી હતા. રસૂલ જે જમાનામાં જીવ્યા હતા, તે પ્રમાણમાં જૂનો જમાનો હતો. હું તેમના જીવનનો સંદેશો આધુનિક જમાનાની ભાવના સાથે સુસંગત રહીને સમજાવવા ઇચ્છું છું. ૧૯૨૦માં રાષ્ટ્ર માટે જે કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો, તેમાં હિંદુમુસ્લિમ એકતા તથા સ્વદેશી બંને પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો. પણ આપણે એ બંને કાર્યક્રમોનો નવો જ અર્થ કરીએ છીએ. હવે આપણે નક્કી કરીએ છીએ કે માત્ર થોડાક ભણેલાગણેલા લોકો ખભેખભો મિલાવીને ચાલે, એક સાથે કામ કરે અને કદાચ સામાજિક રીતે એકબીજા સાથે ભળે એટલું પૂરતું નથી. હવે આપણને લાગે છે કે આ સંદેશો દેશની આમજનતા સુધી લઈ જવો જોઈએ. પણ તેમાંનું અરધું કામ પણ આપણે કરી શકયા નથી. ખરું જોતાં તો, આપણે હજી શરૂઆત પણ કરી નથી. આપણે સૌ હિંદુમુસ્લિમ ઐક્ય સાધવા માગીએ છીએ, પણ કેવળ વાતો કર્યે તે કંઈ સિદ્ધ થઈ શકે તેમ નથી. જ્યારે હિંદુઓ કંઈ પણ બદલાની અપેક્ષા રાખ્યા સિવાય મુસલમાનોની સેવા કરતાં શીખશે અને એ રીતે મુસલમાનો પણ એવી જ રીતે નિરપેક્ષભાવે હિંદુઓની સેવા કરતાં શીખશે ત્યારે જ સાચું હિંદુમુસ્લિમ ઐક્ય સ્થપાશે. સ્વદેશીનો નવો અર્થ એવો નથી કે ઘડિયાળ કે હારમોનિયમ જેવી વસ્તુઓના જુદા જુદા ભાગો પરદેશથી મંગાવીને તેને ભેગાં જોડી અહીં એ ચીજો તૈયાર કરી તેના પર સ્વદેશીનું લેબલ મારવું; પણ હવે આપણે માટે સ્વદેશી એ જ વસ્તુ છે જેનો એકેએક ભાગ હિંદમાં બનેલો હોય. હવે આપણને એ વાત સમજાવા લાગી છે કે જે વસ્તુને મધ્યમાં રાખીને સ્વદેશીની પ્રવૃત્તિ ચાલવી જોઈએ, તે વસ્તુ ખાદી છે. એ છે નવા શબ્દકોશ પ્રમાણેનો સ્વદેશીનો અર્થ. અને જ્યાં સુધી આપણે આ એક વસ્તુ કરી નથી ત્યાં સુધી અબદુલ રસૂલનું સ્વપ્ન આપણે સાકાર નહીં કરી શકીએ.

આગળ ચલાવતાં ગાંધીજીએ કહ્યું કે મેં આજે ચોરબાગાત પાસેના આરસ મહેલની સામે સેંકડો ભૂખ્યા માણસોને ભોજન અપાતું જોયું. કલકત્તાના ભૂખ્યા માણસોને રોજરોજ જમાડવાની આ વ્યવસ્થા જેમણે કરી છે, તેમને માટે આ દૃશ્ય તેમને ઉન્નત કરનારું નથી તેમ તે તેમનું

૧. અબ્દુલ રસૂલની આઠમી સંવત્સરીને દિવસે આલ્બર્ટ હૉલમાં આ સભા મળી હતી.

Gandhi Heritage Portal

ગૌરવ કરનારુ પણ નથી. તેઓ શું કરી રહ્યા છે તેની તેમને ખબર નથી. અપાત્રને દાન કરીને તેઓ દેશને કેવું, કદી ભરપાઈ ન થઈ શકે એવું નુકસાન કરી રહ્યા છે તેનો તેમને ખ્યાલ નથી. જે સ્ત્રીપુરુષોને આ ભોજન અપાયું, તેમાંથી એક પણ જણ કામ કરવાને અશક્ત નહોતું. તેમના હાથપગ આપણા સૌના જેવા જ સશક્ત હતા. પોતાની આજીવિકા માટે કામ કરી શકે એવા લોકોને મફત જમાડવામાં પુણ્ય રહેલું છે એવું તમે માનો છો? જેઓ આને પુણ્ય માને છે તેમનાથી હું જુદો પડું છું. હિંદુસ્તાનમાં અનાથાશ્રમો જેવી સંસ્થાઓ નથી, એવા યુરોપિયન લેખકોએ કોઈ વાર અજાણતાં આપેલા પ્રમાણપત્રથી, તેમણે ફુલાઈ ન જવું જોઈએ. આ યુરોપિયન લેખકો એમ માને છે કે હિંદમાં ગરીબ અને ભૂખ્યા લોકોને ખવડાવવાની એક સ્વયંસંચાલિત પ્રથા છે, અને તેને લીધે ત્યાં અનાથાશ્રમ જેવી સંસ્થાની જરૂર ઊભી થતી નથી. આ વિધાન માત્ર થોડે અંશે સાચું છે. અને એ પ્રથાથી હિંદને કોઈ લાભ થયો નથી. આપણે આજે આળસુ લોકોને પોષી રહ્યા છીએ. એમાંના કેટલાક તો ચોરીનો ધંધો કરનારા છે. અને જો આ પ્રશ્ન લાંબો વખત ચાલુ રહે તો આ દુ:ખી દેશ માટે હું ઊજળું ભાવિ જોતો નથી. એટલે તમે આ પ્રથાથી સાવધ રહો. હું દાન આપનારાઓની ટીકા કરવા ખાતર આ વાત કહેતો નથી. હું ઇચ્છું છું કે તેઓ મારી વાત સાંભળે. હું તેમને કહીશ કે આ રીતે તમે તમારી પરોપકાર-વૃત્તિને ખોટે માર્ગે ન વાળો. હું તો એમ કહીશ કે આ સ્ત્રીપુરુષોને કંઈક કામ આપો. તમે કદી એ વાત જાણવા થોભ્યા છો કે આ લોકો શું કામ આળસુ રહ્યા છે? અને હિંદના લાખો લોકો પોતાનો સમય એદીપણામાં શા માટે ગાળે છે? હિંદ કંઈ એદી લોકોનો મુલક નહોતો. જો એમ હોત તો લોકોનો ક્યારનોય નાશ થઈ ગયો હોત. સાચી હકીકત એ છે કે તેમને માટે પૂરતું કામ નથી. એટલે આજે આપણો આ શાનદાર દેશ અજ્ઞાનને કારણે, સાચી દેશભક્તિના અભાવે, જે લોકો જમીન પર ખેતી દ્વારા નભી શકે એવા નથી તેમને ફેંકી દે છે. એટલે આનો ઉપાય તેમને માટે કામ શોધી કાઢવામાં રહેલો છે. અને આ કરોડો બેકાર લોકોને રેંટિયા કરતાં વધારે સારો વ્યવસાય આપી શકે તેવું કયું સાધન છે? એટલે દેશના ભણેલા લોકો જો આમજનતાની આ અધોગતિ કરનારી ગરીબાઈ દૂર કરવા ઇચ્છતા હોય તો તેઓ ઓછામાં ઓછો અડધો કલાક તો કાંતે જ.

[મૂળ અંગ્રેજી]

फॉरवर्ड, १–८–१९२५

Gandhi Heritage Portal

## પરિશિષ્ટ ૧

### જોગેન્દ્રસિંહનો પત્ર

આ બધાં વર્ષ દરમિયાન રાતદિવસ જે વાતો આપના દિલ અને દિમાગમાં ઘોળાયા કરે છે તેને વિષે આપને લખતાં મને સંકોચ થાય છે. ખરેખર, મારે કબૂલ કરવું જોઈએ કે હું કોઈ અભિપ્રાય આપી શકું એવી લાયકાત ધરાવતો હોવાનો ભાગ્યે જ દાવો કરી શકું; માત્ર એટલું જ કહી શકું કે હું લોકોના જીવન સાથે ગાઢ સંપર્કમાં રહ્યો છું, અને સાચું ભારત જેમાં વસે છે એવાં ગામડાંઓનો પરિચય જેટલો મને છે તેટલો રાજકીય ક્ષેત્રમાં પડેલા બહુ ઓછા લોકોને હશે. ગામડાંઓમાંથી આવતો સાદ દેશની વાસ્તવિક પરિસ્થિતિ સમજવામાં આપને કંઈક ઉપયોગી થવા સંભવ છે.

વર્ષો પહેલાં શ્રી પાદશાહ સાથે લાહોરમાં આપને મળવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. આપણે રેંટિયો તથા વીજળીથી ચાલતાં યંત્રોના લાભાલાભની ચર્ચા કરી હતી. હું આપના દૃષ્ટિબિંદુ સાથે સંમત થયો ન હતો. આજે પણ હું એમ માનું છું કે માણસ પોતે પોતાના સ્વભાવથી જ, પોતાની આસપાસના વાતાવરણની અને હવે તો સમગ્ર જગતને આવરી લેતા વાતાવરણની ઉપરવટ અને મર્યાદા બહાર જઈને, પોતાની મેળે કામ કરવા જેટલો સમર્થ નથી હોતો; છતાં પણ હું એ વાત સ્વીકારું છું કે મનુષ્ય એક ક્ષણ માટે પણ જ્ઞાનના પ્રકાશની ઝાંખી કરે તો એને માટે સાદું જીવન અને ઉચ્ચ વિચારો જ સુખનો સૌથી સારો માર્ગ બની રહે. હું એ પણ જોઈ શકું છું કે માણસ જો લોકોને ન ગમતી વસ્તુઓની સંગત છોડે, અને પોતે કષ્ટ સહન કરે તો તે પોતાની ઇચ્છાશક્તિને એટલી બળવાન બનાવી શકે ને પોતાની અંદર એક એવી શક્તિ પેદા કરી શકે કે તે સામેની સત્તાને નમાવી શકે. અને તેને યુદ્ધ અને હિંસક ક્રાંતિઓમાં જે વિનાશ ને ખાનાખરાબીનાં જોખમો છે તે ખેડવાં ન પડે.

ઈશ્વરે આપને એક સંદેશો ફેલાવવાનું કામ સોંપ્યું છે. એ સંદેશો શાંતિનું વચન આપતી સદ્ભાવના પર આધાર રાખતો સ્વાતંત્ર્યનો સંદેશો છે. માનવસંસ્કૃતિ આજે પૂર્વમાં આવશ્યક મનાતાં નૈતિક સંયમ અને શિસ્તને અવગણીને પ્રાકૃતિક શક્તિઓનો ફાવે તેમ ઉપયોગ કરવા લાગી છે, અને તેને પરિણામે તે આત્મઘાતક માર્ગે વળી રહી છે. તેમાંથી તેને ઉગારવા માટેનો એ સંદેશો છે. આપ આપના આ સંદેશાનો પ્રચાર કરતા જ રહો, એટલે સમય તેને લોકોના હૃદય સુધી લઈ જશે. આજની તાકીદની સમસ્યાઓના ઉકેલ માટે આપના સિદ્ધાંતોને વ્યવહારમાં ઉતારવા આપની માતૃભૂમિનો પ્રેમ આજે આપને હાકલ કરી રહ્યો છે. રાજકારણી લોકો સત્યના માર્ગને ચુસ્ત રીતે વળગી રહેવાને બદલે સમાધાનની અને કરારોની નીતિ વધુ પસંદ કરે છે. અને એ નીતિને કસી જોવાની એ લોકોને છૂટ આપવા આપને સમજાવવામાં પણ આવ્યા છે. ઘણા વખતથી તેઓ કોઈ એક સર્વમાન્ય યોજનાના પાયા પર, રાજ્ય તરફથી મળતા લાભોની સર્વસંમત વહેંચણી કરીને લોકોને એક કરવા મથી રહ્યા છે અને ધારાસભામાં સતત વિઘ્નો ઊભાં કરીને સ્વરાજ મેળવવાની આશા સેવી રહ્યાં છે. આ બધા પ્રયત્નોને શરૂઆતથી જ નિષ્ફળતા મળવા લાગી છે. તેમના નેતાઓનો ભ્રમ હવે ભાંગ્યો છે કે કેમ તેની મને ખબર નથી. ગમે તે સંજોગોમાં આપ આપને માર્ગે આગળ વધજો, એ આપનો ધર્મ છે. તેઓ અને આપ બહુ લાંબા વખત સુધી એક જ રસ્તે સાથે નહીં ચાલી શકો. આપનું એક મહાન કામ તો એ છે કે આપે પાયાની વાતોને જ વળગી રહેવું. આપ એ વાત સિદ્ધ કરી આપો કે અસહકાર છેવટે તો એક પ્રકારનો સહકાર જ છે અને સૈન્યોના સામર્થ્ય કરતાં પણ તેનું સામર્થ્ય વધારે છે. આપ એ સિદ્ધ કરી આપો કે અસહકાર એ સત્યપરાયણ લોકોનો એવો સહકાર છે જેનો હેતુ, જાતે કષ્ટ વેઠી વિરોધીઓમાં સાચી સમજ જાગ્રત કરીને, અસત્યપરાયણ લોકોને સહિષ્ણુતા અને સદ્ભાવ વડે જીતી લેવાનો છે. આજે હિંદને એની જરૂર છે, પણ હિંદ કરતાં પણ યુરોપને એની વધારે જરૂર છે, અને ખરેખર આખા જગતને એની જરૂર છે. માત્ર આ જ વાત

Gandhi Heritage Portal

લીગ ઑફ નેશન્સને પોતાની ઇચ્છા મુજબ કામ લેવાની તાકાત આપશે. નિઃશસ્ત્ર રાષ્ટ્રો પોતાનું પૌરુષ પ્રગટ કરી શકે અને જગતમાં પોતાનું સ્થાન ટકાવી રાખી શકે, તે માટેની તાકાત આમાંથી જ મેળવી શકે એમ છે. સલામતી અને શાંતિને ભોગે શાહી સત્તાની ખોજમાં નીકળી પડેલાં રાષ્ટ્રોને યુદ્ધોમાં ધકેલી દેતા અંધકારને સહિષ્ણુતા અને સદ્‌ભાવ જ દૂર કરી શકશે. નવી દુનિયા આ નવા સંદેશાની રાહ જોઈ રહી છે. ઈશ્વરે આપને આપેલી તમામ શક્તિ વડે આ સંદેશાનું એલાન કરો.

અન્નનો પ્રશ્ન શાંતિના પ્રશ્ન જેટલો જ મહત્ત્વનો છે. આપના ધ્વજ પર રેંટિયાનું પ્રતીક મૂકીને આપે, નાનાંમોટાં તમામ રાષ્ટ્રોના આર્થિક સ્વાતંત્ર્યના પ્રતીકને આગળ કર્યું છે. મોજમજા અને સંપત્તિની પાછળ ગાંડા થઈને પડવામાં અને હદ બહારના ઉત્પાદનમાં સાચું સુખ મળવાનું નથી. આ બધું તો કામનાની જ્વાળામાં ઘી હોમે છે. દરેક ગૃહસ્થ પોતાને જોઈતી વસ્તુ જાતે જ ઉત્પન્ન કરી લે. અને પોતે જે ન ઉત્પન્ન કરી શકે તે પોતાના દેશના અને દેશ બહારના પાડોશી પાસેથી મેળવી લે. વેપારને એક રાષ્ટ્રનું બીજા રાષ્ટ્ર મારફતે થતા બેફામ શોષણ તરીકે નહીં પણ વસ્તુઓના વિનિમય તરીકે રહેવા દો. એને વ્યવસ્થિત હરીફાઈનું એવું રૂપ ન આપો જે જગતના આર્થિક સંબંધોના ઉદાર દિલના મેળ સિવાય નિષ્ફળ જ જાય. રેંટિયાને વ્યવહારુ ઉદ્દેશો માટેના પ્રતીક તરીકે રહેવા દો; આપણે ગામડાંનું આધુનીકરણ કરવું રહ્યું. ત્યાં વીજળીની શક્તિનો ઉપયોગ વણાટઉદ્યોગમાં, પાણીની સિંચાઈમાં, તેલ પીલવામાં, અને એવી બીજી અનેક સેવાઓમાં કરવો જોઈએ. આપણાં ગીચ વસ્તીવાળાં કેટલાંક ગામડાંને પૂરતો ખોરાક તથા વસ્ત્રો મળી રહે તે માટે એમ કરવું જરૂરી છે. આપ એ વાતથી અજાણ તો નહીં હો કે કોઈ પણ દેશ આજે નવા યુગની અસરમાંથી સાવ મુક્ત રહી શકે તેમ નથી. નવી શોધો અને માનવસ્વભાવના શાસન હેઠળનો આ યુગ, ભૌતિક વિદ્યાના ચમત્કારો અને યંત્રોનો યુગ છે. આપ આ નવી શોધખોળોને ગામડાંમાં કામ કરતા લોકોના ઘરમાં, એમના પોતાના હાથમાં મૂકી શકો. મનુષ્યસ્વભાવને ઊંચી ભૂમિકાએ લઈ જવા માટે આપ તેમનામાં સેવાની એક દૈવી ભાવના પ્રગટ કરી શકો. પ્રતિકૂળ પરિસ્થિતિ-વાળી અનેક સદીઓ દરમ્યાન હિંદને ઉગારનારા આ આદર્શોને તથા પ્રણાલિકાઓને જીવંત રાખવા માટે કથા, આખ્યાન વગેરે સાધનોને ફરી જીવંત બનાવીને તે દ્વારા કર્મ, પ્રેમ અને શ્રમનો મહિમા જાગ્રત કરી શકો.

આપે હાથ ધરેલો મહાન પ્રશ્ન હિંદુ અને મુસલમાનો વચ્ચે મેળ ઊભો કરવાનો છે. મને ખાતરી છે કે દિલ અને દિમાગને એક કરવાના આ મહાન કાર્યક્રમમાં અંગ્રેજોને પણ આપ બાકાત નહીં રાખો. મને એવો ડર છે કે આપ દિલથી ન માનતા હોવા છતાં કરારો અને રાજકીય સમજૂતીની શક્યતાઓ તપાસી રહ્યા છો, અને જે પદ્ધતિઓથી આપના મિત્રો સારી રીતે પરિચિત છે, તે પદ્ધતિઓ તેમને અજમાવવા દેવામાં આપ સંમત થયા છો. તેઓ નિષ્ફળ ગયા છે એટલે હવે એ માર્ગેથી પાછા ફરીને આપની રીતે આપ આગળ વધો અને આપના મિત્રોને તે વાત જણાવો. અત્યારે કદાચ આપને અનુસરનારા નહીં નીકળે, પણ આખરે સત્યનો વિજય થશે. આપ આપના જીવન દ્વારા પ્રત્યક્ષ દૃષ્ટાંત રજૂ કરીને લોકોમાં સમજણનો પ્રકાશ ફેલાવશો, અને ઐક્યની ભાવના પ્રમાણે જીવન જીવતા આપ પોતે લોકોમાં તે ભાવના પેદા કરશો. કોઈ પણ માણસ આથી વિશેષ કરી ન શકે. જે હિંદુઓ અને મુસલમાનોએ તક સાધવા ઉપર જ મીટ માંડી છે, તેઓ શ્રદ્ધા વિના માત્ર પોપટની માફક એકતાની વાત રટે છે. તેઓ કદી ઐક્ય સાધી શકવાના નથી. આપ તેમને જૂની, પુરાણી, સદીઓ થયાં અંધકારથી ભરેલી ગુફાઓમાં પડી રહેવા દો. ગામડાં તરફ વળો, ત્યાં એકતા સધાયેલી જ છે. કુસંપનાં કારણો તપાસવાં જોઈએ અને દૂર કરવાં જોઈએ. ધર્મને નામે ચાલતી અંધશ્રદ્ધા હટાવવી જોઈએ. હિંદુ અને મુસલમાનો વચ્ચેની ખાવાપીવા અંગેની આભડછેટ ટાળવી જોઈએ. મુસલમાનો ગાયની કતલ કરવા ઇચ્છતા હોય તો તેમને તેની છૂટ આપો. તેઓ મંદિરોને અપવિત્ર કરવા માગતા હોય તો તેમને માટે મંદિરનાં બારણાં ખુલ્લાં કરો. જ્યારે મિત્રભાવે બારણાં ઉઘાડ્યાં જ છે ત્યારે તેઓ પોતાનું ધાર્મિક સરઘસ જ્યાં લઈ જવા માગતા હોય ત્યાં લઈ જવા દો. તેમને પીપળાનાં ઝાડ કાપવા દો. હિંદુઓ આ સરઘસને સહન કરે એટલું જ નહીં પણ જાતે તેમાં ભળે. મુસલમાનોએ પણ એમ જ કરવું જોઈએ. તેમણે હિંદુઓને તેમની ઇચ્છા પ્રમાણે શંખધ્વનિ કરવાની ને ધજાપતાકા લઈને સરઘસ કાઢવાની છૂટ આપવી જોઈએ. મુસલમાનોએ ઇકબાલના આ શબ્દો યાદ રાખવા જોઈએ: "તેઓ બંને એક લાંબા પંથના સાથી છે અને બંને રાત્રીના અંધકારમાં અટવાયા છે."

Gandhi Heritage Portal

આટલું કરશો એટલે બાકીનું બધું એની મેળે થઈ રહેશે. આ કામ ગામડાંમાં, મંદિરો તેમ જ મસ્જિદોમાં અને શહેરોમાં, જ્યાં સદ્‌ભાવના ધરાવતા લોકો થોડા વધુ પ્રમાણમાં મળી આવે ત્યાં કરવાનું છે. એવો આદેશ વહેતો મૂકો કે "હવેથી આવી બાબતો પર અમે ઝઘડીશું નહીં અને હિંદુઓ પોતાનાં મંદિરો ખુલ્લાં મૂકી દેશે અને મુસલમાનો પોતાની મસ્જિદો ખુલ્લી મૂકી દેશે અને બધા એકબીજાના ઉત્સવોમાં છૂટથી ભાગ લેશે."

રાજકીય પ્રશ્ન ખરેખર મહત્ત્વનો છે, પણ લોકોની જરૂરિયાતો સંતોષવી એ વધુ મહત્ત્વનું છે. મોસમ ત્રણ હોય છે. હળથી ખેડવાની, બીજ વાવવાની અને ત્રીજી પાક લણવાની. અણઘડ ખેડૂત ખેતરમાં ઢંગધડા વગરની ખેડ કરે છે, બીજ વાવે છે અને લણતી વખતે ખેતર પર જઈને રડે છે. ડાહ્યો ખેડૂત ધીરજ રાખીને ખેડ કરે છે, વારંવાર ખેડ કરે છે અને સારો પાક મેળવે છે. આપણે હજી ખેડ કરવાની મોસમમાં છીએ. આપણે વધારે સારી કેળવણીની, વધારે ખોરાકની, વધારે સારાં ઘરોની, અને જુદી જુદી જાતિના તથા ધર્મોના લોકો એકએકની વધારે નજીક આવે એની જરૂર છે. સાચો કાર્યકર્તા કદી ઉતાવળો થતો નથી. આધુનિક કાર્યપદ્ધતિને જો માણસની તહેનાતમાં પૂરેપૂરી મૂકી દેવામાં આવે અને તેના પર નિયંત્રણ રહે તો જમીનની પેદાશમાં સારો સરખો વધારો થઈ શકે અને માનવને વધારે નીતિવાન અને તંદુરસ્ત બનાવી શકાય. આ દિશામાં કંઈક કરો. વિદ્યુતશક્તિને નાથીને માણસના રસોડામાં, ઘરમાં અને બહાર ખેતરોમાં માણસ માટે કામ કરતી કરો અને એ રીતે દરેક માણસને સાચા અર્થમાં તેની માણસાઈ સિદ્ધ કરવામાં મદદ કરો. આપનો પ્રેમનો, આત્મનિર્ણયનો અને સ્વાતંત્ર્યનો મંત્ર લોકોમાં ફેલાવો. માણસ તેના પોતાના ભાગ્યનો સ્વામી છે. અને તેને આ સત્યનું દર્શન થતાં બધા તાકીદના પ્રશ્નોનું નિરાકરણ સહેલું થઈ જશે. મેં આ બધાં સૂચનો એટલા માટે નથી કર્યાં કે હું કંઈક વધારે જાણું છું. પણ તે એટલા માટે કર્યાં છે કે લોકોને શું જોઈએ છે તે સમજવામાં આપને મદદ થાય. રાજકારણ પાસે સત્યને રહસ્યના બુરખા હેઠળ ઢાંકવાની એક કળા હોય છે. રાજકારણ ક્ષણિક અને બિનમહત્ત્વની બાબતોને સનાતન અને કાયમી મહત્ત્વ ધરાવતી બાબતો કરતાં વધારે મહત્ત્વ આપે છે.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૫–૬–૧૯૨૫

# પરિશિષ્ટ ૨

## બી. સી. ચેટરજીનો પત્ર

મહાશય,

આપે તાજેતરમાં જે એમ જાહેર કર્યું કે હવે પછી દેશબંધુના ફરીદપુરના ભાષણને આધારે જ કામ કરવામાં આવશે, તેને લીધે લોકોના મનમાં નવી આશા અને નવી પ્રેરણાનો સંચાર થયો છે. એનું કારણ એ છે કે આમાંથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે આપ દેશના તમામ કાર્યકર્તાઓને એક મંચ પર ફરી એકત્ર થવા માટેનું ખુલ્લું આમંત્રણ આપી રહ્યા છો. ફરીદપુરની પરિષદના પ્રમુખના ભાષણમાં આ મહાન ઉદ્દેશ તદ્દન સ્પષ્ટ રીતે દેખાતો હતો. અને એ ભાષણને આપનું સમર્થન મળ્યું એનો અર્થ એ છે કે આપે એ ઉદ્દેશ સ્વીકાર્યો છે. મને આ વાત જરા વધારે સ્પષ્ટ કરવા દો. દેશબંધુએ અસંદિગ્ધ રીતે પોતાનો પરિપક્વ અભિપ્રાય આપ્યો છે કે જો સરકાર મૂડીમૅન સમિતિની લઘુમતીએ કરેલી ભલામણો સ્વીકારે અને બંગાળ વટહુકમ નીચે નજરકેદ રાખેલા માણસોને મુક્ત કરી દે તો દેશને સુધારાઓના અમલ માટે સલાહ આપી શકાય. આ એક જ જાહેરાત દ્વારા તેમણે સ્વરાજ પક્ષ અને બીજાં રાજકીય જૂથો વચ્ચેના ખરા મતભેદની ભૂમિકા જ તોડી નાખી છે. સમગ્ર રીતે મૉડરેટ પક્ષ તથા સુધારાઓમાં માનનારાઓ, જેઓ સ્વમાન તથા દેશ પ્રત્યેનું માન જાળવી રહ્યા છે તે લોકો સરકાર જ્યાં સુધી લઘુમતી અહેવાલને ધારાકીય સંમતિ ન આપે ત્યાં સુધી મૉન્ટેગ્યુ ચેમ્સફર્ડની યોજનાથી દૂર રહેવાનું જ પસંદ કરવાના. લોકોની

Gandhi Heritage Portal

ઇતરાજી વહોરીને પણ જે લોકોએ આ સુધારાઓને અમલમાં મૂકવા માટેનો પ્રામાણિક પ્રયત્ન કર્યો છે તે લોકોના વ્યાવહારિક અનુભવનો નિચોડ આ લઘુમતી હેવાલમાં રહેલો છે. અને બીજી વાત એ છે કે હિંદી કહેવાવા યોગ્ય કોઈ પણ વ્યક્તિ, બંગાળ ઑર્ડિનન્સ જેવાં પગલાં મૂંગે મોઢે સહન કરીને ગ્રેટ બ્રિટનને સહકાર આપવાનું ન જ વિચારી શકે. આપની સાથે મતભેદો હોવા છતાં જે દરેક રાષ્ટ્રવાદી હિંદી આપને તેના અંતરથી માન આપી રહ્યો છે, તેના નામે હું આપને અંતરની પ્રાર્થના અને ઉત્કટ લાગણી સાથે વિનંતી કરું છું કે આપ આપનું એ બાબત વિષેનું મંતવ્ય, આપની સાફ સાફ કહેવાની લાક્ષણિક ઢબે દેશ સમક્ષ રજૂ કરો કે દેશબંધુ દાસે મૂકેલા બેવડા સૂચનનો જો સરકાર અમલ કરે તો આપ આ સુધારાઓને અપનાવશો કે નહીં.

જો આપનો જવાબ હકારમાં હોય તો તે આપના વ્યક્તિત્વનું તથા હિંદના ભાગ્યનું એક નવું પ્રકરણ, અને મને ઉમેરવાની રજા આપો તો, એક વધારે મહાન પ્રકરણ ખૂલશે. એનો અર્થ એ થશે કે આપના નેતૃત્વ નીચે સમગ્ર હિંદ એકત્ર થશે; સ્વરાજવાદીઓ, મૉડરેટો, રાષ્ટ્રવાદીઓ, કહો કે ભારતમાતાનાં તમામ સંતાનો ફરી વાર આપના ધ્યેય પ્રત્યેની વફાદારીના શપથ લેશે. અલબત્ત, થોડા લોકો તો એવા નીકળવાના જ કે જે ધનદોલત કે માનચાંદ મેળવવા માટે પોતાનાં ભાંડુઓને છોડવા તૈયાર હોય. આવા માણસોની ઇતિહાસમાં કદી ગણતરી થઈ નથી, અને થશે પણ નહીં. આપ આપની એક જાહેરાત દ્વારા એ વાત સ્પષ્ટ કરશો કે ગ્રેટ બ્રિટન અને સંગઠિત હિંદ એ બેમાંથી કોને પક્ષે હિંદના જવાબદાર રાજતંત્ર માટેની સચ્ચાઈની ભાવના પ્રગટ થાય છે? ગ્રેટ બ્રિટન ખરેખર હિંદને જવાબદાર શાસનને માર્ગે આગળ લઈ જવા માગે છે કે તે કેવળ થોડાક ખાંધિયા અને ખુશામતિયાઓ પર પોતાની મહેરબાની ઉતારવા માગે છે? ફરીદપુરમાં દેશબંધુએ પોતાના વિદાય સંદેશામાં જે વાત કરી છે, તેનું આપ સમર્થન કરો છો, તે કારણે આવતી કૉંગ્રેસમાં જે એકતાનું વાતાવરણ ઊભું થયું હશે, તેને ધ્યાનમાં રાખીને તેના મંચ ઉપરથી આપ આ સવાલ ગ્રેટ બ્રિટનને પૂછી શકશો. મંત્રીઓના માર્ગને રૂંધતી નાની નાની મુશ્કેલીઓ દૂર કરવા માટેની તથા મુકદ્દમો ચલાવ્યા વગર કેદમાં રાખવામાં આવેલા લોકોને મુક્ત કરવા માટેની સંયુક્ત હિંદની માગણીઓનો અનુકૂળ જવાબ આપવાની તત્પરતામાં બ્રિટનની સચ્ચાઈની કસોટી રહેલી છે. અને ઇંગ્લંડ હિંદની આ બે માગણીઓ સ્વીકારે તે પછી સુધારાઓને અમલી બનાવવાના કાર્યક્રમમાં, આપની આગેવાની નીચે આપણા લોકોનો પૂરો સહકાર મળી રહે તેમાં આપણા લોકોની કસોટી રહેલી છે.

કૃપા કરીને કેવળ પ્રતિષ્ઠાના નામે બકવાદ કરનારાઓ પ્રત્યે આપ ધ્યાન ન આપશો. આપના કેટલાયે અનુયાયીઓનો વિરોધી ગણગણાટ હું લગભગ સાંભળી શકું છું. આપની પ્રતિષ્ઠાને નીચી પાડીને ઇંગ્લંડને આવી ઑફર ન કરવા તેઓ આપને કહે છે. પણ આપના પરની મારી શ્રદ્ધાને આધારે હું ખાતરીપૂર્વક કહી શકું કે એ પ્રતિષ્ઠાનો વિચાર, જે તુમાખીથી ઘેરાયેલા દેશને માટે એક નૈતિક શાપ છે, તે આપના જીવનપ્રવાહની સરળતાને રૂંધી શકશે નહીં; અને કદી રૂંધશે પણ નહીં. આપ બ્રિટનને તેની સચ્ચાઈ પુરવાર કરવા માટેની અને હિંદને તેનું ઐક્ય સાધવા માટેની આ તક આપશો એવી આપને છેવટની વિનંતી કરીને મારો પત્ર પૂરો કરું છું.

બી. સી. ચૅટરજી

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૯–૭–૧૯૨૫

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૩

## ડબ્લ્યુ. એચ. પિટનો પત્ર

જુલાઈ ૨૨, ૧૯૨૫

પ્રિય શ્રી ગાંધી,

તા. ૧૯મીનો આપનો પત્ર મને ટપાલમાં મળ્યો તે જ વખતે હું આપને એક લાંબો પત્ર લખી રહ્યો હતો. આપના પત્ર બદલ આભાર. બંગાળના આપના બધા અગત્યના અને ભરચક કાર્યક્રમ વચ્ચે આપે મને પત્ર લખવાનો સમય કાઢ્યો તે આપની મોટી કૃપા થઈ.

૧. વાઈકોમ મંદિરના માત્ર પૂર્વ બાજુના દરવાજા પર પિકેટિંગ કરવાની સલાહ આપતા આપના શ્રી કેલપ્પન પરના તારની નકલ મને મળી ગઈ છે. અને એ જ બાબતમાં હું આપને આ લખી રહ્યો છું. મારો એવો ખ્યાલ હતો કે આપે અહીંની પરિસ્થિતિને તથા મારી દરખાસ્તને સમજવામાં ભૂલ કરી છે. પણ આપના પત્ર પરથી હું જોઈ શક્યો કે આપે ઉપરોક્ત સલાહ આપની સામે જે હકીકતો પડી હતી, તેના પર પૂરો વિચાર કર્યા પછી અને આપને પોતાને યોગ્ય લાગ્યાં તે કારણોથી આપી હતી.

૨. આપ એમ ઇચ્છો કે સરકાર માર્ગોના ઉપયોગ બાબતમાં તદ્દન સ્પષ્ટ જાહેરાત કરી દે. કદાચ આપને ખબર નહીં હોય કે મહારાજા તરફથી ત્રાવણકોરમાં કાનૂની સત્તા ધરાવતો ઢંઢેરો અગાઉ બહાર પાડવામાં આવ્યો છે, અને એ ઢંઢેરામાં બધા સાર્વજનિક માર્ગો મહારાજાની સમસ્ત પ્રજા માટે ખુલ્લા જાહેર કરવામાં આવ્યા છે. આ ઢંઢેરાને બધી જગ્યાએ લાગુ પાડી શકાય કે કેમ, અથવા અદાલતોએ આ ઢંઢેરાનું અધિકાર રૂએ અર્થઘટન કર્યું છે કે કેમ, તે વાત હજુ સ્પષ્ટ નથી. મોટા મોટા ચુસ્ત સનાતની લોકો અદાલતોમાં જઈને એક એવો હુકમ બહાર પડાવવાની વાત કરી રહ્યા છે કે વાઇકોમ મંદિરની આસપાસના બધા માર્ગો અસવર્ણ હિંદુઓને માટે બંધ કરવામાં આવે. હું માનું છું કે તેઓ એમ કરશે તોપણ તેઓ તેમાં ફાવશે નહીં. અને આ પ્રશ્નનો હમેશને માટે નિવેડો આવી જશે. એ ગમે તેમ હોય, હું જાણું છું ત્યાં સુધી હવે કોઈ બીજો ઢંઢેરો બહાર પડવાની શક્યતા નથી. અને મને પોતાને તેની જરૂર લાગતી નથી.

૩. આપની આગળ મેં અત્યાર સુધી ઉલ્લેખ નથી કર્યો, એવો એક મુદ્દો છે, જે આપે લક્ષમાં લેવા જેવો છે. ત્રાવણકોરના સત્તાવાળાઓએ એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈશે કે રાજ્ય જે ધર્મને માને છે તેની સાથે જોડાયેલી પરંપરાગત પૂજા અને બીજી વિધિઓ, વિઘ્ન વગર ચાલુ રહે છે કે નહીં અને તે બરાબર પાળવામાં આવે છે કે નહીં. હકીકતમાં તો અમુક અધિકારીઓએ તો વચન પણ આપી દીધું છે કે મંદિરમાં જવા માટેના માર્ગો અંગેના ધારાઓમાં ફેરફાર કરવામાં આવશે તોપણ એને લીધે જાહેર પૂજાના કામમાં કાંઈ અંતરાય આવશે નહીં. પરંતુ હાલ તુરત તો આ વચન પાળવામાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે એમ છે. અને ખરેખર તો આ વચન પૂરા અર્થમાં પાળી શકાયું પણ નથી. હજી જો થોડો વધુ સમય મળે તો સત્તાવાળાઓ બધી મુશ્કેલીઓ ઉકેલી શકશે, પણ તેમણે બહુ જ સાવચેત રહેવું પડશે અને આગળ વધતાં પહેલાં બધી જાતની ચોકસાઈ કરવી પડશે.

જાહેર પૂજામાં બહુ મોટો અંતરાય ઊભો થાય એવું કોઈ પગલું ભરવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. પૂર્વના રસ્તા પર આપના સ્વયંસેવકોએ લડત આદરી છે, તેને કારણે જે સનાતની લોકો સ્વયંસેવકોના આટલે સુધીના પ્રવેશ પૂરતા સંમત થયા હતા, તેઓ ચોંકી ઊઠ્યા છે અને આપના તરફથી પૂર્વના દરવાજેથી પ્રવેશ કરવા માટેની મૂંગી ધમકી ચાલી રહી છે, તે જોઈને સત્તાવાળાઓ પણ મૂંઝાઈ ગયા છે. તમે ત્યાં સુધી પહોંચશો, એવું અનુમાન તો આગળથી ઘણા લોકોએ કર્યું હતું. પણ આગળ વધવાનું દબાણ કરવા માટેની અથવા આગળ વધવાની ધમકી આપવા માટેની પણ આ યોગ્ય ઘડી નથી.

Gandhi Heritage Portal

હું બિલકુલ અચકાયા વિના ખરેખર એમ કહી શકું કે પૂર્વના માર્ગ પરની આ ચોકી આપના જ ધ્યેયને અત્યંત નુકસાન કરનારી નીવડશે. અને હું વિશ્વાસપૂર્વક એમ કહી શકું કે મારી આ માન્યતાને સ્થાનિક લોકતંત્રવાદીઓ તથા બધા અસવર્ણ હિંદુ નેતાઓનો ટેકો છે. જે રૂઢિચુસ્ત હિંદુઓને એવો ડર છે કે તેમનો ધર્મ અને કદાચ તેમની કોમનાં હિતો જોખમમાં છે, તેમની સાથે કામ લેવા માટે અહીંના અધિકારીઓને શાંત વાતાવરણની જરૂર છે. અને આ વાતાવરણને ક્ષુબ્ધ કરે એવું કંઈ પણ બનશે તો તેમાં પ્રગતિનો માર્ગ રૂંધાશે. તમારા એ મુદ્દાની હું બરાબર કદર કરી શકું છું કે સિદ્ધાંત અને શિસ્તની દૃષ્ટિએ સ્વયંસેવકોએ ત્યાંથી પાછા હઠવું ન જોઈએ. પણ મુઠ્ઠીભર સ્વયંસેવકોના નૈતિક બળની કિંમત વીસ લાખ અસવર્ણ હિંદુઓના હિત કરતાં પણ વધારે ગણાવી જોઈએ, એ વાતની યોગ્યતા વિષે મને શંકા છે, એટલે આપની પાસે હું આટલી વાત મૂકું છું: (૧) પૂર્વના માર્ગ પરની ચોકી, અધિકારીઓ માટે એ સનાતની હિંદુઓને શાંત કરવાના પ્રયત્નોમાં ઠીક ઠીક મૂંઝવણ ઊભી કરે છે. (૨) અહીંના સત્તાવાળાઓ હિંદુઓની બહુ ભારે બહુમતીને સાથે લીધા વિના આગળ વધી શકશે નહીં અને વધશે નહીં. (૩) જો આપ પાછા ખસી જશો તો આ બાબતમાં ઝડપથી આગળ વધી શકાશે અને હું આપને એ વાત પર વિચાર કરવા વિનંતી કરીશ કે સ્થાનિક રૂર·(*Ruhr*) પર કબજો રાખવાનું શું આપ હજી પણ જરૂરી માનો છો? આપ આ પિકેટિંગ પાછું ખેંચી લઈને મંદિરના પૂર્વ ભાગના બધા દેખાવો બંધ ન કરી શકો?

દેવસ્વોમના કમિશનર શ્રી આર. પિલ્લે, બીજે સ્થળે જ્યાં મંદિરો છે, ત્યાં સનાતની હિંદુઓ સાથે વાટાઘાટોમાં રોકાયેલા છે. અને તેમને એવો વિશ્વાસ છે કે જો બધું શાંતિથી ચાલે તો તેઓ એ લોકોને સમજાવી શકશે કે જાહેર ઉપયોગ માટેના માર્ગો પર અત્યાર સુધી તેમણે રાખેલો આગવો હક્ક ગમે તે રીતે પણ છોડી દેવો એ સારું છે.

સાદર,

આપનો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૧૦૯૯

## પરિશિષ્ટ ૪

### કે. કેલપ્પન નાયરનો પત્ર

સત્યાગ્રહ આશ્રમ,
વાઈકોમ,
જૂન ૧૮, ૧૯૨૫

પ્રિય મહાત્માજી,

ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટ, પોલીસ ખાતાના નાયબવડા અને દેવસ્વોમના અધિકારીઓ, વિવાદ હેઠળના અરધા રસ્તાઓ (સાથેનો નકશો જુઓ)[1] આવતી કાલે ખુલ્લા મૂકવા માટે આવ્યા છે, પણ તે જો હું સત્યાગ્રહ બંધ કરું તો. અમે આ ઉકેલ સ્વીકારી ન શકીએ; એ ઉકેલ, ઉકેલ જ નથી. અમને આ વાઈકોમ મંદિરના રસ્તાઓનું કોઈ આકર્ષણ હતું જ નહીં. અમે તો એક સિદ્ધાંત સ્થાપિત કરવા માટે લડતા હતા. અમારી માન્યતા એ છે કે કોઈ માણસ અનુપસાર્ય છે, એ ભૂમિકા પર તેને કોઈ પણ જાહેર રસ્તા પર ચાલવાનો નિષેધ ન કરી શકાય. સરકાર અરધા રસ્તાઓ પરની મનાઈ ચાલુ રાખીને, ખરું જોતાં તો એ માન્યતા પર કાયમી મહોર મારે છે કે અમુક માર્ગો અમુક જ્ઞાતિની માલિકીના છે એટલે અમુક કોમના માણસો માટે કાયમને માટે બંધ હોવા જોઈએ. અને જો સત્યાગ્રહ બંધ રાખીએ તો તેનો

૧. નકશો અહીં રજૂ કર્યો નથી.

Gandhi Heritage Portal

અર્થ એ થાય કે ત્રાવણકોર રાજ્ય જે સિદ્ધાંતને નવેસરથી જાહેર કરવા માગે છે, તે જૂના સિદ્ધાંતનો અમે પણ સ્વીકાર કરીએ છીએ. બેશક, અમે એ ન કરી શકીએ અને એથી જ મેં કહ્યું કે હું લડત બંધ નહીં કરી શકું.

ઇલાજ મૂળ રોગ કરતાં પણ વધારે ખરાબ છે. અત્યાર સુધી તો અમે લોકોને એવી આશા પણ આપી શકતા હતા કે છેવટે આપણે જીતીશું. અને જો અત્યારે સત્યાગ્રહ બંધ કરીએ તો અમે લોકોની સામે ઊંચું માથું કરીને ઊભા ન રહી શકીએ. પૂર્વનો રસ્તો શા માટે ખુલ્લો નથી? જે સવર્ણો અમારા માટે દરેકે દરેક માર્ગ બંધ રહે એમ કહેતા હતા તેઓ આ યોજનામાં સંમત થયા છે એ કારણે તો નહીં જ. જો તેમના વિરોધ છતાં ત્રણ રસ્તા ખુલ્લા મુકાયા છે તો ચોથો માર્ગ ખુલ્લો મુકાતાં તેમને કંઈ વાંધો ન જ હોવો જોઈએ. તો પછી સરકાર જેમાં કોઈ પક્ષને સંતોષ મળતો નથી એવો મૂર્ખાઈભર્યો તોડ શું કામ કાઢે છે? મને આ માટેનું કોઈ સમજી શકાય તેવું કારણ મળતું નથી; સિવાય કે સરકાર પોતે આ આભડછેટમાં માનતી હોય. પૂજારીઓ પૂજા કરવાની ના પાડે અને અત્યારનાં માણસો હડતાળ પર ઊતરે તો સરકારે વિદ્વત્તાની દૃષ્ટિએ વધારે સારા પૂજારીઓ મેળવ્યા છે. સરકાર આથી વધારે મૂર્ખાઈ-ભર્યા ઉકેલનો વિચાર ન કરી શકી હોત.

આ પરિસ્થિતિમાં જો લડત પડતી મૂકીએ તો લોકોની નજરમાં અમે બહુ જ ખેદજનક રીતે નિષ્ફળ નીવડવાના. કૃપા કરી મારે શું કરવું તેની સલાહ આપો.

આપના જવાબની તારથી રાહ જોઉં છું.

આપનો સહૃદયી
**કે. કેલપ્પન**

તા. ક. આજે મેં આપની પાસેથી સૂચના મેળવવા માટે તાર પણ કર્યો છે.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૧૦૯૩

## પરિશિષ્ટ ૫

### પં. મોતીલાલજીનો પત્ર

**કલકત્તા,**
જુલાઈ ૨૧, ૧૯૨૫

પ્રિય મહાત્માજી,

દેશબંધુ જેવા સરદારના અકાળ મૃત્યુથી સ્વરાજ પક્ષની અમાપ હાનિ થઈ છે તેવે ટાંકણે આપે મોટો ટેકો આપીને તે પક્ષને આપના મોટા ઋણમાં મૂક્યો છે. વળી એ ઋણને આપે આપના તા. ૧૯ના પત્રથી અને તેમાં આપેલા ઉદાત્ત અભિવચનથી દ્વિગુણિત કર્યું છે. મને લાગે છે કે એ ઋણ અદા કરવાનો એક જ રસ્તો છે અને તે એ કે આપે આપેલું વચન પૂરેપૂરા નમ્રભાવથી સ્વીકારવું અને આપની મદદથી લૉર્ડ બર્કનહેડના ભાષણથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિનો જવાબ દેશબંધુના ફરીદપુરના ભાષણને અનુસરીને વાળવા પ્રયત્ન કરવો.

દેશબંધુએ ફરીદપુરમાં જે માનભર્યા સહકારનું કહેણ કર્યું તેને લૉર્ડ બર્કનહેડે તુચ્છકારી કાઢ્યું છે અને બતાવી આપ્યું છે કે આપણી સ્વાતંત્ર્યની લડતમાં હજુ આપણે કેટલાંયે નાહકનાં વિઘ્નો તેમ જ અદમ્ય વિરોધીઓને વટાવવા રહ્યા છે. આ સ્થિતિમાં અત્યારે આપણી ફરજ ચોખ્ખી છે અને તે એ કે આપણે માટે દોરી આપવામાં આવેલે માર્ગે આગળ જવું અને બેજવાબદાર તેમ જ ઉદ્ધત નોકરશાહીને સચોટ પડકાર આપવા દેશને તૈયાર કરવો. ફરીદપુરના ભાષણના શબ્દોમાં કહીએ તો "આપણે લડીશું પણ નિર્મળ લડાઈ લડીશું અને નહીં ભૂલીએ કે જ્યારે સમાધાનીનો વખત આવશે — અને તે આવવો જ જોઈએ — ત્યારે આપણે સુલેહપરિષદના મંડપમાં ગર્વ અને ઉદ્ધતાઈના તોરમાં નહીં પણ ઘટતી

Gandhi Heritage Portal

નમ્રતાપૂર્વક દાખલ થઈશું કે, આપણે માટે કહેવાય કે વિજયની ક્ષણે આપણે વિપત્તિમાં હતા તે કરતાં વધુ ખાનદાન નીવડચા.'' દેશબંધુનો એ સંદેશો હવે આખી મહાસભાનું બળ અમારી પાછળ રાખીને પૂરો કરવાની આપે અમને તક આપી છે. આવા આશરા હેઠળ જેમ બધા દેશોમાં ને બધા જમાનામાં થતું આવ્યું છે તેમ અંતે ધર્મનો જય થવાના પરિણામને વિષે અમારા મનમાં કશો જ સંદેહ રહેતો નથી.

સ્વરાજ પક્ષને આપે જે ઉદાર ભાવે કરારનામામાંથી મુક્ત કર્યો છે તે વિષે બે બોલ અહીં કહી લઉં. આપ જાણો છો કે દેશબંધુની તેમ જ મારી, બંનેની ચાલુ વર્ષ દરમ્યાન કરારનામાને ફેરવવાની મુદ્દલ ઇચ્છા નહોતી. અમે એને આખું વરસ સંપૂર્ણ અજમાયશ આપવા ઇચ્છતા હતા, અને તેની સફળતા માટે અમારાથી બને તેટલી અંગત મદદ કરવા પણ ઉત્સુક હતા. પણ માંદગી અને બીજાં અગાઉથી માથે લીધેલાં કામો અમને નડયાં અને એ દિશાએ અમે ઇચ્છતા હતા તેટલું અમારાથી થઈ શક્યું નહીં. પણ તાજા બનાવોથી નવીન પરિસ્થિતિ ઊભી થઈ છે અને તેને પહોંચી વળવાને મહાસભાએ વગર વિલંબે રાજદ્વારી પ્રવૃત્તિને પ્રધાનતા આપનાર મંડળ બનવું જોઈએ એ આપના અભિપ્રાયમાં હું સંપૂર્ણપણે મળતો આવું છું. તેથી આપના કહેણને હું વધાવી લઉં છું. આનો અર્થ અલબત્ત, એવો નથી જ કે મહાસભા રચનાત્મક કાર્યક્રમને કોઈ પણ રીતે મૂકી દે. આપણા બધા જ પ્રયત્નો, જો તે પાછળ પ્રજાનું સંગઠિત બળ નહીં હોય તો નિષ્ફળ જ નીવડવાના.

હવે અમે પૂરા વિશ્વાસથી અમારા ધારાસભામાંના અને બહાર દેશમાંના કામમાં આગળ ધપીશું. અને જો દેશમાં એવો વખત આવશે કે પ્રજાને સંગઠિતપણે કશું પગલું લેવું પડે તો તે વખતે તેવા કામમાં સ્વરાજ પક્ષ પૂરા દિલથી સાથ દેશે એ બાબત તો આપને ખાતરી આપવાની કશી જરૂર ન જ હોય.

લિ. આપનો

**મોતીલાલ નેહરુ**

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૨૩–૭–૧૯૨૫

ભાષાંતર : નવજીવન, ૨૬–૭–૧૯૨૫

## પરિશિષ્ટ ૬

## મેડલીન સ્લેડનો પત્ર

૯૩, બેડફર્ડ ગાર્ડન્સ,
કેમ્પબેલ હિલ,
લંડન, ડબલ્યુ. ૮
પૅરિસ
મે ૨૯, ૧૯૨૫

પરમ પ્રિય ગુરુદેવ,

આપના પરના મારા પહેલા પત્રના ઉત્તર માટે હું આપની અત્યંત આભારી છું. આવું બનશે તેવી આશા રાખવાની મારી હિંમત જ નહોતી. આપે જે કહ્યું તે મેં ખૂબ જ આતુરતાપૂર્વક મારા હૃદયમાં ઉતાર્યું છે. મેં જાતે લાદેલી કસોટી માટેની મુદત લગભગ અરધી તો વીતી ગઈ છે એટલે હવે હું આપને ફરીથી લખવાની હિંમત કરું છું.

મારો પહેલાંનો જુસ્સો કદી મંદ પડયો નથી. ઊલટું, આપની સેવા કરવાની મારી ઝંખના ઉત્તરોત્તર વધુ ને વધુ તીવ્ર બનતી ગઈ છે, જે પ્રેરણા મને પ્રેરી રહી છે, તેને શબ્દોમાં વ્યક્ત કરવાનું મારે માટે શક્ય નથી. પણ હું મારા ખરા અંતઃકરણથી ઈશ્વરને પ્રાર્થી રહી છું કે હું મારાં કાર્યો દ્વારા એ પ્રેમ

Gandhi Heritage Portal

વ્યક્ત કરી શકું. એ કાર્યો ગમે તેટલાં મામૂલી હોય, તોપણ કંઈ નહીં તો છેવટે તે ખરા દિલથી કરેલાં તો હશે જ.

અને હું આપની પાસે મારી ખરા દિલની વિનંતી રજૂ કરવા માગું છું.

કાંતણ અને વણાટ શીખવા માટે, આપના આદર્શો ને સિદ્ધાંતો રોજિંદા જીવનમાં કેવી રીતે ઉતારવા તે શીખવા માટે, અને ભવિષ્યમાં આપની સેવા હું કયા માર્ગે કરી શકું તે જાણવા માટે આપના આશ્રમમાં આવી શકું?

આપના જીવનકાર્યને અનુરૂપ સેવિકા બનવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે એ તાલીમની ખૂબ જરૂર છે, એમ મને લાગે છે. અને જો આપ મને સ્વીકારશો તો આપની લાયક શિષ્યા બનવા માટે હું મારાથી બનતું બધું કરીશ.

દરમિયાન, હું મારાથી શક્ય તેટલી બધી તૈયારી કરી રહી છું. હું કાંતું છું અને વણું છું. (અલબત્ત, ઊન — કારણ કે ફ્રાંસમાં કે ઇંગ્લંડમાં રૂની કળા કોઈ જાણતું હોય એમ દેખાતું નથી.) ઘણા માયાળુ હિંદી મિત્રોની મદદથી હું હિંદુસ્તાનીના લાંબા પાઠો વાંચવાની માથાફોડ કરું છું. એ વાચન કેટલું પ્રેરણાદાયી છે! હું જેમ જેમ ભારતીય વિચારધારાઓમાં પ્રવેશ કરતી જાઉં છું, તેમ તેમ એમ લાગે છે કે જાણે આખરે હું મારા લાંબા સમયથી ખોવાઈ ગયેલા ઘરમાં પાછી આવી રહી છું.

મારા રોજિંદા જીવનની બાબતોમાં અત્યારની પરિસ્થિતિમાં શક્ય હોય તેટલી સાદાઈ લાવી રહી છું. મેં દરેક પ્રકારનાં દારૂ, બીઅર અથવા માદક પીણાંઓનો ત્યાગ કર્યો છે અને કોઈ પણ પ્રકારનું માંસ હું ખાતી નથી.

મારા હૃદયમાં હું ઉત્કટ આનંદ અને તીવ્ર વ્યથાનો અનુભવ કરી રહી છું. આનંદ એ વાતનો કે આપને તથા આપના લોકોને ચરણે હું મારું સર્વસ્વ અર્પણ કરી રહી છું. વ્યથા એ વાતની કે હું ખૂબ જ ઓછું આપી શકું છું. હું હિંદ આવવાના દિવસ માટે તલસી રહી છું. હાય! હજી તો પાંચ મહિના સુધી રાહ જોવી પડે એમ છે. હું નવેમ્બરની ૬ઠ્ઠીએ મુંબઈ પહોંચીશ. અને જો મને આશ્રમમાં રહેવા માટેની પરવાનગી મળશે તો તે જ સાંજે ઊપડતી ગાડીમાં નીકળી બીજે દિવસે સવારે અમદાવાદ પહોંચીશ.

પ્રિય ગુરુદેવ, હું આવું ને?

કૃપા કરી તમે પોતે આ પત્રનો જવાબ આપવાની તકલીફ ઉઠાવવાનો તો વિચાર જ ન કરશો. પણ શક્ય હોય તો કોઈ બીજા પાસે જવાબના બે શબ્દો લખાવશો.

આપની હમેશાની નમ્ર અને અત્યંત નિષ્ઠાવાન સેવિકા,

**મેડેલીન સ્લેડ**

તા. ક. આ સાથે મેં કાંતેલા ઊનના બે નાના નમૂના મોકલું છું.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૫૪૧

# આધારરૂપ સાહિત્ય

अमृतबझार पत्रिका : કલકત્તાનું અંગ્રેજી અખબાર, જે પ્રથમ ૧૮૬૮માં બંગાળી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થયું હતું. ૧૮૯૧થી એ દૈનિક બન્યું છે.

आज : બનારસથી પ્રસિદ્ધ થતું હિંદી દૈનિક.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી** : ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું કેન્દ્રસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

नवजीवन (૧૯૧૯–૩૧) : ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક. (જે કોઈ કોઈ વાર અઠવાડિયામાં બે વાર પણ નીકળતું.) તે नवजीवन अने सत्य (૧૯૧૫–૧૯) નામના ગુજરાતી માસિકનું રૂપાંતર હતું અને તેનો પહેલો અંક ૧૯૧૯ના સપ્ટેમ્બરની ૭મીએ પ્રસિદ્ધ થયો હતો. ૧૯૨૧ના ઑગસ્ટની ૧૯મીથી એની હિંદી આવૃત્તિ પણ પ્રસિદ્ધ થવા લાગી હતી.

फॉरवर्ड : ચિત્તરંજન દાસના તંત્રીપદે કલકત્તાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

बापुना पत्रो — मणिबहेन पटेलने (ગુજરાતી) : સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૭.

बापुनी प्रसादी (ગુજરાતી) : અનુ૦ મથુરાદાસ ત્રિકમજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૮.

बॉम्बे क्रॉनिकल : મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરી** : સ્વરાજ્ય આશ્રમ, બારડોલીમાં રાખેલી.

यंग इन्डिया (૧૯૧૮–૩૧) : મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસે શરૂ કરેલું સાપ્તાહિક; ૧૯૧૯ના મેની ૭મીથી એ અર્ધસાપ્તાહિક બન્યું; એના ઉપર ગાંધીજીની દેખરેખ રહેતી. ઑક્ટોબર ૧૯૧૯થી એ અમદાવાદથી ગાંધીજીના તંત્રીપદેથી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યું.

सर्चलाईट : પટણાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**સાબરમતી સંગ્રહાલય** : પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવે છે. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

स्टेट्समॅन : કલકત્તાથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

हिंदुस्तान टाइम्स : દિલ્હીથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

हिन्दु : મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી અખબાર; ૧૮૭૮માં સાપ્તાહિક તરીકે શરૂ થયેલું; ૧૮૮૩થી ત્રિ-સાપ્તાહિક થયું અને ૧૮૮૯થી દૈનિક થયું.

Gandhi Heritage Portal

## તારીખવાર વૃત્તાંત

### (મે ૧ — જુલાઈ ૩૧, ૧૯૨૫)

મે ૧ : ગાંધીજી કલકત્તા પહોંચ્યા.
ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત આપી.
મિરજાપુર પાર્કની જાહેર સભામાં ભાષણ.

મે ૨ : ફરીદપુરમાં ઔદ્યોગિક પ્રદર્શન ખુલ્લું મૂક્યું.
અખિલ હિંદ હિંદુ સંમેલનમાં પ્રવચન. બંગાળ પ્રાંતિક યુવક સંમેલનમાં ભાષણ.

મે ૩ : મુસ્લિમ પરિષદને સંબોધી.
ફરીદપુર મ્યુનિસિપાલિટી અને વિદ્યાર્થીઓ તરફથી માનપત્ર આપવામાં આવ્યું.
સી. આર. દાસના પ્રમુખપદે મળેલી બંગાળ પ્રાંતિક પરિષદમાં ભાષણ.

મે ૪ : ફરીદપુરની પ્રાંતિક પરિષદમાં હાજરી આપી.

મે ૫ : ચંદ્રનગરના પ્રવર્તક આશ્રમની મુલાકાત.

મે ૬ : સર સુરેન્દ્રનાથ બૅનરજીને મળવા ગયા.
અષ્ટાંગ આયુર્વેદ વિદ્યાલયની હૉસ્પિટલના મકાનનો પાયો નાંખ્યો.

મે ૭ : ટાગોરને તેમના જન્મદિવસે અભિનંદન આપ્યાં.
કલકત્તામાં બુદ્ધ વિહારમાં બુદ્ધ જયંતીના સમારંભમાં પ્રમુખસ્થાન લીધું.
પૂર્વ બંગાળના પ્રવાસે નીકળ્યા.

મે ૮ : લોહગંજ (ઢાકા)માં ભાષણ ૫,૦૦૦/-ની થેલી આપવામાં આવી.
મલિકન્દામાં જાહેર ભાષણ.

મે ૯ : દિઘિરપુરની રાષ્ટ્રીય શાળાની મુલાકાત. જાહેર સભામાં યુનિયન બોર્ડ તરફથી માનપત્ર.
તાલકોટામાં કાર્યકર્તાઓ સમક્ષ ભાષણ.
ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત.

મે ૧૦ : પુરણબજારમાં વેપારી સંઘ સમક્ષ ભાષણ.
ચાંદપુરમાં માનપત્ર આપવામાં આવ્યું તથા જાહેર સભાઓમાં ભાષણ આપ્યાં. ચાંદપુરની રાષ્ટ્રીય શાળાની મુલાકાત લીધી.

મે ૧૨ પહેલાં : હરદયાળ નાગ સાથેની મુલાકાતમાં સ્વરાજવાદીઓ સાથે પાયાના મુદ્દાઓ પર મતભેદ હોવાનો ઇનકાર કર્યો.

મે ૧૨ : સવારે ચિત્તાગોંગ પહોંચ્યા.
જાહેર સભામાં ભાષણ.

મે ૧૩ : વિદ્યાર્થીઓ તથા વેપારીઓની સભામાં ભાષણ.
બ્રિટિશ પાર્લમેન્ટનાં બંને ગૃહોની સંયુક્ત હિંદી સમિતિના પ્રમુખ તરીકે લૉર્ડ મેસ્ટન ચૂંટાયા.

Gandhi Heritage Portal

**મે ૧૪ :** નોઆખલીમાં ગાંધીજીએ જાહેર સભામાં અને સ્ત્રીઓની સભામાં ભાષણ આપ્યાં. શિક્ષક પ્રતિનિધિમંડળને મુલાકાત આપી.

**મે ૧૫ :** કોમિલ્લાની જાહેર સભામાં માનપત્ર આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને સંબોધ્યા. કોમિલ્લાના અભય આશ્રમની મુલાકાત લીધી.
વિક્રમપુરના કાર્યકર્તાઓ સમક્ષ બોલ્યા. કૉંગ્રેસથી સ્વતંત્ર એવું કોઈ સંગઠન ઊભું કરવાની વિરુદ્ધમાં પોતાનો મત જાહેર કર્યો.

**મે ૧૬ :** કોમિલ્લામાં સ્ત્રીઓની સભામાં ભાષણ.

**મે ૧૭ :** ઢાકાની જાહેર સભામાં લોકોને આગ્રહ કર્યો કે તેમણે માતૃભાષામાં અથવા હિંદીમાં પોતાનો વ્યવહાર ચલાવવો જોઈએ.
શ્યામપુરમાં રાષ્ટ્રીય મહાવિદ્યાલયની હૉસ્પિટલનો પાયો નાંખ્યો.

**મે ૧૯ :** મૈમનસિંગની સ્ત્રીઓની સભામાં ભાષણ.
રાજમહેલમાં મળેલી સભામાં બોલ્યા. જમીનદારના મંડળને સંબોધ્યું.

**મે ૨૧ :** દિનાજપુરમાં અસ્પૃશ્યોને પોતાની હાલત માટે અકળાઈ ન જવાની સલાહ આપી. જાહેર સભાને સંબોધી.
વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ. સ્થાનિક જમીનદારોને મુલાકાત આપી.

**મે ૨૨ :** બોગરામાં કાર્યકર્તાઓની તાલીમ સંસ્થાને સંબોધન.
જાહેર સભામાં ભાષણ.
તલોદામાં પી. સી. રાયના ખાદી કેન્દ્રની મુલાકાત લીધી.

**મે ૨૫ :** ફૉરવર્ડને આપેલા સંદેશામાં રેંટિયાના કાર્યક્રમને આગળ વધારવા પર ભાર મૂક્યો.

**મે ૨૮ :** કલકત્તા પાછા ફર્યા. જુવાનોને ગામડાંમાં જવાની તથા આમજનતામાં કામ કરવાની હાકલ કરી.

**મે ૨૯ :** બોલપુર પહોંચ્યા. ત્યાંથી શાંતિનિકેતન મોટરમાં ગયા.

**મે ૩૦ :** ટાગોરને મળ્યા. રેંટિયા અને ખાદીનો કાર્યક્રમ સમજાવ્યો.

**મે ૩૧ :** શાંતિનિકેતનના વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ.
ડૉ. મોરેનો સાથે ઍંગ્લો-ઇન્ડિયન સમસ્યા પર ચર્ચા કરી.

**જૂન ૩ :** દાર્જિલિંગ પહોંચ્યા. સી. આર. દાસને ત્યાં ઊતર્યા.

**જૂન ૬ :** દાર્જિલિંગમાં મિશનરી બહેનો સાથે વાર્તાલાપ.

**જૂન ૧૦ :** જલપાઈગુરીમાં વેપારી તથા ઉદ્યોગપતિઓને તેમની સંપત્તિ તથા બુદ્ધિ દેશના કલ્યાણ માટે વાપરવાની હાકલ કરી.

**જૂન ૧૧ :** નવાબગંજમાં વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ.

**જૂન ૧૨ :** ઉપાશી (નવાબગંજ જિલ્લો)માં બિજહારી શાળાની મુલાકાત લીધી.
ભોજેશ્વરમાં સભાને સંબોધી.

**જૂન ૧૩ :** મદારીપુરની જાહેર સભામાં ભાષણ. જાહેર પુસ્તકાલયની મુલાકાત.

Gandhi Heritage Portal

જૂન ૧૪ : બારીસાલમાં જાહેર સભાને સંબોધન.

ઑાકસફર્ડ મિશનની વણાટશાળાની મુલાકાત.

પૂરક ઉદ્યોગ તરીકે માત્ર કાંતણ હોઈ શકે, વણાટ નહીં. એ વાત કહી.

જૂન ૧૬ : સી. આર. દાસનું દાર્જિલિંગમાં અવસાન.

જૂન ૧૭ : ખુલનામાં ગાંધીજીને શ્રી દાસના અવસાનના સમાચાર મળ્યા. જાહેર સભામાં સી. આર. દાસને અંજલિ આપી.

જૂન ૧૮ : કલકત્તામાં દેશબંધુની સ્મશાનયાત્રામાં હાજરી આપી.

જૂન ૨૨ : દેશબંધુ સ્મારક ફાળાની અપીલ કરી.

જૂન ૨૩ : કલકત્તાની મ્યુનિસિપલ માર્કેટની સભામાં હાજરી આપી.

સ્ટેટ્સમૅન તથા સર્ચલાઈટને મુલાકાત આપી.

જૂન ૨૪ : ઇંગ્લિશમૅન સાથેની મુલાકાતમાં સ્વરાજ પક્ષમાં તડાં પડયાની વાતને નકારી કાઢી. એક મહિનો વધુ કલકત્તામાં રહેવાનો ઇરાદો જાહેર કર્યો.

જૂન ૨૬ : શ્રી દાસના મૃત્યુ નિમિત્તે મળેલી કલકત્તામાં રહેતા ગુજરાતીઓની સભામાં પ્રમુખપદ.

જૂન ૨૮ : નવજીવન દ્વારા જુલાઈની ૧લી તારીખે સ્વ. દાસના શ્રાદ્ધ દિન નિમિત્તે આખા દેશમાં સભાઓ ભરવાની અને તેમાં રેંટિયો કાંતવાનું વ્રત લેવાની અપીલ પ્રગટ કરી.

જૂન ૩૦ : કલકત્તા યુનિવર્સિટીની શોકસભાનું પ્રમુખસ્થાન લીધું.

આચાર્ય એસ. કે. રુદ્રનું અવસાન.

જુલાઈ ૧ : ગાંધીજીએ દાસની શ્રાદ્ધ ક્રિયામાં હાજરી આપી.

જાહેર સભામાં ભાષણ. સ્ત્રીઓની સભામાં સોનાની બંગડીઓ તથા રોકડ રકમ દેશબંધુ સ્મારક ફાળા માટે મળી.

જુલાઈ ૨ : ખિદરપુર, કલકત્તામાં બકરી ઈદને દિવસે હુલ્લડ ફાટી નીકળ્યું.

ગાંધીજીએ અબુલ કલામ આઝાદ સાથે તોફાનગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી અને બંને કોમોને શાંત પાડી.

ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા સાથેની મુલાકાતમાં આ હુલ્લડનો દોષ હિંદુઓ પર મૂકયો.

જુલાઈ ૪ : ખડગપુર ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટની મુલાકાત લીધી. ઇન્ડિયન રિક્રીએશન ગ્રાઉન્ડ પરની પ્રચંડ મેદનીવાળી સભાને સંબોધન. હિંદુમુસ્લિમ ઐકય પર ભાર મૂકયો.

જુલાઈ ૫ : ઉપવાસો તથા બીજાં કારણોને લીધે અટકી પડેલો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, નવજીવનમાં ફરી ચાલુ કર્યો.

જુલાઈ ૭ : મિદનાપુરમાં વિદ્યાર્થીઓની અને સ્ત્રીઓની જાહેર સભાઓમાં ભાષણ.

જુલાઈ ૯ : સ્વરાજવાદી મ્યુનિસિપલ સભ્યોની સભામાં જે. એમ. સેનગુપ્તાને મેયર તરીકે ચૂંટવાની ભલામણ કરી.

જુલાઈ ૧૨ : રાજશાહીમાં જાહેર પુસ્તકાલયની મુલાકાત લીધી. જાહેર સભાને સંબોધી.



Gandhi Heritage Portal

જુલાઈ ૧૬ : સ્વરાજ પક્ષની સામાન્ય સભામાં સંબોધન કર્યું. આ સભામાં મોતીલાલ નેહરુ અને બીજા પણ હાજર રહ્યા હતા.

જુલાઈ ૧૭ : સ્વરાજ પક્ષની સામાન્ય સભામાં તેમણે કહ્યું કે જો સ્વરાજવાદીઓ કાંતણ મતાધિકાર રદ કરવાના આગ્રહી હોય તો હું તે માગણી સ્વીકારીશ, પણ કૉંગ્રેસના પ્રમુખ તરીકે રાજીનામું આપીશ.

જુલાઈ ૧૯ : મોતીલાલ નેહરુને લખ્યું કે બેલગામ કરારમાંથી વ્યક્તિગત રીતે હું તમને મુક્ત કરું છું.

જુલાઈ ૨૪ પહેલાં : મારવાડી અગ્રવાલ પરિષદમાં ભાષણ. બાળલગ્નોનો ઉગ્ર વિરોધ કર્યો.

જુલાઈ ૨૪ : ક્રિસ્ટોદાસ પાલની મૃત્યુ સંવત્સરી પ્રસંગે યુનિવર્સિટીમાં ભાષણ કર્યું.
કલકત્તાની ગ્રાન્ડ હોટેલમાં યુરોપિયન ઍસોસિયેશન સમક્ષ ભાષણ કર્યું.

જુલાઈ ૨૭ : ફૉરવર્ડને સંદેશો. રેંટિયો અને ખાદી અપનાવીને લોકમાન્યની સ્મૃતિને આદર કરવા જણાવ્યું.

જુલાઈ ૨૮ : કલકત્તાના યંગ મૅન્સ ક્રિશ્ચિયન ઍસોસિયેશનમાં ખ્રિસ્તી મિશનરીઓને સંબોધન.

જુલાઈ ૨૯ : વેલેસ્લી સ્કવૅરમાં ઍંગ્લો-ઇન્ડિયનોની સભાને સંબોધન.

જુલાઈ ૩૧ : કલકત્તાની જાહેર સભામાં ભાષણ.

ગ્રંથાલય અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

# સૂચિ


અકાલી(ઓ) ૩૨૫; ૦આંદોલન ૩૨૪; ૦કેદીઓ ૩૨૪
અકોલા ૧૪૮, ૧૯૫
અખંડ પાઠ ૩૨૪–૫
અખિલ બંગાળ (દેશબંધુ) સ્મારક ૨૪૫, ૨૮૯; ૦ફાળો (ફંડ) ૨૪૭, ૩૩૭, ૩૯૫
અખિલ બંગાળ હિંદુ સંમેલન ૮
અખિલ ભારત(તીય) ખાદી મંડળ ૯૯, ૧૦૦, ૩૩૦
અખિલ ભારત(તીય) ગોરક્ષામંડળ ૧૧૯
અખિલ ભારત ગોરક્ષા સંઘ ૩૫
અખિલ ભારતીય ગોરક્ષિણી સભા ૧૬
અખિલ હિંદ અસહકાર સંગઠન ૭૦
અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ ૧૩૪–૫, ૧૩૯, ૨૨૩, ૩૧૯
અખિલ હિંદ કૉંગ્રેસ સેવામંડળ ૪૧૪
અખિલ હિંદ ખાદી બોર્ડ ૫૯ પા. ટી., ૩૦૬, ૪૪૭
અખિલ હિંદ ચરખા સંઘ ૮૭, ૩૬૪–૫, ૪૦૬
અખિલ હિંદ દેશબંધુ સ્મારક ૨૮૯, ૩૦૧, ૩૫૯, ૩૬૧, ૩૮૨, ૪૦૮, ૪૧૦, ૪૧૩; ૦ફાળો ૪૧૪
અખિલ હિંદ મહાસભા સમિતિ ૨૩૯ પા. ટી.
અખિલ હિંદ સ્વરાજ પક્ષ ૩૪૬
અજમેર ૧૨૪, ૧૪૮, ૩૮૯
અડાજણ ૪૧૦
અડાજણિયા, સોરાબજી ૪૧૦
અણે, એમ. એસ. ૧૪૮, ૩૪૭ પા. ટી.
અદાલત ૯, ૧૩, ૧૧૬, ૧૨૮, ૨૩૦; –નો બહિષ્કાર ૩૫૨
અનસારી, ડૉ. ૧૪૦, ૨૧૦
અનાથાશ્રમ ૪૨૦
અનિલબાબુ, શ્રી ૩૦૪
અનુપસાર્યતા ૨૩૨ પા. ટી.
અનુપસાર્યો ૧૬૩
અપર્ણાદેવી, શ્રીમતી ૩૬૯
અપ્રતિકારનો સિદ્ધાંત ૩૯
અફીણ ૧૮૧; –ની સમસ્યા ૧૪૯ પા. ટી.
અબ્રાહ્મણ ૧૭૫
અભય આશ્રમ ૮૮–૯, ૧૬૬, ૨૯૧
અભિનંદન પત્ર (માનપત્ર) ૧૨૪
અમદાવાદ ૭, ૭૮, ૮૯, ૧૦૬, ૧૯૮, ૨૩૯, ૩૦૬, ૩૯૭
અમરાવતી ૧૪૮, ૧૯૫
અમરેલી ૧૫૫ પા. ટી., ૨૦૨ પા. ટી., ૨૦૩
અમરેલી ખાદી કાર્યાલય ૨૦
અમલદાર(રો) ૧૧૩, ૧૨૮, ૨૪૫, ૨૪૮, ૨૬૦, ૨૭૧, ૩૪૨; ૦શાહી ૩૯
अमृतबझार पत्रिका ૭૩ પા. ટી., ૧૫૬ પા. ટી., ૨૦૧ પા. ટી., ૨૩૩ પા. ટી.
અમૃતસર ૫ પા. ટી., ૨૩૩; –ની કૉંગ્રેસ ૨૩૮
અમેરિકન ૦મિત્રો ૩૦૭–૮; ૦સ્વભાવ ૩૦૮
અમેરિકનો ૧૦૬
અમેરિકા ૬૪, ૭૬, ૧૯૮, ૩૦૮, ૩૩૬, ૩૭૧; –નાં દક્ષિણનાં રાજ્યો ૨૨૩
અરાજકતાવાદી ૨૨૬, ૨૮૯
અર્જુન ૩૮–૯, ૧૧૬, ૨૮૨
અર્થશાસ્ત્ર ૦સૂતરનું ૯૯
અર્થશાસ્ત્રી ૭
અર્ધક્રાંતિવાદી(ઓ) ૩૭
અર્ધખાદી ૧૦૫; ૦તો હરામજાદી ગણાય ૧૦૮
અલીગઢ ૨૦૯ પા. ટી.
અલીપુર બૉમ્બ કેસ ૨૭૦ પા. ટી., ૨૮૯
અલીભાઈઓ ૫૨–૩, ૬૦, ૬૩, ૭૩, ૮૪, ૧૦૬, ૧૩૮–૪૦, ૧૬૯
અલ્લાહાબાદ મ્યુનિસિપલ શાળાઓ ૧૮૯
અલ્લાહાબાદ મ્યુનિસિપલ શિક્ષણ સમિતિ ૧૯૦
અલ્વર ૨૮૮; –ના મહારાજા ૩૬૭
અષ્ટાંગ આયુર્વેદ વિદ્યાલય ૧૯૨
અસહકાર ૨, ૧૦, ૨૪, ૬૭–૯, ૭૧–૨, ૧૨૮–૯, ૧૪૪ પા. ટી., ૧૬૮, ૧૭૫, ૧૮૩, ૨૧૩, ૨૩૧, ૨૬૮, ૩૧૩, ૩૪૯–૫૦, ૪૧૩, ૪૧૭
અસહકારી(ઓ) ૬૯, ૭૧–૨, ૧૪૬, ૧૫૪, ૨૨૦, ૨૨૭, ૨૬૦, ૩૭૬ પા. ટી., ૪૧૭
અસ્પૃશ્ય(શ્યો) ૬, ૯, ૧૦, ૧૩–૫, ૪૧, ૫૬, ૧૦૫, ૧૧૭–૮, ૧૨૨, ૧૨૫, ૨૪૨, ૨૮૪–૮, ૨૯૨, ૩૪૪, ૩૪૬
અસ્પૃશ્યતા ૨, ૬, ૭, ૧૩–૫, ૧૮, ૫૨–૪, ૫૬, ૬૦, ૬૩, ૮૨, ૮૪, ૮૭, ૯૧, ૯૩, ૧૧૭–૮, ૧૪૬, ૧૫૮, ૧૬૨, ૧૮૩, ૧૯૯, ૨૦૨, ૨૦૮, ૨૪૨–૩, ૨૫૪–૫, ૨૮૫, ૨૯૧, ૨૯૯, ૩૩૨, ૩૪૪, ૪૧૮;


Gandhi Heritage Portal

૦કેવળ હિંદુઓ પરનું જ નહીં પણ માનવજાત પરનું કલંક છે ૩૦૫
અસ્પૃશ્યતાનિવારણ ૧, ૬, ૯, ૧૦-૨, ૨૫, ૩૧, ૬૧, ૧૨૧-૨, ૧૨૮, ૧૪૧, ૨૨૮, ૨૪૨, ૩૫૪-૫; ૦આંદોલન ૧૧૭; ૦એટલે વર્ણાશ્રમનો નાશ નહીં ૧૫
અસ્પૃશ્યતાનિવારણ પરિષદ ૧૪
અહિંદુ(ઓ) ૩૦૫
અહિંસક વાતાવરણ ૪૧૮
અહિંસા ૨૪, ૩૦-૧, ૩૭, ૩૯, ૪૦, ૪૫, ૫૫-૭, ૬૭, ૭૫, ૧૦૯, ૧૧૨-૫, ૧૨૩-૪, ૧૨૯, ૧૮૧, ૨૦૫, ૨૦૯, ૨૧૩, ૨૨૮, ૨૫૭-૮, ૨૮૭-૮, ૩૦૬, ૩૨૧, ૩૭૧, ૩૭૪, ૩૭૬, ૪૦૬, ૪૧૭-૮; ૦એ માનસિક વલણ પણ છે અને તેના પરિણામરૂપ ક્રિયા પણ છે ૧૧૨; ૦ધર્મ ૩૩૫; ૦પ્રધાન ધર્મ ૧૮૦
અંગબળ ૧૨૭
અંગ્રેજ(જો) ૨, ૧૨, ૨૫, ૩૭, ૪૦, ૫૬, ૯૪, ૧૦૬, ૧૧૬, ૧૫૬, ૧૬૪, ૧૭૧, ૨૧૪, ૨૫૫, ૨૬૭, ૩૧૦-૨, ૩૨૦, ૩૨૮, ૩૫૦, ૩૫૪-૫, ૩૬૯, ૩૭૭, ૪૦૦, ૪૧૮; -ની શાળા ૧૩; ૦મિત્ર(ત્રો) ૩૧૩, ૩૭૬ પા. ટી., ૦મિશન ૩૧૨; ૦રાજકારણી પુરુષો ૩૨૩; ૦લોકો ૩૩૩; વસાહતીઓ ૧૭૧; ૦શાસક તો નિષ્ઠુરતાની મૂર્તિ છે ૧૧૫; ૦શાસન ૩૨૩
અંગ્રેજી ૦ભાષા ૪, ૧૧, ૭૪; ૦માનપત્ર ૧૨૦; ૦રાજ્ય ૧૧૪; ૦રાજ્યતંત્ર ૧૨૯; ૦રાજ્યનીતિ ૩૫૫; ૦રાજ્યપદ્ધતિ ૩૫૫
અંતરનો અવાજ ૩૨૦
અંતરાત્મા ૩૬૫
અંતર્નાદ ૨૪૨
અંત્યજ(જો) ૧૫, ૪૦, ૫૫, ૫૮-૯, ૮૨, ૧૨૦, ૧૨૩, ૧૪૫, ૧૪૭, ૧૬૩, ૨૦૨, ૨૯૮ પા. ટી., ૩૯૨; -ની સેવા ૨૩૫; -નો બહિષ્કાર ૨૦૩; ૦વર્ગ ૨૮૪; ૦વાડો ૨૦૨-૩; ૦શાળાઓ ૧૫૦
અંત્યજોદ્ધારની પ્રવૃત્તિ ૧૫

આઇરિશ લોકો ૩૬૬
આગ્રા ૩૮૫
આચાર્યો ૩૮
આઝમબાગ ૧૯૦
આઝાદ, મૌલાના અબુલ કલામ ૨૧૭ પા. ટી., ૨૯૫-૬, ૩૧૬, ૩૬૦, ૩૭૭, ૪૧૬
આણંદ ૧૧૭
આત્મકથા ૧૨-૩ પા. ટી., ૯૨ પા. ટી., ૯૪ પા. ટી.
આત્મબળ ૪૦૪
આત્મરક્ષા ૩૩૫
આત્મશક્તિ ૩૨૭
આત્મશુદ્ધિ ૧૦-૧, ૧૪, ૫૨, ૭૩, ૧૭૬, ૨૪૧, ૨૫૭, ૨૮૪, ૩૨૬-૭
આત્મહત્યા ૧૪૪
આધ્યાત્મિક ઉન્નતિ ૨૬૮
આનંદાનંદ, સ્વામી ૨૭૭
આબુ ૮૧
આમપ્રજા ૩૩૦
આમવર્ગ ૧૮૬
આમિલો ૧૭૨
આયર, વી. પી. એસ. ૨૨૬
આયંગર, એસ. શ્રીનિવાસ ૩૪૭ પા. ટી.
આયુર્વેદ ૧૯૨-૩, ૩૭૦; ૦અને યુનાની ૩૨-૩; ૦દેશી દવાઓ તથા વનસ્પતિઓનું સંશોધન થવું જોઈએ ૩૦૬; -ની ચિકિત્સા ૧૯૪
આરબ ૩૧૫; ૦સ્ત્રીઓ ૧૯૧
આરોગ્ય ૩૩; -ના નિયમો ૧૫૩
આશ્રમ ૮૯, ૧૮૯, ૧૯૫, ૧૯૭-૮, ૨૦૪, ૨૧૦ પા. ટી., ૨૨૩, ૨૫૭, ૨૭૭, ૨૮૧, ૩૭૩, ૩૮૮; ૦વાસી ૩૭૩
આસર, લક્ષ્મીદાસ ૩૨૯
આસામ ૮૦, ૧૨૬, ૧૩૪, ૧૪૮, ૧૮૧, ૧૯૫, ૨૧૫, ૨૩૮ પા. ટી., ૩૧૭; -ના ચાના બગીચાના મજૂરો ૧૪૯ પા. ટી.; ૦મેલ ૩૨૪
આંકડાશાસ્ત્રીઓ ૩૬૬
આંટી(ઓ) ૭૮
આંતર અવાજ ૩૫૭
આંતરજાતીય લગ્નો ૩૧૫
આંતરરાષ્ટ્રવાદી ૨૨૫
આંતરરાષ્ટ્રીય ૦રાજકારણની ભાષા ૪; ૦સંબંધો ૪૦
આંતરરાષ્ટ્રીયતા ૨૨૪
આંધ્ર ૧૩૪, ૧૮૮

ઇકમરગાંવ ૧૭૪ પા. ટી.
ઇતિહાસકાર(રો) ૧૨૧
ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ૨૯૭
ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ ૫ પા. ટી., ૨૭ પા. ટી., ૪૬ પા. ટી., ૧૦૩ પા. ટી., ૩૬૮
ઇન્ડિયન પબ્લિક સર્વિસ કમિશન ૨૭ પા. ટી.

Gandhi Heritage Portal

ઇન્ડિયન રિક્રીએશન ગ્રાઉન્ડ ૨૯૭
ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ ૪૭ પા. ટી.
ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન ૧૯૦ પા. ટી.
ઇસ્લામ ૪૯, ૧૬૩, ૧૯૧, ૨૮૭, ૩૦૫, ૩૧૧
ઇંગ્લંડ ૩ પા. ટી., ૭૯, ૧૭૧, ૧૭૮ પા. ટી., ૩૦૮-૯, ૩૧૫, ૩૧૯, ૩૩૮, ૩૭૭, ૪૦૦
ઇંગ્લિશમૅન ૨૫૦, ૩૭૬ પા. ટી., ૩૭૦ પા. ટી., ૩૭૮ પા. ટી.

ઈરાની ૩૧૫
ઈશુ ૧૭૭, ૧૭૯, ૩૧૨
ઈશુદી (ગામ) ૩૪૧
ઈશ્વર -નું અસ્તિત્વ ૩૦૯; -નો સાક્ષાત્કાર ૩૦૯
ઈસાઈ ધર્મપ્રચારિકાઓ ૧૭૬
ઈસ્ટ ઇન્ડિયા કંપની ૨૫

ઉત્કલ ૧૩૪
ઉત્તમચંદ, બાપા ૨૭૬
ઉત્તરપ્રદેશ ૪૮, ૯૭ પા. ટી., ૧૨૨ પા. ટી., ૧૩૪
ઉત્તર હિંદુસ્તાન ૧૫૬
ઉદ્દામવાદી(ઓ) ૩૧૨
ઉપનિષદ ૧૮૩, ૨૪૨, ૨૮૧, ૨૯૯, ૩૨૭
ઉપવાસ ૩૮, ૨૯૭; ૦દુરાગ્રહી ૨૯૮; ૦સત્યાગ્રહી ૨૯૮
ઉપાશી (ગામ) ૧૯૬ પા. ટી., ૨૫૩
ઉમરાવસભા ૩૪૬
ઉસ્માન ૨૬૨

ઊર્મિલાદેવી ૨૧૫, ૨૨૨

ઋષિ(ઓ) ૧૨૩; ૦મુનિઓ ૩૭૪, ૩૭૬

એ. આઈ. સી. સી. ૧૪૭ પા. ટી.
એકપત્નીવ્રત ૧૭૯
ઍન્ડ્રૂઝ, સી. એફ. ૧૫, ૪૮, ૮૦, ૧૪૯ પા. ટી., ૨૫૫, ૨૭૫, ૨૯૧, ૩૧૩, ૩૬૦, ૩૯૪
ઍબિસિનિયન ૩૧૫
એશિયા ૧૪૦; ૦વાસીઓ ૧૯૦
ઍસેમ્બ્લીઓ ૧૫૭
ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા ૩, ૫૮, ૨૯૫-૬, ૩૩૪
ઍંગ્લો-ઇન્ડિયન(નો) ૧૫૬-૯, ૧૬૪, ૩૬૮-૯, ૩૯૮-૪૦૩; ૦પત્રો ૨૩૪

ઑક્સફર્ડ મિશન ૨૦૮
ઓરિસ્સા ૧૦૩, ૧૮૮, ૨૪૩ પા. ટી.
ઑસ્ટ્રેલિયા ૧૯૧, ૪૦૦

કન્યાકુમારી ૧૨૮, ૧૮૦
કન્યાવિક્રય ૧૨૮
કપાસ ૬૫, ૭૯, ૧૫૦, ૧૮૫; -નું વાવેતર ૬૪
કરાંચી ૧૫૦, ૧૭૧
કર્ઝન, લૉર્ડ ૨૦૮
કર્ણાટક ૭૭, ૧૩૪, ૧૮૮
કલકત્તા ૧, ૩, ૪, ૫ પા. ટી., ૬, ૭, ૨૪, ૨૬-૭, ૨૯, ૩૨, ૪૧, ૪૬-૭, ૬૦, ૭૨, ૮૧, ૯૭, ૧૧૯, ૧૪૫-૬, ૧૪૮, ૧૬૨, ૧૬૬, ૧૬૮, ૧૮૨, ૧૮૪, ૧૯૫, ૧૯૭-૮, ૨૦૦, ૨૧૪, ૨૨૨, ૨૨૫, ૨૨૯, ૨૩૩, ૨૩૬, ૨૪૩-૭, ૨૫૦, ૨૬૧-૩, ૨૬૬, ૨૬૯, ૨૭૭, ૨૮૦, ૨૯૩-૫, ૩૦૧-૩, ૩૦૬, ૩૧૦, ૩૧૬, ૩૨૫, ૩૩૪, ૩૩૬-૮, ૩૪૦, ૩૪૫-૭, ૩૫૮, ૩૬૧-૨, ૩૬૭, ૩૭૦, ૩૭૩, ૩૭૬, ૩૮૧, ૩૮૫-૬, ૩૯૭, ૪૧૬, ૪૧૯; ૦કૉર્પોરેશન ૧૧૬, ૪૦૮; -ના આયુર્વેદિક ચિકિત્સકો ૧૯૨; -નો પીરનો સવાલ ૩૨૦; ૦મ્યુનિસિપાલિટી ૬૬
કલકત્તા અષ્ટાંગ આયુર્વેદ વિદ્યાલય ૩૨
કલકત્તા ઇન્ડસ્ટ્રિયલ મિશન હાઉસ ૩૯૪
કલકત્તા યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટ ૨૭૮, ૩૩૬, ૩૭૫ પા. ટી.
કલમો ૧૮૭
કલા ૧૦૧
કવિરાજો ૩૪, ૩૦૬
કંતામણ ૧૫૨
કંબ રામાયણ ૨૨૬ પા. ટી.
કાઉન્સિલ ૬૮, ૧૫૭, ૩૨૧, ૩૩૭; ૦વાળા ૨૨૦
કાઉન્સિલરો ૭૪
કાઠિયાવાડ ૧૫, ૧૭, ૧૦૦, ૧૫૦, ૧૫૫, ૧૭૭, ૧૮૪, ૨૪૨, ૨૬૮, ૪૦૦
કાઠિયાવાડ રાજકીય પરિષદ ૨૦૩ પા. ટી., ૨૬૮ પા. ટી.
કાઠિયાવાડી(ઓ) ૧૭, ૧૫૦
કાનપુર ૧૯૦, ૩૬૫
કાયદાભંગ ૧૨૨
કાયરતા ૬૭
કાર, સર હ્યુબર્ટ ૩૭૮
કાલિકાપુર ૧૭૩
કાલીઘાટ ૨૭૬ પા. ટી., ૨૭૭
કાળબળ ૧૪૦
કાંતણ ૨, ૨૩, ૫૯, ૬૫, ૧૧૧, ૨૫૩, ૩૦૬, ૩૦૮, ૩૧૮, ૩૬૨, ૩૬૮; ૦કામ ૪૬, ૩૦૭, ૪૧૫; -ની હરીફાઈઓ ૧૪૩; -નું વિજ્ઞાન ૧૯૬; -નો કાર્યક્રમ

Gandhi Heritage Portal

૫૪; –નો ગૃહઉદ્યોગ ૧૩૮; ૦પ્રવૃત્તિ ૭૯, ૧૪૯, ૨૫૩, ૨૫૯, ૩૬૦, ૩૬૯; ૦મતાધિકાર ૬૫, ૩૬૪, ૩૬૮; ૦હરીફાઈ ૩૬૯
કાંતનારા(ઓ) ૪૬, ૮૯, ૯૯, ૧૩૬, ૧૫૨, ૩૦૭
કાંતનારી સંસ્થા ૩૮૧
કિસાનો ૧૩૭; –ની સ્થિતિ ૧૩૬
કીર્તન(નો) ૨૬૪–૫, ૨૮૫
કુન્ડુ, નિશીથનાથ ૧૭૬, ૩૬૪
કુરળ ૨૨૬ પા. ટી.
કુર્ગ ૧૭૨
કુરાન ૩૯૭
કુરિચન્દુ ૧૬૬
કુરેશી, શ્વેબ ૧૦૪ પા. ટી., ૨૬૨
કુલીઓ ૫૭
કુશારી, જિતેન્દ્રનાથ ૫૩ પા. ટી., ૧૯૦
કુંભકર્ણ ૭૨
કૃપાલાની, ગિરધારી ૧૪૭
કૃપાલાની, જે. બી. ૧૪ પા. ટી.
કૃષ્ણ ૩૯, ૮૩, ૧૧૫, ૨૮૩, ૨૮૮, ૩૯૫
કૃષ્ણદાસ (ક્રિસ્ટોદાસ) ૨૨, ૧૦૦, ૩૬૨
કૃષ્ણૈયા ૩૮૬
કેતકર, જી. વી. ૭૩
કેથલિક ૩૧૫
કેરળ ૧૩૪–૫, ૧૬૨ પા. ટી., ૧૮૮, ૨૧૭ પા. ટી.
કેસરી ૭૩, ૧૧૯ પા. ટી.
કેળકર, ન. ચિં. ૧૩૪, ૩૪૭ પા. ટી.
કેળવણી ૩૧, ૩૪, ૭૬, ૮૩, ૧૦૪, ૧૫૭–૮, ૨૫૮, ૪૧૩–૪; ૦ફરજિયાત ૭૩; ૦શાસ્ત્ર ૨૫૮
કેળવણી અંક (નવજીવન) ૩૨૬
કૈવર્ત (બંગાળની એક અસ્પૃશ્ય જાતિ) ૧૪
કોકોનાડા કૉંગ્રેસ ૨૨ પા. ટી.
કોઠારી, મણિલાલ ૧૭, ૧૫૦, ૩૬૧
કૉમનવીલ ૨૫ પા. ટી.
કોમનવેલ્થ ઑફ ઇન્ડિયા બિલ ૧૭૫ પા. ટી., ૩૩૩, ૪૦૩
કૉમરેડ ૩૬૨
કોમસેવા ૧૯૮
કોમિલ્લા ૬૪, ૮૪–૮, ૯૧, ૧૦૧, ૧૩૭, ૧૪૫, ૧૫૦, ૧૬૬–૭, ૨૯૦, ૩૬૩
કોર્ટ ૨૬૧
કોહાટ ૧૪૦, ૩૩૫
કૉંગ્રેસ ૧, ૪૧–૨, ૪૭ પા. ટી., ૫૩, ૫૪ પા. ટી., ૫૫, ૬૧, ૭૧, ૮૪, ૮૭, ૧૦૯, ૧૩૬, ૧૩૮–૯, ૧૪૪, ૧૫૮, ૧૬૯ પા. ટી., ૧૯૯, ૨૦૩ પા. ટી., ૨૧૧ પા. ટી., ૨૨૩–૮, ૨૩૭–૮, ૨૫૫, ૨૫૮–૬૦, ૩૨૧, ૩૩૨ ૩૪૯, ૩૬૫–૮, ૩૭૩–૪, ૪૯૨–૩, ૪૦૬, ૪૧૦–૩, ૪૧૭; ૦કાર્યકર્તાઓ ૧૯૯, ૪૧૪; –ની પ્રવૃત્તિ ૩૬૪; –નું બંધારણ ૨૫૫; –નું સૂતરની આંટીનું સભ્યપદ માત્ર એક કસોટી છે ૬૧; –નો આંતરિક કાર્યક્રમ ૨; –નો કાર્યક્રમ ૧૯૯; –નો મતાધિકાર ૩૬૪; ૦પક્ષ ૩૩૮–૯; –માં ભ્રષ્ટાચાર ૪૦૭; ૦મ્યુનિસિપાલિટી પક્ષ ૩૩૯; ૦સભ્યો ૧૫૧ પા. ટી., ૦સમિતિઓ ૪૦૮; ૦સંસ્થાઓ ૬૬, ૧૬૬
કૉંગ્રેસી(ઓ) ૪૧, ૬૧, ૧૩૬, ૧૩૮, ૧૬૭, ૩૦૯, ૩૩૩, ૩૩૯, ૩૬૭, ૪૦૮, ૪૧૩–૪
કૌજલગી, એચ. એસ. ૭૭
ક્રાઇસ્ટ ૫૦, ૩૯૫
ક્રાંતિ ૦રેંટિયાની ૧૧૫; ૦લોહિયાળ ૧૧૫
ક્રાંતિકારી(ઓ) ૩૮, ૪૦, ૧૧૨, ૧૧૪, ૨૦૧, ૨૯૧
ક્રાંતિકારી ૦ખૂન અને લૂંટ ૧૧૩; ૦ચળવળ ૩૬, ૨૯૦; ૦પદ્ધતિ ૧૧૪; ૦મિત્રો ૧૧૫
ક્રાંતિવાદ ૧૧૨
ક્રાંતિવાદી(ઓ) ૩૬–૭, ૪૫, ૨૮૯, ૪૧૮
ક્રિસ્ટોદાસ (જુઓ કૃષ્ણદાસ)
ક્રૉસવેલ ૧૯૦
ક્ષત્રિયો ૩૮

ખગોળવિદ્યા ૩૦૦
ખડગપુર ૨૯૭, ૩૦૨
ખાદી ૧, ૨, ૬, ૧૦, ૨૦–૨, ૨૬, ૨૯, ૩૧, ૪૦, ૪૨, ૪૬–૮, ૫૨–૪, ૬૦, ૬૩–૪, ૬૭, ૭૦, ૭૫, ૮૫ પા. ટી., ૮૬, ૯૯, ૧૦૦, ૧૦૨, ૧૦૬, ૧૧૭, ૧૨૪, ૧૨૬–૭, ૧૨૯, ૧૪૬, ૧૪૯, ૧૫૪, ૧૬૧, ૧૬૫–૬, ૧૭૦–૨, ૧૮૧, ૧૮૩–૪, ૧૮૮, ૨૧૩, ૨૨૦, ૨૬૪–૫, ૨૮૪, ૨૯૧, ૨૯૮, ૩૦૧, ૩૦૭, ૩૨૨, ૩૩૦–૧, ૩૩૩, ૩૪૧, ૩૪૫, ૩૪૭, ૩૫૫–૬, ૩૫૯–૬૦, ૩૬૮, ૩૮૦, ૩૮૨, ૩૮૫, ૪૦૯–૧૦, ૪૧૨, ૪૧૪–૫, ૪૧૮; ૦કામ ૩, ૫૯, ૧૪૨, ૩૧૮; ૦ખાતું ૩૫૬; ૦ઘેલાઓ ૨૮૧; –નો અર્થ સંગ્રાહક છે, વિનાશક નથી ૧૩૨; –નો કાર્યક્રમ ૧૯૧; –નો મંડપ ૩૦; ૦પ્રચાર ૧૨, ૨૦, ૬૪, ૭૭, ૧૫૦, ૨૦૪, ૨૪૦, ૨૯૧, ૩૩૦, ૩૫૯; ૦પ્રદર્શન ૭૧; ૦પ્રવૃત્તિ ૧૯૭, ૨૫૭, ૩૮૩; ૦પ્રેમ ૨૪૦; ૦ફેરી ૨૨૩, ૪૦૫; ૦બનાવટી ૧૦૮; ૦ભંડાર ૯૭, ૧૦૯, ૧૭૨; ૦મિશ્ર ૧૩૮; ૦યાત્રા ૨૨૨; ૦વણાટ ૧૬૬ પા. ટી., ૦શાસ્ત્રીઓ ૨૪૦; ૦શુદ્ધ ૧૩૮

Gandhi Heritage Portal

ખાદી પ્રતિષ્ઠાન ૨૮ પા. ટી., ૪૬, ૬૦ પા. ટી., ૬૪, ૮૮, ૧૨૪, ૧૨૬, ૧૩૮, ૧૪૫, ૧૬૫–૭, ૧૯૭, ૨૫૪, ૨૯૦ પા. ટી., ૨૯૧, ૩૦૩, ૩૧૮, ૩૨૯, ૩૬૪, ૩૬૯–૭૦, ૪૦૮
ખિદરપુર ૨૯૭, ૩૩૪–૫; ૦ગોદીની મજૂર ચાલી ૨૯૫
ખિલાફત ૦આંદોલન ૩૨ પા. ટી.; ૦ઑફિસ ૧૩૯–૪૦; ૦ચળવળ ૧૫ પા. ટી.; ૦સમિતિ ૧૩૯–૪૦
खिलाफत ३९७
ખુલના ૨૭, ૨૧૪–૭, ૨૧૯, ૨૩૭
ખેડૂત(તો) ૨૫, ૪૬, ૬૫, ૭૯, ૧૩૫, ૧૪૫–૬, ૧૮૩; ૦જીવન ૭૯; ૦પ્રજા ૮
ખેતી –ના પ્રયોગો ૪૧૫
ખોટાં ખરચ ૧૩૦
ખ્રિસ્તી(ઓ) ૧૧, ૧૫, ૪૯, ૧૫૩, ૧૬૩, ૧૭૦, ૧૭૮, ૧૯૨, ૨૧૩, ૨૪૧, ૩૦૫, ૩૧૨, ૩૧૫, ૩૯૦, ૪૦૦, ૪૦૭; ૦ધર્મ ૩૯૧, ૩૯૩–૪; ૦પાદરીઓ ૨૨૧; ૦મિત્રો ૩૯૧
ખ્વાજા, એ. એમ. ૨૦૯–૧૦

ગજેન્દ્રમોક્ષ ૧૬૪
ગયા ૨૪
ગરીબ(બો) ૧૦૮, ૧૨૪, ૨૪૧, ૨૫૮, ૨૭૦; ૦વર્ગ ૪૩
ગરીબી(બાઈ) ૬૦–૧, ૮૨, ૮૪–૫, ૯૧, ૧૧૦–૧, ૩૦૫, ૩૪૧, ૪૦૦, ૪૦૪–૫; ૦ઐચ્છિક ૨૦૩ પા. ટી. –નો આદર્શ ૨૦૪; –નો પ્રયોગ ૨૦૪; –નો પ્રશ્ન રેંટિયા દ્વારા ઉકેલી શકાય તેમ છે ૧૭૦
ગંગા (નદી) ૯૬, ૧૨૩, ૧૪૬, ૩૨૨, ૩૮૬, ૩૯૨
ગામડાં ૭, ૮૪, ૧૧૫, ૧૩૭, ૧૪૯, ૧૫૩, ૧૭૨, ૧૭૪, ૧૮૩, ૧૮૬, ૨૦૫, ૨૧૩, ૨૭૫, ૨૮૫, ૩૦૪, ૩૨૦–૧, ૩૪૫, ૩૫૯–૬૦; –નું પુનર્નિર્માણ ૭૧
ગામડિયા ૧૫૩, ૨૭૫, ૩૭૯
ગાય ૧૦૩; –ની કતલ ૨૯૬; –નો અકાળે વિનાશ ૩૫; –નો વધ ૩૫
ગાયકવાડ સરકાર ૧૯, ૨૦૩
ગાયત્રી (મંત્ર) ૧૨૩, ૧૮૭
ગાંધી, ઓતા (ઉત્તમચંદ) ૨૭૬
ગાંધી, કસ્તૂરબા ૬૦
ગાંધી, ખુશાલભાઈ ૧૬૧, ૨૪૬
ગાંધી, છગનલાલ ૬૦, ૩૮૫
ગાંધી, દેવદાસ ૮૧, ૧૦૦, ૧૯૭, ૨૦૬, ૩૫૮
ગાંધી, દેવભાભી ૧૬૧, ૨૪૬
ગાંધી, નારણદાસ ૧૬૧, ૧૭૬, ૨૪૬
ગાંધી–નેહરુ–દાસ વચ્ચે થયેલું કરારનામું ૩૮૦ પા.ટી.
ગાંધી, મગનલાલ ૫૯
ગાંધી, મોહનદાસ કરમચંદ (ગાંધી, મો. ક. ગાંધી, ગાંધીજી, હું, મોહન, બાપુ) ૧; ૩–૫, ૮, ૧૦–૨, ૧૪, ૧૬, ૧૮, ૨૩–૫, ૨૭, ૩૦–૨, ૩૬, ૪૪, ૪૭–૮, ૫૧–૪, ૫૮, ૬૦–૫, ૭૧, ૭૩, ૭૬, ૮૦–૫, ૮૭–૮, ૯૧, ૯૪, ૯૯–૧૦૨, ૧૦૪, ૧૦૬, ૧૦૯, ૧૧૧–૨, ૧૧૬–૭, ૧૧૯–૨૩, ૧૨૫–૬, ૧૩૦, ૧૩૨–૭, ૧૪૧, ૧૪૩–૯, ૧૫૫–૬૧, ૧૬૪–૫, ૧૬૭–૯, ૧૭૫–૬, ૧૭૮–૮૧, ૧૮૫, ૧૮૭–૮, ૧૯૦, ૧૯૨–૫, ૧૯૭–૯, ૨૦૧–૨, ૨૦૮–૧૧, ૨૧૪–૯, ૨૨૧, ૨૨૪–૫, ૨૨૭–૩૨, ૨૩૪, ૨૩૬–૯, ૨૪૨, ૨૪૫, ૨૪૮–૫૦, ૨૫૨, ૨૫૫, ૨૬૨–૩, ૨૬૮, ૨૭૩, ૨૭૬–૯, ૨૮૧, ૨૮૪, ૨૮૬, ૨૮૮, ૨૯૦, ૨૯૩, ૨૯૫, ૨૯૭–૩૦૪, ૩૦૬, ૩૧૧–૪, ૩૧૬–૮, ૩૨૧, ૩૨૬, ૩૩૦–૬, ૩૩૮, ૩૪૧–૪, ૩૪૬–૮, ૩૫૦–૨, ૩૫૪–૬૧, ૩૬૪, ૩૬૭–૮, ૩૭૦, ૩૭૨–૪, ૩૭૬–૮૦, ૩૮૫–૮, ૩૯૧–૩, ૩૯૮–૪૦૩, ૪૦૫–૮, ૪૧૦, ૪૧૨–૩, ૪૧૬–૭, ૪૧૯; ૦અહિંસા મારો ધર્મ છે, મારો ઈશ્વર છે; સત્ય મારો ધર્મ છે, મારો ઈશ્વર છે ૧૨૪; ૦આસ્તિક હોઈ હાર્યો નથી ૨૭૧; ૦ઈશ્વરદર્શન કરનારે સંપૂર્ણ આત્મવિસર્જન કરવું રહ્યું ૨૫૭; ૦ગુણગ્રાહી હોઈ જ્યાં સારુ જોઉં છું ત્યાંથી તે લેતાં મને કશો સંકોચ નથી થતો ૧૫૦; ૦જન્મથી લડવૈયો છું ૭૫; ૦જન્મથી જ સહકાર-પ્રેમી છું ૨; ૦જે પોતે ન કરી શકું એ કરવાનું હું કદી કોઈને કહું નહીં ૭૩; ૦જેઓ એક પુસ્તકની પણ આંધળી પૂજા કરે છે છે મૂર્તિપૂજક એટલે બુતપરસ્ત છે ૧૮; ૦દુનિયા જ્યાં સુધી અસ્તિત્વમાં હશે ત્યાં સુધી બુદ્ધ સૌથી મહાન ધર્મગુરુ મનાશે ૫૧; ૦દુનિયામાં બધા જ ધર્મના માણસો મને પોતાનો સમજે છે ૪૯; ૦દોષ મૂર્તિની પૂજામાં નથી; દોષ અણસમજભરી પૂજામાં છે ૧૯; ૦ધર્મ એટલે મારે મન ધર્માચરણ ૨૮૧; ૦ધર્મ વિનાનું રાજકાજ દુર્ગંધમય છે; રાજકાજ વિનાનો ધર્મ અર્થહીન છે ૧૭૭; ૦નિરાશાવાદી તો નથી જ ૨; –ની બંગાળયાત્રા ૫૯ પા. ટી.; ૦પ્રખર આશાવાદી છું કારણ કે મને મારી જાતમાં વિશ્વાસ છે ૪૦૪; ૦પ્રેમ કદી માગતો નથી, તે તો આપ્યે જ જાય છે, તે કષ્ટ વેઠ્યા જ કરે છે, પણ કદી નારાજ નથી થતો, કદી બદલો નથી ઉતારતો ૩૧૧; ૦પ્રેમના જેવો બીજો એકે નશો નથી ૧૨૪;

Gandhi Heritage Portal

૦મારેમાં મારે આનંદ શુદ્ધ શાંતિમાં છે ૧૮૨; ૦ભૂખે મરતા મનુષ્યને ઈશ્વર અન્ન છે ૩૨૭; ૦મનુષ્યની કરણી એ જ ખરો ઉપદેશ છે ૨૦૬; ૦મને પોતાને ખાદી નિષ્ણાત માનું છું ૭; ૦મને પોતાને ચરખા નિષ્ણાત માનું છું ૭; ૦મને પોતાને સનાતની હિંદુ સમજું છું ૩૦૧; ૦માણસને કાયદાથી સુધારી શકાતો નથી ૩૧૦; ૦માબાપને પરમેશ્વર જેમ પૂજ્યાં છે તેનું ફળ હું પ્રતિક્ષણ ભોગવી રહ્યો છું ૧૯૮; ૦મારી જાતને એક અતિ નમ્ર હિંદુ માનું છું ૪૯; ૦મારે તો દુશ્મનને પણ મિત્ર કરવા છે ૫૬; ૦મારે મન તો ઈશ્વર અને સત્ય એક હોવાથી, મારો તો રાજપ્રકરણમાં પણ સત્યનું રાજ્ય સ્થપાયેલું જોવાનો મનોરથ સદાય રહેવાનો ૧૭૭; ૦મારે મન સિક્કાની એક બાજુ અહિંસા છે, બીજી સત્ય છે ૧૨૩; ૦મૂર્તિ-પૂજક છું તેમ જ મૂર્તિભંજક છું ૧૮; ૦મેં અનેક અંગ્રેજોનું હૃદયપરિવર્તન કર્યું છે ૭૫; ૦મોતને મોત તરીકે ન ઓળખતાં મહાયાત્રા તરીકે ઓળખવું વધારે બંધ બેસતું છે ૩૦૦; ૦રાજકાજ એટલે પ્રજાઓના કલ્યાણની પ્રવૃત્તિ ૧૭૭; ૦રાષ્ટ્રની આજીવિકા માટે રેંટિયો જરૂરી છે ૧૦૦; ૦રેંટિયાના પાયા પર ગ્રામજીવનની સંગીન ઇમારત રચીશ ૧૧૧; ૦રેંટિયાને કેન્દ્રમાં રાખીને ગ્રામજીવનની બધી પ્રવૃત્તિઓને તેની આજુબાજુ ગોઠવીશ ૧૧૧; ૦રેંટિયો એ શાંતિપાઠ છે ૨૨૭; ૦વર્ણાશ્રમ ધર્મમાં માનું છું ૩૭૧; ૦વ્યભિચારી મનુષ્યોમાં પણ સુવાસનાઓ હોય છે ૯૩; ૦શૌચસ્થાન સૂવા બેસવાના સ્થાન જેટલું જ સ્વચ્છ હોવું જોઈએ ૧૩૧; ૦સરળ જીવન જાતે જ રસિક છે ૧૮૨; ૦સાદાઈ કેળવ-વાથી પ્રાપ્ત થાય છે ૯૮; ૦સાદાઈ ગુણ છે, અવ્યવસ્થા દુર્ગુણ છે ૯૮; ૦સાદાઈમાં ચોખ્ખાઈ તો હોવી જ જોઈએ ૯૮; સાદો માણસ મેલો હોય જ નહીં ૯૮; ૦હું તો મહાત્મા કહેવાનો, અલ્પાત્મા તો છું જ ૧૩૨; ૦હું વિશ્વાસ કરવામાં માનનારો છું, વિશ્વાસથી વિશ્વાસ પ્રગટે છે ૧૬૯; ૦હું સનાતની હિંદુ હોવાનો દાવો કરું છું ૬

ગાંધી, રુખી ૫૯, ૧૨૬

ગાંધી, લક્ષ્મીદાસ ૧૫૫

ગાંધી, હરિલાલ ૬૦, ૨૨૯–૩૧

ગિદવાણી, અ. ટે. (આચાર્ય) ૧૪૮

ગિરિપ્રવચનો ૩૯૧

ગીતા(જી) ૩૯, ૧૮૩, ૨૦૬–૭, ૨૪૨, ૨૫૭, ૨૮૧–૨, ૨૮૮, ૩૦૯, ૩૫૧; ૦એક મહારૂપક છે ૨૮૨; ૦મારે મન એક શાશ્વત માર્ગદર્શિકા છે ૨૮૧

ગીતા ૨૮૩

ગીતાબીજ ૭૩

ગુજરાત ૧૩-૪, ૨૦, ૨૨, ૨૮ પા. ટી., ૪૨, ૬૫, ૧૧૭, ૧૨૭, ૧૩૪, ૧૩૯, ૧૫૦ પા. ટી., ૧૫૧–૨, ૧૮૮, ૨૦૩, ૨૬૪–૫, ૩૦૧; –ની રાષ્ટ્રીય પ્રવૃત્તિ ૩૫૨; ૦રાજ્યની ધારાસભા ૧૨૬ પા. ટી.

ગુજરાત ખાદી મંડળ ૩૫૨

ગુજરાતી(ઓ) ૨૪, ૧૭૧, ૨૦૩–૪, ૨૬૩, ૩૦૧–૨, ૩૫૬; ૦સમાજ ૨૬૨

ગુજરાતી (ભાષા) ૧૭૮, ૧૮૪, ૨૭૬, ૨૯૯

ગુણો –નો વિકાસ ૨૫૭

ગુમાસ્તા(ઓ) ૯૮

ગુરુકુળ ૨૨૬

ગુરુદ્વારા કાયદો ૩૨૪

ગુલનાર (મૌલાના મહમદઅલીની દીકરી) ૧૦૪, ૧૮૭

ગુલબર્ગા ૩૩૫

ગુલામ ૪૧૭

ગુલામી(ગીરી) ૭૨, ૭૫, ૨૨૩, ૩૧૨, ૪૦૬

ગુહ ૯૧

ગુજરાત વિદ્યાપીઠ ૧૪૭ પા. ટી., ૩૦૦

ગૃહઉદ્યોગ(ગો) ૧૧૦

ગોખલે, ગો. કૃ. ૨૭, ૧૨૪, ૧૪૬, ૧૬૯

ગોભક્ત ૨૮૮

ગોભક્તિ ૩૫

ગોમાતા ૩૫

ગોમાંસ ૧૭૯, ૩૧૧

ગોરક્ષા ૧૬–૭, ૩૬, ૧૧૯, ૨૨૨, ૩૭૨; ૦મારે મન ગાયોની કેવળ સ્થૂલ રક્ષા નથી ૩૫

ગોરક્ષા મંડળ(ળો) ૩૫, ૧૪૭

ગોરખપુર ૧૨૨ પા. ટી.

ગોસેવા સંઘ ૩૫

ગોસ્વામી, તુલસી ચં. ૨૪૪

ગોહત્યા ૨૮૬, ૩૧૧

ગોળમેજી પરિષદ ૪૭ પા. ટી., ૩૧૪

ગોંડ લોકો ૪૧

ગ્રંથ સાહેબ ૩૨૪ પા. ટી.

ગ્રાન્ડ ઓલ્ડ મૅન ઑફ ઇન્ડિયા ૧૦૩ પા. ટી.

ગ્રામ ૦ઉદ્યોગ(ગો) ૩૨૯ પા. ટી.; ૦જનો ૧૧૫, ૨૧૩; ૦જીવન ૧૧૭; ૦નિર્માણ ૩૦૩; પુનરૂરચના ૩૨૦;


Gandhi Heritage Portal

૦વાસી(ઓ) ૭૯, ૩૩૧; ૦સંગઠન ૩૦૩, ૩૧૪, ૩૨૦–૧, ૩૩૧, ૩૮૨, ૪૦૬

ઘોષ, અરવિંદ ૨૭૦, ૨૮૯
ઘોષ, કાલીમોહન ૫૮
ઘોષ, ડૉ. પ્રફુલ્લ ૧૬૬
ઘોષ, મિસ ૭૬

ચક્રવર્તી, જોગેન્દ્રચંદ્ર ૧૨૦ પા. ટી.
ચક્રવર્તી શ્યામસુંદર ૪૬, ૩૧૮, ૩૬૦
ચતુર્વેદી, બનારસીદાસ ૩૮૫
ચરખા –ની શક્તિ ૧૨૪
ચરખો ૨૨૦
ચંદ્રનગર ૩૧
ચંપારણ ૨૫, ૧૪૬
ચાંદીવાલા, બ્રિજકૃષ્ણ ૨૨
ચિત્તાગોંગ ૩૭૮
ચિંતામણિ, શ્રી ૩૫૧
ચીન ૧૭૮
ચીના(ઓ) ૩૦૩
ચોરનીતિ ૩૫૨
ચોરબાગાન ૪૧૯
ચૌધરી, યતીન્દ્રનાથ ૪૬
ચૌધરી, રઘુવીર નારાયણસિંહ ૧૨૯
ચૌરીચૌરા ૧૨૨, ૪૧૮

છાપાં ૨૧૯ પા. ટી., ૩૦૩, ૩૪૪, ૩૬૨, ૩૭૮, ૪૧૬

જગન્નાથપુરી ૧૭૮
જમશેદપુર ૪૦૯
જલપાઈગુરી ૧૮૬–૭
જલોપચાર ૩૮૬
જાપાન ૩૫૩
જાપાનીઝ ૪૦૬
જામિયા મિલિયા ઇસ્લામિયા ૨૦૯
જિલ્લા લોકલ બોર્ડો ૩૩૮
જિસસ ૩૯૩
જુગલકિશોર, આચાર્ય ૧૪૭
જેતપુર ૧૫૫
જેરાજાણી, વિઠ્ઠલદાસ ૨૨
જેલ ૩૭, ૧૧૪, ૨૯૫, ૩૦૪
જોન, સેંટ ૩૯૨
જ્યૉર્જ, પંચમ ૨૯૯
જ્યૉર્જ, લૉઈડ ૧૨૨
જોહાનિસબર્ગ ૧૭૭
ગાં. ૨૭–૨૯

જ્ઞાતિ(ઓ) ૧૭, ૧૨૮, ૧૯૦–૧; ૦અને પેટા જ્ઞાતિઓ ૧૪૯; ૦પ્રજાની નાશક થઈ છે ૧૭૯; –નું મહાજન ૨૪૨; ૦બહિષ્કાર ૩૭૧; ૦ભેદ ૩૭૧; ૦ભોજન ૧૯૦; –માં વર્ણસંકર થઈ ગયો છે ૩૭૧
જ્ઞાનપત્ર ૨૨–૩

ઝવેરી, રેવાશંકર જગજીવન ૩૬
ઝાંસી ૧૯૦; –ની રાણી ૧૯૧
ઝીણા, શ્રી ૩૪૯
ઝૂલુ(ઓ) ૧૭૭

ટાગોર (ઠાકુર), દ્વિજેન્દ્રનાથ ૧૮૩
ટાગોર, રવીન્દ્રનાથ ૪૮, ૧૦૪, ૧૪૯, ૩૬૦
ટિપરા –નો કિસાન સંઘ ૧૩૬
ટિળક, બા. ગં. (જુઓ લોકમાન્ય)
ટિળક સ્વરાજ ફાળો ૨૨૨, ૩૯૫–૬
ટેગાર્ટ, મિ. ૨૯૬
ટેમાની હૉલ ૩૭૮
ટેલર, મિ. ૧૭૫
ટ્રૅપિસ્ટ મઠ ૩૯૩

ડાયર, જનરલ ૩૫૫
ડિસ્ટ્રિક્ટ બોર્ડ ૧૨૪ પા. ટી.
ડુંગરપુર ૪૧
ડેક્કન એજ્યુકેશન સોસાયટી ૧૧૯ પા. ટી.
ડેલહાઉસી (ગામ) ૨૩૨

ઢાકા ૫૨ પા. ટી., ૧૦૧–૨, ૧૨૩

તકલી ૭૬, ૧૮૨, ૧૯૦
તમાકુ ૨૬૮
તલવાર ૩૪૭; ૦બળ ૩૫૫
તલોડા ૧૨૫, ૧૭૩
તલોરિયા ૧૭૪ પા. ટી.
તાતાર ૩૦૯, ૩૧૫
તામિલ ૧૭૮, ૩૯૨; ૦તેલુગુ પ્રદેશ ૨૦
તામિલનાડ(ડુ) ૮૮, ૧૩૪–૫, ૧૮૮, ૨૨૫, ૩૯૨
તામિલનાડ કૉંગ્રેસ સમિતિ ૧૭૨
તારકેશ્વર –નું મંદિર ૨૬૧; ૦પ્રકરણ ૩૨૦
તાલટોલા ૫૪
તિબ્બિયા કૉલેજ ૩૨, ૧૯૨
તિરુપુર ૧૭૨
તિલકપુર ૧૭૪ પા. ટી.
તુર્કી ૩૧૫
તુલસીદાસ ૧૮, ૯૪, ૩૦૯
ત્યાગ –નું શાસ્ત્ર ૩૧૦

Gandhi Heritage Portal

ત્રાક ૬૫, ૩૬૯

ત્રાવણકોર ૧૩, ૧૧૭, ૧૯૨–૩

ત્રાસવાદ ૩૭

ત્રિવિધ કાર્યક્રમ ૬૦

થિયૉસૉફિકલ સોસાયટી ૨૫ પા. ટી.

થિયૉસૉફી ૨૧૦ પા. ટી.

દક્ષિણ ૬૦, ૨૧૨; –ના પ્રાંતો ૨૨૫; –ના લોકો ૧૫૬; –નું સાહિત્ય ૫૮

દક્ષિણ આફ્રિકા ૮, ૧૧–૨, ૫૦, ૧૫૦, ૧૭૫ પા. ટી., ૨૩૭, ૩૫૫, ૩૭૫, ૩૭૭, ૩૯૦, ૩૯૩, ૪૦૦, ૪૦૨, ૪૧૦, ૪૧૩

દક્ષિણપાડા ૧૯૯ પા. ટી.

દક્ષિણ ભારત ૩

દક્ષિણ હિંદ ૪, ૬૩, ૧૪૮

દત્ત, અશ્વિનીકુમાર ૨૦૮

દમયંતી ૮૩

દમાણી ૧૮

દયાધર્મ ૪૯

દરજીકામ ૧૯૨

દલિત વર્ગ ૨૫૫

દવાઓ –ની જાહેરખબરો ૧૯૩

દશરથ ૨૯૮

દાક્તરી વિદ્યા ૧૯૩

દાદાભાઈ નવરોજી ૩૦૫; –ની સંવત્સરી ૪૦૫

દારિદ્રચનાં ચિહ્નો ૩૪૧

દારૂ ૧૯૯; ૦બંધી ૭૩

દાર્જિલિંગ ૩૦, ૧૭૬ પા. ટી., ૧૯૫, ૨૦૦, ૨૧૨ પા. ટી., ૨૧૪, ૨૧૮, ૨૨૧–૨, ૨૨૪, ૨૩૪–૫, ૨૩૯, ૨૬૧, ૨૬૭–૮, ૨૭૦–૨, ૨૭૮, ૩૦૫, ૩૧૭–૮, ૩૨૧, ૩૨૩, ૩૩૧, ૩૩૬, ૩૮૨, ૩૯૩

દાસ, અમલા ૨૮૧

દાસ, એસ. આર. ૨૪૭

દાસ, બેબી ૨૭૨

દાસ, ભોંબલ ૨૧૬, ૨૭૪

દાસ, મોના ૨૧૪, ૨૧૬, ૨૭૨

દાસ, વાસંતીદેવી ૩૦, ૨૧૪, ૨૨૧–૨, ૨૩૪, ૨૩૬, ૨૪૯, ૨૬૪–૭, ૨૭૨–૪, ૨૮૪, ૨૮૯, ૩૦૨, ૩૦૪, ૩૧૭–૮, ૩૨૨, ૩૩૭, ૩૪૬, ૩૮૨

દાસ, સતીશરંજન ૨૪૪

દાસ, સી. આર. (ચિત્તરંજન, દેશબંધુ) ૨, ૪, ૫, ૮, ૧૧, ૨૨ પા. ટી., ૨૫, ૨૭, ૪૪–૫; ૬૬, ૬૯, ૭૧, ૭૪, ૧૩૮, ૧૪૬, ૧૫૪, ૧૬૯, ૧૭૫ પા. ટી., ૧૭૬, ૨૦૦, ૨૧૨ પા. ટી., ૨૧૭–૯, ૨૨૨, ૨૨૬, ૨૩૨–૪, ૨૩૬–૪૦, ૨૪૩, ૨૪૮–૯, ૨૬૧, ૨૬૨ પા. ટી., ૨૬૩–૭, ૨૬૯, ૨૭૦, ૨૭૨, ૨૭૬, ૨૭૮, ૨૮૦–૪, ૨૯૧, ૩૦૦–૧, ૩૦૩–૫, ૩૧૦–૧, ૩૧૪, ૩૧૭–૮, ૩૨૦–૧, ૩૨૩, ૩૩૧–૨, ૩૩૬–૯, ૩૪૨, ૩૪૬, ૩૫૭–૮, ૩૬૪, ૩૭૪, ૩૭૭, ૩૭૯, ૩૮૨, ૩૯૦, ૩૯૬, ૪૦૮, ૪૧૩

દાસ, સુજાતા ૨૭૨

દાસ, હિરેન્દ્રબાબુ ૧૬૮

દાસગુપ્તા, સતીશચંદ્ર (સતીશબાબુ) ૨૮, ૪૬, ૬૦ પા. ટી., ૬૪, ૭૧, ૭૬, ૧૦૦, ૧૨૬–૭, ૧૩૮, ૧૪૬, ૧૬૫, ૧૭૪, ૧૯૯, ૨૬૭, ૩૧૮, ૩૨૦–૨, ૩૩૦, ૩૩૧ પા. ટી., ૩૩૨

દાંત –ની સ્વચ્છતા ૧૫૦

દિઘીરપુર ૫૩

દિનાજપુર ૧૨૦, ૧૨૧, ૧૫૪, ૧૭૬, ૩૬૪

દિલ્હી ૮૪, ૧૩૪, ૧૪૬, ૧૯૮, ૨૧૪, ૨૨૬, ૨૩૯, ૨૫૦ પા. ટી., ૩૧૨–૩, ૩૩૪; –ની ધારાસભા ૩૭૮

દુઆદંડો ખાદી કેન્દ્ર ૧૬૬

દુરાગ્રહ ૧૫૪

દુર્ગાપુર ૧૭૪ પા. ટી.

દેવકપાસ ૧૫૪, ૧૮૫

દેવદાસી(ઓ) ૩૦૫

દેશ ૦પ્રેમ ૧૭૦, ૨૧૩, ૨૨૪–૫, ૩૬૫; ૦સેવા ૯૬, ૧૨૨, ૧૮૧, ૩૮૫

દેશબંધુ (જુઓ દાસ, સી. આર.) ૦એટલે બંગાળ ૨૭૧; –ની સ્મૃતિ ૩૪૩, ૩૬૧; –નું ટ્રસ્ટડીડ ૨૮૯; –નો સંદેશો ૩૪૧

દેશબંધુ સ્મારક ફાળો (ફંડ) ૨૪૩, ૨૬૨ પા. ટી., ૨૭૯, ૨૯૩, ૨૯૭, ૩૦૫, ૩૩૦, ૩૪૪

દેશમુખ, શ્રી ૨૨૭–૮

દેશી ૦રજવાડાં ૩૬૭; રાજ્યો ૧૨૮–૯, ૩૫૪–૫, ૩૬૭

દેસાઈ, પાર્વતી ૧૨૬

દેસાઈ, પ્રાગજી ૧૨૬, ૧૫૦

દેસાઈ, મહાદેવ ૨૨, ૫૩ પા. ટી., ૫૮, ૭૧, ૮૬, પા. ટી., ૧૦૨ પા. ટી., ૧૧૬, ૧૨૦ પા. ટી., ૧૨૩ પા. ટી., ૧૫૫, ૧૭૫ પા. ટી., ૧૮૭ પા. ટી., ૧૯૬ પા. ટી., ૧૯૮, ૨૦૧ પા. ટી., ૨૧૧ પા. ટી., ૨૮૦ પા. ટી., ૩૦૨–૩, ૩૨૨, ૩૨૪, ૩૪૫

દ્વિજ ૨૯૨


Gandhi Heritage Portal

ધમ્મ(ધર્મ) ૫૧
ધર્મ ૨૩૯, ૨૪૨, ૨૬૭, ૨૭૩, ૩૪૪; ૦એ તો શૂરાનો માર્ગ છે ૧૭૭; ૦એ લવરી કરવાની વાત નથી ૧૭૭; ૦પરિવર્તન ૨૯૧; ૦પ્રચાર ૧૭૮
ધર્મપાલ, ડૉ. ૪૯
ધર્માધિકારી(ઓ) ૪૦૪
ધર્માંતર ૧૭૭–૮
ધવલગિરિ ૨૭૦
ધારાશાસ્ત્રી(ઓ) ૩૮૨
ધારાસભા(ઓ) ૧, ૨, ૫, ૬૯, ૭૧–૨, ૭૪, ૧૪૬, ૧૬૭–૮, ૩૦૦, ૩૦૫, ૩૨૭, ૩૩૭, ૩૭૯, ૪૦૩; –ની ચૂંટણી ૩૩૩, ૦પ્રવેશ ૨૧૨, ૨૩૪, ૨૬૨, ૩૭૪; ૦પ્રવૃત્તિ ૩૮૨; ૦વાદી(ઓ) ૨૦૭
ધીરા ભગત (કવિ) ૨૦૭

નકીપુર ૪૬
નગીનદાસ અમૂલખરાય ૩૬
નટરાજ ૪૯
નમાજ ૩૧૧
નવજીવન ૧૬, ૨૧, ૩૨, ૫૯, ૧૨૯, ૧૩૯, ૧૫૧ પા. ટી., ૧૬૧, ૧૭૧ પા. ટી., ૨૨૧ પા. ટી., ૨૭૬–૭, ૨૯૮, ૩૨૫–૯, ૩૭૦, ૩૮૩
નવજીવન પ્રેસ ૧૦૩
નવદ્વીપ, બાબુ ૨૮૦
નવાબગંજ ૧૯૫–૬
નવીબંદર ૮૧, ૧૦૦
નશાખોરી ૦તથા ધ્રુમ્રપાન ૩૦૮ પા. ટી.
નંદ (સાધુચરિત અંત્યજ) ૫૮–૯
નંદિની ૫૮, ૧૮૪
નાકર –ની લડત ૩૩૩
નાગ, હરદયાળ ૬૬, ૧૬૮–૯, ૩૬૩
નાગપુર ૧૩૫, ૧૪૮
નાફેરવાદી(ઓ) ૬૭, ૭૦–૧, ૧૫૪, ૨૧૨, ૩૬૫, ૩૮૧
નામશૂદ્ર ૧૦, ૧૪–૬, ૫૩, ૬૦, ૬૩, ૧૦૫, ૧૯૯
નાયડુ, ડૉ. વરદારાજુલુ ૧૪૫–૬, ૧૪૮
નાયડુ, સરોજિની ૨૧૬, ૨૨૬, ૩૪૬ પા. ટી., ૩૪૭ પા. ટી., ૩૬૦
નાયર, કે. કેલપ્પન ૨૧૭, ૨૩૨–૩, ૩૪૫, ૩૮૮
નારણદાસ, શ્રી ૧૫૦
નારાયણગંજ ૫૪ પા. ટી., ૧૦૪ પા. ટી.
નારી શિલ્પાશ્રમ ૨૫૮
નાસ્તિકો ૩૯૨
નાંબુદ્રીપાદ, શ્રી ૨૩૨
નિતાઈ ૨૮૦
નિયમિતતા ૪૭
નિર્મળબાબુ ૩૧, ૧૬૮
નેલુર ૨૦
नेशन इन मेकिंग ४६ પા. ટી.
નેહરુ, જવાહરલાલ ૧૪૫ પા. ટી., ૧૪૮, ૧૮૯, ૨૦૯, ૨૩૨, ૩૫૯–૬૦
નેહરુ મોતીલાલ ૫, ૬૬, ૧૩૮, ૨૦૯, ૨૧૦, પા. ટી., ૨૩૨, ૨૩૪, ૨૩૮–૯, ૩૦૨, ૩૧૯, ૩૪૬ પા. ટી., ૩૪૯–૫૧, ૩૫૭–૮, ૩૬૫, ૩૬૮, ૩૮૦, ૩૮૨, ૪૧૦
નૈય્યર, પ્યારેલાલ ૩૪૫
નોઆખલી ૭૧, ૮૦, ૮૨–૩, ૧૩૭, ૧૪૦, ૧૪૨
નોકરવર્ગ ૧૫૧
નોકરશાહી ૬૮, ૩૧૨; –નો બહિષ્કાર ૧૫૭
નોબેલ પારિતોષિક ૪૮ પા. ટી.
न्यू इन्डिया ૨૫ પા. ટી.

પછાત કોમો ૧૬૨
પટણા(ના) ૨૨૦, ૨૨૨, ૩૨૨, ૩૫૮, ૩૮૦ પા. ટી.
પટેલ, ઝવેરભાઈ ૧૯
પટેલ, ડાહ્યાભાઈ ૮૧, ૧૫૫, ૧૯૭, ૨૭૭, ૩૪૫
પટેલ, મણિબહેન ૮૧, ૧૫૫, ૧૯૭–૮, ૨૭૭, ૩૪૫
પટેલ, યશોદા ૧૫૫
પટેલ, વલ્લભભાઈ ૧૯૮, ૨૦૩, ૨૧૬, ૩૬૦
પટેલ, વિઠ્ઠલભાઈ (વિ. ઝ.) ૩૪૦, ૩૪૭
પઠાણ ૩૧૧
પતિત બહેનો ૧૪૨, ૨૦૧, ૨૬૦; –નો કાંતણનો કાર્યક્રમ ૨૫૮
પત્રકાર ૧૪૧; –ની પ્રવૃત્તિ ૨૮૭
પદ્મા નદી ૧૫૩
પબના ૧૬૫–૬, ૨૯૧
પબના જિલ્લા કૉંગ્રેસ સમિતિ ૨૯૦
પરદેશી ૦કાપડ ૬૩, ૬૫, ૧૦૫, ૧૪૫, ૧૯૧, ૧૯૯, ૨૨૩, ૨૮૪, ૨૯૧, ૩૦૪, ૩૦૭, ૩૩૩, ૩૬૮; ૦ચીજવસ્તુઓ ૧૩૦ પા. ટી., –નો બહિષ્કાર ૧૩૮, ૩૩૩, ૪૦૬; ૦મિલનું સૂતર ૧૯૭; ૦રેશમ ૧૭૨; ૦વસ્ત્ર ૨૦
પરધર્મપાલન ૨૦૭
પરાધીનતા સાંસ્કૃતિક ૩૦૯
પરિયા ૨૯૨
પશુ ૦પાલન ૩૫; ૦સેવા ૨૦૬–૭; ૦હિંસા ૨૦૬–૭
પંચમ ૧૬૪, ૨૯૧–૨

Gandhi Heritage Portal

પંજાબ ૧૦૦, ૧૩૪, ૧૮૮, ૨૧૩, ૨૨૩, ૨૩૫; –નાં રમખાણો ૨૩૩; ૦સરકાર ૩૨૪
પંજાબ કૉંગ્રેસ તપાસ સમિતિ ૨૩૭
પંડિત, વસુમતી ૮૧, ૧૯૫, ૨૪૬, ૩૧૬, ૩૩૨
પાકિસ્તાન ૧૭૫ પા. ટી.
પાગલ લોકો કે અપરાધીઓ ૧૧૪
પાટીદારો –નો લગ્નવિધિ ૩૨૫
પાદરી(ઓ) ૧૭૭
પારસી ૧૫, ૭૭, ૧૫૭–૮, ૨૧૩, ૨૪૧, ૨૬૪–૫, ૨૭૨, ૪૯૭
પારેખ, દેવચંદ ૧૫૫, ૧૮૪, ૨૪૫–૬
પાર્લમેન્ટ ૪૭ પા. ટી., ૩૩૩
પાલ, ક્રિસ્ટોદાસ ૩૭૫
પાલિતાણા ૧૨૯
પાશ્ચાત્ય સિદ્ધાંત ૩૭૦
પાંચમો વર્ણ ૧૨૨, ૨૮૫
पाँचवे पुत्रको बापूके आशीर्वाद ૧૪૭ પા. ટી.
પાંડવો ૮૩
પિટ, ડબલ્યુ. એચ. ૨૧૭ પા. ટી., ૨૩૨ પા. ટી., ૨૩૩, ૩૪૫–૬, ૩૮૭–૮
પિટીટ, શ્રી ૩૮૫
પીંજણ(ણો) ૧૪૩, ૧૮૫, ૨૯૧; ૦કામ ૧૯૭
પીંજારા ૫૫
પુદુપાલયમ ૨૫૪
પુનૈયા ૫૯
પુરુલિયા ૩૦૨, ૩૫૯
પુરુષ ૦જાતિ ૧૯૨; ૦વર્ગ ૧૯૧, ૩૨૬
પુરુષોત્તમદાસ ઠાકુરદાસ ૧૪૭
પુસ્તકાલયો ૩૭૨; ૦આપણા જીવનમાં અનિવાર્ય થઈ પડયાં છે ૨૦૧
પૂણી(ઓ) ૧૯ પા. ટી., ૨૦ પા. ટી., ૨૧, ૨૯, ૩૦, ૬૫, ૮૦, ૧૫૪, ૧૮૪–૫, ૨૦૫, ૨૬૮
પૂના ૨૭ પા. ટી., ૩૨ પા. ટી., ૭૩, ૯૫, ૧૧૯ પા. ટી., ૩૦૬
પૂરનબઝાર ૬૦
પૂર્વ ખાનદેશ ૭૭
પૂર્વ બંગાળ ૫૩ પા. ટી., ૧૪૬, ૧૪૯, ૧૭૩, ૨૭૮
પેગંબર ૩૯૭
પેજ, ડબલ્યુ. ડબલ્યુ. ૩૭૬ પા. ટી.
પેટલાદ ૧૯
પેટાજ્ઞાતિઓ ૧૮, ૧૮૦–૧
પૅરિસ ૩૦૮–૯
પૅલેસ્ટાઈન ૩૧૫
પોપ, ડૉ. ૧૭૮, ૩૯૨
પોરબંદર ૧૦૦
પોર્ટ્સમાઉથ ૯૨ પા. ટી.
પોલીસ ૨૬૯; ૦દળ ૪૦; ૦ને લશ્કર ૫૮
पोवर्टी एन्ड अनब्रिटिश रुल इन इन्डिया ૩૦૫ પા. ટી.
પોંડિચેરી ૨૭૦ પા. ટી.
પ્યુરિટનો ૭૦
પ્રકાશમ, ટી. ૩૪૭ પા. ટી.
પ્રજા ૨૫, ૩૬, ૬૫–૬, ૧૦૩, ૧૧૫, ૧૨૯, ૨૩૦, ૩૫૪–૫, ૪૦૮; ૦ગામડાંની ૩૫૯; –ની સંઘશક્તિ ૧૯; ૦મત ૨૩૫, ૩૭૯; ૦રાજ્ય ૩૫૫; ૦શહેરી ૩૫૯; ૦સત્તાક રાજ્ય ૧૨૮–૯, ૨૬૯
પ્રતાપબાબુ ૩૨૦–૧
પ્રતિકારશક્તિ ૩૮
પ્રદર્શનો ૬૫
પ્રફુલ્લબાબુ, ડૉ. ૫૨, ૫૪ પા. ટી.
પ્રવર્તક આશ્રમ ૩૧
પ્રવર્તક સંઘ ૧૬૬
પ્રહ્લાદ ૨૯૮–૯
પ્રાકૃતિક ચિકિત્સા ૩૮૬
પ્રાણીઓ ૦પ્રત્યેની ક્રૂરતા ૨૦૬ પા. ટી.
પ્રાથમિક શાળાઓ ૪૦૮
પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૨૬૦, ૩૫૨, ૩૭૮, ૪૧૪
પ્રાંતિક ૦ધારાસભાઓ ૯૮, ૪૧૦; ૦પરિષદો ૨૬૦; ૦સ્વાયત્તતા ૯૮–૯
प्रिन्सिपल्स ऑफ फ्रीडम ૩૭
પ્રીતમ (કવિ) ૨૪૨
પ્રેમ ૩૨૮
પ્રૉટેસ્ટંટ ૩૧૫

ફઝલહુસેન, મિયાં ૩૪૯
ફરીદપુર ૪, ૮, ૧૦, ૨૨, ૨૬, ૨૮–૯, ૪૨–૩, ૪૫–૬, ૫૮, ૬૬–૯, ૭૧–૨, ૭૬, ૧૧૭, ૧૪૫, ૧૬૭, ૧૮૨, ૨૩૪, ૨૭૦–૧, ૨૮૪, ૩૧૪, ૩૪૬, ૩૫૯
ફરીદપુર વિદ્યાર્થી પરિષદ ૧૪ પા. ટી.
ફરુકાબાદ ૧૯૦
ફાળકી ૯૯
ફિનિક્સ પક્ષી ૨૬૦
ફિરોજ(ઝ)પુર ૨૬૦, ૩૮૫
ફિલિપાઇન્સ ૩૧૭
ફુક્કા –ની ક્રિયા ૧૧૯ પા. ટી.
ફૂકન, શ્રી ૧૮૧, ૩૧૭

Gandhi Heritage Portal

ફેણી ૧૭૪
ફૉરવર્ડ ૧૩૩, ૩૦૨, ૩૧૮–૯, ૩૯૮ પા. ટી.
ફ્રાંસ ૧૦૫, ૨૧૧
ફ્રેંચ ૦ભાષા ૩૯૨; ૦મિત્ર ૩૯૨

બકરી ઈદ ૨૮૬, ૨૯૫ પા. ટી., ૨૯૭, ૩૩૪
બજાજ, જમનાલાલ ૮૯, ૧૪૭, ૧૯૫, ૨૭૬, ૩૬૦, ૩૬૩, ૩૬૭, ૩૮૩
બડોદાદા (ટાગોર, દ્વિજેન્દ્રનાથ) ૧૮૩
બનારસ ૧૯૦
બરફીવાળા, કંચનલાલ મોતીલાલ ૨૧
બરમા ૫૧
બરાકપુર ૪૬–૭, ૯૬
બર્કનહેડ, લૉર્ડ ૩, ૪, ૨૪૯, ૩૦૬, ૩૧૯, ૩૨૩, ૩૪૭, ૩૪૯–૫૧, ૩૬૬, ૩૭૯, ૪૦૩–૪, ૪૧૩
બર્દવાન ૮૦, ૧૮૭; –ના મહારાજા ૨૬૨–૩
બર્મા ૧૮૮
બસ્તી ૧૯૦
બહરોક ૧૮૮
બહિષ્કાર ૧૨૮, ૧૫૮, ૧૮૦, ૨૪૨, ૨૪૮
બહુમતી ૩૬૪–૫, ૪૧૧; ૦વાળા ૪૦૨
બહેરામપુર ૩૮૬
બળદગાડી ૧૪૧
બંગભંગ ૭
બંગાળ ૩–૫, ૭, ૧૪, ૨૨, ૨૪, ૨૬, ૨૮–૯, ૩૭, ૪૨, ૪૫–૭, ૪૯ પા. ટી., ૬૦, ૬૪, ૬૬, ૭૧, ૭૬, ૭૯, ૮૩, ૮૬, ૮૮, ૯૫, ૯૭, ૧૦૧, ૧૧૮, ૧૨૬–૭, ૧૩૪, ૧૩૬, ૧૪૧, ૧૪૫–૬, ૧૫૩–૪, ૧૫૬, ૧૬૫–૯, ૧૭૨, ૧૭૪, ૧૮૧–૫, ૧૯૭–૮, ૨૦૩, ૨૦૬ પા. ટી., ૨૧૨, ૨૧૫, ૨૧૯, ૨૩૩, ૨૩૫, ૨૩૭, ૨૪૩, ૨૪૫, ૨૪૮, ૨૫૦–૧, ૨૫૪, ૨૫૬, ૨૬૦, ૨૬૮, ૨૭૧, ૨૭૫, ૨૭૮, ૨૮૦, ૨૮૪–૫, ૨૮૯, ૨૯૩–૪, ૩૦૧–૨, ૩૧૮–૯, ૩૨૯, ૩૩૭, ૩૪૧–૩, ૩૫૧–૨, ૩૫૬, ૩૫૯, ૩૬૯, ૩૭૮, ૩૮૨, ૩૯૫–૬, ૪૦૭, ૪૧૩; ૦આ જમાનાનો દુનિયાનો સૌથી મોટો કવિ આપ્યો છે ૧૩૭; ૦દેશબંધુ સ્મારક ફાળો ૨૪૪; ૦ધારાસભા ૨૪૯; –ના બુદ્ધિજીવીઓ ૧૫૯; –ના યુવકો (યુવાનો) ૨૦૦, ૩૨૧; –નો પ્રવાસ ૩૧૭; –નો યુવક વર્ગ ૨૭૮; –નો રેંટિયો ૧૩૮; –માં રાજકીય પક્ષો ૩૧૮; ૦યાત્રા ૧૨૩ પા. ટી., ૧૮૭ પા. ટી.
બંગાળ નાગપુર રેલવે ૨૯૭
બંગાળ પ્રાંતિક ઍગ્રિકલ્ચરલ પરિષદ ૨૭૦ પા. ટી.
બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૨૮ પા. ટી., ૬૯, ૩૧૬–૭, ૩૩૮
બંગાળ પ્રાંતિક પરિષદ ૨૩, ૫૮ પા. ટી.
બંગાળ પ્રાંતિક મહિલા મંડળ ૧૧૯–૨૦
બંગાળ પ્રાંતિક યુવક પરિષદ ૧૦
બંગાળ રેજિમેન્ટ ૨૨૪
બંગાળ સાહિત્ય પરિષદ ૨૨૫
બંગાળી(ઓ) ૨૬–૭, ૪૪–૫, ૭૪, ૧૪૧, ૧૫૬, ૧૮૧, ૨૩૩, ૨૪૪, ૩૨૨, ૩૪૩, ૩૬૧–૨, ૩૯૦; ૦ભાષા ૮૪, ૧૨૦, ૧૯૯; ૦વિદ્યાર્થીઓ ૧૭૦; ૦વૈષ્ણવ કવિઓ ૨૮૦
બંધારણ ૩૪૭, ૩૫૦, ૩૬૫; ૦અને નીતિ ૩૫૮
બંધારણીય આંદોલન ૩૩૩
બાઇબલ ૧૫૦, ૧૭૭, ૩૬૧
બાદશાહ મિયાં ૧૯૯
બારડોલી ૧૯, ૧૧૭, ૧૨૧, ૧૨૬
બારીસાલ ૨૦૦, ૨૦૮–૧૦, ૨૫૯–૬૦
બાહુબળિયા ૩૫૫
બાળકૃષ્ણ ૩૭૬
બાળવિધવા ૩૨૫–૬
બાંકુરા ૩૦૪, ૩૨૩
બાંદા ૧૯૦
બિનસ્વરાજવાદી(ઓ) ૪૧૧
બિશ્વાસ, સુરેશ ૪૬
બિહાર ૪૮, ૯૭, ૧૩૪, ૧૪૮, ૧૮૮, ૩૫૮–૯
બિહારી(ઓ) ૯૭
બીજાપુર જિલ્લો ૭૭
બુદ્ધ ૪૯ પા. ટી., ૫૦–૧; ૦જયંતી ૪૯, ૫૦; ૦વિહાર ૪૯ પા. ટી.
બુદ્ધિજીવી લોકો ૩૦૭
બૂથ, જનરલ ૩૬૪
બેકારી ૪૧૫
બેટીવ્યવહાર ૧૭
બૅનરજી, કાલીચરણ ૩૯૦
બૅનરજી, વ્યોમેશચંદ્ર ૨૨૧
બૅનરજી, સતીશચંદ્ર ૩૨૯
બૅનરજી, સુરેન્દ્રનાથ ૪૬, ૯૫, ૯૬ પા. ટી, ૯૭, ૧૦૧, ૧૫૮, ૧૬૯, ૨૨૬, ૩૧૮, ૩૬૧
બૅનરજી, સુરેશ ૮૬, ૮૮
બેનિવોલન્ટ સોસાયટી રજિસ્ટ્રેશન ઍક્ટ ૩૨૧
બેયર ૧૯૦
બેલગામ ૧૬ પા. ટી., ૬૭, ૧૪૩, ૨૫૫, ૩૭૯–૮૦

Gandhi Heritage Portal

બેલગામ કૉંગ્રેસ (મહાસભા) ૧૨૯, ૨૦૮, ૪૧૧; –નું કરારનામું ૩૫૭
બેસન્ટ, ઍની ૨૫, ૧૭૫, ૩૫૦, ૪૦૩, ૪૧૮; –નો મૅનિફેસ્ટો ૩૨૦
બેસ્ટીલ –ની અંધારી કોટડીઓ ૧૧૮
બૅંકર, શંકરલાલ ૨૮, ૮૯, ૩૦૦, ૩૬૩
બૉક્સરો ૧૭૮
બોગરા ૧૨૩–૫, ૧૭૩
બોઝ, એ. એન. ૨૪૭
બોઝ, જગદીશચંદ્ર ૧૩૭
બોઝ, શરચ્ચંદ્ર ૩૬૦
બોઝ, સત્યાનંદ ૩૬૦, ૪૧૦–૧
બોઝ, સુભાષચંદ્ર ૧૩૩, ૧૭૩, ૩૨૦
બૉમ્બે ક્રૉનિકલ ૩૩૨ પા. ટી., ૩૪૯ પા. ટી.
બોલપુર ૧૪૮, ૧૪૯ પા. ટી.
બૌદ્ધ ૪૯; ૦ધર્મ ૫૦–૧; ૦ધર્મ એટલે હિંદુ ધર્મને કાર્યમાં ઉતારવો તે ૫૦
બૌરિંગપેટ ૧૪૩
બ્રહ્મચર્ય ૧૦, ૫૫, ૮૫, ૧૨૧, ૧૩૧, ૧૯૧, ૨૫૭
બ્રહ્મચારી ૨૦૪; ૦કે બ્રહ્મચારિણી ૩૫૨
બ્રહ્મદેશ ૧૩૪
બ્રહ્મદેશ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૨૫૫
બ્રહ્મપુત્રા ૩૯૨
બ્રાહ્મણ(ણો) ૫૦, ૫૯, ૧૨૫, ૧૭૫, ૨૦૬, ૨૭૦–૧, ૨૯૨, ૩૯૨, ૪૦૭; ૦બ્રાહ્મણેતરો ૩૧૯; ૦સંપ્રદાય ૨૮
બ્રાહ્મણેતર(રો) ૧૩૫, ૨૭૧, ૩૯૨, ૪૦૭; ૦નેતાઓ ૨૨૬
બ્રિટન ૨, ૩, ૪૦૬
બ્રિટિશ ૩૫૦; ૦તંત્ર ૨૮૭; ૦પાર્લમેન્ટ ૪૧૧; ૦પ્રજા ૨; ૦પ્રધાનમંડળ ૨૩; ૦માલનો બહિષ્કાર ૮૯; ૦રાજ્ય ૨૮૭; ૦લોકો ૨, ૩૩૩; ૦શાસન ૩૦૯; ૦સત્તા ૬; ૦સરકાર ૩૧૪, ૩૫૦–૧; ૦સંગીનો ૪૧૮; ૦સામ્રાજ્ય ૬૬, ૪૦૦; ૦હિંદ ૩૬૭; ૦હિંદુસ્તાન ૨૮૭, ૩૫૪
બ્રિસ્ટન ૧૬૯
બ્લેર, મિસિસ ૨૨૧

ભગવદ્ગીતા ૬૨ પા. ટી., ૩૬૧
ભરૂચા, બ. ફ. ૭૭, ૨૨૬, ૩૬૦, ૪૦૫
ભવાનીપુર ૧૬૨, ૨૬૩
ભંગી(ઓ) ૧૦૨
ભાગવત ૨૦૬, ૨૪૨
ભાગ્યચક્ર ૩૦૭
ભારત ૮, ૧૦, ૫૨, ૭૭, ૮૬, ૧૭૮, ૨૩૪, ૩૦૯, ૩૭૭; –ની ધરતી ૧૫૬; –નો સ્વાતંત્ર્યસંગ્રામ ૩૭૩; ૦ભૂમિ ૨૨૮; ૦મંત્રી ૩૫૭; ૦માતા ૩૧, ૨૭૮, ૨૯૪; ૦વર્ષ ૨૨૭, ૨૪૧, ૩૩૦, ૩૫૯, ૩૮૨
ભારત સેવક સમાજ ૧૭૫ પા. ટી.
ભિક્ષાવૃત્તિ ૧૪૨
ભીષ્મ ૨૯૮
ભૂમધ્ય સમુદ્ર ૧૭૧
ભોજેશ્વર ૧૯૯
ભોરલાલ, શ્રી ૨૦૦
ભ્રષ્ટાચાર ૩૩૭

મજૂર(રો) ૪૮, ૯૭, ૩૩૪–૫, ૩૬૪; ૦વર્ગ ૯૬ પા. ટી.
મઝુમદાર, વસંતકુમાર ૧૬૭
મઢિયા કપાસ ૧૮૫
મઢડા ૧૬૧
મતદાન ૨૧૨
મતદાર(રો) ૨૬૦; ૦મંડળો ૨૧૨, ૪૦૭
મતભેદો ૩૬૬
મતાધિકાર ૮૪, ૯૯, ૧૩૫, ૧૪૦, ૧૪૩–૪, ૧૫૧–૨, ૨૧૨, ૨૨૫, ૨૨૭, ૨૪૦, ૩૧૯, ૩૩૨, ૩૭૯–૧૮, ૪૦૨, ૪૦૬; ૦કાંતણનો ૨૨૬, ૩૦૭, ૩૪૭, ૩૪૯ પા. ટી.; ૦સૂતરનો ૨૨૮, ૪૧૨
મતાધિકારી(ઓ) ૧૦૦
મત્સ્યાહાર ૧૨૭
મથુરાદાસ ત્રિકમજી ૧૦૫, ૩૨૯
મદારીપુર ૨૦૧, ૨૫૩, ૨૫૮
મદિરા ૯૨ પા. ટી.
મદ્યપાન ૨૬૮
મદ્યમાંસાદિનું ખાનપાન ૧૨૮
મદ્રાસ ૩૪, ૫૬, ૧૭૭, ૨૦૮
મધ્ય આફ્રિકા ૧૫૬
મધ્ય પ્રદેશ (મરાઠી) ૧૮૮
મધ્ય પ્રદેશ (હિંદી) ૧૩૫
મધ્ય પ્રાંત ૪૧, ૧૩૪
મધ્યમ વર્ગ ૨૪૧, ૩૫૬; –ના લોકો ૪૭૯
મધ્યસ્થ ધારાસભા ૬૮, ૪૧૦
મનુ મહારાજ ૩૯
મનુષ્ય ૦ભક્ષણ ૧૩; ૦સેવા ૨૦૭
મરણગાડી ૧૮૦
મરાઠા ૨૪
મરાઠા ૭૩ પા. ટી., ૧૧૯ પા. ટી., ૨૨૬

Gandhi Heritage Portal

મરાઠી ૫૧
મરે, મિ. ૧૭૭, ૩૯૦
મર્યાદા ધર્મ ૧૧૮
મલખાનગર ૫૬
મલાન, ડૉ. ૪૦૦
મલીકંદા ૫૨, ૧૬૬
મલેરિયાનાબૂદી ૨૩
મહમદઅલી, મૌલાના ૧૫ પા. ટી., ૨૨, ૮૪, ૧૦૨, ૧૦૭, ૧૨૫, ૨૧૪, ૨૧૭ પા. ટી., ૨૨૭, ૨૩૮, ૨૫૩, ૩૬૧, ૩૬૦, ૩૬૨
મહાજન ૧૨૮
મહાજન હાટ ૧૩૭
મહાત્મા ગાંધી સાથે સાત માસ ૨૨ પા. ટી.
મહાદેવભાઈની ડાયરી ૫ પા. ટી., ૨૩ પા. ટી.
મહાબોધિ સોસાયટી ૪૯ પા. ટી.
મહાભારત ૧૧૫; ૦પોતે જ મને તો એક મહાધર્મ-ગ્રંથ લાગે છે ૨૮૧; ૦માનવમતનો ઇતિહાસ છે ૧૧૫
મહાયુદ્ધ ૨૫૭
મહારાજા(ઓ) ૫૫
મહારાષ્ટ્ર ૧૨૭, ૧૩૪, ૧૩૭, ૩૧૯
મહાવીર ૫૦
મહાવીર રત્ન આશ્રમ ૫૯ પા. ટી.
મહાસભા ૧૩, ૨૪, ૫૬–૭, ૬૮, ૯૫, ૧૪૦, ૧૫૨, ૨૦૩, ૨૨૭–૮, ૨૩૧, ૨૬૪–૬, ૩૩૦, ૩૩૪, ૩૫૨, ૩૫૮, ૩૭૯; –ની પ્રવૃત્તિ ૩૫૭; –ની વ્યાપારસંસ્થા ૩૮૧; –ને ગ્રામવાસીઓનું તંત્ર બનાવવાનો પ્રયત્ન કરવો ઘટે ૩૭૯; –નો રાજકીય કાર્યક્રમ ૫; ૦શિક્ષિત વર્ગની ૩૭૯; ૦સમિતિઓ ૩૭૯; ૦વાદી(ઓ) ૧૭૧ ૨૨૬
મહાસમિતિ ૭૮, ૧૪૪, ૨૧૬, ૩૩૦, ૩૪૭, ૩૪૯ પા. ટી., ૩૫૦, ૩૬૨, ૩૬૫–૭, ૩૬૮–૯, ૩૮૦–૧, ૪૧૩
મહિલા સ્વયંસેવક સંઘ ૨૦૧
મહેતર ૧૨૦
મહેતા, કલ્યાણજી ૧૨૬, ૧૫૦
મહેતા, પ્રાણજીવન ૩૬ પા. ટી.
મહેતા, ફિરોજશાહ ૧૬૯, ૩૭૯
મહેતા, મનહર ૧૯૫
મહેતા વર્ગ ૬૮, ૧૫૧
મહેન્દ્રપ્રતાપ, રાજા ૨૦૯
મંદિર(રો) ૧૦, ૧૪, ૫૮–૯, ૩૪૫; ૦પ્રવેશ ૨૬૧
માતા –નો પ્રેમ; ૩૦૯; ૦પિતા ૨૫૧–૨
માતૃભાષા ૪, ૭૪, ૧૨૪
માતૃભૂમિ ૧૪૪ પા. ટી., ૩૬૯, ૩૮૯
માધવબાગ ૧૬, ૩૫
માનપત્ર(ત્રો) ૧૧, ૧૪, ૭૩, ૮૨, ૮૪, ૮૬, ૯૧, ૧૦૧, ૧૦૪ પા. ટી., ૧૦૫–૬, ૧૦૯, ૧૧૬, ૧૩૫, ૧૩૭, ૧૫૩, ૧૭૩–૪, ૧૯૯, ૨૦૧–૨, ૨૦૩ પા. ટી., ૨૦૮, ૩૩૧
માનવજાતિ –ની સેવા ૩૭૭
માનવજાતિશાસ્ત્ર ૩૧૫
માનવબંધુત્વ ૭૦
માનવવંશશાસ્ત્ર ૩૧૫
માન્ચેસ્ટર ૭, ૯, ૬૪–૫, ૭૯, ૧૦૫
માન્ચેસ્ટર ગાર્ડિયન ૧૧૭
મારવાડી(ઓ) ૭૭, ૩૦૨, ૩૭૨; ૦સમાજ ધનિક છે ૩૭૧
મારવાડી અગ્રવાલ સંમેલન ૩૭૦
માર્સેલ્સ ૧૩૯
માલવિયા, મદનમોહન ૪૭, ૯૬, ૧૭૫, ૨૨૬, ૨૩૮, ૨૮૬, ૨૮૮
માંડલે ૫, ૨૬, ૧૭૩;–ની જેલ ૮૨
માંસાહાર ૧૨૭, ૨૬૮
મિદનાપુર ૩૦૨–૩
મિરજા(ર્ઝા)પુર ૪ પા. ટી., ૧૯૦
મિરજાપુર પાર્ક ૨૬૩
મિરબેલ, આંત્વાનેત ૨૧૦–૧
મિલ(લો) ૬૫, ૮૯, ૧૦૩, ૧૪૧, ૧૮૬, ૨૪૧, ૨૪૩, ૩૬૮; ૦ઉદ્યોગ ૯૦; –નું કાપડ ૭, ૨૯, ૧૦૫, ૪૦૯; –નું કે પરદેશી સૂતર ૮૯; –નું વસ્ત્ર પણ અધર્મ છે ૧૩૨; ૦સૂતર ૯૯
મિલર, ડૉ. ૩૬૬
મિશનરી (ઓ) ૧૨, ૧૭૮, ૩૬૨–૪
મિસર ૩૧૫
મીરાંબહેન ૩૭૩ પા. ટી.
મુ(ક)ખરજી, રાજેન્દ્ર ૨૪૪, ૨૪૭
મુખરજી, સતીશબાબુ ૧૧૬
મુડદાલ માંસ ૪૧
મુડીમૅન કમિટી ૩૧૪, ૩૪૯
મુનિ(ઓ) ૧૩૦; ૦ત્વ ૧૨૯; ૦પણું ૧૨૯
મુસલમાન (મુસ્લિમ) ૭, ૧૧, ૧૫, ૨૨, ૨૪, ૩૦, ૩૫, ૪૧, ૫૦, ૫૨, ૮૪, ૮૭, ૯૧, ૧૪૦ ૧૪૭, ૧૫૬–૭, ૧૭૧–૭, ૧૯૨, ૧૯૯, ૨૦૯, ૨૧૩, ૨૪૦–૧, ૨૫૪, ૨૬૪–૫, ૨૮૬, ૨૮૮,

Gandhi Heritage Portal

૨૯૫–૬, ૩૦૬, ૩૧૦–૧, ૩૧૫, ૩૨૦, ૩૩૫, ૩૯૯, ૪૦૧, ૪૦૬–૭, ૪૧૬
મુંજે, ડૉ. ૩૪૭
મુંબઈ ૭, ૧૬–૭, ૨૨, ૩૫–૬, ૭૮, ૮૪, ૮૯, ૯૧, ૧૦૬, ૧૨૨ પા. ટી., ૧૩૨, ૧૩૪, ૧૩૮, ૧૪૦, ૧૪૭, ૧૫૧, ૧૫૭, ૧૬૯ પા. ટી., ૧૮૮, ૨૩૩, ૨૬૯, ૨૭૪, ૩૧૬, ૩૫૯–૬૦
મુંબઈ કૉંગ્રેસ સમિતિ ૩૦૫ પા. ટી.
મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશન ૧૦૫ પા. ટી., ૩૭૯
મૂર્તિ ૦પૂજકો ૩૯૨; ૦પૂજા ૪૧
મૅકમિલન, મિ. ૮૦
મૅક્સ્વિની ટેરેન્સ ૩૭, ૩૩૯
મેડક, કર્નલ ૩૨
મેમનસિંગ ૧૦૫, ૧૦૬ પા. ટી., ૧૦૮, ૧૩૭, ૧૭૧
મેરઠ ૧૨૯
મૈત્ર, તારકનાથ ૩૬૯
મોક્ષ ૨૦૫
મોડરેટ(ટો) ૩૧૪; ૦પક્ષ ૪૬ પા. ટી., ૩૩૩
મોદી, રમણીકલાલ ૫૯ પા. ટી.
મોનિયા (ગાંધીજીનું બાળપણનું હુલામણું નામ) ૯૩
મોરેનો, ડૉ. એચ. ડબલ્યુ. બી. ૧૫૬–૯, ૧૬૪, ૩૬૮, ૪૦૨
મોર્લી, લૉર્ડ ૪૦૦
મૌન –ની આશ્ચર્યકારક શક્તિ ૩૯૩
મ્યુનિસિપલ ૦જીવન ૩૪૦; ૦પ્રવૃત્તિ ૩૪૦; ૦સંસ્થાઓ ૩૩૯
મ્યુનિસિપાલિટી(ઓ) ૧૧૯–૨૦, ૧૨૪ પા. ટી., ૧૯૦, ૩૩૮, ૩૭૭

યજ્ઞ ૭૭; ૦કાર્ય ૧૯૭
યમુના ૩૯૨
યરવડા (જેલ) ૨૪, ૩૨, ૫૦, ૩૦૦
યહૂદી(ઓ) ૧૫૭–૮, ૧૯૨, ૨૧૩, ૩૭૨
યંગ ઇન્ડિયા ૧૪ પા. ટી., ૨૮, ૩૫, ૫૮–૯, ૯૦, ૧૩૮, ૧૫૯, ૧૯૫, ૨૨૨ પા. ટી., ૨૨૬, ૨૨૯, ૨૫૧, ૨૭૪, ૨૭૬, ૨૮૪, ૨૮૬, ૩૦૮, ૩૧૫ ૩૧૮, ૩૨૪, ૩૨૯, ૩૫૯, ૩૬૭, ૩૭૦, ૪૦૬, ૪૧૭
યંત્રવિદ્યા ૩૬૯
યુક્ત પ્રાંત ૬૪, ૧૮૮, ૧૯૦
યુનાની ૩૦૬; ૦વૈદ્યો ૧૯૪; ૦હકીમો અને વૈદરાજોની દવાની જાહેર ખબરો ૩૪
યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટ ૩૬૯
યુરોપ ૩૦, ૧૧૩, ૧૯૧, ૨૫૭, ૩૯૭; –ના લોકો ૩૩૧; –નું અર્થશાસ્ત્ર ૨૫
યુરોપિયન(નો) ૨, ૧૨૨, ૧૫૭–૮, ૨૩૬, ૨૬૦, ૩૨૩, ૩૬૯, ૩૯૪, ૪૦૦–૧, ૪૦૩, ૪૦૬; ૦અધિકારી(ઓ) ૨૯૭; ૦ઇતિહાસ ૩૭૭; –નું દૃષ્ટિબિંદુ ૩૭૭; ૦મિત્ર ૧૨, ૪૫; ૦લેખકો ૪૨૦; ૦લોકો ૧; ૦હજામો ૧૨
યુરોપિયન ઍસોસિયેશન ૩૭૬, ૪૧૬–૭
યુરોપિયન સંઘ ૩૭૬

રચનાત્મક ૦કાર્યક્રમ ૫, ૭૧, ૧૯૭, ૨૧૧ પા. ટી., ૨૧૨, ૨૫૫, ૩૦૧, ૩૦૫, ૩૩૩, ૩૩૮, ૩૮૦, ૪૧૧–૨, ૪૧૪, ૪૧૭; ૦પ્રવૃત્તિ ૫૮ પા. ટી., ૧૮૬
રજવાડાં ૨૮૭
રજવાડી હિંદ ૨૮૭
રાજકારણી(ઓ) સક્રિય ૩૩૯–૪૦
રાજકીય ૦કેદીઓ ૪૧૩; ૦પક્ષો ૩૩૨ પા. ટી.; ૦પરાધીનતા ૩૦૯
રાજકોટ ૯૨ પા. ટી.
રાજગોપાલાચારી, સી. ૮૯, ૨૩૩, ૨૫૧, ૨૫૪, ૩૪૫, ૩૮૭–૮
રાજદ્રોહી(ઓ) ૩૯૯
રાજશાહી ૧૭૩, ૩૩૧, ૩૬૯
રાજશાહી સાર્વજનિક પુસ્તકાલય ૩૩૧ પા. ટી.
રાજસત્તા ૧૧૯, ૨૬૯–૭૦, ૩૩૮
રાજા(ઓ) ૨૪૫; ૦મહારાજાઓ ૨૯૨, ૨૮૬
રાજેન્દ્રનાથ, સર ૨૪૭, ૨૯૩
રાજેન્દ્રપ્રસાદ (બાબુ) ૩૦૨, ૩૫૮
રાણીબાળા ૧૮૭–૮
રાધા ૦અને કૃષ્ણ ૨૮૦
રાધા માધવસિંહ ૩૬૩
રાધાસ્વામી સંપ્રદાય ૨૯૮
રાનડે, મહાદેવ ગોવિંદ ૧૬૯
રાનડે, રમાબાઈ ૨૭૨
રામ (ચંદ્ર) ૫૧, ૮૩, ૯૧, ૧૦૫, ૧૫૪, ૨૭૩, ૨૮૩, ૨૯૨, ૩૯૫; ૦નામ ૯૧–૫, ૨૯૮–૯; ૦રક્ષા ૫૦; ૦રાજ્ય ૧૨૯, ૧૪૬
રામકૃષ્ણ ૨૭૧
રામચરિતમાનસ ૧૮ પા. ટી.
રામજીભાઈ હંસરાજ ૧૫૫
રામદાસ ૩૦૯
રાયગઢ ૪૧
રાવળપિંડી ૨૨૯

Gandhi Heritage Portal

રાષ્ટ્ર ૭૮, ૨૧૪, ૨૧૭, ૨૩૬, ૨૩૯, ૩૧૫, ૩૫૦; ૦ધર્મ ૨૬૯–૭૧; ૦ધ્વજ ૨૬૨; –ની શક્તિ ૩૦૩; ૦પ્રગતિ ૨૭૦; ૦વાદી(ઓ) ૨૨૫, ૨૫૦, ૪૦૭; ૦સેવા ૧૧૧, ૧૩૮
રાષ્ટ્રીય ૦કાર્ય ૨૫૮; ૦કાર્યક્રમ ૧, ૧૨–૩; ૦કેળવણી ૧૧૫, ૩૫૬; ૦ખાતું ૩૫૬; ૦જરૂરિયાત ૨; ૦જીવન ૪૦૧, ૪૧૧, ૪૧૪; ૦દૃષ્ટિબિંદુ ૧૬૪; ૦પોશાક ૨૧૩; ૦પ્રવૃત્તિ ૧૩૫; ૦મહાવિદ્યાલય ૧૩૪; ૦મંદિરો ૩૫૬; ૦મિલો ૯૦; ૦વિકાસક્રમ ૪૧૨; ૦શાળા(ઓ) ૫૩, ૬૨, ૧૬૨; ૦શિક્ષણ ૭૬; ૦સેવક વેતનદાર ૧૩૯
રાષ્ટ્રીય કૉંગ્રેસ (મહાસભા) ૨ પા. ટી., ૧૭૨
રાષ્ટ્રીયતા ૧૫, ૨૨૪–૫
(ધ) रिलिजियस प्रॉब्लेम इन इन्डिया २५ પા. ટી.
રિવિઝન સેટલમેન્ટ ૧૯
રીડિંગ, લૉર્ડ ૩, ૨૪૯
રીડિંગ–અર્કનહેડ મંત્રણા ૩૩૩
રુદ્ર, એસ. કે. ૨૫૦, ૩૧૨–૩
રુદ્ર, સુધીર ૨૭૭
રૂ ૧૯, ૬૪–૫, ૭૭, ૭૯, ૮૮, ૧૦૦, ૧૫૪, ૧૯૭
રૂઢિચુસ્તો ૨૧૭
रेसीझ नेशन्स एन्ड क्लासीझ ३६९
રેંટિયા(યો) ૬–૮, ૧૦, ૨૩, ૨૫, ૩૧, ૪૧, ૪૫–૮, ૫૩, ૫૫, ૫૮, ૬૧–૩, ૬૬–૭, ૭૦, ૭૨, ૭૫–૬, ૭૯, ૮૨, ૮૫–૬, ૯૧, ૯૩, ૯૭, ૧૦૦, ૧૦૩, ૧૦૫, ૧૦૯–૧૦, ૧૧૫, ૧૨૧, ૧૨૩, ૧૨૫, ૧૨૭, ૧૨૯–૩૦, ૧૩૮, ૧૪૧–૨, ૧૪૬, ૧૪૯, ૧૫૨, ૧૫૬, ૧૬૨, ૧૬૪–૫, ૧૭૦, ૧૭૨–૩, ૧૭૮, ૧૮૨, ૧૮૮, ૧૯૦–૧, ૧૯૭, ૧૯૯, ૨૦૦, ૨૦૪–૫, ૨૦૮, ૨૧૩, ૨૨૧, ૨૨૪, ૨૨૭–૮, ૨૫૭, ૨૬૪–૬, ૨૭૧, ૨૮૫, ૨૯૦–૧, ૩૦૭, ૩૧૪, ૩૨૧–૨, ૩૨૬, ૩૨૮, ૩૩૧, ૩૪૭, ૩૫૪–૬, ૩૫૯–૬૦, ૩૮૨, ૩૮૫, ૩૯૪–૫, ૪૦૫, ૪૧૫, ૪૧૭; ૦અન્નપૂર્ણા તરીકે ૧૬૩; ૦અંક (નવજીવનનો) ૩૨૬; ૦ગામડું તથા શહેર વચ્ચેના ઐક્યનું પ્રતીક ૩૦૫; ૦ઘેલા રસાયણશાસ્ત્રીઓ ૧૭૩; ૦જીવનમરણનો સવાલ ૩૭૦; ૦દુષ્કાળપીડિતો માટે ૧૭૪ પા. ટી.; –ના નિષ્ણાતો ૬૫; –ની શક્તિ ૧૭૨, ૧૮૩; –ની સુધારણા ૧૮૪; –નું એકંદર આર્થિક અને રાજકીય મહત્ત્વ ૧૨૨; –નું વિજ્ઞાન ૩૬૯; ૦ને ખાદીનો મહિમા ૨૪૧; –નો મર્મ ૨૫૧; –નો સંદેશો ૧૩૬, ૪૦૬, ૪૧૦; ૦પ્રચાર ૧૩૭, ૩૧૯; ૦પ્રદર્શન ૫૭૧; ૦પ્રવૃત્તિ ૭૧, ૩૮૦, ૩૮૨; ૦બરકત દે છે ૨૦; ૦યંત્ર ૧; ૦રચનાત્મક પ્રવૃત્તિનો મુખ્ય ભાગ બનવો જોઈએ ૫૮; ૦વર્ગ ૧૭૧; ૦વિના આપણા દેશનો ઉદ્ધાર નથી ૧૪; ૦શતાયુ ૧૫૦; ૦શાસ્ત્ર ૧૮૩, ૨૪૧; ૦શાસ્ત્રીઓ ૧૪૫; ૦શાંતિપ્રદ છે તેમ જ શાંતિસૂચક છે ૧૨૩; ૦સદી જૂનો ૧૪૫; ૦સમુદાય ૩૨૭
રોટીબેટીવ્યવહાર ૯, ૧૭૯, ૩૪૪
રોટીવ્યવહાર ૬
રોમ ૩૦૯
રોમન કૅથલિક સંપ્રદાય ૧૧૩
રૉય શ્રીમતી કામિની ૪૬
રૉય, એસ. સી. ૩૪૭ પા. ટી.
રૉય, જિતેન્દ્રમોહન ૧૦ પા. ટી.
રૉય, (રાય) પ્રફુલ્લચંદ્ર ડૉ. (પી. સી. આચાર્ય) ૪ પા. ટી., ૭, ૮ પા. ટી., ૨૬–૭, ૨૮ પા. ટી., ૪૪, ૧૨૪–૫, ૧૩૭, ૧૬૫, ૧૭૨, ૨૧૯, ૨૩૭, ૩૨૯, ૩૬૦, ૩૬૯
રૉય (રાય) પ્રિય ૪૦૮
રૉય (રાય) બિધાનચંદ્ર ૨૪૪, ૩૬૦
રૉય સત્કોડીપતિ ૨૧૫, ૨૯૩, ૩૦૪, ૩૨૧
રોલાં, રોમાં ૨૮૮
રૉલેટ કાયદો ૩૧૨
રૉલેન્ડ્ઝ, મિસ ૧૭૫ પા. ટી.

લક્ષ્મીનારાયણ –નું મંદિર ૨૩૫
લખનૌ ૧૦૧, ૧૯૦, ૩૩૪
લઘુમતી(ઓ) ૧૫૭, ૩૧૪, ૩૯૯, ૪૦૨–૪
લજપતરાય, લાલા ૨૨૬
લશ્કરી ૦કાયદો ૨૩૭; ૦બળ ૨૧૩
લંડન ૧૮૮, ૨૨૬, ૩૦૯
લંડન કાઉન્ટી કાઉન્સિલ ૩૩૮
लाइट ऑफ एशिया ૪૯, ૫૦
લાઈલ–નૉર્ડ ૨૧૧
લાડ જ્ઞાતિ ૧૭ પા. ટી., ૧૭૯
લાડ યુવક મંડળ ૧૮
લાયલપુર ૨૨૯
લિબરલ ફેડરેશન ૨૨૬ પા. ટી.
લેજિસ્લેટિવ કાઉન્સિલ ૩૩૩ પા. ટી.; ૦અને કાઉન્સિલ ઑફ સ્ટેટ ૧૭૫ પા. ટી.
લૉ, સી. સી. ૨૪૭
લોક અમલ ૨૬૯; ૦મત ૨૬૯, ૨૮૭, ૩૧૦, ૩૨૫; ૦રુચિ ૩૧૦; ૦સત્તા ૨૬૯; ૦સમુદાયનો પ્રેમ ૪૦૪; ૦સેવા ૯૬

Gandhi Heritage Portal

લોકમાન્ય (ટિળક, બાળ ગંગાધર) ૧૧૯, ૨૩૮-૪૦, ૨૬૯-૭૧, ૩૫૦, ૩૮૨, ૩૮૫, ૪૦૫
લોહોગંજ ૫૨

વકીલ(લો) ૧૦, ૭૮, ૧૨૦, ૧૭૦
વકીલાત ૨૬, ૫૦, ૩૦૧
વઝે, એસ. એ. ૧૬૦
વડી ધારાસભા ૩૩૩ પા. ટી.
વણકરો ૪૬, ૭૮, ૮૯, ૯૯, ૧૦૮, ૧૪૨ પા. ટી., ૧૬૫
વણાટ ૬૫, ૧૮૬, ૨૫૯; ૦કામ ૭૯, ૨૦૮, ૨૫૩; ૦વિભાગ ૧૯૭; ૦શાળા ૨૦૮; ૦શિક્ષક ૧૯૭
વણિક કોમ ૧૭૯
વરાડ ૧૩૪
વરાડ રાષ્ટ્રીય કુમાર મંદિર ૧૯
વર્ડ્ઝવર્થ, કવિ ૩૭, ૧૭૧
વર્ણ(ર્ણો) ૩૮; ૦પ્રજાના પોષક હતા ૧૭૯; ૦બંધન ૧૭૯; ૦ વ્યવસ્થા ૧૪૯; ૦સંકર ૧૭૯
વર્તમાનપત્ર(ત્રો) ૩૪, ૨૩૬, ૩૪૨, ૩૪૪, ૪૧૬
વર્ધા ૧૪૮, ૧૯૫
વલ્ડૅ ૧૮૬
વલ્લભ સંપ્રદાય ૨૪૨ પા. ટી., ૨૪૩
વલ્લભાચાર્ય ૨૪૨
વશિષ્ઠ ૨૯૨
વસુમતી ૨૬૬

વાઇકોમ ૩૮૭; ૦આંદોલન ૧૬૨; ૦મંદિર ૩૪૫ પા. ટી., ૦સત્યાગ્રહ ૧૩૫, ૨૧૭, ૨૩૨ પા. ટી.
વિક્ટોરિયા મેમોરિયલ ૨૬૩
વિક્રમપુર ૫૨ પા. ટી., ૮૭
'વિથ ગાંધીજી ઇન બૅંગોલ' ૫૩ પા. ટી.
વિદેશી ૦કાપડ ૨૪૦; ૦કાપડનો બહિષ્કાર ૧૫૬, ૩૮૨; ૦વસ્ત્રનો ત્યાગ ૨૯૮
વિદ્યામંદિર ૩૫૬
વિદ્યાર્થી(ઓ) ૨૪ પા. ટી., ૨૯, ૬૨, ૭૬, ૮૩, ૮૫, ૧૦૨-૪, ૧૦૯, ૧૨૧, ૧૫૦, ૧૭૦, ૧૮૨, ૧૯૬-૭, ૨૫૩, ૨૭૮, ૨૯૯, ૩૦૩, ૩૧૨, ૩૩૬, ૩૫૬, ૩૬૧
વિધવા (ઓ) ૨૭૩-૪, ૩૨૬; ૦ને નર્સની તાલીમ ૩૪૧; ૦બાળ ૩૭૧; ૦વિવાહ ૩૭૦
વિલાયત ૫, ૧૧, ૪૯, ૯૨-૩, ૧૮૦, ૧૮૬, ૩૫૦, ૩૭૧
વિલાયતી કાપડ ૧૪૬
વિલિંગ્ડન, લૉર્ડ ૩૯૫
વિવેકાનંદ, સ્વામી ૩૮-૯

વિશ્વપ્રેમ ૨૭૦
વિશ્વભારતી ૪૮ પા. ટી.
વિશ્વાસ, સુરેન્દ્ર ૨૮
વૃત્તવિવેચન ૨૮૭
વેજિટેરિયન કૉન્ફરન્સ ૯૨ પા. ટી.
વેદ ૧૮૩, ૨૪૨
વેદાંત વ્યવહાર ૩૧
વેપારી(ઓ) ૭૭; ૦મંડળ ૬૦; ૦વર્ગ ૧૮૭
વેમન (તામિલ કવિ) ૨૯૧-૨
વેશ્યા(ઓ) ૧૯૯, ૩૪૦; ૦ગીરી ૩૦૮; ૦ઘરો ૩૦૮ પા. ટી., ૦વૃત્તિ ૧૪૨, ૩૦૯
વેંકટપૈય્યા, કોંડા ૩૭૩
વૈજ્ઞાનિક સંશોધન ૪૪
વૈદક વિષેના વિચારો ૩૩
વૈદડૉક્ટરો ૩૩
વૈદિક ધર્મ ૩૧
વૈદું ૧૯૮
વૈદો ૦અને હકીમો ૩૩
વૈદ્યો ૧૯૩-૪, ૩૦૬, ૩૫૫; ૦સમાજ ૧૯૪
વૈધવ્ય ૨૭૨, ૩૨૫; ૦ધર્મ બાળવિધવાઓને સારુ નથી ૨૭૩
વૈષ્ણવ ૧૧, ૨૪૩; ૦જગત ૨૪૨; ૦ધર્મ એટલે ભૂતમાત્ર ઉપરની દયા ૨૮૦; ૦સંપ્રદાય ૨૪૨ પા. ટી., ૨૮૦
વૉટન, સ્પેન્સર ૩૯૦
વૉટર હાયસિન્થ ૬૧
વૉલેસ, ડૉ. જી. આર. ૧૫૮
વ્રતો ૧૮૧, ૨૦૪

શફી, સર મહમદ ૨૨૬
શરાબ -નો વેપાર ૧૦૯, ૧૧૧
શરીર ૦બળ ૩૯, ૧૧૩
શરામલ, બી. એન. ૯૯
શહેર ૧૪૬
શારીરિક ૦મજૂરી ૩૭૯; ૦શ્રમ ૧૩૩, ૩૭૩
શાસ્ત્રપાઠ ૨૮૧
શાસ્ત્રિયાર ૨૨૬
શાસ્ત્રી(ઓ) ૨૭૦
શાસ્ત્રી, વિ. એસ. શ્રીનિવાસ ૧૭૫ પા. ટી., ૨૫૧, ૩૪૯
શાસ્ત્રો ૩૦૦; -નો અભ્યાસ ૧૨૨
શાળા(ઓ) ૧૪, ૨૩, ૧૦૨, ૧૨૭, ૧૯૦, ૨૫૩; ૦અને કૉલેજો ૩૬૧; ૦સરકારી ૩૫૬
શાંતિ ૨૬૭

Gandhi Heritage Portal

શાંતિનિકેતન ૪૮, ૭૯, ૧૦૪, ૧૪૯ પા. ટી., ૧૫૫-૬, ૧૬૦, ૨૯૧; ૦વાસી(ઓ) ૧૮૩
શિક્ષક(કો) ૬૨, ૮૩, ૧૯૨, ૨૦૪, ૨૫૩, ૩૦૯, ૩૨૨, ૩૫૩
શિવ ૨૭૩
શિવજી (મઠડાવાળા) ૫૯, ૧૬૧, ૨૪૬
શિસ્ત ૪૪, ૨૧૨-૩, ૨૩૮, ૨૫૫, ૨૫૯, ૩૪૬; ૦અને નિયમિતતા ૯૮ પા. ટી.; ૦પાલન ૪૨
શીખ ૨૧૩, ૩૨૪, ૪૦૭
શૂદ્ર ૧૫-૬, ૧૨૨, ૨૪૩, ૨૯૨, ૩૪૪
શેક્સપિયર ૨૮૩
શેઠ, આણંદજી હરિદાસ ૨૬૨
શેઠી, અર્જુનલાલજી ૧૪૮
શૌકતઅલી ૧૫, ૮૪, ૧૦૨, ૧૨૫, ૧૪૦, ૨૧૭-૩૨, ૩૬૨, ૩૯૭
શૌચ ૧૩૩; -ના નિયમો ૧૩૧
શ્યામપુર ૧૦૪
શ્યામબાબુ ૫૦, ૧૮૭-૮
શ્રમ ૦જીવીઓ ૧૫૯; ૦વિભાગ ૧૦૨
શ્રીરામપુર ૪૬

સતારા ૨૨૭
સતીશબાબુ (દાસગુપ્તા) ૪૨, ૮૯
સત્ય ૨૪, ૫૫, ૬૭, ૧૦૯ પા. ટી., ૧૮૧, ૨૫૭, ૨૭૧, ૩૨૧, ૩૨૭-૮, ૩૬૨, ૪૦૬; ૦અને પ્રેમ ૫૧
સત્યવતી ૨૯૮
સત્યાગ્રહ ૩૯, ૯૩, ૧૬૨, ૧૮૦-૧, ૨૩૧, ૨૫૮, ૨૬૧, ૨૯૭, ૩૧૨, ૩૪૫, ૩૫૧, ૩૭૦; -નાં મૂળ તત્ત્વો ૩૨૭; -ની અહિંસાત્મક શક્તિ ૩૫૧; -ની કાર્યપદ્ધતિ ૧૬૩; -નું અનુપમ શસ્ત્ર ૨૮૭; -નું પ્રતિજ્ઞાપત્ર ૨૫૯; -નો ધર્મ ૨૯૮
સત્યાગ્રહી(ઓ) ૫, ૧૬૨-૪, ૧૮૪, ૧૯૦, ૨૩૨-૩, ૨૬૧, ૨૯૭, ૩૨૦ પા. ટી., ૩૩૪, ૩૪૬, ૩૭૦
સત્યાશ્રમ શાળા ૧૮૮
સત્સંગ આશ્રમ ૧૬૬, ૨૯૦-૧
સનદી નોકરો ૧૧૪
સનાતન ધર્મ ૧૪૬
સનાતની ૦પણું ૧૮૩; ૦હિંદુઓ ૧૨૨
સપ્રુ, સર તેજબહાદુર ૨૨૬, ૨૫૧, ૩૪૯
સભ્યતા પશ્ચિમની ૩૭૦
સમર્પણ વૃત્તિ ૩૩૫
સમાજ ૦રચના ૩૮; ૦વ્યવસ્થા ૧૪૯
સમાજ સેવક સંઘ ૨૦૮ પા. ટી.
સમાજસેવા મંડળો ૧૧૯
સમાધાન(ની) ૩, ૩૧૧
સરકાર ૪૫, ૫૭, ૭૩, ૭૯, ૮૭, ૯૫, ૧૧૩, ૧૪૪, ૧૫૩, ૧૬૮, ૨૦૧, ૨૨૨, ૨૩૨ પા. ટી., ૨૩૪-૫, ૨૩૯ પા. ટી., ૩૨૧, ૩૨૪, ૩૩૬-૮, ૩૭૮ પા. ટી., ૩૯૩, ૪૦૦, ૪૦૪, ૪૦૭, ૪૧૮
સરકાર, એન. એમ. ૨૪૭
સરકાર, નલિનીરંજન ૧૬૮, ૩૬૦
સરકાર, નીલરતન ૩૬૦
સરદાર, જોગેન્દ્રસિંહ ૨૧૨-૪
સરમુખત્યારશાહી ૭૨
સર્ચલાઇટ ૨૪૯
સર્વન્ટ ૧૮૭, ૨૬૬
સર્વપક્ષ પરિષદ ૩૧૯
સવર્ણ ૧૧૭; ૦હિંદુઓ ૧૧૮, ૧૬૨-૩
સવિનયભંગ ૫૭, ૭૩, ૧૭૧, ૩૨૧, ૩૩૩, ૪૧૭-૮
સહકાર ૫૬, ૬૭, ૭૪, ૧૬૩, ૧૬૮, ૨૧૩, ૨૩૦, ૨૪૦, ૨૭૮, ૩૨૫, ૩૪૬, ૩૫૧, ૩૭૬, ૪૧૭
સહા, ગોપીનાથ ૧૪, ૩૭, ૨૩૯ પા. ટી.
સહિષ્ણુતા ૩૧૨, ૩૮૦
સંગીત ૨૫૮
સંન્યાસ -નો મહિમા ૧૧૮
સંન્યાસી(ઓ) ૧૧૮-૯, ૨૫૬, ૨૬૯, ૩૮૩
સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર ૩૧૪
સંયુક્ત કુટુંબ ૭૬
સંયુક્ત પ્રાંત ૯૭
સંયુક્ત રાષ્ટ્રીય રાજકીય કાર્યક્રમ ૪૧૩
સંસ્કૃત ૧૨૦, ૧૮૩
સાધુરામ તુલારામજી ૩૪૪
સાબરમતી ૧૮૯, ૨૧૦, ૨૭૬
સાબરમતી આશ્રમ ૫૯ પા. ટી., ૩૨૯ પા. ટી.
સાબરમતી જેલ ૧૧૭
સામયિકો તથા વર્તમાનપત્રો ૩૧૦
સામ્રાજ્ય ૧૩, ૬૬, ૬૮
સાલેમ ૨૫૪
સાસૂન હૉસ્પિટલ ૩૨ પા. ટી., ૩૨૨
સાળ(ળો) ૨૯, ૮૯, ૧૨૭
સાંથાલ લોકો ૧૨૦, ૧૭૦
સાંસ્થાનિક સ્વરાજ ૩, ૨૪૮
સિનેમાઘરો ૩૦૮ પા. ટી.
સિમલા ૪૨, ૪૦૭; ૦હિલ્સ ૨૭૫
સિરાજગંજ ૩૨૪, ૩૪૧

Gandhi Heritage Portal

સિરામપુર ૨૯
સિલોન ૫૧, ૧૮૮
સિંગર, શ્રીમતી ૧૦૪
સિંગર –ના સીવવાના સંચા ૧૦૮
સિંધ ૧૩૪, ૧૭૧–૨, ૧૮૮
સિંધ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૨૩૮ પા. ટી.
સિંહા, લૉર્ડ ૨૪૪, ૩૪૨
સી. પી. (મધ્ય પ્રાંત) ૧૪૮, ૧૯૫
સીતા(જી) ૨૬, ૮૩, ૯૧, ૯૫, ૧૪૧, ૨૭૩
સીવણકામ ૧૯૨
સુધન્વા ૨૭૪
સુધારક(કો) ૧૧–૨, ૩૦૫, ૩૦૮, ૩૭૧; ૦વૃત્તિ ૩૭૦
સુધારા ૨૩૮, ૩૦૫, ૩૧૪, ૩૫૧, ૩૭૦; ૦પશ્ચિમના ૩૫૩
સુનીતિદેવી ૪૮
સુપ્રભાદેવી ૨૪૭
સુબ્બારાવ, જી. વી. ૧૫૯
સુરત ૨૧, ૧૨૬ પા. ટી., ૪૧૦
સુરતી ૧૮
સુરદાસ ૯૪
સુરેશબાબુ ૮૯, ૩૧૮
સુહરાવર્દી ૩૨૦
સૂતર ૧૯, ૨૦, ૨૨, ૨૯, ૩૧, ૪૬, ૫૨, ૫૬, ૬૫, ૭૭ પા. ટી., ૭૮, ૮૮, ૯૧, ૯૯, ૧૦૦, ૧૦૫, ૧૦૮–૯, ૧૩૫, ૧૪૩–૫, ૧૪૭, ૧૫૨, ૧૫૪, ૧૫૮, ૧૬૭, ૧૭૪, ૧૮૦, ૧૮૯, ૧૯૦, ૧૯૫–૬, ૨૦૦–૧, ૨૦૫, ૨૦૮, ૨૧૧ પા. ટી., ૨૪૧, ૨૫૪, ૩૦૮, ૩૩૦, ૩૩૨, ૩૬૮–૯, ૩૮૦, ૪૦૯; –નો મતાધિકાર ૮૪, ૮૭, ૩૩૨, ૩૬૪; ૦મિલનું ૧૩૮
સેજવીક ૪૦૧
સેન, એન. સી. ૨૬૩
સેન, ગણનાથ કવિરાજ ૧૯૨
સેનગુપ્તા, જે. એમ. ૭૩, ૨૫૦, ૨૮૪, ૨૯૫–૬, ૩૧૬–૭, ૩૩૫, ૩૩૮–૯, ૩૪૭ પા. ટી., ૩૬૦, ૩૭૭–૮, ૪૦૬
સેન્ટ સ્ટિફન કૉલેજ ૩૧૨
સેલિસબરી લૉર્ડ ૧૭૮, ૩૯૩–૪
સેવક(કો) ૨૦૫
સેવા ૪૦૪; ૦કાર્ય ૨૨૮; ૦ધર્મ ૯૮; ૦યોજના ૧૩૯
સેંટ સ્ટીવન્સ કૉલેજ ૨૫૦ પા. ટી.
સૈનિક(કો) ૩૯, ૪૦; ૦બળ ૩૧૨
સોદપુર ૬૦ પા. ટી.
સોનગઢ (સૌરાષ્ટ્ર) ૫૪ પા. ટી.
સોલોન ૨૭૫, ૨૭૭ પા. ટી.
સોસાયટી ઑફ ઇનર ટૅમ્પલ ૨
સૌરાષ્ટ્ર ૨૦૨ પા. ટી.
સૌરાષ્ટ્ર ૯૧ પા. ટી., ૯૨
સ્કૂલ ઑફ ઇન્ડિયન લૅંગ્વેજિઝ ૧૭૬ પા. ટી.
સ્કૉટલૅન્ડ ૩૭૨
સ્ટિફન, લૉર્ડ ૩૪
સ્ટેટ્સમૅન ૨, ૨૪૮, ૪૧૭
સ્ટ્રૉંગ, ફાધર ૨૦૮
સ્ત્રી(ઓ) ૨૧, ૨૯, ૭૬, ૯૩, ૯૯, ૧૦૨, ૧૦૫, ૧૩૦, ૧૭૧, ૧૯૧–૨, ૨૪૩, ૨૫૮, ૨૯૪, ૩૨૨, ૩૪૧, ૩૭૨, ૩૯૬; –ની કેળવણી ૩૪; ૦પરાધીનતા ૮૩; –ની હૉસ્પિટલ ૩૪૩, ૩૭૨; ૦સંસર્ગ ૧૩૧
સ્થિતપ્રજ્ઞ –નાં લક્ષણ ૩૮૨
સ્મટ્સ, જનરલ ૪૦૨
સ્મૃતિઓ ૧૮૦
સ્યાલદા ૨૧૮
સ્લેડ, મેડેલીન ૩૭૩
સ્વચ્છતા ૨૮૫
સ્વતંત્ર પક્ષ ૩૩૩
સ્વદેશાભિમાન ૨૦૭
સ્વદેશી ૧૭૧; ૦આંદોલન ૮૮–૯; ૦ચળવળ ૩૩૩; –નો અર્થ ૪૧૯
સ્વયંસેવક(કો) ૧૧૦–૧, ૧૪૧, ૧૫૧, ૧૮૭, ૨૦૨–૩, ૨૦૫, ૨૫૨, ૨૬૬, ૨૭૫, ૨૯૪; –નો ધર્મ ૩૮૪
સ્વરાજ(જ્ય) ૧, ૬, ૯, ૧૧, ૧૫, ૨૩–૫, ૩૧, ૩૯, ૪૦, ૫૨–૩, ૫૫–૬, ૫૮, ૬૦, ૬૩, ૬૬–૭, ૬૯, ૭૫–૬, ૭૮, ૮૪–૫, ૮૭, ૧૦૩ પા. ટી., ૧૧૦, ૧૧૪, ૧૧૬, ૧૧૮–૯, ૧૨૨, ૧૪૪, ૧૪૬–૭, ૧૫૪, ૧૬૪, ૧૬૭, ૧૮૨–૩, ૧૯૯, ૨૧૩, ૨૧૮, ૨૨૦, ૨૨૪, ૨૨૬–૭, ૨૩૫, ૨૪૮–૫૦, ૨૫૫, ૨૬૭, ૨૭૮–૯, ૨૮૧, ૩૨૧, ૩૨૭, ૩૪૨, ૩૫૦, ૩૫૪–૫, ૩૮૨, ૩૮૫, ૪૦૫; ૦એટલે ધર્મરાજ્ય, રામરાજ્ય ૨૦૫; ૦એટલે સૌનું સુખ ૧૦૬; ૦દળ ૨૭૧, ૩૮૧; –ની યોજના ૪૦૩; ૦પ્રવૃત્તિ ૨૩૦; ૦પ્રાપ્તિ ૩૫૯; ૦સેવા ૨૬૪–૫
સ્વરાજ પક્ષ ૨ પા. ટી., ૩, ૫, ૧૪૬, ૧૬૮, ૨૨૭, ૨૩૫, ૨૭૪, ૨૮૪, ૩૧૮–૯, ૩૩૨–૩, ૩૩૮–૯, ૩૪૬–૭, ૩૪૯, ૩૫૧, ૩૫૭, ૩૬૪ પા. ટી., ૩૭૩–૪, ૩૭૭–૮૧, ૪૧૦–૨ ૪૧૬, ૪૨૦; –ના ધારાસભ્યો ૩૧૬, ૩૩૭ પા. ટી.

Gandhi Heritage Portal

સ્વરાજવાદી(ઓ) ૨૯, ૪૬, ૬૬–૭૧, ૮૭, ૧૩૩, ૧૪૩, ૧૫૪, ૧૬૭–૭૦, ૨૧૨–૩, ૨૨૭, ૨૫૦, ૩૧૪, ૩૪૭, ૩૬૪–૬, ૩૭૪, ૩૭૭, ૩૮૦–૧

સ્વરાજી(ઓ) ૫૭, ૪૦૨

સ્વાતંત્ર્ય ૦પ્રાપ્તિ ૩૬૬; ૦સંગ્રામ ૪૧૩

હકીમ, અજમલખાન ૩૨, ૧૩૮, ૧૪૦, ૧૯૩, ૨૧૦

હકીમ, મૌલવી અબ્દુલ ૨૪૦

હઝરત પેગંબર ૨૮૭

હથિયારબંધી ૧૦૬

હનુમંતરાવ ડી. ૩૮૬

હનુમાન ૯૫

હરદ્વાર ૧૨૩

હરબર્તસિંગ ૫૭

હરિકથા ૨૮૦

હરિજનો ૨૦૨ પા. ટી.

હરિશ્ચંદ્ર ૦એટલે સત્ય ૨૭૧

હરિશ્ચંદ્રો ૨૭૨

હર્ટેંઝોગ ૧૬૦

હવેલી (વૈષ્ણવની) ૨૪૨–૩

હંટર કમિટી ૨૩૭

હાથ ૦કાંતણ ૭૯, ૧૦૧, ૧૦૯, ૧૭૨, ૩૪૫, ૩૫૯, ૪૦૫, ૪૦૮, ૪૧૨; ૦કાંતણની બોલી ૧૮૨; ૦વણાટ ૩૬૮; ૦સાળ ૭૯

હાર્યેસિથ ૧૫૩

हिन्द स्वराज ૩૨ પા. ટી., ૩૭, ૧૪૧, ૧૯૨

हिन्दु ૮૩ પા. ટી.. ૧૦૧ પા. ટી., ૧૪૯ પા. ટી.

હિમાલય ૫૪, ૧૧૬, ૨૦૬, ૨૨૧

હિરણ્યકશિપુ ૨૯૮

हिस्टरी ऑफ हिन्दु केमिस्ट्री ૭ પા. ટી.

હિંદ ૧ પા. ટી., ૨, ૬–૮, ૩૫–૮, ૪૦, ૪૨, ૪૭, ૫૧, ૫૩, ૭૭, ૭૯, ૮૬, ૧૦૫, ૧૧૬–૮, ૧૩૭, ૧૪૭, ૧૫૭, ૧૬૨, ૧૬૪, ૧૬૬, ૧૬૯, ૧૭૧, ૧૭૬ પા. ટી., ૧૯૯, ૨૧૩, ૨૧૫, ૨૧૯–૨૧, ૨૨૪–૫, ૨૩૩, ૨૩૫, ૨૩૭–૮, ૨૪૫, ૨૪૮–૯, ૨૫૧, ૨૯૦, ૩૧૨, ૩૧૫, ૩૨૩, ૩૪૦, ૩૪૨, ૩૫૦, ૩૬૬, ૩૬૯, ૩૭૫, ૩૭૭, ૩૯૨, ૩૯૪, ૪૦૫, ૪૦૮–૯, ૪૧૧, ૪૧૫, ૪૧૭, ૪૧૯–૨૦; –ના રાજકારણના ભીષ્મપિતા ૪૭; –ના રાજનીતિજ્ઞો ૪૧૮; –નાં ઝૂંપડાં ૮૯; –ની મુક્તિ ૧૨૨; –ની સ્ત્રીઓ ૨૦૧; –નું ભાવિ ૪૦૬; –નો ઇતિહાસ ૪૨૧; –નો સ્વભાવ ૩૦૮; ૦માતા ૩૧, ૨૪૦; ૦વાસી ૨૦૮

હિંદ સેવક સમાજ ૨૭ પા. ટી., ૨૬૦ પા. ટી.

હિંદી ૭, ૮૪, ૧૫૭–૮, ૧૬૦ પા. ટી., ૧૭૭–૮, ૧૮૩, ૧૯૨, ૧૯૯, ૨૨૪, ૨૩૫, ૨૬૦, ૨૭૯, ૩૧૧, ૩૧૫ ૩૨૨, ૩૫૦–૧, ૩૬૮–૯, ૩૭૭, ૩૯૯, ૪૦૧, ૪૦૪, ૪૧૨, ૪૧૯; ૦ઑક઼્િઝ-લિયરી દળ ૪૦૩; ૦કરણ ૨૪૯, ૪૦૨; ૦જનતા ૪૦૧; ૦બાળકો ૧૩; ૦ભાષા ૪, ૮ પા. ટી., ૧૧, ૬૦ પા. ટી., ૧૦૧, ૧૯૯, ૨૨૫, ૨૯૭, ૩૦૩; ૦ભાષાના પત્રો ૨૨૫; ૦ભાષાપ્રેમીઓ ૨૨૫; ૦લોકમત ૩૫૦; ૦વજીર ૩૪૬, ૩૪૯–૫૦; ૦સરકાર ૧૭૫ પા. ટી., ૩૪૬; ૦સંગીનો ૪૧૮

हिंदी नवजीवन ૩૪૪

હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ (મહાસભા) ૨૫૫ પા. ટી., ૪૧૧

હિંદુ(ઓ) ૬, ૭, ૧૫, ૩૧, ૩૫, ૪૯, ૫૦, ૫૨, ૫૮–૯, ૮૪, ૮૭, ૧૫૬–૭, ૧૬૬, ૧૮૧, ૧૯૨, ૧૯૯, ૨૧૩, ૨૨૭, ૨૩૫, ૨૪૦–૧, ૨૫૧, ૨૫૫, ૨૬૪–૫, ૨૭૩, ૨૮૩–૫, ૨૮૭–૮, ૨૯૫–૬, ૩૧૫, ૩૩૫, ૩૭૧–૨, ૩૯૯, ૪૦૧, ૪૦૭; ૦જાતિ ૧૭૯, ૨૮૫; ૦ત્વ ૧૫; ૦ધર્મ ૬, ૧૧, ૧૩, ૧૫, ૫૧–૨, ૮૨, ૮૭, ૧૬૨–૩, ૧૭૯, ૧૮૧, ૧૯૯, ૨૮૨, ૨૮૫, ૨૯૫, ૩૩૪, ૩૭૬, ૩૯૧; ૦ધર્મની શુદ્ધિ ૩૪૪; ૦ધર્મનો અર્થ સેવા ૫૩, ૩૪૪; ૦ધર્મશાસ્ત્ર ૧૯૫, ૨૭૩; ૦ધર્મશાસ્ત્રીઓ ૦ધર્મશાસ્ત્રો ૫૮; ૦પ્રજા ૨૭૩; ૧૭૯; ૦સમાજ ૧૭૯, ૩૭૦; ૦સંગઠન ૩૭૧; ૦સ્ત્રી ૨૭૩; ૦હૃદય ૨૯૨

હિંદુમુસલમાન (મુસ્લિમ) ૩, ૧૨૫, ૧૫૪, ૨૨૦, ૨૬૯, ૨૭૧, ૩૧૯; ૦એકતા (ઐક્ય) ૧, ૨, ૫, ૬, ૧૦, ૧૨, ૨૫, ૩૧, ૫૨–૩, ૬૦–૧, ૬૩, ૮૨, ૮૫, ૧૦૨, ૧૨૧, ૧૨૩, ૧૬૨, ૧૭૪, ૧૮૩, ૧૮૬, ૨૨૮, ૨૯૭, ૩૦૪–૫, ૩૩૧, ૩૫૪, ૩૭૭, ૪૧૮–૯; ૦ઝઘડા ૧૪૦, ૩૬૨; ૦તોફાન ૩૩૪; –નાં હિતઅહિત સરખાં છે ૩૧૦; ૦ભેદો ૩૫૧; ૦સવાલ (પ્રશ્ન) ૫૪–૫, ૧૪૧, ૨૦૮, ૨૩૬

હિંદુ યુનિવર્સિટી ૪૭ પા. ટી.

હિંદુસ્તાન ૮, ૯, ૧૩–૫, ૧૭, ૨૪–૫, ૩૦, ૪૬, ૪૯, ૫૧, ૫૪, ૬૦, ૬૪, ૭૪–૬, ૮૨, ૮૪, ૧૦૧, ૧૧૪, ૧૨૨, ૧૩૨, ૧૩૯–૪૦, ૧૪૭, ૧૫૧–૩, ૧૭૨, ૧૭૯, ૧૮૭, ૧૯૧–૨, ૧૯૯, ૨૦૫, ૨૧૮–૨૧, ૨૨૭, ૨૩૬, ૨૪૧, ૨૬૪–૫, ૨૭૨, ૨૯૩, ૩૦૧, ૩૨૮, ૩૩૦, ૩૪૫, ૩૪૯–૫૦, ૩૫૫, ૩૫૯, ૩૮૦, ૩૯૨, ૩૯૮,


Gandhi Heritage Portal

૪૦૦-૧, ૪૧૧, ૪૨૦; ૦એક અખંડ દેશ છે ૩૧૫
હિંદુસ્તાની ૧૫૬
હિંસક પ્રવૃત્તિ ૨૯૧, ૪૧૮
હિંસા ૨૪, ૪૫, ૫૫-૬, ૭૫, ૧૧૪, ૧૨૪, ૧૮૦, ૨૦૯, ૨૯૦, ૩૧૪, ૩૨૧, ૩૪૬, ૪૧૭-૮; ૦શક્તિ ૭૪
હુગલી ૧૬૬, ૨૬૧, ૩૯૫
હૃદય ૦પરિવર્તન ૧૧૬; ૦પલટો ૨, ૭૨
હેબર, બિશપ ૩૯૨
હૈદરાબાદ ૨૧૬
હૉબ્સ, હૅરી ૩૭૮ પા. ટી.
હોમ રૂલ ૩૩૩
હોમ રૂલ લીગ ૨૫ પા. ટી.


---

ગાંધી ... સંગ્રહ
... 
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

# શુદ્ધિપત્ર

| પાન | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૧૧ | ૭ | ઑઈલ – નૉર્ડ | લાઈલ – નૉર્ડ |
| ૩૪૫ | ૧૫ | છો એને | છો એ સ્થળને |

Gandhi Heritage Portal

ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહાલય
ગ્રંથાલય
અમદાવાદ-૧૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

રૂ. ૨૬/૫૦

Gandhi Heritage Portal